

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં

સનાતની ચળવળ

(ચોથી ક્રાંતિ) ના સંસ્મરણો

લેખક : C.A. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા



કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં

સનાતની ચળવળ

(ચોથી ક્રાંતિ) ના સંસ્મરણો


લેખક : C.A. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા

અર્પણ...

સનાતની વડિલોને....



નારાયણ શિવજી વાગડિયા



રતનશી નારાયણ વાગડિયા



માવજી રતનશી વાગડિયા



કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં

સનાતની ચળવળ

(ચોથી ક્રાંતિ) ના સંસ્મરણો

લેખક : C.A. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા



કુળદેવી શ્રી ઉમિયા માતાજી



ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

પુસ્તકનું નામ : કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતની ચળવળ (ચોથી ક્રાંતિ) ના સંસ્મરણો
લેખક : C.A. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
તારીખ : ૧૧-૦૫-૨૦૨૩ (પ્રથમ સનાતની અધિવેશન પ્રસંગે, નખત્રાણા)
આવૃત્તિ : પ્રથમ
પ્રકાશક : મોહનલાલ માવજીભાઈ વાગડિયા
સ્થળ : Aaren Intpro
342/8, NTY Layout, Mysore Road, Bangalore-560026
પ્રત : ૧૦૦૦

સનાતની પથદર્શક સંતો



સંત શ્રી લાલરામજી મહારાજ



સંત શ્રી ઓધવરામજી મહારાજ



સંત શ્રી દયાલરામજી

સનાતની સંગ્રામ વીરો



પૂ. કેશરા પરમેશ્વરા



પૂ. નારાયણ રામજી લીંબાણી



પૂ. રતનશી ખીમજી ખેતાણી

લાલ - બાલ અને પાલ સમી સનાતની ત્રિપૂટી



હિંમતલાલ રતનશી ખેતાણી
મુંબઈ (વિરાણી)



રમેશભાઈ માવજી વાગડિયા
બેંગ્લોર (ખોંભડી)



પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી
મુંબઈ (માનકુવા)

સૌ સનાતની સાથીઓને સમર્પિત

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Mobile : 99090 51360
E-mail : abkkpsamajoffice49@gmail.com • Website : www.abkkpsamaj.org



પ્રતિશ્રી
રમેશભાઈ માવજીભાઈ વાઘડિયા
બેંગ્લોર

ઉજળા સમાજની અનેકવિધ ઉજળી પરંપરા ધરાવતા આપણા કચ્છ કડવા પાટીદાર સમાજે સદીઓથી સનાતની અસ્તિત્વનો સંઘર્ષ કર્યો છે, ધાર્મિક ક્ષેત્રે દિશા હિનતા બૌદ્ધિક અને આર્થિક ગુલામી ધર્મભ્રષ્ટ આગેવાનોના અત્યાચાર સાથે વટાળ પ્રવૃત્તિઓનો સામનો સેકડો વર્ષો સુધી આપણી જ્ઞાતિ કરતી આવી છે, પરધર્મનો પડછાયો બનેલો આપણો સમાજ સ્વધર્મથી ઘણો વિમુખ થઈ ગયો હતો.

સનાતન ધર્મના માર્ગથી ભટકી ગયેલી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને મા ઉમિયા ની કૃપાથી સમયાંતરે ધર્મ જાગૃતિનો શંખનાદ કરીને જગાડનાર સંતો અને મુઠ્ઠી ઉંચેરા સમાજના વીર સપૂતો સાંપડ્યા છે, જેમના અથાગ પ્રયત્નો થકી જ્ઞાતિના સ્વજનોને સ્વપંથે લાવવા પ્રવાહના સામે તરીને માન-અપમાન, યશ - અપયશની પરવા કર્યા વિના અર્ધદગ્ધ,ખીચડીયા પંથીને શુદ્ધ સનાતની સમાજ બનાવવા ઝઝુમ્યા છે, આવા મુઠ્ઠી ઊંચેરા સનાતની સપૂતો એટલે રમેશભાઈ વાગડીયા, હિંમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેસરાણી.

પોતાના સમાજમાં થતું વિધર્મી આચરણ આ ભાઈઓને હંમેશા ખટકતું હતું કહેવાતા આપણા સંસ્કારી સમાજનો એક અલ્પ ભાગ ધર્માંધતા માંથી બહાર આવીને દીવા જેવું સત્ય સ્વીકારે તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. ભારતની અનેકવિધ સમાજમાં ભ્રમણ કરીને આ ત્રિપુટીએ જ્ઞાતિમાં ધાર્મિક જાગરૂકતા લાવવાનો પ્રયત્ન કર્યો છે.

સમાજની સંસદ સમા નખત્રાણા પાટીદાર વિદ્યાર્થી ભવનમાં રમેશભાઈ વાગડીયાની ધરપકડે સનાતની ભાઈઓમાં સનાતની એકતા અને ધર્મ માટે લડાયકતાની શક્તિનો સંચાર કર્યો.

"સનાતનીઓની ચોથી ક્રાંતિ" પુસ્તકના માધ્યમથી કહેવાતા અમુક નિંદ્રાધીન સનાતનીઓને જગાડવાનો એક પ્રયાસ છે. આશા રાખીએ સમાજના ખરડાયેલા ધાર્મિક ઇતિહાસને સૌ જાણે અને સમાજને "ઘર વાપસી" કરાવવા જંગે ચડેલા વ્યક્તિ વિશેષશ્રીઓ પ્રત્યે આદર સાથે ઋણભાવ વ્યક્ત કરે એ જ અભ્યર્થના.



શ્રી અબજીભાઈ વિશ્રામભાઇ કાનાણી
પ્રમુખશ્રી



શ્રી પુરુષોત્તમભાઈ રવજીભાઈ ભગત
મહામંત્રીશ્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

श्री उमिया माताजी ईश्वररामजी अन्नक्षेत्र ट्रस्ट

मु. वांढाय (ईश्वरनगर), पो. देशलपर, ता. भुज-कच्छ. पीन.-३७००४०, फोन : २७६२३२

તા. ૨૦/૦૪/૨૦૨૩

શુભેચ્છા સંદેશ

શ્રી રમેશભાઇ માવજીભાઇ વાગડિયા
ખોંભડી-કચ્છ

આપશ્રી 'કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતની ચળવળ (ચોથી ક્રાંત)ના સંસ્મરણ' નામનું પુસ્તક પ્રકાશિત કરવા જઇ રહ્યા છો એ બદલ આપને અભિનંદન પાઠવીએ છીએ. દેશમાં કે સમાજમાં નાની-મોટી ઘટનાઓ તો ઘટતી હોય છે, એ બધીની નોંધ ભાગ્યે જ લેવાય છે, પરંતુ કેટલીક ક્રાંતિકારી ઘટનાઓ સમાજ પર દુરોગામી પ્રભાવ પાડતી હોય છે અને તેનું આલેખન ઇતિહાસના પાનાં પર પણ થતું હોય છે. આપે આપના આ પુસ્તકમાં આવા જ સંસ્મરણોને વાચા આપી છે જેનો પ્રભાવ કચ્છ કડવા જ્ઞાતિ પર પડ્યો અને બે સદી પહેલાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં આરંભાયેલી સનાતની ચળવળને વેગ પણ મળ્યો. જ્ઞાતિમાં આપની સનાતની ટીમના પ્રયાસોથી ધર્મજાગૃતિનો નવો સંચાર થયો એવું આ પુસ્તકની પ્રસ્તાવનામાં આપે જણાવ્યું છે. જેના સાક્ષી આપણે સૌ છીએ, પરંતુ વર્ષો પછી આવનાર પેઢી આ હકીકતથી સંપૂર્ણપણે માહિતગાર નહીં હોય ત્યારે તેમને આ પુસ્તક ઉપયોગી બની રહેશે.

આપે જણાવ્યા મુજબ આપને જ્ઞાતિની આ સનાતની ચળવળમાં સક્રિય થવા માટે આપના દાદા અને પરદાદાના જીવનમાંથી પ્રેરણા મળી છે. એ જ રીતે આપની આવનારી પેઢીઓને પણ જ્ઞાતિના હિતમાં આપે કરેલા કાર્યોમાંથી પ્રેરણા મળતી રહે એ માટે આ પુસ્તક માઇલસ્ટોન બની રહેશે એવું અમારું માનવું છે. આપનું આ પ્રકાશન જ્ઞાતિજનો માટે પથદર્શક બની રહે એવી શુભકામના.



હંસરાજભાઈ દેવજી ધોળુ
પ્રમુખ
ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ
વાંઢાય-કચ્છ.

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

કેન્દ્રસ્થાન : શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામ,
મુ.પો. દેશલપર, તા. ભુજ-કચ્છ. પીન.-૩૭૦૦૪૦, ફોન : (૦૨૮૩૨) ૨૭૬૩૪૫

તા. ૨૦-૪-૨૦૨૩


શુભેચ્છા સંદેશ

શ્રી રમેશભાઇ માવજીભાઇ વાગડિયા
બેંગ્લોર.

સમાજમાં પ્રકાશિત થતા કેટલાક પુસ્તકો એવા હોય છે કે જે માત્ર વર્તમાન પેઢી માટે જ નહીં પણ આવનારી પેઢી માટે પણ પ્રેરણારૂપ હોય છે. આપના દ્વારા પ્રકાશિત થઇ રહેલ પુસ્તક 'કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતની ચળવળ (ચોથી ક્રાંત)ના સંસ્મરણો' આવું જ એક પ્રેરણાદાયી પ્રકાશન છે જે જ્ઞાતિમાં વ્યક્તિનો જન્મ થયો હોય તે જ્ઞાતિના ઉત્કર્ષ અને કલ્યાણ માટે કંઇક કરી છૂટવું જોઇએ તે તેનું પરમ કર્તવ્ય બને છે એવી ભાવના હૃદયમાં રાખીને આપે જે સનાતની ચળવળ ચલાવી તેની સિલસિલાબંધ વિગતો આપે આ પુસ્તકમાં આલેખી છે. આપને આ ચળવળ માટે પ્રેરણા આપનાર અને સહયોગ આપનાર સૌ કોઇ વ્યક્તિઓ અને સંસ્થાઓનો ઉલ્લેખ આપે આ પુસ્તકમાં કૃતજ્ઞતાપૂર્વક કર્યો છે એવું આ પુસ્તકની પ્રસ્તાવના વાંચતા જણાય છે. આજે તો આપે અને આપની પ્રખર સનાતની ટીમે જે ચળવળ ચલાવી એ સૌએ જોયું છે અને જાણ્યું છે, પરંતુ ભાવિ પેઢીને આ ઐતિહાસિક હકીકતોથી વાકેફ થવા માટે આપના સંસ્મરણો આલેખતું આ પુસ્તક ઉપયુક્ત બની રહેશે.

આપે જણાવ્યા મુજબ ઘરવાપસીનું આ કાર્ય ૧૦૦ વર્ષ પછી પણ સંપૂર્ણપણે પરિપૂર્ણ થયું નથી. એટલે આવનારી પેઢીને પણ આ ચળવળને આગળ ધપાવવા આપનું આ પુસ્તક દીવાદાંડીરૂપ બની રહે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.





ગંગારામ શિવદાસ રામજી
પ્રમુખ
અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
દેશલપર

તા. ૨૧-૦૪-૨૦૨૩

શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર

મનુષ્યમાંથી પવિત્રતમ થવા માટે હર હંમેશ શાસ્ત્રજ્ઞ અને મહાન વ્યક્તિને શોધે છે. આવી મહાન વ્યક્તિઓના વિચારોથી મનુષ્યમાં જીવન જીવવાની ઉર્જા નિર્માણ થાય છે એટલે ભક્તિ તેજસ્વી તેમજ ભવ્ય બને છે અને મનુષ્યના જીવનમાં માધુર્ય પ્રાગટ્ય થાય છે.

ધાર્મિક ક્ષેત્ર વિપરીત સંજોગોમાં પ્રવાહોની સામે લડીને રમેશભાઈ વાગડિયાએ પ્રખર સનાતની જ્યોત પ્રગટાવી છે. છેલ્લા કેટલાય વર્ષોની નાનકડી જ્યોત આજે સનાતન જ્ઞાતિમાં ઝળહળતો કેશરીયો પ્રકાશ પાથરતી વિરાટ મશાલ બની ચુકી છે. તે સનાતનની પરિવારો માટે ગૌરવપૂર્ણ ધન્યતાની પળોની નિશાની છે.

એક પૃથ્વી-એક ધર્મ-એક આચાર વિચાર-એક સમાજ અને એના અનેક પરિવારોના માધ્યમથી વિફલતાપૂર્વક હરણફાળ સનાતનની વિચારોનો વિકાસ સાધ્યો છે એનો ઇતિહાસ સાક્ષી છે. જેમ ફૂલોની સુગંધને પવન ચારેય તરફ ફેલાવી દે છે એવી જ રીતે આપની સનાતની સંસ્કૃતિની સુગંધ સમગ્ર ભારતમાં ફેલાવી છે. ક્ષમા,ધીરજ, દયા, પવિત્રતા અને પ્રમાણિકતા સભર વિચારોથી સમાજમાં સેવા કરવાની લાગણીના દર્શન કરાવ્યા છે. તેનું અમોને અભિમાન છે.

રમેશભાઈ વાગડિયા આદર્શવાદી સાથે યથાર્થવાદી પણ છે અને સ્વાભિમાન સહ સનાતન લડવૈયા અર્થાત શંકર બની ઝેર પીવાની અને સમાજને અમૃત પ્રદાન કરવાની ક્ષમતા પણ ધરાવે છે. તેમજ કૃષ્ણ જેવા અતૂટ બની અસ્તિત્વની રક્ષા પણ કરે છે. આપનો અમર ઇતિહાસ એટલે આપની પ્રખરતા સભર દિશા સૂચનો કોઠો.

આવા સનાતન વિચારધારા અને સમર્પિત રમેશભાઈ આપના જીવનમાં ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના શુભ આશીર્વાદ ઉતરે તથા ઉત્સાહ, ચેતન્ય, સ્ફૂર્તિ આવે એવી પવિત્ર શુભકામનાઓ સાથે શુભેચ્છા.



ગોપાલભાઈ વાલજી ભાવાણી
ચેરમેન
સનાતની શતાબ્દી મહોત્સવ મે, ૨૦૨૩
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Mobile : 99090 51360
E-mail : abkkpsamajoffice49@gmail.com • Website : www.abkkpsamaj.org

તા. ૨૧-૦૪-૨૦૨૩

આદરણીય રમેશભાઈ વાગડીયા
બેંગ્લોર

જય લક્ષ્મીનારાયણ જય ઉમિયાજી જય સનાતન

સમગ્ર જ્ઞાતિ જ્યારે પીરાણાપંથના ચચુંગાલમાં ફસાયેલ હતી ત્યારે, જ્ઞાતિમાં સનાતની પ્રકાશપુંજ ફેલાવવા માટેનું કાર્ય કરનાર આપણા કર્મવીર જ્ઞાતિજનો અને સંતોના માર્ગદર્શનથી સનાતની પથ પર જ્ઞાતિને પુનઃ પરત લાવવામાં સફળ થયા.
છતાં પણ, સમાજમાં રહેલ કેટલાક મવાળવૃત્તિ ધરાવતા વ્યક્તિઓ કે પરિવારો દ્વારા આ શુદ્ધિકરણ પ્રક્રિયા પૂર્ણપણે પૂરી કરી શક્યા નથી. આપશ્રીની લાલબાગ અને પાલ સમી ત્રિપુટી એટલે કે રમેશભાઈ વાગડિયા, હિંમતભાઈ ખેતાણી અને સ્વ. પ્રેમજીભાઈ કેસરાણી દ્વારા શરૂ કરવામાં આવેલ ધર્મ જાગૃતિ સભાઓ દ્વારા ભારતભરમાં સનાતન ચેતના જગાવવાનું ઋષિ તુલ્ય કાર્ય થયેલ. જેમાં શ્રીસમાજનો પણ સહકાર મળતાં અને શ્વેત પત્ર બહાર પાડતાં આ ચોથી સનાતની ક્રાંતિ તેના અંતિમ ચરણમાં પહોંચી શકી છે. તેનો શ્રેય આપવો હોય તો આપની ત્રિપુટીને જ આપવો ઘટે. આ લડતમાં સમાજના સર્વ સનાતનીઓ તન મન ધનથી જોડાયા. જેમાં યુવાસંઘ અને મહિલાસંઘનો ફાળો પણ અનન્ય રહ્યો.

આપ આ સંઘર્ષ ગાથાને "કચ્છ કડવા પાટીદાર સમાજમાં સનાતનની ચોથી ક્રાંતિ" સ્વરૂપે પ્રગટ કરી સમાજને પુનઃ એક અમૂલ્ય ભેટ આપવા જઈ રહ્યા છો ત્યારે, આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આપનું આ કાર્ય અમર અને અજોડ રહેશે. તેમજ આવનાર પેઢી આ સંઘર્ષગાથામાંથી પ્રેરણા મેળવતી રહેશે. સનાતની સંગઠનના પ્રેરક બનવા બદલ આપની ત્રિપુટીને નતમસ્તક વંદન.



જયંતિભાઈ કરમશીભાઈ રામાણી (લાકડાવાળા)
ઉપ પ્રમુખ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા (કચ્છ)

શુભેચ્છા સંદેશ

કુપ્રથા, કુરિવજો, અંધવિશ્વાષ, અંધશ્રદ્ધા, વિધર્મથી જ્ઞાતિને મુક્ત કરી સનાતન ધર્મ બાબતે જાગૃતિ લાવવા જ્ઞાતિના સુધારક વડીલો અને સંતોના કામને કપરાં સમયમાં આગળ ધપાવવાની અકલ્પનીય અને યશસ્વી જહેમત બદલ હાર્દિક આભાર સહ અભિનંદન. ધીરજ અને સંયમથી પડકારનો સામનો કરી સનાતની મોહિમને સકારાત્મક આગળ ધપાવવા તમોએ કરેલ કાર્યો અને પ્રયત્નો ખૂબ જ પ્રેરણાદાઈ છે.

“સફાઇ અભિયાન” નામથી ઓળખાતા અને જે દિનાંક 07-Aug 2009થી શરૂ થયેલ છે, એવું સરસામાન્ય રીતે માનવામાં આવતા, આ અભિયાનમાં હિંમતભાઈ, પ્રેમજીભાઈ અને તમારા સમર્પણ અને મહેનત રંગ લાવી છે. આ પુસ્તકમાં મુખ્યતઃ આ સફાઇ અભિયાનના તમારા અનુભવોને તમે વાચા આપી છે. તમે કરેલ તકલીફો અને મુશ્કેલીઓનો સામનો, તેમજ તમને મળેલ લોકોનો સાથ અને સહકારની વિસ્તૃત નોંધ લીધી છે, જેથી ભાવિ પેઢીને તમારા અનુભવોથી સિખ મળે. સનાતન ધર્મ પ્રત્યે તમારી અટલ પ્રતિબદ્ધતાથી સર્વે પ્રભાવિત છે જ. તમારો જુસ્સો ખુબજ સાંસર્ગિક છે. મને ખાતરી છે કે લોકો તમારા ચીંધેલ રસ્તા પર ચાલવા માટે જેરૂર પ્રેરાશે.
સમાજમાં સકારાત્મક વાતાવરણ ઊભું થાય અને જ્ઞાતિ સતપંથથી કાયમી રીતે મુક્ત થાય એ માટે તમારી મક્કમતા, સમર્પણ અને કઠિનમાં કઠિન કાર્ય કરવાની તમારી સદભાવના બદલ ફરીથી આભાર માનું છું. તમારી મહેનત અને કટ્ટરતા પણ લોકો માટે ખૂબ પ્રેરણાદાયી છે.

તમારા પુસ્તકમાં આ કટ્ટરતા, મક્કમતા અને અટલ પ્રતિબદ્ધતાના દર્શન થાય છે. આપ જ્ઞાતિ સુધારના કાર્યોમાં સતત લાગ્યા રહો, જેથી એક સારો સમાજ આકાર લે, એવી વિનમ્ર અપીલ સહ ભાવના.

જય લક્ષ્મીનારાયણ જય મા ઉમિયા જય સનાતન



CA પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
દિનાંકઃ 15-Apr-2023
મુંબઈ

શુભેચ્છા સંદેશ

પ્રખર સનાતની શ્રી રમેશભાઈ વાગડીયા
બેંગલોર

નમસ્કાર

આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વડીલોના ભોળપણનો ફાયદો ઉઠાવી મુસ્લિમ પીરે વડીલોની સજ્જનતાનો ગેરલાભ લઈ આપણા ધાર્મિક સંસ્કારોમાં પણ બદલાવ લાવી તેઓને મુસ્લિમ રાહ પર ચાલવા મજબૂર કર્યા, પરિણામે આપણી સમગ્ર જ્ઞાતિમાં મુસ્લિમ પણાની છાંટ દેખાતા અન્ય જ્ઞાતિઓમાં આપણી ઓળખ મુમન પટેલ તરીકેની થઈ.

આ સમયે સૌપ્રથમ પૂજ્ય કેસરા પરમેશ્વરા ત્યારબાદ નારાયણ રામજી લીંબાણી અને છેલ્લે પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈ ખેતાણીના અથાગ પ્રયત્નોથી આપણી જ્ઞાતિને પુનઃ સનાતન સંસ્કૃતિના માર્ગે લાવવામાં કેટલાક અંશે સફળતા મળી. ત્યાર પછીના સમયગાળામાં સામાજિક સંબંધોના લીધે કે અન્ય સ્વાર્થને લઈને આપણા વડીલોનું વિધર્મીઓ માટેનું નરમ વલણથી પીરાણાપંથીઓ પુનઃ જ્ઞાતિમાંથી સનાતન જાગૃતિને બંધ કરવામાં સફળ રહ્યા. ત્યારે, આપ શ્રી રમેશ વાગડિયા, હિંમતભાઈ ખેતાણી અને સ્વ. પ્રેમજીભાઈ કેસરાણીના અથાગ પ્રયત્નોથી પુનઃ સૌ જ્ઞાતિજનોમાં સનાતન ચેતનાને જાગૃત કરવામાં મહદ અંશે સફળ રહ્યા છો.

વર્તમાન અને આવનાર પેઢીમાં સનાતન ધર્મનું જનુન જાગૃત થાય અને તેઓને માર્ગદર્શન મળી રહે તેમજ આપશ્રીએ કરેલ સંઘર્ષ સમય ગાથાથી યુવા પેઢી માહિતગાર થાય તે આશયથી પ્રકાશિત થઈ રહેલ શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતન માટેની ચોથી ક્રાંતિ પુસ્તક ખરેખર ઉપયોગી નીવડશે.

આજના યુવાનોમાં સૌર્ય જગાવતા આ પુસ્તકના પ્રકાશનમાં એક ખિસકોલીની માફક કાર્ય કરવાની આપે આપેલ તક માટે આપનો આભાર પ્રગટ કરું છું. સર્વે જ્ઞાતિજનોને પુરાવાઓ સહિતના આ બહુમૂલ્ય પુસ્તકનો અભ્યાસ કરવા માટે ભારપૂર્વક અપીલ કરું છું

જય સનાતન છે ટનાટન દે ધનાધન



સનાતની ડો. વસંત ધોળુ
તત્કાલીન પ્રમુખ,
શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ, નખત્રાણા
તલોદ

શુભેચ્છા સંદેશ

પ્રખર સનાતની લડવૈયા રમેશભાઈ વાગડિયા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં થયેલ સનાતની ચળવળની ચોથી ક્રાંતિના તેમના સંસ્મરણો પુસ્તક સ્વરૂપે સમાજ સમક્ષ મુકી રહ્યા છે તે ધન્ય ઘડી સમગ્ર સનાતની સમાજ માટે ગૌરવની પળ છે. અને આ પ્રસંગે સનાતની સમુદાય રાજી થાય તેવો સુંદર અવસર છે.


આપણા સમાજમાં ડોક્યુમેન્ટેશન દસ્તાવેજીકરણ અંગે આપણે એટલા સજાગ નથી. આ પ્રકારનું કઠીન કાર્ય કરી શકે તેવી વ્યક્તિઓ પણ ખૂબ ઓછી છે પણ આપણા પછીની પેઢીને જો આપણે ખરેખર કંઈક આપવું હશે તો દસ્તાવેજીકરણ સાથે આપણા વારસાને જાળવતાં આપણે શીખવું જ પડશે... આ પડકાર રૂપ કાર્ય રમેશભાઈ વાગડિયાએ ઉપાડ્યું છે તે તેમનો સનાતની જુસ્સો અને સમાજ પ્રેમને ઉજાગર કરે છે.

સનાતની ચળવળની ચોથી ક્રાંતિમાં રમેશભાઈ વાગડીયાએ ખુદે પણ પ્રખર સનાતની હિંમતભાઈ ખેતાણીની સાથે અગ્રીમ ભૂમિકા ભજવી હતી એટલે આ ચોથી ક્રાંતિ તો તેમણે નજરોનજર નિહાળી છે. અને ક્રાંતિના મુખ્ય પાત્ર પણ રહ્યા છે. એટલે ચોથી ક્રાંતિના દસ્તાવેજીકરણમાં સત્ય લેખન કે તુલનાત્મક અધ્યયન અને પ્રસ્તુતિ કરવામાં તેમનાથી યોગ્ય વ્યક્તિ બીજી કોણ હોઈ શકે?

એક સનાતની તરીકે રમેશભાઈ વાગડિયા આક્રમક અભિગમ ધરાવે છે પણ તેમની લેખન શૈલી સરળ, વાંચવું ગમે તેવી તળપદી પ્રકારની રસાળ છે. એટલે સમાજના સનાતની સમુદાયને ચોક્કસ ગમેશે જ કોઈ પણ ઘટનાનું વાણી સ્વરૂપે અને અક્ષર સ્વરૂપે, બંન્ને રીતે પ્રસ્તુતિકરણ કરવામાં રમેશભાઈ માહેર છે.

ઈતિહાસના નીરક્ષીર કરીને સચ્ચાઈ સમાજ સમક્ષ આવે તે અતિ જરૂરી છે. સમાજમાં સત્ય તથ્ય જાણવા માટે જ્ઞાતિજનોએ અને અભ્યાસીઓએ હંમેશા જાગૃત રહેવું પડશે રમેશભાઈ વાગડિયા આ રીતે લાંબા સમય સુધી જાગૃત રહે અને તેનો લાભ સમગ્ર સમાજને મળે તેવી પ્રાર્થના સાથે રમેશભાઈને આ પુસ્તકના પ્રકાશન માટે ખૂબ ખૂબ શુભેચ્છા અને ધન્યાવાદ !





સી. કે. પટેલ
તંત્રી
પાટીદાર સૌરભ

અભિનંદન સહ શુભ સંદેશ

અનાયાસે મારા સ્નેહી મિત્ર શ્રી રમેશભાઈ માવજી વાગડિયાનું દળદાર પુસ્તક "શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અને કેન્દ્રીય સમાજમાં સનાતન ચળવળની ચોથી ક્રાંતિ"ના પ્રુફ રીડીંગ કરવાની તક મળી અને સાથે સાથે તેનું વાંચન પણ થતું રહ્યું. સદર પુસ્તકમાં રમેશભાઈ વાગડિયા એ સમાજમાં થયેલી ચાર-ચાર ક્રાંતિનો વિગતે ઉલ્લેખ કરી સમાજને અને સમાજના સર્વે જ્ઞાતિજનોને પ્રદાન કરી છે. જેમાં રમેશભાઈ વાગડિયાએ આ પુસ્તકમાં નિખાલસ અને હિંમતપૂર્વક કોઈની પણ સેહ શરમ રાખ્યા વગર તેમના આત્માને જેવું લાગ્યું તેવું નિસંકોચપણે લખાણ લખ્યું છે. આવા લખાણ બદલ તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે.

શ્રી રમેશભાઈ તેઓના પિતાશ્રી અને સો વર્ષની ઉંમરે પહોંચેલા તેઓશ્રીના દાદાશ્રીની સતપંથીઓ દ્વારા પોલીસમાં ફરિયાદ અને રમેશભાઈની કરાવવામાં આવેલી ધરપકડ નીંદનીય, અધમ તો છે જ પણ, જેલમાં પુરાવડાવાની તૈયારી હતી પણ, મિત્રોના પ્રયત્નોથી તેમ થઈ શક્યું નહીં. તેમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમ કૃપા અને આશીર્વાદના પરિણામે સતપંથીઓ નિષ્ફળ નીવડ્યા અને સત્યનો વિજય થયો. સમાજમાં આદ્ય સુધારક નારાયણ રામજી લીબાણી, રતનસિંહ ખીમજી ખેતાણી અને પરમ પૂજ્ય ઓધવ રામજી મહારાજશ્રીએ કરેલ અદભુત કાર્યથી માંડીને ૧૦૦ વર્ષનો ઈતિહાસ ચોથી ક્રાંતિ સુધીનો લખીને સમાજના દયનીય ઈતિહાસનું પુનરાવર્તન કરાવ્યુ છે. સમાજમાં સતપંથી ગેઢેરાઓ, સૈયદો અને કાકાઓ દ્વારા કરવામાં આવતું શોષણ, જોહુકમી અને આપણી જ્ઞાતિને મુમના મુસલમાન બનાવવાનું સૈયદ ઈમામશાહના છેતરપિંડી વાળા પ્રયત્નોને નિષ્ફળ બનાવવાના શ્રી રમેશભાઈ, હિંમતભાઈ અને સ્વ. પ્રેમજીભાઈ કેસરાણીએ ભારતભરમાં ભ્રમણ કરી ઠેરઠેર મિટિંગો કરી જ્ઞાતિમાં ભાઈઓ-બહેનો અને યુવાનોને આ પાખંડી સતપંથના છેલ્લા ૫૦૦ વર્ષની છેતરામણીથી થયેલા પ્રવેશના કારણે સમાજની થયેલી અધોગતિનો તાદશ્ય ચિતાર નિઃસંકોચ પણે આપતા રહ્યા હતા.

સમાજના હાલના પ્રમુખ અબજીભાઈ, ચંદ્રકાંતભાઈ, જયંતીભાઈ લાકડાવાળા તેમજ વસંતભાઈ ધોળુ પણ આ કાર્યમાં જોડાયા હતા. ઉપરોક્ત કાર્યોમાં મુશ્કેલીઓ પડી હશે પણ, તેનો ડર્યા સિવાય સામનો કરતા રહ્યા હતા. તેથી તેઓ સૌને અભિનંદન ઘટે છે. આ ચારેય ક્રાંતિની જાણકારી સમાજના વડીલો, જ્ઞાતિજનો, યુવાસંઘ, મહિલા સંઘ, ઝોન અને ઘટક સમાજોમાં આવતા અકલ્પનીય જાગૃતિ આવી છે. આજે કેન્દ્રીય સમાજ સનાતનની શતાબ્દી મહોત્સવ, યુવાસંઘ સુવર્ણ જયંતી અને મહિલા સંઘ રજત જયંતિ ઉત્સવ આવનાર તા. ૧૧-૧૨-૧૩ અને ૧૪, મે-૨૦૧૩ના રોજ ભવ્યતાથી ઉજવવા જઈ રહ્યા છે. જે કંઈક અંશે નવો નિર્દેશ આમ સમાજને સાંપડશે ત્યારે જ શ્રી રમેશભાઈ, હિંમતભાઈ, સ્વ પ્રેમજી કેસરાણી અને અન્ય મિત્રોને સંતોષની લાગણી ચોક્કસપણે થશે તેવી આશા રાખીએ છીએ.



લી. સ્નેહાધિન
પ્રિન્સિપાલ રતિભાઈ છાભૈયા
બોરડીટીંબા (તલોદ), જીલ્લો સાબરકાંઠા-ગુજરાત
તા. ૨૨-૦૪-૨૦૨૩

ખુલાસો/Disclaimer

ભારત દેશના સંવિધાનમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોમાં (fundamental rights under constitution of India) જણાવેલ "અભિવ્યક્તિની સ્વતંત્રતા" (freedom of expression) પ્રમાણે વિચારો, મંતવ્યો, અભિપ્રાયો, સુજાવો વ્યક્ત કરતું તેમજ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસને નોંધતું આ પુસ્તક છે. ઉમિયા માતાજી ઊંઝાના પંચો સામે સતપંથ સમસ્યા નિવારણ માટે બન્ને પક્ષો એટલે સતપંથ અને સનાતન પક્ષ તરફથી થયેલ રજૂઆતો, તત્ત્વો, ચિંતનો, બૌદ્ધિક દલીલો/તર્કો/કુતર્કો, સજ્જડ પુરાવાઓ, કોર્ટના ચુકાદાઓ, સામાજિક ભાવનાઓ અને અનુભવો, પોતપોતાના દષ્ટિકોણો, વાણીને વર્તનમાં ફરક હોય એવા કિસ્સાઓ વગેરે વગેરે મુદ્દાઓને સાર રૂપે આ પુસ્તકમાં સામેલ કરેલ છે. ઉમિયા માતાજી ઊંઝાના પંચો દ્વારા અપાયેલ ચુકાદો તેમજ ચુકાદાની કાર્યવાહીને પણ નોંધવામાં આવેલ છે. ચુકાદા પછી નિર્મિત મહત્ત્વની સામાજિક પ્રતિક્રિયાઓને પણ આ પુસ્તકમાં સામેલ કરેલ છે. આ પુસ્તકમાં આપેલ જાણકારીથી લોકો પોતપોતાની રીતે વિવેક બુદ્ધિથી પોતાની સમજ તૈયાર કરી, સમાજ કલ્યાણ માટે ભવિષ્યમાં શું સારું કે ખરાબ તેનો નિર્ણય લેવા માટે મદદ રૂપ થાય, અને હકીકત જેમ છે તેમ રજૂ કરવાના હેતુ થી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. આ પુસ્તક દ્વારા કોઈ પણ પક્ષ, ધર્મ કે સમાજની લાગણી દુભાવવાનો, વર્ગવિગ્રહ કરવાનો કે કોઈનું અપમાન કરવો વગેરે કોઈ જ હેતુ કે આશય નથી. આ પુસ્તક મારફતે કોઈનું ધર્મ પરિવર્તન કરવું કે કરાવવાનો કોઈ આશય નથી.

આ પુસ્તક કેવળ મનુષ્યોની ઉન્નતિ અને સત્ય-અસત્યનો નિર્ણય લેવા માટે, સર્વે મતોના વિષયોનું થોડું થોડું જ્ઞાન મળે અને તેથી મનુષ્યોને પરસ્પર વિચાર કરવાનો સમય મળે, એકબીજાનાં દોષોનું ખંડન કરી, ગુણોનું ગ્રહણ કરે, કોઈ અન્ય મતવાળા જૂઠમૂઠ સારું કે ખોટું લગાડવાનું પ્રયોજન નથી, કિન્તુ જે જે ભલાઈ છે તે જ ભલાઈ અને બુરાઈ છે તે જ બુરાઈ સર્વેને વિદિત થાય. મનુષ્યોની પ્રગતિનો માર્ગ સુધારવા, સત્ય અને જૂઠને અલગ કરવા, બૌદ્ધિક ચર્ચા વિચારણા કરવાનો એક અવસર / મૌકો તૈયાર કરવા, ત્રુટીઓ / ખામીઓ / દોષને ઓળખીને દૂર કરવા મદદ રૂપ થવા, સારા ગુણો / શ્રેષ્ટતા / ખૂબીઓ / ધર્મને સમજીને પ્રશંસા કરવા તેમજ તેને સ્વીકારવા અને જીવનમાં ઉતારવાના નિર્દોષ ભાવથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. કોઈની નિંદા અને ટીકા કરવાનો કોઈ હેતુ નથી, પણ ઉજ્જવળ ભવિષ્ય માટે સુધારાના રસ્તાઓ શોધવાના પ્રયાસો માત્ર છે.

આ પુસ્તકમાં ચળવળ/ક્રાંતિ/લડાઈ/સંઘર્ષને શબ્દોને સમાનાર્થી ભાવે તેમજ એક બીજાના પરીયાયી અથવા તો પુરક તરીકે વાપરવામાં આવ્યા છે. આ પુસ્તકમાં જણાવેલ લડાઈ શબ્દનો અર્થ સંઘર્ષ છે. વાત કરવાના લહેજા અને સામાન્ય લોકોને સમજવાની સ્વાભાવિક સરળતા તથા સહેલાઇ રહે તે માટે અમુક જગ્યાએ લડાઈ શબ્દ વાપરવામાં આવ્યો છે. પણ આમ કરતી વખતે કોઈ પણ પ્રકારના વૈમનસ્ય, વેરઝેર, ઝગડાઓ કે સમાજ/ધર્મ વિરોધી, સમુદાયમાં ફૂટ પાડવા, વર્ગવિગ્રહ, શાંતિ અને સુમેળ ભંગ કરવા, વગેરે વગેરે અર્થમાં ન લેવો તથા સમજવો. આ પુસ્તક કટ્ટરવાદી સતપંથીઓની ગતિવિધિઓ અને કૃત્યો ઊપર છે. પૂર્વાપર સંદર્ભ કે અર્થ સુસંગત હોય એના સિવાય સામાન્ય રીતે સતપંથીઓ એટલે કટ્ટર સતપંથીઓ સમજી લેવું. આ પુસ્તકોમાં જે જાણકારી આપવામાં આવેલ છે, એ લેખકોને મળેલ જાણકારીઓ પર આધારિત છે. આ પુસ્તકમાં જે કંઈ છપાયું છે એ લેખકોના વ્યક્તિગત મંતવ્યો છે. સનાતન સમાજની સંસ્થાઓ આં મંતવ્યોથી સહમત છે, એવું ધારી ન લેવું.

આ પુસ્તકમાં અમુક લોકોના નામો લેવામાં આવ્યા છે. તેનું કારણ એ છે કે ઈતિહાસમાં જે ભૂલો થઇ છે તેનાંમાંથી લોકો પ્રેરણા લે અને એ ભૂલો ફરી ન કરે. ઈતિહાસના જે દુ:ખો અને તકલીફો ફરીથી આપણા સામે ભવિષ્યમાં આવીને ઊભા ન રહે તે માટે સાચી હકીકત લખવા પાછળનો હેતુ છે. કોઈ હોદેદાર, કાર્યકર કે સભ્યના નામ જોગ વાત લખવામાં આવી હશે તો પણ ઉપર જણાવેલ બાબતને ધ્યાનમાં લેવું કે જેથી કરીને ભવિષ્યમાં આપણે પણ આ ભૂલ ન કરી બેસીએ. આવા લોકોને ઉતારી પાડવાનો કોઈ આશય નથી. નામો લેવામાં આવેલ ઘણા લોકોએ થયેલ ભૂલને સુધારી છે માટે આજે પણ સમાજમાં મહત્ત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા છે. એ લોકો આજે પણ સમાજ માટે સન્માનનીય છે.

પ્રસ્તાવના

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતની ચળવળ (ચોથી ક્રાંતિ) ના સંસ્મરણો નામનું આ પુસ્તક કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિ તેમજ ભારતની તમામ હિંદુ જ્ઞાતિઓ સમક્ષ મુકતાં હું આનંદ અનુંભવી રહ્યો છું. ઉત્તર ગુજરાતમાં રહેતા કડવા પાટીદારો માંયના એક આપણે પંદરમી સદીમાં શામાટે કચ્છ તરફ ગયા અને ફક્ત કડવા પાટીદારો તરીકે ઓળખાતા આપણે કચ્છી કડવા પાટીદારો તરીકે શામાટે ઓળખાવા લાગ્યા? તેની પાછળ ફક્ત અને ફક્ત એક માત્ર કારણ જો હોય તો તે છે ઈસ્લામના પાયા ઉપર સ્થાપિત પીરાણા સતપંથ મત. આ પીરાણા સતપંથ મતની ભારતમાં સ્થાપના કરવા વાળા હતા ઈરાનથી આવેલા સૈયદો. પંદરમી સદીમાં સૌ પ્રથમ આવ્યા પીર સદદીન જેઓ ખોજા કોમના ધર્મગુરૂ થયા. ત્યાર પછી તેમના દીકરા થયા પીર કબીરુદ્દીન અને કબીરુદ્દીનના દીકરા થયા પીર ઈમામુદ્દીન ઉર્ફે બાવા ઈમામશાહ જેઓ થયા પીરાણા સતપંથ ધર્મ પાળતા સતપંથીઓના ધર્મગુરૂ. આ પીર ઈમામુદ્દીનને સતપંથી ભાઈઓએ આજે ઈમામશાહ મહારાજ બનાવી દીધા છે.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિએ જ્યારથી બાવા ઈમામશાહ વાળો સતપંથ સ્વીકાર્યો ત્યાર પછી આપણી જ્ઞાતિએ ધાર્મિક, સામાજિક અને આર્થિક રીતે જે હાડમારી ભોગવી છે તેવી હાડમારીઓ ભાગ્યેજ કોઈ અન્ય જ્ઞાતિએ ભોગવી હશે. આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પોતાની હિંદુ તરીકેની ઓળખ ટકાવી રાખવા માટે સદીઓ સુધી ઝઝૂમી છે. આપણા પૂર્વજો પોતાને શુધ્ધ હિંદુ તરીકે માનતા પણ તેમના આચાર વિચાર અને પૂજા પધ્ધતીઓ અને પોતાના ધર્મગુરુઓ મુસલમાન સૌયદો હોવાના કારણે અન્ય હિંદુ જ્ઞાતિઓમાં તેમની ઓળખાણ એક મુમના મુસલમાન થી વિશેષ કાંઈ ન હતી. આ કલંકિત ઓળખને ભુંસાડવા માટે (નાબુદ કરવા માટે) સમય સમયાંતરે આપણા જાગૃત પૂર્વજ વડીલોને જ્ઞાતિમાં સનાતની ચળવળો કરવી પડી હતી.

૧. સનાતની ચળવળની પહેલી ક્રાંતિ ઈ.સ. ૧૮૩૨ માં નરવીર શ્રી કેસરા પર્મેશ્વરાએ કરી.
૨. સનાતની ચળવળની બીજી ક્રાંતિ આપણા આધ સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીએ ઈ.સ. ૧૯૨૦-૧૯૩૫ દરમ્યાન કરી.
૩. સનાતની ચળવળની ત્રીજી ક્રાંતિ સનાતની વીર શ્રી રતનશી ખીમજી ખેતાણીએ સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ કરી
૪. સનાતની ચળવળની છેલ્લી અને ચોથી ક્રાંતિ સનાતની શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, રમેશભાઈ માવજી વાગડિયા અને સ્વ શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી દ્વારા ઈ.સ. ૨૦૦૯-૧૦ થી ઈ.સ. ૨૦૨૩ દરમ્યાન હાથ ધરવામાં આવી.

સનાતની ચળવળની ચોથી ક્રાંતિ નિયતિને મંજુર હશે તેથી શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં તેમજ તેની અન્ય બે ધાર્મિક સંસ્થાઓને લક્ષમાં રાખીને કરવામાં આવી. તે શામાટે કરવામાં આવી? કોના દ્વારા કરવામાં આવી? કેવી રીતે કરવામાં આવી અને તેની ફળશ્રુતિ શું થઈ? તેના સંસ્મરણો નો મેં અહી આ પુસ્તક દ્વારા આપવાનો પ્રયાસ કર્યો છે.
ઈ.સ. ૧૯૨૦ માં સનાતની ચળવળની બીજી ક્રાંતિની શુરુઆત સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીંબાણીએ જ્યારે કરી ત્યારે જ્ઞાતિમાં જે પરિસ્થિતિ નિર્માણ થયેલ હતી તેને લઈને તે વડીલે પ્રતિજ્ઞા લીધેલ કે આપણી જ્ઞાતિ પાખંડી પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બને. તેમની પ્રતિજ્ઞાને આજે ૧૦૨ વરસ પુરા થવા આવ્યા હોવા છતાં આપણે જ્ઞાતિને પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ નથી બનાવી શક્યા તેનું કારણ શું?
આ પુસ્તક ને મેં નીચે પ્રમાણે જણાવેલ છ પ્રકરણમાં (ભાગમાં) લખ્યું છે

૧. પહેલું પ્રકરણ છે "મારો સનાતની વિચારધારાનો વારસો" જેમાં મેં મારા સનાતની પૂર્વજોનો આછો પરિચય આપ્યો છે.
૨. બીજા પ્રકરણમાં મેં મારા ખોંભડી ગામ અને સનાતની ચળવળની બીજી, ત્રીજી અને ચોથી ક્રાંતિના સંબંધ વિષે આછી માહિતી આપી છે.
૩. ત્રીજા પ્રકરણમાં શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અને કેન્દ્રીય સમાજમાં સનાતની ચળવળની ચોથી ક્રાંતિ અને તેની જરૂરત શામાટે પડી? તે

ચળવળ શા માટે ઉપાડવામાં આવી? કેવી રીતે ઉપાડવામાં આવી? કેન્દ્રીય સમાજને તેની સનાતની ઓળખ કાયમ કરાવવા માટે શ્વેતપત્ર બહાર પાડવામાં કયા પરિબળો મદદરૂપ થયા તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

૪. ચોથા પ્રકરણમાં મેં ચોથી સનાતની ચળવળ દરમ્યાન બનેલી ઘટનાઓને ધ્યાનમાં રાખીને તેને અનુરૂપ પાટીદાર સૌરભ માટે તેમના તંત્રીની સી.કે. પટેલ ની પ્રેરણા થી તૈયાર કરેલા અમુક લેખોનું આલેખન કરવામાં આવ્યું છે.

૫. પાંચમા પ્રકરણમાં સનાતની ચળવળની ચોથી ક્રાંતિની સફળતામાં મદદરૂપ થયેલા પરિવારો અને ભાઈઓનો ચળવળકારો દ્વારા આભાર માનવામાં આવ્યો છે. જેનો ઉપકાર સદાય જ્ઞાતિ ઉપર તેમજ અમારા ઉપર રહેશે.

૬. પ્રકરણ છઠ્ઠામાં જ્ઞાતિની ચોથી સનાતની ચળવળના પરિણામોનું આછું આલેખન કરવામાં આવ્યું છે. અને છેલ્લે અફસોસ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે કે ૧૦૨ વરસ પછી પણ જ્ઞાતિમાં ચાર ચાર સનાતની ચળવળો થયા ઉપરાંત પણ આપણે આપણી જ્ઞાતિને પાખંડી પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવી નથી શક્યા.

આ પુસ્તક હું મારા સનાતની દાદા શ્રી રતનશી નારાયણ વાગડીયાને અર્પણ કરું છું કે જેઓએ મારામાં સનાતની વિચારો પ્રગટાવ્યા અને તેની સાથે સાથે મારા પડ દાદા શ્રી નારણ શિવજી વાગડીયાનો પણ હું એટલોજ ઋણી છું જેઓએ એકલા હાથે ઝઝૂમી ખોંભડી ગામમાં સનાતની ઝંડાનું રોપણ કર્યુ જેથી મને સનાતની વારસો મળી શક્યો. મારા પિતાશ્રી માવજીભાઈ રતનશી વાગડિયા તેમજ મારા મોટાભાઈ મોહનભાઈ માવજી વાગડિયા, મારા નાના ભાઈઓ શંકરલાલ, વિનોદ અને મારા પરિવારનો પણ આભારી છું કે જેઓ આ સનાતની મુહિમ દરમ્યાન સતત અમારી પડખે રહીને મને આર્થિક અને માનસિક બળ પૂરું પાડ્યું

છેલ્લે મારા પ્રેરણા શ્રોત્ર અને મેન્ટર, હિંમતવાન પ્રખર સનાતની શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીને પણ હું દિલથી નમસ્કાર કરું છું જેમના વગર આ સનાતની ચળવળની ચોથી ક્રાંતિ અધુરીજ ગણાત. અને હા અમારા હનુમાન રૂપી સ્વ. શ્રી પ્રેમજી ભાણજી કેસરાણીને તો હું ભૂલી શકું એમ નથી. તેનો પણ ઉપકાર માનવો રહ્યો.

આ પુસ્તકના પ્રકાશનમાં મદદરૂપ થનાર પ્રખર સનાતની ડૉ. વસંતભાઈ ધોળુ, ચંદ્રકાન્તભાઈ છાભૈયા, સુભાષ ધોળુ અને વડિલ પ્રિ. રતિભાઈ છાભૈયા અને શ્રી અરજણભાઈ ધોળુનો આભાર વ્યક્ત કરૂ છું

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિ જયારે આગામી ઈ.સ.૨૦૨૩ ની મેં મહિનાની તા. ૧૧, ૧૨, ૧૩અને ૧૪ ના સનાતની શતાબ્દી મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે જ્ઞાતિ સમક્ષ મારા આ પુસ્તક મૂકતાં હું રોમાંચ અનુભવી રહ્યો છું.
જ્ઞાતિના સર્વે સનાતની બંધુઓને નમસ્કાર કરતાં હું વિરમું છું.
જય શ્રી લક્ષ્મીનારાયણ જય શ્રી ઉમિયા માં, જય સનાતન, જય હિન્દ



લી. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર
તા. ૧.૦૪.૨૦૨૩

અનુક્રમણિકા

પ્રકરણ ૧

મારો સનાતની વિચારધારાનો વારસો

મારો જન્મએક શુદ્ધ સનાતની વિચારધારાને વરેલા નખત્રાણા તાલુકાના ખોંભડી ગામમાં વસતા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ના એક પરિવારમાં તા. ૧૭.૦૯.૧૯૫૮ ના થયો હતો. મારા પૂર્વજો કદાચ ઉત્તર ગુજરાતમાં ઊંઝા અથવા તો ઊંઝાની આજુ બાજુના વિસ્તારમાં રહેતા કડવા પાટીદારોમાં ના એક હશે પણ સંજોગો વસાત લગભગ ૫૦૦ વરસ પહેલાં મારા પૂર્વજોમાં થી તે વખતના વડીલો માંયના અમુક વડીલોએ પીર ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા પ્રેરિત પીરાણા સતપંથ ધર્મનો સ્વીકાર કર્યો હશે જેથી ત્યાંના સ્થાનિક કડવા પાટીદારો તરફથી કંઈક વિટંબણાઓ પડી હશે તેથી તેઓને ઉત્તર ગુજરાત જેવા ફળદ્રુપ પ્રદેશો મુકીને કચ્છ જેવા સુકા ઠઠ્ઠ પ્રદેશો તરફ હિજરત કરવાની ફરજ પડી હશે. આવી ફરજ અત્યારે કચ્છમાં વસતા તમામકડવા પાટીદાર ભાઈઓના પૂર્વજોને પડી હતી. નહી તો ખેતી માટે લાયક એવા ગુજરાત જેવા ફળદ્રુપ પ્રદેશ મુકીને કોણ જાય એવા કચ્છ જેવા સુકા પ્રદેશોમાં? આ વાતો ને કડવા પાટીદાર જ્ઞાતિના એક વિદ્વાન, વિચારક અને લેખક શ્રી પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ દ્વારા લખાયેલ પ્રસિધ્ધ પુસ્તક નામે ''કણબી ક્ષત્રીય ઉત્પતિ અને ઈતિહાસ'' માં સમર્થન મળ્યું છે. રસ ધરાવતા વાંચકોએ આ પુસ્તકના બીજા પ્રકરણ ''કચ્છમાં કાણબીઓનો વિસ્તાર'' ના પાનાં નં. ૧૯૫ થી ૨૧૦ અવશ્ય વાંચવા જોઈએ.

કચ્છી કડવા પાટીદારોનો પહેલો પડાવ વાગડમાં શિકરા ગામે

સમગ્ર કચ્છી કડવા પાટીદારો કચ્છ તરફ પ્રયાણ કરતાં સૌ પ્રથમવાગડ પ્રાંતના શિકરા ગામે રહ્યા જે અત્યારે ભચાઉ શહેર ની નજીક આવેલું છે. અને સમયાંતરે ત્યાંથી કચ્છ તરફ પ્રયાણ કર્યું. પણ મારા વડીલો આમતો મૂળ જુવાતર અને ત્યાર પછી જબુવાણી ઓળખ ધરાવતા પણ કદાચ વાગડ પ્રાંતમાં થી (શિકરા ગામથી) કચ્છ તરફ છેલ્લા (સૌ થી પાછળ) પ્રયાણ કર્યું હશે તેથી વાગડિયા કહેવાણા હશે તેવું હું અનુમાન કરું છું. અને આજે પણ અમારો પરિવાર વાગડિયા નુખ થી ઓળખાય છે. કચ્છમાં વાગડિયાના શુર્ધન અથવા તો જેને આપણે પાળિયા કહીએ છીએ તે મારા ગામખોંભડી ગામમાં આજે પણ મોજુદ છે અને સમગ્ર કચ્છમાં વસતા વાગડિયા પરિવારો આ શુરધનો ના દર્શને ખોંભડી આવે છે.

ખોંભડી ગામના સનાતની સુધારક વડીલ શ્રી નારાયણ શિવજી વાગડિયાની વિરાણી ગામના જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી અને શ્રી રતનશી ખીમજી ખેતાણી સાથે મુલાકાત

મારા પરદાદા શ્રી નારાયણ શિવજી વાગડિયા આપણી જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીના અને શ્રી રતનશી ખીમજી ખેતાણીના સંસર્ગ માં આવ્યા હોવાથી આપણી જ્ઞાતિને હિન્દુપણા થી વિમુખ કરવા માટે થઈને જવાબદાર એવા ઈમામશાહ બાવા દ્વારા ઉભો કરવામાં આવેલ પીરાણા સતપંથ ધર્મને સદાયને માટે તિલાંજલિ આપી હતી. મુંબઈમાં તે બંને વડીલોની સનાતની ચળવળ વખતે અનેક સભાઓમાં સનાતની વડીલ શ્રી નારાયણ શિવજી વગાડીયાની મુલાકાતો તે બંને વડીલો સાથે થઇ હતી. ખોંભડી ગામના આ સનાતની વડીલ શ્રી નારાયણ શિવજી વાગડિયા મારા પડદાદા થતા તેનો મને અત્યંત ગર્વ છે. ખોંભડી ગામમાં પીરાણા સતપંથ વિચારધારાને પડકાર આપીને સનાતની વિચારધારાને સુદ્રઢ બનાવવા માટે ભગીરથ પ્રયત્નો મારા પડદાદા શ્રી નારાયણજી બાપાએ કર્યા હતા. તેમની અને ખોંભડીના બીજા એવા સનાતની વડીલ શ્રી માધવજી ભીમજી ભગતની સનાતની વિચારધારા એટલી બધી દૃઢ અને પ્રબળ હતી કે તે બંને વડીલો સને ૧૯૪૪ માં વાંઢાય સ્થિત કુળદેવી ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના વખતેની પહેલી કારોબારીના સભ્ય પણ રહ્યા હતા. તે કાળે અને તે સમયે ખોંભડી ગામમાં આ બંને વડીલોએ ખાના પંથીઓ સામે સતપંથી વિચારધારા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તે સમયે સતપંથ

વિરુધ્ધ આવો અવાજ ઉઠાવવો એ એક લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી. છતાં પણ ખાના પંથીઓ તરફથી નાત બહાર કરી નાખવા જેવી, સંબંધો-સગપણ સાંતરાં કપાઈ જવા જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ખોંભડી ગામમાં સનાતની વિચારધારાને પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ થયા હતા. અઢાર – અઢાર વરસો સુધી નાત બાહર રહીને પણ તેઓ હિંમત હાર્યા નોહતા. ઢીલા પોચા હૃદયના કમજોર માણસો આવી યાતનાઓ પડે તો શરણાગતિ સ્વીકારી લેતા હોય છે. તે સમયે આખા ખોંભડી ગામમાંથી સનાતની વિચારધારા બાબતે સાથ હતો ફક્ત અન્ય ત્રણ પરિવારોનો. એક પરિવાર હતો માધવજી ભીમજી ભગતનો પરિવાર, બીજો પરિવાર હતો જેઠા બાપા ઉકાણીનો પરિવાર, ડો. ગંગદાસ બાપા ઉકાણીનો પરિવાર અને ત્રીજો પરિવાર હતો મુળજીભાઈ શિવજી વાસાણી નો પરિવાર. આ પરિવારોએ ૧૮-૧૮ વર્ષ લગી સતપંથ સમાજના નાત બહાર જેવા ફતવાની હાડમારી ભોગવી હતી. મને ગર્વ થાય છે કે આવા શુદ્ધ સનાતની વિચારધારાને વરેલા પરિવારમાં મને જન્મમળ્યો. મારો જન્મથયો ત્યારથી આજ દિવસ સુધી ખોંભડી ગામના ખાનામાં મેં પગ મુક્યો નથી. પણ મનમાં એક નિશ્ચયની સાથે વિશ્વાસ પણ છે કે ખોંભડી ગામના ખાના ની મિલકત જે મૂળ અખા ગામની હતી તો ભવિષ્યમાં એક દિવસ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની થઈ ને રહેશે. સત્ય આખરે સત્ય થઈને જ રહે છે.

ખોંભડી ગામના સનાતની વડીલ શ્રી રતનશી નારાયણ વાગડિયા

સનાતની વડીલ શ્રી રતનશી નારાયણ વાગડિયા મારા દાદા થતા. આ વડીલ શ્રીએ ૧૦૨ વરસ ની લાંબી આયુ ભોગવી. તેમના પિતા અને મારા પર-દાદા શ્રી નારાયણ શિવજી વાગડિયા વિ.સ. ૨૦૦૦ માં ૫૫ વરસની ઉમરમાં જ ભગવાન ને પ્યારા થઇ ગયા હતા. તેમનું સપનું હતું કે ખોંભડી ગામમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નું મંદિર બને અને તેમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ ની સ્થાપના થાય. પણ એ ઈચ્છા તેમની હયાતીમાં પૂર્ણ થઈ શકી નહિ એ વાતનો અફસોસ મને આજે પણ થાય છે. મંદિરની સ્થાપના સંવત ૨૦૦૨ તા.૧૬.૦૫.૧૯૪૬ માં થઈ ત્યારે તમનો દેહ પંચ મહાભૂત માં વિલીન થઈ ચુક્યો હતો. ત્યારે મારા દાદા શ્રી રતનશી નારાયણ વગાડીયાની ઉમર ૨૪-૨૫ વરસ ની હશે. સનાતની વડીલ શ્રી નારાયણ વાગડિયાના અવસાન પછી ખોંભડી ગામમાં સનાતની જ્યોત પ્રજ્વલિત રાખવાની જવાબદારી શ્રી રતનશી નારાયણ વાગડીયા અને એમના કાકા શ્રી મેઘજીભાઈ શિવજી વાગડિયાના શિર ઉપર આવી પડી હતી. એમકહીએ કે હવે ખોંભડી ગામમાં સનાતની ચળવળ નો દોર રતનશી નારાયણ વગાડીયાએ પોતાના હાથમાં લીધો હતો. આવી પરિસ્થિતિ અને હાલાતમાં ખેતીવાડી કે ધંધા વ્યવસાયમાં ધ્યાન આપવું કે પછી તેમના પિતા શ્રી નારાયણ શીવજી વાગડિયાનું સનાતની વિચારધારાને ખોંભડીની પાટીદાર જ્ઞાતિમાં પ્રબળ કરવાનું અધૂરું મુકાયેલું કાર્ય પૂરું કરવાનું? તે એક મોટો પ્રશ્ન દાદા શ્રી રતનશી નારાયણ વાગડીયા સમક્ષ હતો. ઘરની આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હતી. તેમના દીકરા એટલે કે મારા પિતાશ્રી માવજી રતનશી વાગડિયાને પ્રાથમિક શાળામાં ભણાવવા ફી ભરવા માટે રતનશી બાપાનાં માતાજી કકુબેન ના કડલાં (એક પ્રકારનો પગમાં પહેરવાનો દાગીનો) વેચવાં પડ્યાં હતાં. તે વખતની સનાતની વિચારધારા ગામમાં પ્રસ્થાપિત કરવાની ચળવળના જે અનુભવો મારા દાદા રતનશી બાપાને થયા હતા તેની અમુક વાતો તેઓએ મને કહી હતી તે હું પછી વાત કરીશ પણ અત્યારે મૂળ વાત ઉપર આવું કે દાદા શ્રી રતનશી નારાયણ વાગડિયા લાંબી ઉમર જીવ્યા અને સનાતની મુદ્દે ખુમારી થી જીવ્યા. જે લોકો એમના સંસર્ગમાં આવ્યા હશે તેઓ ચોક્કસ તેમને ભૂલ્યા નહિ હોય એવું એમનું વ્યક્તિત્વ અને સ્વભાવ હતો તેવું મારું માનવું છે. તેમનું વ્યક્તિત્વ જ એવું હતું. તેઓએ મને નાનપણથી જ સનાતની વિચારો આપ્યા હતા અને મારી રગ રગમાં સનાતની લોહી જે આજે પણ વહી રહ્યું છે તેનો પૂરે પૂરો શ્રેય મારા દાદા શ્રી રતનશી નારાયણ વાગડીયા ને જાય છે તેમકહેવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. જ્ઞાતિમાં સનાતન ધર્મ પુનઃ સ્થાપિત કરવા બાબતે તે વખતના તેમના અનુભવો અને સનાતની સંસ્કારોનું ભાથું તેઓ મને હમેશાં પીરસતા રહ્યા હતા. અને તે ભાથું મને ૨૦૦૯ માં જે સનાતની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત થઈ ત્યારે મને કામઆવ્યું તે હકીકત છે.

પ્રખર સનાતની શ્રીમાન હિંમત ભાઈ રતનશી ખેતાણીની સાથે તા. ૭.૮.૨૦૦૯ ના આકસ્મિક રીતે (કોઈ પ્રી-પ્લાનીગ વગર કુદરતે નિર્માણ થએલ સંજોગો ને આધારે) સનાતની ચળવળની ક્રાંતી ચાલુ થયેલ તે આપણી જ્ઞાતિની અત્યાર સુધીની ચોથી અને છેલ્લી સનાતની ચળવળ હતી. તે ચળવળ ચાલુ થયા પહેલાં જે જે ઘટનાઓ મારા જીવનમાં સનાતની મુદ્દાઓ ને લઈને બની તે ઘટનાઓ નો વિગત-વાર ચિતાર હું અહીં આપવા માગું છું. કદાચ નિયતિ પણ કેન્દ્રીય સમાજમાં, સનાતની જ્ઞાતિમાં સનાતની ચળવળ માટે પૂર્વ ભૂમિકા તે વખતે તૈયાર કરી રહી હોય એવા સંજોગો ઉભા થઇ રહ્યા હતા એમમને અત્યારે લાગી રહ્યું છે.

ખોંભડી ગામની મીટીંગ ઈ.સ. ૨૦૦૪ માં બેંગલોર મુકામે

અમારો પરિવાર ઈ.સ. ૧૯૯૦ માં હુબલી થી બેંગલોર આવી ચુક્યો હતો. મારા દાદા રતનશી બાપાએ તેમના જીવનના પાછલા દિવસો અમારી સાથે બેંગલોરમાં ગુજાર્યા હતા. મારા દાદા શ્રી રતનશી બાપા ને એક ઝંખના હતી કે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની એક જનરલ મીટીંગ (આમસભા) બેંગલોર મુકામે થાય. તેવું જ સપનું ખોંભડી ગામના બીજા બે વડીલો શ્રી શિવજી ગોપાલ ભગત અને સ્વ. શ્રી કાનજીભાઈ ભીમજી ભગત ને પણ હતું. તે બંને વડીલો બેંગલોર માં ગણા વરસોથી સ્થાઈ થયા હતા. અને વરસો પહેલાં તેઓશ્રીએ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજને આમંત્રણ પણ આપ્યું હતું કે બેંગલોરમાં ખોંભડી સમાજની એક આમસભાનું આયોજન થાય. વડીલ શ્રી કાનજી ભાઈ ભીમજી ભગત તો રામશરણ પામ્યા હતા પણ વડીલ શ્રી શિવજીભાઈ ગોપાલ ભગત હયાત હતા અને આજે પણ તેઓ હયાત છે. બેંગલોર માં ખોંભડી સમાજની સામાન્ય સભાનું આયોજન થાય તે માટે રતનશી બાપાએ અને શીવજી બાપાએ અને મારા પિતાશ્રી માવજી રતનશી વાગડિયા એ સાથે મળી ને પીઢ વ્યક્તિ શ્રી કેશવલાલ કાનજી ભગત ને વાત કરી કે આવી મીટીંગ નું આયોજન બેંગલોર મુકામે થાય અને ત્યાર પછી તે મીટીંગના આયોજન માટેના ચક્રો ગતિમાન થયા. કેશવલાલ કાનજી ભગતે વિચાર કર્યો કે આ કામમાટે કોઈક યુવાનોને તૈયાર કરવા પડશે અને તેમણે ભાર મુક્યો શ્રી બાબુલાલ વાલજી ભગત અને મારા ઉપર. અમે બંને જણાએ તે જવાબદારીનો સહર્ષ સ્વીકાર કર્યો અને તે યાદગાર મીટીંગ નું આયોજન પણ થઇ ગયું.

જ્ઞાતિની સનાતની ચળવળની ચોથી ક્રાંતિ ને અને ખોંભડી ગામની મીટીંગ ને શું લેવા-દેવા?

ઘણા બધાને અત્યારે એ પ્રશ્ન થશે કે બેંગલોર માં ખોંભડી ગામની મીટીંગ નું આયોજન ને સનાતની ચળવળ સાથે શું લેવા દેવા અને શેનો સંબંધ હોઈ શકે? હા, તેનો ઘણો બધો ગેહરો (ઊંડો) સંબંધ છે. તે સભામાં મેં તે વખતના અમારા ખોંભડી સનાતન સમાજના પ્રમુખ શ્રી લક્ષ્મણ ભાઈ નાનજી ચવ્હાણ ને એક પ્રશ્ન પૂછ્યો હતો કે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં જે સતપંથી ભાઈઓ સાથે ભેળસેળીઓ વ્યહવાર અત્યારે ચાલે છે તેનું શું કારણ છે? તેનો જવાબ અત્યારે સભામાં ઉપસ્થિત સમાજના તત્કાલીન પ્રમુખ અને અન્ય જવાબદાર વ્યક્તિઓ આપે. તે વખતે ખોંભડી પાટીદાર સનાતન સમાજના પ્રમુખ હતા દિલ્હી વાળા શ્રીમાન શ્રી લક્ષમણભાઈ નાનજી ચવ્હાણ. આ પ્રમુખ શ્રી ૧૭ વરસ સુધી શુદ્ધ સનાતની ઓળખ ધરાવતી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના પ્રમુખ રહ્યા પણ સતપંથ-સનાતન મુદ્દે મગ નું નામમરી પાડી શક્યા નહી. ખોંભડી ગામમાં તેઓએ સનાતન સતપંથ મુદ્દે "નરોવા કુંજરોવા" ની નીતિ અપનાવી હતી. સનાતન-સતપંથ બાબતે "મેહતો મારેય નહિ અને ભણાવે પણ નહિ" એવું ઢીલું એમનું વલણ રહ્યું હતું. તે કોઈ પણ સનાતની વિચારધારાને વરેલા લોકોને અકળાવી નાખે એવું હતું. તેઓ પોતે શુદ્ધ સનાતની છું એમપોતાની જાતને ખપાવતા પણ પોતાની દોગલી નીતિને કારણે બેંગલોરની મીટીંગમાં પણ સતપંથ મુદ્દે તેઓ કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા કરી શકયા નહી. આ બાબતે વડીલ શ્રી શીવજી ગોપાલ ભગતે સનાતની મુદ્દે સાચી વાત જણાવતા તે વખતે કહ્યું કે ખોંભડી ગામના અમુક પરીવારો જે ભગતમાં છે, અમુક પરિવારો ચવ્હાણમાં છે અને અમુક પરિવારો રવાણીમાં પણ છે તેઓ સનાતન સમાજમાં રહીને સતપંથ ધર્મને અનુસરતા હોય તો

સનાતની સમાજ માટે સારું નથી. આવા લોકોને આપણે ખુલ્લી રીતે કહી શકતા નથી તે આપણી સનાતની સમાજની લાચારી છે કે કમજોરી છે? આવું વડીલ શ્રી શિવજીભાઇ ગોપાલ ભગતે તે સભામાં કહ્યું હતું. ખોંભડી ગામની સનાતની સમાજને તે લાચારી શું હોઈ શકે તે કળી શકાતી ન હતી. ખોંભડી ગામના સતપંથના ભાઈઓને શ્રી ખોંભડી સનાતન સમાજ વગર ચાલતું નથી અને બાવા ઈમામશાહ વાળો કહેવાતો સતપંથ ધર્મ મુકવો નથી. અને સમાજના ધુરીણો આ બધું મૂક સંમતીથી જોયા કરે છે. તે સનાતની સમાજની કમનસીબી કે આગેવાનોની કમજોરી ગણાય તે આપણને તય કરવાનું છે. આવું ઢીલું વલણ કચ્છના તમામકચ્છ કડવા પાટીદાર સમાજોમાં તે વખતે ચાલી રહ્યું હતું. સનાતની સમાજોના તે વખતના ધુરીણો એ વાતને સદન્તરે ભૂલી ગયા હતા કે સતપંથ સમાજને છોડીને ગામે ગામના સુધારક વડીલોએ ઉભી કરેલી સનાતની સમાજના હેતુઓ અને ઉદ્દેશો શું હતા? પીરાણા સતપંથ અને સતપંથ સમાજથી નોખા થઈને ઉભી કરેલી સનાતન સમાજો શા માટે ઉભી કરવામાં આવી હતી? તેનો માત્ર ખ્યાલ પણ આ ધુરીણો નોહતા કરતા. તે વસ્તુ સમાજના શુધ્ધ સનાતનીઓ માટે એક નરી વિટંબણા જ હતી.

મારા દાદા શ્રી રતનશી નારાયણ વગાડીયાનો અભિપ્રાય

આવું બધું જોઇને મારા દાદા રતનશી બાપા મને કહેતા કે ''રમેશ, ભવિષ્યમાં ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાન જો તને તાકાત અને શક્તિ આપે તો ખોંભડી ગામમાં તું એક નવી સમાજ ઉભી કરજે જે બધી રીતે ચોખ્ખી હોય અને આ ભેળસેળ વાળી સમાજમાં થી નીકળી જજે. કારણકે પીરાણા સતપંથને માનનારું આખું ગામતેમાંથી આપણા વડીલોએ તેને સદાયને માટે છોડીને ઉભી કરેલી સનાતની સમાજ જે આજે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના નામે ઓળખાય છે તેમાં સતપંથના ભાઈઓએ રીતસર ની ઘુસણખોરી કરીને સનાતન સમાજને ભ્રષ્ટ કરી નાખી છે, તે હવે સુધરે તેમમને (રતનશી બાપને) નથી લાગતું''. મને ખરે ખર દુઃખ તો ત્યારે થતું કે સનાતની સમાજમાં સતપંથ ધર્મમાં સંપૂર્ણ શ્રધ્ધા ધરાવનાર ભાઈ શ્રી મગનભાઈ વેલાભાઈ ભગતને આ સમાજના મોવડીઓ મંત્રી તરીકે હોદ્દા પર બેસાડતા હોય ત્યારે કોઈ પૂછવા વાળુ ન હતું કે એક સનાતની સમાજમાં પીરાણા સતપંથમાં પૂરે પૂરી આસ્થા ધરાવનાર વ્યક્તિને મંત્રી પદ અપાતું હોય? તે પહેલાં કહેવાતા સનાતની ભાઈ શ્રી રામજીભાઈ ખેતા ચવ્હાણ પણ ખોંભડી ગામની સતપંથ સમાજમાં ટ્રસ્ટી હોવા છતાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના મહામંત્રી નીમવામાં આવ્યા હતા. સનાતન સમાજના મૂળભૂત સિદ્ધાંતોમાં કેટલી બધી બાંધ-છોડ? ગામની સનાતન સમાજમાં આવું બધું લોલમલોલ કુટાતું હતું. કોઈના પેટમાં પાણી પણ નોતું હાલતું. શા કારણોને લઈને ખોંભડીની સનાતન સમાજ આટલી બધી લાચારી ભોગવતી હતી તે કળી શકાતું ન હતું. આવું બધું કદાચ કચ્છના બીજા ગામડાઓ માં પણ તે સમયે ચાલતું હશે. તેનો અભ્યાસ જુદી રીતે કરવો રહ્યો.

સતપંથ મતને (સતપંથ ધર્મને) માનનારા પણ સનાતન સમાજમાં બની બેઠેલા સભ્યો દ્વારા અસિદ્ધાંતિક માંગણીઓ

એક સમયે તો શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં ચિઠીઓ ફડાવી સભ્ય બની ચુકેલા સતપંથના એક ભાઈ શ્રી બાબુભાઈ વેલાભાઇ ભગતે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની મીટીંગમાં ખુલ્લે આમમાગણી પણ કરી હતી કે ''અમારા વડીલો નું એક સપનું હતું કે આપણી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં પીરાણા સતપંથના કથા કથિત સંતોના પગલાં પડે'' ત્યારે સમય સુચકતા વાપરીને ત્યાં હાજર સનાતની વડીલ શ્રી રતનશીભાઈ મુળજી વાસાણીએ તરતજ ઉભા થઈને જણાવ્યું કે ''આપણી આ સનાતન સમાજના એક સ્થાપક વડીલ શ્રી મુળજીભાઈ શિવજી વાસાણી જે અમારા વડીલ થતા એમનું પણ સપનું હતું કે આ સમાજમાં સતપંથના કાકાનો કે અન્ય સતપંથી ભાઈઓનો પડછાયો પણ પડવો ના જોઈએ''. એટલે તે વાત ત્યાંજ અટકી ગઈ. નહીતો શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ તે વખતે જ પીરાણા સતપંથ સમાજના કાકાઓથી પાવન થઇ ગઈ હોત કે ભ્રષ્ટ થઇ હોત તે હું વાચક વર્ગ ઉપર છોડું છું. જુઓ તો ખરા કે ખોંભડી ગામમાં સનાતની ભાઈઓએ ઉભી કરેલી, સનાતનીઓ માટે ઉભી થયેલી, માત્ર અને માત્ર સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવા માટે ઉભી કરાએલી શ્રી ખોંભડી

પાટીદાર સનાતન સમાજમાં કેટલું બધું લોલમલોલ ચાલતું હતું. સનાતની ઓળખ ધરાવતી મારી સમાજની આ પરિસ્થિતિ, આવી દુર્દશા જોઇને મારું હૃદય કંપી ઉઠતું. મને મનો-મન ગણું જ દુઃખ થતું. અને તે દુઃખ હું મારા દાદા ની સમક્ષ પ્રગટ કરતો ત્યારે તેઓ મને ધીરજ ધરવાનું કહેતા. તેઓ મને કહેતા કે સમય આવશે ત્યારે તું પાછી - પાની કરતો નહિ. અત્યારે હજી સમય આવ્યો નથી.

ખોંભડી પાટીદાર યુવક મંડળ ની ૨૦૦૬ માં ખોંભડી ખાતે સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની ઈ.સ. ૨૦૦૪ માં બેંગલોર ખાતે ની મીટીંગ પછી મારી અને બાબુભાઈ વાલજી ભગતની તે મીટીંગના આયોજનની કામગીરી જોઈને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે ખોંભડીનું જે યુવક મંડળ હતું તેને રાષ્ટ્રીય લેવલે ઓપ આપીને ભારત ભરમાં ઠેર ઠેર વસતા ખોંભડીના સનાતની પાટીદાર યુવકોને એક નેજા હેઠળ લઈ આવીને ૨૦૦૬ માં સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાની જવાબદારી અમારા ઉપર (મારા અને બાબુ ભાઈ ભગત ઉપર) નાખવામાં આવી. તે આયોજનના પ્રમુખ તરીકે શ્રી બાબુભાઈ વાલજી ભગત અને મહામંત્રી તરીકે મારી વરણી કરવામાં આવી. તે સમયે મારા મનમાં થયું કે આ આયોજનના મહામંત્રી તરીકેની જો જવાબદારી મારા શિર ઉપર આવતી હોય તો મારે કેવળ ચીલા-ચાલુ જવાબદારી લેવી નથી. મારે ખોંભડી ગામના દરેક યુવાનને ખોંભડી ગામનો સાચો ઈતિહાસ અને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજનો સાચો ઈતિહાસ જણાવવો જોઈએ આવું મેં મનો મન નક્કી કર્યું. ખોંભડી ગામના યુવા વર્ગને સનાતન સમાજનો સાચો ઈતિહાસ બતાવીને યુવાનો પાસેથી નીચે જણાવેલ પ્રશ્નોના જવાબ માગવા જોઈએ એમમને થતું.

૧. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ક્યારે અને કઈ રીતે અસ્તિત્વ માં આવી?
૨. કયા કયા સંદર્ભો ને લઈ ને તે અસ્તિત્વ માં આવી ?
૩. ખોંભડી ગામમાં પીરાણા સતપંથને માનતા કડવા પાટીદારોની વરસો જૂની સતપંથ સમાજ તો હતી જ, તો પછી આ અલગ સનાતન સમાજ બનાવવા ની જરૂરત શા માટે પડી?
૪. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ શા માટે ઉભી કરવામાં આવી હતી?
૫. તેની સ્થાપના વખતેના કયા કયા વડીલો હતા કે જેમણે ખોભડીની સતપંથ સમાજના વિરુદ્ધમાં આ સનાતની સમાજ ઉભી કરી હતી? અને તેના પ્રથમપ્રમુખ અને મહામંત્રી કોણ હતા?
૬. આ સમાજ ઉભી કરવા પાછળના શા શા હેતુઓ હતા?
૭. તે સમાજના સ્થાપના વખતેના મૂળભૂત ઉદ્દેશો કયા હતા? અને શું તે ઉદ્દેશોનું આજે ખરા અર્થમાં પાલન થઇ રહ્યું હતું? નોહતું થઇ રહ્યું તો એવા કયા પરિબળો કામકરી રહ્યા હતા. તેનો અભ્યાસ યુવા વર્ગે અને બીજા તમામસનાતની ભાઈઓએ અવશ્ય કરવો જોઈએ. જેથી સનાતન સમાજની સ્થાપના વખતેના હેતુઓનું જતન થઈને તેની ગરિમા જળવાઈ રહે.

આ બધા પ્રશ્નોના જવાબથી મારા યુવાનો વાકેફ થાય તે હેતુથી તે વખતે મેં એક નાની પત્રિકા છપાવી હતી. આ પત્રિકામાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજનો ટૂંકો ઈતિહાસ તેમજ પીરાણા સતપંથ બાબતે આપણી જ્ઞાતિના આધ સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી દ્વારા લિખિત પુસ્તક ''પીરાણા પોલ'' માં થી અમુક સંદર્ભો અને અવતરણો મેં ટાંક્યા હતા. તે કામકરવા પાછળનો મારો આશય કોઈની લાગણી દુભાય એટલા માટેનો નોહ્તો પણ મારા ખોંભડી ગામના યુવાનોને ઈતિહાસ બતાવવાનો મુખ્ય હેતુ હતો.


૨૦૦૫ માં જ્ઞાતિના આધ સુધારક શ્રી નારાયણજી રામજી લીબાણી ની જન્મજયંતી ને ૧૨૫ વરસ પુરાં થતાં હોવાથી વિરાણીમાં તેની ઉજવણી

તેજ અરસામાં એટલે કે ઈ.સ. ૨૦૦૫ માં આધ સુધારક નારાયણજી રામજી લીબાણીની જન્મજયંતી ને ૧૨૫ વરસ પુરા થતાં હોવાથી વિરાણી ગામે નારાયણજી બાપાએ લિખિત પુસ્તક ''પીરાણાની પોલ'' ફરી પાછું છપાવવાનો નિર્ધાર કર્યો હતો. અને તે પ્રમાણે તે દળદાર પુસ્તકની ૫૦૦ પ્રતો જેમ છે તેમ (REPRINT) છપાવી હતી. આ દળદાર પુસ્તક મારા હાથે લાગ્યું હતું અને તેનું મેં વાંચન કર્યું હતું અને તેનાથી હું ખુબજ પ્રભાવિત થયો હતો. તેનો ઊંડાણથી અભ્યાસ કર્યા પછી વિષયને સંબંધિત અમુક અવતરણો મેં તે પત્રિકામાં ટાંક્યાં હતાં. આ પત્રિકા મેં ખોંભડી ગામના દરેક યુવાનને ટપાલ મારફત મોકલાવી હતી. પણ આ પત્રિકાને લઈને મારા કાર્યની સરાહના કરવાને બદલે ખોંભડી ગામમાં મારી રીતસરની ઉપેક્ષા કરવામાં આવી. તે મારા કાર્ય માટે જાણે મેં કોઈક મોટો ગુન્હો કર્યો હોય એમખોંભડી ગામમાં મીટીંગો ભરવામાં આવી અને તે મીટીંગોમાં મને રીતસરનો ઠપકો આપવામાં આવ્યો. મને નીચુ જોવાડાવવાના તમામપ્રયત્નો કરવામાં આવ્યા. અમુક હોદ્દેદારોએ તો મને એમપણ કહ્યું કે ''શું તું તારી જાત ને મહા પંડિત કહેડાવવા માંગે છે? સમાજમાં શાંતિ છે તે તું તે શાંતિનો ભંગ કરવા માંગે છે?'' આવાં આવાં નિવેદનો કરવામાં આવ્યાં. આવાં નિવેદનો કરવા પાછળ સમાજના તે વખતના હોદ્દેદારોનો શું હેતુ હતો? તે આજ દિવસ સુધી હું કળી શક્યો નથી. શું તેઓ દુધ-દહી માં પગ રાખવા વાળા હતા કે પછી મારા કાર્ય ઉપર તેઓને રીતસરની ઈર્ષ્યા થતી હતી તે ભગવાન જાણે. પણ મારા મનમાં એક વાત દઢ હતી કે શ્રી ખોંભડી પાટીદાર સનાતની સમાજમાં જે સતપંથીઓ ને સાથે રાખીને કુલડીમાં ગોળ ભાંગવાનું તે વખતે ચાલતું હતું તેને બંધ કરાવવું અત્યંત જરૂરી હતું જેથી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સ્થાપના ના મૂળભૂત ઉદ્દેશોનું અને હેતુઓનું જતન થઇ શકે. બિલકુલ તેવી જ પરિસ્થિતિ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની (કેન્દ્રીય સમાજની) હતી. તેની ચર્ચા આપણે હવે પછીના પ્રકરણ માં કરશું.

મારા ઉપર, મારા પિતા ઉપર અને મારા ૯૫ વરસ ની ઉમરના દાદા ઉપર સતપંથીઓ દ્વારા કરવામાં આવેલા તદ્દન ખોટા કોર્ટ કેશો

જયારે જયારે સતપંથ ઉપર કોઈ ટીકાઓ અથવા તો કોઈ તેમને ખરાબ લાગતી ટીપ્પણીઓ કરે છે ત્યારે સતપંથના ભાઈઓ તેમનું હાથ વગું, જુનું અને જાણીતું શસ્ત્ર તેઓ સામે વાળા ઉપર ઉગામે છે. તે શસ્ત્ર એટલે કોર્ટમાં ખોટો મુકદ્દમો ઠોકી દેવાનો અને પોલીસ ખાતામાં ખોટી ફરિયાદો કરવાનો. જ્ઞાતિમાં સતપંથ સમાજ બહુમતીમાં હતો ત્યારે તેમની પાસે હાથ વગુ એક શસ્ત્ર હતું તે શસ્ત્ર એટલે સતપંથ વિરુધ્ધ બંડ પોકારતા જ્ઞાતિજનોને ''નાત બહાર કરવાનું શસ્ત્ર'' જે કોઈ વ્યક્તિ સતપંથ વિરુદ્ધ અવાજ ઉઠાવે એટલે પહેલાં તો તેને નાત બહાર કરી નાખવામાં આવતો. તેના પરિવારની વ્યક્તિઓના સગપણ સાંતરાં તોડી નાખીને અનેક પ્રકારની સામાજિક યાતનાઓ આપવામાં આવતી. પણ અત્યારે સતપંથીઓ જ્ઞાતિમાં લઘુમતીમાં હોવાથી સતપંથ વિરુધ્ધ અવાજ ઉઠાવવા વાળા લોકો ઉપર તેઓ તદ્દન ખોટા કોર્ટ કેશો કરીને સતપંથ વિરૂદ્ધ અવાજ ઉઠાવવા વાળાને હેરાન પરેશાન કરી મુકે છે. મેં પહેલા ઉપર જણાવ્યું કે મેં જે પત્રિકા ખોંભડી ગામના યુવકોને સંબોધીને છપાવી હતી તેને પીરાણાને અને સતપંથના લોકોને શું સંબંધ હોઈ શકે ભાઈ? તે છપાવેલ પત્રિકા મારા જ ગામના, મારી જ સનાતની સમાજના અમુક વિઘ્ન સંતોષીઓ તે પત્રિકા લઈને પીરાણા પહોંચી ગયા અને મને પાઠ ભણાવવા માટે થઈને મારા વિરુધ્ધ એક ષડયંત્ર ઘડવામાં આવ્યું. તે ષડયંત્ર એટલે કે જાણે મેં તે પત્રિકાને પોસ્ટ મારફતે પીરાણા મોકલાવીને પીરાણા સતપંથને મેં બદનામકરેલ છે (પણ ખરું પૂછો તો આવું કૃત્ય મેં કંઈ કર્યું જ નોહતું) અને બીજી વાત એ કે હું, મારા પિતા શ્રી માવજીભાઈ રતનશી વાગડિયા અને મારા દાદા શ્રી રતનશી નારાયણ વાગડિયા એમત્રણે જણા મળીને તા. ૨૫.૧૨.૨૦૦૫ ના પીરાણા પહોંચી ને એક શખ્શ નામે મણીલાલ કાનજી છાભૈયાની સાથે મારપીટ કરી અને ત્યાર પછી ત્યાંના સતપંથના ઘણા બધા ભાઈઓ ભેગા થવાથી અમે ત્રણે જણા (હું, મારા બાપુજી અને મારા દાદા) મારુતિ કારમાં ત્યાંથી (પીરાણા થી) નાશી ગયા એવો તદ્દન ખોટો અને

વાહિયાત કેશ તા.૨૮.૧૨.૨૦૦૫ ના અમદાવાદ કોર્ટ માં દાખલ કરવામાં આવ્યો હતો. તેના અનુસંધાને બેંગલોર મધ્યે મારા ભત્રીજા અશ્વિન મોહનલાલ વાગડિયાના લગ્ન નિમિતે તા.૨૨.૦૧.૨૦૦૬ ના મામેરા નો પ્રસંગ ચાલી રહ્યો હતો તે વખતે ગુજરાત દસક્રોઈ થી બે પોલીસ અને તેની સાથે બે બેંગલોરના સ્થાનિક પોલીસો ને લઈને મારી ધરપકડ કરવા અમારા ઘરે આવ્યા હતા. અમારા ત્રણે જણાની (દાદા, પિતા અને પુત્રની) ધરપકડ કરવા માટે ધરપકડ વારંટ લઈને આવ્યા હતા. મારા ઘરના બીજા માળ ઉપર ઠીક મામેરા નો પ્રસંગ ચાલી રહ્યો હતો બસ તે જ સમયે પૂર્વ નિર્ધારિત ષડયંત્ર પ્રમાણે, પહેલેથી સમય નક્કી કર્યા પ્રમાણે મારી ધરપકડ કરવાની પૈરવી ચાલુ હતી. આ મામેરાના પ્રસંગ વખતે મામેરું કોટડા વાળા વેલુભાઈ સલાટ (અરવિંદભાઈ કરસન લીબાણી) પરિવાર લઈ આવેલ હતા. અને મુંબઈ થી હિંમતભાઈ રતનશી ખેતાણી પણ તે પ્રસંગે ત્યાં હાજર હતા. ગુજરાતથી આવેલ પોલીસોને જેમતેમકરીને સમજાવ્યા કે અત્યારે ઘરે લગન પ્રસંગ છે અને તે પ્રસંગ પૂરો થયા પછી અમે જાતે અમદાવાદ આવીને કોર્ટ સમક્ષ રજુ થશું એમસમજાવીને પોલીસને ત્યાંથી પાછા વાળ્યા. કેન્દ્રીય સમાજના તે વખતના એક હોદેદાર શ્રી મનસુખભાઈ રૂડાણી કે જેઓ અમદાવાદમાં રહેતા હોવાથી વેલુભાઈએ (અરવિંદ ભાઈ કરસન લીબાણીએ) બેંગલોર થી જ મનસુખ ભાઈને ફોન કરીને હકીકત જણાવી હતી અને તેઓએ તાબડ તોબ શ્રી ધન્વીન પુજ નામના એક વકીલને રોકીને ગુજરાત હાઈ કોર્ટમાં તે સતપંથીઓની ખોટી ફરયાદ વિરુધ્ધ એક પીટીસન નાખીને મને મદદરૂપ થયા હતા. પીરાણાના સતપંથી ભાઈ મણીલાલ કાનજી છાભૈયા દ્વારા તદ્દન ખોટો કોર્ટ કેશ થયા બદલ તે વખતે મને ઘણું બધું દુખ તો થયું પણ કોને ખબર હતી કે નિયતિ તે ખોટો કેસ સતપંથના ભાઈઓના હાથે કરાવીને પાછળ થી સનાતની ચળવળ માટે સન ૨૦૧૦માં એક વરદાન રૂપ પુરવાર થવા માગતી હતી.



અમદાવાદ (રૂરલ)ના મહે. એડી સીનીયર સીવીલ જજ જુ.ડી.
સાહેબની ફ.ક.મજીસ્ટ્રેટ ની કોર્ટમાં, નવરંગપુરા
ક્રિ.કે.નં. /૨૦૦૫.
૯૩૩૦/૦૫

ફરીયાદી :- મણીભાઈ કાનજીભાઈ પટેલ (છાભૈયા)
ઉ.વ.પુખ્તના, ધંધો-ખેતી
રહે. પાલડી કાંકજ લાટ, મું.પીરાણા,
તા.દસ્ક્રોઈ, જી.અમદાવાદ.

વિરુધ્ધ

આરોપીઓ :- ૧. રમેશભાઈ માવજીભાઈ વાગડીયા
ઉ.વ.પુખ્તના, ધંધો-વેપાર
૨. માવજીભાઈ રત્નાભાઈ વાગડીયા
ઉ.વ.પુખ્તના, ધંધો-વેપાર
૩. રતનશીભાઈ નારણભાઈ વાગડીયા
આરોપીઓ ૧ થી ૩ તમામ રહેવાસી
ઠે. પુનમ ટીમ્બર, નયન ધ હલ્લી,
મૈસુર રોડ, બેંગલોર ૫૬૦૦૩૯.

બાબત:-ઈ.પી.કો.કલમ-૨૯૫, ૨૯૫(ક), ૨૯૮, ૫૦૧(બી), ૫૦૫, ૫૦૬, ૫૦૬(બી), ૪૯૯ તથા ૧૧૪ મુજબની ફરીયાદ અરજી.

આ કામના અમો ફરીયાદી ના.કોર્ટને આ ફરીયાદ અરજીની હકીકત એવી છે કે :-

ઈસ્લામખતરામાં ક્યારે આવી જાય છે તેની ખબર આપણને પડતી નથી

એક વાત તો તદ્દન નિશ્ચિત છે કે જ્યારે જ્યારે સતપંથ સમાજ અથવા તો સતપંથના કોઈ પણ ભાઈ ઉપર અથવા તો સતપંથ મત (સતપંથ વિચાર ધારા) ઉપર ખતરો ઉભો થાય છે (બીજા શબ્દોમાં કહીએ કે જ્યારે ઈસ્લામખતરામાં આવે છે) ત્યારે ત્યારે એવું જોવા મળ્યું છે કે આ સતપંથના ભાઈઓ પાસે તેમના હાથ વગું એક જ શસ્ત્ર હોય છે. અને તે શસ્ત્ર એટલે સામેની વ્યક્તિ ઉપર ખોટા કોર્ટ કેસો ઠોકી દેવાના. એટલે તે વ્યક્તિ હાલતો થઈ જાય, કોર્ટના ચક્કર લગાવતો થઈ જાય. અને બીજી વાર સતપંથ વિરુદ્ધમાં કંઈજ બોલે નહી. આને સતપંથની ચાલ કહો કે પધ્ધતિ પણ તે તેમની માટે ઘણીજ કારગર નીવડતી હોય છે. મારા જેવા તો સમગ્ર કચ્છ લેવલે અને કચ્છ બહાર ઘણા બધા દાખલાઓ મોજુદ છે. મને દુખ એ વાત નું થતું હોય છે કે સતપંથના ભાઈઓ દ્વારા આવા તદ્દન ખોટા કાનૂની કોર્ટ થી મુકદમાઓ (કાનૂની કેસો) કરતી વખતે તેના હાથાઓ આપણા જ સનાતની ભાઈઓ થતા હોય છે. મારા પોતાના કેસ માં પણ ખોંભડીના જ અમુક પાટીદાર ભાઈઓ ભલે પ્રત્યક્ષ રૂપે નહિ તો પણ પરોક્ષ રીતે મારી સામે કોર્ટ કેશ કરવામાં સામેલ તો હતા જ. તેઓના મતે એમહતું કે જો રમેશ માવજી વાગડિયા ઉપર (એટલે કે મારા ઉપર) કેશ થાય તો તે પાંસરો થાય. પણ છેવટે જીત તો સત્ય ની જ થતી હોય છે. હા, સત્યનો સહારો લેનારને અનેક તકલીફોનો સામનો જરૂર કરવો પડતો હોય છે. પણ આખરે તે વિજયી નીવડે છે તેમાં શંકાને સ્થાન નથી.

કેન્દ્રીય સમાજ ને અને શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામને લખેલ પત્ર

અમારા પરિવાર ઉપર સતપંથના ભાઈ શ્રી મણીલાલ કાનજી છાભૈયા દ્વારા જે તદ્દન ખોટો કોર્ટ કેશ કરવામાં આવ્યો હતો તે મણીલાલ તો માત્ર એક મોહરું જ હતું. તેની પાછળ કોઈ સતપંથની સંસ્થા નો જ હાથ હતો. અને હંમેશા તેવા મોહરા ની પાછળ સતપંથની સંસ્થાઓનો પૂરેપૂરો સપોર્ટ (ટેકો) હોય જ છે. ત્યારે સનાતાનીઓને તો એકલે હાથે જ સતપંથ વિરુદ્ધ લડવાનું હોય છે. તેને સનાતની સંસ્થાઓ કોઈ રીતે મદદરૂપ થતી નથી. હું જ્યારથી જનમ્યો અને જાણ થયો ત્યારથી મારા મનમાં એક વાત દઢ થયેલ હતી કે મારી એટલે કે સનાતની ભાઈઓની માતૃ સંસ્થા એટલે આપણી કેન્દ્રીય સમાજ છે અને તે કેન્દ્રીય સમાજ એટલે સનાતાનીઓએ બનાવેલી, ફક્ત અને ફક્ત સનાતાનીઓના હિતોની રક્ષા કરવા માટે બનાવેલી સનાતનીઓની સમાજ. એવા સનાતની ભાઈઓ કે જેને જ્ઞાતિ માટે કલંકરૂપ પીરાણા સતપંથનો સદાયને માટે ત્યાગ કરીને પુનઃ તેના મૂળ ધર્મ સનાતન વૈદિક હિંદુ ધર્મ અપનાવેલ હતો. એવા લોકોના હિતોની રક્ષા માટે બનાવવામાં આવેલ સમાજ એટલે કેન્દ્રીય સમાજ. અને તે સમાજ મારી માઈ-બાપ છે એમમારું દઢ પણે માનવું હતું. તેથીજ તો મેં વિચાર્યું કે મારે કેન્દ્રીય સમાજને અને શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજને (સંસ્કાર ધામને) આની જાણ જરૂર કરવી જોઈએ. અને મેં બે પત્રો લખ્યા. એક કેન્દ્રીય સમાજને ઉદ્દેશી ને અને બીજો સંસ્કારધામને (શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજને) ઉદ્દેશીને. આ પત્રમાં મેં જુદા જુદા લોકોની સહીઓ લીધી કે જેથી આવતી કાલે સમાજમાં વાત ચર્ચાય તો એટલા લોકોનો તો મને સપોર્ટ મળે. આ પત્રો લઈને હું મુંબઈથી સુરત આવ્યો અને સુરતથી તે વખતે દામોદરભાઈ કચ્છીની (દામોદર ભીમજી ભાવાણી સતરાવાલા) ની કાર કચ્છ જવાની હતી તેમાં હું અને પુરશોતમભાઈ નાનજી સેંઘાણી (મુંબઈ વાળા) બેસી ગયા, અમારી સાથે કારમાં દામોદરભાઈ દેવજી ભાવાણી, હરિભાઈ માકાણી અને રાજુભાઈ નાકરાણી સાયરાવાળા હતા. તે પત્રમાં દામોદરભાઈ એ મારી વિનંતીને માન આપીને પુરષોત્તમભાઈ સાથે સહીઓ કરી. પણ હરિભાઈ માકાણીએ અને સુરતમાં રહેતા સાંયરાના રાજુભાઈએ સહી કરી નહિ. તેમને તે વખતે કદાચ દહેશત હશે કે ધાર્મિક લડાઈની પળોજણમાં અમારે શા માટે પડવું? રમેશ વાગડીયો પોતે તેની મેળે લડી લેશે.

॥ શ્રી લક્ષ્મીનારાયણાય નમ: ॥

રમેશભાઇ માવજી વાગડીયા
શ્રી માવજી રતનશી વાગડીયા
શ્રી રતનશી નારણ વાગડીયા
૩૫૦.૧ નાયન્દહલ્લી.
મૈસુર રોડ. બેન્ગલોર ૫૬૦ ૦૩૯

૧.૦૬.૨૦૦૬

પ્રમુખ શ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા ૩૭૦૬૧૫.
ફોન ૦૨૮૩૫ ૨૨૧૦૪૯
ફેક્ષ ૦૨૮૩૫ ૨૨૨૧૪૯

શ્રીમાન પ્રમુખ સાહેબ.

વિષયઃ પિરાણા જગ્યાં ખાના વાળાએ અમારા પર ખોટી રીતે અમદાવાદ કોર્ટ માં દર્જ કરેલો ક્રિમીનલ કેશ બાબત. કેશ નં.૯૩૩૦.૦૫

બેન્ગલોર થી લી. વડીલ શ્રી રતનશી નારણ વાગડીયા ઉ.વ.૯૯
વડીલ શ્રી માવજી રતનશી વાગડીયા ઉ.વ.૭૩
તેમજ રમેશભાઇ માવજી વાગડીયા ઉ.વ.૪૮ ના જય લક્ષ્મીનારાયણ વાંચશોજી

વિશેષ માં જણાવવાનું કે પિરાણા સતપંથ ટ્રસ્ટ ના એક ટ્રસ્ટી એવા ભાઇ શ્રી **મણીભાઇ કાનજી પટેલ છાભૈયાએ** અમારા ઉપર તદ્દન ખોટો ઉપજાવી કાઢેલો ફકત અમોને માનસીક તેમજ આર્થિક રીતે હેરાન કરવાના માત્ર હેતુ થી **ક્રિમીનલ કેશ** કરેલ છે.

અમો ત્રણે દાદા,પુત્ર અને પૌત્ર હાલે બેન્ગલોર રહીએ છીએ. અમારું મુળ વતન ખોંભડી છે. અમો બેન્ગલોર પાટીદાર પરિવાર સમાજ ના તેમજ દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજ ના સભ્ય છીએ.તેવીજ રીતે કચ્છ માં ખોંભડી પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ ના સભ્ય છીએ.

ઉપરોકત વિષય પર અમોને આપ નામદાર સમાજ ને જણાવતાં દુઃખ થાય છે કે આપણી જ જ્ઞાતિ નો એક માણસ જેને અમો બીલકુલ ઓળખતા નથી નામે પટેલ મણીભાઇ કાનજી છાભૈયા. જે પોતાને પિરાણા ખાના પંથી

...૨

ઓળખાવે છે તેને અમારા જ કુટુંબના ત્રણ સભ્યો પર માનસીક અને આર્થિક રીતે હેરાન કરવા માત્ર હેતુ થી અમદાવાદ રુરલ કોર્ટ માં એક ક્રિમીનલ કેશ ઇન્ડીયન પીનલ કોડ કલમ નં. ૪૯૫ ૪૯૫ ક ૪૯૮ ૫૦૧ભી ૫૦૫ ૫૦૬ ૫૦૬ભી ૪૯૯ તથા ૧૧૪ માંહે કરેલો છે. જેમાં પોતે પોતાને ફરીયાદી લેખાવે છે અને અમોને આરોપી ગણાવે છે.

ફરીયાદીઃ મણીભાઇ કાનજી પટેલ છાભૈયા. રહેઠાણઃ પાલડી કાંકજ લાટ મુકામઃપિરાણા. તાલુકોઃ દસક્રોઇ. જીલ્લોઃ અમદાવાદ

આરોપીઓઃ
૧. રમેશભાઇ માવજીભાઇ વાગડીયા ઉ.વ.૪૮
૨. માવજીભાઇ રત્નાભાઇ વાગડીયા ઉ.વ.૭૩
૩. રતનશીભાઇ નારણભાઇ વાગડીયા ઉ.વ.૯૯

ઉપરોક્ત કેશ ની ઉપજાવી કાઢેલી વાત નિચે મુજબ છે.

હું. **રમેશભાઇ માવજીભાઇ વાગડીયા. ઉ.વ.૪૮ તથા મારા પિતા માવજીભાઇ રત્નાભાઇ વાગડીયા ઉ.વ.૭૩ તથા મારા દાદા રતનશીભાઇ નારણભાઇ વાગડીયા ઉ.વ.૯૯** તા.૨૫.૧૨.૨૦૦૫ ના બપોરના ૧૧.૦૦ વાગે મારુતિ કાર માં જઇ પિરાણાના ઇમામશા બાવા રોજાના મેઇન ગેટ પાસે ઉભેલા કથિત ભાઇ શ્રી મણીભાઇ કાનજી પટેલ છાભૈયા અને તેના સાગરીતો નામે જયંતિભાઇ કરશનભાઇ ભગત તથા દેવરામભાઇ દેવશીભાઇ પટેલ એમ ત્રણેને ધાક ધમકી આપી મારા મારી કરવા ગયેલા. અમો ત્રણે જણાએ ફરીયાદીઓ ને એમ પણ કહેલું કે તમો પિરાણા ખાનાં વાળા તમામ લુચ્ચા છો અને તમારો ખાનાં વાળો પંથ મુકી અમારા લક્ષ્મીનારાયણ પંથ માં જોડાઇ જાવ નહિં તો તમો પાટીદાર નહિં પણ મુસલમાન ગણાશો અને અમો તમારી સર્વે મીલ્કતો જપ્ત કરી લઇશું. ત્યાર પછી પિરાણા ઇમામશા રોજા દર્શન માટે આવેલા લોકોનું ટોળું ભેગું થતાં ત્રણે જણા મારુતી કારમાં ડરી ને નાસી ગયા. **કેટલું બધું જુઠાણું.**

આવો ઉપજાવી કાઢેલો બની બનાવેલો કેસ લઇ પિરાણા નજીક આવેલા એક પોલીસ સ્ટેશન માં **એફ.આઇ આર** નોંધાવી આ ખોટા એફ.આઇ આર ને આધારે ફરયાદીએ **અમદાવાદ રુરલ કોર્ટ માં** એક ખોટો ક્રિમીનલ કેશ તા. **૨૯.૧૨.૨૦૦૫** ના નેંધાવ્યો. તેનો સમન્સ અમોને જાણી જોઇને **તા.૨૩.૧.૨૦૦૬** ના અમોને માનસિક ત્રાસ આપવા હેતુ જયારે અમારે ઘેર વિવાહ પ્રસંગ હતો તે દિવસેજ મહેમાનો ની હાજરી વચ્ચે ગુજરાતથી ચાહી ચિંધી ને આવેલી પોલીસ મારફત મોકલાવવા માં આવ્યો.

3

કેટલું બધું પ્રિ પ્લાનીંગ. પણ આ જુઠાણામાં તેઓ એ ભુલી ગયા કે **તા. ૨૫.૧૨.૨૦૦૫ ના અમો ત્રણે જણા મૈસુર ટીમ્બર વાળા બાબુભાઇ વાલજી ભગતના ચી. દિપક ના લગ્ન પ્રસંગ માં બેન્ગલોર મુકામે હાજર હતા** તેના પુરાવાઓ મોજુદ છે.

આ બાબતે અમારું સમાજ ને કહેવાનુ એ છે કે.

૧. અમો ત્રણે જણાએ પટેલ મણીભાઇ કાનજી છાભૈયાને જોયોએ નથી અને ઓળખતા પણ નથી.

૨. અમોએ પિરાણે કોઇ જ ટપાલ લખી નથી અને અમારી છેલ્લી ત્રણ પેઢીઓને પિરાણા સાથે કાંઇજ લેવા દેવા નથી.

૩. ફરીયાદીએ અમોને માનસીક અને આર્થીક રીતે હેરાન કરવા હેતુ માત્ર થી ઇરાદાપુર્વક અમારા પર ક્રિમીનલ કેશ દર્જ કરેલ છે.

૪. પિરાણા ખાનાં વાળાએ આવા સેંકડો કેશો કચ્છ માં લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વાળા પર ખોટી રીતે હેરાન કરવા માટે કરેલા છે તેના પુરાવઓ પણ મોજુદ છે.

૫. આપણી કેન્દ્રિય સમાજની સ્થાપના કયા સંદર્ભ માં અને શા હેતુથી અને શા શા સિધ્ધાંતો પર કરવા માં આવી હતી. શું તે સમયના આપણા વડીલોએ જે લોહીનુ પાણી કરીને **કચ્છ કડવા પાટીદાર સમાજ** ની સ્થાપના એટલા માટે કરી હતી કે પિરાણા વાળા આપણા પર આવા ખોટા કેશો કરતા રહે અને આપણે હાથ બાંધી બેસી રહીએ.

૬. એક જ સમાજ માં જ્યાં આપણે સૌ સાથે ઉઠતા બેસતા હોઇએ ત્યાં આવા કેશ કબાલા થાય તે આપણા જેવી શિક્ષીત પ્રજા માટે સારું ન કહેવાય. હા કદાચ ધર્મ જનુની માણસો આવું કૃત્ય કરી શકે.

૭. એક જ કુટુંબ ની ત્રણ પેઢીઓ પર આવી રીતે હેરાન કરવાના હેતુસર અને તે પણ ૯૯ વર્ષ તેમજ ૭૩ વર્ષ ના વડીલો ઉપર ક્રિમીનલ કેશ કરતા હોય તેઓને તો સમાજે ઉઘાડા પાડીને આવા કેશો ન કરવા સમજાવવા જોઇએ.

૪

૮. આ ટપાલ લખવાનો અમારો હેતુ માત્ર એજ છે કે સમાજ માં ખબર પડે કે પિરાણા વાળા સતપંથીઓ કેટલી હદ સુદી માણસો ને હેરાન કરવા જઇ શકે છે. અને આપણી કેન્દ્રિય સમાજ જ્યારે ભેગી થતી હોય ત્યારે આવી બાબતો પર વિચાર કરી સમાજ માં થતી રહેલી ગેર રીતીઓ ને સમજી ને સમય સમય પર સમાજ ની ભલાઇ મટે યોગ્ય નિર્ણયો લઇ શકે.

૯. આપણી કેન્દ્રિય સમાજ ની નાગપુર મધ્યે તા.૫.૦૩.૨૦૦૬ ના મળી ગયેલ કારોબારી સભામાં સમાજ ને **શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજ** વતી આ બાબતો થી વાકેફ કરેલ હતા પણ હજી સુધી આપ નામદાર સમાજે આ બાબતે કાંઇજ નકકર પગલાં લીધાં નથી એટલે અમો ફરી પાછા આ ટપાલ લખી આપ શ્રી ને વાકેફ કરી રહ્યા છીએ.

તો આ સમાજ ને અમારી નમ્ર વિનંતી છે કે આ અમારી ટપાલનુ સમાજ ની કારોબારી સભા માં તેમજ સામાન્ય સભામાં વાંચન કરી આવી ખોટી રીતે લક્ષ્મીનારાયણ સનાતાન ધર્મ માં શ્રધ્ધા રાખનાર ભાઇઓ ને હેરાન કરનાર પરિબળો ને ઉઘાડા પાડવા જોઇએ. આશા છે કે આપ નામદાર સમાજ આમાં ઘટતું કરશો.

એજ બેન્ગલોર થી લી. ઉપરોક્ત ભાઇઓ વતી રમેશભાઇ માવજીભાઇ વાગડીયા ના જય લક્ષ્મીનારાયણ વાંચશો.

દઃ પોતે

નામદાર કેન્દ્રિય સમાજ ને નમ્ર વિનંતી

ઉપરોક્ત બાબત માં અમો નિચે સહિ કરેલ ભાઇઓ કેન્દ્રિય સમાજ ને પુછીએ છીએ કે આપણી કેન્દ્રિય સમાજ પિરાણા સતપંથ બાબત ના કેશો માં શામાટે કુણું વલણ અપનાવે છે. અને સાચાને સાચું શા માટે નથી કહી શકતા. કેન્દ્રિય સમાજ ને અમારી નમ્ર વિનંતી છે કે આવી બાબતો માં થોડી શખ્તાઇ બતાવી ને અવાર નવાર કેશ કબાલા કરતા પિરાણા સતપંથી ભાઇઓને ઉઘાડા પાડે.

૧. KESHULAL.K.PATEL

૨. SHIVGAN...PATEL

YESHWANT H. K. PATEL

૩. [illegible] BABULAL V PATEL

૪. [illegible] PURUSHOTTAM M. PATEL

૫. RKPatel RAMESH K PATEL

૬. [illegible] DHAMJI [illegible] PATEL

૭. [illegible] MANILAL H PATEL

૮. [illegible] CHANDULAL H PATEL

૯. [illegible] GANGADAS L PATEL

૧૦. B.Patel BHAILAL BHAI PATEL

૧૧. [illegible] BHAVAN K. PATEL

૧૨. [illegible] VASHANTH MAVJI PATEL

૧૩. [illegible] MULJI NARAN PATEL

૧૪. [illegible] KISHORE S. PATEL

૧૫. [illegible] Surendra Kumar M. PATEL

૧૬. [illegible] [illegible]

Shri Krishna Timber Depot,

૧૭. [illegible] Mulji S. Patel.

૧૮. [illegible] MANSUKH. P. Patel

૧૯. M.P. Patel Jayanthilal G. Patel.

૨૦. [illegible] Ramesh N Patel

૨૧. KnPatel PACHAN PUNJA PATEL


૨૨. [illegible] Manilal D. Patel

૨૩. [illegible]

આ પત્રમાં અમુક માણસોની સહીઓ મેં કરાવેલી અને મને થયું કે અત્યારે મારી સાથે મુસાફરી કરી રહેલા ભાઈઓની પણ સહીઓ કરાવું તો કેમ? અને તેને લઈને મેં સર્વે ભાઈઓને જણાવ્યું ત્યારે દામોદર ભાઈએ અને પુરષોત્તમભાઈએ બે ધડક પોતાની સહીઓ કરી આપી. પણ સુરત વાળા હરિભાઈ માકાણીએ સહી કરવાની ના પાડી દીધી. શું કામના પાડી હશે તેની મને આજ દિવસ સુધી જાણ નથી અને તે જાણવાનો મેં પ્રયાસ પણ નથી કર્યો. અમુક માણસોને એમથતું હોય છે કે શામાટે નાહક ની પળોજણમાં પડવું ? આમાંના એક ભાઈ કદાચ હરિભાઈ માકાણી પણ હોઈ શકે. તેમને જોઈને રાજુભાઈ સાયરા વાળાએ પણ સહી કરી નહી. બે જણાએ સહીઓ ન કરવાથી મને કંઈ જ ફરક નોતો પડ્યો. પત્ર તો કેન્દ્રીય સમાજને અને શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજને આપવાનો હતો અને મેં આપ્યો.

કેન્દ્રીય સમાજ અને શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ તરફથી આવેલ એક સરખો જવાબી પત્ર

જ્યારે મેં આ બંને સંસ્થાઓને પત્ર આપેલ ત્યારે કેન્દ્રીય સમાજના પ્રમુખ હતા શ્રી વાલજીભાઈ શિવજી વાડિયા અને શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજના પ્રમુખ હતા શ્રી જેઠાલાલ લાલજી ચોપડા. અને બંને સંસ્થાના મહામંત્રી તરીકે સેવા આપતી એક જ વ્યક્તિ હતી અને તે વ્યક્તિ હતી. મોરબી સ્થિત સાંયરાના ભાઈ શ્રી વાલજી ભાઈ નાકરાણી. તેથી સ્વાભાવિક છે કે બંને સંસ્થાના જવાબી પત્ર એક સમાન લાઈન પર હતા. જવાબી પત્રો ની નકલ નીચે જોઈ શકાય છે.


॥ શ્રી ઉમિયાય નમઃ ॥ ☎ (02835) (O.) 222149 (FAX) 221049

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ


(Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

:: મુખ્ય કાર્યાલય :: પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦ ૬૧૫

:: Head Office :: Patidar Vidhyarthi Bhavan Nakhatrana - Kutch. Pin : 370 615

પત્ર ક્રમાંક : ૧૨૯૪


॥ શ્રી ઉમિયાય નમઃ ॥ ☎ (02835) (O.) 222149 (FAX) 221049

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ

(Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

:: મુખ્ય કાર્યાલય :: પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા - કચ્છ. પીન : ૩૭૦ ૬૧૫

Head Office Patidar Vidhyarthi Bhavan Nakhatrana - Kutch. Pin 370 615

પત્ર ક્રમાંક : ૧૨૯૪

(વાલજીભાઈ કેસરા નાકરાણી)
મહામંત્રી
શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ

તેમનો જવાબી પ્રત્યુતર એ હતો કે **"આ સમાજમાં કોઈ પણ માણસ કોઈ પણ ધર્મ પાળતો હોય તો તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહિ"**. જુઓ તો ખરા જે સમાજ નું નિર્માણ પીરાણા સતપંથ મત ને સદાયને માટે તિલાંજલી આપીને સનાતન હિંદુ ધર્મ ને પુનઃ અંગીકાર કરી ચુકેલા માણસોએ ફક્ત અને ફક્ત સનાતાનીઓના હિતોની રક્ષા કરવા માટે ઉભી કરવામાં આવેલી. તે સમાજ નો આજ નો હોદ્દેદાર એમ કહેતો હોય કે આ સમાજમાં પીરાણા સતપંથ ધર્મ પાળવા વાળો પણ સભ્ય બની શકે અને ખ્રિસ્તી ધર્મકે મુસ્લિમધર્મ પાળતો હોય તે પણ સભ્ય બની શકે. સમાજના તે વખતના ધુરીણો, એ વાત ને સાવ જ ભૂલી ગયા હતા કે આ સમાજમાં પીરાણા સતપંથ ધર્મ પાળવા વાળાને લઈ જ શકાય નહિ, પ્રવેશ આપી શકાય જ નહીં. અને તેઓ અન્યોને શિખામણ આપતા હતા કે **આ સમાજમાં (કેન્દ્રીય સમાજમાં) કોઈ પણ માણસ કોઈ પણ ધર્મ પાળતો હોય તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહિ.** આ મહામંત્રીને સમાજના ઈતિહાસની તો ખબર જ નોતી? કેન્દ્રીય સમાજ ની સ્થાપના કોને કરી હતી? સમાજની સ્થાપના ક્યારે અને કેવા સંદર્ભોમાં કયા કયા સુધારક વડીલોએ કરી હતી? અને શા માટે કરી હતી ? તેની તો સમજણ આ હોદ્દેદારોને હતી જ નહિ. જો હોત તો ચોક્કસ કહું છું કે તે મને આવો પ્રત્યુતર ન આપત. તે જવાબ હું ફરી વાર દોહરાવું છું કે જે થી વાચક વર્ગને ફરી ફરીથી જાણ થાય. "આ સમાજમાં કોઈ પણ માણસ કોઈ પણ ધર્મ પાળતો હોય તો તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહિ". આપણા પ્રખર સનાતની વડીલ શ્રી હિંમતભાઈ ખેતાણી તો કેન્દ્રીય સમાજનો આ પત્ર વાંચ્યા પછી પોતાના ભાષણો માં કહેતા કે "આ સમાજમાં કોઈ પણ માણસ કોઈ પણ ધર્મ પાળતો હોય તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહિ એવું આ સમાજના મોવડીઓ લખતા હોય તો મારે એમને પૂછવું છે કે આપણી કેન્દ્રીય સમાજ શું એમના બાપ ની સમાજ છે?" આ લોકોને ખબર નથી કે સમાજ કોને કહેવાય? સમાજની વ્યાખ્યા શું છે? સમાજની ખરી વ્યાખ્યા તો એ છે કે **"સમાજ એટલે એવા વ્યવસ્થિત લોકોનો જન સમૂહ જે એક જ ધર્મ પાળતો હોય, જે એકજ રીતી રીવાજ પાળતો હોય અને જે એક જ આચાર વિચારને વરેલો હોય"**

સમાજ એને જ કહેવાય જ્યાં નીચે ની ત્રણે શરતો પળાતી હોય

શરત નંબર ૧. એવા વ્યવસ્થિત લોકોનો જન સમૂહ જે એકજ ધર્મ પાળતો હોય.
શરત નંબર ૨. એવા વ્યવસ્થિત લોકોનો જન સમૂહ જે એક જ રીતી રીવાજ ને અનુસરતો હોય.
શરત નંબર ૩. એવા લોકોનો જન સમૂહ જે એક સમાન આચાર વિચારને વરેલો હોય.

ઉપરોક્ત ત્રણે શરતો જ્યાં પળાતી હોય તો જ તેને સમાજ કહેવાય. ત્રણે માં થી કોઈ એક શરતનું પણ પાલન જ્યાં ન થતું હોય તો તેને સમાજ ન કહેવાય. અત્યારે મારી વાચક વર્ગ ને એક પ્રશ્ન છે કે સમાજના સ્વર્ણિમમહોત્સવ પહેલાં કહો કે સમાજની સનાતન સતપંથ બાબતે ચોથી ક્રાંતિ પહેલાં સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં શું એક જ સનાતન હિંદુ ધર્મ પળાતો હતો? શું સમાજ એક જ અચાર વિચારને વરેલો હતો ? શું સમાજ એક જ રીતિરિવાજ ને અનુસરતો હતો? આ પ્રશ્ન તમોને પોતે પોતાની જાતને કરવાનો છે. કેન્દ્રીય સમાજના તે વખતના મોવડીઓ શા માટે સતપંથના ભાઈઓની પીઠ થાબડતા હતા? આ સનાતની ઓળખ ધરાવતી સમાજમાં શામાટે તેઓની સાથે (સતપંથના ભાઈઓ સાથે) સમાધાનો કરવામાં આવતા હતા? સમાધાનો પણ કેવાં? એક તરફી સમાધાનો. સનાતનીઓના ભોગે સતપંથ તરફી સમાધાનો. આવું શામાટે થતું હતું? સમાજના મોવડીઓની શું મજબુરીઓ હતી? સમાજના મોવડીઓની આટલી બધી લાચારી શા માટે હતી? એક સમાજમાં શું બે ધર્મના લોકો સાથે રહી શકે ? ઇમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા પ્રેરિત સતપંથ ધર્મના લોકોની સાથે સનાતન હિંદુ ધર્મ પાળતા લોકો શું આપણી કેન્દ્રીય સમાજમાં સાથે રહી શકે? એવું જો હોત તો આપણા સુધારક વડીલોએ સતપંથ ધર્મનો અને સતપંથ સમાજનો પરિત્યાગ ન કર્યો હોત અને સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના પણ ન કરી હોત. ૫૦૦ વરસ જૂની સતપંથ સમાજમાં રહીને જ સનાતન ધર્મ પાળ્યો હોત. નવી સનાતન સમાજ (કેન્દ્રીય સમાજ) ઉભી કરવાની નોબત

જ ન પડી હોત. આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મ પાળવા વાળા લોકોને નાત બહાર તો એ જ સતપંથ સમાજે કર્યા હતા. તેનો ઈતિહાસ સાક્ષી છે. તેથી જ તો સનાતની લોકોને પોતાની આઉગી સનાતની સમાજ ઉભી કરવાની ફરજ પડી હતી. સનાતની સમાજ ઉભી કરવાનું બીજું પણ એક કારણ એ હતું કે સુધારક વડીલોને એમપણ લાગતું હતું કે સનાતન ધર્મનો પુનઃ અંગીકાર કરીને સતપંથ સમાજ જોડે જો છેડો નહિ ફાડીએ તો આપણી ઓળખ પણ અન્ય હિંદુ સવર્ણ જ્ઞાતિઓમાં એક મુમના મુસલમાન તરીકેની કાયમરહી જશે. એટલા માટે સનાતની ભાઈઓએ પોતાની અલાયદી એક સનાતન સમાજ ઉભી કરી હતી. એ સમાજ એટલે આજની આપણી કેન્દ્રીય સમાજ. એટલું જ નહી એ કેન્દ્રીય સમાજને અનુસરીને કચ્છના ગામે ગામતે સનાતની વડીલોએ સ્થાનિક ઘટક સનાતન સમાજો ઉભી કરી હતી.

સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજની આડસમાં સતપંથના ભાઈઓ પોતાને હિંદુ તરીકે ખપાવવા લાગ્યા

ભૂતકાળમાં અને આજે આ સતપંથના લોકો પોતાની ઓળખ એક હિંદુ તરીકે ખપાવતા હોય તો પાડ માને સનાતની લોકોએ સ્થાપિત કેન્દ્રીય સમાજની કે જેની આડસ લઈને આ સતપંથી ભાઈઓ પોતાને હિંદુ તરીકે આજે ઓળખાવે છે અને પોતાને હિંદુ તરીકે ખપાવે છે. આ સતપંથના લોકો પોતાને હિંદુ ઓળખાવે છે ખરા પણ તેઓને ઈમામશાહ બાવાને અને એના દ્વારા સ્થાપિત સતપંથ ધર્મને છોડવો નથી. બાવાને મહારાજ તરીકે ખપાવીને પણ તેને પુજવો છે. તેનો ઈતિહાસ ગવાહ છે. પણ આજના સતપંથના ભાઈઓ એ ભૂલી ગયા છે કે ઈમામશાહ ઉર્ફે ઈમામૌદ્દીનના દાદા કબીરુદ્દીન મૂળ ઈરાનથી હિન્દુઓને વટલાવવા માટે થઈને હિન્દુસ્તાનમાં આવેલ હતા. અને તેમના દ્વારા સ્થાપિત સતપંથ ધર્મ મૂળ હિંદુઓને તાકિયા પધ્ધતિથી વટલાવી એવા લોકોમાં ઈસ્લામધર્મ પ્રસ્થાપિત કરવો હતો. બીજા શબ્દોમાં કહીએ તો પાટીદાર હિંદુ લોકોનું ધર્માંતરણ કરવું હતું. એ જ સતપંથ ધર્મ ને અંગીકાર કરીને ગુજરાત-કચ્છના લોહાણા જ્ઞાતિના ભાઈઓ ખોજા થયા તેનો ઈતિહાસ ગવાહ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સુધારક વડીલોના અથાગ પરિશ્રમથી સતપંથ ધર્મમાં થી છુટકારો

આતો આપણી જ્ઞાતિમાં (કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં) સમય સમયાંતરે એવા નરવીર પુરુષો પાક્યા કે જેઓએ જ્ઞાતિને મુમના મુસલમાન થતાં અટકાવી શક્યા. આ આધ સુધારકોએ સમગ્ર જ્ઞાતિને ઈમામશાહના વંસજો (સૈયદો) અને તેના દ્વારા નિમેલ કાકાઓ, મુખીઓ અને ગેઢેરાઓની નાગચૂડમાંથી છોડાવ્યા. નહિ તો આખી જ્ઞાતિ આજે મુમના મુસલમાન ધર્મ અંગીકાર કરી ચુકી હોત. જેમલોહાણા જ્ઞાતિના અમુક લોકોએ એ જ સતપંથ ધર્મ પાળીને આજે ઈસમાઈલી ખોજા તરીકે ઓળખાય છે. આ આધ સુધારક વડીલોમાં મુખ્ય પણે હતા શ્રી કેશરા પરમેશ્વરા, શ્રી નારાયણજી રામજી લીબાણી, શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી ભીમજી કેશરા લીબાણી, શ્રી પરબત લખું પોકાર, શ્રી નથુભાઇ નાનજી કેશરાણી વગેરે. આ સુધારક વડીલોનું આપણી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિ ઉપર એટલું મોટું ઋણ છે કે આપણે સાત જન્મસુધી પણ આ ઋણ ને ઉતારી શકવાના નથી.

વાંઢાય હરિહર સંપ્રદાયના સંત શ્રી ઓધવરામજી મહારાજનું જ્ઞાતિ ઉપર ઋણ

જેટલું મોટું ઋણ આપણી જ્ઞાતિ ઉપર સુધારક વડીલોનું છે એટલુજ મોટું ઋણ આપણા ઉપર વાંઢાયના સંત શ્રી લાલરામજી મહારાજ અને તેના શિષ્ય શ્રી ઓધવરામજી મહારાજનું છે. લાલરામજી મહારાજ નું લોહી તો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું જ હતું પણ તેમના શિષ્ય શ્રી ઓધવરામજી મહારાજ જનમથી એક ભાનુશાળી જ્ઞાતિના હતા. પણ પોતાના ગુરુ લાલરામજી મહારાજના વચનથી તેઓ બંધાયેલા હતા તેથી તેઓશ્રીએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઉદ્ધાર માટે પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું.

પરમપૂજનીય સંત શ્રી ઓધવરામજી મહારાજ ગુરુશ્રી લાલરામજી મહારાજઃ

સંત શ્રી લાલરામજી મહારાજ જ્યારે મરણ પથારીએ હતા ત્યારે કહેવાય છે કે લાલરામજી મહારાજનો દેહ છૂટતો નોહ્તો. ગુરુની પીડા ન પારખી શકે એટલા કાચા તો તેમના શિષ્ય શ્રી ઓધવરામજી મહારાજ પણ નોહતા. તેઓ પણ એક સિદ્ધ પામેલ સંત પુરુષ હતા. ગુરુની પીડા પારખીને સંત શ્રી ઓધવરામજી મહારાજ ગુરુ શ્રી લાલરામજી મહારાજની અંતિમપળોમાં ગુરુને વિનંતી કરી કે ‘‘મહારાજ તમારી અંતિમઈચ્છા દર્શાવો, હું તમારો શિષ્ય છું. તમારી ઈચ્છા હું પૂર્ણ કરીશ એવું વચન તમોને આપું છું’’. ત્યારે સંત શ્રી લાલરામજી મહારાજે કહ્યું કે **‘‘મારા જીવનકાળ દરમ્યાન મારી જ્ઞાતિ જે ધાર્મિક રીતે ભટકાઈ ગઈ છે, ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા પ્રેરિત સતપંથ ધર્મ (ન હિંદુ ન મુસલમાન એવા અર્ધદગ્ધ ધર્મ) માં ભટકાઈ ગઈ છે તેને હું મારા જીવનકાળ દરમ્યાન સુધારી શક્યો નથી. મારી જ્ઞાતિને જ્ઞાતિના મૂળ ધરમસનાતન હિંદુ ધર્મ તરફ વાળી શક્યો નથી. તે જ્ઞાતિને તું સાચા માર્ગે વાળજે એવું મને વચન આપ’’**. શિષ્ય ઓધવરામજી મહારાજે ગુરુના વચનથી બદ્ધ તેમની ત્યાર પછીની પાછલી જીંદગી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતની માર્ગે લાવવામાં ન્યોછાવર કરી નાખી. તેનાં સનાતન રૂપી મીઠા ફળ આપણે આજે ખાઈ રહ્યા છીએ.

સંત શ્રી ઓધવારામજી મહારાજની જ્ઞાતિ સુધારક વડીલ શ્રી રતનશી ભાઈ ખીમજી ખેતાણી સાથે મુલાકાત એક નવો વળાંક

ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૩૫ દરમ્યાન કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતન ધર્મ બાબતે આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણીના વડપણ હેઠળ આર્ય સમાજ સંપ્રદાયની વિચારધારાને લઈને સનાતન ધર્મની બીજી અને ત્રીજી ક્રાંતિની શુરુઆત થઇ ચુકી હતી. મુંબઈમાં અને કરાચીમાં તેમના દ્વારા અનેક ધર્મ જાગૃતિ પરિષદો યોજાઈ ગઈ હતી. વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણીના તેમજ તેમના જમણા હાથ સમાન વિરાણીના જ્ઞાતિ સુધારક વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણીના અથાગ પરિશ્રમથી લોકોને સતપંથની નાગચૂડમાંથી છોડાવીને આર્ય સમાજ પંથ (સનાતન હિંદુ ધર્મનો એક સંપ્રદાય) તરફ વાળવાના પ્રયત્નો શુરુ થઇ ગયા હતા. પણ જ્ઞાતિમાં સનાતન ધર્મ બાબતે આર્ય સમાજ સંપ્રદાય તરફ જેટલી જોઈએ તેટલી સફળતા મળતી નોહતી. તેનું કદાચ જ્ઞાતિના સતપંથ અને સતપંથના ભાઈઓ તરફની હદ બહારની આભડછેટ અને આર્ય સમાજ સંપ્રદાય તરફી ચુસ્ત અને કટ્ટર વલણ (STAUNCH ATTITUDE) મુખ્ય કારણ હશે. એતો સ્વાભાવિક છે કે લોકો ઉપર એક વિચારધારાની કેટલી બધી અસર હોય છે. જ્ઞાતિના લોકોએ પકડેલ સતપંથની વિચારધારા છોડીને સનાતન હિંદુ ધર્મની આર્ય સમાજની ઉંચી વિચારધારામાં તે લોકોને લઈ આવવા સહેલી વાત તો નોતી જ. આવા કપરા સમયમાં વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીનો ભેટો વાંઢાયના સંત શ્રી ઓધવરામજી મહારાજ સાથે થયો. સંત શ્રી ઓધવરામજી મહારાજે વડીલ શ્રી રતનશી ભાઈ ખેતાણીને કહ્યું કે ‘‘તમે જે પંથ (આર્ય સમાજ) પકડ્યો છે તે બરાબર જ છે પણ અત્યારે તમે (સનાતની લોકો) તમારી જ્ઞાતિમાં લઘુમતીમાં છો અને આર્ય સમાજમાં જે તમે બહુજ કડક વલણ અપનાવો છો તેથી તમારી જ્ઞાતિમાં તમે લોકપ્રિય નથી થઇ શકતા અને જોઈતું પરિણામનથી મેળવી શકતા. તમારા કડક વલણના આગ્રહ ને લીધે સતપંથ છોડીને બહુજ ઓછા માણસો તમારી વિચારધારાને અપનાવશે’’ એવું સંત શ્રી ઓધવરામજી નું માનવું હતું. માટે ‘‘હું કહું તેમતમે કરો’’ એવું ઓધવરામજી મહારાજે રતનશીભાઈ ખેતાણીને કહ્યું. ગમે તેમકહો પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજ પણ એક સિદ્ધ પુરુષ હતા. અગમચેતી હતા. તેમણે વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણીને કહ્યું કે **‘‘તમે દશાવતારના મૂળ ભગવાન લક્ષ્મીનારાયણ ને તમારા ઈષ્ટદેવ તરીકે અપનાવો અને તેનું પૂજન કરો. અત્યારે તમારી એટલે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની આર્થિક પરિસ્થિતિ પણ સારી નથી, તે માટે જો તમે લક્ષ્મીનારાયણ ભગવાનના ઉપાસક બની ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને તમે ઈષ્ટદેવ તરીકે પૂજશો તો તમે આર્થિક રીતે સબળ થશો તેવું મારું માનવું છે.’’** આવું તે સંતે સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી ને સમજાવ્યું. **‘‘તે માટે તમોએ ગામે ગામજ્યાં જ્યાં કચ્છ કડવા પાટીદાર ભાઈઓ વસે છે ત્યાં ભગવાન શ્રી**


લક્ષ્મીનારાયણનું મંદિર બનાવો, શ્રધ્ધાનું કેન્દ્ર ઉભું કરો. જેથી જ્ઞાતિના લોકો ક્રમે ક્રમે ઈમામશાહ બાવાવાળું ખાનું મુકીને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તરફ વળશે'' એવું સંત શ્રીએ વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીને સમજાવ્યું. વાત તો બહુજ કઠીન હતી. કારણ કે તેમકરવું એટલે આધ સુધારક વડીલ શ્રી નારાયણ રામજી લીબાણીની આર્ય સમાજ સંપ્રદાયની વિચારધારાની વિરુધ્ધમાં જવું એમહતું. આને લીધે વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી સામે બહુ જ મોટું ધર્મ સંકટ ઉભું થઈ ગયું. સંત શ્રી ઓધવરામજી મહારાજ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બનાવવાનું કહે છે, જ્યારે વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણી આર્ય સમાજ સંપ્રદાયમાં માનતા હોવાથી મુર્તીપુજામાં માને નહિ તે સ્વાભાવિક વાત છે. તે સમયે વડીલ શ્રી રતનશી બાપાએ સંત શ્રી ઓધવરામજી મહારાજની વાત માની અને કદાચ તેમને આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણીની સિધ્ધાંતિક નારાજગી પણ વોહરી લેવી પડી હશે એવું મારું માનવું છે.


કચ્છ ના ગામડે ગામડે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપનાઓ

ઉપરોક્ત જણાવેલ ઘટનાઓના પરિણામે સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ કચ્છના ગામે ગામસતપંથ સમાજ સાથે છેડો ફાડીને પાટીદાર સનાતન સમાજની સ્થાપનાઓ થઈ અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાણા, શ્રધ્ધા ના કેન્દ્રો નિર્માણ થયાં. પરંતુ કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં સન ૧૯૬૦ પછીના વડીલોએ શ્રધ્ધાના કેન્દ્ર રૂપી ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી મા ઉમિયા માતાજીનું મંદિરનું નિર્માણ ન કરી શક્યા તેનું મને (રમેશભાઈ વાગડીયાને) પારાવાર દુઃખ છે. હા, મોડે મોડે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની પ્રેરણાથી સનાતની જ્ઞાતિએ દેસલપર ખાતે સંસ્કારધામનું નિર્માણ થયું પણ તેને ઘણું મોડું થઈ ગયું હતું. પણ તેના ઉપર આજે કેન્દ્રીય સમાજનું નિયંત્રણ કેટલું? કહેવાય તો છે કે સંસ્કાર ધામઅને વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના પ્રણેતા તો કેન્દ્રીય સમાજ જ છે, પણ કેન્દ્રીય સમાજનું આ સંસ્થાઓ ઉપર નિયંત્રણ કેટલું? મારું માનવું છે કે આજે નહિ તો ભવિષ્યમાં પણ આપણી આ ત્રણે સંસ્થાઓને (કેન્દ્રીય સમાજને, સંસ્કાર ધામને અને વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનને) એક નેજા હેઠળ લઈ આવવી પડશે, જે કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિ માટે હિતકારક હશે. બીજો કોઈ પર્યાય મને અત્યારે સુજતો નથી. વાચક વર્ગને આમાં કંઈક સારું સુજતુ હોય તો પોતાના અભિપ્રાયો મને અથવા તો કેન્દ્રીય સમાજને લખી જણાવે.

કચ્છના ગામે ગામઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરોનું નિર્માણ કરવામાં જ્ઞાતિના અનેક સુધારક વડીલોનો અથાગ પરિશ્રમતો હતો જ પણ મુખ્યત્વે વિરાણીના સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી, કોટડા(જ) ના વડીલ શ્રી ભીમજી કેશરા લીબાણી, નખત્રાણાના વડીલ શ્રી નથુભાઈ નાનજી કેશરાણી, મથલ ના વડીલ શ્રી પરબત લખુ પોકાર તેમજ ખોંભડી ના વડીલ શ્રી ડો. ગંગદાસ ભાઈ ઉકાણી જેવા અનેક સુધારાવાદી વડીલોનો સિંહ ફાળો હતો. આ હતી જ્ઞાતિની બીજી અને ત્રીજી સનાતની ક્રાંતિ. પણ અત્યારે આપણે બીજી અને ત્રીજી ક્રાંતિની ઊંડાણ થી ચર્ચા નથી કરતા. કારણ કે આત્યારનો આપણો વિષય છે જ્ઞાતિમાં ચોથી સનાતની ક્રાંતિની ચળવળ નો. ચોથી સનાતની ક્રાંતિના સંસ્મરણોનો ઈતિહાસ રજુ કરવા પહેલાં આ હતી તેની પૃષ્ઠભૂમી. કારણકે ચોથી ક્રાંતિ નો મુખ્ય આધાર તો પહેલી, બીજી અને ત્રીજી ક્રાંતિના પાયા ઉપર જ નિર્ભર હોય છે.

આપણી કેન્દ્રીય સમાજની ૧૯૬૦ માં વિધિવત સ્થાપના થયા પહેલા તેનું પહેલું નામહતું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ





અહી આપણે એક વાત ચોક્કસ કરશું કે આપણી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) ની વિધિવત સ્થાપના ભલે આપણે ૧૯૬૦ માં થઇ એમકહેતા હોઈએ અને તેના પ્રથમપ્રમુખ શિવદાસ કાનજી નાકરાણી હતા એમપણ કહીએ છીએ. પણ સાચી હકીક્ત એ છે કે તે કેન્દ્રીય સમાજની સ્થાપના છેક સને ૧૯૩૮ ના સમયમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના નામે થઈ હતી અને તેના પ્રથમપ્રમુખ હતા વિરાણી ગામના સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી. અને તે સમાજના પ્રથમમહામંત્રી તરીકે સેવા આપી હતી નખત્રાણા ગામના વડીલ શ્રી નથુભાઇ નાનજી કેસરાણી. વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીએ જ વાંઢાય હરિહર સંપ્રદાયના સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ કચ્છના ગામે ગામફરીને સનાતન સમાજોની સ્થાપના તેમજ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરોની સ્થાપના કરાવીને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિમાં ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ રૂપી શ્રદ્ધા કેન્દ્રો ઉભા કર્યા હતાં તેના મીઠા ફળ આપણે આજે ખાઈ રહ્યા છીએ. ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નો ઇષ્ટદેવ તરીકેનો કચ્છ કડવા પાટીદારને જો વારસો મળ્યો હોય તો તે વારસો આપણને સંત શ્રી ઓધવરામજી મહારાજે અને સુધારક વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણીએ આપ્યો છે. ધન્ય છે તે સંત શ્રી ને અને ધન્ય છે તે સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી તથા તેમના સહયોગીઓને.

પ્રકરણ ૨

ખોંભડી ગામ અને સનાતની ચળવળની બીજી, ત્રીજી અને ચોથી ક્રાંતિનો આછેરો ઈતિહાસ

આ પુસ્તક ભલે સમગ્ર કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિને અને કેન્દ્રીય સમાજ ને ધ્યાનમાં રાખીને લખાતું હોય પણ મારા જીવનમાં સનાતન અને સતપંથ ના મુદ્દા ને ધ્યાનમાં રાખી ને અનેક ઘટનાઓ ઘટિત થઇ હતી તેને લઈને સનાતન ધર્મ ની ચોથી ક્રાંતિમાં જોડાવાની મને કુદરતે પ્રેરણા મળી હતી તેમાં મારા ગામની શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સતપંથ સનાતન મુદ્દે જે રવૈયો ચાલી રહ્યો હતો તેના થી હું વ્યથિત તો હતોજ અને તેને કઈ રીતે ખોંભડી ગામના સનાતની લોકોમાં સાચી સમજણ આપીને ગામની સમાજને એક શુદ્ધ સનાતની સમાજ તરીકે ની ઓળખ અપાવી શકું તેની મને સતત ચિંતા થયા કરતી હતી. તેથી મને એમલાગ્યું કે મારા ગામની સતપંથ સનાતન મુદ્દે જે વિગતો મને મારા વડીલો દ્વારા વારસામાં જાણવા મળી છે તેનો ઉલ્લેખ અહી કરવો અનિવાર્ય છે. તેથી સતપંથ સનાતન મુદ્દાને ધ્યાનમાં રાખીને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજનો આછો ઈતિહાસ મેં અહી રજુ કર્યો છે. આવો ઈતિહાસ કચ્છના દરેક ગામડાઓની સનાતન સમાજોનો પણ છે. જરૂરત પડશે તો આગળ હવે પછીના મારા લખાણમાં હું તે આવરી લેવાનો હું પ્રયાશ કરીશ.

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ની સ્થાપના, તેનો ઈતિહાસ અને તે સમાજ દ્વારા નિર્મિત ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ વાળા મંદિર અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું પ્રાણ પ્રતિષ્ઠા થયેલ મંદિરનો ઈતિહાસ

કોઈ પણ વિરાસત હોય, કે સંસ્કૃતિ હોય કે પછી સમાજ હોય કે પરિવાર અથવા તો નાનું કુટુંબ હોય. તેને તેના ભૂતકાળને ઢંઢોળવો ખુબજ જરૂરી છે. ભૂતકાળને ઢંઢોળવો એટલે કે તેના ઈતિહાસનું વાંચન અને અધ્યયન કરવું સાથે સાથે ભાવી પેઢીને પણ અધ્યયન અને મનન કરાવવું તે કામવર્તમાન પેઢીના વડીલોનું હોય છે. જે લોકો તેની સમાજના અથવા તો તેના પરિવારના/કુટુંબના ઈતિહાસનું ચિંતન અને મનન નથી કરતા તેઓ તેમના જીવન કાલ દરમ્યાન ઈતિહાસનું સર્જન કરી શકતા નથી. એટલે કે તે સમાજની ભાવી પેઢી એવું કોઈ વિશિષ્ઠ કાર્ય કરી શકતા નથી કે જેની ઈતિહાસને નોધ લેવી પડે. આજે ઈ.સ. ૨૦૨૦ માં જ્યારે ખોંભડી ગામશ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પાન મૂર્તિ વાળા મંદિરની સ્થાપના ને ૭૫ વરસ પુરા થતા હોવાથી તે બંનેની હીરક જયંતી મહોત્સવ અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ની પ્રાણપ્રતિષ્ઠા કરેલ મંદિરને (આજે મોજુદ નવા મંદિરને) ૫૦ વરસ પુરા થતા હોવાથી તેની સન ૨૦૨૦ માં સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવા જઈ રહ્યું છે ત્યારે ખોંભડી ગામને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના ઈતિહાસનું ઊંડાણથી અવલોકન કરવું બહુજ જરૂરી છે. એટલું જ જરૂરી છે ખોંભડી ગામને સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસનું અવલોકન અને અધ્યયન કરવું. ખોંભડી ગામે આ ત્રિવેણી મહોત્સવ ઉજવવા માટે તારીખો પણ નક્કી કરી નાખી છે. મહોત્સવની ઉજવણીની તારીખો છે ઈ.સ. ૨૦૨૦ ના મે મહિનાની ૧૦ થી ૧૪. **(સંજોગો વસાત ૨૦૨૦ માં વૈશ્વિક સ્તરે કોરોના વાયરસની ચાલી રહેલી મહામારી ને લીધે તે પ્રોગ્રામમુલતવી રાખવો પડ્યો છે અને હું આ લખાણ કરી રહ્યો છું તે સમયે હજી પ્રોગ્રામોની નવી તારીખો નક્કી થઈ નથી)**

આજે જ્યારે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ તેની સ્થાપનાને ૭૫ વરસ પુરા કરવા જઈ રહ્યો છે, તેના દ્વારા નિર્મિત પાન મૂર્તિ વાળા મંદિર ની સ્થાપનાને ૭૫ વરસ પુરા કરવા જઈ રહ્યો છે, અને તેના દ્વારા નિર્મિત નવીન મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા ને ૫૦ વરસ પુરા થતા સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે તે સમાજ અને જ્ઞાતિ નો સાચો ઈતિહાસ સમાજની ભાવી પેઢી કે જે સમાજના ભવિષ્યના કર્ણધારો થવાના છે તેને બતાવવા ની ફરજ સમાજના દરેક વડીલોની બને છે. સમાજના

આજના કર્ણધારોની ફરજમાં આવે છે કે સમાજના આજના યુવાનો ને સમાજના અને જ્ઞાતિના સાચા ઈતિહાસ થી પરિચિત કરાવે.

સમાજનો અને સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ઈતિહાસ સમાજના યુવાનો ને બતાવવો શામાટે જરૂરી છે?

જ્ઞાતિ નો અને સમાજનો ઈતિહાસ ભલે પછી એટલો ગૌરવશાળી ન પણ હોય. પણ જેવો છે તેવો સાચો ઈતિહાસ આપણા આજના યુવાનો ને બતાવવો અત્યંત જરૂરી છે. આના ત્રણ મુખ્ય ફાયદાઓ છે.

૧. ભૂતકાળ માં સમાજે કે જ્ઞાતિએ કરેલી ભૂલો નું પુનરાવર્તન ના થાય અને બીજુ

૨. ભૂતકાળમાં સમાજ દ્વારા કરવામાં આવેલ સારા કામોની યુવા પેઢી ને ખબર પડે જેથી તેઓને પણ ભવિષ્યમાં એવા સારા કામો કરવા ની પ્રેરણા મળે. અને ત્રીજું

૩. સમાજના યુવાનોમાં એક એવી ખુમારી અને અસ્મિતા જાગૃત થાય કે તે યુવાનોને મહેશુશ થાય કે "અમો એવા વડીલોના સંતાનો છીએ કે જેઓએ ભૂતકાળમાં સારા એવા ભગીરથ કાર્યો કર્યાં હતા અને અમે એવા વડીલોના સંતાનો છીએ તેનો ગર્વ લઈ શકે" અત્રે એ નોધવું જરૂરી છે કે એવા કાર્યો અને ભૂતકાળના વડીલોની સ્મૃતિમાં એ પૂર્વજોને કૃતજ્ઞતા દર્શાવવા માટે આપણે આજે સુવર્ણ જયંતી મહોત્સવ કે હીરક જયંતી મહોત્સવોની ઉજવણી કરતા હોઈએ છીએ. આવા મહોત્સવ ને કારણે યુવા પેઢીને પ્રેરણા મળે કે તેઓ પણ ભવિષ્યમાં એવા સારા કામો કરીને એમના પૂર્વજોનું નામરોશન કરી શકે.

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ની સ્થાપના લગભગ વિ.સ. ૨૦૦૨ પહેલા કરવામાં આવી હશે એવું મારું માનવું છે કારણકે વિ.સં. ૨૦૦૨, વૈશાખ સુદ ૧૫ ને રવિવાર ના રોજે સમાજની અત્યારની સમાજવાડી (અપના ઘર) છે તે જગ્યાએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની પાન મૂર્તિ વાળા મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. તે જુના મંદિર ની છબી મારા જેટલી ઉમર ધરાવતા લોકોના માનસપટલ પર આજે પણ મોઝુદ હશે. જો તે મંદિરની સ્થાપના જો વિ.સ. ૨૦૦૨ માં થઇ હોય તો શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની રચના તો તેનાથી ત્રણ ચાર વરસ પહેલાં જ કરવામાં આવી હશે તે સ્વાભાવિક છે. કહેવાય છે કે તે પાન મૂર્તિ વાળા મંદિર ની જે જમીન છે તે મારા પડદાદા શ્રી નારાયણ શિવજી વગાડીયાએ મંદિરને દાનમાં આપી હતી. તેના દસ્તાવેજી પુરાવાઓ ભલે આજે અમારા પરિવારના હાથમાં નથી પણ તે હકીકત છે તેને ખોંભડી ગામપણ નજર અંદાજ નહિ કરી શકે. તે વડીલ શ્રી નારણ શિવજી વાગડિયા આપણી જ્ઞાતિના આધ સુધારક નારાયણ રામજી લીબાણીના અને જ્ઞાતિ સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીના ખુબજ નજીકના સંપર્કમાં આવ્યા હતા. અને ખોંભડી ગામમાં પાટીદાર સનાતન સમાજની સ્થાપના અને પાન મુર્તીવાળા મંદિરની સ્થાપના કરવાની તેમને પ્રેરણા મળી હતી.

ખોંભડી ગામમાં વિ.સ. ૨૦૦૨ પહેલાં નો સેનેરીઓ—એક ચિત્ર

આપણી ક. ક. પા. જ્ઞાતિમાં તે વખતે સમગ્ર કચ્છ લેવલે અને તે પ્રમાણે ખોંભડી ગામમાં પીરાણા સતપંથ ધર્મ પ્રવર્તમાન હતો. અને તેને લઈને અન્ય હિન્દુ જ્ઞાતિઓમાં આપણી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકેની થતી હતી તે વાત આજના ગણા ભાઈઓને નહીં ગમે પણ તે હકીકત છે અને તેનો આપણને સ્વીકાર કરવો પડશે. આપણા પૂર્વજો પીરાણા સતપંથ ધર્મ ને માનતા હોવાથી તે વખતના ખોંભડી ગામના સવર્ણો જેવા કે વાણીઆઓ, લુહાણાઓ અને બ્રાહ્મણો આપણા ઘરનું પાણી પીતા પણ સંકોચ અનુભવતા હતા તે હકીકત છે. અન્ય જ્ઞાતિઓમાં આપણી ઓળખાણ એક મુમના-મુસલમાન તરીકે થતી હતી. એ મુમના મુસલમાન તરીકે ની ઓળખને નાબુદ કરવા માટે થઈને આપણી જ્ઞાતિમાં જ્ઞાતિ સુધારાવાદી વડીલો જેવા કે

૧. શ્રી કેશરા પરમેશ્વરા ૨. શ્રી નારાયણજી રામજી લીબાણી ૩. શ્રી રતનશી ખીમજી ખેતાણી

જેવા વડીલોએ સમગ્ર કચ્છ અને ગુજરાત કંપામાં વસતા જ્ઞાતિના ભાઈઓમાં આપણા મૂળ સનાતન હિન્દુ ધર્મની પુનઃ સ્થાપના કરવામાં કારણભૂત બન્યા હતા. શ્રીમાન રતનશી ખીમજી ખેતાણી વિરાણી વાળા, શ્રી પરબત લખુ પોકાર મથલ વાળા, શ્રી ભીમજી કેશરા લીંબાણી કોટડા વાળા, શ્રી નથુભાઈ નાનજી કેશરાણી નખત્રાણા વાળા જેવા અનેક વડીલોએ વાંઢાય ધ્વારાના પૂજ્ય સંત શ્રી ઓધવરામજી બાપુના સાનિધ્યમાં રહીને કચ્છના ગામે ગામ ફરીને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મદિરો ની સ્થાપના કરાવવા ઝુંબેશ ઉપાડી હતી. મહદ અંશે તેઓએ તેમાં સફળતા પણ મેળવી હતી. તે ઝુંબેશની અન્વયે ખોંભડી ગામના સુધારાવાદી વડીલો જેવા કે શ્રી નારાયણ શિવજી વાગડીયા, શ્રી માધવજી ભીમજી ભગત, શ્રી મૂળજી શિવજી વાસાણી, ડો. ગંગદાસભાઈ ઉકાણી અને જેઠાબાપા ઊકાણી જેવા વડીલોએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સુધારાવાદી વડીલોના સંપર્કમાં આવીને ખોંભડી ગામના પીરાણા સતપંથી ભાઈઓથી (સતપંથ સમાજથી) નોખા પડી ને એક સનાતન સમાજની સ્થાપના કરી હતી. તે સમાજ એટલે આજની શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ. તે ઝુંબેશની શરૂઆતનો સમય હશે લગભગ સંવત ૧૯૮૪ થી ૨૦૦૦ નો ગાળો. અને છેક વિ.સ. ૨૦૦૨ ના વૈશાખ સુદ પૂનમના દિવસે ખોંભડી ગામમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મનારાયણ ની પાન મૂર્તિઓ વાળા મંદિરની સ્થાપના થઈ હતી. તેને આપણે એમપણ કહી શકીએ કે ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું તે દિવસે ખોંભડી ગામમાં આગમન થયું અને ખોંભડી ગામમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ બિરાજમાન થયા.

સનાતની સમાજની અને મંદિરની સ્થાપના ના ઉદ્દેશો અને હેતુઓ

આ મંદિર બન્યા પહેલાં ખોંભડી ગામમાં સનાતન સમાજની સ્થાપના વડીલોએ કેવા સંજોગોમાં, શા શા કારણો ને લઈને, શા શા સંદર્ભોને લઈને અને કેવી કેવી કઠીન પરિસ્થિતિઓ નો સામનો કરીને કરી હશે તેની વિસ્તારપૂર્વક માહિતીઓમાં આપણે અત્યારે નથી જતા. પણ જે ભાઈઓને આ બાબત માં રસ હોય તેને જરૂર થી આનો ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ. છતાં પણ જે ઈતિહાસ અત્યારે આપણી પાસે મોજુદ છે તેની ચર્ચા આપણે જરૂર કરશું અને કરવી પણ જોઈએ. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની હીરક જયંતી અને સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી કરવી એટલે ફક્ત લોકોને ભેગા કરવા અને ભેગા થયેલા લોકોનો જમાડો કરવો અને જમાડો કરીને છુટા પડવું એ નથી. હીરક જયંતી અને સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવો એટલે સમાજના તે સુધારક વડીલોને અને સમાજ સ્થાપક વડીલોને યાદ કરવા કે જેઓએ સામે પ્રવાહે તરીને સમાજ એવં સનાતન હિંદુ ધર્મના પ્રતિક રૂપ ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરની સ્થાપના કરી હતી. કેવા કપરા સંજોગોમાં તે સ્થાપનાઓ થઈ હશે. શા શા ઉદ્દેશો અને હેતુઓને ધ્યાનમાં રાખીને તે સ્થાપનાઓ કરી હશે તેનો તલસ્પર્શી અભ્યાસ કરશું તો સાચા અર્થમાં સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવ્યો ગણાશે અન્યથા તો ભેગા મળીને જમાડો કરીને પૈસાનો ધુમાડો કર્યો એવું ગણાશે. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ સ્થાપનાની હીરક જયંતી, જુના મંદિરની સ્થાપનાની હીરક જયંતી અને નવા મંદિર ની સુવર્ણ જયંતી મહોત્સવ, ટૂંકમાં કહીએ કે ત્રિવેણી મહોત્સવની ઉજવણી એવા કાર્યો કરીને થવી જોઈએ જેની ઈતિહાસકરોને પણ નોધ લેવાની ફરજ પડે. સતપંથ સમાજમાં થી તે સનાતની વડીલોને નાત બાહર કર્યા પછી નાત બહાર થયેલા વડીલોને કોઈક નાની મોટી સમાજ તો જોઈએ જ ને. કોઈ પણ કુટુંબ સમાજ વગર રહી શકતું નથી. એટલા માટે સતપંથ ધર્મનો અને સતપંથ સમાજનો ત્યાગ કર્યા પછી સનાતન હિંદુ ધર્મને પુનઃ અપનાવેલ વડીલોએ સનાતન સમાજની સ્થાપના કરી. એ સમાજની સ્થાપના ફક્ત અને ફક્ત સનાતની ભાઈઓ માટે અને તે સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવા માટે કરી હતી. એ સનાતની સમાજની સ્થાપના એટલા માટે કરવામાં આવી હતી કે તે સમાજ જ્ઞાતિમાં હિંદુ મંદિરો બાંધીને જ્ઞાતિમાં હિંદુ ધર્મનો પ્રચાર પ્રસાર કરી શકે.

જ્ઞાતિ કે સમાજમાં નવી પ્રથા પ્રવર્તમાન કરવી એ બહુજ કઠીન અને ભગીરથ કાર્ય છે:

કોઈ પણ ઇમારત રાતો રાત ચણાઈ જતી નથી. તેની પાછળ ઘણી બધી વ્યક્તિઓનો અથાગ પરિશ્રમહોય છે. કઈંક મેળવવા માટે, કઈંક નવી કેડી કંડારવા માટે ક્યારેક આખીને આખી પેઢીઓનું બલિદાન દેવું પડતું હોય છે. તેવી જ રીતે જ્ઞાતિમાં કે સમાજમાં એક પ્રથા, ધર્મ અને રૂઢિ પ્રવર્તમાન હોય ત્યારે નવી કેડી કંડારવી એટલે તે લોઢાના ચણા ચાવવા જેવું કઠીન કામહોય છે. એવા કઠીન કામો જેને કર્યા હોય છે તેના જ નામઇતિહાસમાં અમર થતા હોય છે. તે જ પ્રમાણે ખોંભડી ગામના સુધારાવાદી વડીલોએ સનાતન સમાજની સ્થાપના કર્યા પછી જ્ઞાતિમાં સનાતન ધર્મ પ્રસ્થાપિત કરવામાં કેટલા ભગીરથ પ્રયત્નો કર્યા હશે તેની તો આપણે અત્યારે કલ્પના માત્ર કરી શકીએ. પણ તેવા ભૂતકાળમાં વડીલોએ કરેલા કાર્યોને અત્યારની પેઢી અને ખાસ કરીને યુવા પેઢીએ વાગોળવું અત્યંત જરૂરી છે તો જ ખરા અર્થમાં હીરક/સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવ્યો ગણાશે.

તત્કાલીન પીરાણાના રામજી કાકા ને ખોંભડી ગામનો પડકાર

વિ.સં. ૧૯૮૪-૮૫ માં ખોંભડી ગામના સુધારાવાદી વડીલો નો ૨૯ જણા નો એક જૂથ બન્યો હતો. આ જૂથે તે વખતના પીરાણાના કહેવાતા ગાદીપતિ રામજી કાકાને પડકાર ફેંક્યો હતો અને તેને લઈ ને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની (ખેડોઈ થી લઈને શિયોત સુધી ની) આખી નાત ખોંભડી ગામમાં ભેગી થઈને કાળા વાવટા થી રામજી કાકાનો અમુક કારણો ને લઈને વિરોધ કર્યો હતો. તે પડકાર શું હતો? તે પડકાર ના કારણો શું હતા? તેમાં આત્યારે આપણે ઊંડાણમાં જતા નથી કારણકે તેમાં અમુક માણસો ની લાગણીઓ દુભાય તેમછે. તે ભેગી થયેલી નાતમાં આપણા આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. બીજા એવા નામી વ્યક્તિઓમાં આપણી જ્ઞાતિના તેરા વાળા રતનશી વકીલ પણ હાજર રહ્યા હતા. માનકુવા ગામથી શ્રી રાજારામશામજી ધોળુ, શ્રી જીવરાજ વસતા લીબાણી અને શ્રી વાલજી જીવરાજ લીબાણી પણ વિરાણી પહોંચીને ત્યાંથી વિરાણીવાળા ભાઈઓશ્રી વિશ્રામરાજા સોમજીયાણી, શ્રી લાલજી શિવજી નાકરાણી સાથે ખોંભડી ગામે ઉપસ્થિત રહ્યા હતા. તેની સાથે બીજાં આઠ ગામજેવાં કે નખત્રાણા, વિરાણી, કોટડા (જ), સંગનાળા, દેવીસર, અરલ, સુખપર અને અંગિયા ગામના પ્રતિનિધિ મંડળો ખોંભડી આવ્યા હતા. આ આઠ ગામપહેલેથી પીરાણા પંથ ને નહોતું માનતું. ખોંભડી ગામમાં જ્યારે નાત ભેગી થઇ ત્યારે આ આઠ ગામના મંડળોનું રસોડું અલગ કરવામાં આવ્યું હતું. તેની સર્વે વ્યવસ્થા ખોંભડીના ૨૯ જણા ના જુથે કરી હતી. દેસલપરર વાળા મોભી શ્રી મનજી પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બધો ઈતિહાસ સત્ય આધારિત છે.

ઈતિહાસ એટલે શું? ઈતિહાસ શબ્દ ની સાચી વ્યાખ્યા શું છે? જો તેનો આપણે અભ્યાસ કરશું તો જણાઈ આવશે કે ઈતિહાસ તેને જ કહેવાય જે સચ્ચાઈ ઉપર આધારિત હોય. સાચી વસ્તુ અને ઘટનાઓ ઘણાને સારી લાગતી પણ ના હોય છતાં પણ જે સાચી હકીકત હોય તે જણાવવી અત્યંત જરૂરી હોય છે. ઈતિહાસ કદાચ ગૌરવ લેવા જેવો પણ ન હોય, જ્ઞાતિના અમુક લોકોની લાગણીઓ દુભાય એવું પણ હોય છતાં પણ સત્ય આધારિત હોય તો જ તેને ઈતિહાસ કહેવાય. તે સત્ય આધારિત ઈતિહાસનું યુવા પેઢી જ્યારે ચિંતન અને મનન કરે તો જ એમાંથી તેમને શીખ મળતી હોય છે. કારણ કે ભૂતકાળમાં સમાજ દ્વારા થયેલ ભૂલોનું પુનરાવર્તન ફરી પાછું ન થાય.

ખોંભડી ગામના આ ૨૯ જણા ના જૂથ પૈકી અમુક નામો આપણી પાસે મોજુદ છે તેને આજે યાદ કરવા ઘટે. તે વડીલોના નામો નીચે મુજબ છે

૧. વડીલ શ્રી લધારામભીમજી રવાણી
૨. વડીલ શ્રી શિવજી કાનજી વાગડીયા

૩. વડીલ શ્રી માવજી નાયા રવાણી
૪. વડીલ શ્રી હરજી ભીમજી પજવાણી
૫. વડીલ શ્રી માધવજી ભીમજી ભગત
૬. વડીલ શ્રી અરજણ ખીમજી રવાણી
૭. વડીલ શ્રી હરજી અરજણ ચવ્હાણ (મુખી)
૮. વડીલ શ્રી નારાયણ શિવજી વાગડીયા વગેરે.

સનાતની વિચારધારાને વરેલા ૨૯ જણા ના જૂથ નું ભાંગી પડવું

પણ અમુક કારણો ને લઈને તે જૂથ વિખેરાઈ ગયો. પીરાણા સતપંથના ભાઈઓ સામે તે જૂથ ટકી શક્યો નહી. સામે પ્રવાહે તરવું અને તે વખતના પ્રસ્થાપિત હિતો ની સામે ટકી રહેવું તે અત્યંત કઠીન કામહતું. તેમાં ભલ ભલા મહારથીઓ પણ તેના શસ્ત્રો હેઠાં મૂકી હાર સ્વીકાર કરી લેતા હોય છે. તે વખતે જ્ઞાતિમાં પ્રવર્તી રહેલો સતપંથ ધર્મ, એના મુળિયા એટલા બધા ઊંડા નાખી ચુક્યો હતો કે તેના અને સતપંથ સમાજના વિરુદ્ધ જઈને લોકોમાં આપણા મૂળ સનાતન હિંદુ ધર્મને અંગીકાર કરાવાવો, સનાતન સમાજની સ્થાપના કરવી અને ત્યાર પછી ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિર ની સ્થાપના કરવી તે કંઈ નાની સુની વાત નોતી જ. તે એક ભગીરથ અને પડકાર ભરેલું કાર્ય હતું. તેથી તેને આપણે આજે યાદ કરી રહ્યા છીએ. ધન્ય છે તે સ્થાપક વડીલોને કે જેઓએ તે વખતે સનાતન ધર્મ રૂપી બીજ વાવ્યું તે આજે એક વટવૃક્ષ બની ચુક્યું છે અને તેની છત્ર છાયામાં બેસીને તેના મીઠા ફળો આજે આપણે સૌ ખાઈ રહ્યા છીએ.

આ ૨૯ જણાનું જૂથ ભાંગી પડ્યા પછી રહ્યા માત્ર બે નીડર વડીલો. તેમાંના એક હતા શ્રી માધવજીભાઈ ભીમજી ભગત અને બીજા હતા શ્રી નારાયણભાઈ શિવજી વાગડીયા. આ બે જણાએ સનાતન ધર્મ પ્રત્યેની પોતાની નિષ્ઠા અને સંકલ્પ બળ ને લઈ ને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મનારાયણના મંદિર ની તેમજ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરી હતી. ખોંભડી ગામમાં તેમની વાતને ટેકો અને સમર્થન હતું ફક્ત બીજા બે પરિવારોનું અને તે હતા, એક વાસાણી પરિવાર અને બીજા ઉકાણી પરિવાર.

ખોંભડી ગામમાં ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની પાન મૂર્તિઓ વાળા મંદિરની સ્થાપના

ખોંભડી ગામમાં સનાતની આંદોલન ની ૨૯ જણા ના જૂથથી શુરુઆત થવા પછી અનેક કઠિણાઈઓનો સામનો કર્યા પછી છેક ૧૮ વરસે વિ.સ. ૨૦૦૨, વૈશાખ સુદ પૂનમને રવિવારના દિવસે ખોંભડી ગામમાં આજે જ્યાં શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સમાજ વાડી (અપના ઘર) છે, ત્યાં જૂના મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. તત્કાલીન ખોંભડી ગામના સતપંથ સમાજનો ઉગ્ર વિરોધ હોવા છતાં જૂના મંદિરમાં સનાતની ભાઈઓના ઈસ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મનારાયણ ની પાન મૂર્તિ ની સ્થાપના કરવામાં આવી હતી. તે પાન મૂર્તિ આજના લક્ષ્મીનારાયણ મંદિર ની અંદરમાં ડાબી બાજુએ આજે પણ મોજુદ છે અને તે પાનમૂર્તિ દર વરસે રથયાત્રા વખતે યજમાન ના હાથમાં આપવામાં આવે છે અને આખા ગામને ભગવાન ના દર્શન કરાવવામાં આવે છે.

ખોંભડી ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિરની સ્થાપન કરવામાં તત્કાલીન સતપંથ સમાજનો ઉગ્ર વિરોધ

તે સમયે પીરાણા સતપંથમાં માનનાર આખા ગામનો વિરોધ હોવા છતાં નીડર વડીલ શ્રી નારાયણભાઈ શિવજી વાગડીયાની આગેવાની હેઠળ નીચે જણાવેલ વડીલોએ સાથે મળીને મંદિરની સ્થાપના કરી હતી. તે વખતે ગામમાં સાથ હતો માત્ર ચાર

કુટુંબનો.

૧. વડીલ શ્રી માધવજી ભીમજી ભગત

૨. વડીલ શ્રી હીરજી ભીમજી ભગત

૩. વડીલ શ્રી મૂળજી શિવજી વાસાણી

૪. વડીલ શ્રી જેઠા હીરજી ઉકાણી

૫. વડીલ શ્રી લાલજી લધા ભગત

૬. વડીલ શ્રી મેઘજી શિવજી વાગડીયા (મંદિર ગલ્લી વાળા)

૭. વડીલ શ્રી રતનશી નારાયણ વાગડીયા

પરંતુ તે સમયે એક દુઃખદ ઘટના બની. જે વ્યક્તિ ખોંભડી ના મંદિર નિર્માણમાં અને સનાતન સમાજની સ્થાપનામાં અગ્રેસર હતી તે આગેવાન સનાતની વડીલ શ્રી નારાયણભાઈ શિવજી વાગડીયા નું આકસ્મિક અવસાન સંવત ૨૦૦૦ માં મંદિરની સ્થાપના ના ઠીક બે વરસ પહેલાં થયું. તેઓ મંદિરની સ્થાપના નિહાળી શક્યા નહિ. તે વાત નો તત્કાલીન સૌ સનાતની વડીલો ને ઘણોજ અફસોસ થયો હતો. પણ વિધિના લેખ કોઈ મિટાવી શકતું નથી, કુદરતને એમમંજુર હશે.

મંદિર ની સ્થાપના વખતે પધારેલ મહેમાનો ની નોંધ

આખા ખોંભડી ગામમાં કોઈનો પણ સાથ ન હોવા છતાં પણ તે મંદિર ના ઉદઘાટન વખતે બહાર ગામથી લગભગ ૩૫૦ જેટલા મહેમાનો આવ્યા હતા. વાંઢાય ધવારા ના સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ મંદિર ની સ્થાપના કરવા માં આવી હતી. પૂજ્ય ઓધવરામજી મહારાજના શિષ્ય સંત શ્રી દયાળદાસજી મહારાજ અને સંત શ્રી શાંતિદાસજી મહારાજ પણ તે વખતે હાજર રહ્યા હતા. અન્ય બહારગામના આગેવાનો અને મહેમાનો પૈકી મુખ્ય ગણમાન્ય વ્યક્તિઓ માં

વિરાણી થી પધારેલ સર્વ

૧. શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી

૨. શ્રી માવજીભાઈ માનાણી

૩. શ્રી પચાણભાઈ શિવજી સોમજીયાણી

૪. શ્રી મેઘજીભાઈ લખમશી પાંચાણી

૫. શ્રી વિશ્રામરાજા સોમજીયાણી મુખ્ય હતા.

કોટડા-જડોદર ગામથી પધારેલ સર્વઃ

૧. શ્રી ભીમજીભાઈ કેસરા લીંબાણી

૨. શ્રી રતનશીભાઈ મૂળજી લીંબાણી

૩. શ્રી દેવજીભાઈ વિશ્રામહળપાણી

૪. શ્રી મેઘજી ભાઈ તેજાણી અને

૫. તેમની સાથે ૫૦ જણા ની વોલિંટર ભાઈઓની ફોજ આ પ્રસંગે હાજર રહી હતી.

રસલિયા ગામથી પધારેલ વડીલ

૧. શ્રી શિવગણભાઈ કાનજી સેંગાણી

૨. શ્રી હીરાલાલભાઈ ગોપાલ સાંખલા

૩. શ્રી ગંગદાસભાઈ હરજી સેંઘાણી

૪. શ્રી લાધાભાઈ મેઘજી લીબાણી અને

૫. શ્રી જેઠાભાઈ પોકાર વગેરે મુખ્ય હતા.

ઉખેડા ગામથી પધારેલ વડીલો

૧. શ્રી ખેતાભાઈ માવજી સાંખલા

૨. શ્રી વાલજીભાઈ લખુ સાંખલા

૩. શ્રી રણમલભાઈ માવજી સાંખલા

૪. શ્રી માવજીભાઈ નાનજી સાંખલા વગેરે મુખ્ય હતા.

ખીરસરા ગામથી પધારેલ વડીલ

શ્રી વિશ્રામભાઈ બાથાણી કે જેઓ નખત્રાણા ના આગેવાન વડીલ શ્રી નથુભાઈ નાનજી કેશરાણી ના મસિયાઈ ભાઈ થતા હતા. તેઓએ ૭૦૦ કોરી નું માતબર દાન તે વખતે ખોંભડીના મંદિરને આપ્યું હતું. તે વખતે તેમનો વેપાર ઉદ્યોગ કલકત્તા માં હતો. તાજેતરમાં જ મને તેમના દીકરીને રૂબરૂ મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેઓ બેંગલોરના દેસલપર (ગુંતલી) ના ભાઈ શ્રી પુરશોતમભાઈ વેલાણી ના માતૃશ્રી થાય છે.

ગામમથલ થી પધારેલ મહેમાનો પૈકી

શ્રી પરબતભાઈ લખુ પોકાર ૧૩ જણા નું મંડળ લઈને આવ્યા હતા. તેમનો પરિવાર અત્યારે બેંગલોરમાં સ્થાઈ છે.

ગુજરાત કમ્પા થી પધારેલ મહેમાનો ની નોંધઃ

મૂળ નખત્રાણાના પણ ગુજરાત કંપા માં રહેતા, શ્રી પુંજાભાઈ ખેતશી રૂડાણી, શ્રી વિશ્રામભાઈ ભગત શેરડી કંપા વાળા, શ્રી હંસરાજ મુખી આણિયોર કંપા (ઈશનપુરા કંપા) વાળા તેમજ મૂળ મથલ ના શ્રી પચાણભાઈ નથુ પોકાર અને તેમના પિતા શ્રી નથુ બાપા તળાવ ટીબા વાળા (અણિયોર કંપા) વગેરે ભાઈઓ પણ ખોંભડી ગામના મંદિર ના ઉદઘાટન વખતે હાજર રહ્યા હતા.

વિરાણી ગામથી પધારેલઃ

જ્ઞાતિ સુધારક વડીલ શ્રી રતનશી ભાઈ ખીમજી ખેતાણીએ તે વખતે ખોંભડીના મંદિરને ૧૦૦૦ કોરીનું દાન આપેલ તે એક અકલ્પનીય અને માતબર દાન હતું.

આવેલ મહેમાનો નું રસોડું શ્રી માધવજી ભીમજી ભગતના આંગણામાં કરવામાં આવ્યું હતું. જ્યારે કાર્યક્રમની સભા શ્રી નારાયણ શિવજી વાગડીયા ના આંગણામાં કરવામાં આવી હતી. સભાનું સંચાલન વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી એ કર્યું હતું અને સભાનું પ્રમુખ પદ મથલ ગામના વડીલ શ્રી પરબતભાઇ લખુભાઈ પોકારે શોભાવ્યું હતું. જ્યારે સ્થાનિક ખોંભડી ગામના આગેવાન શ્રી મુળજીભાઈ શિવજી વાસાણીએ સહ-સંચાલક તરીકે ફરજ બજાવી હતી.

નમસ્કાર છે તે ચાર પરિવારના ભાઈઓને કે ખોંભડી ગામની તે વખત ની સતપંથ સમાજનો પ્રચંડ વિરોધ હોવા છતાં પણ સામે પ્રવાહે તરીને એ ભાઈઓએ સનાતન ધર્મ ના ઝંડા નું રોપણ એટલી મજબુતાઈથી અને ગેહરાઈ થી કર્યું હતું કે તે સનાતન ધર્મ ખોંભડી ગામમાં આજે એટલી જ મજબૂતાઇ થી અડીખમઊભો છે. એ ચાર પરિવારોએ ગામમાં અઢાર અઢાર વરસ સુધી તે વખતની સતપંથ સમાજ દ્વારા લદાયેલ નાત બહાર ની શિક્ષા નો પણ સામનો કર્યો હતો.

સતપંથ સમાજનું તે વખતનું એક અમોગ શસ્ત્ર એટલે નાત બહાર કરવાનું શસ્ત્ર

આજના ઘણા બધા યુવાન ભાઈઓને પ્રશ્ન થશે કે નાત બહાર એટલે શું? તે વખત ની સતપંથ સમાજની પાસે તે વખતે એક હાથ

વગુ શસ્ત્ર એટલે સતપંથ વિરુધ્ધ જે વ્યક્તિ ચાલતો હોય તેને નાત બહાર કરવાનું શસ્ત્ર. જે સભ્ય પીરાણા સતપંથ ધર્મનો નો વિરોધ કરતો અથવા સતપંથ નો ત્યાગ કરીને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મ અપનાવતો તેને સતપંથીઓ અને સતપંથ સમાજ તે વ્યક્તિને અને અને તેના પરિવારને તે વખતે નાત બહાર કરી નાખતા. તેના પરિવારના સગપણ સાંતરા તોડી નાખવામાં આવતાં. એટલું જ નહિ થયેલા વિવાહ પણ તોડી નાખવાની ફરજ પાડવામાં આવતી. સતપંથી ભાઈઓને નાત બહાર કરેલા ભાઈઓની સાથે કોઈ પણ સબંધ રાખવાની સખત મનાઈ ફરમાવવામાં આવતી હતી. આવી પરિસ્થિતિમાં ખોંભડી ગામના સનાતની વડીલોએ ૧૮ – ૧૮ વરસ સુધી નાત બહાર રહીને સામે પ્રવાહે તરીને ખોંભડી ગામની સનાતન સમાજ અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરની સ્થાપના કરી હતી. તે હતી તે વડીલોની દીર્ઘદ્રષ્ટિ અને સનાતન ધર્મ પ્રત્યેનો અતૂટ વિશ્વાસ.

સુધારક વડીલોએ તે વખતે ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની જ સ્થાપના શામાટે કરી હશે? બીજા કોઈ ભગવાન ની શામાટે નહીં ?

સમાજના ગણા બધા આજના યુવાન ભાઈઓ ને અત્યારે વિચાર થતો હશે કે પીરાણા સતપંથ ધર્મમાં માનતા આપણા ભાઈઓએ તે સતપંથ નો ત્યાગ કરીને પુનઃ સનાતન ધર્મનો અંગીકાર કર્યા પછી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો ની જ સ્થાપના શા માટે કરી હશે? શિવ ભગવાન અથવા અન્ય કોઈ ભગવાનના મંદિરો ની સ્થાપના શામાટે નહી કરી હોય? તો તેની પાછળ નું કારણ એ છે કે વાંઢાય ધ્વારાના સંત શ્રી ઓધવરામજી માહારાજ ને એ વાતની ખબર હતી કે સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ઈમામશાહ બાવા પ્રેરિત પીરાણા સતપંથ ધર્મમાં આસ્થા ધરાવતા થયા પછી પેઢીઓ અને પેઢીઓ સુધી દારુણ ગરીબી માં જીવી હતી. પીરાણા ના સૈયદો દ્વારા નાના પ્રકારના વેરાઓ/લાગાઓ (Religious Dues) જ્ઞાતિના લોકો પાસે બળજબરી પૂર્વક ઉઘરાવીને સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને આર્થીક રીતે પાયમાલ કરી નાખી હતી. આપણી મા-બહેનોની હાલત તો એટલી બધી કફોડી અને બદતર હતી કે વાઘરી, કોલા-પારધી જેવી જ્ઞાતિઓ જ્યારે કોઈને શ્રાપ આપવો હોય ત્યારે એમકહેતાં કે ‘‘જા તારો આવતો જન્મકણબીની સ્ત્રીઓમાં થાય’’ કેટલી ખરાબ હાલતમાં આપણી મા-દીકરીયું-બહેનું જીવતીયું હશે? તેનો ખ્યાલ માત્રથી આપણી આજે પણ રુંવાડી ઉભી થઇ જાય છે. એવી હાલત હતી આપણી મા-બહેનોની. ત્યારે ઓધવરામજી મહારાજ ને થયું કે આ કોમને (જ્ઞાતિને) ભગવાન લક્ષ્મીનારાયણ ના ઉપાસક બનાવીને લક્ષ્મી પુત્ર બનાવું જેથી તેઓ આર્થિક રીતે સદ્ધર થઈ ને તેનું જીવન સ્તર ઉંચે લઈ જઈ શકે. અને તે સંતના આશીર્વાદ થી બન્યું પણ એવુ જ. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ જયારથી પુનઃ સનાતન હિંદુ ધરમનો અંગીકાર કરી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનને પોતાના ઈષ્ટદેવ માનીને તેની પૂજા અર્ચના કરવા લાગી ત્યાર પછી જ આપણે આર્થીક રીતે વધુ ને વધુ સદ્ધર થતા ગયા. એટલા માટેજ આપણે સનાતની લોકોએ સતપંથ મત નો સંપૂર્ણ પણે ત્યાગ કરીને ઈષ્ટદેવ ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરો ની સ્થાપનાઓ કરી. આજે દુનિયા લેવલે એક સિદ્ધ થયેલી વાત છે કે ગુજરાતની પાટીદાર જ્ઞાતિએ છેલ્લા ૫૦ વરસમાં જે બેજોડ પ્રગતિ કરી છે એટલી પ્રગતિ દુનિયાની કોઈ જ્ઞાતિએ કરી નથી. આ ગુજરાતના પાટીદારોમાં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના ભાઈઓ ની પણ ગણતરી થઈ જાય છે.

ખોંભડી ગામમાં એક સામટા ૮૦ થી ૯૦ સતપંથ ના ઘરોએ સનાતન ધર્મ નો અંગીકાર કરીને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં જોડાયા

ખોંભડી ગામમાં વિ.સં. ૨૦૦૨ માં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની પાન મૂર્તિ વાળા (જુના મંદિર) ની સ્થાપના પછી તુરંત એક અઠવાડિયા ની અંદર નીડર વડીલ શ્રી લધારામભીમજી રવાણી (હાટ વાળા)ની આગેવાની હેઠળ એક સામટા ૮૦ થી ૯૦ ઘર પીરાણા સતપંથ ધર્મ નો સંપૂર્ણ પણે ત્યાગ કરી, ગામની સતપંથ સમાજ નો ત્યાગ કરીને આપણો મૂળ હિંદુ સનાતન ધર્મ નો

અંગીકાર કરીને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં જોડાઈ ગયા હતા. આ એક બેજોડ સિદ્ધિ ની વાત હતી. કહેવાય છે કે તે સમયે ખોંભડી ગામના હરીજન વાસ માં ચર્ચા ચાલી કે હવે ખોંભડી ગામના કણબીઓ આપણા જેવા હિંદુ થયા. જુઓ તો ખરા કે સતપંથ મત ને લઈને હરીજન લોકોમાં પણ આપણી ઓળખાણ તે વખતે એક મુમના મુસલમાન તરીકે ની જ થતી હતી. એટલે જ તો તે વખતની સવર્ણ કોમો આપણ ને ઉંચે હાથે પાણી પીવડાવતા. આપણે ભલે હરીજન ને અડકીને છાંટ લેતા પણ આપણ ને છબીને સવર્ણ કોમો જેવીકે બ્રાહ્મણ, વાણીયા અને લોહાણા આપણી પણ છાંટ તો લેતા જ. સતપંથ ને લઈને આવી ઓળખ અને આવી પરિસ્થિતિ આપણા પૂર્વજો ની હતી.

ત્યાર પછી છેક હમણાં સુધી થોડા થોડા સમયાંતરે તબક્કા વાર ખોંભડી ગામમાં લગભગ બધાયે પરિવારો પીરાણા સતપંથ સમાજ નો ત્યાગ કરી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં જોડાઈ ગયા છે. કારણ એ હતું કે તે વડીલોને તે વખતે આત્મજ્ઞાન થયું અને તેમના પોતાના માં જાગૃતિ આવી કે આપણો મૂળ ધર્મ સનાતન હિંદુ ધર્મ જ છે અને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ છે અને આપણા કુળદેવી બીબી ફાતિમા નહી પણ આદ્ય શક્તિ જગત જનની મા શ્રી ઉમિયા માતાજી છે.

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ નો પાયો મજબુત કરનાર અને સમાજનું ઉન્નતીકરણ કરનાર તત્કાલીન મુખ્ય વડીલો હતા સર્વ શ્રી

૧. શ્રી નથુભાઈ માવજી ચવ્હાણ	૧૦. શ્રી પેથાભાઈ રામજી ભાભાણી
૨. શ્રી મેઘજી શિવજી વાગડિયા	૧૧. શ્રી કાનજીભાઈ ભીમજી ભગત
૩. શ્રી મુલજી ભાઈ લાધા ચવ્હાણ	૧૨. શ્રી દેવશીભાઈ નારણભાઈ ભગત
૪. શ્રી હિરાલાલભાઈ જેઠા ભાભાણી	૧૩. શ્રી માવજીભાઈ શિવજી વાગડિયા
૫. શ્રી રામજીભાઈ દેવશી પજવાણી	૧૪. શ્રી નાનજીભાઈ લધા ચવ્હાણ
૬. શ્રી નથુભાઈ ધનજી રવાણી	૧૫. શ્રી કરમશીભાઈ ખેતા રવાણી
૭. શ્રી ધનજી વિશ્રામચવ્હાણ	૧૬. શ્રી ખેતાભાઈ શિવદાસ ભાભાણી
૮. શ્રી લધાભાઈ માવજી ભગત	૧૭. શ્રી ખેતાભાઈ મેઘજી વાગડિયા
૯. શ્રી જેઠાભાઈ અરજણ રવાણી	૧૮. શ્રી માધવજી જેઠા વાગડિયા

નવા મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ની પ્રાણ પ્રતિષ્ઠા ઈ.સ.૧૯૭૦ વિ.સં. ૨૦૨૬

ઈ.સ.૧૯૭૦ વી.સ. ૨૦૨૬ ચૈત્ર સુદ ૧૩ ના શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે ખોંભડી ગામમાં નવા મંદીરનું ઉદ્ઘાટન કર્યું અને ધામધૂમથી આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રાણ પ્રતિષ્ઠા જુના મંદિર (પાન મૂર્તિ વાળા મંદિર) ની સ્થાપના ને બરાબર ૨૫ વરસ પછી કરવામાં આવી હતી. તેથી જુના મંદિરની અને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની હીરક જયંતી અને નવા મંદિરની સુવર્ણ જયંતી મહોત્સવ ઈ.સ.૨૦૨૦ ના તારીખ ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ મે ના ખોંભડી ગામના સૌ સનાતની ભાઈઓ ઉજવવા જઈ રહ્યા છે. (કોરોના વાઈરસને કારણે આ કાર્યક્રમો ને મુલતવી રાખવો પડ્યો છે. આ લખાણ થઇ રહ્યું છે તે સમય સુધી હજી નવી તારીખો નીકળી નથી) આજે મોજુદ નવા મંદિર નું નિર્માણ કરવામાં ઉપર જણાવેલ વડીલોની સાથે સાથે નીચે જણાવેલ વડીલોનો પણ સિંહફાળો હતો.

૧. શ્રી જેઠાભાઈ હીરજી ઉકાણી	૩. શ્રી નારણભાઈ જેઠા ભગત
૨. શ્રી શિવજીભાઈ ગોપાળ ભગત	૪. શ્રી કરમશીભાઈ રૈયા વધાડીયા

૫. શ્રી કાનજીભાઈ ભીમજી રવાણી
૬. શ્રી ગોપાલ ભાઈ હરજી પજવાણી
૭. શ્રી નાનજીભાઈ ગંગાદાસ ચવ્હાણ
૮. શ્રી નથુભાઇ મેઘજી વાગડિયા
૯. શ્રી પેથાભાઈ રામજી પજવાણી
૧૦. શ્રી દેવશીભાઈ મનજી સેંઘાણી
૧૧. શ્રી ખીમજીભાઈ મનજી પજવાણી
૧૨. શ્રી કરમશીભાઈ જેઠા ભગત
૧૩. શ્રી હરજીભાઈ રૈયા વાગડિયા
૧૪. શ્રી રામજીભાઈ લધારામરવાણી

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની ઉદારતા

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે ઘણું મોટું મન રાખી ખાસ કરીને ઈ.સ. ૧૯૯૫ માં મંદિરની રજત જયંતી ઉત્સવ વખતે અને ત્યાર પછી તબક્કા વાર ખોંભડી ગામના લગભગ બધાય પાટીદાર પરિવારોને હિંદુ સનાતન ધર્મ અંગીકાર કરાવીને ખોંભડી ગામની શ્રી પાટીદાર સનાતન સમાજમાં સમાવેશ કરી લીધો હતો. તમોને જાણીને તાજ્જુબ થશે કે ૧૯૯૫ પછી છેલ્લે જયારે અમુક પરિવારો આપણી સનાતન સમાજમાં જોડાવા તૈયાર હતા તે વખતે પ્રમુખ વડીલ શ્રી કાનજીભાઈ શામજી રવાણી હતા. તે વખતે વડીલ શ્રી માધવજી જેઠા વાગડીયાએ ટકોર પણ કરી હતી કે હવે જો આ સતપંથના પરિવારો સનાતન સમાજમાં ભળી જતા હોય તો ભેળવવાથી પહેલા જ્યોતીશ ધામનું (ખાનાનું) બકાયદા વિસર્જન થવું જોઈએ અને તેની જે કંઈ મિલકતો હોય તેનું શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં બિનશરતી વિલીનીકરણ કરવું જોઈએ અને ત્યાર પછી જ સતપંથ સમાજના બાકી પરિવારોને સનાતન સમાજમાં ભેળવવા જોઈએ. પણ અફશોશ એ વાતનો છે કે તે વડીલની વાતને તે વખતે ગણકારવામાં આવી નહિ અને તે સતપંથના પરિવારોને વિના કોઈ શરતે સનાતની સમાજમાં ભેળવી દેવામાં આવ્યા. અને તે પરિવારો સનાતન સમાજમાં રહીને તેમની શ્રદ્ધા પીરાણા સતપંથ ધર્મમાં આજ દિવસ સુધી કાયમરાખી બંને બાજુ ઢોલ વગાડતા રહ્યા. તેવા લોકો કઈ સંસ્થાને અને કયા ધર્મને વફાદાર રહ્યા તે સમજાતું નોતું. સતપંથ સમાજ કે સનાતન સમાજ બંને માં થી કોને વિશ્વાસ પાત્ર રહ્યા તે આજ દિવસ સુધી તે માત્ર એક કોયડો જ બની રહ્યો છે..... (વાચક વર્ગ ને જણાવી દઉં કે આ પરિસ્થિતિ અને વ્યથા માત્ર ખોંભડી ગામની જ નોતી. કચ્છ ના લગભગ દરેક ગામની સનાતની સમાજો ની હતી) જ્ઞાતિની સનાતન મુદ્દે અત્યાર સુધીની છેલ્લી અને ચોથી ક્રાંતિ ની શુરુઆત પહેલાં આવી પરિસ્થિતિ લગભગ દરેક ગામોની સનાતન સમાજોની હતી. પણ જ્ઞાતિની ચોથી સનાતની ક્રાંતિ પછી તેમાં ગણો બધો સુધારો થઇ ગયો છે.

આમકરવા છતાં પણ ખોંભડી ગામના અમુક પરિવારો હજી સુધી સનાતન સમાજમાં ભળ્યા નથી. આવા પરિવારો જે હોય તેમને પણ આગામી ૨૦૨૩ ના ઉત્સવ નિમિત્તે સનાતન સમાજમાં સમાવી લેવાની કોશિશો કરવી જોઈએ અને એમકહેવાય છે કે આવી કોશિશો અમુક ભાઈઓ દ્વારા ચાલુ કરી દેવામાં આવી છે. આજના ખોંભડી ગામના નવા પ્રમુખ શ્રી કાન્તીભાઈ લાલજી રવાણી એક યુવાન અને હોનહાર નેતૃત્વ બળ ધરાવે છે. લોકોને વિશ્વાસની સાથે સંપૂર્ણ ખાતરી પણ છે કે તે પ્રયત્નોમાં ખોંભડી ગામજરૂર સફળ થશે. અને બાકી રહેલ પરિવારો પણ સનાતન સમાજમાં ભળી જશે. અને આખું ખોંભડી ગામઆગામી હીરક/સુવર્ણ જયંતી મહોત્સવ પહેલાં સંપૂર્ણ સનાતની ગામબની જશે. એવી સૌ સનાતની ભાઈઓને આશા છે. ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ખોંભડી ગામને ભલી મત આપે અને ગામના દરેક કચ્છ કડવા પાટીદાર ભાઈઓ સનાતની બની જઈ એક થઇ જાય એવી ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને હૃદય થી પ્રાર્થના કરું છું.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ નખત્રાણા તા.૧૪.૦૫.૧૯૪૬ શ્રી ખોંભડી પાન મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યની મિનીટ

ખોંભડી તા. ૧૪.૦૫.૧૯૪૬

સવારના ૧૧.૦૦ વાગાથી અમે મંદિરના શણગાર કાર્યમાં અહીંના તમામસનાતની ભાઈઓ ગૂંથાયેલા હતા. આવનાર મહેમાનો તથા વોલીન્ટીઅર ભાઈઓ સારું (માટે) ખાવા ઉતરવાની સુંદર સગવડ રાખવામાં આવેલ હતી. ઉતારા માટે મકાન તેમજ વાસણો વિગેરેની લોહાણા માહાજન ભાઈઓ તરફથી સુંદર સગવડ થયેલ હતી. અને તે બદલ સનાતની ભાઈઓએ તેનો સહર્ષ ઉપકાર માનેલ છે. આજે સાંજ સુધીમાં વોલીન્ટીઅર ભાઈઓ આવી ગયેલ હતા. તેમની નીચે મુજબ ગામોએથી ટુકડીઓ ની સંખ્યા આવેલ હતી.

વિરાણી	૧૨
કોટડા(જ)	૧૪
મથલ	૧૨
રસલીઆ	૦૫
દેસલપર	૦૮
ખોંભડી	૨૦
કુલ	૭૧

કુલ ૭૧ વોલીન્ટીઅર ભાઈઓએ હાજરી આપેલ હતી. જેઓ જરા પણ જુદાઈ ન ગણતાં તરત કામમાં જોડાઈ ગયા હતા. આજે સાંજના ૪.૦૦ વાગે અહીંના લધારામભીમજીભાઈ નામના એક પાટીદાર ગ્રહસ્થ કે જેઓ મુંબઈ હતા તેઓ ત્યાંથી એરોપ્લેન મારફતે ભુજ અને ભુજથી સ્પેસીઅલ કારથી અત્રે આવી ગયેલ હતા. અને તેઓની રજા મળતાં અહીંના લગભગ ૩૦૦ યુવકો કે જેઓ આજ સુધી અંદરપેટે ખોભડીની સનાતન સમાજમાં ભાગ લેતા હતા તેઓ જાહેરમાં આ કાર્યમાં જોડાઈ ગયેલ હતા. અને તેઓના ઓચિંતા વર્તન ફેર થી તેમના પીરાણા પંથી વડીલો ઉશ્કેરાઈ ગયા અને તેઓનો વેગ અટકાવવા બનતા ઉપાયો કર્યા પરંતુ સર્વે નિષ્ફળ ગયેલ હતા. આજે સાંજ સુધી અમે ગામને નાકાં તથા ઠેક ઠેકાણે બોર્ડ તથા સભા મંડપ બતાવતો સનાતની ધ્વજ ફરકાવી દેવામાં આવેલ હતો. ગામમાં સનાતની ભાઈઓના ફક્ત સાત (૭) ઘર છે જેઓ આજ વીસ વરસથી બીજા પીરાણા પંથીઓ થી જુદા બેઠા છે. તેઓ સાથે ખાવા પીવા કે બીજો કોઈ પણ જાતનો વ્યહવાર નથી. છતાં પણ તે ભાઈઓ પાસેથી જાણવા મળેલ છે કે અહીંના ગામધણી જાડેજાઓ તથા લોહાણા મહાજન ભાઈઓ તેમજ અન્ય હિંદુ ભાઈઓની કૃપા વડે અમોને જરા પણ મૂંઝવણ આજ સુધી ઉત્પન થયેલ નથી. અહીંના હિંદુ ભાઈઓનું સંગઠન અને જ્ઞાતિ ભેદભાવ રાખ્યા વગરનું વર્તન ખરે ખર આવકારદાયક ગણાય. સાંજે ૬.૦૦ વાગે સમાજના પ્રમુખશ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી તથા બીજા ભાઈઓ વિરાણીથી આવેલ હતા.

ખોંભડી તા. ૧૫.૦૫.૧૯૪૬

આજે વહેલી સવારથી ગામના તમામ ભાઈઓ તથા બહારગામથી આવેલ સ્વયંસેવકો જુદે જુદે કામે લાગી ગયેલ હતા. સવારના ૧૦.૦૦ વાગે નાકાં વિગેરે કાર્ય વ્યવસ્થિત કરી લીધેલ હતું. સ્વયમસેવકોએ મંદિરની અંદર હવનકુંડ તૈયાર કરી લીધેલ હતો. અને ૧૦.૩૦ વાગે વાજતે ગાજતે જલ યાત્રા કરવા ગયેલ હતા. અને કેટલાક ભાઈઓ તો જુદાં જુદાં કામમાં જ મશગુલ બની ફરજ અદા કરી રહેલ હતા.

જાહેર સભાનો રીપોર્ટ તા. ૧૫.૦૫.૧૯૪૬

શ્રી મુળજીભાઈ શિવજી વાસાણી ખોંભડીવાલા

પૂજ્ય માહારાજ સંત શ્રી દયાળદાસજી મહારાજ, ભાઈઓ તથા માતાઓ.
અમારા ગામમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ પ્રતિષ્ઠા કાર્ય માટે આપ સર્વે ભાઈઓને આમંત્રણથી બોલાવેલ છે. અમારા ગામમાં પાટીદારોની વસતી ઘણી છે પરંતુ સનાતનમાં પહેલ કરનાર ભાઈઓ બહુજ થોડા છે. તો અમારા આ કાર્યમાં આપ બહારથી આવનાર ભાઈઓની મદદની ખાસ જરૂર છે. અને મદદ મળશે ત્યારે જ અમારા કાર્યમાં ખામી જણાશે નહી. વસ્તુઓ બધી તૈયાર છે પરંતુ તેનો ઉપયોગ કરનાર અમે બહુજ થોડા ભાઈઓ છીએ. તો મારી આપ સર્વે ભાઈઓ સમક્ષ વિનંતી છે કે અમારું આ કાર્ય તમારું પોતાનું સમજીને વહોરી લઈ અમારા ગામની શોભા વધારશો એમઆશા રાખું છું. આજની આ સભા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખશ્રી શ્રીમાન રતનશીભાઈ ખીમજી ખેતાણીની સુચનાથી કરવામાં આવેલ છે. હજુ આપણને બીજા ગણા કાર્યો કરવાના હોવાથી તરતમાં સમેટી લેશું એવી આશા રાખું છું.

શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી વિરાણી વાળા

પૂજ્ય મહારાજ શ્રી, ભાઈઓ, તથા બહેનો.
શ્રીયુત મુલજીભાઈએ ગામની જે પરિસ્થિતિ વર્ણવી તે આપણે બધા સમજી ગયા. ખોંભડી ગામમાં ગણા દહાડા થયા સનાતની ભાઈઓના ફક્ત સાત જ ઘર છે. તેઓ આજ સુધી એક નિષ્ઠાથી ધર્મ કાર્ય કર્યે જાય છે. જ્યારે આજે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ પધરાવવાનું ભાગ્ય પ્રાપ્ત કરી શકેલ છે. તો આ કાર્યમાં તન મન અને ધનથી સેવા આપવાની આપણી દરેક સનાતની ભાઈઓની ખાસ ફરજ છે. આપણે મહેમાન તરીકે આવેલ નથી. આપણું સ્વાગત આપણે પોતાને જ કરવાનું છે. તેમાં કંઈ પણ વિટંબણા કે માન અપમાન જોવાનું નથી પરંતુ આપણું કાર્ય દઢ પણે કર્યે જવાનું છે. આજે જુદે જુદે ગામેંથી આપણા સનાતની ભાઈઓ પધારવાના છે તો તેઓની સગવડ સાચવવાની જવાબદારી આપણા શિર પર છે. તે માટે કાર્યક્રમઅત્યારે જ ઘડવામાં આવશે અને આપણે સર્વે જ્ઞાતિ સેવાનો પૂરો લાભ લેશું એવી આશા રાખું છું. ત્યાર બાદ સ્વયમસેવકોની ફરજ શું છે તે વિષે સારામાં સારું વર્ણન કરી દરેક સ્વયમસેવક ભાઈઓને સમજાવેલ હતું. અને નીચે મુજબ કાર્યની વેચણી કરી હતી.

કાર્યની વહેંચણીઃ

રસોડા વિભાગમાં શ્રી રસલીઆ, મથલ અને દેસલપૂરના વોલીન્ટીઅર ભાઈઓ નીમવામાં આવેલ હતા. તથા સભામાં આવનાર ભાઈઓની વ્યવસ્થા જાળવવાનું કાર્ય પણ તેઓને જ સોંપવામાં આવેલ હતું. સભા મંડપ તથા મંદિરના કામકાજ ખાતે શ્રી કોટડા તથા વિરાણીના વોલીન્ટીઅરો નીમાએલ હતા. આવનાર ભાઈઓના ઉતારા વિગેરેની સગવડ કરવા ખોંભડીના વોલીન્ટીઅરોને નીમવામાં આવેલ હતા. ઉપર પ્રમાણે બધા ભાઈઓને કાર્યની વેંચણી કરી દેવામાં આવેલ હતી. અને તે બધા ભાઈઓની મદદ માં શ્રી દેસલપુરના તથા રસલિઆ ના ભાઈઓ રોકાયેલ હતા. આ પ્રમાણે બધાજ ભાઈઓએ પોતાનું કાર્ય સંભાળી લીધેલ હતું. ત્યાર બાદ સભા કાર્ય સમેટી લેવામાં આવેલ હતું. ત્યાર બાદ કોટડાથી આવનાર મહેમાનનું સામૈયું તથા ભગવાનની મૂર્તિનાં ફુલેકાં ની તૈયારીઓ કરવામાં આવી હતી.

સામૈયાનું વર્ણનઃ

મહેમાનોનું સામૈયું કરવા ગામમાંથી તમામહિંદુ ભાઈઓ વાજતે ગાજતે વથાણમાં ગયેલ હતા જેમાં ગામના લોહાણા, બ્રાહમણ, ક્ષત્રીય વિગેરે ભાઈઓની હાજરી હોઈ ગામના જુજ સનાતની પાટીદારોને જરા પણ ઉણપ જણાએલ નહોતી. સામૈયામાં આસરે ત્રણથી સાડાત્રણ હજાર માણસોની સગવડ હતી. સરઘસ પાછુ વળતાં ખાના પાસે આવતાં પીરાણા પંથીઓ ભીતો પરથી આ રમણીય દેખાવનું અવલોકન કરી રહ્યા હતા. પરંતુ તેમાં હાજરી આપવાનું ભાગ્ય પ્રાપ્ત કરી શકેલ નહોતા.

પાછા વળતાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ સાથે લઈ લેવામાં આવેલ હતી. આખા ગામમાં ફરી, પાછા સભા મંડપમાં આવતાં ૨.૩૦ કલાક જેટલો સમય વ્યતીત થયો હતો.

ખોંભડીમાં થયેલ સનાતન સમાજની જનરલ સભાનો રીપોર્ટ તા. ૧૫.૦૫.૧૯૪૬ સમયઃ રાતના ૮ થી ૧૦.૩૦ સુધી

સભા પ્રમુખની દરખાસ્ત મુકનારઃ શ્રી મુલજીભાઈ શિવજી ખોંભડીવાલા
ટેકો આપનારઃ શ્રી રતનશી નારણ વાગડિયા ખોંભડીવાલા
પ્રમુખ શ્રી પરબતભાઈ લખુ પોકાર મથલવાલા

સભા પ્રમુખ શ્રી નું ભાષણઃ

પૂજ્ય મહારાજ શ્રી (દયાળદાસજી મહારાજ), ભાઈઓ તથા બહેનો,
મને આજની સભાનો પ્રમુખ તરીકે ચૂંટવામાં આવેલ છે તો હું મારી બુધ્ધી અનુસાર તે સ્થાન સંભાળવાની સહાનુભુતિ બતાવું છું અને મારું સ્થાન સંભાળું છું.

મહારાજ શ્રી દયાલદાસજી વાંઢાયવાલા

મંત્રોચારથી શુરુઆત.
મેરબાન પ્રમુખ સાહેબ, સજ્જનો, બ્રહમ સામાજ સદગ્રહાસ્થો અને બહેનો.
આજની સભા જોઈ અતિશય હર્ષ થાય છે. સનાતન ધર્મમાં એટલા બધા ભાઈઓ ભાગ લઈ રહેલા છે તેથી આનંદ થાય છે. પાટીદાર ભાઈઓના આ કાર્યમાં બીજી કેટલીક જ્ઞાતિઓ બલ્કે હિંદુઓ સર્વે ભાગ લઈ રહેલ છે તે જોઈ આનંદ થાય છે. બંધુઓ, આ સમય આપણી ફરજ અદા કરવાનો છે. આજની સભામાં ગણા ભાઈઓ બોલવાના છે જેથી હું મારું બોલવું ટૂંકમાં બોલી મારો સમય સમાપ્ત કરીશ. આવતી કાલે આ સભામાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયાણને આપણા મંદિરમાં પધારાવશું તે અપણા હૃદય મંદિરમાં પણ પધરાવવાના છે અને ત્યારે આપણે પ્રભુ પાસેથી શું માગશું?
મહારાજ શ્રી નું એક ભજન.............
સાર-પ્રભુ પાસે આપણને એજ માંગવાનું છે કે જ્ઞાન આપો અને નિર્મળ બુધ્ધી આપો, શક્તિનું દાન આપો. આપણા આ મંદિરનું કાર્ય કરતાં શ્રી નારણભાઈ શિવજી વગાડીયાએ પોતાનો ભોગ આપ્યો અને તે કાર્ય આજે આપણે પૂર્ણ કરીએ છીએ ત્યારે તેઓના આત્માને કેટલો બધો આનંદ થતો હશે. આપણે આપણા ગામમાં પ્રભુને પધરાવી તેમાં પૂર્ણ શ્રધ્ધા રાખશું તો પ્રભુ આપણને પગે પગે સહાયતા આપવા માટે બંધાયેલ છે. આજે કળીયુગમાં પણ પ્રભુ ભક્તોને સહાય થાય છે જેનો દાખલો મહારાજ શ્રીએ ભજન ગાઈને આપ્યો હતો.

ગાંધીજી જેવા મહાન આર્ય પુરુષો (આર્ય શબ્દ કંઈ નવીન નથી) આપણા વડવાઓ એટલે કે હિન્દુસ્થાનમાં મહારાણા પ્રતાપ, શિવાજી, રામ, ક્રુષ્ણ, હરિશ્ચંદ્ર, પ્રહલાદ વિગેરે થઇ ગયા તે આર્ય મહાત્મા જેવાને રાષ્ટ્રીય લડતમાં કેટલાં દુઃખો સહન કરી પ્રભુમાં વિશ્વાસ રાખી કાર્ય કર્યે જવું. દુઃખથી ડરી જઈ પાછો પગ ભરવો નહી. હવે પછી વધુ આપણા સમાજના પ્રેસિડેન્ટ શ્રી રતનશી ભાઈ સમજાવશે. મારા બોલવામાં કંઈ ભૂલ થઇ હોય તો જેમમાવીત્રને બાળકની તોછડી ભાષા પણ મીઠી લાગે છે તેમગ્રહણ કરી ક્ષમા કરશો. બીજાને વખોડવા વિષે આરીશાનું દ્રષ્ટાંત આપીને મહારાજ શ્રી એ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું હતું.

શ્રી મુળજીભાઈ શિવજી ખોંભડીવાલા:
મહારજ શ્રીએ આજે ભજન બોલી આપણને જે ઉપદેશ કરેલ છે તે આપણને બહુજ ટૂંક લાભ લઈ રહેલ છીએ. જેથી આવતી કાલે તેઓના ઉપદેશનો લાભ લેવા પ્રોગ્રામરાખવાનો વિચાર છે. જે આપ સર્વે સમક્ષ જણાવું છું.

શ્રી દેવશી કાનજી દેવપર:
આજના પ્રભુના ઉત્સવમાં ગણા ભાઈઓ પધારેલા જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો. એક માણસને પોતાની ખોવાઈ ગયેલી વહાલી વસ્તુ પાછી મળતા જેટલો આનંદ થાય તેટલો જ અત્યારે આજે આપણને આપણો ખોવાઈ ગયેલ સનાતન ધર્મ મળતાં થયો છે. આપણે હિંદુ વિષ્ણુ ભગવાનને માનનારા છીએ છતાં પણ આપણને આપણા ભગવાનમાં પુરતો વિશ્વાસ નથી. આપણે ગણા ભગવાનોને માનીએ છીએ તેથી જ આપણને દુઃખો ભોગવવા પડે છે. જેમમુસલમાનો એક ખુદા શિવાય કોઈને માનતા નથી. તેમઆપણને પણ આપણા વિષ્ણુદેવ ને માનવા જોઈએ. આપણે સનાતની ક્યારે કહેવાશું કે જ્યારે પ્રભુમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીશું. અજ્ઞાન રૂપી અંધકાર દુર કરી હવે જ્ઞાન રૂપી તેજસ્વી જ્યોત આપણા રુદયમાં પ્રગટાવવી જોઈએ. શુરવીરો રણે ચડે છે ત્યારે જે જુસ્સો દાખવે છે તેવો જ જુસ્સો મેદાનમાં દાખવી શકતા નથી તેવી જ રીતે આપણી જ્ઞાતિના ઘણા ભાઈઓ પરદેશથી સનાતન ધર્મ સ્વીકારવાની પ્રતિજ્ઞાઓ લઈને આવે છે, અને જ્યારે કચ્છના કાંઠા ઉપર પગ દે છે ત્યારે તેના અંધ શ્રધ્ધાળુ વડીલોના હુકમથી દબાઈને પીરાણા પંથ ને જ માને છે. અને બધો ઉત્સાહ ઓસરી જાય છે. એ ગણું જ અફસોસ જેવું ગણાય. આપણે ક્ષત્રીય વંશના છીએ તો આપણા વડીલોના અમર ઇતિહાસો વાંચો. વચન ની ખાતર તેઓ શું કરી ગયા છે? તો આપણને પણ આપણી ટેક છોડવી જોઈએ નહીં. આપણે પરદેશ જતા હોઈએ ત્યારે આપણને કોઈ પૂછે કે કોને માનો છો એટલે આપણે કહેશું કે બ્રહ્મા વિષ્ણુ ને માનીએ છીએ. જ્યારે આપણને પૂછે કે કયો ધર્મ પાળો છો ત્યારે મહાન સવાલ ઉભો થાય છે અને આપણે આપણો ધર્મ બતાવી શકતા નથી. હવે આપણને સનાતન ધર્મ હાથ લાગી ગયેલ છે. એટલે જરા પણ મુંજાવા જેવું રહેશે નહી. કોઈ પૂછશે તો તરત કહેશું કે સનાતની છીએ. આપણે આથી અગાઉ કંઈ વટલી નોહતા ગયા પણ આપણે આપણા આચાર વિચાર છોડી દીધા હતા જેથી આપણને બીજા હિંદુ ભાઈઓ જુદી દષ્ટિ થી નિહાળતા. જ્યારે આજે આપણે સર્વેની હરોળમાં ઉભા રહી શકવાને શક્તિમાન બન્યા છીએ, આજે આપણી વર્તણુકમાં ફેર ફાર થતાં બ્રાહ્મણ જેવા ઉચ્ચ કોટીના માણસો પણ આપણી સાથે છૂટથી ભાણે વ્યહવાર રાખતાં અચકાતા નથી.પ્રત્યેક પ્રાણી પર દયા એ આપણું શુભ છે. કરોડોનું દાન કરશું છતાં પણ જે આપણામાં દયા નહી હોય તો એ દાનનો કંઈ પણ અર્થ નથી. માટે દયા રાખવી. હવે હું મારું બોલવું બંધ કરું છું.

શ્રી જેઠાભાઈ હરિભાઈ મથલ:
મારા સનાતની જ્ઞાતિ ભાઈઓ પોતાના ધર્મમાં એક નિષ્ઠા રાખી જે કાર્ય કરી રહેલ છે તે માટે ખરે ખર હું મગરૂર બનું અને હવે અમો ગુજરાતમાં પણ અમારી જ્ઞાતિ માટે અભિમાન કરી શકીશું. મહારાજ શ્રી દયાલદાસજી જેવા જે મારી જ્ઞાતિ બંધુઓને ઉપદેશ આપી રહેલ છે તે હમેશાં આપતા રહેશે એવી તેઓ પ્રત્યે આશા રાખું છું અંધ શ્રધ્ધાનું દષ્ટાંત (આંધળો અને ચોર વિષે પથરા પકડાવવા બાબત..........
આવીજ રીતે આપણા અંધ શ્રધ્ધાળુ વડીલો પીરાણા પંથમાં શ્રધ્ધા રાખી સૈયદ રૂપી ચોરોએ હાથમાં પકડાવેલ પથરાઓ આપણી છાતીમાં મારે છે તો એ પથરા મારનાર મારા અંધ શ્રધ્ધાળુ ભાઈઓને હું વિનંતી કરું છું કે આપણે રસ્તો ભૂલી જઈએ ત્યારે ભોમિઆ માણસને પૂછવું કે ભાઈ મને રસ્તો બતાવ તેવીજ રીતે આપણે ધર્મ ભૂલ્યા હોઈએ તો સુધારક ભાઈઓને પૂછવું કે અમને સાચો ધર્મ બતાવો. તેમાં જો શરમમાનીએ તો આપણે વધારે ઉંધે રસ્તે ચડી જઈએ અને પાછળથી પસ્તાવાનો વખત આવે. એજ મારૂ બોલવું હવે બંધ કરું છું.

માસ્તર પોપટલાલ રઘુરામ (કોટડા જડોદર):

આજનો ઉત્સવ ખરેખર તો પાટીદાર ભાઈઓનો જ ગણાય છતાં પણ ગામમાં તમામહિંદુ ભાઈઓ તેમાં ભાગ લઈ રહેલ છે તેનું કારણ એજ કે આપણે ભૂલેલો માર્ગ છોડી દઈ પાછા સાચે માર્ગે તેઓના સમુદાયમાં જોડાઈએ છીએ તે માટે તે સર્વે ભાઈઓને પણ આનંદ થાય છે. જેમઆપણે ભગવાનના મંદિરને શણગારીએ છીએ તેવી જ રીતે આપણને આપણા રદય મંદિરને પણ શણગારવું જોઈએ. એટલે કે આપણે આપણા આચાર વિચારમાં પણ ફેર ફાર કરવા જોઈએ અને તે આપણા આચરણો ફેરવવાનો ખરો ધર્મ, ધર્મ ઉપદેશકો અને પૂજારીઓનો છે. તેઓ આપણને ઉપદેશ દ્વારા આપણા આચરણો ફેરવી શકશે. પાટીદાર શિવાય બીજા દરેક હિંદુ ભાઈઓ ધર્મ કાર્યમાં સંપૂર્ણ સાથ આપી રહેલ છે તે આનંદની વાત છે. તમારી જ્ઞાતિ એ ગંગા છે. એ ગંગા બરાબર સીધે માર્ગે જ વહે જાય છે. ફક્ત તેમાં વિધર્મ રૂપી કાદવ અને કચરો છે. તે કાઢી નાખવાની આપણી ફરજ છે. આટલું બોલી બેસી જવાની રજા માંગુ છું.

શ્રી પુંજાભાઈ ખેતશી ગ્વાલીઅર સ્ટેટ (જનકપુર) વાલાઃ

આથી પહેલાં જે ભાઈઓએ અમૃત રૂપી વાક્ય કહી ગયેલ છે તે પ્રમાણે વર્તવાની આપણી બધાની ખાસ ફરજ છે. મારા બોલવામાં કંઈ ખામી જણાય તો આપ સર્વે ક્ષમા કરશો. આપણા આ સુધારા કાર્યમાં યુવકોને ભાગ લેવાનો ખાસ આગ્રહ કરું છું. કારણકે દરેક સુધારા કાર્ય યુવકો થકી જ થાય છે. આજથી ચોવીસ વરસ ઉપર અમો કરાંચી મસાણમાં ઉપાસના કરવા જતા. જયારે અમોને શ્રી નારણજી રામજી, રતનશી ખીમજી, શિવજી કાનજી વિગેરે સુધારક ભાઈઓએ ઉગારેલ હતા. સમજાવનાર ભાઈઓ તો આપણને સમજાવે પરંતુ આપણને તેઓનાં વાક્યો ગ્રહણ કરવાં જોઈએ. શરીર ક્ષણ ભંગુર છે. આપણા પર નીશદિન કાળ ભમ્યા કરે છે તો આપણે આપણી જીંદગીમાં સુકર્મો કરીશું તો જ આપણો ઉધ્ધાર થશે. આથી અગાઉ ઘણા ભાઈઓ ધર્મને માટે પોતાનાં રક્ત વહેડાવી ગયેલ છે. તો આપણે પણ આપણા ચુકી ગયેલ સનાતન ધર્મ પાછો ધારણ કરી આપણી ફરજ અદા કરશું એવી આશા રાખું છું. આથી અગાઉ આપણા ગણા ભાઈઓ ધર્મ બાબત સુંદર ઉલ્લેખ કરી ગયા છે એટલે બાબત વધારે સમય લેવા માગતો નથી. આપણા વડીલો કોણ હતા? આપણા વડીલો મહાવીર, રામચંદ્ર અને પ્રતાપ જેવા થઈ ગયેલ છે તો આપણે તેના સંતાનો છીએ અને જે માર્ગે તેઓ ચાલી ગયા છે તેજ માર્ગ આપણને પણ ગ્રહણ કરવો જોઈએ. આપણે આપણો સનાતન ધર્મ સ્વીકારવો જોઈએ અને તે ધર્મ સ્વીકારીને ખાલી ધર્મની વાતો જ કરવાની નથી. પણ આપણે તે ધર્મના સંબંધોન અનુસાર આચરણ કરવું જોઈએ. આપણા હરિશ્ચંદ્ર અને રામચંદ્ર જેવા વડવાઓ પોતે જે માર્ગે ચાલી ગયા છે તેજ માર્ગે આપણને ચાલવાનું સુજાવે છે. હું ગવાલિઅર સ્ટેટમાં ગણા વારસો થયા રહું છું એટલે મને અહીંનો ખાસ અનુભવ નથી છતાં પણ વક્તાઓના બોલવા પરથી અનુમાન કરી શકું છું કે અહીં યુવક વર્ગમાં જોઈએ તેવું જોર નથી. યુવકોએ ખાસ સમજવું જોઈએ કે જ્ઞાતિ નાવનું સુકાન યુવકોના હાથમાં છે માટે એ નાવ ઉંધી દિશાએ ન ચડી જાય તે માટે સુકાનીએ તો હર હમેશ જાગૃતિમાં જ રહેવું જોઈએ. આપણે આપણું વર્તન મધુમય રાખવું જોએ. ત્યાર બાદ શાસ્ત્રોક્ત દાખલાઓ, પ્રેમકેવો હોવો જોઈએ વિગેરે બાબતો સુંદર રીતે ચર્ચી હતી. ત્યાર બાદ કેળવણી વિષે પણ અસરકારક ચર્ચા કરેલ હતી અને હિંદુઓનો ધર્મ શું છે તે સમજાવેલ હતું. અને અબળા રક્ષણ વિષે મહારાજા જયસિંહનું દષ્ટાંત આપેલ હતું જેમાં માતૃ ધર્મનો પણ સમાવેશ થાય છે. તો આપણે પણ આપણો સનાતની ઝંડો સજીવ રાખવામાં ગમે તેટલાં સંકટો પડે તો પણ પાછા હટવું નહીં. આટલું બોલી બેસી જવાની રાજા માગું છું કારણકે હજુ મારા પછી ઘણા ભાઈઓને બોલવાનું છે. અસ્તુ .....

આના પછી શિવજીભાઇ કાનજીનું ભાષણ લખવાનું રહી ગયેલ છે તે અલગ પાનામાં લખેલ છે.

શ્રી રતનશીભાઈ ખીમજી વિરાણી વાલા-(સનાતન સમાજના પ્રમુખ)

આથી અગાઉ બોલી જનાર ભાઈઓ તથા વિદ્વાનોનો ઉપકાર માનેલ હતો. આપણી જ્ઞાતિમાં કેટલી બધી ખામીઓ દૂર થઇ ગઈ

છે તે આપણે આજના મેળાવડા પરથી જાણી શકીશું. આપણે ઈ.સ. ૧૫૪૨ થી ૧૮૩૨ સુધી પીરાણા પંથને માનતા હતા પણ આચાર વિચાર વૈદિક ધર્મના પાળતા હતા. પરંતુ ૧૯૩૨ પછી વલીમીયાં સૈયદ અને ગૌરીશંકર ભાટ વિગેરે નખત્રાણા મધ્યે કચ્છમાં આવ્યા અને ત્યારથી આપણા વર્તનમાં ફેરફાર થયો. ભાટને આપણે માનતા હતા તેઓને પણ રજા આપી સૈયદોના આચરણો આપણા ઘરમાં ઘૂસેડી દીધાં અને આ પીરાણા પંથના પુસ્તકોમાં પણ અર્ધા મુસલમાની શબ્દો અને અરધા હિંદુ શબ્દો ઘુસાડી દીધા. પીરાણા પંથના પુસ્તકો બધાંજ હાથથી લખેલ હશે, કોઈ પણ છાપેલાં હશે નહીં તેનું કારણ આવા અર્ધ દગ્ધ પંથના પુસ્તકો કોઈ પ્રેસ વાલા પણ છાપે નહીં. સૈયદો જો આપણા વડીલોને એમસમજાવેલ હોત કે આ ધર્મ હિંદુ નથી તો આપણા વડીલો તેનો સ્વીકાર કદી પણ કરત નહીં પરંતુ તે ન સમજાવતાં પોલીસી વાપરીને આપણા ધર્મમાં મુસલમાની તત્વો ઘૂસેડી દીધાં. આજે કચ્છમાં સનાતની કડવા પાટીદારોની વસતી ચાલીસ હજાર છે તે બધી આવી જાહેર સભાઓમાં શંકાઓનું સમાધાન થવાથી થયેલ છે. આપણામાં વિધર્મી તત્વો આટલા બધા વરસો સુધી ટકી રહેવાનાં કારણો ઘણાં છે. એક તો કચ્છમાં કંઈ પણ સાધનો નથી કેળવણીના કે નથી નવીન સમાચારો જાણવાના. આવો પંથ પરદેશમાં એક છ માસ સુધી પણ ટકાવી શકાય નહિ. કારણકે ત્યાં આપણાજ ભાઈઓના વર્તનની છાપ આપણા પર પડે. પરંતુ અહી તો આપણે આપણા ગુજરાત કાઠીયાવાડના પાટીદાર ભાઈઓથી જુદા પડી ગયા છીએ. અને તેઓના સંપર્કમાં આવી શક્યા નથી. એટલે જ આજ સુધી આપણા સાચા ધર્મને ઓળખી શક્યા નથી. મારા ઘણા ભાઈઓને એમલાગે છે કે સુધારકો તો ધર્મની નિંદા કરે છે પણ અમો એવા અભાગિયા નથી કે ગંગા સ્વરૂપ જ્ઞાતિની જ નિંદા કરીએ. પરંતુ માતા કુમાર્ગે જતી હોય તો તેને અટકાવી સુમાર્ગે ચાલવાની સમજ કરવાની પુત્રની ખાસ ફરજ છે. મારાથી અગાઉ ઘણા ભાઈઓ બોલી ગયા તેમહું પણ કહું છું કે પીરાણા પંથ હિંદુ ધર્મ છે એમકોઈ સાબિત કરી આપતું હોય તો હું તેનો જિંદગી ભરનો ગુલામબની જાઉં અને જો તે હિંદુ નથી એમજાહેર કરી આપીએ તો સનાતની ઝંડાની ઓથમાં આવી સૈયદો તરફથી પણ કહેવામાં આવેલ છે કે અમારી જેમબને તેમમુસલમાન વસતી વધારવાની ફરજ છે અને અમોએ તમારી ભોળી કોમપર અખતરો કરી અમારી ફરજ અદા કરી છે. આ મહિનાની ૨૫ મી તારીખે હિંદુ મહાસભાની સભા શ્રી મુન્દ્રા મધ્યે થશે અને તેમાં હાજરી આપવાનું મને પણ આમંત્રણ છે. સાચી જનેતાના આશીર્વાદ કેવા હોય કે દીકરો ધર્મ યુધ્ધે જતો હોય તો આશીર્વાદ આપીને કહે કે બેટા માંની કુખ ઉજાળજે. જ્યારે આજ મારા બંધુઓ ધર્મ કાર્યમાં ભાગ લેવા જાય છે. એટલે જનેતાઓ તેને અટકાવવા માટે કુવે પડવા જાય છે. ધન્ય છે આવી જનેતાઓને. આમથવાનું કારણ છે અજ્ઞાનતા. આપણને ઉપદેશકો મળ્યા નથી. આપણે કોઈના ઉપદેશો ગ્રહણ કર્યા નથી. તેથી જ આપણને આવા અજ્ઞાની વિચારો આવે છે. મારા અંધ શ્રધ્ધાળુ વડીલોને વિનંતી કરું છું કે જો તમારે ગોળી પીવાની તમારી ટેક કાયમરાખવી હોય તો તમારા ગામના તાળાવે થી માટી લાવી તેની ગોળીઓ બનાવી પીજો પરંતુ પીરાણાથી આવેલ અપવિત્ર ગોળીઓ કદાપી ન પીતા. સાંભળો ગોળીનું વર્ણન;

‘‘પીરાણામાં સૈયદોના ચાર કે પાંચ રોજા છે. જેનો જુદી જુદી જાતો રબારી, કંસારા, કોળી વિગેરે માને છે. આપણી જ્ઞાતિના પીરાણા પંથીઓ મૃતદેહને દફનાવે છે. જ્યારે ત્યાના પીરાણા પંથના અનુયાયીઓ મરનારના મૃતદેહને અગ્નિસંસ્કાર કરે છે. અને આપણે હિંદુ ભાઈઓ મરનાર માણસનાં ફૂલ એટલે કે હાડકાં પવિત્ર જલ માં પધરાવીએ છીએ તેવી રીતે ત્યાંના માણસો મરનારનાં હાડકાં પીરાણામાં ગંગવો કુવો છે તેમાં નાખે છે. આ ગંગવા કુવામાં ૪ થી બે ફૂટ પાણી રહે છે. હવે ત્યાં ઈમામશાહની કબર ઉપર સુખડ વગેરે વસ્તુઓનો લેપ કરે છે. અને એ લેપના થર કબર ઉપર બાઝે છે તે બાર માસે ગંગવા કુવાના પાણીથી ધોઈને ઉખડવામાં આવે છે. અને એ ધોયેલ કચરામાંથી ગોળીઓ તૈયાર કરી કચ્છમાં દરેક ગામે મોકલાવવામાં આવે છે. આ ગોળી આવી રીતે બને છે તેમાં જરા પણ ખોટું છે એમકોઈ કહેતું હોય તો આ સભા સમક્ષ હાજર થાય પોતાનું સત્ય સિધ્ધ કરી બતાવે તો હું તેનો ગુલામબની જાઉં’’.

ત્યારે બોલો મારા બંધુઓ આ ગોળી કેટલી અપવિત્ર ગણાય અને તે આપણે પી અને દેહને ભ્રસ્ટ કરીએ આપણને પોતાને પણ આ વાત કેટલી શરમજનક લાગે છે. તે તમે બધાજ સમજી શકતા હશો. મેં તો જ્ઞાતિ સેવાનો ભેખ લીધેલ છે અને કદાચ જ્ઞાતિ સેવામાં અધવચ્ચે મારું મૃત્યુ થશે તો પણ પ્રભુ પાસે હું એજ પ્રાર્થના કરીશ કે મને બીજો જન્મપણ પવિત્ર પાટીદાર જ્ઞાતિમાં આપ જેથી હું મારું અધૂરું રહેલ સેવા કાર્ય પૂર્ણ કરી શકું. જ્ઞાતિની સેવા કરનાર કદી પણ સુખી થતો નથી . ગરુડજીના અભિમાન વિષે દષ્ટાંત – ટીટોડી નાં ઈંડાં વિષે જ્ઞાતિ જો અન્યાયી હોય તો તેનો સામનો કરવાની આપણી ફરજ છે. પાંચ પાંડવો વતી શ્રી કૃષ્ણ ભગવાને દુર્યોધનને તેઓનો ભાગ આપવા કેટલો સમજાવ્યો? પરંતુ જ્યારે દુર્યોધને કહ્યું સોયની અણી જેટલી પણ જમીન પણ પાંડવો માટે નથી ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને પાંડવોને યુદ્ધ કરવાનું કહ્યું. અને પોતે અર્જુનના મહારથી બન્યા. આપણી લડત સત્યની છે. અને પુંજાભાઈના કહેવા પ્રમાણે દરેક યુવકોએ આ કાર્યમાં જુકાવવું જોઈએ. હવે મારું શરીર પણ નબળું પડતું જાય છે એટલે મને આ કાર્યમાં યુવકોના સાથની ખાસ જરૂર છે. આથી અગાઉ આપણામાં ગણા જ્ઞાતિ સુધારકો થઇ ગયા પણ તેઓના તરફથી જ્ઞાતિને આવી સભાઓ મારફતે સમજાવવામાં આવેલ નોહતું. અમારી પોતાની પણ કેટલીક ભૂલો આજે અમોને સમજાય છે. શુરુઆતમાં અમોએ પણ જ્ઞાતિને સમજાવવાને બદલે તેઓની નિંદા જ કરેલ છે. કરોળીઓ જેમપોતાની જાળ બાંધવાના કાર્યમાં નિરાશ થતો નથી તેમઆપણને પણ આપણા કાર્યમાં કંટાળવું જોઈએ નહિ. મારી બહેનોને ખાસ વિનંતી કરું છું કે તમે પણ રથનું એક પૈડું છો. મારા બંધુઓને તમારા સાથની પણ ખાસ જરૂર છે. જે ઘરમાં અજ્ઞાનતા અને અપવિત્રતા છે તે ઘર શમશાન રૂપ છે. કારણકે ત્યાં પ્રભુનો વાસ હોતો નથી. જો આપણને આપનાં ઘરમાં પ્રભુ પધરાવવા હોય તો આપણે નીતિ અને ટેકનું પાલન કરવું જોઈએ. આપણી અજ્ઞાન જ્ઞાતિમાં નારી સન્માન પણ નથી. તો પુરુષોને ભલામણ કરું છું કે જયાં સુધી નારીઓનું સન્માન સામજાશે નહિ ત્યાં સુધી તેણીઓ આપણને પ્રભુ રૂપ ગણશે નહિ. અને જયાં સુધી આપણે પ્રભુ રૂપ ગણાશું નહિ ત્યાં સુધી આપણા ઘરમાં પ્રભુનો વાસ પણ થશે નહિ. એક નારીનો પતિ મરણ પથારીએ હોય ત્યારથી જ તેની સ્ત્રી ઘરમાં થી સારી સારી વસ્તુઓનો સંગ્રહ કરે છે અને પતિ ગુજરી જતા તે બીજાનું ઘર દિપાવવા તરત રવાની થઇ જાય છે. આવી અબળાઓને તેમપુરુષોની પણ ક્રુરતા ઓછી નથી. એક બહેનનો પતિ ગુજરી જાય એટલે તરત તેણીનાં માવિત્રો બીજે ઠેકાણે આપવાનો સોદો કરી તેણીને ઉઠાડી જવા સાસરાને ત્યાં આવે છે. તેણીને બે ચાર બાળકો હોય છતાં ઉઠી જવાની ફરજ પાડે છે. કદાચ તેણી કહે કે મારે પતિ વૃત પાળવું છે અને બીજે નથી જવું તો ખીસા ભરું આગેવાનો નો બીઝનેસ અટકી પડવાના ભયે તેઓ તેણીનાં માવીત્રોને ઊંધું સમજાવે છે કે તમારી છોકરી વ્યભિચાર કરી તમારા નામને લાંચન લગાડશે માટે બીજે ઠેકાણે ઘર કરાવો. એટલે તેણીનાં જ માવિત્રો તેને બળજબરીથી ત્યાંથી પોતાને ઘેર લઈ જાય છે જ્યારે તેણીના સસરા સાસરાં તરફથી બાળકો લઈ લેવામાં આવે છે. એટલે તેણીને બહુ દુઃખ થાય છે અને કહે છે કે મારાં બાળકો મને ન આપો તો ભલે અહી જ રાખો પરંતુ મને એક વખત તેને બચી ભરીને ધવરાવવા આપો તો પણ મને શાંતિ વળે પરંતુ રાક્ષશી માવિત્રો અને સાસરાંઓ તેમકરવા આપતાં નથી. અને બીચાડીને રડતી કકળતી લઈ જઈને બીજે ઠેકાણે પરણાવે છે. કેટલી બધી અધમતા. આથી વધારે શું હોય? આપણામાં આટલી બધી નીચતા હોય તો નારીઓ કયાંથી માને કે પતિ અમારા પરમેશ્વર છે.

દ્રષ્ટાંતઃ- બરતરફ થવા બાબત બ્રાહ્મણના કુટુંબનું........

આપણી પવિત્ર જ્ઞાતિમાં ભૂલો તો ઘણી છે પરંતુ જનરલ મીટીંગમાં એ ભૂલો ચર્ચવાનું હું યોગ્ય માનતો નથી. આપણી જ્ઞાતિને સત્સંગની પણ ખાસ જરૂર છે. આજની સભા જેવી સભા અગાઉ કદી પણ થયેલ નથી. કથા વિષે દ્રષ્ટાંત સાંભળેલું ગ્રહણ કરવા બાબત દ્રષ્ટાંત-પતિને પ્રભુ તુલ્ય માનવા બાબત. આજ્ઞામાં રહેવા બાબત. બ્રહ્મ વચન ગ્રહણ કરવા બાબત. સંતાનોમાં સંસ્કાર રેડવાનું કામસ્ત્રીઓનું છે. તો મારી માતાઓ પોતાના બાળકો કે જે ભવિષ્યના નરવીરોને સાચું જ્ઞાન આપશો એવી વિનંતી કરું છું.ત્યાર બાદ યુવક વર્ગને આપનાં આ કાર્યમાં દઢ નિશ્ચય રાખવા બાબત ભલામણ કરેલ હતી. અને સચોટ દાખલાઓ આપેલ હતા. પછી પોતાના સ્થાને બેસી ગયા હતા.

શ્રી રણમલ માવજી સાંખલા ઉખરડાવાલાઃ

આવતી કાલે ખોંભડી ગામમાં જેમશ્રી ભગવાન લક્ષ્મીનારાયણની પાન મૂર્તિની પ્રતિષ્ઠા થાય છે તેવી જ રીતે આજથી ૭-૮ દિવસ પછી એટલે કે વૈશાખ વદી ૭ અથવા ૮ ના રોજે અમારે અમારા ગામઉખરાડામાં પણ પાન મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની છે તો આપણા સમાજના ભાઈઓ જેમઅત્રે પધારેલ છે તેમતે દહાડે અમારે ત્યાં પણ પધારી અમારા ગામની શોભા વધારશો એવી વિનંતી કરું છું.

શ્રી પુંજાભાઈ ખેતસી ગ્વાલીઅર સ્ટેટ (જનકપુર):

શાસ્ત્રોક્ત સચોટ દાખલા આપેલ હતા. તથા એક ગીત ગવડાવેલ હતું.

શ્રી મુળજીભાઈ શિવજી ખોંભડીવાલા

આવતી કાલે આપણે આપણું કાર્ય સવારમાં પહેલું શુરુ કરશું એવી આપ સર્વે ભાઈઓ સમક્ષ દરખાસ્ત મુકું છું કારણ કે ભગવાન પધરાવવાનું મુહૂર્ત સવારમાં વહેલું છે.

શ્રી શિવજીભાઈ કાનજી પારસીયા નખત્રાણાઃ

ખોંભડી જેવા ગામમાં આવી જબરદસ્ત સભા થવા બાબત આનંદ વ્યક્ત કરેલ હતો. કહેવત છે કે શિવાજી ન હોત તો હિન્દુસ્તાનમાં હિંદુ નું નામનિશાન રહેત જ નહિ. તેવીજ રીતે આપણી જ્ઞાતિમાં પણ આપણા જ વડીલો કે જેઓ સવારમાં ઉઠતા વેંત જ અલાનું (અલ્લાહનું) નામલેતા. તેવાઓ પણ આજે સમાજને તન મન અને ધનથી ટેકો આપી રહેલ છે.મારા સનાતની ભાઈઓને વિનંતી છે કે આપણે આપણું ધર્મનું સ્થાન બનાવી આપનાં આચરણોની બીજા પર છાપ પાડો અને ગણા યુવકો પાસે થી જાણવા મળેલ છે કે અમોને અમારા માવિત્રો તરફથી ખુબ દબાણ કરવામાં આવે છે તો મારી માતાઓને મારી વિનંતી છે કે તમો તમારા સંતાનોને કુમાર્ગે જતા જરૂર આટકાવો પરંતુ ધર્મ જેવા સારાં કાર્યોમાં ભાગ લેતાં હોય તો અટકાવો નહિ પરંતુ તેમાં જવાની સુચના કરો કે બેટા આપનાં સનાતન ધર્મનો ફેલાવો કર. મહારાણા રાજસિંહ નું દષ્ટાંત માતા ધર્મનો સચોટ પુરાવો. ધર્મસ્થાનનું નામકદી પણ બદલાવવામાં આવતું નથી. જ્યારે આપણા પીરાણા પંથીના દેવળનું નામઅત્યારે ત્રીજું ચાલે છે. શરૂઆતમાં ખાનું નામહતું, પછી જગ્યા નામથયું અને હવે જ્યોતિષ ધામથયું. કહો ત્યારે આપણને આપણા દેવળના નામમાં ફેરફાર કરવાની શું જરૂર છે? અને સમય અનુસાર નામનો ફેરફાર થાય છે તો પછી તેની અંદરની વ્યવસ્થામાં પણ ફેરફાર નોહતો થયો? આ ગામમાં સનાતની ભાઈઓ થોડા છે છતાં પણ પ્રભુ પોતાનાં કાર્ય પોતે કરશે માટે આપણે આ કાર્ય નીડર પણે કર્યે જવું. આપણો સનાતની ઝંડો અમર રાખવામાં આપણને ગમે તેટલાં સંકટો પડે તો પણ સહન કરવાનો આપણો ધર્મ છે. આટલું બોલી બેસી જવાની રાજા લઉં છું.

શ્રી રતનશી ખીમજી ખેતાણી વિરાણી (સનાતન સમાજના પ્રમુખ):

આપ સર્વે ભાઈઓને એક આનંદનો સમાચાર આપવાનો છે અને તે એજ કે આ ગામમાં ભાગવાની મંદિરની સ્થાપના કરનાર સ્વર્ગ વાસી શ્રીયુત નારણભાઈ શિવજી વાગડીઆ છે તેઓએ મારી રૂબરૂ પ્રતિજ્ઞાઓ કરેલ કે મને મારા ગામમાં ભગવાનની મૂર્તિનું પ્રતિષ્ઠા કાર્ય મારા હાથે જ કરવું છે પરંતુ તે ભાઈની જીવન સફર ટૂંકી હોતાં તેઓ આ કાર્ય પોતાને હાથે કરી શક્યા નથી પરંતુ તેઓની પ્રતિજ્ઞા આવતી કાલે જ આપણે પૂર્ણ કરવાના છીએ ત્યારે તેમના અમર આત્માને કેટલી શાંતિ થશે અને આ કાર્ય કરનાર ભાઈઓને તેઓ કેટલા બધા શુભ આશીર્વાદ આપશે. આપણે આવતી કાલે પ્રતિષ્ઠા કાર્ય તેઓની અત્રે હાજરી છે

એમમાનીને કરવાનું છે. એ વીર નર સ્વર્ગવાસી થયો છે છતાં પણ અમર છે. ધન્ય છે આવા નર રત્ન પેદા કરનાર જનેતાઓને. આવતી કાલે પ્રતિષ્ઠા કાર્ય પહેલાં ચોઘડીએ હોઈ આપણે બધા ભાઈઓ સવારમાં ૬ૈં વાગે દાતણ પાણી કરી ન્હાઈ ધોઈ આવી જશું એમઈચ્છું છું. અને આપણે એમમાનીએ કે ખોંભડી માં સાત જ ઘર સનાતનીઓનાં છે તે આપણી મોટી ભૂલ છે.

અસ્તુ

સમાપ્ત

સમય ૧.૩૦ વાગે રાતના

પ્રમુખની સહી

પટેલ પરબત લખું પોકાર (મથલ વાળા)

ખોંભડી તા. ૧૬.૦૫.૪૬

સમય સવારના ૭.૩૦ વાગાથી ૧૨ વાગા સુધી થયેલ કામ કાજ ની નોંધઃ

સવારના ૮.૩૦ વાગે બધાજ ભાઈઓ આભા મંડપમાં આવી ગયેલ હતા. વોલીન્ટીઅરો એ જયનાદ પોકાર્યા હતા. શ્રી પ્રમુખ સાહેબે સુચના આપી કે આપણા માં થી કોઈ એમ ન સમજે કે અમો મહેમાન તરીકે આવેલ છીએ પરંતુ અહીના (ખોંભડીના) વતની સમજીને કાર્ય કરતા રહેવું.

જાહેર સભા

તા. ૧૬.૦૫.૧૯૪૬

સમયઃ સવારના ૯.૦૦ થી ૧૨.૦૦

પ્રમુખની દરખાસ્ત મુકનારઃ શ્રીયુત મુલજીભાઈ શિવજી વાસાણી

ટેકો આપનારઃ શ્રી શિવજીભાઇ કાનજી નખત્રાણા

પ્રમુખઃ શ્રી પરબત ભાઈ લખુ પોકાર (મથલ)

પ્રમુખ શ્રી નું ભાષણઃ

આજનું પ્રમુખ સ્થાન જો કે અહી ના (ખોંભડીના) વતની ભાઈઓએ સ્વીકારવું જોઈએ છતાં પણ કોઈ તૈયાર ન હોતાં પ્રમુખ સ્થાન મને આપવામાં આવે છે તો હું એનો સ્વીકાર કરી મારું સ્થાન લઉં છું.

નાત પ્રમુખ વિરાણીવાલા શ્રી રતનશી ભાઈ ખીમજીનું ભાષણઃ

આજે આપણને કાર્ય ગણા કરવાનાં છે અને સમય થોડો રહેલ છે. સભા માટે ગણા ભાઈઓને હોંશ હશે પણ સમયના અભાવે આજે સભા થઈ શકે તેમ નથી. આપણે આપણું કાર્ય ઝડપથી કરવા જઈશું એમ ઈચ્છું છું. આપણી જ્ઞાતિનાં લગભગ ૨૩ મંદિરો આથી અગાઉ થઇ ગયેલ છે. અને પાંચ મંદિરો અત્યારે પણ તૈયાર છે. આથી પણ જણાઈ આવે છે કે આપણામાં કેટલી જાગૃતિ આવી ગયેલ છે. આ ગામમાં સનાતની ભાઈઓના ફક્ત સાત જ ઘર છે તો આપણે આપણી ફરજ સમજીને એ ભાઈઓને આપણે ત્રણે જાતની સેવા આપશું એમ ઈચ્છીએ છીએ. કહેવત છે કે પંચ કી લકડી એક કા બોજ તો આપણે તેઓને પુરતી સહાયતા આપશું એમ ઈચ્છું છું. હવે ભગવાનને પધરાવવાનું કાર્ય કરવાનું છે તો તમે સર્વે ભાઈઓ યથા શક્તિ ફાળો આપશો

એવી આશા રાખું છું. પ્રમુખ શ્રીની દરખાસ્તને ઉપસ્થિત સૌ ભાઈઓએ ખુલ્લા દિલે નીચે જણાવેલ બહુ મુલ્ય ફાળો આપ્યો હતો.

- ૭૫૧.૦૦ કોરી મંદિરનું ઈંડું ચડાવનાર શ્રી મુલજી ભાઈ શિવજી વાસાણી ખોંભડી વાલા
- ૪૫૧.૦૦ કોરી ધજા ચડાવનાર શ્રી લધા ભાઈ મેઘજી રસલીઆ વાલા
- ૯૫૧.૦૦ કોરી મૂર્તિ પધરાવનાર શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી વિરાણીવાલા
- ૪૫૧.૦૦ કોરી ગણપતિ પધરાવનાર શ્રી વિશ્રામભાઈ રામજી ખીરસરા વાલા
- ૪૦૧.૦૦ કોરી ભગવાનનો પહેલો હાર શ્રી શ્રી મેગજી લખમશી વિરાણી વાલા
- ૧૦૧.૦૦ કોરી ભગવાનનો બીજો હાર શ્રી વાલજી ભાણજી વાડીઆ માધવ કંપા (ગુજરાત)
- ૨૦૧.૦૦ કોરી ભગવાનનો ત્રીજો હાર શ્રી કાનજી વીરજી નાકરાણી વિરાણી વાલા
- ૨૫૧.૦૦ કોરી લક્ષ્મીજીનો હાર પહેલો વિશ્રામ રામજી ખીરસરા વાલાનાં માતાજી પુરબાઈ
- ૦૫૧.૦૦ કોરી લક્ષ્મીજી નો હાર બીજો કેસરબાઈ (રતનશી ખીમજીનાં બહેન) વિરાણી
- ૦૫૧.૦૦ કોરી લક્ષ્મીજી નો હાર ત્રીજો શ્રી નથુભાઈ પ્રેમજી મથલવાલા
- ૨૫૧.૦૦ કોરી ભગવાની પહેલી આરતી શ્રી વાલજી ભાણજી વાડીઆ માધવકંપા (ગુ)
- ૨૦૧.૦૦ કોરી આરતી બીજી કાનજી વાલજી ભાવાણી મથલ હાલે મોતીસરી (ગુજ)
- ૧૫૧.૦૦ કોરી આરતી ત્રીજી રૈયા ખીમજી નાકરાણી નેત્ર વાલા હાલે સદાતપુર
- ૨૦૧.૦૦ કોરી મહાવીરની મૂર્તિ પધરાવનાર શ્રી વિશ્રામ લધા રસલીઆ વાલા
- ૨૫૧.૦૦ કોરી અમર ઢાળનાર નાનજી હરજી વાસાણી કોટડા જડોદર
- ૧૫૧.૦૦ કોરી ભગવાનને પ્રસાદ ચડાવનાર શ્રી વાલજી લખુ સાંખલા ઉખરડા વાલા
- ૪,૮૬૬.૦૦ કોરી કુલ ફાળો

અસ્તુ.....

સમાપ્ત.....

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના મંદિરની સથાપના નો મૂળ રીપોર્ટ

ૐ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ KS-BK-4-21

શ્રી ખોંભડી પ્રાણ મૂર્તિ પ્રતીષ્ઠા કાર્યની માહિતી

ખોંભડી તા. ૧૪-૫-૭૬

સવારના ૧૧ વાગાથી આગે મંદીર બાંધકામ કાર્યમાં અહીંના તમામ સનાતની ભાઈઓ જોડાયેલા હતા. આજુબાજુ ગામોમાંથી પણ સનાતની ભાઈઓ સારૂ ખાવા પિવાની સુંદર સગવડ રાખવામાં આવેલ હતી. ઉતારા માટે મકાન તેમજ વાસણો વીગેરે ની લોહાણા મહાજન ભાઈઓ તરફથી સુંદર સગવડ થયેલ હતી. અને નખત્રાણા સનાતની ભાઈઓ તેમનો સહુથી ઉપકાર માનેલ છે. આજે સાંજ સુધીમાં ગામોગામથી સનાતની ભાઈઓ આવી ગયેલ હતા જેમાં નીચે મુજબ ગામોમાંથી ટુકડીઓની સંખ્યા આવેલ હતી.—

વીથોણી	કોટડા	મથલ	રસલીયા	દેશલપર	ખોંભડી
૨૨	૧૪	૧૨	૫	૮	૨૦

આમ કુલ ૭૧ સનાતની ભાઈઓની હાજરી આવેલ હતી. જેઓ જરૂરી જુદાઈ બજાવવાના તરત કામમાં જોડાઈ ગયેલ હતા. આજે સાંજના ૭ વાગે અહીંના નથુરામ ભીમજી ભાઈ નામના એક પાટીદાર ગૃહસ્થ કે જેઓ મુંબઈ હતા તેઓ ત્યાંથી એરોપ્લેન મારફતે ભુજ અને ભુજથી ટેક્સી કાર થી અહીં આવી ગયેલ હતા અને તેઓ નીરજા મળતાં અહીંના લગભગ ૩૦૦ યુવકો કે જેઓ આજ સુધી અંદર પડે સમાજમાં ભાગ લેતા હતા તેઓ જાહેરમાં આ કાર્યમાં જોડાઈ ગયેલ હતા. અને તેઓનાં ઓળખીતા વર્તન ફરીથી તેમનાં પીરાણા પંથથી પડેલી ઉશ્કેરાઈ ગયાં અને તેઓ ની લોક ખરડાવવા બનાવો ઉભા કર્યા પરંતુ સર્વે નિષ્ફળ ગયેલ હતા. આજે સાંજ સુધી આખા ગામ ને નાકાં તથા ઠેક ઠેકાણાં ઓળખી તથા સામા મંડપ બનાવતાં સનાતની ધ્વજ ફરકાવી દેવામાં આવેલ હતો. ગામમાં સનાતની ભાઈઓનાં કુલ ૭ સાત ઘર છે જેઓ આજ ચીર વરસથી બીજા પીરાણા પંથીઓથી જુદા રહેતા છે તેઓ સાથે ખાવા પીવા કે બીજો કોઈ પણ જાતનો વહેવાર નથી. છતાં પણ તે ભાઈઓ પાસેથી જાણવા મળેલ છે કે અહીંના ગામ ધણી જાડેજા ગોર તથા લોહાણા મહાજન ભાઈઓ તેમજ અન્ય હિંદુ ભાઈઓ ની કૃપા વડે અમોને જરા પણ મુશ્કેલી આજ સુધી ઉભી થયેલ નથી. અહીંના હિંદુ ભાઈઓનું સંગઠન અને જ્ઞાતિભેદ ભાવ રાખ્યા વગરનું વર્તન ખરેખર આવકારદાયક ગણાય.

સાંજે કુલ ... સમાજના ... ભાઈ તથા બીજા ભાઈઓ ... આવેલ હતા.

ખોંભડી તા. ૧૫-૫-૭૬

આજે વહેલી સવારથી ગામના તમામ ભાઈઓ તથા બહારગામથી આવેલ સ્વયં સેવકો જુદે જુદે કામે લાગી ગયેલ હતા. ૧૦ વાગે સવારના નાકાં વીગેરે કાર્ય વ્યવસ્થીત કરી લીધેલ હતું. સવારે સેવકોએ મંદિર ની અંદર હવન કુંડ તૈયાર કરી લીધેલ હતો. અને ૧૦|| વાગે વાજતે ગાજતે જલ યાત્રા કરવા ગયેલ હતા. અને કેટલાક ભાઈઓ તો જુદાં જુદાં કામો

KJ-BK-4-32

શ્રી. શીવજીભાઈ કાનજી પારસીઆ નખત્રાણા

ખોંભડી જેવા ગામમાં આવી જબરજસ્ત ક્રાંતિ થવા બદલ. આજના યુગમાં કહેવત છે કે શીવાજી ન હોત તો હિંદુસ્તાનમાં હિંદુનું નામ નિશાન પણ રહેત નહિ તેવીજ રીતે આપણી જ્ઞાતિમાં પણ આપણા વડીલો કે જેઓ સમાજમાં દિવસમાં બેવાર અલ્લાનું નામ લેતા (અલ્લાહનું/Allah) તેવા. આપે પણ આજે સમાજને તન મન અને ધનથી સેવા આપી રહેલ છે મારા સમાજની ભાઈઓને વિનંતી છે કે આપણે આપણું ધર્મનું સ્થાન બનાવી. આપણાં આભરણોની ઉજળી પરંપરા પાડો અને ગામના બુજરગો પાસેથી જાણવા જોઈએ કે અમોને અમારા બાપદાદાઓ તરફથી ખુદા બંદગી કરવામાં આવે છે તો મારી માતાઓને મારી ખાસ વિનંતી છે કે તમો તમારા સંતાનોને કુમાર્ગે જતા જરૂર અટકાવો પરંતુ ધર્મ જેવા સારા કાર્યમાં ભાગ લેતા હોય તો અટકાવો નહિ પરંતુ તેમાં જવાની સુચના કરો. કે જેથી આપણા સનાતન ધર્મનો ફેલાવો કરે. મહારાણા રાજસિંહનું કહેવું તમામ ધર્મનો સમ્રાટ પુરાણો. ધર્મના સ્થાનનું નામ કદી પણ ફેર બદલવામાં આવતું નથી જ્યારે આપણા પીરાણા પંથીના દેવળનું નામ અત્યારે ત્રીજું આવે છે. શરૂઆતમાં ખાનું નામ હતું પછી જગ્યા નામ થયું અને હવે જ્યોતિર્ધામ થયું. કહો ત્યારે આપણને આપણા દેવળના નામમાં ફેર ફાર કરવાની શું જરૂર છે એને સમય અનુસાર નામની ફેર ફાર થાય છે તો પછી તેની અંદરની વ્યવસ્થામાં પણ ફેરફાર શા માટે નહીં? [illegible] આ ગામમાં સનાતની ભાઈઓ થોડા છે છતાં પણ પ્રભુ પોતાના કાર્ય પાર કરશે મારે આપણે આ કાર્ય [illegible] કર્યું જ છે. આપણે સનાતની ઝંડો અમર રાખવામાં આપણે ગામે ગામે તેટલાં સંકટો પડે તો પણ સહન કરવાનો આપણો ધર્મ છે. આટલું બોલી બેસી જવાની રજા લઉં છું.

શ્રી રતનસી ખીમજી ધોળાણી.

આપણાં સૌ ભાઈઓને એક આનંદના સમાચાર આપવાના છે અને તે એ કે આ ગામમાં ભગવાનના મંદીરની સ્થાપના કરનાર સ્વર્ગવાસી શ્રી ખુન નારાયણ ભાઈ શીવજી પાકડીઆ છે. તેઓએ મારી રૂબરૂ મુલાકાતમાં કહેલ કે અમે મારા ગામમાં ભગવાનની મૂર્તિનું પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું છે પરંતુ તે ભાઈની જીવન સફર ટૂંકી હોતાં તેઓ કાર્ય મારા હવાલે

KJ-BK-4-33

આ કાર્ય પોતાને હાથે કરી શક્યા નથી. પરંતુ તેઓ ની મનીષા આપણી કાલે આપણે પૂર્ણ કરવાના છીએ. ત્યારે તેમના અમર આત્માને કેટલી શાંતી મળશે. અને આ કાર્ય કરનાર ભાઈઓ ને તેઓ કેટલા ઉચિત શુભાશિર્વાદો આપશે. આપણે આપણી કાલે પ્રતીષ્ઠા કાર્ય તેઓની આગે હાજરી છે એમ માની ને કરવાનું છે એ વીરનર સ્વર્ગવાસી થયા છે છતાં પણ અમર છે. ધન્ય છે આવા નરરત્ન પેદા કરનાર જનેતાઓ ને. આપણી કાલે પ્રતીષ્ઠા કાર્ય પહેલા ઓગડીઓ હાથે આપણે બધા ભાઈઓ સવાર માં આપણે તેમના માટે કરી ન્હાઈ ધોઈ આવી જવું એમ ઇચ્છું છું જો આપણે એમ માનીએ કે ખોંભડી માં નાલજ દાર સનાતની નાંધે તો આપણી મોટી ભૂલ છે.

અસ્તુ

(સહી) સમય - ૧।। વાગે રાતના.

પ્રમુખની સહી.

પટેલ. પરબત લખુ

ખોંભડી તા. ૧૬-૯-૭૬

સનાતન આ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી ચાલેલ.

કામ કાજ નોંધ.

6:30

સવાર ના ૭ા વાગે ઉપાસન ભાઈઓ સભા મંડપ માં આવી ગયેલ હતા. વાલિમકીઓ એ જ ન્યાત જાતિના લોકો હતા શ્રી. પ્રમુખ સાહેબે સુચના આપી કે આપણામાંથી કોઈ એમ ન સમજે કે અમો મેહમાન તરીકે આવેલ છીએ પરંતુ અહીંના લાગણી સમજ નક્કી કરતા રહેવું.

આજે સભા

સમય - ૯થી ૧૧ સવારના.

પ્રમુખની દરખાસ્ત મુકનાર શ્રી મુળજીભાઈ શીવજી ખોંભડી.

ટેકો આપનાર. શ્રી શીવજીભાઈ કાનજી નખત્રાણા

પ્રમુખ- શ્રી પરબતભાઈ લખુ મોથાળા.

પ્રમુખ—:

આજનુ પ્રમુખ સ્થાન જો કે અહીંના ગામનો ભાઈઓ સ્વીકારવું જોઈએ છતાં પણ કોઈ સ્વીકારતા ન હતા પ્રમુખ સ્થાન મને સોંપવામાં આવ્યું છે

KJ-BK-4-34

તો હું તેઓનો સ્વીકાર કરી મારૂ સ્થાન લઉં છું.

શ્રી. રતનશીભાઈ ખીમજી વીશાણી

આજે આપણને કાર્ય ઘણું કરવાનું છે અને સમય થોડો રહેલ છે. સભા માટે ઘણા ભાઈઓને હોંશ હશે પણ સમયના અભાવે આજે સભા થઈ શકે તેમ નથી. આપણે આપણું કાર્ય ઝડપથી કરતા જઈશું અને ઈચ્છું છું આપ શ્રી સાતેમાં લગભગ ૨૩ મોરિસ આપી અનાદિ થઈ ગયેલ છે. અને પાંચ ગોરો અત્યારે તૈયાર છે. આપણી પણ જણાઈ આવે છે કે આપણામાં કેટલી ભાવની આવી ગયેલ છે આ ગામમાં સનાતની ભાઈઓમાં કુલ સાત જ ઘર છે તો આપણે આપણી ફરજ સમજીને એ ભાઈઓને મહાજનની સેવા આપશું એમ ઈચ્છીએ છીએ કહેવા છે કે મંગળી લકડી એકઠી કરાવી જે નો આપણે તેઓને ખુરશી સહાયતા આપશું એમ ઈચ્છું છું હવે ભગવાનની પધરામણીનું કાર્ય કરવાનું છે તો તમો સર્વે ભાઈઓ ચીત્ત શાંતિ રાખી સહકાર આપશો એવી આશા રાખું છું. — કાર્યક્રમ -

મંદીરનું ઈંડું ચડાવનાર.

૭૫રૂ મુળજીભાઈ શીવજી વાસાણી ખોંભડી વાળા.

ધજા ચડાવનાર

૪૫રૂ લધાભાઈ મેઘજી ~~વીશાણી વાળા~~. રસલીઆ વાળા

મુર્તિ પધરાવનાર

૪૫રૂ શ્રી. રતનશીભાઈ ખીમજી વરસાણી વાળા.
~~મુર્તિ પધરાવનાર વિશ્રામભાઈ રામજી ખીરસરા વાળા~~

ગણપતિ પધરાવનાર.

૪૫રૂ વિશ્રામભાઈ રામજી ખીરસરા વાળા.

ભગવાનનો હાર ૧ લો.

૪૦રૂ મેઘજી લખમશી વીશાણી વાળા.

" " હાર ૨ જો.

૧૦રૂ વાલજી ભાણજી ધાડીઆ માધાપરીઆ (ગજરાત)

" " હાર ૩ જો

૨૦રૂ કાનજી વીરજી નાકરાણી વીશાણી વાળા

લક્ષ્મીજીનો હાર ૧ લો.

૨૫રૂ વિશ્રામ રામજી નાં માતાજી પુરબાઈ ખીરસરા વાળા.

હાર ૨ જો.

૫રૂ કેસરબાઈ (રતનશી ખીમજી નાં બહેન) વીશાણી વાળા.

પ્રકરણ 3 શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અને કેન્દ્રીય સમાજમાં સનાતની ચળવળની ચોથી ક્રાંતિ અને તેની જરૂરત શા માટે પડી?

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માં સનાતન-સતપંથ મુદ્દે ચોથી ક્રાંતિ ની શુરુઆતઃ

ક્યારેક કુદરત આપો આપ નિર્ણય લેતી હોય છે કે હવે આમથવું જ જોઈએ જેમાં સૌની ભલાઈ છુપી રહેલી હોય છે. સમાજમાં પણ એવી એવી ઘટનાઓ ઘટતી હોય છે કે જેને લઈને કુદરતને પણ અમુક ઘટનાઓ માટે એવા પરિબળો ઉભા કરવા પડતા હોય છે કે જે સમાજના બહોળા વર્ગ માટે વરદાન રૂપ સાબિત થતા હોય છે. એવુજ કંઈક કુદરતને મંજુર હશે કે જેથી સમાજમાં સતપંથ સનાતન ને મુદ્દે ચોથી ક્રાંતિની શરુઆત આકસ્મિક રીતે ચાલુ થઇ હશે એવું મારું માનવું છે. તેમાં અમુક અમુક વ્યક્તિઓને કુદરત નિમિત પણ બનાવતી હોય છે. ચોથી ક્રાંતિની શુરુઆત થવી તે કંઈ પૂર્વયોજિત પગલું નોતુ જ. મેં જેમપહેલા કહ્યું કે કુદરત જ પોતે અમુક ઘટનાઓ ને આકાર આપતી હોય છે જે છેવટે ચળવળ અથવા તો ક્રાંતિમાં પરિવર્તિત થતી હોય છે. એવી એવી ઘટનાઓ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં (કેન્દ્રીય સમાજમાં) ઘટિત થતી હતી તે કુદરતને મંજુર નોતું. તેના અમુક કારણોનો મેં અભ્યાસ કર્યો, તેનું બારીકાઈ થી અવલોકન કર્યું. અવલોકન કર્યા પછી મને એમલાગ્યું કે નીચેના કારણો ને લઈને સનાતન સમાજમાં ચોથી સનાતની ચળવળની શુરુઆત કરાવી પડી છે. હું જે ચળવળ ની વાત કરું છું તે ચળવળ તા. ૭.૮.૨૦૦૯ પછી ની કેન્દ્રીય સમાજના લોકોમાં સતપંથ-સનાતન મુદ્દે થયેલ ચળવળની શુરુઆત.

સતપંથ અને સનાતન મુદ્દે જ્ઞાતિની પહેલી બે ક્રાંતિઓ

આ પહેલાં સતપંથ સનાતન મુદ્દે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં બે ક્રાંતિઓ થઇ ગઈ તેનાથી આપણે સૌ સુવિદિત છીએ જ. એક ક્રાંતિના પ્રણેતા હતા સાંખલા પરિવારના વીર પુરુષ શ્રી કેશરા પરમેશ્વરા. અને બીજી ક્રાંતિ ના પ્રણેતા હતા આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી અને ત્રીજી ક્રાંતિના પ્રણેતા હતા શ્રી રતનશી ખીમજી ખેતાણી. ત્રણે પુરુષોએ જ્ઞાતિને સતપંથની નાગચૂડમાં થી ઉગારી અને આપણા મૂળ ધર્મ સનાતન હિંદુ ધર્મના માર્ગ તરફ વાળી હતી. અને જ્ઞાતિ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો હતો.

પહેલી ક્રાંતિ વખતે શ્રી કેશરા પરમેશ્વરાએ જ્ઞાતિના અમુક પરિવારોને સનાતન ધર્મના સ્વમીનારાયણ સંપ્રદાય તરફ વાળ્યા હતા. પણ જ્ઞાતિનો બહુ મોટો વર્ગ સતપંથ ધર્મની નાગચૂડમાંથી બહાર આવી શક્યો નોહતો. ત્યાર બાદ લગભગ એકસો વરસ પછી જ્ઞાતિમાં સતપંથ-સનાતન મુદ્દે બીજી ક્રાંતિની શુરુઆત થઇ તેમાં જ્ઞાતિના અમુક પરિવારો આધ સુધારાક શ્રી નારાયણજી રામજી લીબાણીની પ્રેરણાથી સનાતાન ધર્મના આર્ય સમાજ સંપ્રદાય તરફ વળ્યા હતા. તે જ અરસામાં નીડર વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીને વાંઢાય હરિહર સંપ્રદાયના સંત શ્રી ઓધાવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ જ્ઞાતિને નવો વળાંક મળ્યો અને સમગ્ર જ્ઞાતિ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને પોતાના ઈષ્ટદેવ તરીકે માનવા લાગી ગઈ. જ્ઞાતિ પીરાણા સતપંથને તિલાંજલી આપીને સનાતન હિંદુ ધર્મનો પુનઃ અંગીકાર કરવા લાગ્યા. કચ્છ – ગુજરાત ના ગામે ગામજ્યાં જ્યાં કચ્છ કડવા જ્ઞાતિના પરિવારો રહેતા હતા ત્યાં ઈમાંમશાહ બાવાના ખાનાનો ત્યાગ કરીને ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ના મંદિરોનું નિર્માણ થવા લાગ્યું. ગામે ગામસનાતની લોકોએ સનાતન સમાજની સ્થાપનાઓ કરી. આના મૂળમાં હતી આપણી આજની સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ જેની વિધિવત સ્થાપના આપણે ભલે ૧૯૬૦ માં કરી હોય પણ તેની મૂળ સ્થાપના તો શ્રી રતનશી ખીમજી ખેતાણીના પ્રમુખ પદે ૧૯૩૮-૪૦ દરમ્યાન જ કરવા માં આવી હતી. જ્ઞાતિનો

બહોળો વર્ગ આપણા મૂળ સનાતન હિંદુ ધર્મના પ્રવાહમાં ભળી ગયો પણ અફશોશ એ વાત નો થાય છે કે જ્ઞાતિના અમુક પરિવારોને લઈને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી સતપંથ ધર્મ નો જડમૂળ થી નાશ ન થયો. ગામે ગામઆ સમસ્યા રહી ગઈ. ગામે ગામના ખાનાઓનું વિસર્જન, મોકો અને માહોલ હોવા છતાં આપણે તે અરસા માં કરી ન શક્યા. સુધારક વડીલો થોડાક અતિ વધારે વિશ્વાસમાં રહી ગયા કે હવે ૧૦% જેટલા ભાઈઓ પીરાણા સતપંથમાં આસ્થા ધરાવે છે તે જતે દહાડે આપણી સાથે ભળી જશે. આ તેમનો વિશ્વાસ જતે દહાડે ભ્રામક પુરવાર થયો. જેના માઠા ફળ આજે પણ આપણને ખાવા પડી રહ્યાં છે. તેના માઠા પરિણામો આજે પણ સનાતન સમાજ ભોગવી રહ્યો છે. આ આપણી જ્ઞાતિની કમનસીબી કહીએ કે કમજોરી. પણ હકીકત આપણી સામે જ છે જે જ્ઞાતિ આજ દિવસ સુધી તેની આડ અસરો ભોગવી રહી છે. પહેલી બે ક્રાંતિઓનો આપણે ઊંડાણથી અભ્યાસ અત્યારે કરી નથી રહ્યા કારણકે તેનો ઈતિહાસ આપણી પાસે મોજુદ જ છે. અત્યારે આપણે ફક્ત એ વિષય ઉપર ચર્ચા કરવી છે કે એવા કયા કારણો ને લીધે સમાજમાં ચોથી ક્રાંતિ ની શુરુઆત થઇ અને સનાતની ચળવળકારોને તે ક્રાંતિની શુરુઆત કરવી પડી.

સનાતની ચોથી ક્રાંતિની શુરુઆત કરવાના કારણો

નીચે જણાવેલ અમુક કારણોને લીધે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં સનાતન ધર્મને મુદ્દે ચોથી ક્રાંતિની શુરુઆત થઇ હતી એમમારું માનવું છે. તે માટે બીજા પણ કારણો હોઈ શકે એમછે પણ નીચે જણાવેલ કારણો મુખ્ય છે એમકહી શકાય.

૧. કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઇઓની ખોટી ડખલગીરી

સનાતનીઓ દ્વારા ઉભી થયેલી, સનાતાનીઓ માટે ઉભી થયેલી, સનાતનીઓના હિતોની રક્ષા કરવા માટે ઉભી થયેલી ફક્ત અને ફક્ત સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઈઓની વધી ગયેલી ખોટી ડખલગીરી. ડખલગીરી એટલી હદ સુધી કે કેન્દ્રીય સમાજ આપણા મૂળ સનાતન હિંદુ ધર્મને જ ભૂલી ગઈ.

૨. કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો અને મોવડીઓનું સતપંથના ભાઇઓ તરફી કુણું વલણ

શ્રી પ્રેમજી ભાઈ પુંજાના પ્રમુખ થયા પછીના હોદ્દેદારો, ટ્રસ્ટી મંડળ તેમજ મોવડીઓનું કોઈક અકળ કારણો ને લઈને સતપંથના ભાઈઓ તરફ કુણું વલણ દેખીતી રીતે થતું હતું તેના અનેક દાખલાઓ આપણે આપી શકીએ. પીરાણા સતપંથ ધર્મને સદાયને માટે છોડીને ઉભી થયેલી કેન્દ્રીય સમાજમાં સતપંથ મતમાં આસ્થા ધરાવતા ભાઈઓને શામાટે વિના રોકટોક પ્રવેશ આપવામાં આવતો હતો? તે ન સમજાય એવી વાત હતી. પ્રવેશ આપતી વખતે તે વ્યક્તિને એમપુછાતું નોહતું કે તેં પીરાણા સતપંથ નો સંપૂર્ણ પણે ત્યાગ કર્યો છે? તેં સતપંથ સમાજનો ત્યાગ કર્યો છે? નથી કર્યો તો તને કેન્દ્રીય સમાજમાં પ્રવેશ નહિ મળે એવું વલણ કેન્દ્રીય સમાજના જે તે વખતના ધુરીણોએ અપનાવ્યું નહી. તે ભૂલોને લીધે કેન્દ્રીય સમાજને અને તેના સનાતની સભ્યોને અનેક હાડમારીઓ ભોગવવી પડી.

૩. કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઇઓને વિના રોક ટોકે આપવામાં આવતું સભ્યપદ

કેન્દ્રીય સમાજમાં વિના રોક-ટોકે સતપંથમાં આસ્થા ધરાવતા લોકોને સભ્યપદ આપવામાં આવી રહ્યું હતું. હદ તો ત્યારે થઇ કે ૨૦૧૦ માં ઉજવવામાં આવનારા કેન્દ્રીય સમાજના સુવર્ણજયંતી મહોત્સવમાં ફક્ત રૂ. ૫૦૦/- ની પાવતી ફડાવીને કુદકે ને ભૂસકે સતપંથના ભાઈઓને સભ્યપદ દેવામાં આવી રહ્યું હતું. મૂળ ગામ ખોંભડીના શ્રીમાન લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ દિલ્હી વાળાની આગેવાનીમાં સુવર્ણ જયંતી મહોત્સવ નિમિતે ભારતભરમાં પ્રસરાયેલા પાખંડી પીરાણા સતપંથને માનનારા

લોકોને કોઈ પણ જાતની પૂછ પરછ વગર ફક્ત રૂપિયા ૫૦૦(અંકે રૂપિયા પાંચ સો) ની નગદ રસીદ ફડાવીને સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં આજીવન સભ્યપદ સતપંથના ભાઈઓને આપવામાં આવી રહ્યું હતું. આ કેન્દ્રીય સમાજ અને તેના સનાતની સભ્યો માટે થઈને એક આત્મઘાતી પગલું જ હતું. પણ નસીબ જોગે મારી (રમેશભાઈ વાગડીયાની) સતપંથના ભાઈઓ દ્વારા કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં પોલીસ ધરપકડ કરાવવામાં આવી પછી જ અમારા (સનાતન ધર્મ જાગૃતિ સમિતિના) કહેવાથી સતપંથીઓને સભ્યપદ આપવાનું બંધ કરવામાં આવ્યું. આવી રીતે સતપંથના ભાઈઓને વિના રોકટોક આપવામાં આવતા પ્રવેશ ઉપર રોક લગાવવામાં આવી.

૪. કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો અને મોવડીઓની સનાતની ભાઈઓ તરફ દુર્લક્ષતા

સમાજના સનાતની ભાઈઓને સતપંથના ભાઈઓ તરફથી છાસવારે થતી તકલીફો પ્રત્યે કેન્દ્રીય સમાજ દ્વારા આંખ આડા કાન થઇ રહ્યા હતા. કેન્દ્રીય સમાજ એક સનાતની સમાજ હોવા છતાં સનાતનીઓના હિતોની રક્ષા કરવાનું તો બાજુએ રહ્યું પણ. સનાતની ભાઈઓ કંઈક ફરિયાદ કરે તો પણ જાડી ચામડીના તે વખતના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓને સનાતની સભ્યો પ્રત્યે કોઈ હમદર્દી અથવા તો દાદ દરકાર નોહતી. પણ જ્યારે વાત વણસે ત્યારે સનાતની ભાઈઓ તરફથી સમાજમાં ફરિયાદ કરવામાં આવે ત્યારે સમાધાન સમિતિઓ રચવામાં આવતી. અને તેમાં સતપંથના ભાઈઓને પણ ન્યાયાધીશ (પંચ) બનાવવામાં આવતા. અને લાંબા સમય અંતે સનાતની ભાઈઓને રાહ જોવડાવી - જોવડાવી આખરે એક તરફી સમાધાનો કરવામાં આવતાં. તે સમાધાનો હમેશાં સનાતાનીઓના ભોગે સતપંથ તરફી કરવામાં આવતાં. સનાતની સમાજમાં સમાજના બહોળા વર્ગને (સનાતની ભાઈઓને) દેખીતી રીતે જ અન્યાય કરવામાં આવતો. આમ શામાટે કરવામાં આવતું? કોઈ પુછવા વાળું નોહતું. શું સતપંથના ભાઈઓની સતપંથ સમાજમાં કંઈક મડાગાંઠ પડતી તો તેઓ શું કેન્દ્રીય સમાજના કોઈ પણ સનાતની ભાઈને ન્યાય કરવા માટે બોલાવતા હતા કે? જેથી આપણી કેન્દ્રીય સમાજમાં કંઈક મડાગાંઠ પડે તો સતપંથના ભાઈઓને ન્યાયાધીશ (પંચ) તરીકે બોલાવવા પડે? આ ન સમજાય એવી વાત હતી. પણ એ હકીકત હતી.

૫. કેન્દ્રીય સમાજમાં સતપંથના ભાઈઓનો પગ પેસારો

સતપંથના ભાઈઓની પોતાની સતપંથ સમાજ હોવા છતાં આપણી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં પગ પેસારો કરવામાં આવી રહ્યો હતો. આની પાછળ પણ જો આપણે ઊંડાણથી, ગહનતાથી વિચારશું તો ખબર પડશે કે આની પાછળ પણ એક યુક્તિ પૂર્વકની સાજીશ હતી. તે સાજીશ એટલે કેન્દ્રીય સમાજને પણ પીરાણામય કેમ બનાવવી? જેવી રીતે ભારત જે હિંદુ રાષ્ટ્ર છે તેને મુસ્લિમ રાષ્ટ્ર કઈ રીતે બનાવવું (ગજવા-એ-હિન્દ) ની માફક જ્ઞાતિને ફરી પાછી પીરાણામય કેમ બનાવવી? કેન્દ્રીય સમાજને પીરાણાને આધીન કેમ બનાવવાની? તેની પેરવીઓ ચાલુ થઇ ગઈ હતી. કેન્દ્રીય સમાજના પ્રમુખ પદે પણ કોઈ એવી વ્યક્તિને બેસાડવો કે જે પીરાણા સતપંથ તરફી કુણી લાગણી ધરાવતો હોય અથવાતો તે પોતે પણ અંદર ખાને સતપંથી જ હોય, પીરાણા સતપંથમાં આસ્થા ધરાવતો હોય. સમયસર આપણે ચેત્યા ન હોત તો જતે દહાડે એ દિવસો આપણને જોવા પડ્યા હોત તે વાત નિશ્ચિત જ હતી. કેન્દ્રીય સમાજ જાણે બોડી બામણી નું ખેતર હોય તે રીતે તેમાં વિધર્મીઓનો પગ પસેરો થતો રહ્યો હતો.

૬. કેન્દ્રીય સમાજની સનાતની ઓળખ ભૂલી જવામાં આવી રહી હતી

આપણા સમાજ સુધારક (જ્ઞાતિ સુધારક) વડીલો દ્વારા કેન્દ્રીય સમાજનું નિર્માણ જ એટલા માટે કરવામાં આવ્યું હતું કે અન્ય હિંદુ (સવર્ણ અથવા તો હિંદુ પિછડી કોમ) જ્ઞાતિઓને એમ લાગે કે સનાતાનીઓ સતપંથ સમાજથી જુદા છે. તેઓ પીરાણા સતપંથને માનનારા નથી. તે સમયે ઈમામશાહ પ્રેરિત સતપંથ ધર્મને લીધે અન્ય હિંદુ પ્રજામાં આપણી ઓળખ એક મુમના

મુસલમાન તરીકે થતી હતી, તે વાત થી આપણા જ્ઞાતિ સુધારક વડીલો સુપેરે વાકેફ હતા. તે છાપને આપણા જ્ઞાતિ સુધારક વડીલોને હંમેશને માટે ભૂંસવી હતી. એટલે જ તો સતપંથ જોડે, સતપંથ સમાજ અને સતપંથીઓ જોડે તેઓએ સદન્તરે છેડો ફાડ્યો હતો. અને સતપંથ સમાજથી નોખી પોતાની આઉગી સનાતન સમાજ ઉભી કરી હતી જેને આજે આપણે કેન્દ્રીય સમાજ તરીકે ઓળખીએ છીએ. એટલું જ નહિ ગામે ગામ એજ રીતે સતપંથ સમાજોનો ત્યાગ કરીને સનાતન સમાજો ઉભી થઇ હતી. પણ ફર્ક માત્ર એ હતો કે તે સમાજો મહદ અંશે, અમુક ગામોની સમાજોને અપવાદ રૂપ ગણીએ તો કેન્દ્રીય સમાજ જેવી ભેળસેળ વાળી સમાજો નોતી. કેન્દ્રીય સમાજમાં કોણ જાણે કેમ આ સતપંથ વાળો સડો પેસી ગયો હતો તે હવે સારાં ફળોને પણ સડાવી રહ્યો હતો?

૭. સતપંથના ભાઈઓ કેન્દ્રીય સમાજના સભ્ય થયા પણ વફાદાર તો સતપંથ સમાજ અને પીરાણા સતપંથ ધર્મને જ રહ્યા

સતપંથના ભાઈઓએ પાછલા બારણેથી કેન્દ્રીય સમાજમાં ઘુસણખોરી તો કરી પણ તેઓ કોઈ દિવસ કેન્દ્રીય સમાજને વફાદાર રહ્યા નહિ. અને પોતાની આસ્થા અને શ્રધ્ધા પીરાણા સતપંથ અને ઈમામાંશાહ બાવામાં કાયમરાખી. **તેઓએ આજ દિવસ સુધી કેન્દ્રીય સમાજનો સનાતન હિંદુ ધર્મ અપનાવ્યો નહીં.** તેનો મોટામાં મોટો દાખલો એ છે કે આપણી કેન્દ્રીય સમાજ હોવા છતાં અને તેમાં તેઓનું (સતપંથીઓ નું) સભ્યપદ હોવા છતાં નખત્રાણ-કોટડા રોડ ઉપર મીની પીરાણાની સ્થાપના શામાટે કરી? તેનું મોટામાં મોટું કારણ એ પણ હતું કે કેન્દ્રીય સમાજ તારી મારી સહિયારી સમાજ અને સતપંથ સમાજ મારી આઉગી. કેટલો મોટો દ્રોહ તે લોકોએ આપણી સમાજ સાથે કર્યો હતો તે આપણે સનાતનીઓ તે વખતે સમજી શક્યા નોતા. અને આજના હોદ્દેદારોને પણ આની સમજ ન હતી. અને કદાચ હશે તો પણ તેઓ પાધરા થવા માંગતા નોહતા. પણ કેન્દ્રીય સમાજના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓ માર્યા જઈ રહ્યા હતા તેનું શું? શું તે તત્કાલીન હોદ્દેદારોની જવાબદારીમાં નોહતું આવતું? કે કેન્દ્રીય સમાજના મૂળ સનાતન હિંદુ ધર્મની રક્ષા કરવી અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવવી?

૮. કેન્દ્રીય સમાજના મોવડીઓની સનાતન શબ્દ પ્રત્યે સુગ

પ્રમુખ શ્રી વાલજીભાઈ શિવજી વાડિયાના વખતમાં સતપંથના ભાઈઓનો પગ પસેરો કેન્દ્રીય સમાજમાં એટલો બધો વધી ગયો હતો કે શ્રી વાલજી ભાઈ વાડિયાએ તેમના ધનસુરા સનાતન સમાજની સત્તાવાર મુલાકાત દરમ્યાન, ધનસુરા સનાતન સમાજના મોવડીઓને એમકહી દીધું હતું કે ધનસુરા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ નું જે નામવરસો પહેલાં સુધારક વડીલોએ નાખ્યું હશે તેમાં થી "સનાતન" શબ્દ ને કાઢી નાખો. શામાટે ભાઈ? શું તમોને સનાતન શબ્દ પ્રત્યે શુગ હતી કે પછી તમે પીરાણા સતપંથ સંસ્થાના હાથની કઠપૂતળી બની ગયા હતા. હું કેન્દ્રીય સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયાને પૂછું છું કે તમારે ત્યારે એવું નિવેદન કરતી વખતે તમારી સનાતન સમાજ (કેન્દ્રીય સમાજ) પ્રત્યેની અને સનાતાનીઓ પ્રત્યેની વફાદારી ક્યાં ગઈ હતી? શું તમે કેન્દ્રીય સમાજ અને સનાતની જ્ઞાતિના ઈતિહાસનું ભાન નોહતું? શું તમોને એ ખબર નોહતી કે કેન્દ્રીય સમાજની સ્થાપના એવા હેતુથી થઇ હતી કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ એક પીરાણ સતપંથ મુક્ત જ્ઞાતિ બને ?

૯. કેન્દ્રીય સમાજને ધર્મ સાથે કંઈ જ લેવા-દેવા નથી

સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના તત્કાલીન પ્રમુખો, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, મોવડી મંડળના સદશ્યો એમકહેવા લાગી ગયા હતા કે કેન્દ્રીય સમાજને ધર્મ સાથે કંઈ જ લેવા-દેવા નથી. કેન્દ્રીય સમાજ એક ધર્મનિરપેક્ષતા વાળી સમાજ છે. અરે ભાઈ, સમાજ ક્યારેય ધર્મનીરપેક્ષતા વાળી સમાજ હોઈ જ ન શકે. અરે, એટલે સુધી મોવડીઓની જો હુકમી થઈ ગઈ હતી કે સમાજની કોઈપણ સભામાં અથવા તો કોઈ પણ જાતના મેળાવડામાં સનાતન ધર્મનો જયઘોષ કે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન

નો જયઘોષ પણ સનાતની ભાઈઓ બોલાવી શકતા ન હતા. તેઓને કદાચ બીક લાગતી હશે કે ભગવાનની જય અને ધર્મની જય બોલાવશું તો વળી પીરાણા સતપંથના લોકોની નારાજગી વહોરી લેવી પડશે. તેઓએ કદાચ કેન્દ્રીય સમાજને જ્ઞાતિના ઈતિહાસના પાનાં ખોલ્યાં હોય તો ખબર પડેને કે ૧૯૬૦ માં સમાજની વિધિવત સ્થાપના વખતે સભાગણમાં જે મંચ હતો તેમાં સનાતન ધર્મ કી જય અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન કી જય એવું લખાણ કરવામાં આવ્યું હતું તેનો ઈતિહાસ સાક્ષી છે.

૧૦. કેન્દ્રીય સમાજના મોવડીઓની સતપંથના કાર્યક્રમોમાં હાજરી

ઈમામશાહ બાવા અને પીરાણા સતપંથ ધર્મ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી અને એ જ્ઞાતિ માટે કલંકરૂપ છે એવું આપણા સુધારક વડીલોને લાગ્યું હતું એટલા માટે જ તો આપણા સુધારક વડીલોએ આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના છેક ૧૯૩૮ માં કરી હતી. અને તેના પછી ૧૯૪૫-૪૬ માં તે જ સમાજે વાંઢાયમાં સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ આપણા કુળદેવી જગદ જનની મા ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરી હતી. પણ તે જ સંસ્થાના આજના પ્રમુખો અને મોવડીઓ સતપંથ સમાજ દ્વારા ઉભા થતા ઈમામશાહ અને નકલંકીના (નિષ્કલંકીના) મંદિરોના ઉદઘાટન સમારોહમાં જઈને હાજર રહેવાની નૈતિક મનાઈ (પાબંધી) હોવા છતાં ત્યાં શોભામાં અભિવૃદ્ધિ કરવા જતા હોય તો તેની ફરિયાદ કોને કરવાની? અને તેવા હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ સમાજના સનાતની જન સમુહને શું સંદેશો આપી શકે? આજથી લગભગ એક સો વરસ પહેલાં ૧૯૨૦ અને ૧૯૨૨ માં કરાચી મધ્યે જ્ઞાતિની પહેલી અને બીજી પરીષદ માં આદ્ય સુધારક પૂજ્ય નારાયણજી રામજી લીબાણીએ જાહેર કર્યું હતું કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પાપી પાખંડી પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બને. આજે ૧૦૦ વરસ પછી પણ આપણે આપણી જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ નથી બનાવી શક્યા તેનો આપણે સૌને અફસોસ હોવો જોઈએ.

૧૧. કેન્દ્રીય સમાજના મોવડીઓનું પક્ષપાતી વલણ અને સનાતન ધર્મ અને સનાતનીઓ પ્રત્યે દુર્લક્ષતા

કોઈ પણ સતપંથના ભાઈને જરા સરખી પણ સનાતનીઓ તરફથી નાની સરખી પણ ખરોજ પાડવામાં આવે ત્યારે સતપંથ સમાજ અને આખે આખું પીરાણું તે ભાઈના પડખે ઉભું થઈ જતું હોય છે. બીજી બાજુ કેન્દ્રીય સમાજના પોતાનાજ સનાતની ભાઈઓને સતપંથના ભાઈઓ તરફથી કંઈ પણ કનડગત થાય તો તે કેન્દ્રીય સમાજમાં ફરિયાદ કરે ત્યારે કેન્દ્રીય સમાજનું તત્કાલીન મોવડી મંડળ આંખ આડા કાન કરે તો તેને કેટલી હદ સુધી ચલાવી લેવાય?

૧૨. સતપંથના ભાઈઓ એમમાનવા લાગી ગયા હતા કે "મારું એ મારું અને તારું મારું સહિયારું

કેન્દ્રીય સમાજના તત્કાલીન મોવડીઓનું સતપંથ તરફી વલણ એટલું બધું કુણું થઇ ગયું હતું કે સતપંથના ભાઈઓ એમજ માનવા લાગી ગયા હતા કે કેન્દ્રીય સમાજમાં તેઓ પૂરે પૂરો હક્ક ધરાવે છે. સતપંથના ભાઈઓ એમકહેવા લાગી ગયા હતા કે ''મારું એ મારું અને તારું મારું સહિયારું''. આ ક્યાંનો ન્યાય કહેવાય? પીરાણા સતપંથમાં માનવાવાળા ભાઈઓની પોતાની સતપંથ સમાજ તો હતી જ અને આજે પણ મોજુદ છે, તો પછી તેઓને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં સભ્યપદ શામાટે આપવામાં આવતું હતું? અને કેન્દ્રીય સમાજના તે વખતના હોદ્દેદારો શામાટે તેવા સતપંથના ભાઈઓને સભ્યપદ આપતા હતા? આનો પ્રચંડ લાભ આ સતપંથના ભાઈઓએ લીધો. અને એ પણ માનવા લાગી ગયા હતા કે મારી સતપંથ સમાજ તો છે જ અને રૂ.૫૦૦ માં કેન્દ્રીય સમાજનું આજીવન સભ્યપદ વિના રોકટોકે મળતું હોય તો તેનો ફાયદો શામાટે ના ઉપાડવો? તેઓ તો હોશિયાર હતા પણ આપણી કેન્દ્રીય સમાજ ના હોદ્દેદારો ઘોર નિંદ્રાધીન હતા તેનું શું?

૧૩. કેન્દ્રીય સમાજ દ્વારા સનાતનીઓના ભોગે સતપંથ તરફી થતા કહેવાતા સમાધાનો

સનાતની ભાઈઓ અને સતપંથના ભાઈઓ વચ્ચે થતા જગડાઓના મૂળમાં તો સતપંથ ધર્મ જ કારણ બનતો હોય છે. પછી

બહારથી ભલે તે સામાજિક જગડાનું રૂપ આપી દેવામાં આવતું હોય. જગડાના મૂળમાં તો બાવા ઈમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ જ હોય છે. આવા જગડાના ઉકેલ માટે મુદ્દો જ્યારે કેન્દ્રીય સમાજ પાસે આવે ત્યારે જે સમાધાનો થતા તે મોટા ભાગે સતપંથના ભાઈઓ તરફી જ થતા. ભોગવવાનું તો સનાતન પક્ષે જ આવતું. તેનો વિચાર અથવા તો તેનું ગહન ચિંતન તો કોઈ દિવસ તત્કાલીન હોદ્દેદારોએ કર્યું જ નોહતું.

૧૪. જન આક્રોશ

ઉપરોક્ત જણાવેલા બધા કારણોને લઈને કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં કેન્દ્રીય સમાજના મોવડીઓ પ્રત્યે પ્રચંડ આક્રોશ હતો. તે પ્રચંડ જન આક્રોશ અમે લોકોએ જ્યારે ભારતભરની ઘટક સમાજોમાં જઈને સનાતન ધર્મ અને સમાજ જાગૃતિની અનેક સભાઓ કરી ત્યારે લોકોના મુખારવિંદ ઉપર દેખાતો હતો. અને આગળ જતા તે એક જન અંદોલનમાં પરિવર્તિત થઇ ગયો. તે જન આંદોલનને આજે આપણે સમાજની સનાતન-સતપંથ મુદ્દે ચોથી ક્રાંતિ કહી રહ્યા છીએ.

તા.૨.૦૮.૨૦૦૯ ના દેસલપર સંસ્કારધામમધ્યે સનાતની ભાઈઓનું અનાયાસપણે મળવાનું થયું

તા. ૨.૦૮.૨૦૦૯ ના દિવસે સંસ્કારધામદેસલપર મુકામે સમદુખિયા લોકો ભેગા થયા હતા. સમદુખિયા લોકો એટલે કે જે લોકો ઉપર સતપંથના ભાઈઓએ તદ્દન ખોટા કોર્ટ કેસો કર્યા હતા અથવા તો જે લોકોને સતપંથના ભાઈઓએ એક યા બીજા કારણોને લઈને હેરાન પરેશાન કરી મુક્યા હતા, એવા લોકો ત્યાં સંસ્કારધામમાં આકસ્મીકપણે ભેગા થયા હતા. સનાતની ભાઈઓમાં સતપંથના ભાઈઓ પ્રત્યે તેમજ કેન્દ્રીય સમાજના મોવડીઓ પ્રત્યે એક જબરજસ્ત આક્રોશ હતો. આક્રોશ એ વાતનો હતો કે આપણી માતૃ સંસ્થા (કેન્દ્રીય સમાજ) ની સતપંથ બાબતે બેવડી નીતિ અખત્યાર થઈ રહી હતી. સતપંથના લોકોને થાબડ થોબડ કરવી અને સનાતનીઓ ના ભોગે સતપંથના લોકો સાથે ધાર્મિક અને સામાજિક પ્રશ્નો બાબતે સતપંથીઓ તરફી સમાધાનો કરવા. કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારોને એ પણ જ્ઞાન (ભાન) નોતું કે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ ધાર્મિક બાબતે સતપંથના ભાઈઓ જોડે કોઈ પણ જાતની બાંધ-છોડ ના કરી શકે. સનાતન ધર્મ બાબતે શેની બાંધ છોડ કરવાની હોય ભાઈ? કોઈ એમન કહી શકે કે હું ૫૦% સતપંથી છું અને બીજા ૫૦% સનાતની છું. કેન્દ્રીય સમાજના મોવડીઓ, એ વાત પણ સાવ ભૂલી ગયા હતા કે પીરાણા સતપંથની ઓળખ એક મુસ્લિમધર્મ તરીકે થતી હોવાથી આપણા સુધારક વડીલોએ તે સતપંથનો અને સતપંથ સમાજનો કાયમને માટે ત્યાગ કરીને શુદ્ધ સનાતાનીઓ માટે એક સનાતન સમાજ ઉભી કરી હતી. અને તે સમાજ એટલે આજની આપણી કેન્દ્રીય સમાજ. એ જ સનાતની કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો સતપંથના લોકોને થાબડ થોબડ કરી છાવરવા લાગ્યા હતા. જાણે આઝાદી પછી જે કોન્ગ્રેસની સરકારોએ ભારતમાં બહુમત હિંદુ પ્રજાને ભૂલી જઈને લઘુમતી મુસલમાન પ્રજાને થાબડ થોબડ કરી વોટ બેન્ક ઉભી કરી હતી. કાંઇક એવુજ આપણી કેન્દ્રીય સમાજમાં તત્કાલીન હોદ્દેદારો દ્વારા બની રહ્યું હતું. કેન્દ્રીય સમાજની સ્થાપના ના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓને તેઓ સાવ જ ભુલી ગયા હતા. તેઓને સનાતની ભાઈઓના કલ્યાણની કોઈજ ચિંતા ન હતી. સનાતનીઓની બધી જ રીતે રક્ષા કરવાનું તેઓ ભૂલી ગયા હતા. મારી ભાષા માં કહું તો સમાજના કહેવાતા હોદ્દેદારો અને અગ્રણીઓ સનાતાની ભાઈઓ તરફે આંખ આડા કાન કરવા લાગી ગયા હતા. તેઓના મતે કેન્દ્રીય સમાજ ને ધરમબાબતે (સનાતન ધર્મ બાબતે) કંઈ જ લેવા દેવા નથી એમસમજતા થઇ ગયા હતા. બીજી બાજુ કેન્દ્રીય સમાજનો બહોળો સનાતની વર્ગ એમસમજતો હતો કે સતપંથ ધર્મીઓ માટે તેમના માઈ-બાપ સમાન પીરાણા સતપંથ સંસ્થા હતી અને આજે પણ હયાત છે જ. જે સતપંથીઓના સુખ દુઃખમાં તેની પડખે ઉભી રહેતી હોય છે. અને સનાતાનીઓ માટે તેના માઈ-બાપ થઇ શકે એવી કોઈ સંસ્થા હતી તો તે એક માત્ર આપણી કેન્દ્રીય સમાજ. પણ અફસોસ એ વાતનો હતો કે કેન્દ્રીય સમાજના તત્કાલીન હોદ્દેદારો તે વાતને સાવ જ ભૂલી ગયા હતા. તેઓને ફક્ત ચિંતા હતી તો પોતાની ખુરસીઓ બચાવવાની. અને લોકો તેની વાહ વાહ કરે તેની. આને લીધે કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં ભયંકર આક્રોશ હતો. કેન્દ્રીય સમાજની સ્થાપના એટલા માટે જ થઇ હતી કે જતે દાહાડે જ્ઞાતિ સતપંથ મુક્ત જ્ઞાતિ

બન્નેએ તે માટે સર્વે પ્રયત્નો કેન્દ્રીય સમાજે કરવા જોઈતા હતા.

દેસલપર સંસ્કારધામમાં તા.૨.૦૮.૨૦૦૯ ના સનાતની ભાઈઓનું ભેગા થવામાં કોઈ પૂર્વ આયોજન નોહતું. તેઓ આકસ્મિક પણે ત્યાં ભેગા થઇ ગયા હતા તેમાં કુદરતી સંકેત જ હતો

કારણ ફક્ત એજ હતું કે આગામી બે એક વર્ષમાં આપણા સંસ્કાર ધામમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા બાબતે સનાતની ભાઈઓ અનાયાસે ભેગા થયા હતા. અને ત્યારે સૌ સનાતાનીઓના મનમાં એક વાત તો ચોક્કસ હતી કે સતપંથ બાબતે કેન્દ્રીય સમાજ મગ નું નામમરી ન પાડતી હોય તો આપણું દેસલપર સ્થિત શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન સનાતાનીઓ ના ધાર્મિક અને સામાજિક હક્કો માટે કેન્દ્રીય સમાજ વિરુદ્ધ લડાઈ લડી શકે એમછે. (સનાતાનીઓને એમલાગી રહ્યું હતું કે કેન્દ્રીય સમાજ જો તેમની ફરિયાદ ના સાંભળતી હોય તો શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન તો આપણું-સનાતાનીઓનું આઉગું જ છે ને) તે આપણી વાત જરૂર સાંભળશે. પણ સનાતાનીઓ ની તે આશા પણ આજ દિવસ સુધી ઠગારી જ નીવડી છે. આ વાત ને લઈને તે દિવસની સાંજે હાજર સૌ સનાતાનીઓ સંસ્કારધામમાં વાળુ કરીને ભેગા થયા અને તેના મુખ્ય સુત્રધાર હતા શ્રી રમેશભાઈ વાગડિયા અને પ્રખર સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી અને ત્યાં નક્કી કરવામાં આવ્યું કે આવતી કાલે કેન્દ્રીય સમાજનું મોવડી મંડળ વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાને આવવાનું છે ત્યારે તેઓને સંસ્કારધામમાં બોલાવીને સનાતાનીઓના હક્કો બાબતે અને સતપંથના ભાઈઓ દ્વારા થતા ખોટા કોર્ટ કેશો બાબતે તેમની પાસે ફરિયાદ કરવી.

કેન્દ્રીય સમાજને લેખીત ફરિયાદ કરવી એવો સુજાવ

ઉપરોક્ત ચર્ચાઓ ચાલતી હતી ત્યારે સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વાગડિયાએ સુજાવ આપ્યો હતો કે આપણે સતપંથ બાબતે જે કંઈ તકલીફો થઇ છે તેનું વિસ્તારપૂર્વક લખાણ કરીને એક પત્ર બનાવવામાં આવે અને તે પત્ર આપણે કેન્દ્રીય સમાજના મોવડીઓને આવતી કાલે સોંપરત કરીએ. પણ પત્ર લખવાથી કંઈજ નહિ વળે જે કંઈ કહેવું હોય તે આપણે મૌખિક કહેશું. મોઢા-મોઢ કહેશું. એવો શુર આવ્યો એટલે તે વખતે પત્ર લખવાનું માંડવાળ કરવું પડ્યું.

તા. ૩.૦૮.૨૦૦૯ ના દિવસે કેન્દ્રીય સમાજના મોવડીઓ સાથે સંસ્કાર ધામખાતે મુલાકાત

તા. ૩.૦૮.૨૦૦૯ ના દિવસે કેન્દ્રીય સમાજના મોવડીઓ બપોર પછી પછાડના ૩.૦૦ વાગે સંસ્કારધામની મુલાકાતે આવ્યા ત્યારે સનાતની ભાઈઓ જોડે એક બેઠક યોજાઈ હતી. ત્યારે એક બાજુ કેન્દ્રીય સમાજના પ્રમુખ અને અન્ય મોવડીઓ હતા અને બીજી બાજુ હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાગડિયા અને ગુજરાત કંપાથી આવેલા વસંતભાઈ લીબાણી, પુનમભાઈ ધોળુ. ધનજીભાઈ શિવગણ, લખમશી લધા વાસાણી, જેવા અનેક સનાતની ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. સનાતની ભાઈઓ તરફથી સતપંથના ભાઈઓની જે કનડગત થતી હતી તેની વિસ્તારપૂર્વક અને જુસ્સાભેર જોરદાર રજૂઆત કરવામાં આવી. તે વખતે કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રીમાન શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીએ બધું સાંભળી લીધા પછી અંતે એવું જણાવ્યું કે તમારી જે જે તકલીફો હોય તે વિગતવાર એક પત્રમાં લખીને કેન્દ્રીય સમાજને મોકલાવો. જે ભાવતું હતું તે વૈધે બતાવ્યું અને તે પ્રમાણે પત્ર લખવાની જવાબદારી સોંપવામાં આવી શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયાને.

૪.૦૮.૨૦૦૯ ના રમેશભાઈ વાગડિયાએ પત્રનું લખાણ કર્યું

આ દિવસે તે ઐતિહાસિક પત્ર લખાણો. પત્ર લખવાનું બીડું જડપ્યું સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વાગડિયાએ. ત્યાં હાજર સૌ સનાતની ભાઈઓની સતપંથ બાબતે જે કંઈ સમસ્યાઓ હતી તેનો અભ્યાસ કરવામાં આવ્યો અને તે મુજબ તેનું લખાણ કરવામાં આવ્યું. આ પત્ર કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી ને ઉદ્દેશી ને લખવામાં આવ્યો. પણ પ્રશ્ન એ હતો કે આ પત્ર કઈ સંસ્થા

લખે? કોણ લખે? તેમાં ફ્રોમ(FROM) સરનામું કોનું આપવું? ત્યાં ઉપસ્થિત સનાતની ભાઈઓ ને મુંજવણ ઉભી થઈ. તે માટે પોતાનું સરનામું આપીને બિલાડીના ગળે ઘંટ બાંધવા કોઈ તૈયાર નોતું. સંસ્કારધામને (શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજને) અત્યારે અલિપ્ત રાખવાનું નક્કી થયું. અત્યારે તે પત્ર કોઈ એક સનાતનીના સરનામાથી લખવો અને તેમાં સૌ સનાતનીઓ સહી કરે એમનક્કી કરવામાં આવ્યું. અને તે પત્ર ઉપર સહીઓ લેવાનું ચાલુ કર્યું.

નવાઈની વાત તો જુઓ કે એ પત્ર ઉપર વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના તે વખતના પ્રમુખ શ્રી રવિલાલ કેશરા રામજીયાણીએ ધનાધસ્ત સહી કરવાની ના પાડી દીધી. લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન સંસ્કારધામના તે વખતના પ્રમુખ શ્રી જેઠાલાલ ચોપડાએ પણ સહી કરવાની ના પાડી દીધી. જુઓ તો ખરા સતપંથ મત નો સંપૂર્ણ પણે ત્યાગ કરીને સનાતન ધર્મ નો અંગીકાર કરી ચુકેલા વડીલોએ ઉભી કરેલી સંસ્થાઓના આજના હોદ્દેદારો (પ્રમુખો) સનાતાનીઓના હક્કો માટે લખવામાં આવેલ ફરિયાદી પત્ર ઉપર સહીઓ કરવામાં ગભરાતા હતા. સનાતની પલાખા ધરાવતી સંસ્થાઓ ના તત્કાલીન વડીલોનું હતું આવું વલણ. આવી હતી તે વખતે કેન્દ્રીય સમાજના સનાતાનીઓની પરિસ્થિતિ. આવા હોદ્દેદારો સનાતની ભાઈઓનો શું ઉદ્ધાર કરવાના હતા? ક્યાં જાય આવા સનાતની ભાઈઓ? શું કરે પોતાના હક્કો ખાતર લડાઈ લડવા માટે? તે માટે સનાતાનીઓ ને તો હવે પોતાના હાથે જ પોતાના હક્કો માટે લડાઈ લડવી પડે એમહતું. ત્રણે મોરચે તેમને લડવું પડે એમહતું. એક બાજુ પીરાણા સતપંથ સામે, બીજી બાજુ કેન્દ્રીય સામાજ સામે અને ત્રીજી બાજુ વાંઢાય-દેસલપરની બંને સંસ્થાઓ સામે. આપણે સુવિદિત છીએ કે પાછળના દિવસોમાં પણ આ બે વ્યક્તિઓ કે જેઓ તે પત્ર ઉપર સહી કરવા માટે ગભરાતી હતી, તેઓનું સતપંથ તરફી કુણું વલણ તો રહ્યું જ અને તેના માઠા પરિણામો આપણી ત્રણે સંસ્થાઓને ભોગવવા પડયાં તેની ઊંડાણ થી ચર્ચા આપણે અત્યારે નથી કરવી. પણ હકીકત તો હકીકત જ રહેવાની છે. કંઈક નવી કેડી કંડારવી હોય તો હિંમત જોઈએ. હિંમત કરવામાં ભલભલા લકાઇ (છુપાઈ) જતા હોય છે. ભલભલાની પેન્ટ ઢીલી થઇ જતી હોય છે. ઘણા ઓછા હિંમતવાન લોકો જ આવા ફરિયાદી પત્રો ઉપર પોતાની સહી કરવાની હિંમત જતાવતા હોય છે. કોઈ બિલાડીને ગળે ઘંટ બાંધવા જલ્દી તૈયાર થતું નથી.

૪.૦૮.૨૦૦૯ ના દિવસે પછાડના ૪.૩૦ વાગે તે ઐતિહાસિક પત્રની કેન્દ્રીય સમાજને સોંપણી

પત્રની નકલ નીચે છપાવેલ છે.

શ્રી લક્ષ્મીનારાયણાય નમ:

- નિ વે દ ન -

નખત્રાણા
તા. ૪-૮-૨૦૦૯.

પ્રમુખ શ્રી,
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા.

સંદર્ભ : તા. ૩-૮-૨૦૦૯ના બપોર પછી આપની સાથે **સંસ્કારધામ દેશલપર** ખાતે થયેલ વાર્તાલાપ.
વિષય : સનાતની ભાઈઓના પ્રશ્નોનું નીરાકરણ બાબત.

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત વિષયે આપશ્રી તેમજ આપના સહયોગી હોદેદારોની સાથે થયેલ વિસ્તૃત ચર્ચાના અંતે તમોએ અમોને જણાવેલ કે આપની જે કોઈ પણ ફરિયાદો, વ્યથાઓ કે સુચનો હોય તે લેખિતમાં સમાજની ઓફિસમાં તા.૪-૮-૨૦૦૯ ની સાંજ સુધીમાં મોકલી આપશો જેથી અમો ઉપરોક્ત ચર્ચા દરમ્યાન થયેલ વાતો આપશ્રીની જાણ ખાતર ફરીથી જણાવી રહ્યા છીએ.

અ. મોડાસા અને ગુજરાત સાબરકાંઠા

૧. મોડાસાના ઉમિયા મંદિરની પ્રતિષ્ઠા રોકી અને તે બાબતે પિરાણા પંથીઓ તરફથી કેસ થયા બાબત.

૨. શ્રી લક્ષ્મીનારાયણ ધર્મ જાગૃતિ રથ અને સનાતન ધર્મનું સ્નેહમિલનના વિરોધમાં પિરાણા પંથીઓ તરફથી થયેલ વાંધાઓ અને કોર્ટ કેસ બાબત.

૩. કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા એ કરેલ કનુભાઈ અને મગનભાઈની મધ્યસ્થીમાં ૨૫ જણાની સુપર સમિતી દ્વારા થયેલ સમાધાન ને ૫૦૦ જણાની સામાન્ય સભાએ આપેલ બહાલીનું પાલન સતપંથીઓ દ્વારા ના થવા બાબત.

૪. અ.ભા.ક.ક.પાટીદાર સમાજના અમુક હોદેદારોએ તા.૨૬-૬-૨૦૦૯ના યોજેલ સંપર્ક યાત્રા વખતે અમુક પિરાણા પંથી ભાઈઓએ વાંધો ઉઠાવતા કેન્દ્રીય સમાજ ના હોદેદારોને કહેલ કે સમગ્ર ભારતભરની સમાજોમાંથી સનાતન નામ કાઢી નાખવું જોઈએ તો જ સમાધાન થશે. આવું જો સમાજના હોદેદારો સમક્ષ કહેવાતું હોય તો કેન્દ્રીય સમાજનુ કેવું વલણ હોવું જોઈએ ?

૫. ધનસુરા તેમજ હિમતનગરમાં સનાતનના બોર્ડ ૬૦ વર્ષ પહેલા લખાયેલા મોજુદ છે તો અ.ભા.ક.ક.પાટીદાર સમાજના હોદેદારોની હાજરીમાં ભાઈ હરી માધાએ આક્ષેપ કરેલ કે કેન્દ્રીય સમાજે શુ ધ્યાન રાખ્યુ છે કે આવા સનાતનના બોર્ડો હજી પણ લાગેલા પડ્યા છે. તે ઉતારી નાખવા જોઈએ ત્યારે સમાજના માજી પ્રમુખ શ્રીએ તે વાતને સહમતી આપતા કહેલ કે સમાજમાં આવા સનાતનના બોર્ડો ન હોવા જોઈએ. તો કેન્દ્રીય સમાજના એક જવાબદાર વ્યક્તિનું આવુ વલણ શા માટે ? ખરેખર તો કેન્દ્રીય સમાજ ૫૦ વર્ષે પહેલા સનાતનીઓએ જ બનાવેલ અને સનાતનીઓના હિતોની રક્ષા કરવા માટે જ સ્થાપના થયેલ તો આજે કેન્દ્રીય સમાજનું સનાતનીઓને વિરૂધ્ધ વલણ શા માટે ? કેન્દ્રીય સમાજ જો અમ સનાતનીઓની હીતની રક્ષા નહી કરે તો કેન્દ્રીય સમાજ અમારા શા કામની ? વધારેમાં અમો કેન્દ્રીય સમાજને એ પૂછવા માગીએ છીએ કે એક પિરાણા પંથી જો સનાતનના શબ્દ સામે વાંધો લેતો હોય તો પિરાણા વાળાઓ પોતાની આદત પ્રમાણે વારે-વારે જ્યારે નામો બદલાવી રહ્યા છે અને હવે છેલ્લે હાલમા સતપંથ- સનાતન એવુ નામ શા માટે રાખે છે ?

....૨

SHRI A. B. K. K. PATIDAR SAMAJ
H.O.: PATIDAR VIDYARTHI BHAVAN
NAKHATRANA - 370 615 KACHCHH

૨

ળ. કોટડા (જ.)નો પ્રશ્ન

૧. કોટડા (જ) વાળા ભાઈઓ ની રજૂઆત થયેલ કે કોટડામાં અમુક ભાઈઓએ સમાજની ૧૮મી કલમનું ઉલંઘન કરેલ છતાં પણ કેન્દ્રીય સમાજે તેવી વ્યક્તિઓની અરજી સ્વીકારીને શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વાળાને આરોપી તરીકે તેડાવી **એક પક્ષી વલણ શા માટે અપનાવ્યુ ?** એક પક્ષીય વલણ એટલા માટે કે આવા ૧૮મી કલમનો ભંગ કરવા વાળા ફરિયાદો લઈને આવે એની ફરિયાદો શા માટે સ્વીકારવામાં આવે છે અને એટલું જ નહી પરંતુ આવી ફરિયાદો ઉપર તાત્કાલીક ધ્યાન આપી અને સામા પક્ષોને ખોટી રીતે શા માટે દબાવવામાં આવે છે ?અહી એક વાત અતિ મહત્વની છે કે ભૂતકાળમાં સતપંથીઓ દ્વારા આપણી કેન્દ્રીય સમાજના તે સમયના પ્રમુખ શ્રી સામે પાયા હીન આક્ષેપો કરીને કોર્ટ કેસ કરવામાં આવેલ ત્યારે આવુ કૃત્ય કરનાર લોકોને કેન્દ્રીય સમાજે શા માટે બોલાવીને યોગ્ય કાર્યવાહી ન કરી ?

૨. શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ કોટડા (જ) વાળા ભાઈઓ ઉપર સતપંથીઓએ ચારેક વર્ષ પહેલા નવેક (૯) કોર્ટ કેસો નું સમાધાન કેન્દ્રીય સમાજની મધ્યસ્થી થી જ થયેલ તે વખતે પિરાણા પંથી ભાઈઓએ બાહેંધરી આપેલ કે સમગ્ર ભારત લેવલે લક્ષ્મીનારાયણ સનાતનસમાજના ભાઈઓ ઉપર થયેલ તમામ કેસો ૧૨ મહિનાની અંદર પાછા ખેંચી લેશું. તો કેન્દ્રીય સમાજે આવા કેસો પાછા ખેંચાવવા શા પગલાં ભર્યા? હવે એનાથી ઉલટું, આ સતપંથીઓએ ઘણા બધા નવા કેશો દાખલ કર્યા છે એવી ઘણી બધી ફરિયાદો મોજૂદ છે.

ક. બેંગલોરના ભાઈઓ સામે થયેલ કોર્ટ કેશો

સ્વ. શ્રી રતનશી નારણ વાઘડીયાના પરિવાર ઉપર પિરાણા પંથીઓ તરફથી કરવામાં આવેલ ક્રીમીનલ કેસોની જાણ ત્રણેક વર્ષ પહેલા કેન્દ્રીય સમાજને કરવામાં આવેલ તે સંદર્ભે કેન્દ્રીય સમાજે કરેલ ઠરાવની નકલ બેંગલોર મોકલાવેલ તેમાં નવાઈની વાત એ હતી કે કેન્દ્રીય સમાજે તે ઠરાવમાં લખેલ કે - ***આ બાબતે સમાજમાં જુદી જુદી ધાર્મિક વિચાર શ્રેણી વાળાનો સમાજ છે જે કોઈ પણ ધર્મને માને તેમા કોઈને વાંધો હોઈ શકે નહી*** - તો આ બાબતમાં **અમારે શુ સમજવું ?** આ ક્રીમીનલ કેસો આજે પણ ગુજરાત હાઈ કોર્ટમાં ચાલું છે. તો શું કેન્દ્રીય સમાજ **શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ** પાળવા વાળાનો હિત ચિંતક નથી ? જ્યારે પિરાણા પંથીઓ તો એક જૂટ થઈ આવા ખોટા કોર્ટ કેસો સનાતન ધર્મીઓ ઉપર વારંવાર કરતા રહેલા છે.

ડ. અન્ય રજૂઆતો

૧. - ૫૦ વર્ષ પહેલા પિરાણાથી વિરૂધ્ધ જઈ તે વખતના વડીલો એ નખત્રાણા મધ્યે અ.ભા.ક.ક. પાટીદાર સમાજની સ્થાપના કરી ત્યારે શું પિરાણા પંથીઓનો તેમાં સાથ હતો કે ? અથવા તો સ્થાપક વડીલો શું સનાતન ધર્મીઓ ન હતા? શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને વરેલા હતા અને તેના હિતચિંતકો જ હતા એટલે જ આપણી કેન્દ્રીય સમાજના બંધારણમાં ૧૮મી કલમનો **સતપંથી ભાઈઓનો** ઘણો બધો વિરોધ હોવા છતાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.અને તેથી જ તો જ્યારે જ્યારે સતપંથીઓ દ્વારા કોઈ પણ કાર્યક્રમો યોજવામાં આવતા અને તેના નિમંત્રણો સમાજના તત્કાલીન **હોદેદારોને** મોકલવામાં આવતા ત્યારે આ હોદેદારો સતપંથના કોઈ પણ પ્રસંગોમાં કે કાર્યક્રમોમાં ભૂલથી પણ શોભામાં અભિવૃધ્ધિ કરવાનો હિન પ્રયાસ ક્યારે પણ કર્યો ન હતો. હવે આ પરંપરા ત્યારે જ તુટી કે જ્યારે શ્રી વાલજી શીવજી વાડીયાએ પ્રમુખ પદની ધુરા સંભાળી અને વર્ષોથી ચાલી આવતી વડીલોની પરંપરા શરમ જનક રીતે તોડી જેનું સમાજના મોટા વર્ગને પારાવાર દુઃખ છે.

...૩

3

અ.ભા.ક.ક. પાટીદાર સમાજના સ્થાપક વડીલો એ જે હેતુથી અને જે દૃષ્ટિ અને ભાવના થી ૫૦ વર્ષ પહેલા સમાજની સ્થાપના કરી હતી તે શું આજની કેન્દ્રીય સમાજ તે હેતુઓ અને વડીલોની ભાવનાઓ પાર પાડી રહી છે?

૨. ઈતિહાસ ગવાહ છે કે પિરાણા પંથીઓએ આજ દિવસ સુધી શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને પાળવા વાળા ઉપર સેંકડો કેસો કરેલા છે જ્યારે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને પાળવા વાળાઓ એ તેમના પર કોઈ પણ કોર્ટ કેસો કરવામાં કદી પણ પહેલ નથી કરી જે આપણી સમાજની ૧૯મી કલમને અનુમોદન આપતા રહેલા છે. અને આ કલમનો સરે આમ ભંગ કરવા વાળાઓ વિરૂદ્ધ સમાજ શા માટે કોઈ કડક કાર્યવાહી કરતી નથી ?

૩. આજે ઘણા વર્ષોથી કેન્દ્રીય સમાજનું એક એવું વર્તન સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે આપણી કેન્દ્રીય સમાજ દ્વારા સનાતની ભાઈઓની લાગણીઓને હંમેશા દબાવવામાં આવે છે અને સતપંથી ભાઈઓને હંમેશા છાવરવામાં આવે છે. આવુ એક તરફું વલણ ક્યાં સુધી ચાલશે ?

૪. આપણી કેન્દ્રીય સમાજના હાલના પ્રમુખને ચોતરફથી ના હોવા છતાં પણ નખત્રાણા મધ્યે નિષ્કલંકી ધામમાં એક કાર્યક્રમ હતો તેમાં હાજરી આપી ત્યારે પોતાના સ્વબચાવ માટે પ્રમુખશ્રી રામજી કરમશીએ જણાવ્યું કે હું ત્યાં ગયો હતો તે એક શરતથી ગયો હતો .અને તે શરત હતી કે પિરાણા પંથીઓએ જે કાંઈ આપણા વિરૂદ્ધ કોર્ટ કેસો કર્યા હશે તે ત્વરીત તેઓ પાછા ખેંચી લેશે. જણાવતા અત્યંત ખેદ થાય છે કે આજે તે ઘટનાને એકાદ વર્ષ થવા આવ્યું છતાં પણ આવા કોઈ કોર્ટ કેસો પિરાણા પંથીઓએ પાછા ખેંચ્યા નથી તેના બદલે નવા કેસો તેઓએ આપણા ભાઈઓ ઉપર કર્યા છે તેની કેન્દ્રીય સમાજે ખાસ નોંધ લેવા જેવી છે.

૫. આવા તો અનેક પ્રશ્નો આપણી સમાજમાં છે જેની વ્યથા અને દુઃખ સમાજના બહોળા વર્ગને છે. જેના નિરાકરણ માટે આ બહોળા વર્ગને શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ પાસે ઘણી બધી અપેક્ષા છે અને તેનું નિરાકરણ શ્રી આ.ભા.ક.ક. પાટીદાર સમાજ ત્વરીત નહી કરે તો અમ સનાતની ભાઈઓને આગામી ૨૦૧૦ માં યોજનાર સ્વર્ણીમ મહોત્સવમાં ભાગ લેવો કે નહી તેનો ગંભીરતાથી વિચાર કરવો પડશે.તો આપણી કેન્દ્રીય સમાજ ઉપરોક્ત બાબતે ત્વરીત યોગ્ય પગલા લે એવી અપેક્ષા સહ......
એ જ અ.ભા.ક.ક. સમાજના નીચે જણાવેલ સભ્ય શ્રી ઓ.....જેમણે પોતાના નામની સામે હસ્તાક્ષર કરેલ છે.

...૪.

– ૪ –

અખિલ ભારતીય કેન્દ્રીય સમાજને ઉદ્દેશીને આ સાથે જે લખાણ રાંકવામાં આવ્યું છે તેને અમો નિચે સહી કરનાર સનાતની ભાઈઓનું સંપુર્ણ અનુમોદન છે.

	નામ	ગામ	સહી અને ફોન નંબર
૧	ધનસુખભાઈ માવજી રંગાણી. પ્રમુખશ્રી ક.ક.પા. સનાતન સમાજ ગુજરાત.	ધનસુરા	પટેલ ધનસુખલાલ ફોન No. 09925140210
૨	ખીમજી ભાઈ અરજણ ધોળુ પ્રમુખ શ્રી ક.ક.પા. સનાતન સમાજ વિઠ્ઠલપુરા મોડાસા.	મોડાસા	ખીમજીભાઈ ધોળુ ૯૮૨૫૩૧૯૦૦૧
૩.	મગનભાઈ હરજી દીવાણી. પ્રમુખ શ્રી ક.ક.પા. સમાજ મોડાસા.	શાંતીપુરા	મગનભાઈ હરજીભાઈ [illegible] ૯૪૨૭૦૭૯૯૧૫૪
૪.	જસરાજભાઈ અરજણ ભાકાણી પુર્વ પ્રમુખ ક.ક.પા. સમાજ કપડવંજ.	વિઠ્ઠલપુરા	[illegible] મો. ૯૪૨૬૩ ૪૨૧૦૭
૫.	અમૃતભાઈ ~~[illegible]~~ રામાણી મંત્રીશ્રી ક.ક. પાટીદાર સનાતન સમાજ	ધનસુરા	[illegible] મો. ૯૯૭૯૧ ૨૩૪૪૪
૬	ચંદુભાઈ જીવરામ લીંબાણી. સહમંત્રી ક.ક.પા. સનાતન સમાજ	ધનસુરા	ચંદુભાઈ જીવરામભાઈ પટેલ. મો. ૯૯૨૫૨૩૫૯૪૬
૭	પુનમભાઈ ખીમજી ધોળુ પુર્વ પ્રમુખ મોડાસા સમાજ.	મોડાસા.	પટેલ પુનમભાઈ ખીમજીભાઈ ૯૪૨૭૬૯૩૫૫૦.
૮.	મોહનલાલભાઈ પ્રેમજી સુરાણી.	વડાગામ	પટેલ મોહનલાલ [illegible] ૯૪૨૭૩૦૯૬૭૨
૯	પ્રભુદાસ નાનજી ભાકાણી	મોડાસા.	[illegible] ૯૪૨૬૨ ૮૩૩૪૦
૧૦	પ્રેમજી ભાઈ કચરા ચહાણ	વજેપુરા	[illegible] પટેલ
૧૧	અંબાલાલ ભાઈ ખીમજી ધોળુ	મોડાસા.	અંબાલાલ [illegible] ૯૪૨૬૩ ૪૧૧૪૩
૧૨	મણીભાઈ ભાણજી ધોળુ	મોડાસા.	મણીભાઈ [illegible] ૦૨૭૭૪ ૨૪૨૪૨૫

...૫

-૫-

૧૩ હિંમતભાઈ રતનશી ખોખાણી મુંબઈ [signature] 9821119116-9324883699

૧૪ અરવિંદ ભાઈ કરસન લીંબાણી કોટડા (જ) [signature] 9427288801

૧૫ રમેશભાઈ માવજી વાગડીયા બેંગ્લોર R.M. [signature] 9845375577

૧૬ મણીલાલ રતનજી નાકરાણી મુંબઈ [signature] ૯૮૬૯૯૨૪૦૯૨

૧૭ અમૃતલાલ વાલજી રૂડાણી કોટડા (જ) [signature] ૯૮૨૫૫૯૫૨૭૬

૧૮ માવજી રતનશી વાગડીયા બેંગ્લોર [signature]

૧૯ કરશનભાઈ અરજણ ભગત મોડાસા [signature] Mo. 9426773156

૨૦. કુરજીભાઈ પ્રેમજી ભગત ગાંધીધામ. [signature] 9428749607

૨૧ રાજેશ પ્રેમજી ભગત નાગપુર [signature] 9428306433

૨૨ તેજાભાઈ દેવજી સાંખલા ગાંધીધામ [signature] 9428684899

૨૩ રામજીભાઈ ભીમજી ડાયાણી જોરાવરનગર. [signature] ૯૮૨૫૫૯૪૯૯૯

૨૪ કલ્યાણજી હીરજી હળપાણીયા અમદાવાદ [signature] 9426743311

૨૫ માવજી મેઘજી છાભૈયા કોટડા (જ) ઉગેડી [signature] 9916241639

૨૬ પ્રેમજી રામજી પટેલ સીરસા [signature] 9825546238

૨૭ શીવજી નાનજી કેશરાણી કલ્યાણપર [signature] 9427201516

૨૮ નથુરામ દિનજી સેંઘાણી દહીસર મુંબઈ [signature] 9819628872

૨૯ મહેન્દ્ર શિવદાસ માવાણી દહીસર મુંબઈ [signature] 9820447294

૩૦ વિશ્રામ દેવજી માવાણી દેવનાપુર મુંબઈ [signature] 9384025839

૩૧ દીનેશભાઈ દેવજી સેંઘાણી આધોઈ મુંબઈ [signature] 9820874748

૩૨ હીરાલાલ વાલજી પારસીયા કલ્યાણપુર [signature] 9819150567

-૬-

-૬-

૩૩ રસીકલાલ અરજણ નાયાણી કોટડા (જ) [signature] 9427566054

૩૪ જયંત જવાહર લીંબાણી કોટડા (જ) [signature] 9427566052

૩૫ જશવંત અરવીંદ લીંબાણી કોટડા (જ) [signature] 98791 22205

૩૬ જ્યોતિષ [illegible] વાડીયા [illegible] - [signature] 98253 41223

આ દિવસે લગભગ ૩૬ જેટલા હિંમતવાન ભાઈઓની સહીઓથી તે ઐતિહાસિક પત્ર કેન્દ્રીય સમાજને સોંપવામાં આવ્યો. કેન્દ્રીય સમાજમાં સન ૨૦૧૦ માં સમાજનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાનો હતો, તેની તૈયારીઓ પુર જોશમાં ચાલી રહી હતી. અને બીજી બાજુ સનાતાનીઓનો આક્રોશ પણ પારાકાષ્ટાએ પહોંચ્યો હતો અને તેમકરવા માટે કુદરત પણ અમુક ઘટનાઓ ને આકાર આપી રહી હતી. આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને પણ ચિંતા હતી કે એક બાજુ ૨૦૧૦ માં કેન્દ્રીય સમાજનો સુવર્ણ જયંતી મહોત્સવ છે અને તેના બીજા જ વર્ષે ૨૦૧૧ માં સંસ્કાર ધામમાં તેનો (ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનો) પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ છે એટલા માટે થઈને ભગવાન પણ કદાચ એમઈચ્છતા હશે કે અમુક ઘટનાઓને તો અંજામઆપવો પડશે કે જે થી સનાતાનીઓમાં એકતા વધે, જાગૃતિ આવે અને તે આવનારા પ્રસંગોમાં બહુજ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ભેગું થાય.

૫.૦૮.૨૦૦૯ ના દિવસે રાત્રે કેન્દ્રીય સમાજના મોવડીઓ સાથે સનાતની ભાઈઓની મીટીંગ

કેન્દ્રીય સમાજને ફરિયાદ પત્ર આપ્યા પછી બીજા જ દિવસે તા.૫.૦૮.૨૦૦૯ ના દિવસે રાત્રે સનાતની ભાઈઓની કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી-હોદ્દેદારો સાથે બંધ બારણે મીટીંગ ગોઠવાઈ. સનાતની ભાઈઓ તરફથી નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપસ્થિત હતી.

- શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી મુંબઈ
- શ્રી રમેશભાઈ માવજી વાગડિયા બેંગલોર
- શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી મુંબઈ,
- શ્રી પુનમભાઈ ધોળુ, મોડાસા
- શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી મુંબઈ
- શ્રી માવજીભાઈ કેશરા રામાણી નખત્રાણા, (તેમનું હુલામણું નામહતું 'પછેડી' કારણકે તેઓ કાયમખંભા ઉપર પછેડી નાખતા, તેથી લોકો તેમને પછેડી તરીકે ઓળખતા).

આ ભાઈઓની સમાજના ટ્રસ્ટી – હોદ્દેદારો સાથે કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે ખુલ્લા મનથી વિસ્તુત ચર્ચા થઈ. સનાતની ભાઈઓ તરફથી સમાજને જણાવી દેવામાં આવ્યું કે સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં પીરાણા સતપંથ સમાજના ભાઈઓને શામાટે છાવરવામાં આવે છે? સતપંથ સનાતન બાબતે ચર્ચાઓ થઇ પણ અંતે કોઈ નિષ્કર્ષ પર સમાજના મોવડીઓ આવ્યા નહિ. આવે પણ કેમ? છેલ્લા ૨૦-૨૫

વરસથી સમાજમાં આમને આમલોલમલોલ કુટાતું હતું. ન તો સમાજના હોદ્દેદારોને સમાજના ઈતિહાસ નું જ્ઞાન હતું અને ન તો જ્ઞાતિના ઈતિહાસ નું જ્ઞાન. તેમને કોઈ પુછવા વાળુ નોતું. એવું જો હોત તો સમાજના તે વખતના પ્રમુખશ્રી રામજીભાઈ કરમશી નાકરાણી નખત્રાણા-કોટડા રોડ ઉપર સતપંથના ભાઈઓ દ્વારા નિર્મિત મીની પીરાણામાં ૨૦૦૮-૦૯ માં તેના ઉદ્ઘાટન પ્રસંગે શોભામાં અભિવૃદ્ધિ કરવા ત્યાં હાજર ન રહ્યા હોત. કેન્દ્રીય સમાજના તે વખતના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી અને તે પહેલાંના પ્રમુખશ્રી વાલજીભાઈ શિવજી વાડિયા, અને અન્ય અમુક હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ વાજતે ગાજતે ત્યાં ગયા ન હોત. અહી એક વાત ખાસ યાદ દેવડાવવી જરૂરી છે કે પ્રખર સનાતની એવા શ્રી હિંમત ભાઈ રતનશી ખેતાણી તેમજ રમેશભાઈ માવજી વાગડિયા અને તેમના જેવા સમાજના અનેક સનાતની ભાઈઓએ પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણીને ફોન કરીને અનેક વિનંતીઓ કરી હતી કે રામજી બાપા તમે સતપંથના તે પ્રોગ્રામમાં જતા નહી. પણ કોણ જાણે

કેમતેઓ અમારી વાતને ગણકારી નહિ અને તેઓ ચાહી ચીધીને ત્યાં ગયા. આથી પહેલાં કેન્દ્રીય સમાજના કોઈ પ્રમુખ કે હોદ્દેદાર સતપંથના કોઈ પણ કાર્યક્રમો માં હાજરી આપી હોય તેવું જાણ માં નથી. કહેવાય છે કે સમાજના પૂર્વ પ્રમુખ શ્રી વાલજી શિવજી વાડિયાએ રામજી બાપાને ભોળવી ત્યાં (સતપંથના કાર્યક્રમમાં) લઈ ગયા હતા. પણ પ્રમુખનો હોદ્દો સંભાળતા રામજી બાપા શામાટે ભોળવાઈ ગયા? તે એક મોટો પ્રશ્ન છે. આને લીધે સમાજની રીતી રિવાજોની કલમ૧૮ અને ૧૯ અન્વયે પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણી અને પૂર્વ પ્રમુખ શ્રી વાલજી શિવજી વાડિયા સમાજના ગુનેગાર તો ઠરે જ છે. પણ તેમને ટકોર કોણ કરે? સમાજમાં ખોટાને ખોટું કહે કોણ? બિલાડીના ગળે ઘંટ બાંધે કોણ? કેન્દ્રીય સમાજમાં આમજ લોલમલોલ કુટાતું હતું. કોઈ પુછવા વાળુ નોતું? ઘણા સમયથી સમાજમાં આમને આમચાલ્યા કરતુ હતું. કોઈ પુછવા વાળું નોહતું.

કેન્દ્રીય સમાજના હોદ્દેદારોની નિષ્ક્રિયતા અને તે વખતે પ્રવર્તતી ખોટી માન્યતાઓ

સમાજના તે વખતના હોદ્દેદારો અને અન્ય આગેવાનો સનાતન ધર્મ પ્રત્યે સાવ જ નિષ્ક્રિય અને બે જવાબદાર થઈ ગયા હતા. તેઓ એમમાનવા લાગી ગયા હતા કે આ સમાજને હિંદુ સનાતન ધર્મ સાથે કંઈ જ લેવા દેવા નથી. આ સમાજ ધર્મ નિરપેક્ષતા વાળી સમાજ છે. એ લોકો, એ વાતને સાવ ભૂલી ગયા હતા કે કેન્દ્રીય સમાજની સ્થાપના એવા જ્ઞાતિ સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓ દ્રઢતા પૂર્વક માનતા હતા કે પીરાણા સતપંથ મત આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી. તેમને વિશ્વાસ થઇ ગયો હતો કે જો હવે આપણે પીરાણા સતપંથ મતને હજુ વધારે સમય વળગી રહેશું તો આપણી ઓળખ કચ્છની સનાતન હિંદુ ધર્મ પાળતી અન્ય સવર્ણ અને પછાત જ્ઞાતિઓમાં મુમના મુસલમાન તરીકે ની થઇ જશે. એટલા માટે એવા સુધારક વડીલોએ પીરાણા સતપંથ મતનો સદન્તરે ત્યાગ કરીને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો. કચ્છ ગામડાંના ખાનાઓ ની (જ્યોતિષ ધામની) મિલકતોની આશા રાખ્યા વગર પોતાની સનાતન સમાજો ઉભી કરવામાં આવી હતી તે પહેલાં જ્ઞાતિ સુધારક વડીલોએ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને કેન્દ્રીય સમાજ શામાટે કહેવામાં આવતી હતી?

કારણ કે કચ્છના તમામગામડાઓની સનાતન સમાજો આ સમાજની ઘટક સમાજો હતી. તેમાં સતપંથ સમાજોને કેન્દ્રીય સમાજની ઘટક સમાજો ગણવામાં નોતી આવતી. એટલેજ તો સતપંથ ધર્મ પાળતા સતપંથ સમાજના ભાઈઓ બકાયદા આ સમાજના (કેન્દ્રીય સમાજના) સભ્ય બની જ ન શકે. સમાજના તત્કાલીન આગેવાનો સમાજના અને જ્ઞાતિના ઈતિહાસને પણ સાવ ભૂલી ગયા હતા કે કેન્દ્રીય સમાજની વિધિવત સ્થાપના ૧૯૬૦ માં કર્યા પહેલા એ સમાજની સ્થાપના છેક ૧૯૩૮-૪૦ ના સમયમાં કરવામાં આવી હતી. અને ત્યારે આપણી સમાજનું નામહતું **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અને તેના પ્રથમપ્રમુખ હતા વિરાણી ગામના નરવીર વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી. અને તેઓએ પ્રમુખ તરીકે સેવા સન ૧૯૫૭ સુધી આપી હતી.** કેન્દ્રીય સમાજની સ્થાપના ફક્ત અને ફક્ત સનાતનીઓ ના હિતો ની રક્ષા કરવા માટે થઇ હતી. આ સત્ય હકીકતોથી કેન્દ્રીય સમાજના તત્કાલીન આગેવાનો સાવ આજાણ થઇ ગયા હતા. તે વખતે તેમના ગળે આ વાત ઉતારવી અત્યંત કઠીન અને લોઢાના ચણા ચાવવા જેવી હતી. છતાં પણ ત્યાં ઉપસ્થિત સનાતની ભાઈઓએ ખાસ કરીને રમેશભાઈ માવજી વગાડીયાએ અને હિંમતભાઈ રતનશી ખેતાણીએ નિર્ધાર કર્યો કે સમાજમાં ધાર્મિક બાબતે કંઈ ને કંઈ નીવડો લાવીને જ જંપશું. કાર્ય અતિ મુશ્કેલી ભર્યું હતું પણ દૃઢ સંકલ્પ થી અશક્ય કાર્ય પણ શક્ય બની જતું હોય છે. મેં અને હિંમત ભાઈ ખેતાણીએ વિચાર્યું કે જો આપણે મક્કમતા થી લડશું તો સુધારક વડીલોએ જે ઉદ્દેશો અને હેતુઓ થી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી તેને પુન:સ્થાપિત કરી શકીશું. એવો દ્રઢ વિશ્વાસ પણ અમો બંને જણાને હતો જ.

કેન્દ્રીય સમાજની તા.૬.૦૮.૨૦૦૯ ની કારોબારી સભામાં તે ઐતિહાસિક પત્રનું વાંચન

તે ઐતિહાસિક પત્રનું વાંચન તા. ૬.૮.૨૦૦૯ ની સમાજની કારોબારી સભામાં કરવામાં આવ્યું હતું. આ બાબતને મંચ ઉપર બેઠેલા સમાજના હોદ્દેદારોએ ટલ્લે ચડાવવાની પૂરે પૂરી કોશિશ કરી હતી. આ બાબતે તેમની બદદાનત ખુલ્લી રીતે દેખાઈ આવતી હતી. તે કારોબારી સભામાં આ પત્રનું વાંચન થયું પણ તે વિષય ઉપર આમોને ચર્ચા કરવા દેવામાં આવી નહિ. તેનું કારણ કદાચ હું તે વખતે સમાજનો કારોબારી સદસ્ય નોહતો. પણ હિંમતભાઈ ખેતાણી કારોબારી સભ્ય હતા જ. ત્યારે ઉપસ્થિત માત્ર બે ભાઈઓને તે વિષય પર ઉપર બહેશ કરવાની પરવાનગી દેવામાં આવી. તેમાંના એક હતા સાંયરા વાળા મોરબી સ્થિત સનાતની ભાઈ શ્રી ચંદુભાઈ નાકરાણી. તેમણે તેમના ગામમાં સતપંથના ભાઈઓ દ્વારા ચાલી રહેલી આડોડાઈની વાતો કરી સભાને વાકેફ કર્યા કે તેમના સાંયરા ગામમાં સતપંથના ભાઈઓ દરેક રીતે સનાતાનીઓને હેરાન કરે છે. તેમાં કેન્દ્રીય સમાજ આપણને કંઈ જ મદદ કરતી નથી. કારણ કે આગેવાનો એમમાની બેઠેલા છે કે તે એમનું કામનથી. તેથી જ તો મારા ઉપર, મારા પિતા ઉપર અને મારા દાદા ઉપર (પુત્ર,પિતા અને દાદા ઉપર) સતપંથના ભાઈ મણીલાલ કાનજી છાભૈયાએ (પીરાણાના કરસન કાકાના ભત્રીજાએ) કરેલો તદ્દન ખોટો મારપીટનો ક્રિમીનલ કોર્ટ કેસ બાબતનો ફરિયાદી પત્ર જ્યારે મેં કેન્દ્રીય સમાજને લખ્યો હતો ત્યારે કેન્દ્રીય સમાજે મને પ્રત્યુતર આપતાં લખ્યું હતું કે **“......આ સમાજની કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ધર્મ પાળતી હોય તો તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહી”** આનો સીધો અર્થ એ થાય છે કે આ સમાજ (કેન્દ્રીય સમાજ) સતપંથ ધર્મને પણ માન્યતા આપતી હતી અને કેન્દ્રીય સમાજ તેના કોઈ પણ સભ્યને પીર ઈમામશાહ બાવા પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ પાળવાની છૂટ આપી રહી છે. તે જવાબ આપતી વખતે પ્રમુખ તરીકે શ્રી વાલજી શિવજી વાડિયા અને મહા મંત્રી તરીકે વાલજીભાઈ કેસરા નાકરાણી મોરબી વાળા હતા. આનો સીધો અર્થ એ પણ થાય છે કે આ બંને હોદ્દેદારોને કેન્દ્રીય સમાજના અને જ્ઞાતિના ઈતિહાસનું જ્ઞાન નોતું. અને એવું જ્ઞાન કદાચ સમાજના કારોબારી મંડળને પણ નહિ હોય. જો હોત તો આવો પત્ર મને તે વખતે ન લખત. ઈ.સ.૧૯૨૦ કરાચીમાં ભરાયેલ પહેલી સનાતની પરિષદમાં આપણા આદ્ય સુધારક નારાયણજી રામજી લીબાણીએ ઘોષણા કરી હતી કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પાપી પાખંડી પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બને. પણ આજે તેને એક સો વરસ વિતી ગયા છતાં પણ આપણે જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવી નથી શક્યા. શામાટે નથી બનાવી શક્યા તેનું ચિંતન અને મનન જ્ઞાતિના સૌ સનાતની ભાઈઓને કરવાનું છે.

કેન્દ્રીય સમાજના તે સમયના મોવડીઓનું બેંગલોર ખાતે સનાતની વડીલ શ્રી રતનશી નારાયણ વાગડિયા ને અનાયાસે મળવાનું થયું

તે અરસામાં એક વખત કેન્દ્રીય સમાજનું મોવડી મંડળ બેંગલોર પધારેલ હતું. તે વખતે સમાજના પ્રમુખ શ્રી વાલજી શિવજી વાડિયા અને વડીલ શ્રી દેવજી રામજી ભાવાણી સહીત અમુક ભાઈઓ મારા દાદા શ્રી રતનશી નારણ વાગડીયાને મળવા માટે મારી ઓફિસે આવ્યા હતા. વાત પર વાત આવી ત્યારે મેં મારા દાદા સમક્ષ આ વડીલોને અનુલક્ષીને એક ફરિયાદ કરી કે “બાપા, આપણા ઉપર (મારા ઉપર, મારા પિતા ઉપર ને મારા દાદા ઉપર) સતપંથના એક ભાઈએ તદ્દન ખોટો કોર્ટ કેસ કરેલ છે, તેની જાણ મેં કેન્દ્રીય સમાજને અને અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજને પત્ર દ્વારા કરી છે. પણ તેઓ આપણને કંઈજ મદદ કરતા નથી”. ત્યારે સમાજના પ્રમુખ વાલજી શિવજી વાડિયા કંઈ બોલ્યા નહિ પણ વડીલ શ્રી દેવજી રામજી ભાવાણીએ મને કહ્યું કે “જો રમેશ તારામાં દમહોય અને હિંમત હોય તો તારી રીતે સતપંથીઓ સામે તારી જાતે લડી લેજે. કેન્દ્રીય સમાજ આમાં તારી કોઈજ મદદ કરી શકશે એમનથી. સતપંથીઓ સામે લડવામાં કેન્દ્રીય સમાજના ખભા ઉપર તને બંદુક રાખીને સતપંથ ના ભાઈઓ સામે ફોડવા નહિ દઈએ એ ધ્યાનમાં રાખીને સતપંથ સામે લડત લેજે” આ વાત સાંભળીને મને તે વખતે પારાવાર દુઃખ થયેલું. હું જાણ થયો ત્યારથી મારા મનમાં એક વાત દઢ થયેલ હતી કે જેમસતપંથના ભાઈઓનું પીરાણું છે તેમકેન્દ્રીય સમાજ સનાતનીઓની માઈ-બાપ છે અને તે સનાતાનીઓ નું પીરાણું છે. અને મને

સતપંથની સામે કંઈ પણ ફરિયાદ હોય તો કેન્દ્રીય સમાજની ફરજમાં આવે છે કે તે મારી મદદે આવે. આવું કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અસ્તિત્વમાં આવી ત્યારે સુધારક વડીલો એવા દુઃખી સનાતાનીઓની વ્હારે જતા હતા તેનો ઈતિહાસ ગવાહ છે. વડીલ શ્રી દેવજી રામજીની આવી વાત સાંભળ્યા પછી તે વખતે મેં મનો મન એવું નક્કી કર્યું હતું કે જો મને ભગવાન પહોંચ દેશે તો એક દિવસ કેન્દ્રીય સમાજને સનાતની તરીકેની ઓળખ હું જરૂર પાછી અપાવીશ. કહેવાય છે કે નિસ્વાર્થ ભાવનાએ અને દ્રઢ મનોબળે કરેલી પ્રાર્થના કોઈ દિવસ અફળ જતી નથી. વિચારોમાં એક અજબ શક્તિ હોય છે. કરેલા વિચારો ક્યારે સામા આવીને ઉભા રહે છે (સાચા પડે છે) તેની આપણને ખબર નથી પડતી પણ એક દિવસ તે ફળે જરૂર છે. જો કરેલા વિચારો સાચા પડતા હોય તો શામાટે મોટા અને અશક્ય લાગતા હોય એવા વિચારો ન કરવા? અને છેલ્લે નિસ્વાર્થ ભાવનાએ અને દ્રઢતા પૂર્વક વિચારો કરવાથી એક ટકાનોએ ખર્ચ થતો નથી. આવા દ્રઢતા પૂર્વક કરેલા વિચારોથી જ મને કદાચ પ્રખર સનાતની શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી અને અન્ય સનાતનીઓ ના સંપર્ક માં આવીને સનાતની મુહીમમાં મને તેમનો સાથ મળ્યો હશે. એવું મારું માનવું છે. આ બધું કરેલા વિચારોથી નિયતિ એવા હાલત નિર્માણ કરતી હોય છે કે કરેલા વિચારો ભવિષ્યમાં સાચા પડે. પરંતુ વિચારો નિસ્વાર્થ ભાવનાએ અને દ્રઢ મનોબળથી કરવા જોઈએ. ભગવાન શ્રી ગૌતમબુધ્ધે પણ સાચું કહ્યું છે કે ''આજે તમે જે કંઈ છો તે તમે ભૂતકાળમાં કરેલા વિચારોનું પરિણામછે અને તમે આજે જે વિચારો કરી રહ્યા છો તે વિચારોથી તમારું ભવિષ્ય નિર્માણ થતું હોય છે.''

તા. ૭.૮.૨૦૦૯ ની કેન્દ્રીય સમાજની ઐતીહાસિક સામાન્ય સભા

આ સામાન્ય સભાનો બીજા નંબરનો અજેંડા હતો ''આવેલ પત્રોનું વાંચન'' પણ હોદેદારોની મથરાવટી મેલી હતી. તેઓ જાણી જોઈને આ વિષયને સભાના બપોર પછીના બીજા સત્રમાં લઈ જવા માટે પ્રયત્નો કરી રહ્યા હતા. તેમાં તેઓ સફળ પણ થયા. હું અને હિંમતભાઈ ખેતાણી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા કે કયારે અમે આપેલ પત્રનું વાંચન સભાજનો સમક્ષ કરવામાં આવે. અને તે વિષય ઉપર ચર્ચા અને બહેશ કરવામાં આવે, ખુલ્લા મનથી ચર્ચા કરવામાં આવે. પણ પહેલા કહ્યું એમહોદેદારોની મથરાવટી મેલી હતી. તેઓ આ ધાર્મિક લપમાં પાડવા માંગતા નોતાં. તેઓને એમહતું કે બપોર પછી તે પત્રનું વાંચન કરીએ જેથી લોકો ઓછા હોય અને હોબાળો ઓછો થાય. તે પત્ર ઉપર સનાતની ભાઈઓને ચર્ચા કરવાનો મોકો ઓછો મળે અને તે વિષય ભીનો સંકેલાઈ જાય. બપોર પછીનું સત્ર ચાલુ થયું. મન ન હોવા છતાં પત્રનું વાંચન મંત્રી શ્રી વાલજીભાઈ ચૌહાણ દહાણુ દ્વારા કરવામાં આવ્યું. સનાતાનીઓ જે મોકાની રાહ જોઈને બેઠા હતા તે સમય આવી ગયો. સૌ પ્રથમઅમોએ મોડાસા વાળા વસંતભાઈ રાજા લીબાણીને તે પત્રના વિષય ઉપર બહેશ કરવા માટે અને પોતાના મંતવ્યો આપવા માટે મોકલ્યા. વસંતભાઈએ મોડાસામાં ઉમિયા માતાજીના મંદિરના બાંધ કામમાં કઈ રીતે સતપંથના ભાઈઓ પોલીસ ફરિયાદો અને કોર્ટ કેશો કરીને આડ ખીલ્લી રૂપ બની બેઠા છે તેની માહિતી આપી.

વસંતભાઈ લીંબાણીના મંતવ્ય પછી કોણ જાણે કેમ બીજા કોઈ વિષયને લઈને બેંગલોર વાળા શીલાબેન બાબુલાલ ભગત ઉઠ્યાં પણ લોકોએ રાડો પાડી એમને બેસાડી દીધા અને કહ્યું કે પત્ર વાળા વિષય ઉપર જ ચર્ચા કરો અન્યથા બેસી જાઓ અને તેણીને સભાસદોએ પરાણે બેસાડી દીધાં.

સનાતની ભાઈ શ્રી રમેશભાઈ માવજી વાગડિયાનું ભાષણ

ત્યાર પછી હિંમત ભાઈ ખેતાણીએ મને ભાષણ આપવા માટે રીતસરનો ધકેલ્યો કે જા હવે તું તારા મંતવ્યો આપી આવ. હું ડઘાઈ ગયેલી હાલતમાં ઉભો થયો અને પહોંચ્યો માઈક પાસે. ઉતાવળમાં ને ઉતાવળમાં મને મારા ભાષણની મારા ફોનમાં રેકોડીંગ કરવી હતી પણ તે ભુલાઈ ગઈ. (આ સમયે મને મારા દાદા શ્રી રતનશી નારાયણ વગાડીયાએ કરેલી વાત યાદ આવી

ગઈ. તેઓ જ્યારે ૨૩ વરસના યુવાન હતા ત્યારે વિરાણીના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વખતે હાજરી આપી હતી. તે સમયે તે સભામાં હિમ્મતભાઈના બાપુજી રતનશી ખીમજી ખેતાણીએ પણ મારા દાદા રતનશી નારાયણ વાગડિયાને અત્યારે જેમહિંમત ભાઈએ મને ભાષણ આપવા માટે ધકેલ્યો, બિલકુલ તેવીજ રીતે હિંમતભાઈના બાપુજીએ મારા દાદાને ભાષણ કરવા માટે ધકેલ્યા હતા. (આ ઈતિહાસનું પુનરાવર્તન તો નોતું થતુને!!!) સભામાં એકદમશાંતિ પ્રસરાયેલી હતી. લોકોમાં સતપંથ સનાતન વિષય ઉપર ચર્ચા સાંભળવાની આતુરતા પૂર્વકની કુતુહલતા દેખાઈ પડતી હતી. મેં (રમેશભાઈ વગાડીયાએ) પોતાના મંતવ્ય આપતાં જણાવ્યું હતું કે આ સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ ધર્મનો સદન્તરે ત્યાગ કરીને આપણા મૂળ સનાતન હિંદુ ધર્મને પુનઃ અપનાવ્યો હતો. તેથી કરીને આ સમાજની (કેન્દ્રીય સમાજની) મૂળ ઓળખ સનાતની સમાજ તરીકે ની છે અને તેનો ધર્મ એક માત્ર સનાતન હિંદુ ધર્મ છે. અત્યારે આ સમાજ સનાતન ધર્મને ભૂલી ગઈ છે. આ સમાજ જો ધારત તો આ જ સ્થળ ઉપર માં ઉમિયા અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નું મંદિર બનાવી શકી હોત. શ્રદ્ધાનું કેન્દ્ર અહીજ ઉભું કરી શકી હોત. જો એમથયું હોત તો આર્થીક ક્ષેત્રે પણ આ સમાજ સદ્ધર થઇ ગઈ હોત. પૈસા માટે બીજાની પાસે હાથ લંબાવવો પડ્યો ન હોત. મારું અહી દ્રઢતાપૂર્વક માનવું છે કે લોકો સમાજને સામાજિક કાર્યો માટે જે રૂપિયા આપે છે તેનાથી અનેક ઘણા રૂપિયા તેઓ ભગવાનના નામે આપે છે.

કોઈ પણ કાર્ય માટે અગર ધર્મને અને ભગવાનને જોડી દેવામાં આવે તો લોકો પૈસાની રેલમછેલમકરી નાખતા હોય છે. માટે કોઈ પણ સમાજમાં શ્રદ્ધાના કેન્દ્રો એટલે કે પોતાની કુળદેવી અને ઇષ્ટદેવ ના મંદિરો જરૂર ઉભા કરવા જોઈએ. જેથી લોકોની શ્રદ્ધા ટકી રહે અને ભક્તિ ની દિશા લોકોને કાયમને માટે મળતી રહે. પણ અફસોસ એ વાત નો રહ્યો કે વિદ્યાર્થી ભવનમાં મંદિર નિર્માણ કાર્ય માટે પર્યાપ્ત ફાજલ જમીન હોવા છતાં તે વખતના વડીલોને શ્રધ્ધાનું કેન્દ્ર (મંદિર) ઉભું કરવાનું સુજ્યું નહિ. વિદ્યાર્થી ભવનમાં જો ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને ઉમિયા માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા તે સમયે જ કરવામાં આવી હોત તો કેન્દ્રીય સમાજનો આર્થિક વિકાસ બહુજ સારો થયો હોત અને તેનો ઈતિહાસ પણ કંઈક અલગ લખાણો હોત. કેન્દ્રીય સમાજની (જ્ઞાતિની) રીતી રીવાજો ની ૧૮ મી કલમઉપર પણ મેં (રમેશભાઈએ) પ્રકાશ પાડ્યો. મારા મંતવ્યમાં ખલેલ પહોંચાડવા હેતુથી હું જે કંઈ બોલી રહ્યો હતો તેની પુનરુક્તિ (રીપીટેસન) સતપંથી ભાઈ રતનશી લાલજી વેલાણી કરી રહ્યો હતો, જે બિલકુલ મારી સામે જયાં હું ભાષણ કરતો હતો તે માઈકની સામેજ બેઠેલો હતો. કેન્દ્રીય સમાજમાં આવા સતપંથના ભાઈઓનું હમેશાં આવુજ નકારાત્મક વલણ રહેતું હતું અને તેને આપણે ચલાવી લેતા હતા તે સનાતની ભાઈઓની અને કેન્દ્રીય સમાજની કમજોરી હતી. તે કમજોરી શા કારણે હતી તે ન સમજાય એવી વાત હતી. આપણા સુધારક અને સમાજ સ્થાપક વડીલો કેટલી ખુમારીથી જીવ્યા હતા તેની અડધી ખુમારી પણ આપણામાં આજે નથી.

મૂળ ટોડીયાનાં, હાલે ભીવંડી રહેતાં શ્રીમતી લક્ષ્મીબેન જીવરાજ દીવાણીનું ભાષણ

ત્યાર પછી બીજાં એક બહેન શ્રીમતી લક્ષ્મીબેન જીવરાજ દીવાણી પોતાના મંતવ્યો આપવા ઉઠ્યાં અને ત્યારે અમને (સનાતાનીઓને) વળી પાછી દહેશત ઉભી થઈ કે આ બહેન પણ આ પહેલાં વચ્ચે ઉઠેલાં શીલાબેન ની જેમવિષય થી પર જઈને અન્ય વિષય ઉપર ચર્ચા કરશે તો વિષય ફંટાઈ જશે અને ચાલી રહેલા સનાતની વિષય ઉપરની પકડ ઢીલી પડી જશે. પણ આ બહેને માઈક પાસે આવીને જુસ્સાભેર જણાવ્યું કે ''માફ કરજો ભાઈઓ હું પણ અત્યારે ચાલી રહેલા વિષય ઉપર જ ચર્ચા કરવા માંગુ છું''. આ બહેને પોતાના મંતવ્ય આપતા જણાવ્યું કે જયારે ભારત દેશ આઝાદ થયો ત્યારે મુસલમાનો ને છાવરવાની જે ભૂલ ગાંધીજી બાપુએ કરી હતી તેવી જ ભૂલ અત્યારે આપણી કેન્દ્રીય સમાજમાં અત્યારના આપણા આગેવાનો સતપંથના ભાઈઓને છાવરીને કરી રહ્યા છે. તેમાં સુધારો નહિ આવે તો તેના માઠા પરિણામો આપણને આવતા પાંચ – દસ વરસમાં

ભોગવવો પડશે. ખરેખર આ બહેનની હિંમતને દાદ દેવી પડે એવું હતું. આ બહેને પોતાના મંતવ્યમાં આગળ વધતાં એ પણ કહ્યું કે "હું જ્યારે પરણીને મારા સાસરે ટોડીયા ગામે આવી ત્યારે મારા ડાડાજી શ્રી નારાયણ રામજી દીવાણી પાસે ખોંભડી ગામથી એક પાગડીવાળા રતનશીબાપા આવતા. તેઓ પણ મારા ડાડાજી નારાયણ બાપા સાથે સતપંથ—સનાતન બાબતે વાતો કરતા ત્યારે મારા પહેલાં જે ભાઈએ (રમેશભાઈએ) જે આક્રોશથી લાલગુમચહેરે ભાષણ કર્યું તેવીજ રીતે તે ખોંભડી વાળા રતનશી બાપા પણ મારા ડાડાજી સસરા સાથે તેવા જ આક્રોશથી વાતો કરતા. તે પાઘડી વાળા રતનશી બાપા રમેશભાઈ ને શું થતા તે મને ખબર નથી પણ તે બંને ના હાવભાવમાં ઘણી મોટી સામ્યતા હું અત્યારે જોઈ રહી છું" આ બહેન, શ્રી માવજીભાઈ પુંજા સાંખલા કાદીયા વાળાની દીકરી થાય છે અને અત્યારે તેમનો માવિત્ર પરિવાર સુરતમાં રહે છે. (તે બહેનના ભાષણ પછી મારા પિતાશ્રી માવજીભાઈ રતનશી વાગડિયાએ ઉભા થઈને તેમના ભાષણને બિરદાવતાં આ બહેનને માથે હાથ ફેરીને રૂ.૧૦૦ બક્ષિશ રૂપે આપ્યા હતા).

તે સામાન્ય સભામાં સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીનું ઐતિહાસિક ભાષણ

તે સામાન્ય સભામાં હિંમતભાઈ રતનશી ખેતાણીએ પોતાના મંતવ્યો આપતાં જે રજૂઆત કરી એવી સ્પષ્ટ રજૂઆત સમાજના છેલ્લા ૫૦ વરસના ઈતિહાસમાં સતપંથ સનાતન ના મુદ્દે કોઈએ ભાગ્યેજ કરી હશે. મેં તેમના ભાષણ ની રેકોડીંગ મારા ફોનમાં કરી હતી. હિંમતભાઈએ પોતાના ભાષણમાં જુસ્સાભેર જણાવ્યું હતું કે **"અત્યારના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણીએ હોદ્દાની રુએ નખત્રાણા-કોટડા (જ) રસ્તા ઉપર આવેલું સતપંથ ના ભાઈઓનું મીની પીરાણામાં બાવા ઈમામશાહના કહેવાતા મંદિર તેમજ નિષ્કલંકી નારાયણના મંદિરના ઉદ્ઘાટનમાં જઈને સમાજના રીતી રીવાજોની ૧૮ મી કલમનો ભંગ કર્યો છે. રામજીભાઈ મારા ગામના છે, સવાયા સનાતની છે પણ ઉપર બેઠેલા ભવાઈયાઓ એ ભવાઈ કરી તેનું (રામજીભાઈ કરમશીનું) માથું ભ્રમિત કરી નાખ્યું. સતપંથ બાબતે અત્યારે જે ચાલી રહ્યું છે તે કેન્દ્રીય સમાજ અને તેના આગેવાનો માટે શોભાસ્પદ નથી. પણ કોઈ જ પુછવા વાળુ નથી. સમાજના રીતિ રીવાજોની કલમ૧૮ અને ૧૯ નો ખુલ્લે આમભંગ થઈ રહ્યો છે કોઈ પુછવા વાળુ નથી. આપણા પૂર્વજોએ આપણને સુધારીને (સનાતની બનાવીને) ઘણી મોટી ભૂલ કરી છે. આપણને ન સુધાર્યા હોત તો આજે આપણે મુમના મુસલમાન બની ગયા હોત. .... વાંકી કરીને બાંગ પુકારતા થઈ ગયા હોત. મુસલમાનોને મળે છે તેવા સરકારી લાભો લેતા થઈ ગયા હોત. આપણા ડોહાઓએ આપણને હેરાણ કરી નાખ્યા. કારણ કે આપણે એમણે ચિંધેલા રાહે ચાલવું નથી."**

હિંમતભાઈ ખેતાણીના ઉપરોક્ત ભાષણ ની ઓડીઓ કલીપ ભારતભરના લોકોમાં ફરી વળી તેને હું આત્યારના સોસીઅલ મીડિયા ની એક દેન ગણું છું અને તે આગળ જતાં સમાજની સનાતની ચોથી ક્રાંતિ માટે વરદાન રૂપ સાબિત થઈ. આ કલીપ કેન્દ્રીય સમાજના જ્ઞાતિના લોકોએ સાંભળી અને તેની, કેન્દ્રીય સમાજના ભારતભરમાં વસતા સનાતની ભાઈઓમાં વ્યાપક અસર થઈ.

હિંમતભાઈએ કરેલા ભાષણ અને ભાષણના કલીપની કેવી અસર થાય છે તે હું તમોને નીચે જણાવેલ બે પ્રસંગો નો ઉલ્લેખ કરીને જણાવવા માંગુ છું

પ્રસંગ પહેલો :

કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં હિંમતભાઈ ખેતાણીનું ભાષણ થયું તે તારીખ હતી ૭.૦૮.૨૦૦૯. તેના એકાદ મહિના પછી સુરત મુકામે દામોદરભાઈ દેવજી ભાવાણીના માતૃશ્રી સેજીબેન ભીમજી ભાવાણીનું અવશાન થયેલ. તે નિમિત્તે હું મુંબઈ થઈને પુરુષોત્તમભાઈ નાનજી સેંગાણીની સાથે માતાજીનું પાણી લેવા સુરત ગયો હતો. તે વખતે કેન્દ્રીય સમાજના ન્યાય

સમિતીના તત્કાલીન પ્રમુખ શ્રી કરસનભાઈ લધા દીવાણી, હૈદરાબાદ વાળા પણ તેમનાં માસી સેજીબેનનું પાણી લેવા સુરત આવ્યા હતા. (દામોદર ભાઈ કચ્છીના માતૃશ્રી વડીલ શ્રી કરસનભાઈ લધાના માસી થતાં) તેઓ બધા એક હોલમાં બેઠા હતા. વડીલ શ્રી કરસનભાઈ લધા દીવાણી અને વડીલ શ્રી દેવજી રામજી ભાવાણી પણ અન્ય મહેમાનો સાથે ત્યાં ઉપસ્થિત હતા. જેવો મેં હોલમાં પ્રવેશ કર્યો એટલે કરસનભાઈ બોલ્યા કે આવી ગયા હિંમતભાઈ એન્ડ કંપની વાળા રમેશભાઈ. સૌને રામરામકર્યા પછી વડીલ શ્રી કરસનભાઈએ મને બોલાવીને તેમની બાજુમાં બેસાડ્યો. અને ચર્ચા નીકળી કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં

હિંમતભાઈ ખેતાણીએ કરેલ ભાષણની. આમપણ વડીલ કરસનભાઈ લાધા નો સ્વભાવ રમુજી ખરો, એટલે મને ઉદ્દેશીને બધા સાંભળે એમબોલ્યા કે તારું અને હિંમત ભાઈનું ભાષણ આમબધી રીતે બરાબર હતું પણ એક વાત હિંમતભાઈએ બરાબર ન કરી. મેં પૂછ્યું કઈ વાત બાપા? કરસનભાઈ જવાબ આપતાં બોલ્યા કે હિંમતભાઈએ મંચ ઉપર બેઠેલા બધા ભાઈઓને સંબોધીને એમબોલ્યા કે ''એ પવઈઆઓએ પ્રમુખ શ્રી રામજી કરમશીનું માથું ભ્રમિત કરી નાખીને, સવાયા સનાતની રામજીભાઈ કરમશીને ખાનાઈઓના કાર્યક્રમમાં ખેંચી ગયા''. આવું કરસનભાઈ લધા બોલ્યા પછી તેને પ્રત્યુત્તર આપતાં ત્યાં બેઠેલા વડીલ શ્રી દેવજીભાઈ રામજી ભાવાણી તરતજ બોલ્યા કે હિંમત ભાઈએ પાવૈયા શબ્દ નોતો વાપર્યો પણ ભવાઈયા એમબોલ્યા હતા. અને તરતજ વડીલ કરસન બાપાએ તેનો જવાબ આપતાં બોલ્યા કે ભલે ભવાઈયા કીધું હશે પણ તે સાંભળીને આપણે બધા (મંચ ઉપર બેઠેલા બધા) ચુપ બેસી રહ્યા તો આપણે પાવૈયા નહિ તો શું? અને તે શોક સભામાં હાસ્ય નું મોજું ફરી વળ્યું હતું. મારો કહેવાનો ભાવાર્થ અહી એજ છે કે આપણી સમગ્ર જ્ઞાતિમાં તે ભાષણ ની અસર એટલી બધી વ્યાપક થઇ હતી કે ચોરે અને ચોટે તેની જ ચર્ચા થઇ રહી હતી.

બીજો પ્રસંગ

બીજા પ્રસંગમાં બન્યું એવું કે તા.૧૨.૧૨.૨૦૦૯ ના મારા જયેષ્ઠ પુત્ર કૌશિક ની જાન અમે હૈદરાબાદ મારા વેવાઈ પુરષોત્તમભાઈ મનજી ભાવાણીને ત્યાં લઈ ગયા ત્યારે તે લગ્ન પ્રસંગે વડીલ શ્રી કરસન લધા દીવાણી પણ હાજર હતા. કારણ કે તેઓ પણ મારા વેવાઈ પુરષોતમભાઈ મનજી ભાવાણીના વેવાઈ થાય છે. હિંમતભાઈ ખેતાણી પણ મારા પુત્ર કૌશિકની જાનમાં અમારી સાથે આવ્યા હતા. તે વખતે હિંમત ભાઈએ વડીલ કરસન લધા સાથે વ્યંગ કરતાં ફરિયાદ કરી હતી કે કરસનભાઈ તમે આપણી કેન્દ્રીય સમાજના ન્યાય સમિતિના વડા તો છો, પણ અમોને તમે ન્યાય નથી અપાવતા. ત્યારે વડીલ શ્રી કરસનભાઈ લધા દીવાણી બોલ્યા કે શેનો ન્યાય હિમતભાઈ? હિંમતભાઈએ તરતજ કહ્યું કે ''જુઓ આપણા પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીએ અને પૂર્વ પ્રમુખ વાલજીભાઈ શિવજી વાડિયાએ પીરાણા સતપંથ વાળાના કાર્યક્રમમાં હાજરી આપીને આપણી રીતી રીવાજો ની કલમ૧૮ અને ૧૯ અન્વયે ગુન્હો કર્યો છે. તેનો અમે એમના ઉપર આરોપ લગાવીએ છીએ અને તે માટે અમોને ન્યાય કરી આપવાની જવાબદારી ન્યાય સમિતિના વડા હોવાને નાતે તમારી છે. માટે અમોને ન્યાય અપાવો, કે પ્રમુખ શ્રી રામજી કરમશીને તમે શું સજા કરશો? જો તમે સજા કરવામાં અસમર્થ હોવ, તો તેવું અમોને જણાવો કે જેથી અમે કંઈક બીજો રસ્તો અપનાવીએ. અમે એમસમજશું કે આપણી ન્યાય સમિતિના અત્યારના વડા તેમની કાર્યશૈલીમાં નિપુણ નથી અને તેઓ ફક્ત છુટા છેડા સમિતિના જ અધ્યક્ષ છે. બીજી બાબતોમાં ન્યાય કરવામાં તેઓ સમર્થ નથી.'' ત્યારે વડીલ કરસનભાઈ લધાએ કહ્યું કે અમારી પાસે કેસ જ માત્ર છુટા છેડા ના આવતા હોય તો અમે કરીએ શું? પણ અત્યારે તમારી પાસે આ બાબતે ન્યાય આપવા માટે આવી છે તો અપાવો ન્યાય અમોને?

મારા પુત્ર કૌશિક ના લગ્ન પૂર્ણ થઈ ગયા પછી જયારે જાન વળાવતા હતા ત્યારે જાનને રેલ્વે સ્ટેશને મુકવા જવાનું કાર્ય ચાલુ હતું

ત્યારે હું અને હિંમતભાઈ એક જ કારમાં બેઠા હતા. અને તે કારના ડ્રાઈવર એક યુવાન ભાઈ શ્રી ખીમજીભાઈ રામજી પોકાર, ટોડિયા વાળા હતા જે મને સારી રીતે ઓળખતા હતા. તેની પાસે હિંમતભાઈ ના ભાષણની ઓડીઓ કલીપ ક્યાંક થી આવી ગઈ હશે તે પોતાના ફોનમાં ચાલુ કરીને મને કહેવા લાગ્યા કે "રમેશભાઈ, આ ભાષણની કલીપ તમે ક્યાય નહિ સાંભળી હોય તેવી છે. આ કલીપમાં જે ભાઈ બોલ્યા છે તે બહુ જ જોરદાર બોલ્યા છે અને ભગવાન કરશે તો હું એક દિવસ આ ભાઈની રૂબરૂ મુલાકાત જરૂર લઈશ. મને એમની મુલાકાત લેવાની તીવ્ર ઈચ્છા થાય છે". ત્યારે મેં કહ્યું "ખીમજીભાઈ, ભગવાને તમારી ઈચ્છા સાંભળી લીધી છે અને આગળની સીટમાં જે ભાઈ બેઠા છે તે એ જ ભાઈ છે જેની તમને તલાશ છે. કહેવાય છે કે નિસ્વાર્થ ભાવનાએ કરેલી તીવ્ર ઈચ્છા તરતજ ફળીભૂત થતી હોય છે. આમજનતાના માનસ ઉપર આવી ગેહરી અસર થઇ હતી હિંમત ભાઈના તે ભાષણ ની. તે અસર એટલી ગેહરી અને વ્યાપક થઇ હતી કે આમજનતા પણ હિંમતભાઈના તે ભાષણની સરાહના કરતી હતી.

સનાતની ભાઈ શ્રી પ્રેમજીભાઈ કેશરાણી નું ભાષણ

પ્રેમજીભાઈ કેશરાણીએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે વૈદિક સનાતન હિંદુ ધર્મ શું છે? તે ભારતીય સંસ્કૃતિમાં અનાદિકાલ થી આવેલો ધર્મ છે. અને તેની અત્યારે આપણા સમાજને કેટલો જરૂરી છે તે જણાવ્યું હતું. પ્રેમજીભાઈ સાથે મારો તે વખતે એટલો ગાઢ પરિચય ન હતો પણ પાછળથી મને સમજાયું હતું કે તેમની વિચાર ધારા ઉપર આર્ય સમાજ ની છાંટ હતી અને તેઓ દયાનાદ સરસ્વતી પ્રેરિત આર્ય સમાજી વિચાર ધારાને વરેલા હતા. મારી દ્રષ્ટીએ પ્રેમજીભાઈ કેશરાણી નું વ્યક્તિત્વ જ કંઈક એવું હતું કે તેઓ જો સતપંથી રતનશી લાલજી વેલાણી સાથે વાતો કરતા હોય ત્યારે આપણને જ નહિ પણ રતનશી લાલજી વેલાણીને પણ એમલાગે કે પ્રેમજીભાઈ સતપંથની વિચાર ધારા વાળો મારો માણસ છે. કેન્દ્રીય સમાજના મંત્રીશ્રી વાલજી હીરજી ચવ્હાણ સાથે વાત કરતા હોય તો એમલાગે કે પ્રેમજીભાઈ સ્વામીનારાયણ સત્સંગી વિચાર ધારાને વરેલા છે, અને જ્યારે મારી સાથે અને હિંમત ભાઈ જોડે વાત કરતા હોય ત્યારે એમલાગે કે તે શુદ્ધ સનાતની લક્ષ્મીનારાયણ સંપ્રદાયની વિચાર ધારાને વરેલા છે અને જ્યારે તે જેઠાલાલ લાલજી ચોપડા સાથે વાત કરતા હોય ત્યારે એમલાગે કે તે લક્ષ્મીનારાયણ સનાતન સમાજના ઉદ્ધારક છે. પણ તેઓ જેવા હોય તેવા, પણ અમારી સનાતની ચળવળમાં મારા અને હિંમતભાઈના પડખે ઉભા રહીને અમારા હનુમાન બની ને અમારી સાથે સનાતની ચળવળમાં હમેશાં મોખરે રહેતા હતા. એની યાદદાસ્તને તો દાદ દેવી પડે. મગજમાં એના વિચારો એટલા ઝડપથી ચાલતા હોય છે કે તે વિચારોને પ્રકટ કરવા તેની વાચા કમજોર પડે એવું હતું. સદાય આત્મવિશ્વાસથી ભરપુર, હાજર જવાબી અને સદાબહાર એનું વ્યક્તિત્વ હતું. પણ અફસોસ છે કે તેઓ આજે આપણી વચ્ચે નથી રહ્યા. તેઓ તા.............. ના મોટર સાઈકલ ચલાવતા અકસ્માત થવાથી આપણને સૌને અલવિદા કરી ભગવાન ને પ્યારા થઈ ગયા.

કેન્દ્રીય સમાજની તા. ૭.૮.૨૦૦૯ ની સામાન્ય સભાની જ્યાં સુધી સમાજના સનાતની ભાઈઓના પ્રશ્નોનો સવાલ છે તેની ફળશ્રુતિ શું?

સભાના અંતે ખાસ કંઈ થયું નહી. સમાજના આગેવાનોએ ઉપરોક્ત બહેશ ઉપર પોતાના કંઈજ વિચારો જણાવ્યા નહી અને વિષયને પૂરો કરતા પ્રમુખ શ્રી રામજી કરમશીએ સનાતાનીઓને એ આશ્વાસન આપ્યું કે સનાતની ભાઈઓના પ્રશ્નો અંગે સમાજ એક સમાધાન સમિતિનું ગઠબંધન કરશે અને તે સમિતિ સનાતનીઓના પ્રશ્નોના ઉકેલ જલ્દીથી લઈ આવશે.

સભા પૂરી થયા પછી ઘણી બધી વ્યક્તિઓએ મને અને હિમતભાઈ ને અભિનંદન આપવા રૂબરૂ મળવા આવ્યા હતા. તેમાંની

નોંધનીય વ્યક્તિઓ હતી યુવા સંઘના તે વખતના પ્રમુખ શ્રી જયંતીભાઈ કરમશી રામાણી, બીજા ભાઈ હતા ગામઆમારાના હાલે ઈસ્લામપુર મહારાષ્ટ્રમાં રહેતા ભાઈ શ્રી પુરષોત્તમભાઈ રામાણી અને પુરષોત્તમભાઈ રામાણી (બે પુરષોત્તમભાઈઓ), ભુજ વાળા પ્રભાબેન વગેરે વ્યકતીઓએ મારા અને હિંમતભાઈના ભાષણોને વ્યક્તિગત રીતે બિરદાવીને અમોને અભિનંદન આપ્યા હતા.

સમાધાન સમિતિ શા માટે? તેની શું જરૂરત છે? એમ સનાતની ભાઈઓએ ઉઠાવેલ સવાલ

પ્રશ્ન અહી સમાધાનનો નોહતો? અહી મુખ્યત્વે ત્રણ મુદ્દા ઉપર સવાલો હતા જેના ઉલ્લેખ તા.૪.૦૮.૨૦૦૯ ની કેન્દ્રીય સમાજને લખેલ ટપાલમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યા હતા. તે ત્રણ મુદ્દાઓ નીચે મુજબના હતા.

૧. સમાજની જ્ઞાતિના રીતી-રીવાજો ની કલમ ૧૯ નો ખુલ્લે આમ થતો ભંગ

પીરાણા સતપંથ ધર્મને માનતા ભાઈઓ દ્વારા સમાજના સનાતની ભાઈઓ ઉપર છાસવારે કરવામાં આવતા ખોટા કોર્ટ કેસો તેમજ ખોટી પોલીસ ફરિયાદોથી જ્ઞાતિ રીતી-રીવાજોની કલમ૧૯ નો ખુલ્લે આમભંગ કરવામાં આવી રહ્યો છે, તેને કેન્દ્રીય સમાજ કંઈજ કહેતી નથી અને કશાંય પગલાં ભરતી નથી. તે બાબતને તે સદાય નજર અંદાજ કરતી રહી છે. આમશામાટે?

૨. આ સમાજની ઓળખ એક સનાતની સમાજની હોવા છતાં તેના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ સતપંથના કાર્યક્રમોમાં શામાટે જઈ ને તેમને પ્રોત્સાહિત કરે છે? જે કેન્દ્રીય સમાજના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશોની વિરુદ્ધ ની વાત હતીઃ

આ સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ મતનો હંમેશ ને માટે ત્યાગ કરીને સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યા પછી આ સમાજની સ્થાપના કરી હતી, તે ફક્ત અને ફક્ત સનાતન ધર્મને પુનઃ અંગીકાર કરેલા લોકોના હિતોની રક્ષા કરવા માટે જ કરવામાં આવી હતી. અત્યારે સનાતાનીઓના હિતોની રક્ષા કરવાનું તો બાજુએ રહ્યું પણ આ સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપવાના કાર્યો કરતા હોય તો તે આ સમાજની સ્થાપના વખતેના ઉદ્દેશો અને હેતુઓ ઉપર કુઠારાઘાત કરવા બરાબરનું કામકરી રહ્યા છે એવું પુરવાર થાય છે. તો આ બાબતના ખુલાસાઓ સમાજના હોદ્દેદારોએ અને ટ્રસ્ટીઓએ જાહેરમાં કરવા જોઈએ.

૨. આ સમાજની ઓળખ એક સનાતની સમાજની હોવા છતાં તેના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ સતપંથના કાર્યક્રમોમાં શા માટે જઈ ને તેમને પ્રોત્સાહિત કરે છે? જે કેન્દ્રીય સમાજના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશો વિરુધ્ધની વાત હતી

આ સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ મતનો હંમેશ ને માટે ત્યાગ કરીને સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યા પછી આ સમાજની સ્થાપના કરી હતી, તે ફક્ત અને ફક્ત સનાતન ધર્મને પુનઃ અંગીકાર કરેલા લોકોના હિતોની રક્ષા કરવા માટે જ કરવામાં આવી હતી. અત્યારે સનાતાનીઓના હિતોની રક્ષા કરવાનું તો બાજુએ રહ્યું પણ આ સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપવાના કાર્યો કરતા હોય તો તે આ સમાજની સ્થાપના વખતેના ઉદ્દેશો અને હેતુઓ ઉપર કુઠારાઘાત કરવા બરાબરનું કામ કરી રહ્યા છે એવું પુરવાર થાય છે. તો આ બાબતના ખુલાસાઓ સમાજના હોદ્દેદારોએ અને ટ્રસ્ટીઓએ જાહેરમાં કરવા જોઈએ.

૩. સમાજના રીતી-રીવાજો ની કલમ ૧૮ નો ખુલ્લે આમથતો ભંગ

ત્રીજો મુદ્દો એ પત્રમાં એ હતો કે સમાજના રીતી-રીવાજોની કલમ૧૮ અન્વયે સમાજના દરેક સભ્યના બાહ્ય આચરણો હિન્દુના હોવા જોઈએ. આ કલમનો જે સભ્ય ભંગ કરે તેની સામે બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલાં આ સમાજે ભરવાં જોઈએ એવી જોગવાઈઓ સમાજના બંધારણ તેમજ રીતી-રિવાજોની કલમોમાં પહેલેથી છે જ. તેથી કરીને સમાજનો કોઈ પણ સભ્ય

પીરાણા સતપંથ ધર્મના સ્થાપક પીર ઈમામશાહ બાવાના નામે ઉભા થતા અથવા તો બાવા ઈમામશાહના ભેજાની પેદાસ એવા નકલંકી નારાયણના નામે ઉભા થતા કહેવાતા મંદિરોના ઉદ્‌ઘાટન પ્રસંગોમાં શોભામાં અભિવૃદ્ધિ કરવા જતો હોય તો તેણે કલમ૧૮ અન્વયે ગુનો કર્યો છે તેવું પુરવાર થાય છે. ભલે પછી એવી વ્યક્તિ સમાજની એક સામાન્ય સભ્યગણ હોય કે પછી તે સમાજનો પ્રમુખ, ટ્રસ્ટી અથવા તો કોઈ પણ અન્ય હોદ્દો ધરાવતો માણસ હોય. તે ગુન્હાને પાત્ર તો ઠરે જ છે. તેથી તેને શિક્ષા તો થવી જ જોઈએ. એ માટે અમસનાતાનીઓને સતપંથના ભાઈઓ જોડે સમાધાન નથી જોઈતું, ન્યાય જોઈએ છે. અમે લોકોએ સમાધાન માટે ફરિયાદ જ નથી કરી. સાચા ન્યાય માટે ટપાલ લખી છે. હદ તો ત્યારે થઈ કહેવાય કે સમાધાન સમિતિના ચેરમેન એવા વ્યક્તિને બનાવાય છે કે જેના ઉપર સનાતાનીઓએ ગુન્હો દર્જ કર્યો છે. સ્પષ્ટતા થી વાત કરું તો તા.૪.૦૮.૨૦૦૯ ની તે ટપાલ દ્વારા સનાતાનીઓએ સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી તેમજ સમાજના તત્કાલિક પૂર્વ પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયા તેમજ ટ્રસ્ટી શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા અને અન્ય હોદ્દેદારો ઉપર આરોપ લગાવેલ છે કે સતપંથ સમાજ દ્વારા બાવા ઈમામશાહના નામે ઉભા થતા મંદિરોમાં તેની શોભામાં અભિવૃદ્ધિ કરવા જવું એ પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપવા બરાબર છે, અને તે કલમ૧૮ મી ની રૂએ ગુન્હાને પાત્ર ઠરે છે. આવા ગુનેહગારો પૈકી સમાજના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રીમાન શ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયા એક હતા અને આ સમાજ એ ગુનેગાર તરીકે અમોએ આરોપ લગાડ્યો હતો તે વ્યક્તિને જ સમાધાન સમિતિના પ્રમુખ ન્યાયાધીશ બનાવતી હોય તો તે કેવો ન્યાય આપે? સમાજે બનાવેલી ન્યાય સમિતિ તો અસ્તિત્વમાં હતીજ તો પછી આ નવી સમાધાન સમિતિની શું જરૂરત પડે તે અમોને સમજાતું નોતું. સમાજના પ્રમુખ શ્રી ન્યાય સમિતિ સમક્ષ ન્યાય માટે આદેશ આપી શકતા હતા. તેમતેઓ કરવા માગતા નોતા કારણ કે તેમકરવામાં સતપંથના સદસ્યોને ન્યાય સમિતિમાં કેમઆવરી શકાય? ન્યાય સમિતી ઉપરાંત જો સમાધાન સમિતી બને તો સતપંથના ભાઈઓને તેમાં આવરી શકાય. અને જો ન્યાય સમિતિને આ વિષય સોંપવામાં આવે તો સતપંથના સદશ્યોને આવરી ન શકાય તેમહતું. તેથી આ સમાધાન સમિતિનું ગઠબંધન કરવામાં આવ્યું હતું. એ સમાધાન સમિતિના સ્થાઈ સદસ્યો નીચે પ્રમાણેના હતા.

૧. શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા
૨. શ્રી દેવજી માવજી લીબાણી
૩. શ્રી દામુભાઈ ગોગારી, અમદાવાદ

વધારેમાં ૫ જણા સનાતની ભાઈઓ તરફથી નામો આપવામાં આવ્યા હતા તે નીચે પ્રમાણેના હતા.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી
૨. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી
૩. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા
૪. શ્રી વસંતભાઈ લીબાણી મોડાસા
૫. શ્રી પુનમભાઈ ધોળુ, મોડાસા

તેજ પ્રમાણે સતપંથના ભાઈઓ તરફથી પાંચ ભાઈઓના નામો નીચે પ્રમાણે ના હતા.

૧. રતનશીભાઈ લાલજી વેલાણી દુર્ગાપુર કચ્છ
૨. દેવજીભાઈ કાનજી લીબાણી
૩. દેવજીભાઈ કરસન ભાવાણી મુંબઈ
૪. શામજીભાઈ અરજણ ભગત
૫. હરિભાઈ માધાભાઈ રામજીયાણી

તા. ૮.૮.૨૦૦૯ ના સંસ્કારધામ દેસલપર ખાતે મળેલ સનાતની ભાઈઓની એક મીટીંગ

કેન્દ્રીય સમાજની સામાન્ય સભાના બીજા દિવસે સનાતની ભાઈઓની નાના પાયે એક અનૌપચારિક સભા મળેલ હતી. તે સભાનો એક માત્ર એજન્ડા હતો કે સતપંથ સનાતન મુદ્દે આગળની રણનીતિ સનાતની ભાઈઓએ શું અપનાવવી કે જેથી લોકોમાં જાગૃતિની સાથે સાથે કેન્દ્રીય સમાજને પણ તેની સનાતનીઓ પ્રત્યેની જવાબદારીઓથી વાકેફ કરી શકાય. આ સભામાં નીચેની વ્યક્તિઓએ હાજરી આપી હતી.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, વિરાણી
૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા, ખોંભડી
૩. શ્રી અરવિંદભાઈ કરસન લીબાણી, કોટડા
૪. શ્રી માવજીભાઈ કેશરા રામાણી, નખત્રાણા
૫. શ્રી જેઠાલાલ લાલજી ચોપડા, રાજપર
૬. શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણી, અંગિયા નાના
૭. શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ, દુર્ગાપુર નવાવાસ.
૮. શ્રી માવજીભાઈ રતનશી વાગડિયા ખોંભડી

આ મીટીંગમાં હવે પછી શું વ્યૂહ ઘડવો? સનાતની ભાઈઓએ શું વ્યૂહરચના (જંસ્ટ્રિીપ્નઅ) અપનાવવી? તે બાબતે ઊંડાણથી ચર્ચાઓ કરવામાં આવી હતી. મુરબ્બી ભાઈ શ્રી રમેશભાઈ માવજી વાગડિયાએ જણાવ્યું હતું કે જે આપણે કેન્દ્રીય સમાજને તા. ૪.૮.૨૦૦૯ ના પત્ર લખેલ છે, તે પત્રને કોઈ સારી પ્રિન્ટીંગ પ્રેસમાં છપાવી ભારતભરની તમામકચ્છ કડવા પાટીદાર સમાજોમાં મોકલાવવી જોઈએ. મેં એ પણ સુજાવ આપ્યો કે ભારતભરની સમાજોમાં જઈને કેન્દ્રીય સમાજને અનુલક્ષીને સનાતન ધર્મ અને સનાતન સમાજ બાબતનું જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ. મુરબ્બી શ્રી હંસરાજ દેવજી ધોળુએ જણાવ્યું હતું કે સમાજમાં જાગૃતિ આણવી હશે તો મીડિયાનો પણ સાથ જોઇશે, તે માટે આપણને સર્વે પ્રયત્નો કરવા જોઈએ. અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે તા. ૪.૮.૨૦૦૯ વાળા પત્રની નકલો છપાવી ભારતભરની તમામસમાજોમાં મોકલાવવામાં આવે. પણ પ્રશ્ન અહી એ હતો કે કોના સરનામેથી તે પત્ર મોકલાવવો? આખરે રમેશભાઈએ તે બીડું જડપ્યું. તે પત્ર ને છપાવીને આઠ જણાના નામઅને ટેલીફોન નંબર પણ છપાવ્યા. તે આઠ સનાતની વ્યક્તિઓના નામનીચે પ્રમાણેના છે.

૧. શ્રી હિમત ભાઈ રતનશી ખેતાણી વિરાણી ૯૮૨૧૧ ૧૯૧૧૬
૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા ખોંભડી ૯૮૪૫૩ ૭૫૫૭૭
૩. શ્રી પુનમભાઈ ખીમજી ધોળુ મોડાસા ૯૪૨૭૬ ૯૩૫૫૦
૪. શ્રી ડાહ્યાભાઈ ગોરાણી મોડાસા ૯૪૨૬૩ ૮૦૭૩૬
૫. શ્રી વસંતભાઈ રાજા ધોળુ મોડાસા ૯૪૨૬૩ ૬૧૪૩૧
૬. ડો. પ્રેમજીભાઈ રામજી ગોગારી ગાંધીધામ ૯૮૨૫૫ ૪૬૨૩૬
૭. શ્રી અમૃત રતનશી રામાણી ધનસુરા ૯૯૭૯૧ ૨૩૪૪૪
૮. શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણી અંગિયા ૯૪૨૮૭ ૪૯૬૦૭

॥ શ્રી લક્ષ્મીનારાયણાય નમઃ ॥

॥ નિ વે દ ન ॥

પ્રમુખ શ્રી,
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા.

સંદર્ભ : તા. ૩-૮-૨૦૦૯ના બપોર પછી આપની સાથે સંસ્કારધામ દેશલપર ખાતે થયેલ વાર્તાલાપ.
વિષય : સનાતની ભાઈઓના પ્રશ્નોનું નીરાકરણ બાબત.

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત વિષયે આપશ્રી તેમજ આપના સહયોગી હોદેદારોની સાથે થયેલ વિસ્તૃત ચર્ચાના અંતે તમોએ અમોને જણાવેલ કે આપની જે કોઈ પણ ફરિયાદો, વ્યથાઓ કે સુચનો હોય તે લેખિતમાં સમાજની ઓફિસમાં તા. ૪-૮-૨૦૦૯ ની સાંજ સુધીમાં મોકલી આપશો જેથી અમો ઉપરોક્ત ચર્ચા દરમ્યાન થયેલ વાતો આપશ્રીની જાણ ખાતર ફરીથી જણાવી રહ્યા છીએ.

અ. મોડાસા અને ગુજરાત સાબરકાંઠા

૧. મોડાસાના ઉમિયા મંદિરની પ્રતિષ્ઠા રોકી અને તે બાબતે પિરાણા પંથીઓ તરફથી કેસ થયા બાબત.

૨. શ્રી લક્ષ્મીનારાયણ ધર્મ જાગૃતિ રથ અને સનાતન ધર્મનું સ્નેહમિલનના વિરોધમાં પિરાણા પંથીઓ તરફથી થયેલ વાંધાઓ અને કોર્ટ કેસ બાબત.

૩. કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા એ કરેલ કનુભાઈ અને મગનભાઈની મધ્યસ્થીમાં ૨૫ જણાની સુપર સમિતી દ્વારા થયેલ સમાધાન ને ૫૦૦ જણાની સામાન્ય સભાએ આપેલ બહાલીનું પાલન સતપંથીઓ દ્વારા ના થવા બાબત.

૪. અ.ભા.ક.ક.પાટીદાર સમાજના અમુક હોદેદારોએ તા.૨૬-૬-૨૦૦૯ના યોજેલ સંપર્ક યાત્રા વખતે અમુક પિરાણા પંથી ભાઈઓએ વાંધો ઉઠાવતા કેન્દ્રીય સમાજ ના હોદેદારોને કહેલ કે સમગ્ર ભારતભરની સમાજોમાંથી સનાતન નામ કાઢી નાખવું જોઈએ તો જ સમાધાન થશે. આવું જો સમાજના હોદેદારો સમક્ષ કહેવાતું હોય તો કેન્દ્રીય સમાજનુ કેવું વલણ હોવું જોઈએ ?

૫. ધનસુરા તેમજ હિમતનગરમાં સનાતનના બોર્ડ ૬૦ વર્ષ પહેલા લખાયેલા મોજુદ છે તો અ.ભા.ક.ક.પાટીદાર સમાજના હોદેદારોની હાજરીમાં ભાઈ હરી માધાએ આક્ષેપ કરેલ કે કેન્દ્રીય સમાજે શુ ધ્યાન રાખ્યુ છે કે આવા સનાતનના બોર્ડો હજી પણ લાગેલા પડ્યા છે. તે ઉતારી નાખવા જોઈએ ત્યારે સમાજના માજી પ્રમુખ શ્રીએ તે વાતને સહમતી આપતા કહેલ કે સમાજમાં આવા સનાતનના બોર્ડો ન હોવા જોઈએ. તો કેન્દ્રીય સમાજના એક જવાબદાર વ્યક્તિનું આવું વલણ શા માટે ? ખરેખર તો કેન્દ્રીય સમાજ ૫૦ વર્ષે પહેલા સનાતનીઓએ જ બનાવેલ અને સનાતનીઓના હિતોની રક્ષા કરવા માટે જ સ્થાપના થયેલ તો આજે કેન્દ્રીય સમાજનું સનાતનીઓ વિરૂધ્ધ વલણ શા માટે ? કેન્દ્રીય સમાજ જો અમ સનાતનીઓની હીતની રક્ષા નહી કરે તો કેન્દ્રીય સમાજ અમારા શા કામની ? વધારેમાં અમો કેન્દ્રીય સમાજને એ પૂછવા માગીએ છીએ કે એક પિરાણા પંથી જો સનાતનના શબ્દ સામે વાંધો લેતો હોય તો પિરાણા વાળાઓ પોતાની આદત પ્રમાણે વારે-વારે જ્યારે નામો બદલાવી રહ્યા છે અને હવે છેલ્લે હાલમા સતપંથ- સનાતન એવુ નામ શા માટે રાખે છે ?

બ. કોટડા (જ.) નો પ્રશ્ન

૧. કોટડા (જ) વાળા ભાઈઓ ની રજૂઆત થયેલ કે કોટડામાં અમુક ભાઈઓએ સમાજની ૧૮મી કલમનું ઉલંઘન કરેલછતાં પણ કેન્દ્રીય સમાજે તેવી વ્યક્તિઓની અરજી સ્વીકારીને શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વાળાને આરોપી તરીકે તેડાવી એક પક્ષી વલણ શા માટે અપનાવ્યુ ? એક પક્ષીય વલણ એટલા માટે કે આવા ૧૮મી કલમનો ભંગ કરવા વાળા ફરિયાદો લઈને આવે એની ફરિયાદો શા માટે સ્વીકારવામાં આવે છે અને એટલું જ નહી પરંતુ આવી ફરિયાદો ઉપર તાત્કાલીક ધ્યાન આપી અને સામા પક્ષોને ખોટી રીતે શા માટે દબાવવામાં આવે છે ?અહી એક વાત અતિ મહત્વની છે કે ભૂતકાળમાં સતપંથીઓ દ્વારા આપણી કેન્દ્રીય સમાજના તે સમયના પ્રમુખ શ્રી સામે પાયા હીન આક્ષેપો કરીને કોર્ટ કેસ કરવામાં આવેલ ત્યારે આવુ કૃત્ય કરનાર લોકોને કેન્દ્રીય સમાજે શા માટે બોલાવીને યોગ્ય કાર્યવાહી ન કરી ?

૨. શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ કોટડા (જ) વાળા ભાઈઓ ઉપર સતપંથીઓએ ચારેક વર્ષ પહેલા નવેક (૯) કોર્ટ કેસો નું સમાધાન કેન્દ્રીય સમાજની મધ્યસ્થી થી જ થયેલ તે વખતે પિરાણા પંથી ભાઈઓએ બાહેંધરી આપેલ કે સમગ્ર ભારત લેવલે લક્ષ્મીનારાયણ સનાતનસમાજના ભાઈઓ ઉપર થયેલ તમામ કેસો ૧૨ મહિનાની અંદર પાછા ખેંચી લેશું. તો કેન્દ્રીય સમાજે આવા કેસો પાછા ખેંચાવવા શા પગલાં ભર્યા? હવે એનાથી ઉલટું, આ સતપંથીઓએ ઘણા બધા નવા કેશો દાખલ કર્યા છે એવી ઘણી બધી ફરિયાદો મોજૂદ છે.

ક. બેંગલોરના ભાઇઓ સામે થયેલ કોર્ટ કેસો

સ્વ. શ્રી રતનશી નારણ વાઘડીયાના પરિવાર ઉપર પિરાણા પંથીઓ તરફથી કરવામાં આવેલ ક્રીમીનલ કેસોની જાણ ત્રણેક વર્ષ પહેલા કેન્દ્રીય સમાજને કરવામાં આવેલ તે સંદર્ભે કેન્દ્રીય સમાજે કરેલ ઠરાવની નકલ બેંગલોર મોકલાવેલ તેમાં નવાઇની વાત એ હતી કે કેન્દ્રીય સમાજે તે ઠરાવમાં લખેલ કે - આ બાબતે સમાજમાં જુદી જુદી ધાર્મિક વિચાર શ્રેણી વાળાનો સમાજ છે જે કોઇ પણ ધર્મને માને તેમા કોઇને વાંધો હોઇ શકે નહી - તો આ બાબતમાં અમારે શુ સમજવું ? આ ક્રીમીનલ કેસો આજે પણ ગુજરાત હાઇ કોર્ટમાં ચાલું છે. તો શું કેન્દ્રીય સમાજ શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પાળવા વાળાનો હિત ચિંતક નથી ? જ્યારે પિરાણા પંથીઓ તો એક જૂટ થઇ આવા ખોટા કોર્ટ કેસો સનાતન ધર્મીઓ ઉપર વારંવાર કરતા રહેલા છે.

ડ. અન્ય રજૂઆતો

૧. ૫૦ વર્ષ પહેલા પિરાણાથી વિરૂધ્ધ જઇ તે વખતના વડીલો એ નખત્રાણા મધ્યે અ.ભા.ક.ક. પાટીદાર સમાજની સ્થાપના કરી ત્યારે શું પિરાણા પંથીઓનો તેમાં સાથ હતો કે ? અથવા તો સ્થાપક વડીલો શું સનાતન ધર્મીઓ ન હતા? શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને વરેલા હતા અને તેના હિતચિંતકો જ હતા એટલે જ આપણી કેન્દ્રીય સમાજના બંધારણમાં ૧૮મી કલમનો સતપંથી ભાઇઓનો ઘણો બધો વિરોધ હોવા છતાં પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.અને તેથી જ તો જ્યારે જ્યારે સતપંથીઓ દ્વારા કોઇ પણ કાર્યક્રમો યોજવામાં આવતા અને તેના નિમંત્રણો સમાજના તત્કાલીન હોદેદારોને મોકલવામાં આવતા ત્યારે આ હોદેદારો સતપંથના કોઇ પણ પ્રસંગોમાં કે કાર્યક્રમોમાં ભૂલથી પણ શોભામાં અભિવૃધ્ધિ કરવાનો હિન પ્રયાસ ક્યારે પણ કર્યો ન હતો. હવે આ પરંપરા ત્યારે જ ટુટી કે જ્યારે શ્રી વાલજી શીવજી વાડીયાએ પ્રમુખ પદની ધુરા સંભાળી અને વર્ષોથી ચાલી આવતી વડીલોની પરંપરા શરમ જનક રીતે તોડી જેનું સમાજના મોટા વર્ગને પારાવાર દુ:ખ છે.
અ.ભા.ક.ક. પાટીદાર સમાજના સ્થાપક વડીલો એ જે હેતુથી અને જે દૃષ્ટિ અને ભાવના થી ૫૦ વર્ષ પહેલા સમાજની સ્થાપના કરી હતી તે શું આજની કેન્દ્રીય સમાજ તે હેતુઓ અને વડીલોની ભાવનાઓ પાર પાડી રહી છે?

૨. ઈતિહાસ ગવાહ છે કે પિરાણા પંથીઓએ આજ દિવસ સુધી શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને પાળવા વાળા ઉપર સેંકડો કેસો કરેલા છે જ્યારે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મને પાળવા વાળાઓ એ તેમના પર કોઇ પણ કોર્ટ કેસો કરવામાં કદી પણ પહેલ નથી કરી જે આપણી સમાજની ૧૯મી કલમને અનુમોદન આપતા રહેલા છે. અને આ કલમનો સરે આમ ભંગ કરવા વાળાઓ વિરૂધ્ધ સમાજ શા માટે કોઇ કડક કાર્યવાહી કરતી નથી ?

૩. આજે ઘણા વર્ષોથી કેન્દ્રીય સમાજનું એક એવું વર્તન સ્પષ્ટ દેખાઇ રહ્યું છે કે આપણી કેન્દ્રીય સમાજ દ્વારા સનાતની ભાઇઓની લાગણીઓને હંમેશા દબાવવામાં આવે છે અને સતપંથી ભાઇઓને હંમેશા છાવરવામાં આવે છે. આવુ એક તરફું વલણ ક્યાં સુધી ચાલશે ?

૪. આપણી કેન્દ્રીય સમાજના હાલના પ્રમુખને ચોતરફથી ના હોવા છતાં પણ નખત્રાણા મધ્યે નિષ્કલંકી ધામમાં એક કાર્યક્રમ હતો તેમાં હાજરી આપી ત્યારે પોતાના સ્વબચાવ માટે પ્રમુખશ્રી રામજી કરમશીએ જણાવ્યું કે હું ત્યાં ગયો હતો તે એક શરતથી ગયો હતો .અને તે શરત હતી કે પિરાણા પંથીઓએ જે કાંઇ આપણા વિરૂધ્ધ કોર્ટ કેસો કર્યા હશે તે ત્વરીત તેઓ પાછા ખેંચી લેશે. જણાવતા અત્યંત ખેદ થાય છે કે આજે તે ઘટનાને એકાદ વર્ષ થવા આવ્યું છતાં પણ આવા કોઇ કોર્ટ કેસો પિરાણા પંથીઓએ પાછા ખેંચ્યા નથી તેના બદલે નવા કેસો તેઓએ આપણા ભાઇઓ ઉપર કર્યા છે તેની કેન્દ્રીય સમાજે ખાસ નોંધ લેવા જેવી છે.

૫. આવા તો અનેક પ્રશ્નો આપણી સમાજમાં છે જેની વ્યથા અને દુ:ખ સમાજના બહોળા વર્ગને છે. જેના નિરાકરણ માટે આ બહોળા વર્ગને શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ પાસે ઘણી બધી અપેક્ષા છે અને તેનું નિરાકરણ શ્રી આ. ભા. ક. ક. પાટીદાર સમાજ ત્વરીત નહી કરે તો અમ સનાતની ભાઇઓને આગામી ૨૦૧૦ માં યોજાનાર સ્વર્ણીમ મહોત્સવમાં ભાગ લેવો કે નહી તેનો ગંભીરતાથી વિચાર કરવો પડશે.તો આપણી કેન્દ્રીય સમાજ ઉપરોકત બાબતે ત્વરીત યોગ્ય પગલા લે એવી અપેક્ષા..
સહ......

એ જ
અ.ભા.ક.ક. સમાજના નીચે જણાવેલ સભ્ય શ્રી ઓ
જેમણે પોતાના નામની સામે હસ્તાક્ષર કરેલ છે.

॥ ખાસ નોંધ ॥

વધુ માહિતી માટે આપશ્રી નિચે જણાવેલ ભાઇઓનો સંપર્ક સાધી શકો છો.

હિંમત રતનશી	09821119116	વસંતભાઇ પટેલ	09426361431
રમેશ માવજી	09845375577	પ્રેમજી રામજી	09825546236
પૂનમભાઇ ખીમજી	09427693550	અમૃત રતનશી	09979123444
ડાહ્યાભાઇ પટેલ	09426380736	કરશન પ્રેમજી	09428749607

પાટીદાર સૌરભના સપ્ટેમ્બર, ૨૦૦૯ ના અંકમાં અત્યારે ચાલી રહેલી સમાજની સનાતની ચળવળને અનુલક્ષીને છપાયેલ એક લાજવાબ તંત્રી લેખ

સમાજમાં ભડકેલી ચિનગારી વિપ્લવ બને તે પહેલાં.......

સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવી રહેલા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્ય હોવાના નાતે કચ્છથી કોલકાતા અને દિલ્હીથી કન્યાકુમારી સુધી ફેલાયેલા જ્ઞાતિજનોને આ પ્રસંગે હરખ હોય તે સ્વાભાવિક છે.

દેશભરમાં સમાજના સુવર્ણ જયંતી મહોત્સવનો ઉન્માદ છવાઈ રહ્યો છે ત્યારે છેલ્લા ૫૦ વર્ષમાં સમાજે દરેક ક્ષેત્રમાં કેટલી પ્રગતિ કરી છે તે દિશામાં પણ સમીક્ષા થવી જોઈએ. સમાજના સર્વાંગી વિકાસમાં ખુટેલી કડીઓ શું છે અને તેની પૂર્તિ માટેનું આયોજન પણ આ મહોત્સવ નિમિત્તે જ થવું જોઈએ.

સુવર્ણ જયંતીની ઉજવણીના ઉન્માદમાં સમાજની કેટલીક પાયાની મૂળભૂત વિચારધારા ખોવાઈ રહી છે તે બાબતે સમાજના બૌધિક વર્ગમાં છેલ્લા થોડાક સમયથી ઠીક ઠીક ચર્ચા જાગી રહી છે. આ બાબતે હવે જાહેર ચર્ચાનું સ્વરૂપ પકડ્યું છે ત્યારે આગામી દિવસોમાં આ પ્રત્યે પુરતું ધ્યાન આપવામાં નહિ આવે તો આ પ્રશ્ન એક આંદોલનનું રૂપ પણ લઈ શકે છે.

સમાજના સ્થાપક વડીલોએ જે હેતુથી, જે દ્રષ્ટિ અને ભાવનાથી ૫૦ વરસ પહેલા હાલના સમાજની સ્થાપના કરી હતી તે હેતુઓ અને વડીલોની ભાવનાઓ આજની કેન્દ્રીય સમાજ પાર પાડી રહી છે ખરી?

કેન્દ્રીય સમાજની છેલ્લી સામાન્ય સભામાં આ પ્રશ્ને સનાતાનીઓએ જે તાતા તીર છોડ્યા છે તેનો ખુલાસો કરવા જેટલો હોંસલો પણ નેતાગીરીમાં તે સભામાં ઉપસ્થિત દેશ-પરદેશથી આવેલ સભ્યોએ જોયું છે અને મોવડીઓના મોંન રહેવાનો અર્થ પણ બધાએ બરાબર સમજ્યો છે.

સનાતનીઓમાં આ ઉભરો કંઈ રાતોરાત આવ્યો નથી. કેન્દ્રીય સમાજ લેવલે કેટલાક પદાધિકારીઓ દ્વારા ઈરાદાપૂર્વક થઇ રહેલ ઉમ્બાડીયાં જેવી પ્રવૃતિઓએ માઝા મૂકતાં સમાજમાં આજે આવી વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. સભામાં ભલે બે-ચાર સનાતાનીઓ જ બોલ્યા હોય પણ સમાજમાં બહુમતી ધરાવતા લોકોની લાગણીઓ અને આક્રોશનું પ્રતિબિંબ સભામાં જોવા મળ્યું હતું તે નોંધપાત્ર છે.

દિશા ફંટાઈ જાય અને દોર જ્યારે બીજાના હાથમાં ચાલ્યો જાય ત્યારે બહુધા આવી પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. ૫૦ વર્ષ પહેલાંના આપણા વડીલોએ જે કલ્પના, સોચથી આ સમાજની રચના કરી હતી તેનાથી વિપરીત હાલના શાસકો વર્તી રહ્યા હોઈ, સમાજનો અદનો આદમી આજે દુખી છે. આશ્ચર્ય અને આઘાતની વાત તો એ છે કે સમાજના બે-ચાર હોદ્દેદારોની આવી હરકતો સામે અન્ય હોદ્દેદારો કે ટ્રસ્ટીમંડળના સનાતનીય સભ્યો પણ ચુપ છે! તેઓ શામાટે મૌન રહ્યા છે તેનો જવાબ પણ પ્રજા માંગશે. સમાજના વડીલો અને સંતો તેમનો ધર્મ ચુકી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સામાન્ય સભામાં ઉઠેલી જાગૃતિની આ ચિનગારી આગામી દિવસોમાં ભડકો થઇ વિપ્લવનું સ્વરૂપ પકડે તે પહેલાં તનખૈયા જાહેર થયેલ નેતાગીરીએ પ્રાયશ્ચિત કરવાની રીતરસમો શોધ્યે જ છૂટકો છે.

લી. તંત્રીશ્રી પાટીદાર સૌરભ (સી. કે. પટેલ)

સનાતની ભાઈઓની ધનસુરા મુકામે સભા તા. ૪.૧૦.૨૦૦૯

તા.૭.૮.૨૦૦૯ ની સમાજની સામાન્ય સભા પછી અમોને (હિંમતભાઈને અને રમેશભાઈ વાગડીયાને) લાગ્યું હતું કે એક સનાતન ધર્મ જાગૃતિ સમિતિનું ગઢબંધન થાય અને તે મારફત સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ભારતભરની સમાજોમાં ચલાવવામાં આવે. સામે સમાજનો સ્વર્ણિમમહોત્સવ આવતો હોવાથી ભારતભરની સમાજોના ભાઈઓને સમાજનો સાચો ઈતિહાસ બતાવવો અત્યંત જરૂરી છે એવી પ્રતીતિ સતત થયા કરતી હતી. કહેવાય છે કે નિશ્વાર્થ ભાવના થી કરેલા તીવ્ર વિચારોમાં અજબ શક્તિ હોય છે. તે પ્રમાણે ધનસુરા સનાતન સમાજ તરફથી અમોને આમંત્રણ મળ્યું કે તા. ૪.૧૦.૨૦૧૦ ના સનાતની ભાઈઓની એક સભા રાખવામાં આવી છે અને તેમાં હિંમતભાઈનું અને રમેશભાઈ વગાડીયાનું ભાષણ નિયોજિત કરવામાં આવ્યું છે. તે અન્વયે ત્યાં સનાતાનીઓની સભા યોજવામાં આવી. હિંમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેશરાણી, રમેશભાઈ વાગડિયા, પ્રિન્સીપાલ રતિભાઈ, રમણભાઈ શામજી અને અન્ય દિગ્ગજોના ભાષણો થયા. અંતમાં એ સભામાં ઐતિહાસિક ઠરાવો પસાર કરવામાં આવ્યા. તે ઠરાવો આ લખાણ પછી જોડાણ તરીકે પ્રગટ કરવામાં આવ્યા છે. આ ઠરાવો કેન્દ્રીય સમાજ ઉપર દબાણ લઈ આવવા માટે પસાર કરવામાં આવ્યા હતા. ધનસુરા સનાતન સમાજના કાર્યકર્તાઓ ધન્યવાદને પાત્ર છે તેમાં બે મત નથી. આ હતી સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ની પહેલી સભા. ઉપરોક્ત ઠરાવો આ લેખના અંત માં અથવા તો વચ્ચે ક્યાંક પ્રગટ કરવામાં આવ્યા છે તેની નોંધ વાચક વર્ગ જરૂર લેશે.

ધનસુરા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના નામમાં થી 'સનાતન' શબ્દને કાઢી નાખવાની વાત. 'સનાતન' શબ્દ પ્રત્યે શુગ શા માટે?

બીજી અગત્યની વાત મારે એ કહેવી છે કે સૌથી જૂની ધનસુરાની કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની તે વખતના કેન્દ્રીય સમાજના પ્રમુખ તરીકે વાલજીભાઈ વાડિયાની સત્તાવાર મુલાકાત દરમ્યાન એક સતપંથી ભાઈ દ્વારા શ્રી વાલજીભાઈ વાડિયાને કહેવામાં આવ્યું હતું કે આ ધનસુરાની કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના નામમાં થી "સનાતન" શબ્દનો છેદ ઉડાડવામાં આવે. કહેવાય છે કે પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયાના પ્રમુખ કાળ દરમ્યાન પ્રમુખ તરફથી સતપંથી ભાઈઓ ને ભરોસો દેવામાં આવ્યોં હતો કે ધનસુરાની સનાતન સમાજના નામમાં થી "સનાતન" શબ્દને આપણે કઢાવી નાખશું. આવો ભરોસો પ્રમુખશ્રી દ્વારા સતપંથના ભાઈઓને શામાટે આપવામાં આવ્યો હતો? તે એક મોટો પ્રશ્ન છે. આ વાતથી શું કેન્દ્રીય સમાજ અજાણ છે કે પછી ફક્ત આંખ આડા કાન કરે છે? શું સ્થાપક સનાતની વડીલોએ કેન્દ્રિય સમાજની સ્થાપના એટલા માટે કરી હતી કે જતે દહાડે આ સમાજના (કેન્દ્રીય સમાજના) પ્રમુખો સતપંથના ભાઈઓની જી હજુરી કરી સનાતની ભાઈઓની લાગણીઓ ઉપર કુઠારાઘાત કરે? અને જે જે સંસ્થાઓમાં સનાતન શબ્દ હોય તે શબ્દને કાઢી નાખાવામાં આવે જેથી કરીને સતપંથના ભાઈઓની માગણીઓ જતે દહાડે સ્વીકારી શકાય?

તા.૪.૧૦.૨૦૦૯ ની ધનસુરાની સનાતનીઓની સભામાં કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીને અને સમાજના અન્ય હોદ્દેદારોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું પણ તેઓ તે સભામાં હાજર રહ્યા નોહતા.

આ સભામાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિની રચના કરવામાં આવી હતી. તેમાં નીચે મુજબના ભાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી વિરાણી-મુંબઈ
૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા ખોંભડી-બેંગલોર

૩. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી અંગિયા-મુંબઈ ખારગર
૪. શ્રી પુનમભાઈ ધોળુ મોડાસા
૫. શ્રી વસંતભાઈ લીંબાણી મોડાસા નખત્રાણા
૬. શ્રી ડાહ્યાભાઈ ગોરાણી વિગોડી મોડાસા.

આ સમિતિનું મુખ્ય કામઅને જવાબદારીઓ નીચે પ્રમાણે ની નક્કી કરવામાં આવેલ હતી. અને તે પ્રમાણે એવું તે સભામાં ઠરાવવામાં આવ્યું હતું.

૧. ભારતભરની સમાજોમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાઓ યોજી જ્ઞાતિનો સાચો ઈતિહાસ અને કેન્દ્રીય સમાજનો સાચો ઈતિહાસ બતાવવો.
૨. સાથે સાથે અત્યારે કેન્દ્રીય સમાજમાં સનાતન ધર્મ બાબતે ચાલી રહેલી નીર્લક્ષતા અને દુર્લક્ષતા બાબતે લોકોને જાણ કરવી.
૩. કેન્દ્રિય સમાજના આગેવાનો દ્વારા સનાતાનીઓ પ્રત્યે નરોવા કુંજરોવા જેવી બે-ધારી અસ્પષ્ટ નીતિઓ બાબતે લોકોમાં જાગૃતિ ફેલાવવી.

તા. ૪.૧૦.૨૦૦૯ ને રવિવારના ધનસુરા ખાતે યોજાએલ સનાતન ધર્મ સમૂહ ચિંતન સભાનો એક રીપોર્ટ

સનાતની ભાઈ શ્રી અમૃતભાઈ આર. પટેલ, રાજપુરકંપા અને અશોકભાઈ જે. પટેલ, ધનસુરા દ્વારા ઉપરોક્ત ચિંતન સભાનો બહુ જ સરસ રીપોર્ટ મને મોકલાવવામાં આવ્યો હતો તે નીચે પ્રમાણે છે તેની રજૂઆત કરતા હું આનંદની લાગણી અનુભવું છું.

શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતી આયોજિત સનાતન ધર્મ સમૂહ ચિંતન સભા શ્રી ક.ક.પા.સનાતન સમાજ ગુજરાત, ધનસુરા ખાતે સવારના ૯.૦૦ થી બપોરના ૨.૦૦ વાગ્યા દરમ્યાન મળેલ. આ સભામાં કચ્છ, મુંબઈ, બેંગલોર, અમદાવાદ ખેડા તેમજ સમગ્ર સાબરકાંઠા વિસ્તારના સનાતન સમાજના અગ્રગણ્ય ભાઈઓ-બહેનોની સૂચક હાજરી રહી હતી.

આ સભામાં આપણી સમાજના જ સતપંથીઓ દ્વારા ભારતભરમાં સનાતની ભાઈઓ ઉપર કરવામાં આવેલ પોલીસ તેમજ કોર્ટ કેસો અંગેની ચર્ચા કરવામાં આવેલ. ખરેખર સાચો સમાજ અને સાચો ધર્મ કોને કહેવાય? તેનું આ સભામાં ચિંતન કરવામાં આવેલ. શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના આજથી ૫૦ વરસ પૂર્વે શા માટે કરવાની જરૂર પડી હતી તેનું આ સભામાં ઊંડું ચિંતન કરવામાં આવેલ. સમાજનો જ આમવર્ગ અશાંતિ અને અજંપા સામે જજુમી રહ્યો હોય ત્યારે કેન્દ્રીય સમાજ ચાલુ વર્ષે સમાજનો સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે સ્વર્ણિમમહોત્સવ કેટલે અંશે સફળ થશે તે આવનાર દીવશો જ કહી શકશે. આવનારા દીવસોમાં સમાજના કર્ણધારો સમાજના બંધારણ અને રીતરીવાજોને નેવે મુકીને સનાતની ભાઈઓના પ્રશ્નોનો અનાદર કરીને સ્વર્ણિમમહોત્સવની ઉજવણી કરશે તો તેમને જ માઠા પરિણામભોગવવા પડશે તેમાં કોઈ શંકા નથી.

ઉપરોક્ત સભામાં સમૂહ ચિંતનને અંતે સભાએ કેટલાક ઠરાવો પસાર કરીને કેન્દ્રીય સમાજને ગર્ભિત ચેતવણી આપી હતી. ભવિષ્યમાં આવી સભાઓ દેશમાં વિવિધ સ્થળોએ યોજીને સનાતન ધર્મની જાગૃતિ અને રક્ષા કરવા માટે યોજાશે તેવી પણ

સભામાં જાહેરાત કરવામાં આવી હતી.

સભાની શુરુઆતમાં સૌ ચિંતકોનું ધનસુરા સમાજના મંત્રી શ્રી અમૃતભાઈ આર. પટેલે શાબ્દિક સ્વાગત કરી આવેલ મહેમાનો નો ટૂંકો પરિચય તથા સભાનો ઉદ્દેશ સમજાવ્યો હતો.

રમેશભાઈ માવજીભાઈ વાગડિયાનું ભાષણ

બેંગલોર મૈસુર રોડ સમાજના મહા મંત્રી શ્રી રમેશભાઈ માવજી વાગડીયાએ પોતાના માર્મિક પ્રવચનોમાં જણાવેલ કે ધર્મના ચિંતન સાથે સમાજનું ચિંતન જરૂરી છે. સમાજથી ધર્મ છે અને ધર્મથી સમાજ છે. સમાજ એને જ કહેવાય જ્યાં લોકોનો જન સમુદાય એક જ અચાર-વિચારને વરેલો હોય, એક જ ધર્મ પાળતો હોય, એકજ પ્રકારના રીતરીવાજોને વરેલો હોય. એક સમાજમાં બે ધર્મ ક્યારેય ન હોઈ શકે. કેન્દ્રીય સમાજને આજે ૫૦ વરસ પુરા થશે, પરંતુ જ્ઞાતિના આધ સુધારક નારણ રામજી લીબાણી જ્ઞાતિમાં જાગૃતિની ચળવળ શુરુ કરી તેને ૧૦ વર્ષ પછી લગભગ ૧૦૦ વરસ પૂરાં થશે. તેમને વધુમાં જણાવ્યું કે જ્ઞાતિના આધ સુધારક નારણ રામજીને જ્ઞાતિને સુધારવાનું ક્યાંથી સુજ્યું? તેઓને લાગ્યું કે પીરાણા પંથ મારી જ્ઞાતિનો ધર્મ નથી. પીરાણા સતપંથ ધર્મની સ્થાપના લગભગ ૫૦૦ વરસ પહેલાં થઈ હશે. ઈરાનથી આવેલા ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવાએ જે જ્ઞાતિઓને વાટલાવવાનું શુરૂ કર્યું તેમાં આપણી જ્ઞાતિ પણ ફસાઈ ગઈ અને પીરાણા પંથી બની ગયેલ. કચ્છના રાજાએ આપણને કચ્છમાં તેડાવ્યા તે વાત તદ્દન ખોટી છે.પણ આપણા પૂર્વજોએ પીરનો સતપંથ ધર્મ સ્વીકાર્યો તેથી આપણા પૂર્વજોને ગુજરાતમાં વસતા અન્ય પાટીદાર ભાઈઓ તરફથી વિટંબણા થવાથી તેઓએ કચ્છ તરફ પ્રયાણ કરવાની ફરજ પડી હતી. ત્યાર પછી આપણે કચ્છી કડવા પાટીદારો કહેવાણા. કચ્છ શબ્દનું વિશેષણ આપણને લાગુ પડ્યું. પીરાણા પંથને કારણે શિક્ષણમાં પછાત આપણી જ્ઞાતિને સુધારવાનું બીડું જડપ્યું નારણ રામજી લીબાણી, રતનશી ખીમજી ખેતાણી વગેરે ભાઈઓએ. સન ૧૯૨૦ અને ૧૯૩૦ના દસકાઓની કરાચી અને મુંબઈ જ્ઞાતિ સુધારક પરિષદો પછી સન ૧૯૩૫ ના સમયમાં વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી વાંઢાયના સંત શ્રી ઓધવરામજી મહારાજના સંસર્ગમાં આવ્યા પછી સન ૧૯૩૮ માં આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના થઈ તે સાથે કચ્છના ગામે ગામસનાતની સમાજો ઉભી થઈ અને લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો ની સ્થાપનાઓ થઈ. મંદિરોની સ્થાપના પછી મહારાજ શ્રી ઓધવરામજીને વિચાર આવ્યો કે જ્ઞાતિને શિક્ષિત કરવી હશે તો કેળવણી માટે છાત્રાલયની જરૂરત પડશે. તેથી નખત્રાણામાં છાત્રાલય બનાવવા માટે કેન્દ્રીય સમાજની બંધારણીય સ્થાપના કરવામાં આવી. કેન્દ્રીય સમાજની સ્થાપના સનાતની ભાઈઓએ ફક્ત પોતાના હિતોની રક્ષા માટે કરી હતી, નહી કે પીરાણા પંથીઓએ. કેન્દ્રીય સમાજના રીતરિવાજોની કલમ૧૮ મુજબ સમાજનો સભ્ય હિંદુ સનાતન ધર્મ પાળતો હિંદુ હોવો જોઈએ. ૧૯ મી કલમપ્રમાણે સમાજમાં ધાર્મિક કે સામાજીક પ્રશ્ન સમાજ દ્વારા જ ઉકેલાય તેવું નિયત છે. તેમછતાં પીરાણા પંથી સીધાજ કોર્ટ માં કેસ લઈ જાય છે છતાં કેન્દ્રીય સમાજ આ બાબતે તેને રોકતી કેમનથી. આ બાબતે તે ગંભીર ચિંતન કેમનથી કરતી?

પ્રેમજીભાઈ ભાણજી કેસરાણીનું ભાષણ

અ.ભા.યુવા સંઘના પૂર્વ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કેસરાણીએ પોતાની જોશીલી વાણીમાં જણાવેલ કે પૃથ્વીની ઉત્પતિ માનવની ઉત્પતિ થઈ ત્યારથીજ સનાતન ધર્મ ચાલ્યો આવે છે. તેવું વેદોમાં પ્રમાણ છે. નારણ બાપાએ વિવિધ પરિષદો ભરી સૈયદો અને મુસ્લિમોનું સખત વર્ચસ્વ હોવા છતાં આપણી જ્ઞાતિમાં પુનઃ વૈદિક વિધિથી લગ્નો કરવા તેમની સાથે વડીલો જોડાયા અને સૈયદોથી કચડાયેલા આપણા સમાજને બહાર લાવવા અથાગ પ્રયત્નો કરવા પડેલા. તેમઆજે આપણા વર્તમાન સમાજના નબળા અને નમાલા તેતૃત્વના કારણે આપણા સમાજની પુનઃ દુર્દશા થઇ છે અને પીરાણા પંથીઓને છાવરીને સમાજમાં

હિન્દુત્વનું અધઃપતન થઇ રહ્યું છે. જેની જાગૃતિ માટે ધનસુરાની આ સભા ઐતિહાસિક બની રહેશે તેમહું સમજુ છું. અત્યારે આપણી સમાજમાં બિનસાંપ્રદાયિક વાદ ચાલી રહ્યો છે. સમાજ પ્રત્યેનો સાચો ધર્મ, કર્તવ્ય અને ફરજ આજે આપણું નેતૃત્વ ભૂલ્યું છે. તેને રાહ બતાવવો પડશે. ૫૦ વરસથી દબાયેલી સનાતની સ્પ્રિંગ હવે એકદમઉછળશે. આગામી સમયની ઓળખ ઉભી કરવી પડશે. એક સમાજમાં બે ધર્મ ન હોય, એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમાજનો આ ક્રીમવર્ગ આજે ભેગો થયો છે ત્યારે આ દિશામાં ગહનતાથી ચિંતન કરવું જરૂરી છે.

ડો. પ્રેમજીભાઈ ઘોઘારીનું ભાષણ

યુવા સંઘના પૂર્વ પ્રમુખ ડો. પ્રેમજીભાઈ ઘોઘારી એ જણાવેલ કે જે હેતુથી કેન્દ્રીય સમાજની રચના થઇ તે હેતુ આજે મરી ગયો છે. ૧૮મી કલમનો અભ્યાસ કોણે કર્યો? યુવા પાંખે પૂજ્ય નારાયણજી બાપાના પૂતળાની સ્થાપના વખતે કેટલો બધો સમાજને ડર હતો? આમહિન્દુત્વનું સારુ થાય એમઇચ્છનાર કેન્દ્રીય સમાજનો વિરોધ કરવો એ જ પીરાણા પંથ.

મણીભાઈ ગોવિંદભાઈ ઘોઘારીનું ભાષણ

મણીભાઈ ગોવિંદભાઈ ઘોઘારીએ જણાવ્યું હતું કે સતપંથ સમાજની નિયત ખોટી છે. કચ્છી પાટીદારનું લેબલ લગાડનાર પીરાણા પંથીઓ ખોટા છે. ઈમામશાહે આપણી જ્ઞાતિને ઠસાવેલ કે દશાંશ ભરતા રહીને પીરાણા સતપંથને માનશો તો સ્વર્ગે જવાશે. એમવડીલોને ઠસાવી ઠસાવીને પીરાણાનું અસોસીઅસન તુટવા નહોતું દીધું. નારણજીબાપા જેવા જ્ઞાતિના સુધારકોએ આપણી જ્ઞાતિને ખરેખર સુધારીને ઇસ્લામી બનતા અટકાવ્યા છે. નહિ તો આપણે બધા આજે મીસ્લીમહોત. તેમછતાં જે લોકો આજે પોતાની જાતને સુધારેલા સતપંથી કહેવડાવે છે તેવા જડ સતપંથી લોકો જ આજે નારણજીબાપાને સમાજના દુશ્મન ગણે છે. સનાતન ધર્મમાં માનતા બધાજ હિંદુ સંપ્રદાય વાળા આપણા ભાઈઓએ સતપંથીઓ સામે લડવું જોઈએ.મોડાસામાં સભાઓ થાય, સમાધાન થાય,અને પાછળથી સતપંથીઓ ફરી જાય, આ તે કેવું વર્તન? સમગ્ર કચ્છ કડવા પાટીદારોના રીતી રીવાજો એક હોવા જોઈ. જેની માતાજી ઉમિયા હોય તેનો પુત્ર સનાતની જ હોય આ વાત તે લોકો માને નહીતો છુટા થાય.

ઝવેરભાઈ દીવાણીનું ભાષણ

ઝવેરભાઈ દીવાણી દહેગામે જણાવેલ કે આપણે સનાતની છીએ, સનાતન ધર્મને જાણવું જરૂરી છે. ગામડે ગામડે સભાઓ કરી લોકોમાં જાગૃતિ લઈ આવવાની જરૂરત છે, લોકોને સમજાવવાની જરૂર છે. સતપંથીઓ કહે છે કે ‘સનાતન’ શબ્દ કાઢી નાખો, તે વાત યોગ્ય નથી. આપણી લીટી લાંબી કરો, અને સનાતની સાચા સનાતની તરીકે ખભે ખભા મિલાવી ઉભા રહે તે જરીરી છે.

પ્રિ. રતિભાઈ પટેલ છાભૈયા તલોદ વાળાનું ભાષણ

તલોદ વાળા પ્રિ. રતિભાઈ પટેલે ધનસુરા મુકામે પ્રથમ ચિંતન સભાનું આયોજન થયું તેનો ભારોભાર આનંદ વ્યક્ત કરી જણાવેલ કે ૧૯૭૨ માં યુવક સંઘની સ્થાપના કલકતા મુકામે કરવામાં આવી ત્યારે યુવક સંઘના બંધારણમાં સનાતન સમાજના ઉદ્દેશો જળવાય તે માટે ચિંતન કરવામાં આવેલ છે. ધનસુરા ખાતે હીરજી બાપા પ્રમુખ હતા ત્યારે પણ તેમની સાથે અમોએ ભુજમાં બેઠક મળી ત્યારે સનાતનની ખુબ ચિંતા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે નારણબાપાનું પુતળું કેન્દ્રીય સમાજમાં સતપંથીઓના વિરોધ વચ્ચે પ્રસ્થાપિત કરવું પડ્યું હતું. આજે આપણે આટલી હિમત રાખીને આ ચિંતન સભા કરીએ છીએ તે બિરદાવવા લાયક છે. સમાજનું પ્રથમલક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર જે વિરાણી માં થવાનું હતું તે બોરડીટીંબામાં થયેલ તેનો ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્રીય સમાજે તેના બંધારણ ને વળગી રહેવું જોઈએ અને સમાજની સાચી માહિતી યુવકોને એકત્રિત

કરી જણાવવી જોઈએ. દરેક સભાઓમાં ભારતીય સંસ્કૃતિ તેમજ સનાતની સમાજની માહિતી રજુ કરવી જોઈએ.

પ્રખર સનાતની શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી નું ભાષણ

હિંમતભાઈ રતનશી ખેતાણીએ પોતાની જોશીલી વાણીમાં જણાવેલ કે પોતાના સ્વર્ગીય પિતાશ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી તરફથી સનાતનના સંસ્કાર મળ્યા તેનું ગૌરવ વ્યક્ત કર્યું હતું. સમાજ સુધારાનું વડીલોનું અધૂરું સ્વપ્ન પૂર્ણ કરીને જ સંતોષ મેળવીશ તેવો મક્કમનિર્ધાર સભા સમક્ષ વ્યક્ત કર્યો હતો. વિરાણી ગામે પ્રમુખની પ્રેરણાથી નારણ રામજીની ૧૨૫મી જન્મજયંતી ઉજવવાનું નક્કી કર્યું અને ઉજવણી પણ થઈ. તે સમયે પ્રારંભિક વક્તવ્યની જવાબદારી અને તે વિષયને ન્યાય આપવા માટે પોતાને જવાબદારી સોંપવામાં આવી તે વખતે ત્યાં ઉપસ્થિત સમાજના અગ્રણી ચહેરાઓની ઉપસ્થિતિ હતી. જેને જોઈને પોતાને અપાર ગુસ્સો આવેલો અને તે મારા પ્રવચનમાં ભારોભાર રજુ કરવામાં આવેલ. કેટલી મહેનત કરીને સમાજના પૂર્વ પ્રમુખોએ સમાજનું જતન કરેલ છે. પરંતુ છેલ્લા દાયકાના પ્રમુખોએ જે સમાજના ભૂતકાળ કે ઈતિહાસ ભૂલી જાય છે તે માટે આજે આપણે સૌ દુખી છીએ. કોટડા (જ), બેંગલોર અને મોડાસા જેવી અનેક જગ્યાએ ચાલતા કોર્ટ કેસોનું કોઈ ઉકેલ નથી લાવતા. વર્તમાન હોદ્દેદારોનો ઈરાદો બદ છે. સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા પાછળ ખ્યાતિનો અહમ. કેન્દ્રીય સમાજે આ પ્રશ્નો માટે એક સમાધાન સમિતી બનાવી. આ સમિતિની કોઈ જરૂરત ખરી? આ રીતે સમય વેડફવો અને તેમના કાળમાં સ્વર્ણિમમહોત્સવ ઉજવવો એજ એમનું લક્ષ બની ગયું છે. ચાર-ચાર વખત લેખિત અરજીઓ આપેલ છે છતાં પણ સતપંથીઓ પાસે આનો જવાબ કેમનથી માંગતા? તેમણે કોટડા (જ) ના પ્રશ્ન બાબતે કહ્યું કે તે વખતે કેન્દ્રીય સમાજે વચન આપેલ કે એક વર્ષમાં બધાજ કેસો પાછા ખેંચી લેવામાં આવશે. આજે તે વાતને ચાર વરસ થયા કેસ પાછા તો ન ખેંચાયા પણ વધારો જરૂર થયો. છતાં કેન્દ્રીય સમાજ કોઈ પગલાં લેતી નથી. આ એમદર્શાવે છે કે તેમનો ઈરાદો બદ છે. ૧૮મી કલમમાં ઉલ્લેખ છે કે જન્મથી મરણોત્તર સુધી હિંદુ રીત રીવાજો પ્રમાણે ધર્મ પાળવો. આવી કલમો છે છતાં તેનો ભંગ કેમથાય છે? બાહ્ય આચરણ હિન્દુના હોવા જોઈએ. નખત્રાણા અને કોટડા(જ) વચ્ચે બાવા ઈમામશાહ નું મંદિર ઉભું થાય અને ત્યાં સાથે ઉમિયા માતાજીને બેસાડાય તો તે બાહ્ય આચરણનો ભંગ થયો કહેવાય. તેમણે ઇસ્લામપંથની વાત દોહરાવતાં જણાવેલ કે આ પંથમાં બે પંથ છે. શિયા અને સુન્ની. આ લોકો શિયા ના નિઝારિ ઈસમાઈલી પંથના ગણાય. અને તેમાંથી બે ફાંટા પડ્યા તેમાંનો એક પંથ ઈમામશાહના દાદા સદરુદ્દીન કે જેઓએ સતપંથ ની સ્થાપના કરીને લોહાણા જ્ઞાતિના ધર્મગુરુ બન્યા. તે લોહાણાઓ આજે ખોજા તરીકે ઓળખાય છે. અને બીજું ફાંટું બાવા ઈમામશાહે પીરાણામાં સથાપ્યું તે આપણા પાટીદારોના ધર્મગુરૂ બન્યા. એ જ આપણા પાટીદારો આજે પીરાણાને માને છે અને આપણી સામે ઉભા છે. તેમાંના કેટલાકે સંપૂર્ણ ઇસલામધર્મ અંગીકાર કરીને મુમના મુસલમાન તરીકે ઓળખાય છે. આપણા સુધારક વડીલોએ આપણને સુધારીને સતપંથ સાથે છેડો ફાડ્યો ન હોત તો આજે આપણે પણ ઇસ્લામકબુલ કરીને મુમના મુસલમાન તરીકે ઓળખાતા થઇ ગયા હોત. હાલમાં આપણો બહુજન સમાજ સનાતની હિંદુ છે. તેથી કરીને અન્ય બીજી સમાજો એ ભૂલી ગઈ છે કે આ લોકો એટલે કે આપણે મુમના છીએ. ભુજ પાસે માનકુવા ગામછે તે લેવા પાટીદારોનું ગામછે તેઓ આજે પણ આપણને મુમના કણબી ગણે છે. સતપંથ સંપ્રદાય પીરાણા પંથી ઇસ્લામી ધર્મ જ છે. આ ધર્મ પાળતા લોકોને આપણી સાથે કેમજોડી શકાય? સમાજમાં સમાનતા ન હોય તેને કેમસ્વીકારાય?

શ્રી રમણભાઈ શામજી વાસાણીનું ભાષણ

વડાગામના શ્રી રમણભાઈ શામજી વાસાણી એ જણાવેલ કે આપણા સનાતનીઓએ ઉભી કરેલી આપણી કેન્દ્રીય સમાજ આપણી જ સંસ્થા છે. મારું ચિંતન છે કે આપણે ૮૦% છીએ અને ૨૦% કદાચ સતપંથી છે. આપણે તે ૨૦ ટકાને સાથે જોડવા મથીએ છીએ. પણ તે લોકો કોઈ પણ સંજોગોમાં આપણી સાથે ભળશે નહિ. તેમની સાથે છેડો ફાડે જ છૂટકો છે. સતપંથ મુસ્લિમોનો જ એક ભાગ છે. વધુમાં તેમને યાદ અપાવેલ કે નરોડા ખાતે કચ્છ કડવા પટેલ સમાજે શ્રી લક્ષ્મીનારાયણ

ભગવાનનો રથ આવતા કેમઅટકાવ્યો? તે માટે સમાજના જે જવાબદાર આગેવાનો છે, તેમને ખરે ખર સતપંથ સમાજમાં ભળી જવાની જરૂર છે. સતપંથીઓએ પોતાની સતપંથ સમાજના નામમાં સનાતન શબ્દ નો ઉમેરો કર્યો છે, તો પછી તેઓ આપણને કેમકહી શકે કે તમો ''સનાતન'' ના બોર્ડ ઉતારી લો? આ વાતનો ઉલ્લેખ કરીને પીરાણા સતપંથીઓની જાટકણી કાઢી હતી.

જગદીશભાઈ વાસાણી વડાગામ

વડાગામવાળા જગદીશભાઈ વાસાણીએ પોતાના વિચારો રજુ કરતાં જણાવેલ કે સમાજનો ઈતિહાસ સમજીને આજે આપણે શું નિર્ણય લેવો તે આપણે અત્યારેજ વિચારવું પડશે. સમાજનું સુકાન નરોવા કુંજરોવા કરવા વાળાને સોંપવા કરતાં સારા માણસોને સોંપીએ. વડીલોની ભૂલો થઇ છે તે ભૂલો હવે આપણે ન કરવી જોઈએ. હાલ સમાજનું સુકાન સાચાને સાચું કહેતું નથી અને ખોટાઓને છાવરવાનું કામકરી રહ્યું છે.

શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી

મોટી વિરાણી વાળા શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણીએ જણાવેલ કે પીરાણા પંથ છેતરપીડી પર ચાલે છે. અને હજી પણ છેતરપીડી કરેજ જાય છે. તેમનો વિશ્વાસ ક્યારેય પણ કરવો ન જોઈએ. પહેલાં તેઓ બધાજ કોર્ટ કેસોનો નિકાલ કરે પછી જ સમાધાનની પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.

શ્રી રામજીભાઈ ડાયાણી

શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામના ઉપ પ્રમુખ શ્રી રામજીભાઈ ડાયાણી, જોરાવરનગર વાળાએ જણાવેલ કે લક્ષ્મીનારાયણ ભગવાનનો ધર્મ જાગૃતિ રથ અનેક વિઘ્નો હોવા છતાં પણ સાબરકાંઠાના ભાઈ-બહેનોએ નાનામાં નાના ગામોમાં પણ ખુબ સુંદર રીતે ફરાવીને દબદબા ભર્યું આયોજન કર્યું તે ખરેખર દાદ માગી લે તેવું હતું. તે માટે આયોજન કરનાર ભાઈઓને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે, આપણામાં ખરેખર નીડરતા અને એકતા લાવવાની હજુ પણ જરૂર છે.

શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણી

શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામના બીજા ઉપ પ્રમુખ, નાના અંગિયા વાળા શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણીએ પોતાના માર્મિક પ્રવચનમાં જણાવેલ કે દરેકનો શુર છે ક્રાંતિ લાવવી. અને તે ક્રાંતિ કરાવવાના નિમિત કેન્દ્રીય સમાજના છેલ્લા બે પ્રમુખો છે. સ્વર્ણિમમહોત્સવ ઉજવવો હોય તો સનાતની જ ઉજવી શકે. સતપંથના ભાઈઓ તેમાં ન આવી શકે. આપણે આજે એક સમિતિની રચના કરવી જોઈએ. જે આપણા પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરે અને તે અંગે તેઓજ (સમિતિ જ) નિર્ણય લઈ શકે. આ ઉપરાંત શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજના સંસ્કાર ધામમાં અત્યાર સુધી થએલ વિકાસના કામોની પણ તેમણે માહીતી આપી હતી.

આ ઉપરાંત ગણા ભાઈ-બહેનોએ પોતાના મંતવ્યો રજુ કરેલ તેમાં ખાસ કરીને પરબતભાઈ સાંખલા બેંગલોર, નરસીભાઈ ડી. રામાણી ચોટાસણ કંપાના પૂર્વ પ્રમુખ, જયંતીભાઈ પટેલ, નર્મદાબેન ડી.પટેલ બદામકંપા, ડાહ્યાભાઈ જીવરાજ ગોરાણી મોડાસા ઉમિયા માતાજી ટ્રસ્ટના મંત્રી, એ.સી. પટેલ મોડાસા, નાનજી વાલજી ભીમાણી દહેગામ(પ્રમુખશ્રી ક.ક.પા. સનાતન સમાજ દહેગામવિભાગ), ચીમનભાઈ મનજી ધોળુ હરિપુર કંપા (પ્રમુખશ્રી ક.ક.પા. સનાતન સમાજ હિંમતનગર વિભાગ), કેશવલાલ જે. વાડિયા, માધવકંપા, હંસરાજભાઈ વાલજી વેલાણી મગોડીલાટ, નટવર કે. પટેલ રૂપાલકંપા વગેરે ભાઈઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા.

આ સભાના અંતમાં જે ઠરાવો પસાર કર્યા તેનું વાંચન અમૃતભાઈ રતનશી રામાણીએ કરેલ તેનું સભામાં ઉપસ્થિત સૌ ભાઈ-બહેનોએ તમામઠરાવોને અનુમોદન આપી પોતાની સર્વ સંમતિ આપી હતી.

આ સભાના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં દહેગામવાળા વડીલ શ્રી શિવદાસભાઈ રત્નાભાઈ માવાણીએ આજની સભાને સનાતન સમાજનું એક મીની અધિવેશન ગણાવ્યું હતું. વિશેષમાં તેઓએ જણાવેલ કે આપણને પૂજ્ય નારણ બાપાએ અજ્ઞાનતામાંથી, ગરીબાઈમાંથી અભણતામાંથી બહાર લાવીને નવો રાહ બતાવ્યો છે તે ક્યારેય ભૂલી શકાય તેમનથી. આપણામાં રહેલા ગાલાવેલા સનાતની હવે આપણને જોઈતા નથી.

સભાને અંતે ૨૧ સભ્યોની અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિની એડહોક રચના કરવામાં આવી હતી. સભાના અંતમાં વસંતભાઈ રાજાભાઈ લીંબાણી મોડાસાવાળાએ આ સભામાં ભાગ લેનાર કચ્છ, બેંગલોર, મુંબઈ, ખેડા તેમજ સાબરકાંઠા વિસ્તાર તેમજ વિવિધ સ્થળોએથી ઉપસ્થિત સૌ કોઈનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો. આ સભાનું સફળ આયોજન ધનસુરા તથા મોડાસા વિભાગની સનાતન સમાજના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું અને તેનું સંચાલન અશોકભાઈ જે. ભાવાણી, હીરાપુરકંપાવાળાએ બહુજ સુંદર રીતે કર્યું હતું.

આ સભાના ચમકારા :

- સભામાં ઉપસ્થિત સૌ ચિંતક સનાતાની ભાઈ-બહેનોએ ચિંતનની એક પણ પળ ગુમાવ્યા વિના શિસ્તબધ્ધ સભાની લાંબી કાર્યવાહીમાં ભાગ લીધો.
- સાબરકાંઠા વિસ્તારની તમામસનાતન સમાજોના અગ્રણીઓની ઉપસ્થિતિ.
- કચ્છ કડવા પાટીદાર સમાજના હિત માટે નવી ક્રાંતિનું થયેલ પ્રસ્થાન.
- શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના (કેન્દ્રીય સમાજના) કર્ણધારોને અપાયેલી ગર્ભિત ચેતવણી.
- સભામાં ઉપસ્થિત તમામસભ્યોની વૈચારિક એકતાના થયેલ દર્શન.
- આગામી સમયમાં વિવિધ સ્થળોએ આવી સભાઓ યોજવાની કરાયેલી જોરદાર માંગ.
- નવી પેઢીને કેન્દ્રીય સમાજના સાચા ઇતિહાસની જાણકારી આપવાનો નિર્ધાર.
- સમૂહ ચિંતન સભા ખંડમાં નિર્ધારિત ૪૦૦ સભ્યોએ મુકત મનથી ભાગ લીધો.
- સુસંસ્કારી સમાજના સભ્યોને કોર્ટ કચેરીના જોરે માનસિક ત્રાસ આપી સમય, શક્તિ અને સંપતિનો ભોગ લેનાર નરાધમોને ખુલ્લા પાડ્યા.

ધનસુરા સભામાં પસાર કરવામાં આવેલા ઠરાવો

તા. ૪.૧૦.૨૦૦૯ ને રવિવારના દિવસે મળેલ સાબરકાંઠા વિસ્તારના સનાતની ભાઈઓની આમસભા શ્રી ક.ક. પાટીદાર સનાતન સમાજ ગુજરાત, ધનસુરા ખાતે સવારના ૯.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમ્યાન મળેલ હતી. આ સભામાં કચ્છ, મુંબઈ, બેંગલોર, અમદાવાદ,ખેડા તેમજ સમગ્ર સાબરકાંઠા વિસ્તારના સનાતની અગ્રગણ્ય ભાઈ-બહેનોની હાજરી હતી. આ સમૂહ ચિંતન સભામાં સર્વાનુમતે નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

- ૧. સતપંથીઓ દ્વારા ભારતભરમાં સનાતનીઓ ઉપર કરવામાં આવેલ પોલીસ તેમજ કોર્ટ કેસો જે હજી સુધી ચાલી રહ્યા છે તે કેસો પાછા ખેંચ્યા પછી જ અ.ભા.ક.ક.પાટીદાર સમાજની સાથે વાટાઘાટો કરવામાં આવશે.
- ૨. આજની સભા, એ પણ ઠરાવ કરે છે કે કરેલા તમામકોર્ટ કેસો અગર સ્વર્ણિમમહોત્સવ પહેલાં પાછા ખેંચવામાં નહિ આવે તો તે સ્વર્ણિમમહોત્સવમાં અમો સનાતાનીઓને ભાગ લેવા માટે ફેર વિચારણા કરવા મજબુર થવું પડશે.
- ૩. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના તત્કાલીન સનાતની વડીલો દ્વારા ફક્ત અને ફક્ત પીરાણા સતપંથ ધર્મને ત્યજીને આવેલ સનાતની ભાઈઓના હિતોની રક્ષા માટે કરવામાં આવેલ. તેથી આજના હોદ્દેદારોએ સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવી એ તેમનું પ્રાથમિક કર્તવ્ય બને છે અને આવી ફરજ અદા કરવામાં જો સમાજના હોદ્દેદારો ઉણા ઉતરશે તો તે જરાયે ચલાવી લેવામાં આવશે નહીં.
- ૪. આપણા બંધારણ હેઠળ બનાવેલા જ્ઞાતિના રીત રિવાજોની કલમ૧૮ અને ૧૯ જે ઠરાવના રૂપે સમાજના ભૂતકાળના અધિવેશનમાં સર્વ સંમતીથી પસાર કરવામાં આવેલ છે. આવી કલમોનું ઉલંઘન કરનાર સમાજની કોઈપણ વ્યક્તિને સમાજના આજીવન સભ્ય બનવાના અને નૈતિક રીતે સમાજની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર રહેશે નહી.
- ૫. ''સમાજ'' શબ્દ ની વ્યાખ્યા પ્રમાણે સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમુદાય એક જ અચાર-વિચારને વરેલો હોય,એક જ ધર્મને પાળતો હોય અને એક જ રીતી રીવાજોને અનુસરતો હોય. તે મુજબ આપણી કેન્દ્રીય સમાજ ફક્ત અને ફક્ત હિંદુ સનાતનીઓનો જ હોવો જોઈએ જેમાં અન્ય ધર્મ પાળવા વાળાઓને પ્રવેશ કોઈપણ સંજોગોમાં આપવો ન જોઈએ.
- ૬. અત્યારે આ સભા એક કમિટીનું ગઠન કરે છે જેનું નામ ''અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન જાગૃતિ સમિતિ'' રાખવામાં આવે છે. આ કમિટીનો મુખ્ય ઉદ્દેશ આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મની જાગૃતિ, સનાતન ધર્મનો પ્રચાર અને સનાતન ધર્મની રક્ષા કરવાનો રહેશે. સાથે સાથે કેન્દ્રીય સમાજમાં સનાતની ભાઈઓને તેમના હક્કો અપાવવાનો રહેશે.

પુનાની સમાજ વાડીમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિ ની સભા તા. ૫.૧૦.૨૦૦૯

પુનામાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાનની બીજી સભા તા.૫.૧૦.૨૦૦૯ ના સાંજે ૬.૦૦ કલાકે પુના ની સમાજવાડીમાં રાખવામાં આવી હતી. આ સભાનુ આયોજન કરવામાં ત્યાંના સનાતની નીડર ભાઈઓ નો મુખ્ય ફાળો હતો. આમાંના મુખ્ય નામો છે ત્યાંના તત્કાલીન પ્રમુખશ્રી રામજીભાઈ હરજી વાગડીયા, ઉપ પ્રમુખ શ્રી દેવજીભાઈ પોકાર, મંત્રી શ્રી પ્રવીણ ભાઈ નાનજી રામાણી, સનાતની ભાઈ શ્રી પુરશોતમમોહનલાલ વાગડિયા, સનાતની ભાઈ શ્રી લધારામનાગજી રામાણી, વગેરે વગરે.....

પુનામાં તે સમયે સતપંથ નું જોર કેટલું??? એટલું બધું કે જે પુનાની સમાજવાડી નું નિર્માણ એવા સનાતની વડીલો દ્વારા કરવામાં આવ્યું હતું કે જેઓએ પુના સમાજવાડીમાં પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજીની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. અત્યારે તે જ સ્થળે સતપંથના પ્રેમદાસ બાપુઓ સતપંથના પ્રચાર અર્થે શિબિરો ગોઠવતા થઈ ગયા હતા. પુના સમાજના સ્થાપક વડીલોએ પીરાણા સતપંથનો સદન્તરે ત્યાગ કરીને પાકા સનાતની બનીને તે સમાજવાડીમાં પહેલે માળે મંદિર ઉભું કરી શક્યા હતા. વિધિની વક્રતા તો જુઓ, કે વખત જતાં પુના સમાજમાં સતપંથ પ્રેરિત પ્રેમદાસ બાપુઓની શિબિરો આ સમાજવાડીમાં યોજાતી હતી. સમાજવાડીની આજુબાજુ વસતા સભ્ય ભાઈઓને ઘરે મધરાતની પૂજાઓ થવા લાગી ગઈ હતી. આ માત્ર અને માત્ર એક અંધશ્રદ્ધા જ હતી. પીરાણા સતપંથના આકાઓ દુઃખતી નસ ને બરાબર

પકડી લેતા હોય છે અને ત્યાર પછી સતપંથની જાળ લોકોમાં ફેલાવતા હોય છે તેનો પુના ગામના સનાતની ભાઈઓ અને ખાસ કરીને મહિલા વર્ગ સરળ રીતે શિકાર થઇ જતા હતા. તેવું તો અનેક જગ્યાએ અને અનેક ગામોમાં બનતું હતું. તેનું આપણે અર્થઘટન એ કરી શકીએ કે એવું બનવું તે દરેક સમાજની મહિલા વર્ગની મોટામાં મોટી નબળાઈ અને કમજોરી માત્ર કહી શકાય.

સનાતનીઓ માંયના હિંમતભાઈ, રમેશભાઈ વાગડીયા અને પ્રેમજીભાઈ કેશરાણી ના ભાષણો સાંભળવા માટે છેક સાંગલી, કોલ્હાપુર, ઈસ્લામપુરથી સનાતની ભાઈઓ આ સભામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સૌ પ્રથમપ્રેમજી ભાઈ કેશરાણી નું ભાષણ થયું. પહેલી પાંચ મીનીટમાં જ પ્રેમજીભાઈ દ્વારા તેના ભાષણમાં ઈમામશાહ બાવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને તે સભામા હાજર રહેલ કહેવાતા સનાતની પણ સતપંથને વફાદાર એવા અમુક ભાઈઓ અને બહેનો દ્વારા રીતસરનો ગોકીરો મચાવતા સભાને બંધ કરાવવા સુધીની પરીસ્થિતિ નિર્માણ થઇ ગઈ. તે વખતે મારી બાજુમાં (રમેશભાઈ ની બાજુમાં) બેઠેલા હિંમત ભાઈએ મને કહ્યું કે ''રમેશ તું હવે આ સભાને સંભાળ, નહિ તો આપણી સનાતની જાગૃતિ સભાઓની બજાર અહી થી જ બંધ કરી નાખવી પડશે.'' તે વખતે ત્વરિત રમેશભાઈ વગાડીયાએ દોર પોતાના હાથમાં લઈને સભાને થાળે પાડી. અમુક સનાતની ભાઈઓએ તો ગોકીરો મચાવનાર ભાઈઓને બાનમાં લઈને કહી દીધું કે ''આ જ સમાજમાં જ્યારે તમારા સતપંથના પ્રેમદાસ બાપુઓ ની શિબિરો બંધ બારણે યોજાય છે ત્યારે શું અમે ખલેલ ઓંચાડવા આવીએ છીએ કે.......? આજે અમારા સનાતાનીઓના પ્રેમદાસ બાપુઓ આવેલા છે જેને તમને સાંભળવા હોય તો શાંતિથી સાંભળો નહી તો આ સભાનો ત્યાગ કરો.''

અમે, સનાતન ધર્મ જાગૃતિ સમિતીના ત્યાં ઉપસ્થિત સભ્યો સમિતી વતી પુના સમાજના હોદ્દેદારો પ્રમુખ શ્રી રામજીભાઈ હરજી વાગડિયા, મહામંત્રી ડો. શ્રી પ્રવિણભાઈ નાનજી રામાણી અને ઉપ પ્રમુખ શ્રી દેવજીભાઈ પરબત પોકારને અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ કે વિકટ પરિસ્થિતિમાં પણ તેઓએ અમારી સભા યોજવાનો નિર્ણય લીધો. આમાં મારા મિત્ર શ્રી લધારામભાઈ નાગજી રામાણી અને પુરશોતમમોહનલાલ વાગડીયાના પણ અમે શુક્રગુજાર છીએ કે જેઓએ આમારી ટીમસાથે સતત સંપર્કમાં રહીને પુના ગામમાં સનાતન ધર્મ જાગૃતિની સભા યોજવામાં કારણભૂત બન્યા. બાકી તો તે વખતની પરિસ્થિતિનું જો આપણે અવલોકન કરીએ તો સનાતન ધર્મ બાબતે કોઈ સમાજ આમારી સભા બોલાવવી એ અશક્ય વાત જ હતી.

ત્યાર પછી ઈ.સ. ૨૦૧૦ અને ૨૦૧૧ દરમ્યાન જ્યારે જ્યારે મારું પુના જવાનું થતું ત્યારે મિત્ર શ્રી લધારામનાગજી રામાણીના નિવાસ સ્થાને યુવાન મિત્રો અચૂક ભેગા થતા અને કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે વાતો થતી. લોકોમાં સતપંથ સનાતન બાબતે વાતો સાંભળવામાં પ્રચંડ ઉત્સાહ જોવા મળતો હતો. તેવા ભાઈઓમાં સર્વ શ્રી કાંતીલાલ વિશ્રામસાંખલા અને પુરષોત્તમવેલજી છાભૈયા, છગનભાઈ પોકાર વગેરે ભાઈઓ અચૂક હાજરી આપતા. દહીં-દુધમાં પગ રાખવા વાળા ભાઈઓ પણ પુના સમાજમાં હતા તેમાંથી અમુક નામો હું અહી લઈશ તો ખોટું નથી. તેવા ભાઈઓમાં કાન્તિલાલ પેથાણી, ગોવિંદ ગોગારી, ખીમજીભાઈ દીવાણી, ગોપાલ ગોગારી વગેરે ભાઈઓનો સગાંવાદ અથવા તો અન્ય કારણોને લીધે સતપંથ તરફ નો જોક જણાઈ આવતો હતો એવું લાગતું હતું અને તે સત્ય વસ્તુ હતી.

મને તો એ નવાઈ લાગતી હતી કે પુના સનાતન સમાજના જે તત્કાલીન સનાતની વડીલોએ સમાજવાડીનું નિર્માણ જે તે વખતે કર્યું હતું, તેઓ શુધ્ધ સનાતની હોવાને નાતે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું સમાજ વાડીના પહેલે માળે

મંદિરનું નિર્માણ કર્યું હતું તે મેં મારી નજરે નિહાળ્યું હતું. તે વખતે મને પણ હુબલી (કર્નાટક) થી પુના સમાજવાડીના ઉદઘાટન પ્રસંગે આવવાનો મોકો મળ્યો હતો. અને ત્યાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા હાજર રહેવાનો લહાવો મળ્યો હતો.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સભા સમયેના મહામંત્રી શ્રી ડો. પ્રવિણભાઈને કોરોના મહામારી લોક ડાઉન વખતે મેં પૂછ્યું હતું કે પુનામાં સભા યોજવાની તમોને પ્રેરણા ક્યાંથી મળી? સભા યોજવામાં તમોને શું શું તકલીફો પડી? અને સભા યોજાયા પછી તેની ફળશ્રુતિ શું મળી? તો તેના જવાબમાં તેઓએ મને લખી જણાવ્યું હતું તે હું અહીં અક્ષરસઃ રજૂઆત કરું છું.

તા. ૫.૧૦.૨૦૦૯ ની પુના સભા વિષે પુના સમાજના તત્કાલીન મહામંત્રી ડો. શ્રી પ્રવિણભાઈ રામાણી નો જવાબ

તા. ૧૦.૦૫.૨૦૨૦
આત્મીય ભાઈ શ્રી રમેશભાઈ વાગડિયા,
આત્યારના કોરોના પ્રકોપના સમયમાં તમે અને તમારો પરિવાર સુરક્ષિત હશો.

તા ૫.૧૦.૨૦૦૯ ના પુના મુકામે સનાતન જાગૃતિ સમિતિની કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે સભા યોજાઈ. જૂની વિગત છે એટલે મને જેટલું યાદ છે તેની ત્યારના ઉપ પ્રમુખ દેવજીભાઈ પરબત પોકાર જોડે ચર્ચા કરી નીચે મુજબની માહિતી અત્યારે તમોને મોકલાવું છું.

તે વખતે અમોને માહિતી મળી હતી કે તમે અને હિંમત ભાઈએ સનાતન ધર્મનો ઝંડો ઉપાડ્યો છે. અંદરખાને સનાતન ધર્મ બાબતે આપણી સમાજમાં જાગૃતિની ખુબજ જરૂરી છે એ ભાવનાથી અમે કાર્યકર્તા ભાઈઓને એમલાગ્યું કે આપણી સમાજમાં પણ કેન્દ્રીય સમાજની સનાતન ધર્મ જાગૃતિ સમિતિની એક સભા યોજાય તો સારું થાય. અને અમે તમોને જાણ કરી કે તા. ૫.૧૦.૨૦૧૦ ના અમે પુના ખાતે આવી સભા યોજવા તૈયાર છીએ, અને તમે અમારી વિનંતી ને માન આપી અમારી પાસે આવ્યા અને સભા યોજાઈ ગઈ.

તે સમયે હું પુના પાટીદાર સમાજનો મહામંત્રી હતો અને દેવજીભાઈ પરબત પોકાર ઉપ પ્રમુખ હતા. અમારા બંને ના ખાસ પ્રયત્નોથી આ સભા શક્ય બની. અમારી સમાજના ત્યારના પ્રમુખ શ્રી રામજીભાઈ હરજી વાગડિયાએ પણ આ કાર્યમાં પૂરો સહકાર આપ્યો. બીજા કાર્યકર્તા ભાઈઓમાં કાંતીલાલા વિશ્રામસાંખલા અને પુરષોત્તમવેલજી છાભૈયાનો પણ અમોને સભા યોજવામાં સંપૂર્ણ સહકાર મળ્યો હતો.

વધારે માં પૂર્વ સુચના વગર તાત્કાલિક અને અચાનક સનાતન-સતપંથ વિષયની સભા જાહેર થઈ એથી સમાજના દહી દુધિયા તત્વો ખીજાયા અને તેઓએ સભામાં ધાંધલ કરવાની કોશિશ પણ કરી જેની તમોને જાણ છે જ. સભામાં અત્યારે કેન્દ્રીય સમાજમાં ચાલતા સનાતની ચળવળ વિષે સરસ ચર્ચા થઇ.

સભાની ફળશ્રુતી તરીકે સમાજમાં દહી દુધિયા તત્વો ખુલ્લા થયા. અમે કાર્યકર્તાઓએ આ જાગૃતિને આગળ ધપાવી જેના પરિણામસ્વરૂપે આગલા વર્ષ ૨૦૧૦ માં અમે અમારી સમાજનું નવું બંધારણ મંજુર કર્યું જેમાં સનાતની ભાઈઓને જ સમાજમાં પ્રવેશ મળે તેવું ઠરાવવામાં આવ્યું. વિરોધી તત્વોએ તકલીફો આપી પણ નવું બંધારણ મંજુર થઈને જ રહ્યું. સમાજમાં

આચાર વિચાર બાબતના સનાતની નિયમો ફેરવવામાં આવ્યા. તમે બધાએ આમારી સમાજને આ બધા સુધારાઓ તરફ પ્રવૃત કરવા બદલ તમારો ફરીથી ખુબ ખુબ આભાર. આપણા સર્વે સનાતની મિત્રોને મારા જય શ્રી લક્ષ્મીનારાયણ પાઠવશો.

લી. ડો. પ્રવીણભાઈ નાનજી રામાણી, પુના

આ સનાતની ડો. પ્રવિણભાઈ નાનજી રામાણીની તમોને વાત કરું તો તેઓ કચ્છના કાદીયા (નાના) ના રહેવાસી સનાતની વીર સ્વ. શ્રી નાનજી દેવજી રામાણીના સુપુત્ર છે. તેમના પિતાશ્રીએ તેમના ગામના બીજા એવા સનાતની વડીલ શ્રી નારણભાઈ ડાહયા પોકાર (જે મારા સસરા થાય) સાથે મળીને સતપંથના ખાનાઈઓ સામે વર્ષો સુધી કોર્ટમાં લડત આપી હતી અને કથિત ખાના ની જગ્યા માટે આખરે તેઓ વિજયી થયા હતા અને કોર્ટ ની ડીક્રી સનાતન સમાજ તરફી થવા છતાં તેની બજવણી સનાતન સમાજે કરી નહી. ગણા વરસ કોર્ટમાં લડત લીધા પછી પણ જ્યારે સનાતનીઓ તરફી કોર્ટનો ફેંસલો આવ્યો હોવા છતાં બધું વ્યર્થ ગયું. એટલા બધા ઉદારતાવાદી આપણે સૌ સનાતનીઓ છીએ. કહેવાનો મારો ભાવાર્થ અહી એટલો જ છે કે એવા સનાતની વડીલના પ્રવિણ ભાઈ પુત્ર છે તેનો ગર્વ આપણે સૌ સનાતની ભાઈઓને હોવો જોઈએ. અમારી સનાતન ધર્મ જાગૃતિની ટીમડો. પ્રવિણ અને તેમના સહયોગીઓને હ્રુદય્પુર્વકના ધન્યવાદ આપે છે. કારણ કે એવા કપરા સમયે જેવા તેવા કાચા મનના કોઈ હોદ્દેદારો હોત તો આવી સભા યોજવાનું વિચારત જ નહિ.

તે સમયે સનાતન જાગૃતિ સમિતિને ત્રણ મોરચે લડવાનું હતું

વાચક વર્ગને જણાવવું જરૂરી છે કે તે સમય એવો હતો કે સનાતન ધર્મ જાગૃતિ સમિતિને (અમોને) ત્રણ મોરચે લડવું પડતું હતું.

૧) એક તો સતપંથ ભાઈઓ વિરુદ્ધ,

૨) બીજું કહેવાતા સનાતનીઓ પણ પીરાણા સતપંથ તરફ જોક ધરાવતા ભાઈઓ વિરુદ્ધ અને

૩) ત્રીજું કેન્દ્રીય સમાજને પોતાની સનાતની ઓળખ કાયમકરાવવા માટે તેમને સનાતન સમાજ પ્રત્યે અને સમાજના સનાતની ભાઈઓ પ્રત્યે શું શું જવાબદારીઓ છે તેનાથી વાકેફ કરવા હેતુ તેમને સમજાવવાના પ્રયાશ રૂપે તેના વિરુદ્ધ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને (કેન્દ્રીય સમાજને) સમાજના સનાતની ભાઈઓ દ્વારા તા. ૪.૦૮.૨૦૦૯ ના લખેલ ઐતિહાસિક ટપાલને વિવિધ સમાજો દ્વારા આપવામાં આવેલ અનુમોદન પત્રો

રાજનંદગાંવ પાટીદાર સમાજ તરફથી તા. ૨૦.૦૯.૨૦૦૯ ના કેન્દ્રીય સમાજને લખાયેલ અનુમોદન પત્રની નકલ

SHREE PATIDAR SAMAJ – RAJNANDGAON

Patidar Bhawan , G.E.Road, RAJNANDGAON (C.G.) 491441 , Telephone : (07744) 2227

પ્રતિ,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિધ્યાર્થી ભવન, નખત્રાણા (કચ્છ-ભુજ) ૩૭૦૬૧૫

આદરણીય પ્રમુખસાહેબ,

વિષય : તા. ૪.૮.૨૦૦૯ ના સમાજ ના સનાતની ભાઇઓ તરફ થી આપશ્રી ને લખાયેલ પત્ર નું અનુમોદન

સવિનય નિવેદન સાથે જણાવવાનું કે તા. ૪.૮.૨૦૦૯ ના સમાજ ના સનાતની ભાઇઓ દ્વારા આપશ્રી ને લખાયેલ પત્ર બાબત અહીં ની સમાજ ની સામાન્ય સભા માં વિચાર કરવામાં આવ્યો તથા તે પત્ર નું સર્વસંમતિ થી અનુમોદન કરવા માં આવ્યું તથા આ સમાજ પણ આપશ્રી ને વિનંતીપૂર્વક અનુરોધ કરે છે કે આગામી વર્ષ ૨૦૧૦ માં યોજાનાર સ્વર્ણિમ મહોત્સવ ને ધ્યાન માં રાખી આ વિષય માં ત્વરીત નિર્ણય થાય તે ઇચ્છનીય છે માટે આ બાબત ને અગત્ય ની ગણી ને જરૂરી પગલાં લેવા વિનંતી કરીએ છીએ.

આપણી સમાજ/જ્ઞાતી નાં મૂળ વૈદિક સનાતની હિંદુ રીતરિવાજો માં છે. આપણી કેન્દ્રિય સમાજ ની સ્થાપના પણ સનાતન ધર્મ ને અનુસરતા જ્ઞાતીજનો નાં હિતો ના રક્ષાર્થે કરવા માં આવેલ છે . સનાતની હિન્દુ રીતરિવાજો થી વિપરીત સતપંથી ભાઇઓ જે કોઈ આચરણો કરતા હોય તે ન ચલાવી લેવાય તથા સતપંથી ભાઇઓ દ્વારા સનાતની ભાઇઓ ઉપર ખોટા કોર્ટ કેશો થયેલ છે તે સત્વરે પાછા ખેચાય તથા સનાતની ભાઇઓ ની થતી કનડગત સત્વરે બંધ થાય તે માટે સમાજ દ્વારા ઉચિત પગલાં ત્વરીત લેવાય તેવી અમારી સમાજ પાસે વિનંતી છે.

આપણા સંતો શ્રી લાલરામજી મહારાજ તથા શ્રી ઓધવરામજી મહારાજ તથા આપણા પ્રબુધ્ધ જાગરૂક વડિલો સર્વશ્રી નારણજી રામજી લિંબાણી તથા રતનશી ખીમજી ખેતાણી એ કરેલ ભગીરથ પ્રયત્નો ના પરિણામે આપણે આપણી મૂળ સંસ્કૃતિ ને ઓળખી શક્યા અને ખોવાયેલું ગૌરવ પ્રાપ્ત કરી શક્યા તે આગળ ઉપર પણ અક્ષુણ્ણ રહે તે માટે આપણે સૌ જાગૃત રહેવું પડશે અને સંઘર્ષશીલ થવું પડશે.

આગામી સ્વર્ણિમ મહોત્સવ નો ઉત્સાહ બન્યો રહે તે માટે સમાજ ના બહોળા સનાતની ભાઇઓ ની વ્યથા અને દુઃખ નુ નિવારણ અતિશીઘ્ર કરશોજી. જો આ પ્રશ્નો નું નિરાકરણ સમયસર નહિં થાય તો સ્વર્ણિમ મહોત્સવ ની સફળતા સંદિગ્ધ રહેશે.

રાજનાંદગાંવ - તા.૨૦ / ૯/૨૦૦૯

લી.
શ્રી પાટીદાર સમાજ , રાજનાંદગાંવ વતી,
Harilal A-Patel પ્રમુખ
ઉપપ્રમુખ
મંત્રી
ખજાનચી
કારોબારી સભ્ય
કારોબારી સભ્ય
કારોબારી સભ્ય
કારોબારી સભ્ય
કારોબારી સભ્ય
કારોબારી સભ્ય
કારોબારી સભ્ય

Lalbagh Patidar Samaj (R.)

Sri Laxminarayan Bhavan

25/26, 4th Main, 8th Cross, Behind Purva Heights,
B.T.M. IInd Stage, Bangalore - 560 076.
Ph. No: 26682661 26912355

Ref. No. Date 26/6/2006

પ્રતિ

પ્રમુખશ્રી / મંત્રીશ્રી

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

પાટીદાર વિદ્યાર્થી ભવન બખતાણી કચ્છ ભુજ

આદરણીય પ્રમુખશ્રી,

વિષય:- તા. ૭-૮-૨૦૦૬ ના સમાજના સનાતની ભાઈઓએ રજૂ કરી, આપશ્રીને લખાયેલ પત્રનું અનુમોદન

આપને નિવેદન સાથે જણાવવાનું કે તા. ૭-૮-૨૦૦૬ ના સમાજના સનાતની ભાઈ દ્વારા આપશ્રીને લખેલ પત્ર બાબત અહીંની સમાજની કારોબારી તેમજ સામાન્ય સભામાં વિચાર વિમર્શ કરવામાં આવેલ તથા તે પત્રનું સર્વાનુમતથી, બન્ને સભાએ સર્વસંમતિ અનુમોદન કરવામાં આવ્યું તથા આ સમાજ પણ આપશ્રીને વિનંતિ પૂર્વક અનુરોધ કરે છે કે આગામી વર્ષ ૨૦૧૦ માં આવનાર સ્વર્ણિમ મહોત્સવને ધ્યાન માં રાખી આ વિષયમાં ત્વરીત નિર્ણય થાય તે ઇચ્છનીય છે માટે આ બાબતને અગત્ય ની ગણીને જરૂરી પગલા લેવા વિનંતિ કરીએ છીએ

લી. પ્રમુખશ્રી,

for Lalbagh Patidar Samaj (R)
[illegible]
Secretary

for Lalbagh Patidar Samaj (R)
[illegible]
President

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ઉત્તર કર્ણાટક ઝોન.

Copy.

પ્રતિ, તા.૧૮-૦૧-૨૦૧૦

પ્રમુખશ્રી
અખિલ ભારતીય ક.ક.પા.સમાજ
પાટીદાર ભવન. નખત્રાણા

માનનીય પ્રમુખશ્રી

વિષયઃ ૧. તા.૪-૮-૨૦૦૯ ના સમાજના સનાતની
ભાઈઓ તરફથી કેન્દ્રિય સમાજને લખાયેલ પત્રને અનુમોદન આપવા બાબત.
૨.આગામી સ્વર્ણિમ મહોત્સવ અંતર્ગત ફંડ એકત્રિત કરવા લોટરી ટીકીટોના વેચાણ બાબત
૩. કેન્દ્રિય સમાજને રૂા.૨૦/-નો મુંડિયાવેરો મોકલવા બાબત

સવિનય જણાવવાનું કે આપણી સમાજના સનાતની ભાઈઓના મળેલ પત્ર ના અનુસંધાનમાં તેમજ ઉપરોકત અન્ય વિષયો ના નિર્ણય માટે અમારી સમાજની અસાધારણ સામાન્ય સભા બેલગામમુકામે પાટીદાર ભવનમાં તા. ૧૦-૧-૨૦૧૦ ના રોજ પ્રમુખશ્રી લધાભાઈ પ્રેમજીભાઈ ભાવાણી ના અધ્યક્ષસ્થાને મળી હતી તેમાં અમારી સમાજ ની દરેક પેટા સમાજો ના હોદેદારો, કેન્દ્રિય સમાજ ના પ્રતિનિધિઓ એ પણ હાજરી આપી હતી. સમાજના મહામંત્રીશ્રી વાલજીભાઈ હરજીભાઈ પોકારે આવેલ પત્રો નું વાંચન કરેલ તેમાં એક પત્ર જે આપણી સમાજના સનાતની ભાઈઓ દ્વારા તા.૨૦-૧૨-૨૦૦૯ ના રોજ મોકલવામાં આવેલ છે તેનું પણ વાંચન કરવામાં આવેલ આથી પહેલાં આ રીતેજ આવેલ પત્ર નું અમોએ અમારી સમાજ ની કારોબારીની સભા કે જે હોસપેટ મુકામે તા.-૧૧-૧૦-૨૦૦૯ ના રોજ મળી હતી તેમાં સર્વાનુમતે બહાલી આપી તે પત્રનું અનુમોદન કેન્દ્રિયસમાજને મોકલાવેલ છે ફરી આજ પત્ર નું સામાન્ય સભામાં વાંચન થયા બાદ તેનેલગતી વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ઘણા હોદ્દેદારો તેમજ સભ્ય ભાઈઓ એ પોતપોતાનાં મંતવ્યો આપ્યાં દરેક સભ્યોના મંતવ્યોનો અંતિમ સુર નીચે મુજબનો હતો.

ઠરાવ -૧ આપણી કેન્દ્રિય સમાજ ની સ્થાપના સનાતની વિચારધારાને વરેલા વડીલો દ્વારા થઈ હતી તેમાં બે મત નથી. તેના અસંખ્ય પુરાવાઓ આજે પણ મળે છે અને સનાતન ધર્મને અનુસરતા આપણા જ્ઞાતિજનોના હિતોના રક્ષણાર્થે જ સમાજ ની સ્થાપના કરવામાં આવેલ છે. કેન્દ્રિય સમાજ એમ માનતી હોયકે આપણી સમાજ બિનસાંપ્રદાયિક છેતો એ કદાપિ સંભવ નથી.કોઈપણ સમાજ ધર્મ વગર સંભવીજ ન શકે.ધર્મ જ સમાજનો પાયો છે. આપણા ભારત દેશનું બિનસાંપ્રદાયિક વલણ અને કોંગ્રેસ નું વિધર્મીઓ પ્રત્યેનું કુણું વલણ આપણી કેન્દ્રિય નેતાગીરી માં જોવા મળે છે જે ખરેખર શોભનીય નથી.આવી સંદિગ્ધ વિચારધારાઓ નો ત્યાગ કરી સમાજ નો બહોળો વર્ગ જે સનાતન ધર્મ ને વરેલો છે તેમની લાગણીઓને સમજી,માન આપીને યોગ્ય પગલાં લેવાં જરૂરી છે. જો આ પ્રશ્નો નું નિરાકરણ સમયસર નહિં થાય તો સ્વર્ણિમ મહોત્સવ ની સફળતા શંકાસ્પદ છે એટલે ઉપરોકત પત્ર માં જણાવેલ પ્રશ્નો નું નિરાકરણ વહેલી તકે કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવે છે. -----૨

આગામી નખત્રાણા મુકામે મળનાર કેન્દ્રિય સમાજ ની સામાન્ય સભા માં આ પ્રશ્ન બાબત ઘટતું કરવામાં આવે તેવો અમારી સમાજ ના સર્વે ભાઈઓ એ કેન્દ્રિયસમાજ ને અનુરોધ કરેલ અને આ બાબતે સર્વાનુમતે ઠરાવ પસાર કરેલ છે

૨. સ્વર્ણિમ મહોત્સવ અંર્તગત ફંડ એકત્રીત કરવા બાબત લોટરી ટીકીટવેચાણની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખરેખર ટીકા ને પાત્ર છે આ રીતે ફંડ એકત્રીત કરવાનો અમો સખત વિરોધ કરીએ છીએ.

૩.જયાં સુધી આપણી સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથી ભાઈઓ દ્વારા થયેલ ભારત ભરમાં તમામ કેસો પાછા ખેંચવામાં ન આવે અને આ પ્રશ્નનો સુખદ ઉકેલ નઆવે ત્યાં સુધી નક્કી કરેલ મુંડીયાવેરો રૂા. ૨૦/- જયારે ભારતભરની સર્વે સમાજો ઉઘરાવીને પહોંચતો કરશે ત્યારે જ તે બાબત વિચારીશું.

૪. આગામી સામાન્ય સભા કે જે તા. **૧૪-૨-૨૦૧૦** ના રોજ બોલાવેલ છે તેમાં સમાજના કાયમી સભ્યો સિવાય કોઈપણ બીજા ભાઈઓ હાજર ન રહી શકે.દરેક કાયમી સભ્ય ને સામાન્ય સભામાં હાજર રહેવાનો પરિપત્ર મોકલવા ની ખાસજરુર છે.કોઈપણ મુખપત્રમાં આપેલ આમંત્રણ સ્વીકાર્ય ન હોઈ શકે .આપણી સમાજનું કોઈ મુખપત્ર જ નથી.દેશ ના તામામ ૨૯ઝોન ના પ્રતિનિધી ઓ ને શા માટે કાયદેસર માન્યતા નથી? તો પછી ઝોન પ્રતિનિધી ઓ ને શા માટે બોલાવો છો?વિશેષ માં ઉપરોકત પસાર કરેલ ઠરાવો ઉપરાંત સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી પ્રમુખશ્રીએ કેન્દ્રિય સમાજને અનુરોધ કરેલ છે કે ૫૦ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિ સુધારક વડીલો એ સમાજ ની સ્થાપના શા માટે કરી તેના મુળભુત ઉદેશો,હેતુઓ,અને સંદર્ભો બાબત કેન્દ્રિય સમાજ પોતાનુ વલણ સ્પષ્ટ કરે અને સાચા ઈતિહાસ થી માહિતગાર કરે. પસાર કરેલ ઠરાવોની નકલો વહેલામાંવહેલીતકે કેન્દ્રિય સમાજ ને પહોંચતી કરવી.

અસ્તુ

- સહી -

પ્રમુખશ્રી
ઉત્તરકર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજ
બેલગામ

આદિલ રમેશ. લાઈબ્રેરીયન વિપુલભાઈનો વંદન.
કેન્દ્રિય સમાજને જાગૃત કરવા કરેલ પ્રશંસનીય કાર્યવાહી
બદલ. ધન્યવાદ.
આ સાથે. આપની સમાજની સ્થાપના. કે જે કેન્દ્રિય સમાજને [illegible] છે. તેની પ્રતિ મોકલું છું.

3/80-81

☎ : 373485

શ્રી પાટીદાર સમાજ, હુબલી

પ્લોટ નંબર ૩૦, ન્યુ ટિમ્બર માર્કેટ, હુબલી-૫૮૦ ૦૩૧.

SHRI PATIDAR SAMAJ
Plot No. 30, New Timber Market,
HUBLI - 580 031.

ಶ್ರೀ ಪಾಟೀದಾರ ಸಮಾಜ
ಪ್ಲಾಟ ನಂ. ೩೦, ನ್ಯೂ ಟಿಂಬರ ಮಾರ್ಕೆಟ,
ಹುಬ್ಬಳ್ಳಿ - ೫೮೦ ೦೩೧.

તા. ૨૨-૧૦-૨૦૦૮

પ્રતિ
પ્રમુખ શ્રી / મંત્રી શ્રી
અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા (કચ્છ-ગુજ)

આદરણીય પ્રમુખ સાહેબ,

વિષય- તા. ૭.૮ ૨૦૦૮ ના સમાજના સનાતન ભાઈઓ તરફથી આપશ્રીને લખાયેલ પત્રનું અનુમોદન.

સવિનય નિવેદન સાથે જણાવવાનું કે તા. ૭.૮.૨૦૦૮ ના સમાજના સનાતન ભાઈઓ દ્વારા આપશ્રીને લખાયેલા પત્ર બાબત હુબલી પાટીદાર સમાજની સામાન્ય સભામાં તે વિષય લાવવામાં આવતાં ઉપર જણાવ્યા મુજબના વિષયને સર્વાનુમતે અનુમોદન કરવામાં આવેલ છે.

આપણાં સનાતન હિન્દુ ધર્મના રિત-રિવાજ પ્રમાણે આપણી જ્ઞાતીમાં એકતાભાવના જળવાય તે માટે ~~[illegible]~~ ઠરાવનં. ૧૮ અને ૨૮ નું પાલન કરવું જરૂરી છે.

ઉપપ્રમુખશ્રી
કાનજીભાઈ શિવજી દિવાણી (સહી)
મંત્રીશ્રી
હિંમતલાલ કે. ભાદાણી (સહી)
પ્રમુખશ્રી લખમણ વિશ્રામ દિવાણી (સહી)
સહમંત્રીશ્રી મંગલદાસ જીવરાજ ભાદાણી (સહી)
કારોબારી સદસ્ય શંકરલાલ દામજી (સહી)

શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર તરફથી તા. ૧૬.૧૧.૨૦૦૯ ના કેન્દ્રીય સમાજને લખાયેલ અનુમોદન પત્રની

" નિસ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" || શ્રી ઉમિયાયે નમઃ || " વિના સહકાર, નહીં ઉદ્ધાર "

Shri Dakshin Karnataka Patidar Samaj

શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

" SRI UMIYA BHAVAN " # 980, Service Road, R.P.C. Layout, Vijayanagar, 2nd Stage, Bangalore - 560 040. ☎: 23301556

Hon President	Nanji Bhai Valji Limbani, Mysore Road, B'lore (O) 26745490 (R) 23351414 (M) 9448495050	Vice President :	Khimji Premji Pokar, Nelamangala (O) 27722110 (R) 27723390 (M) 9844156643
Gen Secretary	Arjun Bhai Hirji Sankhala, Mandya Bangalore (O) 28483527 (R) 9480447448 (M) : 9448273375	Secretary :	Manilal Bhimji Limbani, Yalahanka (O) 28460339 (R) 28460221 (M) 9341257157
Head Treasurer	Chiman Bhai Nanji Limbani, Mysore Road, B'lore. (O) 26747755 (R) 23507136 (M) : 9448458755	Treasurer :	Vasant Bhai Keshavlal Gorani, Udupi (O/R) 0820-2529608 (M) 9845230301
		Auditor :	Purushotham Devji Bathani, Davanagere (O) 275088 (M) 9845277088
Imm Past President	Keshavalal Bhai Virji Pokar, Peenya (O) 28391232 (R) 28370557 (M) 9448270308	Imm. Past Gen. Secretary :	Dhanji Bhai Manji Chhabhaiya, Peenya (O)28395043,28396120(R)28396238(M) 9900181865

Committee Member

Ex. General Secretary :
Manjunath Valji Rudani, Harihara
(O) 242225 (R)241325 (M) 9448451325
Dinesh Bhai Shivji Chhabhaiya, Davanagere
(O) 255435 (R) 255995 (M) 9448754140
Ramesh Bhai Hanraj Pokar, Mandya
(O) 225530 (R)227254 (M) 9448316773
Babu Bhai Jivraj Ramani , Ramanagar
(O) 27273922 (R) 27271727
Chandulal Velji Sankhala, Mysore
(O)0821-2482859 (R) 2482050 (M) 9845122050
Gopal Sivji Sankhala, Mysore
(O) 2495931 (R) 2495755 (M) 9448271755
Lalji Dana Jabvani, Rajajinagar
(O)23377032 (R) 23472025 (M) 9448305048
Parbat Devji Sankhala, Rajajinagar
(O)23288370 (R)9900168732, (M) 9448352021
Jitendra Ratansi Pokar, Magadi
(O)080-7745578(R)77455178(M)9448085278
Nathu Dana Vasani, Lalbag
(O)26587981 (R) 26683323 (M) 9844123320
Premji Harji Chhabhaiya, Lalbag
(O)28523017(R)51119753 (M)9341218578
Pursotham Manji Ravani, K.R. Puram
(O)25612958 (R)9845932201 (M) 9740085111
Ramesh Kheta Pokar, K.R. Puram
(O)25650993 (R) 25424814 (M) 9844011345
Veerji Naran Bhavani, Doddabalapur
(O)080-27624226 (R)27689577 (M)9448761808
Vishram Shivdas Bhagat, Nelamangla
(O) 27723644(R)27722633 (M) 9341238543
Dinesh Keshra Limbani, Indiranagar
(O)25367836 (R)25294357 (M) 9449863351
Jhethalal Bhimji Limbani, Indiranagar
(O)25681544(R) 65681545 (M) 9845120544
Somji Megji Nathani, Udupi
(O)0820-2528231 (R)2524541 (M)9448138231
Shivdas Mulji Ravani, Bhadravathi, Maddur
(O)08282-263601 (M) 9448146491
Khimji Shivji Limbani, Hassan
(O) 08172-256470 (R)256493 (M)9980435906
Somji Jivraj Pokar, Kolar
(O.R.) 08152-240288 (M) 9448185388
Kanthilal Nanji Pokar, Mulbagalu
(O)08152-242453 (R)242653 (M) 9449259458
Hirji Daiya Chhabhaiya, Tumkur
(O) 0816-2281363 (R)2280195 (M) 9448370195
Lakhamsi Dhanji Ravani, Gubbi
(O) 08131-222742 (R)222853 (M) 9964096572
Karsan Premji Pokar, Peenya, Bangalore
(O)41170026 (R) 28396645 (M) 9945535121
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore
(O) 28396532 (R) [illegible] (M) 9448386532
Kantilal P[illegible]vadiya, Hiriyur
(O)[illegible]-227239(R)228729 (M) 944[illegible]
Kishor Ratansi Gorani, Holalke[illegible]
(O)08191-275142 (R)27[illegible] (M) 9448485056
Lakham[illegible] Diwani, Yalahanka
(O) 23[illegible] (R) 28560983 (M)984[illegible]
Ravilal Lakhamsi Ramani, Yala[illegible]
(O) 23636911 (R)23543[illegible] 9448385109

सत्यमेव जयते

Ref No. Date :......તા. ૧૬-૧૧-૨૦૦૯
સોમવાર

|| श्री सनातन धर्मो धर्म रक्षित ||

પ્રતિ,
સન્માનીય પ્રમુખશ્રી / મંત્રીશ્રી
શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા - ૩૭૦ ૬૧૫
કચ્છ - ભુજ - ગુજરાત

આદરણીય પ્રમુખ સાહેબ,
<u>વિષય : તા. ૪-૮-૨૦૦૯ ના સમાજના સનાતની ભાઈઓ તરફથી આપશ્રીને લખાયેલ (આપવામાં આવેલ) પત્ર ને અમારૂં ૧૮ સમાજોનું નેતૃત્વ કરતી શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજનું અનુમોદન</u>

સવિનય નિવેદન સાથે જણાવવાનું કે તા. ૪-૮-૨૦૦૯ ના સમાજના સનાતની ભાઈઓ દ્વારા આપશ્રીને લખીને આપવામાં આવેલ પત્ર બાબત અમારી સમાજમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આ વિષયને ચર્ચા માટે ખુલ્લો મંચ મુકવામાં આવેલ. અમારી આ સમાજ દક્ષિણ કર્ણાટકમાં આવેલ ૧૮ સમાજોનું નેતૃત્વ કરે છે. આ સામાન્ય સભા તા. ૧૫-૧૧-૨૦૦૯ ને રવિવારના દિવસે હરીહર મુકામે યોજવામાં આવેલ. આ સામાન્ય સભામાં સર્વ સંમતીથી ઉપરોક્ત પત્રને અનુમોદન આપવામાં આવેલ. તેથી આપશ્રીને વિનંતીપૂર્વક અનુરોધ કરવામાં આવે છે કે આગામી ૨૦૧૦ માં યોજાનાર સમાજના સ્વર્ણીય મહોત્સવને ધ્યાનમાં રાખી આ વિષયમાં ત્વરિત નિર્ણય થાય તે ઇચ્છનીય છે.

આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના સનાતની વિચાર ધારાને વરેલા વડીલો દ્વારા કરવામાં આવી હતી. તેના અસંખ્ય પુરાવાઓ મોજુદ છે. જે વિચારધારા (પિરાણા સતપંથી મતની વિચારધારા) તે વડીલોને માન્ય ન હતી. તેથી જ તેમને જ્ઞાતિના હીતને લક્ષમાં રાખી આ કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી. આપણી જ્ઞાતિનું મુળ વૈદિક સનાતની હિન્દુ રીત રીવાજોમાં છે. તેથી જ વડીલોએ કેન્દ્રીય સમાજની સ્થાપના પણ સનાતન ધર્મને અનુસરતા જ્ઞાતિજનોના હિતોના રક્ષણાર્થે કરવામાં આવેલ છે. તે[illegible]થી વિપરીત સતપંથી ભાઈઓ અગર આ સમાજમાં જ રહીને જે કાંઈ આચરણો કરતા હોય તે બિલ[illegible] ચલાવી ન લેવાય. તેમજ સતપંથી ભાઈઓ દ્વારા સનાતની ભાઈઓ ઉપર ખોટા પોલીસ કેસો તેમજ [illegible] કોર્ટ કેસો થતા હોય તો તે સત્વરે બંધ થવા જોઈએ અને ભવિષ્યમાં પણ આવા કેસો ન થાય તેની કાળ[illegible] કેન્દ્રીય સમાજે લેવી જોઈએ. તેમજ સનાતની ભાઈઓની થતી કનડગત સત્વરે બંધ [illegible] માટે સમા[illegible] દ્વારા ઉચિત પગલાં ત્વરીત લેવાય તેવી [illegible] કેન્દ્રીય સ[illegible] પાસે [illegible]વિનંતી છે.

આપણા સંતો શ્રી લાલરામજી [illegible]હારાજ તથા [illegible]વરામજી મહારાજ [illegible] આપણા આધ જ્ઞાતિ સુધારક સર્વે શ્રી નારાણજી [illegible] લીંબાણી તથા શ્રી રતનશી ખીમજી ખેતાણી [illegible] તેમના સહયોગીઓ [illegible]ક શ્રી ભીમજી કેશરા લીં[illegible], શ્રી પરબત લખુ પોકાર તથા અન્યોએ કરેલ [illegible]રથ પ્રયત્નો ના ફળ સ્વરૂપે આપણે આપણી મુળ સંસ્કૃતિને ઓળખી શકયા અને ખોવાયેલું ગૌરવ પ્રાપ્ત [illegible] શકયા તે આગળ આવતા સમયમાં પણ અકબંધ ર[illegible] તે માટે આપણે સર્વે પ્રયત્નો કરવા જરૂરી છે. અને તેની જવાબદારી કેન્દ્રીય સમાજની છે. ભુતકાળમાં [illegible]પણી જ્ઞાતિને

" સમાજે આપણા માટે શું કર્યું છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું છે, અને શું કરવું જોઇએ, તે વિચારીએ."

" નિસ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" ।। શ્રી ઉમિયાયે નમઃ ।। " વિના સહકાર, નહીં ઉદ્ધાર "

Shri Dakshin Karnataka Patidar Samaj

શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

" SRI UMIYA BHAVAN " # 980, Service Road, R.P.C. Layout, Vijayanagar, 2nd Stage, Bangalore - 560 040. ☎: 23301556

Hon. President : Nanji Bhai Valji Limbani, Mysore Road, B'lore (O) 26745490 (R) 23351414 (M) : 9448495050
Hon. Secretary : Arjun Bhai Hirji Sankhala, Mandya Bangalore (O) 28483527 (R) 9480447448 (M) 9448273375
Head Treasurer : Chiman Bhai Nanji Limbani, Mysore Road, B'lore. (O) 26747755 (R) 23507136 (M) 9448458755
Imm. Past President : Keshavalal Bhai Virji Pokar, Peenya (O) 28391232 (R) 28370557 (M) 9448270308

Vice President : Khimji Premji Pokar, Nelamangala (O) 27722110 (R) 27723390 (M) 9844156643
Secretary : Manilal Bhimji Limbani, Yalahanka (O) 28460339 (R) 28460221 (M) 9341257157
Treasurer : Vasant Bhai Keshavlal Gorani, Udupi (O/R) 0820-2529608 (M) 9845230301
Auditor : Purushotham Devji Bathani, Davanagere (O) 275088 (M) 9845277088
Imm. Past Gen. Secretary : Dhanji Bhai Manji Chhabhaiya, Peenya (O)28395043,28396120(R)28396238(M) 9900181865

Committee Member

Ex. General Secretary :
Manjunath Valji Rudani, Harihara (O) 242225 (R)241325 (M) 9448451325
Dinesh Bhai Shivji Chhabhaiya, Davanagere (O) 255435 (R) 255995 (M) 9448754140
Ramesh Bhai Hansraj Pokar, Mandya (O) 225530 (R)227254 (M) 9448316773
Babu Bhai Jivraj Ramani, Ramanagar (O) 27273922 (R) 27271727
Chandulal Velji Sankhala, Mysore (O)0821-2482859 (R) 2482050 (M) 9845122050
G... Sivji Sankhala, Mysore (O) ...95931 (R) 2495755 (M) 9448271755
Lalji Dana Jabvani, Rajajinagar (O)23377632 (R) 23472025 (M) 9448305048
Parbat Devji Sankhala, Rajajinagar (O)23288370 (R)9900168732, (M) 9448352021
Jitendra Ratansi Pokar, Magadi (O)080-7745578(R)77455178(M)9448085278
Nathu Dana Vasani, Lalbag (O)26587981 (R) 26683323 (M) 9844123320
Premji Harji Chhabhaiya, Lalbag (O)28523017(R)51119753 (M)9341218578
Pursotham Manji Ravani, K.R. Puram (O)25612958 (R)9845932201 (M) 9740085111
Ramesh Kheta Pokar, K.R. Puram (O)25650993 (R) 25424814 (M) 9844011345
Veerji Naran Bhavani, Doddabalapur (O)080-27624226 (R)27689577 (M)9448761808
Vishram Shivdas Bhagat, Nelamangla (O) 27723644(R)27722633 (M) 9341238543
Dinesh Keshra Limbani, Indiranagar (O)25367836 (R)25294357 (M) 9449863351
Jhethalal Bhimji Limbani, Indiranagar (O)25681544(R) 65681545 (M) 9845120544
Somji Megji Nathani, Udupi (O)0820-2528231 (R)2524541 (M)9448138231
Shivdas Mulji Ravani, Bhadravathi, Maddur (O)...2-263601 (M) 9448146491
Khi... Shivji Limbani, Hassan (O) 08172-256470 (R)256493 (M)9980435906
Somji Jivraj Pokar, Kolar (O.R.) 08152-240288 (M) 9448185388
Kanthilal Nanji Pokar, Mulbagalu (O)08152-242... (R)242653 (M) 9449259458
Hirji D...a Chhabhaiya, Tumkur (O) 0816-2281363 (R)2280195 (M) 9448370195
Lakhamsi Dhanji Ravani, Gubbi (O) 08131-222742 (R)222853 (M) 9964096572
Karsan Premji Pokar, Peenya, Bangalore (O)41170026 (R) 28...45 (M) 994553...
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore (O) 28...6532 (R) 2839189... (M) 9448386532
Kantilal Pachan ...iya, Hiriyur (O)08193-227239(R)228729 (M) 9448194777
Kishor Ratansi Gorani, Holalkere (O)08191-275142 (R)275942 (M) 94...85056
Lakhamsi Raja Diwani, Yalahanka (O) 23636633 (R) 2856098... (M)9845290603
Ravilal Lakhamsi Ra...ani, Yalahanka (O) 23636911 (R)23543446 (M) 9448385109

-- 2 -- सत्यमेव जयते

Ref No. Date :

સુધારવાના પ્રયત્નો ૨૦૦ વર્ષ પહેલા શ્રી કેશરા પરમેશ્વરાજીએ કર્યા ત્યાર પછી શ્રી નારણજીબાપા તેમજ તેમના સહયોગીઓએ કર્યા અને આજે પાછા તેવા જ પ્રયત્નો આપણને વર્તમાન સમયે કરવા પડે તેનું કારણ કદાચ આજની આપણી નીતિઓમાં હશે. માટે સમાજના બહોળા વર્ગ સનાતન ધર્મને વરેલા ભાઈઓની લાગણીઓને માન આપીને ઉચિત પગલાં લેવા જરૂરી છે.

આગામી સ્વર્ણીય મહોત્સવ સનાતની ભાઈઓનો છે અને ઉત્સાહ બન્યો રહે તે માટે સનાતની ભાઈઓના વિચારોને તથા હિતોને ધ્યાનમાં રાખીને ઉજવવો જોઈએ. તે ઉજવણીમાં આપણી સમાજનું અને જ્ઞાતિના સાચા ઈતિહાસની જાણ આજના યુવાનોને કરવી જોઈએ, તો જ ખરા અર્થમાં સ્વર્ણીય મહોત્સવ ઉજવ્યો ગણાશે. એટલે ઉપરોક્ત પત્રમાં જણાવેલ પ્રશ્નોનું નિવારણ અતી શીઘ્ર કરશોજી. જો આ પ્રશ્નોનું નિરાકરણ સમયસર નહીં થાય તો સ્વર્ણીય મહોત્સવની સફળતા સંદિગ્ધ રહેશે.

ઉપરોક્ત પત્રનું લખાણ આજની અમારી સમાજની વાર્ષીક સામાન્ય સભા શ્રી ભગીરથી કન્વેન્શનલ હોલ, હરીહર મધ્યે શ્રીમાન નાનજી વાલજી લીંબાણી, બેંગલોર વાળા ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ અને ૧૮ સમાજોનું પ્રતિનિધીત્વ કરતા તેના પ્રતિનિધીઓ દ્વારા કરવામાં આવેલ છે, અને તેને અનુમોદન આપતા પ્રતિનિધીઓએ અને ઝોનલ સમાજોના પ્રમુખ મંત્રીશ્રીઓ અને કેંદ્રીય સમાજના દક્ષિણ કર્ણાટક ઝોનના કેન્દ્રીય કારોબારી સભ્યોએ, કર્ણાટક યુવા સંઘના પ્રમુખ મંત્રીશ્રીઓએ તેમજ બેંગલોરના ૬ ઝોનની સમાજના પ્રમુખ મંત્રીશ્રીઆી નીચે મુજબ હસ્તાક્ષર કરેલ છે.

આપશ્રીઓના સહયોગ અને સહકારની અપેક્ષા સાથે આપના વિશ્વાસુઓ,

પ્રમુખશ્રી ઉપ-પ્રમુખશ્રી મહામંત્રીશ્રી

શ્રી દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

શ્રી બેંગલોરના ૬ ઝોનની પાટીદાર સમાજના પ્રમુખશ્રી-

મંત્રીશ્રી- R. M.

૧. શ્રી મૈસુર રોડ પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી-

મંત્રીશ્રી-

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧.

૨.

૩.

૨. શ્રી લાલબાગ પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી-

મંત્રીશ્રી-

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧.

૨.

" સમાજે આપણા માટે શું કર્યું છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું છે, અને શું કરવું જોઇએ, તે વિચારીએ."

-૩-

૩. શ્રી પીણ્યા પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી- [illegible]

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

૪. શ્રી ઇન્દીરાનગર પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી- [illegible]

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

૫. શ્રી યલહંકા પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી- [illegible]

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

૬. શ્રી રાજાજીનગર ગ્રુપ પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી- P. D. Patel

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. P. D. Patel

૨. [illegible]

૭. શ્રી કે.આર. પુરમ પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી- [illegible]

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

૮. શ્રી દેવનહલ્લી પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી-

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

૯. શ્રી નેલમંગલા પાટીદાર સમાજ, બેંગલોરના પ્રમુખશ્રી- [illegible]

મંત્રીશ્રી- [illegible]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

૧૦. શ્રી [illegible]કુર પાટીદા[illegible] સમાજ, તુમકુરના પ્રમુખશ્રી- [illegible]

મંત્રીશ્રી- [illegible]

શ્રી [illegible]પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [illegible]

૨. [illegible]

- 5 -

૧૬. શ્રી મલનાડ પાટીદાર સમાજ, મલનાડના પ્રમુખશ્રી- [signature]

મંત્રીશ્રી- [signature]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [signature]

૨. [signature]

૧૭. શ્રી ઉડુપી પાટીદાર સમાજ, ઉડુપીના પ્રમુખશ્રી- [signature]

મંત્રીશ્રી- [signature]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [signature]

૨. [signature]

૧૮. શ્રી કોલાર પાટીદાર સમાજ, કોલારના પ્રમુખશ્રી- [signature]

મંત્રીશ્રી- [signature]

શ્રી દ.ક.પા. સમાજના પ્રતિનિધીઓ-૧. [signature]

૨. [signature]

કારોબારી સભ્યશ્રીઓ-શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ, નખત્રાણા,
રચિત ચોથો ઝોન શ્રી દક્ષિણ કર્ણાટક ઝોનના (પ્રતિનિધીઓ) ૧. [signature]

૨. [signature]

૩. [signature]

૪. [signature]

૫. [signature]

શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ, નખત્રાણાના	પ્રમુખશ્રી	[signature]
યુવા સંઘ રચિત ૧૫મો કર્ણાટક ઝોનના	મંત્રીશ્રી	[signature]

બિડાણ :

શ્રી [illegible] ઝોનની કારો[illegible] સભા, તા. ૧-૧૧-[illegible], રવિવારના શ્રી અ[illegible].ક.ક.પા. સમાજ, નખત્રાણા ના પ્રમુખશ્રીને મોકલાવેલ આવે[illegible] પત્રની નકલ.

॥ શ્રી ઉમિયાય નમઃ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

श्री कच्छ कडवा पाटीदार समाज



43, श्री हरि सोसायटी, धार रोड, इन्दौर - 452 002 (म.प्र.)

તા.૬/૩/૨૦૧૦

પ્રતિ,
માનનીય પ્રમુખશ્રી / મહામંત્રીશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખાત્રાણા (કચ્છ. ભુજ)

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર રોડ ઇન્દોરના જય ઉમિયાજી,

સવિનય જણાવવાનુંકે તા.૯/૫/૨૦૧૦ થી તા.૧૨/૫/૨૦૧૦ દરમિયાન નખત્રાણા મુકામે યોજનાર કેન્દ્રીય સમાજની સુવર્ણ જયંતિ મહોત્સવની તૈયારીયો ચાલી રહેલ છે.

વર્તમાનમાં સામાજીક ધાર્મિક બાબંતોના કારણે આપણી સમાજના ભાઇયો દ્વારા આપણી. સમાજના ભાઇયો ઉપર સાવ ખોટા કોર્ટ કેસો કરી તેઓની હેરાનગતી પણ ચાલી રહેલ છે, છેલ્લા ૬ માસથી ચાલી રહેલી આ અંગેની વાટાઘાટો નું કાઇજ સાર્થક પરિણામ આવેલ નથી

છેલ્લે તા.૧૪/૨/૨૦૧૦ ના રોજ નખત્રાણા મુકામે આયોજીત જનરલ સભામાં સુવર્ણ જયંતી મહોત્સવના ચડાવાઓ લેતાં પહેલાં આવા બધાજ કોર્ટ કેસોને તા.૨૭/૨/૨૦૧૦ સુંધી પાછા ખેંચાવી લેવાની જવાબદારી કેન્દ્રીય સમાજના આગેવાનોએ સ્વીકારેલ હતી, પરંતુ આ કેશો પાછા ખેંચાવાને બદલે તા.૨૭/૨/૨૦૧૦ ના સમાજ કાર્યાલયમાંથી ચાલુ મીટીગ દરમ્યાન પોલીસ દ્વારા ધરપકડ કરવાની શરૂઆત થઇ હતી.આ રીતે ખોટા કોર્ટ કેસો કરી સમાજના કાર્યકર્તાઓને હેરાનગતી થાય તે અતિશય દુઃખદ બાબત છે.

ઉપરોક્ત કારણસર શ્રી કચ્છ કડવા પા.સ. ધાર રોડ, ઇન્દોર દ્વારા એવો નિર્ણય લેવામાં આવેલ છે કે ‘ જ્યાં સુંધી આવા તમામ કોર્ટ કેસો પાછા નાં ખેંચાય ત્યાં સુંધી સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમનો સંપૂર્ણ પણે બહિસ્કાર કરવો.‘

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર રોડ ઇન્દોર વતિ,

પ્રમુખશ્રી. મંત્રીશ્રી

પ્રતિલિપી :-
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ,માલવા ઝોન (મ.પ્ર.) તથા અન્ય સમાજો (તમારે ત્યાં આ અંગે ચર્ચા કરી સમાજ હિતમાં યોગ્ય નિર્ણય લેશો).

20/3/10

ઈન્દોર (મધ્ય પ્રદેશ) સભા તા. ૨૧.૧૧.૨૦૦૯

આ સભા થઇ તેના દસ દિવસ પહેલાં મને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. કારણ એ હતું કે મને તા, ૧૦.૧૧.૨૦૦૯ ના હાર્ટમાં (હૃદયમાં) દુઃખાવો ઉપડ્યો હતો તેથી હું હોસ્પીટલાઈઝ થયો હતો, અને તા. ૧૧.૧૧.૨૦૦૯ ના મારા ઉપર એન્જીઓપ્લાસ્ટી કરવામાં આવી હતી. મને એક સ્ટેન્ટ બેસાડવામાં આવ્યો હતો. તેના ઠીક એક અઠવાડિયા પછી તા. ૧૯.૧૧.૨૦૦૯ ના દિવસે મને મુંબઈથી હિમતભાઈ ખેતાણીનો ફોન આવ્યો કે આપણે ઈન્દોર સભા માટે જવું પડશે. મારા ઘરમાં બધાની ના હોવા છતાં હું ઈન્દોર જવા રવાના થઇ ગયો. મારી સાથે બેંગલોર થી લાલબાગ સમાજના તે વખતના પ્રમુખ શ્રી મણીલાલભાઈ ભીમજી બાથાણી પણ ઈન્દોર ચાલ્યા હતા. તે વખતે સતપંથ સનાતન મુદ્દે કેન્દ્રીય સમાજ જે આંખ આડે કાન કરી રહી હતી તે વાતનું મનમાં જનુન હતું, તેથી તા. ૧૯.૧૧.૨૦૦૯ ના હું અને મણીલાલ ભાઈ મુંબઈ પહોંચ્યા અને મુંબઈથી હું, મણીલાલ ભાઈ, હિંમતભાઈ અને પ્રેમજીભાઈ ટ્રેઈન દ્વારા ઈન્દોર પહોંચ્યા હતા. ઈન્દોરમાં વિરાણી વાળા હરિભાઈ બાથાણી અમોને લેવા રેલ્વે સ્ટેસને આવ્યા હતા અને અમારો ઉતારો પણ તેમના ઘરે જ રાખવામાં આવ્યો હતો. અમે તા.૨૦.૧૧.૨૦૦૯ ના ઈન્દોર પહોંચી ગયા હતા અને સભા બીજા દિવસે તા. ૨૧.૧૧.૨૦૦૯ ના બપોરે રાખવામાં આવી હતી.

ઈન્દોરના સત્સંગી વડીલ શ્રી ખીમજીભાઈ નારણ પોકાર – એક સનાતની વ્યક્તિત્વ

સભા પછી ઈન્દોરમાં નવલખા સમાજ વાળા દયાપર નિવાસી સત્સંગી વડીલ શ્રી ખીમજી બાપા નારણ પોકાર સાથે સતપંથ બાબતે ઘણી બધી ચર્ચાઓ થઈ. તેઓએ અમને સતપંથની પોલ બાબત એક પુસ્તિકા પણ આપી હતી. તે અમોને સનાતની ચળવળની ત્યાર પછીની સભાઓમાં ખુબ જ ઉપયોગી થઇ પડી હતી. તે વખતના કેન્દ્રીય સમાજના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વાલજીભાઇ શિવજીભાઇ વાડિયા પણ વડીલ શ્રી ખીમજી નારણ પોકારના જ ગામદયાપરના નિવાસી હતા. વડીલ શ્રી ખીમજી બાપાએ પણ કબુલ કર્યું કે શ્રી વાલજી શિવજી વાડિયાના પ્રમુખ કાળ દરમ્યાન કેન્દ્રીય સમાજની સનાતન મુદ્દે જે લડત અને મજબૂતાઈ હતી તે ઢીલી પડી ગઈ હતી. કોઈ પણ સમાજના નામમાં સનાતન શબ્દ હોય તેનો વિરોધ આ વાલજી શિવજી વાડિયા કરતા. તેનો એક દાખલો આપું તો ધનસુરા કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનો હું આપી શકું. કારણકે તેમના પ્રમુખકાળ દરમ્યાન આ વાલજી શિવજી વાડીયા જ્યારે સત્તાવાર રીતે ધનસુરા સમાજની મુલાકાતે ગયા હતા ત્યારે ત્યાંના મોવડીઓને આ પ્રમુખે કહ્યું હતું કે તમારી સમાજના નામમાં થી સનાતન શબ્દ કાઢી નાખો. કારણકે તેમનો સતપંથના ભાઈઓ જોડે ગરોબો હતો કે શું? હતો તો શા માટે હતો? તેના કારણો શોધી કાઢવાનું કામહું વાચક વર્ગ ને સોંપું છું અને અત્યારે અહી હું તેની ચર્ચા ઊંડાણથી નથી કરતો. પણ એટલું જરૂર કહીશ કે સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજને એવી શું મજબુરી હતી કે વરસો જૂની ધનસુરાની કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ના નામમાં થી સનાતન શબ્દને કાઢી નાખવા માટે ધનસુરાના સનાતની ભાઈઓને અનુરોધ કરવો પડે?

આપણી જ્ઞાતિએ હિંદુ રીતી રીવાજો કેમપકડી રાખ્યા અને પીરાણા ના સૈયદો આપણી જ્ઞાતિને માંસાહારી કેમન બનાવી શક્યા?

વડીલ શ્રી ખીમજીભાઈ નારણ પોકારના કહેવા પ્રમાણે આપણે પીરનો ધર્મ તો સ્વીકાર કરતા કરી ગયા હતા પણ માંસાહારી નોતા થયા તેની પાછળનું કારણ સમજાવતા તેઓ શ્રીએ અમોને જણાવ્યું કે કચ્છ વાગડ પ્રાંતના શિકરા ગામે આપણા પૂર્વજો આવ્યા ત્યારે તે સમયના મુખિયા વડીલ શ્રી વિશ્રામબાપા નાકરાણી જ્યારે મરણ પથારીએ હતા ત્યારે તેમનો આત્મા રજા નોતો લઈ રહ્યો ત્યારે ત્યાં ઉપસ્થિત અન્ય વડીલોએ તે વિશ્રામબાપા પાસે જઈ ને વિનંતી કરી કે બાપા તમારી અંતિમઈચ્છા શું છે? તે અમોને કહો. ત્યારે નાતના મુખિયા તરીકે તે વિશ્રામબાપાએ ત્યાં ઉપસ્થિત સૌને જણાવ્યું કે હું મારા શરીરનો ત્યાગ ત્યારે કરીશ

કે જ્યારે તમે બધા મને બે વચન આપશો. ત્યારે સૌએ વિશ્રામબાપાને વચન આપ્યું કે તમો જેમકહેશો એમએમે કરશું. ત્યારે વડીલ વિશ્રામબાપાએ જણાવ્યું હતું કે આપણે સૌ લોકો ગુજરાતથી અહી સ્થળાંતર કર્યું છે તેનું કારણ એજ છે કે આપણે પીર સદુરુદ્દીનના દીકરા પીર કબીરુદ્દીન અને તેના પુત્ર પીર ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા ઉર્ફે ઈમામશાહ મહારાજ દ્વારા સ્થાપિત પીરાણાના અર્ધદગ્ધ (ન હિંદુ ન મુસલમાન) એવા કહેવાતા કાબ્રસ્તાની સતપંથ ધર્મમાં ફસાઈ ગયા છીએ. (આદ્ય સુધારક નારાયણ રામજી લીંબાણી તો એમકહેતા કે પીરાણા સતપંથ ધર્મ એ કંઈ ધર્મ નથી પણ હિંદુઓ ને ફોસલાવી ને ઈસ્લામમાં ધર્મ પરિવર્તન કરાવી દેવા માટે ઉભો કરેલો એક મત માત્ર છે) તેમાં આપણે ફસાતાં ફસાઈ ગયા છીએ તેમાંથી પાછા ફરવાનો કોઈ રસ્તો મને દેખાતો નથી. તેમાંથી બહાર નીકળવાનો માર્ગ મને અત્યારે સુજતો નથી, એટલે તમે મને બે વચન આપો.

૧) એક તો વચન એ કે આપણે હિંદુ છીએ તેના પ્રતિક રૂપ કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી કાયમને માટે ચાલુ રાખજો, અને કોઈપણ સંજોગોમાં યશોદા અને કાનુડાને મુકતા નહી (ભૂલતા નહિ) અને

૨) બીજું વચન એ કે પરમાટીનું સેવન કરતા નહી એટલે કે માંસ નું ભક્ષણ કરતા નહી.

તે વિશ્રામબાપાએ દુરન્દેશી વાપરીને તે બે વચનો પાછળની પેઢી પાસે થી લઈને આપણી જ્ઞાતિ ઉપર એટલો મોટો ઉપકાર કર્યો છે કે આપણી જ્ઞાતિએ ભલે પીરનો ધર્મ સતપંથનો સ્વીકાર કર્યો હશે પણ આજ દિવસ સુધી નથી કાનુડા અને યશોદા ને મુક્યો અને નથી પરમાટીનું સેવન કર્યું. તેથી જ તો આપણા ખાનામાં (પછીથી તેનું નામજ્યોતિ ધામરાખવામાં આવ્યું હતું) ઈમામશાહ ની લોડ (કબર) ની પૂજા કરવામાં આવતી હતી છતાં પણ દર વર્ષે સાતમ—આઠમઉપર પીરાણાના સૈયદોની મનાઈ હોવા છતાં ખાનાની બહાર ચાલીમાં તો ચાલીમાં પણ યશોદા અને કાનુડાને ના ભૂલ્યા અને આજ દિવસ સુધી કાનુડા ના જન્મની ઉજવણી આપણી કોમે કાયમચાલુ રાખી. તેનો સંપૂર્ણ શ્રેય આપણે તે દુરંદેશી મુખિયા વડીલ શ્રી વિશ્રામબાપાને આપીએ. ધન્ય છે એવા આપણા પૂર્વજોને કે જેઓએ આપણી જ્ઞાતિને સંપૂર્ણ મુસલમાન થતાં બચાવી શક્યા અને આપણે માંસાહારી ન થયા. આપણને માંસાહારી બનાવવાના સૈયદોના અનેક પ્રયાસો ઉપરાંત આપણે શાકાહારી જ રહ્યા, માંસ નું ભક્ષણ કર્યું નહી. અમે દયાપર વાળા ખીમજીબાપાના ઋણી છીએ કે તેઓએ અમોને આ વાતથી વાકેફ કર્યા. એટલા માટે જ આપણે લોકોએ ઈતિહાસને વાગોળવો જોઈએ અને તે ઈતિહાસ આપણને વડીલોના સંસર્ગમાં રહીએ તો જાણવા મળે.

કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી હોદ્દેદારોની અમારા (સનાતન ધર્મ જાગૃતિ સમિતિ) ઉપર સતત નજર

કેન્દ્રીય સમાજના સર્વે ધુરીણોની નજર અમારા ઉપર જ હતી એટલે કે સનાતન ધર્મ જાગૃતિ સમિતિ ઉપરજ હતી. સમાજના આગેવાનો ને એ દહેશત હતી કે આગામી ૨૦૧૦ ના સ્વર્ણિમ મહોત્સવમાં ક્યાંક રુકાવટ ન આવે! તે અરસામાં ઊંઝા ઉમિયા માતાજીનો પણ શતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. કેન્દ્રીય સમાજના લાડા (ધુરીણો) બધા ત્યાં ઊંઝા ગયા હતા. પણ ત્યાંથી તેઓ ફોનથી ઈન્દોર વાળા ભાઈઓ જોડે સતત સંપર્કમાં રહીને આમારી ઉપર ચાંપતી નજર રાખી રહ્યા હતા. જુઓ તો ખરા સમાજમાં કેવી પરિસ્થિતિ આવી ગઈ હતી કે સનાતની સમાજના સનાતની ધુરીણોને તેના જ સનાતની સભ્યો ઉપર ચાંપતી નજર રાખવી પડતી હતી. આટલી તકેદારી અગર આપણી કેન્દ્રીય સમાજના ધુરીણોએ આપણા પીરાણા વાળા સતપંથના ભાઈઓ અને સતપંથના દલાલો ઉપર રાખી હોત તો આપણી જ્ઞાતિ ઘણી વહેલી પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બની ગઈ હોત.

ઈન્દોર સમાજના હોદ્દેદારો ને મેં તા.૧૧.૦૫.૨૦૨૦ ના એક પત્ર લખ્યો હતો

આત્મીય ભાઈ શ્રી ભીમજીભાઈ જાદવાણી,

તાં. ૨૧.૧૧.૨૦૦૯ ના ઈન્દોર મુકામે સનાતન ધર્મ જાગૃતિ સમિતિની કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે સભા યોજાઈ હતી. હું, હિંમતભાઈ, મણીભાઈ બાથાણી અને પ્રેમજીભાઈ કેસરાણી સહિત અમારી સનાતની ટીમતમારી પાસે આવી હતી.

- ૧. તે સભા ઈન્દોર મુકામે યોજવાની તમોને પ્રેરણા ક્યાંથી મળી? અને તે સભા યોજવા પાછળ નું મુખ્ય કારણ શું હતું?
- ૨. તે સભાના આયોજનના ઈન્દોરના મુખ્ય કાર્યકર ભાઈઓ કોણ-કોણ હતા? તેના નામો.
- ૩. તે સભાની કોઈ વિશેષ વાત
- ૪. તે સભા પછીની ફળશ્રુતિ શું? તમારી સમાજ અને સમાજના લોકોને તે સભા કઈ રીતે ઉપયોગી થઈ?
- ૫. તે સભાને સફળ બનાવનાર ઈન્દોરના મુખ્ય સનાતની ભાઈઓના નામો

ઉપરોક્ત બાબતની વિગતો મને આપશો જેથી મારા સનાતની ચળવળ ની ચોથી ક્રાંતિના સંસ્મરણો માં હુ તે માહિતી આવરી શકું. ત્યાં ના આપણા સર્વે સનાતની મિત્રોને મારા જય શ્રી લક્ષ્મીનારાયણ પાઠવશો.

લી. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા , બેંગલોર

ઉપરોક્ત પત્રના પ્રત્યુતરમાં ઈન્દોર સમાજના મહામંત્રી શ્રી ભીમજીભાઈ જાદવાણીએ લખેલ જવાબી પત્ર

તા. ૧૩.૦૫.૨૦૨૦

આત્મીય સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વાગડીયા,

તા. ૨૧.૧૧.૨૦૦૯ ના ઈન્દોર ધાર રોડ મુકામે સનાતન જાગૃતિ સમિતિ ની કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે સભા યોજાઈ હતી. જુની વિગત છે એટલે મને જેટલું યાદ છે તેની, તત્કાલીન કારોબારી સભ્યો સાથે ચર્ચા કરી નીચે મુજબની માહિતી હું અત્યારે મોકલાવું છું. આશા છે કે તે માહિતી તમોને ઉપયોગી થઈ પડશે.

તે અરસામાં અમને માહિતી મળી હતી કે તમે અને હિંમતભાઈ ખેતાણીએ આપણી કેન્દ્રીય સમાજમાં સનાતન ધર્મનો ઝંડો ઉપાડ્યો છે. સતપંથ શું છે તે સમાજ જનોને અને ખાસ કરીને સમાજની યુવા પેઢીને પીરાણા સતપંથની અંદરની માહિતીઓ શું છે તેની ખબર નોહતી. તેની તેઓને ખબર પડે અને માહિતગાર થાય તે હેતુથી અને અમારી સમાજના લોકોને સનાતની વિચારધારાની સાચી સમજણ અને જાગૃતિની ખુબ જરૂરી છે એ ભાવનાથી અમે ઈન્દોર સમાજમાં આ સભા યોજવાનો નિર્ણય કરેલ.

તે સમયે હું ઈન્દોર ધાર રોડ સમાજનો મહામંત્રી તેમજ કેન્દ્રીય સમાજ અંતર્ગત આવતી માળવા ઝોનનો સેક્રેટરી હતો. અમારી ઈન્દોર ધાર રોડ સમાજના પ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ વિશ્રામપોકાર અને ઉપ પ્રમુખ તરીકે શ્રી હરિભાઈ કરસન પોકાર સેવા આપી રહ્યા હતા. અમારા ત્રણે જણાના ખાસ પ્રયત્નોથી આ સભા યોજાવાનું શક્ય બન્યું. સમાજના બીજા કાર્યકર્તાઓમાં ખેતાભાઈ માધાણી, નરશીભાઈ કેશરા ખેતાણી, ઈશ્વરભાઈ છાભૈયા, સમાજના પૂર્વ અધ્યક્ષ શ્રી દેવશીભાઈ ભાવાણી, નારાયણ ભાઈ ભાવાણી, રતનશી ભાઈ, અને રતીલાલભાઈ ચૌહાણ વિગેરે નો સાથ સહકાર મળ્યો હતો.

નવલખાં સમાજના પીઢ વડીલ શ્રી ખીમજીભાઈ નારણ પોકાર અને લધારામભાઈ સાંખલા પણ આ સભામાં હાજર હતા. સભામાં સનાતની ચળવળ વિષે સરસ ચર્ચાઓ થઈ અને બંને સમાજોના મળીને લગભગ ૩૭૫ થી ૪૦૦ ભાઈ બહેનોએ હાજરી આપી હતી. સનાતન અને સતપંથ વિષે સાંભળવા માટે લોકો માં ખુબજ ઉત્સાહ હતો.

આ સભાની ફળશ્રુતી બાબતમાં હું જણાવું તો અમે કાર્યકર્તા ભાઈઓએ જાગૃતિને આગળ ધપાવી જેના પરિણામસ્વરૂપે તે પછીના વરસે સમાજના સર્વે સભ્ય ભાઈઓનું તેઓ સનાતની છે અને સનાતન ધર્મ પાળે છે તેવી બાંહેધરી પત્ર ભરાવવાનું ફરજીયાત કરીને સર્વેને સભ્યોને ફોર્મ ભરાવેલ હતાં.

આવી આ વિશિષ્ઠ સભામાં બેંગલોરથી તમે (રમેશભાઈ વાગડિયા) મુંબઈથી હિંમતભાઈ ખેતાણી, અત્યારના કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી અને પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી ઉપસ્થિત રહ્યા તે અમારું અહોભાગ્ય જ હતું. બેંગલોરથી લાલબાગ સમાજના પ્રમુખ મણીલાલ ભીમજી બાથાણી પણ આ સભામાં હાજર રહ્યા હતા. તમે બધાએ અમારી સમાજને આ બધા સુધારાઓ તરફ પ્રવૃત્ત કર્યા બદલ તમોને ફરીથી ઈન્દોર સમાજ વતી ખૂબ ખૂબ આભાર પાઠવું છું.

લી. ભીમજીભાઈ જાદવાણી
તત્કાલીન મહામંત્રી ધાર રોડ સમાજ ઈન્દોર

તા.૨૮.૧૧.૨૦૦૯ ના સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા યુવાસંઘને લખેલ એક પત્ર

।। શ્રી સનાતન ધર્માય નમઃ ।।

શ્રી અ.ભા.કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યા સંકુલ, અમદાવાદ રોડ,
ધનસુરા-૩૮૩ ૩૮૭. જી.સાબરકાંઠા, ગુજરાત
તા. ૨૮.૧૧.૨૦૦૯

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
શ્રી અ.ભા.ક.ક.પા.યુવાસંઘ,
વિદ્યાર્થી ભવન, નખત્રાણા, (કચ્છ ભુજ)

વિષય : યુવાસંઘને સનાતન ધાર્મિક સમાજના (કેન્દ્રીય સમાજના) રક્ષણાર્થે હાકલ :

લગભગ પંદરમી સદી દરમ્યાન આપણા પૂર્વજો ગુજરાતમાં વસવાટ કરતા હતા તે સમયે ઈમામશાહ પીર પ્રેરિત મુસ્લિમઆચરણોથી ભેળસેળ વાળા સતપંથ ધર્મને અપનાવતાં આપણી જ્ઞાતિ ત્યારથી સતપંથ ધર્મને અનુસરવા લાગી. સમયના વહેણ સાથે આપણા પૂર્વજ વડીલોએ અપનાવેલ સતપંથ ધર્મના આચરણોથી, ગુજરાતના શુધ્ધ હિંદુ ધર્મ પાળવા વાળા આપણા જ અન્ય કડવા પાટીદારો દ્વારા તિરસ્કૃત થતાં આપણા તે પૂર્વજોને ગુજરાત પ્રાંતથી કચ્છ તરફ પ્રયાણ કરવાની ફરજ પડી. અને કચ્છમાં કાયમને માટે વસવા લાગ્યા. મુસ્લિમઆચરણો વાળા સતપંથ ધર્મને લીધે તેઓ કચ્છમાં પણ અન્ય હિંદુ જ્ઞાતિઓથી તિરસ્કૃત થવામાં બાકાત ન રહ્યા. વર્ષો પહેલા આપણા સદનસીબે પૂજ્ય વડીલો શ્રી કેસરા પરમેશ્વરા અને નારાયણજી રામજી લીબાણી જેવા વડીલોએ સતપંથનો સખત વિરોધ કરી તે પીરાણા સતપંથ વિરુધ્ધ ઝુંબેશ ઉપાડી. નારણજી

બાપાએ અને એમના સાથી મિત્રોએ શુદ્ધિકરણ કરાવી સનાતન ધર્મનો અંગીકાર કર્યો, જેના પરિણામે જ્ઞાતિનો વિશાળ વર્ગ સનાતન હિંદુ ધર્મને પુન; અપનાવી ધનભાગી થયો. પરિણામે આજે આપણે આપણી જાતને ગર્વથી હિંદુ તરીકે ઓળખાવી શકીએ છીએ. સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી અને તેમના સહયોગીઓએ સંતશ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી જ્ઞાતિને શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાય તરફ વાળીને સનાતની સમાજની સ્થાપના કરી જેને આપણે આજે કેન્દ્રીય સમાજ કહીએ છીએ. તેમાં કોઈ શંકાને સ્થાન જ નથી.

સતપંથ સમાજ કોઈ પણ સંજોગોમાં મૃત્યુ બાદ ની ક્રિયાઓમાં દફનવિધિ અને ઈમામશાહ બાવાને છોડવા માંગતો જ નથી તે વાત આજના તેમના આચરણોથી સ્પષ્ટ થાય છે, જે આપણી કેન્દ્રીય સમાજને અસ્વીકાર્ય છે. સતપંથીઓના આવા મુસ્લિમજેવા આચરણોને લીધે જ જ્ઞાતિની બંને સનાતન અને સતપંથ સમાજો એક રસ ન થઈ શકવાનું કારણ છે. છેલ્લા ગણા સમયથી સતપંથના ભાઈઓ અનેક કેસ કબાલા સમાજના સનાતની ભાઈઓ પર કરી નાહક ત્રાસ આપવાના પ્રયત્નો કરી રહ્યા છે. જેની ફરિયાદો આપણી કેન્દ્રીય સમાજને કરવામાં આવેલ છે. આટલુજ નહિ, પીરાણા સતપંથીઓ અને તેમના આજના કહેવાતા ધર્મગુરુઓ આપણી સમાજમાં રહીને ઠેર ઠેર શિબિરો ભરી આપણી સમાજના જ ભાઈ-બહેનોને યેનકેન પ્રકારેણ વ્યવસ્થિત રીતે, પોતે અજાણ રહેવાના સ્વાંગમાં ધર્માંતરણ કરાવી પીરાણા સતપંથ ધર્મ તરફ વાળી રહ્યા છે. કોઈ અકળ કારણોવસાત આપણી સનાતની કેન્દ્રીય સમાજ આ બાબતે નિષ્ક્રિય થઇ બેઠી છે. શા માટે નિષ્ક્રિય છે તે ન સમજાય તેવી વાત છે પણ તે હકીકત છે.

હાલમાં આપણા સનાતન સમાજના ભાઈઓ દ્વારા તા. ૪.૦૮.૨૦૦૯ના કેન્દ્રીય સમાજને લખાયેલ પત્ર બાબત જાગેલ લોકજુવાળથી આપ પરિચિત હશો જ. તેવી જ રીતે આપશ્રીને એ પણ જ્ઞાત છે કે આપણી કેન્દ્રીય સમાજ આગામી ૨૦૧૦ માં તેની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થતા હોવાથી સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે. આવા સમયમાં કેન્દ્રીય સમાજના હોદ્દેદારો કેન્દ્રીય સમાજની સ્થાપનાના મુખ્ય હેતુઓ, ઉદ્દેશો અને સંદર્ભોને ભૂલી ગયા છે. સુધારક વડીલોએ પીરાણા સતપંથ મતથી અલગ થઈને આપણો મૂળ સનાતન ધર્મ અપનાવીને સનાતન ધર્મના પાયા ઉપર કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી તે વાતને સમાજના આજના સુકાનીઓ આજે સાવ ભૂલી ગયા છે. કેન્દ્રીય સમાજના આજના સુકાનીઓ સનાતન ધર્મ પાળતા લોકોની લાગણીઓની ઉપેક્ષા કરતા હોય તે યથાર્થ અને ન્યાયી નથી. આજે કેન્દ્રીય સમાજની સનાતન ધર્મ બાબતે અસ્પષ્ટ નીતિઓને કારણે કેન્દ્રીય સમાજની સનાતની ઓળખ ઉપર પણ એક મોટો પ્રશ્ન આવી પડ્યો છે.

સમાજ કોને કહેવાય ? તેની સાચી વ્યાખ્યા ઈન્ટરનેટ ઉપર gujaratilexicon.com માં બહુ સરળ રીતે આપવામાં આવી છે. તે પ્રમાણે સમાજ એને જ કહેવાય કે જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય એકજ ધર્મ પાળતો હોય, એકજ રીત-રીવાજ પાળતો હોય અને એકજ આચાર વિચારને વરેલો હોય. આ વ્યાખ્યા પ્રમાણે ધર્મ અને સમાજ જુદા નથી અને હોઈ જ ન શકે. જ્યાં ધર્મ ન હોય તો સમાજનું અસ્તિત્વ જ નથી રહેતું. સમાજ અને ધર્મ એક જ સિક્કાની બે બાજુઓ છે. કોઈ પણ વ્યવસ્થિત લોકોના જનસમુદાયને સમાજ તરીકે ઓળખાવવું હોય તો તે જનસમુદાય એક જ ધર્મ પાળતો હોવો જોઈએ. આજે પ્રશ્ન એ છે કે સતપંથ ધર્મ અને સનાતન ધર્મને એક જ ધર્મ છે તેમકહી શકાય? બીજો પ્રશ્ન એ છે કે સતપંથ ધર્મ શું હિંદુ ધર્મ છે? આ બંને પ્રશ્નોના જવાબ ના જ છે, તો પછી આપણી કેન્દ્રીય સમાજમાં આ બંને ધર્મ પાળતા લોકો ભેગા રહી શકે? શું બંને ધર્મના લોકો એક જ રીત-રીવાજો પાળે છે? શું બંને એક જ આચાર વિચારને વરેલા છે? તો જવાબ ના માં જ આવશે. તો પછી પીરાણા સતપંથ ધર્મ પાળતા લોકોનો આપણી કેન્દ્રીય સમાજમાં કઈ રીતે સમાવેશ કરી શકાય? ન જ કરી શકાય, કારણકે કેન્દ્રીય સમાજની સ્થાપના સનાતન ધર્મના પાયા ઉપર કરવામાં આવેલ છે.

આજે કેન્દ્રીય સમાજ ૨૦૧૦માં સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે, તેનો સીધે સીધો અર્થ એ થાય છે કે તેની સ્થાપના ૧૯૬૦માં કરવામાં આવી. તો શું તે પહેલાં આપણી કોઈ સમાજ નોહતી? હતી તો કઈ સમાજ હતી? તો જવાબ મળશે કે આપણે સૌ પીર ઈમામશાહ દ્વારા સ્થાપિત મુસ્લિમઆચાર વિચાર વાળો સતપંથ ધર્મ પાળતા લોકોની સતપંથ સમાજમાં હતા. અને આપણે બધા (આજના સનાતાનીઓ અને સતપંથીઓ) પીરાણા સતપંથ ધર્મ પાળતા હતા. હવે જરાક ઊંડા ઉતરીને પોતાની જાતને પૂછો કે

૧) ૫૦ વર્ષ પહેલાં તે પીરાણા સતપંથ ધર્મને ત્યજીને તે સમયના આપણા વડીલોને આજની આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના શા માટે કરવી પડી?

૨) શું એટલા માટે કે ૫૦ વરસ પછી તે જ સમાજના આજના હોદ્દેદારો પીરાણા સતપંથ ધર્મને એક યા બીજી રીતે પ્રોત્સાહન આપે?

૩) શું એટલા માટે કે કેન્દ્રીય સમાજના સનાતન હિંદુ ધર્મનું પાલન કરતા સનાતની ભાઈઓની લાગણીઓની તે જ સમાજના આજના સુકાનીઓ બધી જ રીતે ઉપેક્ષા કરીને સતપંથના ભાઈઓની ખુશામત કરે?

૪) શું એટલા માટે કે જે સ્થાપક વડીલોએ પીરાણા સતપંથ ધર્મને પાખંડી ધર્મ માનીને જ્ઞાતિને લાયક ધર્મ નોહ્તો માન્યો તેને આજના તે સમાજના ધુરીણો તે ધર્મને માન્યતા આપે?

યુવાનો, આજે તમે તમારી જાતને પ્રશ્ન પૂછો કે કેન્દ્રીય સમાજની સ્થાપના આપણા સ્થાપક વડીલોએ કેવા સંજોગોમાં, કેવા સંદર્ભોને ધ્યાનમાં રાખીને કરી હતી. જ્ઞાતિમાં સતપંથ સમાજ હોવા છતાં બીજી સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના એ લોકોએ શા માટે કરી હતી અથવા કરવાની ફરજ પડી હતી? તમોને તેનો એક માત્ર જવાબ મળશે કે જ્ઞાતિમાં તે સમયે પ્રવર્તમાન પીરાણા સતપંથ ધર્મનો ત્યાગ કરીને સનાતન હિંદુ ધર્મ અપનાવેલ સનાતાનીઓને તે વખતના ખાંટી ખાનાઈઓએ (સતપંથીઓએ) નાત બહાર કરીને સતપંથ સમાજમાં થી તગેડી મુક્યા હતા. આવા સમાજ વિહોણા બનેલ સનાતની વડીલોને નવી સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના કરવાની ફરજ પડી હતી. જેથી તે કેન્દ્રીય સમાજ જતે દહાડે સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરી શકે એટલા માટે નવી સમાજ ઉભી કરી હતી.

આપણે ભૂતકાળમાં નજર કરશું તો માલુમપડશે કે જ્ઞાતિમાં જ્યારે જ્યારે ધાર્મિક અને સામાજિક સુધારાનો પવન ફૂંકાયો છે ત્યારે ત્યારે તત્કાલીન યુવા મંડળોએ પ્રસંસનીય કામગીરી બજાવેલ છે. તેના અસંખ્ય પુરાવાઓ મોજુદ છે. કરાચી, મુંબઈ અને વિરાણીની પરિષદોના પ્રકાશિત અહેવાલોમાં યુવા મંડળોની કામગીરીનો અહેસાસ થયા વગર રહેતો નથી. યુવા સંઘના આજના સુકાનીઓએ તે અહેવાલોનું વાંચન અવશ્ય કરવું જોઈએ. તા.૨૬.૦૩.૧૯૨૬ના કરાચી મુકામે જ્ઞાતિ આદ્ય સુધારક પુ. નારણજી રામજી લીંબાણીના વડપણ હેઠળ બોલાવવામાં આવેલ પરિષદમાં પણ શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશો અને નિયમો પૈકી પહેલો ઉદ્દેશ અક્ષરસ રજુ કરવાનું મને અહી સહેજે મન થઇ જાય છે. તે નીચે પ્રમાણે છે.

“આપણી સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવો અને કોઈપણ જોખમે અને ખર્ચે, એ કાર્ય પ્રથમહાથ ધરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે”

તમોને એ બતાવતાં પણ હું આનંદ અનુભવું છું કે તે સમયે તે જ્ઞાતિ સુધારક યુવક મંડળના પ્રમુખ આજના સનાતની શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી ના પિતા વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી હતા. આ વડીલશ્રીએ જ આપણી કેન્દ્રીય સમાજની શુરુઆતી સ્થાપના ૧૯૪૦ માં કરી હતી અને તેઓ તેના પહેલા પ્રમુખ શ્રી હતા. ત્યારે તે સમાજનું શુરૂઆતથી નામશ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ હતું. ત્યારે તે સમાજના પ્રથમ મહામંત્રી તરીકે શ્રી નથુભાઇ નાનજી કેશરાણી હતા.

જયંતીભાઈ, તમે યુવાસંઘના આજના પ્રમુખ છો. આજની યુવાસંઘની જ્યારે સ્થાપના થઈ ત્યારે તેના પાંચ ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ એ છે કે **''આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર કરવો અને સનાતન ધર્મના પ્રચાર કાર્યમાં કેન્દ્રીય સમાજને દરેક રીતે મદદરૂપ થવું.''**

તા. ૯.૧૦.૧૯૨૨ ને સોમવારના કરાચી (આજે આ શહેર પાકિસ્તાનમાં છે) મુકામે કચ્છ કડવા પાટીદારની પરિષદ બેઠકમાં પસાર કરેલ ઠરાવોમાં પણ ૯મો ઠરાવ નીચે મુજબનો હતો.

''આપણી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિથી આપણને તદ્દન અલગ બનાવી દેનાર અને આપણને સનાતન ધર્મથી વિમુખ કરનાર, ન હિંદુ ન મુસલમાન એવા અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની પંથને લઈને હિન્દુપણામાંથી ટાળી દેનારા ઘણા રીત-રીવાજો આપણી જ્ઞાતિમાં દાખલ થતા આવ્યા છે. એટલા માટે આપણી જ્ઞાતિમાંથી એ પંથનો નાશ કરવાના દરેક ઉપાયો જલ્દી લેવાની જરૂર છે. જેથી આ સભા દરેક જ્ઞાતિભાઈને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે પીરાણા પંથનો જલ્દી ત્યાગ કરવો અને કરાવવો તેમજ કોઈએ પીરાણાની અમી કે નૂરની ગોળી પીવી નહીં તેમજ પીરાણા સૈયદો કિંવા કાકાઓ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો નહીં અને તેમને આશ્રય આપવો નહીં તેમજ જ્ઞાતિમાંથી તેમનો પગ પશેરો જલ્દી બંધ થઈ જાય તેવા દરેક ઉપાયો યોજવા.''

શુરૂઆતમા જ્ઞાતિમાં સુધારાનો પવન વાવાજોડાની ગતિથી ફુંકાણો અને એના થકી જ્ઞાતિની સારી એવી વસ્તી સમજદારીથી સનાતન ધર્મને અપનાવી હિન્દુત્વને પામી. જેના પરિણામે આજે આપણે સ્વમાન સાથે હિંદુ સમાજમાં ગૌરવવંતુ જીવન જીવી રહ્યા છીએ. આ માટે આપણે આપણા સુધારક વડીલોના ઋણી છીએ. તેથી જ આપણી ફરજ બને છે કે તેમનું અધૂરું રહેલું કાર્ય આપણે તાત્કાલિક પૂરું કરીએ અને આપણી સમસ્ત જ્ઞાતિ કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં ન ભળી જાય ત્યાં સુધી આપણે સૌ અવિરત પ્રયત્નશીલ રહીએ. આવું ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી પીરાણા સતપંથ મતનો સંપૂર્ણપણે નાશ કરશું. આમાં આપ સૌ યુવાન ભાઈઓને કમર કસવાની જરૂરત રહે છે. આમોને ફક્ત આશા જ નહિ પણ દ્રઢ વિશ્વાસ પણ છે કે ભારતભરની સમાજોના સનાતની યુવાન ભાઈ-બહેનો આમાં જરા પણ ઉણા નહી ઉતરે. આપણે સૌએ નિષ્ઠાપુર્વક આ કાર્યમાં લાગી જવાનું છે. ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આપણને સફળતા અચુક આપશે જ. કુળદેવી જગદ્જનની મા ઉમિયા માતાજીના આશિષ આપણા ઉપર અવિરત વરસે જ છે. યુવાસંઘ સમાજનો એક અનિવાર્ય પ્રાણ છે, અભિન્ન અંગ છે. આ કાર્ય માટે આપ સૌનો અમોને (સનાતન ધર્મ જાગૃતિ સમિતિને) સાથ છે જ એ અમારો તમારા ઉપર અચળ વિશ્વાસ છે.

છેલ્લે સંક્ષેપમાં જણાવવાનું કે સતપંથના ભાઈઓ દ્વારા સનાતની ભાઈઓને સતત થઇ રહેલ નાના પ્રકારની પજવણીની કેન્દ્રીય સમાજ તરફથી થઇ રહેલ ઉપેક્ષાના કપરા સમયમાં તમારો સાથ અમોને અનિવાર્ય છે. અત્યારે ચાલી રહેલી અમારી સનાતની ચળવળમાં યુવાસંઘ નો સાથ સહકારની માગણી કરવી અજુગતી નથી અને યુવાસંઘ આમાં સાથ આપશે તેવો અમોને અચળ વિશ્વાસ છે. અને સાથ સહકાર આપવો તે યુવાસંઘની નૈતિક ફરજ પણ છે એવું અમારું માનવું છે. સનાતન સમાજના

ઉજ્વળ ભવિષ્યની અપેક્ષા સહ આપ સૌના સહકારની નિશ્ચિતતા સેવતા.

લી. અ.ભા.ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વતી
રમેશભાઈ માવજી વાઘડીયા
પત્ર વ્યહવારનું સરનામું:
R.M. PATEL & Co;
CHARTERED ACCOUNTANTS,
350/1, NAYANDAHAALI,
MYSORE ROAD,
BANGALORE-560 039

નકલ રવાના:

૧) શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ કેબીનેટ, એક્ઝીક્યુટીવ, ઝોનલ હોદ્દેદારો અને સદસ્યો
૨) પ્રમુખશ્રી, શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજ, નખત્રાણા (કચ્છ)
૩) ભારતભરની કચ્છ કડવા પાટીદાર સમાજોના યુવા મંડળો

॥ શ્રી સનાતન ધર્માય નમઃ ॥

શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતી સમીતી
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યા સંકુલ, અમદાવાદ રોડ,
ધનસુરા - ૩૮૩ ૩૮૭, જી. સાબરકાંઠા, ગુજરાત.
તા. ૨૮-૧૧-૨૦૦૯

પ્રતિ,
પ્રમુખશ્રી, - મંત્રીશ્રી,
શ્રી અ. ભા. ક. ક. પા. યુવા સંઘ,
વિદ્યાર્થી ભવન, નખત્રાણા, ભુજ-કચ્છ, ગુજરાત.

વિષય : યુવા સંઘને સનાતન ધાર્મીક સમાજના રક્ષણાર્થે હાકલ.

લગભગ પંદરમી સદી દરમ્યાન આપણા વડીલોના ગુજરાત વસવાટ દરમ્યાન ઈમામશાહ પીર પ્રેરીત મુસ્લીમ આચરણોથી ભેળસેળવાળા સતપંથ ધર્મની દીક્ષા આપવામાં સફળતા મળતાં આપણી જ્ઞાતિ ત્યારથી સતપંથ ધર્મને અનુસરવા લાગ્યો. સમયના વહેણ સાથે આપણા વડીલોએ અપનાવેલ સતપંથ આચરણોથી શુદ્ધ હિન્દુ ધર્મી દ્વારા તિરસ્કૃત થતાં આપણા વડીલો ગુજરાતથી કચ્છ માટે સ્થળાંતરીત થયા અને ત્યાં કાયમનો વસવાટ કર્યો. અહીં પણ હિન્દુ ધર્મીના તિરસ્કારથી આપણે બાકાત ન રહેતાં પરિસ્થિતિ એમજ રહી. વર્ષો પહેલાં આપણા સદ્‌નશીબે પૂજ્ય વડીલ, નારાયણ રામજી લીંબાણીએ સતપંથ વિરૂદ્ધ સખત વિરોધ કરી હિન્દુ ધર્મમાં તેમણે તેમની સાથેના સાથીઓ સહ શુદ્ધિકરણ કરાવી સનાતન ધર્મનો અંગીકાર કરેલ જેના પરિણામે આપણી જ્ઞાતિનો વિશાળ સમુદાય આ માર્ગ અપનાવી ધનભાગી થયો. અને આપણે વર્તમાને ગર્વથી હિન્દુ રહી શક્યા. આ ચળવળ જ વર્તમાન સનાતન સમાજ જે શ્રી અખીલ ભારતિય કચ્છ કડવા પાટીદાર સમાજના નામે ઓળખાય છે તેની જન્મદાતા છે. તેમાં કોઈ શંકાને સ્થાન જ નથી.

સતપંથ સમાજ કોઈપણ સંજોગોમાં મૃત્યુબાદની દફનવિધિને અને ઈમામશા બાવાને તિલાંજલી આપવા માંગતો જ નથી તે તેઓના આજના આચરણોથી સ્પષ્ટ જ છે. અને આ સનાતન સમાજને અસ્વિકાર્ય જ છે. હિન્દુ ધર્મને પણ અસ્વિકાર્ય જ છે. આ આચરણો બન્ને સમાજોનાએકરસ ન થવાનું મહત્વનું કારણ છે.

છેલ્લા ઘણા સમયથી સતપંથી ભાઈઓ તરફથી અનેક કેસ-કબાલા આપણા અનેક સનાતની ભાઈઓ પર દાખલ કરી નાહક ત્રાસ આપવાના પ્રયત્નો કરવામાં આવેલ છે. જેની ફરીયાદો આપણી કેન્દ્રીય અખીલ ભા. ક. ક. પા. સમાજને નખત્રાણા મુકામે કરવામાં આવેલ છે. આટલું જ નહીં પીરાણા સતપંથીઓ અને તેમના આજના કહેવાતા ધર્મગુરૂઓ આપણા સમાજમાં રહીને ઠેર ઠેર શીબીરો ભરી આપણી જ સમાજના ભાઈ-બહેનોને ચેનકેન પ્રકારે સહદબાણ વ્યવસ્થિત રીતે પોતે અજાણ રહેવાના સ્વાંગ સાથે ધર્માંતર કરાવી પીરાણા સતપંથી બનાવી રહ્યા છે. કોઈ અકળ કારણોવસાત્ આપણો સનાતન સમાજ આ બાબતે નિષ્ક્રીય જ રહે છે. આ ન સમજાય તેવું છે. પણ વાસ્તવિકતા છે.

હાલમાં આપણા સનાતન સમાજના ભાઈઓ દ્વારા તા. ૪-૮-૨૦૦૯ના કેન્દ્રિય સમાજને લખાયેલ પત્ર બાબત જાગેલ લોક જુવાળથી આપ પરિચિત હશો જ. તેવીજ રીતે આપશ્રીને એ પણ જાણ છે કે આપણી કેન્દ્રિય સમાજ આગામી ૨૦૧૦માં સનાતન સમાજની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થતાં હોવાથી સ્વર્ણીમ મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે. આવા સમયમાં કેન્દ્રિય સમાજના હોદ્દેદારો કેન્દ્રિય સમાજની સ્થાપના ના મુખ્ય હેતુઓ ઉદ્દેશો અને પીરાણા સતપંથ મતથી અલગ થઈને જે મુળ સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઈ હતી તે જ ધર્મને અનુસરતા સમાજના સનાતની ભાઈઓની લાગણીઓની એજ સમાજના હાલના હોદ્દેદારો દ્વારા બધી રીતે ઉપેક્ષા થતી હોય તે યથાર્થ નથી જ. ન્યાયી પણ નથી જ. આ બાબતે કેન્દ્રિય સમાજની અસ્પષ્ટ નિતીઓને કારણે સનાતન સમાજની સાચી ઓળખ ઉપર પણ એક મોટો પ્રશ્ન આવી પડ્યો છે.

સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત જનસમુદાય...

(૧) એકજ ધર્મ પાળતો હોય.

(૨) એકજ આચાર, વિચાર, ધર્મને અનુસરતો - આચરતો અને વરેલો હોય.

(૩) એકજ રીત-રીવાજ પાળતો હોય.
આનો ઉલ્લેખ ઈન્ટરનેટમાં ગુજરાતી લેકસીકોન ડોટ કોમ (www.gujaratilexicon.com) માં પણ સવિસ્તાર કરેલ છે.

...(૨)...

(૨)

આજે કેન્દ્રિય સમાજ સ્વર્ણીમ મહોત્સવ ઉજવવા જઇ રહ્યો છે તેનો સીધે સીધો અર્થ એજ થાય છે કે આજની આપણી કેન્દ્રિય સમાજની સ્થાપના ૧૯૬૦માં કરવામાં આવી હતી. તો શું તે પહેલાં આપણે સમાજ વિહોણા હતા ? નો ના, તો તે કઇ સમાજ હતી જેમાં આપણે બધા સંકળાયેલા હતા ? તો જવાબ મળશે એકજ કે આપણે સૌ ઇમામશાહ દ્વારા પ્રેરીત-દિક્ષીત પીરાણા સતપંથ સમાજમાં સંકળાયેલા હતા. હવે જરાક ઉંડા ઉતરીને પોતાની જાતને પૂછો કે...

(૧) ૫૦ વર્ષ પહેલા તે પીરાણા સતપંથ ધર્મને ત્યજીને તે સમયના વડીલોને આજની કેન્દ્રિય સમાજની સ્થાપના શા માટે કરવી પડી ?

(૨) શું એટલા માટે કે ૫૦ વર્ષ પછી એજ સમાજના હોદ્દેદારો પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપે ?

(૩) શું એટલા માટે કે સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની રચના થઇ હતી તેને અનુસરતા સનાતની ભાઇઓની લાગણીઓની બધી રીતે ઉપેક્ષા કરવામાં આવે ?

આગળ જણાવેલ સમાજની વ્યાખ્યા પ્રમાણે ધર્મ અને સમાજ જુદા નથી અને હોઇ જ ન શકે. ધર્મથી સમાજ છે અને સમાજથી ધર્મ છે. ધર્મ અને સમાજને અલગ કઇ રીતે પાડી શકો ? અને એક સમાજમાં બે જુદા જુદા આચાર, રીત-રીવાજ, સિધ્ધાંતવાળા લોકોને સમાવવાનો પ્રશ્ન જ કેવી રીતે શક્ય બને ? તો પછી કેન્દ્રિય સમાજને સતપંથ સમાજ પક્ષે સહકારી થવાનો સવાલ જ ક્યાં રહે છે ? પણ વાસ્તવિકતા દુ:ખદ જ છે.

આજે તમે તમારી જાતને પ્રશ્ન કરો અને પૂછો કે આપણી કેન્દ્રિય સમાજની સ્થાપના કેવા સંજોગોમાં કેવા સંદર્ભો ને ધ્યાનમાં રાખી ને કયા વડીલોએ કરી હતી ? તમને તેનો એક માત્ર જવાબ મળશે કે પીરાણા સતપંથ ધર્મથી અલગ પડીને મુળ સનાતન ધર્મનો અંગીકાર કરેલ વડીલો દ્વારા, સનાતન ધર્મને વરેલ લોકોના હીતોની રક્ષા કરવા માટે જ આ સમાજની સ્થાપના કરવામાં આવી હતી.

આપણે ભુતકાળ જોઇશું તો જ્યારે જ્યારે સુધારાનો પવન આપણી જ્ઞાતિમાં ફુંકાયેલો છે ત્યારે ત્યારે તે સમયના યુવક મંડળોએ પ્રશંસનિય કામગીરી બજાવેલી તેના અસંખ્ય પૂરાવાઓ જેવા કે કરાચીની પરિષદો, મુંબઇની પરિષદો તેમજ કચ્છ ગામ વિરાણીની પરિષદોના પ્રકાશીત થયેલ અહેવાલોથી માહિતગાર થવાય છે.

શ્રી અખીલ ભારતિય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘના આપ વર્તમાન પ્રમુખ છો. આ યુવા સંઘની જ્યારે સ્થાપના થઇ ત્યારે તેના પાંચ ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ એ છે કે, આપણી જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર કરવો અને સનાતન ધર્મના પ્રચાર કાર્યમાં આપણી કેન્દ્રિય સમાજને દરેક રીતે મદદરૂપ થવું.

તા. ૨૩-૦૩-૧૯૨૬ના કરાચી મુકામે પૂ. નારાણજી બાપાના વખતમાં બોલાવવામાં આવેલ શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદમાં પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશો અને નિયમો પૈકી પહેલો ઉદ્દેશ અક્ષરશ રજુ કરવાનું મન થાય છે. અને તે નીચે પ્રમાણે હતો.

''આપણી સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવો અને કોઇ પણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે''.

તા. ૦૯-૧૦-૧૯૨૨ ને સોમવારના કરાચી મુકામે કચ્છ કડવા પાટીદાર પરિષદની બેઠકમાં પણ ૯મો ઠરાવ અક્ષરશ નીચે મુજબ પાસ કરવામાં આવેલ.

''આપણી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિથી આપણને તદ્દન અલગ બનાવી દેનાર અને આપણને સનાતન ધર્મથી વિમુખ કરનાર, ન હિન્દુ ન મુસલમાન એવા અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની પંથને લઇને હિન્દુપણામાંથી ટાળી દેનારા ઘણા રીત-રીવાજો આપણી જ્ઞાતિમાં દાખલ થતા આવ્યા છે. એટલા માટે આપણી જ્ઞાતિમાંથી એ પંથનો નાશ કરવાના દરેક ઉપાયો જલદી લેવાની જરૂર છે.જેથી આ સભા દરેક

...(૩)...

(૩)

જ્ઞાતિભાઇને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે પીરાણા પંથનો જલદી ત્યાગ કરવો અને કરાવવો તેમજ કોઇએ પીરાણાની અમી કે નૂરની ગોળી પીવી નહીં અને પીરાણાના દશોંદ-વિશોંદ જેવા કોઇ જાતના લાગા આપવા નહીં તેમજ પીરાણા સૈયદો, કિંવા કાકાઓ સાથે કોઇ પણ પ્રકારનો સંબંધ રાખવો નહીં અને તેમને આશ્રય આપવો નહીં તેમજ જ્ઞાતિમાંથી તેમનો પગ પેશારો જલદી બંધ થઇ જાય તેવા દરેક ઉપાયો યોજવા''.

શરૂઆતમાં સુધારાનો પવન વાવાઝોડાની ગતીથી ફુંકાણો અને એના થકી જ્ઞાતિની સારી એવી વસ્તી સમજદારીથી સનાતન ધર્મને અપનાવી હિન્દુત્વને પામી. જેના પરિણામે આજે આપણે સ્વમાન સાથે હિન્દુ સમાજમાં ગૌરવવંતુ જીવન પામ્યા. આ માટે આપણે આપણા આધ સુધારકોના ઋણથી બંધાયેલા જ છીએ. તેથી જ આપણી ફરજ બને છે કે તેમનું અધુરૂં રહેલ કાર્ય આપણે તાત્કાલીક પુરૂં કરવું અને આપણી સમસ્ત જ્ઞાતિ સનાતન ધર્મ ન અપનાવે ત્યાં સુધી આપણે સૌએ અવિરત પ્રયત્નશીલ જ રહેવું. અને અહીં જ આપ સૌ યુવાનોએ આમ કરવામાં કમર કસવાની રહે છે. જેમાં અમને આશા જ નહિં પણ દ્રઢ વિશ્વાસ છે કે આપ સમસ્ત ભારતના સનાતની યુવા ભાઇ-બહેનો જરા પણ ઉણા નહીં ઉતરો. આપણે નિષ્ઠાપૂર્વક આ કાર્ય માટે લાગી જવાનું છે. ઇશ્વર સફળતા અચૂક આપશે જ. ઉમિયા માતાજીના પણ આશીષ આપણા પર વરસે જ છે.યુવા ધન એ સમાજનો અનિવાર્ય પ્રાણ છે. આ કાર્ય માટે ખરા હૃદય પૂર્વકનો આ સમીતીને આપ સૌ યુવાઓનો સાથ છે જ એ અમારો અચળ વિશ્વાસ છે.

છેલ્લે સંક્ષેપે સતપંથી દ્વારા સતત થઇ રહેલ વિવિધ રીતની પજવણીની તેમજ કેન્દ્રિય સમાજની આ માટેની ઉદાસીનતા જેવી કપરી પળોમાં ઉપરોક્ત સમીતી, સનાતન સમાજના યુવા વર્ગ પાસેથી તેમના હાર્દિક સાથ-સહકારની આશા રાખે તે અસ્થાને ન જ કહેવાય. અને આમ કરવું શું યુવાનોની નૈતિક જવાબદારી નથી ? આપ સૌ યુવા ભાઇ-બહેનો સનાતન સમાજના અવિભાજ્ય અંગ છો. તો સનાતન સમાજીઓના ઉજ્જવળ ભાવીની અપેક્ષા સાથે આપ સૌના સહકારની નિશ્ચિંતતા સેવતા.

અસ્તુ...

શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતી સમીતી
વતી,
રમેશભાઇ માવજીભાઇ વાઘડીયા
R. M. Vaaghadiya
પત્ર વ્યવહારનુ સરનામું :
R. M. PATEL & Co.
Chartered Accountants,
350/1 Nayandahalli,
Mysore Road,
Bangalore-560 039.

નકલ રવાના :

(૧) શ્રી અ. ભા. કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ કેબીનેટ,
એક્ઝીક્યુટીવ અને ઝોનલ હોદ્દેદારો તથા સદસ્યો.

(૨) પ્રમુખ શ્રી, અ. ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ
વિદ્યાર્થી ભવન, નખત્રાણા.

(૩) ભારતભરના કચ્છ કડવા પાટીદાર સમાજના યુવક મંડળો.

દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ ઝોન દ્વારા તા. ૧૪.૧૨.૨૦૦૯ ના બોલાવેલ સામાન્ય સભાની મિનીટ તેમજ ઠરાવો

શ્રી લક્ષ્મીનારાયણાય નમઃ શ્રી સનાતન ધર્માય નામઃ

આહેવાલ સંકલન કર્તાઃ શ્રી રમેશભાઈ માવજી વાઘડીયા, બેંગલોર :

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-દક્ષીણ કર્ણાટક ઝોન અંતર્ગત સમગ્ર બેંગલોર કચ્છ કડવા પાટીદારોની આઠે સમાજોના હોદ્દેદારો, મોવડીઓ તેમજ કેન્દ્રીય સમાજના પ્રતિનીધીઓની એક સભા તા.૧૪.૧૨.૨૦૦૯ ને સોમવારના બપોર પછી ૩.૩૦ કલાકે શ્રી પાટીદાર પરિવાર સમાજના ભવન "શ્રી ઉમિયા ભવન", મૈસુર રોડ, બેંગલોર મધ્યે વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતના (કે.કે.સાહેબના) અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ.

સભાનું સંચાલન શ્રી દક્ષીણ કર્ણાટક ઝોનના મહામંત્રી શ્રી અર્જુનભાઈ હીરજી સાંખલાએ કર્યું હતું.

મહાનુભાવોને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યા પછી અર્જુનભાઈએ સભા બોલાવવાનો ઉદેશનું વિવરણ કર્યું હતું.

સભા બોલાવવાનો મુખ્ય હેતુ

સ્વર્ણિમમહોત્સવ ઉજવવા માટે ફંડ એકત્રિત કરવા હેતુ રૂપિયા ૨૫.૦૦ લાખની લોટરી ટીકીટો કેન્દ્રીય સમાજે આ સમાજને મોકલાવેલ છે, તેનું ૧૦% કમીશન કાપીને બાકીના રૂપિયા કેન્દ્રીય સમાજને મોકલાવવા. તો આનું વિતરણ સમાજમાં કેવી રીતે કરવું એની વિસ્તૃત ચર્ચા કરવા માટે આ સભા બોલાવવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ નીચે મુજબના મંતવ્યો આપ્યા હતા.

૧. બાબુલાલ વાલજી ભગત (કેન્દ્રીય સમાજના આમંત્રિત કારોબારી સદસ્ય)

ફંડ માટે આપણે જે કંઈ નિર્ણય લઈએ તે બધા ભેગા મળીને લઈએ. પણ તા.૧૫.૧૧.૨૦૦૯ ના હરિહર ભેગા થયા હતા ત્યારે સનાતાનીભાઈઓ ઉપર થતા ખોટા કોર્ટ કેસો અને કેન્દ્રીય સમાજની સનાતની સમાજ તરીકેની સાચી ઓળખ બાબત એક ટપાલ કેન્દ્રીય સમાજને લખી હતી, તેનો પ્રત્યુત્તર આજ દિવસ સુધી આપણને મળ્યો નથી. તેનો યોગ્ય જવાબ મળ્યા પછી જ સ્વર્ણિમમહોત્સવ માટે ફંડ ભેગું કરવા વિષે વિચારી શકાય.

૨. શ્રી શિવગણભાઈ વેલજી રામાણી (મૈસુર રોડ સમાજના પ્રમુખ)

આપણી દક્ષીણ કર્ણાટક ઝોન સમાજ જે ૧૮ સમાજોનું નેતૃત્વ કરે છે તેને ૧૫.૧૧.૨૦૦૯ ની સભામાં કેન્દ્રીય સમાજને સનાતની ભાઈઓના પ્રશ્નો અને ધર્મ બાબતે કેન્દ્રીય સમાજની સાચી ઓળખ શું છે તેની ટપાલ લખી હતી તેનો પ્રત્યુતર આવ્યા પછી જ ફંડ માટે વિચારશું.

૩. શ્રી દેવજીભાઈ હંસરાજ દીવાણી (ઝોન સમાજના પૂર્વ મહા મંત્રી)

તેઓએ જણાવેલ કે કેન્દ્રીય સમાજને આજે ૫૦ વરસ પૂરાં થવા જઈ રહ્યા છે ત્યારે કેન્દ્રીય સમાજને એક પ્રશ્ન પૂછવો જરૂરી છે કે તે સમાજની સ્થાપના વખતેના જે કંઈ ઉદ્દેશો અને હેતુઓ હતા તેનું સરખી રીતે પાલન ન થતું હોય તો કેન્દ્રીય સમાજ પ્રેરિત સ્વર્ણિમમહોત્સવ ઉજવવાનો સવાલ જ ઉભો થતો નથી. કેન્દ્રીય સમાજને જે કંઈ અગત્યના કામો કરવા છે તે મુકીને રમત ગમત જેવા ખર્ચાળ કાર્યક્રમો કરવાની કોઈજ જરૂરત રેહતી નથી. કેન્દ્રીય સમાજ અથવાતો કોઈ પણ સમાજના ખર્ચાઓ પરિણામલક્ષી હોવા જોઈએ. સમાજને આપણે લખેલ ટપાલનો જવાબ આવે પછી જ ફંડ માટે જે કંઈ નિર્ણય લેવો હોય તે લઈ શકાય.

૪. મણીલાલ ભીમજી પોકાર (બેંગલોર લાલબાગ સમાજના પ્રમુખ)

આપણે કેન્દ્રીય સમાજને બે વખત ટપાલો લખેલ છે. એક વખત બેંગલોરની દશે સમાજો મળીને અને બીજી વાર દક્ષીણ કર્ણાટક ઝોન સમાજના નેજા હેઠળ. પણ તેનો પ્રત્યુતર હજી આપણને મળ્યો નથી. આ પત્રોમાં બે મુદ્દા હતા એક સનાતની ભાઈઓ ઉપર સતપંથીઓ દ્વારા થયેલ કેસોનું બિનશરતી પાછા ખેંચાવવાનું અને બીજું કેન્દ્રીય સમાજની સનાતની સમાજ તરીકેની ઓળખનું સ્પષ્ટીકરણ. આનો જવાબ ન આવે ત્યાં સુધી ફંડ માટે વિચાર કરવો યોગ્ય નથી. લોટરીથી ભંડોળ એકત્રિત કરવું સમાજ માટે અશોભનીય છે. રૂ.૨૦/- વાળો મુંડિયા વેરો ભલે આપણે અત્યારે ભેગો કરીએ પણ અન્ય સમાજો આપે ત્યાર પછી જ આપણે આપશું. લોટરીથી નાણા ઉભા કરવાનો મતલબ એ છે કે કેન્દ્રીય સમાજને ભંડોળ એકઠું કરવામાં આત્મવિશ્વાસ નથી. નાણા ઉભા કરવાનો હેતુ જો યોગ્ય હોય તો ભંડોળની કોઈ કમી રહેતી નથી. આ પહેલા પણ આપણે ઉમા એજ્યુકેશન માટે બેંગલોરથી રૂપિયા ૪૨ લાખ ભેગા કરી દીધા હતા. પણ રમતગમત માટે ફંડ આપવાની આપણને કોઈ જ જરૂરત નથી.

૫. ગોપાલભાઈ વીરજી પોકાર (બેંગલોર પીન્યા સમાજના પ્રમુખ)

કેન્દ્રીય સમાજને ૫૦ વરસ પુરા થતા હોવાથી સમાજનો સાચો ઈતિહાસ યુવાનોને બતાવવો જોઈએ. તે બતાવવાની જવાબદારી સમાજના આજના સુકાનીઓની છે. તોજ સાચો સ્વર્ણિમમહોત્સવ ઉજવ્યો ગણાશે. તેમકરવામાં આટલા મોટા ભંડોળની ક્યાં જરૂરત પડે છે? કેન્દ્રીય સમાજમાં જુના વિદ્યાર્થીઓના રેકોર્ડ્સનું જતન થતું નથી. જુના વિદ્યાર્થીઓ દ્વારા ફંડ ઉભું કરવામાં આવ્યું છે તેમાં બની બેઠેલા નેતાઓના જ પૈસા પહોંચતા નથી. અત્રે અહી બેઠેલા આપણી સમાજના પ્રતિનિધિઓ ફક્ત કેન્દ્રીય સમાજના એજન્ટ થઈને પૈસા ઉઘરવાવાનું જ કામકરતા હોય તે યોગ્ય નથી. મુંડિયા વેરા બાબતમાં અમોને સમાચાર મળ્યા છે તે મુજબ ફક્ત ૨૦% સમાજો જ મુંડીયાવેરો આપે છે. જ્યાં સુધી બધી સમાજો મુંડિયાવેરો ન આપે ત્યાં સુધી આપણા પ્રતિનિધીઓએ પણ આવા મુંડિયાવેરા ત્યાં પહોંચાડવાની જરૂરત રહેતી નથી.

૬. શ્રી ધનજી મનજી છાભૈયા (કેન્દ્રીય સમાજના પ્રતિનિધિ)

લોટરી સીસ્ટમથી નાણા ભેગા કરવાનો નિર્ણય ભલે આપણને પસંદ ન હોય પણ તે નિર્ણય નાણાસમિતિના કન્વીનરનો છે અને કેન્દ્રીય સમાજે તેને માન્યતા આપી છે. બાકી અત્રે ઉપસ્થિત દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાનો હક્ક છે અને તે પછી આપણે જે કંઈ નિર્ણય લેશું તે સર્વ માન્ય ગણાશે.

૭. રમેશભાઈ માવજી વાગડિયા (મૈસુર રોડ પાટીદાર સમાજના મહામંત્રી)

ઉપસ્થિત સભાજનોએ રમેશભાઈને પૂછ્યું હતું કે ઉમા દર્પણના ડીસેમ્બર, ૨૦૦૯ ના અંકમાં અ.ભા.ક.ક. પાટીદાર સમાજ ગઠિત સમાધાન સમિતિનું જ્ઞાતિ જોગ નમ્ર નિવેદન આપવામાં આવ્યું છે તે પ્રમાણે કેન્દ્રીય સમાજ અને સનાતન ધર્મ જાગૃતિ સમિતી વચ્ચે સર્વ પ્રકારનું સમાધાન થઈ ગયું છે એવું જણાવવામાં આવ્યું છે. તો શું ખરેખર આવું સમાધાન થયું છે? ત્યારે રમેશભાઈ વગડીયાએ સભાને જણાવ્યું હતું કે કેન્દ્રીય સમાજની સમાધાન સમિતી અને સનાતન ધર્મ જાગૃતિ વચ્ચે તા.૧૧.૧૧.૨૦૦૯ ના દિવસે થયેલ વાર્તાલાપમાં કોઈજ પ્રકારનું સમાધાન થયું નથી. સમાધાન સમિતિના અધ્યક્ષ શિવદાસ ગોવિંદ છાભૈયા ખોટાડા છે અને તે નિવેદન સમાજના જ્ઞાતિજનો ને ગેરમાર્ગે દોરવા માટે આપેલ છે. ઉમા દર્પણમાં તેનો યોગ્ય ઉત્તર પણ મેં આપ્યો છે તે વાંચી જવાનું હું સભાજનોને અનુરોધ કરું છું.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સભ્યોએ તા. ૭.૦૮.૨૦૦૯ ની કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં જે વ્યવસ્થિત રજુઆતો કરી હતી તેમાં બાવા ઈમામશાહના નામે ઉભા થતા કહેવાતા મંદિરોને પ્રોત્સાહન આપવા કેન્દ્રીય સમાજના સુકાનીઓને

કાર્યક્રમાં હાજરી આપવાની કોઈ જરૂરત હોતી નથી. કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખોએ આવું કામહરગીજ કર્યું નથી. છતાં પણ સમાજના અમુક સુકાનીઓ ત્યાં ગયા તેઓ સમાજની રીતીરીવાજોની કલમનં.૧૮ અન્વયે ગુન્હેગાર ઠરે છે. એવો ખુલ્લો આરોપ અમે (સનાતન ધર્મ જાગૃતિએ) તે સર્વે સુકાનીઓ ઉપર મુક્યો હતો. તેવા ગુન્હેગાર સુકાનીઓમાં એક હતા સમાજના વરિષ્ઠ ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયા. તે આરોપના અને સનાતાની ભાઈઓ ઉપર થયેલ કેસોના સમાધાન માટે નિમાયેલ સમાધાન સમિતિના અધ્યક્ષ જો ગુન્હેગાર એવા શિવદાસ ગોવિંદ ને જ બનાવવામાં આવતા હોય તો તે કેવો ન્યાય આપી શકે? તે એક ગહન વાત છે. સનાતાન ધર્મ જાગૃતિની માંગ એવી છે કે સનાતની ભાઈઓ ઉપર થયેલ તમામકોર્ટ કેસો બીનશરતે પાછા ખેંચાવવા અને કેન્દ્રીય સમાજને તેની સનાતની સમાજ તરીકેની સાચી ઓળખ પાછી અપાવવાની. આ બે મુખ્ય મુદ્દાઓ ઉપર સમાજની કહેવાતી સમાધાન સમિતિએ કોઈ પ્રકારનું સમાધાન અથવાતો ન્યાય આપ્યો નથી.

રમેશભાઈ વાઘડિયાએ વધુમાં કહ્યું હતું કે જ્ઞાતિમાં સામાજિક અથવા તો ધાર્મિક બાબતે થતા મતભેદો કેન્દ્રીય સમાજ દ્વારા રચિત ન્યાય સમિતી હાલ કાર્યરત છે જ. તો જ્યાં આવું માળખું તૈયાર હોય પછી નવી સમાધાન સમિતિ રચવાનો પ્રશ્ન જ ક્યાં આવે છે? એટલુજ નહિ, પીઢ વડીલ શ્રી કરસનભાઈ લધા દીવાણીના અધ્યક્ષ પદે બનેલ સમાજની ન્યાય સમિતીના સભ્યોને તો આ સમાધાન સમિતિમાં આવરી લેવા જોઈએ કે નહિ? રમેશભાઈ વાઘડીયાએ સભાજનોને પ્રશ્ન કર્યો કે શ્રી કરસનભાઈ લાધા દીવાણીના અધ્યક્ષ વાળી ન્યાય સમિતી શું ફક્ત છુટાછેડા વાળી સમિતી છે? તે સમિતિને શું ધાર્મિક પ્રશ્નો ઉકેલતા જ નથી આવડતા? અંગ્રેજીમાં કહ્યું તો

"THIS IS NOTHING BUT A CASE OF SAMAAJ'S HEIGHT OF INTELLECTUAL INSOLVENCY AND IT IS A SHAMFUL ACT ON THE PART OF KENDRIY SAMAAJ TO TREAT MEMBERS OF NYAAY SAMITI AS MERE DIRT"

૮. સભા અધ્યક્ષ મહોદય મુરબ્બી શ્રી કેશવલાલ કાનજી ભગતનું સમાપન ભાષણઃ

અંતમાં અધ્યક્ષ મહોદયે જણાવેલ કે આજે બધાએ અત્રે ભેગા થઈને પોત પોતાના વિચારો આપી જે ઊંડાણથી ચર્ચાઓ કરી તેના આધારે હું આ સભાને અનુરોધ કરું છું કે નીચે પ્રમાણે ના ઠરાવો પસાર કરી કેન્દ્રીય સમાજના અત્રે ઉપસ્થિત પ્રતિનિધીઓને ઠરાવોની પ્રતો આપી કેન્દ્રીય સમાજને વહેલી તકે પહોંચતી કરે. કેન્દ્રીય સમાજના પ્રતિનિધિઓમાં શ્રી ધનજી મનજી છાભૈયા (પીન્યા), શ્રી બાબુલાલ વાલજી ભગત (મૈસુર રોડ), શ્રી અર્જુનભાઈ હીરજી સાંખલા (મંડ્યા) અને શ્રી ખીમજી પ્રેમજી પોકાર (નેલમંગલા) આ સભમાં ઉપસ્થિત હતા.

ઠરાવો :

૧) દક્ષીણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજે તા.૧૫.૧૧.૨૦૦૯ ની સામાન્ય સભામાં લીધેલ નિર્ણયો પ્રમાણે કેન્દ્રીય સમાજને સનાતની ભાઈઓ ઉપર થયેલા કોર્ટ કેસો અને કેન્દ્રીય સમાજની સ્થાપનાના મુખ્ય ઉદ્દેશો તથા હેતુઓ બાબતે એક પત્ર લખ્યો હતો. તેનો પ્રત્યુત્તર કેન્દ્રીય સમાજે આજ દિવસ સુધી આપ્યો નથી. એટલા માટે જ્યાં સુધી સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથી ભાઈઓ દ્વારા થયેલ ભારતભરના તમામકોર્ટ કેસો પાછા ખેંચવામાં નહિ આવે ત્યાં સુધી સ્વર્ણિમમહોત્સવ બાબત ઉભા કરાતા ફંડમાં આ સમાજ દ્વારા ફંડ બાબત કોઈ વિચારણા કરવામાં આવશે નહિ.

૨) સમાજમાં કોઈ પણ ભંડોળ એકત્રિત કરવું હોય તો ભાવનાત્મક દષ્ટિકોણ રાખીને કરવું જોઈએ, જે કેન્દ્રીય સમાજના ઈતિહાસમાં આથી પહેલા થતું આવ્યું છે. એટલા માટે લોટરી સીસ્ટમથી કેન્દ્રીય સમાજમાં ઉભા થતા નાણા ભંડોળને આ સભા સખતાઈથી વખોડી કાઢે છે અને તેનો અત્રે વિરોધ કરે છે.

૩) અત્યાર સુધી શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર ઝોન સમાજની લગભગ તમામઘટક સમાજો કેન્દ્રીય સમાજને રૂપિયા ૨૦/- નો મુંડિયાવેરો સમયસર આપતી આવી છે. પણ હવે પછી આ સભામાં આ સમાજ, એ ઠરાવ પસાર કરે છે કે આ મુંડિયાવેરો ઉઘરાવીને આપણા પ્રતિનિધિઓ પાસે જ રાખવો અને કેન્દ્રીય સમાજને ત્યારેજ પહોંચતો કરવો, જ્યારે ભારતભરની તમામસમાજો આવા વેરા પહોંચતા કરે.

૪) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વર્ષ પહેલાં જ્ઞાતિ સુધારક વડીલોએ કે જેઓએ પીરાણા સતપંથ ધર્મને સદાયને માટે ત્યાગીને સનાતન ધર્મનો પુનઃ અંગીકાર કરેલ એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી. તો તે સમાજના મૂળભૂત ઉદ્દેશો, હેતુઓ અને સંદર્ભો બાબત કેન્દ્રીય સમાજ એક શ્વેતપત્ર બહાર પાડીને પોતાનું સનાતની સમાજ તરીકેનું વલણ સ્પષ્ટ કરે અને તેવી બાબતોથી આ સ્વર્ણિમમહોત્સવની ઉજવણી નિમિત્તે ગામેગામજઈને યુવાન ભાઈ-બહેનોને સમાજના અને જ્ઞાતિના સાચા ઈતિહાસથી વાકેફ કરે. તો જ સમાજનો સ્વર્ણિમમહોત્સવ સાચા અર્થમાં ઉજવ્યો ગણાશે. માટે આ સભા કેન્દ્રીય સમાજને નમ્ર વિનંતી સાથે અનુરોધ કરે છે કે આપણી ભાવી પેઢી એટલે કે યુવાન ભાઈ-બહેનોને આપણી હાલની કેન્દ્રીય સમાજના સાચા ઈતિહાસથી માહિતગાર કરે.

ઉપરોક્ત સભાની કાર્યવાહી તેમજ સર્વાનુમતે પસાર કરેલ ઠરાવોને માન્યતા આપતાં સભા અધ્યક્ષ તેમજ અન્ય મહાનુભાવોએ નીચે જણાવ્યા પ્રમાણે પોતાના હસ્તાક્ષર કરીને મંજુરી આપેલઃ

૧)	સભા અધ્યક્ષ શ્રી કેશવલાલ કાનજી ભગત	સહી/-
૨)	મૈસુર રોડ સમાજના પ્રમુખ શ્રી શિવગણ વે. રામાણી	સહી/-
૩)	લાલબાગ સમાજના પ્રમુખ મણીલાલ ભીમજી પોકાર	સહી/-
૪)	કેન્દ્રીય સમાજના કારોબારી સભ્ય બાબુલાલ વી. ભગત	સહી/-
૫)	દક્ષીણ કર્ણાટક સમાજના પૂર્વ મંત્રી દેવજી એચ. દીવાણી	સહી/-
૬)	મૈસુર રોડ સમાજ કારોબારી સભ્ય રતનશી ડી. પોકાર	સહી/-
૭)	પીન્યા પાટીદાર સમાજના પ્રમુખ ગોપાલભાઈ વી. પોકાર	સહી/-
૮)	કેન્દ્રીય સમાજના કારોબારી સભ્ય શ્રી ધનજી મનજી છાભૈયા	સહી/-

દક્ષીણ કર્ણાટક સમાજનો કેન્દ્રીય સમાજને લખેલ પત્ર અને ઠરાવોની નકલ

"નિસ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" || શ્રી ઉમિયાયે નમઃ || "વિના સહકાર, નહીં ઉદ્ધાર"

Shri Dakshin Karnataka Patidar Samaj

શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

" SRI UMIYA BHAVAN " # 980, Service Road, R.P.C. Layout, Vijayanagar, 2nd Stage, Bangalore - 560 040. ☎: 23301556

Hon. President : Nanji Bhai Valji Limbani, Mysore Road, B'lore
(O) 26745490 (R) 23351414 (M) : 9448495050

Gen. Secretary : Arjun Bhai Hirji Sankhala, Mandya Bangalore
(O) 28483527 (R) 9480447448 (M) : 9448273375

Head Treasurer : Chiman Bhai Nanji Limbani, Mysore Road, B'lore.
(O) 26747755 (R) 23507136 (M) : 9448458755

Imm. Past President : Keshavalal Bhai Virji Pokar, Peenya
(O) 28391232 (R) 28370557 (M) 9448270308

Vice President : Khimji Premji Pokar, Nelamangala
(O) 27722110 (R) 27723390 (M) 9844156643

Secretary : Manilal Bhimji Limbani, Yalahanka
(O) 28460339 (R) 28460221 (M) 9341257157

Treasurer : Vasant Bhai Keshavlal Gorani, Udupi
(O/R) 0820-2529608 (M) 9845230301

Auditor : Purushotham Devji Bathani, Davanagere
(O) 275088 (M) 9845277088

Imm. Past Gen. Secretary : Dhanji Bhai Manji Chhabhaiya, Peenya
(O)28395043,28396120(R)28396238(M) 9900181865

Committee Member

Ex. General Secretary :
Manjunath Valji Rudani, Harihara
(O) 242225 (R)241325 (M) 9448451325
Dinesh Bhai Shivji Chhabhaiya, Davanagere
(O) 255435 (R) 255995 (M) 9448754140
Ramesh Bhai Hansraj Pokar, Mandya
(O) 225530 (R)227254 (M) 9448316773
Babu Bhai Jivraj Ramani , Ramanagar
(O) 27273922 (R) 27271727
Chandulal Velji Sankhala, Mysore
(O)0[illegible]-2482859 (R) 2482050 (M) 9845122050
Gop[illegible] [illegible]vji Sankhala, Mysore
(O) 2495931 (R) 2495755 (M) 9448271755
Lalji Dana Jabvani, Rajajinagar
(O)23377632 (R) 23472025 (M) 9448305048
Parbat Devji Sankhala, Rajajinagar
(O)23288370 (R)9900168732, (M) 9448352021
Jitendra Ratansi Pokar, Magadi
(O)080-7745578(R)77455178(M)9448085278
Nathu Dana Vasani, Lalbag
(O)26587981 (R) 26683323 (M) 9844123320
Premji Harji Chhabhaiya, Lalbag
(O)28523017(R)51119753 (M)9341218578
Pursotham Manji Ravani, K.R. Puram
(O)25612958 (R)9845932201 (M) 9740085111
Ramesh Kheta Pokar, K.R. Puram
(O)25650993 (R) 25424814 (M) 9844011345
Veerji Naran Bhavani, Doddabalapur
(O)080-27624226 (R)27689577 (M)9448761808
Vishram Shivdas Bhagat, Nelamangla
(O) 27723644(R)27722633 (M) 9341238543
Dinesh Keshra Limbani, Indiranagar
(O)25367836 (R)25294357 (M) 9449863351
Jhet[illegible] Bhimji Limbani, Indiranagar
(O)256[illegible]1544(R) 65681545 (M) 9845120544
Somji Megji Nathani, Udupi
(O)0820-2528231 (R)2524541 (M)9448138231
Shivdas Mulji Ravani, Bhadravathi, Maddur
(O)08282-263601 (M) 9448146491
Khimji Shivji Limbani, Hassan
(O) 08172-256470 (R)256493 (M)9980435906
Somji Jivraj Pokar, Kolar
(O.R.) 08152-240288 (M) 9448185388
Kanthilal Nanji Pokar, Mulbagalu
(O)08152-242453 (R)242653 (M) 9449259458
Hirji Daiya Chhabhaiya, Tumkur
(O) 0816-2281363 (R)2280195 (M) 9448370195
Lakhamsi Dhanji Ravani, Gubbi
(O) 08131-222742 (R)222853 (M) 9964096572
Karsan Premji Pokar, Peenya, Bangalore
(O)41170026 (R) 28396645 (M) 9945535121
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore
(O) 28396532 (R) 28391898 (M) 9448386532
Kantilal Pachan Vadiya, Hiriyur
(O)08193-227239(R)228729 (M) 9448194777
Kishor Ratansi Gorani, Holalkere
(O)08191-275142 (R)275942 (M) 9448485056
Lakhamsi Raja Diwani, Yalahanka
(O) 23636633 (R) 28560983 (M)9845290603
Ravilal Lakhamsi Ramani, Yalahanka
(O) 23636911 (R)23543446 (M) 9448385109

सत्यमेव जयते

Ref No. Date : તા. ૧૫-૧૨-૨૦૦૯

પ્રતિ,

શ્રી...

|| શ્રી લક્ષ્મીનારાયણ નમઃ ||

||શ્રી સનાતન ધર્માય નમઃ ||

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ દક્ષિણ કર્ણાટક ઝોન અંતર્ગત સમગ્ર બેંગલોર કચ્છ કડવા પાટીદારની ૮ એ સમજોના હોદ્દેદારો તેમજ મોવડીઓની તથા કેન્દ્રીય સમાજના પ્રતિનિધીઓની એક સભા તા. ૧૪.૧૨.૨૦૦૯ ને સોમવારના બપોર પછી ૩:૩૦ કલાકે, શ્રી પાટીદાર પરિવાર સમાજ ના ભવન 'શ્રી ઉમિયા ભવન', મૈસુર રોડ, બેંગલોર મધ્યે વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગત ના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ.

સભાનું સંચાલન શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજના હાલના મહામંત્રી શ્રી સર્જુનભાઈ સાંખલા એ કરેલ. સર્વ પ્રથમ દરેક સમાજના પ્રમુખોને અને મોવડીઓને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવેલ. ત્યાર પછી ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તેમજ શ્રી ઉમિયા માતાજીનું સ્મરણ કરી જય ઘોષ બોલાવી આજની સભા બોલાવવાના હેતુનું વિવરણ અર્જુનભાઈ દ્વારા કરવામાં આવેલ.

આજની સભા બોલાવવાનો મુખ્ય હેતુ :

શ્રીમાન અર્જુનભાઈ સાંખલાએ વિસ્તરથી જણાવેલ કે અ.ભા.ક.ક.પાટીદાર સમજ, નખત્રાણા થી આગામી સ્વર્ણીય મહોત્સવ ઉજવવાના હેતુસર ફંડ ભેગું કરવા માટે લોટરીઓની ટીકીટો (રૂા. ૨૫ લાખ) ની આપણી સમાજને મોકલાવેલ તેનું વિતરણ કેમ કરવું અને ફંડ રૂા. ૨૫ લાખ કેમ ભેગાં કરવા તે બાબતના નિર્ણય લેવા માટે આપણી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજની કરોડરજ્જુ સમાન બેંગલોરની આઠે સમાજોના હોદ્દેદારો તેમજ મોવડીઓની એક સામાન્ય સભા આજે બોલાવવામાં આવેલ છે. તો આજના આ વિષય પર ચર્ચા કરી ઠરાવ પાસ કરવામાં આવે તે સમગ્ર શ્રી કચ્છ કડવા પાટીદાર -દક્ષિણ કર્ણાટક સમાજની અઢારે અઢાર સમાજોને માન્ય હશે અને તે પ્રમાણેનો જે કાંઈ નિર્ણય અને ઠરાવો શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ, નખત્રાણા ને મોકલવામાં આવે તેવું નક્કી કરવામાં આવશે. આ વિષય પર ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના મંતવ્યો નીચે મુજબ જણાવ્યા હતાં.

૧. શ્રીમાન બાબુલાલ વાલજી ભગત –શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજના આમંત્રીત કારોબારી સદસ્ય :

તેમનું મંતવ્ય આપતાં જણાવેલ કે કેન્દ્રીય સમાજ તરફથી જે રૂા. ૨૫ લાખની લોટરી ટીકીટો આપેલ તે ફંડને ભેગું કરવા માટે અર્જુનભાઈ સહિત ૭-૮ ભાઈઓનું જુથ મારી ઓફીસમાં તા. ૮-૧૨-૨૦૦૯ ના ભેગું થયેલ. તેમાં નિર્ણય લીધો કે શ્રી ક.ક. પાટીદાર દક્ષિણ કર્ણાટક ઝોનની કરોડરજ્જુ સમાન બેંગલોરની આઠે સમાજો ભેગી થઈને જે નિર્ણય લેશું તે કેન્દ્રીય સમાજને જણાવી આપશું. તો મારા મત મુજબ આપણે જે તા. ૧૫-૧૧-૨૦૦૯ ના હરીહર મુકામે ભેગા થઈને કેન્દ્રીય સમાજને જે ટપાલ લખી હતી તેનો પ્રત્યુત્તર આજ દિવસ સુધી આપણને મળ્યો નથી. તેનો જવાબ મળ્યા પછી જ આ ફંડ ભેગું કરવા માટેના વિચારો આપણે કરી શકીએ.

૨. શ્રી શિવગણ વેલજી રામાણી :

બેંગલોર મૈસુર રોડ સમાજના પ્રમુખશ્રી એ પોતાનું મંતવ્ય આપતાં જણાવેલ કે આપણી શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજ જે ૧૮ સમાજોનું નેતૃત્વ કરે છે, તે ૧૫-૧૧-૨૦૦૯ ની વાર્ષીક સભામાં નિર્ણય લેવાણો હતો અને જે ટપાલ સનાતની ભાઈઓના પ્રશ્નો બાબતમાં તેમજ કેન્દ્રીય સમાજની સાચી સનાતની ઓળખ

૧

"સમાજે આપણા માટે શું કર્યું છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું છે, અને શું કરવું જોઈએ, તે વિચારીએ."

"નિસ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" ॥ શ્રી ઉમિયાયે નમઃ ॥ "વિના સહકાર, નહીં ઉદ્ધાર"

Shri Dakshin Karnataka Patidar Samaj

શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

" SRI UMIYA BHAVAN " # 980, Service Road, R.P.C. Layout, Vijayanagar, 2nd Stage, Bangalore - 560 040. ☎: 23301556

Hon. President : Nanji Bhai Valji Limbani, Mysore Road, B'lore
(O) 26745490 (R) 23351414 (M) : 9448495050

Gen. Secretary : Arjun Bhai Hirji Sankhala, Mandya Bangalore
(O) 28483527 (R) 9480447448 (M) : 9448273375

Head Treasurer : Chiman Bhai Nanji Limbani, Mysore Road, B'lore.
(O) 26747755 (R) 23507136 (M) : 9448458755

Imm. Past President : Keshavalal Bhai Virji Pokar, Peenya
(O) 28391232 (R) 28370557 (M) 9448270308

Vice President : Khimji Premji Pokar, Nelamangala
(O) 27722110 (R) 27723390 (M) 9844156643

Secretary : Manilal Bhimji Limbani, Yalahanka
(O) 28460339 (R) 28460221 (M) 9341257157

Treasurer : Vasant Bhai Keshavlal Gorani, Udupi
(O/R) 0820-2529608 (M) 9845230301

Auditor : Purushotham Devji Bathani, Davanagere
(O) 275088 (M) 9845277088

Imm. Past Gen. Secretary : Dhanji Bhai Manji Chhabhaiya, Peenya
(O)28395043,28396120(R)28396238(M) 9900181865

Committee Member

Ex. General Secretary :
Manjunath Valji Rudani, Harihara
(O) 242225 (R)241325 (M) 9448451325
Dinesh Bhai Shivji Chhabhaiya, Davanagere
(O) 255435 (R) 255995 (M) 9448754140
Ramesh Bhai Hansraj Pokar, Mandya
(O) 225530 (R)227254 (M) 9448316773
Babu Bhai Jivraj Ramani , Ramanagar
(O) 27273922 (R) 27271727
Chandulal Velji Sankhala, Mysore
(O)08[illegible]2482859 (R) 2482050 (M) 9845122050
Gop[illegible]vji Sankhala, Mysore
(O) 2495931 (R) 2495755 (M) 9448271755
Lalji Dana Jabvani, Rajajinagar
(O)23377632 (R) 23472025 (M) 9448305048
Parbat Devji Sankhala, Rajajinagar
(O)23288370 (R)9900168732, (M) 9448352021
Jitendra Ratansi Pokar, Magadi
(O)080-7745578(R)77455178(M)9448085278
Nathu Dana Vasani, Lalbag
(O)26587981 (R) 26683323 (M) 9844123320
Premji Harji Chhabhaiya, Lalbag
(O)28523017(R)51119753 (M)9341218578
Pursotham Manji Ravani, K.R. Puram
(O)25612958 (R)9845932201 (M) 9740085111
Ramesh Kheta Pokar, K.R. Puram
(O)25650993 (R) 25424814 (M) 9844011345
Veerji Naran Bhavani, Doddabalapur
(O)080-27624226 (R)27689577 (M)9448761808
Vishram Shivdas Bhagat, Nelamangla
(O) 27723644(R)27722633 (M) 9341238543
Dinesh Keshra Limbani, Indiranagar
(O)25367836 (R)25294357 (M) 9449863351
Jheth[illegible] Bhimji Limbani, Indiranagar
(O)256[illegible]1544(R) 65681545 (M) 9845120544
Somji Megji Nathani, Udupi
(O)0820-2528231 (R)2524541 (M)9448138231
Shivdas Mulji Ravani, Bhadravathi, Maddur
(O)08282-263601 (M) 9448146491
Khimji Shivji Limbani, Hassan
(O) 08172-256470 (R)256493 (M)9980435906
Somji Jivraj Pokar, Kolar
(O.R.) 08152-240288 (M) 9448185388
Kanthilal Nanji Pokar, Mulbagalu
(O)08152-242453 (R)242653 (M) 9449259458
Hirji Daiya Chhabhaiya, Tumkur
(O) 0816-2281363 (R)2280195 (M) 9448370195
Lakhamsi Dhanji Ravani, Gubbi
(O) 08131-222742 (R)222853 (M) 9964096572
Karsan Premji Pokar, Peenya, Bangalore
(O)41170026 (R) 28396645 (M) 9945535121
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore
(O) 28396532 (R) 28391898 (M) 9448386532
Kantilal Pachan Vadiya, Hiriyur
(O)08193-227239(R)228729 (M) 9448194777
Kishor Ratansi Gorani, Holalkere
(O)08191-275142 (R)275942 (M) 9448485056
Lakhamsi Raja Diwani, Yalahanka
(O) 23636633 (R) 28560983 (M)9845290603
Ravilal Lakhamsi Ramani, Yalahanka
(O) 23636911 (R)23543446 (M) 9448385109

सत्यमेव जयते

Ref No. Date :................................

બાબતમાં લખાયેલ હતી. તેનો પ્રત્યુત્તર આપણને આજ દિવસ સુધી મળ્યો નથી. જ્યાં સુધી કેન્દ્રીય સમાજ તરફથી યોગ્ય પ્રત્યુત્તર આપણને ન મળે ત્યાં સુધી આપણને લોટરી મારફત અથવા તો અન્ય ભંડોળ કેન્દ્રીય સમાજને આપવાની જરૂરત દેખાતી નથી.

૩. શ્રી દેવજીભાઈ હંસરાજ દિવાણી :

હિંમતભાઈએ મહિલાઓને પ્રાર્થના પૂર્વક જણાવેલ કે ગુરૂ બનાવતાં પહેલાં, ગુરુ પાસે કંઠી બંધાવતાં પહેલાં સતર્કતા રાખવી ખુબજ જરૂરી છે. પહેલાંની જેમપાછા ખોટા વ્યક્તિની જાપટમાં ન આવી જઈએ તેનું ધ્યાન રાખવું જરૂરી છે. આ પહેલાં પણ જ્ઞાતિએ ઈમામશાહ પીરને ગુરૂ બનાવીને આજ દિવસ સુધી તેના માઠા પરિણામો ભોગવી રહી છે.

સભાજનોને હિંમતભાઈએ અશ્રુભીની આંખે, અત્યંત ભાવુક હૃદયે કરબધ્ધ પ્રાર્થના કરી હતી કે હવે સનાતન ધર્મ બાબતે કેન્દ્રીય સમાજમાં આપણે બધાને જાગૃત થવું પડશે. કેન્દ્રીય સમાજની આજની નેતાગીરીને બતાવી દેવું પડશે કે આ સમાજની સ્થાપના સનાતની વડીલોએ, સનાતની ભાઈઓની રક્ષા માટે જ બનાવી છે તેથી સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવી કેન્દ્રીય સમાજના આજના ધુરીણોની ફરજ બને છે.

૪. શ્રી ડાહ્યાભાઈ જીવરાજ ગોરાણી, મોડાસા

તેમણે સતપંથના ભાઈઓ દ્વારા સનાતની ભાઈઓ ઉપર ખોટા કોર્ટ કેસો કરીને અપાતા ત્રાસ અને કનડગત તરફ ધ્યાન દોર્યું હતું. કેન્દ્રીય સમાજની આજની મવાળ અને બેધારી નીતિઓ ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો.

૫. શ્રી પુનમભાઈ ધોળુ, મોડાસા

તેમના મંતવ્યો આપતાં સભાજનો નું ધ્યાન દોરેલ કે કેન્દ્રીય સમાજના આજના સુકાનીઓને સનાતન શબ્દ સાથે શા માટે આટલી બધી ચીડ છે? તા. ૪.૦૮.૨૦૦૯ ના સનાતની ભાઈઓ તરફથી કેન્દ્રીય સમાજને અપાયેલ પત્ર પછી જે કાંઈ સનાતન

ધર્મ બાબતે જાગૃતિનો જુવાળ ઉભો થયો છે તેની પાછાળ દૈવી સંકેત છે. કુળદેવી ઉમિયા માતાજી અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના આપણા ઉપર સંપૂર્ણ આશીર્વાદ છે. અને આપણે (ધર્મ જાગૃતિ સમિતિએ) અત્રે ઉપાડેલા કાર્યમાં ઈશ્વર આપણને સંપૂર્ણ મદદ કરશે.

૬. અમૃતભાઈ મુળજી ગોરાણી, ઉડીપી

પોતાના મંતવ્યો આપતાં જણાવેલ કે આદ્ય સુધારક નારાયણજી રામજી લીબાણી સાથે ૧૬ જણાએ પહેલવેલી દેહ શુધ્ધિ કરાવેલ તેમાં રવાપરના મારા નાનાબાપા શ્રી લાલજી સોમજી નાકરાણી પણ હતા. મને કહેતાં ગર્વ થાય છે કે આપણી કચ્છ કડવા પાટીદાર નાતમાં તે સમયે પહેલ-વેલા ચોરીમાં લગ્ન જો થયાં હોય તો તે મારા બાપુજીનાં થયાં હતાં. તે સમયે લગ્ન જગ્યાંમાં (જ્યોતિ ધામમાં) સતપંથના મુખી કરાવતા. આજે સનાતન ધર્મ બાબતે કેન્દ્રીય સમાજની નેતાગીરી નમાલી પડતી હોય તો તેઓને આપણે ચોખ્ખા શબ્દોમાં જણાવી દેવું જોઈએ.

૭. યુવાસંઘનાઁ ઈ યુવાન ભાઈ શ્રી વિઠ્ઠલભાઈ માવાણી, મુંબઈ

તેઓએ તેમની પ્રતિક્રિયાઓ આપતાં જણાવેલ કે હું નાનો હતો ત્યારે લોકોને ફક્ત સનાતન ધર્મની જય બોલાવતાં સાંભળેલી, પણ આજે હિંમતભાઈ, રમેશભાઈ અને પ્રેમજીભાઈના ભાષણો સાંભળીને સનાતન ધર્મનો સાચો અર્થ સમજી શક્યો છું. મારા એક મિત્ર નવીનને સતપંથ નામની જડ શું છે તેની ખબર જ નથી. અમોને અત્યારે યુવાસંઘના ૨૦/૨૦ ના મિશનથી સમાજને ક્યાં લઈ જવી છે તેના વિઝનમાં સનાતન ધર્મના વિષયનો પણ સમાવેશ કરવો પડશે એમલાગે છે. તેનો સમાવેશ કેમઅને કઈ રીતે કરવો તે અમે હિંમતભાઈ અને રમેશભાઈને સાથે રાખીને સમજી લેશું.

૮. શ્રી નવીનભાઈ, કામોઠી (આન્ધ્ર પ્રદેશ યુવાસંઘના મહામંત્રી)

સનાતનીનો દીકરો છું. સૌ પ્રથમસનાતન ધર્મની જય બોલાવીશ. અને તેને સનાતન ધર્મની જય બોલાવીને પોતાના વિચારો આપતાં કહ્યું હતું કે સતપંથ શું છે તેની મને આજે ખબર પડી. આજે કેન્દ્રીય સમાજની દિશાશૂન્ય નીતિઓને કારણે સતપંથીઓ સાથે સગપણો બંધાઈ ગયાંછે તેનું શું થશે? પરિવર્તન લાવવું જરૂરી છે. યુવાસંઘને થોડો સમય આપો, અમે પરિવર્તન જરૂર લઈ આવશું.

૯. તેજાલાલ દેવજી લીબાણી, (મથલ-હૈદરાબાદ)

આ સભાના આયોજન બાબત પ્રતિક્રિયા આપતાં જણાવેલ કે હિંમતભાઈ અને રમેશભાઈ આજે જે કંઈ બોલ્યા છે તે સત્ય જ છે. તેને પ્રમાણ પત્રની જરૂર નથી. આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે તેનો મોટામાં મોટો પુરાવો જો હોય તો તે છે કે કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં બેસાડવામાં આવેલ પૂજ્ય નારાયણજી બાપાનું બાવલું. આજે બેંગલોર થી રમેશભાઈ વાઘડીયા અહી હાજર છે, તેમના દાદા શ્રી રતનશી બાપા કચ્છમાં જ્યાં જ્યાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ની પ્રાણપ્રતિષ્ઠાઓ થતી ત્યાં ભીતો ઉપર ચડીને છડી પોકારતા, લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલાવતા તે દિવસો મને ફરી પાછા યાદ આવી જાય છે.

૧૦. શ્રી કાંતિલાલ ગોરાણી (હૈદરાબાદ-યુવાસંઘના અગ્રણી)

આ સભા બાબત પ્રતિક્રિયા આપતાં જણાવેલ કે આજે સનાતન ધર્મનું રણશિંગું હૈદરાબાદમાં ફૂંકાઈ ગયું છે. હિંમતભાઈએ અને રમેશભાઈએ કેન્દ્રીય સમાજ અને સનાતન ધર્મ બાબતે આપણી સમક્ષ વિચારો મુકીને આપણને કેન્દ્રીય સમાજ અને સનાતન ધર્મનો શું સંબંધ છે તેની ખબર પાડી. આવા કાર્યમાં મારા યુવાન મિત્રોનો સાથ સહકાર રહેશે. હજી પણ સંપૂર્ણતઃ જ્ઞાન માટે

યુવાનોની સંયુક્ત સભા જરૂરી છે તે નજીકના ભવિષ્યમાં થાય તેવું હું ઈચ્છું છું. અત્યારે પધારેલા સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સર્વે ભાઈઓને હું નમસ્કાર કરું છું.

૧૧. વિવિધ ભાઈઓ-બહેનો તરફથી સભા બાબતે પ્રતિક્રિયાઓ

આવા જાગૃતિના કાર્યો પહેલાના વડીલો સમાજમાં કરી ગયા હતા તે આજે આપ સૌ સનાતન ધર્મ જાગૃતિ વાળા કરી રહ્યા છો તે ખરેખર એક પ્રસંશનીય કાર્ય છે. આ કાર્યને બિરદાવતા સ્થાનિક સમાજના અગ્રણીઓ અને વડીલો જેવા કે શ્રી નાનજીભાઈ પુંજા દીવાણી, શ્રી પુંજાભાઈ રામજી સુરાણી, શ્રી નાનજીભાઈ ધનજી લીંબાણી, શ્રી કેશવલાલ પરબત ચૌધરી, શ્રી મણીલાલ ખીમજી રવાણી, શ્રી રવજીભાઈ મુળજી ચૌધરી વગેરે ભાઈઓએ તેમના પ્રાસંગિક પ્રવચનોમાં ઉલ્લેખ કર્યો હતો.

મહિલાઓમાંથી શ્રીમતી વિમળાબેન નાનજી ચૌધરીએ આજની સભાને બિરદાવતાં મહિલાઓને હમેશાં સનાતન ધર્મ પ્રત્યે નિષ્ઠા રાખવાની અને અન્ય ધર્મ વાળા આપણા ઘરમાં ન ગરી જાય તેથી જાગૃત રહેવાની ભલામણ કરી હતી. ખોટાં પૂછ પરછ ના દુષણો થી દુર રહેવાની ભલામણ પણ કરી હતી.

શ્રીમતી પાર્વતીબેન વિશ્રામદીવાણીએ જણાવ્યું હતું કે નખત્રાણા નજીક સતપંથના ભાઈઓ દ્વારા નિર્મિત બાવા ઈમામશાહના મંદિરમાં હું ચાહી ચીધીને ગઈ હતી અને તેમાં મુસ્લિમબાવા ઈમામશાહની બાજુમાં આપણા કુળદેવી ઉમિયા માતાજીને બેસાડવામાં આવ્યા છે તે જોઇને મને ખુબજ ચીડ ચડી હતી અને વ્યથા થઇ હતી. આવા મુસ્લિમપીર ઈમામશાહની મૂર્તિની બાજુમાં આપણી કુળદેવી ઉમિયા માતાજી ન જોઈએ, ન જોઈએ અને ન જ જોઈએ.

યુવાન ભાઈઓમાંથી હંસરાજભાઈ દડગાએ કેન્દ્રીય સમાજની ચુનાવ પ્રક્રિયા અને બંધારણ બાબતે પ્રશ્નો પૂછ્યા હતા. તેના યોગ્ય જવાબો હિંમતભાઈએ આપ્યા હતા. તદુપરાંત, સ્થાનિક વડીલોમાંથી શ્રી વિરજીભાઈ દડગા, પરબતભાઈ ધોળુ નાગલપર (ખમ્માામ) અને મણીલાલભાઈ રવાણી વગેરે ભાઈઓએ આ જાગૃતિ અભિયાન કાર્યને બિરદાવતાં ધર્મ જાગૃતિ સમિતિને અંતકરણથી અભિનંદન આપ્યા હતા અને જે કાર્ય માટે તમે નીકળ્યા છો તે કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી તમારી ટીમબની રહે એવા આશીર્વાદ આપ્યા હતા.

આ સભામાં લગભગ ૬૫૦ માણસોની હાજરી હતી અને અંતમાં સભા પછી ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સભાનું સંચાલન સ્થાનિક સભાના કચ્છ ગામટોડીયાના મુરબ્બી ભાઈ શ્રી વિરજીભાઈ શિવજી દડગાએ બહુજ સારી રીતે સંભાળ્યું હતું.

હૈદરાબાદ સભાનો એક રીપોર્ટ શ્રી વિરજીભાઈ શિવજી દડગા દ્વારાઃ (રીપોર્ટ મોકલાવેલ તા. ૬.૦૭.૨૦૨૦)

વર્ષો પછી વૈશ્વિક કોરોના મહામારીના સમયમાં એટલે કે અપ્રિલ/મે, ૨૦૨૦ માં મેં જ્યારે આ પુસ્તક લખવાનો વિચાર કર્યો ત્યારે, તે સમયના હૈદરાબાદ સમાજના મહામંત્રી શ્રી વીરજીભાઈ શિવજી દડગાને વિનંતી કરી કે તેઓ સભાના આયોજન બાબતનું મને એક લખાણ કરીને મોકલાવે. તે સભા યોજવાની પ્રેરણા ક્યાંથી મળી હતી? તે સભા કોના કોના પ્રયત્નોથી યોજાઈ હતી? તે સભામાં સમાજના કયા કયા ગણમાન્ય વ્યક્તિઓ હાજર રહ્યા હતા? અને તે સભા યોજાયા પછીની સમાજને શું ફળશ્રુતિ પ્રાપ્ત થઈ? તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં સર્વે માહિતી તેઓએ એકઠી કરીને મને તેઓએ એક રીપોર્ટ મોકલાવ્યો હતો તેને હું અહીં અક્ષરસ રજુ કરતાં આનંદ ની લાગણી નો અનુભવ કરી રહ્યો છું.

ભાઈશ્રી રમેશભાઈ વાગડિયા,

સાદર નમસ્કાર,

તમારી માંગણીને ધ્યાનમાં રાખીને હું નીચે જણાવેલ વિગતો તમોને મોકલાવી રહ્યો છું. વિગતો દસ વરસ જુની છે માટે મને જેટલું યાદ છે તે તમોને મોકલાવું છું.

સર્વ પ્રથમઅમારા ભાઈ શ્રી ધરમશીભાઈ અબજી લીબાણી (ગૌરીભાઈ)એ તમારી અને હિંમતભાઈની સાથે પ્રાથમિક ચર્ચા વિચારણા કર્યા પછી અમીરપેટ વિભાગમાં નીચે જણાવેલ સભ્યોના સહકારથી તા.૨૭.૧૨.૨૦૦૯ના સનાતન જાગૃતિ અભિયાનની સભા અમારી ઉમિયા પાટીદાર સમાજ, અમીરપેટ (બાલકમપેટ) હૈદરાબાદ ખાતે ગોઠવવામાં આવી હતી.

૧) શ્રી રતનશી ધનજી લીબાણી, પ્રમુખશ્રી
૨) શ્રી કાંતિલાલ પ્રેમજી ગોરાણી, મંત્રીશ્રી
૩) શ્રી નાનજી ધનજી લીબાણી, ટ્રસ્ટી શ્રી
૪) શ્રી શામજી કરસન જબુવાણી
૫) શ્રી મગનલાલ પ્રેમજી લીબાણી
૬) શ્રી ધરમશી અબજી લીબાણી (ગૌરીભાઈ સલાટ)

ઉપર જણાવેલ ભાઈઓએ તે સભમાં હાજરી આપેલ તેમાં શ્રી હિંમતભાઈએ તથા રમેશભાઈએ કેન્દ્રીય સમાજ અને તેના સનાતન ધર્મ બાબતે પ્રવર્ચન આપ્યું હતું. તે સભાની પ્રેરણાથી આમારી સમાજના નામમાં સનાતન શબ્દ ઉમેરીને તેનું નામશ્રી ઉમિયા પાટીદાર સનાતન સમાજ રાખવામાં આવ્યું હતું.

બીજા દિવસે કુકટપલ્લી (મુસાપેટ) મધ્યે અમારી એક મીટીંગ રાખવામાં આવેલ જેમાં ઉપર જણાવેલ અમીરપેટ વિભાગ તથા કુકટપલ્લી વિભાગના નીચે જણાવેલ કાર્યકર્તા ભાઈઓએ હાજરી આપી હતી.

૧) શ્રી વિરજીભાઈ શિવજી દડગા
૨) શ્રી પુંજાલાલ રામજી દીવાણી
૩) શ્રી ધનજી મેઘજી દીવાણી
૪) શ્રી દિનેશભાઈ નાનજી દડગા
૫) શ્રી નારાયણ હીરજી રવાણી
૬) શ્રી દામોદર શીવજી લીબાણી
૭) શ્રી ગંગારામરામજી સુરાણી
૮) શ્રી ભગવાનદાસ અબજી સુરાણી

ઉપરોક્ત મીટીગમાં આપશ્રી તરફથી અમીરપેટના ગૌરીભાઈ સમક્ષ જે પ્રસ્તાવ રાખેલ તેની ચર્ચા વિચારણા કર્યા બાદ નક્કી કરવામાં આવ્યું હતું કે આપણી હૈદરાબાદ-સિકંદરાબાદ સમાજના કાર્યકર્તા ભાઈઓને પણ જાણ કરી, વિશ્વાસમાં લઈ આગળની વ્યવથા કરવી એવું નક્કી કરવામાં આવ્યું હતું. આના પછી હૈદરાબાદ-સિકંદરાબાદ સમાજના કાર્યકર્તા ભાઈઓ

જોડે ચર્ચા વિચારણા કર્યા પછી સનાતન ધર્મ જાગૃતિ સભાનું આયોજન આપશ્રીની ઉપસ્થિતિમાં આપણી સલાહ મુજબ કરવું જે કુકટપલ્લી (મુસાપેટ) સમાજવાડીમાં રાખવામાં આવેલ હતું. જેમાં આપ સર્વે ભાઈઓએ હાજરી આપી ને સભાને સફળ બનાવી હતી.

મારી જાણ અને વિચારો મુજબ અમારી સમાજમાં આગળ માટે ઉપયીગી થાય તેવા મુદ્દા તરફ હું (વીરજી ભાઈ શિવજી) ધ્યાન દોરું છું.

ઉપરોક્ત સનાતન ધર્મ જાગૃતિ સભાનું આયોજન સિકંદરાબાદ સમાજ તેમજ હૈદરાબાદ સમાજ ના સહિયારા પ્રયાશોથી શક્ય બન્યું હતું.

તે સભાનું એન્કરીંગ કરવા બાબત ગણી ચર્ચા વિચારણા આપશ્રીની હાજરીમાં થયા પછી હાજર સર્વે ભાઈઓના સહકારથી મારા ઉપર (વીરજી શિવજી દડગા એ) આ જવાબદારી આપવામાં આવેલ હતી જેને સફળ બનાવવા માટે મારા જીવનમાં આવી સભાનું સંચાલન કરવાનો પ્રથમઅવસર અને અનુભવ હતો. તે મારા માટે એક પડકારભર્યું કામહતું છતાં સભા પછીના જે સામાજિક પ્રત્યાઘાતો હકારાત્મક આવતાં હું મારી જાતને આજે ધન્ય અનુભવું છું. જેનો મોકો મને આપશ્રી તરફથી મળ્યો હતો.

હૈદરાબાદ સનાતન ધર્મ જાગૃતિ સભાના અગત્યના ચમકારાઓ

૧) આ સભામાં લગભગ ૬૫૦ ભાઈઓ-બહેનોએ ખુબજ ઉત્સાહથી હાજરી આપી હતી

૨) સનાતન ધર્મ જાગૃતિના સભ્યો તરફથી જે વિચારો પ્રસ્તુત કર્યા પછી સભામાં હાજર રહેલા સભ્યોના વિચારો પણ લેવામાં આવ્યા હતા. તે વિચારો આપે રજુ કરેલ વિચારોને અનુંમોદિત હતા.

૩) આ સભાનો કોઈ અધ્યક્ષ કે પ્રમુખ ન હોવા છતાં પણ સર્વે સભાસદો શાંતિ અને શિસ્ત થી વક્તાઓને સાંભળતા હતા.

૪) સાંજે જમવાનો સમય થઈ ગયો હોવા છતાં મોડે સુધી સર્વે સભાસદો વક્તાઓને સાંભળવામાં મસગુલ હતાં.

૫) હૈદરાબાદ-સિકન્દરાબાદ સમાજના અગ્રણી વડીલો ને મંચ ઉપર સ્થાન આપવામાં આવ્યું હતું અને તેમના પણ વિચારો લેવામાં આવ્યા હતા.

આ સભા પછીની ફળશ્રુતિ

ઉપરોક્ત સભાના આયોજન પછી અમારી સંયુક્ત સમાજ શ્રી કચ્છ કડવા પાટીદાર (સિકંદરાબાદ-હૈદરાબાદ) સમાજ દ્વારા સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧) અમારી સમાજની વિશેષ કમિટી જેમાં દરેક વિભાગીય સમાજના સભ્યો મેમ્બર છે, તેની મીટીગમાં માનનીય વડીલો અને અન્ય VIP અગ્રણીઓને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું, તે મીટીગમાં સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

૨) સંયુક્ત સમાજની એક વિશેષ સામાન્ય સભા બોલાવીને સમાજને સનાતની સમાજ તરીકે જાહેર કરવા માટે જે ઠરાવો પસાર કરવા પડે તે પસાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

૩) તે માટે જે કંઈ નિયમો બનાવવા પડે તે માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી તેમાં શ્રી ધનજી મેઘજી દીવાણી (ચેરમેન), વીરજી શિવજી દડગા (સભ્ય) ને કુકટપલ્લી વિભાગ તરફથી લેવામાં આવ્યા હતા.

૪) સમાજને સનાતની સમાજ ઘોષિત કરવામાં આવી હતી

૫) સમાજના સર્વે (જુના અને નવા) સભ્યો પાસેથી પોતે સનાતની છે એવી બાંહેધરી ફોર્મ ભરીને લેવામાં આવે એવું ઠરાવવામાં આવેલ. જેમાં કુટુંબના મુખ્ય મેંબરનું નામ, ઉમર, તેમજ તેમના કુટુંબના મેમ્બર ની નોંધ સાથે લિખિત જાહેર કરવું કે "મારા કુટુંબના સર્વે મેમ્બરો સાથે હું જવાબદારી સાથે લખી આપું છું કે અમો સમાજના નિયમોનું પાલન કરશું તથા અમારા તરફથી આ નિયમોની વિરુધ્ધ કોઈ પુરાવા સમાજને મળે તો સમાજ આમારા પરિવાર સાથે અમારું સભ્યપદ રદ કરી શકે છે. તે બાબતે અમે સમાજ વિરુધ્ધ અમો ક્યાંય પણ સભ્યપદ બાબતે સમાજ વિરુધ્ધ કઈ પણ જાતનો હક્ક દાવો કરશું નહી."

૬) સમાજમાં એક નિરક્ષણ સમિતિનું પણ ગઠબંધન કરવામાં આવેલ. તે સમિતિના ચેરમેન મને (શ્રી વીરજી શિવજી દડગાને) બનાવવામાં આવેલ જેમાં વિભાગીય સમાજના સભ્યોને પણ સમિતિના સભ્યો તરીકે લેવામાં આવ્યા હતા.

આ સાથે અમોને એ પણ જણાવતા આનંદ થાય છે કે અમારી સમાજમાં અત્યાર સુધી એક પણ ફરિયાદ સનાતન ધર્મ વિરુધ્ધ આવી નથી. બીજું અમારી સમાજની જેમહૈદરાબાદ સમાજ તરફથી પણ તે સમાજને સનાતન સમાજ તરીકે જાહેર કરવા માં આવેલ છે. વધુમાં અમારી આન્ધ્ર પ્રદેશ ઝોન સમાજે પણ તેની અંતર્ગત આવતી તમામઘટક સમજોને તેની સામાન્ય સભામાં તેમની સનાતની ઓળખ તરીકે જલ્દીથી યોગ્ય નિર્ણયો લેવા માટે સલાહ આપવામાં આવી હતી.

આ હતી સનાતન ધર્મ સભા પછીની અમારા તરફની ફળશ્રુતિ

લી. આપણો વિશ્વાસુ
શ્રી વિરજીભાઈ શિવજી દડગા

બેંગલોરની આઠે સમાજોની સંયુક્ત સનાતની ધર્મ જાગૃતિ સમિતિની સભા ૩.૧.૨૦૧૦

બેંગલોર મધ્યે આ સભાનું આયોજન થાય તે મારી શુંરુઆત થી જ આશા રહી હતી. હિંમતભાઈ ખેતાણી પણ મને અનેક વાર ટકોર કરી ચુક્યા હતા કે તું બેંગલોરેની માતૃ સમાજ એવી મૈસુર રોડની સમાજનો મહામંત્રી હોવા છતાં બેંગલોરમાં સનાતન ધર્મ જાગૃતિની સભાનું આયોજન શામાટે નથી કરાવતો. ત્યારે મેં અમારી સમાજના વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતને પણ અનેક વાર વિનંતીઓ કરી હતી કે આપણે આપણી સમાજમાં સનાતન ધર્મ જાગૃતિ વાળાની એક સભા બોલાવીએ તો કેમ? ત્યારે આ વડીલ મૌન રહીને મને કહેતા કે હજી થોડા દિવસ ખમીજા. એમના મનમાં શું યોજનાઓ ચાલી રહી હતી તેની કલ્પના હું કરી શકતો નોતો. હું પણ જાણતો હતો કે આવી સભાઓ બોલાવવામાં શું શું અડચણો સામે આવતી હોય છે તેની આપણે કલ્પના પણ કરી શકતા નોતા. આપણા જ સર્કલના માણસો પણ હાથ ઊંચા કરી દેતા હતા કે ક્યાં આ લફડામાં હાથે કરી ને

પડ્યું. તે વખતે અમારી મૈસુર રોડ સમાજ (પાટીદાર પરિવાર સમાજ) ના પ્રમુખ શ્રી શિવગણભાઈ વેલજી રામાણી હતા. પણ આમજોઈએ તો વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગત જ અમારી સમાજના સર્વે સરવા હતા. તેઓ માત્ર અમારી મૈસુર રોડ સમાજના જ અગ્રણી વ્યક્તિ નોતા પણ બેંગલોરની આઠે સમાજના સર્વમાન્ય ભીષ્મપિતામહ તરીકે ઓળખાતા ગણમાન્ય વ્યક્તિ હતા. તેમનું હુલામણું નામહતું 'કે કે સાહેબ' તેઓ અગમચેતી પણ હતા. શું કામન હોય ? મોરના ઈંડાને ચીતરવા નથી પડતા. તેઓ શુદ્ધ સનાતની હતા. તેમના પરિવારના વડીલ શ્રી માધવજી ભીમજી ભગત ખોંભડી ગામમાં વડીલ શ્રી નારણ શિવજી વાગડિયાની જોડે સનાતન ધર્મનો ઝંડો ખણનારા પ્રથમસુધારક વડીલો માંયના એક હતા શ્રી માધવજી ભીમજી ભગત. આ વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતના મોટા બાપુજી થતા. એટલે સનાતનનો વારસો તેમને ઘળથુથીમાં જ મળ્યો હતો. આ વડીલને પણ સામે પ્રવાહે સમાજમાં ધાર્મિક બાબતે સભા બોલાવવાનો નિર્ણય લેવો એટલે વિચાર માગી લે તેવું હતું. તેમના મનમાં હતું કે એ સભાનું આયોજન કરશું તો આપણી એક સમાજ પુરતું નહિ કરીએ પણ સમગ્ર બેંગલોરની આઠે સમાજોને આમંત્રણ આપીને કરશું. અને બન્યું પણ એવું જ. બેંગલોરની આઠે સમાજોના લોકો તે સભામાં ઉમટી પડ્યા હત. સભાની તારીખ નક્કી થઈ ૩.૧.૨૦૧૦ અને તે પ્રમાણે સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળાને જાણ કરવામાં આવી. તે સભામાં મારી (રમેશભાઈ વાગડિયાની) હાજરી તો હોય જ પણ તેની સાથે સાથે મુંબઈથી હિંમતભાઈ ખેતાણી, અબજીભાઈ વિશ્રામકાનાણી (કેન્દ્રીય સમાજના આજના વર્તમાન પ્રમુખ), પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી, મોડાસાથી પુનમભાઈ ધોળુ, ડાહ્યાભાઈ ગોરાણી અને ઉડુપીથી અમૃતભાઈ મુળજી ગોરાણી વગેરે સનાતની ભાઈઓ આ સભમાં હાજર રહ્યા હતા. આ સભાનું સંચાલન શ્રી રમેશભાઈ મુળજી ગોરાણીએ કર્યું હતું. સભાનું શરૂઆતી ભાષણ રમેશભાઈ વાગડીયાએ કર્યું હતું. ત્યાર પછી ક્રમવાર પ્રેમજીભાઈ કેશરાણી, હિંમતભાઈ ખેતાણી, અબજીભાઈ કાનાણી અને મોડાસાથી પધારેલ શ્રી પુનમભાઈ વગેરે ના ભાષણો થયા હતા, તેની સંપૂર્ણ ઓડીઓ CD આજે પણ ઉપલબ્ધ છે, કેન્દ્રીય સમાજનો સનાતન ધર્મ બાબતનો વિષય લોકો માટે એટલો બધો અગત્યનો હતો કે બેંગલોરની તમામઆઠે સમજોના ભાઈઓ અને બહેનો ખાસ કરીને યુવા વર્ગ આ સભામાં ઉપસ્થિત હતો. ૩ થી ૪ કલાક ચાલેલી આ સભામાં વચ્ચે કોઈ ઉભુંજ થયું નોતું. લોકોને કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે સાંભળવાની ગણી બધી તાલાવેલી હતી. છેલ્લે પ્રશ્નોતરી લેવામાં આવી હતી તેના યોગ્ય જવાબો હિંમત ભાઈએ અને સનાતન જાગૃતિ સમિતિ વાળા અન્ય ભાઈઓએ આપ્યા હતા. અત્યારની થયેલી આવી સભાઓમાં આ સભા બેજોડ હતી. આ સભા પછી દક્ષીણ કર્ણાટક ઝોન તેમજ તેની અંતર્ગત આવતી તમામ૧૮ ઘટક સમાજોમાં સતપંથ સનાતન મુદ્દે જાગૃતિ આવતી ગઈ જેનો પડઘો ભારતભર ની ઝોનો તેમજ ઘટક સમાજોમાં પડ્યો હતો.

સનાતની વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગત ની મુત્સદગીરી

સનાતની વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતની મુત્સદગીરીની એક વાત કરું તો આ સનાતની ચળવળ ૨૦૦૯ માં ચાલુ થઈ તેના એકાદ વરસ પહેલાં હોળી તહેવારના સમયમાં તામીલનાડુ ના હોસુર ગામમાં સતપંથના બાપુ પ્રેમદાસ નું કોઈક ભક્તના ઘરે આગમન થયું હશે. તે વખતે અમારી મૈસુર રોડ સમાજના મહિલા મંડળનાં અગ્રણી શીલાબેન બાબુલાલ ભગતની પણ ત્યાં હાજરી હશે. તે વખતે આ પ્રેમદાસ બાપુની સાથે ત્યાં ઉપસ્થિત સતપંથના ભાઈઓએ શીલાબેન પાસે માગણી કરી હશે કે અમે પ્રેમદાસ બાપુની શિબિર મૈસુર રોડ સમાજમાં રાખવાનો વિચાર કરી રહ્યા છીએ. પણ શીલા બેને આમારી સમાજના વડીલોની સાથે ચર્ચા વિમર્શ કર્યા વગર, આ પ્રેમદાસ બાપુ કોણ છે કેમછે તેનો વિચાર કર્યા વગર તેમને આમંત્રણ આપી દીધું કે હોળી પછીના કોઈક રવિવારના પ્રેમદાસ બાપુની શિબિર અથવા તો મિલન મૈસુર રોડ સમાજની સમાજવાડી ઉમિયા ભવનમાં રાખશું. અને તે વાત હોળીના દિવસે અમારા વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતને કરી ત્યારે તે વડીલે તેની મુત્સદગીરી વાપરીને શીલાબેનને કહી દીધું કે તે પ્રેમદાસ બાપુને હું ઓળખતો નથી પણ તેની સાથે હોસુર આવેલા ભાઈઓની ઓળખ સતપંથના ભાઈઓ તરીકેની છે એટલે તે પ્રોગ્રામસતપંથનો જ હશે અને સતપંથના કોઈ પ્રોગ્રામઆપણી સમાજવાડીમાં કરવા

દેવામાં આવશે નહિ. આવા અગમચેતી વ્યક્તિ છે આ સનાતની વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગત. તે પ્રમાણે અમારી સમાજવાડી સતપંથીઓથી અભડાતાં બચી ગઈ તેનો સંપૂર્ણ શ્રેય હું વડીલ શ્રી કેસવલાલ કાનજી ભગતને આપું છું.

પીરાણા સતપંથના પ્રેમદાસ બાપુઓની મોડસ ઓપરેન્ડી (કાર્ય પ્રણાલી)

સતપંથ ના કહેવાતા સાધુઓ અને પ્રેમદાસ બાપુઓએ તે વખતે કાર્ય પ્રણાલી એવી અપનાવી લીધી હતી કે લોકો તેમની વાતોમાં આવી જઈને ઈમામશાહ બાવાની માનતા માનવા લાગી જતા. તે કાર્ય પ્રણાલી તેઓ એ સ્વાધ્યાયના પ્રણેતા પરમપૂજ્ય દાદા શ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠવલેની સ્વાધ્યાય મુવમેન્ટમાંથી ઉઠાંતરી કરી હતી. સ્વાધ્યાયમાં જેમભાવફેરી થતી, ભક્તિફેરી થતી, મિલનો થતાં અને શિબિરો થતી બિલકુલ તેવીજ રીતે લોકોને આકર્ષવા માટે આ બધી પધ્ધતિઓ સતપંથના પ્રેમદાસ બાપુઓ અપનાવવા લાગી ગયા હતા. અને લોકોને સતપંથ તરફ ધર્માંતરણ કરાવતા થઇ ગયા હતા. એટલે સુધી થતું કે પુના જેવી સમાજવાડીઓ જયાં હતી ત્યાં એક બાજુ સનાતની વડીલોએ ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાણ પ્રતિષ્ઠા કરેલ મંદિરો હોય અને બીજી બાજુ આ સતપંથના બાપુઓ મારફત સતપંથના તેમના કહેવાતા ગુરૂ ઈમામશાહ બાવાની પ્રચારની શિબિરો થતી. કોણ જાણે કેવા લોકો આ સતપંથના પ્રેમદાસ બાપુઓને આવા કાર્યક્રમો કરવા સનાતન સમાજવાડીઓ આપતા થઇ ગયા હતા? સતપંથનો ત્યાગ કરી સનાતની બનેલા વડીલોએ બનાવેલી સમાજવાડીઓ અને મંદિરોમાં આજે સતપંથની શિબિરો યોજાતી હોય તો પણ કોઈ પુછવા વાળુ નોહ્તું. આ આપણા સનાતની ભાઈઓની ધર્મ અને સમાજ પ્રત્યે બેદરકારી નહી તો બીજું શું? આવી સમાજમાં યોજાતી શિબિરો પછી ઘરે ઘરે આ પીરાણા સતપંથના બાપુઓ ભાવફેરી અને ભક્તિફેરી કરીને સતપંથનો પ્રચાર કરતા અને દુખતી નસ ઉપર આંગળી મુકીને તે મુરીદોને ઈમામશાહ બાવાની માનતા મનાવવાનું શરુ કરવી દેતા. આ સંસારમાં કોઈ માણસ એવો નહિ હોય કે જે બધી રીતે સુખી હોય. કોઈકને આર્થિક જરૂરત હશે તો કોઈકને શેર માટીની ખોટ હશે તો કોઈકનો દીકરો લાઈન ઉપર નહિ હોય તો કોઈકનું સંતાન માંદુ હશે. આ બધી વસ્તુઓ તો જીવન સંસારમાં રહેવાની જ છે. એટલે તમે શ્રદ્ધાથી કોઈકની માનતા માનો તો તે ફળીભૂત થવાની જ હોય. તમે આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અથવા તો કુળદેવી ઉમિયા માતાજીની પણ શ્રધ્ધાથી માનતા માનશો તો તે પણ ફળીભૂત થવાની જ છે તેમાં કોઈજ શંકાને સ્થાન નથી. ગીતામાં ભગવાને બહુજ સ્પષ્ટ કહ્યું છે કે તમે મને (ભગવાનને) જે રીતે, જે શ્રદ્ધા થી ભજશો તે રીતે તમારી સામે પરોક્ષ રીતે પ્રગટ થઈને તમારું કામકરી આપીશ. આ જ મોડસ ઓપરેન્ડી (કાર્ય પ્રણાલી) અપનાવીને સતપંથના પ્રેમદાસ બાપુઓ જેને જે ખોટ હોય તે પુરવા માટે બાવા ઈમામશાહની માનતા મનાવી સતપંથ તરફ વળતા કરી દીધા હતા. તેમના એજન્ટો દ્વારા જેને આર્થીક મદદ ની જરૂરત હોય તો તેમને પીરાણે લઈ જઈને તેમના મુરીદો બનાવતા. અને તાકિયા પધ્ધતિથી માણસોને ફોસલાવી સતપંથ તરફ વાળવાની પુરેપુરી કોશિશો ચાલુ કરી દેવામાં આવી હતી. અને આપણે બધા આંખ આડા કાન કરી ને બેસી રહ્યા હતા. દરેક ગામોમાં, સમાજોમાં ચુપચાપ (સાઈલેન્ટલી) આ બધું થઇ રહ્યું હતું. અરે, મારા ખોંભડી ગામની જ વાત કરું તો એક સનાતની પરિવાર પોતાનું નવું ઘર બંધાવી રહ્યો હતો, તેમની પાસે પીરાણાનો એક એજંટ પહોંચી ગયો અને તે પરિવારના માતાજીને કહેવા લાગ્યો કે ‘‘ભાભી નવું ઘર બંધાવી રહ્યા છો તો પૈસાની જરૂરત તમોને હશે જ. મારું માનો તો પીરાણે ચાલો, ત્યાં તમોને પૈસાની વ્યવસ્થા કરાવી આપીશ. તમોને ફક્ત બાવાની માનતા માનવી પડશે અને તમારું કામથઇ જશે’’. માણસોને મૂંડવાની આવી પ્રણાલિકા, કાર્ય પદ્દતિ આ સતપંથના ભાઈઓ અપનાવી રહ્યા હતા. સનાતની ભાઈઓનું સનાતન સમાજોમાં પણ વર્ચસ્વ ઘટતું જતું હતું. દક્ષીણ ભારતની સમાજોમાં તો આ પગ પસેરો બહુજ ઊંડે સુધી પહોંચી ગયો હતો. સતપંથ અને સનાતન ભાઈઓમાં સગપણ સાંતરા ચાલુ થઇ ગયાં હતાં. મદુરાઈ ગામમાં તો એક સતપંથી ભાઈ જેનું નામત્યાંના લોકોએ ‘‘જોડકું’’ (જે ખાનાઈ અને સનાતની વચ્ચે સગપણ જોડાવી દે તે) નાખ્યું હતું, જેનું કામજ એ હતું કે સતપંથ અને સનાતની ભાઈઓ વચ્ચે સગપણ કરાવી દેવાનું. જેથી સનાતની વેવાઈને તેના સતપંથી વેવાઈના આગ્રહથી સતપંથના કાર્યક્રમોમાં ઈચ્છા ન હોવા છતાં પરાણે ભાગ લેવા જવું પડતું

હતું. પણ ન તો કેન્દ્રીય સમાજમાં અને ન તો ઘટક સમાજોમાં કોઈ પૂછવા વાળુ. એમને એમજ લોલમલોલ કુટાતું હતું. તેવા સમયે મને અને હિંમત ભાઈને તેમજ અમારા બીજા સાથી મિત્રોને વિચાર આવ્યો કે જો હવે આપણે નહિ ચેતીએ તો ભૂતકાળમાં જે સુધારક વડીલોએ પોતાના લોહીનું પાણી કરી, તે વખતના ખાનાઈઓની નાત બહાર જેવી અનેક યાતનાઓ ભોગવી, મહા મહેનતે ઉભી કરેલી સનાતન સમાજો નું કોઈ વજુદ રહેશે નહિ. તેથી કેન્દ્રીય સમાજમાં અને તેની અંતર્ગત આવતી તમામસનાતની સમાજોમાં સનાતન ધર્મ જાગૃતિની સભાઓની આવશ્યકતા અત્યંત જરૂરી હતી. તેથી અમોએ ભારતભરની સમાજોમાં ભ્રમણ કરી સભાઓ યોજી, તેમાં મહદ અંશે આપણ ને સફળતા પણ મળી.

૩.૦૧.૨૦૧૦ના બેંગલોરની સભાનો રીપોર્ટ

પ્રસ્તુત કર્તાઃ શ્રી રમેશભાઈ માવજી વાઘડીયા

શ્રી અ.ભા.ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સનાતન ધર્મ જાગૃતી અભિયાનની બેંગલોરની સભા તા.૩.૦૧.૨૦૧૦ ને રવિવાર ના દિવસે બપોર પછી ૩.૩૦ વાગે મૈસુર રોડ પાટીદાર પરિવાર સમાજના ઉમિયા ભવનના પ્રાંગણમાં બોલાવવામાં આવી હતી. બેંગલોરની આઠે સમાજો, તેના યુવા મંડળો તેમજ મહિલા મંડળો તે સભાના આયોજકો હતા. તે આઠે સમાજોના નામ નીચે પ્રમાણે છે.

૧) શ્રી પાટીદાર પરિવાર સમાજ, મૈસુર રોડ, બેંગલોર, પ્રમુખશ્રી શિવગણ વેલજી રામાણી
૨) શ્રી લાલબાગ પાટીદાર સમાજ, બેંગલોર, પ્રમુખશ્રી મણીલાલ ભીમજી પોકાર
૩) શ્રી બેંગલોર પાટીદાર સમાજ, પીન્યા-બેંગલોર, પ્રમુખશ્રી ગોપાલભાઈ વીરજી પોકાર
૪) શ્રી ઈન્દીરાનગર પાટીદાર સમાજ, બેંગલોર, પ્રમુખશ્રી કરસન માધવજી લીંબાણી
૫) શ્રી કૃષ્ણરાજપુરમપાટીદાર સમાજ, બેંગલોર, પ્રમુખશ્રી ધરમશી વાલજી ચૌહાણ
૬) શ્રી યલહંકા પાટીદાર સમાજ, બેંગલોર, પ્રમુખશ્રી વિશ્રામભાઈ લાલજી છાભૈયા
૭) શ્રી દેવનહલ્લી પાટીદાર સમાજ, બેંગલોર. અને
૮) શ્રી નેલમંગલા લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ, પ્રમુખશ્રી ખીમજીભાઈ પોકાર બેંગલોર

સભા દર્શન

સભા મંડપની અંદર લગભગ ૨,૫૦૦ માણસોની હાજરી હતી અને તેઓ સભા પ્રારંભ થવાની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા હતા. સમગ્ર ભારત લેવલે કચ્છ કડવા પાટીદાર સનાતની ભાઈઓની આટલી મોટી મેદની વાળી પહેલી સભા હતી. લોકોમાં એક અજીબ પ્રકારના વિચારોની માંગ હતી. લોકોમાં સભાના વિષય બાબતે જબરજસ્ત કુતુહલતા નજરે પડતી હતી. લોકો શાંતિથી સભા ચાલુ થવાની રાહ જોઈ રહ્યા હતા.

સભાના સંચાલનની જવાબદારી મૈસુર રોડ સમાજના ભાઈ શ્રી રમેશભાઈ મુળજી ગોરાણીએ સંભાળી હતી. સભાનો પ્રારંભ ઠીક ૩.૩૦ કલાકે કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન અને સનાતન ધર્મની જયઘોષથી કરવામાં આવી હતી.

સ્થાન ગ્રહણ

સભા અધ્યક્ષ તરીકે બેંગલોરની આઠે સમાજોને માન્ય એવા વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતને સ્થાન ગ્રહણ કરાવીને આઠે સમાજોના પ્રમુખોને સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યું હતું. સનાતન ધર્મ જાગૃતિ સમિતિના બહારગામથી પધારેલ નીચે જણાવેલ સનાતની ભાઈઓને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યું હતું.

૧) શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી (મુંબઈ-મોટી વિરાણી)
૨) શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી (મુંબઈ-મોટી વિરાણી)
૩) શ્રી પુનમભાઈ ધોળુ, (મોડાસા-ગુજરાત)
૪) શ્રી ડાહ્યાભાઈ જીવરાજ ગોરાણી (મોડાસા-વિઘોડી)
૫) શ્રી ખીમજીભાઈ ધોળુ (મોડાસા-ગુજરાત)
૬) શ્રી વિનોદભાઈ વાસાણી (મોડાસા-ગુજરાત)

મંચસ્થ વડીલોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાવીને પ્રાર્થના લેવામાં આવી હતી.

સભા બોલાવવાનો હેતુ અને પૃષ્ઠ ભૂમિકા

સભાના સંચાલક ભાઈ શ્રી રમેશભાઈ ગોરાણીએ આજની સભા બોલાવવાનો મુખ્ય હેતુ બાબતે માહિતી આપતાં જણાવેલ કે આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વરસ પહેલાં શામાટે કરવામાં આવી હતી? તે સમાજની સ્થાપના પહેલાં શું આપણી બીજી કોઈ સમાજ નહોતી ? હતી, તો આપણા સુધારક વડીલોને કેન્દ્રીય સમાજની સ્થાપના શા માટે કરવી પડી હતી? તે સમાજના સ્થાપના વખતેના મૂળભૂત ઉદ્દેશો શા હતા? શું આજે તે સમાજના વર્તમાન આગેવાનો તે મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓનું સારી રીતે જતન કરી રહ્યા છે? તે સર્વે વિગતોની સચોટ માહિતીઓ આપવા તેમજ કેન્દ્રીય સમાજનો અને જ્ઞાતિનો સાચો ઈતિહાસ બતાવવા માટે આજે આપણા આંગણે સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સર્વે સભ્યો અહી ઉપસ્થિત થયા છે તેના નામો આ પહેલાં તેમને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવતી વખતે આપ્યાં છે અને તેની સાથે આપણી સમાજના જ શ્રી પાટીદાર પરિવાર સમાજના મહામંત્રી તરીકે સેવા આપતા મુરબ્બી ભાઈ શ્રી રમેશભાઈ માવજી વાઘડીયા પણ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના એક મુખ્ય સભ્ય છે તેઓ પણ અત્રે હાજર છે. સભા બોલાવવાના ઉપર જણાવેલ હેતુઓની માહીતી આપવા માટે આ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૪.૧૦.૨૦૦૯ ના ધનસુરા સનાતન ધર્મ ચિંતન સભામાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિની રચના થયા પછી આ સમિતિની આજની આ ત્રીજી સભા છે અને ધનસુરા સભાને ગણીને આ સભા ૫ મી સભા છે. આ સભા પહેલાં આવી સભાઓ ધનસુરા, પુના, ઈન્દોર અને હૈદરાબાદ મુકામે યોજાઈ ગઈ છે. આ સનાતન ધર્મ જાગૃતિના ભાઈઓએ ક્રમવાર તેમના ભાષણોમાં ઉપરોક્ત માહિતીઓ વિસ્તારપૂર્વક આપી હતી.

૧. શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડીયા, બેંગલોર

પોતાની માર્મિક વાણીમાં જ્ઞાતિનો અને કેન્દ્રીય સમાજનો ઈતિહાસ બતાવતાં જણાવેલ કે આપણી કેન્દ્રીય સમાજ તેની સ્થાપનાને ૫૦ વરસ પૂરાં કરી સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે તેનો સીધે સીધો અર્થ એ થાય છે કે આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વરસ પહેલાં નખત્રાણા મુકામે કરવામાં આવી. આજે આ સભામાં ઉપસ્થિત લગભગ ૨,૫૦૦ શ્રોતાજનોને અને ખાસ કરીને મોટી સંખ્યામાં હાજર મારા યુવાન મીત્રોને અમુક સવાલો પૂછવાનું મન થાય છે અને તે

સવાલોના જવાબો આપ સર્વે શ્રોતાજનો શોધવાની જરૂર કોશિશ કરજો.

૧) **પહેલો સવાલઃ** આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વરસ પહેલાં શામાટે કરવામાં આવીહતી? શું તે પહેલાં આપણી કોઈ સમાજ નોહતી? હતી, તો તે કઈ સમાજ હતી? અને તે સતપંથ સમાજ સાથે છોડીને આપણા સ્થાપક વડીલોને આ નવી સમાજ શા માટે ઉભી કરવી પડી?

૨) **બીજો સવાલઃ** આપણી કેન્દ્રીય સમાજના સ્થાપના વખતેના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓ શા હતા?

૩) **ત્રીજો સવાલઃ** શું આપણી કેન્દ્રીય સમાજના આજના વર્તમાન આગેવાનો કેન્દ્રીય સમાજના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશોને સાચા અર્થમાં સમજી શક્યા છે? તેઓ આજે તે હેતુઓ અને ઉદ્દેશોનું જતન અને પાલન કરી રહ્યા છે? અગર નથી કરી રહ્યા તો આપણી એક સનાતની સભ્ય તરીકેની કેન્દ્રીય સમાજ પ્રત્યે શું જવાબદારીઓ બને છે?

૪) **ચોથો સવાલઃ** સન ૧૯૬૦માં આપણી કેન્દ્રીય સમાજની વિધિવત સ્થાપના કયા કયા સુધારક વડીલોએ કરી હતી? તે પહેલાં છેક સન ૧૯૩૮ માં તે સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના થઈ ચુકી હતી ત્યારે તેના પ્રથમપ્રમુખ કોણ હતા? અને તે સમાજનું શુરુઆતી નામશું હતું? અને તે સમાજે ૧૯૬૦ પહેલાં જ્ઞાતિ માટે શા શા કામો કર્યા હતાં?

ઉપરોક્ત સર્વે સવાલોના જવાબો મેળવવા માટે આપણને ભૂતકાળમાં જવું પડશે. તે માટે આપણને જાણવો પડશે આપણી જ્ઞાતિનો અને કેન્દ્રીય સમાજનો સાચો ઈતિહાસ.આજે જ્યારે સમાજ સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે સાચા અર્થમાં સ્વર્ણિમમહોત્સવ ઉજવ્યો તો જ ગણાશે કે જો આપણે આપણી ભાવી પેઢીને, યુવાન ભાઈઓ-બહેનોને જ્ઞાતિનો અને સમાજનો સાચો ઈતિહાસ બતાવશું.

વિ.સં. ૧૫૯૨ પહેલાં આપણા પૂર્વજો ઉત્તર ગુજરાતમાં ઊંઝા અને તેની આજુબાજુના ગામડાઓમાં રહેતા હતા. પણ ઈરાનથી આવેલ મુસ્લિમપીર ઇમામુદ્દીન ઉર્ફે બાવા ઈમામશાહની ચમત્કારિક વાતોમાં આવી જઈને મુસલમાની આચાર-વિચાર વાળો પીરાણા સતપંથ ધર્મનો સ્વીકાર કર્યો, તેથી ગુજરાતમાં વસતા આપણા જ કડવા પાટીદારો દ્વારા તિરસ્કૃત થતાં ગુજરાત છોડીને કચ્છ જેવા સુકા રણ પ્રદેશમાં સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. કચ્છમાં પણ આપણી હાલત સુધરી નહીં. પાખંડી પીરાણા સતપંથ ને લઈને જ્ઞાતિને દારુણ ગરીબીમાં સબડવું પડ્યું. આખી જ્ઞાતિની અનેક પેઢીઓ સદીઓ સુધી અશિક્ષિત રહી. પીરાણા સતપંથને લીધે કચ્છમાં પણ જ્ઞાતિની ઓળખાણ એક મુમના મુસલમાન તરીકેની થઈને અન્ય હિંદુ લોકોથી આપણે હડધૂત થયા.

વધુમાં રમેશભાઈએ જણાવ્યું કે આપણી જ્ઞાતિને નીચે જોવાપણું થતું. કચ્છના વાણીયા, લોહાણા વગેરે હિન્દુ જ્ઞાતિઓ આપણા ઘરનું પાણી સુધ્ધાં ન પિતા. ૪૫૦-૫૦૦ વરસ સુધી પાખંડી પીરાણા સતપંથમાં રહીને આપણી જ્ઞાતિ અધોગતિને પામી. ઉપરોક્ત સર્વે બાબતોને ખ્યાલમાં રાખીને સમય સમયાંતરે સૌથી પહેલાં વી.સ. ૧૮૩૨ માં પુ. કેસરા પરમેશ્વરાએ આપણી જ્ઞાતિને આપણા મૂળ ધર્મ (સનાતન હિંદુ ધર્મ) તરફ વાળી. જ્ઞાતિને પીરાણા સતપંથ ધર્મમાંથી બહાર કાઢવા પ્રયત્નો કર્યા પણ તેમાં પૂર્ણતઃ સફળતા ન મળી. જ્ઞાતિનો અમુક વર્ગ સતપંથ ને છોડીને હિંદુ ધર્મના સ્વામીનારાયણ સંપ્રદાય તરફ વળ્યો જે જ્ઞાતિની નાની નાત તરીકે ઓળખાવા લાગ્યો.

પુ.કેસરા પ્રમેશ્વરા બાપાના પ્રયત્નો બાદ લગભગ એક સો વરસ પછી જ્ઞાતિને પીરાણા સતપંથની નાગચુડમાંથી બહાર કાઢવા માટે આદ્ય સુધારક પુ. નારાયણજી રામજી લીબાણીએ જ્ઞાતિને સુધારવા માટે પવન ફૂંક્યો. સન ૧૯૨૦ પછી કરાચી, ઘાટકોપર અને વિરાણી મુકામે જ્ઞાતિ પરિષદો ભરી, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળોની સ્થાપના થઇ, પીરાણા સતપંથથી જ્ઞાતિને છોડાવવા માટે અનેક ઠરાવો પસાર કરવામાં આવ્યા. તેની ફળશ્રુતિએ ૧૯૩૮-૪૦ ના સમયમાં વડીલ શ્રી

રતનશી ખીમજી ખેતાણીના પ્રમુખ પદે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સ્થાપના કરવામાં આવી, તે સમાજને આપણે આજે કેન્દ્રીય સમાજ કહી રહ્યા છીએ અને આજે તેનું નામશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ છે જે કચ્છના દરેક ગામડાઓની સનાતની સમાજનું નેતૃત્વ કરે છે. વાંઢાયના સંત શ્રી ઓધવરામજી મહારાજના સાનિધ્ય અને માર્ગદર્શન હેઠળ વડીલ શ્રી ખીમજી રતનશી ખેતાણીએ અને તેમના સહયોગી સુધારક વડીલોએ કચ્છના ગામે ગામઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સથાપના કરાવી. સન ૧૯૪૪-૪૫ માં આ સમાજે વાંઢાય સ્થિત કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદીરની પણ સથાપના કરી. છેલ્લે ૧૯૬૦ માં સંત શ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી આપણી જ્ઞાતિમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી નખત્રાણા મધ્યે વિદ્યાર્થી ભવન બંધાણું અને જે આપણી સનાતની સમાજ હતી તેની વિધિવત બંધારણીય ધોરણે સ્થાપના કરવામાં આવી.

તે કેન્દ્રીય સમાજની ૧૯૬૦માં સ્થાપના થઇ તે સ્થાપના જ્ઞાતિના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ મતનો સદાયને માટે ત્યાગ કરીને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મ અપનાવ્યો હતો. તે સ્થાપક વડીલોના અમુક નામો હું અહી જણાવું છું.

૧) શ્રી રતનશી ખીમજી ખેતાણી, વિરાણી મોટી
૨) શ્રી નથુભાઇ નાનજી કેસરાણી, નખત્રાણા
૩) શ્રી ભીમજી કેસરા લીબાણી, કોટડા (જ)
૪) ડો. શ્રી ગંગદાસ વી. ઉકાણી, ખોંભડી મોટી
૫) શ્રી શિવદાસ કાનજી નાકરાણી, વિરાણી મોટી વગેરે વગેરે

કેન્દ્રીય સમાજની સ્થાપના કરવાનો મુખ્ય ઉદ્દેશ હતો

૧) જ્ઞાતિના લોકોને પાખંડી કબ્રસ્તાની પીરાણા સતપંથ ધર્મનો ત્યાગ કરાવી સનાતન ધર્મ ને અપનાવવાનો
૨) જ્ઞાતિના આવા લોકો જેને સતપંથ ધર્મનો ત્યાગ કરી સનાતન ધર્મ અપનાવ્યો હતો તેના હિતોની રક્ષા કરવાનો
૩) સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને પાખંડી પીરાણા સતપંથ ધર્મથી મુક્ત કરાવવા માટે પીરાણા સતપંથમાં ચાલતા ગોરખ ધંધાને પરદાફાસ કરીને જ્ઞાતિના લોકોને સમજાવવાનો.
૪) સમગ્ર જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કરવાનો અને જ્ઞાતિમાં સનાતન હિંદુ ધર્મના વિચારો દઢ કરવાનો.

વધુમાં રમેશભાઈએ જણાવ્યું હતું કે સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની સ્થાપના કરવામાં આવી છે તે કેન્દ્રીય સમાજમાં રહીને આજે સતપંથના ભાઈઓ પીરાણા સતપંથનો પ્રચાર કરતા હોય અને એવા પ્રચાર કાર્યમાં કેન્દ્રીય સમાજના આજના આગેવાનો તેમને સીધી અથવા તો આડકતરી રીતે પ્રોત્સાહન આપતા હોય તો આપણા સનાતની સુધારક વડીલોએ ઉભી કરેલી કેન્દ્રીય સમાજના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશો ઉપર પાણી ન ફરી વળે માટે અત્યારે યુવાન ભાઈઓને જાગૃત થવાની જરૂર છે. આજે આપણે સૌ સાથે મળીને પ્રતિજ્ઞા લેવાની છે કે આપણી કેન્દ્રીય સમાજને સનાતની સમાજ તરીકેની ઓળખ પાછી અપાવવા માટે આજે આપણને કટિબદ્ધ થવું પડશે.

૨. શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી (મુંબઈ-વિરાણી મોટી) કેન્દ્રીય સમાજના તત્કાલીન ઓડીટર

પોતાના વક્તવ્યમાં જણાવેલ કે વી.સ. ૧૫૨૪થી ઈમામશાહ બાવાએ આપણી જ્ઞાતિને વટલાવવાનું ચાલુ કર્યું અને સંવત ૧૫૯૨ સુધીમાં આપણા પૂર્વજોને સતપંથ ધર્મમાં ભેળવી દીધા. સંવત ૧૮૩૨ પછી આપણી જ્ઞાતિ મુમના મુસલમાન તરીકે

ઓળખાવા લાગી. વી.સ. ૧૯૮૨ (સન ૧૯૨૬)માં આ. સુ. નારાયણજી બાપાએ હિંદુ ધર્મને નામે ચાલતા અર્ધદગ્ધ, કબ્રસ્તાની પીરાણા સતપંથની પોલ નામનું એક દળદાર પુસ્તક બહાર પાડ્યું. એ પુસ્તકમાં થી તમે પીરાણા સતપંથના નામે ચાલતી તમામ છેતરપીડીઓની વિગતો જાણી શકશો. સંવત ૨૦૦૦ ની આજુબાજુના વર્ષોમાં પીરાણા મુસ્લીમ સતપંથ ધર્મથી અલગ થઈ વડીલોએ કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સ્થાપના કરી. આપણા મૂળ ધર્મ સનાતન ધર્મ જાગૃતિ માટે આપણા વડીલોએ અથાગ પરિશ્રમકર્યો. ઓધવરામજી મહારાજના સાનિધ્યે મંદિરો, સમાજવાડીઓ અને શિક્ષણ કેન્દ્રો બનાવવાનું નક્કી થયું તેના પરિણામે સન ૧૯૬૦ માં નખત્રાણા મુકામે પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના વખતે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજને પણ બંધારણીય સ્વરૂપ અપાયું અને તે સમાજને નામઅપાયું શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ અને તેનો એક માત્ર હેતુ એ હતો કે પીરાણા સતપંથ ધર્મમાં ભટકાયેલો આપણો જ ભાઈ આજે નહિ તો કાલે પીરાણા સતપંથ ધર્મને મુકીને આપણી સાથે કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં ભળી જશે. પણ તેમથયું નહિ તે વાતનું દુઃખ છે.

સન ૧૯૭૨ માં નવચેતન પાટીદાર યુવક મંડળના આગ્રહથી કલકતા મુકામે અ.ભા.ક.ક. પાટીદાર યુવાસંઘની સ્થાપના થઈ. તે યુવાસંઘની સ્થાપના વખતેના પાંચ ઉદ્દેશો પૈકી પાંચમો ઉદ્દેશ એ હતો કે ‘‘સમાજમાં ચાલતી ધાર્મિક અંધશ્રધ્ધાઓને નાબુદ કરવા યુવાસંઘે સનાતન ધર્મનો પ્રચાર કરવો જોઈએ. યુવકોએ ધાર્મિક ભાવનાઓ કેળવવા માટે સનાતન ધર્મને લગતી ધાર્મિક સભાઓ તેમજ સંમેલનોમાં ભાગ લેવા યુવાનોને પ્રોત્સાહિત કરવા જોઈએ’’

સન ૧૯૭૭ માં નખત્રાણા મુકામે સનાતની જ્ઞાતિ અધીવેસનમાં યુવાસંઘ દ્વારા આપણે હિંદુ છીએ તે માટે ૧૮મી કલમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેની સાથે ૧૯ મી કલમનો પણ સમાવેશ કરવામાં આવ્યો જેથી સમાજમાં ઉદભવતા ધાર્મિક અને સામાજિક મતભેદોનું નિવારણ કોર્ટનો આશરો ન લેતાં સમાજની અંદર સમાજ દ્વારાજ કરી શકાય. તે અન્વયે સન ૧૯૮૫ માં સતપંથીઓ દ્વારા સમાજના સનાતની ભાઈઓ ઉપર થતા કોર્ટ કેસો રોકાવા જોઈએ અને તેનું નિવારણ સમાજ લેવલે જ થવું જોઈએ. પણ આજે દુઃખ એ વાતનું છે કે આપણી સમાજના હોદ્દેદારો જ કલમ૧૮ અને ૧૯ નો ખુલ્લે આમભંગ કરી રહ્યા છે અને તેની સામે કોઈ પણ પગલા લેવામાં આવતાં નથી તે યોગ્ય નથી. છેલ્લે શ્રી અબજીભાઈએ આજની આ સભાનું આયોજન કરવા બદલ બેંગલોરની આઠે સમાજો એવં યુવકોની પ્રસંસા કરતાં આભાર માન્યો હતો.

૩. શ્રી ડાહ્યાભાઈ જીવરાજ ગોરાણી, (મોડાસા-વિઘોડી)

તેઓએ જણાવ્યું હતું કે મોડાસા મુકામે આજે ચાર ચાર વરસ થયા કુળદેવી ઉમિયા માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા અટકાવી રહેલા સતપંથના ભાઈઓ સાથે આપણે કઈ રીતે સાથે રહી શકીએ? આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની જ્યારે રથયાત્રા મોડાસા આવી હતી ત્યારે આ રથને રોકવા પોલીસ કમીસનર અને જીલ્લા કલેકટર સાહેબને ખોટી ફરિયાદો કરી યાત્રાને રોકાવી હતી. એટલુંજ નહી, આ સતપંથના ભાઈઓએ ઉમિયા માતાજીને પહેરાવેલ ચુંદડી પણ પાછી ઉતારી લીધી હતી. આની ફરિયાદ કેન્દ્રીય સમાજને કરવા છતાં પણ કોઈજ ઉકેલ આજ દિવસ સુધી કેન્દ્રીય સમાજના કર્ણધારો આપી શક્યા નથી તેનું દુઃખ છે.

૪. શ્રી પુનમભાઈ ધોળુ (મોડાસા)

પોતાના ભાષણમાં જણાવેલ કે તા.૧૮.૧૨.૨૦૦૪માં મોડાસા ગામે શ્રી ઉમિયા માતાજીની પ્રાણ પ્રતિષ્ઠાની ઘડીઓ ગણાઈ રહી હતી, તે સમયમાં સતપંથીઓ તરફથી તે પ્રાણપ્રતિષ્ઠા રોકવા માટેની એક ટપાલ આવી ત્યારથી આજ દિવસ સુધી અમો વેદના વેઠી રહ્યા છીએ. આજે ધનસુરાની આપણી સમાજ ઉપર ૬૦ વરસ પહેલાં સમાજના નામમાં સનાતન શબ્દનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે નામમાં થી ‘‘સનાતન’’ શબ્દને કાઢી નાખવાની સતપંથના ભાઈઓ કેન્દ્રીય સમાજના પ્રમુખ પાસે

માગણી કરતા હોય તેને કેન્દ્રીય સમાજના આજના આગેવાનો અનુમોદન આપતા હોય તો તે એક શરમજનક વાત છે. આજે ઘણા બધા યુવાનો આપણને પૂછી રહ્યા છે કે આ પીરાણા સતપંથ શું છે? અને તે આપણી સમાજને કઈ રીતે લાંછન રૂપ છે. તો મારો આપણા વડીલોને અનુરોધ છે કે આપણી સમાજ અને જ્ઞાતિનો સાચો ઈતિહાસ યુવાનોને બતાવે. સતપંથ ધર્મ બાબતે લોકોને જાગૃત કરો કે તે ધર્મ આપણી હિંદુ જ્ઞાતિ માટે લાયક ધર્મ નથી. તે એક અર્ધદગ્ધ કબ્રસ્તાની પીરાણા પાખંડી સતપંથ ધર્મ છે એવું આપણા જ્ઞાતિ આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણી કહી ગયા છે.

૫. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી (મુંબઈ-વિરાણી મોટી)

પોતાની આગવી શૈલીમાં ભાષણ કરતાં સભાજનોને નીચે જણાવેલ મુદ્દાઓ ઉપર હિંમતભાઈએ પ્રકાશ પાડ્યો હતો.

૧) બેંગલોર ની આઠે સમાજોને મારા કોટી કોટી વંદન છે કે અમોને (સનાતન ધર્મ જાગૃતિ સમિતિને) આજે આપ સમક્ષ વાતો કરવા અવકાશ પૂરો પાડ્યો.

૨) મારાથી પહેલાંના વક્તાઓએ તો તમોને આપણી સમાજના અને જ્ઞાતિના ઈતિહાસની લગભગ-લગભગ માહિતીઓ પૂરી પાડી છે. પણ મારે આજે તમોને આ પીરાણા સતપંથનું તુત શું છે? તેની વાતો કરવી છે.

૩) બાવા ઈમામશાહના દાદા સદરુદ્દીને આ સતપંથ ધર્મની સ્થાપના કરી તેને સતપંથ જેવું છેતરામણું નામઆપ્યું. લોહાણા જ્ઞાતિએ સતપંથ ધર્મનો અંગીકાર કરી સંપૂર્ણ પણે મુસલમાન બનીને ખોજા કહેવાણા. તેજ રીતે બાવા ઈમામશાહે કડવા પાટીદારોને વટલાવી આપણને મુમના મુસલમાન લગભગ બનાવી દીધા હતા. આપણા માથે મુમનાનું મોટું કલંક લગાવ્યું. કચ્છના વાણીયા, લોહાણા અને અન્ય હિંદુઓએ આપણને હિંદુ તરીકે સ્વીકાર્યા નહી. આપણાં અપમાન થયાં, આપણે નીચ કહેવાણા, આપણે તેમના દ્વારા તિરસ્કૃત થયા. કારણ એજ કે આપણે પીરનો આ પાખંડી પીરાણા સતપંથ ધર્મનો અંગીકાર કર્યો હતો તેથી મજબુર હતા, અભણ હતા, નિર્ધન હતા. આપણો આખો સમાજ અને જ્ઞાતિ દબાયેલી અને કચડાયેલી હતી.

૪) જો કે આપણા અમુક વડીલોના પ્રતાપે આપણે ફરી પાછા સનાતન હિંદુ ધર્મમાં આવી ગયા. અન્ય હિંદુ જ્ઞાતિઓમાં ફરી પાછા હિંદુ તરીકે ઓળખાવા લાગ્યા અને ખોયેલું ગૌરવ પાછું મેળવી શક્યા. આજે જ્યારે આ બધી વાતોને ૫૦-૭૫ વરસ વીતી ગયાં અને આજે આપણે સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે આપણા યુવા વર્ગ અને બાળકોને આપણો અસલ ઈતિહાસ બતાવવો જરૂરી ગણાય, પણ આ જવાબદારી આપણી કેન્દ્રીય સમાજના આજના આગેવાનો નથી લેતા તેનું કારણ સમજાતું નથી.

૫) બાવા ઈમામશાહે પોતાના દાદા સદરુદ્દીને આદરેલાં જુઠા કામોને પૂરાં કરવા માટે આપણી જ્ઞાતિને મુમના બનાવી દીધી. આજે તમે કચ્છના માનકુવા ગામે જાઓ ત્યાં મુમના વાસ છે જ્યાં આપણા કચ્છ કડવા પાટીદારો રહેતા અને આજે પણ રહે છે. તેઓ જ્યાં રહે છે તેને ત્યાંના લેવા પાટીદારો મુમના વાસ કહે છે. આ વસ્તુ જ પુરવાર કરે છે કે આપણી જ્ઞાતિને કચ્છના અન્ય હિંદુ લોકો મુમના મુસલમાન તરીકે ઓળખતા. આજે તમે ઈન્ટરનેટ ખોલો અને ''સતપંથ'' શબ્દ દબાવો તમોને સતપંથ બારામાં અસંખ્ય માહીતિઓ ઉપલબ્ધ થશે. ''વીકીપીડીયા, ધ ફ્રી એન્સૈકલોપીડીયા'' માં તમે જુઓ તો સતપંથ એટલે શું તેની સાચી માહિતી મળશે.

૬) પીરાણા સતપંથમાં બતાવવા પુરતું, ગાદીપતિ તરીકે કડવા પટેલને (કાકાને) બેસાડવામાં આવે છે. તે પહેલેથી ચાલતી

આવતી પ્રથા છે. પર્સિયન ભાષામાં "કાકા" શબ્દનો અર્થ થાય છે નોકર. તેની પરંપરા પ્રમાણે જ્યારે કોઈ કાકા તરીકે પીરાણાની ગાદીએ બેસે ત્યારે તેનું પૂર્ણ રીતે ઇસ્લામીકરણ કરવામાં આવે છે. તે પ્રમાણે સન ૧૯૮૫ માં કરસન કાકાને પીરાણાની ગાદીએ "કાકા" તરીકે બેઠા ત્યારે તેનું ઇસ્લામીકરણ કરાવતાં તેનું મુસલમાની નામ "પીર કરીમ" નાખવામાં આવ્યું છે. ઈન્ટરનેટ ઉપર આના પુરાવાઓ મોજુદ છે. યુવા વર્ગ ગુગલ ઉપર સર્ચ કરશે તો આની સર્વ માહિતીઓ ઉપલબ્ધ થઈ શકશે.

૭) સતપંથ એક મુસ્લિમધર્મનો ફાંટો છે તેવું આપણા સુધારક વડીલોને પણ લાગ્યું તેથી તેનાથી વિખુટા પડીને આપણી કેન્દ્રીય સમાજની એક સનાતની સમાજ તરીકેની સ્થાપના કરી. અન્ય હિંદુ લોકો અને વિશ્વના આજના નામી લેખકો અને વિવેચકો પણ કહે છે કે પીરાણા સતપંથ ધર્મ એક ઇસ્લામધર્મનો ફાંટો છે. છતાં પણ આપણી કેન્દ્રીય સમાજના આજના આગેવાનો એમકહેતા ફરે છે કે સતપંથ હિંદુ ધર્મનો એક સંપ્રદાય છે. કેવી રીતે અને કેમ? તેનો જવાબ એમની પાસે નથી. અરે આ સતપંથીઓને છાવરવા માટે કેન્દ્રીય સમાજના ધુરીઓ આજે એમકહેતા ફરે છે અને એવા ઠરાવો પસાર કરે છે કે "આ સમાજમાં કોઈ પણ માણસ કોઈ પણ ધર્મ પાળતો હોય તેમાં કોઈને પણ કંઈ જ વાંધો હોવો ન જોઈએ" આનો સીધે સીધો અર્થ એ થાય છે કે આજે હું ખ્રીસ્તી (Christian) ધર્મ પાળું તો પણ હું કેન્દ્રીય સમાજનો સભ્ય રહી શકું. કેન્દ્રીય સમાજના આજના આગેવાનોને કાં તો સમાજના ઇતિહાસની ખબર નથી અથવા તો પીરાણા પંથીઓને છાવરવા માટે જાણવા છતાં અજાણ બની ને ખોટું વર્તન કરીને આખી સમાજને ગેર માર્ગે દોરી રહ્યા છે.

૮) સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજના આજના આગેવાનોને "સનાતન" શબ્દથી કેટલી બધી સુગ છે તેનું કારણ સમજાતું નથી. હમણાં તાજેતરમાં જ ધનસુખભાઈ મસ્કત વાળાએ રૂ.૩૫.૦૦ લાખનું યુવા ઓલીમ્પીયાડ માટે મુખ્ય દાતા તરીકેનું માતબર દાન આપ્યું. અને તેના નામથી ઓલીમ્પીયાડ રમાય તેવો આગ્રહ રાખ્યો. અને પોતાના નામની આગળ સનાતન શબ્દ લખાય તેવું જણાવ્યું એટલે કે "સનાતની ધનસુખ ભાઈ લીબાણી ઓલીમપીયાડ" નામરખાય એવો આગ્રહ રાખ્યો. આને લીધે તો કેન્દ્રીય સમાજના આગેવાનોમાં જાણે એક ભૂકંપ સર્જાઈ ગયો હોય એવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ. ધનસુખભાઈના રીત સર પગ પકડીને આજીજીઓ કરવામાં આવી કે તે નામમાંથી સનાતની શબ્દ તમે કાઢી નાખો. તેમની અસંખ્ય આજીજીઓને ધ્યાનમાં રાખીને છેવટે ધનસુખભાઈ નાછુટકે સનાતની શબ્દ કાઢી નાખવા રાજી થયા. જુઓ તો ખરા કેન્દ્રીય સમાજના આજના આગેવાનોની સનાતન ધર્મ પ્રત્યે આ છે માનસિકતા.

૯) કેન્દ્રીય સમાજની જ્ઞાતિ રીતી-રિવાજોની કલમ૧૮ અન્વયે આ સમાજની કોઈ પણ વ્યક્તિએ બાવા ઈમામશાહના નામે પીરાણા સતપંથ દ્વારા ઉભા થતા બાવા ઈમામાંશાહ અને નિષ્કલંકીના કહેવાતા મંદિરોમાં હાજરી આપવી તે કલમ૧૮ નો ભંગ થયો ગણાય. અને તે વ્યક્તિ સમાજનો ગુનેગારને પાત્ર ઠરે છે. એટલુજ નહિ આપણી મા કુળદેવી ઉમિયા માતાજીની છબી બાવા ઈમામશાહ પીરની છબીની બાજુમાં રાખી આ સતપંથીઓ એમપુરવાર કરે છે કે બીબી ફાતિમા જ કુળદેવી ઉમિયા માતાજીનો અવતાર છે અને નિષ્કલંકી નારાયણ હજરત અલીનો અવતાર છે. કેટલું ઘોર અપમાન થાય છે આપણા કુળદેવીનું? છતાં પણ કેન્દ્રીય સમાજના હોદેદારો અને ટ્રસ્ટીઓ આવા ઉભા થતા મંદિરોની શોભામાં અભિવૃધ્ધી કરવા ગયા તે કલમનં.૧૮ તહેત ગુનાને પાત્ર ઠરે છે. આવો આરોપ મેં કેન્દ્રીય સમાજની તા.૭.૦૮.૨૦૦૯ ની સામાન્ય સભામાં લગાવ્યો. તે ગુન્હેગારો પૈકી વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા પણ એક હતા. અમારા પ્રશ્નોના સમાધાન માટે તે જ ગુનેગાર વ્યક્તિ શિવદાસ ગોવિંદને જ સમાધાન સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવે તો તે કેવો ન્યાય આપે? જે વ્યક્તિ ગુનેગાર છે અને તેના ઉપર અમે આરોપ લગાવતા હોઈએ તેના ન્યાય માટે તે ગુનેગારને જ જો સમાધાન સમિતિના આધ્યક્ષ બનાવવામાં આવે તો કઈ જાતનું

સમાધાન થાય? જુઓ તો ખરા કેવી મનમાની ચાલે છે આપણી કેન્દ્રીય સમાજમાં?

૧૦) આપણા આજના સમાજના ધુરીઓને જગાડવાની જરૂરત છે. તેઓને તેમની જવાબદારીઓનું ભાન કરાવવાની જરૂરત છે. કોઈ માણસ ખરેખર સુતો હોય તેને આપણે જગાડીએ તો તે ઉઠી જાય. પણ જે માણસો સુવાનો ડોળ કરતા હોય તેને કેમજગાડવા? આ એક મોટો પ્રશ્ન છે.

૧૧) હિંમત ભાઈએ સભાજનોને એ પણ જણાવેલ કે નિષ્કલંકી નારાયણનો આપણા હિંદુ શાસ્ત્રોમાં ક્યાંય ઉલ્લેખ જોવા મળતો નથી. આપણા પૂર્વજોને છેતરવા માટે થઈને આ નિષ્કલંકી નારાયણનું એક કાલ્પનિક પાત્ર બાવા ઈમામશાહે ઉભું કરેલું છે. તે માત્ર બાવા ઈમામશાહના ભેજાની ભૂંડી પેદાસ છે. આ પીરાણા સતપંથ ધર્મ એક પાખંડી મત છે તેવું આધ સુધારક નારાયણજી બાપાએ પુરવાર કરેલું છે અને તે આપણી જ્ઞાતિ માટે લાયક ધર્મ નથી. બાવા ઈમામશાહે હિન્દુઓને ભોળવવા માટે હિન્દુ શાસ્ત્રોમાં ઈસ્લામિક કલમાઓનું ભેળસેળ કરીને ભ્રષ્ટ કર્યા. ફરી પાછા ૧૯૮૫ માં કરસન કાકાએ એહમદઅલી ખાકીના માર્ગદર્શન હેઠળ ઈમામશાહના સાહિત્યો નું જરૂરિયાત પ્રમાણે હિંદુકરણ કર્યું જેથી હિંદુ લોકોને ફરી પાછા ગુમરાહ કરીને સતપંથ તરફ આકર્ષી શકાય તે માટે. કહેવાય છે કે કરસન કાકાએ એહમદઅલી ખાકીની મદદથી પચાણ કાકાને પછાડીને ગાદી પતિ થયા હતા. તે બધી માહિતીઓ આપીને હિંમતભાઈએ સભાજનોનો અને આયોજકોનો આભાર માનીને પોતાનું ભાષણ પૂરું કર્યું હતું.

પ્રશ્નોતરી અને તેના જવાબો તેમજ મંતવ્યો

૧) પ્રેમજીભાઈ હંસરાજ દીવાણી, (બેંગલોર-ટોડિયા)

પ્રેમજીભાઈએ જણાવેલ કે સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓએ આપણને આંખો ખોલી નાખે એટલી માહિતીઓ આપી. તે જાણ્યા પછી પણ સતપંથીઓની સાથે આપણે સગપણ-સાંતરાં જોડીએ તો આપણા જેવા મુર્ખ કોઈ ન કહેવાય. હું અત્યારે પ્રશ્ન પૂછું છું કે આપણી કેન્દ્રીય સમાજ સનાતન ધર્મ બાબતે આટલી નિષ્ક્રિય શામાટે છે? આજે અત્યારે આ સભામાં ઉપસ્થિત સર્વે જનોને સોગંધ લેવડાવો કે આપણે સૌ સાથે મળીને સનાતન ધર્મ જાગૃતિ અભિયાનમાં જોડાઈ જઈએ અને આપણી મૂળ સનાતની તરીકેની ઓળખને બચાવીએ.

૨) મેઘજીભાઈ માધવજી લીંબાણી (બેંગલોર-મથલ)

તેઓએ પોતાના મંતવ્યો આપતાં જણાવેલ કે આ સતપંથના ભાઈઓની જોડે પહેલાં આપણા વડીલોએ કર્યું હતું તેમસગપણ-લગ્ન નો છેડો જ્યાં સુધી નહી તોડીએ ત્યાં સુધી તેઓ સીધા થવાના નથી. તેથી સભાજનોને અપીલ કરી હતી કે સતપંથીઓ જોડે હવે દીકરીની લેતી-દેતીના સંબંધો બંધ કરી સજાગ રહેવું પડશે. આ સભામાં ફક્ત સોગંધ લેવાથી કે લેવડાવવા થી કાર્ય નહીં થાય. પણ વિશ્વાસ રાખો કે જો આપણે બધાય સાથે રહીને કામકરશું તો કોઈ કામમુશ્કેલ નથી

ઉપરોક્ત બે મંતવ્યો અને પ્રશ્નોના જવાબ આપતાં હિંમતભાઈએ જણાવ્યું હતું કે લોકોમાં આ એક વ્યથા છે તેથી વડીલો પોતાના મંતવ્યો આપી રહ્યા છે. રહી વાત અત્યારે આ બાબતે કેન્દ્રીય સમાજ શું કરી રહી છે તો તેના જવાબમાં હિંમતભાઈએ જણાવેલ કે અમારા તમામપ્રયાશો કેન્દ્રીય સમાજની નેતાગીરીને સમજાવવાના ચાલુ છે. બહુ જલ્દીથી આપણને તેનું પરિણામમળવાનું છે. કેન્દ્રીય સમાજના આગેવાનોની મન માની હવે લાંબી ચાલવાની નથી.

૩) પરબતભાઈ દેવજી સાંખલા (બેંગલોર-રતડીયા):

તેમણે પ્રશ્ન પૂછ્યો હતો કે સતપંથીઓ રાત્રે મધરાતની પૂજા શામાટે કરે છે અને તેવી પૂજામાં તેઓ શું કરે છે? હિંદુ શાસ્ત્રોમાં ક્યાંય મધરાતની પૂજાનો ઉલ્લેખ નથી.

તે પ્રશ્નના જવાબમાં હિમતભાઈએ જણાવેલ કે આ સતપંથ ધર્મનું બીજું નામછે તાકિયા. તાકીયાનો અર્થ થાય છે ગુપ્તી. ગુપ્તી એટલે છુપું. છુપાવીને કંઈક કરવું. બહારથી એક અને અંદરથી બીજું. એટલે જ મધરાતની પૂજાઓ ચાલુ છે.

૪) કેશુભાઈ વીરજી પોકાર (બેંગલોર-મથલ)

આજે સમાજમાં આપણે જાગૃતિ માટે લડી રહ્યા છીએ જે વરસો પહેલાં આજ વાતને (સતપંથને) લઈને આપણા વડીલો લડી રહ્યા હતા. તેને કેન્દ્રીય સમાજ નજર અંદાજ કરે છે, તેને સાથ આપતી નથી અને કોઈ જવાબ પણ આપતી નથી તો આપણે શું કરવું જોઈએ?

તેના જવાબમાં હિંમતભાઈએ જણાવેલ કે હવે થોડા સમયની જરૂરત છે. કેન્દ્રીય સમાજના આજના આગેવાનોને જવાબ આપવોજ પડશે અને સાથ પણ આપવો પડશે તે મને વિશ્વાસ છે.

૫) જીવરાજભાઈ પોકાર, કે.આર.પુરમ(બેંગલોર-કાદીયા મોટા)

તેમણે કેન્દ્રીય સમાજની તરફદારી કરતો પ્રશ્ન પૂછ્યો હતો કે કેન્દ્રીય સમાજના જ્ઞાતિ જોગ નિવેદનમાં સમાધાન સમિતિના અધ્યક્ષ મહોદયે જણાવેલ છે કે તા.૮.૧૦.૨૦૦૯ ની સમાધાન સમિતિની મીટીગમાં તમે લોકો (સનાતનીઓ તરફના ૫ ભાઈઓ) હાજર થયા નોહતા અને તા.૧૧.૧૧.૨૦૦૯ની મીટીગમાં સર્વે પ્રકારનું સમાધાન થઈ ગયું છે તો આ બારામાં હકીકત શું છે તે જણાવો.

તેના જવાબમાં હિંમતભાઈએ જણાવેલ કે તા.૮.૧૦.૨૦૦૯ ની મીટીગમાં તે સમાધાન સમિતિના મંત્રી શ્રી કાંતિલાલ સેંઘાણી, મુંબઈ વાળાને અમોએ અગાઉથી જ જણાવી દીધું હતું કે અમારાથી તે મીટીગમાં હાજરી આપી શકાશે નહિ. કારણ કે અમોને તા.૪.૧૦.૨૦૦૯ ના ધનસુરા ખાતે અને તા.૫.૧૦.૨૦૦૯ ના પુના ખાતે સનાતનીઓની સભામાં હાજરી અપાવાનું પહેલેથી જ તય હતું. છતાં પણ તેઓએ મીટીગ રાખી તેના જવાબદાર અમે નથી. તા. ૧૧.૧૧.૨૦૦૯ ની મીટીગમાં કોઈ જ સમાધાન થયું નથી. શિવદાસ ગોવિંદ તદ્દન જુઠા છે અને તેઓ સમાજને અને સમાજના લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તે જુઠ્ઠાણાના જવાબો તેમને આપવા પડશે. અમોએ (સનાતન જાગૃતિ સમિતી વતી રમેશભાઈ વાઘડીયાએ) તે જ્ઞાતિ જોગ નિવેદન સામે સચોટ જવાબો આપ્યા છે જે આપણા મુખપત્રોમાં આવશે ત્યારે વાંચી લેજો.

નોંધઃ શીવદાસ ગોવિંદનું જ્ઞાતિ જોગ નિવેદન અને તે નિવેદન ને સચોટ જવાબ રમેશભાઈ વાગડિયા તરફથી આપવામાં આવ્યા હતા તેનું છપાણ આ પુસ્તક માં ક્યાંક છપાયેલ છે તે વાચક વર્ગને વાંચી જવા વિનંતી કરું છું.

૬) ડો. રમેશભાઈ દાવણગેરે (જીંજાય):

તેમણે પ્રશ્ન પૂછ્યો હતો કે આપણી સમાજમાં ક્યાંય પીઠ જેવું કાંઈજ નથી. (જેમ સતપંથીઓની પીરાણા પીઠ છે). આપણી જ્ઞાતિમાં પહેલું શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર ક્યાં બન્યું?

તેનો જવાબ આપતાં હિંમતભાઈએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં આપણી સમાજમાં પીઠ જેવું કયાંય નથી. આપણી કેન્દ્રીય સમાજ સનાતન ધર્મનો પ્રચાર કરવામાં તેમજ સનાતની કેન્દ્ર સ્થાન કે સનાતની પીઠ ઉભી કરવામાં નિષ્ક્રિય રહીને ઉણી ઉતરી છે તે દેખાઈ આવે છે. આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું પહેલું મંદિર ગુજરાતના બોરડીટીબા કંપામાં લગભગ

૮૦ વરસ પહેલાં બન્યું છે એવું નોંધમાં છે.

૭) શ્રી દેવજીભાઈ હંસરાજ દીવાણી, (બેંગલોર-ટોડીયા)

અગર કેન્દ્રીય સમાજ એવું બેજવાબદારી ભર્યું વર્તન કરતી હોય તો સુવર્ણ જયંતી મહોત્સવમાં આપણને ભાગ લેવો કે નહી?

તેના જવાબમાં હિંમતભાઈએ કહ્યું હતું કે કેન્દ્રીય સમાજ આપણી સનાતની ભાઈઓની સમાજ છે તેથી આ મહોત્સવ પણ આપણો સનાતની ભાઈઓનો છે. તે ઉજવવો જ જોઈએ. પણ અત્યારની આ ચાલી રહેલી જન જાગૃતિથી તેના ઉપર શું અસર થાય છે તે સમયજ બતાવશે.

૮) મનીષભાઈ ધનજી રૂડાણી, રાજાજીનગર (બેંગલોર-કાદીયા મોટા)

તેમણે પૂછ્યું હતું કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે તેમાં બે મત નથી પણ આપણી બધાયની ઓળખ સનાતની તરીકે ટકી રહે અને આપણી કેન્દ્રીય સમાજની ઓળખ પણ સનાતની સમાજ તરીકેની ટકી રહે તે માટે શું આપણે કાનૂની માર્ગ અપનાવી ન શકીએ?

તેના જવાબમાં હિંમતભાઈ એ જણાવ્યું હતું કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે તે ઓળખને યથાવત રાખવા આપણે તમામશક્ય પ્રાયાશો કરશું. અને તે ઓળખ ટકાવી રાખવા માટે જ આ ધર્મ જાગૃતિ અભિયાન સભાઓ અમે કરી રહ્યા છીએ તે ચાલુ રાખશું. જન જાગૃતિ થશે તો પોતાની મેળે કેન્દ્રીય સમાજની સનાતની ઓળખ યથાવત રહેશે. કાનૂની માર્ગ અપનાવવાની જરૂરત નહી પડે.

૯) શ્રી રવજીભાઈ યલહંકા (બેંગલોર) વાળા:

આ ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે પીરાણાની ગોળીઓ શું છે? આપણો જુનો ધર્મ શું છે? આ ધર્મ જાગૃતિ અભિયાન સભાઓથી એમનથી લાગતું કે આપણી સમાજમાં બે ફાંટા પડી જશે?

તેના જવાબ માં હિંમતભાઈ એ કહ્યું હતું કે આપણી કેન્દ્રીય સમાજમાં આપણે બે ફાંટા પાડવા નથી માંગતા. સમાજમાં ફાંટા તો સતપંથના ભાઈઓએ જ પાડ્યા છે જ્યારે આપણા સનાતની વડીલોએ સતપંથ છોડીને સનાતન ધર્મ અપનાવ્યો તે દિવસે તે વખતની આપણી સતપંથ સમાજમાંથી તે વડીલોને તગેડી મુકવામાં આવ્યા હતા. નાત બહાર કરી નાખવામાં આવ્યા હતા તેથી જ તો આપણા તે વડીલોને સનાતનીઓ માટે કેન્દ્રીય સમાજને ઉભી કરવાની ફરજ પડી હતી. હવે અત્યારે સતપંથના ભાઈઓ પીરાણું અને બાવા ઈમામશાહને છોડીને કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં ભળી જવા ન માંગતા હોય તો આપણે શું કરી શકીએ? આજે ફરી પાછા કેન્દ્રીય સમાજના આગેવાનો સતપંથીઓના થાબડભાણા કરી નકલંકી નારાયણ અને બાવા ઈમામશાહના કહેવાતા મંદિરો ઉભા કરી રહ્યા છે તે આપણી કેન્દ્રીય સમાજમાં કેવી રીતે ભળી શકવાના? કોઈ તો અમોને સમજાવો?

૧૦) જયંતીભાઈ બેન્સા વાળા બેંગલોર-વિઘોડી)

આ ભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે આપણી સમાજમાં શું ધર્મગુરૂ ની જરૂરત નથી?

તેના જવાબ એ હતો કે કોઈ પણ માણસને આપણી જ્ઞાતિનો ધર્મગુરૂ બનાવતાં પહેલાં ગણો બધો વિચાર માંગી લે છે. આજના જમાનામાં સારા ગુરૂઓ મળવા અતિ દુર્લભ છે. તલાશ જારી છે સમય આવશે ત્યારે આ કાર્ય જરૂર થશે.

૧૧) એક ભાઈનો પ્રશ્ન હતો કે આપણે હિંદુ હોવા છતાં પિરોને શામાટે પૂજીએ છીએ? શું કચ્છમાં મુસલમાની પીરો વધારે છે?

તેના જવાબમાં હિંમતભાઈએ જણાવ્યું હતું કે બાવા ઈમામશાહે આપણને મુસલમાન બનાવવા માટે થઈને જે ચીજો પ્રસ્થાપિત કરી તેના અંશો આપણામાં આવી ગયા હતા તેથી આપણે પીરોને, સૈયદોને આપણે પૂજવા લાગી ગયા હતા. કચ્છ કાંઈ પીરોનો દેશ નથી, કચ્છમાં ગણા બધા હિંદુ સંતો પણ થઈ ગયા છે પણ આપણે જે સતપંથ ધર્મ પાળવા લાગી ગયા હતા તેથી આપણામાં પીરની સંસ્કૃતિ ઘર કરી ગઈ હતી.

સભા અધ્યક્ષ કેશવલાલ કાનજી ભગતનું ઉદ્બોધન

છેલ્લે સભા અધ્યક્ષ શ્રી કેશવલાલ કાનજી ભગતે પોતાના મંતવ્યો આપતાં જણાવેલ કે સૌ પ્રથમહિંમતભાઈ ખેતાણી અને અમારા પોતાના રમેશભાઈ વાગડિયા અને અન્ય અહી ઉપસ્થિત તેમના સૌ સાથીઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. જે કાર્ય ૫૦-૭૫ વરસ પહેલાં આપણા વડીલો કરતા હતા તે જ્ઞાતિ જાગૃતિનું કામઆજે આ લોકો કરી રહ્યા છે. ખરું જોઈએ તો આ કામઆપણી કેન્દ્રીય સમાજનું છે પણ તે નથી કરતી તેનું આપણે બધાયને દુઃખ છે. આપણી કેન્દ્રીય સમાજ તેની ફરજ ચુકી ગઈ છે. તેની સરખામણી આપણે આપણા દેશની કોંગ્રેસી કેન્દ્રીય સરકાર સાથે કરી શકીએ. જવાહરલાલ નેહરુની જગ્યાએ જો સરદાર વલ્લભ ભાઈ પટેલ વડા પ્રધાન હોત તો આજે દેશમાં મુસલમાનોની સંખ્યા બહુજ ઓછી હોત. સનાતની વડીલોએ કેન્દ્રીય સમાજનું માળખું તૈયાર કરી દીધા પછી સમાજના તે પછીના આગેવાનોને સનાતન ધર્મ તરફ લોકોને વધુ જાગૃત કરવાનું કામકરવું હતું તે તેઓએ નથી કર્યું. તેથી જ આજે આપણે તેનાં માઠા પરિણામો ભોગવી રહ્યા છીએ.

આપણી જ્ઞાતિમાં જાગૃતિ આવ્યા પછી પણ જ્ઞાતિમાં અંદાજે ૮૦% સનાતાનીઓ અને ૨૦% સતપંથી લોકો છે. પણ ૨૦% વાળા ભાઈઓ ૮૦% વાળા સનાતની ભાઈઓને સતાવતા હોય તો તે યોગ્ય નથી. છતાં પણ સતપંથીઓને સમજાવવાના પ્રયત્નો ચાલુ છે. પણ મને એમનથી લાગતું કે એ લોકો સતપંથને છોડીને આપણી સાથે ભળી શકશે. આપણે ૫૦ વરસ રાહ જોઈ પણ તેઓ આપણી સાથે ભળવા ન માગતા હોય તો તે લોકો આપણી સમાજમાં ડખલગીરી કરવાનું બંધ કરે. આપણી અન્ય ગુજરાતી કોમોએ, એ જ સતપંથને માનીને લોહાણાઓ ખોજા થયા. બ્રાહ્મણોમાંથી વોહરા થયા. તેમઆપણા સતપંથના ભાઈઓ ને હજુ પણ બાવા ઈમામશાહને પકડી રાખીને મુમના થઈને રહેવું હોય તો આપણે શું કરી શકીએ? સમજી જવામાં જ સાર છે. છેલ્લે અધ્યક્ષ મહોદયે ટંકાર કર્યો હતો કે આપણા સનાતની ભાઈઓ ઉપર થયેલા કેસો અગર પાછા ખેંચવામાં નહી આવે તો કેન્દ્રીય સમાજને બેંગલોરની તમામસમાજો તરફથી કોઈ પણ જાતનો ટેકો આપવામાં નહિ આવે.

સભામાં ઉપસ્થિત સર્વે જનોએ સભા પછી સાંજનું ભોજન લીધું હતું અને સૌના મુખ ઉપર ધર્મ જાગૃતિ અભિયાન સભાનો આનંદ દેખાતો હતો અને અભિયાનની અસર તેમના મુખ ઉપર નજરે પડતી હતી.

તા. ૬.૦૧.૨૦૧૦ દાવણગેરે (કર્ણાટક) સભાનો રીપોર્ટ

સનાતન ધર્મ જાગૃતિ સમિતિની બેંગલોરમાં જાગૃતિ મહા અભિયાન પછી કર્ણાટકના અન્ય મુખ્ય શહેરો જેવા કે દાવણગેરે, હુબલી અને તુમકુર મધ્યે અનુક્રમે તા.૬,૭,અને ૮ જાન્યુઆરી, ૨૦૧૦ ના ક્રમવાર સભાઓ યોજવામાં આવી હતી.

દાવણગેરે સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભા તા,૬.૦૧.૨૦૧૦ ના રાત્રે ૯.૦૦ કલાકે દાવણગેરે સમાજની સમાજવાડીમાં પ્રારંભ કરવામાં આવી હતી અને તે રાત્રીના ૧.૦૦ વાગ્યા સુધી ચાલી હતી. સ્થાનિક સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ લીબાણી (જીંજાય)ના અધ્યક્ષ સ્થાને આ સભા બોલાવવામાં આવી હતી. આ સભામાં દાવણગેરે સમાજના તેમજ તેની આજુબાજુના ગામોમાં વસતા કડવા પાટીદારોની લગભગ ૩૫૦ જણાની હાજરી હતી. કર્ણાટક રાજ્યની એજ્યુકેસન

સીટી તરીકે ઓળખાતા આ શહેરમાં ઈન્ટલેક્ચ્યુઅલ માણસોની હાજરી નજરે પડતી હતી.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિના નીચે જણાવેલ ભાઈઓ આ સભામાં હાજર રહ્યા હતા.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, મુંબઈ
૨. શ્રી રમેશભાઈ માવજી વાઘડીયા, બેંગલોર
૩. શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી, મુંબઈ (કેન્દ્રીય સમાજના ઓડીટર)
૪. શ્રી મણીલાલ ભીમજી પોકાર, (લાલબાગ બેંગલોર સમાજના પ્રમુખ શ્રી)
૫. શ્રી ધનજી મનજી છાભૈયા, બેંગલોર (દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજના પૂર્વ મહામંત્રી).
૬. શ્રી ખીમજીભાઈ પોકાર (શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ નેલામંગલા ના પ્રમુખ)
૭. શ્રી પ્રેમજીભાઈ હીરજી પોકાર, બેંગલોર
૮. શ્રી ચંદુભાઈ (બાબુભાઈ) કરસન દીવાણી, બેંગલોર
૯. શ્રી લાલજી ડાહ્યા છાભૈયા, (પ્રમુખ શ્રી તુમકુર પાટીદાર સનાતન સમાજ)

ઉપરોક્ત ભાઈઓમાંથી શ્રી રમેશભાઈ, હિંમતભાઈ, અબજીભાઈ અને ધનજીભાઈએ આપણી કેન્દ્રીય સમાજના તેમજ જ્ઞાતિના સાચા ઈતિહાસની સભાજનોને ઝાંખી કરાવી હતી. રમેશભાઈ વગાડીયાએ સભાજનોને ખાસ પૂછ્યું હતું કે આપણો સાચો ધર્મ શું છે? આપણી કેન્દ્રીય સમાજનો ધર્મ શું છે? કયા ધર્મના પાયા ઉપર કેન્દ્રીય સમાજની સ્થાપના કરવામાં આવી છે? ત્યારે સભાજનોએ એક શુરમાં જોરથી જવાબ આપ્યો હતો કે ''આપણો ધર્મ સનાતન ધર્મ છે અને આપણી કેન્દ્રીય સમાજનો ધર્મ પણ સનાતન હિંદુ ધર્મ છે.

આપણી જ્ઞાતિમાં પીર ઈમામશાહ બાવાનું તુત શું છે? તેની ઊંડાણથી સમજણ શ્રી હિંમતભાઈએ આપી હતી. કેન્દ્રીય સમાજના આજના આગેવાનો સનાતન ધર્મના પ્રચાર કાર્યમાં કયાં ઉણા પડે છે તેની વિગતવાર માહિતી સભાજનોને આપી હતી.

શ્રી અબજીભાઈ કાનાણી અને શ્રી ધનજી મનજી છાભૈયાએ સભાજનોને જણાવ્યું હતું કે સન ૧૯૭૨માં યુવાસંઘની કલકતા મુકામે જયારે સ્થાપના કરવામાં આવી હતી ત્યારે તેઓ બંને જણા ત્યાં હાજર હતા. તે યુવાસંઘની સ્થાપના વખતેના પાંચ ઉદ્દેશો પૈકીનો પાંચમો ઉદ્દેશ એ હતો કે ''આ સંઘે સનાતન ધર્મનો પ્રચાર કરવો અને આવા દરેક કાર્યમાં કેન્દ્રીય સમાજને મદદરૂપ થવું અને સમાજમાં ધાર્મિક અંધશ્રધ્ધાઓ (પીરાણા સતપંથ ધર્મ બાબત અંધશ્રધ્ધાઓ) દુર કરવી''. એવું જણાવ્યું હતું.

સભાના અંતમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી તેના યોગ્ય જવાબો હિંમતભાઈએ આપ્યા હતા.
આ સવાલો વધુ પડતા યુવાન ભાઈઓએ પૂછ્યા હતા.

૧) સવાલઃ તમારી પાસેથી સાચો ઈતિહાસ જાણ્યા પછી એટલું તો પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના સનાતની સમાજ તરીકે થઇ હતી તો પછી સમાજના આજના આગેવાનો તેવું નથી સમજતા તો તેઓને તેમની જાવાબદારી પ્રત્યે ભાન કરાવવા માટે આપણે શું કરવું જોઈએ?
જવાબઃ કેન્દ્રીય સમાજના આજના આગેવાનોને તેમની ફરજો અને જવાબદારીઓ પ્રત્યે વાકેફ કરવા હેતુથી જ અમો અત્યારે

તમારી સમક્ષ ઉપસ્થિત થયા છીએ. અને વધારેમાં તેમની ફરજોનું ભાન કરાવવા માટે તમે સ્થાનીક સમાજો પણ કેન્દ્રીય સમાજને પત્ર લખી જણાવશો તો તેની અસર જલ્દી પડશે.

૨) **સવાલઃ** સમાજ અને જ્ઞાતિનો સાચો ઈતિહાસ જ્ઞાતિજનો સમક્ષ બતાવવાનું કામતો કેન્દ્રીય સમાજનું છે, તેઓ આ કામ શા માટે નથી કરતા?

જવાબઃ તે વાતનું જ આપણને સૌને દુઃખ છે આપણી કેન્દ્રીય સમાજ જ્યારે ૫૦ વરસ પૂરાં કરીને આ વરસે સ્વર્ણિમમહોત્સવ ઉજવવા જઈ રહી છે ત્યારે તે સમાજનો સાચો ઈતિહાસ લોકો સમક્ષ મુકવાનું કામકેન્દ્રીય સમાજે જરૂર કરવું જોઈએ. પરંતુ સાચો ઈતિહાસ બતાવવામાં જ્ઞાતિના અમુક વર્ગના લોકોને ખરાબ લાગશે, તેના ડરથી તેઓ સાચો ઈતિહાસ બતાવવા માગતા નથી. આમતેમનું ભીતિથી જીવવું ખોટું છે. પણ આપનાં પ્રયત્ન ચાલુ છે તેમાં આપણે જરૂર કામયાબ થશું એવો અમોને વિશ્વાસ છે.

૩) **સવાલઃ** આપણી કેન્દ્રીય સમાજમાં રહીને સતપંથના ભાઈઓ અગર સમાજના રીત-રિવાજોનું પાલન અને ધારા-ધોરણનું પાલન ન કરતા હોય તો તેવા લોકોને સમાજમાં રહેવાની કોઈજ જરૂરત રહેતી નથી. તો આવા લોકોની સામે કેન્દ્રીય સમાજ કડક પગલાં કેમલેતી નથી?

જવાબઃ સિધ્ધાંતિક દૃષ્ટિએ જોવા જઈએ તો આ સમાજ સનાતની સમાજ છે અને હિંદુ વૈદિક સનાતન ધર્મ પાળતા લોકો જ આ સમાજમાં રહી શકે અને તેના સભ્ય બની શકે. અને તેના રીતિ-રીવાજો અને ધારા-ધોરણોને ન પાળનારા લોકોની સામે કડક પગલાં લેવાં જોઈએ. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આપણી કેન્દ્રીય સમાજ આ બાબતે બહુ જ નિષ્ક્રિય છે એટલે જ અમોએ જન જાગૃતિ અભિયાન છેડ્યું છે. જેથી જનતા જ કેન્દ્રીય સમાજના આજના આગેવાનો સામે જવાબ લઈ શકે.

૪) **સવાલઃ** આપણી કેન્દ્રીય સમાજમાં આપણી સાથે જ રહીને સતપંથીઓ આપણને (સનાતાનીઓને) ધાર્મિક બાબતોને લઈને કનડગત કરતા હોય અને આડોડાઈ કરતા હોય તો આપણે તેવા લોકોની સાથે કેવું વર્તન કરવું જોઈએ?

જવાબઃ જેમ ગાંધીજી સ્વરાજ્ય મળવા પહેલાં અંગ્રેજોની સામે કરતા તેમ અસહકારનું શસ્ત્ર તેવા લોકોની સામે ઉગામવું જોઈએ. ''અસહકાર'' શબ્દનો ઉલ્લેખ આપણા કેન્દ્રીય સમાજની રીતી-રીવાજોની કલમોમાં અંતમાં પણ કરવામાં આવ્યો છે.

સથાનિક સમાજના આગેવાનોના મંતવ્યો

સ્થાનિક સમાજના અમુક આગેવાનોએ પણ આ સભા અને તેના વિષયો ઉપર નીચે પ્રમાણેના મંતવ્યો આપ્યા હતા.

શ્રી દામોદરભાઈ પ્રેમજી લીંબાણીઃ

આજની આ સભામાં મહેમાનોના વક્તવ્યો સાંભળી આપણી કેન્દ્રીય સમાજની સાચી ઓળખ સનાતની સમાજ તરીકેની છે એમ પુરવાર કરી દીધું છે. અને તે સમાજની સાચી ઓળખ ટકાવવા માટે અમો સર્વે યુવાનો દરેક પ્રકારની મદદ કરવા તૈયાર છીએ. અને આજે રમેશભાઈ વાઘડીયાએ જે ''યુવાન ભાઈઓને હાકલ'' બાબતનો પત્ર આપ્યો છે તેની નકલો અમે કેન્દ્રીય યુવાસંઘના હોદ્દેદારોને અમારા પત્ર સાથે સંલગ્ન કરીને મોકલાવી આપશું. અમારા પત્રમાં અમે કેન્દ્રીય યુવાસંઘના હોદ્દેદારોને વિનંતી કરશું કે આ બાબતમાં આપણે કંઈક ઠોસ પગલાં લઈએ.

શ્રી પ્રેમજીબાપા લીંબાણી – સભા અધ્યક્ષઃ

પ્રેમજીબાપાએ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના અત્રે આવેલ સૌ સભ્યોને અને ખાસ કરીને હિંમતભાઈને અંતઃકરણથી ધન્યવાદ આપ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ કાર્ય ૨૦-૨૫ વરસ પહેલાં કેન્દ્રીય સમાજે હાથ ધરવું જોઈતું હતું જેથી સતપંથ વાળા પરિવારો જોડે સગપણના અને લગ્ન સંબંધો તો ન જોડાણા હોત. પણ અત્યારે તમે આ કાર્ય કરી રહ્યા છો તે સમાજ જાગૃતિનું બહુજ ઉમદા કાર્ય છે, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તમોને સહાય કરશે. તમે અહીં આવી અમોને આજીજી કરો છો તે બિલકુલ કરતા નહીં. તમે અમોને જુસ્સાભેર આદેશ આપો. આ કામ ફક્ત તમારું નથી આપણા બધાયનું છે. જરૂરત પડે ત્યારે અમોને હાકલ કરજો આમે આવી જશું.

ડો.શ્રી રમેશભાઈ લીંબાણીઃ

છેલ્લે આભારવિધિ કરતાં તેઓ બોલ્યા હતા કે સમાજ એવો હોવો જોઈએ કે જ્યાં

- એક જ ધર્મ (સનાતન ધર્મ) પળાતો હોય,
- એક જ રીતી રિવાજોનું પાલન થતું હોય અને
- એક જ આચાર વિચારને વરેલો જન સમુદાય હોય.

તેથી જ તો આપણા વડીલોને ૧૯૬૦ માં સતપંથ ને મુકીને આપણી નવી સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના કરવી પડી હતી. અમારી ડોક્ટરની ભાષામાં કહું તો શરીરમાં રોગ પ્રસરે ત્યારે પહેલાં અમે દરદીને ગોળીઓથી સારવાર કરીએ, ત્યાર પછી ઈન્જેકસન આપીએ. તેમકરતાં દરદી સાજો ન થાય તો જે અંગ ખરાબ થયું હોય તેને સર્જરી કરી કાપી નાખીએ જેથી બાકીનું શરીર સ્વસ્થ રહે. તેવી જ રીતે સમાજમાં પણ વિધર્મી રૂપી દુષણ ઘર કરી જાય ત્યારે સમજાવટ રૂપી દવા આપી શકીએ તેમકરતાં સતપંથ રૂપી રોગ ન માને તો સર્જરી કરી સમાજના તે અંગને નોખું કરવુજ પડે જેથી સમાજનો બાકીનો વર્ગ સ્વસ્થ રહી શકે.

છેલ્લે ડોક્ટર સાહેબે આવેલ મહેમાનોનો અભાર માન્યો હતો. સાથે સાથે દાવણગેરે શહેરની આજુબાજુના ગામડાઓથી આવેલ ભાઈઓ-બહેનો તેમજ યુવાનોનો પણ આભાર માન્યો હતો.

તા.૭.૦૧.૨૦૧૦ હુબલી-ધારવાડ (કર્ણાટક) સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભા

સ્થળઃ હુબલી પાટીદાર સમાજવાડી, ન્યુ ટીંબર માર્કેટ, હુબલી-૫૮૦૦૩૧.

આ સભાના આયોજકો હતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ અને તે સમાજનું યુવક મંડળ. સભા અધ્યક્ષ તરીકે હુબલી પાટીદાર સમાજના પ્રમુખ શ્રી ભરતભાઈ નથુરામ પાસીયા, નખત્રાણા વાળા. સભા અધ્યક્ષ તરીકે એમણે મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું અને તેમની સાથે ઉત્તર કર્ણાટક સમાજ ઝોનના પ્રમુખ શ્રી લધાભાઈ ભાવાણી રસલીયા વાળાએ પણ સ્થાન ગ્રહણ કર્યું હતું. સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓમાંથી સર્વ શ્રી હિંમતભાઈ ખેતાણી, શ્રી રમેશભાઈ વાગડિયા, શ્રી અબજીભાઈ કાનાણી, શ્રી ચંદુભાઈ દીવાણી, શ્રી મણીભાઈ પોકાર, શ્રી ખીમજીભાઈ પોકાર અને લાલજીભાઈ છાભૈયાને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યું હતું.

ક્રમઅનુસાર સૌ પ્રથમ રમેશભાઈ વાગડીયાએ સમાજ એવં આપણી જ્ઞાતિના ઈતિહાસ ઉપર પ્રકાશ પાડ્યો હતો. કેન્દ્રીય સમાજની સ્થાપના સનાતન ધર્મના પાયા ઉપર કરવામાં આવી હતી. તે સનાતની સમાજના (કેન્દ્રીય સમાજના) આજના ધુરીઓ સનાતન ધર્મના પ્રચાર પ્રસારમાં ક્યાં ક્યાં અને કેવી રીતે ઉણા ઉતરી રહ્યા છે તેની વિસ્તુત જાણકારી આપી હતી. તેમણે વધુમાં સભાજનોને જણાવ્યું હતું કે કેન્દ્રીય સમાજ અને સનાતન ધર્મ જુદા નથી તે એક જ સિક્કાની બે બાજુઓ છે. સમાજ અને

ધર્મ જુદા હોઈ જ ન શકે. એટલા માટે કેન્દ્રીય સમાજના આજના આગેવાનોની પ્રાથમિક ફરજ બને છે કે સમાજમાં સનાતન ધર્મને તેના સર્વે સભ્યોમાં પ્રસ્થાપિત કરે.

ત્યાર પછી અબજીભાઈ વિશ્રામ કાનાણીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે પીર ઈમામશાહ બાવા સ્થાપિત પીરાણા સતપંથ ધર્મ એ હિંદુ ધર્મ નથી તે એક મુસ્લીમ ધર્મનો એક ફાંટો છે. તેથી જ તો આપણા સુધારક વડીલોએ તેનો સખત વિરોધ કર્યો હતો. અને આપણી જ્ઞાતિને પીરાણા સતપંથ ધર્મથી અને તેના દુષણોથી મુક્ત કરાવીને આપણા મૂળ સનાતન હિંદુ ધર્મની ઓળખ જ્ઞાતિને પાછી અપાવી હતી. આપણી કેન્દ્રીય સમાજનો ધર્મ સનાતન ધર્મ છે તેનો પુરાવો આપતાં જણાવ્યું હતું કે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘની સ્થાપના જ્યારે ૧૯૭૨ માં કલકતા મુકામે કરવામાં આવી હતી ત્યારે તેના પાંચ ઉદ્દેશો પૈકી પાંચમા ઉદ્દેશમાં ચોખ્ખું જણાવવામાં આવ્યું હતું કે સમાજમાં સનાતન ધર્મનો પ્રચાર કરવો અને તેના પ્રચાર કાર્યમાં કેન્દ્રીય સમાજને દરેક રીતે મદદરૂપ થવું. પણ અફસોસ આજે એ વાતનો છે કે આપણી કેન્દ્રીય સમાજ જ જો સનાતન ધર્મ નો પ્રચાર ન કરતી હોય તો યુવાસંઘ તેને કઈ રીતે મદદરુપ થઇ શકે?

ત્યાર પછી મુરબ્બી સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ ખેતાણીએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે આ ઈમામશાહ બાવા અને તેમજ તેની દ્વારા સ્થાપિત પીરાણા સતપંથનું તુત શું છે? તેના ઉપર વિસ્તૃત માહિતીઓ આપી હતી. ઈમામશાહ બાવાનું પહેલું નામ હતું પીર ઈમામુદ્દીન અને આજે સતપંથના ભાઈઓએ તે જ ઈમામશાહનું નામરાખ્યું છે ઈમામશાહ મહારાજ. આ ઈમામશાહ બાવા ઈરાનથી ભારત આવ્યા હતા એક માત્ર મકસદથી કે ભારતમાં ઇસ્લામ ધર્મનો પ્રચાર કરવો અને હિંદુઓને મુસલમાન ધર્મમાં કેમ વટલાવવા? તેથી તેમણે સૌ પ્રથમ હિંદુ શાસ્ત્રોને ભ્રષ્ટ કર્યા અને કચ્છ કડવા પાટીદારોના પૂર્વજોને છેતરીને સતપંથ ધર્મના નામે તોઓને વટલાવ્યા. શુરુઆતથી જ આ ધર્મની છેતરપીડીના પાયા ઉપર સ્થાપના કરવામાં આવી અને આજે પણ પીરાણા સતપંથના કાર્યકરો લોકોની સાથે છેતરપીડી કરી કરી રહ્યા છે. સતપંથમાં ચાલતી છેતરપીડી અને સતપંથ તરીકેનું સતપંથનું નામ પણ એટલુજ છેતરામણું છે તેનો ચિતાર હિંમતભાઈએ સભાજનોને આપ્યો હતો. બાવા ઈમામશાહે આપણી જ્ઞાતિને છેતરી ત્યાર પછી સન ૧૯૮૫માં પીરાણાના કરસન કાકાએ તો કેન્દ્રીય સમાજના અમુક સનાતની ભાઈઓને પણ છેતર્યા. હિંમતભાઈ ખેતાણીએ વધુમાં જણાવ્યું હતું કે પાખંડી પીરાણા સતપંથ ધર્મ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી. આ જ વાત આપણા આદ્ય સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીંબાણીએ વરસો પહેલાં કરી હતી.

હિંમતભાઈના ભાષણ પછી સમિતિના ભાઈઓ સાથે આવેલા અન્ય સનાતની ભાઈઓ જેવા કે ચંદુભાઈ કરસન દીવાણીએ અને ખીમજીભાઈ પોકાર નેલમંગલા વાળાએ પણ પોતાના ભાષણો માં જણાવેલ કે આપણો મૂળ ધર્મ સનાતન હિંદુ ધર્મ છે અને પીરાણા સતપંથ ધર્મ વાળા લોકો (સતપંથના ભાઈઓ) આપણી કેન્દ્રીય સમાજમાં રહીને તેના પીરાણા સતપંથ ધર્મનો પ્રચાર કરતા હોય તો તે કઈ રીતે ચલાવી લેવાય? આજે આપણે સૌએ જાગૃત થઇ જવાની જરૂરત છે તેમાં બહેનોએ ખાસ જાગૃત થવાની જરૂરત છે.

સનાતન ધર્મ જાગૃતિ સમિતીવાળા ભાઈઓના ભાષણો પૂરાં થયા પછી સભામાં સભાજનોના સવાલો લેવામાં આવ્યા હતા તેના યોગ્ય જવાબો સમિતિ વાળાએ આપ્યા હતા. એક બહેન તરફથી સવાલ પૂછવામાં આવ્યો હતો કે આજના કેન્દ્રીય સમાજના આગેવાનો સમાજમાં સનાતન ધર્મનો પ્રચાર શા માટે નથી કરતા? શું તે તેમની ફરજમાં નથી આવતું? સમાજના આગેવાનોની નિષ્ક્રિયતાને કારણે સમાજમાં અને ખાસ કરીને સમાજની બહેનોમાં એટલી બધી ગેરસમજણ ઉભી થઇ છે કે

આપણી કેન્દ્રીય સમાજનો મૂળ ધર્મ સનાતન હિંદુ ધર્મ છે કે પછી ઇસ્લામધર્મના પાયા ઉપર રચાએલ પીરાણા સતપંથ ધર્મ છે? આવા સવાલોના જવાબ આપતાં શ્રી હિંમતભાઈ ખેતાણીએ જણાવ્યું હતું કે આપણી કેન્દ્રીય સમાજની અસ્પષ્ટ અને બે-ધારી નીતિઓને લીધે આજે સમાજના સનાતની ભાઈ-બહેનોને નાના પ્રકારના દુઃખો અને વેદનાઓ સહન કરવી પડે છે. આપણી કેન્દ્રીય સમાજનો મૂળ ધર્મ સનાતન ધર્મ છે તેના અસંખ્ય પુરાવાઓ મોજુદ છે. ફક્ત જરૂરત છે આજની યુવા પેઢીને સમાજનો અને જ્ઞાતિનો ઈતિહાસ બતાવવાની. પણ તેને બતાવશે કોણ? તે ઈતિહાસ બતાવવાનું કામકેન્દ્રીય સમાજનું છે અને પરિવારના બુજર્ગ લોકોનું છે. કેન્દ્રીય સમાજ તેની ફરજ ચુકી છે તેની સાથે સાથે આપણે મોટાઓ પણ આપણી ફરજ ચુક્યા છીએ. એટલેજ સમાજમાં ધર્મ બાબતે આવી બધી ગેરસમજણો આજે ઉભી થઇ છે.

છેલ્લે હુબલી સમાજના યુવા પાંખના પ્રમુખ શ્રી પુરષોત્તમ નાનજી સાંખલાએ અને સમાજના સહ મંત્રી શ્રી મંગળદાસ મુળજી ભાદાણીએ સનાતન ધર્મ જાગૃતિ સમિતિનો આભાર વ્યક્ત કરતાં જણાવેલ કે આપણી સમાજનો સાચો ધર્મ સનાતન ધર્મ છે અને તેના પ્રચાર કાર્યમાં અમારી જ્યારે પણ જરૂરત પડશે ત્યારે અમોને હાકલ કરજો અમે સર્વે યુવાનો અમારી ફરજ સમજીને હાજર થઇ જશું

હુબલી પાટીદાર સમાજનો આછો ઈતિહાસ

હુબલી પાટીદાર સમાજ અને આજની સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભા બાબતમાં મને અત્યારે જણાવવાનું મન થાય છે કે; હુબલી મારું વતન હોવાથી આ સભા અહી હુબલી મુકામે યોજાયા બદલ હું આનંદની લાગણી અનુભવી રહ્યો હતો. હુબલી પાટીદાર સમાજમાં બે પરિવારો એવા હતા કે જેઓ જાહેરમાં પોતે સતપંથી છે એવું જાહેર કરતા હતા. અમુક પરિવારો એવા હતા કે તેઓ અંદરખાનેથી સતપંથને સાથ આપતા હતા પણ જાહેરમાં પાધરા થતા નોહતા. અમુક પરિવારોની શ્રધ્ધા આર્ય સમાજમાં હતી અને તેવીજ રીતે અમુક પરિવારો સ્વમીનારાયણ સંપ્રદાયમાં શ્રધ્ધા ધરાવતા હતા. સન ૧૯૯૨-૯૩ સુધી તો હું પણ હુબલીમાં જ વસવાટ કરતો હતો અને તે વખતે હું સમાજની કારોબારી કમિટીમાં પણ સેવા આપતો હતો. તે સમયે સન ૧૯૮૬-૮૭ ના સમયમાં હુબલી પાટીદાર સમાજે વિચાર્યું હતું કે હુબલીની સમાજવાડીના પ્રાંગણમાં આપણા કુળદેવી ઉમિયા માતાજી અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર બંધાવવામાં આવે. તેનો કારોબારી સભામાં નીર્ણય લેતી વખતે મારા પિતાશ્રી માવજીભાઈ રતનશી વાગડીયાએ કારોબારી સભામાં વાત રાખી કે મંદિર બનાવશો તો કયા ભગવાનનું મંદિર બનાવશો? બાવા ઈમામશાહનું કે, સ્વામિનારાયણનું કે પછી શ્રી લક્ષ્મીનારાયણ નું? કારણકે અહી આ સમાજમાં સતપંથના પરિવારો છે, સ્વામીનારાયણના પરિવારો છે આર્ય સમાજમાં માનનારા કુટુંબો છે અને બાકીના બહુમતી વર્ગ લક્ષ્મીનારાયણ સંપ્રદાયને માનનારો વર્ગ છે. તે વખતે તે સમાજમાં રહેતા સતપંથના (કાદીયા મોટાના) ભાઈ દેવશી વાલજી જબુવાણીએ પોતાની છાતી ફૂટતા કહ્યું હતું કે પહેલાં મને ખરીદો પછી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બનાવજો. ત્યારે એક સનાતની ભાઈ શ્રી પ્રેમજીભાઈ હંસરાજ દીવાણીએ વ્યંગમાં તે સતપંથી ભાઈને ઉત્તર આપ્યો હતો કે તું શું લાકડું છે કે તને ખરીદીએ બાકી જે બહુમતીથી નિર્ણય લેવાશે તેમ બધાને માનવું પડશે. આખરે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું જ મંદિર બનાવવામાં આવે એવો બહુમતીથી નિર્ણય લેવામાં આવ્યો હતો. તે નિર્ણયના પરિણામે મંદિરના ભૂમિપૂજનની (ખાત મુહરતની) તારીખ પણ નક્કી કરવામાં આવી હતી અને તેનો ચડાવો પણ લેવામાં આવ્યો હતો. તે ચડાવો ટોડીયાના વિશ્રામ રામજી દીવાણી પરિવારે લીધો હતો. ખાત મુહરત પણ થયું. પરંતુ અફસોસ એ વાતનો છે કે આજ દિવસ સુધી હુબલી સમાજ મંદિર ન બનાવી શકી. આનું કારણ શું હોઈ શકે? તેનો વિચાર આપણે બધાયે કરવાનો છે? અમોએ (સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળાઓએ) ભારતભરની સમાજોમાં ધર્મ જાગૃતિ સભાઓ કરી પણ ક્યાંય શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો અમોને જોવા મળ્યા

નહીં. જોવા મળ્યા તો ફક્ત પાંચ સમાજવાડીઓમાં. તે પાંચ સમાજોના નામકે જેઓએ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો તેમની સમાજના પ્રાંગણમાં બંધાવ્યા છે તે નીચે પ્રમાણે છે;

૧. શ્રી પુના કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, પુના
૨. શ્રી જબલપુર કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, જબલપુર
૩. શ્રી પાટીદાર પરિવાર સમાજવાડી, મૈસુર રોડ, બેંગલોર
૪. શ્રી લાલબાગ પાટીદાર સમાજવાડી, બેંગલોર
૫. શ્રી દિલ્હી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, નવી દિલ્હી

સન ૧૯૪૦ થી ૧૯૭૦ સુધીના દસકાઓમાં કચ્છમાં જ્ઞાતિ સુધારક વડીલો દ્વારા સનાતન ધર્મ નો પવન ફૂંકાયો. તેના પરિણામે કચ્છના લગભગ બધાયે ગામોમાં જ્યાં કડવા પાટીદારો વસવાટ કરે છે, ત્યાં સનાતન સમાજો અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાણા. પરંતુ કચ્છ બહારની સમાજોમાં આવા મંદિરો શા માટે ન બંધાણા? આવા મંદિરો બંધાવવાની જવાબદારી સુધારક વડીલો પછીની બીજી પેઢીના વડીલોની હતી. આ બાબતનું ચિંતન અને મનન કરતાં મેં તારમણું એ કાઢ્યું કે કચ્છની સનાતન સમાજોમાં સતપંથના ભાઈઓને આપણા વડીલોએ ભેગા નોહતા રાખ્યા, તેમની સાથે સગપણો પણ નોહતા જોડ્યા. પણ કચ્છ બહારની સમાજોમાં આપણી બીજી પેઢીના વડીલોએ આ સતપંથના ભાઈઓને ત્યાંની સમાજોમાં ભેગા રાખીને બહુજ મોટી ભૂલ કરી હતી. આ જ એક મોટું કારણ હતું કે આપણે કચ્છ બહારની સમાજોમાં મંદિરો બંધાવી ન શક્યા, શ્રદ્ધાના કેન્દ્રો ઉભા કરી ન શક્યા. કારણ કે જો શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ના મંદિર બાંધવા જાય તો સતપંથના ભાઈઓને માઠું લાગશે? એવી નાહકની ચિંતાઓ સનાતની વડીલોએ કરી હશે? એવા નકારાત્મક વિચારો બીજી પેઢીના વડીલોને આવ્યા હશે? અને જે તે વખતે મંદિર બાંધવાનો વિચાર ટાળ્યો હશે તે સ્વાભાવિક છે. બીજું મોટું કારણ એ પણ હતું કે સતપંથના ભાઈઓએ જ મંદિર બાંધવામાં વિરોધ કર્યો હોય? એવું મને લાગે છે. જુઓ આ હુબલી સમાજનો જ દાખલો લઈએ તો જ્યાં મંદિર બાંધવા માટે ખાત મુહરત આજથી લગભગ ૩૫-૪૦ વરસ પહેલાં કરવામાં આવ્યું હોવા છતાં અને સમાજ પાસે ૩૦ ગુંઠા (પોણો એકર) જેવી યોગ્ય જમીન હોવા છતાં આજ દિવસ સુધી મંદિરનું નિર્માણ નથી કરી શક્યા તેના કારણો જાણવા આપણે પ્રયત્નો કરવા જોઈએ. આપણે જૈન ધર્મ પાળવા વાળા મારવાડી અને ગુજરાતી ભાઈઓને જોઈશું તો એક વાતનો જરૂર ખ્યાલ આવશે તેઓ તેમની મહાજન વાડીઓ બંધાવતા પહેલાં શ્રધ્ધાના કેન્દ્રોનું (મંદિરોનું) નિર્માણ પહેલું કરશે જેથી ભાવી પેઢીઓ માં પણ ધાર્મિક અને ઈશ શ્રધ્ધા તેઓ નિર્માણ કરી શકે. આપણે જોઈએ છીએ કે તેઓ ધાર્મિક બાબતે કેટલા બધા ચુસ્ત હોય છે? એવી ધાર્મિક ચુસ્તતા આપણે શા માટે આપણા લોકોમાં પ્રસ્થાપિત નથી કરી શકતા? આપણે પણ આપણી સમાજમાં ધાર્મિક ચુસ્તતા કરી શકીએ જો આપણી, સમાજની દિશા એક હોય તો. આપણા સુધારક વડીલોએ પ્રયત્નો કર્યા કે આપણી ધાર્મિક દિશા એક માત્ર સનાતન ધર્મ તરફ જ હોવી જોઈએ. પણ અત્યારે દુઃખની સાથે કહેવું પડે છે કે જતે દહાડે આપણે તે દિશા પકડી ન શક્યા. આખો સમાજ સનાતન અને સતપંથમાં ભટકાયેલો રહ્યો. સમાજના સુકાનીઓ સમાજના લોકોને ધાર્મિક રીતે એક દિશા તરફ (એક માત્ર સનાતન ધર્મ તરફ) વાળી ન શક્યા. તેઓ પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી ન શક્યા તેનો આપણે બધાને અફસોસ છે.

હુબલી સભા વખતે બનેલ બીજી એક ઘટનાની વાત કરું તો તે વાત એ છે કે આખી સભા દરમ્યાન ઉપર જણાવેલ સતપંથી ભાઈ દેવશી વાલજી જબુવાણીએ પોતાનો મોબાઈલ ફોન ચાલુ રાખીને સામે કોઈક બીજા પીરાણા પંથીને આખી સભાની કાર્યવાહી સંભળાવી રહ્યા હતા. જાણવા મળ્યું છે કે સતપંથના આ ભાઈએ પાછળ થી સન ૨૦૧૯-૨૦ માં હુબલી પાટીદાર સમાજ ઉપર

ખોટો કોર્ટ કેસ પણ દર્જ કર્યો છે જેનો નિકાલ આ લખાણ લખી રહ્યો છું ત્યાં સુધી આવ્યો નથી. હુબલી પાટીદાર સમાજ સતપંથના પરિવારોને સાથે રાખીને આજે તેની કીમત ચૂકવી રહ્યો છે.

હુબલીની સભા રાત્રે ૧.૦૦ વાગ્યા સુધી ચાલી હતી. તે રાત્રે અમારો ઉતારો કચ્છ ટોડીયાના સનાતની ભાઈ શ્રી ભીમજીભાઈ વિશ્રામ દીવાણીના ઘરે નક્કી રાખવામાં આવ્યો હતો પણ પાછળથી કોણ જાણે કેમ અમારો ઉતારો હિંમતભાઈ રતનશી ખેતાણીના મામાજી શ્રી દેવજીભાઈ શિવજી દીવાણીને ઘરે નક્કી કરી નાખવામાં આવ્યો હતો. તેમાં હિંમતભાઈએ નારાજગી દર્શાવી હતી કે મારા મામાજી અંદર ખાનેથી પીરાણા સતપંથમાં શ્રધ્ધા ધરાવે છે એની મને (હિંમતભાઈને) જાણ છે. આ બાબતનો ખુલાશો મને કરવાનું કહ્યું ત્યારે મેં સનાતની ભાઈ શ્રી ભીમજીભાઈ વિશ્રામ દીવાણીને પૂછ્યું હતું કે શું આ વાત સાચી છે કે હિંમતભાઈના મામાજી દેવજીભાઈ શિવજી દીવાણી સતપંથ માં હજી પણ શ્રધ્ધા ધરાવે છે? ત્યારે તેઓએ કહ્યું કે હવે તેઓ પણ સુધરી ગયા છે, ગણા દિવસ પહેલાં તેઓ હતા. હવે અમારો ઉતારો દેવજીબાપાને ઘરે નક્કી થયું હોવાથી અમે બધાએ તેમના ઘરે રાતવાસો કરીને બીજા દિવસે સવારના ૬.૩૦ વાગે અમારે તુમકુર જવા નીકળવું હતું. બન્યું એવું કે સવારના અમે લોકો ૪.૩૦-૫.૦૦ વાગે ઉઠી, નાહી ધોઈને નાસ્તો પાણી કર્યાં. ત્યાર પછી અનાયાસે ભગવાનના મંદિરમાં હિંમતભાઈએ અમસ્તી નજર કરી તો અંદર બાવા ઈમામશાહનું ફોટુ જોયું અને એમનો મિજાજ બગડ્યો. ત્યાર પછી તુમકુર સુધી વાટમાં મારા ઉપર ખીજાતા રહ્યા અને મને કોષતા રહ્યા કે જીંદગીમાં હું મારા મામાજીને ઘરે આ કારણે જ પગ નોહતો મુક્યો પણ આજે તારા કારણે મને એક સતપંથીના ઘરે રહેવું પડ્યું અને જમવું પણ પડ્યું. ક્યારેક ક્યારેક આવી ઘટનાઓ જીવનમાં બની જતી હોય છે.

હુબલીથી લગભગ સવારના ૬.૩૦ વાગે કાર થી અમો તુમકુર જવા રવાના થયા. હુબલીથી તુમકુર લગભગ ૩૭૫ કિલોમીટરનું અંતર છે. તુમકુર અમે ૪.૦૦ વાગે પહોંચ્યા હતા.

તા.૮.૦૧.૨૦૧૦ તુમકુર (કર્ણાટક) સભાનો એક રીપોર્ટ. પ્રસ્તુત કર્તાઃ રમેશભાઈ વાઘડીયા

તુમકુરની સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાનું આયોજન શ્રી તુમકુર પાટીદાર સનાતન સમાજે અને સમાજના યુવક મંડળે કર્યું હતું. તુમકુર સમાજના પ્રમુખ કોટડા(જ) વાળા શ્રી લાલજીભાઈ ડાહ્યા છાભૈયા અને તે જ સમાજના અમુક વડીલો અને યુવાનોએ તા. ૩.૦૧.૨૦૧૦ ની બેંગલોરની ધર્મ જાગૃતિ અભિયાન સભામાં હાજરી આપેલ હતી. તે વખતે જ શ્રી લાલજી બાપાએ મનોમન નક્કી કરી લીધું હતું કે અમારી તુમકુર સમાજમાં પણ આવી ધર્મ જાગૃતિ અભિયાન સભા યોજવામાં આવે. તેથી તે લાલજી બાપા દાવણગેરે અને હુબલીની સભામાં પણ અમારી સાથે જોડાયા હતા. તા. ૪.૧૦.૨૦૦૯ ની ધનસુરાની સભાથી લઈને આજની આ તુમકુરની સભા ૭ મી સભા હતી.

તુમકુરની આ સભા તા.૮.૦૧.૨૦૧૦ ના રાત્રે ૯.૦૦ કલાકે શ્રી સિધ્ધીવિનાયક સમુદાય ભવન મધ્યે લગભગ ૩૫૦ લોકોની હાજરીમાં બોલાવવામાં આવી હતી. આ સભા સતત ૪.૩૦ કલાક ચાલી હતી. વકતાઓને સાંભળવા માટે લોકોમાં જબજસ્ત ઉત્સાહ નજરે પડતો હતો. સમાજના દરેક વર્ગે આ સભાને રાત્રીના ૧.૩૦ વાગ્યા સુધી બહુજ ધ્યાનપૂર્વક માણી હતી. કેન્દ્રીય સમાજનો સાચો ઈતિહાસ તેમજ જ્ઞાતિનો સાચો ઈતિહાસ જાણવા માટે દરેક સભાજનો આતુર હતા.

પ્રણાલિકા મુજબ સૌ પ્રથમ રમેશભાઈ માવજી વાગડીયાએ જુસ્સાભેર ભાષણ કર્યું હતું. ત્યાર પછી શ્રીમાન શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી, શ્રીમાન ચંદુલાલ કરસન દીવાણી, શ્રીમાન શ્રી ખીમજીભાઈ નાનજી પોકાર, શ્રીમાન શ્રી ધનજી મનજી છાભૈયા અને છેલ્લે શ્રીમાન શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીના ભાષણોની સમાજના ભાઈ-બહેનો અને યુવાનોએ લાભ લીધો

હતી.

આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના કોણે કરી? શામાટે કરી? સમાજ સ્થાપક વડીલોએ પાખંડી પીરાણા સતપંથ ધર્મનો કાયમને માટે ત્યાગ શા માટે કર્યો હતો? કેન્દ્રીય સમાજની સ્થાપના કેવા સંજોગોમાં, શા શા હેતુઓને લઈને કરવામાં આવી હતી? તેની વિસ્તૃત માહિતીઓ વક્તાઓએ આપી હતી. વધુમાં આ વક્તાઓએ સભાજનોને એ પણ જણાવ્યું હતું કે કેન્દ્રીય સમાજના આજના આગેવાનો તે જ સમાજના સ્થાપના વખતેના ઉદ્દેશો અને હેતુઓ નું પાલન નથી કરતા તેનું સૌ સનાતનીઓને દુઃખ છે તેની માહતીઓ પણ આપી હતી. જો આજના આગેવાનો તેમની જવાબદારીઓનું પાલન ન કરતા હોય તો સમાજના એક સભ્ય તરીકે આપણી શું શું જવાબદારીઓ બને છે? તેનો ચિતાર આ વક્તાઓએ આપ્યો હતો.

સનાતની ભાઈ શ્રી હિંમતભાઈએ પીર ઈમામશાહ સ્થાપિત પીરાણા સતપંથ ધર્મનું તુત શું છે? અને તે ધર્મમાં આપણી જ્ઞાતિને તે પીર ઈમામશાહે કેવી રીતે ફસાવી તે બાબતની સવિસ્તાર માહિતીઓ આપી હતી. આ ઈમામશાહ બાવાએ, તેમજ તેના પિતા પીર કબીરુદ્દીને અને તેના દાદા પીર સદરુદ્દીને હિંદુ શાસ્ત્રોને ભ્રષ્ટ કરીને આપણા પૂર્વજોને કેવી રીતે તેની જાળમાં ફસાવ્યા હતા તેની પુરાવાઓ સહીતની માહિતીઓ આપી હતી. આપણા હિંદુ શાસ્ત્રોમાં ક્યાંય નકલંકી નારાયણનો ઉલ્લેખ નથી છતાં પણ આજના સતપંથીઓએ નકલંકીનારાયણની સાથે પીર ઈમામશાહના કહેવાતા મંદિરોની સ્થાપના કરી, સમગ્ર ભારતમાં વસતા સનાતની ભાઈઓમાં ગેરસમજણ ફેલાવી સમાજમાં શ્રધ્ધાનું વિકેન્દ્રીકરણ કરી રહ્યા છે તેની સામે સમાજમાં આજે કોઈ કહેવા વાળુ નથી. બધુંયે સમજતા હોવા છતાં સમાજના આજના આગેવાનો સનાતન ધર્મ બાબતે અકળ ચુપકીદી સેવી રહ્યા છે તેનું કારણ સમજાતું નથી. હિંમતભાઈએ વધુમાં જણાવ્યું હતું કે નકલંકી નારાયણ તો એક કાલ્પનિક પાત્ર છે જે બાવા ઈમામશાહના ભેજાની ભૂંડી પેદાશ માત્ર છે જેનું સમર્થન હિંદુ શાસ્ત્રોમાં ક્યાંય ઉપલબ્ધ નથી. હા, પીર ઈમામશાહ લખી ગયા તે પ્રમાણે હજરત મહંમદ પયગંબરના જમાઈ હજરત અલી જ નકલંકીનારાયણનો અવતાર છે અને તેની પત્ની બીબી ફાતમા એ આપણી આધશક્તિનો અવતાર છે. આવી સતપંથની અનેક કાલ્પનિક કપોળ કલ્પિત બાબતોની માહિતીઓ હિંમતભાઈએ પોતાના વક્તવ્યમાં જણાવી હતી.

તુમકુર ધર્મ જાગૃતિ અભિયાન સભાના સભાજનોના સવાલો અને તેના જવાબો

છેલ્લે સભાજનોએ અમુક સવાલો પૂછ્યા હતા તેના યોગ્ય જવાબો સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળાએ આપ્યા હતા

૧) શ્રી શંકરલાલ હળપાણી (કંડાય)

સવાલઃ આપણી કેન્દ્રીય સમાજ એક સનાતની સમાજ છે તો પછી તેના આજના કાર્યકર્તાઓ સનાતન ધર્મની અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની જય શામાટે નથી બોલાવતા?

જવાબઃ કારણકે કેન્દ્રીય સમાજના આજના આગેવાનો એમ સમજી રહ્યા છે કે આપણી કેન્દ્રીય સમાજને સનાતન ધર્મ સાથે કાંઈજ લેવા-દેવા નથી. તેમના મત અનુસાર કેન્દ્રીય સમાજ ધર્મ નીરપેક્ષ સમાજ છે. તેમને સમાજના ઇતિહાસની મૂળ વાત જ ખબર નથી કે આ સમાજની સનાતન ધર્મના પાયા ઉપર સ્થાપના કરવામાં આવી છે અને તે સમાજનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જ્ઞાતિને પાખંડી પીરાણા સતપંથથી મુક્તિ આપાવીને સનાતન ધર્મ અપનાવવા પ્રયત્નો કરવા. તે ઉદ્દેશો ભૂલી જઈને તેઓ અત્યારે એમ સમજી રહ્યા છે કે જો કેન્દ્રીય સમાજમાં સનાતન ધર્મની જય બોલાશે તો આ સમાજ સનાતની સમાજ છે તેવું પુરવાર થઇ જશે. અને તેમ તેઓને થવા દેવું નથી એવું જણાઈ આવે છે.

૨) શ્રી કાંતિભાઈ કરમશી રવાણી (ખોંભડી) સ્થાનિક યુવક મંડળના પ્રમુખશ્રી :

સવાલ: કેન્દ્રીય સમાજ તેમજ તેની અંતર્ગત આવતી તમામ ઝોન સમાજો અને ઝોન સમાજોની અંતર્ગત આવતી તમામઘટક સમાજોમાં આપણા સુધારક વડીલોના અને જ્ઞાતિ ઉધ્ધારક સંત શ્રી ઓધવરામજી મહારાજના ફોટા શા માટે નથી રાખવામાં આવતા? આપણી અને આપણી કેન્દ્રીય સમાજની સનાતની તરીકેની ઓળખ કાયમકરાવવા માટે કોઈ એક પ્રતિક અથવા તો લોગો આજે કેન્દ્રીય સમાજની સ્થાપનાને ૫૦ વરસ પૂરાં થયા હોવા છતાં શા માટે બનાવવામાં નથી આવ્યો?

જવાબ: આવા બધાય સવાલોના જવાબો આપણે સૌ ભેગા મળીને કેન્દ્રીય સમાજના આગેવાનોને પુછવા પડશે. એટલા માટે જ થઈને આપણે આજે ભેગા મળીને આ ધર્મ અને સમાજ જાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છીએ જેથી કરીને સમાજના લોકોમાં સાચી જાગૃતિ કાયમ થાય.

૩) શ્રી બાબુભાઈ રવાણી (ખોંભડીવાળા) :

સવાલ: (૧) આપણી સમાજને આજે ૫૦ વરસ પૂરાં થયાં પણ આજે તમે આવ્યા છો તેવી રીતે સનાતન ધર્મનો પ્રચાર કરતું જાગૃતિ અભિયાન અમે પહેલી વાર જોઈ રહ્યા છીએ. પરંતુ આપણી કેન્દ્રીય સમાજ મૂળ સનાતની સમાજ હોવા છતાં આવા ધર્મ અને સમાજ જાગૃતિ કાર્યો કેમહાથ ધરતા નથી? (૨) આપણે સૌ પીરાણા સતપંથ ધર્મમાં ભટકાયેલા હતા તેમાંથી વડીલોએ આપણને બહાર કાઢ્યા, સાચો સનાતન ધર્મ અપનાવવા કારણભૂત બન્યા. તેના માર્ગદર્શક ને પ્રણેતા પ્રાતઃ સ્મરણીય સંત શ્રી ઓધવરામજી મહારાજ હતા. તો શું કેન્દ્રીય સમાજ સનાતન ધર્મના પ્રચારાર્થે કોઈ સાચા સંતને માર્ગદર્શક તરીકે હાલ નીમી ન શકે?

જવાબ: તમારા પહેલા સવાલનો જવાબ ખરી રીતે જોઈએ તો આપણી કેન્દ્રીય સમાજના આજના ધુરીઓજ આપી શકે. એ ધુરીઓને આ સવાલ આપણે બધાયે સાથે મળીને પૂછવાનો છે અને તેનો સમય હવે આવી ગયો છે. તે આગેવાનોને તેના જવાબો આપવા જ પડશે. તમારા બીજા સવાલના જવાબમાં અમારે એ કહેવાનું છે કે યોગ્ય વ્યક્તિ સજ્જન સંત પુરુષની તલાશ ચાલી જ રહી છે. પણ આજના જમાનામાં સંત શ્રી ઓધવરામજી મહારાજ જેવા સંત પુરુષો મળવા બહુજ કઠીન છે. સંત પુરુષોમાં સૌ પ્રથમતો અપરીગ્રહતાની અત્યંત જરૂરીયાત હોય છે. કોશિશ ચાલુ છે એક દિવસ આપણને જરૂર સફળતા મળશે.

૪) શ્રીમતી ભારતીબેન રવાણી (ખોંભડી):

સવાલ: અમે દીકરીઓ જન્મથી લઈને ૨૦-૨૨ વરસ સુધી અમારા સનાતની પિતાની પાસે રહીને સનાતની વિચારધારામાં ઉછરીને સનાતન ધર્મ જ આમારો મૂળ ધર્મ છે તેમ માની લઈએ છીએ. પરંતુ જ્યારે અમારા પીતાશ્રીઓ અમારા લગ્ન એવા પરિવાર સાથે કરાવે છે કે જેમણે બહારથી શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજમાં સભ્યો થઈને ગામમાં ચિઠ્ઠીઓ ફડાવી આવ્યા હોય છે પણ અંદરખાનેથી પીરાણા સતપંથ ધર્મમાં ગળાડૂબ હોય છે તો આ સમાજમાં આમારા જેવી દીકરીઓએ શું ગુન્હાઓ કર્યા છે કે લગ્ન પછી અમોને પીરાણા સતપંથ ધર્મ અપનાવવો પડે? આ શું સમાજની અસ્પષ્ટ બે-ધારી નીતિઓનું પરિણામ નથી? આવી બાબતોમાં સમાજના વડીલો, જવાબદાર વ્યક્તિઓ આંખ આડા કાન શા માટે કરી રહ્યા છે?

જવાબ: હિંમતભાઈએ અશ્રુભીની આંખે જવાબ આપ્યો હતો કે દીકરી તારા સવાલોના જવાબમાં હું કબુલ કરું છું કે અમે વડીલો જ, સમાજના આજના જવાબદાર વ્યક્તિઓ જ તમારા ગુન્હેગારો છીએ. અમે લોકો સમજતા હોવા છતાં તમારા જેવી દીકરીઓને સનાતન ધર્મના સંસ્કારો આપી લગ્ન પછી પીરાણા મુસ્લિમ ધર્મના અનુંયાઈઓના ઘરે વગર વાંકે ધકેલી દેતા હોઈએ છીએ. હું માનું છે કે આજે વડીલોના વાંકે આવી આપણી દીકરીઓને દુઃખ સહન કરવાનો વારો આવ્યો છે. દીકરી તારી વાત બિલકુલ સાચી છે કે કેન્દ્રીય સમાજ તેમજ ગામની સ્થાનિક સમાજોની મવાળ, અસ્પષ્ટ અને બે-ધારી દિશાહિન નીતિઓને

કારણે આજે આખો સનાતની સમાજ તેનો ભોગ બન્યો છે. કેન્દ્રીય સમાજના આગેવાનોને આ બધું એહસાસ કરાવવાના અમારા પ્રયત્નો ચાલુ જ છે તેમાં બહુ જલ્દી આપણને સફળતા મળી જશે એવો અમોને વિશ્વાસ છે.

સભાજનોના મંતવ્યો અને વિચારો

૧. શ્રી કાંતિલાલ કરમશી રવાણી (ખોંભડી) સ્થાનિક યુવક મંડળના પ્રમુખ :

તેમણે પોતાના વિચારો રજુ કરતાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ અભિયાન કાર્યમાં અમે અને અમારી શ્રી તુમકુર પાટીદાર સનાતન સમાજ તેમજ યુવાનો તન-મન-ધનથી તમારી સાથેજ છીએ અને રહીશું. મારા મત અનુશાર આ એક જાગૃતિ અભિયાન છે તેને જ્યાં સુધી કેન્દ્રીય સમાજ ઉપર સનાતની ઝંડો ન લહેરાય ત્યાં સુધી સતત ચાલુ રાખવું પડશે. તમે તે ચાલુ રાખજો અને જરૂરત પડે અમોને હાક મારજો અમે તમારી સાથેજ રહેશું.

૨. શ્રી ખીમજીભાઈ નાનજી પોકાર (નેલમંગલા લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજના પ્રમુખ) :

તેઓએ જણાવ્યું હતું કે "ભાઈઓ અને બહેનો તમો તમારી જાતને એક પ્રશ્ન જરૂર પુછજો કે તમે હિંદુ સનાતની છો કે પછી મુસલમાન સતપંથી છો? આપણી જ્ઞાતિ ભૂતકાળમાં કદાચ અણસમજમાં પીર ઈમામશાહથી શરમજનક રીતે ઠગાણી પણ અત્યારે પીરાણા દ્વારા આપવામાં આવતા છેતરામણા અને લોભામણા પ્રલોભનોમાં આવી જઈને છેતરાજો નહીં. એવી મારી આપ સૌને ભલામણ છે.

૩. શ્રી લાલજીભાઈ ડાહ્યા છાભૈયા (કોટડા જ) સ્થાનિક સમાજના પ્રમુખઃ

આજની સભાના અધ્યક્ષ મહોદયે છેલ્લે પોતાના મંતવ્યો આપતા જણાવ્યું હતું કે મેં ધાર્યું નોતું એવી સફળ સભા આજે થઈ. મારી વિનંતીને માન આપી સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓ આજે અમારે આંગણે આવી આપણી કેન્દ્રીય સમાજ અને જ્ઞાતિના સાચા ઈતિહાસની ઝાંખી કરાવી તે બદલ હું અમારી તુમકુર સમાજ વતી અને વ્યક્તિગત રૂપે મારા પોતાના વતી હૃદયપૂર્વકનો આભાર માનું છું. ભાઈઓ, આજે સમય આવી ગયો છે કેરી રૂપી સમાજના હાથરામાં ચાંદી પડે તો આખો હથરો ખરાબ થઈ જાય. તેમથાય તે પહેલાં તેવી ચાંદી વાળી કેરીને નોખી કરીને ફેંકી દેજો નહીતો આખો હાથરો ખરાબ થઈ જશે. આ સમાજમાં આજે સતપંથી રૂપી કુહાડાઓ ફરી રહ્યા છે. જો આપણે જ તેના હાથા બનશું તો આપણે સૌ સનાતાનીઓ ચોક્કસ એક દિવસ કપાઈ જશું તેનું ધ્યાન રાખજો. ચેતજો સનાતની ભાઈઓ ચેતજો. લાલજી બાપાએ આમકહીને ઉપસ્થિત સભાજનોને સતપંથીઓથી ચેતવાનું આહ્વાન કર્યું હતું. બાપાએ ફરી એક વખત ધર્મ જાગૃતિ સમિતિનો અને સભાજનો નો આભાર માન્યો હતો અને સભાને પૂર્ણ જાહેર કરી હતી.

તા.૮.૦૧.૨૦૧૦ ના રાત્રે તુમકુરની સભા પૂરી કરી તા. ૯.૦૧.૨૦૧૦ ના બેંગલોર પરત આવીને તે દિવસના રાત્રે ટ્રેઈન દ્વારા તામીલનાડુ જવા અમારી સનાતન ધર્મ જાગૃતિની ટીમરવાના થઈ હતી અને તા.૧૦.૦૧.૨૦૧૦ ના સવારના મદુરાઈ પહોંચી ગયા હતા.

તા.૧૦.૦૫.૨૦૧૦ મદુરાઈ (તમિલનાડુ) સભાનો રીપોર્ટ

મદુરાઈની આ સભા સનાતન ધર્મ જાગૃતિ અભિયાનની ૮મી સભા હતી. આ સભાનું આયોજન શ્રી ક.ક.પા. દક્ષીણ ભારત ઝોન સમાજ અંતર્ગત આવતી શ્રી કચ્છ કડવા પાટીદાર મદુરાઈ ઝોને કર્યું હતું. આ સભામાં મદુરાઈ વિસ્તારના મદુરાઈ, સીગોટા, રાજપલ્યમ, ત્રિચી, ડીન્ડીગલ અને તેની આજુબાજુના ગામડાઓમાંથી પાટીદાર ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. આ સભાના અધ્યક્ષ તરીકે મૂળ નાના કાદીયાના ડીડીગલથી પધારેલ શ્રી રવજીભાઈ હંસરાજ છાભૈયાએ સ્થાન શોભાવ્યું હતું. અને વડીલ વિશેષ તરીકે મૂળ રવાપરના રાજપલ્યમથી પધારેલ શ્રી ભવાનજીભાઈ લખમશી મૈયાતે પણ મંચ ઉપર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ તરફથી નીચે જણાવેલ ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવવામાં આવ્યું હતું.

૧) શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, મુંબઈ
૨) શ્રી રમેશભાઈ માવજી વાઘડીયા, બેંગલોર
૩) શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી, મુંબઈ
૪) શ્રી મોહનભાઈ માવજી વાઘડીયા, બેંગલોર
૫) શ્રી રમેશભાઈ મુળજી ગોરાણી, બેંગલોર

શ્રી સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓએ ક્રમઅનુસાર ભાષણો કર્યા હતાં. અને સભાજનોને કેન્દ્રીય સમાજ અને જ્ઞાતિના ઇતિહાસની વિગતો જણાવી હતી. પીરાણા સતપંથ ધર્મ શું છે? અને તેના જુઠ્ઠાણા બાબતે પણ માહિતીઓ આપી હતી. તદુપરાંત આપણી કેન્દ્રીય સમાજ સનાતન ધર્મ બાબતે આટલી બધી નિષ્ક્રિય શા માટે છે? તે બાબતમાં પણ વિચારો આપ્યા હતા.

આ સભામાં સતપંથના એક ભાઈ મેઘજીભાઈ છાભૈયાએ પણ હાજરી આપી હતી અને સભામાં વિક્ષેપ નાખવાનો નિરર્થક પ્રયાશ કર્યો હતો. પણ સ્થાનિક સમાજના ભાઈઓની સતર્કતાને લીધે એ ભાઈ વધારે કંઈ કરી શક્યા નોહતા. પણ સભામાં તે સતપંથના ભાઈએ જણાવ્યું હતું કે અગાઉ ભૂતકાળમાં જ્ઞાતિ જાગૃતિના શુરુઆતના દિવસોમાં આદ્ય સુધારક પુ. નારાયણજી રામજી લીબાણીએ આપણી જ્ઞાતિને સુધારવા પ્રયત્નો કર્યા પછી ગણા વરસો બાદ હવે તમે આવો છો તો આટલા દિવસ તમો ક્યાં હતા? એવો બેહુદો પ્રશ્ન તેમણે કર્યો હતો. આમતો તેમનો પ્રશ્ન સાચો અને વ્યાજબી હતો પણ કેન્દ્રીય સમાજ જ ધાર્મિક બાબતે સાવ નિષ્ક્રિય હતી તે દેખાઈ આવતું હતું. તમે વચ્ચેના દિવસોમાં આવ્યા હોત તો સતપંથે ફરી પાછું માથું ઊંચું ન કર્યું હોત અને આપણી જ્ઞાતિ એક થઈને સનાતન ધર્મ પાળવા લાગી ગઈ હોત. આવું તે સતપંથના ભાઈ મેઘજીભાઈ બોલ્યા હતા.

મદુરાઈના સ્થાનિક ભાઈઓએ આ સતપંથના ભાઈનું નામ "જોડકું" રાખ્યું હતું. જોડકાંનો અર્થ થાય છે, સતપંથ અને સનાતની પરિવાર વચ્ચે સગપણો જોડાવી દેવા વાળો માણસ. એ માણસને ખબર હતી કે જો આવા સંબંધો જોડાઈ જશે તો જતે દહાડે સનાતની પરિવારોને પણ સતપંથના કાર્યક્રમોમાં આવતા જતા કરી દેશું અને આખરે એક દિવસ તેઓ (સનાતની ભાઈઓ) સતપંથને અપનાવવા મજબુર થઇ જશે. આ સતપંથના ભાઈઓની સોચી સમજી સાજીશ હતી. અને દક્ષીણ ભારતમાં આવું બન્યું પણ ખરું. પીરાણા સતપંથના પ્રેમદાસ બાપુઓએ અને પીરાણાના કાકાઓએ દક્ષીણ ભારતમાં સતપંથના પ્રચારાર્થે મિલનો અને શિબિરોનાં આયોજનો કર્યા હતાં. આવી સતપંથની શિબિરો અને મિલનોમાં સનાતની વેવાઈઓને પરાણે આમંત્રણો આપવામાં આવતાં અને સનાતની ભાઈઓને મરજી ન હોવા છતાં આવા સતપંથના કાર્યક્રમોમાં પરાણે હાજરી આપવી પડતી હતી. કારણ કે સતપંથ અને સનાતનીઓ વચ્ચે દક્ષિણમાં ગણાં બધાં સગપણ સંબંધો જોડાઈ ગયાં

હતી. આ બધી પીરાણા સતપંથના ભાઈઓની સોચી સમજી ચાલ હતી, જેથી તેઓ સતપંથ ધર્મનો જ્ઞાતિમાં ફરી પાછો વ્યાપ વધારી શકે.

સતત સાડાત્રણ કલાક ચાલેલી આ સભાના અંતમાં પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. તેમાં પુછાયેલા સવાલોના સનાતન જાગૃતિ સમિતિના ભાઈઓએ યોગ્ય જવાબો આપ્યા હતા. તે સવાલોની સાથે સાથે સભાજનોએ સભા બાબતે પોતાના મંતવ્યો પણ નીચે મુજબ આપ્યા હતા.

૧) શ્રી કિશોરભાઈ દેવજી પોકાર, મદુરાઈ (ગઢુલી):
આ ભાઈએ તેમના મંતવ્યો આપતાં જણાવેલ કે થોડા વરસ અગાઉ લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિ વાળા સાથે કેન્દ્રીય સમાજના આગેવાનો પણ અહી આવ્યા હતા ત્યારે તેઓએ જે વાતો કરી હતી તે આજે ખોટી સાબિત થઇ રહી છે. આજે તમે આવ્યા છો તે આપણી સમાજ અને જ્ઞાતિનો સાચો ઈતિહાસ બતાવીને અમારી આંખો ખોલી નાખી છે. અત્યારે આ સભા જે સ્થળે ચાલી રહી છે તે મદુરાઈની સંયુક્ત ગુજરાતી સમાજનું મકાન છે. જેમાં પાટીદારોની સાથે અન્ય જ્ઞાતિના ભાઈઓ જેવા કે વાણીયા, લોહાણા, બ્રાહ્મણ વગેરે પણ સભ્યો છે. અમોને એક વાત જાણીને નવાઈ સાથે આનંદ પણ થયો કે આ સમાજમાં પણ પીરાણા સતપંથ ધર્મ પાળવા વાળા ભાઈઓને સભ્યપદ નિષેધ ફરમાવવામાં આવ્યું છે. કારણ કે મદુરાઈની આ સંયુક્ત ગુજરાતી સમાજના અન્ય ગુજરાતી ભાઈઓને પણ ખબર છે કે પીરાણા સતપંથ ધર્મ એક મુસ્લિમ ધર્મનું ફાંટું છે અને તેથી આવા ભાઈઓને આ સમાજમાં પ્રવેશ નિષેધ ફરમાવેલ છે.

૨) શ્રી પુરષોતમભાઈ હંસરાજ છાભૈયા (ડીંડીગલ-નાના કાદીયા):
સવાલઃ ઈન્ટરનેટ બાબત તમે જે માહિતી આપી છે, તે હજી વિસ્તારથી સમજાવો.
જવાબઃ રમેશભાઈ વાઘડીયાએ તેના જવાબમાં જણાવ્યું હતું કે અમેરિકામાં વસતા ગુજરાતીઓએ વિકસાવેલ એક સાઈટ છે, તે તમે ઈન્ટરનેટ ઉપર www.gujaratilexicon.com ટાઈપ કરીને ખોલસો તો પીરાણા સતપંથ બાબતે તમોને અસંખ્ય માહિતીઓ મળશે. તે સાઈટમાં જઈને તમે સતપંથ, પીરાણા, મુમના, મતિયા, ઈમામશાહ અને સમાજની સાચી વ્યાખ્યા અને તેનો અર્થ પણ મળવી શકશો.

૩) સતપંથી ભાઈ મેઘજીભાઈ છાભૈયા (તીરપુર) "જોડકું"
સવાલઃ તમે જે કામલઈને આવ્યા છો તે કામને આધુરું મુકશો નહિ, મૂકી દેશો તો જે રહેશે તેઓ મટી જશે. ઢીલા ન પડજો, જાલી રાખજો બધાને. ભારત દેશમાં દરેક માણસને જે ધર્મ પાળવો હોય તેની છૂટ છે.
જવાબઃ હિંમતભાઈએ તેનો જવાબ આપતાં જણાવેલ કે ભારત દેશમાં જેને જે ધર્મ પાળવો હોય તે પાળવાની છૂટ છે પણ સતપંથ ધર્મ એક મુસ્લિમધર્મનું ફાંટું છે તેથી તે પળાવવા વાળા માણસો અમારી સાથે, અમારી કેન્દ્રીય સમાજમાં, અમારા ભેગા રહી નહી શકે તે વાત હવે ચોક્કસ છે. અમારી સાથે કેન્દ્રીય સમાજમાં અમારા ભેગા રહેવું હશે તો પીરાણા સતપંથ ધર્મને છોડવો પડશે તે હકીકત છે. વિચારી જો જો આ બાબતે. અને અમે જે કામલઈને નીકળ્યા છીએ તે પૂરું કરીને જ રહેશું. તમારા સુચન બદલ ધન્યવાદ.
૪) શ્રી ખીમજી માવજી ગોરાણી (રવાપર-મદુરાઈ):
સવાલઃ આજે ગણી બધી માહિતીઓ જાણવા મળી જેની અમોને આ પહેલાં ખબર નોહતી. નથી અમોને અમારી સ્થાનિક સમાજે જાણાવ્યું છે કે નથી કેન્દ્રીય સમાજે આ બાબતો ઉપર પ્રકાશ પાડ્યો છે. અત્યારે કેન્દ્રીય સમાજનો ધર્મ શું છે? તેનું

સત્યપદ શું છે? તે વાતથી અમો તદ્દન અજાણ છીએ. હવે પછી કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે અમારા ઉપર તમે શું જવાબદારીઓ નાખવા માંગો છો તે જણાવો?

જવાબઃ આ સવાલના જવાબમાં રમેશભાઈ વાઘડીયાએ જણાવેલ કે અત્યારની સભા સમાજની એક ધર્મ જાગૃતિ અભિયાનની સભા છે. કેન્દ્રીય સમાજની રચના સનાતન હિંદુ ધર્મના પાયા ઉપર કરવામાં આવી છે તેથી તે સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કેન્દ્રીય સમાજના આજના આગેવાનોએ કરવો જોઈતો હતો પણ તેઓ નથી કરી રહ્યા એટલે આજે અમે અમારી ફરજ સમજીને આવી સભાઓ યોજીને કરી રહ્યા છીએ. કેન્દ્રીય સમાજના આગેવાનોએ સનાતન ધર્મ પાળતા લોકોના હિતોની પણ રક્ષા કરવી જોઈએ જે તેમની ફરજમાં આવે છે. પણ અફસોસની સાથે કહેવું પડે છે કે કેન્દ્રીય સમાજ આ બાબતે કંઈજ સાંભળવા તૈયાર નથી. જે સતપંથ ધર્મનો આપણા વડીલોએ ત્યાગ કરીને કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી તે જ સતપંથ ધર્મ પાળતા લોકોને (સતપંથીઓને) જો આજે સમાજના આગેવાનો છાવરતા હોય તો તે ક્યાંનો ન્યાય કહેવાય?

સતપંથના ભાઈઓ પાસે તો ૪૫૦-૫૦૦ વરસ જૂની તેમની આઉગી સતપંથ સમાજ છે જ. પણ સનાતાનીઓ માટે સનાતની ભાઈઓના હીતોની રક્ષા કરી શકે એ માટે કેન્દ્રીય સમાજ છે પણ તે સમાજના આજના ધુરીણો તેની જવાબદારીઓ ભૂલી ગયા છે તે માટે જ અમે આજે સમાજના જનસમુદાય પાસે આવ્યા છીએ. તમોએ અમારી પાસેથી સાચી હકીકતો સાંભળી, હવે તમોને એમલાગે કે અમે સાચા છીએ તો તમે સ્થાનિક લેવલે સનાતન ધર્મ બાબતે જાગૃત બનો અને આપણી કેન્દ્રીય સમાજને પણ જણાવી દો કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે અને સનાતન ધર્મનો પ્રચાર કરવો તે કેન્દ્રીય સમાજનું પરમકર્તવ્ય છે. અને કેન્દ્રીય સમાજનું બીજું કર્તવ્ય એ છે કે જ્ઞાતિમાંથી પીરાણા સતપંથ ધર્મેનો જડ મૂળથી નાશ કરવો. જ્ઞાતિને સતપંથથી મુક્ત કરવાનું સપનું આપણા આદ્ય સુધારક પૂજ્ય નારાયણજી રામજી લીંબાણીએ સેવ્યું હતું. તેઓએ એક સભામાં એવું કહ્યું હતું કે ''મારું સૌ પ્રથમકર્તવ્ય એ છે કે આપણી જ્ઞાતિ માટે લાયક નહિ એવા પાખંડી પીરાણા સતપંથ મતને જ્ઞાતિમાંથી નાબુદ કરવાનો હું આજે પ્રણ લઉં છું, એમકરતાં મારા આ જન્મારામાં તેમન થયું તો હું ફરી પાછો આ જ્ઞાતિમાં જન્મલઈને આ પાખંડી કબ્રસ્તાની પીરાણા સતપંથનું જ્ઞાતિમાંથી નિકંદન કાઢી નાખીશ.''

૫) શ્રી કિશોરભાઈ દેવજી પોકાર (ગડુલી-મદુરાઈ):

સવાલઃ આટલા દિવસ સુધી તો અમે એમમાનતા હતા કે આપણે અને સતપંથના ભાઈઓ એક છીએ પણ આજે તમારી પાસેથી હકીકતો જાણ્યા પછી એમથાય છે કે આપણે સતપંથના ભાઈઓ સાથે ભેગા કેમરહી શકીએ અને એક કેમથઈ શકીએ?

જવાબઃ આના જવાબમાં સ્થાનિક વડીલ શ્રી વિસનજી ભાઈએ જણાવ્યું હતું કે કેન્દ્રીય સમાજની બે-ધારી, ઢીલી નીતિઓને લીધે ધર્મ બાબતે આપણી આજની યુવા પેઢી તદ્દન અજાણ રહી ગઈ છે. આજે ભારત દેશના રાજકારણમાં જેમવોટીગનું રાજકારણ ચાલે છે તેમઆપણી સમાજમાં પણ સતપંથ લઘુમતીને છાવરવાનું કામઅત્યારે ચાલી રહ્યું છે. આજે આપણે જાગૃત નહી થઈએ તો સનાતન ધર્મના પાયા ઉપર જે સમાજની સ્થાપના કરવામાં આવેલ છે તે કેન્દ્રીય સમાજની મૂળ સનાતની તરીકેની ઓળખ પણ આવતા દિવસોમાં મટી જશે અને સતપંથના ભાઈઓ તે આપણી કેન્દ્રીય સમાજ ઉપર ચડી બેસશે.

૬) શ્રી દીક્ષિતભાઈ શિવજી ઉકાણી (ત્રીચી-ખોંભડી):

સવાલઃ સમાજની રીતી-રિવાજોની કલમ૧૮ અને ૧૯ શું છે? અને તેનો ઉલ્લેખ સમાજના ધારા-ધોરણમાં શા માટે કરવામાં આવ્યો છે?

જવાબઃ રમેશભાઈ વાઘડીયાએ તેનો જવાબ આપતાં જણાવેલ કે કેન્દ્રીય સમાજની સ્થાપના પહેલાં આપણે બધાયે અમુક મુસ્લિમરીતી રીવાજો વાળો સતપંથ ધર્મ પાળતા હતા અને તેને લઈને આપણી ઓળખ પણ એક મુમના મુસલમાન તરીકે થતી હતી. તેવી ઓળખને ભૂસવા માટે આપણા સુધારક વડીલો દ્વારા કેન્દ્રીય સમાજના ધારા-ધોરણમાં રીતી-રિવાજોની કલમનં.

૧૮ નો સમાવેસ કરવામાં આવ્યો હતો. તે અન્વયે આ સમાજના દરેક સભ્યનું બાહ્ય આચરણ જન્મથી મરણોત્તર સુધી હીન્દુનું રહેવું જોઈએ તેવો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી આ સમાજનો કોઈ પણ સભ્ય મુસ્લિમપીર ઈમામશાહને જાહેરમાં અથવા તો પોતાના ઘરમાં પૂજી શકતો નથી. તેજ પ્રમાણે પીર ઈમામશાહના નામે ઉભા થતા કહેવાતા મંદિરોમાં જાય તો તેનું આચરણ પણ હીન્દુનું નથી રહેતું. તેવીજ રીતે આપણી સમાજના કેઈ પણ સભ્યનું અથવાતો સભ્યના રીસ્તેદારોનું મરણ થયા પછી તેનો અગ્નિ સંસ્કાર કરવાને બદલે દફનાવવામાં આવે તો તે સભ્યનું બાહ્ય આચરણ હીન્દુનું નહિ પણ મુસ્લિમનું થયું ગણાય એમપુરવાર થાય છે. અને તેથી કલમનં. ૧૮ અન્વયે તે સભ્ય સમાજનો ગુન્હેગાર ઠરે છે. અને ગુન્હેગાર તરીકે તેના ઉપર દંડનીય કાર્યવાહી થવી જોઈએ તે આજે નથી થતી તેનું આ સમાજના સનાતની ભાઈઓને પારાવાર દુઃખ છે. અહી મારું કહેવાનું એ પણ છે કે પીરાણા સતપંથીઓ દ્વારા ઉભા થતા ઈમામશાહના મંદિરોના ઉદ્ઘાટન પ્રસંગોમાં હાજરી આપવા જતા સમાજના ટ્રસ્ટી-હોદ્દેદારો અથવા તો કોઈ પણ સભ્ય પણ કલમ૧૮ અન્વયે ગુન્હેગારને પાત્ર છે અને તેથી તેની સામે સમાજમાં દંડનીય કાર્યવાહી થવી જોઈએ. તા.૭.૮.૨૦૦૯ ની કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં અમે (મેં અને હિંમતભાઈએ) ભર સભામાં સમાજના પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણી ઉપર, પૂર્વ પ્રમુખ વાલજીભાઈ શિવજી વાડિયા ઉપર, વરિષ્ઠ ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયા ઉપર અને અન્ય હોદ્દેદારો ઉપર કલમનંબર ૧૮ નો ભંગ કરવા બદલ આરોપ લગાવ્યો હતો કારણ કે તેઓ પીરાણા સતપંથના નખત્રાણા-કોટડા રોડ ઉપર આવેલા ઈમામશાહના મંદિરના ઉદ્ઘાટન પ્રસંગમાં, તેની શોભામાં અભિવૃધ્ધી કરવા હાજરી આપી હતી તે કલમ૧૮ નો ખુલ્લે આમભંગ કર્યો ગણાય. પણ તે આરોપને ન તો તે લોકો દ્વારા સ્વીકારવામાં આવ્યો અને ન તો તેનું ખંડન કરવામાં આવ્યું. આવું તો કેન્દ્રીય સમાજમાં કેટલાએ વરસોથી ચાલ્યું આવે છે. તેને કોઈ પુછવા વાળુ નથી. આજે કેન્દ્રીય સમાજ તેના સ્થાપના વખતેના મૂળભૂત હેતુઓ, ઉદ્દેશો અને સિધ્ધાંતોને ભૂલી ગઈ છે તેને આપણે બધાયે ભેગા મળીને સુધારો લઈ આવવાની જરૂરત છે, સેટ રાઈટ કરવાની છે. કાર્ય કઠીણ લાગે છે પણ અશક્ય નથી.

સમાજના રીતિરીવાજો ની કલમનંબર ૧૯ નો સતપંથના ભાઈઓ દ્વારા થતો ભંગઃ

રીતી રિવાજોની કલમનંબર ૧૯ એમકહે છે કે સમાજમાં કોઈ પણ સામાજિક અથવા તો ધાર્મિક વિવાદો કોઈ પણ કારણે ઉદભવેલા હોય તેના નિરાકરણ માટે સમાજનો કોઈ પણ દુખી સભ્યે કોર્ટનો આશરો ન લેતાં પહેલાં સમાજને ધાં નાખવી જોઈએ. સમાજને જણાવવું જોઈએ કે મને ફલાણા ફલાણા સભ્યથી ફલાણું મનદુઃખ છે. પણ આજે થાય છે શું? સતપંથના ભાઈઓ સમાજ પાસે ધાં ન નાખતાં આડેધડ સનાતની ભાઈઓ ઉપર ખોટા કોર્ટ કેસો કરીને સમાજના સનાતની ભાઈઓને હેરાન-પરેસાન કરી મુકે છે. તે પણ કલમનંબર ૧૯ નો ખુલ્લે આમભંગ થયો ગણાય અને ભંગ કરનાર વ્યક્તિને સમાજ દ્વારા દંડનીય સજા થવી જોઈએ. પણ તેમથતું નથી. અરે.... કેન્દ્રીય સમાજના પ્રમુખ અને ટ્રસ્ટીઓ ઉપર પણ ભૂતકાળમાં સતપંથના ભાઈઓ દ્વારા મનઘડીત, ખોટા કોર્ટ કેસો થયેલા છે તેની સામે કેન્દ્રીય સમાજ કોઈ અકળ કારણોને લઈને કોઈ જ કાર્યવાહી કરતી નથી તેનું આ સમાજના સનાતની ભાઈઓને પારાવાર દુઃખ છે.

૭) શ્રી રવજીભાઈ હંસરાજ છાભૈયા, (ડીંડીગલ-કાદીયા નાના) સભા અધ્યક્ષ તેમજ મદુરાઈ ઝોન ના પ્રમુખઃ

સવાલઃ આપણી સમાજના સતપંથી ભાઈઓ સનાતની ભાઈઓની સાથે સગપણ જોડતી વખતે પોતે સતપંથી હોવા છતાં કચ્છની સનાતન સમાજોમાં થી ચિઠ્ઠીઓ ફડાવી આવે છે અને પોતે સનાતની હોવાનો ડોળ કરે છે. આવી ચિઠ્ઠીઓ સનાતની સમાજો દ્વારા ન અપાવી જોઈએ. આ બાબત ઉપર પ્રકાશ પાડશો?

જવાબઃ રમેશભાઈ માવજી વાઘડીયાએ તેનો જવાબ આપતાં જણાવેલ કે આવા માણસો તદ્દન જુઠ્ઠા માણસો છે અને તેનાથી આપણને સૌએ આપણા દીકરા દીકરીઓના સગપણ કરતી વખતે સજાગ રહેવું જોઈએ. તેવા ધાર્મિક રીતે લેભાગુ લોકોને કચ્છની સનાતન સમાજોએ સનાતની સભ્ય તરીકેની ચિઠ્ઠીઓ ન આપવી જોઈએ. સાચા સનાતની હોય તેને તો આવી

ચિઠ્ઠીઓની જરૂરત જ નથી પડતી. સતપંથના ભાઈઓને જ આવી ચિઠ્ઠીઓની જરૂરત શા માટે પડે છે? કારણ કે તેઓને પોતે સતપંથી હોવા છતાં સનાતની છે એવું પુરવાર કરવા સગપણ સાંધવા હેતુથી ચિઠ્ઠી ફડાવવી પડે છે. ''જુઠકી બુનિયાદ પર ખડા કીયા ગયા ધર્મ હૈ સતપંથ'' આવા જુઠા ધર્મના કે પંથના અનુયાયીઓને પોતાના નીજી સ્વાર્થ માટે સનાતાનીઓ સાથે સગપણ જોડવામાં જુઠું બોલીને સનાતન ધર્મની ચિઠ્ઠીઓ ફડાવવી પડે એનાથી મોટું પાપ શું હોઈ શકે? આપણી સનાતની કેન્દ્રીય સમાજની આડસમાં રહીને તેઓ પોતાને હિંદુ કહેવડાવે છે. તાકાત હોય તો આપણાથી અલગ રહી બાતાવે? આપણાથી જો તેઓ અલગ થશે તો તેમની ઓળખ એક મુમના મુસલમાન તરીકેની થઇ જશે તે વાત તેઓ બિલકુલ જાણે છે. એટલા માટે જ તેઓને ઈમામશાહને મુકવો નથી પણ કેન્દ્રીય સમાજની, કચ્છના ગામડાઓની સનાતન સમાજોની આડસ જરૂર જોઈએ છે. એટલુજ નહિ કચ્છ બહારની સનાતન સમાજો છે ત્યાં પણ તેમને સનાતાનીઓ સાથે જ રહેવું છે પણ સતપંથ અને ઈમામશાહ બાવાને મુકવો નથી. કારણ કે તેઓ સનાતની સમાજની આડસ લીધા વગર કચ્છ બહાર પરદેશમાં પણ હિંદુ તરીકેની ઓળખ રાખી શકતા નથી તેવું તેઓ સુપેરે જાણે છે એટલા માટે જ તેઓને આવી આપણી સનાતની સમાજોની આડસ હંમેશાં જોઈએ છે.

૮) શ્રી પુરષોત્તમભાઈ હંસરાજ છાભૈયા, ડીંડીગલઃ

સવાલઃ (૧) કેન્દ્રીય સમાજમાં ૧૮ મી કલમનો અમલ ન થતો હોય તો અમારે શું કરવું જોઈએ? (૨) અંધશ્રધ્ધાને હિસાબે સતપંથના ભાઈઓ સનાતની લોકોને પીરાણાની માનતા રખાવે છે. ગણી વખત આવી માનતા રખાવવા માટે તેનો પ્રચાર પણ કરવામાં આવે છે. અને જો માનતા ફળે તો તેવા સનાતની લોકો સતપંથમાં શ્રધ્ધા ધરાવતા થઇ જાય છે અને તેનો પરિવાર સતપંથનો અનુયાયી પણ બની જાય છે. તો આમથતું હોય ત્યારે આપણી સનાતની તરીકે ની શું જવાબદારી બને છે?

જવાબઃ તમારા પહેલા સવાલનો જવાબ એ છે કે તમે કેન્દ્રીય સમાજને આ બાબતે પ્રશ્ન પૂછી શકો છો. ઓછામાં ઓછા ૧૦૦ સભ્યોની (જેઓ કેન્દ્રીય સમાજના સભ્યો છે તેઓની) સહીઓ કરાવી કેન્દ્રીય સમાજને પ્રશ્ન પુછો તો તેને સામાન્ય સભામાં જાહેરમાં આનો જવાબ આપવો પડે એવી બંધારણમાં જોગવાઈ છે તેનો ઉપયોગ કરી શકાય. તેમના બીજા સવાલનો જવાબ આપતાં હિંમતભાઈએ જણાવ્યું હતું કે શ્રધ્ધા વસ્તુ જ એવી છે. તમે પ્રાણપ્રતિષ્ઠા કરીને બેસાડેલાં કુળદેવી ઉમિયા માતાજી અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પણ ખરા ભાવ અને શ્રધ્ધાથી માનતા માનસો તો તે પણ ફળવાની જ છે. તેજ પ્રમાણે પીરાણાની માનતા માનીને તે ફળે તો પીરાણામાં શ્રધ્ધા ધરાવતા થઇ જઈએ તે સ્વાભાવિક છે, અને કદાચ પીરાણાની શ્રધ્ધા ન ફળે તો પણ તમોને તે સતપંથી ભાઈઓ કહેશે કે જુઓ ઈમામશાહ બાવાની માનતા માનવામાં કંઈક ભૂલ થઇ ગઈ હશે? તમે એમકરો એક વખત પીરાણે દર્શન કરી આવોને તો તમારી માનતા જરૂર ફળશે એમકહીને તે વ્યક્તિને આ સતપંથીઓ દ્વિધામાં નાખી દઈને અંધશ્રદ્ધાથી મુંડી નાખે છે. આવી રીતે સતપંથનો તો પ્રચાર તે સતપંથના ભાઈઓ કરે છે. આવી રીતે પીરાણા સતપંથમાં આનો સુયોજિત પ્રચાર ચાલે છે જેથી કરીને વધારેમાં વધારે આપણા સનાતની ભાઈઓ પીરાણા તરફ આકર્ષાઈને વખત જતાં સતપંથના દસોંદ વીસોંદના ચુંગલમાં પણ ફસાઈ જાય છે. પણ અફસોસ એ વાતનો છે કે આપણા ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાન અને મા ઉમિયા માતાજીનો, સનાતન ધર્મનો પ્રચાર કોણ કરે? આની જવાબદારી તો કેન્દ્રીય સમાજની છે પણ તે જવાબદારી આજના કેન્દ્રીય સમાજના આગેવાનો નિભાવવાનું ભૂલી ગયા છે.

૯) શ્રી વિસનજીભાઈ સોમજી પોકાર (મદુરાઈ સમાજના પૂર્વ પ્રમુખ):

સવાલઃ જ્યારે હું મદુરાઈ સમાજનો પ્રમુખ હતો ત્યારે આપણી કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી વાલજી ભાઈ શિવજી વાડિયા મદુરાઈ આવ્યા હતા ત્યારે રૂપિયા ૫૦૧.૦૦ ભરીને હું કેન્દ્રીય સમાજનો આજીવન સભ્ય બન્યો હતો. પણ મને આજ દિવસ

સુધી ન તો કોઈ અહેવાલ આવે છે અને ન તો કોઈ વાર્ષિક સામાન્ય સભાની નોટીસ આવે છે તો મારે શું કરવું જોઈએ?

જવાબઃ આનો જવાબ અપતાં રમેશભાઈ વાગડિયાએ જણાવ્યું હતું કે, આની માટે તમે કેન્દ્રીય સમાજને પત્ર દ્વારા જાણ કરો અને તેમની પાસે જવાબ માંગો. વધુમાં રમેશભાઈએ કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવા બાબતે જણાવ્યું હતું કે માત્ર રૂપિયા ૫૦૧/- ભરીને આટલી મોટી સંસ્થાનું વગર રોક ટોકે, કોઈ પણ જાતનું ફોર્મ ભર્યા વગર, વ્યક્તિ કોણ છે અને કયો ધર્મ પાળે છે તે જાણ્યા વગર આજીવન સભ્યપદ મળી જતું હોય તો કેન્દ્રીય સમાજની સભ્યપદ આપવાની આ પ્રક્રિયા ઉપર રોક લગાવવાની જરૂરત છે. અને સભ્યપદ આપવાની તેવી પદ્દતિ ઉપર તાત્કાલિક રોક લાગવી જોઈએ. આવી રીતે મળતા સભ્યપદનો સતપંથના ભાઈઓએ ભરપુર ફાયદો ઉઠાવ્યો છે. તેઓ સતપંથ ધર્મ પાળતા હોવા છતાં સનાતન ધર્મના પાયા ઉપર સ્થાપના કરવામાં આવેલ કેન્દ્રીય સમાજનું સભ્યપદ ફક્ત રૂપિયા ૫૦૧.૦૦ ભરીને લઈ રહ્યા છે તે તાત્કાલિક બંધ થવું જોઈએ.

૧૦) શ્રી અશ્વિનકુમાર પ્રેમજી પોકાર, (મદુરાઈ ઝોનના મંત્રીશ્રી):

સવાલઃ પત્રો લખવા છતાં કેન્દ્રીય સમાજ કોઈ પણ પ્રશ્નોના જવાબ ન આપે અને બેજવાબદારી ભર્યું વર્તન કરે તો શું કરવું?

જવાબઃ આની માટે સામાન્ય સભામાં ટેકેદારો ઉભા કરીને આ પ્રશ્નો પૂછી શકાય. અને તેના ખુલાસાઓ કેન્દ્રીય સમાજ પાસેથી માંગી શકાય. પણ સામાન્ય સભામાં હાજરી આપવી અનિર્વાય છે.

૧૧) શ્રી રવજીભાઈ હંસરાજ છાભૈયા, ડીંડીગલ (નાના કાદીયા):

સવાલઃ આજે અમારા નાનાકાદીયા ગામમાં સનાતન અને સતપંથના ભાઈઓ વચ્ચે મિલકત બાબતે ૨૫-૨૫ વરસ થયા કેસો ચાલે છે જેનું આજ દિવસ સુધી નિરાકરણ નથી આવ્યું તો આપણી કેન્દ્રીય સમાજ શું કરે છે?

જવાબઃ પહેલી વાત તો એ કે કેન્દ્રીય સમાજને આની જાણ કરવી જોઈએ. કોટડા ગામમાં આવા નવ કેસો સતપંથના ભાઈઓ દ્વારા સનાતની ભાઈઓ ઉપર કરવામાં આવ્યા હતા. તેમાં કેસ કરનાર એક મોહરું માત્ર હોય છે પણ કેસ કરાવવામાં તેની પાછળ આખી પીરાણા સંસ્થાનું પીઠબળ હોય છે. તેમાં કેન્દ્રીય સમાજે મધ્યસ્થી કરીને એક તરફું સમાધાન કરાવ્યું ત્યારે સતપંથના ભાઈઓ તરફથી બાંહેધરી લેવામાં આવી હતી કે તેઓ તાત્કાલિક સનાતની ભાઈઓ ઉપર કરવામાં આવેલા તમામકેસો પાછા ખેંચી લેશે. પણ આજ દિવસ સુધી કેસો પાછા ખેંચાણા નથી, તો કેન્દ્રીય સમાજ શું કરી રહી છે? આજે ચોતરફથી કેન્દ્રીય સમાજ ઉપર કેસો પાછા ખેંચાવા માટે સનાતની ભાઈઓએ દબાણ કરવાની જરૂરત છે.

૧૨) શ્રીમતી રમીલાબેન લાલજી પોકાર, ડીંડીગલ (નાના કાદીયા):

સવાલઃ આ બહેને પૂછ્યું હતું કે અમે પીરાણા જઈએ છીએ ત્યારે મહિલાઓને માત્ર એક કલાક જ ત્યાં જવાની છૂટ છે જ્યારે પુરુષોને આખા દિવસ માટે જવાની છૂટ છે. આવું શામાટે છે?

જવાબઃ હિંમતભાઈએ જવાબ આપ્યો હતો કે બહેન, આનો જવાબ તો પીરાણા વાળાજ આપી શકે. આ તેમનો અંગત મામલો છે, તમે તેની પાસેથી જ જવાબ લેશો તો સાચો જવાબ મળશે. પણ તમે સનાતની થઈને પીરાણે જવાની શું જરૂરત પડી? એટલા માટે જ કહું છું કે આ પરિણામછે પીરાણા સતપંથ વાળાઓનો સનાતની લોકોમાં સુયોજિત પ્રચાર.

૧૩) જયશ્રીબેન શિવજી રામાણી, ડીંડીગલઃ

સવાલઃ અમોએ પીરાણા સતપંથમાં વગર વિચાર્યે અજાણતાં દીકરીનો વિવાહ કરી દીધો છે પણ અમેં સનાતની છીએ. હવે શું કરવું?

જવાબ: હિંમતભાઈએ જવાબ આપ્યો હતો કે હવે પછી ચેતીને ચાલજો. ભવિષ્યમાં ધ્યાન રાખવાનું છે. દીકરીની જિંદગીનો સોદો કરી નાખ્યા પછી શું કરી શકાય? હવે પછી ભવિષ્યમાં આવી ભૂલો ન થાય તેનો ખ્યાલ રાખવાનો છે. એક દીકરીને જન્મથી લગ્ન સુધી સનાતની સંસ્કૃતિની વિચારધારામાં ઉછેર કર્યા પછી આપણે જ આપણા હાથે દીકરીને વગર વિચાર્યે વિધર્મીઓને હવાલે કરી દઈએ તો આપણા જેટલા અણસમજુ અને વગર વિચારે દીકરીનું સગપણ સતપંથ ના લોકોની સાથે કરવા વાળા માણસો બીજા કેટલા? આની માટે તો આપણે પોતે જ જવાબદાર છીએ.

૧૪) શ્રી ભવાનજી લખમશી મૈયાત, (રાજપલ્યમ-રવાપર):

છેલ્લે આ વડીલે પોતાના મંતવ્યો આપતાં જણાવ્યું હતું કે હું બે વાત તમોને કહેવા માંગુ છું. પહેલી વાત એ કે આપણા વડીલોએ પીરાણા સતપંથ ધર્મનો ત્યાગ કરીને સનાતન ધર્મનો પુનઃ અંગીકાર શું કામકર્યો? કારણકે તેઓએ પીરાણા સતપંથ મતમાં જે જે જોયું તે આપણી જ્ઞાતિના હિતમાં નથી એમતેઓને લાગ્યું એટલે તે સતપંથને સદાયને માટે તિલાંજલી આપી સનાતન ધર્મને અપનાવ્યો.

બીજી વાત એ કહેવા માંગુ છું કે હું જ્યારે નાનો હતો ત્યારે પીરાણાના કાકા કચ્છમાં આવ્યા હતા. ત્યારે તેના ગાડાનો એક બળદ મરી ગયો તેને આપણા લોકો મારફત દટાવીને તેની કબર બનાવવામાં આવી હતી. અને આપણી વહુ-દીકરીઓને આ કબરની માનતા મનાવવા મજબુર કરાવવામાં આવતી હતી. આ બીજું કંઈ નહિ પણ અંધશ્રધ્ધાની એક પરાકાષ્ટા જ હતી. એટલા માટે જ સતપંથ ના પ્રેમદાસ બાપુઓથી આપણે સૌએ ચેતી જવાની જરૂરત છે.

સભા પૂર્ણ થયા પછી સભામાં ઉપસ્થિત યુવાન વહુ—દીકરીઓએ અમોને (સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓને) રૂબરૂ મળીને આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આજે તમોએ અમારી આંખો ખોલી દીધી છે. અત્યાર સુધી દક્ષીણ ભારતમાં સતપંથના પ્રેમદાસ બાપુ કે કાકાની યોજાતી શિબિરોમાં અમોને જોરાઈએ હાજરી આપવાનું કહેવામાં આવતું હતું અને અમે ત્યાં નાછુટકે હાજરી પણ આપતી હતી. પણ હવે અમે ત્યાં નહીં જઈએ એવી ખાતરી તમોને આપીએ છીએ. આવો આત્મવિશ્વાસ તે બહેનોમાં આ સભામાં વિચારો મળ્યા પછી નિર્માણ થયો હતો.

ઉપરોક્ત સભાની ફળશ્રુતી તરીકે મદુરાઈ કચ્છ કડવા પાટીદાર ઝોન સમાજે પાછળથી નીચે જણાવેલ નિર્ણયો લીધા હતા

૧) મુસ્લિમપીર ઈમામશાહ બાવા દ્વારા સ્થાપિત પીરાણા સતપંથ મત એક મુસ્લિમધર્મનો ફાંટો છે તેથી તેને હિંદુ ધર્મનો સંપ્રદાય ન જ કહી શકાય. આ પીરાણા સતપંથ મતને આપણા વડીલો બરાબર રીતે ઓળખી શક્યા હતા, અને તેથીજ તેઓએ તે મતનો ત્યાગ કરીને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મને અપનાવ્યો હતો. અને તેના પરિણામે કેન્દ્રીય સમાજની સનાતન ધર્મના પાયા ઉપર સ્થાપના કરવામાં આવી હતી.

૨) આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ હોવાથી તે સમાજના આજના સુકાનીઓ એમકહેતા હોય કે આ સમાજને સનાતન ધર્મ સાથે કાંઈજ લેવા દેવા નથી તો તેઓ તેમની ફરજ ચુકી રહ્યા છે. ખરું જોઈએ તો તેઓએ સમાજના મૂળભૂત હેતુઓને પાર પાડવા માટે સનાતન ધર્મનો પ્રચાર કરી સમાજના દરેક સભ્યને એકજ ધર્મ પાળતા, એક જ રીતી રીવાજ પાળતા અને એક જ આચાર વિચારને વરેલા કરી દેવા જોઈએ તે તેમની પ્રાથમિક ફરજ બને છે.

૩) મદુરાઈની સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભા પછી મદુરાઈ ઝોન સમાજને એ સમજાઈ ગયું છે કે આપણી કેન્દ્રીય સમાજ ધાર્મિક બાબતે સાવ જ નિષ્ક્રિય રહી છે. એટલું જ નહિ, સમાજના મૂળ સનાતન ધર્મની રક્ષા કરવાનું કોરાણે મુકીને ઈસ્લામધર્મના પાયા ઉપર મુસલમાન પીર ઈમામશાહ બાવા દ્વારા નિર્માણ થયેલ પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપવા

તમામપ્રયત્નો કરી રહી છે. તે સમાજના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશોથી વિપરીત કાર્ય કરી રહી છે તેવું પુરવાર થાય છે.

૪) કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથના ભાઈઓ દ્વારા છાસવારે તદ્દન જુઠા કોર્ટ કેસો થઇ રહ્યા છે છતાં પણ કેન્દ્રીય સમાજના આજના આગેવાનોનું પેટમાં પાણી પણ હાલતું નથી તે કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓની એક કમનસીબી જ ગણી શકાય. તેથી કેન્દ્રીય સમાજના આજના આગેવાનો ઉપર કેસો પાછા ખેંચાવા બાબતે દબાણ લાવવું અત્યંત જરૂરી અને અનિર્વાય કામબને છે.

૫) કેન્દ્રીય સમાજના આજના ધુરીણોને એ પણ જણાવી દેવું જરૂરી છે કે આ સમાજ એવા વડીલો દ્વારા ઉભી કરવામાં આવી છે કે જેઓએ મુસ્લિમપીરાણા સતપંથ મતનો સદંતરે ત્યાગ કરી, સનાતન ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથીજ કેન્દ્રીય સમાજ સનાતન ધર્મીઓની સમાજ છે તેવું પુરવાર થાય છે.

ઉપરોક્ત કારણો અને સમજણોને લઈને અત્રે મદુરાઈ કચ્છ કડવા પાટીદાર ઝોન સમાજ કેન્દ્રીય સમાજને તેમજ દક્ષીણ ભારત પાટીદાર ઝોન સમાજને નીચે જણાવેલ બાબતો અંગે અનુરોધ કરે છે કે;

૧. સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથના ભાઈઓ દ્વારા આજ દિવસ સુધી કરવામાં આવેલ તમામકોર્ટ કેસો સત્વરે બિન શરતી પાછા ખેંચાવા જોઈએ.
૨. કેન્દ્રીય સમાજમાં રહીને પીરાણા સતપંથ ધર્મને પાળતા અથવા અનુસરતા અથવા તો તેને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પ્રાત્સાહન આપતા હોદ્દિદારોને અને સભ્યોને ઉઘાડા પાડવા જોઇએ.
૩. કેન્દ્રીય સમાજના આજના આગેવાનોએ કેન્દ્રીય સમાજની મૂળ સનાતની સમાજ તરીકેની ઓળખ કાયમકરાવવા માટે જ્ઞાતીજોગ નિવેદન બહાર પાડી સ્પષ્ટીકરણ જાહેર કરવું જોઈએ.

મદુરાઈ કચ્છ કડવા પાટીદાર ઝોન સમાજ વતી

સહી/-	સહી/-
પ્રમુખશ્રી	મહામંત્રી શ્રી
(રવજીભાઈ હંસરાજ છાભૈયા)	(અશ્વિનકુમાર પ્રેમજી)

દક્ષીણ ભારતમાં વસતા કચ્છ કડવા સનાતની પાટીદાર પરિવારોમાં પીરાણા સતપંથનો પ્રચાર

દક્ષીણ ભારત માં તે સમયે પીરાણાના સતપંથના બાપુઓનો પ્રચાર જોર શોરથી ચાલુ હતો. વારંવાર સ્વાધ્યાય પરિવારની જેમસતપંથના પ્રચાર માટે થઈને શિબિરો ગોઠવવી, સનાતની ભાઈઓના ઘરે સતપંથના બાપુઓના અને કાકાઓના પગલાં દેવડાવવાં, મધરાતની પૂજાઓ કરાવવી, શેર માટીની ખોટ અથવા તો અન્ય કોઈ પણ તકલીફો હોય તો પીરાણાની અને બાવા ઈમામશાહની માનતા રખાવવી વગેરે કાર્યક્રમો કરાવીને સનાતનીઓને સતપંથ તરફ વાળવાનું કાર્ય પુર જોશમાં ચાલુ હતું. આ સતપંથના ભાઈઓની એક સોચી સમજી ચાલ હતી. દક્ષીણ ભારત સતપંથીઓનો ગઢ તરીકે ઓળખાઈ રહ્યું હતું. તેવે સમયે સામે પ્રવાહે તરીને દક્ષીણ ભારતના આંગણે મદુરાઈ મુકામે સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સભા ગોઠવવી એ એક બહાદુરી ભર્યું કામહતું. આ સભા બોલાવવા માટે તે મદુરાઈ ઝોનના શુરવીર ભાઈઓ હતા;

૧. શ્રી રવજીભાઈ હંસરાજ છાભૈયા ડીડીગલ

૨. શ્રી પુરષોતમભાઈ હંસરાજ છાભૈયા ડીડીગલ
૩. શ્રી શિવજી ભાઈ વાગડિયા મદુરાઈ
૪. શ્રી વિસનજીભાઈ સોમજી પોકાર મદુરાઈ
૫. શ્રી મણીભાઈ વાગડિયા મદુરાઈ
૬. શ્રી અશ્વિનકુમાર પ્રેમજી પોકાર મદુરાઈ

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ આ તમામભાઈઓને ધન્યવાદ આપતાં સદાયને માટે તેમના ઋણી રહેશે.
ભારતભરની અનેક સમાજોને મોકલવા માટે તૈયાર કરેલ એક પત્ર તા.૧૨.૦૧.૨૦૧૦:

પ્રેષક:
અખિલ ભારતીય ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતી
આર.એમ.પટેલ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
૩૫૦/૧, નયંદહળી, મૈસુર રોડ, બેંગલોર-૫૬૦૦૩૯

પ્રતિ શ્રી,
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,
કચ્છ કડવા પાટીદાર સમાજ

વિષય: આપણી કેન્દ્રીય સમાજની (સનાતની સમાજની) સનાતની સમાજ તરીકેની સાચી ઓળખ અને સાચો ઈતિહાસ એવમઆપણી જ્ઞાતિનો સાચો ઈતિહાસ જાણવા માટે સનાતન ધર્મ જાગૃતિ અભિયાન:

આપણી કેન્દ્રીય સમાજનું અત્યારનું નામશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ છે જેની બંધારણીય ધોરણે સ્થાપના સન ૧૯૬૦ માં કરવા પહેલાં તે સમાજનું નામકચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ હતું. આ સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીર ઈમામશાહ બાવા પ્રેરિત પીરાણા સતપંથ ધર્મનો સદન્તરે ત્યાગ કરીને હિંદુ સનાતન વૈદિક ધર્મનો અંગીકાર કર્યો હતો. તેના અસંખ્ય પુરાવાઓ મોજુદ છે તેમાં બે મત નથી.

આ કેન્દ્રીય સમાજને ૨૦૧૦ માં ૫૦ વરસ પૂરાં થતાં હોવાથી સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિજનોને એ જાણવું જરૂરી છે કે;
૧. તે કેન્દ્રીય સમાજની સ્થાપના સનાતની વડીલો દ્વારા શા માટે કરવામાં આવી હતી?
૨. તે સમાજની સ્થાપના કરનાર વડીલોએ પીરાણા સતપંથ ધર્મનો અને સતપંથ સમાજનો શા માટે સદન્તરે ત્યાગ કર્યો હતો?
૩. તે સમાજની સ્થાપનાના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશો શા હતા?
૪. શું આજે એ કેન્દ્રીય સમાજના આજના આગેવાનો અને ધુરીણો મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓને બર લાવી રહ્યા છે? અગર નથી લાવી રહ્યા તો આપણે શું કરવું જોઈએ?

આવી બધી બાબતો ઉપરાંત સમાજનો એવમજ્ઞાતિનો સાચો ઈતિહાસ જાણવા માત્ર, સનાતન ધર્મ જાગૃતિ સમિતિ

ભારતભરની આપણી સમાજોમાં એક જાગૃતિ અભિયાન ચલાવી રહી છે. તે અન્વયે તમારી સમાજનું પણ અમોને આમંત્રણ મળશે તો અમો તમારી પાસે આવીને જન જાગૃતિ અભિયાન સભાઓ યોજવા અવશ્ય આવશું.

આશા છે કે આપણા આ સનાતન ધર્મ જાગૃતિ અભિયાનમાં આપશ્રી પણ સામેલ છો તેથી અમોને તમારે ત્યાં આવવા માટે આમંત્રણ આપશો. અત્યાર સુધી અમોએ ધનસુરા, પુના, ઈન્દોર, હૈદરાબાદ, બેંગલોર, દાવણગેરે, હુબલી, તુમકુર અને મદુરાઈ જેવા અનેક ગામોની સમાજોમાં આવી સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાઓ સફળતા પૂર્વક યોજી છે. અને તે ગામના લોકોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે.

તમારા આમંત્રણ ની રાહ જોતા,
અ.ભા.ક.ક.પા. સનાતન સમાજ ધર્મ જાગૃતિ સમિતી વતી
રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર

ઉપરોક્ત પત્રો મોકલાવ્યા પછી અનેક ગામોથી અમોને સભા માટે આમંત્રણ મળવા લાગ્યાં અને સભાઓનો દોર ચાલુ થઈ ગયો. આમાં ખરેખર આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની જ મરજી હશે. અમે તો માત્ર ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની કૃપાથી એક નિમિત બન્યા હતા.

સનાતન ધર્મ જાગૃતિ અભિયાનની સુરેન્દ્રનગર – જોરાવરનગર સભા ૭.૦૨.૨૦૧૦

Jitendra Ratansi Pokar, Magadi
(O)080-7745578(R)77455178(M)9448085278
Nathu Dana Vasani, Lalbag
(O)26587981 (R) 26683323 (M) 9844123320
Premji Harji Chhabhaiya, Lalbag
(O)28523017(R)51119753 (M)9341218578
Pursotham Manji Ravani, K.R. Puram
(O)25612958 (R)9845932201 (M) 9740085111
Ramesh Kheta Pokar, K.R. Puram
(O)25650993 (R) 25424814 (M) 9844011345
Veerji Naran Bhavani, Doddabalapur
(O)080-27624226 (R)27689577 (M)9448761808
Vishram Shivdas Bhagat, Nelamangla
(O) 27723644(R)27722633 (M) 9341238543
Dinesh Keshra Limbani, Indiranagar
(O)25367836 (R)25294357 (M) 9449863351
Jheth... Bhimji Limbani, Indiranagar
(O)25...44(R) 65681545 (M) 9845120544
Somji Megji Nathani, Udupi
(O)0820-2528231 (R)2524541 (M)9448138231
Shivdas Mulji Ravani, Bhadravathi, Maddur
(O)08282-263601 (M) 9448146491
Khimji Shivji Limbani, Hassan
(O) 08172-256470 (R)256493 (M)9980435906
Somji Jivraj Pokar, Kolar
(O.R.) 08152-240288 (M) 9448185388
Kanthilal Nanji Pokar, Mulbagalu
(O)08152-242453 (R)242653 (M) 9449259458
Hirji Daiya Chhabhaiya, Tumkur
(O) 0816-2281363 (R)2280195 (M) 9448370195
Lakhamsi Dhanji Ravani, Gubbi
(O) 08131-222742 (R)222853 (M) 9964096572
Karsan Premji Pokar, Peenya, Bangalore
(O)41170026 (R) 28396645 (M) 9945535121
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore
(O) 28396532 (R) 28391898 (M) 9448386532
Kantilal Pachan Vadiya, Hiriyur
(O)08193-227239(R)228729 (M) 9448194777
Kishor Ratansi Gorani, Holalkere
(O)08191-275142 (R)275942 (M) 9448485056
Lakhamsi Raja Diwani, Yalahanka
(O) 23636633 (R) 28560983 (M)9845290603
Ravilal Lakhamsi Ramani, Yalahanka
(O) 23636911 (R)23543446 (M) 9448385109

सत्यमेव जयते

Ref No. Date :..............................

• હતો. તેનો પ્રત્યુત્તર કેન્દ્રીય સમાજે આ સમાજને હજી સુધી આપ્યો નથી. એટલા માટે જ્યાં સુધી સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથી ભાઈઓ દ્વારા થયેલ ભારત ભરના તમામ કેસો પછા ખેંચવામાં ન આવે ત્યાં સુધી સ્વર્ણીય મહોત્સવ બાબત ઉભા કરાતા ફંડમાં આ સમાજ ના ફાળા બાબત કોઈ વિચારણા કરવામાં આવશે નહીં.

૨. સમાજમાં કોઈ પણ ભંડોળ એકત્રિત કરવું હોય તો ભાવનાત્મક દષ્ટિકોણ રાખીને જ ભંડોળ એકત્રિત થવું જોઈએ. જે કેન્દ્રીય સમાજના ઇતિહાસમાં આથી પહેલાં થતું આવેલુ છે. એટલા માટે લોટરી સિસ્ટમથી કેન્દ્રીય સમાજમાં ઉભા થતા નાણા ભંડોળને આ સભા સખતાઈથી વખોડી કાઢે છે અને તેનો અત્રે વિરોધ કરે છે.

૩. અત્યાર સુધી શ્રી દક્ષિણ કર્ણાટકની તમામ સમાજો કેન્દ્રીય સમાજને રૂા. ૨૦/- નો મુંડીયા વેરો સમયસર આપતી આવી છે. પણ હવે પછી આ સભામાં આ સમાજ એ ઠરાવ પાસ કરે છે આ મુંડીયા વેરો ઉઘરાવીને આપણા કેન્દ્રીય સમાજના પ્રતિનિધીઓને આપવા પણ કેન્દ્રીય સમાજને ત્યારે જ પહોંચતા કરવા, જ્યારે ભારતભરની તમામ સમાજો આપે ત્યારે જ.

૪. આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વર્ષ પહેલા જ્ઞાતિ સુધારક વડીલો કે જેઓએ સનાતન ધર્મને અંગીકાર કરેલ એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી. તો તે સમાજ ના મૂળભુત ઉદ્દેશો, હેતુઓ અને સંદર્ભો બાબત કેન્દ્રીય સમાજ એક શ્વેત પત્ર બહાર પાડે અને તેવી બાબતોથી આ સ્વર્ણીય મહોત્સવની ઉજવણી નિમિત્તે ગામે ગામ જઈને યુવાનો ને સમાજ ના અને જ્ઞાતિના સાચા ઇતિહાસથી વાકેફ કરવા જોઈએ. તો જ સમાજનો સ્વર્ણીય મહોત્સવ સાચા અર્થમાં ઉજવ્યો ગણાશે. માટે આ સભામાં અત્રે આ સમાજ કેન્દ્રીય સમાજને અનુરોધ કરે છે કે આપણી ભાવિ પેઢી એટલે કે યુવાન ભાઈ-બહેનો ને આપણી હાલની કેન્દ્રીય સમાજના સાચા ઇતિહાસથી માહિતિગાર કરે.

આજની સભા ના અધ્યક્ષ મહોદય
શ્રી કેશવલાલ કાનજી ભગત ની સહી.

મૈસુર રોડ પાટીદાર પરિવાર સમાજ
ના પ્રમુખ શ્રી શીવગણ વેલજી રામાણી.

લાલબાગ પાટીદાર સમાજ ના પ્રમુખ
શ્રી મણીલાલ ભીમજી પોકાર.

૫

" સમાજે આપણા માટે શું કર્યું છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું છે, અને શું કરવું જોઈએ, તે વિચારીએ. "

" નિસ્વાર્થ કાર્ય, એજ સમાજ સેવા" || શ્રી ઉમિયાયે નમઃ || " વિના સહકાર, નહીં ઉદ્ધાર "

Shri Dakshin Karnataka Patidar Samaj

શ્રી દક્ષીણ કર્ણાટક પાટીદાર સમાજ, બેંગલોર

" SRI UMIYA BHAVAN " # 980, Service Road, R.P.C. Layout, Vijayanagar, 2nd Stage, Bangalore - 560 040. ☎: 23301556

Hon. President : Nanji Bhai Valji Limbani, Mysore Road, B'lore (O) 26745490 (R) 23351414 (M) : 9448495050

Gen. Secretary : Arjun Bhai Hirji Sankhala, Mandya Bangalore (O) 28483527 (R) 9480447448 (M) : 9448273375

Head Treasurer : Chiman Bhai Nanji Limbani, Mysore Road, B'lore (O) 26747755 (R) 23507136 (M) : 9448458755

Imm. Past President : Keshavalal Bhai Virji Pokar, Peenya (O) 28391232 (R) 28370557 (M) 9448270308

Vice President : Khimji Premji Pokar, Nelamangala (O) 27722110 (R) 27723390 (M) 9844156643

Secretary : Manilal Bhimji Limbani, Yalahanka (O) 28460339 (R) 28460221 (M) 9341257157

Treasurer : Vasant Bhai Keshavlal Gorani, Udupi (O/R) 0820-2529608 (M) 9845230301

Auditor : Purushotham Devji Bathani, Davanagere (O) 275088 (M) 9845277088

Imm. Past Gen. Secretary : Dhanji Bhai Manji Chhabhaiya, Peenya (O)28395043,28396120(R)28396238(M) 9900181865

Committee Member

Ex. General Secretary :
Manjunath Valji Rudani, Harihara (O) 242225 (R)241325 (M) 9448451325
Dinesh Bhai Shivji Chhabhaiya, Davanagere (O) 255435 (R) 255995 (M) 9448754140
Ramesh Bhai Hansraj Pokar, Mandya (O) 225530 (R)227254 (M) 9448316773
Babu Bhai Jivraj Ramani , Ramanagar (O) 27273922 (R) 27271727
Chandulal Velji Sankhala, Mysore (O)0[illegible]2482859 (R) 2482050 (M) 9845122050
Gop[illegible]vji Sankhala, Mysore (O) 2495931 (R) 2495755 (M) 9448271755
Lalji Dana Jabvani, Rajajinagar (O)23377632 (R) 23472025 (M) 9448305048
Parbat Devji Sankhala, Rajajinagar (O)23288370 (R)9900168732, (M) 9448352021
Jitendra Ratansi Pokar, Magadi (O)080-7745578(R)77455178(M)9448085278
Nathu Dana Vasani, Lalbag (O)26587981 (R) 26683323 (M) 9844123320
Premji Harji Chhabhaiya, Lalbag (O)28523017(R)51119753 (M)9341218578
Pursotham Manji Ravani, K.R. Puram (O)25612958 (R)9845932201 (M) 9740085111
Ramesh Kheta Pokar, K.R. Puram (O)25650993 (R) 25424814 (M) 9844011345
Veerji Naran Bhavani, Doddabalapur (O)080-27624226 (R)27689577 (M)9448761808
Vishram Shivdas Bhagat, Nelamangla (O) 27723644(R)27722633 (M) 9341238543
Dinesh Keshra Limbani, Indiranagar (O)25367836 (R)25294357 (M) 9449863351
Jhet[illegible] Bhimji Limbani, Indiranagar (O)25[illegible]544(R) 65681545 (M) 9845120544
Somji Megji Nathani, Udupi (O)0820-2528231 (R)2524541 (M)9448138231
Shivdas Mulji Ravani, Bhadravathi, Maddur (O)08282-263601 (M) 9448146491
Khimji Shivji Limbani, Hassan (O) 08172-256470 (R)256493 (M)9980435906
Somji Jivraj Pokar, Kolar (O.R.) 08152-240288 (M) 9448185388
Kanthilal Nanji Pokar, Mulbagalu (O)08152-242453 (R)242653 (M) 9449259458
Hirji Daiya Chhabhaiya, Tumkur (O) 0816-2281363 (R)2280195 (M) 9448370195
Lakhamsi Dhanji Ravani, Gubbi (O) 08131-222742 (R)222853 (M) 9964096572
Karsan Premji Pokar, Peenya, Bangalore (O)41170026 (R) 28396645 (M) 9945535121
Premji Karsan Chhabhaiya, Peenya, Bangalore (O) 28396532 (R) 28391898 (M) 9448386532
Kantilal Pachan Vadiya, Hiriyur (O)08193-227239(R)228729 (M) 9448194777
Kishor Ratansi Gorani, Holalkere (O)08191-275142 (R)275942 (M) 9448485056
Lakhamsi Raja Diwani, Yalahanka (O) 23636633 (R) 28560983 (M)9845290603
Ravilal Lakhamsi Ramani, Yalahanka (O) 23636911 (R)23543446 (M) 9448385109

सत्यमेव जयते

Ref No. - ૬ - Date : ....

શ્રી બાબુલાલ વાલજી ભગત
કેન્દ્રીય સમાજ આમંત્રીત કારોબારી સભ્ય.

દેવજીભાઈ હંસરાજ દીવાણી.
દક્ષિણ કર્ણાટક પાટીદાર સમાજ
પૂર્વ મહામંત્રી.

શ્રી રતનશી દેવશી પોકાર
પાટીદાર પરિવાર સમાજ
કારોબારી સભ્ય.

શ્રી ગોપાલભાઈ વિરજી પોકાર
શ્રી બેંગ્લોર પાટીદાર સમાજ
પિન્યા - પ્રમુખશ્રી.

GOPAL VIRJI POKAR

શ્રી ધનજી મનજી છાભૈયા.
કેન્દ્રિય સમાજ નખત્રાણા
કારોબારી સભ્ય.

" સમાજે આપણા માટે શું કર્યુ છે, તેના બદલે આપણે સમાજ માટે શું કર્યુ છે, અને શું કરવું જોઈએ, તે વિચારીએ."

સામાજિક સભાનું આયોજન

આ મહોત્સવ અને સભાના આયોજનમાં શ્રી નરસીભાઈ સવજીભાઈ ઘોઘારી, તુલસીભાઈ પ્રેમજી નાકરાણી અને બોરડીટીબા ગામના અન્ય મોવડી ભાઈઓના પ્રયાશથી થયું હતું. તે સમારંભના પ્રમુખ હતા વડીલ શ્રી દેવજીભાઈ વાલજી લીબાણી. કહેવાય છે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સૌ પ્રથમશ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બંધાણું હોય તો તે બોરડીટીબા ગામમાં. લગભગ ૮૨ વરસ પહેલાં આ ગામમાં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની પધરામણી થઇ હતી. આ મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાન મૂર્તિઓ બેસાડવામાં આવી હાતી. આ સમારંભમાં અમોને એટલે કે સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ના પ્રણેતાઓ શ્રી હિમતભાઈ રતનશી ખેતાણી, શ્રી રમેશભાઈ માવજી વાગડિયા અને શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણીને આમંત્રણ હતું.

બોરડીટીબા ગામને જ્ઞાતિમાં સૌ પ્રથમમંદિરનું નિર્માણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવા પાછળ એક ઘટના બની હતી તેની આજના યુવાનોને માહિતી નહિ હોય.

તે ઘટના એટલે શ્રી લક્ષ્મીનારાયણ ભાગવાનની તે પાનમૂર્તિઓની પધરામણી તે અરસામાં કચ્છના વિરાણી (મોટી) ગામમાં થવાની હતી. પણ વિરાણી ગામના આપણા આદ્ય સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણીનો પ્રચંડ વિરોધ થવાથી તે વખતે તે પાનમૂર્તીઓ વિરાણી (મોટી) ગામમાં બેસાડવાનું મુલતી રાખવું પડ્યું હતું. આપણા વડીલ આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીબાણી ચુસ્ત આર્ય સમાજી હતા અને તે સંપ્રદાયથી તેઓ પુરેપુરા રંગાયેલા હતા અને તેમને આર્ય સમાજ સંપ્રદાયમાં પુરેપુરી નિષ્ઠા હતી. અને આર્ય સમાજી સંપ્રદાયમાં માનનારા આર્ય સમાજીઓ મૂર્તિ પૂજાનો સખત વિરોધ કરતા. પ્રમાણે વિરાણી ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભાગવાની પાન મૂર્તિ બેસાડી ના શક્યા અને મંદિરનું નિર્માણ પણ તે વાકાહતે કરી ન શક્યા. હવે પ્રશ્ન એ હતો કે તે પાન મૂર્તિઓનું કરવું શું? ત્યારે બોરડીટીબા ગામના વડીલોએ આ તક જડપી લીધી અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સર્વ પ્રથમમંદિર નિર્માણ કરવાનું સૌભાગ્ય બોરડીટીબા ગામને પ્રાપ્ત થયું. બીજી પણ એક વાત તમોને જણાવી દઉં કે આમેય બોરડીટીબા ગામનું નિર્માણ વિરાણી (મોટી) થી ગયેલા નાકરાણી અને ઘોઘારી પરિવારો દ્વારા થયું હતું એટલે આ મોકો એમને મળે તે સહેજે હતું.

આજે બોરડીટીબા ગામતે મંદિરને પુનઃ નિર્મિત કરીને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી રહ્યો હતો. ત્યારે તે સભાના આયોજન બાબતે હું લખાણ કરી રહ્યો હતો ત્યારે મને સહેજે વિચાર આવ્યો કે લો ને હું તે ગામના વડીલ શ્રી નરસીભાઈ સવજીભાઈ ઘોઘારી સાથે વાત કરીને તેમના વિચારો જાણી લઉં. તેને અનુલક્ષીને મારી તેમની સાથે ફોન ઉપર વાત થયેલ.

બોરડીટીબાના સનાતની ભાઈ શ્રી નરસીભાઈ સવજીભાઈ ઘોઘારી

આજે એટલે કે તા.૧૧.૦૬.૨૦૨૧ ના બોરડીટીબાના આગેવાન સનાતની ભાઈ શ્રી નરસીભાઈ સવજીભાઈ ઘોઘારી સાથે ફોન ઉપર વાત કરતાં મને જણાવ્યું હતું કે સતપંથ સામે સનાતાનીઓ ફાવતા શામાટે નથી? તેમના મત પ્રમાણે સતપંથમાં એક ધાર્મિક લીડર છે જ્યારે આપણા સનાતન સમાજમાં કોઈ ધાર્મિક પાવરફુલ લીડર છે જ નહિ. જ્યાં સુધી આ નહિ થાય ત્યાં સુધી આપણે કંઈજ કરી શકવાના નથી. બીજી પણ વાત એમને એ કરી કે આપણી ત્રણે સંસ્થાઉં જ્યાં સુધી એક નહી થાય ત્યાં સુધી આપણે આપણામાં જોઈતો પાવર ઉત્પન કરી શકવાના નથી. તેઓ સ્વામીનારણ સંસ્થાઓ જોડે પણ સંકળાયેલા છે. ત્યાં એમણે જોયું કે ધાર્મિક રીતે તેઓ એટલા બધા ચુસ્ત હોય છે કે ધર્મને તેઓ સાથે રાખીને ધાર્મિક અને સામાજિક ઉત્થાન કરી શકે

છે. માટે આપણને પણ કોઈક આપણી સનાતની જ્ઞાતિમાંથી કોઈક પાવરફુલ લીડર શોધીને નીમવો પડશે જેથી આપણે પણ આપણી સમાજનું અને તેના સનાતન હિંદુ ધર્મનું ઉત્થાન કરી શકીએ.

દેસલપર- સંસ્કાર ધામસભા ૧૧.૦૨.૨૦૧૦

શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ ના નેજા હેઠળ તા. ૧૧.૦૨.૨૦૧૦ ના સંસ્કાર ધામદેસલપર મુકામે કચ્છ ના ૧૫૫ ગામડાઓ પૈકી લગભગ ૧૨૫ ગામોની સનાતન સમાજના પ્રતિનિધિઓ, ગુજરાત સાબરકાંઠા વિસ્તારના ભાઈઓ તેમજ મુંબઈ, બેંગલોર, વડોદરા, દિલ્હી, હૈદરાબાદ વગેરે ગામો થી પધારેલ ભાઈઓની હાજરીમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિની એક સભા રાખવામાં આવી હતી. લોકોનો ઉત્સાહ એટલો બધો હતો કે કચ્છના દુર દુરના ગામો થી લોકો ખટારાઓમાં ભરાઈને સભામાં હાજરી આપવા આવ્યા હતા. આ સભા બોલાવવાનો મૂળ હેતુ એ હતો કે આપણી માતૃ સમાન શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) પોતાની મૂળ સનાતન સમાજ તરીકેની ઓળખ ટકાવી રાખવા તેના સભ્યો (એટલે કે આપણે બધા) શું કરી શકીએ તે બાબત નું ચિંતન, મનન અને મનો-મંથન કરવા માટે આ સભા બોલાવવામાં આવી હતી. આ સભાના અધ્યક્ષ વડીલ શ્રી જેઠાલાલ લાલજી ચોપડાને બનાવવામાં આવ્યા હતા. સભાનું સંચાલન તેજાભાઈ દેવજી સાંખાલાએ કર્યું હતું. આ સભાના મુખ્ય વક્તા સનાતન જાગૃતિ સમિતી વતી હું (શ્રી રમેશભાઈ માવજી વાગડિયા), હિંમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેશરાણી હતા. સાથે સાથે ત્યાં ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ પણ પોતાના મંતવ્યો આપ્યા હતા. આ સભામાં સમાજના નીચે જણાવેલ અગ્રણીઓએ પણ હાજરી આપી હતી. તેમના સર્વ શ્રી

૧. શ્રી જેઠાલાલ લાલજી ચોપડા પ્રમુખશ્રી (અ.ભા.ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ)
૨. શ્રી ગંગારામહિરાલાલ સાંખલા (પ્રમુખ શ્રી સ્વર્ણિમમહોત્સવ આયોજન સમિતી)
૩. શ્રી દેવજી માવજી લીંબાણી, ભુજ
૪. શ્રી કરસન પ્રેમજી મેઘાણી ઉપપ્રમુખ (અ.ભા.ક.ક.પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ)
૫. શ્રી રામજીભાઈ ભીમજી ડાયાણી, ઉ.પ્રમુખ (અ.ભા.ક.ક.પા. લક્ષ્મીનારાયણ સમાજ)
૬. શ્રી નાનજી પુંજા દીવાણી દેસલપર (ગુંતલી) હૈદરાબાદ (કેન્દ્રીય સમાજના પૂર્વ ટ્રસ્ટી)
૭. શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી વિરાણી-મુંબઈ (કેન્દ્રીય સમાજના ઓડીટર શ્રી)
૮. શ્રી અખઈભાઈ પ્રેમજી માંનાણી કોલકત્તા (યુવા સંઘના પૂર્વ મહામંત્રી)
૯. શ્રી ગંગારામભાઈ શિવદાસ રામાણી ભુજ
૧૦. શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ ભુજ (વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના પૂર્વ પ્રમુખ)
૧૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, વિરાણી – મુંબઈ
૧૨. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા, ખોંભડી–બંગલોર
૧૩. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી, માનકુવા-મુંબઈ
૧૪. શ્રી અમૃતલાલ રતનશી રામાણી, ધનસુરા
૧૫. શ્રી ધનસુખલાલ માવજી રંગાણી, ધનસુરા
૧૬. શ્રી શિવદાસ રત્ના માવાણી, દહેગામગુજરાત
૧૭. શ્રી પુનમભાઈ ખીમજી ધોળુ, મોડાસા
૧૮. શ્રી ડાહ્યાભાઈ જીવરાજ ગોરાણી, મોડાસા-વિઘોડી

૧૯. શ્રી વસંતભાઈ લીબાણી મોડાસા-નખત્રાણા વગેરે ભાઈઓ મુખ્ય હતા.

સભાના અંતે વક્તાઓના વિચારોને અનુલક્ષીને આ સભાએ નીચે મુજબના ઠરાવો પસાર કર્યા હતા.

ઠરાવો

૧. આપણી કેન્દ્રીય સમાજની (શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની) સ્થાપના પીરાણા સતપંથ મતનો સદાયને માટે ત્યાગ કરેલા સુધારક વડીલોએ કે જેમને સનાતન હિંદુ ધર્મનો પુનઃ અંગીકાર કર્યા પછી સ્થાપના કરી હતી. તેથી નિર્વિવાદ પણે પુરવાર થાય છે કે આપણી તે સમાજ સનાતની સમાજ તરીકે ની ઓળખ ધરાવે છે અને તેની સ્થાપના નો મુખ્ય હેતુ માત્ર અને માત્ર સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવા માટેનો જ છે.

૨. કેન્દ્રીય સમાજનો આગામી સ્વર્ણિમમહોત્સવ સનાતન ધર્મીઓનો મહોત્સવ છે અને તે મહોત્સવમાં સમાજના દરેક સનાતની ભાઈઓએ અવશ્ય ભાગ લેવો જોઈએ. આ મહોત્સવ સનાતન ધર્મથી વિરુદ્ધ અન્ય કોઈ પણ ધર્મીઓનો નથી. તેથી કરીને આ સભા અત્રે ખુલ્લું ઠરાવે છે કે એવા વિધર્મીઓ જ્યાં સુધી આપણા મૂળ હિંદુ સનાતન ધર્મના પ્રવાહમાં ન ભળી જાય ત્યાં સુધી કેન્દ્રીય સમાજના સ્વર્ણિમમહોત્સવ અથવા તો અન્ય કોઈ પણ કાર્યક્રમોમાં ભાગ લેવા દેવા ન જોઈએ.

૩. કચ્છ ના તમામગામો તેમજ બહાર રાજ્યોમાં વસતા આપણા સર્વે સનાતની ભાઈઓની સમાજોમાં કેન્દ્રીય સમાજ અંતર્ગત જ્ઞાતિ રીતી રિવાજોની ધાર્મિક કલમ૧૮ અને ૧૯ નું ચુસ્ત પણે પાલન કરવું અને કરાવવું જોઈએ. ખાસ કરીને આ કલમોનું પાલન ન કરતા કેન્દ્રીય સમાજના સભ્યો ઉપર આપણી કેન્દ્રીય સમાજે સામાજિક અસહકાર જેવા દંડનીય પગલાં લેવા જોઈએ.

૪. આ સભામાં એ પણ જાણવા મળ્યું છે કે પીરાણા સતપંથ ના જાહેર કાર્યક્રમોમાં એવી નાટિકાઓ અને નાટકો ભજવાય છે જેમાં બાવા ઈમામશાહે આપણા પૂર્વજોની હિંદુ ધર્મ ના પ્રતીક રૂપ જનોઈઓ ઉતરાવેલ એ દર્શાવતા પાત્રો રજુ કરવામાં આવે છે. અત્રે આ સભા આવા કાર્યક્રમોને સખતાઈથી વખોડી કાઢે છે. કારણ કે આવા લોકો ન કેવળ જ્ઞાતિનું, સમાજનું અહિત કરે છે પણ સાથે સાથે સમગ્ર હિંદુ સમાજનું પણ અપમાન કરી રહ્યા છે. એટલે થઈને આપણે આપણી કેન્દ્રીય સમાજને આ બાબતની જાણ કરવી જોઈએ જે આપણા સૌની ફરજમાં આવે છે.

૫. કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓ ઉપર સતપંથ સમાજના ભાઈઓ દવારા કરવામાં આવેલા તદ્દન ખોટા કોર્ટ કેસો તેમજ ખોટી પોલીસ ફરિયાદો જે છે તે બિન શરતી પાછા ખેંચવાનો આદેશ કેન્દ્રીય સમાજે ત્વરિત કરવો જોઈએ. અને ત્યાર પછી જ કેન્દ્રીય સમાજની સમાધાન સમિતીએ સતપંથ ના ભાઈઓ જોડે વાટા-ઘાટોની પ્રક્રિયાઓ હાથ ધરવી જોઈએ. તેથી આ સભા અત્રે મજબુતાઈથી અનુંરોઅધ કરે છે કે સમાજના સ્વર્ણિમમહોત્સવ પહેલાં આવા કોર્ટ કેસો સતપંથ ના ભાઈઓ ત્વરિત પાછા ખેંચવાનો આદેશ કેન્દ્રીય સમાજે સતપંથના ભાઈઓ ને આપવો જોઈએ. અને ભવિષ્ય માં આવા કેસો ન થવા જોઈએ તેવી બાંહેધરી તેઓની પાસે લેવી જોઈએ.

૬. આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના હિંદુ ધર્મની તેમજ સનાતન હિંદુ ધર્મ પાળતા માત્ર અને માત્ર આપણી જ્ઞાતિના હિંદુ સનાતન ધર્મ પાળતા લોકોના હિતોની રક્ષા કરવા માટે જ કરવામાં આવી છે તેમાં શંકાને સ્થાન જ નથી. એટલા

માટે આપણી કેન્દ્રીય સમાજના આજના ધુરીણોની મુખ્ય ફરજ બને છે કે જ્ઞાતિને હિન્દુપણામાં થી ટાળી દેનાર પીરાણા સતપંથ મત નો સર્વે જ્ઞાતિ જનો ને હંમેશને માટે કાયમી ધોરણે ત્યાગ કરાવવો. એટલા માટે થઈને અત્રે આ સભા કેન્દ્રીય સમાજના અત્યારના આગેવાનોને અને હોદ્દેદારોને વિનંતી પૂર્વક અનુરોધ કરે છે કે આવા આગેવાનોએ પીરાણા સતપંથ સમાજના કોઈ પણ પ્રોગ્રામો માં જવા માટે તેમની આમંત્રણ પત્રિકા માં પોતાના નામછપાવીને તેવા કાર્યક્રમોમાં હાજરી આપીને પીરાણા સતપંથ ધર્મને સીધી અથવા તો આડકતરી રીતે પ્રોત્સાહન તો ન જ આપવું જોઈએ. એવી પ્રથા સદન્તરે બંધ થવી જોઈએ અને કેન્દ્રીય સમાજ પ્રત્યેની નિષ્ઠાનું પાલન કરવા અને કરાવવા તમામપ્રયત્નો કરવા જોઈએ.

આ સભા અત્રેથી એ પણ ઠરાવે છે કે ઉપરોક્ત ઠરાવોની મૂળ કોપી કેન્દ્રીય સમાજને ત્વરિત રવાના કરે અને તેની નકલો ભારતભરની તમામ૨૯ ઝોનોને પણ મોકલાવી આપે.

સભા અધ્યક્ષ	સભા મંત્રી
સહી/-	સહી/-
જેઠાલાલ લાલજી ચોપડા	અમૃતલાલ રતનશી રામાણી

અન્ય ઉપસ્થિત સભાસદોએ પણ તેમના હસ્તાક્ષર આ ઠારાવો ઉપર કર્યા હતા.

સભાના ઠરાવોની નકલ

॥ શ્રી સનાતન ધર્માય નમ: ॥

શ્રી અખીલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

સંસ્કારધામ, દેશલપર (વાંઢાય) ૩૭૦૦૪૦
તા. ભુજ-કચ્છ. ☎ (02832) 276345

સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભા તા. ૧૧-૨-૨૦૧૦

શ્રી અ. ભા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજના નેજા હેઠળ શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન - સંસ્કાર ધામ, દેશલપર મુકામે કચ્છના ૧૪૪ ગામોમાંથી લગભગ બધાય ગામોની સનાતન સમાજોના પ્રતિનીધીઓ, ગુજરાત, સાબરકાંઠા વિસ્તારના ભાઇઓ તેમજ દિલ્હી, જોરાવરનગર, મુંબઇ, બેંગલોર, મદ્રાસ, હૈદ્રાબાદવગેરે અનેક ગામોના ભાઇઓની હાજરીમાં વડીલ શ્રી જેઠાલાલ લાલજીભાઇ ચોપડાના અધ્યક્ષસ્થાને એક સનાતન ધર્મ ચિંતન સભા બોલાવવામાં આવેલ.

આ સભામાં મુખ્યપણે નિચે ના બે મુદાઓ ઉપર ચિંત મનન, અને મંથન કરવામાં આવેલ.

(૧) કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં આપણો મુળ વૈદિક સનાતન હિન્દુ ધર્મ જાગૃતિ એવમ્ ક. ક. પા. સમાજ અને જ્ઞાતિનો ઇતીહાસ બાબત... અને

(૨) આપણી કેન્દ્ર સમાજની મુળ સનાતની સમાજ તરીકેની ઓળખ ટકાવી રાખવા બાબત.

આ સભામાં નિચે પ્રમાણેના અગ્રણીઓની હાજરી હતી.

(૧) શ્રી જેઠાલાલ લાલજી ચોપડા, ભુજ. - સભા અધ્યક્ષ
(૨) શ્રી ગંગારામ હીરાલાલ સાંખલા, દિલ્હી.
(૩) શ્રી દેવજીભાઇ માવજી લીંબાણી, ભુજ.
(૪) શ્રી નાનજીભાઇ પુંજાભાઇ દીવાણી, હૈદ્રાબાદ.
(૫) શ્રી કરશનભાઇ પ્રેમજી મેઘાણી, ગાંધીધામ.
(૬) શ્રી રામજીભાઇ ભીમજી ડાયાણી, જોરાવરનગર.
(૭) શ્રી અબજીભાઇ વિશ્રામ કાનાણી, મુંબઇ.
(૮) શ્રી હિંમતભાઇ રતનશી ખેતાણી, મુંબઇ.
(૯) શ્રી પ્રેમજીભાઇ ભાણજી કેશરાણી, મુંબઇ.
(૧૦) શ્રી રમેશભાઇ માવજી વાઘડીયા, બેંગલોર.
(૧૧) શ્રી અખઇભાઇ પ્રેમજી માનાણી, નાગપુર.
(૧૨) શ્રી અમૃતલાલ રતનશી રામાણી, ધનસુરા.
(૧૩) શ્રી ધનસુખલાલ માવજી રંગાણી, ધનસુરા.
(૧૪) શ્રી શીવદાસ રતનાભાઇ માવાણી, દહેગામ.
(૧૫) શ્રી પુનમભાઇ ખીમજી ધોળુ, મોડાસા.
(૧૬) શ્રી ડાહ્યાભાઇ જીવરાજ ગોરાણી, મોડાસા.
(૧૭) શ્રી ગંગારામભાઇ શીવદાસ રામાણી, ભુજ.

વગેરે અનેક મહાનુભાવોની હાજરીમાં સર્વેના વિચારો અને મંતવ્યો લીધા પછી આ સભામાં સર્વાનુમતે નિચે મુજબના ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા.

(૧). શ્રી અ. ભા. ક. ક. પાટીદાર સમાજ જે આપણી કેન્દ્રિય સમાજ છે તેની સ્થાપના પીરાણા સતપંથ મતનો ત્યાગ કરેલા વડીલોએ કે જેમને સનાતન ધર્મનો અંગીકાર કર્યા પછી કરી હતી, તેથી તે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રિય સમાજ સનાતનની સમાજ તરીકેની ઓળખ ધરાવે છે. અને આ કેન્દ્રિય સમાજનો ધર્મ સનાતન વૈદીક હિન્દુ ધર્મ છે. અને તેની સ્થાપનાનો મુખ્ય હેતુ સનાતની ભાઇઓના હીતોની રક્ષા કરવા માટેનો જ છે.

(૨). કેન્દ્રિય સમાજનો સ્વર્ણીમ મહોત્સવ સનાતન ધર્મીઓનો મહોત્સવ છે. કારણ કે આ સમાજની સ્થાપના

...૨

પીરાણા સતપંથ સમાજથી વિરૂધ્ધ જઇ ને આપણા સુધારક પુર્વજો દ્વારા કરવામાં આવી હતી. એટલા માટે થઇને આ સ્વર્ણીમ મહોત્સવમાં દરેક સનાતની ભાઇઓએ અચુક ભાગ લેવો જોઇએ. જ્યારે સનાતન હિન્દુ ધર્મ સિવાયના અન્ય ધર્મીઓનો આ મહોત્સવ નથી એટલે તેમને આમાં બીલકુલ ભાગ લેવા ન દેવો જોઇએ. તેથી કરીને આ સભા અત્રે ખુલ્લુ ઠરાવે છે કે આવા સતપંથીઓ જ્યાં સુધી આપણા મુળ હિન્દુ સનાતન ધર્મના પ્રવાહમાં ન ભળી જાય ત્યાં સુધી કેન્દ્રિય સમાજના સ્વર્ણીમ મહોત્સવ અથવા તો તેના જેવા અન્ય કોઇ પણ કાર્યક્રમોમાં બીલકુલ ભાગ લેવા ન દેવો જોઇએ.

(૩). કચ્છના તમામ ગામો તેમજ કચ્છ બહારના ગામોમાં વસતા સનાતની ભાઇઓની સમાજોમાં કેન્દ્રિય સમાજ અંર્તગત જ્ઞાતિ રીત રીવાજોની ધાર્મિક ૧૮ અને ૧૯ મી કલમોનું ચુસ્તપણે પાલન કરવાની અને કરાવવાની કેન્દ્રિય સમાજની પ્રાથમિક ફરજ છે. એથી આ સભા ઠરાવે છે કે આપણી કેન્દ્રિય સમાજે કલમ ૧૮અને ૧૯નું ઉલંઘન કરતા સમાજના સભ્યો ઉપર સમાજીક અસહકાર જેવા કડક દંડનીય પગલાં લેવા જોઇએ.

(૪). આ સભામાં એ પણ જાણવા મળ્યું છે કે પીરાણા સતપંથીઓના જાહેર કાર્યક્રમોમાં એવા નાટકો અને નાટીકાઓ ભજવાય છે તેમાં બાવા ઇમામ શાહે આપણા પૂર્વજોની હિન્દુના પ્રતિક રૂપ જનોઇઓ ઉતરાવતા હોય તેવા પાત્રોની રજુઆત કરવામાં આવે છે. અત્રે આ સભા આવા હિન્દુ સનાતન ધર્મને લાંછનરૂપ કાર્યક્રમો ને સખતાઇથી વખોડી કાઢે છે. કારણ કે આવા લોકો ન કેવળ આપણી સનાતન સમાજનું અહિત કરે છે પણ સાથે સાથે સમગ્ર હિન્દુ સમાજનું પણ જાણી જોઇને અપમાન કરી રહ્યા છે. એથી આ સભા અત્રેથી કેન્દ્રિય સમાજને અનુરોધ કરે છે કે, આવા સનાતની હિન્દુ વિરોધી તત્વો સામે લાલ આંખ કરીને સખતમાં સખત પગલાં લે.

(૫). સમાજના સનાતની ભાઇઓ ઉપર સતપંથ સમાજના ભાઇઓ દ્વારા ફક્ત અને ફક્ત ખોટી રીતે હેરાન કરવાના હેતુ માત્રથી છાસવારે કરવામાં આવતા તદન ખોટા કોર્ટ કેસો તેમજ પોલીસ ફરીયાદો જે છે તે બીન શરતી ધોરણે પાછા ખેંચવાનો આદેશ કેન્દ્રિય સમાજે ત્વરીત આપવો જોઇએ. અને ત્યાર પછી જ કેન્દ્રિય સમાજની સમાધાન સમિતિ જોડે વાટા-ઘાટોની પ્રક્રિયા હાથ ધરવી જોઇએ. એથી આ સભા અત્રે કેન્દ્રિય સમાજને મજબુતાઇથી અનુરોધ કરે છે કે સ્વર્ણીમ મહોત્સવ પહેલાં આવા કોર્ટ કેસો પાંછા ખેંચાવવા બાબત સતપંથીઓ સામે સખ્તાઇથી પગલાં લેવાંનો અનુરોધ કરે છે. અને ભવિષ્યમાં પણ આવા કોર્ટ કેસો ન થાય તેવી સમાજના ભાઇઓને બાંહેધરી આપે.

(૬). આપણી કેન્દ્રિય સમાજની સ્થાપના સનાતન હિન્દુ ધર્મની તથા સનાતન હિન્દુ ધર્મીઓના હીતોની રક્ષા કરવા માટે અને માટેજ કરવામાં આવી છે. તેમાં શંકાને સ્થાન જ નથી અને હોય પણ નહીં. એટલા માટે કેન્દ્રિય સમાજના આજના ધુરીણોની મુખ્ય ફરજ બને છે કે સમાજના દરેક સભ્યને પીરાણા સતપંથ ધર્મ (કે જે સમગ્ર જ્ઞાતિને હિન્દુપણામાંથી ટાળી દેવા માટે થઇને જવાબદાર હતો)નો ત્યાગ કરાવી પુર્વજોએ પ્રસ્થાપીત કરેલ સનાતન વૈદિક હિન્દુ ધર્મનો અંગીકાર કરાવવો. તેથી અત્યારે આ સભા કેન્દ્રિય સમાજના અત્યારનજા આગેવનોને અને હોદ્દેદારોને વિનંતી પૂર્વક અનુરોધ કરે છે કે આવા આગેવાનોએ પીરાણા સતપંથ સમાજના કાર્યક્રમોની આમંત્રણ પત્રિકામાં નામો છપાવીને .આવા કાર્યક્રમોમાં જઇને તેમને પ્રોત્સાહન આપવાનું સદંતર બંધ કરે અને આપણી મુળ સનાતન ધર્મી કેન્દ્રિય સમાજ પ્રત્યેની પોતાની નિષ્ઠાનું પાલન કરે.

આ સભા અત્રેથી એ પણ ઠરાવે છે કે ઉપરોક્ત ઠરાવોની મુળ કોપી કેન્દ્રિય સમાજને ત્વરિત રવાના કરે અને તેની નકલો ભારતભરની તમામ ૨૯ જોનોને પણ મોકલાવી આપે.

સભા અધ્યક્ષ
[illegible]
(જેઠાલાલ લાલજી ચોપડા)

સભા મંત્રી
અમૃતલાલ [illegible] રામાણી.
(અમૃતલાલ રતનશી રામાણી)

અન્ય સભાસદોની સહીઓ

૧. [illegible]
૨. રામજી [illegible]
૩. [illegible]

-3-

૪	પ્રેમજી ભાણજીભાઈ [illegible]	માનકુવા	[illegible]
૫	[illegible]	[illegible]	[illegible]
૬	[illegible]	[illegible]	[illegible]
૭	[illegible]	[illegible]	[illegible]
૮	[illegible]	[illegible]	[illegible]
૯	રમેશભાઈ માવજી વાગડીયા.	બેંગ્લોર	R.M. [illegible]
૧૦	હિમ્મતલાલ રતનશી ચોતાણી.	મુંબઈ	[illegible]
૧૧	આપજીભાઈ વિશ્રામ ડાનાણી.	મુંબઈ	[illegible]
૧૨	આણંદ [illegible]	[illegible]	[illegible]

વિરાણી - મોટી સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભા તા. ૧૩.૦૨.૨૦૧૦

જયારે જયારે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની સનાતની ચળવળ થઇ છે ત્યારે ત્યારે વિરાણી ગામે અગ્રેસરની ભૂમિકા ભજવી છે. જ્ઞાતિની આ સનાતની ચળવળની ચોથી ક્રાંતિમાં પણ વિરાણી ગામજો અગ્રેસરની ભૂમિકા ન ભજવે એવું બનેજ નહી. દેસલપર લક્ષ્મીનારાયણ સંસ્કારધામની તા, ૧૧.૦૨.૨૦૧૦ ની સનાતની સભા પછી એક દિવસ રહીને ત્રીજા દિવસે વિરાણી ગામે પણ નક્કી કર્યું કે સનાતન ધર્મ જાગૃતિ સમિતિની એક સભા વિરાણી ગામમાં પણ થવી જોઈએ. તેને અનુલક્ષીને તે સભા વિરાણી ગામની સમાજવાડીમાં રાત્રે ૮.૦૦ કલાકે રાખવામાં આવી હતી. તે સભામાં વિરાણી તેમજ નખત્રાણા તાલુકાના આજુબાજુના ગામડામાંથી પણ મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો તેમજ યુવાનોએ હાજરી આપી હતી. વિરાણી ગામના તે વખતના યુવા મંડળના પ્રમુખ શ્રી નરેન્દ્ર ભાઈ સોમજીયાણી અને મહામંત્રી શ્રી શાંતિલાલ ભાઈએ જહેમત ઉપાડીને આ સભાનું આયોજન કર્યું હતું. આ સભામાં સનાતન ધાર જાગૃતિ સમિતિના નીચેના ભાઈઓએ ભાષણ કર્યા હતાં.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી વિરાણી-મુંબઈ
૨. શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા ખોંભડી (મોટી)-બેંગલોર
૩. શ્રી પ્રેમજી ભાણજી કેસરાણી, માનકુવા – ખારગર મુંબઈ
૪. શ્રી રતનશીભાઈ દીવાણી ગઢ વાળી વિરાણી-થાણા મુંબઈ
૫. શ્રી ડો. શાંતિલાલ સેંગાણી કોટડા-નખત્રાણા

ત્યાર પછી છેલ્લે પ્રશ્નોતરી રાખવામાં આવી હતી તેના યોગ્ય ઉત્તરો હિંમતભાઈ રતનશી ખેતાણી દ્વારા આપવામાં આવ્યા હતા.

સનાતની સમાજમાં સનાતન ધર્મ બાબતે ચળવળ એ એક અજાયબી અને આશ્ચર્યની વાત કહેવાય

સનાતની ઓળખ ધરાવતી સમાજમાં સનાતની ચળવળ ચલાવવી પડે એ એક અજાયબી જ ગણી શકાય. એ એક ન માની શકાય એવી વાત છે પણ એ હકીકત છે. જેવી રીતે ભારતની મૂળ ઓળખ તો હિન્દુ રાષ્ટ્ર તરીકેની જ છે પણ તે રાષ્ટ્રમાં હિંદુઓ જે રીતે સોફ્ટ ટાર્ગેટ થયેલા છે બરાબર તે જ પ્રમાણે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ હોવા હોવા છતાં તેના સનાતની ભાઈઓને હંમેશા સોફ્ટ ટાર્ગેટ કરવામાં આવતા હતા. સનાતની ભાઈઓએ બનાવેલી સનાતનીઓ ના હિતો ની રક્ષા માટે બનાવેલી, સનાતનીભાઈઓ માટે બનાવેલી સમાજમાં તત્કાલીન હોદ્દેદારો એવા અક્કડ થઈ ગયા હતા કે સનાતન ધર્મ પ્રત્યે આ લોકોને રીતસરની સુગ થઈ ગઈ હતી. સતપંથના ભાઈઓને સમાજમાં વિના રોક ટોક પ્રવેશ દેવાનો, તેમની થાબડ થોબડ કરવાની અને પોતાનો એજન્ડા ચાલુ રાખવાનો આ એમનો (કેન્દ્રીય સમાજના આગેવાનોનો) નિયમથઈ ગયો હતો. તે વખતે સમાજમાં એક ખોટી પ્રણાલિકા પડી ગઈ હતી. સનાતન ધર્મ બાબતની કોઈ પણ વાત આવે તો આ મોવડીઓ પોતાના કપડાં ખંખેરી નાખતા હતા. આ લોકોને સમાજના ઈતિહાસની પણ જાણ નોતી. અરે, સતપંથી ભાઈઓને ખરાબ લાગશે એટલે સમાજના કોઈ પણ કાર્યક્રમમાં હિન્દુ સનાતન ધર્મના કોઈ સ્વામી પંડિત કે સાધુ સંતોને પણ આમંત્રણ આપવામાં આવતું નહી. આ મોવડીઓ એટલી બધી લાચારી ભોગવતા અને એમસમજતા કે જો સનાતન હિન્દુ ધર્મના કોઈ સાધુ સંતોને સમાજના કાર્યક્રમમાં તેડાવશું તો પીરાણાના કહેવાતા વડા કાકાઓને અને બાપુઓને ને પણ અહી આમંત્રણ આપવું પડશે. આવી ભ્રાંત કલ્પનામાં તેઓ રાચતા હતા. અરે, એટલું જ નહી સમાજની કોઈ પણ સભામાં અથવા તો જાહેર કાર્યક્રમોમાં સનાતન ધર્મનો જયઘોષ અથવા તો ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નો જયઘોષ બોલાવવામાં પણ આ મોવડીઓ કતરાતા હતા. તો પછી સમાજના બહોળા વર્ગ સનાતન હિન્દુ ધર્મ પાળતા લોકો માટે આ લોકો શું ભલીવાર કરી શકવાના હતા? આ મોવડીઓના મનમાં જતે દહાડે એક વાત એ દ્રઢ થતી જતી હતી કે આ સમાજ એક ધર્મ નિરપેક્ષ સમાજ છે અને સમાજને સનાતન ધર્મ સાથે કોઈ જ લેવા દેવા નથી. જતે દહાડે સમાજના પ્રમુખોના ચૂનાવોમાં પણ પીરાણાના કાકાનો પરોક્ષ રીતે હસ્તક્ષેપ થવા લાગી ગયો હતો. આવી વાતો અનેક વાર અમોને સનાતની ભાઈ શ્રી ગંગારામહિરાલાલ સાંખલાએ કરી હતી. પીરાણા સતપંથ

સંસ્થાની એક છુપી કાર્યસુચી પણ સમાજના ચુનાવ વખતે રહેતી કે પ્રમુખ એવો ચૂંટવામાં આવે કે જે મવાળ હોય, જે પીરાણા સતપંથ ધર્મના લોકોની યેનકેન પ્રકારેણ તરફેણ કરતો હોય, પછી ભલે તે જાહેરમાં પાધરો ન થતો હોય પણ પીરાણા સતપંથનો કહ્યાગરો તો હોવો જ જોઈએ. સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી વાલજીભાઈ શિવજી વાડિયાના સમય કાળમાં પીરાણા સતપંથ સંસ્થાનો કેન્દ્રીય સમાજમાં પૂરેપૂરો હસ્તક્ષેપ થતો જોવામાં આવતો હતો. કહેતાં હું ક્ષોભ અનુભવું છું કે શ્રી વાલજી ભાઈ વાડિયાએ વર્ષો પહેલાં સનાતની ભાઈઓએ નિર્માણ કરેલી ધનસુરાની એક શૈક્ષણિક સંસ્થાના બોર્ડમાં થી સનાતન શબ્દ કાઢી નાખવાની હિમાયત કરી હતી. આ બધું શું દર્શાવતું હતું. એ તો કોઈ પણ નાસમજ માણસ પણ સમજી શકે એમહતું કે પીરાણા સતપંથ સંસ્થાનો કોઈક છુપો અજેંડા (hidden agenda) અહીં કામકરી રહ્યો હતો.

બીજી વાત હું તમોને અહી યાદ દેવડાવું તો તે છે કે પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીના સમય કાળમાં પૂર્વ પ્રમુખ (IPP) તરીકે શ્રી વાલજીભાઈ વાડિયા હતા. અને આ જ વાલજીભાઈ વાડિયા તે વખતના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીને કોટડા અને નખત્રાણા વચ્ચે સતપંથીઓ એ બનાવેલ ઈમામશાહ બાવા અને નિષ્કલંકી નારાયણના મંદિરમાં શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે તેડી ગયા હતા. ત્યારે કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં ખુબજ રોષ હતો. તે વખતે હિંમતભાઈ રતનશી ખેતાણીએ અને રમેશભાઈ માવજી વાગડીયાએ પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીને અનેક વિનંતીઓ કરી હતી અને અન્ય સનાતની ભાઈઓ દ્વારા કરાવી હતી કે રામજીબાપા તમે પ્રમુખ થઈને પીરાણા સતપંથના કોઈ પણ કર્યક્રમમાં હાજરી આપશો તો સમાજમાં એક નવો ચીલો પડશે તે સમાજના સનાતની ભાઈઓ કોઈ દિવસ સાંખી નહીં લે. ગણા બધા સનાતની ભાઈઓની ના હોવા છતાં પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી ત્યાં ગયા તે પાછળના દિવસોમાં પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણીને સાંભળવું પડ્યું હતું. પ્રખર સનાતની હિંમતભાઈ રતનશી ખેતાણી એ થોડા દિવસ માટે પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી ની જોડે બોલવાના અને રામરામકરવાના સબંધો પણ કાપી નાખ્યા હતા. પાછળના સમયમાં સનાતની ચળવળકારો ની આ વાત તેમની ચળવળમાં એક મુદ્દો બની ગઈ હતી.

સનાતની ચળવળકારો તરફી સનાતન ધર્મ મુદ્દે અકલ્પનીય લોક જુવાળ

સનાતની ચળવળકારો ની સ્વર્ણીમમહોત્સવ પહેલાની ભારતભરની સમાજોમાં ક્રમબદ્ધ અને નિયમબધ્ધ સનાતની સભાઓના આયોજન ને લઈને એક એવો લોક જુવાળ પેદા થઈ ગયો હતો કે સમાજના મોવડીઓને સનાતની ચળવળકારોની વાતને નજર અંદાજ કરવી એ ભારી મુશ્કેલ કામહતું. લોક જુવાળ પુરે પુરો સનાતની ચળવળકારોની તરફેણનો હતો. એટલા માટે સમાજના તત્કાલીન મોવડીઓને હવે એમલાગવા માંડ્યું હતું કે અગર તેઓ સનાતની ચળવળકારોની વાતને ધ્યાન નહિ આપે તો સમાજનો આગામી સ્વર્ણિમમહોત્સવ કદાચ નિષ્ફળ નીવડી જઈ શકે!. તેઓ સ્વર્ણિમમહોત્સવ માટે જોઈતી રકમચડાવાઓ અથવા ફાળા મારફત લોકો પાસેથી ઉઘરાવી શકશે નહી. તે દરમ્યાન તેઓએ (મોવડીઓએ) ગંગારામભાઈ સાંખલાની આગેવાનીમાં ચળવળકારોને મળીને કાંઇક રસ્તો કાઢવાનું વિચાર્યું.

ગંગારામભાઈ સાંખલા કે જેઓ સ્વર્ણીમમહોત્સવના પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા હતા અને તેઓ મોવડીઓ પૈકી એક માત્ર વ્યક્તિ હતા કે સનાતની ચળવળ કારો સાથે કોઈ પણ જાતની વાટાઘાટો માટે હંમેશા તત્પર રહેતા. તેઓ શુદ્ધ સનાતની હોવાની સાથે સાથે સનાતની વિચારધારાને ચુસ્ત પણે વરેલા હતા. અને તેથી જ તેઓ હંમેશા સનાતની ચળવળકારો જોડે સતત સંપર્કમાં રહેતા હતા. અને તેઓ અમોને કહેતા કે આ સનાતની ચળવળ વાળી વાત જાળી છે તો તેને પૂરી કરીને જ રહેજો, અધ વચ્ચે મૂકી દેજો નહી. પોતે શુધ્ધ સનાતની હોવા ઉપરાંત સનાતની સિધ્ધાંતોને વરેલા હતા. સનાતન મુદ્દે તેઓ અડગ હતા. આજે તેમની ખોટ સમાજને સાલે છે તે હકીકત છે.

સ્વર્ણિમમહોત્સવના ભંડોળ માટે ચડાવાઓ લેવા માટે તારીખ નક્કી કરવામાં આવી હતી નક્કી કરેલ તારીખ હતી ૧૪.૦૨.૨૦૧૦ અને તે દિવસે સ્વર્ણીમમહોત્સવ બાબતે ચડાવા લેવાનું નક્કી રાખવામાં આવ્યું હતું. સવારના પહોરમાં લગભગ ૯.૩૦ કલાકે સામાન્ય સભાનો સમય નક્કી કરવા માં આવ્યો હતો અને તે સભામાં ચડાવાઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પણ સમાજના મોવડીઓને એક બીક હતી કે જો સનાતની ચળવળકારો આ સભામાં પોતાનું મંતવ્ય આપશે તો બાજી બગડી જશે. એટલે બે ત્રણ દિવસ આગાઉ જ તેઓ આમારી સાથે વાટાઘાટો કરવા તૈયાર થઈ ગયા હતા. તેઓનું કહેવાનું એ હતું કે જુઓ તમારી સનાતન ધર્મ વાળી વાત અમે માનવા તૈયાર છીએ પણ સમાજના બંધારણમાં સનાતન ધર્મનો ઉલ્લેખ જ કરવામાં નથી આવ્યો એટલે અમારા હાથ બંધાયેલા છે અને તે બાબતે અમે કંઈ કરી શકીએ એમનથી. અમે કહ્યું કે એમતમે હાથ ઊંચા કરી નાખશો તો પછી જોઈ લેજો તમે સ્વર્ણીમમહોત્સવ કેવી રીતે ઉજવો છો અને કેવો ઉજવી શકો છો? દરેક વસ્તુનો બંધારણમાં ઉલ્લેખ ન પણ કરાયો હોય પણ તમે જો સમાજની સ્થાપના વખતેના સંદર્ભોની કડીઓને જોડશો તો તમોને ખાતરી થઈ જશે કે

- આ સમાજ કોણે બનાવી છે?
- કોના માટે બનાવી છે? અને
- શા હેતુઓ ને લઈને બનાવી છે?

આ સર્વે સંદર્ભોની કડીઓ જોડશો તો તમને ચોખ્ખું દેખાઈ આવશે કે આ કેન્દ્રીય સમાજ સનાતની વડીલોએ બનાવી છે, સનાતની ભાઈઓ માટે બનાવી છે, સનાતનીભાઈઓ ના હિતો ની રક્ષા માટે બનાવી છે અને સમાજના લોકોમાં સનાતન હિન્દુ ધર્મ દ્રઢ થાય તે હેતુથી આ સમાજની સ્થાપના કરવામાં આવી છે. વધુમાં આ સમાજની સ્થાપનાનો બહોળો હેતુ એ હતો કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવવી. તેથી આ સમાજમાં ઈમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ પાળતા હોય એવા લોકોનો પ્રવેશ પર પ્રતિબંધ હોવો જોઈએ અને એ કથિત ધર્મ પાળતા હોય તેવા લોકોના પ્રસંગોમાં અથવા તો કાર્યક્રમોમાં આ સમાજના મોવડીઓએ હાજરી પણ આપવી ન જોઈએ. તેવીજ રીતે આ સમાજના કોઈ પણ ધાર્મિક અથવા તો સામાજિક પ્રસંગોમાં પીરાણા સતપંથના લોકોને આમંત્રણ ન આપવું જોઈએ.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ દ્વારા કચ્છ અને કચ્છ બહારની સમાજોમાં થયેલ સભાઓ પરદેશ તથા કચ્છ ના ગામડાની સમાજોમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ કરેલી અવિરત ક્રમબદ્ધ સભાઓથી કેન્દ્રીય સમાજને તે સમાજોમાંથી કેટલાએ ભલામણના પત્રો આવ્યા હતા અને તે પત્રોમાં એક જ ભલામણ કરવામાં આવી હતી કે આપણી કેન્દ્રીય સમાજ એવા લોકો દ્વારા બનાવવામાં આવી છે કે જેઓએ સતપંથ ધર્મ અને સતપંથ સમાજને સદાયને માટે તિલાંજલિ આપી દઈને આ સનાતન (કેન્દ્રીય સમાજ) ની સ્થાપના કરી છે અને એટલા માટે થઈને સ્વર્ણીમમહોત્સવ ઉજવવો હોય તો માત્ર સનાતની ભાઈઓએ જ ઉજવવો જોઈએ અને એમાં સતપંથના ભાઈઓનો સમાવેશ કરવામાં ન આવવો જોઈએ. એટલે જ સમાજના મોવડીઓને ચિંતા અને બીક પણ હતી કે આ ચળવળકારો સાથે વાટાઘાટો કરીને કંઇક રસ્તો કાઢશું તો સામા ઉકરશું નહી તો અધવચ્ચે જ અણધારી આફતો આવી પડશે. અમે સમાજના મોવડીઓને કહ્યું કે ભલે સનાતન ધર્મનો ઉલ્લેખ સમાજના બંધારણમાં નથી કરવામાં આવ્યો પણ તમો કેન્દ્રીય સમાજ અસ્તિત્વમાં આવી તે વખતના એવા ઠોસ સંદર્ભોનો અભ્યાસ કરશો તો ખબર પડશે કે આ સમાજ સનાતની ઓળખ ધરાવતી સમાજ જ છે અને તેના સ્થાપક વડીલો સનાતની હતા.

સમાજના બંધારણ માં સનાતન ધર્મ નો ઉલ્લેખ નથી એથી.....................................!!!!!

જયારે બંધારણની વાત આવી ત્યારે અમે એટલે કે મે (રમેશભાઈ વાગડીયાએ) અને હિંમતભાઈ ખેતાણીએ બંધારણનો ઊંડાણથી અભ્યાસ કર્યો અને સમાજના મોવડીઓને પડકાર ફેંક્યો કે તમે અમારી સાથે બેસો અને અમે પુરવાર કરી આપશું કે આપણી કેન્દ્રીય સમાજ એક સનાતની ઓળખ ધરાવતી સમાજ છે અને તે સમાજનો ધર્મ સનાતન ધર્મ છે.

અમે લોકો ભારતભરની ધર્મ જાગૃતિ અભિયાન સભાઓમાં લોકોને સમજાવતા હતા કે સમાજને અને ધર્મને કોઈ દિવસ જુદા કરી શકાય જ નહિ. ધર્મ વગરની સમાજ હોયજ નહિ. ધર્મ વગર સમાજનું અસ્તિત્વ જ ન હોઈ શકે. કોઈ પણ સમાજ ધર્મ વિહોણી હોઈ જ ન શકે. ગુજરાતી લેક્સીકોનડોટકોમજે ગુજરાતી ભાષાની એક વિખ્યાત અંતરરાષ્ટ્રીય સંસ્થા છે તેને આપેલી સમાજની વ્યાખ્યા મુજબ **"સમાજ એટલે એક વ્યવસ્થિત લોકો નો જનસમૂહ કે જ્યાં એ જનસમૂહ ના લોકો એક જ ધર્મ પાળતા હોય, એક જ આચાર વિચારને વરેલા હોય અને એક જ પ્રકારના રીતિ રિવાજો પાળતા હોય"**

સંઘ (એસોસીએસન) અને સમાજમાં શું તફાવત છે?

સમાજ શબ્દની ઉપરોક્ત વ્યાખ્યા મુજબ અમે સમાજના મોવડીઓને પ્રશ્ન પૂછતા કે આપણી સમાજના લોકો

- શું એક જ ધર્મ પાળે છે?
- શું એક જ વિચાર ધારા ને વરેલા છે?
- શું એક જ પ્રકારના રીતી રિવાજો પાળે છે?

જો આનો એક પણ પ્રશ્નનો ઉત્તર જો નકારાત્મક હોય તો તે જનસમુદાયને સમાજ કહેવાય જ નહિ. સમાજની ગણતરીમાં તે જન સમુદાય આવે જ નહી. તેને તમે સંઘ અથવા તો એસોસિએશન કહી શકો પણ સમાજ તો ન જ કહી શકો. પણ આપણી કેન્દ્રીય સમાજ એક સમાજ તરીકે બોમ્બે ટ્રસ્ટ એકટ હેઠળ નોધણી થયેલી સમાજ છે અને તેથી

- ત્યાં એક જ ધર્મ પળાતો હોવો જોઈએ,
- ત્યાં એક જ રિતી રિવાજ પાળતા લોકો હોવા જોઈએ અને
- એ સમાજના લોકો એક જ આચાર વિચારને વરેલા હોવા જોઈએ.

એટલે જ એક વાત અહી પુરવાર થાય છે કે આ સમાજમાં ઈમામશાહ પ્રેરિત મુસ્લિમ સતપંથ ધર્મ પાળતા લોકોનો અથવા તો સનાતન હિન્દુ ધર્મ શિવાય અન્ય ધર્મ પાળતા લોકોનો સમાવેશ કરી શકાય જ નહી. પણ અમોને અફસોસ એ વાતનો હતો કે તત્કાલીન સમાજના મોવડીઓએ વિના રોકટોકે, કોઈ પણ જાતની બાંહેધરી લીધા વગર પીરાણા સતપંથ ધર્મ પાળતા હોય એવા લોકોને આ સમાજમાં પ્રવેશ આપવાનું ચાલુ કરી દીધું હતું.

- શું સનાતન ધર્મ પાળતા લોકો અને પીરાણા સતપંથ ધર્મ પાળતા લોકો ના આચાર વિચાર એક હોઈ શકે?
- શું સતપંથ ધર્મ પાળતા લોકોના અને સનાતન હિન્દુ ધર્મ પાળતા લોકો ના રીતિ રિવાજો એક હોઈ શકે?
- શું સનાતન હિંદુ ધર્મ અને ઈમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ એક જ ધર્મ કહેવાય?

જો ઉપરના ત્રણે પ્રશ્નોમાં થી એક પણ પ્રશ્નનો ઉત્તર ના માં હોય તો આપણી કેન્દ્રીય સમાજમાં ઈમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ પાળતા લોકોનો પ્રવેશ સદાયને માટે નિષેધ ફરમાવવામાં આવવો જોઈએ. આધ સુધારક શ્રી નારાયણજી રામજી લીબાણીએ પણ લગભગ ૯૦ વરસ પહેલા સન ૧૯૨૦ ની જ્ઞાતિની પ્રથમસનાતની પરિષદમાં એજ વાત કરી હતી કે જ્ઞાતિ

પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બને. પણ અફસોસની સાથે કહેવું પડે છે કે આજે પણ આપણે પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવી શક્યા નથી.

તા.૧૩.૦૨.૨૦૧૦ ના રાત્રે ૧૦.૦૦ વાગે સમાજના ટ્રસ્ટી હોદ્દેદારો અને સનાતન ધર્મ જાગૃતિ સમિતી વચ્ચે એક મીટીંગ

અત્યારે આપણે બીજા વિષયોના વિચારોમાં ચડી ગયા છીએ. આપણી મૂળ વાત એ હતી કે સમાજના મોવડીઓ એમદલીલ કરી રહ્યા હતા કે **"સમાજના બંધારણમાં સનાતન ધર્મનો ક્યાંય ઉલ્લેખ નથી કરવામાં આવ્યો એટલે અમારા હાથ બંધાયેલા છે અને તેથી કેન્દ્રીય સમાજને તે સનાતની સમાજ છે એમઅમે ઘોષિત કરી શકતા નથી"**. સમાજના આગેવાનોની આવી દલીલો થઇ એટલે અમે લોકોએ (સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ) સમાજના મોવડીઓ ને પડકાર ફેંક્યો કે તમે બંધારણને લઈને અમારી સાથે બેસો અને અમે પુરવાર કરી આપશું કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની ઓળખ ધરાવતી સમાજ છે. આ પડકારને પુરવાર કરવા માટે અમે સમાજના મોવડીઓને કહ્યું કે એક તાત્કાલિક મિટિંગ બોલાવવામાં આવે અને તેમાં સમાજ તરફથી સૌ ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો હાજર રહે અને સામે પક્ષે સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળા ભાઈઓ હાજર રહેશે એવું નક્કી કરવામાં આવ્યું. અને તે પ્રમાણે તા.૧૩.૦૨.૨૦૦૯ ની રાત્રે ભેગા થવાનું નક્કી થયું. અને સમાજના ડાઈનિંગ હોલના ઉપરના હોલમાં મિટિંગ બોલાવવામાં આવી. બીજા દિવસે સમાજની ચડાવા લેવા માટેની સભા રાખવામાં આવી હતી તેથી જ કદાચ સમાજના મોવડીઓને એમહતું કે આ વિષયને આજે રાત્રે જ પૂરો કરી નાખીએ જેથી બીજા દિવસે ચડાવાઓ લેવામાં આવે ત્યારે અમારા તરફથી (ધર્મ જાગૃતિ સમિતિ વાળા તરફથી) ડખો ન થાય.

આ સભાની વિશેષ અગત્યતા

આ સભા સનાતન ધર્મ જાગૃતિ સમિતિ માટે બહુજ અગત્યની સભા હતી. અમારો ઈજ્જતનો સવાલ હતો. મને અને હિંમત ભાઈને લાગતું હતું કે જો આપણે ટ્રસ્ટી હોદ્દેદારોને સમજાવવામાં નિષ્ફળ નીવડશું તો અત્યારની જે સનાતન ધર્મ બાબતે સમાજ વિરુદ્ધ લડત ચાલી રહી છે તે ખોરંભાઈ જશે. અમારી માટે તે મીટીંગ "કરો યા મરો" (DO OR DIE) સમાન હતી. માટે તે અહં સભાની પૂર્વ તૈયારી રૂપે અમે બંને જણા રાતભર વિરાણી વાળા સૂર્યકાંત ભાઈ ધનાણીના ઘરે જ્યાં અમારો કાયમી ઉતારો હતો ત્યાં જાગરણ કરીને રીતસરની રિહર્સલ કરતા હતા. જ્યારે મિટિંગનો દિવસ આવ્યો ત્યારે મેં હિંમતભાઈ ખેતાણીને કહ્યું કે મિટિંગમાં આની દલીલ હું કરીશ. અને મીટીંગમાં હું દલીલ કરું ત્યારે મારી કંઈક ભૂલ ચૂક થાય ત્યારે મને ટકોર કરજો અન્યથા તમે પણ વચ્ચે બોલજો નહી એવું હિંમતભાઈ અને મારી વચ્ચે નકી થયું.

પહેલેથી નક્કી થવા પ્રમાણે તા. ૧૩.૦૧.૨૦૧૦ ની રાત્રે ૧૦.૦૦ વાગે સમાજના ડાઈનિંગ હોલની ઉપરના હોલમાં બંને પક્ષો ભેગા થયા. આ મીટીંગ અનૌપચારિક મીટીંગ હતી, ઓફ દી રેકોર્ડ મીટીંગ હતી, પણ અમારી માટે અને સમાજના સનાતનીઓ માટે બહુજ આગત્યની મીટીંગ હતી. તે મીટીંગની સફળતા અને નિષ્ફળતા ઉપર સમાજની સનાતની સમાજ તરીકેની ઓળખ પુનઃ સ્થાપિત કરાવવાનો પૂરે પૂરો મદાર હતો. અમારી માટે "ડુ ઓર ડાઈ" જેવી પરિસ્થિતિ હતી. પણ મને અને હિંમતભાઈને આત્મવિશ્વાસ ભરપુર હતો કે અમે વિજયી થશું.

અમારા તરફથી એટલે કે સનાતન ધર્મ જાગૃતિ સમિતિ તરફથી;

૧. રમેશભાઈ માવજી વાગડીયા, ખોંભડી-બેંગલોર
૨. હિંમતભાઈ રતનશી ખેતાણી, વિરાણી—મુંબઈ
૩. પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી, અંગિયા—મુંબઈ

૪. માવજીભાઈ કેશરા રામાણી નખત્રાણા
૫. અબજીભાઇ વિશ્રામકાનાણી વિરાણી–મુંબઈ
૬. કરસનભાઈ પ્રેમજી મેઘાણી અંગિયા
૭. રામજીભાઈ ભીમજી ડાયાણી વિથોણ–જોરાવરનગર
૮. અખઈભાઈ પ્રેમજી માનાણી કોલકાતા
૯. ડાયાભાઇ જીવરાજ ગોરાણી વિઘોડી–મોડાસા
૧૦. શંભુભાઈ (ભોલેનાથ) ગોગારી વિરાણી–મુંબઈ

વગેરે ભાઈઓ હાજર રહ્યા હતા.

કેન્દ્રીય સમાજ તરફથી સમાજના તે વખતના હોદ્દેદારો અને અમુક ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. તેમાંના સર્વ શ્રી

૧) રામજીભાઈ કરમશી નાકરાણી પ્રમુખ,
૨) દેવજીભાઈ રામજી ભાવાણી ઉપપ્રમુખ
૩) ગંગારામહીરાલાલ સાંખલા ટ્રસ્ટી અને સ્વર્ણિમમહોત્સવ આયોજનના પ્રમુખ
૪) મનસુખભાઈ વિશ્રામરૂડાંણી ઉપ પ્રમુખ
૫) રતિલાલ અબજી લીંબાણી સહ ખજાનચી
૬) રવિલાલ કેશરા રામજીયાણી પ્રમુખશ્રી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન
૭) લખમશી ભાઈ નાયા દીવાણી ટ્રસ્ટી
૮) લખમશી લધા વાસાણી – ટ્રસ્ટી
૯) ગોપાલભાઈ રામજી ભાવાણી ટ્રસ્ટી
૧૦) લાલજીભાઈ શિવજી ભાવાણી ટ્રસ્ટી
૧૧) વાલજીભાઈ નારણ ભગત ટ્રસ્ટી
૧૨) વાલજીભાઈ શિવજી વાડિયા ટ્રસ્ટી
૧૩) વાલજીભાઈ હીરજી ચૌહાણ મંત્રી
૧૪) નરસિંહ ભાઈ નારણ સાંખલા મંત્રી
૧૫) દેવજીભાઈ માવજી લીંબાણી ટ્રસ્ટી
૧૬) માવજી શામજી છાભૈયા મંત્રી
૧૭) લાલજી હંસરાજ રામાણી ખજાનચી

સભા બોલાવવા નો મુખ્ય ઉદ્દેશ અને હેતુ એ જાણવા માટેનો હતો કે

૧. કેન્દ્રીય સમાજનો ધર્મ શું છે? કયા ધર્મના પાયા ઉપર તેની સ્થાપના કરવામાં આવી હતી?
૨. આ સમાજની સ્થાપના કેવા અને કયા વડીલો દ્વારા કરવામાં આવી હતી?
૩. એ વડીલો સતપંથ ધર્મનો ત્યાગ કર્યા પછી કયો ધર્મ પાળવાનું ચાલુ કર્યું હતું?
૪. તે વડીલોએ આ સમાજની સ્થાપના કયા અને કેવા હાલાતમાં અને કેવા સંદર્ભોને ટાંકીને કરી હતી?
૫. આ સમાજની સ્થાપના કોના માટે અને કોના હિતોની રક્ષા કરવા માટે કરી હતી?
૬. આ સમાજની સ્થાપના વખતેના મૂળભૂત હેતુઓ અને ઉદ્દેશો શા હતા?

૭. આ સમાજની ધાર્મિક રીતે ઓળખ શું હતી અને અત્યારે શું છે?

૮. આ સમાજની સ્થાપના કર્યા પછી સ્થાપક વડીલોએ શું એમવિચાર્યું હશે કે જતે દહાડે આ સમાજના ટોચના હોદ્દેદારો સતપંથના કાર્યક્રમોમાં તેમના આમંત્રણને માન આપી તે કાર્યક્રમની શાન વધારવા અથવા તો તે પીરાણા સતપંથ ધર્મને પ્રોત્સાહન આપવા અથવા તો શોભામાં અભિવૃદ્ધિ કરવા જશે?

૯. સમાજના અત્યારના બંધારણમાં સનાતન ધર્મનો ઉલ્લેખ નથી તો કયા સંદર્ભોથી એ પ્રતીતિ કરી શકાય કે આ સમાજનો ધર્મ સનાતન હિંદુ ધર્મ જ છે.

ઉપરોક્ત વિષયો ને લઈને અમે (સનાતન જાગૃતિ સમિતિ વાળાએ) ઠોસ રજુઆતો કરી. પણ કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી હોદ્દેદારોની દલીલ એ હતી કે **આ સમાજનો કોઈજ ધર્મ નથી અને આ સમાજને ધર્મ સાથે કંઈ જ લેવા દેવા નથી. આ એક ધર્મ નિરપેક્ષતા વાળી સમાજ છે. એટલે આ સમાજમાં સનાતન ધર્મ પાળતા હોય તેવી વ્યક્તિઓ પણ સભ્ય બની શકે છે અને ઈમામાશાહ પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ પાળતા હોય તેઓ પણ સભ્ય બની શકે છે.** તેમનું કહેવાનું એ હતું કે આ સમાજમાં કોઈ પણ સભ્ય કોઈ પણ ધર્મ પાળતો હોય તેમાં કોઈને કંઈ વાંધો હોવો જોઈએ નહી. આ બાબતે એ લોકોની દલીલો એવી હતી કે ન તો સમાજના નામમાં અને ન તો સમાજના બંધારણમાં સનાતન ધર્મ બાબતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે અમારા (સમાજના મોવડીઓના) હાથ બંધાયેલા છે અને સનાતન જાગૃતિ સમિતિની દલીલને અમે માન્ય રાખી શકીએ એમનથી.

સમાજના બંધારણમાં જણાવવામાં આવેલ ઉદ્દેશો અને હેતુઓ ની નકલ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
બંધારણ અને ધારા ધોરણ

૧. નામ :- આ સમાજનું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રહેશે.

૨. મુખ્ય કાર્યાલય :- આ સમાજનું મુખ્ય કાર્યાલય નખત્રાણા-કચ્છ ખાતે ના પાટીદાર વિધાર્થી ભવનમાં રહેશે. સમાજ દ્વારા સંચાલિત પેટા સંસ્થાઓના રોજબરોજના વહીવટી સુગમતા માટે બીજા કોઈપણ સ્થળોએ પેટા કાર્યાલયો ખોલી શકાશે.

૩. હિસાબી વર્ષ :- આ સમાજનું હિસાબી વર્ષ ૧ લી એપ્રીલ થી ૩૧ માર્ચ સુંધીનું રહેશે.

૪. ઉદ્દેશો અને હેતુઓ :- આ સમાજ નીચે મુજબના ઉદ્દેશો તેમ જ હેતુઓ પાર પાડવા માટે સ્થાપવામાં આવેલ છે.

(૧) સમાજનો મુખ્ય ઉદ્દેશ કચ્છ તેમજ કચ્છ બહાર કોઈ પણ જગ્યાએ રહેતા કચ્છ કડવા પાટીદાર ભાઈ બહેનો વચ્ચે પરસ્પર સ્નેહ, સંગઠન, સહકાર અને ઐક્ય ની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.

(૨) સમયોચિત સામાજીક રીતે રિવાજોમાં સુધારા વધારા કરી એકબીજાને વધારેમાં વધારે ઉપયોગી થઈ શકે તેમજ સમાજનાં રીતરીવાજોમાં એકરુપતા સ્થપાય તેવા પ્રયત્નો કરવા.

(૩) સમાજમાં કેળવણીનો વધારેમાં વધારે પ્રચાર અને પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.

(૪) સમાજના આર્થિક દ્રષ્ટિએ નબળાં ભાઈ બહેનો ને મદદરૂપ થવું.

(૫) સામાજીક ન્યાય ઝડપી અપાવવા પ્રયત્નો કરવા.

(૬) સમાજમાં નૈતિક, ધાર્મિક, તેમજ રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.

(૭) જ્ઞાતિ હિતનાં દરેક પ્રકારના કાર્યો કરવા.

૫. પ્રવૃતિઓ :- ઉપરોક્ત ઉદ્દેશો અને હેતુઓ પાર પાડવા સમાજ વખતો વખત સમયોચિત નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરશે.

(૧) જ્ઞાતિ ભાઈ-બહેનોના હિતાર્થે પરસ્પર પ્રેમ , સહકાર, સંગઠન, અને ઐક્યતા વધે તે માટે સ્નેહ સંમેલનો, ચર્ચા સભાઓ, જ્ઞાતિ અધિવેશનો તેમજ વિદવાન અને આગેવાન વ્યકિતઓનાં સામાજીક વ્યાખ્યાનો યોજવા અને તેવી અન્ય પ્રવૃતિઓમાં સાથ અને સહકાર આપવો.

(૨) જ્ઞાતિના સામાજીક રીત રિવાજોમાં એકરુપતા જળવાય તેવા પ્રયત્નો કરવા અને સમયોચિત સુધારા વધારા કરી સમાજે પસાર કરેલ નિયમોનું પાલન કરાવવા પ્રયત્નો કરવા.

(૩) જ્ઞાતિના બાળકોને કેળવણી માટે સગવડતા અને પ્રોત્સાહન મળે તે માટે વિધાર્થી છાત્રાલયો તેમજ કન્યા છાત્રાલયો, સ્કુલો, કોલેજો સ્થાપવી તેમજ સંચાલન કરવું અને ચાલુ સંસ્થાઓનો યોગ્ય વહીવટ કરી વિધાર્થી/વિધાર્થીનીઓ ને દરેક પ્રકારની સહાય કરવી.

(૪) જ્ઞાતિની અન્ય સંસ્થાઓ પાસેથી સહાય મેળવી શકશે, સંચાલન માટે જરૂરી મદદ મેળવી શકશે અને સંજોગો વસાત જરૂર જણાશે તો સંસ્થાનો વહીવટ પણ જ્ઞાતિ સંસ્થાને સોંપી શકશે.

(૫) સમાજની આર્થિક તેમજ સામાજીક પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરવા અને આર્થિક દ્રષ્ટિએ નબળા ભાઈ-બહેનોને યોગ્ય સહાયતા કરવી.

(૬) સમાજની કોઈપણ વ્યકિત વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ હોય તેઓનાં સન્માન કરવા તેમજ યોગ્ય પારિતોષિક આપવા.

(૭) સમાજની સ્થાવર તેમજ જંગમ મિલકતોનો વહીવટ કરવો અને સમાજની આવી મિલકતો વધે તેવા પ્રયત્નો કરવા આ માટે યોગ્ય દાન અને ભેટો સ્વીકારવા.

(૪)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ –નખત્રાણા(કચ્છ)

નમ્ર નિવેદન

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના આ બંધારણ અને ધારા - ધોરણ ની પુસ્તિકા આપ સૌના કરકમળોમાં રજુ કરતાં ખૂબજ હર્ષ અને આનંદની લાગણી હનુભવીએ છીએ.

આપ સૌ જાણો છો કે, આપણા આદરણીય વડીલો એ ખૂબજ દુરદર્શિતા વાપરી સમસ્ત ભારતભરમાં પથરાયેલ આપણા સમાજને એક સૂત્રે બાંધવા એક વ્યવસ્થિત બંધારણીય માળખું ઉભું કરવાનું ભગીરથ કાર્ય હાથમાં લઇ તેને પરિપૂર્ણ કરવા ૧૭ ભાઇઓની એક બંધારણ સમિતિ ની રચના કરી તેમને બંધારણ બનાવવાનું કાર્ય સાંપવામાં આવેલ.

મુરબ્બી શ્રી શિવદાસ કાનજી નાકરાણી ના અધ્યક્ષપદે મળેલ તા. ૧૦.૫.૧૯૬૦ ના જ્ઞાતિના પ્રથમ ઐતિહાસિક અધિવેશમાં સમાજના લેખિત બંધારણને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. આમ આપણી સમાજનું એક વ્યવસ્થિત બંધારણીય માળખાની **"શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ"** નામથી રચના કરવામાં આવી. આ ભરાયેલ અધિવેશનમાં જ્ઞાતિના પ્રથમ બંધારણને તેમજ જ્ઞાતિના સામાજીક રીતરીવાજો ને પણ પસાર કરી સમાજને અખિલ ભારતીય સ્વરૂપ આપવામાં આવેલ. પસાર થયેલ આ બંધારણને સમાજના આદરણીય વડીલશ્રી ભીમજી કેશરા લીંબાણીએ ચેરીટિબલ ટ્રસ્ટમાં નોંધાણી માટે રજુ કરેલ અને સમાજના બંધારણને ચેરીટી કમીશ્નરે મંજુર રાખી તા. ૬.૪.૧૯૬૫ના આદેશ મુજબ માન્યતા આપી અને તેનો રજીસ્ટ્રેશન નંબર એ-૮૨૮ આપેલ.

સમય પસાર થવાની સાથે જ્ઞાતિના રીતવાજોમાં ફેરવિચારણા ની જરૂર જાણાતાં ત્યાર પછી મળેલ જ્ઞાતિ અધિવેશનો ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૩માં જરૂરી સુધારા વધારા કરવામાં આવેલ. સમયાન્તરે સમાજની પ્રવૃતિઓમાં ઉત્તરોતર વૃધ્ધિ થતાં સમાજના બંધારણમાં સમયોચિત સુધારા વધારા કરવા જરૂરી બની ગયેલ અને તે મુજબ બંધારણને સુધારી સમયાનુસાર ફેરફાર કરી વ્યવસ્થિત સુધારેલ બંધારણ બનાવવા માટે ૧૩ જણની બંધારણ સમિતિની રચના કરવામાં આવી. બંધારણ સમિતિ પૈકીના બે સભ્યો સમિતિની બધી બેઠકોમાં ઉપસ્થિત ન રહેતાં તેમના નામ કમી કરી ૧૧ (અગીયાર) જણ, જેમના નામ બંધારણના પાછળમાં લખવામાં આવેલ છે આ સમિતિએ ખૂબજ વિચારણા અને મંથન ને અંતે સર્વાનુમતે સુધારેલ બંધારણ સમાજને અર્પણ કરેલ.

મુરબ્બી શ્રી મણીભાઇ પુંજાભાઇ રામાણીના અધ્યક્ષ સ્થાને તા. ૨૪.૮.૧૯૯૪ના રોજ મળેલ સમાજની સામાન્ય સભામાં આ નવા સુધારેલ બંધારણને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ અને તે મુજબ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજને બદલે **"શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ"** ના નામથી આ બંધારણ તા. ૨૫.૮.૧૯૯૪થી અમલમાં આવેલ છે.

સમાજની સામાન્ય સભામાં બંધારણ પસાર થતાં અગાઉ ના બંધારણમાં થયેલ ફેરફારોને મંજુરી માટે સમાજના ટ્રસ્ટી મંડળ વતી ટ્રસ્ટી શ્રી શિવદાસ ગોવિંદભાઇ છાભૈયા એ ચેરીટી ટ્રસ્ટમાં રજુ કરેલ અને જેને ચેરીટી કમીશ્નરે તા. ૧૪.૩.૨૦૦૨ના આદેશથી મંજુરી આપી નવા બંધારણને કાનુની માન્યતા આપવામાં આવેલ.

સમાજના સુધારેલ નવા બંધારણને કાનુની માન્યતા મળી જવા બાદ બંધારણ અને ધારા ધોરણોની જાણ સમાજના ભારતભર માં વસતા આપણા જ્ઞાતિજનોને થાય તે માટે આ બંધારણ પુસ્તિકા પ્રસિધ્ધ કરી આપ સમક્ષ રજુ કરતાં આનંદની લાગણી અનુવીએ છીએ. બંધારણ છપાઇ માં ખુબજ કાળજી લેવામાં આવી છે. છતાં કોઇ જગ્યાએ જાણે-અજાણે ક્ષતિ રહી ગયેલ હોય તે ક્ષમ્ય ગણશો એવી નમ્ર અરજ કરીએ છીએ. સમાજના આજ સુધીના સફળ સુકાનિયો ની નામવલી આપણા ભાવી પેઢી નેજાણવા મળે તે ઉદેશ્યથી આ પુસ્તીકા માં છાપવામાં આવેલ છે.

આમ ભારત તેમજ વિશ્વના ખૂણેખૂણે વસેલ આપણા સૌ જ્ઞાતિ ભાઇ-બહેનોની પવિત્ર ફરજ બની રહે છે કે, બંધારણ અનુસાર આપણી પવિત્ર ફરજ સમજી સમાજના સર્વાંગી ઉત્કર્ષમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપી આપણા સમાજને એક આદર્શ સમાજ બનાવવામાં સહભાગી થઇએ અવી નમ્ર અરજ સાથે આ નિવેદન ને વિરામ આપીએ છીએ.

પાટીદાર વિધાર્થી ભવન
નખત્રાણા-કચ્છ.
તા.૦૧.૦૬.૨૦૦૨

મોહનલાલ શવજીભાઇ ધોળુ	**ખીમજી લખમશી લીંબાણી**
મહામંત્રી	પ્રમુખ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ – નખત્રાણા.

(૩)

રમેશભાઈ વગાડીયાએ કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી હોદ્દેદારો સામે સમાજના બંધારણને લઈને સનાતન-સતપંથ મુદ્દે કરેલ દલીલો

તે વખતે દલીલનો દોર મેં (રમેશભાઈ વગાડીયાએ) હાથમાં લીધો અને તે સભામાં ઉપસ્થિત સર્વે ટ્રસ્ટી, હોદ્દેદારોને કહ્યું કે બધા લોકો હવે સમાજનું બંધારણ હાથમાં લો અને પાના નંબર ૪ ખોલો. તેમાં ફકરા નંબર ૪ ''ઉદ્દેશો અને હેતુઓ'' વાંચો. તેમાં લખેલું છે કે આ સમાજ નીચે મુજબના ઉદ્દેશો તેમજ હેતુઓ પાર પાડવા માટે સ્થાપવામાં આવેલ છે. તે મથાળા હેઠળ ઉદ્દેશ નંબર ૬ વાંચો. એમ રમેશભાઈ વગાડીયાએ સભાને જણાવ્યું હતું.

શ્રીમાન મનસુખભાઈ રૂડાણીએ બધા સાંભળે એમ૬ઠ્ઠા નંબર નો ઉદ્દેશ વાંચ્યો તે આ પ્રમાણેનો હતો. **''સમાજમાં નૈતિક, ધાર્મિક, તેમજ રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.''** કોને કરવા? આ સમાજે (કેન્દ્રીય સમાજે) કરવા. તો શું આમાં તો સનાતન ધર્મ એમલખ્યું નથી એવો પ્રશ્ન મનસુખ ભાઈએ અમોને (સમિતિને) કર્યો. ત્યારે મેં કહ્યું **''મનસુખભાઈ હવે મારી વાત સાંભળો. હું બોલતો હોઈશ કે દલીલ કરતો હોઈશ ત્યારે મહેરબાની કરીને કોઈ વચ્ચે બોલતા નહી. હું તમારી પાસે જવાબ માંગીશ ત્યારે હા અથવા ના માં જવાબ આપજો''**. મારી વાતમાં બધાએ હા માં માથું ધુણાવ્યું અને કહ્યું ભલે.

મેં આગળ વધતાં દલીલ કરી કે ઉદ્દેશ નંબર ૬ માં લખ્યું છે કે **''નૈતિક ધાર્મિક અને રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા જોઈએ''**. હવે આપણે નૈતિકતા ને પછી લેશું. ધાર્મિકતાને પછી લેશું. તે બંને વિષયોને હાલ પૂરતા બાજુએ મુકો. સૌથી પહેલાં રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા તે બાબતને આપણે ચર્ચામાં લેશું. મારે અહીં ઉપસ્થિત સર્વે સમાજના ગણમાન્ય વ્યક્તિઓને એ પ્રશ્ન પૂછવો છે કે **આ સમાજે કયા રાષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ?** રાષ્ટ્રનું નામતો બંધારણમાં લખ્યું નથી. ત્યારે મનસુખ ભાઈ બોલ્યા. સમાજ તરફથી દલીલનો દોર મનસુખ ભાઈના હાથમાં હતો. તેમણે કહ્યું કે ''એમાં પુછવાનું શું છે એતો નિશ્ચિત પણે ભારત રાષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા જોઈએ''. ત્યારે તરતજ મેં સામો સવાલ કર્યો કે **આ સમાજના બંધારણમાં ''ભારત રાષ્ટ્ર'' એવો શબ્દ તો લખ્યો નથી તો પછી ભારત રાષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા જોઈએ એમઆપણે કેમમાની લઈએ?** કોઈ અન્ય રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો આ સમાજ ન કરી શકે? ભારતની આજુબાજુ પાકિસ્તાન છે, બંગલા દેશ છે, શ્રીલંકા છે, તે રાષ્ટ્રોની ભાવના વધે તેવા પ્રયત્નો આ સમાજે કરવા જોઈએ કે નહિ? મનસુખ ભાઈએ વળતી દલીલ કરી કે ''એ તો સમજવાની વાત છે, આમાં કંઈ પુછાય થોડું''. મેં વળતી દલીલ કરી કે ચાલો એક વખત માની લઈએ કે આ સમાજને ભારત રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો કરવા જોઈએ પણ બંધારણમાં ભારત રાષ્ટ્ર એમલખેલું નથી.

હવે મારો બીજો પ્રશ્ન એ છે કે આ સમાજ ભારત રાષ્ટ્રની સાથે સાથે પાકિસ્તાન રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો કરી શકે? બીજા શબ્દોમાં પૂછું છું કે આ સમાજ બે રાષ્ટ્રોની ભાવના વધે તેવા પ્રયત્નો કરી શકે? તરતજ દેવજી રામજી ભાવાણી બોલી ઉઠ્યા કે ''એમકંઈ પૂછાતું હશે? એ તો સમજવાની વાત છે કે આ સમાજ એક જ ભારત રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો જ માત્ર કરી શકે''. મેં તરતજ વડીલની વાતને પકડી લીધી અને ત્યાં બેઠેલા તમામસભ્યો ને કહ્યું કે વડીલ શ્રી દેવજી બાપાએ આપેલા જવાબને બરાબર નોધી લેજો. તીર બરાબર નિશાન ઉપર જ લાગ્યું હતું અને મેં જે ધારેલું એવોજ જવાબ સામે પક્ષેથી આવી રહ્યો હતો. ડાહ્યો કાગડો બે પગે બંધાય એવો તાલ થઇ રહ્યો હતો. આ થઇ રાષ્ટ્રીય ભાવના બાબતની ચર્ચા.

હવે મારે ૬ઠા (છટ્ઠા) ઉદ્દેશની ધાર્મિક બાબતે ચર્ચા કરવી છે. ફરી પાછો મેં સામે વાળા પક્ષને (સમાજના મોવડીઓને) સવાલ કર્યો કે **''આ સમાજ કયા ધર્મની ભાવના વધે તેવા પ્રયત્નો કરી શકે? ભારતમાં મુખ્યત્વે ત્રણ ધર્મો પળાય છે. હિંદુ મુસ્લિમઅને**

ખ્રીસ્તી''.

હવે ટ્રસ્ટી–હોદ્દેદારોને લાગી રહ્યું હતું કે પાણી તેમના પગ તળે આવી રહ્યું છે. બે ઘડી સભામાં સોંપો પડી ગયો. મુંજાતા મનથી મનસુખ ભાઈ બોલ્યા કે **''આ સમાજે સનાતન હિંદુ ધર્મની ભવના વધે એવા પ્રયત્નો કરવા જોઈએ''.** મેં વળતો બીજો પ્રશ્ન કર્યો કે **''બંધારણમાં તો એવું તો લખ્યું નથી તો તમે કેમકહી શકો કે આ સમાજે સનાતન હિંદુ ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરવા જોઈ''?** મારી દલીલ ચાલુ રાખતાં મેં સામે પક્ષ વાળાને બીજો લગતો પ્રશ્ન એ કર્યો કે **''આ સમાજે (કેન્દ્રીય સમાજે) સનાતન હિંદુ ધર્મની સાથે સાથે મુસ્લિમધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરી શકે? અથવા તો બે ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરી શકે''?** સભામાં ટ્રસ્ટી-હોદ્દેદારોની કાપો તો લોહી ના નીકળે એવી પરીસ્થિતિ નિર્માણ થઇ ગઈ હતી. ફરી પાછા મનસુખ ભાઈ બોલ્યા કે **''આ સમાજ ફક્ત અને ફક્ત સનાતન હિંદુ ધર્મની ભાવના વધે તેવા જ પ્રયત્નો કરી શકે''**. એજ વાત અમે કરી રહ્યા છીએ અને એ જ વાત તો અમે સનાતન ધર્મ જાગૃતિ વાળા ભાઈઓ તમારા મોઢે થી સાંભળવા માગીએ છીએ.

આ સમાજ (કેન્દ્રીય સમાજ) સનાતન હિંદુ ધર્મના પાયા ઉપર નિર્માણ થયેલી સમાજ છે તેવું પુરવાર થયું

ઉપરોક્ત ચર્ચામાં જ એ વાત પુરવાર કરે છે કે આ સમાજની મૂળ ઓળખ એક સનાતની સમાજ તરીકેની છે અને આ સમાજ બંધારણીય ધોરણે પણ એક જ ધર્મ સનાતન હિંદુ ધર્મની ભાવના વધે એવાજ પ્રયત્નો કરી શકે છે અન્ય કોઈ પણ ધર્મની નહિ. હાલાકી સનાતન શબ્દ બંધારણમાં લખેલો નથી. અન્ય કોઈ ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો હરગીજ કરી શકે નહિ. ત્યારે તરતજ મેં (સનાતન ધર્મ જાગૃતિ સમિતીએ) વળતો પ્રહાર કરતાં જણાવ્યું કે ''અગર તમે કહો તો અમે એ પણ અત્યારે પુરવાર કરી શકીએ એમછીએ કે ઈમામશાહ બાવા પ્રેરિત પીરાણા સતપંથ ધર્મ એક ઈસ્લામધર્મનું ફાંટું છે. અને સતપંથ ધર્મને પાળતા લોકોને આ સમાજમાં સમાવેશ કરવો તે વાત એમપુરવાર કરે છે કે આ સમાજમાં બે ધર્મના લોકોનો તમે સમાવેશ કરી રહ્યા છો, તેનો સીધો અર્થ એમથાય કે આ સમાજ બે ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો પણ કરે છે. તે સમાજના બંધારણ વિરુદ્ધ ની વાત છે. કારણકે સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમૂહ

- એક જ ધર્મ પાળતો હોય,
- એક જ આચાર વિચારને વરેલો હોય અને
- એક જ રીતી-રીવાજ પાળતો હોય.

તેની સાથે સાથે બીજી વાત એ પણ છે કે પીરાણા સતપંથ ધર્મ પાળતા સતપંથના ભાઈઓ દ્વારા આયોજિત કોઈ પણ કાર્યક્રમમાં આ સમાજના કોઈ પણ હોદ્દેદારો, ટ્રસ્ટીઓ કે પછી સામાન્ય સભ્યો ભાગ લઈને ત્યાંની શોભામાં અભિવૃદ્ધિ કરવા જવું અથવા તો ભાગ લેવો એ સતપંથ ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરવા બરાબર છે. આપણી કેન્દ્રીય સમાજના સ્થાપક સનાતની વડીલો તેમજ આધ સુધારક પૂજ્ય નારાયણજી રામજી લીંબાણીએ પીરાણા સતપંથ સાથે છેડો ફાડતાં ભીષ્મપ્રતિજ્ઞા લીધી હતી કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સતપંથ મુક્ત જ્ઞાતિ બને તે માટે આપણે સર્વે સનાતની સભ્યોએ પ્રયત્નો કરવાના છે.

એટલા માટે જ, આ સમાજના (કેન્દ્રીય સમાજના) જે હોદ્દેદારો અથવા તો ભાઈઓએ સતપંથના કાર્યક્રમમાં ભાગ લીધો હશે તે બંધારણીય રીતે આ સમાજના ગુનેગાર ઠરે છે. મુખ્યત્વે ઉપરોક્ત ચર્ચાની સાથે ખુલ્લા મનથી અન્ય ચર્ચાઓ પણ થઇ તેની મિનીટ નીચે પ્રમાણે છે.

- ૧. આપણી કેન્દ્રીય સમાજ મૂળ વૈદિક સનાતન હિંદુ ધર્મની ઓળખ ધરાવતી સમાજ છે
- ૨. કેન્દ્રીય સમાજના હાલના બંધારણમાં જણાવેલ ઉદ્દેશો અને હેતુઓથી પણ તે વાત પુરવાર થાય છે કે આ સમાજ

સનાતની સમાજ છે અને તેની સ્થાપનાનો મુખ્ય ઉદેશ જ્ઞાતિને પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવવી..

- ૩. કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવા માટેની હાલની પદ્ધતિઓમાં રહેલ ત્રુટીઓ બાબત
- ૪. કેન્દ્રીય સમાજનો આગામી સ્વર્ણિમમહોત્સવની ઉજવણીમાં સતપંથ ધર્મ પાળતા લોકો ભાગ ન લઈ શકે તે બાબત
- ૫. સતપંથીઓ દ્વારા કરવામાં આવતા તદ્દન ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો બાબત
- ૬. સમાજના પદાધિકારીઓ દ્વારા અપાતા જુઠા નિવેદનો બાબત. એવા જુઠા નિવેદનો સમાજના ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયા દ્વારા આપવામાં આવ્યા હતા કે સનાતન ધર્મ જાગૃતિ સમિતિ અને સમાજ વચ્ચે સમાધાન થઈ ગયું છે તે તદ્દન જુઠી ઉપજાવી કાઢેલી વાત છે.

ઉપરોક્ત મુદ્દાઓ પર ઊંડાણથી ચર્ચાઓ થયા પછી સર્વ સહમતીથી વિવિધ છણાવટોની સાથે સાથે નીચે પ્રમાણેના ૭ નિર્ણયો લેવામાં આવ્યા હતાઃ

- ૧. આપણા કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમને પીરાણા સતપંથ મતનો સદન્તરે ત્યાગ કરી આપણા મૂળ સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નીસંકપણે એ પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ એક સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિંદુ ધર્મ છે.

- ૨. કેન્દ્રીય સમાજના હાલના બંધારણમાં ધાર્મિક બાબતે તેમજ સભ્યપદ મેળવવા બાબતે સ્પસ્ટતા હોવા છતાં આપણને સનાતન ધર્મ બાબતે અનુકૂળ લાગતા ખુલાશાઓ તેમજ અધૂરાશો આગામી અધીવેશન પહેલાં પૂર્ણ કરી તેને તે જ આધીવેશનમાં મંજુરી લેવામાં આવે અને સમાજના નામમાં પણ સનાતન શબ્દ ઉમેરવાનો બંધારણીય સુધારો લાવી શકાય.

- ૩. કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવામાં હાલમાં જે પદ્ધતિઓ છે તેમાં ગણી બધી ખામીઓ (ત્રુટીઓ) દેખાય છે જેને લીધે અન્ય ધર્મીઓ (સતપંથીઓ) તેનો ગેરલાભ લઈ રહ્યા હોવાથી સભ્યપદ મેળવવા બાબતે નવી પધ્ધતિઓ જેવી કે અરજી પત્રક (AAPLICATION FORM) ભરીને સભ્યપદની માન્યતા કારોબારી સભામાં મળે તેવી પદ્ધતિઓ (PROCEDURES) નો સમાવેશ સમાજના બંધારણમાં કરવામાં આવે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

- ૪. કેન્દ્રીય સમાજનો સ્વર્ણિમ મહોત્સવ સનાતન ધર્મીઓનો મહોત્સવ છે. એટલે સ્વર્ણિમ મહોત્સવમાં દરેક સનાતાની ભાઈઓએ ખંભે ખંભા મિલાવી ભાગ લેવો જોઈએ અને જ્ઞાતિના સતપંથી ભાઈઓ પીરાણા સતપંથ મતનો સદંતર ત્યાગ કરી આપણા મૂળ સનાતન હિંદુ ધર્મના પ્રવાહમાં ભળી જવા માટે સખતાઈ ભરેલું વલણ અપનાવવું એવું નક્કી કરવામાં આવ્યું હતું.

- ૫. સતપંથના ભાઈઓ દ્વારા સમાજના સનાતની ભાઈઓ ઉપર છાસવારે કરવામાં આવતા ખોટા કોર્ટ કેસો તેમજ પુલીસ ફરિયાદો જલ્દીથી ત્વરિત પાછી ખેંચવામાં આવે તેવી કાર્યવાહી માટે કેન્દ્રીય સમાજ દ્વારા નિવેદન બહાર પાડવામાં આવશે કે જે કોઈ કેસો સતપંથી/સનાતની ભાઈઓએ કરેલા છે તે ત્વરિત પાછા ખેંચવામાં આવે અન્યથા તેમના ઉપર બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

- ૬. સમાજના એક વરિષ્ઠ ટ્રસ્ટીશ્રી શિવદાસ ગોવિંદ છાભૈયાએ આપેલ તદ્દન જુઠા નિવેદનોથી જ્ઞાતિમાં જે ગેરસમજણો ઉભી થઈ છે તેને દુર કરવા માટે આ ટ્રસ્ટી શ્રી જ્ઞાતિજોગ નિવેદનો દ્વારા ખુલાશો કરે અથવા તો સમાજની સામાન્ય સભામાં જાહેર માફી માગે એવું સર્વ સહમતીથી નક્કી કરવામાં આવ્યું હતું,

- ૭. કલમ૧૮ અને ૧૯ નો ભંગ કરતા સમાજના ભાઈઓ ઉપર સખતાઈ થી બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય સમાજ વતીઃ

રામજી કરમશી નાકરાણી ની સહી ગંગારામહીરાલાલ સાંખલાની સહી

સનાતન જાગૃતિ સમિતિ વતીઃ

હિંમત ભાઈ રતનશી ખેતાણીની સહી રમેશભાઈ માવજી વાગડીયાની સહી.

ઉપરોક્ત સભા રાત્રીના ૨.૩૦ કલાકે પૂરી થઈ હતી જેની મને શંકા હતી કે આની મિનીટ લખવામાં આવી હોય કારણકે આ સભા સત્તાવાર સભા નોતી કે જેનો સમાજે રેકોર્ડ રાખેલો હોય. તે માટે સભા પૂર્ણ થયા પછી સૌ પોતા પોતાના નિવાસ સ્થાને ગયા. હું અને હિંમતભાઈ પણ વિરાણી વાળા સૂર્યકાંતભાઈ ધનાણીના ઘરે ગયા. પણ મને સભામાં જે નક્કી થયું તેની મીનીટસ બનાવીને તેના ઉપર જવાબદાર વ્યક્તિઓની સહીઓ કરાવવી હતી. જેથી તેનો રેકોર્ડ કાયમને માટે રહી જાય. મને આમેય ઊંઘ નોહતી આવતી તેથી સૂર્યકાંતભાઈ પુરષોત્તમભાઈ ધનાણીના ઘરે હું વહેલી સવારના લગભગ ૩.૦૦ વાગે જાગીને મીટીંગમાં જે જે બાબતે નિર્ણયો લેવામાં આવ્યા હતા તેની નોંધ કરી હતી. તેની હસ્ત લેખિત કોપી મેં બનાવી હતી અને તેની બીજા દીવસે સવારના સૌ પ્રથમસમાજની ઓફિસમાં ચંદ્રકાંતભાઈ રામાણી પાસે ટાઈપ કરાવીને તેના ઉપર જવાબદાર વ્યક્તિઓની સહીઓ કરાવવી એવો મનસુબો મેં ઘડી રાખ્યો હતો. બીજા દિવસે એટલે કે તા. ૧૪.૦૨.૨૦૧૦ ના સમાજના સ્વર્ણિમમહોત્સવના ચડાવાઓ માટે જે સભા બોલાવવામાં આવી હતી તેમાં અમે અમારા હનુમાનને (પ્રેમજીભાઈ કેસરાણીને) તે મીનીટસ ની કોપી મંચ ઉપર ગંગારામભાઈ સાંખાલાને મોકલાવીને કહેણ મોકલાવ્યું કે આ મીનીટસ ઉપર સહીઓ કરો અન્યથા અમે લોકો મંચ ઉપર આવીને અત્યારની સભામાં ગઈકાલની રાત્રી મીટીંગમાં જે બન્યું હતું તેનો ચિતાર લોકો સમક્ષ આપશું. આ સંદેશ સાથે પ્રેમજીભાઈ કેસરાણી જ્યારે ગંગારામભાઈ સાંખાલાને મંચ ઉપર મળ્યા ત્યારે ગંગારામભાઈએ અમારી સમક્ષ જોઇને ઈશારો કર્યો કે આ સભા પૂરી થશે એટલે અમે તેના ઉપર સહીઓ કરશું. અને સભા પૂર્ણ થયા પછી તરત જ હું સમાજની ઓફીસ પાસે જઈને પગથીયા ઉપર જ ગંગારામભાઈ સાંખલાની અને પ્રમુખશ્રી રામજીભાઈ કરમશી નાકરાણીની તે ઐતિહાસિક મીનીટની કોપી ઉપર સહીઓ લીધી અને મેં અને હિંમત ભાઈએ પણ સહી કરી તે મીનીટની ઓરીજીનલ પ્રતની કોપી અહી રજુ કરી છે.

મીનીટસની મુળ નકલ

શ્રી સનાતન ધર્માય નમ:

તા. ૧૩/૨/૨૦૧૦ ને શનીવારના રાત્રે ૯:૩૦ વાગે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટીશ્રીઓ અને હોદેદાશ્રીઓની સાથે શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓની એક સભા સમાજના નખત્રાણા ખાતેના મુખ્ય કાર્યાલયના મીટીંગ હોલમાં બોલાવવામાં આવેલ. આ સભામાં નિચે જણાવેલ મુદાઓ ઉપર ખુલ્લા મનથી ચર્ચાઓ કરવામાં આવી હતી.

૧) આપણી કેન્દ્રીય સમાજ મુળ વૈદિક સનાતન હિન્દુ ધર્મની ઓળખ ધરાવતી સમાજ છે તે બાબતે.
૨) કેન્દ્રીય સમાજના હાલના બંધારણ બાબતે.
૩) કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવા માટેની હાલની પદધતીઓમાં રહેલ ત્રૃટીઓ બાબત.
૪) કેન્દ્રીય સમાજનો આગામી સ્વર્ણીમ મહોત્સવની ઉજવણી બાબત.
૫) સતપંથીઓ દ્વારા કરવામાં આવતા તદન ખોટા કાર્ટ કેસો અને પોલીસ ફરીયાદો બાબત.
૬) સમાજના પદાધિકારીઓ દ્વારા અપાતા જુઠા નિવેદનો બાબત.

ઉપરોકત મુદદાઓ ઉપર ઉડાણથી ચર્ચાઓ થયા પછી સર્વ સહમતીથી નિચે જણાવ્યા પ્રમાણે વિવિધ છણાવટો અને નિર્ણયો લેવામાં આવ્યા .

૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ મતનો સદન્તરે ત્યાગ કરી આપણા મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નિસંકપણે એ પૂરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ એક સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

૨) કેન્દ્રીય સમાજના હાલના બંધારણમાં ધાર્મિક બાબતે તેમજ સભ્ય પદ મેળવવા બાબતે સ્પષ્ટતા હોવા છતા પણ આપણને સનાતન ધર્મ બાબતે અનુકળ લાગતા ખુલાશાઓ તેમજ અધુરાસો આગામી અધિવેશન પહેલા પુરી કરી તેને તે જ અધિવેશનમાં મંજુરી લેવામાં આવે અને સમાજના નામમાં પણ સનાતન શબ્દ ઉમેરવાનો બંધારણીય સુધારો લાવી શકાય.

૩) કેન્દ્રીય સમાજનું સભ્ય પદ મેળવવામાં હાલમાં જે પદ્ધતિઓ છે તેમાં ઘણી બધી ખામીઓ દેખાય છે જેને લીધે અન્ય ધર્મિઓ (સતપંથીઓ) તેનો ગેરલાભ લઈ રહયા હોવાથી સભ્ય પદ મેળવવા બાબતે નવી પદ્ધતિઓ જેવી કે અરજી પત્રક (APPLICATION FORM) ભરીને સભ્ય પદની માન્યતા કારોબારી સભામાં મળે તેવી પદ્ધતિઓ (PROCEDURES) નો સમાવેશ સમાજના બંધારણમાં કરવામાં આવે એવું નકિક કરવામાં આવ્યું હતું.

૪) કેન્દ્રીય સમાજનો સ્વર્ણિમ મહોત્સવ સનાતન ધર્મિઓનો મહોત્સવ છે એટલે આ સ્વર્ણિમ મહોત્સવ માં દરેક સનાતની ભાઈઓએ ખભે–ખભા મીલાવી ભાગ લેવો જોઈએ અને જ્ઞાતિના સતપંથી ભાઈઓ પીરાણા સતપંથ મતનો સદંતરે ત્યાગ કરી આપણા મુળ સનાતન હિન્દુ ધર્મના પ્રવાહમાં ભળી જવા માટે સખતાઈ ભરેલું વલણ અપનાવવું એવુ નકિક કરવામાં આવ્યું હતું.

૫) સતપંથી ભાઈઓ દ્વારા સમાજના સનાતની ભાઈઓ ઉપર છાશવારે કરવામાં આવતા ખોટા કાર્ટ કેસો તેમજ પુલીસ ફરીયાદો જલ્દીથી જલ્દી પાછી ખેચવામાં આવે તેવી કાર્યવાહી માટે કેન્દ્રીય સમાજ દ્વારા નિવેદન બહાર પાડવામાં આવશે કે જે કોઈ કેસો સતપંથી/ સનાતની ભાઈઓએ કરેલા છે તે ત્વરીત પાછા ખેચવામાં આવે અન્યથા તેમના ઉપર બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે એવું નકકી કરવામાં આવ્યું હતું.

૬) સમાજના એક વરિષ્ઠ ટ્રસ્ટીશ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયાએ આપેલ તદન જુઠા નિવેદનોથી જ્ઞાતિમાં જે ગેર સમજણો ઉભી થઈ છે તેને દુર કરવા માટે આ ટ્રસ્ટીશ્રી જ્ઞાતિજોગ નિવેદનો દ્વારા ખુલાશો કરે અથવા તો સમાજની સામાન્ય સભામાં જાહેરમાં માફી માગે એવું સર્વ સહમતીથી નકિક કરવામાં આવ્યું હતું.

૭) કલમ ૧૮ અને ૧૯ નો ભંગ કરતા સમાજના ભાઈઓ ઉપર સખતાઈથી કામ લઈ બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે એવું નકકી કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત નિર્ણયો નિચે જણાવેલ ભાઈઓની હાજરીમાં લેવામાં આવેલ હતા.

...2

-૨-

અ) કેન્દ્રીય સમાજના હોદેદારો અને ટ્રસ્ટીશ્રીઓ:

૧. રામજીભાઈ કરમશી નાકરાણી–પ્રમુખ
૨. દેવજીભાઈ રામજી ભાવાણી–ઉપપ્રમુખ
૩. મનશુખભાઈ વિશ્રામ રૂડાણી–ઉપપ્રમુખ
૪. ગંગારામભાઈ હીરાલાલ સાંખલા–ટ્રસ્ટી
૫. લખમશીભાઈ લધાભાઈ વાસાણી–ટ્રસ્ટી
૬. લખમશીભાઈ નાયા દિવાણી–ટ્રસ્ટી
૭. ગોપાલભાઈ રામજી ભાવાણી–ટ્રસ્ટી
૮. લાલજીભાઈ શીવજી ભાવાણી–ટ્રસ્ટી
૯. દેવજીભાઈ માવજી લીંબાણી–ટ્રસ્ટી
૧૦.વાલજીભાઈ નારણ ભગત–ટ્રસ્ટી
૧૧. વાલજીભાઈ શીવજી વાડીયા–ટ્રસ્ટી
૧૨. નરસિહભાઈ નારણ સાંખલા–મંત્રી
૧૩. વાલજીભાઈ હીરજી ચૌહાણ–મંત્રી
૧૪. માવજીભાઈ સામજી છાભૈયા–મંત્રી
૧૫. લાલજીભાઈ હંશરાજ રામાણી– ખજાનચી
૧૬. રતીલાલ અબજી લીંબાણી–સહખજાનચી
૧૭. રવીલાલ કેસરા રામજીયાણી–પ્રમુખશ્રી ઉંમિયા માતાજી

બ) સનાતનધર્મ જાગ્રતિ સમિતિના ભાઈઓ

૧. હીમતભાઈ રતનશી ખેતાણી
૨. રમેશભાઈ માવજી વાઘડીયા
૩. પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી
૪. અબજીભાઈ વિશ્રામ કાનાણી
૫. કરસનભાઈ પ્રેમજી મેઘાણી
૬. રામજીભાઈ ભીમજી ડાયાણી
૭. અખૈઈભાઈ પ્રેમજી માનાણી
૮. ડાયાભાઈ જીવરાજ ગોરાણી
૯. મણીભાઈ ગોગારી
૧૦. માવજીભાઈ કેસરા રામાણી

રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી
પ્રમુખશ્રી

ગંગારાભાઈ હીરાલાલ સાંખલા
ટ્રસટીશ્રી

હીમતભાઈ રતનશી ખેતાણી

રમેશભાઈ માવજી વાઘડીયા

તા. ૧૪.૦૨.૨૦૧૦ સ્વર્ણિમ મહોત્સવના ચડાવાઓ માટે સમાજની સામાન્ય સભા

ચાલુ સભાએ પ્રમુખ શ્રી રામજી કરમશી અને ટ્રસ્ટી શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાની ઉપરોક્ત મીટીંગની મીનીટસ ઉપર સહીઓ લેવામાં આવી. સાથે સાથે જાગૃતિ સમિતિના હિંમત ભાઈ ખેતાણીએ અને રમેશભાઈ વાગડીયાએ પણ તે દસ્તાવેજ ઉપર સહીઓ કરી હતી .

તા. ૧૪.૦૨.૨૦૧૦ નખત્રાણા મધ્ય સમાજમાં સભા

આ સભા નખત્રાણા ગામની મધ્ય સમાજમાં તા. ૧૪.૦૨.૨૦૧૦ ની રાત્રે ૯.૦૦ રાખવામાં આવી હતી. આ સભામાં કચ્છના યુવા સંઘના કાર્યકર ભાઈઓ, મધ્ય સમાજના અગ્રણી ભાઈઓ અને બેહનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સભામાં અત્યારે કેન્દ્રીય સમાજમાં બની રહેલી ઘટનાઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળા નીચે જણાવેલ ભાઈઓના ભાષણ થયા હતા.

૧, હિંમતભાઈ રતનશી ખેતાણી વિરાણી-મુંબઈ
૨. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા ખોંભડી—બેંગલોર
૩. પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી, માનકુવા-ખરાગર મુંબઈ

તેમના ભાષણો પછી તેમજ માવજીભાઈ કેસરા રામાણીએ (પછેડીએ) પણ પોતાના મંતવ્યો આપ્યા હતા. આ સભામાં સૌ સનાતની ભાઈ-બહેનોએ અને યુવા વર્ગે બહુજ ખંત થી ભાગ લીધો હતો. આ વસ્તુ જ પુરવાર કરતી હતી કે સતપંથ-સનાતન વિષયે લોકોને કેટલો બધો ઉત્સાહ હતો અને સનાતન ધર્મ પ્રત્યે એટલી લાગણી પણ હતી.

આ સભાના આયોજનમાં નીચે જણાવેલ ભાઈઓએ ભારે જહેમત ઉપાડી હતી અને તેના આયોજનના તેઓ કારણભૂત બન્યા હતા.

૧. માવજીભાઈ કેસરા રામાણી નખત્રાણા પ્રમુખશ્રી મધ્ય વિભાગ પાટીદાર સનાતન સમાજ
૨. શૈલેશ ભાઈ પોકાર નખત્રાણા યુવા સંઘ આગેવાન
૩. છગનભાઈ માવજીભાઈ રૈયાણી નખત્રાણા મહામંત્રીશ્રી મધ્ય વિભાગ સમાજ
૪. ચંદુભાઈ વાલાણી યુવક મંડળ પ્રમુખ મધ્ય વિભાગ પાટીદાર સનાતન સમાજ

સનાતન ધર્મ જાગૃતિ સમિતી આ ભાઈઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ સભામાં અન્ય નામી વ્યક્તિઓએ હાજરી આપી હતી તેના નામો નીચે પ્રમાણે ના છે

૧. ગંગારામભાઈ સાંખલા રસલીયા—નવી દિલ્હી
૨. છગનભાઈ પરાસિયા (મોનેક્ષ) અંગિયા
૩. જયંતીભાઈ લાકડાવાલા રામાણી પ્રમુખ શ્રી યુવા સંઘ
૪. ડાહ્યાભાઈ સેંઘાણી નખત્રાણા સરપંચ શ્રી
૫. રવિલાલ વાલાણી યુવા સંઘ કચ્છ રીજીયન પ્રમુખ
૬. પ્રવિણભાઈ ધોળુ નાગલપર યુવા સંઘ આગેવાન
૭. અમરતભાઈ ધોળુ નાગલપર
૮. રતિલાલ ખેતાણી

સભાનું સંચાલન યુવાન ભાઈ શ્રી શૈલેશભાઈ પોકારે કર્યું હતું.

તા. ર૭.૦ર.ર૦૧૦ સમાધાન સમિતી સાથે મીટીંગ પછાડના ૩.૦૦ કલાકે અને અંદાજે ૫.૦૦ વાગે સત્પન્થના ભાઈઓ દ્વારા સમાજના પ્રાંગણમાં કરવામાં આવેલ હીન કૃત્ય

ઉપરોક્ત સભામાં સમાધાન સમિતિના નીચે જણાવેલ સભ્યો હાજર રહ્યા હતા.

૧. શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા, સમાધાન સમિતિના અધ્યક્ષ
૨. શ્રી દેવજી માવજી લીંબાણી, (ન્યાય સમિતિના પુર્વાધ્યક્ષ)
૩. શ્રી કાંતિલાલ નારણ સેંઘાણી, મુંબઈ
૪. શ્રી દામુભાઈ ઘોઘારી, અમદાવાદ

કેન્દ્રીય સમાજના સનાતની સભ્યોમાંથી તે દિવસે નીચેના ભાઈઓ હાજર રહ્યા હતા.

૧. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા, બેંગલોર
૨. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી. મુંબઈ
૩. શ્રી વસંતભાઈ રાજા લીબાણી, મોડાસા
૪. શ્રી પુનમભાઈ ધોળુ, મોડાસા

સતપંથ સમાજ તરફથી નીચે જણાવેલ ભાઈઓ હાજર રહ્યા હતા.

૧. શ્રી રતનશી લાલજી વેલાણી, દુર્ગાપુર નવાવાસ
૨. શ્રી દેવજીભાઈ કાનજી લીબાણી
૩. શ્રી દેવજીભાઈ કરસન ભાવાણી
૪. શ્રી શામજીભાઈ અરજણ ભગત
૫. શ્રી હરિભાઈ માધાભાઈ રામજીયાણી અને તેમની સાથે અન્ય બે પાંચ ભાઈઓ હાજર રહ્યા હતા.

તાજુબની વાત એ હતી કે ઉપરોક્ત પાંચ સાત સતપંથી ભાઈઓ મુકીને અન્ય દોઢસો સતપંથના ભાઈઓનું ટોળું શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની મુખ્ય કચેરી વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં ઉપસ્થિત રહ્યું હતું.

ઉપરોક્ત સમાધાન સમિતિની મીટીંગમાં સનાતની ભાઈઓ તરફથી શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી અલ્હાબાદ ગયા હોવાથી તેઓ હાજર રહી શક્યા નોહતા. સભાની શુરુઆત બંને પક્ષોને સાથે બેસાડીને એક બીજાની ઓળખાણ કરાવી હતી. અને ત્યાર પછી વારાફરતી ક્રમવાર એક એક પક્ષને તેડાવીને સમાધાન સમિતિ બંને પક્ષોએ કરેલ રજુઆતોની નોંધ લેતા હતા. મારી (રમેશભાઈ વાઘડીયાની) ઉલટ તપાસ લેતી વખતે મારા જવાબો સાંભળીને સમાધાન સમિતિ ના સદસ્ય દેવજી માવજી લીબાણી બોલ્યા હતા કે આ રમેશભાઈ ચાર્ટર એન્કાઉન્ટર (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) છે માટે એને વાતોમાં જીતી નહી શકાય. ત્યારે મેં વ્યંગમાં જણાવ્યું હતું કે **"હા, હું ચાર્ટર એનકાઉન્ટર જ છું અને આજે મને તમોને એનકાઉન્ટર જ કરવાના છે"**. અમોને (સનાતાનીઓને) થોડો વખત સાંભળ્યા પછી બાજુના રૂમમાં બેસવાનું કહેવામાં આવ્યું. ત્યારે અમો (સનાતાનીઓ) મીટીંગ હોલમાંથી બહાર આવ્યા ત્યારે બહાર સતપંથી ભાઈઓનું ૧૨૫-૧૫૦ જણાનું ટોળું જોયું એટલે મેં પાછા સમાધાન સમિતી સાથે બેઠેલા સમાજના પ્રમુખશ્રી રામજી ભાઈ કરમશીને અંદર જઈને જણાવ્યું કે બહાર અટલા બધા સતપંથના ભાઈઓ આવ્યા છે તેને શું તમોએ તેડાવ્યા છે? કે પછી સતપંથ સમાજ તરફથી અહી તેડાવેલ પાંચ સતપંથના ભાઈઓનું મોરલ (મનોબળ) વધારવા આવ્યા છે.

તે સમયે આ સતપંથના ભાઈઓ રૂ.૫૦૦/- ભરીને કેન્દ્રીય સમાજનું આજીવન સભ્યપદ મેળવતા હતા. મને એ સભ્યપદ ખુલ્લી રીતે વિના રોકટોકે આપવા બદલ કેન્દ્રીય સમાજથી અમારી નારાજગી તો હતી જ એટલે મેં પહેલેથી જ એક ટપાલ કેન્દ્રીય સમાજને આપવા માટે તૈયાર કરી રાખી હતી. જેથી કેન્દ્રીય સમાજ આવી રીતે આપવામાં આવતા આજીવન સભ્યપદ આપવા ઉપર રોક લગાવી શકે. એ ટપાલ મેં તે જ દિવસે કેન્દ્રીય સમાજને સોંપરત કરી હતી તેનો સ્વીકાર કરેલ દાખલો પણ મારી પાસે છે તેની નકલ હું અહીં રજુ કરું છું.

શ્રી સનાતન ધર્માય નમઃ

અખિલ ભારતીય ક ક પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિ. ધનસુરા

પત્ર વ્યવહારનું સરનામું:

R.M. Patel & Co.,
Chartered Accountants,
#350/1, Nayandahalli,
Near Gopalan Arcade,
Mysore Road,
BANGALORE-560 039

27-02-2010.

પ્રમુખ શ્રી,
શ્રી અ.ભા.ક.ક.પા.સમાજ,
વિદ્યાર્થી ભુવન,
નખત્રાણા ૩૭૦ ૬૧૫
કચ્છ -ભુજ ગુજરાત.

વિષય: સમાજમાં હાલમાં બનાવવામાં આવતા આજીવન સભ્યો જેમાંથી જેઓ પીરાણા સતપંથ ધર્મ પાળે છે તેમને આજીવન સભ્યપદ આપવા પર રોક.

ઉપરોક્ત વિષયે આપશ્રી ને જણાવતાં અત્યંત ખેદ થાય છે કે સ્વર્ણીમ મહોત્સવ નિમિતે આપણી સમાજે આડેધડ આજીવન સભ્યો બનાવવાનું જે બીડું જડપ્યું છે તે નિચે જણાવેલ કારણો ને લઈને ગેરબંધારણીય તેમજ આ સમાજને લાંબે ગાળે અત્યંત નુકશાનકારક બની શકે એમ છે.

૧. શ્રી અ.ભા.ક.ક.પા.સમાજ (કેન્દિય સમાજ) ની સ્થાપના એવા જ્ઞાતિ સુધારક વડીલો દવારા કરવામાં આવી હતી કે જેઓએ પીર ઈમામશાહ બાવા દવારા સ્થાપીત પીરાણા સતપંથ મતનો સદંતરે ત્યાગ કરી સનાતન વૈદિક ધર્મનો અંગીકાર કર્યો હતો. પીરાણા સતપંથ મતનો ત્યાગ શા કારણે કર્યો હતો તે કહેવાની જરૂરત અત્યારે જણાતી નથી કારણકે તે આપણને સૌ ને ખબર જ છે.

૨. કેનિદ્રય સમાજની સન ૧૯૬૦ માં બંધારણીય ધોરણે સ્થાપના કર્યા પહેલાં તેનુ નામ શ્રી કરછ કડવા પાટીદાર સનાતન સમાજ હતું તેના અસંખ્ય પુરાવાઓ આપણી પાસે મોજુદ છે. તેમાંનો એક સજ્જડ પુરાવો એ છે કે વિ.સ. ૨૦૦૧ અને સન ૧૯૪૫ માં આ સનાતન સમાજે વાંઢાય મુકામે આપણા કુળદેવી શ્રી ઉમિયા દેવીની પતિષ્ઠા કરી હતી. તે વખતે આપણી કન્દ્રિય સમાજના પ્રથમ પરમુખ વડીલ શ્રી શીવદાસ કાનજીએ પુ. દયાળદાસજી ગુરૂશ્રી ઓધવરામજી મહારાજને સંબોધીને એક પત્ર લખીને જણાવ્યું હતું કે **તમો અમારી જ્ઞાતિને ઉંચા સંસ્કાર આપી નિર્લજ પાખંડી પંથ માંથી છોડાવી અસલ પોતાના સનાતન ધર્મ ઉપર લાવવા આપ જે જહેમત ઉઠાવી રહયા છો તેના માટે તમોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો જ ગણાય. ઉમીયા માતાનું મંદિર બાંધી તમોએ મહેનત અને ઉજાગરા કરી આ પાટીદાર જ્ઞાતિને વધારે ઋણી બનાવી છે.**

..૨

આવક તા. 27/02/10

SHRI A. B. K. K. PATIDAR SAMAJ
H.O.: PATIDAR VIDYARTHI BHAVAN
NAKHATRANA - 370 615 KACHCHH

/ ૨ /

૩. સુધારક વડીલોના અથાગ પરિશ્રમો થી જ્ઞાતિની ત્રીજી અને કચ્છ માં પહેલી પરિષદના સ્વાગત પ્રમુખ વડીલ શ્રી પરબત લખુ પોકારે જણાવ્યું હતું કે **(આપણી જ્ઞાતિની એ પરિષદો મેળવવામાં અને એ પરિષદો દ્વારા જ્ઞાતિમાં સુધારણાની પ્રવૃતિ શરૂ કરનાર એ નર શાર્દુલ સ્વર્ગસ્થ શ્રી નારાયણજી રામજી લીંબાણીનું મને સહેજે સ્મરણ થઈ જાય છે. એ હકીકત નો ઈનકાર થઇ શકે એમ નથી કે જો નારાયણજી ભાઇએ સમાજ સુધારાની પ્રવૃતિનો ઝંડો એ દીવસો માં ના ફરકાવ્યો હોત તો આપણી જ્ઞાતિની કેવી દુર્દશા હોત તેનો વિચાર માત્ર કરતાં પણ કંપારી છુટે છે)**. તે વાત જ પુરવાર કરે છે કે આ સુધારક વડીલો પીરાણા સતપંથ મતથી તદ્દન વિરૂધ્ધ હતા કારણકે તેઓને લાગેલું કે પીરાણા સતપંથ ધર્મ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી એટલે તેનો હંમેશને માટે ત્યાગ કરી જ્ઞાતિને સનાતન ધર્મ નો અંગીકાર કરાવી એવા જ્ઞાતિના લોકો માટે એક સમાજ રૂપી માળખું ઉભું કરવું જોઈએ એમ સમજીને સનાતન ધર્મીઓ માટે આ કન્દ્રિય સમાજ ઉભી કરી હતી. પીરાણા સતપંથીઓ માટે તો ત્યારે પણ સતપંથ સમાજ મોજુદ હતી અને આજે પણ તે મોજુદ છે.

૪. આપણી કેન્દ્રિય સમાજના બંધારણ અને ધારા-ધોરણ ની કલમ ન.૪ અન્વયે સમાજના ઉદ્દેશો અને હેતુઓ પૈકી છઠ્ઠો ઉદ્દેશ એ છે કે સમાજમાં નૈતિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રિય ભાવના વધે તેવા પ્રયત્નો કરવા. હવે આપણે આપણી જાતને પ્રશ્નો એ પુછવાના છે કે

અ. કયા રષ્ટ્રની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા? તો બે-શક જવાબ મળશે કે ભારત રાષ્ટ્રની ભાવના વધે એવા પયત્નો કરવા. તરતજ બીજો સવાલ એ કરી શકાય કે ભારત રાષ્ટ્ર મુકીને બીજા અથવા તો ભારતની સાથે બીજા રાષ્ટ્રની ભાવના વધે એવા પ્રયત્નો કરવા? તો ફરી પાછો જવાબ ના માં જ હશે.

બ. હવે ધાર્મિક બાબતે બંધારણમાં સવાલ એ છે કે કયા ધર્મની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા? હિન્દુ, મુસ્લીમ, કે ઈશાઇ ધર્મ? તો નિશંક પણે જવાબ મળશે કે સનાતન વૈદિક હિન્દુ ધર્મની ભાવના વધે એવા પ્રયત્નો કરવા. તરતજ બીજો સવાલ એ કરી શકાય કે શું સનાતન હિન્દુ ધર્મ મુકીને બીજા અથવા તો સનાતન હિન્દુ ધર્મ ની સાથે બીજા ધર્મની ભાવના વધે એવા પયત્નો કરવા? તો બે-શક જવાબ ના માં જ હશે. વધારેમાં પીરાણા સતપંથ ધર્મ હિન્દુ ધર્મ નથી જ તેવું અનેક જગ્યાએ પુરવાર થઈ ચુકયું છે અને તે કડવા પાટીદારો ને લાયક ધર્મ નથી જ. એટલા માટે થઈને જ આપણા સુધારક સ્થાપક વડીલોએ તેનો સદંતરે ત્યાગ કર્યો હતો અને જ્ઞાતિને પણ કરાવ્યો હતો તેનો ઈતિહાસ સાક્ષી છે. **તેથી બંધારણીય ધોરણે એ વાત પુરવાર થાય છે કે આપણી સમાજ સનાતન હિન્દુ ધર્મિઓ ની સમાજ છે અને તેની સ્થાપના ફકત અને ફકત સનાતન ધર્મિઓ ના હિતોની રક્ષા કરવા માટે જ કરવામાં આવી હતી. તેથી જે સનાતન વૈદિક હિન્દુ ધર્મ પાળતો ન હોય અથવા તો બીજા શબ્દો માં કહીએ કે જે પીરાણા સતપંથ ધર્મને હજુ સુધી વળગી રહયો હોય તે આ સમાજનો સભ્ય કઈ રીતે બની શકે?** નૈતિક દ્રષ્ટિએ પણ તેઓ આ સમાજના સભ્ય બની જ ન શકે. બંન્ને બાજુ પગ રાખવા વાળાઓ નૈતિક ધોરણે પણ આપણી હિન્દુ સમાજમાં તેમજ પીરાણા સતપંથ સમાજમાં બંન્ને જગ્યાએ સભ્ય કઈ રીતે બની શકે? આપણે તેવા લોકો ને આજીવન સભ્ય બનાવીએ છીએ તે આપણી નૈતિક અને બંધારણીય ધોરણે મોટી ભુલ છે તેનુ ફળ આવનારા દીવસો માં ભોગવે જ છુટકો.

..૩

જ્યારે હું કેબીનેટ હોલમાંથી બહાર આવ્યો ત્યારે સતપંથી ભાઈ રતનશી લાલજી વેલાણીએ મારો હાથ પકડીને ઉંચો કરીને ત્યાં હાજર સતપંથના ભાઈઓના ટોળાંને જાણે મારી ઓળખાણ કરાવતા હોય તેમપૈરવી કરી રહ્યા હતા. ત્યારે મને આશ્ચર્ય થયેલું કે આ માણસ આમકેમકરી રહ્યો છે પણ તેના થોડા સમય પછી મારી પોલીસ ધરપકડ કરવામાં આવી ત્યારે મને ખબર પડી કે આ સતપંથી ભાઈ રતનશી લાલજી વેલાણી ખરું કહું તો પોલીસને મારી ઓળખાણ કરાવી રહ્યો હતો. અને ત્યાર પછી મારી ધરપકડ ૫.૩૦-૬.૦૦ વાગ્યા દરમ્યાન કરવામાં આવી.

૨૭.૦૨.૨૦૧૦ નખત્રાણા સમાધાન સમિતિ સાથે ચાલુ સભાએ ૫.૩૦ વાગે ત્યાં હાજર સતપંથ ના ભાઈઓ દ્વારા રમેશભાઈ વાગડીયાની કરવામાં આવેલ પોલીસ ધરપકડ

કેન્દ્રીય સમાજ દ્વારા સમાધાન સમિતીનું તા. ૭.૮.૨૦૦૯ ના ગઠબંધન થયા પછી તેની શ્રેણીબધ્ધ બેઠકો થઈ. આ સમિતિના નિમાયેલ સભ્યોમાં કેન્દ્રીય સમાજ તરફથી કહેવાતા સનાતની સભ્યો હતા જેઓ સનાતની તરીકે પોતાની ઓળખ આપતા હતા પણ તેમનો જુકાવ પૂરે પૂરો સતપંથ તરફનો જ હતો. પાંચ સતપંથના સભ્યોનો જુકાવ સતપંથ તરફ જ હોય તે તો સમજી શકાય પણ સનાતની કેન્દ્રીય સમાજે નિમણુક કરેલા સભ્યો તો શુધ્ધ સનાતની હોવા જરૂરી છે. આ વસ્તુની શું કેન્દ્રીય સમાજના તે વખતના હોદ્દેદારોને નોહતું સમજાતું? કેન્દ્રીય સમાજે નિમેલ સભ્યોની મથરાવટી તો પહેલેથી જ શંકાસ્પદ હતી જ તેમાં બે મત નથી. તેમાં તેઓનો વાંક નોતો કારણકે તેઓ (હોદ્દેદારો) કેન્દ્રીય સમાજની સ્થાપના વખતેના મૂળભૂત હેતુઓથી સાવ અજાણ હશે એવું મારું માનવું છે.

સનાતની રમેશભાઈ વગાડીયાની ધરપકડ એ પીરાણા સતપંથના ભાઈઓ દ્વારા પૂર્વ નિયોજિત રીતે કરવામાં આવેલ એક સમાજ વિરુધ્ધ ષડયંત્ર

આ સમાધાન બેઠકો પૈકી એક બેઠક તા.૨૭.૦૨.૨૦૧૦ ના સમાજના કેબીનેટ હોલમાં રાખવામાં આવી હતી. સમય હતો પછાડ ના ૪.૦૦ વાગ્યાનો. સનાતની ભાઈઓમાં થી તે બેઠકમાં હિંમતભાઈ નોતા આવ્યા. પણ રમેશભાઈ વાગડિયા, પ્રેમજીભાઈ કેશરાણી અને મોડાસા વાળા વસંત ભાઈ લીબાણી અને પૂનમભાઈ ધોળુ હાજર રહ્યા હતા. સતપંથના ભાઈઓ પણ પાંચ જણા કથિત સમાધાન સમિતિની બેઠકમાં હાજર હતા. પણ કેબીનેટ હોલની બહાર બોર્ડિંના પ્રાંગણમાં ૧૫૦-૨૦૦ જણાનું સતપંથી ભાઈઓનું ટોળું ઉપસ્થિત હતું. શા કારણે આટલા બધા સતપંથી ભાઈઓની હાજરી એક જ સમયે કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં હતી તે કલ્પના બહારની વસ્તુ હતી. સમાધાન સમિતિની ચાલુ મીટીંગમાં સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીની પણ હાજરી હતી તે વખતે મેં (રમેશભાઈ વગાડીયાએ) પ્રમુખશ્રી ને પ્રશ્ન પણ કર્યો હતો કે ''પ્રમુખશ્રી તમે પાંચ સનાતાનીઓને હાજર રહેવાનું કહ્યું હતું તેમાંથી અમો ચાર જણા આવ્યા છીએ પણ સતપંથ તરફથી મીટીંગમાં બેઠેલા પાંચ જણ શિવાય ૧૫૦-૨૦૦ જણા બહાર ઉભા છે તે શામાટે આવ્યા છે? શું તમે તે લોકોને તેડાવ્યા છે? શું તેઓ તેમનું શક્તિ પ્રદર્શન કરવા આવ્યા છે? જો એવું જ હોય તો અમે પણ અત્યારેજ અન્ય સનાતની ભાઈઓને બોલાવીને બહાર ઉભા રાખી દઈએ.'' પ્રમુખશ્રી તેનો જવાબ આપી શક્યા નોતા. સતપંથના ભાઈઓ આપણી સનાતની કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં વગર આમંત્રણે શામાટે આવ્યા હતા? તેની કલ્પના ન તો પ્રમુખશ્રીને હતી અને ન તો અમોને (સનાતની ભાઈઓને) હતી. પણ એક ચીજ જોવામાં આવતી હતી કે આ સતપંથના ભાઈઓ કેન્દ્રીય સમાજનું નવું આજીવન સભ્યપદ મેળવવા માટે તેની પૂર્વયોજિત યોજના પ્રમાણે રૂ.૫૦૦/- (ફક્ત રૂપિયા પાંચ સો) ભરીને આટલી મોટી સંસ્થાના સભ્ય બની જતા જોવામાં આવ્યા હતા. જાણે કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવું એક બોડી બ્રાહ્મણીનું ખેતર સમાન હતું. પાછળથી ખબર પડી કે સતપંથના આ ભાઈઓ મારી (સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વગાડીયાની) કોઈ જુના સતપંથી ભાઈ દ્વારા જુઠા દર્જ કરાયેલા કોર્ટ કેશ બાબતે પૂર્વ

નિયોજિત કાવત્રાથી ધરપકડ કરવાની ઘટનાને નિહાળવા માટે એકત્રિત થયા હતા.

કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં સતપંથી ભાઈઓ દ્વારા તા.૨૭.૦૨.૨૦૧૦ના કરાએલ રમેશભાઈ વાગડીયાની પોલીસ ધરપકડઃ

પૂર્વ યોજિત કાવતરા પ્રમાણે તા.૨૭.૦૨.૨૦૧૦ શનિવારના દિવસે રમેશભાઈ વાગડિયાની ધરપકડ અમદાવાદ કોર્ટથી વોરંટ કઢાવીને કરવામાં આવી હતી, જેથી બીજે દિવસે રવિવારના કોર્ટ બંધ રહે, ત્રીજા દિવસે સોમવારના હોળી નિમિતે કોર્ટ બંધ રહે અને મંગળવારના ચોથે દિવસે પણ ધૂળેટી હોવાથી કોર્ટ બંધ રહે. એવું પૂર્વનીયોજિત ષડયંત્ર પ્રમાણે સતપંથના ભાઈઓ દ્વારા ગોઠવણ કરવામાં આવી હશે એમહું માનું છું. જેથી મને (રમેશભાઈને) ત્રણ-ચાર દિવસ જામીન મળે નહિ અને અમદાવાદ ખાતે પોલીસ હિરાસતમાં રહેવું પડે તેવી મેલી મુરાદ સાથે આ સતપંથના ભાઈઓ આવ્યા હતા. વાયુ વેગે વાત સમગ્ર કચ્છ ખાતે પ્રસરી ગઈ. નખત્રાણા, કોટડા વિરાણી અને બીજા નજીકના ગામોથી લગભગ ૧૩૦૦-૧૫૦૦ સનાતની યુવાન ભાઈઓ કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં વાયુ વેગે ધસી આવ્યા. લાગ જોઇને બધા સતપંથના ભાઈઓ ત્યાં થી પલાયન થઈ ગયા. કેન્દ્રીય સમાજ તરફથી સમાધાન સમિતિમાં નિમાયેલ સભ્યો જેવા કે દામુભાઈ ગોગારી, દેવજીભાઈ લીબાણી, શીવદાસભાઈ ગોવિંદ વગેરે ભાઈઓએ પણ સમાજના પ્રમુખશ્રીને નોંધારા મૂકી ક્યારે ત્યાંથી પલાયન થઇ ગયા તેની કોઈને ખબર પણ ન પડી. ત્યાં એકઠા થયેલા સનાતની યુવાનોએ પ્રમુખશ્રીને બાનમાં લીધા કે સમાજના પ્રાંગણમાં પોલીસ આવતી હોય તો તેની ખબર પ્રમુખશ્રીને હોવી જરૂરી છે. એમકહીને પ્રમુખશ્રી ઉપર પ્રશ્નોનો મારો ચાલુ કરી દીધો. તે સમયે મેં (રમેશભાઈ વગાડીયાએ જ) પ્રમુખશ્રીના બચાવમાં યુવાનોને રોક્યા અને કહ્યું કે જે લોકોને બાનમાં લેવા હતા અને જેઓ ગુનેગાર હતા તેઓ તો અહી થી ભાગી છુટ્યા છે. હવે આપણા પ્રમુખશ્રી ને બાનમાં લેવાથી આપણી જ કમજોરી દેખાશે. આ જાગૃત યુવાનો પૈકી જેઓએ આગેવાની લીધી હતી તેઓ હતા ડો. શાંતિલાલ સેંઘાણી, ડાહ્યાભાઈ સેંઘાણી (સરપંચ), અમૃતભાઈ ધોળુ, અરજણભાઈ વિરાણી વાળા, જયંતભાઈ જવાહર સલાટ, વગેરે વગેરે. આ ભાઈઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

કોણ જાણે કેમઅને શામાટે કચ્છના ખાંટી સતપંથી ભાઈ રતનશી લાલજી વેલાણી તે વખતે સૌથી છેલ્લે ગયા. અન્ય સતપંથના ભાઈઓ ત્યાંથી ત્વરિત નવ દો ગ્યારાહ થઇ ગયા હતા પણ રતનશી લાલજી વેલાણી ત્યાં રહી ગયા તે કદાચ મારી ધરપકડનો નાટક જોવા જ ત્યાં રહ્યા હશે. આ સતપંથી ભાઈને વિરાણી વાળા અરજણ ભાઈએ અંધારામાં બરાબરનો મેથીપાક ચાખાડેલ એટલે ત્યાર પછી સતપંથના ભાઈ રતનશી લાલજી વેલાણી પણ ત્યાંથી પલાયન થઇ ગયા હતા. પણ ત્યાંથી ભાગતા પહેલાં વિરાણી વાળા અરજણ ભાઈએ અને પ્રેમજીભાઈ કેસરાણીએ સતપંથી ભાઈ રતનશી લાલજી વેલાણી ને બરાબરનો મેથી પાક ચખાડ્યો હતો.

તે વખતે મારી ધરપકડ કરવા માટે અમદાવાદથી વોરંટ લઈને બે પોલીસો આવ્યા હતા અને તેની સાથે નખત્રાણાના હેડ કોન્સ્ટેબલ શ્રી અરવિંદભાઈ સિંધલ પણ આવ્યા હતા. ત્યાર પછી નખત્રાણા પોલીસ થાણાના પોલીસ સબ ઈન્સ્પેકટર (PSI) શ્રી જાડેજા સાહેબ પણ વિદ્યાર્થી ભવનમાં આવ્યા અને તેઓએ મને અને પ્રમુખ શ્રી ને મળી ને બધી જ વિગત જાણી લીધી. જાડેજા સાહેબની ડો. શાંતિલાલ સેંઘાણી, સરપંચ ડાહ્યાભાઈ સેંઘાણી અને અમૃતભાઈ ધોળુ સાથે ઘર જેવા સંબંધો હતા. હવે મારી ધરપકડ કરીને મને તે જ સમયે અમદાવાદ લઈ જવાની પેરવી અમદાવાદથી આવેલા બે પોલીસો કરી રહ્યા હતા ત્યારે PSI જાડેજા સાહેબે સમયસુચકતા વાપરી અમદાવાદથી આવેલ બંને પોલીસોને લેખિત બાંહેધરી આપી કે અત્યારે રમેશભાઈ વાગડીયાની નાદુરસ્ત તબિયતને કારણે હોસ્પીટલમાં દાખલ કરવા પડશે અને જ્યારે એમની તબિયતમાં સુધારો જણાશે ત્યારે

હું પોતે અમદાવાદ મારા માણસની સાથે રમેશભાઈને મોકલાવીને કોર્ટમાં રજુ કરીશ. આવી પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજા સાહેબે બાંહેધરી આપ્યા પછી અમદાવાદથી આવેલ બંને પોલીસો પાછા અમદાવાદ પરત ફર્યા હતા. અને મને દેવાશિષ હોસ્પીટલમાં મેડીકલી ફીટ ન હોવાના કારણે દાખલ કરવામાં આવ્યો. ત્યાં મારું મેડીકલ પરીક્ષણ કરવામાં આવ્યું. તેવા મારા લેબરોટરી પરીક્ષણના રોજે રોજના રિપોર્ટો પોલીસને સોંપવામાં આવતા હતા.

કન્યાકુમારી મધ્યે યોજાએલ સંત શ્રી શરદભાઈ વ્યાસના જ્ઞાન ગોષ્ટી કાર્યક્રમમાં સતપંથના ભાઈઓની મોજુદગી

તે સમયે મિયાં અને મહાદેવ (સનાતન અને સતપંથનું) ટોળું ભેગું ચાલતું હતું. કોઈ જ રોક ટોક નોહતી. આપણા સુધારક વડીલોએ પીરાણા સતપંથના ભાઈઓ સાથે છેડો ફાડી નાખવાનું સૂચવેલ હોવા છતાં આપણા વડીલોની તે પછીની પેઢીઓએ વાતાવરણ ઢીલું કરી નાખ્યું. જો કડકાઈ ચાલુ રાખી હોત તો આપણી જ્ઞાતિ વહેલી સતપંથ મુક્ત જ્ઞાતિ બની ગઈ હોત તેમાં શંકાને સ્થાન નથી. કહેવાય છે કે મારી પોલીસ ધરપકડ થવાની હતી તેની રજે રજની માહિતી તે વખતના સતપંથ સમાજના પ્રમુખ કોલ્હાપુર વાળા શ્રી વીરજી લધા ભાદાણીને હતી. મારી ધરપકડ વખતે તેઓ કન્યાકુમારી મુકામે સંત શ્રી શરદભાઈ વ્યાસના ચાલી રહેલા સત્સંગ કાર્યક્રમમાં હાજર હતા. ત્યાં તેમની સાથે બીજા સતપંથના ભાઈઓ પણ હાજર હતા તેમાં નોંધ કરવા જેવા સતપંથના ભાઈઓ માંયના એક હતા ખોંભડીના ભાઈ શ્રી ખેતાભાઈ રતનશી ભગત. આમતો ખોંભડી ગામમાં તેઓ સનાતની થઈને ફરતા હતા પણ અંદરખાને તેઓ સતપંથ ના પુરેપુરા હિમાયતી હતા. ખોંભડીમાં પણ તેમણે કોઈ પુછવા વાળું નોહતું. સનાતની ભાઈઓ દરેક ઠેકાણે શા માટે આટલી બધી લાચારી ભોગવતા હતા તે કલ્પી શકાતું નોહતું. અને ત્યાં કન્યાકુમારી ખાતે મોજુદ મોજુદ સર્વે સતપંથના ભાઈઓ મારી નખત્રાણા ખાતે મારી ધરપકડની કાગડોળે રાહ જોઈને બેઠા હતા એવું મને પાછળથી જણાવવામાં આવ્યું હતું. મારી ધરપકડનું ષડયંત્ર સતપંથ સમાજના તે વખતના પ્રમુખ વીરજી લધા ભાદાણીની મંજુરીથી જ ગોઠવવામાં આવ્યું હતું, તેની જાણ મને પાછળથી થઈ હતી. પણ ધરપકડ પછી કેન્દ્રીય સમાજ અને સનાતની જ્ઞાતિમાં જે જે બીનાઓ, ઘટનાઓ ઘટી અને જાગૃતિ આવી તેથી સતપંથના ભાઈઓની ચાલ ઉંધી પડી ગઈ તેવું કહી શકાય. અમુક સતપંથના ભાઈઓ એમપણ કહેવા લાગી ગયા હતા કે સાલું આપણે રમેશ વાગડિયાની ધરપકડ કરવા ગયા પણ તેને તો કંઈજ થયું નહિ અને ઉલટાનો તે તો સનાતની ભાઈઓનો હીરો બની ગયો.

મારા ઉપર થયેલ તદ્દન ખોટો કોર્ટ કેસ અને પોલીસ ફરિયાદ સનાતાનીઓ માટે એક વરદાન રૂપ સાબિત થયોઃ સાંચ ને કોઈ આંચ નથી આવતી તે કહેવત અહીં સાચી ઠરતી હતી

સતપંથના ભાઈઓએ મારા ઉપર, મારા પિતા ઉપર અને મારા દાદા ઉપર તદ્દન ખોટો કોર્ટ કેસ કરેલ તે આગળ જતાં આજે સનાતની ભાઈઓ માટે એક વરદાન રૂપ સાબિત થયો હતો. માણસ વિચારે છે એક અને કુદરત કરે છે એક. તે પ્રમાણે સતપંથના ભાઈઓએ કંઈક વિચાર્યું હતું અને કંઈક થયું કારણ કે તેમની કોર્ટ કેસ કરવામાં દાનત જ ખોટી હતી. તે તદ્દન ખોટો ઉપજાવી કાઢેલો કેસ હતો. કોઈકને હેરાન કરવા હેતુ માત્રથી કંઈ પણ કાર્ય કરવામાં આવે તો તેનું પરિણામખોટું કરવાવાળા માણસને આગળ જતાં ભોગવવું તો પડે જ છે. આ જ કુદરતનો ન્યાય છે. આપણી કેન્દ્રીય સમાજમાં ખોટી ડખલગીરી કરીને સનાતાનીઓને હેરાન કરવા માત્ર હેતુથી તેઓ આત્યારે જે કંઈ કાર્યો કરી રહ્યા છે તેનાં માઠા પરિણામો તો તેઓને ભવિષ્યમાં તેમણે અને તેમની ભાવી પેઢીને ભોગવવા તો પડશે જ. પીરાણું મુકીને શુદ્ધ સનાતન હિંદુ ધર્મ અપનાવીને આપણી કેન્દ્રીય સમાજમાં ભળી જાય તો આપણી જ્ઞાતિમાંથી પીરાણું અને બાવા ઈમામાશાહ નેસ્ત નાબુદ થઈ જાય. પણ અમુક નીજી હિતો ધરાવતા સતપંથના ભાઈઓ આમકરવા દેતા નથી અને આપણી જ્ઞાતિના બધા લોકો સનાતની બનીને એક થઈ શકતા નથી તે જ્ઞાતિ માટે એક અભિશાપ જ કહી શકાય. તેનો ઉપાય શું?

એનો એક જ ઉપાય છે કે તમે તમારી સતપંથ સમાજ અને પીરાણા સતપંથ ધર્મને સાચવો અને અમે અમારો સનાતન ધર્મ અને અમારી કેન્દ્રીય સમાજને સાચવીએ. એક બીજામાં ડખલગીરી કરવાનું હવે બંધ કરીએ. એક બીજા સાથે સામાજિક સંબંધો ન રાખીએ, સગપણ સાંતરાં બંધ કરીએ, સહિયારા ધંધા-વેપારો ન કરીએ અને સહિયારી મિલકતો ન વસાવીએ. આટલું કરશું તો બસ છે.

મારી પોલીસ ધરપકડ ના બીજા દિવસે ઘટેલ ઘટનાઓ

તા.૨૮.૦૨.૨૦૧૦ ના બેંગલોરથી મારી વહારે વિમાન માર્ગે કચ્છ પહોંચેલા શ્રી દેવજીભાઈ હંસરાજ દીવાણી અને શ્રી અરજણભાઈ હીરજી સાંખલા સૌથી પહેલાં વિરાણી ગામના કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીને ઘરે ગયા, ત્યાં પ્રમુખશ્રીને મળીને વિદ્યાર્થી ભવન પહોંચ્યા. બોર્ડિંગમાં તે વખતે ડો. શાંતિલાલ સેંઘાણી, સરપંચ ડાહ્યાલાલ સેંઘાણી અને જયંતભાઈ સલાટ સાથે અન્ય ભાઈઓ પણ મોજુદ હતા. પ્રમુખશ્રી રામજીબાપાને બેંગલોર થી આવેલ બંને ભાઈઓએ કહ્યું કે "અમોને આમારી સમાજના વડીલ શ્રી કેશવલાલ કાનજી ભગતે રમેશભાઈની ખબર અંતર પુછવા મોકલાવ્યા છે. અને પ્રમુખશ્રી રામજી બાપા ઉપર આરોપ લગાવ્યો કે સતપંથ-સનાતન બાબતે તમે અમારા ભાઈશ્રી રમેશભાઈ માવજી વાગડીયાને સમાધાન માટે તેડાવો છો અને સતપંથના ભાઈઓ દ્વારા કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં જ તેની પોલીસ ધરપકડ કરાવો છો, તો આવા સતપંથના ભાઈઓને કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં શા માટે આવવા દો છો? તમે પ્રમુખ છો માટે આ ધરપકડની જવાબદારી પણ તમોને જ લેવી પડશે. કોઈ પણ સમાજના પ્રાંગણમાં પોલીસને આવવું હોય તો તમારી પરવાનગી પહેલી લેવી પડે એમછે તો શું પોલીસે તમારી પરવાનગી લીધી હતી? પ્રમુખશ્રીએ બેંગલોરથી આવેલ બંને ભાઈઓને કહ્યું કે આવતી કાલે એટલે કે તા. ૧.૦૩.૨૦૧૦ ના અમદાવાદ ખાતે આ બાબતની એક આપાતકાલીન મીટીંગ રાખી છે તમે ત્યાં ચાલો અને આપણે ત્યાં આ બાબતે વિચાર વિમર્શ કરશું તે પ્રમાણે બેંગલોરથી આવેલા તે બંને ભાઈઓ તા. ૧.૦૩.૨૦૧૦ ના અમદાવાદ પહોંચી ગયા હતા અને તે આપાતકાલીન મીટીંગ માં સામેલ થયા હતા.

તા. ૧.૦૩.૨૦૧૦ અમદાવાદ ખાતે સમાજના મોવડીઓની અપાતકાલીન (EMERGENCY) મીટીંગ

તે મીટીંગમાં મનસુખભાઈ રૂડાણી, શ્રી દેવજીભાઈ રામજી ભાવાણી, ગંગારામભાઈ સાંખલા અને કેન્દ્રીય સમાજના અન્ય અગ્રણીઓ ઉપરાંત યુવાસંઘના પ્રમુખ શ્રી જયંતીભાઈ કરમશી રામાણી અને મહામંત્રી શ્રી ગૌરાંગભાઈ ધનાણી પણ મોજુદ રહ્યા હતા. અને ત્યાં મારી ધરપકડની અને હવે વિશ્વાસઘાતી સતપંથના ભાઈઓ સાથે આપણે શું કરવું તેનો વિચાર વિમર્શ થયો. તે મીટીંગમાં બેંગલોરવાળા દેવજીભાઈ દીવાણીએ અને અર્જુનભાઈ સાંખલાએ મોવડીઓને ધારદાર સવાલો પૂછ્યા. યુવા સંઘના પ્રમુખે પણ કેન્દ્રીય સમાજના આગેવાનોને સમાજની હાલની નીતિઓ બાબતે સવાલો પૂછ્યા હતા. તેમાં તા. ૨૮.૦૨.૨૦૧૦ ના યુવા સંઘ દ્વારા કેન્દ્રીય સમાજને સોંપરત કરવામાં આવેલ પત્ર ઉપર પણ ચર્ચા કરવામાં આવી હતી. તે પત્રમાં તાકીદ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેનાથી કેન્દ્રીય સમાજના મોવડીઓ યુવા સંઘના પ્રમુખ શ્રી જયંતી ભાઈ રામાણીથી નારાજ થયા હતા. તો શું જયંતીભાઈ રામાણી ખોટા હતા કે તેમને તે પત્રમાં તાકીદ શબ્દનો ઉપયોગ કર્યો હતો? આ પ્રશ્નનો જવાબ હું વાચક વર્ગ ઉપર મુકું છું કે યુવા સંઘના પ્રમુખ શ્રી જયંતીભાઈ રામાણી યોગ્ય હતા કે યોગ્ય નોહતા.

તા.૨૮.૦૨.૨૦૧૦ ના કેન્દ્રીય યુવાસંઘના સેન્ટ્રલ પ્રેસિડેન્ટ શ્રી જયંતીભાઈ રામાણી અને જનરલ સેક્રેટરી ગૌરાંગભાઈ ધનાણી દ્વારા કેન્દ્રીય સમાજને આપવામાં આવેલ એક તાકીદ કરતો પત્રઃ

મારી પોલીસ ધરપકડ થયાના બીજા દિવસે જ તા.૨૮.૦૨.૨૦૧૦ ના યુવાસંઘે કેન્દ્રીય સમાજને તાકીદ કરતો એક પત્ર લખ્યો હતો. આ પત્ર સમયસર, ઉચિત સમયે કેન્દ્રીય સમાજના સુકાનીઓને આપવામાં આવ્યો હતો. આ પત્રમાં સમાજના સનાતન

ધર્મ બાબતે અને સનાતનીઓ તરફી કેન્દ્રીય સમાજની અસ્પષ્ટ અને ઢીલી નીતિઓ તરફ આંગળી નિર્દેશ કરતો હતો. આવો પત્ર આ સમયે અત્યંત જરૂરી હતો. તે પત્રમાં તાકીદ શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી સમાજના તે વખતના સુકાનીઓમાંના ભાઈ શ્રી મનસુખ ભાઈ રુડાણીએ યુવાસંઘના પ્રમુખ શ્રી જયંતીભાઈ રામાણી સામે રોષે ભરાયા હતા એવું મને જાણવા મળ્યું હતું. તે સમયે કેન્દ્રીય સમાજમાં ચાલી રહેલી સનાતન ધર્મ બાબતે અસ્પષ્ટ અને સતપંથના ભાઈઓ તરફી કુણી લાગણીઓ બાબતે કોઈ કહેવા વાળુ નહતું. તેથી યુવાસંઘે લખેલ તાકીદ ભર્યો પત્ર વાંચીને તે વખતના કેન્દ્રીય સમાજના સુકાનીઓ નારાજ થાય તે સ્વાભાવિક હતું. પણ તે પત્રની હું વ્યક્તિગત રીતે સરાહના કરું છું. તે પત્રની વિગતો ખરેખર સચોટ અને તે સમયની માંગ હતી. તે પત્રનું હું અહીં અક્ષરશ રજૂઆત કરતાં હર્ષની લાગણીનો અનુભવ કરું છું. સાચો સનાતની તેનું વાંચન કરશે તો તેને પણ ગમશે.

KKPY2008-10CP67
તા.૨૮.૦૨.૨૦૧૦
આદરણીય પ્રમુખશ્રી,
શ્રી અ.ભા.ક.ક.પાટીદાર સમાજ

આદર સહ જણાવવાનુ કે કેન્દ્રીય સમાજ દ્વારા સમાધાનની પ્રક્રિયાના જ સમયે અમદાવાદની અસલાલી પોલીસ દ્વારા રમેશભાઈ વાઘડીયાની ધરપકડ કચ્છ નખત્રાણા વિદ્યાર્થી બોર્ડિંગમાંથી કરવાની ઘટનાને આવા કૃત્યને શરમજનક ગણાવી કસમયની હિલચાલ બદલ યુવાસંઘ વખોડી કાઢે છે. આવી કોઈપણ ગતિવિધિ કોર્ટ કે પોલીસ દ્વારા થાય ત્યારે ફરિયાદીને જાણ હોય જ ત્યારે તેમાં લાગતાવળતાઓએ આવી પ્રક્રિયા રોકવી તે સમાજ દ્વારા ચાલતા સમાધાની પ્રયત્નોના સમયમાં સામેથી ફરજ બને છે. સમાજના ઇતિહાસની અતિ ખેદજનક કલંક રૂપ ઘટના માટે આવા તત્વો દ્વારા આવું હીન કાર્ય કરી તેમને જવાબદાર ગણે છે, અને આ કૃત્યથી સમાજની ગરિમા અને એકતા પર પ્રશ્ન ઉભા કરેલ છે.

હાજર થયેલા સતપંથના પ્રતિનીધીઓની ભૂમિકાને અમો શંકાની નજરે જોઈએ છીએ તેથી પ્રથમતો તેઓને સમાજના સભ્યપદેથી શા માટે દુર ના કરવા તેમજ ચાર જ દિવસમાં કેસો પાછા ખેંચી નિકાલ લાવી કાર્યવાહી કરવા તેઓની સામે પગલાં લેવા કારણ દર્શક નોટીસ જારી કરવી તેવી અપીલ યુવાસંઘ તરફથી કરવામાં આવે છે. સમાધાનની પ્રક્રિયાના જ સમયે ઘટના બની હોવા છતાં સમાધાન સમિતિના કેટલાક સભ્યો પ્રમુખશ્રીને એકલા મુકીને જવાબદાર વ્યક્તિઓએ સ્થળ પરથી જતા રહેવું તે કેટલા અંશે યોગ્ય ગણાય?

સમજ તરફથી કડકમાં કડક કાર્યવાહી થાય તેવું આપ સૌને ધ્યાન દોરીએ છીએ. સમાધાનની પ્રક્રિયા સમયની આવી હરકત કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાય જ નહિ. હવે કોઈ સમય વેડફવો તે સમાજ માટે અતી ગંભીર બાબત છે. આમપણ ખુબજ મોડું કરવામાં આવેલ છે. આ મુસદો આપની સમક્ષ હોઈ યુવાસંઘે ખુબજ ધીરજ પૂર્વક મર્યાદા જાળવી સમાજની એકતા જાળવવા પ્રયત્નો કર્યા છે. તા. ૩.૧૧.૨૦૦૯ ની સભા તેમજ અમારી સાથેની વખતો વખતની ચર્ચામાં સમાજ સ્પષ્ટ નીતિ અખત્યાર કરે તે માટે યુવાસંઘ તરફથી કહેવામાં આવે છે. તેમજ આપણા પૂર્વજો અને સમાજ રચનાના વડીલોના રાહ પર આપણે આગળ વધવું જોઈએ અને સમાજે તે નીતિને વળગી રહી ઉકેલ કરવાની ખાસ તાકીદ પણ કરેલ છે. તેમછતાં કેટલાકના દ્વારા યુવાસંઘની તાકીદ કે ભલામણને ગંભીર ગણવામાં આવેલ નથી.

આ બાબતે ગંભીર નોંધ લઈ યુવાસંઘના પોતાના ગઠન વખતના જ મૂળભૂત એજન્ડા પર કાર્ય કરવાની ફરજ અને જરૂરત ઉભી થઇ છે તેવું સ્પષ્ટ અમોને જણાઈ આવે છે. કેન્દ્રીય સમાજ આ મુદ્દાને તાત્કાલિક ઉકેલ માટે યોગ્ય પગલાં લેશે તે માટે યુવાસંઘે સમાજની પડખે રહેવાનો હમેશાં પ્રયત્ન કરેલ છે. સમાધાન માટે આવેલ પ્રતિનિધિઓ ઉપરોક્ત ઘટના બાદ જ્યાં સુધી આ બાબતે કોઈ ઠોસ કદમસતપંથ તરફથી ના લેવાય ત્યાં સુધી તેમની હાજરી હોવી જરૂરી બને છે.

પક્ષકારોના પ્રતિનિધિની હાજરીમાં જ આવું કૃત્ય થાય અને તેઓ બેખબર હોય તો તેમના વિભાગમાં તેમની કોઈજ કિંમત નથી એવું સાબિત થાય છે અથવા તો પછી તેઓ પણ સામેલ છે. તેથી આવા પ્રતિનિધિઓ સાથે બેસી સાચું બેલેન્સભર્યું સમાધાન કેટલું થશે અને કર્યા પછી કેટલું પાળશે તે પણ એક સવાલ છે? તેથી સમાજે હવે વધુ ઉદાર ના રહી એક પક્ષને હમેશાં થતો અન્યાય રોકી ગમેતે ભોગે નિત્કર્ષ પર આવવું જોઈએ તેવી ફરીથી આપ સૌને તાકીદ કરવામાં આવે છે. આપના તુરતના જવાબ અને કાર્યવાહીની અપેક્ષા સાથે.

જ્ઞાન, શીલ એકતા એજ યુવાસંઘની વિશેષતા.

લી. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ વતી

જયંતી કે. રામાણી	ગૌરાંગ ધાનાણી
(સેન્ટ્રલ પ્રેસિડેન્ટ)	(જનરલ સેક્રેટરી)

પત્રની નકલ

શ્રી અખિલ ભારતીય
કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

KKPY2008-10CP67

તા.૨૮-૦૨-૨૦૧૦

આદરણીય પ્રમુખશ્રી
શ્રી અ. ભા. ક. ક. પાટીદાર સમાજ

આદર સહ જણાવવાનું કે કેન્દ્રીય સમાજ દ્વારા સમાધાનની પ્રકીયાના જ સમયે અમદાવાદની અસલાલી પોલીસ દ્વારા રમેશભાઇ વાઘડીયાની ધરપકડ કચ્છ નખત્રાણા વિદ્યાર્થી બોર્ડીંગમાંથી કરવાની ઘટનાને આવા કૃત્યને શરમજનક ગણાવી કસ્યયની હિલચાલ બદલ યુવાસંઘ વખોડી કાઢે છે. આવા કોઇપણ ગતિવિધિ કોર્ટ કે પોલીસ દ્વારા થાય ત્યારે ફરીયાદીને જાણ હોય જ ત્યારે તેમાં લાગતા વળગતાઓએ આવી પ્રકીયા રોકવી તે સમાજ દ્વારા ચાલતા સમાધાની પ્રયત્નોના સમયમાં સામૂહીક ફરજ બને છે. સમાજના ઇતિહાસની અતિ ખેદજનક કલંકરૂપ આ ઘટના માટે આવા તત્વો દ્વારા સ્વાર્થ હિન કાર્ય કરી તેમને જવાબદાર ગણે છે અને આ કૃત્યથી સમાજની ગરીમા અને એકતા પર પ્રશ્નાર્થ ઉભો કરેલ છે.

હાજર થયેલા સતપંથના પ્રતિનિધિઓની ભૂમિકાને અમો શંકાની નજરે જોઇયે છીએ તેથી પ્રથમ તો તેઓને સમાજના સભ્ય પદેથી શા માટે દૂર ના કરવા તેમજ ચાર જ દિવસમાં કેશો પાછા ખેંચી નિકાલ લાવી કાર્યવાહી કરવા તેઓની સામે પગલાં લેવા કારણ દર્શક નોટીસ જારી કરવી તેવી અપીલ યુવાસંઘ તરફથી કરવામાં આવે છે. સમાધાનની પ્રકીયાના જ સમયે ઘટના બની હોવા છતાં સમાધાન સમિતિના કેટલાક સભ્યો પ્રમુખશ્રીને એકલા મૂકીને જવાબદાર વ્યક્તિઓએ સ્થળ પરથી જતા રહેવું તે કેટલા અંશે યોગ્ય ગણાય?

સમાજ તરફથી કડકમાં કડક કાર્યવાહી થાય તેવું આપ સૌને ધ્યાન દોરીયે છીએ. સમાધાનની પ્રકીયા સમયની આવી હરકત કોઇપણ સંજોગોમાં ચલાવી લેવાય જ નહિ હવે કોઇ સમાધાનની વાત માટે અતિ ગંભીર બાબત છે. આમ પણ ખૂબ જ મોડું કરવામાં આવેલ છે. આ મુદ્દો આપની સમક્ષ હંમેશ યુવાસંઘે ખૂબ જ ધીરજ પૂર્વક મર્યાદા જાળવી સમાજની એકતા જાળવવા પ્રયત્નો કર્યા છે. તા. ૨૮-૧૨-૨૦૦૯ની સભા તેમજ અમારી સાથેની વખતો વખતની ચર્ચામાં સમાજ સ્પષ્ટ નિતી અખત્યાર કરે તે માટે યુવાસંઘ તરફથી કહેવામાં આવેલ છે. તેમજ આપણા પૂર્વજો અને સમાજ રચનાના વડીલોના સ્થાપક આપણે આગળ વધવું જોઇયે અને સમાજે તે નિતીને વળગી રહી ઉકેલ કરવાની ખાસ તાકીદ પણ કરેલ છે. તેમ છતાં કેટલાકના દ્વારા યુવાસંઘની તાકીદ કે ભલામણને ગંભીર ગણવામાં આવેલ નથી.

આ બાબતે ગંભીર નોંધ લઇ યુવાસંઘના પોતાના ગઠન વખતના જ મૂળભૂત એજન્ડા પર કાર્ય કરવાની ફરજ અને જરૂરત ઊભી થઇ છે તેવું સ્પષ્ટ અમોને જણાઇ આવે છે. કેન્દ્રીય સમાજ આ મુદ્દાને તાત્કાલીક ઉકેલ માટે યોગ્ય પગલા લેશે તે માટે યુવાસંઘે સમાજને પડખે રહેવાનો હમેશાં પ્રયત્ન કરેલ છે. સમાધાન માટે આવેલ પ્રતિનિધિઓ ઉપરોક્ત ઘટના બાદ જ્યાં સુધી આ બાબતે કોઇ ઠોસ કદમ સતપંથ તરફથી ના લેવાય ત્યાં સુધી તેમની હાજરી હોવી જરૂરી બને છે.

પક્ષકારોના પ્રતિનિધીની હાજરીમાં જ આવું કૃત્ય થાય અને તેઓ બેખબર હોય તો તેમના વિભાગના તેમની કોઇજ કિંમત નથી તેવું સાબિત થાય છે અથવા તો પછી તેઓ પણ શામેલ છે. તેથી સમાધાન પ્રતિનિધિઓ સાથે બેસી સારું લેવલનું ભાર્યુ સમાધાન કેટલું થશે અને કર્યા પછી કેટલું પળાશે તે મહા એક સવાલ છે? તેથી સમાજે હવે વધુ ઉદાર ના રહી એક પક્ષને હમેશાં થતો અન્યાય રોકાય તે કોઇ નિષ્કર્ષ પર આવવું જોઇયે તેવી ફરીથી આપ સૌને તાકીદ કરવામાં આવે છે. આપના તુરતના જવાબ અને કાર્યવાહીની અપેક્ષા સાથે.

જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા

લી.

જયંતી કે. રામાણી	ગૌરાંગ કે. ધનાણી
સેન્ટ્રલ પ્રેસીડેન્ટ	જનરલ સેક્રેટરી

તા. ૧.૦૩.૨૦૧૦ ના અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (સંસ્કાર ધામ) તરફથી કેન્દ્રીય સમાજને લખવામાં આવેલ એક ભલામણ પત્રઃ

પ્રતિ,
માનનીય પ્રમુખશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
પાટીદાર વિદ્યાર્થી ભવન,
નખત્રાણા – કચ્છ

વિષયઃ જ્ઞાતિમાં ચાલતા ધાર્મિક વિવાદને હલ કરવા અંગે.
મહોદયશ્રી,
સાદર જણાવવાનું કે આગામી માસમાં કેન્દ્રીય સમાજ તેનો સુવર્ણજયંતી મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે ત્યારે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સૌ ભાઈ બહેનો આ ઐતિહાસિક મહોત્સવને એકતાથી અને સંગઠિત થઈને ઉજવે એવી સમાજની ભાવના છે. સમાજની એ ભાવનામાં અમે પણ સુર પુરાવીએ છીએ પણ એક હાથે તાળી ન પડે. બધા જ તેમાં સહકાર આપે તોજ તે સંભવ બને.

સતપંથીઓ દ્વારા સનાતની ભાઈઓ પર કરાયેલા કોર્ટ કેસો પાછા ખેંચી લેવા અને કેન્દ્રીય સમાજની ૧૯મી કલમમુજબ સામજિક ધોરણે સમાધાન કરવાની કેન્દ્રીય સમાજ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે અને આ બાબતને ધ્યાને લઈ કેન્દ્રીય સમાજ એક સમાધાન સમિતિની રચના પણ કરી અને આ દિશામાં પ્રયાશો પણ શુરુ કરી દીધા છે. અમે સમાધાનની પ્રક્રિયાને આવકારીએ છીએ.

તા. ૨૭.૦૨.૨૦૧૦ ના કેન્દ્રીય સમાજના કાર્યાલય નખત્રાણા ખાતે સમાધાન સમિતિની મીટીંગ ચાલી રહી હતી અને આ સમાધાન સમિતિને સતપંથ અને સનાતન બંને પક્ષના નિયુક્ત થયેલા સભ્યો સહકાર આપી રહ્યા હતા ત્યારે કેટલાક વિઘ્ન સંતોષીઓ દ્વારા વાતાવરણને ડહોળી નાખવાના જે હિનતાભર્યા પ્રયાશો થયા છે એ ખરેખર દુઃખદ છે.

જે વિઘ્નસંતોષીઓ સમાજની એકતા અને શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં સહકાર આપવાને બદલે રોડા અટકાવતા હોય તેમને સમાજના સભ્ય કહેવડાવવાનો અધિકાર નથી. તેમને સૌએ વખોડી કાઢવા જોઈએ અને સહકાર ન આપવો જોઈએ.

અમે માનીએ છીએ કે સમાજમાં ચાલતા ધાર્મિક વિવાદોના મૂળમાં કોર્ટ કેસો છે. અમારી કેન્દ્રીય સમાજને આગ્રહભરી વિનંતી છે કે બેંગલોરના રમેશભાઈ વાગડિયા અને તેમના વડીલો પર થયેલો કોર્ટ કેસ પાછો ખેંચાવો જોઈએ અને સાથે બેસીને સમાધાન થવું જોઈએ. એજ રીતે મોડાસાના ઉમિયા માતાજી મંદિરની મડાગાંઠ પણ ઉકેલાવી જોઈએ. તેમજ અન્ય કોઈ આવા નાના મોટા કોર્ટ કેસો હોય તે પણ પાછા ખેંચાવા જોઈએ. અને સમાજની ૧૯મી કલમમુજબ સમાધાન થવું જોઈએ અને ભવિષ્યમાં આવા કેસો ન થાય એ માટે ન્યાય સમિતિની સાથે રાખીને એક સમિતિનું ગઠન કરવું જોઈએ.

સમાજની સમાધાનની પ્રક્રિયાનો જે કોઈ વિરોધ કરતો હોય કે અડચણો ઉભી કરતા હોય તેની સાથે સમાજે કડક હાથે કામલેવું

જોઈએ. જો સમાજ હવે ઢીલી નીતિ રાખશે તો સમાજની એકતા જોખમાશે એટલે સમાજને સહકાર ન આપનાર તત્વોને ખુલ્લાં પાડવાં જોઈએ.અને તેમને કડકમાં કડક નસિયત થવી જોઈએ જેથી આવા અસામાજીક કૃત્ય કરનાર અન્ય લોકોને પણ બોધપાઠ મળે.

આ સંસ્થા કેન્દ્રીય સમાજના તમામકાર્યોમાં સંપૂર્ણપણે સાથ અને સહકાર આપશે તેની અમે અત્રેથી ખાતરી આપીએ છીએ. આશા રાખીએ કે સમાજ ઉપરોક્ત બાબતે ત્વરિત કાર્યવાહી કરી સમાજમાં ચાલતા આ ધાર્મિક વિવાદોને હાલ કરવા પ્રયાશો કરશે.

સહી
જેઠાલાલ લાલજી ચોપડા
પ્રમુખ, અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

પત્રની નકલ

ફોન : (૦૨૮૩૨) ૨૭૬૩૪૫

અખિલ ભારતીય લક્ષ્મી નારાયણ સનાતન સમાજ

કેન્દ્ર સ્થાન : શ્રી લક્ષ્મી નારાયણ મંદિર, શ્રી લક્ષ્મી નારાયણ સંસ્કાર ધામ.
મુ. પો. : દેશલપર, તા. ભુજ (કચ્છ) ૩૭૦ ૦૪૦.

તા - ૨.૦૩.૨૦૧૦.

પ્રતિ,
માનનીય પ્રમુખશ્રી
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન,
નખત્રાણા - કચ્છ.

વિષય :- જ્ઞાતિમાં ચાલતા ધાર્મિક વિવાદને હલ કરવા અંગે.

મહોદયશ્રી,

સાદર જણાવવાનું કે આગામી મે માસમાં કેન્દ્રીય સમાજ તેનો સુવર્ણજયંતી મહોત્સવ ઉજવવા જઈ રહ્યો છે. ત્યારે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સૌ ભાઈ-બહેનો આ ઐતિહાસિક મહોત્સવને એકતાથી અને સંગઠિત થઈને ઉજવે એવી સમાજની ભાવના છે. સમાજની એ ભાવનામાં અમે પણ સુર પૂરાવીએ છીએ પણ એક હાથે તાળી ન પડે. બધા જ તેમા સહકાર આપે તો જ તે સંભવ બને.

સતપંથીઓ દ્વારા સનાતની ભાઈઓ પર કરાયેલા કોર્ટ કેસ પાછા ખેંચી લેવા અને કેન્દ્રીય સમાજની ૧૯મી કલમ મુજબ સામાજિક ધોરણે સમાધાન કરવાની કેન્દ્રીય સમાજ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે અને આ બાબતને ધ્યાને લઈ કેન્દ્રીય સમાજ એક સમાધાન સમિતિની રચના પણ કરી અને આ દિશામાં પ્રયાસો પણ શરૂ કરી દીધા છે. અમે સમાધાનની પ્રક્રિયાને આવકારીએ છીએ.

તા. ૨૭-૨-૨૦૧૦ ના કેન્દ્રીય સમાજના કાર્યાલય નખત્રાણા ખાતે સમાધાન સમિતિની મીટિંગ ચાલી રહી હતી અને આ સમાધાન સમિતિને સતપંથ અને સનાતન બન્ને પક્ષના નિયુક્ત થયેલા સભ્યો સહકાર આપી રહ્યા હતા ત્યારે કેટલાક વિઘ્ન સંતોષીઓ દ્વારા વાતાવરણને દહોળી નાખવાના જે હિનતાભર્યા પ્રયાસો થયા છે એ ખરેખર દુઃખદ છે.

જે વિઘ્ન સંતોષીઓ સમાજની એકતા અને શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં સહકાર આપવાને બદલે રોડા અટકાવતા હોય તેમને સમાજના સભ્ય કહેવડાવવાનો અધિકાર નથી તેમને સૌએ વખોડી કાઢવા જોઈએ અને સહકાર ન આપવો જોઈએ.

અમે માનીએ છીએ કે સમાજમાં ચાલતાં ધાર્મિક વિવાદોના મૂળમાં કોર્ટ કેસો છે. અમારી કેન્દ્રીય સમાજને આગ્રહભરી વિનંતી છે કે બેંગલોરના રમેશ વાગડિયા અને તેમના વડીલો પર થયેલો કોર્ટ

ફોન : (૦૨૮૩૨) ૨૭૬૩૪૫

અખિલ ભારતીય લક્ષ્મી નારાયણ સનાતન સમાજ

કેન્દ્ર સ્થાન : શ્રી લક્ષ્મી નારાયણ મંદિર, શ્રી લક્ષ્મી નારાયણ સંસ્કાર ધામ,
મુ. પો. : દેશલપર, તા. ભુજ (કચ્છ) ૩૭૦ ૦૪૦.

કેસ પાછો ખેંચાવો જોઇએ અને સાથે બેસીને સમાધાન થવું જોઇએ. એ જ રીતે મોડાસાના ઉમિયા માતાજી મંદિરની મડાગાંઠ પણ ઉકેલાવી જોઇએ. તેમજ અન્ય કોઇ આવા નાના મોટા કોર્ટ કેસો હોય તે પણ પાછા ખેંચાવા જોઇએ અને સમાજની ૧૯મી કલમ મુજબ સમાધાન થવું જોઇએ અને ભવિષ્યમાં આવા કેસો ન થાય એ માટે ન્યાય સમિતિને સાથે રાખીને એક સમિતિનું ગઠન કરવું જોઇએ.

સમાજની આ સમાધાનની પ્રક્રિયાનો જે કોઇ વિરોધ કરતો હોય કે અડચણો ઉભી કરતાં હોય તેની સાથે સમાજે કડક હાથે કામ લેવું જોઇએ. જો સમાજ હવે ઢીલી નીતિ રાખશે તો સમાજની એકતા જોખમાશે એટલે સમાજને સહકાર ન આપનાર તત્વોને ખૂલ્લાં પાડવા જોઇએ અને તેમને કડકમાં કડક નસિયત થવી જોઇએ જેથી આવા અસામાજિક કૃત્ય કરનાર અન્ય લોકોને પણ બોધપાઠ મળે.

આ સંસ્થા કેન્દ્રીય સમાજના તમામ કાર્યોમાં સંપૂર્ણપણે સાથ અને સહકાર આપશે તેની અમે અત્રેથી ખાતરી આપીએ છીએ. આશા રાખીએ કે સમાજ ઉપરોક્ત બાબતે ત્વરીત કાર્યવાહી કરી સમાજમાં ચાલતા આ ધાર્મિક વિવાદોને હલ કરવા પ્રયાસો કરશે.

જે. એલ. ચોપડા

જેઠાભાઇ લાલજી ચોપડા
પ્રમુખ
અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

ઉપસંહાર:

ઉપરોક્ત પત્રને હું આવકારું છું પણ તે પત્રમાં એક બે વખત ‘‘સમાજની એકતા’’ શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દરેક સમાજોમાં તે સમયે આવું લખવાની એક રૂઢી (પ્રથા) પડી ગયી હતી. ત્યારે મારા મનમાં હમેશાં એક પ્રશ્ન ઉદ્ભવતો કે ‘‘આ લોકો કોની એકતાની વાતો કરે છે? કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓ વચ્ચેની એકતા, કે પછી સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચેની એકતા’’? આ સમાજની રચના વખતેના હેતુઓ જોઈશું તો આ સમાજમાં પીરાણા સતપંથનો સદાયને માટે ત્યાગ કરીને સનાતન હિંદુ ધર્મ અપનાવેલ વ્યક્તિને જ માત્ર સભ્ય બનાવી શકાય એવું સૂચિત હતું. તો પછી ઉપરોક્ત જણાવેલ શબ્દોનો વારંવાર પ્રયોગ થવોજ ન જોઈએ કારણ કે તે અર્થહીન છે. સનાતાનીઓ વચ્ચે એકતા તો કાયમહતીજ અને આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. સમસ્યા તો માત્ર ત્યારેજ ઉભી થાય છે કે જ્યારે આપણી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં વિધર્મીયોને (સતપંથના ભાઈઓને) પ્રવેશ આપવામાં આવે છે. કારણ કે તેમના આચાર વિચારો અલગ છે, તેમના રીતિરીવાજો અલગ છે અને તેમનો ધર્મ અલગ છે. માટે જ્યાં સુધી સમાજનો દરેક સભ્ય પીરાણા સતપથ થી મુકત થઈને શુધ્ધ સનાતની બનીને કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં ભળશે નહિ ત્યાં સુધી સમસ્યા તો કાયમરહેવાની જ છે. તો તેનો કાયમી ઉપાય શું? સમાજમાં મૂળ જડ તો પીરાણા સતપંથ ધર્મ અને તેને પાળતા લોકો જ છે. એને દુર કરવાજ રહ્યા. જ્યાં સુધી આ સમાજમાં પીરાણા સતપંથ મતનું નિકંદન નહિ કાઢીએ ત્યાં સુધી એકતા વાળી સમસ્યા મટવાની નથી જ. આદ્ય સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણી વારંવાર કહેતા કે **‘‘જ્યાં સુધી મારી જ્ઞાતિમાંથી પાખંડી પીરાણા સતપંથ મતનું નિકંદન નહીં નીકળે ત્યાં સુધી હું જંપીને બેસીશ નહીં. એમ કરતાં મારા આ જનમારામાં ન થયું તો ફરી પાછો આ જ્ઞાતિમાં પુનર્જન્મ લઈને આ પાખંડી પીરાણા સતપંથનું નિકંદન જરૂર કાઢી નાખીશ’’** આવી ભીષ્મપ્રતિજ્ઞા લીધી હતી આપણા આદ્ય સુધારક નારાયણજી રામજી લીબાણીએ. પણ અફસોસ છે કે આપણે અત્યારે આવું કંઈજ કરી શકતા નથી. જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવી શકતા નથી તે આપણી મોટામાં મોટી નબળાઈ છે.

તા.૨.૦૩.૨૦૧૦ ના સમાજના માજી ટ્રસ્ટી શ્રી લક્ષ્મણભાઈ નાનજી ચૌહાણ દિલ્હી વાળા તરફથી કેન્દ્રીય સમાજને ભલામણ કરતો એક પત્ર

MANSAROVER GARDEN "B" BLOCK RESIDENTS WELFARE ASSOCIATION 'REGD.'
B-122, Mansarover Garden, New Delhi-110 015

LAXMAN BHAI PATEL
President
Tel.: (O): 41420375 (R): 41420372
Cell : 9810301433

FAX:- 02835 = 221049

Dr. S.C.A. VOHRA
General Secretary
Tel.: 41002436
Cell: 9811657444

તા: ૨/૩/૨૦૧૦

સેવા માં,

પ્રમુખશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ:: નખત્રાણા.

વિષય:- વિદ્યાર્થી ભવન માં અમુક અસમાજીક પિરાણાં પંથી ભાઈયો દ્વારા પુલિસો ને બોલાવી કરાવેલ રમેશ ભાઈ વાઘડીયા ની ધરપકડ ના વિરુધ માં,

શ્રીમાનજી:-
ઘણી ઉંડા સાથે દુખ સાથે લખવાનું કે અમોને કચ્છ ત્થા અખિલ ભારત થી આવેલ ફોનો દ્વારા જાણકારી મળી કે આપણાં "વિદ્યાર્થી ભવન" માં તા: ૨૭/૨/૨૦૧૦ ના રોજ રાખેલ સમાધાન સમિતી ની મિટીંગ પછી અમુક અસમાજીક "પિરાણા પંથી" ભાઈયો દ્વારા ટોળી ની ઘડીયો ને ધ્યાન માં રાખી ઇરાદા પુર્વક "રમેશ ભાઇ વાઘડીયા" ની ધરપકડ કરવાનુ જે "કાવતરું" રચ્યું એ સહી અર્થ માં "પાપી પગલું" છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ની ઉંડા આ શ્રીસ "અપવિત્ર" પ્રપંચથી કોર્ટ ની નોટિસ કઢાવી પુલીસોને બોલાવી આપણાં વિદ્યાર્થી ભવન ને કર્યું છે. આ કાવતરાંને સખત થી સખત શબ્દો માં હું વખોડુ છુ. કારણ કે આવા નીચ કાવતરાં, ન ...વખોડવા મને શબ્દો નથી મળતા કારણે કે ભગવાને એવી નીચ શબ્દો ની રચના કરી હતી, એક બાજુ આપણાં સમજોતા ની મિટીંગો કરતા હોઇયે અને બીજી બાજુ આવાં સમાજ વિરૂધી કાવતરાં જો જે પિરાણા પંથી ભાઈયો દ્વારા કાર્યવાહી કરવા માં આવી જે શરમ દાયક છે.

હું અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના કાર્યવાહક સમિતી ના નાતે શ્રી સમાજ પાસે પ્રાર્થના કરૂ છુ કે આ બાબત સખત થી સખત કાર્યવાહી કરવા માં આવે, હમણાં પ્રથમ પગલાં માં એમને સખત શબ્દો માં જણાવી દેવું જોઇયે કે પહેલાં જેટલા પણ ખોટા કેસો કર્યા છે એ બધાય પાછા લેવા માં આવે અગર એમ આ લોકો કરવા તૈયાર ન હોય તો આ પિરાણાં પંથીઓ સાથે સમજોતા ની કોઇ પણ વાતો ન કરવા તૈયાર ન હોય તો આ પિરાણાં પંથીઓ સાથે સમજોતા ની કોઇ પણ વાતો ન કરવા આવે અને આપણાં સકળ અધિકારો બાદ આપસો વિચારણા બાદ લાંબા ગાળાની સખત થી સખત કાર્યવાહી કરવાની યોજના બનાવવા માં આવે.

પિરાણા પંથીઓ દ્વારા કરવામાં આવેલ પાપ નો જવાબ: ઇંટ કા બદલા પત્થર થી દેવ થો દેવામાં આવે. "સરદાર પટેલ" બનો.

"ધન્યવાદ"

લી.—
આપનો આભારી
પટેલ લક્ષ્મણ નાનજી ચૌહાણ ના
જાણ્યા માન થી દરો ડું:- 9810301433

—: જો હમસે ટકરાયગા — ચુર ચુર હો જાયગા :—

MANSAROVER GARDEN "B" BLOCK RESIDENTS WELFARE ASSOCIATION 'REGD.'

B-122, Mansarover Garden, New Delhi-110 015

LAXMAN BHAI PATEL
President
Tel.: (O): 41420375 (R): 41420372
Cell : 9810301433

FAX:- 02835 = 221049

Dr. S.C.A. VOHRA
General Secretary
Tel.: 41002436
Cell: 9811657444

તા: ૨/૩/૨૦૧૦

સેવા માં,

પ્રમુખશ્રી,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ:- નખત્રાણા.

વિષય:- વિદ્યાર્થી ભવન માં અમુક અસમાજીક પિરાણાં પંથી ભાઈયો દ્વારા પુલિસો ને બોલાવી કરાવેલ રમેશ ભાઈ વાઘડીયા ની ધરપકડ ના વિરુધ માં,

શ્રીમાનજી:-

હરિ ૐ સાથે દુખ સાથે લખવાનું કે અમોને કચ્છ તથા અખિલ ભારત થી આવેલ ફોનો દ્વારા જાણકારી મળી કે આપણાં "વિદ્યાર્થી ભવન" માં તા: ૨૭/૨/૨૦૧૦ ના રોજ રાખેલ સમાધ સમિતી ની મિટીંગ પછી અમુક ~~સમાજ~~ અસમાજીક "પિરાણા પંથી" ભાઈયો દ્વારા ટોળી ની છૂટી જે ધ્યાન માં રાખી ઇરાદા પુર્વક "રમેશ ભાઈ વાઘડીયા" ની ધરપકડ કરવાનું જે "કાવતરૂ" રચ્યું સહી અર્થ માં "પાપી પગલું" છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ની ટુંક અ... "વિદ્યાર્થી ભવન" ને અપ્રુવ ~~પ્રાંગણ~~ પ્રપંચથી કોર્ટ ની નોટિસ કઢાવી પુલીસોને બોલાવી આપણાં વિદ્યાર્થી ભવન ને અપવિત્ર કર્યું છે. આ કાવતરાંને સખત થી સખત શબ્દો માં હું વખોડુ છુ. કારણ કે આવા નીચ કાવતરાં, ન રચના કરી હતી, એક બાજુ આ વખોડવા મને શબ્દો નથી મળતા કારણે કે ભગવાન એની નીચ શબ્દો ની રચના કરી હતી, એક બાજુ આ સમજોતા ની મિટીંગો કરતા હોઈયે અને બીજી બાજુ આવાં સમાજ વિરૂધી કાવતરાં જો જે પિરાણા પંથી ભાઈયો દ્વારા કાર્યવાહી કરતા માં આવી જ એમ દાયક છે.

હું અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ની કાર્યવાહક સમિતિ ના ખાસ શ્રી સ... કાર્યવાહી કરવા માં આવે, હમણાં પ્રથમ પાસ પ્રાર્થના કરૂ છુ કે આ બાબત સખત થી સખત કાર્યવાહી કરવા માં આવે. હમણાં પ્રથમ જણાવી દેવું જોઈયે કે પહેલાં જેટલા પણ ખોટા કેસો કર્યા માં એમને સખત શબ્દો માં જણાવી દેવું જોઈયે કે પહેલાં જેટલા પણ ખોટા કેસો કર્યા એ બધાય પાછા લેવા માં આવે અગર એમ આ લોકો કરવા તૈયાર ન હોય તો તો આ પિરાણા પંથીઓ સાથે સમજોતા ની કોઈ પણ વાતો ન કરવા તૈયાર ન હોય તો આ પિરાણા પંથીઓ સાથે સમજોતા ની કોઈ પણ વાતો ન કરવા આવે અને આપણાં સંપૂર્ણ અખિલ ... પંથીઓ સાથે સમજોતા ની કોઈ પણ વાતો ન કરવા આવે અને આપણાં સંપૂર્ણ સખત થી સખત કાર્યવાહી કરવાની યોજ બાદ આપસો વિચારણાં બાદ લાંબા ગાળાની સખત થી સખત કાર્યવાહી કરવાની યોજ બનાવવા માં આવે.

પિરાણા પંથીઓ દ્વારા કરવામાં આવેલ પાપ નો જવાબ; ઇંટ નો જવાબ પથ્થર થી દેવ થો દેવામાં આવે, "સરદાર પટેલ" બનો.

"ધન્યવાદ"

લી. —
આપનો આભારી

પટેલ લક્ષ્મણ ભાનજી ચોરાણા ના
ગાભુજ ગામ થી હરો ૩ - 9810301...

—: જો હમસે ટકરાયેગા — ચુર ચુર હો જાયેગા :—

તા. ૨૭.૦૨.૨૦૧૦ થી ૪.૦૩.૨૦૧૦ સુધી દેવાશિષ હોસ્પિટલમાં પોલીસની દેખ રેખ હેઠળ:

તા.૨૭.૦૨.૨૦૧૦ ની રાત્રે મને દેવાશિષ હોસ્પીટલમાં દાખલ કર્યા પછી મારા બધા મેડીકલ રિપોર્ટો લેવામાં આવ્યા. તે રિપોર્ટો પોલીસને સોંપવામાં આવ્યા. મારા રૂમની બાજુમાં કાયમએક પોલીસનો પહેરો રાખવામાં આવ્યો હતો. બીજા દિવસે તા.૨૮.૦૨.૨૦૧૦ ના સવારના પહોરમાં પ્રમુખ શ્રી રામજી કરમશી, પૂજ્ય ભારતી દીદી અને વડીલ શિવદાસ ગોવિંદ છાભૈયા મને મળવા માટે દેવાશિષ હોસ્પીટલે આવ્યા હતા. ત્યારે મેં શિવદાસ ગોવિંદને અનુલક્ષીને પ્રમુખશ્રીને કહ્યું કે ગઈ કાલે આપણી કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં જે બન્યું તે આપણી સમાજના ઇતિહાસમાં ક્યારેય નહિ બન્યું હોય એવું હીન કૃત્ય બન્યું છે બાપા. શિવદાસ બાપા તો સમાજના વરિષ્ઠ ટ્રસ્ટી થઈને જ્યારે પોલીસ મારી ધરપકડ કરવા આવી ત્યારે તમોને એકલા નોંધારા મુકીને સમાધાન સમિતિના સૌ સદસ્યો ભાગી ગયા તેમાં આ ટ્રસ્ટી મહોદય પણ પલાયન થઇ ગયા હતા. આ સારું ન કહેવાય એવું મેં ક્રોધિત થઈને પ્રમુખશ્રીને કહ્યું. ત્યારે શીવદાસ ગોવિંદે મને કહ્યું કે રમેશભાઈ, સમાજના કામકરવાં હશે તો આ તમારા માથા રૂપી જનરેટર છે તેને ટાઢું રાખવું પડશે. મગજને ટાઢું ન રાખી શકો તો સમાજનાં કામો કરવાનું છોડી દેજો. શિવદાસ બાપાની આ સલાહ મેં આજ દિવસ સુધી મારા મગજમાં રાખી છે. પણ શિવદાસ બાપા અને તેના જેવા અન્ય ભાઈઓ સમાજના વિરુધ્ધમાં જઈને કામકરે છે તેનું શું? અહી મારો નિર્દેશ છે માંડવી હોસ્ટેલની જમીન પચાવી પાડવામાં આ ડોહાનો પણ ક્યાંક હાથ હતો તે પુરવાર થયેલી વાત છે. તે માંન્ડાવી હોસ્ટેલ મિલકત ઉપાચત કરી જનારને આપણે કશું જ કરી શકતા નથી. તો આપણી ખુમારી કયા ગઈ છે? સમાજની ગુનેહગાર ભાઈને એટલી બધી ધાક હોવી જોઈએ કે તે આવા અપકૃત્યો કરતાં બે વખત વિચાર કરે.

મારું દેવાશિષ હોસ્પીટલમાં હતો ત્યારે અનેક સનાતની ભાઈઓને મળવાનું થતું હતું ત્યાર પછી હું જેટલા દિવસ દેવાશિષ હોસ્પીટલમાં હતો ત્યારે દરરોજ કોઈને કોઈ સનાતની ભાઈઓ/જ્ઞાતિના લોકો મને મળવા આવતા હતા. ક્યારેક સતપંથના કોઈક ભાઈઓ પણ ચોરી છુપીથી મારા ખબર અંતર પુછવા કે પછી એ જાણવા આવતા કે હું શું કરી રહ્યો છું? દરરોજ સાંજ પછીના સમયમાં વાળુ કરી લીધા પછી ડો. રામજી કેસરાણી, ડો. શાંતિલાલ સેંઘાણી, સરપંચ ડાહ્યાલાલ સેંઘાણી, અમૃતભાઈ ધોળુ, જયંતભાઈ જવાહર લીંબાણી વગેરે ભાઈઓ મને મળવા અને મારા ખબર અંતર પુછવા અચૂક આવતા. ક્યારેક પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજા સાહેબ પણ તે સમયે આવીને મારી સાથે વાર્તાલાપ કરતા. આવું તા. ૪.૦૩.૨૦૧૦ સુધી ચાલ્યું. તા. ૪.૦૩.૨૦૧૦ ની સાંજના સમયે હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈ સિંધલ મારી પાસે હોસ્પીટલે આવ્યા, મને હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ કરાવીને અમદાવાદ કોર્ટમાં હાજર કરવા માટે કાર દ્વારા અમદાવાદ લઈ ગયા હતા.

તા. ૫.૦૩.૨૦૧૦ ના અમદાવાદ કોર્ટમાં રમેશભાઈ વાગડિયાને પોલીસે હાજર કર્યા અને સાંજે ૬.૦૦ વાગે જામીન મળ્યા નવ દિવસ પોલીસની નિગરાની હેઠળ દેવાશિષ હોસ્પિટલ, નખત્રાણા ખાતે ગાળ્યા પછી તા. ૪.૦૩.૨૦૧૦ ના સાંજના નખત્રાણા પોલીસે મને તેમની કસ્ટડીમાં લીધા પછી તરતજ કાર દ્વારા અમદાવાદ મને કોર્ટમાં હાજર કરવા માટે રાતો રાત લઈ ગયા. બીજી કાર પણ સાથે હતી. નખત્રાણાના પોલીસ હવાલદાર શ્રી અરવિંદભાઈ સિંધલ મને અમદાવાદ લઈ જવામાં સાથે હતા. સનાતની ભાઈ શ્રી હિંમત ભાઈ, પ્રેમજીભાઈ કેશરાણી, ડાહ્યાભાઈ સેંઘાણી, પુરષોત્તમભાઈ સેંઘાણી, જયંતભાઈ લીબાણી   વગેરે ભાઈઓ પણ અમદાવાદ જવામાં મારી સાથે હતા. આખી રાત મુસાફરી કરી ને વહેલી સવારના અમે અમદાવાદ પહોંચ્યા હતા. પોલીસ હવાલદાર અરવિંદભાઈને વિનંતી કરી કે અમે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભાઈ શ્રી રણછોડ ભાઈ પટેલના ઘરે ઉતરશું ત્યાં તમે પણ રમેશભાઈ વાગડીયાને લઈને ચાલો. સવારના રણછોડભાઈના ઘરે નાહી ધોઈને, નાસ્તો પાણી કરીને કોર્ટ જવા નીકળશું. અને ત્યાં તમારી ફરજ પ્રમાણે રમેશભાઈને કોર્ટમાં હાજર કરજો. પોલીસ હવાલદાર અમારી વાત માની ગયા અને અમે તે પ્રમાણે રણછોડભાઈ પટેલ ને ઘરે ઉતર્યા. ત્યાં હિંમતભાઈના ભત્રીજા ગીરીશભાઈ ખેતાણી પણ

હાજર હતા. ગીરીશ ભાઈએ તેની દીકરી રણછોડભાઈના પુત્ર વેરે પરણાવી હતી. એટલે ગીરીશભાઈ પણ તેના વેવાઈને ત્યાં અમે પહોંચ્યા પહેલાં હાજર હતા. સૌના મનમાં એક ચિંતા અને એક પ્રશ્ન ગોળાયા કરતો હતો કે મને (રમેશભાઈ વાગડીયાને) જામીન મળશે કે નહી. તે કોર્ટના ન્યાયાધીશ સોલંકી સાહેબ હતા. ભારત ભર ની સમાજોમાં એ સમાચાર ફેલાઈ ગયા હતા કે આજે રમેશભાઈ વાગડિયાને અમદાવાદ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા છે અને તેમને જામીન મળશે કે પોલીસ કસ્ટડીમાં રાખશે? સવારના નવ વાગે મને કોર્ટમાં હાજર કરેલો તે સાંજે ૬.૦૦ વાગે જામીન મળ્યા. તે દરમ્યાન ઘણા બધા લોકોએ જામીન મળે તે માટે જ્યાં બને ત્યાં ઓળખાણો કાઢીને પ્રયત્ન કરવામાં બાકી નોહતું રાખ્યું. રાજકોટ વાળાં માતાજી સ્વામીની ધન્યાનંદજી ના ભાઈ પણ તે કોર્ટના એક ન્યાયાધીશ પદ ઉપર હતા. માતાજીએ પણ મને ફોન કરી ને કહ્યું કે મેં મારા ભાઈને પણ જણાવી દીધું છે અને તેઓ પણ ન્યાયાધીશ સોલંકી સાહેબને સિફારિશ કરશે. હવે તેમને સિફારિશ કરી હશે કે નહિ તેની મને અત્યારે ખબર નથી. અમદાવાદમાં વસતા અમારા વાગડિયા પરિવારના ભાઈઓ પણ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. મારા મામાઈ બનેવી શંકરભાઈ કેશરાણી પણ ગાંધીનગરથી ત્યાં હાજર રહ્યા હતા. સુરત વાળા દામોદરભાઈ ભાવાણી અને મુંબઈથી તેમના બનેવી શ્રી પુરષોત્તમભાઈ નાનજી સેંઘાણી પણ મારી સાથે કોર્ટમાં હાજર હતા.

તા. ૫.૦૩.૨૦૧૦ ના રાત્રે ઊંઝા ઉમિયા માતાજીના દર્શને ગયા અને મણીભાઈ મમ્મી જોડે તેમના ઘરે આ ઘટના બાબતે વાર્તાલાપ કર્યો

મેં મનો મન ઉમિયા માતાજીને પ્રાર્થના કરી હતી કે જો જામીન મળશે એટલે સૌ પ્રથમહું ઊંઝા તમારા દર્શને આવીશ. તે પ્રમાણે સાંજે ૬.૦૦ વાગે જામીન મળ્યા અને હું, હિંમતભાઈ, મારા બનેવી રવજીભાઈ પ્રેમજી રવાણી ઉંઝા જવા માટે રવાના થઈ ગયા. અમારી સાથે મુંબઈ વાળા પુરષોતમભાઈ, કોટડા વાળા જયંતભાઈ જવાહર લીબાણી અને પ્રેમજીભાઈ કેશરાણી પણ ઊંઝા અમારી સાથે ચાલ્યા હતા.

માતાજીના દર્શન કર્યા પછી અમે બધાએ લોકો મણીભાઈ (મમ્મી) ના ઘરે ગયા હતા. ત્યાં ઊંઝા વાળા આપણા કચ્છ કડવા પાટીદારના દયાપર વાળા સત્સંગી ભાઈ શ્રી ઘનશ્યામભાઈ પટેલ પણ હાજર હતા. મણીભાઈ જોડે બે કલાક ચર્ચા ચાલી. તે વખતે માણીભાઈ મમ્મીએ જણાવ્યું કે "તમારા લોકો અત્યારે સાધન સંપન થયા છે, પૈસાદાર થયા છે, ભણેલા ગણેલા છે, દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવતી થઈ છે પણ સતપંથ–સનાતનમાં એટલા બધા તમે લોકો અટવાયેલા છો કે તમારી જોઈએ તેટલી સામાજિક પ્રગતિ થતી નથી. તમારામાં કોણ સતપંથ વાળુ છે અને કોણ સનાતન વાળુ છે તે જ અમોને ખબર પડતી નથી. [redacted]. આવા તો અનેક લોકો છે જેના થકી તમારી સતપંથ સામેની લડત ઢીલી પડી જાય છે. એટલે જ જ્યારે રમેશભાઈ અને હિંમતભાઈ આ પહેલાં મને મળવા આવ્યા હતા ત્યારે મેં તેઓને કહ્યું હતું કે તમે સભાઓ કરો છો તે બરાબર છે પણ તેની ખરી અસર લોકો ઉપર ત્યારે જ પડશે જ્યારે તમે આ ત્રણ વાતોનો ખ્યાલ કરશો ત્યારે.

- ૧) પહેલી વાત એ કે સતપંથના ભાઈઓ જોડે સામાજિક સંબંધો બંધ કરો.
- ૨) બીજું એ કે તમારી દીકરીઓ લેવા-દેવાનું બંધ કરો (સતપંથ વાળા ભાઈઓ જોડે સગપણ સાંતરા બંધ કરો – લગ્ન સંબંધો ન બાંધો). અને
- ૩) ત્રીજું સહિયારી મિલકતો ના વસાવો (સતપંથના ભાઈઓ સાથે ધંધાકીય વ્યવહારો ન રાખો)

આટલું નહિ કરો ત્યાં સૂધી કશુંએ થવાનું નથી. તમે સતપંથ સામે લડાઈ જીતી શકવાના નથી. આ વડીલની વાત ૧૦૦% સાચી છે. આ અત્યારે આટલું કરવું અત્યંત જરૂરી છે.

સતપંથના ભાઈઓ સાથે સગપણ સાંતરાં અને સામાજિક સબંધો ન રાખવા બાબતે જુના ઠરાવો

સગપણ સાંતરા બાબતની મને એક જૂની વાત યાદ આવે છે અમારા ખોંભડી ગામમાં ૨૩ ગામના લોકો લક્ષ્મીનારાયણ ભગવાનના ચોકમાં ભેગા થયા હતા ત્યારે મારી ઉમર લગભગ ૭ વરસની હશે. તે વખતે અમારા ગામના વડીલ શ્રી કાનજીભાઈ ભીમજી ભગતના અધ્યક્ષ સ્થાને એક સભા બોલાવવામાં આવી હતી. તેમાં આથમણા પાંચાડાના, ઢ્રંગ પટના ગામડા સહિતના ૨૩ ગામોના અગ્રણી ભાઈઓ ભેગા થયા હતા. ત્યારે એ ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો કે સતપંથના પરિવારો જોડે રોટી-બેટી નો વ્યવહાર રાખવો નહી. અને તે પ્રમાણે તે પેઢીના લોકો તે ઠરાવનું પાલન પણ ચુસ્તપણે કરતા હતા. પણ તેના પછીની જે પેઢી આવી તે તેવા ઠરાવોને ઘોળીને પી ગઈ અને કચ્છ અને કચ્છ બહારની સમાજોમાં લોલમલોલ ચાલતું રહ્યું. પોતે શુધ્ધ સનાતની હોવા છતાં જ્યારે તેમના સંબંધો એક વખત સતપંથના પરિવાર સાથે જોડાઈ ગયા એટલે તે સનાતની દીકરા-દીકરીના બાપને સતપંથી વેવાઈ જાણી જોઈને સતપંથના કાર્યક્રમોમાં આમંત્રણ આપતા થઇ જાય છે. દીકરીના બાપને અથવા તો સનાતની વેવાઈ લાચાર બનીને પોતાના સનાતની સિધ્ધાંતોને તોડીને પણ વેવાઈના આમંત્રણને માન આપીને મન ન હોવા છતાં (કમને) સતપંથના કાર્યક્રમોમાં પણ જવું પડતું હોય છે. આ બધી મજબુરીઓએ સનાતન ધર્મ પાળતા લોકોને બહુજ નુકશાન પહોંચાડ્યું હતું. કેન્દ્રીય સમાજને પણ તેના મૂળભૂત ઉદ્દેશોને નેવે મુકવા પડ્યા હતા. સતપંથ સામે સનાતની લડતની ઐસી કી તૈસી કરી નાખી હતી. દરેક ગામડાની સમાજો, કચ્છ બહાર પરદેશની સમાજોમાં અને કેન્દ્રીય સમાજમાં સનાતની સિધ્ધાંતોની ધજ્જિયાઁ ઉડી ગઈ હતી અને તેને લઈને સનાતની સમાજોને બહુજ મોટું નુકશાન થયું હતું. તેના પરિણામસ્વરૂપે કેન્દ્રીય સમાજને પણ બહુજ મોટું નુકશાન થયું હતું. આનો એક માત્ર ઉપાય એ જ હતો કે પીરાણા સતપંથના ભાઈઓને ધાર્મિક અને સામાજિક રીતે અળગા રાખવાનો. તે આપણે સનાતનીઓ રાખી ન શક્યા એટલે આજે પીડાઈએ છીએ.

કચ્છ બહારની અમુક સમાજોમાં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપના થતાં થતાં રહી ગઈ છે

કચ્છના ગામડાઓમાં તો આજથી ૭૦-૭૫ વરસ પહેલાંના સુધારક વડીલો દ્વારા અથાગ મહેનતના પ્રતાપે સનાતન સમાજોની સ્થાપનાઓની સાથે સાથે ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરોના પણ નિર્માણ થયા. પણ કચ્છ બહારની સમાજોમાં સમાજવાડીઓ ના આલીશાન ભાવનો નિર્માણ થયા પણ આપણા કુળદેવી જગદ જનની મા ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના શ્રદ્ધાના કેન્દ્રો ઉભા કરી શકવામાં આપણા બીજી પેઢીના વડીલો સદંતર નિષ્ફળ નીવડ્યા. આનું મોટામાં મોટું કારણ મારા મત પ્રમાણે એ હતું કે આવી કચ્છ બહારની સંસ્થાઓમાં (સમાજોમાં) જેને આપણા સુધારક વડીલોએ જેમનો સદન્તરે ત્યાગ કર્યો હતો એવા સતપંથમાં આસ્થા ધરાવતા સતપંથી ભાઈઓને સમાજમાં સાથે રાખ્યા તેમાં સનાતની ભાઈઓને ઘણું ભધું સહન કરવું પડ્યું અને ભોગવવું પડ્યું. પોતાના સનાતની સિદ્ધાંતોને નેવે મુકવા પડ્યા. બીજી બાજુ પીરાણા સતપંથના ભાઈઓને તેમાં તેઓને ઘણો મોટો ફાયદો થયો. ફાયદો એ થયો કે આપણી (સનાતની લોકોની) આડસમાં અન્ય હિંદુ જ્ઞાતિઓમાં (સતપંથીઓ) આપણી સાથે રહેતા હોવાથી તેઓ હિંદુ તરીકે ઓળખાવા લાગ્યા. પણ તેનું સનાતની ભાઈઓને અને સનાતની સમાજોને પારાવાર નુકશાન થયું. ભરપાઈ ન કરી શકાય એટલું મોટું નુકસાન થયું. સત્પનથી ભાઈઓને સનાતની સમાજોમાં ભેગા રાખ્યાથી તેમના પ્રત્યક્ષ અથવા પરોક્ષ વિરોધને લીધે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી મા ઉમીયાના મંદિરોનું કચ્છ બહારની સમાજોમાં નિર્માણ ન કરી શક્યા. તેનું દરેક સનાતની ને પારાવાર દુઃખ થવું જોઈએ.

કચ્છ બહારની પરદેશની સમાજોમાં ફક્ત ચારથી પાંચ સમાજોમાં શ્રદ્ધાના કેન્દ્ર સમાન મંદિરોનું નિર્માણ થયું. શ્રદ્ધાના કેન્દ્રો ન બનવાના કારણોનો દરેક સનાતનીએ ચિંતન-મનન કરવું જોઈએ.

ભારતભરની સમાજોમાં અમારી સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ ભ્રમણ કરીને સમાજ જાગૃતિ સભાઓ કરી તેમાં ફક્ત ચારથી પાંચ સમાજોએ પોતાની સમાજવાડીમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમિયા માતાજી ના મંદિરો નિર્માણ કરી શક્યા હતા. અને તે અમોએ નજરે નિહાળ્યાં. તે સમાજો એટલે એક જબલપુર સમાજ, બીજી પુના સમાજ ત્રીજી બેંગલોર-લાલબાગ સમાજ, ચોથી મારી બેંગલોરની મૈસુર રોડ સમાજ અને દિલ્હીની સમાજ. ધન્ય છે આવા મંદિરોના નિર્માણ કરવાવાળા દુરદ્રષ્ટા વડીલોને કે જેમને આવા મંદિરોના નિર્માણ કરી તે સમાજોને શ્રધ્ધાના કેન્દ્રો અર્પણ કર્યા. જ્યારે તમે શ્રદ્ધાના કેન્દ્રો ઉભા ન કરી શકો તો ભાવી પેઢીને તમે શું ધાર્મિક વિચારો આપી શકો અને શેની પરંપરા સર્જી શકો??? તે એક મોટામાં મોટો પ્રશ્ન છે. કચ્છ બહારની સમાજો છોડો પણ એવા કયા કારણોને લઈને કેન્દ્રીય સમાજ પણ પોતાના (વિદ્યાર્થી ભવનના) પ્રાંગણમાં એવા શ્રધ્ધાના કેન્દ્રો રૂપી મંદિર નિર્માણ ન કરી શક્યા? નિર્માણ ન કરી શકવાનું મને પારાવાર દુઃખ છે અને તમોને પણ જો તમે સાચા સનાતની હોવ તો તેનું દુઃખ સહેજે થવું જોઈએ.

હુબલી કર્ણાટક પાટીદાર સનાતન સમાજનો દાખલો

હુબલી (કર્ણાટક) પાટીદાર સમાજનો એક દાખલો આપું તો તમોને સમજાઈ જશે કે સમાજમાં સતપંથના ભાઈઓને સાથે રાખવાથી તે સમાજને ધાર્મિક દ્દષ્ટિએ કેટલી મોટી કીમત ચૂકવવી પડતી હોય છે. આજથી લગભગ પાંત્રીસેક વરસ પહેલાં હું અને મારો પરિવાર હુબલી ગામમાં રહેતો હતો. ત્યારે હુબલી પાટીદાર સમાજે એક નિર્ણય લીધો હતો કે સમાજના પ્રાંગણમાં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમિયા માતાજીનું મંદિર થવું જોઈએ. તેને અનુલક્ષીને ખાધ મુહર્તની તારીખ પણ નક્કી થઈ અને તેનો ચડાવો પણ લેવામાં આવ્યો. તે વખતે તે ચડાવો રૂ.૩૫ હજારમાં વડીલ શ્રી વિશ્રામભાઈ રામજી દીવાણી પરિવારે લીધો હતો અને ખાધ મુહર્ત પણ નક્કી કરેલા દિવસે થયું. પણ અફ્શોશ એ વાત નો છે કે અમુક સતપંથના ભાઈઓની આડોડાઈ ને લીધે આજ દિવસ સુધી તે મંદિરનું નિર્માણ થવાનું શક્ય બની શક્યું નથી. ચડાવો લેનાર વડીલ શ્રી વિશ્રામભાઈ રામજી દીવાણી અને તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી શંકરલાલ વિશ્રામદીવાણી પણ સ્વર્ગે સિધાવી ગયા પણ આજ દિવસ સુધી મંદિરનું નિર્માણ ન થયું તેને શું સમજવું? સાંભળવા મળ્યું છે કે આ લખાણ હું લખી રહ્યો છું તેની આજે તારીખ છે ૨૨.૦૫.૨૦૨૦ ત્યારે તે સતપંથી ભાઈઓએ તે હુબલી સમાજ ઉપર તદ્દન ખોટો, માત્ર અને માત્ર હોદ્દેદારોને હેરાન પરેશાન કરવા હેતુથી કોર્ટ કેશ કરેલ છે. સમાજમાં આપણી સાથે રહીને આ સતપંથ ના ભાઈઓ સમાજને અને સમાજના સનાતન ધર્મને કોઈ દિવસ વફાદાર રહ્યા નથી અને રહેશે પણ નહિ એવું મારું માનવું છે. તેથી આવા લોકોને આપણી સનાતન સમાજોમાં પ્રવેશ નિષેધ ફરમાવવો જોઈએ કારણકે તેઓ સતપંથ અને તેના પ્રણેતા બાવા ઈમામશાહ ઉર્ફે કથા કથિત ઈમામશાહ મહારાજને ભૂલવાના નથી અને મુકવાના પણ નથી. તેઓ માત્ર અને માત્ર સતપંથ સમાજને જ વફાદાર રહે છે અને રહેવાના છે.

કચ્છ બહારની કચ્છ કડવા પાટીદારોની પ્રથમઅને સૌથી જૂની સમાજો એટલે કોલકતાની સમાજ, મુંબઈની સમાજ અને નાગપુરની સમાજ

આ સમાજોમાં પણ કુળદેવી ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો આજ દિવસ સુધી નિર્માણ નથી થઈ શક્યા તેના કારણો જાણવાની કોઈએ કોશિશ પણ નથી કરી. શામાટે નથી કરી? તે એક મોટો પ્રશ્ન છે. આમાં સનાતન ધર્મીઓને ભગવાનમાં શ્રદ્ધા નથી એવું નથી પણ સમાજમાં સતપંથના ભાઈઓને ભેગા રાખ્યા હતા એટલે મનમાં ઊંડે પણ એક

વિચાર તો સનાતની ભાઈઓને થતો હતો કે ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું જો મંદિર સમાજવાડીમાં બાંધશું તો વળી ભેગા રાખેલ સતપંથના ભાઈઓની લાગણી દુભાશે તો શું? એટલે સનાતાનીભાઈઓને થતું કે આવી પળોજણમાં ફરી ક્યાં પડવું. જેમહાલેરું તેમહાલવા દો ને ભાઈ. આ હતી સનાતની ભાઈઓની પલાયનવાદ વૃત્તિ. સનાતન ધરમપ્રત્યે લાગાણીનો અભાવ. બીજી બાજુ સતપંથના ભાઈઓને તેના અસ્તિત્વનો સવાલ હતો તેથી તેઓએ તેના ધર્મ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા રાખવી પડી હતી. ભલે તેઓ સનાતાનીઓ સાથે ભેગા રહેતા પણ પીરાણા સતપંથ અને ઈમામશાહ બાવા પ્રત્યે તેઓને ૧૦૦% નિષ્ઠા હતી. સનાતની ભાઈઓ આ બધું જોતા હતા, સમજતા હતા પણ સતપંથીઓને કહેવાની હિંમત કોઈનામાં નોહતી કે જુઓ તમે પીરાણા સતપંથ અને ઈમામશાહ બાવામાં શ્રધ્ધા ધરાવતા હશો તો આમારી સાથે નહિ રહી શકો. બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે? કોઈને ખારું થવું નોહતું. સનાતની ભાઈઓમાં પાંગરેલ પલાયનવાદ વૃત્તિથી સનાતની ભાઈઓને ધાર્મિક રીતે વધારે નુકશાન વેઠવું પડ્યું તે એક હકીકત છે.

મુંબઈની કચ્છ કડવા પાટીદાર સમાજની દશા

મુંબઈ કચ્છ કડવા પાટીદાર સમાજ અસ્તિત્વમાં આવી ત્યારે તેના પ્રણેતા સૌ વડીલો સનાતની હતા. પણ તે સમાજ આજે અસ્તિત્વમાં પણ નથી રહી. તેનું વજૂદ જ મટી ગયું છે. તેનું મરણ કયારે થયું? કોણે કર્યું કેવા સંદર્ભોને લઈને તેનું મરણ કરવામાં આવ્યું? આમકરવામાં કોના નાપાક ઈરાદાઓ હતા? તેના કારણો જાણવાની આજે કોઈને પડી નથી. શા માટે નથી પડી? કારણ કે તે કારણો જો છતાં થશે તો અત્યારે અસ્તિત્વમાં રહેલ ટ્રસ્ટ ફંડના અમુક વર્ગના લોકોને ખરાબ લાગશે. જ્યારે હકીકત એ છે કે તે મુંબઈની સમાજનું નિર્માણ સનાતની વડીલો દવારા કરવામાં આવ્યું પણ સમય જતાં અમુક લાગતા વળગતા લોકોએ સતપંથના ભાઈઓને આવરી લેવા માટે જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ ઉભું કર્યું અને સનાતની સમાજનું મર્ડર કરી નાખ્યું. તેના ઉપર કાયમને માટે પડદો પાડી દીધો. આવા મર્ડર કરવા વાળા લોકોએ એ વિચાર્યું નહિ કે ભવિષ્યમાં આને લીધે મોટી તકલીફો ઉભી થવાની છે. પણ કોઈ વસ્તુ ક્યાં સુધી સહન કરવાની? સમાજના અમુક વર્ગ જે સનાતન હિંદુ ધર્મ શિવાયના અન્ય ધર્મમાં આસ્થા ધરાવે છે એવા વર્ગને ખરાબ લાગશે તો? એટલે આંખ આડા કાન કરવાના? આમાં કયું શાણપણ સમાયેલું છે તે મારા માટે તો સમજ બહારની વસ્તુ છે. મુંબઈની મૂળ સનાતન સમાજનું અસ્તિત્વ જ ચાલ્યું ગયું છે. મારી સમજણ પ્રમાણે મુંબઈ સમાજના પ્રણેતા સનાતની વડીલોએ જો ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને માં ઉમિયા માતાજી નું જો નાના પાયે પણ નિર્માણ સમાજવાડીમાં કર્યું હોત તો આજે પરિસ્થિતિ કંઈક જુદી જ હોત. પણ અફસોસ કે એવું થયું નહી. જૈન ધર્મી લોકો પોતાની મહાજન વાડીનું નિર્માણ કરતા પહેલાં શ્રધ્ધા નું કેન્દ્ર સમાન દેરાસરનું નિર્માણ કરતા હોય છે. તેનું મનન આપણે સનાતની ભાઈઓએ કર્યુજ નહિ તેનું દુખ પણ આપણે સનાતની ભાઈઓને જરૂર થવું જોઈએ.

તા.૨૮.૦૨.૨૦૧૦ ના કેન્દ્રીય સમાજે સતપંથ સમાજના આગેવાનો ને સનાતાનીઓ ઉપર સતપંથના ભાઈઓ દ્વારા કરવામાં આવેલ ખોટા ઉપજાવી કાઢેલા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદોને પરત ખેંચવા બાબત કરવામાં આવેલ ભલામણ

ભલામણ પત્ર નકલ

(Trust Regd. No A-828 Kutch Dt. 6-4-1965)

|| શ્રી ઉમિયાયૈ નમઃ ||

SHRI AKHIL BHARTIYA KUTCH KADAVA PATIDAR SAMAJ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Patidar Vidhyarthi Bhavan, NAKHATRANA - Kutch. PIN 370615. Phone (02835) 222149, 292700 Fax 221049

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા - કચ્છ, પીન : ૩૭૦ ૬૧૫. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૧૪૯, ૨૯૨૭૦૦ ફેક્સ : ૨૨૧૦૪૯

પત્ર ક્રમાંક   તારીખ તા. ૨૮/૨/૨૦૧૦

પ્રતિ,

સતપંથ સમાજના આગેવાનો

૧) રતનશીભાઈ લાલજી વેલાણી, ૨) દેવજીભાઈ કાનજી લીંબાણી

૩) દેવજીભાઈ કરસન ભાવાણી, ૪) સામજીભાઈ અરજણ ભગત

૫) હરીભાઈ માધાભાઈ રામજીયાણી

વિષય: રમેશભાઈ વાઘડીયા ઉપર મણીલાલ કાનજી છાભૈયાએ કરેલ કોર્ટ કેસ તેમજ અન્ય કોર્ટ કેસ પરત ખેચવા બાબત.

આપ જાણો છો કે આપણા સમાજમાં ધાર્મિક કે સામાજિક મતભેદો ઉભરી આવે ત્યારે સાથે બેસી નિકાલ કરવાની પરંપરા છે.

છેલ્લે કેટલાક સમયથી સમાજમાં જયારે આવા પ્રશ્નો ઉભરી આવે છે ત્યારે સમાજ પાસે ન આવતા કોર્ટનો આસરો લેવામાં આવે છે જે બીલકુલ યોગ્ય નથી આને કારણે સમાજમાં સંપ, સંઘઠન અને સહકારની ભાવનાને ઠેસ પહોચે છે

છેલ્લે સમાજ પાસે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિ તરફથી રજુઆત આવેલ કે બેંગલોરના શ્રી રમેશભાઈ વાઘડીયા ઉપર અમદાવાદમાં રહેતા શ્રી મણીલાલ કાનજી છાભૈયાએ કેસ કરેલ છે. તેમજ સાબરકાઠામાં મોડાસા મધ્યે શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવેલ જેની પ્રતિષ્ઠા બાકી છે અને તે દરમ્યાન એક બીજા સામે કોર્ટમાં કે ચેરીટી કમિશ્નરમાં કેસ કરવામાં આવેલ. આ બાબતે સમાજને જાણ થતા તરત જ સમાજે આ પ્રશ્નોના નિકાલ કરવા માટે સમાધાન સમિતિની રચના કરેલ છે જે આપ પણ જાણો છો.

આ સમાધાન સમિતિની આ પ્રશ્ને આઠ મીટીગો મળી ગયેલ અને છેલ્લે ગઈ કાલ તા. ૨૭/૨/૨૦૦૯ ના રોજ નખત્રાણા મધ્યે સમાધાન સમિતિની સનાતન અને સતપંથ બને પક્ષોના આગેવાનો સાથે સુમેળ ભર્યા વાતાવરણમાં મીટીગમાં ચર્ચા થઈ રહી હતી અને આ બાબતે સુખદ સમાધાન થાય તેવા તમામ સભ્યોના સહકારથી ઉકેલ લાવવાની ચર્ચા ચાલુ હતી. મીટીગ ચાલુ હતી તે દરમ્યાન અમદાવાદમાં જે રમેશભાઈ ઉપર કેસ કરવામાં આવેલ જેમાં તેમને કોર્ટમાં હાજર કરવા માટેનું વોરન્ટ અમદાવાદની પોલીસ લઈ આવતા અને આ બાબતે સમિતિને જાણ થતા સમિતિને પોતાની કાર્યવાહી સ્થગીત કરવી પડેલ અને આ બાબતે સમાજના આજુ–બાજુના ગામોના ભાઈઓને જાણ થતા તેઓ પણ સમુહમાં આવી ગયા ત્યારે કોઈ પણ નિર્ણય ન લઈ શકાય.

ઉપરોકત હકીકત અને મળેલ મીટીગમા સમિતિના સભ્યો તેમજ બને પક્ષના ભાઈઓના વિચારો જાણતા આપશ્રીનો કેસ પાછો ખેચી લેવા બાબતે સર્વે સહમત છીએ એવું અમો માનીએ છીએ.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા અને થયેલકાર્યવાહી જોતા અમો સતપંથના ભાઈઓને આદેશ કરીએ છીએ કે તમો જે રમેશભાઈ વાઘડીયા ઉપર કેસ કરનાર મણીલાલ કાનજી છાભૈયાને સમજાવી આ કેસ જલ્દીથી તાત્કાલીક પાછા ખેચાઈ જાય તેવા પ્રયત્નો કરવા તેમજ મોડાસાના ક્રીમીનલ કોર્ટ કેસ પણ તાત્કાલિક પાછા ખેચાય અને થયેલ કાર્યવાહીની જાણ નખત્રાણા સમાજના મુખ્ય કાર્યાલયે કરશો.

રામજીભાઇ કરમશીભાઇ નાકરાણી
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

તા. ૧.૦૩.૨૦૧૦ ના શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા દ્વારા લખવામાં આવેલ પત્ર

તા. ૧/૩/૨૦૧૦

પ્રતિ
પ્રમુખશ્રી / મંત્રીશ્રી
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા વિભાગ

વિષય : ઉમિયા માતાજી મંદિરના ૬-૮-૨૦૦૭ના રોજ થયેલ સમાધાનનો અમલ કરાવવા બાબત.

શ્રી મા ઉમિયા ના ચરણોમાં પ્રણામ

જય ભારત સહ જણાવવાનું કે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા વિભાગ મોડાસાના રાહબરી હેઠળ નીચેની સંસ્થાઓ ચાલી રહી છે જેવી કે.

(૧) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા
(૨) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા સંચાલિત કુમાર તથા કન્યા છાત્રાલય
(૩) શ્રી કચ્છ કડવા પાટીદાર ઉમિયા ટ્રસ્ટ, મોડાસા
(૪) શ્રી ઉમા કેળવણી મંડળ, મોડાસા
(૫) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સમૂહલગ્ન સમિતિ
(૬) શ્રી ઉમિયા માતાજી મંદિર તથા શ્રી ના.વી. પટેલ ભોજન વાડી, મોડાસા

ઉપરોક્ત સંસ્થાઓ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા વિભાગના સાનિધ્યમાં ચાલે છે આ સંસ્થાઓમાં મિટીંગો નાના મોટા કાર્યક્રમો તથા સંસ્થાનો વિકાસ નવા બાંધકામ થાય છે. માત્ર ને માત્ર ક્રમ નં. ૬ વાળી સંસ્થા શ્રી ઉમિયા માતાજી મંદિર તથા શ્રી ના.વિ. પટેલ ભોજન વાડીનું કોઈ કામ આગળ વધેલ નથી તેમજ આ સંસ્થા ઉપર સમાજમાં કેટલાક સ્વાર્થ વૃત્તિ ધરાવતા વ્યક્તિઓ દ્વારા ભ્રામક પ્રચાર ફેલાવી કોર્ટ કાર્યવાહીઓ કરેલ છે. તે માટે અમો આપની સમક્ષ મુદ્દાઓ રજુ કરીએ છીએ જે સમાજના રેકર્ડ ઉપર ખાતરી કરી ને યોગ્ય તે નિર્ણય લેવા રજુ કરીએ છીએ.

(૧) સમાજના જમીન દાનમાં મળેલ છે તેવો ભ્રામક પ્રચાર કરેલ છે તે યોગ્ય નથી ખરેખર મંદિર માટેની જમીન સર્વે નં.૪૯૪/૧/૨ વાળી જમીન વેચાણ લેધેલ છે જેનો રજીસ્ટર દસ્તાવેજથી વેચાણ મેળવેલ છે. જેના સચોટ રેકોર્ડ ઉપર પુરાવાઓ મોજુદ છે.

(૨) આજીવન સભ્ય નારણભાઈ વિશ્રામભાઈ પટેલ આનંદપુરાકંપા વાળાનું નામ ટ્રસ્ટમાંથી કાઢીનાખેલ છે તેવો ભ્રામક પ્રચાર થાય છે તે ખરેખર ગેરમાર્ગે દોરવાની વાત છે અને આ બાબતે ૨૫ વ્યક્તિની કમીટીની રૂબરૂમાં ખુલાસા થયેલ અને રેકર્ડ ઉપર પણ ચકાસણી કરી ખાત્રી કરેલ છે અને પટેલ નારણભાઈ વિશ્રામભાઈ આનંદપુરા વાળાનું નામ ચાલુ હોઈ હવે પછી આ પ્રશ્ન ઉપસ્થિત કરવો નહી તેવું નક્કિ કરવામાં આવ્યું.

(૩) ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ તથા ના.વિ. પટેલ ભોજન વાડીનું બંધારણ બનાવવામાં આવ્યું તે વખતે સમાજની આ બાબતે અવારનવાર મીટીંગો બોલાવવામાં આવેલ તેમાં ટ્રસ્ટની સામે કોર્ટ કેશ ઉભો કરનાર (૧) શ્રી નારણભાઈ વિશ્રામભાઈ પટેલ, આનંદપુરાકંપા
(૨) અંબાલાલ જીવરાજભાઈ પટેલ, કરસનપુરાકંપા
(૩) પરસોત્તમભાઈ હિરજીભાઈ પટેલ, કરસનપુરાકંપા
ઉપરોક્ત ત્રણે વ્યક્તિઓ સદર ટ્રસ્ટના આજીવન સભ્યો છે તેમજ મીટીંગમાં હાજર રહેલ છે અને અમો જાણતા નથી તેમ જણાવી કોર્ટ કેશ રીવીજન અરજી મંદીરની સ્થળ સ્થિતિનું પંચનામું કરાવેલ છે અને સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજને જાણ કર્યા સિવાય નવા બંધારણની સ્કીમ અરજી મુકેલ છે

(૪) સમાજ તથા પ્રગતી મંડળ વચ્ચેનું સમાધાન તા.૩-૬-૧૯૯૭ના રોજ થયેલ જેમાં સમાજના પ્રમુખ ગોપાલ લાલજી મહાદેવપુરાકંપા સમાજના મંત્રી હંસરાજભાઈ પ્રેમજીભાઈ મોહનપુરાકંપા તથા પ્રગતી મંડળ મોડાસાના પ્રમુખ રમણભાઈ કે. પટેલ અને ઉમિયા માતાજી મંદિરના પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ હરજીભાઈ પટેલના સહી સીક્કા સાથે સહિયો કરેલ છે અને સર્વાનુમતે મંજુર કરી ત્યાર પછી ઉમિયા માતાજી ટ્રસ્ટનું બંધારણ સમાજની મીટીંગમાં નક્કી કરવામાં આવ્યા પછી ચેરીટી કમીશ્નરમાં મંજુર કરવામાં આવ્યું.

સમાજે જે બંધારણ બનાવી આપેલ હોવા છતાં સમાજને ગુમરાહ કરી માત્ર ત્રણ વ્યક્તિઓએ કોર્ટમાં પડકારેલ છે આ કેટલા અંશે વ્યાજબી છે સમાજે આ ત્રણે વ્યક્તિઓ પાસે જવાબ માગવો જોઈએ.

(૫) સમાજમાં આપણે જોઈ કહીએ તો એ અમો મા ઉમિયાના સંતાનો છીએ તો મા ઉમિયા પ્રાણપ્રતિષ્ઠા અટકાવવી, કોર્ટ કેશ કરવા, માતાજીના શીખર ઉપરથી સીરીજો ઉતારવી તથા હિન્દુ ધાર્મિક રથને મંદિર જતો રોકવો અને મા ઉમિયાના સંતાનો હોવાના નાતે કદાપી કરી શકે નહી તેથી આનો જવાબ સમાજે માંગવો જ રહ્યો ?

(૬) ઉમિયા માતાજી મંદિર બાબતે ચાલતા વિવાદનું સમાધાન સમાજે નક્કિ કરેલ ૧૭ વ્યક્તિઓ તેમજ સભાના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સમાજના પ્રતિષ્ઠીત વ્યક્તિઓ શ્રી કનુભાઈ આર. પટેલ મોડાસા તથા શ્રી મગનભાઈ મનજીભાઈ પટેલ મડાસાણાકંપા તથા શ્રી વિઠ્ઠલભાઈ આર. પટેલ મોડાસા તા. ૪-૮-૨૦૦૭ ના રોજ નક્કિ કરવામાં આવેલ તે સમાધાન સમાજની જનરલ મીટીંગ તા. ૬-૮-૦૭ ના રોજ મોટી સંખ્યામાં હાજર રહેલ સભ્યો વચ્ચે મંજુર કરવામાં આવ્યું આ સમાધાનનું સભાને પાલન કરાવી આ પ્રશ્નોનો સત્વરે નીકાલ કરી સમાજની એકતા માટે ખુબજ જરૂરી બની રહે છે તેવા બહોળો સમાજ ઈચ્છી રહ્યો છે

(૭) ઉમિયા માતાજી મંદિરના વિવાદ બાબતે શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા મુકામે મળેલ સમાધાનની મીટીંગમાં તા. ૨૭-૨-૨૦૧૦ ના રોજ પ્રક્રિયા ચાલુ હતી તેમાં રમેશભાઈ વાઘડીયા બેંગલોર વાળાનું ધરપકડ વોરંટ અસલાલી પોલીસ મારફતે ઈરાદા પૂર્વક નખત્રાણા સમાજના કેમ્પસમાં ધરપકડ થાય અને સમાધાન પ્રક્રિયા ન થાય તેવા ઈરાદાથી કાર્યવાહી કરવામાં આવી આશું બતાવે છે ? તે સમાજ વિચારે ? અને આ બાબતે ઘટતું કરે.

ઉપરોક્ત મુદ્દાઓ સમાજની જાણ બહાર નથી બધાને શુ વિદિત છે અમુક વ્યક્તિઓ દ્વાર આ ટ્રસ્ટની સામે ટ્રસ્ટમાં સામેલ રહેવા છતાં વિરૂદ્ધની પ્રવૃત્તિઓ કરેલ છે તેવા વ્યક્તિઓને સમાજે જાહેરમાં ખુલ્લા પાડીને સમાજની એકતાના દર્શન કરાવવા જોઈએ. તેઓ બહોળો સમાજ ઈચ્છી રહ્યો છે.

સમાજની એકતા અખંડીતા જળવાઈ રહે અને સમાજથી ઉત્તરોત્તર પ્રગતી થાય તે માટે સમાજે ઉંડુ ચીંતન કરી આ પ્રશ્નનો નિકાલ સત્વરે લાવવો જોઈએ. સામાન્ય કાગળ ઉપરની અરજી કે જેમાં સહિયો કરનાર વ્યક્તિઓ એમ કહેતા હોય કે આ સહિયો અમે હાજર છીએ તેમ જ છે તેમ જો કોઈ પણ જાતની કાર્યવાહી કરશો તો અમારી કોઈ સંમતી નથી તેવું આજે પણ કહેવા માટે તૈયાર છે તેને બદલે અરજીને સમાજમાં વંચાણે લેવી જોઈએ તેને બદલે પ્રાણપ્રતિષ્ઠાની આખરી મીટીંગમાં શા માટે આપવામાં આવી ? પ્રાણપ્રતિષ્ઠાની તારીખો નક્કિ થઈ ગયેલ, સુપર કમીટીની રચના થઈ, આખરી ઓપ અપાવી રહેલ હોઈ સંતોને આમંત્રણ અપાઈ ગયેલ હોઈ, અને સમાજના અમુક વ્યક્તિઓ તેવું કહેતા હોય કે આ અરજીનો નીકાલ થયા પછી જ પ્રાણપ્રતિષ્ઠા થશે આ વાત કેટલા અંશે વ્યાજબી છે તે તો સમાજ જ તેમને પુછી શકે.

આખરે આપને સુવિદિત થાય કે આ ટ્રસ્ટની સામે વારંવાર જો કેશો થતા હોય તે પણ એક જ પક્ષ તરફથી તો ક.ક.પા. સનાતન સમાજ શ્રી ઉમિયા માતાજી મંદિરના કોર્ટકેશોનો પ્રશ્ન ઉકેલ નહી થાય ત્યાં સુધી મોડાસા સમાજ દ્વારા ચાલતી સંસ્થાઓમાં કોઈ પણ જાતનો વિકાસ, બાંધકામ, સામાજીક કાર્યક્રમ, સમૂહ ભોજન તેમજ અન્ય કાર્યક્રમોનો શ્રી ક.ક.પા. સનાતન સમાજ વિરોધ કરે છે.

વિશેષમાં સતપંથ સમાજ દ્વારા આયોજીત કોઈ પણ ધાર્મિક,સામાજીક કાર્યક્રમમાં હાજર નહી રહેવા સનાતન સમાજે નક્કી કરેલ છે.

નકલ રવાના
૧ રમેશભાઈ માવજીભાઈ વાઘડીયા
બેંગલોર

લિ.
કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ,
મોડાસા

કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ * મોડાસા

તા. ૨.૦૩.૨૦૧૦ ના શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ તરફથી કેન્દ્રીય સમાજને રમેશભાઈ વગાડીયાની કરવામાં આવેલ પોલીસ ધરપકડ બાબત ઘટતું કરવા બાબત ભલામણ કરતો એક ખોંભડી સમાજનો ભલામણ પત્ર

॥ શ્રી [illegible] નમઃ ॥ Phone : P. P. 43/55/60

Shree Khombhadi Patidar Sanatan Samaj

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ

મુ.-પો. ખોંભડી (મોટી), તા. નખત્રાણા, જી. કચ્છ-૩૭૦ ૬૭૦.

રેફ. નં.: 14

તારીખ: 2/3/2010

પ્રતિ શ્રી
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - નખત્રાણા.

બાબત- ભાઈશ્રી રમેશભાઈ માવજી વાગડીયાની અટકાયત અંગે

વિનય સાથે જણાવવાનું કે. ગત. તા. ૨૮।૨।૨૦૧૦ ના કચ્છમિત્ર ના દૈનિક અંકમાં ભાઈશ્રી રમેશભાઈ માવજી વાગડીયા મુળવતન- ખોંભડી થાણાની પોલીસ ખાતા દ્વારા આપણી સમાજની હેડ ઓફિસ પાટીદાર વિદ્યાર્થી ભવન - નખત્રાણા ખાતેથી અટક કરવામાં આવેલ છે.

અમારી જાણ પ્રમાણે ભાઈશ્રી રમેશભાઈ વાગડીયા ઘણા સમયથી ચાલતો ધાર્મિક મુદ્દાના સમાધાન અંગે સમાજની સમાધાન સમિતીના કહેવાથી આવેલ હતા.

ઉપસ્થિત મુદ્દા ને. અમારી સમસ્ત સમાજ વતી વખોડવામાં આવે છે. અને આ અંગે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ઘટતુ કરશો એવી આશા સાથે.

લી.
આપનો વિશ્વાસુ.
[illegible]
ઉપપ્રમુખ
[illegible]
મહામંત્રી

[signature]
SHRI A. B. K. K. PATIDAR SAMAJ
H.O.: PATIDAR VIDYARTHI BHAVAN
NAKHATRANA - 370 615 KACHCHH
2/3/2010

તા. ૬.૦૩.૨૦૧૦ ના ઈન્દોરની શ્રી કચ્છ કડવા પાટીદાર ધાર રોડ સમાજે કેન્દ્રીય સમાજને લખેલ ભલામણ કરતો એક પત્રઃ

પ્રતિ,
માનનીય પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા (કચ્છ. ભુજ)

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર રોડ ઈન્દોરના જય ઉમીયાજી

સવિનય જણાવવાનું કે તા. ૯.૦૫.૨૦૧૦ થી તા.૧૨.૦૫.૨૦૧૦ દરમ્યાન નખત્રાણા મુકામે યોજાનાર કેન્દ્રીય સમાજની સુવર્ણ જયંતી મહોત્સવની તૈયારીઓ ચાલી રહેલ છે.

વર્તમાનમાં સામાજિક ધાર્મિક બાબતોના કારણે આપણી સમાજના અમુક ભાઈઓ દ્વારા આપણી સમાજના સનાતની ભાઈઓ ઉપર સાવ ખોટા કોર્ટ કેસો કરી તેઓની હેરાનગતિ પણ ચાલી રહેલ છે. છેલ્લા ૬ માસથી ચાલી રહેલી આ અંગેની વાટાઘાટાનું કાંઈજ પરિણામઆવેલ નથી.

છેલ્લે તા.૧૪.૦૨.૨૦૧૦ ના રોજ નખત્રાણા મુકામે આયોજિત જનરલ સભામાં સુવર્ણ જયંતી મહોત્સવના ચડાવાઓ લેતાં પહેલાં આવા બધાજ કોર્ટ કેસોને તા.૨૭.૦૨.૨૦૧૦ સુધી પાછા ખેંચી લેવાની જવાબદારી કેન્દ્રીય સમાજના આગેવાનોએ સ્વીકારેલ હતી, પરંતુ આ કેસો પાછા ખેંચાવાને બદલે તા.૨૭.૦૨.૨૦૧૦ ના સમાજના કાર્યાલયમાંથી ચાલુ મીટીંગ દરમ્યાન સતપંથના ભાઈઓ દ્વારા શ્રી રમેશભાઈ માવજી વાગડિયાની પોલીસ ધરપકડ કરવાની શુરુઆત થઇ હતી. આ રીતે ખોટા કોર્ટ કેસો કરી સમાજના કાર્યકર્તાઓને હેરાનગતિ થાય તે અતિશય દુઃખની બાબત છે.

ઉપરોક્ત કારણસર શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધાર રોડ, ઈન્દોર દ્વારા એવો નીર્ણય લેવામાં આવ્યો છે કે ‘‘જ્યાં સુધી આવા તમામકોર્ટ કેસો પાછા ન ખેંચાય ત્યાં સુધી સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમનો સંપૂર્ણ પણે બહિસ્કાર કરવો’’.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, ધાર રોડ, ઈન્દોર વતી

સહી/-	સહી/-
પ્રમુખશ્રી	મહામંત્રીશ્રી
રવિલાલ પટેલ	ભીમજીભાઈ કે.પટેલ

પ્રતીલીપીઃ-
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, માળવા ઝોન (મ.પ્ર.) તથા અન્ય સમાજો
(તમારે ત્યાં આ અંગે ચર્ચા કરી સમાજ હિતમાં યોગ્ય નીર્ણય લેશો)

તા. ૯.૦૩.૨૦૧૦ વિરાણી–મોટી સભાઃ

સતપંથના ભાઈઓના રમેશભાઈ વાગડિયાના ધરપકડ ના હીન કૃત્ય બદલ કચ્છ તેમજ કચ્છ બહારની સમાજોમાં સતપંથ

વિરુદ્ધ પ્રચંડ આક્રોશ સર્જાણો હતો. તેને અનુલક્ષીને વિરાણી ગામવાળા યુવાન ભાઈઓએ તા. ૯.૦૩.૨૦૧૦ ના દિવસે એક સમાજ જાગૃતિ અભિયાનની સભાનું આયોજન કર્યું હતું. આમેય વિરાણી ગામએક જાગૃત ગામહોવાને લીધે સનાતન ધર્મ બાબતે પહેલેથી મોખરાનું સ્થાન શોભાવેલ છે. ઉપસ્થિત મોખરાના સનાતની ભાઈઓએ આમારુ મોરલ જળવાઈ રહે તે માટે આ સભાનું આયોજન કર્યું હતું. ધન્ય છે તે ગામના જાગૃત સનાતની યુવાન ભાઈઓને.

આ સભામાં હાજર રહેલ સનાતની ભાઈઓના નામો નીચે પ્રમાણે ના છે

૧. ડાહ્યાલાલ સેંઘાણી નખત્રાણા
૨. અરજણભાઈ વિરાણી
૩. જયસુખ ભાઈ ધાવડા
૪. છગનભાઈ પરાસિયા અંગીયા
૫. ઈશ્વરભાઈ ભગત કોટડા
૬. ઝઇ રણછોડ ભાઈ અમદાવાદ
૭. વાલજીભાઈ લખું વેલાણી
૮. કિશોરભાઈ ધાવડા
૯. શૈલેશ ગોપાલ પોકાર નખત્રાણા
૧૦. રવિલાલ નારણ વાલાણી વેસલ્પાર
૧૧. અમૃતલાલ નારણ ધોળુ નાગલપર
૧૨. છગનભાઈ ન્યાય સમિતિ ખજાનચી
૧૩. પ્રેમજીભાઈ કોટડા
૧૪. જયંતીલાલ ગોપાલ લીબાણી સાંગનારા
૧૫. શાંતિલાલ ધનાણી નખત્રાણા
૧૬. પ્રેમજીભાઈ સુરાની નખત્રાણા
૧૭. સૂર્યકાંતભાઈ ધનાણી વિરાણી
૧૮. પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી અંગિયા
૧૯. રમેશભાઈ માવજી વાગડિયા ખોંભડી
૨૦. હિંમતભાઈ રતનશી ખેતાણી વિરાણી

તા. ૯.૦૩.૨૦૧૦ ના કચ્છ જીલ્લાના કચ્છમિત્ર, દિવ્ય ભાસ્કર, આજકાલ અને કચ્છ ઉદય દૈનિક અખબારોમાં સતપંથ દ્વારા છપાવેલ જાહેર નિવેદન સામે કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓના સજ્જડ જવાબો:

સતપંથ દ્વારા આ નિવેદન એટલા માટે છપાવવામાં આવ્યું હતું કે તેઓ પોતાની જુઠાઈ છુપાવી શકે અને સાથે સાથે કચ્છની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ તેમજ અન્ય હિંદુ જ્ઞાતિઓને ગેરમાર્ગે દોરી શકે. પણ સનાતની ભાઈઓએ તેની સામે સજ્જડ પુરાવાઓ આપીને તેમને મુંહતોડ જવાબો બીજા જ દિવસે તે જ અખબારોમાં છપાવ્યા હતા. તેમના સવાલોના જવાબો નીચે પ્રમાણેના હતા.

૧. છપાણઃ ૨૦૦૫ નો રમેશ વાઘડીયાનો કેસ અંગત હતો, સતપંથ સમાજને કોઈ લેવા દેવા નથી.

જવાબઃ

અત્યાર સુધી પીરાણા સતપંથી ભાઈઓએ કરેલા તમામકેસો (૧૯૪૦ થી પહેલાં અને પછીના) વ્યક્તિગત ધોરણે જ કરવામાં આવેલ છે પણ તેની પ્રેરણા અને પાછળનું પીઠબળ સતપંથ સમાજનું જ હોય છે. તેનો મોટામાં મોટો પુરાવો તા. ૨૭.૦૨.૨૦૧૦ ના અ.ભા.ક.ક.પા. સમાજના પ્રાંગણમાં આ જ કેસની સમજુતી માટે ભેગા થયેલા ૧૫૦-૨૦૦ સતપંથી ભાઈઓ, અગર તે અંગત કેસ હતો તો આટલા બધા સતપંથ સમાજના ભાઈઓ ત્યાં રમેશભાઈ વાઘડીયાની ધરપકડ જોવા શા માટે ભેગા થયા હતાં? કેસ અંગત હતા તો સતપંથ સમાજ દ્વારા સમાધાન સમિતિમાં તેના પાંચ સભ્યો શા માટે મોકલાવવામાં આવ્યા હતા? તાજેતરમાં બીજા ૧૭ જણા ઉપર વકીલ નોટીસ સતપંથી ભાઈઓ તરફથી આપવામાં આવી છે તે સતપંથી ભાઈઓમાંના એક માવજી ડાયા ધોળુએ નવ સનાતની ભાઈઓ ઉપર વકીલ નોટીસ મોકલી છે. તે સતપંથી ભાઈ ધી ઈમામશાહ બાવા રોજા ટ્રસ્ટના અગિયાર ટ્રસ્ટીઓમાના એક જવાબદાર ટ્રસ્ટી છે. તે પુરવાર કરે છે કે આ વ્યક્તિગત કેસ છે જ નહિ પણ આવા સંખ્યાબંધ કેસો સતપંથ સમાજ કોઈ એક વ્યક્તિને મહોરું બનાવીને કરી રહી છે. આ સતપંથીઓની કાર્યપ્રણાલી છે.

૨. છપાણઃ સમાજના મુઠ્ઠીભર તત્વો પાટીદારોની એકતા તોડે છેઃ

જવાબઃ

એકતા એટલે કોની એકતા? પાટીદાર સનાતની ભાઈઓની એકતા કે પછી સતપંથી ભાઈઓની એકતા? અ.ભા.ક.ક. પાટીદાર સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના કરવામાં આવી હતી તે પહેલાં આપણે સૌ મુસ્લિમપીર ઈમામશાહ સ્થાપિત પીરાણા સતપંથ ધર્મી થઈને સતપંથ સમાજમાં જ હતા તેથી આપણી ઓળખ મુમના મુસલમાન તરીકેની થઈ હતી તેને બદલવા માટે ત્યારના સુધારક વડીલોએ અર્ધદગ્ધ કબ્રસ્તાની પીરાણા સતપંથ મતનો સદન્તરે ત્યાગ કરીને અ.ભા.ક.ક. પાટીદાર સમાજની (સનાતની કેન્દ્રીય સમાજની) સ્થાપના કરી હતી. હવે આ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં બાવા ઈમામશાહના પીરાણા પંથ વાળા કેવી રીતે એક થઈ શકે. એટલે હવે સમાજમાં એકતાના બણગા ફૂંકવાનું બંધ કરો. તમે તમારી સતપંથ સમાજમાં સતપંથીઓની એકતાનો વિચાર કરો. અને અમે અમારી કેન્દ્રીય સમાજમાં સનાતાનીઓની એકતા નો વિચાર કરશું.

૩. છપાણઃ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણામાં (કેન્દ્રીય સમાજમાં) જુદા જુદા સંપ્રદાયના લોકો છે.

જવાબઃ

આ વાત ખરી છે જુદા જુદા સંપ્રદાયો એટલે વૈદિક સનાતન હિંદુ ધર્મ હેઠળના જુદા જુદા સંપ્રદાયો, જેવા કે આર્ય સમાજી, સ્વામીનારાયણ અથવા તો લક્ષ્મીનારાયણ સંપ્રદાય. પણ પીરાણા સતપંથ એ હિંદુ ધર્મનો સંપ્રદાય નથી જ. એ એક ઈસ્લામધર્મનો ફાંટો છે જે અનેક જગ્યાએ ઈન્ટરનેટ અને પ્રખ્યાત પુસ્તકોમાં પુરવાર થઇ ચુકેલી વાત છે. તેથી જ કેન્દ્રીય સમાજના સુધારક વડીલોએ પોતાની ઓળખ એક હિંદુ તરીકે ઓળખાવવા માટે આ પીરાણા સતપંથ મત નો હંમેશને માટે ત્યાગ કરીને, સનાતન હિંદુ ધર્મનો પુનઃ અંગીકાર કરીને આજની અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણાની (કેન્દ્રીય સમાજની) વિધિવત સ્થાપના ૧૯૬૦માં કરી હતી. આમતો તે સમાજની સ્થાપના વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીએ અને તેના સહયોગી વડીલોએ છેક ૧૯૩૮-૪૦ માં કરી હતી. ત્યારે તેનું નામશ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ હતું. તે વાત જ પુરવાર કરે છે કે કચ્છ કડવા પાટીદારોમાં પીરાણા સતપંથ ધર્મ પાળતા સતપંથીઓ અને શુધ્ધ સનાતન હિંદુ ધર્મ પાળતા સનાતાનીઓ જુદા છે. અને બંનેની સમાજો પણ જુદી છે તે જગ જાહેર છે.

૪. છપાણઃ મુઠ્ઠીભર તત્વો સતપંથ અને સનાતન વચ્ચે ઉભી તિરાડો કરી રહ્યા છે.

જવાબઃ

ઉભી તિરાડો તો તે સમયે તમારા ખાંટી ખાનાઈ વડીલોએ પાડી હતી, જે વખતે અમારા સુધારક વડીલોએ સતપંથને છોડી સનાતન હિંદુ ધર્મ અપનાવ્યો હતો. તે સમયે તમારા ખાનાઈ સતપંથી વડીલોએ અમારા સનાતની વડીલોને નાતબહાર કર્યા હતા (સતપંથ સમાજમાંથી હાંકી કાઢ્યા હતા). તે સમયે સતપંથના ભાઈઓ માટે સનાતાનીઓને નાત બહાર કરવું આમવાત હતી. એટલે જ તો અમારા સનાતની વડીલોને તમારાથી જુદી (સતપંથ સમાજથી જુદી) સનાતન સમાજ ઉભી કરવાની ફરજ પડી હતી. શું તે વાતને તમે આજે ભૂલી ગયા છો? અત્યારે ઉભી તિરાડો અમે પાડી રહ્યા છીએ તે વાત તદ્દન ખોટી અને પાયા વિહોણી છે. સતપંથ સમાજ અને સનાતની કેન્દ્રીય સમાજ અલગ છે. તેનો મોટામાં મોટો પુરાવો તો એજ છે કે અમે સનાતની હિંદુ ભાઈઓ તેની સમાજને (કેન્દ્રીય સમાજને) ૫૦ વરસ પુરા કરી સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ. આપણે (એટલે કે સતપંથના અને સનાતનના ભાઈઓ) જો સાથે હોત અથવા એક હોત તો સતપંથ સમાજ જે ૫૦૦ વરસ જૂની છે તેનો પાંચમો શતાબ્દી મહોત્સવ આજે ઉજવવા જઈ રહ્યા હોત. માટે એ પણ પુરવાર થાય છે કે કેન્દ્રીય સમાજનો સ્વર્ણિમ મહોત્સવ સનાતની ભાઈઓનો મહોત્સવ છે, ન કે સતપંથના ભાઈઓનો મહોત્સવ.

૫. છપાણઃ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના બંધારણને દરેક પાટીદારો માનતા આવ્યા છે.

જવાબઃ

આ વાત તદ્દન જુઠી અને ઉપજાવી કાઢેલી વાત છે. આવું જો હોત તો સતપંથના ભાઈઓ મુસ્લિમઆચરણ વાળા મુસ્લિમપીર બાવા ઈમામશાહ સ્થાપિત ધર્મનો સદન્તરે ત્યાગ શામાટે નથી કરતા. કોઈ પણ સમાજ હોય તે શું બે ધર્મ પાળતા (દા.ત. હિંદુ અને મુસ્લિમધર્મ પાળતા) લોકોનો સમાજ હોઈ શકે? આ સતપંથના ભાઈઓને જ પૂછો કે કોઈ પણ સનાતની ભાઈને એ લોકોએ તેમની સતપંથ સમાજમાં પ્રવેશ આપ્યો છે કે? નથી જ આપ્યો તે હકીકત છે. તો પછી સનાતનીઓની હિંદુ ધર્મની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં વિધર્મીઓને (પીરાણા પંથીઓને) કેમપ્રવેશ આપી શકાય? જુઓ ઈન્ટરનેટ ઉપર www.gujaratilexicon.com માં ''સમાજ'' શબ્દની વ્યાખ્યા સ્પષ્ટ પણે આલેખાયેલ છે. તે પ્રમાણે સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય એકજ ધર્મ પાળતો હોય, એક જ રીતિરિવાજ પાળતો હોય અને એક જ આચાર વિચારને વરેલો હોય. તે પ્રમાણે અમારી કેન્દ્રીય સમાજ સનાતન હિંદુ સમાજ હોવાથી અન્ય ધર્મ પાળતા જેવા કે પીરાણા સતપંથ ધર્મને પાળતા લોકો જ્યાં સુધી તે કથિત ધર્મનો સદંતરે ત્યાગ કરી સનાતન હિંદુ ધર્મનો અંગીકાર ન કરે ત્યાં સુધી કેન્દ્રીય સમાજનો સભ્ય બની જ કેમશકે?

૬. છપાણઃ સતપંથ સમાજ સ્વર્ગીય સતપંથાચાર્ય કરસનદાસજી મહારાજે સતપંથ સનાતન સમાજનો વિકાસ કરીને ક્રાંતિ સરજી હતી.

જવાબઃ

આ વિધાન પણ તદ્દન જુઠું છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પીર ઈમામશાહની ચમત્કાર વાળી તરકીબોમાં આવીને તેને ઉપજાવી કાઢેલ સતપંથ ધર્મમાં ફસાયો હતો. જેવી રીતે આ સતપંથ ધર્મનો લોહાણાઓએ અંગીકાર કરી ખોજા બન્યા તેવી જ રીતે કચ્છી કડવા પાટીદારોએ તે જ સતપંથ ધર્મનો અંગીકાર કરીને મુમના મુસલમાન તરીકેની ઓળખ કાયમકરી હતી. તે મુમનાની ઓળખ મીટાવવા માટે લગભગ ૨૦૦ વર્ષ પહેલા જ્ઞાતિના સુધારક વડીલ કેસરા પરમેશ્વરા તેમજ વડીલ શ્રી નારણજી રામજી લીબાણી અને તેમના સહયોગીઓના અથાગ પરિશ્રમની ફળશ્રુતિએ આખી જ્ઞાતિને પીરાણા સતપંથની નાગચૂડમાંથી છોડાવી સનાતન હિંદુ ધર્મ તરફ વાળ્યા હતા. પણ આજના સતપંથી ભાઈઓના જીદ્દી અને ધર્માંધ વલણથી પીરાણા સતપંથને આજ

દિવસ સુધી વળગી રહ્યા છે. તે જ્ઞાતિના લોકોને ખોટી રીતે પ્રોત્સાહિત કરીને આ કહેવાતા પીરાણાના સતપંથાચાર્યોએ ફરી પાછી જ્ઞાતિની સાથે છેતરપીડી કરી છે. અને સનાતન ધર્મ તરફ વળેલી જ્ઞાતિને સતપંથ ધર્મ તરફ વાળવાની બેહુદી હરકત કરી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને વિચ્છેદ કરવાના હીન કક્ષાના પ્રયત્નો કર્યા છે. તેનું કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓને પારાવાર દુઃખ છે. આ જ્ઞાતિને વિ.સં. ૧૫૯૨માં મુસ્લિમપીર ઈમામશાહે છેતરી ત્યાર પછી આ જ્ઞાતિની મોટામાં મોટી છેતરપીડી કોઈએ કરી હોય તો તે આ કહેવાતા સતપંથાચાર્ય કરસન કાકાએ જેનું સતપંથી નામઈન્ટરનેટ અને માન્યતા પ્રાપ્ત પુસ્તકોમાં પીર કરીમતરીકે વર્ણન કરવામાં આવ્યું છે. આ કરસન કાકાએ તો સસ્તી પ્રચાર શૈલી અપનાવી ખોટા સર્ટીફીકેટોનો આશરો લઈ, હલકા પ્રકારની પ્રક્રિયા કરી, સતપંથ ધર્મને હિંદુ ધર્મ તરીકે ઓળખાવવાની ચેષ્ટા કરી છે. પૈસાના જોરે ફક્ત કડવા પાટીદાર જ્ઞાતિને નહિ પણ ભારત દેશની સમગ્ર હિંદુ પ્રજાને ગેરમાર્ગે દોરી છે. સાધુ સમાજને પણ ગુમરાહ કરેલ છે. આ દેશમાં પૈસા ખર્ચીને ડોકટરી સર્ટીફીકેટો મળતી હોય ત્યાં કરસન કાકાએ મેળવેલ ખોટી ધાર્મિક સર્ટીફીકેટોનું શું વજૂદ અને મહત્વ હોઈ શકે?

૭. છપાણઃ ધાર્મિક પુસ્તકોમાં કે લેખોમાં પીરાણાના કરસન કાકાના સમયમાં ફેરફારો કરવામાં આવ્યા.

જવાબઃ

હા, આ વાતને અમો પણ સ્વીકારીએ છીએ. વી.સ. ૧૫૯૨ના અરસામાં જ્ઞાતિને વટલાવવા માટે હિંદુ શાસ્ત્રોનું આ મુસ્લિમપીર ઇમામુદ્દીને (ઉર્ફે ઈમામશાહ બાવા ઉર્ફે ઈમામશાહ મહારાજે) ભેળસેળ કરીને ઈસ્લામીકરણ કર્યું ત્યાર પછી આ પંથને હિંદુ પંથ તરીકે ખપાવવા અલગ અલગ સમયે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. છેલ્લે સૈયદ પીરજાદા ખાકી નામના ઈમામશાહના એક વંશજની સલાહથી ઈમામશાહે લખેલા સાહિત્યો તેને ફરી પાછા વટલાવવા માટે પીરાણાના કરસન કાકાએ પ્રયત્નો કર્યા. તેનો હેતુ માત્ર એજ હતો કે સંપૂર્ણ સતપંથ મુક્ત બની જતી જ્ઞાતિને ફરી પાછા સતપંથ તરફ વાળીને પીરાણા વાળી દુકાન કાયમને માટે ચાલુ રાખવી હતી. ભલે પછી જ્ઞાતિમાં વિખવાદ ઉભો થઈને જ્ઞાતિ સતપંથ સનાતનમાં બટાઈ જાય. અને પીરજાદા ખાકીને એમહતું કે કચ્છ કડવા પાટીદારોને લીધે પીરાણામાં જે આવક થાય છે તેમાં મુકરર કરેલો તેનો હિસ્સો તેને મળી જાય. નહિ તો કયો મુસલમાન તેના મુસ્લિમસાહીત્યોનું હિન્દુકરણ કરવા વિચારે.

૮. છપાણઃ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનો ૫૦ વર્ષનો સ્વર્ણિમ મહોત્સવ બંને સનાતન અને સતપંથ ધર્મીઓનો મહોત્સવ છે.

જવાબઃ

આ વાત કેટલી બધી છેતરામણી અને માત્ર અને માત્ર જ્ઞાતિને ગેરમાર્ગે દોરવા માટેની જ છે. સમાજનો આ સ્વર્ણિમમહોત્સવ સનાતની ભાઈઓનો મહોત્સવ છે જે સતપંથના ભાઈઓનો મહોત્સવ બની જ કેમશકે? કારણ કે આ સમાજની સ્થાપના તો જ્ઞાતિના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ મુસ્લિમઓળખ ધરાવતી સતપંથ સમાજ અને પીરાણા સતપંથ મતનો કાયમને માટે ત્યાગ કરી સનાતન હિંદુ ધર્મનો પુનઃ અંગીકાર કરી માત્ર અને માત્ર સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવા માટે જ કરવામાં આવી હતી. આ વડીલોને ચોક્કસપણે લાગ્યું હતું કે સતપંથ ધર્મને લઈને આપણી ઓળખ અન્ય સમકક્ષ હિંદુ જ્ઞાતિઓમાં એક મુમના મુસલમાન તરીકે થતી હતી એટલે સતપંથ સમાજ અને પીરાણા સતપંથ ધર્મનો કાયમને માટે ત્યાગ કર્યો હતો. આ ૫૦ વર્ષ દરમ્યાન સતપંથી ભાઈઓએ સનાતની કેન્દ્રીય સામાજની આડસમાં પોતાને હિંદુ તરીકે ઓળખાવવાની સીધી કે આડકતરી રીતે મદદ લીધી છે તેમાં શંકાને લેશ માત્ર સ્થાન નથી.

૯. છપાણઃ ગંગેશ્વરજી મહારાજે કહ્યું હતું કે સતપંથ સંપ્રદાય હિંદુ સંસ્કૃતિની મોટી તાકાત છે.

જવાબઃ

જે લોકોને હિંદુ સંસ્કૃતિ સાથે સ્નાન સુતકનોય સંબંધ નથી તેવા લોકોને એમહોય કે સતપંથ સંપ્રદાય હિંદુ સંસ્કૃતિની મોટી તાકાત છે એ વાત કેટલી હાસ્યાસ્પદ લાગે છે? ઈન્ટરનેટ ઉપર વિકિપીડિયામાં જઈને ''સતપંથ'' શબ્દની વ્યાખ્યા તો જુઓ કે તેનો શું અર્થ થાય છે? તેની તમામમાહિતીઓ ત્યાં મોજુદ છે. અરે, સતપંથીઓના કહેવાતા ધર્મગુરૂ ઈરાનથી એક માત્ર મકસદથી આવ્યા હતા કે ભારત દેશના હિન્દુઓને કઈ રીતે વટલાવવા? આ સૈયદ ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહે ન કેવળ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ભ્રષ્ટ કરી પણ સાથે સાથે હિંદુ શાસ્ત્રોને પણ ભ્રષ્ટ કર્યા તેના અસંખ્ય પુરાવાઓ મોજુદ છે. મુસ્લિમપીર બાવા ઈમામશાહ દ્વારા નિર્મિત સતપંથ સંપ્રદાય હિંદુ સંસ્કૃતિની મોટી તાકાત છે તેમકહેવું સમગ્ર હિંદુ સમાજની આંખમાં ધૂળ નાખવા બરાબર છે. ઈન્ટરનેટમાં તમે જોશો તો અંગ્રેજીમાં શું લખ્યું છે તેની ખબર પડશે?

“SATPANTH IS A SUB-GROUP OF NIZARI ISMAILI SUFISM FORMED BY CONVERSIONS FROM HINDUISM 700 YEARS AGO BY PIR SADRUDDIN (1290-1367) AND 600 YEARS AGO IN THE 15TH CENTURY BY HIS GRANDSON PIR IMAMASHAH (1430-1520), ONE OF THE AUTHORS OF THE GINAANS. THERE ARE VILLAGES IN GUJARAT WHICH ARE TOTALLY 'SATPANTHI' SUCH AS PIRANA NEAR AHAMEDABAD WHERE IMAMSHAH IS BURRIED”

૧૦. છપાણઃ રમેશભાઈ વાઘડીયા પર ૨૦૦૫ માં થયેલી ધાર્મિક ફારીયાદને લઈને મોટો ઉહાપોહ કરવામાં આવી રહ્યો છે.

જવાબઃ

આ તદ્દન વાહિયાત વાત છે. જે માણસે, રમેશભાઈ માવજી વાઘડીયા તથા તેના પિતા માવજીભાઈ રતનશી વાઘડીયા અને તેના ૯૮ વરસના દાદા શ્રી રતનશી નારણ વાઘડીયા ઉપર ખોટી પોલીસ ફારીયાદો એવં તદ્દન જુઠા કોર્ટ કેસો કરેલા છે, તે માણસને રમેશભાઈએ અને તેના પરિવારે જોયો પણ નથી. કહેવાય છે કે આ માણસ મણીલાલ કાનજી છાભૈયા પીરાણાના ગાદીપતિ કરસન કાકાનો ભત્રીજો છે. અને પીરાણા સંસ્થાનો આમાં પુરેપુરો હાથ છે. કારણ કે જ્યારે શુક્રવાર તા.૬.૦૩.૨૦૧૦ના રમેશભાઈ વાઘડીયાને અમદાવાદની મીરજાપુર કોર્ટમાં જામીન માટે ન્યાયાધીશ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા ત્યારે ત્યાં હાજર પીરાણા સતપંથના ભાઈઓએ મને જામીન ન મળે તે માટે તમામનિરર્થક પ્રયાસો કર્યા હતા. તેથી તે પુરવાર થાય છે કે આવા તમામકેસોની પાછળ આખી સતપંથ સમાજનું પીઠબળ હાય છે. ભૂતકાળમાં પણ આવા અસંખ્ય કેસો આમતો વ્યક્તિગત દેખાતા હોય પણ તેની પાછળ આખા પીરાણા સતપંથ સમાજનું પીઠબળ સદાય રહેતું હોય છે. તેમાંના અમુક કેસો નીચે ટાંકેલા છે તે શું વ્યક્તિગત કેસો હતા?

૧. અ.ભા.ક.ક.પાટીદાર સમાજના પ્રમુખ શ્રી ખીમજી લખમશી લીબાણી ઉપર કરવામાં આવેલ કેસ.
૨. અ.ભા.ક.ક. પાટીદાર સમાજના ટ્રસ્ટીઓ ઉપર કરવામાં આવેલ કેસો.
૩. કોટડા(જ) સનાતન સમાજના હોદ્દેદારો અને કારોબારી સભ્યો પર કરવામાં આવેલ કેસો.
૪. અત્યારે મોડાસામાં લગભગ ૩૦ જણા પર કરવામાં આવેલી પોલીસ ફરિયાદો અને કેસો.
૫. નાના કાદીયામાં સતપંથીઓ દ્વારા કરવામાં આવેલા મિલકતો માટેના કોર્ટ કેસો વગેરે.

અત્યારે, જ્યારે સતપંથ સમાજ અને સતપંથ ધર્મનું પાખંડીપણું અને છેતરપીડીને ઉજાગર કરવાનું સમાજમાં એક આભિયાન ચાલી રહ્યું છે ત્યારે એક વખત આઠ જણા ઉપર અને બીજી વાર નવ જણા ઉપર વકીલ મારફત નોટીસો આપાઈ છે તે શું

વ્યક્તિગત ધોરણે અપાઈ છે? ના, તેની પાછળ આખો સતપંથ સમાજ કામે લાગી ગયો છે. આ એમની માનસિકતા છે. જ્યારે સનાતની ભાઈઓની માનસિકતા એવી છે કે ખોટા કોર્ટ કેસો કરીને કોઈને હેરાન ન કરવા. એટલે જ સતપંથ સામે સનાતની હિંદુ ભાઈઓ તરફથી સતપંથીઓ ઉપર એક પણ કેસ આજ દિવસ સુધી કરવામાં આવ્યો નથી તેનો ઈતિહાસ સાક્ષી છે. સત્ય જ્યારે બહાર આવે છે ત્યારે જુઠ્ઠા લોકો તેને સાંખી શકતા નથી. ટૂંકમાં

૧. ૫૦૦-૫૫૦ વર્ષ પહેલા પીર ઈમામશાહ બાવાએ હિંદુ ધર્મ પાળતા આપણા પૂર્વજો જેઓ જનોઈ ધારણ કરતા હતા, તેઓને ઉલટું-સુલટું સમજાવીને છેતરપીંડીથી જનોઈઓ ઉતરાવી તેના નાટકો અને નાટિકાઓ આજના સતપંથી ભાઈઓ ભજવે છે. શું હિંદુ ધર્મ પાળતા ભાઈઓની જનોઈઓ ઉતરાવવી તે હીન્દુનું આચરણ છે? ના હરગીજ નહી, જનોઈઓ ઉતરાવવી એ કંઈ હિંદુનું આચરણ નથી અને તે હિન્દુ સંસ્કૃતિની વિરુધ્ધની વાત છે.

૨. હમણાં કોટડા(જ)માં સતપંથના એક વડીલનું અવસાન થતાં મુસલમાનોના કબ્રસ્તાનની બાજુમાં તેના શબની દફનવિધિ કરવામાં આવી તે જગજાહેર છે. આ શું સતપંથીઓ દ્વારા કરવામાં આવતા હિન્દુના બાહ્ય આચરણો છે?

૩. તા. ૮.૦૩.૨૦૧૦ ના સતપંથના નિષ્કલંકી ધામમાં યોજાએલ એક પત્રકાર પરિષદમાં સતપંથ સમાજના મુખ્ય વ્યક્તિ તરીકે હાજર ખોંભડીના સતપંથી ભાઈ મગનભાઈ પરબત ભગતે તેમના પિતાનું નવસારી મુકામે નિધન થતાં તેમના શબને ખોંભડી ગામે લઈ જઈ દફનક્રિયા કરી. તે શું તેઓ બાહ્ય આચરણો હિન્દુના કરી રખ્યા છે? તે તો શુધ્ધ મુસ્લિમઆચરણો જ કહેવાય. અહી કેન્દ્રીય સમાજની રીતી રિવાજોની કલમનં. ૧૮ નો ભંગ થયો ગણાય. સતપંથના ભાઈઓ આનો શું જવાબ આપશે?

૪. અંગિયા ગામના એક સતપંથી ભાઈ જેઠા શિવજી રૂડાણી, જે પીરાણાના ધી ઈમામશાહ બાવા રોજા ટ્રસ્ટના અગિયાર ટ્રસ્ટી માંયના કડવા પટેલ તરીકેના એક ટ્રસ્ટી છે તે સતપંથીએ તાજેતરમાંજ તેની પત્નીનું અવશાન થયું ત્યારે તેના શબને ઘરની બાજુમાં જ દફનાવ્યું છે. તે શું તેના બાહ્ય આચરણો હિન્દુના થયા એમગણાય? તેવા સતપંથના ભાઈઓ સનાતની કેન્દ્રીય સમાજના સભ્ય કેવી રીતે બની શકે?

૫. સતપંથીઓને કેન્દ્રીય સમાજ જે સનાતની ઓળખ ધરાવે છે તેની આડસ માત્ર જોઈએ છે. આડસ એટલા માટે કે તેઓ પોતે પીરાણા સતપંથ ધર્મમાં રહી અમુક મુસ્લિમઆચરણો કરતા હોવા છતાં પોતાને હિંદુ તરીકેની છાપ ઉભી કરી શકે. સતપંથના ભાઈઓને ખબર છે કે આ વાત શક્ય તો જ બને જો તેઓ આ કેન્દ્રીય સમાજની આડસમાં જીવે તો જ. આ સતપંથીઓને પડકાર ફેંકી શકાય કે પાંચ થી દસ વર્ષ કેન્દ્રીય સમાજની વગર આડશે કેન્દ્રીય સમાજથી અલગ થઈને પોતાની જાતને હિંદુ તરીકે જીવી બતાવે? સતપંથી ભાઈઓને ખબર છે કે જો તેઓ કેન્દ્રીય સમાજથી અલગ થયા તો અન્ય સમકક્ષ હિંદુ જ્ઞાતિઓમાં તેમની ઓળખ જતે દહાડે ચોક્કસ મુમના મુસલમાન તરીકે ફરી પાછી થવાની જ છે.

૧૧. છપાણઃ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના બંધારણને દરેક પાટીદારો માનતા આવ્યા છે.

જવાબઃ

આ વાતમાં કોઈ વજૂદ નથી. સમાજના સતપંથી ભાઈઓ કેન્દ્રીય સમાજના બંધારણ તેમજ રીતી રિવાજોની કલમનંબર ૧૮

અને ૧૯નું સદંતરે ખુલ્લે આમઉલંઘન કરતા આવ્યા છે. કલમનં. ૧૮ અન્વયે સમાજના દરેક સભ્યોએ તેમનું બાહ્ય આચરણ જન્મથી મરણોત્તર સુધી હીન્દુનું હોવું જોઈએ. તો સતપંથ સમાજના ભાઈઓને પૂછો કે શું તેઓ આ કલમનું ચુસ્તપણે પાલન કરે છે? તેઓ આ કલમનું ખુલ્લે આમભંગ કરે છે. હવે કલમ૧૯ અન્વયે જે સભ્યને ધાર્મિક અથવા તો સામાજિક મનદુઃખ હોય તો તે સામાજિક ન્યાય મેળવવા માટે કેન્દ્રીય સમાજની ઉપલબ્ધ ન્યાય સમિતિ પાસે ન્યાય મેળવી શકે છે. કોર્ટનો આશરો લેવાની મનાઈ હોવા છતાં સતપંથ સમાજના ભાઈઓ સદન્તરે ખુલ્લેઆમકલમ૧૯નો ભંગ કરી રહ્યા છે. આટલા દિવસ કોઈ પુછવા વાળુ નોહતું, પણ હવે જરૂર પૂછવામાં આવશે.

ઉપરોક્ત કારણોને લઈને એ વાત પુરવાર થાય છે કે સનાતન હિંદુ ઓળખ ધરાવતી અમારી કેન્દ્રીય સમાજમાં રહીને સતપંથના ભાઈઓ, ઈમામશાહ બાવા વાળાઓ પીરાણા સતપંથ ધર્મ પાળતા હશે તો તે કોઈ દિવસ હવે ચલાવી લેવામાં નહી આવે અને તે હવે શક્ય જ નથી

અસ્તુ.

લી. સનાતન ધર્મ જાગૃતિ સમિતી વતી

રમેશભાઈ વાગડિયા

તા.૧૦.૦૩.૨૦૧૦

તા.૯.૦૩.૨૦૧૦ના શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (હૈદરાબાદ-સિકંદરાબાદ)નો કેન્દ્રીય સમાજને ભલામણ કરતો એક પત્રઃ

તા. ૯.૦૩.૨૦૧૦

પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,

નખત્રાણા — કચ્છ.

આદરણીય મહાનુભાવો,

સવિનય સાથે જણાવવાનું કે બે પંથ વચ્ચે ચાલતા વિવાદના નિવારણ માટે ગત તા.૨૭.૦૨.૨૦૧૦ના રોજ કેન્દ્રીય સમાજ દ્વારા સમાધાન સભાનું આયોજન કરેલ તે બદલ અભિનંદન. પણ સમાધાનની પ્રક્રિયાના જ સમયે પૂર્વ આયોજિત કાવતરા રૂપે અમદાવાદની પોલીસ દ્વારા બેંગલોર વાળા રમેશભાઈ માવજી વાગડિયાને કચ્છ નખત્રાણા પાટીદાર વિદ્યાર્થી બોર્ડીંગમાંથી ધરપકડ કરવાની ઘટનાને શરમજનક ગણાવીએ છીએ. તે બદલ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-હૈદરાબાદ-સિકંદરાબાદ સખત શબ્દોમાં વખોડી કાઢે છે. જે તત્વો દ્વારા આવા હીન કાર્ય કરેલ છે તેમને જવાબદાર ગણીએ છીએ અને આવા કૃત્યથી સમાજની ગરિમા અને એકતા પર પ્રશ્નચિન્હ લાગે છે, અને સમાજ દ્વારા સમાધાન પ્રયત્નોના સમયે આવી ઘટના શરમજનક છે.

કેન્દ્રીય સમાજ દ્વારા કડકમાં કડક કાર્યવાહી થાય તેવું ઉપરોક્ત સમાજ અપીલ કરે છે. અને સમાધાનની પ્રક્રિયા સમયે આવી હરકત કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાય જ નહી. હવે સમય વેડફવો એ સમાજ માટે અતિ ગંભીર બાબત છે.

આપણા પૂર્વજો અને સમાજ રચના વખતેના વડીલોના ઉદેશો પર આપણે ગોર કરી આગળ વધવું જોઈએ અને સમાજે તે નીતીનીયમોને ધ્યાનમાં રાખી ઉકેલ કરવાની ખાસ જરૂર છે. હવે સમાજે વધુ ઉદાર ના રહી હમેશાં એક પક્ષને થતો અન્યાયને

ધ્યાનમાં રાખી ગમે તેમનિત્કર્ષ પર આવવું જોઈએ જેથી સમાજનો સ્વર્ણિમમહોત્સવ સારી રીતે ઉજવી શકાય.

સમાચાર સાંભળેલ તે મુજબ સમાધાનની પ્રક્રિયાના જ સમયે ઘટન બની હોવા છતાં સમાધાન સમિતિના કેટલાક સભ્યો પ્રમુખશ્રીને એકલા મુકીને સ્થળ પરથી જતા રહેવું તે કેટલા અંશે યોગ્ય ગણાય? સમાધાન પ્રક્રિયા સમયે આવા શરમજનક કૃત્યને સાથ આપનાર ભાઈઓ સામે પગલાં શા માટે ના લેવા? અને કારણ દર્શક નોટીસ આપી સમાજના સભ્યપદથી શા માટે દુર ના કરવા?

કેન્દ્રીય સમાજ દ્વારા જે જ્ઞાતિના રીતરીવાજોના ૧૯ ઠરાવોનું ગઠન કરેલ છે તેમાંના ઠરાવ નંબર ૧૮ માં જણાવ્યા મુજબ જે હિંદુ રીતરીવાજો પાળતો હોય તેજ સમાજનો સભ્ય બની શકે છે. અને ઠરાવ નંબર ૧૯માં જણાવ્યા મુજબ સામાજિક અને ધાર્મિક બાબતે ઉપસ્થિત થતા વાદ વિવાદોનું નિવારણ સમાજ લેવલે નિરાકરણ લાવવા માટેની જોગવાઈ હોવા છતાં, શા માટે અમુક પંથના ભાઈઓ પોલીસ તથા કાર્ટમાં ગયા? તેમજ ઠરાવ નંબર ૧૬ ના નોંધમાં ખાસ જણાવેલ છે કે "જ્ઞાતિજનોએ આ ઉપરોક્ત દરેક ઠરાવોનું પાલન કરવાનું રહેશે અને જે કોઈ તેનું ઉલંઘન કરે તો કોઈ તેને સાથ સહકાર આપવો નહિ. "જે સભ્યોએ ઠરાવ નંબર ૧૯નું ઉલંઘન કરેલ છે, તો તેમને સામાજિક સહકાર આપવો નહિ જેથી સમાજે હવે વધુ ઉદાર ના રહી ઠોસ નિર્ણય આપવા ઉપરોક્ત સમાજ અપીલ કરે છે અને સમાજ જે નિર્ણય આપશે તેને ઉપરોક્ત સમાજ અનુબોધન આપશે".
ધન્યવાદ.
એજ લી. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (હૈદરાબાદ-સિકંદરાબાદ) વતી

સહી/-	સહી /-
પ્રમુખશ્રી	માનદ મંત્રીશ્રી
(ખીમજી નાનજી પોકાર)	(જયંતીલાલ રામજી સુરાણી)

હૈદરાબાદ-સિકન્દરાબાદ સમાજનો ભલામણ પત્ર

Mar 18 2010 3:28PM HP LASERJET FAX 080 26748699 P.

FROM : GAUTAM AGENCIES.HYD. FAX NO. : 0000000000 Mar. 18 2010 02:06PM P1

શ્રી ઉમિયાયે નમઃ

(Regd. No. 173 of 1984)

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (હૈદરાબાદ–સિકંદરાબાદ)

SHREE KUTCH KADAVA PATIDAR SAMAJ (Hyderabad-Secunderabad)

H.O.: "Patidar Bhavan" 6-4-8/1, Opp : New Gandhi Hospital, Bholakpur, Secunderabad - 500 080.
Phone : Bholakpur - 27534123, Moosapet - 23313734, Moulali - 27131647, R C Puram-9440683958
E-mail : kkpsamajhyd.secbad@yahoo.com

President Khimji Bhai N. Pokar (M)9440344575, (R)27507253	Secretary Jayantilal Bhai R. Surani (M)9848971133, (R)27510835	Treasurer Dinesh Bhai N. Dadga (M)9885373703, (R)23703666
Vice President Ratansi Bhai D. Limbani (M)9441858260, (R)23757088	Jt. Secretary Amrut Bhai S. Chhabhaiya (M)9440066664, (R)23712886	Jt. Treasurer Karamsi Bhai D. Nakarani 9849360010, (R)23733156
Vishram Bhai J. Diwani (M)9951447747, (R)27531747	Narendra Bhai R. Chowdhary (M)9885570002, (R)23034776	Internal Auditor Dayaram Bhai M. Diwani (M)9949933557, (R)27500093

તા. ૯.૩.૨૦૧૦

પ્રમુખશ્રી / મહામંત્રીશ્રી
શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા

આદરણીય મહાનુભાવો,

સવિનય સાથે જણાવવાનું કે સમાજના બે પંથ વચ્ચે ચાલતા વિવાદના નિવારણ માટે ગત તા. ૨૭.૨.૨૦૧૦ ના રોજ કેન્દ્રીય સમાજ દ્વારા સમાધાન સભાનું આયોજન કરેલ તે બદલ અભિનંદન, પણ સમાધાનની પ્રક્રિયા ના જ સમયે પૂર્વ આયોજીત કાવતરા રૂપે અમદાવાદની પોલીસ દ્વારા બેંગલોર વાળા રમેશ ભાવજી વાઘડીયાને કચ્છ નખત્રાણાના પાટીદાર વિદ્યાર્થિ બોર્ડીંગમાંથી ધરપકડ કરવાની ઘટનાને શરમ જનક ગણાવીએ છીએ, તે બદલ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ–હૈદરાબાદ–સિકંદરાબાદ સખત શબ્દોમાં વખોડી કાઢે છે, જે તત્વો દ્વારા આવા હિનકાર્ય કરેલ છે તેમને જવાબદાર ગણીએ છીએ અને આવા કૃત્યથી સમાજની ગરીમા અને એકતા પર પ્રશ્નાર્થચિન્હ લાગે છે, અને સમાજ દ્વારા સમાધાન પ્રયત્નો ના સમય આવી ઘટના શરમ જનક છે.

કેન્દ્રીય સમાજ દ્વારા કડકમાં કડક કાર્યવાહી થાય તેવું ઉપરોકત સમાજ અપિલ કરે છે, અને સમાધાનની પ્રક્રિયા સમય આવી હરકત કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાય જ નહિ. હવે સમય વેડફવો એ સમાજ માટે અતિ ગંભીર બાબત છે.

આપણા પૂર્વજો અને સમાજ રચનાના વડીલોના ઉદેશો પર આપણે ગોર કરી આગળ વધવું જોઈએ અને સમાજે તે નિતિ નિયમોને ધ્યાનમાં રાખી ઉકેલ કરવાની ખાસ જરૂરી છે, હવે સમાજે વધુ ઉદાર ના રહી હમેશાં એક પક્ષને થતો અન્યાય ને ધ્યાનમાં રાખી ગમે તેમ નિત્કર્ષ પર આવવું જોઈએ. જે થી સમાજનો સ્વર્ણિમ મહોત્સવ સારી રીતે ઉજવી શકાય.

સમાચાર સાંભળેલ તે મુજબ સમાધાનની પ્રક્રિયાના જ સમયે ઘટના બની હોવા છતાં સમાધાન સમિતિના કેટલાક સભ્યો પ્રમુખશ્રીને એકલા મુકીને સ્થળ પરથી જતા રહેવું તે કેટલા અંસે યોગ્ય ગણાય ? સમાધાન પ્રક્રિયા સમય આવા શરમ જનક કૃત્યને સાથ આપનાર ભાઈઓ સામે પગલાં શા માટે ના લેવા ? અને કારણ દર્શક નોટીસ આપી સમાજના સભ્ય પદથી શા માટે દુર ના કરવા ?

કેન્દ્રીય સમાજ દ્વારા જે જ્ઞાતિ ના રિત રીવાજો ના ૧૯ ઠરાવો નું ગઠણ કરેલ છે તેમાનાં ઠરાવ નમ્બર ૧૮ માં જણાવ્યા મુજબ જે હિન્દુ રીત રીવાજો પાળતો હોય તેજ સમાજનો સભ્ય બની શકે છે અને ઠરાવ નમ્બર ૧૯ માં જણાવ્યા મુજબ સામાજીક અને ધાર્મિક માં ઉપસ્થિત થતા વાદ વિવાદોનું નિવારણ સમાજ લેવલે નીરાકરણ લાવવા માટે ની જોગવાઈ હોવા છતાં, શા માટે અમુક પંથના ભાઈઓ પોલીસ તથા કોર્ટમાં ગયા? તેમજ ઠરાવ નંબર ૧૯ ના પેઈમાં ખાસ જણાવેલ છે કે "જ્ઞાતિજનો એ આ ઉપરોક્ત દરેક ઠરાવોનું પાલન કરવાનું રહેશે અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તો કોઈએ તેને સહકાર આપવો નહિ" જે સભ્યોએ ઠરાવ ન. ૧૯ નો ઉલ્લંઘન કરેલ છે, તો તેમને સામાજીક સહકાર આપવો નહિ. જે થી સમાજે હવે વધુ ઉદાર ના રહી ઠોસ નિર્ણય આપવા ઉપરોકત સમાજ અપીલ કરે છે અને સમાજ જે નિર્ણય આપશે તેને ઉપરોકત સમાજ અનુબંધન આપશે.

ધન્યવાદ

એજ શ્રી.

(સહી)	(સહી)
ખીમજી નાનજી પોકાર	જયંતિલાલ રામજી સુરાણી
પ્રમુખ	માનદ્ મંત્રી
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ	શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ
હૈદરાબાદ–સિકંદરાબાદ	હૈદરાબાદ–સિકંદરાબાદ

તા.૧૦.૦૩.૨૦૧૦ નખત્રાણા કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં સનાતાનીઓની પહેલીવેલી ઐતિહાસિક સભા

સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં લગભગ ૪૦૦૦ માણસોની હાજરીમાં પહેલીવેલી ઐતિહાસિક સનાતની સભા ભરવામાં આવી હતી. આવું બની શકે? એટલે કે કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં આવું બની શકે તે સમાજના કોઈ પણ સનાતનીઓએ ભાગ્યેજ વિચાર્યું હશે. અરે, જે સમાજમાં સનાતન ધર્મની અને લક્ષ્મીનારાયણ ભગવાનના નામનો જયઘોષ બોલાવવો એ તે સમયે એક ગુન્હો ગણાતો, ત્યાં તેના જ પ્રાંગણમાં સનાતની ભાઈઓની સભા બોલાવવી એ એક આશ્ચર્ય જનક વાત હતી. આ હતી સનાતની સમાજના પ્રાંગણમાં સનાતની શ્રી રમેશભાઈ માવજી વગાડીયાની કરાવવામાં આવેલ પોલીસ ધરપકડની અસર. આ એક સતપંથીઓ દ્વારા આચરવામાં આવેલું દુષ્કૃત્ય હતું. એ પણ વળી એમની સતપંથ સમાજમાં નહી, પણ આપણી સનાતની સમાજમાં. મેં પહેલા પણ કહ્યું હતું કે આ સતપંથના ભાઈઓ કદીયે આપણી કેન્દ્રીય સમાજને પોતાની સમાજ માની જ નથી. તેઓ જો વફાદાર રહ્યા હોય તો ફક્ત તેની સતપંથ સમાજને જ. આપણી સમાજમાં તેઓએ આજીવન સભ્યપદ લીધું હાય તો ફક્ત એટલા માટે જ કે તેઓ કેન્દ્રીય સમાજની આડસમાં રહીને પોતાને હિંદુ તરીકે ઓળખાવી શકે. અને તેમાં તેઓ સફળ પણ રહ્યા. તેઓને જો આપણી સમાજની છત્ર છાયા જે તે વખતે ન મળી હોત તો તેઓ અન્ય હિંદુ જ્ઞાતિઓમાં આજે પણ મુમના મુસલમાન તરીકે જ ઓળખાતા હોત.

આ સભા યોજવાનું શ્રેય હું ડો. શાંતિલાલ સેંઘાણી અને એમના નખત્રાણા અને કોટડા સ્થિત મિત્રો જેવા કે સરપંચ શ્રી ડાહ્યાલાલ સેંઘાણી, કોટડાના જયંતભાઈ સલાટ, નાગલપરના અમૃતભાઈ ધોળુ વગેરે ભાઈઓને આપું તો તેમાંકોઈ અતિશયોક્તિ નથી. આ સભામાં મને પણ બોલવાનો મોકો મળ્યો હતો. પણ ડો. શાંતિલાલ સેંઘાણી જે સતપંથ બારામાં બોલ્યા હતા તે તો કાબિલે તારીફ હતું. તેઓએ સતપંથમાં ચાલતા ભવાડાઓ પાધરા કરીને સતપંથની ધજ્જીયાં ઉડાડી દીધી હતી. આ સભામાં તે વખતના યુવા સંઘના પ્રમુખશ્રી જયંતીભાઈ રામાણીએ (લાકડાવાલાએ) પણ અફલાતુન ભાષણ કરીને પોતાના મંતવ્યો આપ્યા હતા. હિંમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેસરાણીએ પણ પોતાના મંતવ્યો આપ્યા હતા. પણ મને તે વખતે તાજ્જુબ એ થતું હતું કે કેન્દ્રીય સમાજના આગલી હરોળના એક પણ હોદ્દેદાર આવીને આ સભામાં સામેલ થયા હોત તો કેન્દ્રીય સમાજના અને જ્ઞાતિના સનાતની ભાઈઓને એમલાગત કે જ્ઞાતિની આ સનાતન ધર્મની લડાઈમાં તેમનો (કેન્દ્રીય સમાજનો) પણ સાથ છે. પણ તે વખતે તેમવિચારવું એ વધુ પડતું હતું, અતિશયોક્તિ ભર્યું હતું. આ સભામાં લગભગ ૪૦૦૦ સનાતની ભાઈ-બહેનોએ હાજરી આપીને તેમનો ઉત્સાહ અને આક્રોશ પ્રગટ કર્યો હતો. આ અમારો (સનાતન ધર્મ જાગૃતિ સમિતિનો) કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી-હોદ્દેદારો ઉપર એક નૈતિક વિજય હતો એવું મને લાગી રહ્યું હતું.

આ સભામાં નીચે જણાવેલ મહાનુભાવોએ હાજર રહીને સભાને સફળ બનાવવામાં મદદરૂપ થયા હતા

૧. શ્રી માવજીભાઈ કેસરા રામાણી, (પછેડી) નખત્રાણા
૨. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, મોટી વિરાણી
૩. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી, નાના અંગિયા
૪. શ્રી રમેશભાઈ માવજી વાગડિયા, ખોંભડી મોટી
૫. ડો. શાંતિલાલ એમ. સેંઘાણી, કોટડા(જ)
૬. ડો. પ્રેમજી ઘોઘારી, ગાંધીધામ
૭. શ્રી અરવિંદભાઈ કરસન લીબાણી (સલાટ), કોટડા(જ)
૮. શ્રી જયંતીલાલ કરમશી રામાણી (લાકડાવાલા), લક્ષમીપર (યુવા સંઘ પ્રમુખ)
૯. શ્રી રતીલાલ અબજી લીબાણી કોટડા

૧૦. શ્રી ગોવિંદભાઈ અબજી સેંઘાણી
૧૧. શ્રી લાલજી હંસરાજ રૈયાણી, નખત્રાણા
૧૨. શ્રી જયસુખ હરિભાઈ ડાયાણી
૧૩. શ્રી માવજીભાઈ શામજી કેસરાણી, નખત્રાણા
૧૪. શ્રી ડાહ્યાલાલ નારણ સેંઘાણી સરપંચ શ્રી નખત્રાણા
૧૫. શ્રી હરીલાલ નારણ ધોળુ નાગલપર
૧૬. શ્રી હિરાલાલ હંસરાજ ધનાણી, નખત્રાણા
૧૭. શ્રી છગનભાઈ નારણ પારસીયા, નાના અંગિયા
૧૮. શ્રી રવિલાલ નારણ વાલાણી યુવા સંઘ આગેવાન
૧૯. શ્રી પ્રેમજી કાનજી ભગત
૨૦. શ્રી અરજણ વીરજી લીંબાણી
આપણી કેન્દ્રિય સમાજ ના બંધારણ-ધારા ધોરણ તેમજ રીતી રીવાજો ની કલમ ન. ૧૮ અન્વયે આ સમાજ માં આજીવન સભ્યો એવા લોકો જ થઇ શકે કે જેઓ વૈદિક સનાતન હિન્દુ ધર્મ પાળતા હોય. તેથી એ વાત પુરવાર થાય છે કે પીરાણા સતપંથ ધર્મ પાળતા લોકો આ સમાજ ના સભ્યો બની જ ન શકે કારણ કે તેઓ ની તેમની પોતાની પીરાણા સતપંથ સમાજ કાર્યરત છે અને તેમાં તેઓ સભ્યો છે જ. પણ અત્યાર સુધી જે કોઇ સતપંથી ભાઇઓ આ સમાજ ના સભ્યો બની બેઠેલા છે તેમને કેન્દ્રિય સમાજ ના બંધારણ અને રીતી-રીવાજો ની ધાર્મિક અર્થાત સનાતન હિન્દુ ધર્મને લગતી કલમોનું ચુસ્ત પણે પાલન કરાવે અને પાલન ન કરે તો તેમની સામે બંધારણીય ધોરણે શિક્ષાત્મક પગલાં ભરવા માં આવે. આવાં પગલાં ભરવા માટે સમાજની કારોબારી સભાને બંધારણની કલમ ૯ ની પેટા કલમ ન. ૨ અન્વયે સવોચ્ચ સત્તા આપવા માં આવી છે. **તેથી આ સભા સર્વાનુમતે કેન્દ્રિય સમાજ ને અનુરોધ કરે છે કે સમાજના મુળ ઉદ્દેશો અને હેતુઓનું જતન કરવા માટે તે બંધારણની આવી કલમો નો શસ્ત્ર તરીકે ઉપયોગ કરે.**

ઠરાવ ન. ૫

અત્યાર સુધી પીરાણા સતપંથ સમાજ દવારા જે કોઇ ખોટા કોર્ટ કેસો અને ખોટી પોલીસ ફરિયાદો ભલે વ્યકિતગત નામો થી કરવા માં આવી હોય પણ તેની પાછળ સતપંથ સમાજનો દોરીસંચાર હોવાનો આ સભા સ્પષ્ટ પણે માને છે અને આવા કૃત્યોને આ સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને ભારતભરની સનાતન સમાજના સભ્યો ઉંડા દુઃખ ની લાગણી અનુભવે છે. **તેથી આ સભા અત્રે થી એવું ઠરાવે છે કે આવા કેસો તેમજ હવે પછી થવાના કેસો જે કોઇ સનાતની ભાઇઓ ઉપર થયા હોય અથવા થવાના હોય તેમને સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રિય સમાજ પુરે પુરું પીઠબળ (કાનુની એવં આર્થિક) પુરું પાડે એવો કેન્દ્રિય સમાજ ને આ સભા અનુરોધ કરે છે.**

..3

-૩-

ઠરાવ ન. ૬

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ની સ્થાપના એવા વડીલો દવારા જ કરવા માં આવી છે કે જેઓ એ પીરાણા સતપંથ મતનો હંમેશ ને માટે ત્યાગ કરી વૈદિક સનાતન હિન્દુ ધર્મ નો અંગીકાર કર્યો હતો. **એટલા માટે કેન્દ્રિય સમાજ દવારા આગામી મે મહિના માં યોજાનાર સુવર્ણ જયંતી મહોત્સવ માત્ર સનાતની ભાઇઓનો જ મહોત્સવ છે અને તે માત્ર અને માત્ર સનાતની ભાઇઓ જ ઉજવશે એવું આ સભા અત્રે થી ઠરાવે છે.**

ઠરાવ ન. ૭

તા. ૨૭.૨.૨૦૧૦ ના રોજે કેન્દ્રિય સમાજ ના મુખ્ય કાર્યાલય જે આપણું સંસદ ભવન છે તેમાં સમાધાન સમીતી ની સભા વખતેજ અમદાવાદની પોલીસ બિન જામીનપાત્ર વોરંટ લઇને બેન્ગાલોરના શ્રી રમેશભાઇ માવજી વાગડીયાને ધરપકડ કરવા આવી ત્યારે સમાજના અગ્રણી કાર્યકરો અને ટ્રષ્ટીઓ સમાજના પ્રમુખશ્રી ને નોંધારા દયાજનક સ્થિતી માં મૂકીને ચાલ્યા ગયા હતા, એ બાબતને પણ આ સભા વખોડી કાઢે છે. **જે ટ્રષ્ટીઓ અને હોદ્દેદારો ભાગી ગયા હતા તેને ટ્રષ્ટીપદે થી અથવા તો હોદ્દા પર થી દુર કરવા આ સભા કેન્દ્રિય સમાજ ને અનુરોધ કરે છે.**

ઠરાવ નં. ૮

ઉપરોક્ત ઠરાવોને ધ્યાનમાં રાખીને આપણી કેન્દ્રિય સમાજ તમામ જરુરી બાબતો આવરી લઇને એક **શ્વેત પત્ર** ત્વરીત બહાર પાડે જેની ડ્રાફ્ટ કોપી જે અત્યારે આ ઠરાવો સાથે સંલગ્ન કરેલ છે. આવા શ્વેત પત્ર ને ભારત ભર ની સનાતન સામાજો વધાવી લેશે અને સ્વર્ણિમ મહોત્સવ માં ઉમંગ થી ભાગ લેશે. **આવું શ્વેત પત્ર સ્વર્ણિમ મહોત્સવ ના આયોજન પહેલાંજ બહાર પડવું જોઇએ અને ત્યાર પછી જ સ્વર્ણિમ મહોત્સવ ની ઉજવણી થાય એવું આ સભા અત્રે થી ઠરાવે છે.**

ઠરાવ નં. ૯

અત્યાર સુધી ૨૯ઝોન ના પ્રતિનીધીઓ ને સમાજ માં બંધારણીય ધોરણે માન્યતા આપવામાં આવી નથી. તેથી આ સભા અત્રે થી એવું ઠરાવે છે કે આવા ઝોનલ પ્રતિનીધીઓ ને પણ બંધારણીય ધોરણે માનયતા આપવામાં આવે અને તેમના હકકો અને ફરજોનો સમાજના સુધારેલા બંધારણ માં સ્પષ્ટ પણે ઉલ્લેખ કરવામાં આવે.

ઠરાવ નં.૧૦

ઉપરોક્ત નવે ઠરાવો ઉપર કેન્દ્રિય સમાજ ત્વરીત પગલાં નહીં ભરે તો અત્યારે ભેગી થયેલી બંન્ને (શ્રી કરછ કડવા પાટીદાર સમાજ, દક્ષિણ કર્ણાટક ઝોન અને શ્રી કરછ કડવા પાટીદાર સમાજ, ઉત્તર કર્ણાટકઝોન) સમાજે આ પહેલાં આ સંદર્ભે પસાર કરેલા તમામ ઠરાવો યથાવત રાખશે.

..૪

-૪-

ઉપરોક્ત ઠરાવો શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, દક્ષિણ કર્ણાટક ઝોન અને ઉત્તર કર્ણાટકઝોન ની સંયુક્ત સભામાં નિચે જણાવેલ અગ્રણીઓ ની હાજરીમાં સર્વાનુમતે પસાર કરવા માં આવે છે.

૧ શ્રી કેશવલાલ કાનજી ભગત બેન્ગલોર - સભા અધ્યક્ષ

૨ શ્રી ક.ક.પા. દક્ષિણ કર્ણાટક ઝોન, પ્રમુખ શ્રી
મંત્રી શ્રી

૩ શ્રી ક.ક.પા. ઉત્તર કર્ણાટક ઝોન પ્રમુખ શ્રી
મંત્રી શ્રી

૪. શ્રી ક.ક.પા. દક્ષિણ કર્ણાટક ઝોન ના કેનિદ્રય સમાજમાં
કારોબારી પ્રતિનીધીઓ ૧
૨
3
૪
૫

૫ શ્રી ક.ક.પા. ઉત્તર કર્ણાટક ઝોન ના કેનિદ્રય સમાજમાં
કારોબારી પ્રતિનીધીઓ ૧
૨
3

૬ કેન્દ્રિય યુવા સંઘ કર્ણાટક ઝોન ના પ્રમુખશ્રી
મંત્રી શ્રી

૭ શ્રી પાટીદાર પરિવાર સમાજ મૈસુર રોડ બેન્ગલોર પ્રમુખ શ્રી
મંત્રી શ્રી

૮ શ્રી બેન્ગંલોર પાટીદાર સમાજ પીન્યા બેન્ગલોર પ્રમુખ શ્રી
મંત્રી શ્રી

૯ શ્રી લાલબાગ પાટીદાર સમાજ બેન્ગલોર પ્રમુખ શ્રી
મંત્રી શ્રી

- ૫ -

૧૦ શ્રી ઇન્દીરાનગર પાટીદાર સમાજ બેન્ગલોર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૧ શ્રી કે આર પુરમ પાટીદાર સમાજ બેન્ગલોર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૨ શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ નેલમંગલા બેન્ગલોર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૩શ્રી યલહંકા પાટીદાર સમાજ બેન્ગલોર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૪શ્રી દેવનહલ્ળી પાટીદાર સમાજ બેન્ગલોર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૫શ્રી તુમકુર પાટીદાર સમાજ તુમકુર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૬ શ્રી દાવણગેરે પાટીદાર સમાજ દાવણગેરે	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૭. શ્રી મંડયા જીલ્લા ક.ક.પા.સમાજ મંડયા	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૧૮ શ્રી મલનાડ ક.ક.પા.સમાજ મલનાડ	પ્રમુખ શ્રી મંત્રી શ્રી } ગેરહાજર.
૧૯ શ્રી મૈસુર સીટી ક.ક.પા.સમાજ મૈસુરા	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૨૦ શ્રી કોલાર જીલ્લા ક.ક.પા.સમાજ કોલાર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી
૨૧ શ્રી ઉડપી ક.ક.પા.સમાજ ઉડપી	પ્રમુખ શ્રી મંત્રી શ્રી

- ૬ -

૨૨ શ્રી ચિત્રદુર્ગા જીલ્લા ક.ક.પા.સમાજ ચિત્રદુર્ગા	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	ગેરહાજર
૨૩ શ્રી હરીહર ક.ક.પા.સમાજ હરીહર	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	(મણીલાલ વાલજી રૂડાણી)
૨૪ શ્રી હુબલી પાટીદાર સમાજ હુબલી	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	
૨૫ શ્રી બેલગામ પાટીદાર સમાજ બેલગામ	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	
૨૪ શ્રી કિષ્કિંધા ક.ક.પા.સમાજ હોસ્પેટ	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	
૨૫ શ્રી હાવેરી જીલ્લા ક.ક.પા.સમાજ હાવેરી	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	
૨૬ શ્રી ધારવાડ ક.ક.પા.સમાજ ધારવાડ	પ્રમુખ શ્રી મંત્રી શ્રી	
૨૭ કચ્છ કડવા પાટીદાર સમાજ મહાલિંગપુર	પ્રમુખશ્રી મંત્રીશ્રી	D.V. Patel
28 રતનશી મનજી રૂડાણી બેલગામ		

૨૪.૦૩.૨૦૧૦ સૌલા ખાતે મણીભાઇ મમ્મી સાથે સમાજના યુવાનભાઇઓનું મિલન

કેન્દ્રીય સમાજના યુવાસંઘમાં તે સમયે ભલે પ્રમુખશ્રી જયંતીલાલ કરમશી રામાણી અને મંત્રી શ્રી ગૌરાંગભાઈ ધનાણી સનાતની હોય પણ તેમની ટીમમાં ખાંટી સતપથી અને સતપંથ તરફ કુણી લાગણી ધરાવતા હોય એવા યુવાનો પણ ગણા હતા. કદાચ અત્યારે તેમના નામલઈશ તો ગણા બધા ભાઈઓને અજુગતું લાગશે પણ તે હકીકત હતી. તા.૨૭.૦૨.૨૦૧૦ ના કેન્દ્રીય સમાજમાં મારી પોલીસ ધરપકડ થયા પછી યુવા સંઘની સોચ અને સમીકરણો બદલાઈ ગયાં હતાં. યુવાસંઘના યુવાનો જયંતીભાઈ રામાણીના નેતૃત્વ નીચે સતપંથ-સનાતન મુદ્દે આરપારની લડાઈ લડવા કટીબધ્ધ થઇ ગયા હતા. તે યુવાસંઘે કેન્દ્રીય સમાજને તા.૨૮.૦૨.૨૦૧૦ ના લખેલ તાકીદભર્યા પત્રમાં પ્રતિબિંબ થતું હતું. તે પત્રનો ઉલ્લેખ મેં આ પુસ્તકમાં ક્યાંક કરેલ છે. તે ફરી એક વખત વાંચી લેવા હું વાચક વર્ગને અનુરોધ કરું છું.

૨૫.૦૩.૨૦૧૦ ના કેન્દ્રીય સમાજે શ્વેત પત્ર બહાર પાડ્યું

વાચક ભાઈઓને અત્યારે તેમના મનમાં નીચે જણાવેલ પ્રશ્નો ઉદ્ભવશે અને તે ઉદ્ભવવાજ જોઈએ.

- ૧. શ્વેતપત્ર એટલે શું?
- ૨. એ શ્વેતપત્ર કોને બહાર પાડ્યું?
- ૩. સમાજનું એ શ્વેતપત્ર શું હતું?
- ૪. એ શ્વેતપત્ર બહાર પાડવાની કેન્દ્રીય સમાજને શા માટે જરૂરત પડી?

ઉપરોક્ત પ્રશ્નો દરેક વાચક વર્ગને ઉદ્ભવે તે સ્વાભાવિક છે. તેના જવાબો હું નીચે પ્રમાણે આપી રહ્યો છું. કેન્દ્રીય સમાજનો દરેક સભ્ય તેનું વાચન કરે અને તેને બરાબર સમજી શકે તે માટે મેં અહી કોશિશ કરી છે.

શ્વેતપત્ર એટલે શું?:

ગુજરાતી શબ્દ કોશમાં તેની વ્યાખ્યા આપેલી છે. અને તેનો અંગ્રેજી અનુવાદ થાય છે ''વ્હાઈટ પેપર (WHITE PAPER)''. ગુજરાતી શબ્દ કોશ પ્રમાણે તેની વ્યાખ્યા થાય છે ''ખાસ માહિતી કે ખુલાશો આપનારો દસ્તાવેજ''

એ શ્વેતપત્ર કોને બાહર પાડ્યું?:

એ શ્વેતપત્ર આપણી કેન્દ્રીય સમાજે બાહર પાડ્યું હતું. બીજા શબ્દોમાં કહું તો તે સમયે કેન્દ્રીય સમાજને તે બહાર પાડવાની ફરજ પડી હતી. અને સમાજના સનાતની ભાઈઓએ કેન્દ્રીય સમાજને ફરજ પાડી હતી. પરિસ્થિતિ એવી નિર્માણ થઇ હતી કે સમાજના આગેવાનોને ના છુટકે શ્વેતપત્ર બાહર પાડીને પોતાની સનાતની સમાજ તરીકેની ઓળખ જાહેર કરવી પડી હતી.

સમાજનું એ શ્વેતપત્ર શું હતું?:

સમાજનું તે શ્વેત પત્ર એ હતું કે તેમાં કેન્દ્રીય સમાજે પોતાની સનાતની સમાજ તરીકેની ઓળખ જાહેર કરી હતી. કેન્દ્રીય સમાજે તે શ્વેતપત્રમાં ખાસ માહિતી આપી હતી અને જાહેર કર્યું હતું કે કેન્દ્રીય સમાજનો મૂળ ધર્મ સનાતન હિંદુ ધર્મ છે.

એ શ્વેતપત્ર બહાર પાડવાની કેન્દ્રીય સમાજને શા માટે જરૂરત પડી?:

તે સમયે પરિસ્થિતિ એવી નિર્માણ થઇ હતી કે કેન્દ્રીય સમાજના આગેવાનો એક જરૂરી વાતને ભૂલી ગયા હતા કે કેન્દ્રીય

સમાજનો મૂળ ધર્મ શું છે? તે વખતના સમાજના આગેવાનોને એમહતું કે કેન્દ્રીય સમાજને સનાતન ધર્મ સાથે કોઈ જ લેવા દેવા નથી. એટલા માટે થઈને મુરબ્બી શ્રી હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાગડીયા અને પ્રેમજીભાઈ કેસરાણીની આગેવાનીમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ચલાવીને જ્ઞાતિની સનાતન ધર્મ બાબતે ચોથી ક્રાંતિની શુરુઆત થઇ ગઈ હતી. તે અન્વયે ભારત ભરની સમાજોમાં સભાઓ યોજીને સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ એ વાતને પુરવાર કરી દીધી હતી કે કેન્દ્રીય સમાજની સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથનો સદન્તરે પરિત્યાગ કરીને પોતાનો મૂળ સનાતન ધર્મનો અંગીકાર કર્યો હતો. સતપંથ ધર્મ અને સતપંથ સમાજને મુકીને સનાતન હિંદુ ધર્મને અંગીકાર કરેલા જ્ઞાતિના ભાઈઓના હિતાર્થે અને તેમના હિતોની રક્ષા કરવા માટે થઈને કેન્દ્રીય સમાજની સ્થાપના સન ૧૯૩૮ માં કરવામાં આવી હતી. તે વાત ને પુરવાર કરવા માટે સનાતન ધર્મ જાગુતીએ તેના દસ્તાવેજી પુરાવાઓ પણ લોકો સમક્ષ રજુ કર્યા હતાં. પણ સમય જતાં આજના સમાજના આગેવાનો એ વાતને સાવ ભૂલી ગયા હતા કે કેન્દ્રીય સમાજની રચના સનાતન હિંદુ ધર્મના પાયા ઉપર કરવામાં આવી હતી અને તેઓ અત્યારે એમમાંની રહ્યા હતા કે કેન્દ્રીય સમાજ તો ધર્મ નિરપેક્ષતા વાળો સમાજ છે. જેને ધર્મ સાથે કાંઈજ લેવાદેવા હોતી નથી. એટલુજ નહિ, પીરાણા સતપંથ ધર્મના લોકોને થાબડ ભાણા કરીને સનાતન ધર્મ પાળતા ભાઈઓની સતત ઉપેક્ષા કરી રહ્યા હતા. ટૂંકમાં કહું તો સનાતન ધર્મ જાગૃતિ સમિતિની અભિયાન સભાઓને લીધે કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં પ્રચંડ જાગૃતિ આવી જવાથી કેન્દ્રીય સમાજને પોતાની સનાતની સમાજ તરીકેની મૂળ ઓળખ જાહેર કરવાની ફરજ પડી હતી અને તે ઓળખ તેને શ્વેતપત્ર બાહાર પાડીને જાહેર કરી હતી.

શ્વેતપત્ર બહાર પાડવા માટે કેન્દ્રીય સમાજે બોલાવેલ એક વિશેષ કારોબારી સભા

પણ તાજુબની વાત એ હતી કે શ્વેતપત્ર બહાર પાડવા માટે થઈને સમાજની કારોબારી સભા બોલાવવામાં આવી હતી અને મારી અને હિંમતભાઈ પાસે સમાજે એવી બાંહેધરી લીધી હતી કે સભામાં અથવા સભા બહાર શ્વેતપત્ર બહાર પાડતી વખતે કંઈ પણ અણબનાવ થશે તો તેની જવાબદારી હિંમતભાઈની અને રમેશભાઈની રહેશે. અણબનાવ એટલે કાંઇ પણ જાતનો વિરોધ અથવા તો શ્વેત પત્રને લીધે જગડા ફસાદ થશે તેની જવાબદારી રમેશભાઈ વાગડિયા અને હિમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેસરાણીને લેવી પડશે. તે સમયે મેં ગંગારામભાઈ સાંખલાને કહ્યું હતું કે અમે તો કારોબારી સભ્ય નથી તો તે જવાબદારી અમે કેવી રીતે લઈ શકીએ? ત્યારે ગંગારામભાઈ સાંખલાએ કહ્યું હતું કે તમે ભલે કારોબારી સભામાં બેસજો પણ તમારે બોલવા નહિ મળે. ત્યારે અમે કહ્યું કે તેમતો તેમપણ શ્વેતપત્ર બહાર તો પાડો. કંઈ પણ અણબનાવ થશે તેને અમે પહોંચી વળશું એવી મૌખિક બાંહેધરી અમોએ સમાજને આપી હતી.

શ્વેતપત્ર ને લઈને સમાજના સનાતની ભાઈઓમાં જોવા મળેલ પ્રચંડ ઉત્સાહ

તે કારોબારી સભા સમાજના ડાઈનીગ હોલની ઉપરના હોલમાં બોલાવવામાં આવી હતી. જેટલા ભાઈઓ તે હોલમાં ઉપસ્થિત હતા તેનાથી બમણા ભાઈઓ હોલ બહાર ઉભા હતા અને શ્વેતપત્ર પસાર થવાની આતુરતાપૂર્વક રાહ જોઇને ઉભા હતા. તે નજારો જોવા જેવો હતો. સમાજના સનાતની ભાઈઓમાં શ્વેત્પત્રને લઈને જબજસ્ત પ્રચંડ ઉત્સાહ જોવા મળ્યો હતો.

સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ ઉપર સતપંથના ભાઈઓનું એટલું બધું વર્ચસ્વ તે વખતે હતું કે શ્વેતપત્ર પાસ થઈ ગયા પછી અમુક કારોબારી સભ્યો તે વાતને બિરદાવતા પોતાના મંતવ્યો આપી રહ્યા હતા ત્યારે એક કારોબારી સભ્ય શ્રી દામજીભાઈ ધોળુ માંડવી દુર્ગાપુર નવાવાસ વાળા પોતાના મંતવ્ય આપતાં સનાતન ધર્મની જય બોલાવવાને બદલે સતપંથ ધર્મની જય બોલાવી દીધી હતી અને સભામાં ઉપસ્થિત ભાઈઓએ ગોકીરો મચાવી દેતા તેને પોતાની ભુલ વાળી લીધી હતી. આટલું બધું વર્ચસ્વ પીરાણા સતપંથના ભાઈઓએ કેન્દ્રીય સમાજ ઉપર ઠોકી બેસાડ્યું હતું.

શ્વેતપત્રની મૂળ નકલ

શ્વેત પત્ર

કેન્દ્રીય સમાજના હોદેદારો અને સમાધાન સમિતિ દ્વારા ધાર્મિક વિવાદો અંગેના સમાધાનની લાંબા સમયની પ્રક્રીયા દરમ્યાન ખુબજ ઉંડાણ પુર્વકનો અભ્યાસ સમગ્ર રીતે કરવામાં આવેલ છે. અમારી સમક્ષ આવેલા કેટલાક તથ્યો, હકીકતો સાહીત્યોમાંથી ઉભરેલા સત્યો, પુવર્જોની ચીંધેલી દિશા, વડવાઓના કાર્યો, જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો, અભિપ્રાયો વગેરેને અમો હોદેદારોએ નોંધમાં લીધેલ છે. તેમજ છેલ્લા કેટલાક સમયથી ધર્મ વિષયક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તાર્કિક તલસ્પર્શી અભ્યાસના તારણો કરતા આવી તમામ બાબતોને નજર સમક્ષ રાખીને અવારનવાર મળેલ હોદેદારો અને ટ્રસ્ટીઓની મીટીગમાં ચર્ચા–વિચારણાના અંતે સર્વાનુંમતે લેવાયેલ નિર્ણયોના અનુસંધાનમાં અને તા.૨૭/૨/૨૦૧૦ ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન બનેલ કલંકિત ઘટનાના અનુસંધાનમાં નિચે મુજબનો **શ્વેત પત્ર** જારી કરવામાં આવે છે.

(૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો. તેથી નિઃશંકપણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

(૨) પુજનીય સંતશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ હતી જેથી આ સમાજ, મુળભુત હિન્દુ સનાતન વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે.

(૩) આપણો સમાજ હિન્દુ સનાતન વિચાધારા પર આવી શકે તેવી લાગણીથી આ સમાજની રચના કરવામાં આવી છે અને તેના સારા પરિણામો આવી શકયા છે પરંતુ અપવાદરૂપ હજી પણ કેટલાક જ્ઞાતિજનો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિને અપનાવી શકયા નથી તે ખરેખર દુઃખદ બાબત ગણી શકાય.

(૪) સમાજ રચનાના લખાણો, તે વખતની પ્રતો, મીનીટસ બુકો વિગેરે પરથી પ્રમાણિત થાય છે કે આ સમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર–પ્રસાર કરશે.

(૫) અત્યાર સુધી અવારનવાર કેન્દ્રીય સમાજ દ્વારા જ જ્ઞાતિના અધિવેશનો બોલાવવામાં આવેલા છે. તેમાં પસાર કરવામાં આવેલ ઠરાવ મુજબ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ મુજબ બાહય આચરણો અંગે અને નિયમ ૧૯ મુજબ સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગેનું પાલન કરાવવા જણાવવામાં આવેલ છે. તેમ છતા કેટલીક વ્યકિતઓ આ નિયમોને ગંભીરતાથી લેતી નથી. તેમજ અવારનવાર એક યા બીજા બહાના હેઠળ આપણો સમગ્ર સમાજ હેરાન થાય તેમજ સમાજના પ્રતિનિધિઓની લાગણી દુભાય તેવા કેસો કરે છે અને સમાજને પણ તકલીફમાં મુકે છે જેથી સમાજનું બંધારણ, ધારાધોરણ તેમજ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ અને ૧૯ નું ચુસ્ત પણે પાલન કરાવવું આ તબક્કે ખુબજ જરૂરી બને છે. સમાજમાં એકજ આચાર અને વિચાર કાયમ રહે, એકજ રિતિરિવાજાનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્ત પણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. જેમણે ઉપરોકત નિયમોનો ભંગ કરેલ છે તે વ્યકિત તેમજ વ્યકિત સમુહનું સભ્યપદ રદ કરવાનું રહે છે અને **"સ્વર્ણિમ મહોત્સવ"** તેમજ સમાજના તમામ કાર્યક્રમોમાં તેમનો પ્રવેશ નિષેધ કરવામાં આવે છે. આ અંગેની જવાબદારી ભારત ભરના તમામ ઝોન અને ઝોનમાં આવતી સમાજને સોંપવામાં આવે છે.

(૬) સમાજના સભ્યપદ મેળવવા માટે આ શ્વેત પત્રમાં જણાવેલ વિવિધ મુદાઓ અનુસાર આપણી જ્ઞાતિના જે કોઈ સભ્ય જન્મથી મરણોતર સુધી સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરાઓ અને સમાજના બંધારણ અને ધારાધોરણો તથા જ્ઞાતિના રિતરિવાજોનું પાલન કરનારને નિયત અરજી પત્રક મેળવીને જરૂરી સભ્ય ફી ભરી કારોબારી સભામાં મંજુર થયે સભ્યપદ આપવામાં આવશે. સમાજના વર્તમાન આજીવન સભ્યોએ પણ સભ્યપદ માટેનું નિયત અરજી પત્રક ભરીને સમાજને સોંપવાનું રહેશે.

નખત્રાણા–કચ્છ
તા.૨૫/૦૩/૨૦૧૦

[illegible signature]
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા(કચ્છ)

તા. ૧૨.૦૩.૨૦૧૦ ના કચ્છના દૈનિક પેપરો સંદેશ, કચ્છ મિત્ર અને દિવ્ય ભાસ્કર માં છપાયેલ આપણી સમાજને લગતા સમાચારોની નકલ

૪ કચ્છમિત્ર ૧૨/૦૩/૨૦૧૦

તો સતપંથ સમાજે કેસો શા માટે કર્યા ?

નખત્રાણા, તા. ૧૧ : અહીં પાટીદાર વિદ્યાર્થી ભવન ખાતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર કેન્દ્રીય સમાજના પ્રમુખ રામજીભાઇ નાકરાણીની અધ્યક્ષતામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તા. ૨૭/૨ના મળેલી સમાધાન સમિતિની બેઠક દરમ્યાન મૂળ ખોંભડીના હાલે બેંગ્લોર વસતા રમેશભાઇ વાઘડિયાની ધરપકડ થઇ તે પૂર્વ આયોજિત હતી. તેમના પર થયેલા કેસ ભલે વ્યક્તિગત બતાવાઇ રહ્યો હોય પરંતુ તે કેસ કરનાર વ્યક્તિને પીઠબળ સતપંથ સમાજનું છે !

વધુમાં આ બેઠકમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, અત્યારં સુધી સતપંથી ભાઇઓએ કરેલા તમામ કેસો વ્યક્તિગત ધોરણે જ કરવામાં આવ્યા છે અને તેની પ્રેરણા અને પાછળનું પીઠબળ સતપંથ સમાજનું જ હોય છે.

અગાઉ ૨૦૦૫માં થયેલા કેસોના સમાધાન માટે જે સમાધાન સમિતિની બેઠક મળી હતી, જો વ્યક્તિગત રીતે કેસો કરવામાં આવ્યા હોય તો આ બેઠકમાં ૧૫૦ જેટલા સતપંથ

કચ્છ કડવા પાટીદાર સમાજના બે ફાંટા વચ્ચેનો વિવાદ વધુ વકરે છે : સનાતનીઓ નારાજ

સમાજના ભાઇઓ શા માટે ઉપસ્થિત રહ્યા તેવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો હતો.

આગામી મે માસ દરમ્યાન સમાજનો જે સ્વર્ણિમ મહોત્સવ ઉજવવાનો છે તે સારી રીતે ઉજવાય અને પાટીદાર સનાતન સમાજ તેમજ સતપંથ સમાજ વચ્ચેના જે મતભેદો છે તે દૂર થાય તે માટે સમાધાન સમિતિની બેઠક મળી હતી પરંતુ રમેશભાઇ વાઘડિયાની ધરપકડના મુદ્દે આ બેઠક ઉગ્ર બની હતી. પાટીદાર સનાતન સમાજના અગ્રણીઓ દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, તાજેતરમાં ૧૯ જેટલા કેસો પાટીદાર સતપંથ ભાઇઓ દ્વારા પાટીદાર સનાતન સમાજના ભાઇઓ પર કરવામાં આવ્યા છે. તે બતાવે છે કે પાટીદાર સનાતન સમાજના ભાઇઓ પર થતા કેસો પાછળ સમાજનું પીઠબળ છે જ્યારે સામે પક્ષે પાટીદાર સનાતન સમાજ કે કોઇ વ્યક્તિ પર આજ દિવસ સુધી કોઇ કેસ કર્યો નથી. આ રીતે માત્ર હેરાનગતિ કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

પાટીદાર સનાતન સમાજ માત્ર ને માત્ર સનાતન ધર્મની વિચારસરણીને વરેલો છે અને હિન્દુ ધર્મ જ માત્ર સનાતન છે, બાકી બધે ધર્મના ફાંટા છે. પાટીદાર સનાતન સમાજની ૧૯૬૦, ૧૯૭૭, ૧૯૮૫, ૧૯૯૩ની મળેલી પરિષદોમાં સમાજના નક્કી કરેલા રીત-રિવાજો અને વિચારસરણીમાં તથ્યો છે તે આચરણમાં મૂકવામાં આવે છે.

સમાધાન સમિતિની મળેલી બેઠકમાં સતપંથ સમાજના અગ્રણીઓ દ્વારા એવી દરખાસ્ત મૂકવામાં આવી હતી કે, રમેશભાઇ વાઘડિયા સતપંથાચાર્ય નાનકદાસજી પાસે માફી માગે તો અમો તમામ કેસો પાછા ખેંચવા તૈયાર છીએ ! આ પરથી પણ જણાય છે કે સનાતનીઓ પર થતા કેસો સતપંથ સમાજ દ્વારા કરવામાં આવી રહ્યા છે. પાટીદાર સમાજની એક્તા-સંગઠનો તોડવા મેલી રમતો જે રમાય છે તેને વખોડવામાં આવી હતી.

આ બેઠકમાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટી-વર્તમાન સ્વર્ણિમ મહોત્સવના ચેરમેન ગંગારામભાઇ સાંખલા, ઓલ ઇન્ડિયા યુવા સંઘના પ્રમુખ જયંતીભાઇ રામાણી, સમાજના મહામંત્રી મોહનભાઇ ધોળુ, મંત્રી માવજીભાઇ છાંભૈયા, હિંમતલાલ રતનશી ખેતાણી, લાલજીભાઇ હંસરાજ, રામાણી પ્રેમજીભાઇ કેશરાણી, કેન્દ્રીય સમાજના મહામંત્રી રમેશભાઇ વાઘડિયા, અરવિંદભાઇ કરશન લીંબાણી, અમૃતલાલભાઇ ધોળુ, જગદીશભાઇ વાડિયા, મંગલભાઇ કેશરાણી સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વમાં ૨૦ ભારતીય અબજોપતિ...

નામ	સંપત્તિ (અબજ ડોલરમાં)	વિશ્વમાં ક્રમ
મુકેશ અંબાણી	૨૯	૪
લક્ષ્મી મિત્તલ	૨૮.૭	૫
અઝીમ પ્રેમજી	૧૭	૨૮
અનિલ અંબાણી	૧૩.૭	૩૬
શશી-રવિ રૂઇયા	૧૩	૪૦
સાવિત્રી જિંદાલ	૧૨.૨	૪૪
કુશાંલપાલ સિંહ	૯	૭૪
કુમાર બિરલા	૭.૯	૮૬
અનિલ મિત્તલ	૭.૮	૮૭

સંદેશ ૧૨/૦૩/૨૦૧૦

પાટીદાર સનાતન સમાજ હિન્દુ ધર્મનો દર્પણ છે

ભુજ તા.૧૧: નખત્રાણા ખાતે પાટીદાર વિદ્યાર્થીભવનમાં અ.ભા.ક.ક.પા. યુવા સંઘના નેજા હેઠળ પાટીદાર સનાતન સમાજની એક સામાન્ય સભા યોજવામાં આવી હતી. જેમાં સમાજના સાંસદ ભવન સમા. પા.વિ.ભવનની અંદર તાજેતરમાં પોલીસ પ્રવેશને સમાજના ઈતિહાસની કલંકિત ઘટના ગણવામાં આવી હતી.

આ પ્રસંગે સંપ્રદાય સામસામે ગંભીર આક્ષેપ કરાયા હતા. સ્વ.નારણબાપા લીંબાણીની પરબત બાપા, રતનશી બાપા કેસરા બાપાએ ૫૦ વર્ષ અગાઉ સમાજની સુધારા નીતિને અનુસાર સનાતનની છે. તેવું જણાવ્યું હતું.

હિંમતભાઈ, રમેશ વાઘડિયા, ડો.સેંઘાણી, ડો.પ્રેમજીભાઈ અને પ્રેમજી કેસરાણીએ ઉપસ્થિત ૧૫૦૦થી વધુ સનાતની ભાઈ બહેનોને જણાવ્યું હતું કે, સમાજ સનાતન ધર્મની બુનિયાદ સાથે સંકળાયેલો છે. અને સનાતની વ્યક્તિના આચરણો સમાજ અને ધર્મને બંધનકર્તા હોવા જોઈએ. યુવા સંઘના પ્રમુખ જ્યંતિભાઈ ધાકડાવાળાએ જણાવ્યું હતું કે, સમાજ અને ધર્મ એ સિક્કાની બન્ને બાજુ છે અને પાટીદાર સનાતન-સમાજ હિન્દુ ધર્મનો દર્પણ છે.

DIVYA BHASKAR 12/03/2010.

...ા.પુ. બોર્ડનો કર્મચારી ૧૦ ...હજારની લાંચ લેતા ઝડપાયો

...ાંધીધામમાં બસ સ્ટેશનના ...ૌચાલયમાં કનેક્શન માટે ...૦ હજાર માગ્યા હતા

ભાસ્કર ન્યૂઝ . ભુજ

...ધીધામમાં રૂા. ૧૦ હજારની લાંચ ...તા પાણી પુરવઠા બોર્ડના ...ર્મચારીને એસીબીએ છટકું ...ગોઠવીને રંગેહાથ ઝડપી લીધો ...તો. પ્રાપ્ત વિગતો મુજબ ...ગાંધીધામ પાણી પુરવઠા બોર્ડના વર્ક ચાર્જ વર્ક આસિસ્ટન્ટ કિશન આત્મારામ સહેલાણીએ શહેરના એસટી બસ સ્ટેશનમાં શૌચાલયનો કોન્ટ્રાક્ટ ધરાવતા કોમલ કિશોર દિનેશસિંગ (રહે. ગાંધીધામ) વાળા પાસેથી શૌચાલયમાં કપાયેલું પાણીનું કનેકશન તાત્કાલિક જોડી આપવા તથા બિલ ઓછું આપવા રૂા. ૧૦૦૦૦ માગ્યા હતા.

શૌચાલયના કોન્ટ્રાક્ટરે આ અંગે એસીબીને ફરિયાદ કરતાં છટકું

...અનુસંધાન પાના નં. ૬

સતપંથી અને સનાતન સમાજ વચ્ચેના વિવાદમાં આવેલો નવો વળાંક

કેસો ખેંચાશે તો જ સનાતનપંથીઓ સમાજના મહોત્સવમાં સામેલ થશે

નખત્રાણા ખાતે મળેલી સનાતન સમાજની મીટિંગમાં એક સૂરે કરાયેલો નિર્ણય

ભાસ્કર ન્યૂઝ . નખત્રાણા

કચ્છ કડવા પાટીદાર સમાજમાં આગામી સ્વર્ણિમ મહોત્સવ ઉજવવાની એક બાજુ તડામાર તૈયારીઓ કરાઈ રહી છે ત્યારે બીજી બાજુ સનાતન અને સતપંથ સમાજ બંને વચ્ચે જૂની ફરિયાદો અને ધાર્મિક, સામાજિક, નીતિ, નિયમો આચરણને લઈને ઉભા થયેલ વિવાદની વચ્ચે ગત તા. ૨૭મી



પત્રકાર પરિષદમાં રામજીભાઇ, ગંગારામભાઇ. -ભરત જોષી

...અનુસંધાન પાના નં. ૯


...ીસ લાખ લોકોમાં બોલાતી ...કચ્છી ભાષાને માન્યતા આપો

...માં કચ્છી ભાષા ...લનનો પ્રારંભ

ભાસ્કર ન્યૂઝ . ભુજ

...લાખ લોકો કચ્છી બોલી બોલે ...મ છતાં તેને માન્યતા મળી





કહ્યું હતું, પરંતુ તેના ચાલક તાહન સ્પીડમાં ચલાવતો હોવાથી અન્ય પાંચ યુવાનોએ સાથે જવાની ના પાડી હતી અને બસમાં જવાનું મુનાસિબ માન્યું હતું, જેથી સદ્‌ભાગ્યે તેઓ બચી ગયા હતા.

કલેક્ટરના બંગલામાં તસ્કરો...

ગયા હતા. જાણવા મળતી વિગતો મુજબ ભુજમાં કલેક્ટર ઓફિસની પાછળ જ આવેલા જિલ્લા સમાહર્તા એમ. થેન્નારસનના બંગલામાં તા. દસમી માર્ચની મોડી રાત્રિથી ગુરુવારે સવાર સુધીમાં તસ્કરો ત્રાટક્યા હતા અને કલેક્ટરના બગીચામાંથી ચંદનનું વૃક્ષ કાપીને લઈ ગયા હતા. આ ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પરંતુ પોલીસે બનાવની વિગતો છૂપાવી હતી. ઘટનાને પગલે હરકતમાં આવેલી પોલીસ ડોગસ્ક્વોડ લઈને ભરબપોરે તપાસ માટે રવાના કરાઈ હતી પરંતુ પત્રકારનો જમેલો કલેક્ટરના બંગલા બહાર હોવાથી સાંજ સુધી ઘટના સ્થળ સુધી ગંધપારખુ શ્વાન પહોંચ્યો ન હતો.

નોંધનીય છે કે, કલેક્ટરના નિવાસસ્થાનની ફરતે ઊંચી દીવાલ અને તેના ઉપર કાંટાળા તારથી ફેન્સિંગ કરેલું છે અને મુખ્ય દરવાજા પર બેથી ત્રણ ગાર્ડ ૨૪ કલાક તેનાત હોય છે છતાં તસ્કરો રાત્રિના સમયમાં કલેક્ટરના બંગલામાં ઘૂસીને ચંદનવૃક્ષ કાપી ગયા હતા. આ અગાઉ પણ દાદા બાગ, સ્વામિનારાયણ મંદિર સહિતના ત્રણથી ચાર સ્થળેથી ચંદનના વૃક્ષ કાપી જવાયા હતા. જેનો હજુ અતોપત્તો નથી.

પા.પુ. બોર્ડનો કર્મચારી...

ગોઠવાયું હતું. આરોપીએ ગાંધીધામમાં ૪૦૦ ક્વાર્ટરમાં આવેલી તેની દુકાન સાંઇનાથ કોર્નરમાં પૈસા આપી જવા જણાવ્યું હતું. પૈસા હાથોહાથ આપે તે સમયે જ એસીબીએ તેને ઝડપી લીધો હતો.

આ કામગીરીમાં એસીબી પીઆઈ એમ. બી. ઝાલા, એએસઆઈ નરોત્તમ ચૌહાણ, ખેતાજી સોઢા, ગિરીશ જોષી, અરૂણસિંહ જાડેજા, ચમનસિંહ સોઢા વગેરે જોડાયા હતા.

કેસો ખેંચાશે તો જ...

કેશુઆરીના નખત્રાણા પાટીદાર વિદ્યાર્થીભવન ખાતે સમાધાનની મીટિંગમાં પોલીસ દ્વારા રમેશભાઈ વાઘડિયાના બિનજામીન વોરન્ટને લઈને જે સમગ્ર પાટીદાર સમાજ નહીં પરંતુ જે બંધારણનું અપમાન થયું છે તેને સમાજે ખેદ સાથે વખોડયું હતું અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના અધ્યક્ષ રામજીભાઈ કે. નાકરાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં સ્વર્ણિમ મહોત્સવના ચેરમેન ગંગારામભાઈ સાંખલાએ સ્પષ્ટ પણે કહ્યું હતું કે અત્યારે સનાતન પાટીદારોના ભાઈઓ ઉપર જે ખોટી ફરિયાદોને લઈને જે સતપંથ સંપ્રદાયના લોકો કહે છે કે, એ વ્યક્તિગત ફરિયાદો છે. કેન્દ્રીય સમાજ અને આગામી સ્વર્ણિમ મહોત્સવ ઉજવવાનો છે એમાં સતપંથીઓ તોજ ભાગ લઈ શકશે કે જે સનાતનના ભાઈઓ ઉપર કરવામાં આવેલા કેસો બિનશરતી પાછા ખેંચાય.

કેન્દ્રીય સમાજના પ્રમુખ રામજીભાઈ નાકરાણીએ, અ.ભા.ક.કં.પા. સમાજના યુવા સંઘના પ્રમુખ જયંતીભાઈ રામાણીએ પણ પોતાની વાત વ્યક્ત કરી હતી. સતપંથ સમાજ કહે છે કે, રમેશ વાઘડિયા પર થયેલા કેસો વ્યક્તિગત છે તો પછી પીરાણામાં બેઠેલા કેમ કહે છે કે અમારી માફી માંગો તો તમામ કેસો પાછા ખેંચી લેશું અને જેના ઉપર કેસો થયેલા છે એવા વાઘડિયાએ કેસનો ખુલાસો કર્યો હતો કે, મારા તેમજ મારા બાપુજી અને અમારા વૃદ્ધ દાદા પર પીરાણામાં આવીને સંપ્રદાયનું અપમાન કર્યું છે. એવા કેસનો જે સદંતર જુઠ બુનિયાદ કેસ કરવામાં આવ્યા છે. કોર્ટનો આશરો લેવાની મનાઈ હોવા છતાં સતપંથ સમાજમાં ભાઈઓ સદંતરે ખુલ્લે આમ આ કલમ ૧૯નો ભંગ કરી રહ્યા છે. મિટીંગમાંઅ.ભા. ક.ક. પાટીદાર સમાજ જયંતીભાઈ લાકડાવાળા, મોહનભાઈ ધોળુ, માવજીભાઈ છાભૈયા, હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાઘડિયા, પ્રેમજીભાઈ કેશરાણી, લાલજીભાઈ રામાણી, ડાયાભાઈ સેંઘાણી, વેલુભાઈ સલાટ, અમૃતભાઈ ધોળુ, રતિલાલભાઈ પટેલ તેમજ કેન્દ્રીય સમાજના અગ્રણી યુવાન સંઘ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના ચિત્રકૂટ સોસાયટીમાં રહેતી મંજુલાબેન વિજયભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) પતિ અને સાસુ દ્વારા અપાતા ત્રાસથી કંટાળી મંગળવારે સાંજે ૫:૩૦ વાગ્યે પોતાના જ ઘરે શરીર પર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. મંજુલાબેનને સારવાર માટે ભુજ સ્થિત ખાનગી હોસ્પિટલમાં

વીસ લાખ લોકોમાં બોલાતી...

થયો હતો. સાહિત્ય અકાદમી દિલ્હી અને કચ્છી સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રોટરી હોલ ખાતે ખુલ્લુ મુકતાં દિલ્હી સાહિત્ય અકાદમીના સચિવ અગ્રહાર કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે સંવિધાનની આઠમી સૂચિમાં ૨૨ ભાષાઓને માન્યતા આપવામાં આવી છે તે ઉપરાંતની અનેક ભાષાઓ ભારતના ખૂણે પડી છે. આની ભાષાઓમાં કચ્છી, કોડવા, રાજવંશી, ચમકા, અવધી, બુંદેલી અને ગઢવાલી ભાષાઓ તપાસી રહ્યા છીએ. આ ઐતિહાસિક કચ્છીભાષાની પ્રગતિ અને પ્રતિબદ્ધતાને અમે તપાસી રહ્યા છીએ. આમેય ભારતએ ભાષાઓની લેબોરેટરી છે.

સાહિત્ય અકાદમી દિલ્હીના ગુજરાતીભાષાના સભ્ય પ્રા. વિનોદ જોષીએ જણાવ્યું હતું. કે, ગુજરાતમાંથી કચ્છ અને કચ્છીભાષાને જરા દૂર કરી જુઓ ગુજરાત ખાલી ખાલી લાગશે. સંમેલન આશા રાખીએ આ ભાષા કેન્દ્રીય અકાદમીમાં સ્થાન પામે કચ્છી અકાદમીના પ્રમુખ કીર્તિભાઈ ખત્રીએ કચ્છીભાષા સને ૮૦૦ થી ૧૦૦૦ વર્ષથી મોજુદ છે જેને અકાદમીના આગમન બાદ સારો વેગ મળ્યો છે એમ જણાવ્યું હતુ. આભાર દર્શન અકાદમીના ઉપસચિવ કે. શ્રીનિવાસરાવએ, સંચાલન ડો. કાંતિભાઈ ગોર, અને ઝવેરીલાલ સોનેજીએ કર્યું હતું. ઉમિયાશંકર અજાણી, નારાયણ જોષી અને ડો.

કર્યું હતું. પરંતુ તેના ચાલક વાહન સ્પીડમાં ચલાવતો હોવાથી અન્ય પાંચ યુવાનોએ સાથે જવાની ના પાડી હતી અને બસમાં જવાનું મુનાસિબ માન્યું હતું. જેથી સદ્‌ભાગ્યે તેઓ બચી ગયા હતા.

કલેક્ટરના બંગલામાં તસ્કરો...

ગયા હતા. જાણવા મળતી વિગતો મુજબ ભુજમાં કલેક્ટર ઓફિસની પાછળ જ આવેલા જિલ્લા સમાહર્તા એમ. થેન્નારસનના બંગલામાં તા. દસમી માર્ચની મોડી રાત્રિથી ગુરુવારે સવાર સુધીમાં તસ્કરો ત્રાટક્યા હતા અને કલેક્ટરના બગીચામાંથી ચંદનનું વૃક્ષ કાપીને લઈ ગયા હતા. આ ઘટના અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પરંતુ પોલીસે બનાવની વિગતો છૂપાવી હતી. ઘટનાને પગલે હરકતમાં આવેલી પોલીસ ડોગસ્કવોડ લઈને ભરબપોરે તપાસ માટે રવાના કરાઈ હતી પરંતુ પત્રકારનો જમેલો કલેક્ટરના બંગલા બહાર હોવાથી સાંજ સુધી ઘટના સ્થળ સુધી ગંધપારખુ શ્વાન પહોંચ્યો ન હતો.

નોંધનીય છે કે, કલેક્ટરના નિવાસસ્થાનની ફરતે ઊંચી દીવાલ અને તેના ઉપર કાંટાળા તારથી ફેન્સિંગ કરેલું છે અને મુખ્ય દરવાજા પર બેથી ત્રણ ગાર્ડ ૨૪ કલાક તેનાત હોય છે છતાં તસ્કરો રાત્રિના સમયમાં કલેક્ટરના બંગલામાં ઘૂસીને ચંદનવૃક્ષ કાપી ગયા હતા. આ અગાઉ પણ શરદ બાગ, સ્વામિનારાયણ મંદિર સહિતના ત્રણથી ચાર સ્થળેથી ચંદનના વૃક્ષ કાપી જવાયા હતા. જેનો હજુ અતોપત્તો નથી.

પા.પુ. બોર્ડનો કર્મચારી...

ગોઠવાયું હતું. આરોપીએ ગાંધીધામમાં ૪૦૦ કવાર્ટરમાં આવેલી તેની દુકાન સાંઈનાથ કોર્નરમાં પૈસા આપી જવા જણાવ્યું હતું. પૈસા હાથોહાથ આપે તે સમયે જ એસીબીએ તેને ઝડપી લીધો હતો.

આ કામગીરીમાં એસીબી પીઆઈ એમ. બી. ઝાલા, એએસઆઈ નરોત્તમ ચૌહાણ, ખેતાજી સોઢા, ગિરીશ જોષી, અરૂણસિંહ જાડેજા, ચમનસિંહ સોઢા વગેરે જોડાયા હતા.

કેસો ખેંચાશે તો જ...

ફેબ્રુઆરીના નખત્રાણા પાટીદાર વિદ્યાર્થીભવન ખાતે સમાપાનની મીટિંગમાં પોલીસ દ્વારા રમેશભાઈ વાઘડિયાના બિનજામીન વોરન્ટને લઈને જે સમગ્ર પાટીદાર સમાજ નહીં પરંતુ જે બંધારણનું અપમાન થયું છે તેને સમાજે ખેદ સાથે વખોડયું હતું અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના અધ્યક્ષ રામજીભાઈ કે. નાકરાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી પત્રકાર પરિષદમાં સ્વર્ણિમ મહોત્સવના ચેરમેન ગંગ.રામભાઈ સાંખલાએ સ્પષ્ટ પણે કહ્યું હતું કે અત્યારે સનાતન પાટીદારોના ભાઈઓ ઉપર જે ખોટી ફરિયાદોને લઈને જે સતપંથ સંપ્રદાયના લોકો કહે છે કે, એ વ્યક્તિગત ફરિયાદો છે. કેન્દ્રીય સમાજ અને આગામી સ્વર્ણિમ મહોત્સવ ઉજવવાનો છે એમાં સતપંથીઓ તોજ ભાગ લઈ શકશે કે જે સનાતનના ભાઈઓ ઉપર કરવામાં આવેલા કેસો બિનશરતી પાછા ખેચાય.

કેન્દ્રીય સમાજના પ્રમુખ રામજીભાઈ નાકરાણીએ , અ.ભા.ક.કં.પા. સમાજના યુવા સંઘના પ્રમુખ જયંતીભાઈ રામાણીએ પણ પોતાની વાત વ્યક્ત કરી હતી. સતપંથ સમાજ કહે છે કે, રમેશ વાઘડિયા પર થયેલા કેસો વ્યક્તિગત છે તો પછી પીરાણામાં બેઠેલા કેમ કહે છે કે અમારી માફી માંગો તો તમામ કેસો પાછા ખેંચી લેશું અને જેના ઉપર કેસો થયેલા છે એવા વાઘડિયાએ કેસનો ખુલાસો કર્યો હતો કે, મારા તેમજ મારા બાપુજી અને અમારા વૃદ્ધ દાદા પર પીરાણામાં આવીને સંપ્રદાયનું અપમાન કર્યું છે. એવા કેસનો જે સદંતર જુઠ બુનિયાદ કેસ કરવામાં આવ્યા છે. કોર્ટનો આશરો લેવાની મનાઈ હોવા છતાં સતપંથ સમાજમાં ભાઈઓ સદંતરે ખુલ્લે આમ આ કલમ ૧૯નો ભંગ કરી રહ્યા છે. મિટીગમાંઅ.ભા. ક.ક. પાટીદાર સમાજ જયંતીભાઈ લાકડાવાળા, મોહનભાઈ ધોળુ, માવજીભાઈ છાભેયા, હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાઘડિયા, પ્રેમજીભાઈ કેશરાણી, લાલજીભાઈ રામાણી, ડાયાભાઈ સેંઘાણી, વેલુભાઈ સલાટ, અમૃતભાઈ ધોળુ, રતિલાલભાઈ પટેલ તેમજ કેન્દ્રીય સમાજના અગ્રણી યુવાન સંઘ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરની ચિત્રકૂટ સોસાયટીમાં રહેતી મંજુલાબેન વિજયભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦) પતિ અને સાસુ દ્વારા અપાતા ત્રાસથી કંટાળી મંગળવારે સાંજે ૫:૩૦ વાગ્યે પોતાના જ ઘરે શરીર પર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. મંજુલાબેનને સારવાર માટે ભુજ સ્થિત ખાનગી હોસ્પિટલમાં

વીસ લાખ લોકોમાં બોલાતી...

થયો હતો. સાહિત્ય અકાદમી દિલ્હી અને કચ્છી સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રોટરી હોલ ખાતે ખુલ્લુ મુકતાં દિલ્હી સાહિત્ય અકાદમીના સચિવ અગ્રહાર કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે સંવિધાનની આઠમી સૂચિમાં ૨૨ ભાષાઓને માન્યતા આપવામાં આવી છે તે ઉપરાંતની અનેક ભાષાઓ ભારતના ખૂણે પડી છે. આવી ભાષાઓમાં કચ્છી, કૌડવા, રાજવંશી; ચમકા, અવધી, બુંદેલી અને ગઢવાલી ભાષાઓ તપાસી રહ્યા છીએ. આ ઐતિહાસિક કચ્છીભાષાની પ્રગતિ અને પ્રતિબધ્ધતાને અમે તપાસી રહ્યા છીએ. આમેય ભારતએ ભાષાઓની લેબોરેટરી છે.

સાહિત્ય અકાદમી દિલ્હીના ગુજરાતીભાષાના સભ્ય પ્રા. વિનોદ જોષીએ જણાવ્યું હતું. કે, ગુજરાતમાથી કચ્છ અને કચ્છીભાષાને જરા દૂ ર કરી જુઓ ગુજરાત ખાલી ખાલી લાગશે. સંમેલન આશા રાખીએ આ ભાષા કેન્દ્રીય અકાદમીમાં સ્થાન પામે કચ્છી અકાદમીના પ્રમુખ કીર્તિભાઈ ખત્રીએ કચ્છીભાષા સને ૮૦૦ થી ૧૦૦૦ વર્ષથી મોજુદ છે જેને અકાદમીના આગમન બાદ સારો વેગ બન્યો છે એમ જણાવ્યું હતુ. આભાર દર્શન અકાદમીના ઉપસચિવ કે. શ્રીનિવાસરાવએ, સંચાલન ડો. કાંતિભાઈ ગોર, અને ઝવેરીલાલ સોનેજીએ કર્યું હતું. ઉમિયાશંકર અજાણી, નારાયણ જોષી અને ડો.

આપણી કેન્દ્રીય સમાજના એડવોકેટ વકીલ શ્રી યોગેશ ભંડારકર દ્વારા સતપંથી ભાઈ માવજી ડાહયા ના વકીલ શ્રી ભરતભાઈ પુરોહિતને મોકલાવેલ જવાબ

Yogesh D. Bhandarkar
M.Com. LL.B.
Advocate, Guj. High Court
Office: 1st Floor, Prabhudarshan Appt., Mahadev Gate, Bhuj - Kachchh. Tel: 02832-220790 Mob: 94269 61553

તા.૨૩/૦૩/૨૦૧૦

પ્રતિ,
શ્રી ભરતભાઈ પી.પુરોહિત,
તે શ્રી માવજીભાઈ ડાયાભાઈ પટેલ,
રહે.હરિપુરા, તા.ઠાસરા ના એડવોકેટ,
ડાકોર–જી.ખેડા

આથી અમારા અસીલો તે **શ્રી મણીભાઈ ગોવિંદભાઈ ઘોઘારી, શ્રી રમેશભાઈ માવજીભાઈ વાઘડીયા, શ્રી રમણભાઈ શામજીભાઈ વાસાણી, શ્રી અબજીભાઈ વી. કાનાણી, શ્રી હિંમતભાઈ રતનસિંહ ખેતાણી, ત્થા શ્રી પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેસરાણી ના** ની સુચના થી આપની **તા. ૦૬/૦૩/૨૦૧૦** વાળી નોટીશના અનુસંધાને જણાવવાનું કે,

(૧) આપની સદરહુ નોટીશમાં કરવામાં આવેલ આક્ષેપો તથા વિધાનો ગેરહકીકત પર આધારી.ત હોઈ સર્વાંશે ઈન્કાર કરવામાં આવે છે.

(૨) આપની નોટીસ પેરા–૧ ના જવાબમાં જણાવવાનું કે આપની સદરહુ નોટીશ માં આપના અસીલ ની ઉંમર દર્શાવેલ નથી. તેઓ ગામ હરીપુરા મધ્યે રહેતા હોઈ **"કચ્છ કડવા પાટીદાર સતપંથ સંપ્રદાય સમાજ"** ના આગેવાન હોવાની વાત સ્વીકારવામા આવતી નથી. તેમજ **"શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સતપંથ સંપ્રદાય સમાજ"** ના પણ સભ્ય હોવાની હકીકત સ્વીકારવામાં આવતી નથી. દરેક વ્યકિત ને પોતાના સમાજ પ્રત્યે આદર/સત્કાર અને માન હોય તે સ્વાભાવિક હકીકત છે.

(૩) આપની નોટીસ પેરા–૨ ના જવાબમાં જણાવવાનું કે, આપના અસીલે સદરહુ દિપોત્સવી અંક તેમજ અન્ય અંકોમાં પ્રસિદ્ધ થયેલ સમાચારને ગહનતાથી સમજયા વિના આક્ષેપો કરેલા છે. કારણ કે, તેમાં જે સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમાં કોઈજ બદનક્ષીકારક લખાણ **લખીને છપાવેલ નથી.** તેમજ કોઈજ સમાજની વ્યકિત સમુહની કે, વ્યકિતગત રીતે પણ આબરૂ અને પ્રતિષ્ઠા હલકી પડે તેવા બદનક્ષીકારક શબ્દો લખાણ દ્વારા છપાવી અને જાહેર પ્રસિદ્ધી કરાવી અમારા અસીલોએ કોઈજ કાવતરું

::2::

Yogesh D. Bhandarkar
M.Com. LL.B.
Advocate, Guj. High Court
ADVOCATE

Office: 1st Floor, Prabhudarshan Appt., Mahadev Gate, Bhuj - Kachchh. Tel: 02832-220790 Mob: 94269 61553

::2::

કરેલ નથી.આ આક્ષેપો ખોટા છે.

(૪) આપની નોટીસ પેરા–૩ થી ૧૧ ના જવાબમાં જણાવવાનું કે, તેમાં જણાવેલ હકીકતો તે ઈતીહાસની હકીકત છે. જે સમાન્ય રીતે તમામ ઈતીહાસકારોએ નોંધ કરેલા સિમાચિહન રૂપ"**વિધાનો છે**". આ વિધાનોને ચિંતનમાં લેવા જરૂરી છે. જે ચિંતનથી કોઈની પણ વ્યકિતગત રીતે આબરૂને હાની પહોંચી શકે નહિં કે, પ્રતિષ્ઠા હલકી પડી શકે નહિં. "ઉમાદર્પણ" સામાન્ય રીતે કચ્છ કડવા પાટીદાર સમાજમાં વિસ્તૃત રીતે ફેલાયેલ સમાચાર પત્ર છે. જે ઉમીયા માતાજી ટ્રસ્ટનું સમાચાર પત્ર છે. તેમાં કડવા પાટીદાર સમાજને લગતા સમગ્ર સમાચાર આવરી લેવામાં આવે છે. જેથી આ સમાચાર પત્રીકા વાંચનારને સનાતન પંથની અને સતપંથની તેમજ અન્ય તમામ કડવા પાટીદારના સંપ્રદાયની હકીકત નો ખ્યાલ હોય છે. આ ઉપરાંત સતપંથ સમાજની હકીકત અંગે અમારા અસીલો સંપુર્ણ પણે વાકેફ છે. કારણ કે, ૫૦ થી ૬૦ વર્ષ પહેલા અમારા અસીલો તેમજ તેમના વડીલો પણ આ સંપ્રદાયના સભ્યો હતા. જેથી આ પેરામાં જણાવેલ વાસ્તવીક હકીકતતેમણે ચિંતન સભામાં વ્યકત કરેલ છે. જેમાં કોઈજ ઉશ્કેરણી જનક વિધાનો કે, કોઈ પણ સંપ્રદાયને કે, આપના અસીલના સંપ્રદાયને બદનામ કરવા કે, ઉતારી પાડવાના ઈરાદાથી કરવામાં આવેલ નથી. જેથી આપની આ નોટીસમાં કહેવાતા ટુકડા રૂપે જે વિધાનો દર્શાવવામાં આવેલ છે તે બદનક્ષી રૂપે નહિં. પરંતુ ઈતીહાસરૂપે ગણી શકાય. તેમાં જણાવેલ હકીકત ભુતકાળમાં બનેલી અથવા જણાયેલી વાસ્તવીક હકીકત છે. જેથી આ તમામ પેરામાં અમારા અસીલોના નામે લખવામાં આવેલ વિધાનો અંગેના આક્ષેપો તદન ખોટા, બિનપાયેદાર છે, આપના અસીલે સ્વનિર્ણીત રીતે ખોટા અર્થઘટનથી સ્વીકારી લિધેલા છે. અને તેને વિકૃત રૂપે બદનક્ષીકારક લખાણનું નામ આપેલ છે.વાસ્તવમાં ભૂતકાળના અનુભવો અને નોંધપાત્ર ઈતિહાસ વિદો એ તારવેલા વિધાનો છે. જે "બદનક્ષી કારક " કહી શકાય નહીં.

(૫) આપની નોટીશ **પેરા – ૧૨ થી ૧૪** ના જવાબ માં જણાવવાનું કે, અમારા અસીલોએ કોઈ જ બદનક્ષી કારક લખાણ લખેલ નથી કે છપાવેલ નથી. આપના અસીલ ના કુટુંબની આબરૂને ધક્કો પહોંચાડેલ નથી. તેમ છતાં આપના અસીલના કુટુંબની આબરૂ અને ઈજ્જતને કઈ રીતે હાની પહોંચાડેલ છે તે અંગેની સ્પષ્ટતા આપની નોટીશમાં નથી તેમજ આપના " **અસીલની નીતીમતા અને બુધ્ધિ મતા પણ ધૃણા જનક અને સામાન્ય રીતે શરમ જનક ગણાય તેવી હાલતમાં આવી ગયેલ હોવાની**" હકીકત

::3::

Yogesh D. Bhandarkar
M.Com. LL.B.
Advocate, Guj. High Court

Office: 1st Floor, Prabhudarshan Appt., Mahadev Gate, Bhuj - Kachchh. **Tel:** 02832-220790 **Mob:** 94269 61553

::3::

સ્વીકારવામાં આવતી નથી કારણ કે આપના અસીલે તેમના **અખીલ વિશ્વ સતપંથ સંપ્રદાય કલકતા** તરફથી પ્રસિધ્ધ થતું પંચમવેદ અને સરકારી મુદ્રણાલય અને અન્ય સાહિત્યનો અભ્યાસ કરેલ નથી. તદ ઉપરાંત સતપંથ સમાજ ના અત્યાર સુધી કેટલા કાકા–ધર્મગુરૂ થઈ ગયેલા છે તેનું પણ આપના અસીલને જ્ઞાન નથી તેવું સ્પષ્ટ જણાય છે. આપના અસીલ પોતાના સંપ્રદાયનો ચિંતન સહ અભ્યાસ કર્યા વિના અથવા તો જાણી જોઇને અમારા અસીલો ને કશાક અગમ્ય કારણોસર હેરાન કરવા તેમજ ફકત **રૂ.૯,૦૦,૦૦૦/–** કે તેવી રકમની ખોટી રીતે માંગણી કરીને પૈસા પડાવવાના બદ ઈરાદાથી સદરહુ નોટીશ કરેલ છે. જેથી આપની નોટીશ માં જે માંગણી કરવામાં આવેલ છે. તે મુજબનું વર્તન અમારા અસીલ કરી શકે તેમ નથી. અમારા અસીલ નો એવો કોઈજ ઈરાદો નથી. જેની સ્પષ્ટ જાણ આપના અસીલને કરશો.

આપની સદરહુ નોટીસ નો આ જવાબ આપના અસીલના બેજવાબદારી પૂર્વકના વર્તન અને આક્ષેપો ને કારણે આપવાનો થયેલ હોઈ ખર્ચના **રૂા.૨,૫૦૦/–** અમારા અસીલને ચુકવી આપવા આપના અસીલને સુચના આપશો.

ઉપરોકત હીકીત સ્પષ્ટ છે.તેમછતાં જો ગેરહકીકતોના આધારે આપના અસીલ કોઈપણ પગલું ભરશે તો અમારા અસીલ આપના અસીલ ના હિસાબે અને જોખમે પોતાનો સ્વબચાવ કરશે જેની સ્પષ્ટ જાણ આપના અસીલ ને કરશો.

Bhandarkar

(યોગેશ ડી. ભાંડારકર)
તે
શ્રી મણીભાઈ ગોવિંદભાઈ ઘોઘારી,
શ્રી રમેશભાઈ માવજીભાઈ વાઘડીયા,
શ્રી રમણભાઈ શામજીભાઈ વાસાણી,
શ્રી અબજીભાઈ વી. કાનાણી,
શ્રી હિંમતભાઈ રતનસિંહ ખેતાણી,
ત્થા શ્રી પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેસરાણી
નાએડવોકેટ.

કલકતા, ભુવનેશ્વર, રાંચી, આસનસોલ, રાયપુર, રાજનંદગાંવ અને નાગપુરની સભાઓ

તા. ૪.૪.૨૦૧૦થી તા. ૧૩.૦૪.૨૦૧૦:

આ દોહરામાં સૌ પ્રથમઅમે લોકો કોલકત્તા પહોંચ્યા હતા. હું બેંગલોરથી ઍરફ્લાઈટ દ્વારા કોલકત્તા ૩.૦૪.૨૦૧૦ ના સાંજે પહોંચ્યો હતો. મને લેવા દેવપર વાળા રમણીકભાઈ રૂડાણી એરપોર્ટ આવ્યા હતા અને તેમના ઘરે મારું રાત્રી રોકાણ હતું. યોગાનુ યોગ જે ફ્લાઈટ માં હું કોલકત્તા આવ્યો હતો તેના પાઈલોટ કેપ્ટન રમણીકભાઈ ના જમાઈ હતા. જોકે મારી તેમની સાથે મુલાકાત તો નોતી થઈ કારણકે મને તેની ખબર જ્યારે હું રમણીક ભાઈ ના ઘરે પહોંચ્યો ત્યારે જ પડી. વાત પર વાત આવી અને મેં રમણીકભાઈને વાત કરી કે આજે અમારી ફ્લાઈટ નો કેપ્ટન કોઈક પટેલ હતો ત્યારે કહ્યું કે તે લાઈનમાં મારા જમાઈ અત્યારે કાર્યરત છે. અને તમે જે ફ્લાઈટમાં અહીં આવ્યા છો તેના કેપ્ટન મારા જમાઈ જ હતા. હિંમતભાઈ અને પ્રેમજીભાઈ મુંબઈથી કોલકત્તા ડાયરેક્ટ પહોંચ્યા હતા.

તા. ૪.૪.૨૦૧૦ કલકતા સભા

અમારી કોલકત્તાની સભા બીજા દિવસે લક્ષ્મીનારાયણ મંદિર સોસાઈટીના હોલમાં બપોર પછી તા. ૪.૪.૨૦૧૦ ના રાખવામાં આવી હતી. આ લક્ષ્મીનારાયણ મંદિર સોસાઈટી એક એવી સંસ્થા હતી કે તેની સ્થાપના ઘણા વરસો પહેલાં ત્યાં વસતા અન્ય ગુજરાતી ભાઈઓ દ્વારા કરવામાં આવી હતી. પણ તેનો આજ નો તમામવહીવટ કચ્છ કડવા પાટીદાર ભાઈઓના હાથ માં હતો. તેના અધ્યક્ષ પીઢ વડીલ શ્રી કરમશીભાઈ વાલજી હતા અને ઉપ પ્રમુખ તરીકે દેવપર વાળા નારણભાઈ ખેતા સેવા આપી રહ્યા હતા. વડીલ શ્રી કરમશી વાલજીએ આ સંસ્થા ઉપર કબજો તાજેતરમાં જ મેળવી લીધો હતો તેથી અમોને તેમને વિનંતી કરી હતી કે તમે લોકો સતપંથ, સનાતન અને ઈમામશાહ વિષે તો જરૂર બોલશો તેની મને જાણ છે અને તે વિષયને હું જાણું છું માટે તમે ઊંચા અવાજે બોલજો નહી કારણ કે જો બીજા ગુજરાતી લોકોને ખબર પડશે તો તેઓ એમસમજશે કે આ કચ્છ ના પાટીદારો વટલાયેલા છે અને તે અમારા હોદ્દા માટે પણ ખતરા રૂપ હશે. જુઓ તો ખરા સતપંથને લઈને વારસો પછી પણ આપણ ને આટલી બધી દેહસત હતી કે ક્યાં આપણી જૂની ઓળખ છતી ના થઇ જાય.

તાજેતર માં કોરોના લોકડાઉન વખતે મેં વિચાર્યું કે મારે સનાતની ક્રાંતિ ની ચોથી ચળવળ વિષે મારા સંસ્મરણો નું લખાણ કરું તે અન્વયે મેં તા.૩.૦૫.૨૦૨૦ ના નારણ ભાઈ ખેતાને એક પત્ર લખ્યો હતો તે નીચે મુજબ નો હતો.

તા. ૩.૦૫.૨૦૨૦
આત્મીય શ્રી નારણભાઈ ખેતાભાઇ રૂડાણી,
જય શ્રી લક્ષ્મીનારાયણ.
અત્યારે ચાલી રહેલા કરોના વાયરસ ના પ્રકોપ થી તમે અને તમારો પરિવાર સુરક્ષિત હશો, સૌ કુશળતા માં હશો.

મને અત્યારે તમારી મદદ ની જરૂરત પડી છે. હું અત્યારે સમાજની સનાતન ચળવળની ચોથી ક્રાંતિ ના મારા સંસ્મરણો બાબત એક પુસ્તક લખી રહ્યો છું. મને અત્યારે એ જરૂરત છે કે તા. ૪.૪.૨૦૧૦ ના કોલકત્તા મુકામે સનાતન જાગૃતિ સમિતિની કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે સભા યોજાઈ હતી. હું અને હિંમતભાઈ સહિત અમારી સનાતની ટીમતમારી પાસે આવી હતી. તે સભાના આયોજન ના

૧. મુખ્ય કર્ણધારો અને કાર્યકર્તાઓ હતા તેના નામો.

૨. સભાની કોઈ વિશેષ વાતો અને
૩. સભા પછીની ફળશ્રુતિ
૪. સભાને સફળ બનાવનાર સનાતની ભાઈઓના નામો
૫. સભા યોજવા બાબતનું મુખ્ય કારણ શું હતું અને તેની પ્રેરણા તમોને કયાં થી મળી?

તે બાબત ની વિગતો મને આપશો જેથી મારા સંસ્મરણોમાં હુ તે માહિતી આવરી શકું. અત્યારે લોક ડાઉન છે માટે તમે ઉપરોક્ત વિગતો આપવા સમય ફાળવી શકશો એવો મને વિશ્વાસ છે. આપણા સર્વે સનાતની મિત્રોને મારા જય શ્રી લક્ષ્મીનારાયણ પાઠવશો.

લી. રમેશભાઈ માવજી વાગડીયા
બેંગલોર

શ્રી નારણ ભાઈ ખેતા નો જવાબી પત્ર

તા. ૧૦.૦૫.૨૦૨૦
કોલકત્તા
આદરણીય રમેશભાઈ વાગડીયા,
સાદર પ્રણામ. સવિનય સાથે જણાવવાનું કે આપનો વાટસઅપ મેસેજ મળ્યો. તે અનુસંધાનમાં જણાવવાનું જે આપણી આજની સનાતન અને સતપંથની બાબતોમાં કોલકત્તા સમાજના વડીલો પહેલેથી જ ખુબજ સજાગ અને સતર્ક હતા. અને તે સતર્કતામાં તમારી સભા પછી વેગ આવેલ. જૂની વાત કરું તો ૧૯૯૩ ની આપણી જ્ઞાતિના અધીવેશનમાં સમાજના ધારાધોરણની (રીતી રિવાજોની) ૧૮ મી કલમનું આપણા સમાજના સભ્યોને જાણમાં આવે અને તેને પાસ કરાવવામાં આવે તે માટે વાચન કરવામાં આવેલ ત્યારે આપણી જ્ઞાતિના અમુક ભાઈઓ તરફથી તેનો સખત વિરોધ કરવામાં આવેલ અને ત્યારથી આ વિવાદથી અમારી સમાજના સભ્ય ભાઈઓ અજાણ હતા. પણ તમારી સભા પછી આમારી સમાજના સર્વે ભાઈઓને તે હકીકતની સાચી જાણ થઇ.

ત્યાર બાદ તમારી સભા પછી કોલકત્તા સમાજમાં પણ સભ્ય ભાઈઓમાં ઉત્સુકતા જાગેલ, તેમજ ૨૦૧૦ ના અધીવેશનમાં જે ઉગ્રતા જોવા મળેલ તેના અહેવાલ જાણવા માટે કોલકત્તા સમાજના સભ્ય ભાઈઓ ખુબજ ઉત્સાહિત હતા. આપશ્રી, ભાઈ શ્રી હિંમત ભાઈ અને અન્ય સનાતની ભાઈઓએ સતપંથ ઉપર જે પ્રકાશ પાડેલ, તેમાં સતપંથ શું છે તેની સચ્ચાઈ ઉજાગર થયેલ.

તમારી સભા કોલકાતા સમાજમાં યોજવા બાબતે કોલકત્તા સમાજના હોદ્દેદારોએ અને સભ્ય કાર્યકર્તા ભાઈઓએ નક્કી કરેલ કે આપણી સનાતની ભાઈઓની એક જાહેર સભા કોલકત્તા મધ્યે યોજવામાં આવે તો આપણી પાછળની યુવા પેઢીને સતપંથ બાબતે સાચી જાણકારી મળે તે હેતુથી અને તેના અનુસંધાનમાં કોલકત્તા સમાજ વતી એક જાહેર સભાનું આયોજન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સોસાઈટી મધ્યે યોજવાનું નક્કી કરવામાં આવેલ. તે મુજબ તમો અહી આવ્યા અને સભા યોજાઈ.

તે સભામાં અને આપશ્રી ઓ દ્વારા સતપંથ મત અને સતપંથ સમાજ બાબતની વિસ્તારથી જાણકારી આપેલ. તેથી કોલકત્તા સમાજની પાછળની યુવા પેઢીને તે સતપંથની પાખંડતાની જાણકારી મળેલ. અમારી સમાજની યુવા પેઢીનું કચ્છમાં આવન

જીવન ઓછું થતું હોવાથી તેઓને સતપંથ સનાતન બાબતની ખાસ જાણકારી ન હતી અને તેઓ આ વિષયથી સાવ અજાણ હતા. તમારી સભાના આયોજન બાદ તે યુવા પેઢી આની વિશેષ જાણકારી મેળવવા ખુબજ ઉત્સાહિત થયેલ, અને સતપંથ સનાતન બાબતે ભૂતકાળમાં આપણા વડીલોએ કેટ કેટલી તકલીફો ભોગવેલ તેની યુવાનોને જાણવા મળેલ.

આપણી સમાજના વડીલો ધંધા રોજગાર અર્થે પૂર્વમાં આવેલ તેઓ સંપૂર્ણ પણે સનાતાનીઓ હતા. તેમાં અમુક સતપંથી ભાઈઓ પાછળથી આવેલ પણ તેમના બાહ્ય આચરણમાં કોઈ ખાસ ફરક ના હોતાં અમારી પાછળની પેઢીને તેની ખાસ જાણકારી ન હતી. તમારી સભાના આયોજન બાદ તેમને આ બાબતની જાણકારી મળેલ તે બદલ આપશ્રીઓનો ખુબ ખુબ આભાર અને ધન્યવાદ કોલકત્તા સમાજ વતી પાઠવું છું.

તે સમયમાં કોલકત્તા સમાજના સક્રિય વડીલો તેમજ કાર્યકર્તા ભાઈઓના નામનીચે મુજબ છે.

પહેલી હરોળના વડીલો:

૧. સ્વ.ભાઈ શ્રી ખીમજીભાઈ લખમશી લીબાણી,
૨. ભાઈશ્રી કરમશીભાઈ વાલજી
૩. સ્વ. ભાઈશ્રી અખઈભાઈ વાલજી
૪. શ્રી નારણભાઈ શિવદાસ
૫. શ્રી લખમશીભાઈ નાયા નાયાણી
૬. શ્રી વાલજીભાઈ દેવજી દીવાણી
૭. શ્રી ભગવાનદાસ ભીમજી
૮. શ્રી વાલજીભાઈ ધનજી
૯. શ્રી રવજીભાઈ રામજી
૧૦. શ્રી પ્રેમજીભાઈ જેઠા
૧૧. સ્વ.શ્રી ધનજીભાઈ માવજી
૧૨. સ્વ.શ્રી હીરાલાલ પુંજા
૧૩. શ્રી મણીલાલ અરજણ

બીજી હરોળના કાર્યકર ભાઈઓ:

૧. શ્રી તુલસીદાસ કેશરા
૨. શ્રી જયંતીલાલ ચોપડા
૩. શ્રી કાન્તિલાલ મેઘજી
૪. શ્રી નારાયણ ભાઈ ખેતા રૂડાણી
૫. શ્રી રામજીભાઈ પ્રેમજી સલાટ
૬. શ્રી રમણીકલાલ શિવદાસ
૭. શ્રી છગનભાઈ માવજી
૮. શ્રી રવજીભાઈ નાનજી

૯. શ્રી અમૃતલાલ વેલજી
૧૦. શ્રી રમણીકલાલ દેવજી રૂડાણી
૧૧. શ્રી વિશ્રામભાઈ નાનજી
૧૨. શ્રી કિશોરભાઈ ખીમજી
૧૩. શ્રી વાલજીભાઈ પ્રેમજી
૧૪. શ્રી જયંતીલાલ રામજી
૧૫. શ્રી અમૃતલાલ માવજી
૧૬. શ્રી શામજીભાઈ કાનજી
૧૭. શ્રી પ્રેમજીભાઈ સોમજી છાભૈયા
૧૮. શ્રી અરજણ ભાઈ રામજી
૧૯. શ્રી ભગવાનદાસ ચુનીલાલ
૨૦. શ્રી ડાહ્યાલાલ શિવગણ
૨૧. શ્રી હિરાલાલ કેશરા
૨૨. શ્રી ઈશ્વરલાલ રામજી

ત્રીજી હરોળ ના યુવા કાર્યકર્તા ભાઈઓ:

૧. શ્રી જગદીશભાઈ રામજી
૨. શ્રી શ્રી વેલજીભાઈ પ્રેમજી
૩. શ્રી મનહરલાલ પ્રેમજી
૪. શ્રી શિવલાલભાઈ ચોપડા
૫. શ્રી જયંતીલાલ રામજી
૬. શ્રી શાંતિલાલ વાલજી દીવાણી
૭. શ્રી મનસુખ વાલજી દીવાણી
૮. શ્રી રમણલાલ લખમશી નાયાણી
૯. શ્રી પ્રીતેશ પોપટલાલ
૧૦. શ્રી જયંતીલાલ નાનજી
૧૧. શ્રી ચંદુલાલ સામજી
૧૨. શ્રી મુકેશભાઈ દેવજી

અને અન્ય યુવા કાર્યકર્તા ભાઈઓ અને મહિલા મંડળની કાર્યકર્તા બહેનોના જય શ્રી લક્ષ્મીનારાયણ વાંચશો
લી. આપણો વિશ્વાસુ
નારાયણભાઈ ખેતા ભાઈ રૂડાણી કોલકત્તા

આ કોલકત્તા ની સભા પછી ભુવનેશ્વર ની સભા બીજા દિવસે તા. ૫.૦૪.૨૦૧૦ ના બપોર પછી રાખવામાં આવી હતી. અમોને ટ્રેઈન દ્વારા ભુવનેશ્વર જયંતીભાઈ ચોપડા લઈ ગયા હતા. જયંતીભાઈ ચોપડાને અમો અમારા કર્નલ તરીકે બોલાવતા હતા કારણકે તેમણે પ્રવાસ દરમ્યાન આમારી બધી જ જવાબદારીઓ ઉપાડી લીધી હતી જેથી અમોને કોઈ વાતની અગવડતા ન

પડે. આ જયંતી ભાઈ ચોપડા બેંગલોર મુકામે તા. ૨૨.૦૩.૨૦૧૦ ની યોજાયેલ ઉત્તર કર્ણાટક, દક્ષીણ કર્ણાટક અને તામીલનાડુ ની સંયુકત સભામાં હાજર રહયા હતા. તેથી તેઓ વિષય થી વાકેફ હતા. ખાસ કરીને તેમના અને નારાયણભાઈ ખેતા રૂડાણી અને અન્ય કાર્યકર્તા ભાઈઓના સહિયારા પ્રયાશથી આ દોહરાની કોલકત્તા, ભુવનેશ્વર, રાંચી અને આસનસોલની સભાઓ યોજવાનું શક્ય બન્યું હતું. ભુવનેશ્વરની સભા પછી જયંતીભાઈ ચોપડા પાછા કોલકતા ગયા અને તેઓએ અમોને રાંચી જવાની ટ્રેઈનમાં બેસાડી દીધા હતા. અમો રાંચી પહોંચ્યા ત્યાં સભા કરી. રાંચી અમે પહોંચ્યા પહેલાં કોલકત્તા વાળા નારાયણભાઈ ખેતા રૂડાણી પહેલેથી જ રાંચી પહોંચી ગયા હતા. રાંચીની સભા પૂર્ણ કરીને અમો કાર દ્વારા આસનસોલ ગયા અને ત્યાંથી પાછા કોલકત્તા પહોંચી અમો સનાતન ધર્મ જાગૃતિ વાળા સર્વે ભાઈઓ છુટ્ટા પડ્યા. રાંચી થી કોલકત્તા સુધી નારાયણભાઈ ખેતા અમારા માર્ગદર્શક બની ને અમારી સાથે જ રહ્યા હતા. અમારી ધર્મ જાગૃતિ ટીમકર્નલ જયંતીભાઈ ચોપડાને અને નારાયણભાઈ ખેતાને હૃદય પૂર્વક નો આભાર માને છે. જયંતી ભાઈ ચોપડા તો નારણભાઈને વ્યંગમાં એમકહેતા કે ''નારાયણ ખેતા હમારે નેતા''.

તા. ૫.૦૪.૨૦૧૦ ભુવનેશ્વર સભા. આ સભામાં સતપંથી ભાઈ દેવજી કરસન ભાવાણીની હાજરી.

તા. ૭.૦૪.૨૦૧૦ રાંચી સભા

ભુવનેશ્વરની તા. ૫.૦૪.૨૦૧૦ ની સભા પૂર્ણ કરીને અમે ટ્રેઈન દ્વારા ભુવનેશ્વરથી રાંચી જવા તા. ૬.૦૪.૨૦૧૦ ના રાંચી જવા રવાના થઈને તા. ૭.૦૪.૨૦૧૦ ના સવારના રાંચી પહોંચી ગયા હતા. ત્યાં તુલસી ભાઈ ગોગારીએ અમારા સ્વાગત માટે પૂર્ણ તૈયારીઓ કરી રાખી હતી. તે વખતે રાંચી સ્થાનિક સમાજના મહામંત્રી તુલસીભાઈ વીરજી ગોગારી હતા. અને તેઓ બિહાર –ઝારખંડ ઝોનના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા હતા. સભામાં સભા અધ્યક્ષ તરીકે ત્યાના પ્રમુખ શ્રી રામજી વાલજી રામાણી ને સ્થાન ગ્રહણ કરાવ્યા પછી સનાતન ધર્મ જાગૃતિ સમિતિના હિંમતભાઈ, રમેશભાઈ અને કોલકાતા થી પધારેલ ભાઈશ્રી નારણભાઈ ખેતાને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવેલ. સભાનું સંચાલન ત્યાના મહામંત્રી શ્રી તુલસીભાઈ ગોગારીએ કર્યું હતું. પ્રણાલિકા પ્રમાણે રમેશભાઈ વાગડીયાના ભાષણથી શુરુઆત કરવામાં આવી હતી. રમેશભાઈએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો તેમજ કેન્દ્રીય સમાજના ઈતિહાસ ઉપર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. અત્યારે કેન્દ્રીય સમાજમાં સનાતની ભાઈઓની ઉપેક્ષા અને સતપંથના ભાઈઓ તરફી કુણું વલણ વિષે પણ માહિતીઓ આપી હતી. હિંમતભાઈએ તેમન ભાષણમાં સતપંથ વિષે ત્યાંના લોકોને ઉજાગર કર્યા હતા. પીરાણા સતપંથ બાબતે ત્યાં ચાલતી હિંદુ લોકોને ભોલાવવા બાબતની માહિતીઓ આપી હતી. સતપંથ એક મુસલમાન પીર ઈમામશાહ બાવા એ હિંદુઓને વટલાવવા માટે થઈને સતપંથ ધર્મની સ્થાપના કરી હતી તેની માહિતી આપી હતી.

કોરોના કાળમાં સન ૨૦૨૦ માં જ્યારે હું સનાતન ધર્મ જાગૃતિ અભિયાન બાબતે પુસ્તક લખી રહ્યો હતો ત્યારે તુલસીભાઈ ગોગારીનો મેં સંપર્ક કરીને ત્યાંની તા, ૭.૦૪.૨૦૧૦ ની અમારી સભા બાબતે માહિતી મોકલાવવાની વિનંતી કરી હતી ત્યારે તુલસીભાઈએ નીચે પ્રમાણે ની ટપાલ લખીને મને માહિતી મોકલાવી હતી. તેની હું અત્યારે તેનું અક્ષરસ રજૂઆત નીચે પ્રમાણે કરી રહ્યો છું.

તા. ૧૭.૦૫.૨૦૨૦
આદરણીય રમેશભાઈ વાગડીયા

તમોએ લખેલ પત્ર ને અનુલક્ષીને હું નીચે પ્રમાણે ની માહિતી મોકલાવી રહ્યો છું.

અમોને કેન્દ્રીય સમાજથી પસાર થયેલ શ્વેતપત્રથી સુચન મળ્યું હતું પણ શ્રી હિમતભાઈ ખેતાણી અને શ્રી રમેશભાઈ વગાડીયા દ્વારા કલકતાથી રાંચી સમાજને ફોન કર્યો કે સનાતન ધર્મ અને પીરાણા પંથ બાબતે સંપૂર્ણ ભારતની ઘટક સમાજોમાં જાગૃતિ માટે એક સનાતન ધર્મ જાગૃતિ સમિતિ બનાવવામાં આવી છે તે રાંચી સમાજમાં પણ રૂબરૂ થઇ પીરાણા સતપંથ ધર્મ અને કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ બાબતે જાણકારી આપવામાં આવશે. તેના અનુકરણે શ્રી હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાગડીયા અને સાથે કલકતાથી શ્રી રવજીભાઈ, જયંતીભાઈ ચોપડા અને શ્રી નારણભાઈ ખેતા તારીખ ૭.૦૪.૨૦૧૦ ના રોજે રાંચી આવ્યા હતા. ત્યારે શ્રી કચ્છ કડવા પાટીદાર રાંચી સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ વાલજી રામાણી, મહામંત્રી શ્રી તુલસી વીરજી ગોગારી, સહમંત્રી શ્રી ગાભુભાઈ મેઘાણી, ખજાનચી શ્રી હરિભાઈ શીવદાસભાઈ દીવાણી, બધા કારોબારી સભ્યશ્રીઓ અને યુવા સંઘના પ્રમુખશ્રી બીરેન્દ્ર, મંત્રી શ્રી સંજય ગોગારી, સહ મંત્રી શ્રી અનુરાગ રામાણી, ખજાનચી શ્રી દીપક હરીલાલ દીવાણી, કારોબારી સભ્યો, અને સમાજની મહિલા મંડળના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની સાથે સ્થાનિક સમાજના સભ્યો અલ્પ સૂચનમાં ભેગા થઈ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના શ્રી હિંમતભાઈ ખેતાણી (મુંબઈ) અને શ્રી રમેશભાઈ વાગડિયા(બેંગલોર) ના ઉદબોધન પીરાણા પંથ/ધર્મ સંબંધમાં પૂર્ણ જાણકારી આપવામાં આવી. આ સભાની વિશેષતા એ રહી કે, આથી પહેલાં આખી સમાજમાં કોઈ પણ સભ્યને ઈમામશાહ બાબત અને સતપંથમાં મધ્ય રાત્રી પૂજન અથવા તેના શ્લોકોમાં અરબી ભીસ્મિલ્લાહ નું ઉચ્ચારણથી પ્રાર્થના થઈને ગાયના પુતળા બનાવી કાપવામાં આવે, મરણોત્તર દાટવાની વીધી (ભૂમીદાગ) અગ્નિ સંસ્કાર નહિ. આવી બધી અભૂતપૂર્વ જાણકારી મળી, જે પૂર્વમાં અમારી સમાજના કોઈપણ સભ્યોને નોહતી.

વિશેષમાં આ સભા પછી રાંચીમાં રહેતા પરિવારોમાં કોઈ પણ પીરાણા પંથમાં પીરાણા જવા માંગતા હતા, તેનું પણ પૂર્ણ રૂપે મન બદલાઈ ગયું અને જીવનભર પીરાણા સતપંથ થી દુર રહેવા વચનબધ્ધ થયા અને સગાં વહાલાંઓમાં પણ કોઈ આ પંથમાં હોય એમને પણ આ સતપંથ થી અલગ થવા અને તેમાંથી બહાર નીકળવા માટે આગ્રહ કરવામાં આવ્યો હતો. અને જો ના નીકળે તો આવા પરિવારોથી સંબંધ રાખવામાં નહી આવે એવું નક્કી કરવામાં આવ્યું. આ સભાને સફળ બનાવવામાં રાંચી સમાજના હોદ્દેદારો અને યુવા સંઘની પ્રેરણા સરાહનીય હતી.

લી. રાંચી કચ્છ કડવા પાટીદાર સમાજ વતી
મહામંત્રી શ્રી તુલસી વીરજી ગોગારી

બિહાર - ઝારખંડ ઝોન વતી
પ્રમુખશ્રી તુલસી વીરજી ગોગારી

તા. ૮.૦૪.૨૦૧૦ આસનસોલ સભાઃ

સભા પૂર્ણ થયા પછી સાંજના ભોજન ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ત્યાર પછી રાત્રે અમો ટ્રેઈન દ્વારા પાછા કોલકતા જવા પ્રયાણ કર્યું હતું. અને તા. ૯.૦૪.૨૦૧૦ ના સવારના અમે કોલકતા પહોંચી આવ્યા હતા. અને અમારી રહેવાની વ્યવસ્થા નારણ ભાઈ ખેતા રૂડાણીના ઘરે કરવામાં આવી હતી. તા. ૯.૦૪.૨૦૧૦ અને ૧૦.૦૪.૨૦૧૦ નું અમારું રોકાણ

કોલકાતામાં થયું હતું. તે વખતે અમોએ કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખ સ્વ શ્રી ખીમજી લખમશી લીબાણીના પુત્ર બાબુભાઈ ખીમજી લીબાણી, સમાજના વર્તમાન ટ્રસ્ટી શ્રી લખમશી નાયા નાયાણી, શ્રી રામજીભાઈ લીબાણી (સલાટ), શ્રી વાલજી દેવજી દીવાણી, જયંતીભાઈ ચોપડા વગેરે ભાઈઓની મુલાકાત લીધી હતી. તા.૧૦.૦૪.૨૦૧૦ ની રાત્રે હાવરાથી અમે ટ્રેઈન પકડીને રાજનંદગાંવ જવા રવાના થયા હતા કારણકે તા.૧૧.૦૪.૨૦૧૦ના અમારી સભા ત્યાં રાખવામાં આવી હતી.

તા. ૧૧.૦૪.૨૦૧૦ રાજનંદગાંવ સભા

તા. ૧૨.૦૪.૨૦૧૦ રાયપુર સભાઃ

ઉપરોક્ત રાજનંદગાંવ અને રાયપુર ગામમાં અમારી પ્રણાલિકા પ્રમાણે ભાષણો થયાં હતાં. લોકોમાં જબરજસ્ત ઉત્સાહ હતો. રાયપુરમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.

તા. ૧૩.૦૪.૨૦૧૦ નાગપુર સભા

નાગપુરની આ સભાનું આયોજનના મુખ્ય સુત્રધાર હતા શ્રી જીવરાજભાઈ રામજી રામાણી (નખત્રાણા), શ્રી વાલજીભાઈ અબજી દીવાણી (વિરાણી) અને ભાઈ શ્રી રમેશભાઈ લીબાણી (ઘડાણી) જેમના પ્રયાશથી આ સભાનું આયોજન શક્ય બન્યું હતું. તે સમયે સમાજમાં સનાતન-સતપંથ વિષય ઉપર સભા બોલાવવી એટલે લોઢાના ચણા ચાવવા બરાબર હતું. છતાં પણ નાગપુર સમાજના મોવડીઓને સમજાવીને ઉપર જણાવેલ ત્રિપુટીએ આ સભા બોલાવવાનો સફળ પ્રયાશ કર્યો હતો. તે સમયે નાગપુર સમાજમાં નીચે જણાવેલ ભાઈઓ હોદ્દા ઉપર હતા.

- ૧. શ્રી બાબુભાઈ મેઘજી જબવાણી, પ્રમુખ શ્રી
- ૨. શ્રી વિશ્રામભાઈ ગોપાલ દીવાણી, ઉપ પ્રમુખ શ્રી
- ૩. શ્રીચંદુલાલ પરબત રામાણી, ઉપ પ્રમુખશ્રી
- ૪. શ્રી ત્રિભુવન મેઘજીભાઈ રૂડાણી, મહામંત્રી શ્રી
- ૫. શ્રી વિનોદ ધીરજ લાલ લીબાણી, સહમંત્રી શ્રી
- ૬. શ્રી રસિકભાઈ દેવશી ચોપડા, સહ મંત્રી શ્રી
- ૭. શ્રી લક્ષ્મીદાસ લાલજીભાઈ પોકાર, ખજાનચી શ્રી
- ૮. શ્રી ખેમચંદ જેઠાભાઈ છાભૈયા, સહ ખજાનચી શ્રી

યુવક મંડળના પ્રમુખ શ્રી કાંતિલાલ ગોપાલભાઈ દીવાણી અને મહા મંત્રી શ્રી નરેન્દ્ર પુરષોત્તમવાસાણી પણ આ સભામાં ઉપસ્થિત હતા.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિના નીચે જણાવેલ ભાઈઓ આ સભામાં ઉપસ્થિત હતા.

- ૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, મુંબઈ,
- ૨. શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા, બેંગલોર
- ૩. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી, મુબઈ

સભા અધ્યક્ષ તરીકે સ્થાનિક સમાજના પ્રમુખ શ્રી બાબુભાઈ મેઘજી જબવાણી મંચ ઉપર બિરાજમાન હતા. અને તેમની સાથે સનાતન ધર્મ જાગુતી સમિતિના સર્વે સભ્યોને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યું હતું. પ્રણાલિકા પ્રમાણે સર્વ પ્રથમશ્રી રમેશભાઈ વગાડીયનું ભાષણ રાખવામાં આવ્યું હતું. તેમણે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અને કેન્દ્રીય સમાજના

ઇતિહાસની ઝાંખી કરાવી હતી. ત્યાર પછી હિંમતભાઈ ખેતાણીએ જ્ઞાતિમાં પીરાણા સતપંથની પોલ બાબત વિસ્તૃત માહિતી આપી હતી. છેલ્લે પ્રેમજીભાઈ કેસરાણીએ સનાતન ધર્મ બાબતે ઊંડાણથી માહિતીની સાથે કેન્દ્રીય સમાજમાં અત્યારે ચાલી રહેલ સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ઉપર પ્રકાશ પાડ્યો હતો.

સનાતન ધર્મ જાગૃતિ વાળાના ભાષણો થયા પછી પ્રશ્નોતરી રાખવામાં આવી હતી અને હિંમતભાઈ ખેતાણીએ તેના યોગ્ય જવાબો આપ્યા હતાં. ત્યાર પછી એક યુવાનભાઈ આવીને એમબોલી ગયો હતો કે આ ભાઈઓ અહી આવ્યા છે તેને કેન્દ્રીય સમાજમાં હોદ્દા જોઈએ છે એટલે અહીં તેના પ્રચાર માટે આવ્યા છે. તેઓ પોતાનો રોટલો શેકવા માટે અહી આવ્યા છે. ત્યારે હિંમતભાઈએ તેનો જવાબ આપતા સભાજનો ને જણાવ્યું હતું કે અત્રે ઉપસ્થિત સનાતન ધર્મ જાગૃતિ અભિયાન વાળા ભાઈઓમાં થી કોઈને સમાજમાં હોદ્દો લેવો નથી અને તે માટે અમે અહી આવ્યા નથી. અમે આવ્યા છીએ તો માત્ર અને માત્ર કેન્દ્રીય સમાજમાં આત્યારે ચાલી રહેલી સનાતન ધર્મ પાળતા લોકો પ્રત્યે ઓરમાયું વર્તન અને પીરાણા સતપંથ ધર્મ પાળતા લોકો પ્રત્યે હમદર્દી ભર્યું વર્તન બાબતે લોકોને ઉજાગર કરવા આવ્યા છીએ. કેન્દ્રીય સમાજના અત્યારના આગેવાનો કયાંક કેન્દ્રીય સમાજની સ્થાપના વખતેના હેતુઓ અને ઉદ્દેશોનું જતન કરવામાં પાછા પડ્યા છે તેની જાણ લોકોને થાય તે હેતુથી અહી આવ્યા છીએ.

‘‘પાટીદાર સમાજ નાગપુરના ભાઈ-બહેનો ઘણા વારસો પહેલાં કચ્છ છોડીને નાગપુર આવી ગયાં છે. જેમાંના ઘણા ખરાના કચ્છમાં ઘરબાર પણ નથી. જેની અહી બીજી-ત્રીજી પેઢી ચાલુ છે. જેથી જ્ઞાતિમાં ચાલતા સતપંથ-સનાતન વિવાદની તેઓને જાણ જ નથી. જેઓ જાણતા હતા તેઓ આ વિવાદમાં પડવા નોહતા માંગતા. અને તે વખતે આ વિવાદને જાણવા વાળા ઘણા ઓછા લોકો હતા તેથી જ નાગપુરમાં આ બાબતની મીટીગ લેવા પણ સમાજના પદાધિકારીઓ તૈયાર નોહતા. બાકી જબરજસ્તી થી અમોએ આ મીટીગ તે વખતે સમાજમાં લેવરાવી હતી. બાકી જે લોકો આ મીટીગમાં આવ્યા હતા તેને જ્ઞાતિમાં ચાલી રહેલા સનાતન-સતપંથ વિવાદની સંપૂર્ણ જાણકારી મળી હતી. મીટીગમાં આવેલ ઘણા લોકો મીટીગ પત્યા પછી કહેતા સાંભળ્યા હતા કે આવી વિસ્તૃતતો અમોને આથી પહેલાં ક્યારેય નથી મળી. અને લોકોમાં સનાતન-સતપંથ બાબતે ખાસી જાગૃતિ આવી હતી’’.

તા.૨૭.૦૪.૨૦૧૦ ના શ્વેતપત્રને નિષ્ફળ (નકામું) બનાવવા માટે અમુક હોદ્દેદારોના મરણીયા અસફળ પ્રયાસો

કેન્દ્રીય સમાજે પોતાની સનાતની સમાજ તરીકેની સાચી ઓળખ જાહેર કરતુ શ્વેતપત્ર હજુ એક મહિના પહેલાં જ તા.૨૫.૦૩.૨૦૧૦ ના બહાર પાડ્યું હતું. તેની ઐસી કી તૈસી (મૃતપાય), બીનઅસરકારક (INEFFECTIVE) કરવા હેતુ સમાજના અનેક મવાળવાદીઓ તરફથી સતપંથના ભાઈઓની સાથે મળીને અનેક ગતિવિધિઓ ચાલુ થઇ ગઈ હતી. તેમાંની એક ગતિવિધિ તા.૨૬.૧૦.૨૦૧૦ ના રોજે અમદાવાદમાં પીરાણાના કાકા અથવા તો પીરાણાના જવાબદાર વ્યક્તિઓ જોડે વાટાગાટો ચાલુ થઇ ગઈ હતી. તેમાં સમાજના અમુક મવાળવાદી ભાઈઓએ ગોપનીય રીતે ગુપ્ત મીટીગ પીરાણાની જવાબદાર વ્યક્તિઓ જોડે કરી દીધી હતી. તેમાં રાજપર, માંડવી વિસ્તારના ભાઈ ધનજી ગોવિંદ સેંઘાણીએ (મંગલ ડાડાએ) ભૂંડી ભૂમિકા ભજવી હતી. તેની સાથે સમાજના અમુક મવાળવાદીઓ પણ જોડાયા હતા. એટલુજ નહિ હદ તો ત્યારે થઈ કે જયારે તેમની સાથે સમાજના હોદ્દેદારો જેવા કે દેવજી માવજી લીબાણી (ટ્રસ્ટી) અને ઉપ પ્રમુખ એવા મનસુખભાઈ રૂડાણી પણ એ ગોપનીય મીટીગમાં હાજર રહ્યા હતા અને તેઓએ સમાજના શ્વેતપત્રને બીનઅસરકારક બનાવતો એક સિક્રેટ સમજોતો પીરાણા જોડે કરી આવ્યા હતા. સમાજના તે વખતના ઉપ પ્રમુખ મનસુખભાઈ રૂડાણી એ વસ્તુને પણ ભૂલી ગયા કે તા. ૨૫.૦૩.૨૦૧૦ ની સમાજની કારોબારી સભામાં તેમને જ સૂચિત શ્વેત્પત્રનું વાંચન કરીને પાસ કરાવ્યું હતું. ક્યારેક મને

આશ્ચર્ય સાથે કુતુહલ પણ થતું હોય છે કે આપણે કચ્છ કડવા પાટીદારો કઈ માટીના બનેલા છીએ? જ્યારે સતપંથ બાબતની વાત આવે છે ત્યારે આપણે સાવ પાણીમાં બેસી જઈએ છીએ. જાણે સતપંથના ભાઈઓ સાથે સંબંધો જાળવવાનો ઠેકો સનાતની ભાઈઓએ જ લીધો હોય એમવર્તન કરતા હોઈએ છીએ. સંબંધો જાળવવાની બાબતમાં સતપંથના ભાઈઓની જવાબદારી જ નથી. જ્ઞાતિમાંથી સત્પન્થની નાબુદી આપણે કરી શકતા જ નથી. તેના અનેક કારણો છે તેનો મેં અભ્યાસ કર્યો છે અને તેનો ઉલ્લેખ આ પછી આ પુસ્તકમાં કે કરેલો છે.

આની જાણ કરી. તરતજ મેં ગંગારામભાઈ સાંખલાને પણ ફોન જોડ્યો અને કહ્યું કે જે વાત ગઈ કાલે તમો અમારી સાથે છુપાવતા હતા તે તો હવે પેપરે ચડી છે. તમે અમારી સાથે આવું છળ શુકામકરી રહ્યા છો? તેમણે મને અને હિંમત ભાઈને વિદ્યાર્થી ભવનમાં આવવાનું કહ્યું તે પ્રમાણે અમે ઠીક ૯.૦૦ વાગે પહોંચી ગયા વિદ્યાર્થી ભવન ખાતે. જેવા ઓફિસમાં પગ મુક્યો કે પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી, મંત્રી શ્રી મોહનભાઈ શિવજી ધોળુ અમારાથી કાંઇક છુપાવતા હોય એવી અમોને શંકા ગઈ. ગંગારામભાઈ પણ ત્યાં ઉપસ્થિત હતા. હિંમતભાઈએ રોષ વ્યક્ત કરતાં ગુસ્સામાં પ્રમુખ શ્રી ને અને ગંગારામભાઈને પરખાવી દીધુ કે "અમારી સાથે આવી રાજ રમત શુકામરમી રહ્યા છો? તમે ન કેવળ અમારી સાથે છળ કરી રહ્યા છો પણ સમાજના દરેક સનાતાની ભાઈઓ જોડે પણ વિશ્વાસભંગ કરી રહ્યા છો. હજી ગઈ કાલે જ જ્યારે અમે તમોને પૂછવા આવ્યા ત્યારે તમો શ્વેતપત્ર બાબતે નનૈયો ભણી રહ્યા હતા અને કહી રહ્યા હતા કે એવું કંઈજ બન્યું નથી. અને આજે તો તે વાત પેપરે ચડી છે. જુઓ મંગળદાદાએ આ જાહેર ખબર છપાવી છે. બતાવો અમોને તે પીરાણા સતપંથ જોડે છૂપો સમજોતો કરેલ ફાઈલ અને લગાડો ફોન મંગલદાદાને ફોન અત્યારે ને આત્યારે જ અને પૂછો શું હકીકત છે?" પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણીએ મંગલદાદાને લગાવ્યો ફોન પણ મંગલદાદા જોડે વાત કરવાની તેમની હિંમત ન ચાલી એટલે ફોન તેમણે પકડાવી દીધો ગંગારામભાઈને (સબ દર્દ કી એક હી દવા એટલે સંકટ મોચન ગંગારામભાઈ). ગંગારામભાઈએ મંગલદાદાને ખખડાવીને પૂછ્યું કે "તમો આવી જાહેર ખબરો છપાવો છો જેને અમોએ (કેન્દ્રીય સમાજે) તે વાતની મંજુરી પણ નથી આપી? તમને કોને અધિકાર આપ્યો છે આવું બધું છપાવવાનો?" ત્યારે અમોએ તે મોવડીઓને કહ્યું કે "કેન્દ્રીય સમાજ અને તેના સનાતની ભાઈઓને અહિત થાય એવા સમજોતા માટે તમે મનસુખ ભાઈને અને દેવજી માવજીને પીરાણા વાળા સાથે વાટાઘાટા કરવા મુકો છો શુકામ? સમાજની ગરીમાને તમે નેવે મૂકી રહ્યા છો? આપણને અને પીરાણાને શું સંબંધ છે બાપા?" ત્યારે તે વડીલોએ પોતાની ભૂલ કબુલ કરી અને અમોને બાંહેધરી આપી કે હવે પછી શ્વેતપત્ર બીનઅસરકારક બને એવું કૃત્ય નહિ થાય એવી અમે તમોને બાંહેધરી આપીએ છીએ.

ઉપરોક્ત શ્વેતપત્ર ભવિષ્યમાં એક ઐતિહાસિક દસ્તાવેજ પુરવાર થશે અને આપણી ભાવી પેઢી તેની સરાહના કરશે તે વાત ચોક્કસ છે. આ વાતને આજે ૧૧ વરસ પૂરાં થયા અને લોકો તેને આજે પણ યાદ કરે છે.

તા. ૧.૦૫.૨૦૧૦ ખાનાઈઓની (પીરાણા સતપંથના ભાઈઓની) શ્વેતપત્ર વિરુદ્ધ રેલી અને કેન્દ્રીય સમાજને આવેદન પત્ર

આવેદનપત્રની કોપી કેન્દ્રીય ફાઈલમાં ક્યાંક હશે. તે કોપી હું મેળવી શક્યો નથી એટલે તેની નકલ અહી છાપી નથી શક્યો તે બદલ વાચક વર્ગ મને માફી બક્ષે.

પીરાણા સતપંથના ભાઈઓએ સમાજના અનેક મવાળવાદીઓ જોડે મળીને શ્વેતપત્રનેબિનઅસરકારક બનાવવા મરણીયા પ્રયાસો કર્યા હતા. તેમાં તેઓએ શ્વેત્પત્રને રદ્દ કરવા માટે થઈને એક વિશાળ રેલીનું આયોજન કર્યું હતું. આ વિશાળ રેલી

નખત્રાણા-કોટડા રોડ ઉપર આવેલ નીષ્કલંકી ધામ(મીની પીરાણા) થી થઈને કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં આવીને કેન્દ્રીય સમાજમાં ભાંગફોડી કરવાનો અને કરાવવાનો સતપંથના ભાઈઓનો બદ ઈરાદો હતો. આવા બદ ઈરાદાને પારખીને અમોએ (સનાતન ધર્મ જાગૃતિ વાળાએ) કેન્દ્રીય સમાજને અગાઉથી પોલીસ બંદોબસ્ત કરાવવા માટે જાગૃત કર્યા હતા અને તે પ્રમાણે સમયસર પોલીસ બંદોબસ્ત પણ થઇ ગયો હતો તે આપણા કેન્દ્રીય સમાજના હિતમાં પગલું રહ્યું હતું.

આવી બધી ખોટી ભ્રામક માન્યતા લોકોના મનમાં ઠસાવી દેવામાં સતપંથના ભાઈઓ સફળ રહ્યા હતા. એટલુજ નહી, કેન્દ્રીય સમાજના આગેવાનોના મનમાં પણ એ વાત દૃઢ થઇ ગઈ હતી. તે માન્યતામાં થી સમાજના આગેવાનોને બહાર કાઢવા માટે અમોને સનાતન ધર્મની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત કરવી પડી હતી. સમાજના સનાતન ધર્મ પાળતા લોકોમાં અસ્મિતા અને જાગૃતિ આણવી હતી તે માટે આ ચોથી ક્રાંતિની શુરુઆત કરવી પડી હતી. કેન્દ્રીય સમાજમાં સનાતની ભાઈઓને તેમના હક્કોથી માહિતગાર કર્યા હતા.

કેન્દ્રીય સમાજ ઉપર સતપંથના ભાઈઓનો હક્ક જમાવવા માટેના પેંતરા અને મનસુબા


સતપંથના ભાઈઓ તો એવું માનવા લાગી ગયા હતા કે **"મારું એ મારું અને બાકી બધું તારું મારું સહિયારું"** અર્થાત સતપંથ સમાજ મારી આઉગી અને સનાતની કેન્દ્રીય સમાજ તારી મારી સહિયારી. જાણે કેન્દ્રીય સમાજ એમના બાપાઓએ ઉભી કરેલી સમાજ હોય તેમતેના ઉપર આજે હક્ક જમાવી રહ્યા હતા. કેન્દ્રીય સમાજના સનાતાનીઓમાં સમયસર સમજણ આવી અને સમાજને શુરુ થયેલા પીરાણાના હસ્તક્ષેપથી બચાવી શક્યા. નહી તો એ દિવસ દુર નોહતા કે પીરાણા સતપંથ વાળા ભાઈઓ આખી કેન્દ્રીય સમાજને જ અપહરણ (HIJACK) કરી ગયા હોત. સમયસર ચેતી ગયા એટલે કેન્દ્રીય સમાજને આજે આપણે બચાવી શક્યા છીએ અને શ્વેતપત્ર દ્વારા સમાજને સનાતની સમાજ તરીકે ની ઓળખ કાયમકરાવી શક્યા છીએ.

તા. ૧.૦૫.૨૦૧૦ નખત્રાણા ખાતે સનાતનીઓની સભા

પીરાણા સતપંથના ખાનાઈ ભાઈઓની સવારના પહોરમાં વિફલ રેલી પછી કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં સનાતની ભાઈઓની એક સભા બોલાવવામાં આવેલ તેમાં કેન્દ્રીય સમાજમાં અને સતપંથના ભાઈઓ દ્વારા ચાલી રહેલ ગતિવિધિઓની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ડો. શાંતિલાલ સેંઘાણી, હિંમતભાઈ ખેતાણી, રમેશભાઈ વાગડીયા, પ્રેમજીભાઈ કેસરાણી અને જયંતીભાઈ રામાણી જેવા અનેક સનાતની ભાઈઓના ભાષણો થયેલ. સમય જતાં જતાં સનાતાની ભાઈઓમાં વધુને વધુ જાગૃતિની લહેર ચાલુ થઇ ગઈ હતી. અત્યારની પરિસ્થિતિને અનુલક્ષીને વાત કરું તો આ જાગૃતિની લહેરને હવે કોઈ કાળે રોકાઈ શકે એમ નોહતી. સનાતની ભાઈઓના હક્કો માટે કેન્દ્રીય સમાજના આગેવાનોને હવે સમજાઈ ગયું હતું કે આ જાગૃતિની લહેરને હવે કોઈ કાળે રોકી શકાય એમ નથી. આગેવાનોના મનમાં એ વાત દ્રઢ થઇ ગઈ હતી કે સનાતની જાગૃતિ અભિયાનના પ્રણેતાઓની માગણીને હવે નજરઅંદાઝ કરી શકાય એમ નથી. છતાં પણ કેન્દ્રીય સમાજના હજી પણ કેટલાક ટ્રસ્ટી-હોદેદારોને એમ હતું કે આ સનાતની જાગૃતિ સમિતિના અમુક કુતરાઓ અત્યારે ભસે છે તે થોડા સમય પછી ટાઢા પડી જવાના છે. અમારી સનાતન ધર્મ જાગૃતિની મુહીમથી સમાજના અમુક આગેવાનોમાં નારાજગી હતી. તેવા આગેવાનોમાં શ્રી મનસુખભાઈ રૂડાણી, વડીલ શ્રી દેવજીભાઈ રામજી ભાવાણી, વરસોથી સમાજ ઉપર ભાર થઈને પડેલ વરિષ્ઠ ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયા, સમાજના ટ્રસ્ટી દેવજી માવજી લીબાણી વગેરે ભાઈઓ મુખ્ય હતા. આ લોકોને સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળાની મુહિમથી ગણી બધી નારાજગી હતી. પણ અમારી જાગૃતિ સમિતિનો ખુલ્લે આમ વિરોધ કરવામાં તેઓ અસક્ષમ હતા. અમારો વિરોધ તેઓ જાહેરમાં કરી શકતા નોહતા.

આ સમયે મને અને હિંમતભાઈને એમહતું કે એક વિશાળ સભાનું આયોજન દેસલપર શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન, સંસ્કારધામમાં પણ યોજાય. તે માટે ત્યારે ત્યાં ઉપસ્થિત તે સંસ્થાના ઉપ પ્રમુખ શ્રી કરસન પ્રેમજી મેઘાણીને વાત કરી. ત્યારે જેઠાલાલ ચોપડાને તે વડીલે ફોન ઉપર સંપર્ક કર્યો પણ ત્યાંથી ના આવી એટલે હિંમતભાઈને અને મને કહ્યું કે તે સભાનું આયોજન સંસ્કાર ધામમાં થઇ શકે એમનથી. ત્યારે શ્રી હિંમતભાઈ ખેતાણીએ વડીલ કરસન પ્રેમજી મેઘાણીની ઉપર ક્રોધિત થઈને સંભળાવી દીધું કે જો સનાતની ભાઈઓના માટે ઉભી થયેલ શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામસંસ્થા જો સનાતનીઓની સભાના આયોજન માટે મંજુરી ન હોય તો શું અમારે તેવી સભાનું આયોજન પીરાણામાં કરવું? હિંમત ભાઈનું આવું રૌદ્ર સ્વરૂપ જોઇને વડીલ શ્રી કરસન પ્રેમજી મેઘાણી એક દમડઘાઈ જ ગયા અને ફરી પાછો સંસ્કાર ધામના પ્રમુખ શ્રી જેઠાલાલ ચોપડા જોડે ફોન કર્યો. અને હિંમત ભાઈને પણ જેઠાલાલ ચોપડા સાથે વાત કરવા માટે ફોન પકડાવી દીધો. અને હિંમતભાઈએ ક્રોધિત થઈને જેઠાલાલ ચોપડાને જે વાત કરી તેથી બીજા જ દિવસે પેપરમાં સનાતની સભાના આયોજનની જાહેર ખબર આવી ગઈ અને તે પ્રમાણે ત્યાં તા. ૪.૦૫.૨૦૧૦ ના સંસ્કાર ધામમધ્યે સનાતની ભાઈઓની એક વિશાળ સભાનું આયોજન થયું. તે વખતનું રૌદ્રરૂપ જોઇને મેં પણ હિંમતભાઈને વારવાની કોશિશ કરી ત્યારે તેઓ મારા ઉપર પણ ખીજાઈ ગયા હતા અને મને કહ્યું કે રમેશ આ લોકોને તું ઓળખતો નથી, હું એમને બરાબર ઓળખું છું. આ લોકો આવી જ ભાષા જાણે છે. પીરાણા સતપંથની શેહમાં આવીને તેમની ચામડી ગેંડાની ચામડી થઇ ગઈ છે, તેમના ઉપર પાણી ઢોળો તો પણ કંઈજ અસર થતી નથી તેથી આવી ભાષાનો જ ઉપયોગ ન કરવા છતાં પણ પરાણે કરવો પડે છે. તેઓ સમજતા જ નથી કે સનાતન ધર્મ અને સતપંથના રસ્તા જ જુદા છે. તેમના મકસદ પણ જુદા છે. છતાં પણ તેઓ પીરાણાની શેહમાં શા માટે રહે છે તે જ સમજાતું નથી.

તા. ૩.૫.૨૦૧૦ ના દિવસે કચ્છ મિત્ર દૈનિક અખબારમાં સનાતનીઓ દ્વારા આપવામાં આવેલ જાહેર સ્પસ્ટતા



જાહેર સ્પષ્ટતા

આથી સર્વે કડવા પાટીદાર જ્ઞાતિજનોને જણાવવાનું કે, નીચેના મુદ્દે ગંભીરતાથી વિચાર કરવો જરૂરી છે.

- જે વ્યક્તિઓ આપણા સમાજના **શ્વેતપત્રની હોળી** કરે તેને આપના સમાજમાં સમાવેશ કરી શકાય ? એમને આપણે બોલાવેલા છે ?
- આપણા સમાજનો **સુવર્ણ જયંતિ મહોત્સવ** કે જેમાં **મહામહિમ રાજ્યપાલશ્રી** હાજરી આપવાના છે. તેવી જાણ થતાં કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ દ્વારા લેખિતમાં તેમને ગેરમાર્ગે દોરવા તેમજ આપણા સમાજને પાછી પાડવા તેમજ આપણા કાર્યક્રમને ડહોળવા માટે જેમણે કોશીષ કરેલ છે તેમને આ સમાજમાં સભ્ય તરીકે રહેવાનો અધિકાર છે ?
- અત્યાર સુધી અખિલ ભારતીય સતપંથ સમાજ દ્વારા ૨૦૦૪ સુધી આઠ પંચમવેદ બહાર પડ્યા તેમાં કચ્છ કડવા પાટીદાર સતપંથ સમાજને **'મોમના કણબી'** તેમજ સતપંથ સમાજ **'ઈસ્લામિક ધર્મ'** પાળનારો સમાજ છે તેવી સ્પષ્ટતા હોવા છતાં એકપણ પુસ્તકના વિમોચનને અટકાવવામાં આવેલ નથી કે તેમાં **કચ્છ કડવા પાટીદાર સતપંથ સમાજની કોઈ લાગણી દુભાણી નથી ? એમની સામે શું પગલાં લીધા ? આપણા સમાજના સ્વર્ણિમ મહોત્સવમાં ઈતિહાસવીદ ગ્રંથનું વિમોચન છે** તેવા પ્રસંગે આ ગ્રંથને વાંચ્યા, સમજ્યા વિના મહામહિમ તથા ચેરિટી કમિશ્નર પાસે ખોટી રજૂઆતો થઈ છે અને આ વિમોચનને વિફળ બનાવવા પ્રયત્ન કરનાર વ્યક્તિઓને સમાજમાં ખુલ્લા પાડવા જરૂરી છે.
- આપણી **અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ**ના જે સભ્ય નથી તેવી સંસ્થાઓ જેવી કે

૧. શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ
૨. શ્રી અખિલ ભારતીય સતપંથ હિતરક્ષક મંડળ
૩. શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સેવા સમિતિ
૪. શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ વિકાસ ટ્રસ્ટ
૫. શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન સમાજ ટ્રસ્ટ

તેમને શા માટે પેટમાં દુઃખે છે ? અને તેમને આપણી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના કાર્યક્રમમાં વાંધો કે વચકો લેવાની કે જાહેરાત કરવાની કે સ્પષ્ટતા કરવાની શું જરૂર પડે છે ?

- આપણો સમાજ અને **કચ્છ કડવા પાટીદાર સ્વર્ણિમ મહોત્સવ એ અનેરો ઉત્સવ** છે. તેમાં કોઈપણ જાતની અવળચંડાઈ સહન કરવાની નથી. તેવા મનોબળ સાથે આપણે સૌ એક થઈ તારીખ : ૭/૫/૨૦૧૦ એટલે કે **આજની અસાધારણ સભા તેમજ મહોત્સવમાં શક્ય તેટલી વધુ સંખ્યામાં હાજર રહી આ મહોત્સવને ભવ્યાતિભવ્ય રીતે માણીએ અને તેમાં કોઈપણ જાતની કચાશ કે કડવાશ રહેવા ન દઈએ તેવી સૌને નમ્ર અપિલ છે.**

સૌજન્ય : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના હિતચિંતકો

તા. ૪.૦૫.૨૦૧૦ દેસલપર સંસ્કારધામખાતે એક વિશાળ સભા

આ વિશાળ સનાતની સભામાં કચ્છના ગામે ગામથી ભાઈ-બહેનોની નોંધનીય હાજરી રહી હતી. આ સભામાં મારું, પ્રેમજીભાઈ કેસરાણી અને હિંમતભાઈ ઉપરાંત શ્રી કરસન પ્રેમજી મેઘાણી અને શ્રી રામજી ભીમજી ડાયાણીના પણ ભાષણો થયા હતા. આ સભામાં અત્યારે ચાલી રહેલ સનાતની ચળવળની સમીક્ષા કરવામાં આવી. અને કેન્દ્રીય સમાજના બંધારણમાં ફેરફાર કરવા માટે તા. ૭.૦૫.૨૦૧૦ ની બોલાવવામાં આવનાર એક વિશેષ સામાન્ય સભાના આયોજનમાં અચૂક હાજરી આપવા માટે ગામેગામના સનાતાની ભાઈઓને હાજર રહેવા માટે અહવાન કરવામાં આવ્યું. તેના પરિણામસ્વરૂપે કેન્દ્રીય સમાજની તે વિશેષ સામાન્ય સભામાં લગભગ ૨૫૦૦૦ માણસોની હાજરીની નોંધ થઇ હતી.

તા. ૬.૦૫.૨૦૧૦ સમાજની કારોબારી સભા બંધારણમાં ફેરફાર કરવા બાબતઃ

તા. ૭.૦૫.૨૦૧૦ ના બંધારણમાં ફેરફાર કરવા માટે બોલાવવામાં આવનાર વિશષ સામાન્ય સભાની પૂર્વ તૈયારી રૂપે તા.૬.૦૫.૨૦૧૦ ના સમાજની કારોબારી સભા બોલાવવામાં આવી હતી. આ કારોબારી સભામાં નવા બંધારણ માટે નીમવામાં આવેલ કમિટી દ્વારા નવા બંધારણની રજૂઆત કરવામાં આવી હતી જેનું વાંચન થયા પછી એક આવાજે સર્વાનુમતે તે બંધારણને મંજુરી આપવામાં આવી હતી. ત્યાર પછી તે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

તા. ૭.૦૫.૨૦૧૦ ની થનાર વિશેષ સામાન્ય સભા ઉપર ચેરીટી કમીશનરની રોક સતપંથના ભાઈઓ દ્વારા આચરવામાં આવેલ બીજું એક હીન કૃત્ય

તા. ૬.૦૫.૨૦૧૦ ની કારોબારી સભા પૂર્ણ થયા પછી એક ઘટના બની. એ ઘટના એ હતી કે પીરાણા સતપંથીઓ દ્વારા આવતી કાલે એટલે કે તા. ૭.૦૫.૨૦૧૦ ના બોલાવવામાં આવનાર વિશેષ સામાન્ય સભા ઉપર રોક લગાવતી ચેરીટી કમીશનર રાજકોટ દ્વારા નોટીસ બજવણી કરવામાં આવી હતી. આ નોટિસથી કેન્દ્રીય સમાજમાં સોંપો પડી ગયો હતો. સમાજના સર્વે મોવડીઓ ચિંતામાં ગરકાવ થઇ ગયા હતા. હવે શું કરવું કોઈને શુજતું નોહતું. ત્યારે મેં અને હિંમતભાઈએ વડીલોને સલાહ આપી કે આમાં સમાજના એડવોકેટ ભંડારકર વકીલ સાથે મીટીંગ તો કરી જુઓ. એ શું સલાહ આપે છે તે જોઈએ.

તા. ૬.૦૫.૨૦૧૦ ના દિવસે જ એડવોકેટ વકીલ શ્રી યોગેશ ભંડારકર જોડે તેની ઓફિસે સમાજના મોવડીઓની એક મીટીંગ

સમાજના આગેવાનો સાથે અમારી ચર્ચા વિચારણા પ્રમાણે ભંડારકર વકીલનો સંપર્ક કરીને અમો તમોને મળવા આવીએ છીએ તેમ ભંડારકર વકીલને જણાવી દેવામાં આવ્યું. અને તે માટે ત્વરિત ભુજ રવાના થઇ ગયા. ભુજ વકીલને મળવા જવામાં હું, હિંમતભાઈ, પ્રેમજીભાઈ કેસરાણી, ગંગારામભાઈ સાંખલા, પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી, મંત્રી શ્રી મોહન શિવજી ધોળુ વગેરે ભાઈઓ ગયા હતા. ભંડારકર વકીલ જોડે હકીકતની ચર્ચા કર્યા પછી ભંડારકર વકીલે એ સલાહ આપી કે અત્યારે આપણને સમાજમાં કે કોઈ હોદ્દેદારોએ ચેરીટી કમીશનરની કોઈ નોટીસ લેવી નથી. નોટીસ પાછી જતી હોય તો ભલે જાય. ચેરીટી કમીશનરે તે નોટીસ સમાજને અને ટ્રસ્ટી હોદ્દેદારો સમિત લગભગ ૫૫ જણા ઉપર મોકલાવી હતી. વકીલની સલાહ પ્રમાણે કોઈએ નોટીસ લીધી નહિ પણ તેની સલાહને અવગણીને ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયાએ નોટીસ લઈ લીધી હતી. આ વડીલની મથરાવટી હમેશાં કેન્દ્રીય સમાજના હિતોની વિરુધ્ધ જ રહી હતી. શ્રી ભંડારકર વકીલે એ પણ સલાહ આપી કે આવતી કાલની તા. ૭.૦૫.૨૦૧૦ ની વિશેષ સામાન્ય સભા યથાવત રાખો, જાણે કે આપણને તે નોટીસ મળીજ નથી, તેથી મીટીંગ રાબેતા મુજબ ચાલુ રાખીને નવા બંધારણને પાસ કરવાનું હતું તે પાસ કરવાનું નક્કી થયું.

નોટીસ મોકલાવનાર માણસ બીજો કોઈ નહિ પણ એક સતપંથી માણસ નામે માવજી ડાહ્યા

આ નોટીસ માનકુવાના સતપંથી ભાઈ માવજી ડાહ્યાએ ચેરીટી કમીશનર પાસે ખોટી ફરિયાદ અરજી કરીને નોટીસ મોકલાવવાનો પ્રબંધ કર્યો હતો. મેં આ પુસ્તકમાં પહેલાં પણ જણાવ્યું હતું પીરાણા સતપંથ દ્વારા આવા દરેક કોર્ટ કેસની પાછળ કોઈ વ્યક્તિને ઉભો કરવામાં આવતો અને તેને પૂરે પૂરું પીઠબળ પીરાણાના ઈમામશાહ બાવા રોઝા ટ્રસ્ટનું રહેતું. પીરાણા સતપંથના ભાઈઓની મંછા હમેશાં એ રહેતી કે કેન્દ્રીય સમાજની કામગીરીને યેન કેન પ્રકારેણ ખોરંભે ચડાવવી. જે રીતે ભારત ભરમાં મુસલમાનો મનમાની કરી રહ્યા છે બસ તેવી જ રીતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં કેન્દ્રીય સમાજને અને તેના સનાતની સભ્યોને હેરાન પરેશાન કરી મુકવા હેતુથી ખોટા કોર્ટ કેસો કરીને પોતાની મનમાની આ પીરાણા સતપંથના ભાઈઓ કરતા રહ્યા છે. આ હમેશાં તેમની કાર્ય પ્રણાલી (મોડસ ઓપેરેંડી) રહેતી હતી. કેન્દ્રીય સમાજમાં આ સતપંથના ભાઈઓને પ્રવેશ આપીને આપણે બહુજ મોટી ભૂલ કરી હતી. જ્ઞાતિમાંથી પીરાણા સતપંથને જડમૂળથી નાબુદ કરવાનું જે આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીબાણીના આદેશ ઉપર દેખીતી રીતે પાણી ફરી રહ્યું હતું. નારાયણજી બાપાની કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં પ્રતિમા મુકવામાં આવી હતી, કેન્દ્રીય સમાજની ઓફીસમાં તેમના ફોટાનું પૂજન કરવામાં આવતું પણ એમણે ચીન્ધેલું કામ કેન્દ્રીય સમાજના આગેવાનોમાંથી કોઈને કરવું નોહતું. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી જ્ઞાતિ માટે લાયક નહિ એવા પાખંડી પીરાણા સતપંથનો જડમુળથી નાશ કરવાનું કોઈને કેમ સુજતુ નોહતું તે મારા માટે એક આશ્ચર્યની વાત હતી. મારા માટે તે એક અજાયબી જ હતી. એક સો વરસના સંઘર્ષ પછી પણ આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સતપંથ મુક્ત જ્ઞાતિ બની શકી નહી તેનો દોષ કોને આપવો?

તા. ૭.૦૫.૨૦૧૦ ની કેન્દ્રીય સમાજની બંધારણ પાસ કરવા માટે ની વિશેષ સામાન્ય સભા. લગભગ ૨૫૦૦૦ માણસો ની હાજરી – પુરેપુરો પોલીસ બંદોબસ્ત

સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સનાતની ચળવળને કારણે આપણને (સનાતનીઓને અનુરૂપ નવું બંધારણ પાસ કરાવવા માટે એક વિશેષ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૫-૭ મહિનાથી કેન્દ્રીય સમાજમાં બનેલી ઘટનાઓના પરિણા સ્વરૂપે સનાતની ભાઈઓને સનાતન સમાજને અનુકુળ બંધારણમાં ફેરફારો કરવા માટે આખરે સમાજના આગેવાનો મંજુર થયા હતા તે અન્વયે નવા બંધારણ માટે એક કમિટીનું ગઠબંધન કરવામાં આવ્યું હતું. આ કમિટીના સભ્યો નીચે પ્રમાણે હતા.

૧. શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી (વિરાણી મોટી)

૨. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી અંગીયા

૩.

૪.

૫.

આ કમિટીએ સનાતન સમાજને અને સનાતની ભાઈઓને અનુકુળ ફેરફારો સાથે કેન્દ્રીય સમાજનું નવું બંધારણ સમાજને સોંપરત કર્યું હતું તેને સમાજે તા.૬.૦૫.૨૦૧૦ ની કારોબારી સભામાં એક અવાજે સર્વાનુમતે પાસ કર્યું હતું અને હવે પ્રણાલિકા પ્રમાણે કાયદાકીય રીતે વિશેષ સામાન્ય સભામાં તેને બહાલી આપવાની બાકી હતી.

તે વિશેષ સામાન્ય સભા બોલાવવી કે ન બોલાવવી તેની અવઢવ માં સમાજનું મોવડી મંડળ

સમાજના સૌ સનાતની સભ્યોને અને સમાજના તે વખતના આગેવાનોને દહેસત હતી કે ચેરીટી કમીસનરની નોટીસ બજવણીના કારણે તે વિશષ સામાન્ય સભામાં કાંઈ અજુગતું તો નહિ થાયને? સતપંથના ભાઈઓ દ્વારા કેવો ઉહાપોહ મચાવવામાં આવશે? તેની ચિંતા તેમને સતત થયા કરતી હતી. સનાતની CA ચંદ્રકાંત ભાઈએ તો સમાજના સભ્ય ભાઈઓનું એક કોમ્પ્યુટરાઈસડ લીસ્ટ બનાવ્યું હતું, તે પ્રમાણે મીટીગમાં મેમ્બર અને નોન મેમ્બરને બેસવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી કાંઈક અજુગતું થાય તો તેની વ્યવસ્થા જાળવી શકાય. અગાઉથી જ પોલીસનો પૂરે પૂરો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. રમેશભાઈ વાગડિયાની આ પહેલાં બનેલી ધરપકડની ઘટનાને નખત્રાણાની પોલીસ સુપેરે જાણતી હતી એટલે પોલીસે સમાજના મોવડીઓને અગાઉથી મળીને તે સભામાં મારા બોલવા ઉપર રોક લગાવી દીધી હતી. કેન્દ્રીય સમાજના તે વખતના આગેવાનોમાં અમુક આગેવાનોને હું, પ્રેમજીભાઈ અને હિંમતભાઈ આંખમાં કાંટાની જેમ ખટકતા હતા. અમે બોલીએ, એ તે લોકોને જરાય ગમતું નોહતું અને વળી પોલીસે તેમ કરવાનું કહ્યું તેમાં સમાજના એવા આગેવાનોને મજા પડી ગઈ.

નવા બંધારણને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી

બધારણ ઉપર થોડી ગણી બહેશ થયા પછી સર્વાનુમતે તે નવું બંધારણ તા.૭.૦૫.૨૦૧૦ ની વિશેષ સામાન્ય સભાએ પાસ કરી દીધું. ખેર, તેના ઉપર ચેરીટી કમીશનરની રોક લાગેલી ભલે હોય પણ નૈતિક દ્રષ્ટીએ તે બંધારણ સૌ સભ્યો માટે બંધનકર્તા તો હોય જ ને. મને અફસોસ એ વાતનો છે કે આપણે આજે પણ તે બંધારણને કોર્ટથી મુક્તિ નથી અપાવી શક્યા. અને નૈતિક રીતે તે બંધારણને આપણે આપણા ઉપર પણ બંધનકર્તા કરી શક્યા નથી તે આપણી પોતાની નબળાઈ ગણાય. તે બંધારણને કઈ રીતે વહેલી તકે ચેરીટી કમીશનરની રોક થી મુક્ત કરી શકીએ તે સમાજ માટે એક મોટો સવાલ હતો. કહેવાય છે કે ચેરીટી કમીશનરની રોક ઉઠાવવા માટે આપણે હાઈ કોર્ટે ગયા છીએ પણ આપણા તરફી ચુકાદો હજી આપણને મળ્યો નથી.

આજે તા. ૨૮.૦૫.૨૦૨૧ ના હું આ લખાણ કરી રહ્યો છું તે દરમ્યાન આપણે બે સક્રિય સનાતાનીઓ ને ખોયા છે. એક તો સમાજના પૂર્વ પ્રમુખ પ્રેરક શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા અને બીજા ક્રીયાત્તેજક સક્રિય સનાતની વીર શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી. આ બંને સનાતનીઓની કેન્દ્રીય સમાજને ખોટ વરસો સુધી સાલશે તેમાં બે મત નથી. આ બે સનાતાનીઓને યાદ કરતા હું અત્યારે અત્યંત ઊંડા દુઃખની લાગણીનો અનુભવ કરી રહ્યો છું. આ બે સનાતનીઓની કેન્દ્રીય સમાજને તાતી જરૂરત હતી. માણસો આ દુનિયામાંથી જતા રહે છે પણ કોર્ટનો નીવડો આવતો નથી. એટલેજ આપણા વડીલો કહી ગયા છે કે આયુષ્ય અને આટો હોય તો જ કોર્ટના બારણે ચડવું. બીજા એક વડીલે કહ્યું છે કે કોર્ટમાં જવા પહેલાં પોતાના ઘરને દિવાસળી ચાંપવી, પછી જ કોર્ટે ચડવું જોઈએ. કહેવાનો ભાવાર્થ એ છે કે કોર્ટમાં નીવડો જલ્દી આવતો નથી વરસોને વરસો, પેઢીઓને પેઢીઓ નીકળી જાય છે પણ કોર્ટનો આરો આવતો નથી.

તા. ૭.૦૫.૨૦૧૦ના મહામહીમરાજ્યપાલ સાહેબાને આમંત્રણ આપવા રાત્રે ગાંધીનગર જવા રવાના:

આપણા ૧૦.૦૫.૨૦૧૦ થી શુરુ થતા સ્વર્ણિમ મહોત્સવના કાર્યક્રમ માટે સમાજે અગાઉથી જ ગુજરાતના રાજ્યપાલ સાહિબા કમલા બેનીવાલને આમંત્રણ આપેલ હતું. ત્યાં પણ સતપંથના ભાઈઓએ રોડા નાખવાનું હીન કાર્ય કર્યું હતું. તે હીન કાર્ય એટલે કોઈકના માધ્યમથી રાજ્યપાલ સાહેબાને એ કહેવડાવ્યું હતું કે “શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં અત્યારે સતપંથ-સનાતન મુદ્દે ડખા ચાલી રહ્યા છે અને તમારું અત્યારે તે સ્વર્ણિમ મહોત્સવના કાર્યક્રમમાં જવું હિતકારક નથી”. એટલે રાજ્યપાલની ઓફિસેથી સંદેશો આવ્યો કે રાજ્યપાલ તમારા કાર્યક્રમમાં આવવાના નથી. પણ

તેમનો એ સંદેશો સમાજના આગેવાનો ને મળ્યો કે નહિ તેથી હું આજે પણ અજાણ છું. પણ સમાજ તરફથી અમોને એમ કહેવામાં આવ્યું કે તમે લોકો (હું, પ્રેમજીભાઈ કેસરાણી અને છગનભાઈ પારસીયા) ગાંધીનગર રાજ્યપાલની ઓફિસે જાઓ અને ફરી એક વખત એમને આમંત્રણ આપી આવો. તેથી સમાજનો એક વિનંતી પત્ર લઈને મને (રમેશભાઈ વાગડિયા), છગનભાઈ પારસીયાને અને પ્રેમજીભાઈ કેસરાણીને કાર દ્વારા રાતો રાત નખત્રાણાથી ગાંધીનગર રવાના કર્યા હતા. હવે ત્યાં જઈને તેમની ઓફિસે જવું કેમ? અને મળવું કોને? એટલે અમે લોકોએ નક્કી કર્યું કે પ્રેમજીભાઈ કેસરાણીના મોટા કાકાઈ ભાઈ શ્રી શંકરલાલ દેવજી કેસરાણી ગાંધીનગરમાં રહે છે અને તેમની સરકારી ખાતામાં ઓળખાણ બહુજ છે તેની જાન મને હતી. તે આપણને રાજ્યપાલની ઓફિસે લઈ જશે. તે પ્રમાણે આખી રાત કાર ગાડી ચલાવીને તા.૮.૦૫.૨૦૧૦ ના સવારના અમે ગાંધીનગર શંકરલાલ દેવજી કેશરાણીને ઘરે પહોંચ્યા. આમ પણ શંકરલાલ કેસરાણી મારા મામાઈ બનેવી થતા એટલે મને પણ સારી રીતે ઓળખતા હતા. સવારના નાહી ધોઈ પરવારીને અમોને શંકરલાલ કેશરાણી મહામહીમ રાજ્યપાલ સાહેબાની ઓફિસે લઈ ગયા. શંકરલાલ કેસરાણીની ઓળખાણ તો જબરજસ્ત હતી. અમોને સીધા રાજ્યપાલના એટેચી પાસે લઈ ગયા. રાજ્યપાલ સાહેબા તે વખતે હાજર નોહતાં. કોઈ કારણસર તેઓ બહાર ગયાં હતાં. તેમના અંગત મદદનીશ એક નવલ ઓફીસર ત્યાં હાજર હતા. તેઓએ અમોને બેસાડીને બધી હકીકત કહી. તેઓએ અમોને જણાવ્યું કે તમારામાંથી કોઈએ અમોને એક પત્ર લખ્યો છે કે કોઈ ધાર્મિક બાબતોને લઈને મહામહિમ રાજ્યપાલ સાહેબા ત્યાં જશે તો ત્યાં કંઈક ધાર્મિક જગડા જેવું વાતાવરણ ઉભું થવાની પુરેપુરી શક્યતા છે. તેઓએ અમોને તે પત્રની કોપી તો બતાડી નહિ પણ અમે સમજી ગયા કે તે પત્ર સતપંથના ભાઈઓ દ્વારા પીરાણાના આદેશથી અપાણો હશે. તેમના અંગત મદદનીશે અમોને એ પણ વાત કરી કે મહામહીમ રાજ્યપાલ સાહેબા તમારા પ્રોગ્રામમાં નહિ આવે તેવો ફેક્સ મેસેજ અમોએ તમોને ગઈ કાલે જ સાંજના ૫.૦૦ વાગે મોકલાવી આપ્યો છે તો તમે અત્યારે નાહકનો ગાંધીનગર ધક્કો શા માટે ખાધો? તે મેસેજની કોપી પણ અમોને કાઢી આપી. ત્યારે અમોને ખરેખર તાજ્જુબ થયું કે કેન્દ્રીય સમાજને આની જાણ ગઈ કાલે જ ફેક્સથી થઇ ગઈ હોવા છતાં કેન્દ્રીય સમાજના હોદ્દેદારોએ અમોને ગાંધીનગર શા માટે મોકલાવ્યા. શું તેઓ મને, પ્રેમજીભાઈ કેશરાણીને અને છગનભાઈ પારસીયાને વિષય વિચારણીય સભામાં હાજરી નોહતા અપાવવા માંગતા? તેનો જવાબ શું હોઈ શકે તે હું વાચક વર્ગ ઉપર મુકું છું. પણ અમોને મનમાં શંકા હતી કે કેન્દ્રીય સમાજે અમોને ગાંધીનગર નો ધક્કો નાહકનો નખાવ્યો. ખેર જે હકીકત હશે તે ભગવાનને ખબર.

તા. ૮.૦૫.૨૦૧૦ કેન્દ્રીય સમાજની વિષય વિચારણીય સભા. તે સભામાં હું અને પ્રેમજીભાઈ હાજર રહી ન શક્યા તે એક સાજીસ કે પછી ચોગાનું ચોગ એક ઘટના?:

આનો જવાબ તો ફક્ત તે સાજીસ રચનારા જ આપી શકે એમછે. હું અને પ્રેમજીભાઈ તો બસ એક અનુમાન જ લગાડીએ છીએ કે મહામહીમરાજ્યપાલ સાહેબા શ્રીમતી કમલા બેનીવાલ આપણા સ્વર્ણિમમહોત્સવમાં નથી આવવાના તેવો મેંસેજ કેન્દ્રીય સમાજને ફેક્સથી મળ્યો હોવા છતાં અમોને ગાંધીનગર નાહકનો ધક્કો ખવડાવ્યો અને વિષય વિચારણીય સભામાં અમોને હાજરીથી વંચિત રાખ્યા. જે હોય તે પણ અમે બંને જણા સમાજની વિષય વિચારણીય સભામાં હાજર ન રહી શક્યા તેનો અમોને ખેદ છે.

તા. ૯.૦૫.૨૦૧૦ સ્વર્ણિમ મહોત્સવ નો પહેલો દિવસ. મુખ્ય મહેમાન નરોત્તમભાઈ પટેલ

સ્વર્ણિમમહોત્સવનો પહેલો દિવસ હેમખેમરીતે પસાર થયો. કોઈજ અણબનાવ નોહતો થયો. આમેય દહેસત તો હતી જ કે ક્યા કોઈ સતપંથના ભાઈઓ ક્યાંક સભા ઉપર રોક લગાડશે.

તા. ૧૦.૦૫.૨૦૧૦ સ્વર્ણિમ મહોત્સવ નો બીજો દિવસ

આ દિવસે અનેક પ્રોગ્રામો હતા પણ અહીં નોધ લેવા જેવો પ્રોગ્રામહું તમોને જણાવું તો તે હતો યોગ ગુરુ બાબા રામદેવજીનો કાર્યક્રમ. તેઓ યોગ બારામાં બોલતી વખતે વારંવાર એવું બોલી રહ્યા હતા કે સમાજમાં આપણે બધાએ એકમેકની સાથે મળીને રહેવું જોઈએ. તેમનો ગર્ભિત ઈશારો એ હતો કે સમાજમાં સતપંથ અને સનાતનના ભાઈઓએ સાથે મળીને રહેવું જોઈએ. કારણકે આપણા બધાયનું લોહી લાલ છે (સનાતનીઓનું લોહી લાલ છે અને સતપંથીઓનું લોહી પણ લાલ છે) તેથી આપણા પૂર્વજો પણ એક છે એટલે આપણામાં જગડા અને વિખવાદ શા માટે? ત્યારે હિંમતભાઈને અને મને શંકા ગઈ કે ગઈ કાલે રાત્રે આ બાવાને નક્કી કોઈ મવાળ અથવા તો કોઈ સતપંથી ભાઈઓ છબી ગયા લાગે છે જે પાંડુરંગ શાસ્ત્રીજીના સ્વાધ્યાય વાળી ભાષા બોલી રહ્યા છે. તપાસ કરતાં ખબર પડીકે રાત્રે બાબાનો ઉતારો ડો. શાંતિલાલ સેંઘાણીના ઘરે રાખવામાં આવ્યો હતો. અમે ડો. શાંતિલાલ સેંઘાણીને પૂછ્યું કે ગઈ કાલે રાત્રે બાબાને મળવા તમારે ઘરે કોણ કોણ આવ્યું હતું? ત્યારે ડો.શાંતિલાલે જણાવ્યું કે આમતો બાબાનું રાત્રી રોકાણ મારા ઘરે જ નક્કી રાખવામાં આવ્યું હતું પણ મોડે મોડે તેમને મળવા મુંબઈ વાળા નીતિન કિર્તીભાઈ સાંખલા અને અમદાવાદ વાળા ભાઈ કૌશલ ગંગારામઆવ્યા હતા તે બાબાને અરલ ગામનજીક આવેલ કોઈ રિસોર્ટમાં રાત્રી રોકાણ માટે લઈ ગયા હતા. ત્યારે વાત સમજાણી કે આ બંને લોકો મવાળવાદી છે. અને સ્વાધ્યાય વાળી ભાષા બાબાને આ લોકોએજ શીખવાડી હશે. અમદાવાદ વાળા કૌશલભાઈને ઘરે તો પીરાણા સતપંથના કાકાઓ અને બાપુઓ વારંવાર આવતા જતા હોય છે. બંને જણા સ્વાધ્યાયી હોવાથી બાબાને શીખવાડી ધીધુ હશે કે તમે આવી રીતે બોલજો. ''તુમ્હારા લહુ લાલ મેરા લહુ લાલ'' બધાનું લોહી લાલ હોય છે. તે પ્રમાણે બાબો (યોગ ગુરુ રામદેવજી) તેના લેકચરમાં એમબોલી રહ્યો હતો. નીતિનભાઈ બાબાની સાથે સ્ટેજ ઉપર હતા અને જ્યારે નીચે ઉતર્યા ત્યારે હું અને હિંમતભાઈ સ્ટેજની બાજુમાં જ બેઠા હતા એટલે હિંમતભાઈએ નીતિનભાઈને પરખાવી દીધું કે ''નીતિન, અમે લોઢાને ગરમકરીને હથોડા મારવાનું કામકરીએ છીએ તેના ઉપર તમે લોકો તો પાણી નાખીને લોઢાને ટાઢું કરો છો? અમારી મહેનત ઉપર પાણી ફેરવી નાખો છો''? ત્યારે નીતિનભાઈ હિંમતભાઈની વાત ને સમજ્યા કે નહિ તેની મને ખબર નથી પણ નીતિનભાઈ હિંમતભાઈને પૂછવા લાગ્યા કે શું શું વાત કરો છો હિંમતભાઈ? આવી રીતે તે વખતે સમાજમાં સતપંથ તરફી કુણી લાગણીઓ ધરાવવા વાળા અનેક ભાઈઓ હતા. જેને કહેવાય ઉદારમતવાદીઓ. સમાજનું સિધ્ધાંતિક રીતે પતન ભલે થાય પણ સતપંથ તરફનો પોતાનો ઉદારતાવાદ અભિગમકોઈને છોડવો નથી. એટલો બધો પીરાણા સતપંથનો પ્રભાવ આપણા ભાઈઓ ઉપર હાવી થઈ ગયો હતો. અમારી સનાતની ચળવળની મહેનત ઉપર પાણી ફેરવવા વાળા ગણા ભાઈઓ હતા કે જેઓ અમારી સનાતન ચળવળને ધીમી પડવાની ભરપુર કોશિષો કરી રહ્યા હતા. પીરાણા સતપંથમાં અને સતપંથના ભાઈઓમાં એ મવાળવાદી લોકો શું જોઈ રહ્યા હતા? આવા કેટલાએ મવાળવાદીઓને લીધે કેન્દ્રીય સમાજ તે વખતે પીડાતી હતી. અને તેથી તો પીરાણા સતપંથ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી નાબુદ નોહ્તો થઈ શકતો બલકી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં વધુને વધુ પાંગરતો જતો હતો.

તા. ૧૧.૦૫.૨૦૧૦ સ્વર્ણિમમહોત્સવ નો ત્રીજો દિવસ અને સમાજનું પંચમ અધિવેશન

આજે સ્વર્ણિમ મહોત્સવનો ત્રીજો દિવસ હતો. આજે સનાતની જ્ઞાતિનું પંચમ અધિવેશન પણ હતું. બપોર પહેલાંના સત્રમાં સ્વર્ણિમ મહોત્સવના સમાપનનો કાર્યક્રમ હતો. કચ્છના યુવાનોને એવી મંછા હતી કે સનાતન જાગૃતિ સમિતિના સભ્યોને મંચ ઉપર બોલાવીને તેમનું સન્માન જનમેદની વચ્ચે કરવામાં આવે. તેથી ડોક્ટર શાંતિલાલ સેંઘાણીના કહેવાથી યુવા સંઘના પ્રમુખ શ્રી જયંતીલાલ લાકડાવાલાએ અમારી ટીમને મચ ઉપર આવવા માટે આમંત્રણ આપ્યું તેથી અમે (સનાતન ધર્મ જાગૃતિ વાળા) સર્વે ભાઈઓ મંચ ઉપર ઉપસ્થિત થયા અને લોકોનું અભિવાદન જીલ્યું. લોકોમાં સનાતન હિંદુ ધર્મ બાબતે પ્રચંડ બેનમુન ઉત્સાહ હતો.

કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિનો સનાતન હિંદુ ધર્મને લઈને પ્રચંડ ઉત્સાહ

લોકોને અમારા પ્રત્યે ખુબજ લાગણી હતી અને જનમેદની વચ્ચેથી માગણી આવી કે હિંમતભાઈ કંઈક બોલે. જન મેદની ની લાગણીને માન આપીનેં બોલવા ઉઠ્યા. લોકોની લાગણીઓ જોઇને એમનું મન ભરાઈ આવ્યું. આગળ બોલી શક્યા નહિ તેથી એમણે મને બોલાવીને ઈશારો કર્યો કે તું કંઈક બોલ. તેમના આદેશને માન આપીને હું માઈક સમક્ષ આવ્યો અને સાત મીનીટના મારા ભાષણમાં મેં બે મુખ્ય વાતો કહી. એક તો એ કે અમારી આ સનાતની ચળવળમાં કેન્દ્રીય સમાજના આગેવાનોમાંથી જે કોઈ વ્યક્તિએ અમારો સાથ આપ્યો હોય તો તે એક માત્ર વ્યક્તિ છે શ્રી ગંગારામહિરાલાલ સાંખલા. ગંગારામભાઈ સાંખલા તે વખતે અન્ય હોદ્દેદારો સાથે મંચ ઉપર બિરાજમાન હતા. મેં એમની સામે આંગળી ચીંધીને કહ્યું કે ‘‘એ કાળા માથાનો માનવી બેઠો છે તેણે અમારા સર્વે પ્રહારો જીલ્યા છે’’. સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ની ભારતભરની અમારી સભાઓ વખતે તે વ્યયાક્તિ સતત અમારા સંપર્કમાં રહેતા અને સનાતન ધર્મ જાગૃતિની આજ સુધીની તમામસામાજિક સભા વખતે અમારા ખબર અંતર પૂછતાં હતા. તે શુધ્ધ સનાતની હતા અને તેની રગે રગમાં સનાતની લોહી વહી રહ્યું હતું. ‘‘તે કેન્દ્રીય સમાજ માટે તે સમયે સબ દર્દ કી એક હી દવા જેવા માણસ સાબિત થયા હતા’’. તેના મેં ભરી સભામાં વખાણ કર્યા એટલે કેન્દ્રીય સમાજના અન્ય હોદ્દેદારોના પેટમાં ફાળ પડી, તે લોકોને તેથી મરચાં લાગી ગયાં.

મારા વક્તવ્યમાં બીજી વાત મેં એ કહી કે **‘‘આપણા અત્યારના આ સનાતનીઓના સ્વર્ણિમમહોત્સવમાં સતપંથના લોકો શામાટે? આ બાંડાઓને શામાટે આ કાર્યક્રમમાં આમંત્રણ આપો છો? એ લોકો અહી પણ સખણા રહેવાના નથી’’**. અને બન્યું પણ એવું જ. બપોર પછીના સત્રમાં એ લોકોએ (પીરાણા સતપંથના ભાઈઓએ) ભર સભામાં ખુરશીઓ ઉછાળી. અને કાર્યક્રમને ખોરંભે ચડાવવાની કોશિશો કરી. આવું તો તેઓ જ્ઞાતિના દરેક અધિવેશનમાં કરતા આવ્યા હતા. પણ કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી હોદ્દેદારો પૈકી કોઈના પેટમાં પાણી હાલતું નોહતું. તેઓને સતપંથના ભાઈઓ વિરુધ્ધ બોલવાની કે કંઈક સાચાને સાચું કહેવાની શું લાચારી હતી? તે મારી સમજ બહારની વાત હતી પણ તે હકીકત હતી.

ખુરશીઓ ઉછળી તે ઉછળી તેની સાથે અમુક સનાતની ભાઈઓની સતપંથના ભાઈઓ જોડે મારા મારી (હાથાપાઈ) પણ થઇ. ત્યાર પછી બીજા દિવસે જે જે ઘટનાઓ બની તે સતપંથીઓની કાર્યપ્રણાલી (મોડસ ઓપેરેંડી) મુજબ મારા ઉપર, હિંમતભાઈ ઉપર, પ્રેમજી કેસરાણી ઉપર અને અન્ય પાચ સનાતની ભાઈઓ ઉપર ખોટી ફરીયાદોની સાથે સતપંથીઓએ કોર્ટ કેસ દર્જ કરી નાખ્યો હતો. તે ખોટી ફારીયાદોને લઈને અમોને નખત્રાણા પોલીસ સ્ટેસનમાં બોલાવીને અમારા ફોટા પાડ્યા અને હથેળીની છાપો પણ લેવામાં આવી. એક દિવસ રાત્રીના સમયે અમોને મેજીસ્ટ્રેટ સાહેબના ઘરે બોલાવીને જામીન અપાવવામાં આવ્યા. આ ક્રિમીનલ કેસને લીધે કેટલીએ વખત અમારા ઉપર કોર્ટ સમન્સની બજવણી પણ કરવામાં આવી હતી. આખરે બે વરસ પહેલાં એટલે કે ૨૦૧૮ માં અમોએ કોર્ટ સમક્ષ હાજર રહયા ત્યારે મેજીસ્ટ્રેટ સાહેબે અમોને પૂછ્યું કે શું તમે ગુન્હો કબુલ કરો છો? ત્યારે તેના જવાબમાં અમે ના ભણી. ત્યાર પછી થોડા દિવસો પછી પુરાવાના અભાવે કોર્ટે અમો ત્રણ જણા અને બીજા પાંચ જણાને બા ઈજ્જત બરી કરી નાખ્યા હતા. અમારા તરફથી કેસ લડવા વાળા વકીલ હતા શ્રી ગઢવી સાહેબ.

અમારા ઉપર સતપંથના ભાઈઓ દ્વારા કરવામાં આવેલ પોલીસ ફરિયાદ અને કોર્ટ કેસ મૂળ નકલ આકૃતિ નંબર 33

No.: 16636

નામદાર કોર્ટની પ્રત

પોલીસ અધિકારના ગુન્હાનો પ્રથમ માહિતી અહેવાલ

(ફોજદારી કાર્યસંહિતાની ક. ૧૫૪ હેઠળ)

૧. જિલ્લો: કચ્છ પો. સ્ટેશન: નખત્રાણા વર્ષ: ૨૦૧૦ પ્રથમ માહિતી નં.: I ૫૨/૧૦ તારીખ: ૧૨/૫/૧૦

૨. કાયદો કલમો

(૧) ......I.P.C. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૪, ૩૨૩

(૨) ......B.P. એક્ટ ...... ૧૩૫ મુજબ

(૩) ....

(૪) બીજા કાયદા અને કલમ: ....

૩. (ક) ગુન્હો બન્યા તારીખ અને સમય: તારીખથી ૧૨/૫/૧૦ થી તારીખ ...... સુધી

કલાક ૧૧/૧૫ થી ...... કલાક સુધી

(ખ) ગુન્હો જાહેર (પો. સ્ટે.માં.) તારીખ: ૧૨/૫/૧૦ સમય ૧૬/૦૦

(ગ) સ્ટેશન ડાયરી એન્ટ્રી (નોંધણી) નં.: ૧૦/૧૦ સમય ૧૬/૦૦

૪. માહિતી કેવી રીતે મળી? લેખિત કે મૌખિક

૫. બનાવની જગ્યા: (ક) પો. સ્ટે.થી ગુન્હાની જગ્યાનું અંતર તથા દિશા: ઉત્તરે કિમી ૨ દૂર સામે [illegible] મંદિર પાછળ [illegible]

બીટ નંબર/આ.પો./ચોકીનું નામ: ...... [illegible]

(ખ) સરનામું: ....

(ગ) જો પો. સ્ટે. વિસ્તારની બહારનો ગુન્હો હોય તો તે પો. સ્ટે.નું નામ: ....

જિલ્લો/શહેર: ...... રાજ્ય: ગુજરાત

૬. ફરિયાદી/ખબર આપનાર:

(ક) નામ: [illegible]

(ખ) પિતા/પતિનું નામ: [illegible]

(ગ) જન્મ તારીખ/વર્ષ: [illegible] (ઘ) રાષ્ટ્રિયતા: ......

(ચ) પાસપોર્ટ નંબર: ...... પાસપોર્ટ આપ્યા તારીખ: ......

પાસપોર્ટ આપનાર કચેરીનું સ્થળ સરનામું: ......

(છ) વ્યવસાય: ખેતી

(જ) સરનામું: [illegible]

૭. તહોમતદારોના નામ સરનામા, પુરી વિગત (ઓળખાયેલ/શકમંદ/વણ ઓળખાયેલા આરોપીની તમામ વિગતો સાથેની માહિતી)

૧. પ્રેમજી કેશરાણી (૨) રમેશ [illegible]

૨. ૩) હિંમત [illegible] તથા [illegible]

૩.

ટુંક વિગત: [illegible] આ કામના આરોપીઓએ [illegible] સમાજના [illegible] કરતા આરોપીઓએ [illegible] કરવાનું જણાવી [illegible] તથા આરોપીઓ [illegible] મારમારી [illegible] કરી ગુન્હો કર્યા બાબત

૮. માહિતી મોડી આપવાનું કારણ : ....

૯. ચોરી થયેલ હોય તો ચોરાયેલ મિલકતનું સંપૂર્ણ વર્ણન : ....

૧૦. ચોરી થયેલ મિલકતની કુલ કિંમત : ....

૧૧. અકસ્માત મોત નંબર (જો હોય તો) : [illegible]

૧૨. પ્રથમ માહિતીની વિગત : મારૂ નામ મગનભાઈ બાપનું નામ કરશુભાઈ
અટક માકાણી (પટેલ) ઉ.વ. ૫૫ ધંધો ખેતી રહે. [illegible]
[illegible] જી. ગાંધીનગર મો.નં 9723754178
R.નં. 02716 232778
રૂબરૂમાં પુછવાથી જાહેર કરી મારી ફરિયાદ હકીકત
લખાવું છું કે હું ઉપર બતાવેલ ઠેકાણે મારા પરિવાર સાથે રહું
અને ખેતીકામ કરી મારા કુટુંબનું ગુજરાન ચલાવું છું
[illegible] કચ્છ કડવા પાટીદાર સમાજ
[illegible] દ્વારા [illegible] સ્વરૂપમાં [illegible] તા.
[illegible] થી [illegible] સુધીનું આયોજન કરેલ અને સામાજિક
તા. [illegible] ના રોજ અમારા સમાજના રીતરીવાજો અંગે ઠરાવ
કરેલા કે ઠરાવો પાસ કરવાના હતા આ ઠરાવો ના સમર્થનમાં
પાસ થતા હતા ત્યારે અમારા સનાતન સમાજ દ્વારા સમર્થ
ઠરાવોનો વિરોધ કરી અમો સનાતન સમાજવાળા વિરોધ
કરી રહ્યા હતા ત્યારે સનાતન (લક્ષ્મીનારાયણ) સમાજના
પ્રમુખ કેશરાભાઈ તથા રમેશ ભાદાણીયા તથા હિંમત [illegible]
[illegible] અમારી પાછળથી આવેલા અને ઠરાવનો વિરોધ ન
કરી તેમ કહેતા હતા અને તેઓની સાથે [illegible]
[illegible] હતાં તેઓએ ઠરાવનો વિરોધ ન કરવા
[illegible] હતા [illegible] પાછળથી મારા માથામાં
[illegible] મારેલ જેથી મને માથામાંથી લોહી નીકળતા
[illegible]
[illegible] સરકારી દવાખાને સારવાર માટે
[illegible] દાખલ કરાવેલ અને સારવાર અપાવેલ [illegible]
અમારી સાથે [illegible] પટેલ [illegible]
[illegible] માથામાં [illegible] સારવાર માટે
[illegible] દાખલ કરેલ છે જેને માથામાં [illegible]
[illegible] માથામાં [illegible]
[illegible] હાથમાં [illegible]
સરકારી દવાખાનામાં દાખલ કીધો
....

[illegible]

૧૩. (ક) ગુન્હો રજિ. કર્યો અને તપાસ શરૂ કરી.

(ખ) શ્રી [illegible] હોદ્દો/બ. નં. [illegible] ને તપાસ સોંપી.

(ગ) ગુન્હાની તપાસ ન કરવાના કારણો : ....

(ઘ) ગુન્હાની તપાસ બીજે તબદીલ કરી તે પો. સ્ટે.નું નામ :.......... જિલ્લો :.......(શહેર) ....
ફરિયાદીની ફરિયાદ વાંચી, બતાવતાં તે સમજી, સહી કરેલ છે અને જેની નકલ વિના મૂલ્યે મળેલ છે.

ફરિયાદીની સહી / અંગૂઠાનું નિશાન [illegible]
S.D- [illegible]

માહિતી આપનારની સહી / અંગૂઠાનું નિશાન :..........

પો. સ્ટે.ના અધિકારીની સહી

નામ [illegible]

હોદ્દો : [illegible] બકલ નં. [illegible]

૧૫. સંબધકર્તા નામદાર કોર્ટને મોકલ્યા તારીખ :.......... ટાઈમ :..........

સતપંથના ભાઈઓ દ્વારા સભામાં ખલેલ પહોંચાડવાનો નિષ્ફળ પ્રયાસ

બપોર પછીના પંચમઆધીવેસનમાં કાર્યક્રમને અસફળ બનાવવા હેતુથી સતપંથના ભાઈઓ દ્વારા ભર સભામાં ખુરશીઓ ઉછાળીને સભામાં ખલેલ પહોંચાડવાનો પૂરે પૂરો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એતો પોલીસ ત્યાં પહેલેથી તહેનાત હતી તેથી પરિસ્થિતિ ઉપર સમયસર કાબુ મેળવી શકી અને સભા રાબેતા મુજબ ચાલુ રહી. દરેક આધીવેસનમાં આ સતપંથના ભાઈઓની આધીવેસનને ખોરંભે ચડાવવા આવી મોડસ ઓપેરંડી (કાર્ય પ્રણાલી) થતી રહી છે. મને સનાતની ભાઈ શ્રી હંસરાજ ભાઈ દેવજી ધોળુએ અનેક વાર કહ્યું હતું કે **"સન ૧૯૭૭ ના અધિવેશન વખતે હું (હંસરાજ ધોળુ) સતપંથી હતો. અમે નાના હતા એટલે અમોને કહેવામાં આવતું કે સભામાં ટોડા થી મારામારી કરવી અને આધીવેસનની કામગીરીને ગમે તેમકરીને ખોરંભે ચડાવવાનું"**. એટલે જ આજ પછીના કોઈ પણ અધિવેશન અથવા તો કેન્દ્રીય સમાજના કોઈ પણ કાર્યક્રમમાં આ સતપથીઓને આમંત્રણ આપવું નહિ એવો મારો મત છે. કચ્છ કડવા પાટીદારોની સનાતની જ્ઞાતિના અધિવેશનમાં પીરાણા સતપંથના ભાઈઓને શા માટે આમંત્રણ હોય? હવે પછી તેઓને આપણા કોઈ પણ કાર્યક્રમમાં આમંત્રણ આપવું નહિ એવો મારો સ્પષ્ટ મત છે. જો ભેગા રાખશું તો ઉપાધિઓ ચોક્કસ થવાની છે કારણ કે ભૂતકાળમાં જ્યારે જ્યારે આપણે તેમને ભેગા રાખ્યા છે ત્યારે ત્યારે ઉપાધિઓ કરાવી છે.

આ દિવસે એટલે કે તા. ૧૧.૦૫.૨૦૧૦ ના દિવસે બીજી એક ઘટના બની હતી તેની નોંધ

જ્યારે સતપંથના ભાઈઓ દ્વારા સભામાં ખુરશીઓ ઉછાળવામાં આવી ત્યારે સમગ્ર સભામાં સોંપો પડી ગયો હતો. તે વખતે મારા નાના ભાઈ શંકરલાલ માવજી વાગડીયાએ અમારા ખોંભડી ગામના શિવજીભાઈ મેઘજી ભગત ઉપર હાથ દરાજી કરી હતી. શિવજીભાઈ મારા ખોંભડી ગામના ભગત પરિવારના એક સદસ્ય હોવાને નાતે અને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના એક સભ્ય હોવાને નાતે મને અને મારા સર્વે પરિવારને તા. ૧૨.૦૫.૨૦૧૦ ની રાતે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે સમાજ સમક્ષ હાજર રહેવાનું ફરમાન કાઢ્યું હતું. અમારી સનાતન મુહીમને લીધે મારા ખોંભડી ગામમાં પણ અમારા વિરોધીઓ અંદર પેઠે ઘણા હતા. શંકરલાલ માવજીભાઈ વાગડિયાએ શિવજી ભાઈ ઉપર હાથ દરાજી કરી નખત્રાણામાં અને તેનો પડઘો પડ્યો ખોંભડી ગામમાં. ખોંભડી ગામની સમાજવાડીના પહેલા માળે તે સભા ભરાણી. શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના તે વખતના પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ ચૌહાણ આમ સનાતની પણ અંદરપેઠે સતપંથ તરફ કુણી લાગણી ધરાવતા હતા. તેઓ પણ અમારી સનાતની ચળવળ અભિયાન મુહિમના અંદરપેઠે વિરોધી હતા. તે દિવસે કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવના સભા મંડપમાં મારી સાથે બોલા ચાલી કરતાં તેમણે મને કહ્યું હતું કે આ સનાતની ચળવળ ચલાવતા ભાઈઓ ત્યારે જ બંધ થશે કે જ્યારે એકાદ જણાની લાશ ઢળશે. આવા વિચારો ધરાવતા શ્રી ખોમ્ભડી પાટીદાર સનાતન સમાજના પ્રમુખ અમારા પક્ષે બોલે તે વાત તો આશક્ય હતી પણ કમસે કમ નિષ્પક્ષ નિર્ણય આપે તેની અપેક્ષા પણ મને નોહતી. છતાં પણ તે સભાનો દોર મેં હાથમાં લઈને મારા ભાઈ શંકરલાલ અને શિવજીભાઈ વચ્ચે સમાધાન કરાવીને પેંડા મગાવીને સૌને ખવડાવ્યા. પણ કોણ જાણે કેમ તે સભામાં હરચામણી થયા પછી શિવજીભાઈ મેઘજી ભગતે અને ખેતાભાઈ રતનશી ભગતે ખુશીથી પેંડા ખાધા પણ બીજા એક ભગત પરિવારના ભાઈ લધારામ જીવરાજ ભગતે પેંડાનું સેવન ન કર્યું. તે સભામાં આખો ભગત પરિવાર મારા અને મારા પરિવાર વિરુધ્ધમાં હતો. સાથ હતો માત્ર મારા ભાણેજ શ્રી કાન્તિલાલ લાલજી રવાણીનો જેનામાં સાચાને સાચું કહેવાની હિંમત હતી. આ મારો ભાણેજ શ્રી કાન્તિલાલ લાલજી રવાણી મારા ખોંભડી ગામની સનાતન સમાજનો ૨૦૨૩નો વર્તમાન પ્રમુખ છે.

રમેશભાઈ વાગડિયા, હિંમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેસરાણી અને અન્ય ૫ જણા ઉપર મારામારીનો સતપંથના ભાઈઓ દ્વારા તદ્દન ખોટો કોર્ટ કેસ દર્જ થયો

તા. ૧૧.૦૫.૨૦૧૦ ના પંચમઆધીવેસન વખતે ભર સભામાં મારામારી કરી સતપંથના ભાઈઓએ, ખુરશીઓ ઉછાળી સતપંથના ભાઈઓએ, પણ તેમના જ દ્વારા તદ્દન કોર્ટ કેશ દર્જ થયો અમારા ઉપર (રમેશભાઈ માવજી વાગડિયા, હિંમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેસરાણી અને અન્ય પાંચ વ્યક્તિઓ) ઉપર. અન્ય પાંચ વ્યક્તિઓ તો કદાચ ખુરશીઓ ઉછાળી ત્યાં મોજુદ હશે પણ અમે ત્રણ જણા તો ઠીક મંચની બાજુમાં બેઠા હતા. પોલીસો પણ અમે મંચની બાજુમાં બેઠા હતા તે વાત થી વાકેફ હોવા છતાં અમારી વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરીને FIR પણ અમારે નામે ફાડી દીધી. જુઓ તો ખરા કેવો અન્યાય થઈ રહ્યો હોવા છતાં આપણે કંઈ કરી શકતા નથી. આ અંધા કાનુન નહિ તો બીજું શું? કેન્દ્રીય સમાજના આગેવાનોએ પણ પોલીસ સમક્ષ એવું બયાન (STATEMENT) ન આપી શક્યા કે અમારી વિરુધ્ધ કોર્ટ કેસ દર્જ ન કરી શકાય.

તા.૧૨.૦૫.૨૦૧૦ ના મને અને હિંમતભાઈ ખેતાણીને કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી–હોદ્દેદારો સમક્ષ સાંજે ૭.૦૦ વાગે હાજર રહેવાનું ફરમાન

કેન્દ્રીય સમાજના સુવર્ણ જયંતી મહોત્સવની સમાપન વેળાએ મેં કરેલ સાત મીનીટના ભાષણમાં શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાના મેં કરેલ વખાણથી સમાજની વિરોધી લોબી ઘણી જ નારાજ થઈ ગઈ હતી. એટલે અમારી ઉલટ તપાસ માટે મને અને હિંમતભાઈને કેન્દ્રીય સમાજના કેબીનેટ હોલમાં હાજર રહેવાનું ફરમાન કાઢવામાં આવ્યું હતું. તે વખતે મેં વડીલ શ્રી કરસન લધા દીવાણીને ફોન કરીને વાત કરી કે બાપા અમોને કેન્દ્રીય સમાજનું તેડું આવ્યું છે અને હવે કેન્દ્રીય સમાજના આગેવાનો વિરુધ્ધ કંઈક બોલવું પડશે તેમાં તમોને વાંધો હોવો જોઈએ નહીં. તમો જ્યાં હો ત્યાંથી નખત્રાણા વિદ્યાર્થી ભવન ના પ્રાંગણમાં પહોંચો, અમે પણ ત્યાં પહોંચીએ છીએ. તે પ્રમાણે હું, હિંમતભાઈ અને વડીલ શ્રી કરસન લધા વિદ્યાર્થી ભવન બોર્ડીંગના પ્રાંગણમાં લગભગ ૫.૦૦ વાગે ભેગા થયા. સમાજના અન્ય આગેવાનો ઓફિસમાં બેઠા હતા અને અમેં ઓફીસમાંથી તેડું આવે તેની રાહ જોઇને બહાર પ્રાંગણમાં બેઠા હતા. તે દરમ્યાન મેં કરસનબાપાને કહ્યું કે બાપા જુઓ આ આપણા સ્વર્ણિમ મહોત્સવના કર્યક્રમથી ત્રણ દિવસ પહેલાં અમારી પાસેથી તમોએ વચન લીધું હતું કે તા. ૧૧.૦૫.૨૦૧૦ સુધી તમારે કંઈ જ બોલવાનું નથી. તે વખતે સમય એવો હતો કે અમે જે બોલતા તેના સીધા પડઘા જન સમુહમાં પડતા તેથી ટ્રસ્ટી-હોદ્દેદારોમાં ફાળ પડી જતી. તેનું નિવારણાર્થે કરસન બાપાએ અમારી પાસે વચન લીધું હતું કે અમે તા. ૧૧.૦૫.૨૦૧૦સુધી કંઈ બોલીએ નહિ. પણ બાપા આજે હવે અમોને અંદરથી તેડું આવ્યું છે અને હવે અમોને બોલવાનો પૂરે પૂરો અધિકાર છે. માટે હવે અમે બોલશું ત્યારે તમે કહેતા નહિ કે અમે બોલ્યા. આ વડીલે અમોને કહ્યું કે હાલ તમે અહી જ બેસી રહો હું અંદર જઈને શું વાત છે તેનો તાગ કાઢીને આવું છું. અમે કહ્યું ભલે બાપા તમે જઈ આવો ને અમોને તેવું જણાવજો. તે પ્રમાણે વડીલ કરસનભાઈ લધા દીવાણી બાપા અંદર ગયા અને થોડી વારમાં જ પાછા આવ્યા અને અમોને કહ્યું કે હવે તમોને નહિ તેડાવે, હવે તમો જ્યાં જવું હોય ત્યાં જાવ, તમે હવે મુક્ત છો. ત્યારે કરસન બાપાને અમે પૂછ્યું બાપા અંદર શું થયું તે તો અમોને જણાવો. ત્યારે બાપાએ અમોને કહ્યું કે ‘‘જુઓ તમોએ એ બેઉ જણાને પુછાણા માટે તેડાવ્યા છે તે ઠીક છે પણ તેઓએ મને વચન આપ્યું હતું કે તેઓ તા.૧૧.૦૫.૨૦૧૦ સુધી કંઈજ બોલશે નહિ અને હવે તમો તે બંને ને તેડાવો છો તો તમારા કપડા હાથે કરીને ઉતરાવવા હોય તો તેડાવો. નહિ તો વાતમાં કંઈજ માલ નથી અને તેઓને પુછાણા પાટે તેડાવવાની જરૂરત નથી’’. ઓફિસમાં બેઠેલા સમાજના લાડાઓ (ટ્રસ્ટી–હોદ્દેદારો) વડીલ શ્રી કરસન લધાની વાત શાનમાં સમજી ગયા હશે અને અમોને તેડાવીને જે પુછાણું લેવાના હતા તે વાતને ત્યાં જ માંડી વાળી.

તા. ૨૨.૦૫.૨૦૧૦ ના કેન્દ્રીય સમાજ દ્વારા ઝોન અને ઘટક સમાજને આદેશ આપતો એક પત્ર

શ્રી અ.ભા.કચ્છ કડવા પાટીદાર સમાજ... ... .

પાટીદાર વિધાર્થિ ભવન,
નખત્રાણા-કચ્છ,
ગુજરાત

તા.૨૨.૦૫.૨૦૧૦

કેન્દ્રિય સમાજ અંતર્ગત ઝોનો એવં ભારતભરની તમામ સમાજો જોગ,

વિષયઃ કેન્દ્રિય સમાજનું સુધારેલું બંધારણ, શ્વેતપત્ર અને પંચમ અધિવેશનમાં પાસ કરાએલ ૧ થી ૧૯ કલમો.

તાજેતરમાં આપણે સૌએ આપણી સમાજ નો સ્વર્ણિમ મહોત્સવ તા ૯,૧૦,૧૧,અને ૧૨ મે,૨૦૧૦ ના અકલ્પનીય વિશાળ જનમેદની વચ્ચે માણ્યો. તા.૭.૫.૨૦૧૦ ના અસાધારણ સામાન્ય સભા સફળતાપૂર્વક પાર પાડી અને તેમાં આપણી સમાજ ના બંધારણમાં ઐતિહાસીક ફેરફારો પણ આપણે કરી શક્યા.કેન્દ્રિય સમાજ વિરોધી તત્વોની સામે આપણે અડગ રહી તા.૧૨.૫.૨૦૧૦ ના જ્ઞાતિના પંચમ અધિવેશન પણ આપણે સુખરુપે વિશાળ જનમેદની વચ્ચે પુરું કર્યુ. આ ઐતિહાસીક ભગીરથ કાર્યક્રમો આપણે સૌએ પાર પાડયા અને માણ્યા તેમાં આપ સૌનો સાથ એવં અસીમિત ઉત્સાહ કારણભુત હતો. કેન્દ્રિય સમાજ તે માટે આપ સર્વેનો રૂણી છે અને ખરા અંતરથી આપ સૌને ધન્યવાદ પાઠવે છે.

કેન્દ્રિય સમાજનું સુધારેલું બંધારણ, શ્વેતપત્ર અને પંચમ અધિવેશનમાં પાસ કરાએલ ૧ થી ૧૯ કલમો વગેરેને ધ્યાનમાં લેતાં એ હકિકત હવે નિર્વિવાદ પણે બહાર આવી છે કે આપણી કેન્દ્રિય સમાજ સનાતન હિન્દુ ધર્મિયોની સમાજ છે અને તે **ફકત અને ફકત સનાતન ધર્મને પાળતા અને અનુસરતા** (બાવા ઇમામશાહ સ્થાપિત પિરાણા સતપંથ મત ને ન અનુસરતા) **કચ્છ કડવા પાટીદાર ના વંસજો ના હિતોની રક્ષા કરવા હેતુથી જ બનાવવામાં આવી છે.** આ બાબતે આપણી કેન્દ્રિય સમાજને વધુ મજબુત બનાવવા માટે થઇને અત્રે આ સમાજ ભારતભરની તમામ ઝોનો ને એવં તેની અંતર્ગત તમામ સમાજોને એકવાયતા આપવા માટે હિદયપુર્વક અનુરોધ કરે છે કે **કેન્દ્રિય સમાજે બહાર પાડેલ શ્વેતપત્ર, બંધારણમાં કરેલ ફેરફારો, જ્ઞાતિની નવી વ્યાખ્યા અને પંચમ અધિવેશન માં સર્વાનુમતે પસાર કરેલ જ્ઞાતિ રિત રિવાજોની કલમ ૧ થી ૧૯ વગેરે ને ધ્યાનમાં રાખી ને આપ શ્રી આપની સમાજ લેવલે આપણી સનાતની તરીકેની ઓળખ કાયમ રાખવા માટે થઇને તમારી સમાજો ના બંધારણમાં તેમજ અન્ય જગ્યાઓએ જે કાંઇ ફેરફારો કરવા પડે તે સત્વરે કરવા.** જરૂર પડે આ બાબતે આ સમાજ આપને યોગ્ય માર્ગદર્શન આપવા બંધાએલ છે.

વધારેમાં કેન્દ્રિય સમાજ આપશ્રીને વિનંતી સાથે એ પણ અનુરોધ કરે છે કે આપણા **શ્વેતપત્ર** ને ફોટો ફ્રેમમાં મઢાવીને દરેક સમાજોમાં યોગ્ય સ્થળે ડિસ્પ્લે કરશો જેથી સમાજના દરેક સભ્ય માટે તે એક દિશા સૂચક બની રહેશે.

...૨

/૨/

આપશ્રી ની જાણ ખાતર આ પત્ર ની સાથે નિચે જણાવેલ દસ્તાવેજોની નકલો મોકલાવેલ છે.

૧. કેન્દ્રિય સમાજે બહાર પાડેલ શ્વેતપત્ર,
૨. કેન્દ્રિય સમાજનું સુધારેલું બંધારણ,
૩. પંચમ અધિવેશનમાં પાસ કરાએલ કલમ ૧ થી ૧૯

એજ, આપ સૌના સાથ-સહકાર ની અપેક્ષા સહ.......

બોલો સનાતન ધર્મ ની જય

શ્રી અ.ભા. કચ્છ કડવા પાટીદાર સમાજ વતી

પમુખશ્રી
રામજીભાઇ કરમશી નાકરાણી

૨૦.૦૬.૨૦૧૦ ના બેંગલોર ખાતે દક્ષીણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર સમાજની સભા

તા. ૧.૦૭.૨૦૧૦ ના કેન્દ્રીય સમાજ દ્વારા બહાર પાડવામાં આવેલ એક આદેશ

તા.૩૧.૦૮.૨૦૧૦ના શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સતપંથ બાબતે સભા અને ઠરાવોઃ

કેન્દ્રીય સમાજમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ચળવળને પરિણામે કચ્છના ગામે ગામમાં સતપંથ બાબતે સભાઓ યોજાણી અને સતપંથ અને સતપથીઓના વિરોધમાં અનેક ઠરાવો પસાર થયા. તે પ્રમાણે તા. ૩૧.૦૮.૨૦૧૦ ના શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે પણ સતપંથના વિરોધમાં અમુક ઠરાવો પસાર કર્યા. આ ઠરાવો પસાર કરતી વખતે ગામના સતપંથના પરિવારોને કહેવામાં આવ્યું કે જો તમોને શ્રી ખોંભડી સનાતન સમાજમાં ભળી જવું હોય તો સનાતન સમાજે અવારનવાર પસાર કરેલા કાયદા કાનુનને માનવા પડશે અને આજે તે મોકો છે. સમાજે એક રજીસ્ટર રાખેલું છે તેમાં આજે કોઈ પણ સતપંથનો ભાઈ પોતાનું નામદર્જ કરાવી શકશે. ત્યાર પછી તેવા સતપંથના પરિવારોને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં ભેળવવામાં નહિ આવે. અને ત્યાર પછી એકલ દોકલ પરિવારને ભેળવવામાં નહિ આવે, જો ભળવું હશે તો બધાય ભેગા મળીને, ખાનાનું સંપૂર્ણ પણે વિસર્જન કરીને જ આવશે તો જ ભેળવવામાં આવશે. એકલ દોકલને ભેળવવામાં નહિ આવે. તેમછતાં અમુક પરિવારોએ તે તકનો લાભ લીધો નહી અને આજ દિવસ સુધી ખોંભડી ગામમાં ખાનાનું વિસર્જન થઇ શક્યું નથી.

ખોંભડી ગામના ઠરાવોની નકલ

॥ શ્રી સનાતન ધર્માય નમઃ ॥

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ

મુ. પો. ખોંભડી, તા. નખત્રાણા-કચ્છ.

શ્રી અ.ભા. ક. ક. પાટીદાર સમાજ (કેન્દ્રિય સમાજ) નખત્રાણા દ્વારા તા. ૨૫-૩-૨૦૧૦ના રોજ બહાર પાડેલ શ્વેત પત્ર તેમજ તા. ૭-૫-૨૦૧૦ની અસાધારણ સામાન્ય સભામાં સર્વાનુમતે બંધારણમાં કરાયેલ સુધારાઓ તથા તા. ૧૨-૫-૨૦૧૦ના જ્ઞાતિ પંચમ્ અધિવેશનમાં સર્વાનુમતે પસાર કરેલ જ્ઞાતિ રીતીરીવાજોની ૧ થી ૧૯ કલમો અને કેન્દ્રિય સમાજે તા. ૧-૭-૨૦૧૦ના બહાર પાડેલ આદેશોને અનુલક્ષીને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ તેની તા. ૩૧-૮-૨૦૧૦ના રોજે બોલાવવામાં આવેલ સામાન્ય સભામાં નીચે ગુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા છે. તેનું દરેક સભ્યોએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઠરાવ નં. ૧ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની સ્થાપના ખોંભડી ગામના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી આપણા મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો અને ત્યાર પછી સંવત ૨૦૦૨ અને ઈ. સ. ૧૯૪૫માં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિઓના મંદિરની સ્થાપના કરીને આ સમાજની સ્થાપના કરી હતી. એટલા માટે થઈને આ સમાજના દરેક સભ્યએ સનાતન હિન્દુ ધર્મને હંમેશને માટે પાળવાનો અને અનુસરવાનો રહેશે.

ઠરાવ નં. ૨ આપણી આ સમાજનું નામ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ છે અને રહેશે.

ઠરાવ નં. ૩ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના સભ્ય સનાતન વૈદિક હિન્દુ ધર્મને માનતા અને પાળતા ખોંભડી ગામના કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વંશજો જ થઈ શકશે. (પીરાણા સતપંથ ધર્મને માનતી અને અનુસરતી કોઈપણ વ્યક્તિ આ સમાજની સભ્ય બની અથવા તો રહી શકશે નહીં) આ સમાજના કોઈ પણ સભ્યએ એમના બાહ્ય આચરણો જન્મથી મરણોત્તર સુધી હિન્દુ તરીકે ના પાળવાના રહેશે. પીરાણા સતપંથ ધર્મના કોઈ પણ સ્થળોએ દર્શન- પૂજા-અર્ચના કરવી અથવા તો રૂપિયા આપી પૂજા કરાવવી, પિરાણા સ્થાનકે બેડીઓ પહેરવી અથવા તો મરણ પાછળ પીરાણા જઈને ગુનો છોડાવવો, નારાયણ બલિ ચડાવવી, પિરાણા સતપંથ ધર્મના કોઈ પણ ધાર્મિક સ્થળોએ જવા માટે યોજાતી પદયાત્રા સંઘમાં ભાગ લેવો અથવા તો પિરાણા સંસ્થાઓ દ્વારા ભરાતી શીબીરોમાં ભાગ લેવો, અથવા તેના જેવી વિવિધ ક્રિયાઓ તેમજ દાન, ભેટ - સોગાદ મોકલવી એવી તમામ ક્રિયાઓ કરવી અથવા તો કરાવવી તેને હિન્દુના બાહ્ય આચરણો ગણવામાં આવશે નહીં. એવા બાહ્ય આચરણો કરવા વાળા અથવા તો કરાવવા વાળા આ સમાજના સભ્ય રહી શકશે નહીં. ઉપરોક્ત મુદ્દાને અનુલક્ષીને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના તમામ પરિવારોએ પિરાણા સતપંથ ધર્મમાં કરવામાં આવતી દફનની મરણોત્તર ક્રિયાઓમાં ભાગ લેવો નહીં તથા તેને લગતી કોઈ પણ ધાર્મિક ક્રિયા કર્મમાં અથવા તો જમણમાં હાજરી આપવી નહીં અને આવા કાર્યોનો સદંતર બહિષ્કાર કરવો.

પિરાણા સતપંથ ધર્મના કોઈપણ સ્થળોએ જેવાકે, પિરાણા, કાદિયા, નખત્રાણા, વગેરે અને કોઈ પણ ગામના જ્યોતિધામ અથવા કહેવાતા નિષ્કલંકી નારાયણના સ્થાનકમાં દર્શન-પૂજા-અર્ચના કરવી નહીં. તેની બાધા (માનતા) કરવી કે ઉતારવી નહીં. પિરાણા સતપંથ ધર્મમાં અપાતા દશોંધ, વિશોંધ કે અન્ય કોઈ પણ પ્રકારના લાગા, દાન, ભેટ-સોગાદ આપવી કે મોકલાવવી નહીં.

ઠરાવ નં. ૪ આ સમાજની કોઈપણ વ્યક્તિએ પિરાણા સતપંથ ધર્મની સમાજોના ધાર્મિક ઉત્સવો કે તેના દ્વારા થતા સામૈયાઓમાં તેમજ સતસંગ કે ધાર્મિક સભાઓમાં ભાગ લેવો નહીં તથા તે અંગેના જમણવારના આમંત્રણનો સ્વીકાર કરવો નહીં. આપણી સમાજના ધાર્મિક હિન્દુ ઉત્સવો જેવા કે, રામનવમી,

(૧)

જન્માષ્ટમી, નવરાત્રી, સતસંગ કે પ્રતિષ્ઠા મહોત્સવ તિથી કે તેને લગતા સમુહ ભોજનના કાર્યક્રમોમાં પિરાણા સતપંથ ધર્મને માનતી - અનુસરતી વ્યક્તિ તેમજ પરિવાર તેમજ વ્યક્તિસમુહને કોઇપણ પ્રકારનું આમંત્રણ આપવું નહીં.

ઠરાવ નં. ૫ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના કોઇપણ સભ્યએ અથવા તો પરિવારે આજ દિવસ પછી દિકરા દિકરીઓના સગપણ - સાંતરાં બાબતે દિકરી લેવાનું તથા દિકરી દેવાનું સનાતન ધર્મ પાળનારા પરિવારો સાથે જ કરવાનું રહેશે. પિરાણા સતપંથ ધર્મને માનનારા કોઇ પણ ગામના કોઇ પણ પરિવારો સાથે નવા સગતણ - સાંતરાં કરવા નહીં. આથી અગાઉ પિરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારો સાથે કરવામાં આવેલ જુના સંબંધોમાં આવતા સામાજીક વ્યહવારો જેવાકે લગ્ન, મામેરૂં તથા બોલામણું વગેરે પ્રસંગોમાં જઇ આવી શકાશે. તેવીજ રીતે મરણ વખતે દફનવિધિ તેમજ જુના પ્રકારની અંતિમ ક્રિયાઓ કરે તો સામાજીક નિતિ-નિયમો પ્રમાણે થતો વ્યહવાર કરીને પાછું આવવાનું રહેશે. પણ ઉત્તરક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહીં. જુના સંબંધો ટકાવી રાખવા માટે જાતે ઉચિત નિર્ણય લેવા સમાજ આદેશ આપે છે.

ઠરાવ નં. ૬ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના પરિવારોમાં કોઇપણ પરિવારમાં તેના નજીકના સગાં-સંબંધિઓ જેવાકે, સગો ભાઇ, કાકા, દાદા, કાકાઇ ભાઇ વગેરે અગર પીરાણા સતપંથ ધર્મને માનનારા અથવા તો અનુસરતા હોય તો તેઓ તેની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ રાખી શકશે નહીં, કચ્છ બહાર વસતા આ સમાજના પરિવારોએ ત્યાં પણ મધરાતની પૂજા તથા પિરાણા સતપંથ ધર્મની કોઇપણ ક્રિયા-કર્મ કરવી અથવા તો કરાવી શકશે નહીં. તે જ પ્રમાણે પિરાણા સતપંથ ધર્મની કોઇપણ સંસ્થાના કહેવાતા સંતો, દાસો, ધર્મગુરૂઓ, આચાર્યો વગેરેને પોતાના ઘરે બોલાવી શકશે નહીં તેમજ આજુબાજુના ગામ તથા શહેરોમાં પિરાણા સતપંથ ધર્મને માનનારાને ત્યાં અથવા તો આવા સંતો દાસો, ધર્મગુરૂઓ, આચાર્યો ને બોલાવીને યોજાતા કોઇપણ પ્રકારના કાર્યક્રમોમાં કોઇપણ પ્રકારનો ભાગ લઇ શકશે નહીં.

ઠરાવ નં. ૭ તા. ૧૩-૫-૨૦૧૦ના રોજે બોલાવવામાં આવેલ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની અસાધારણ સામાન્ય સભામાં શ્રી કેન્દ્રિય સમાજ દ્વારા બહાર પાડવામાં આવેલ શ્વેતપત્ર તેમજ તેના બંધારણનું વાંચન કરવામાં આવેલ હતું અને જાહેરમાં જણાવવામાં આવ્યું હતું કે આ સમાજના દરેક સભ્યએ આવતી જન્માષ્ટમી સુધી ધાર્મિક બાબતે પોતાનું વલણ સનાતની તરીકે છે તેવું સ્પષ્ટ કરવું પડશે. તો આજ રોજે તા. ૩૧-૮-૨૦૧૦ થી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં કોઇ પણ પિરાણા સતપંથ ધર્મને માનનાર વ્યક્તિ અથવા તો પરિવાર આ સમાજનો સભ્ય અથવા તો હોદ્દેદાર હશે તો તેનું સભ્યપદ અથવા તો હોદ્દો આપોઆપ રદ્દ થઇ ગયો ગણાશે. સભ્ય તરીકે રદ્દ થયેલ કોઇ પણ સભ્યએ સમાજમાં ભરેલ કોઇ પણ રકમ કે લવાજમ પાછું આપવામાં આવશે નહીં અને તેવા સભ્યનો કોઇ પણ પ્રકારનો દાવો સમાજ પર રહેશે નહીં.

ઠરાવ નં. ૮ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ એક સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળતા લોકોની સમાજ છે અને તેના ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ જ છે. સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય...

અ. એકજ ધર્મને (સનાતન વૈદિક હિન્દુ ધર્મ) પાળતો હોય,

બ. એકજ રીતી રીવાજને અનુસરતો હોય અને

ક. એકજ આચાર-વિચારને વરેલો હોય.

એટલા માટે થઇને આ સમાજમાં એકવાયતા જળવાય એ હેતુથી આ સમાજના દરેક સભ્યો એવમ્ પરિવારોને આપણો મુળ સનાતન હિન્દુ ધર્મ પાળવા માટે આ સમાજ આદેશ કરે છે.

ઠરાવ નં. ૯ ઉપરોક્ત ઠરાવોનું પાલન કરવા તેમજ કરાવવા માટે સમાજના દરેક પરિવારોની નૈતિક ફરજ બને છે

તેથી દરેક પરિવારોએ સમાજને ૨ જવાબદાર વ્યક્તિઓના નામો આપવાના રહેશે. અને સમાજના દરેક પરિવારોમાં આ ઠરાવોનું ચૂસ્તપણે પાલન થાય તેની જવાબદારી જે - તે વ્યક્તિઓની રહેશે.

ઠરાવ નં. ૧૦ ઉપરોક્ત ઠરાવોને લાગુ પાડવા માટે સમાજના બંધારણમાં જોઇતા ફેરફારો કરવા માટે પણ આ સભા અત્રેથી સર્વાનુમત્તે ઠરાવે છે. આ ઠરાવોની એક પ્રત (નકલ) કેન્દ્રિય સમાજમાં તથા તેના અંતર્ગત કચ્છ ઝોન ને ત્વરીત મોકલવામાં આવે. તેની સાથે સાથે આજુબાજુના ગામોની સનાતન સમાજોને પણ આ ઠરાવોની નકલો ત્વરીત મોકલવામાં આવે.

ઉપરોક્ત ઠરાવોનું પાલન આપણી સમાજના દરેક સભ્યોએ અને પરિવારોએ કરવું અનિવાર્ય છે. તેમાં કોઇ પણ પ્રકારની ઢીલાસ, ચૂક અથવા તો બાંધછોડ કોઇ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. ઉપરોક્ત નિતી-નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું અને કરાવવું એ આ સનાતન સમાજના દરેક સભ્યો તેમજ પરિવારોની નૈતિક ફરજ બને છે. આ સમાજની જે કોઇ વ્યક્તિ અથવાતો પરિવાર ઉપરોક્ત ઠરાવોનું ઉલ્લંઘન કરશે તો આ સમાજના ગુનેગાર ગણાશે અને તેવા સભ્યોનું / પરિવારોનું સભ્યપદ રદ્દ કરવામાં આવશે અને એ બાબતે બીજી કોઇ પણ અન્ય ચર્ચાઓ હાથ ધરવામાં આવશે નહી.

ઉપરોક્ત ઠરાવો આ સમાજની સામાન્ય સભામાં સર્વાનુમત્તે પસાર કરવામાં આવેલ છે અને તે તારીખ ૧-૯-૨૦૧૦થી લાગુ પાડવામાં આવે છે.

ખોંભડી
તા. ૩૧-૮-૨૦૧૦, મંગળવાર

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ

પ્રમુખશ્રી
(લક્ષ્મણભાઇ નાનજી ચૌહાણ)

મહામંત્રીશ્રી
(શીવલાલ નાનજી ચૌહાણ)

સત્ એટલે શું ?

સત્ એટલે સાચું અવિચળ, અવિનાશી, જે ક્યારે પણ બદલાતું નથી. દેશ, કાળ કે માણસે આચાર, વિચાર કે ઉપાસનામાં બદલાવ આવતો નથી. જે શાસ્વત છે, સનાતન છે, જે ક્યારે પણ નાસ પામતું નથી. તેને સત્ કહેવાય. એક જ આચાર.વિચાર ને ઉપાસના રાખવાવાળા સાચા સતપંથી કહેવાય.

કુરાન ના કલમાઓમાં હિન્દુઓના ભગવાનની ભેળસેળ

સતપંથની સ્થાપના સૈયદો-મુસ્લિમોએ કરી. ઈમામસા-સૈયદને લાગ્યું કે હિન્દુઓને વટલાવવા હશે તો ઉપસનામાં ફક્ત કુરાનના કલમા રાખશું તો નહિ ચાલે. તેમાં હિન્દુઓના ભગવાનને વચ્ચે ઘુસાડવા પડશે. તેથી જુદી-જુદી.... (ખાનાવાળા લોકો તેને ધોઆઓ કહે છે...) દુઆઓની કલમાઓમાં બ્રહ્મા,વિષ્ણુ ઈન્દ્ર જેવા હિંદુ દેવતાઓને ઘુસાડી દીધા.કુરાનના કલમાઓને બદલાવી નાખ્યા. જે પોતાના ધર્મ-ગ્રંથ કુરાનને વફાદાર રહ્યો નથી તે બીજાનો શું ઉદ્ધાર કરવાનો? પીરાણા સતપંથીઓના આચાર વિચાર મુસલમાનના અને ધર્મ સતપંથ. કેટલું છેતરામણું નામ? સત્પંથ નામથી પીરાણા પંથીઓના ધર્મનો હિંદુ હોવાનો આભાસ થઈ રહે છે. ઈમામશાહે પોતાના કુરાનને બદલાવી નાખ્યું. જે બદલાતું રહેલું હોય તેને સત્ કેવી રીતે કહેવાય? સતપંથના પાયામાં જ જુઠાણું સમાયેલું છે.

પાટીદાર જ્ઞાતિમાંથી એકને પકડીને કાકા તરીકે નીમીને તેનું ઇસ્લામીકરણ

ઈમામશાહ અને તેના પછીના તેના વંશજોને લાગ્યું કે આ જ્ઞાતિને મુસ્લિમબનાવવી હશે તો તેમની જ્ઞાતિમાંના એકને પકડીને વચેટિયા તરીકે નીમવો પડશે. નિમ્યો અને તેને પુરેપુરો મુસ્લિમબનાવ્યો. મુસ્લિમથયા પછી તે ચુ કે ચાં કરી ન શકે. તે પ્રમાણે હમણાં સુધી ચાલ્યું આવતું હતું. અને આવા વચેટિયાને નામઆપ્યું **''કાકા''** આપણા માટે આ નામસારું હતું. બાપના ભાઈ તરીકેનું સંબોધન હતું. પણ હકીકતમાં અરબીમાં કાકાનો અર્થ થાય છે **''ધર્મ-ગુરુની સેવા કરવાવાળો માણસ (નોકર-SERVANT)''**. હકીકતમાં ઈમામશાહ અને તેના વંશજ સૈયદો આપણા ધર્મ-ગુરુ જ હતાને. કેરળમાં મુસ્લિમોને કાકા તરીકે સંબોધન કરે છે. સૈયદોએ આપેલો કાકા શબ્દનો અર્થ સમજાયા પછી વળી ક્યાંક મુસ્લિમમાં ખપી ન જઈએ તેથી કાકા શબ્દને બદલાવીને **''આચાર્ય''** શબ્દ ઘુસાડી દીધો. સતપંથમાં પહેલાંના કાકાને આજે સતપંથ વાળા તેના મુખિયાને **''સતપંથાચાર્ય''** એમ સંબોધન કરે છે. એટલે સતપંથમાં કાંઈ શાસ્વત નથી. મનફાવે ત્યારે તેના સાહિત્યોમાં ફેરફારો કરે છે અને પોતે હિંદુ છે તે બતાવવાનો નિરર્થક પ્રયાસ કરે છે. અને હવે તો ગોર ને સદ્‌ગોર વગેરે કેવા-કેવા ઉપનામો આપવા લાગી ગયા છે? આવું ગોર-ગોર થવા લાગ્યું ત્યારથી સનાતની સમાજની (કેન્દ્રીય સમાજની) ઘોર ખોદવાની શરુ થઈ ગઈ. જે લોકોએ પુનઃ સનાતન હિંદુ ધર્મ અપનાવ્યો હતો તેઓને સતપંથના આવા ભ્રામક છેતરામણા ફેરફારોથી ફરી પાછા સતપંથ તરફ ભોળવવા લાગી ગયા. કરસનદાસ (પીર કરીમ) બડો ઉસ્તાદ માણસ હતો. એ જાણતો હતો કે આવા ફેરફારો જો પીરાણા સતપંથમાં નહિ કરીએ તો પીરાણા સતપંથની દુકાન હવે બંધ કરવી પડશે. ગમે તેમકરીને તે દુકાન તો ચાલુ રાખવી જ પડશે નહી તો તેની દસોંદ વીસોંદ વાળી આવક બંધ પડી જશે. એટલે કચ્છી પાટીદારોને ફરી પાછા સનાતાનમાંથી સતપંથમાં લઈજ આવવા પડશે. તેમાં મહદ અંશે તેઓ સફળ પણ થયા પણ કેન્દ્રીય સમાજની ઘોર ખોદાઈ ગઈ તે કેન્દ્રીય સમાજના તે વખતના આગેવાનો સમજી ન શક્યા તે આપણી કમનસીબી. આવી રીતે સતપંથના મૂલ્યોમાં જ જુઠાણું સમાયેલું છે. આવું બદલાતું રહેલું હોય તેને સત્ કેવી રીતે કહેવાય?

આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પછાત રહી ગઈ તેનું કારણ

સતપંથ ધર્મ અંગીકાર કરી લોહાણાઓ ખોજા બન્યા, વાણિયાઓ મેમણ બન્યા, બ્રાહ્મણો વોરા બન્યા, પટેલો મુમના બન્યા,

આપણા કચ્છી પટેલોના નસીબ સારા કે આપણા કેટલાક જાગરુક વડીલોના પ્રયત્નોથી આપણે પૂરે-પુરા મુમના થતાં બચી ગયા. અને મુમના ન બન્યા, પણ પીરાણા પંથમાં રહી ગયા એ આપણું કમનસીબ. બીજી જ્ઞાતિ વાળા પૂરે-પુરા મુસ્લિમ બની ગયા હોવા છતાં ઈમામસાના વંશજ સૈયદોના લાલચુ અને ચૂસવાની વૃતિથી કંટાળીને પીરાણા- સતપંથથી છેડો ફાડીને દાઉદી-વોરા, ઈસ્માઈલી-ખોજા વગેરે નામોથી સ્વતંત્ર ઓળખ ઉભી કરી. પછી તેઓએ જબરદસ્ત આર્થીક પ્રગતિ હાંસલ કરી એનો ઈતિહાસ ગવાહ છે. સૈયદોએ આપણને એવી ગોળીઓ પાઈ મૂકી છે કે કેશરા બાપા, નારાયણ બાપા, રતનશી બાપા કે ઓધવરામજી મહારાજ જેવાઓ લોહીનું પાણી કરી આપણને જગાડ્યા પણ ગેંડાની ચામડી જેવા આપણે જાગતા જ નથી. તેથી આપણી જ્ઞાતિ બીજી જ્ઞાતિઓથી ૨૦૦ વર્ષ પાછળ ધકેલાઈ ગઈ. જે જ્ઞાતિઓ પાકી મુસ્લિમથઇ ગઈ હોવા છતાં પોતાના ઉપાસના કેન્દ્ર ને મસ્જીદ બદલે ખાનું નામઆપ્યું. આપણે પણ ખાનું (ખાના ને લીધે ખાનાઈ પણ કહેવાણા) કહેતા. વોરા, મેમણ, ખોજાઓની જેમમુસ્લિમમાં ન ખપી જઈએ તેથી ખાના પંથીઓ ખાના શબ્દને મૂકી ને જગ્યાં શબ્દ વાપરવા લાગ્યા. એ શબ્દ પણ સારો ન લાગતાં "જગ્યાંમાં એક દીવો બળતો રાખતા" તેથી જગ્યાં ને બદલે જ્યોતીશધામપણ કહેવા લાગ્યા. મસ્જીદમાં પણ ગોખલામાં એક દીવો બળતો રહે છે. તેથી ખાનામાં જતી વખતે મસ્જીદ જેવો આભાસ થતો હોવાથી પછી જ્યોતિષધામને બદલે મંદિર (નકલંકી અને છેલ્લે નિષ્કલંકી) કહેવા લાગ્યા. બાવાનો પાટ (લોડ) રહેતો હોય તેને મંદિર ન કહેવાય. મંદિરમાં ભગવાનની મૂર્તિ હોય. આવી રીતે પોતાની સગવડે અને વારે ઘડીયે નામો બદલાતા રહે તેને સત્ કેવી રીતે કહેવાય?

પીરાણા એટલે પીરનું સ્થાન અને પીરાણામાંથી પ્રેરણા પીઠ-સતપંથ ની જેમછેતરામણું નામ

આજે અમદાવાદનું જુહાપુરા એટલે મુસ્લિમલોકોનો એરિયા તેવીજ રીતે પીરાણા પણ મુસ્લિમવસાહતથી ઓળખાય છે. આપણા અર્ધ-દગ્ધ મુમના (અ)સતપંથીઓનું પીરાણામાં કેન્દ્ર સ્થાન હોવાથી મુસ્લિમોની વચ્ચે રહેવાથી, મુસ્લિમપીરની દરગાહ પર માથું ટેકવવાથી પીરાણા-પંથીઓ મુસલમાનમાં ખપી ન જવાય તેથી પીરાણાને બદલે તેનું નામપ્રેરણા-પીઠ કરી નાખ્યું. આમતો પીરાણા નામપણ પીરનું સ્થાન તેના પર થી પડ્યું છે. આમછાસવારે નામો બદલવાથી મૂળ તત્વ ઈસ્લામબદલી જવાનું નથી. કાગડો ગમે તેટલા મોરના પીછાં ખોસે પણ એ કાગડોજ રહેવાનો. પીછાં ખોસેલો કાગડો દુરથી મોર દેખાવાનો જ પણ નજીકથી જોતા તેનું મૂળ રૂપ પ્રકટ થવાનું જ છે. નારણ બાપાના સમયથી એટલે કે ૧૯૩૫ માં હિંદુ મહા-સભા પાસેથી કરીને હમણાં આચાર્ય અવિચલદાસજીની પાસેથી હિંદુ તરીકેના સર્ટીફીકેટો રૂપી મોર-પીછ ખોસતા રહેલા છે. આખરે કાગડા-કાગડા જ (મુમના-મુમના જ) રહેવાના. એવી રીતે દુરથી VHP, RSS, બજરંગ દળ (BD) કે આચાર્યોને ખાનાપંથીઓ હિંદુ "મોર" હોવાનું લાગશે પણ પાસે આવી આપણો ઈતિહાસ જોશે તો આવા હિંદુ સંગઠનોને સતપંથીઓનો હિંદુ હોવાનો ભ્રમભાંગીને ભુક્કો થઇ જશે એ ચોક્કસ વાત છે. પણ આજે ઈજીજી કહો કે VHP કહો બધાએ રૂપિયાના ભૂખ્યા છે અને પીરાણાના સતપંથીઓ તે રૂપિયા આપીને પોતે આચાર્યોના સતપંથાચાર્યોના બિરુદ મેળવી બેઠા છે.
(લેખનઃ શ્રી મોહનભાઈ માવજીભાઈ વાગડિયા, બેંગલોર)

તા. ૩૦.૦૧.૨૦૧૧ હિંમતનગરની "સમજે પાટીદાર" સભા

આ કાર્યક્રમમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતીના સભ્યો સાથે પહેલી વાર કેન્દ્રીય સમાજના ટોચના હોદ્દેદારોએ તેમજ યુવા સંઘના ટોચના હોદ્દેદારોએ ભાગ લીધો હતો. એટલું જ નહી ઊંઝાના સમસ્ત કડવા પાટીદારોના સર્વેસવા વડીલ શ્રીમાન શ્રી કેશવલાલ શેઠ અને મણીભાઈ ઈશ્વરભાઈ ઋષાત "મમી સાહેબ" પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. લોકો સમક્ષ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના અભિયાનને પહેલી વખત જાહેરમાં કેન્દ્રીય સમાજના ટોચના અધિકારીઓએ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના કાર્યની સરાહના કરી હતી. તેથી એવું લાગે છે કે આ સનાતની જાગૃતિ અભિયાનને હવે કોઈ સતપંથી રોકી

શકવાના નથી.

સમાજ અને યુવા સંઘના હોદ્દેદારોમાં નીચે જણાવેલ મહાનુભવો હાજર રહ્યા હતા અને ક્રમવાર વારાફરતી તેઓએ પોતાના મંતવ્યો આપ્યા હતા.

૧. કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી - આજની સભાના અધ્યક્ષ
૨. કેન્દ્રિય સમાજ ના ઉપ-પ્રમુખ શ્રી મનસુખભાઈ રૂડાણી
૩. પ્રખર સનાતની શ્રી હિંમત ભાઈ રતનશી ખેતાણી
૪. પ્રખર સનાતની શ્રી રમેશભાઈ માવજી વાગડિયા
૫. પ્રખર સનાતની આર્ય સમાજી શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી
૬. નવા પ્રખર સનાતની શ્રી જયંતીભાઈ રામાણી (લાકડાવાલા) યુવા સંઘ પ્રમુખ (IPP)
૭. માજી ઉપ પ્રમુખ યુવા સંઘ - શ્રી રમેશભાઈ મુળજી ગોરાણી
૮. ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ શ્રી કેશવલાલ શેઠ
૯. ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ના વડીલ શ્રી મણીભાઈ ઈશ્વરભાઈ ઋષાત
૧૦. ઉમિયા માતાજી સંસ્થાનના અગ્રણી શ્રી સીતારામભાઇ કેસરી,
૧૧. નવા તરવરિયા યુવા સંઘના પ્રમુખ સનાતની ભાઈ શ્રી ગૌરાંગભાઈ ધનાણી વગેરે વગેરે.....

આ સભાના આયોજકોએ કેન્દ્રિય સમાજની ૨૯ ઝોન પૈકી કોઈ ઝોને ન કરી હોય એવી હિંમત દાખવીને ઠરાવો પસાર કર્યા હતા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તાક્ષર પણ તે ઠરાવો ઉપર કરાવ્યા હતા.

શ્રી પ્રેમજીભાઈ કેશરાણીએ ધાર્મિક બાબતે સમાજ ની અત્યાર સુધીની ભૂમિકા શું રહી હતી તે વિષે જણાવ્યું હતું.
શ્રી રમેશભાઈ વાગડિયાએ જ્ઞાતિ અને સમાજનો ઘટના કર્મ જણાવ્યો હતો અને ધાર્મિક ક્ષેત્રે સમાજ ક્યાં ભૂલ્યો તે જણાવ્યું હતું. રમેશભાઈએ કેન્દ્રિય સમાજના પ્રમુખને સંબોધીને ખુલ્લમખુલ્લું કહ્યું હતું કે **''પ્રમુખ સાહેબ, સમાજ ની કારોબારી માયેલા દુધ અને દહીંમાં પગ રાખવા વાળાઓ થી હવે તમે ડરતા નહીં પણ સાવધાન રહીને કામકરવું પડશે. તમોને કોઈ આંગળી ચિંધશે તો એ આંગળીને કાપી નાખવાની તાકાત સૌ સનાતાનીઓમાં છે. અમે સૌ સનાતાનીઓ તમારી સાથે છીએ તમારી પડખે હમેશાં ઉભા રહેશું''**. વધારેમાં રમેશભાઈએ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના તે સભામાં ઉપસ્થિત બે વરિષ્ઠ વડીલો કેશવલાલ શેઠ અને મણીભાઈ (મમ્મી) ને સંબોધીને કહ્યું હતું કે જે ઈમામશાહને કારણે લગભગ ૫૦૦ વરસ પહેલાં અમારા વડીલોને તમારા તરફથી વિટંબણા પડવાથી ગુજરાત જેવો ફળદ્રુપ પ્રદેશ મુકીને કચ્છ જેવા સુકા ઠઠ્ઠ પ્રદેશમાં તમારા કારણે હિજરત કરવી પડી હતી. પરંતુ આજે એજ ઈમામશાહના નામે ઉભા થતા નકલંકી નારાયણના મંદિરો જ્યાં એક બાજુ ઉમિયા માતાજીને બેસાડવામાં આવે છે અને બીજી બાજુ મુસલીમપીર ઈમામશાહ ને બેસાડવામાં આવે છે તેના ઉદઘાટનના પ્રસંગોમાં ઊંઝા ઉમિયા માતાજીના આજના હોદ્દેદારો ત્યાં શોભામાં અભિવૃદ્ધિ કરવા જતા હોય તો અમારે શું માનવું? આનો ઈતિહાસ ગવાહ છે. આ વાતો ને કડવા પાટીદાર જ્ઞાતિના એક વિદ્વાન, વિચારક અને લેખક શ્રી પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ દ્વારૉ પુસ્તક નામે **''કણબી ક્ષત્રીય ઉત્પતિ અને ઈતિહાસ''** પુસ્તકમાં સમર્થન મળ્યું છે. રસ ધરાવતા વાંચકોએ આ પુસ્તકના બીજા નંબર ના પ્રકરણ **''કચ્છમાં કાણબીઓનો વિસ્તાર''** ના પાનાં નં. ૧૯૫ થી ૨૧૦ અવશ્ય વાંચવા જોઈએ. મારું ભાષણ પૂરું થયા પછી કેશવલાલ શેઠે ઉભા થઈને મને આલિંગન આપતા કહ્યું હતું કે ''રમેશભાઈ, આ ઈતિહાસથી અમે અજાણ છીએ અને અજાણતાં અમારાથી ત્યાં સતપંથના કાર્યક્રમોમાં જવામાં ભૂલ થઇ ગઈ હોય તો માફ કરજો''.

શ્રી હિંમતભાઈ ખેતાણીએ કેન્દ્રિય સમાજની ધાર્મિક બાબતે સિદ્ધાંતિક જવાબદારીઓ ની છણાવટ કરતા કહ્યું હતું કે સમાજ કોને કહેવાય? સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમુદાય એક જ ધર્મ પાળતો હોય, એક જ આચાર વિચારને વરેલો હોય અને એક જ રીતીરીવાજ પાળતો હોય. અન્યથા એ માત્ર જન સમુદાય જ. ધર્મ અને સમાજ એકજ સિક્કાની બે બાજુઓ છે. તેથી કોઈ સમાજ ધર્મનીરપેક્ષ હોઈ જ ન શકે.

શ્રી જયંતીભાઈ લાકડાવાલાએ પોતાના મંતવ્ય આપતા કેન્દ્રીય સમાજના આગેવાનો ને ટકોર કરી હતી કે સમાજના દરેક સભ્યોને ફરજીયાત પણે સનાતન હિંદુ ધર્મ પળાવવો જોઈએ. અને જે કોઈ સભ્ય પીરાણા સતપંથ ધર્મ પાળતો હોય અથવા તો તેમાં આસ્થા ધરાવતો હોય તેને કારણ દર્શક નોટીસ મોકલાવીને તેમની પાસેથી ખુલાશાઓ માંગવા જોઈએ. કેન્દ્રીય સમાજના અગ્રણીઓ સત્પંથ ધર્મ પાળતા લોકોને કેન્દ્રીય સમાજ નહી સમાવી શકે એવી ખુલ્લી સ્પષ્ટતા લેખિતમાં શામાટે નથી કરતા? જયંતીભાઈ તેમના ભાષણમાં એવું પણ જણાવ્યું હતું કે કેન્દ્રિય સમાજ અને તેની અંતર્ગત આવતી ઝોનો અને તમામઘટક સમાજોની કોઈ પણ સભામાં સર્વ પ્રથમઆપણે સૌ સનાતાનીઓ છીએ એવા શબ્દોથી શુરુઆત કરશું તો આવતા સમયમાં સમાજમાં સનાતન ધર્મની મશાલ જાગૃત રહેશે. કેન્દ્રીય સમાજના સનાતન ધર્મના પ્રચાર પ્રસાર કાર્યમાં સનાતન યુવા સંઘનો કેવો રોલ રહેશે તે બાબતની છણાવટ કરી હતી.

શ્રી ગૌરાંગભાઈ ધનાણીએ યુવા સંઘની સ્થાપના વખતેના મૂળભૂત ઉદ્દેશોમાં સનાતન ધર્મના પ્રચાર માટે યુવા સંઘ કટીબધ હતું, છે અને રહેશે તેવી યુવા સંઘ તરફથી બાંહેધરીઓ આપી હતી. તેઓએ એક વાત ઉપર ખાસ ભાર મુક્યો હતો કે સનાતન ધર્મ બાબતે કેન્દ્રીય સમાજને આથવા તો તેની અંતર્ગત આવતી તમામઝોનોએ, ઘટક સમાજોએ અને તમામસંસ્થાઓએ તેની દરેક મીટીંગોમાં કે કાર્યક્રમોમાં આપણો ધર્મ સનાતન ધર્મ છે એવો ઉલ્લેખ અચૂક કવાનો રહેશે જેથી આપણે આપણા ધર્મ ને ભૂલી ન જઈએ અને સતપંથ તરફ આપણે અથવા તો આપણી ભાવી પેઢીમાં થી કોઈ ભૂલથી પણ ખેંચાઈ ન જાય.

મુખ્ય મહેમાન તરીકે પધારેલા ઊંઝાના વડીલ શ્રી મણીભાઈ ઈશ્વરભાઈ પટેલે તેમનું મંતવ્ય આપતા કહ્યું હતું કે સનાતન ધર્મ આપણો મૂળ ધર્મ છે અને ઉમિયા માતાજી આપણા કુળદેવી છે. આ ઈન્ટરનેટ ના યુગ માં હજી આપણને કેટલા સતપંથીઓ ને સમજાવવા પડશે કે સત્પંથ આપણી જ્ઞાતિનો ધર્મ નથી. ઉમિયા માતાજી સંસ્થાને તો છેક ૩૫ વરસ પહેલા ઠરાવ પસાર કરીને સ્પષ્ટતા કરી દીધી હતી કે પીરાણા સત્પંથમાંથી આપણા કડવા પટેલોને બહાર કાઢવા માટે આ સંસ્થા સર્વ પ્રયત્નો કરશે. આ હિંમતભાઈને અને રમેશભાઈને હજી ભારતભરની તમારી સમાજોમાં કેટલી સભાઓ કરવી પડશે? જ્ઞાતિની એકતા અને અખંડતા રાખવી હશે તો પીરાણાના નાનાકદાસને ફર ફરીને હું વિનંતી કરું છું કે પીરાણાનો ત્યાગ કરવો પડે તો કરી દેજો પણ જ્ઞાતિને અખંડ રાખવા માટે કેન્દ્રીય સમાજમાં ભળી જજો.

શ્રી રમેશભાઈ ગોરાણીએ પોતની આગવી શૈલીમાં પોતાના મંતવ્યો આપતાં જણાવ્યું હતું કે આ મુમનાઓનો આપણી કેન્દ્રિય સમાજમાંથી સફાયો હવે થવોજ જોઈએ. હવે તેઓને એકલ દોકલ ભેળવવાનું બંધ કરીએ નહી તો આજે તેઓ સાપોલીયું બનીને આપણા વચ્ચે બેસી જશે અને આવતી કાલે સાપ બનીને ફરી પાછી ફેણ મારશે.

જ્ઞાતિ શિરોમણી શ્રી રામજીભાઈ કરમશી નાકરાણીએ તેમના વક્તવ્યમાં પોતે પીરાણાના નીસ્કલંકી ધામ નખત્રાણાના ઉદ્ઘાટન પ્રસંગમાં ગયા હતા તે મારી ભૂલ હતી એવું જાહેરમાં કબુલ્યું હતું. કદાચ મારી આ ભૂલને લીધેજ હિંમતભાઈને, રમેશભાઈને અને પ્રેમજીભાઈને આ સનાતન જાગૃતિ અભિયાન ચાલુ કરવું પડ્યું હશે તો હું એનો નિમિત્ત બન્યો છું એમ હું

માનું છું. અને સ્વર્ણિમ મહોત્સવ પહેલાં અને પછી સતપંથી ભાઈઓની નકારાત્મક ગતિવિધિઓને લઈને કેન્દ્રીય સમાજને ઘણું બધું નુકશાન પહોંચ્યું છે અને તેથી આપણે ધર્મ બાબતે વધુ ને વધુ સંગઠીત થઇ મજબુત થતા ગયા તે સારી વાત છે. હવે આપણને વધુ મજબુત થવું છે અને દરેક ઝોન અને ઘટક સમાજોએ કેન્દ્રીય સમાજના આદેશ મુજબ વર્તવાનું રહેશે અને તેમાં તે લોકોને કંઈ પણ તકલીફ પડે તો કેન્દ્રિય સમાજનો સંપર્ક તુરંત કરવાની હું ભલામણ કરું છું.

છેલ્લે પ્રીનસીપાલ રતિભાઈએ ઠરાવો પસાર કરાવેલા જેના ઉપર સૌનું મત્તું મરાવેલ.

સમજે પાટીદાર કાર્યક્રમમાં પસાર કરેલ ઠરાવો

॥ શ્રી લક્ષ્મીનારાયણ વિજયતેતરામ્ ॥ ॥ સનાતન પરમો ધર્મ ॥ ॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉત્તર સાબરકાંઠા ઝોન (ગુજરાત)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, દક્ષિણ સાબરકાંઠા ઝોન (ગુજરાત)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ, સાબર રીજીયન (ગુજરાત)

તા. ૩૦-૧-૨૦૧૧
રવિવાર

આજ રોજ તા. ૩૦-૧-૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે મોડાસીયા કડવા પાટીદાર સમાજ કેમ્પસ, ને.હા. નં. ૮, સહકારી જીનની બાજુમાં, **હિંમતનગર** ખાતે મળેલ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉત્તર સાબરકાંઠા ઝોન, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, દક્ષિણ સાબરકાંઠા ઝોન અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ-સાબર રીજીયનને સાંકળતી વિવિધ સમાજો, મહિલા મંડળો અને યુવા મંડળોની એક અભૂતપૂર્વ સભા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણાના પ્રમુખ, **પાટીદાર શિરોમણી શ્રી રામજીભાઈ કરમસીભાઈ નાકરાણી**ના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં મોટી સંખ્યામાં મહેમાનોની તથા સનાતની જ્ઞાતિજનોની ઉપસ્થિતિ રહી હતી.

આ સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સર્વે સનાતની ભાઈઓ-બહેનો તરફથી રજુ થયેલ વિચારોનો સારાંશ અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા (કેન્દ્રીય સમાજ) દ્વારા તા. ૨૫-૩-૨૦૧૦ના રોજ બહાર પાડવામાં આવેલ **શ્વેતપત્ર** તેમજ તા. ૭-૫-૨૦૧૦ની કેન્દ્રીય સમાજની **અસાધારણ સામાન્ય સભા**માં સર્વાનુમતે બંધારણમાં કરાયેલ સુધારાઓ તથા તા. ૧૨-૫-૨૦૧૦ ના જ્ઞાતિના **પંચમ્ અધિવેશન**માં સર્વાનુમતે પસાર કરેલ જ્ઞાતિના રીત-રીવાજોની ૧ થી ૧૯ કલમો અને કેન્દ્રીય સમાજે તા. ૧-૭-૨૦૧૦ના રોજ બહાર પાડેલ આદેશોને અનુલક્ષીને જ્ઞાતિના રીત-રીવાજોની કલમ ૧૮ મુજબ **બાહ્ય આચરણો** અંગે તથા કલમ ૧૯ મુજબ **સામાજીક તથા ધાર્મિક પ્રશ્નો** અંગેનું પાલન ચુસ્તપણે કરવા શ્વેતપત્રમાં જણાવેલ છે.

સમાજ એક જ આચાર અને વિચાર વાળો રહે, સમાજમાં એક જ પ્રકારના રીત-રીવાજોનું અને સનાતન વૈદિક હિન્દુ ધર્મનું ચુસ્તપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. પાલન ન કરનાર વ્યકિત અથવા વ્યકિત સમૂહનું સભ્યપદ રદ કરવાની સમગ્ર જવાબદારી ભારતભરના તમામ ઝોન અને ઝોનમાં આવતા સમાજોને કેન્દ્રીય સમાજ દ્વારા સોંપવામાં આવેલ છે.

કેન્દ્રીય સમાજના આ આદેશોને અનુસરીને અને આજની આ **'સમજે પાટીદાર'** સભામાં થયેલ ચર્ચા વિચારણાના અંતે આજની સભા નિષ્કર્ષ પર આવી **નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરે છે.**

<u>મંજુર થયેલ ઠરાવો</u> :

ઠરાવ : ૧ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉત્તર અને દક્ષિણ સાબરકાંઠા ઝોન, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ, સાબર રીજીયનના સભ્યો **સનાતન વૈદિક હિન્દુ ધર્મ**ને માનતા અને પાળતા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વંશજો જ રહી શકશે યા બની શકશે.

ઠરાવ : ૨ આ સમાજ ઝોનોના તમામ સભ્ય પરિવારોના બાહ્ય આચરણો જન્મ થી મરોત્તર સુધી શુધ્ધ વૈદિક સનાતન હિન્દુ તરીકેના હોવા જોઈએ અને પાળવાના રહેશે. તેમ ન કરનાર વ્યકિત આ સમાજ ઝોનના સભ્ય રહી શકશે નહિ.

ઠરાવ : ૩ આ સમાજ ઝોનોના તમામ સભ્ય પરિવારોએ પીરાણા સતપંથ ધર્મમાં કરવામાં આવતી મરતોત્તર દફન ક્રિયાઓમાં ભાગ લેવો નહિ, તેમજ તેને લગતી કોઈપણ ધાર્મિક ક્રિયાકર્મમાં ભાગ લેવો નહિ તેમજ તેમના જમણમાં હાજરી આપવી નહિ અને આવા કાર્યોનો સદંતર બહિષ્કાર કરવો.

ઠરાવ : ૪ આ સમાજ ઝોનોની કોઈપણ વ્યક્તિએ પીરાણા સતપંથ ધર્મની સમાજોના ધાર્મિક ઉત્સવો તેમજ ધાર્મિક સભાઓમાં ભાગ લેવો નહિ તથા તે અંગેના જમણવારના આમંત્રણનો સ્વીકાર કરવો નહિ, આપણી સમાજના ધાર્મિક હિન્દુ ઉત્સવો જેવા કે રામનવમી, જન્માષ્ટમી, નવરાત્રી, ધાર્મિક સતસંગ, ધાર્મિક પ્રતિષ્ઠા મહોત્સવ કે તેને લગતા સમુહ ભોજનના કાર્યક્રમોમાં પિરાણા સતપંથને માનતી કે અનુસરતી વ્યક્તિ યા પરિવાર તેમજ વ્યક્તિ સમુહને કોઈપણ પ્રકારનું આમંત્રણ આપવું નહિ.

ઠરાવ : ૫ (ક) આ સમાજ ઝોનોના કોઈ પણ સભ્યે તેમજ તેમના પરિવારે આજ દિવસ પછી દિકરા-દિકરીઓનાં સગપણ બાબત દિકરી આપવાનું તથા દિકરી લેવાનું સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળનારા પરિવારો સાથે કરવાનું રહેશે. પિરાણા સતપંથ ધર્મને માનનારા કોઈપણ ગામના કોઈપણ પરિવારો સાથે નવા સગપણ કે સંબંધો કરવા નહિ.

(ખ) આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારો સાથે કરવામાં આવેલ જૂના સંબંધોમાં આવતા સામાજીક વ્યવહારો જેવા કે લગ્ન, મામેરૂં તથા બોલામણું વગેરે પ્રસંગોમાં જઈ આવી શકાશે, પરંતુ તેવા પ્રસંગોના જમણવારમાં ભાગ લેવો નહિ.

ઠરાવ : ૬ આથી અગાઉ પીરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારોમાં જૂના સંબંધોમાં (ફઈ, બહેન, દિકરી, સાસરીયું) મરણ વખતે દફન વિધિ તેમજ તેને લગતી કોઈ પણ પ્રકારની અંતિમ ક્રિયાઓમાં ભાગ લઈ શકાશે નહિ, પણ સામાજીક નીતિ-નિયમો પ્રમાણે થતો વ્યવહાર કરી અથવા ચૂકવીને પાછું આવવાનું રહેશે. તેમજ હિન્દુ ધર્મને ન છાજતી ઉત્તર ક્રિયામાં ભાગ લેવાનો રહેશે નહિ.

ઠરાવ : ૭ આ સમાજ ઝોનો દ્વારા યોજાતા સમૂહ લગ્નમાં સનાતન વૈદિક હિન્દુ ધર્મને અનુસરનાર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના પરિવારોના સંતાનો નો જ સમાવેશ કરવામાં આવશે.

ઠરાવ : ૮ આ સમાજઝોનોનો કોઈપણ વ્યક્તિ અથવા સભ્ય તેમજ તેમનો પરિવાર સતપંથ ધર્મને ત્યજી સનાતન વૈદિક હિન્દુ ધર્મમાં પાછો આવવા ચાહે તો તેમને આવકારવામાં આવશે. પણ તેઓએ સનાતન ધર્મને અનુસરનાર સમાજ પાસેથી બાંહેધરી પત્ર લખાવી લાવવાનો રહેશે.

ઠરાવ : ૯ આ સમાજઝોનોમાં કોઈ પણ પીરાણા સતપંથ ધર્મને માનનાર વ્યક્તિ આ સમાજ ઝોનોનો સભ્ય હશે યા કારોબારી સભ્ય હશે, હોદેદાર હશે તો તેનું સભ્યપદ રદ થઈ જતાં કારોબારી સભ્ય તેમજ હોદો આપો આપ રદ થઈ ગયો ગણાશે. સભ્ય તરીકે રદ થઈ ગયેલ કોઈ પણ સભ્યએ સમાજમાં ભરેલ કોઈ પણ **રકમ કે લવાજમ** પાછું આપવામાં આવશે નહિ અને તેવા સભ્યનો કોઈપણ પ્રકારનો સમાજ પર હક-દાવો રહેશે નહિ.

ઠરાવ : ૧૦ આ સમાજઝોન એક સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળતા લોકોની છે. તેના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજી છે. સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય એક જ ધર્મ (સનાતન વૈદિક હિન્દુ ધર્મ)ને પાળતો હોય, એકજ રીત-રિવાજને અનુસરતો હોય તેમજ એકજ આચાર-વિચારને વરેલો હોય. આ સમાજ ઝોનમાં એકતા જળવાય એ હેતુને ધ્યાનમાં લેતાં સમાજઝોનના દરેક સભ્યો તેમજ તેમના પરિવારોને ચુસ્ત પણે મૂળ સનાતન વૈદિક હિન્દુ ધર્મ પાળવા આ સમાજઝોન આદેશ કરે છે.

ઉપરોક્ત ઠરાવોનું પાલન આ સમાજઝોનના દરેક સભ્યોએ તેમજ તેમના પરિવારોએ કરવું ફરજીયાત રહેશે. તેમાં કોઈ પણ પ્રકારની ઢીલાસ, ચૂક તેમજ બાંધ છોડ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહિ. ઉપરોક્ત નીતિ-નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું અને કરાવવું એ આ સમાજઝોનના દરેક સભ્ય તેમજ તેમના પરિવારની નૈતિક ફરજ બને છે.

આ સમાજઝોનનો કોઈપણ સભ્ય તેમજ તેમનો પરિવાર જો ઉપરોક્ત ઠરાવોનું ઉલ્લંઘન કરશે તો તે સમાજ ઝોનનો ગુનેગાર ગણાશે અને તેવા સભ્યનું સભ્યપદ રદ કરવામાં આવશે તેમજ તેવા સભ્યને ભવિષ્યમાં આ સમાજ ઝોનનું સભ્ય પદ આપવામાં આવશે નહિ તેમજ તેના પરિવારને આ સમાજ ઝોન દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમો તેમજ પ્રસંગોમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ. આ બાબતે બીજી કોઈ પણ અન્ય ચર્ચાઓ હાથ ધરવામાં આવશે નહિ.

આજ તારીખ ૩૦-૦૧-૨૦૧૧ના રોજ મળેલ સમાજ ઝોનો તથા યુવાસંઘની મળેલ સભામાં ઉપરોક્ત ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે તે તારીખ ૩૦-૧-૨૦૧૧થી જ લાગુ પાડવામાં આવે છે.

આ ઠરાવોની નકલો બંને સમાજ ઝોનોના ગામે-ગામ અને ભારત ભરની સમાજોમાં મોકલવાનું પણ નક્કી કરવામાં આવે છે.

શ્રી સત્ય સનાતન ધર્મની જય, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની જય, શ્રી ઉમિયા માતાજીની જય

શ્રી નરસિંહભાઈ ધનજીભાઈ રામાણી પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ, ઉત્તર સાબરકાંઠા ઝોન (ગુજરાત)	શ્રી પુનમભાઈ ખીમજીભાઈ ધોળુ પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ, દક્ષિણ સાબરકાંઠા ઝોન (ગુજરાત)	શ્રી સૌરભ અમૃતભાઈ રામાણી પ્રમુખ શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ, સાબર રીજીયન (ગુજરાત)

સભા પ્રમુખ
શ્રી રામજીભાઈ કરમસીભાઈ નાકરાણી
પ્રમુખ, શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ, નખત્રાણા

તા. ૩૦.૦૭.૨૦૧૦ બેલગામ સભા

આ દોહરાની આ પહેલી સભા હતી ત્યાર પછી ક્રમવાર ૧.૦૮.૨૦૧૦ ના ગોવાની સભા, ૨.૦૮.૨૦૧૦ ના રત્નાગીરીની સભા, ૩.૦૮.૨૦૧૦ ના સાંગલીની સભા, ૪.૦૮.૨૦૧૦ ના કોપરગાંવની સભા, તા. ૫.૦૮.૨૦૧૦ ના ઔરંગાબાદ ની સભા અને છેલ્લે તા. ૭.૦૮.૨૦૧૦ ના ચિંચવડ-પુના ની સભા પૂર્ણ કરીને આ દોહરો પૂર્ણ કર્યો હતો.

બેલગામની સભા માટે હું તા. ૨૯.૦૭.૨૦૧૦ ની રાત્રે બેંગલોરથી બેલગામજવા બસ દ્વારા રવાનો થઈને તા. ૩૦.૦૭.૨૦૧૦ ના સવારના બેલગામ પહોંચ્યો હતો જ્યારે હિંમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેસરાણી, રતનશીભાઈ દીવાણી અને ચંદ્રકાંત ભાઈ છાભૈયા મુંબઈથી પ્રેમજીભાઈ કેસરાણીની કાર મારફત તે જ દિવસે સવારના બેલગામ પહોંચ્યા હતાં.

બેલગામની સભા સાંજે ૫.૦૦ વાગે રાખવામાં આવી હતી. સભાની શુરુઆત પહેલાં મોવડીઓ સાથે મીટીંગ થઇ હતી તેમાં સતપંથ તરફી જોક ધરાવતા ભાઈ શ્રી હંસરાજભાઈ પરબત ભાદાણીએ અમુક ખુલાસાઓ અમારી પાસે માંગ્યા હતા. ત્યારે અમોએ કહ્યું હતું કે કોઈકને ખોટું લાગે એટલે થઈને અમે અમારો અભિગમતો બદલાવશું નહિ. જે ભાઈને અમારું બોલવાનું ખરાબ લાગતું હોય તેઓ સભામાં ભાગ નહિ લે તો તેને માટે અને અમારી માટે સારું રહેશે. તે વખતે બેલગામ સમાજના પ્રમુખ શ્રી નાનજી ભીમજી પોકારે બાજી સંભાળી લીધી હતી અને અમારી સભા રાબેતા મુજબની રહી.

અમારી પ્રણાલિકા પ્રમાણે સૌના ક્રમવાર ભાષણો થયા અને ત્યાર પછી સભાસદોમાંથી આવેલા પ્રશ્નોના હિંમતભાઈ દ્વારા યોગ્ય જવાબો આપવામાં આવ્યા હતા. સભા પછી ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. અને બીજા દિવસે ગોવા-મડગાંવ માં અમારી સભા હતી.

ગોવા સભાઃ

ગોવામાં તે વખતે સતપંથના ભાઈ વાલજીભાઈ ઘડાણી વાળાની વાતો ચગડોળે ચડી હતી. આ ભાઈના પિતાશ્રીનું આવસાન થતાં તે વખતે તેઓને ગોવામાં દાટવા માટે પરવાનગી ન મળતાં તેમના પીતાની લાશને છેક કચ્છ લઈ ગયા હતા અને ત્યાં જઈને તેની દફન વિધિ કરી હતી. તે પહેલાં પીરાણે ગયા હતા પણ ત્યાં પણ દાટવાની પરવાનગી ન મળતાં લાશને કચ્છ લઈ જઈને દફનાવી હતી. જુઓ તો ખરા કેટલો બધો સતપંથ તરફી જોક આ સતપંથ માં આસ્થા ધરાવતા તે વાલજીભાઈ ને હતો. કેટલી બધી કમજોરી હતી આપણા સનાતની ભાઈઓની કે તેઓ આવા ખાંટી સતપંથ ના ભાઈઓને સમાજમાં સાથે રાખી રહ્યા હતા.

સભા મડગાંવ સમાજવાડીમાં રાખવામાં આવી હતી. તે સમયે તે સમાજના પ્રમુખ વિઘોડી વાળા ગોવિંદ ભાઈ હતા જેને સભા અધ્યક્ષ તરીકે મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું તેની સાથે નાગલપર વાળા દેવશીભાઈ ધોળુને પણ વડીલ તરીકે મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યું હતું. અમારી પ્રણાલિકા પ્રમાણે ક્રમવાર અમારા ભાષણો થયા હતા. અને છેલ્લે પ્રશ્નોતરી રાખવામાં આવી હતી તેના યોગ્ય ઉત્તરો હિંમતભાઈ દ્વારા આપવામાં આવ્યા હતા.

બીજા દિવસે રત્નાગીરી મધે અમારી સભા હોવાથી અમે બીજા દિવસે વહેલી સવારના જ રત્નાગીરી જવા રવાના થઇ ગયા હતા.

તા. ૨.૦૮.૨૦૧૦ રત્નાગીરી સભા

રત્નાગીરી સભાનું આયોજન તેની સમાજવાડીમાં કરવામાં આવ્યું હતું. રત્નાગીરી સમાજનો એક સભ્ય જેનું નામહરેશભાઈ ચૌધરી હતું તે અમોને એના ઘરે લઇ ગય હતા અને તેને અને તેની ધર્મપત્નીએ સાથે મળીને અમારી પૂજા કરી હતી. આવો ભાવ અમારા પ્રત્યે લોકોનો હતો.

તા. ૩.૦૮.૨૦૧૦ સાંગલી સભા

રત્નાગીરીની સભા પૂર્ણ થયા પછી અમો સીધા આવ્યા સાંગલી ગામ. આ સભાનું આયોજન મિરજ-સાંગલી કચ્છ કડવા પાટીદાર સમાજે કર્યું હતું. તે વખતે તે સમાજના પ્રમુખ તરીકે નાના કાદીયાના ભાઈ શ્રી ડાહ્યાલાલ સોમજી પકાર સેવા આપી રહ્યા હતા અને મહામંત્રી તરીકે વરસોથી સેવા આપતા રહેલા દયાપર ગામના સનાતની ભાઈ શ્રી રતિલાલ મનજી સાંખલા હતા. આબન્ને જણાના સહીયારા પ્રયાસથી આ સભાનું આયોજન શક્ય બન્યું હતું. આમતો પુના સમાજે તા.૫.૧૦.૨૦૦૯ ના સનાતની સભાનું આયોજન કર્યું હતું તેમાં સાંગલી-મિરજ સમાજના મંત્રી શ્રી રતિલાલ મનજી સાંખલા અને ઈસ્લામપુરના રામાણી ભાઈઓની સાથે બીજા ઘણા ભાઈઓ છેક પુના સભામાં હાજરી દેવા આવ્યા હતા. પુના સમાજની સફળ સનાતની સભાથી પ્રેરણા લઈને શ્રી રતિલાલ મનજી સાંખાલાને મનમાં હતું કે એક વખત સાંગલીમાં પણ સનાતન ધર્મ જાગૃતિની સભાનું આયોજન કરવું. અમારૂં (સનાતન ધર્મ જાગ્રતિ સમિતિનું) પણ એક સ્વપન હતું કે કોલ્હાપુર મધ્યે અમારી એક સભાનું આયોજન થાય. પણ તે વખતે કોલ્હાપુર અને કોલ્હાપુરની આજુબાજુનો વિસ્તાર સતપંથી વડીલ શ્રી વીરજી લધા ભાદાણીના પ્રભાવ તળે હોવાથી કોલ્હાપુરમાં તેવી સભાનું આયોજન કરવું તે વખતે ન કેવળ મુશ્કેલ ભર્યું હતું પણ અશક્ય જ હતું. પણ તે જ વિસ્તારમાં હાલ સાંગલીમાં અમારી સભાનું આયોજન થઇ રહ્યું હતું તે અમારે માટે આનંદની વાત હતી. તદુપરાંત શ્રી રતિલાલ મનજી સાંખલા હિંમતભાઈ ખેતાણી સાથે સભાના આયોજન માટે સંપર્કમાં હતા જ અને તેમના પ્રયાશથી સભાનું આયોજન શક્ય બન્યું હતું.

સભાનું પ્રમુખ સ્થાન અને અતિથી વિશેષ

આ સભામાં સભાના અધ્યક્ષ તરીકે સ્થાનિક સમાજના (મિરજ-સાંગલી સમાજના) પ્રમુખ શ્રી ડાહ્યાલાલ સોમજી પોકારે સ્થાન શોભાવ્યું હતું. અને અતિથી વિશેષ તરીકે કોરા વાળી નાની વિરાણીના ભાઈ શ્રી જેઠાલાલ કેસરા પોકાર પણ આ સભામાં ઉપસ્થિત હતા. તેઓ દક્ષીણ મહારાષ્ટ્ર ઝોનના તે વખતના પ્રમુખ હતા. સભામાં આપણી જ્ઞાતિના અને કેન્દ્રીય સમાજના ઈતિહાસ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેની સાથે સાથે પીરાણા સતપંથમાં અત્યારે ચાલતી પ્રચાર પ્રણાલિકા બાબતે પણ સભાને વાકેફ કર્યા હતા. તદુપરાંત સનાતન ધર્મ પ્રત્યે અને તેના સનાતની લોકો પ્રત્યે કેન્દ્રીય સમાજ ક્યાંક ઉણી ઉતરતી હતી તેની પણ સવિસ્તાર માહિતી સમિતી તરફથી આપવામાં આવી હતી. સાંજની આ સભા પછી બીજા દિવસે અમારી સભા કોપરગાંવ ખાતે હતી તેથી અમારી ટીમકાર દ્વારા રોતોરાત કોપરગાંવ જવા રવાની થઇ ગઈ હતી. ત્યાં અમારો ઉતારો શિરડી સ્થિત આપણા રસલીયાના ભાઈ શ્રી બાબુભાઈ પટેલની હોટેલમાં રાખવામાં આવ્યો હતો. તા.૪.૦૮.૨૦૧૦ ની કોપરગાંવની સભા આમતો શિરડી ખાતે જ હતી અને તે બપોર પછી ૪.૦૦ વાગે રાખવામાં આવી હતી.

તા. ૪.૦૮.૨૦૧૦ કોપરગાવ સભા

શ્રી અહમદનગર જીલ્લા કચ્છ કડવા પાટીદાર સમાજ અંતર્ગત કોપરગાંવ મુકામે યોજાએલ સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાનો રીપોર્ટઃ

સંકલન અને પ્રસ્તુતકર્તા કોપરગાંવ નિવાસી ભાઈ શ્રી જેઠાભાઈ રતનશીભાઈ દીવાણી (દેશલપર–ગુંતલી):

કેન્દ્રીય સમાજે બહાર પાડેલ શ્વેતપત્રના ઉપલક્ષમાં તેમના દ્વારા તા.૧.૦૭.૨૦૧૦ ના બહાર પાડવામાં આવેલ આદેશને અનુસરી શ્રી અહમદનગર જીલ્લા કચ્છ કડવા પાટીદાર સમાજે શ્રીક્ષેત્ર કોપરગાંવ મુકામે સનાતન ધર્મ પ્રચાર અને જનજાગૃતિ અભિયાન સભાનું આયોજન કર્યું હતું. કેન્દ્રીય સમાજના મધ્ય મહારાષ્ટ્ર ઝોનના પ્રમુખશ્રી પ્રહલાદભાઈ નાકરાણી તેમજ મહામંત્રી શ્રી જીવરાજભાઈ ચવ્હાણ (ખોંભડી-ઔરંગાબાદ) ની મુખ્ય ઉપસ્થિતિમાં અને કેન્દ્રીય સમાજ અંતર્ગત આવતી મધ્ય મહારાષ્ટ્ર ઝોન અહમદનગર વિભાગના પ્રતિનિધિ શ્રી હરજીભાઈ દીવાણી અને કેન્દ્રીય સમાજના પ્રતિનિધિ શ્રી દાયાલાલ દીવાણીની હાજરીમાં આ સભા યોજાયેલ ત્યારે અહમદનગર, પુના, નાશિક તેમજ ઔરંગાબાદ જીલ્લા વિસ્તારની વિવિધ સમાજોના ૫૦૦ થી વધારે સનાતન ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ હાજરી આપી સનાતન ધર્મ જાગૃતિ અભિયાન યાદગાર અને સફળ બનાવ્યું હતું.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિનું મહારાષ્ટ્રિયન પરંપરા મુજબ સ્વાગત

બુધવાર તા.૪.૦૮.૨૦૧૦ ના રોજે બપોરના ૪.૦૦ વાગે ઉલ્હાસ અને ઉમંગના વાતાવરણમાં જીલ્લા સમાજના પ્રમુખ શ્રીરામપુર વાળા શ્રી નારણભાઈ છાભૈયાએ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સભ્યો શ્રી હિમાંતભાઈ ખેતાણી (મુંબઈ), શ્રી રમેશભાઈ વાઘડીયા (બેંગલોર), શ્રી પ્રેમજીભાઈ કેશરાણી (મુંબઈ), શ્રી અમૃતભાઈ ગોરાણી (ઉડુપી-કર્ણાટક), શ્રી રતનશીભાઈ દીવાણી (થાણે), શ્રી પ્રદીપભાઈ નાથાણી (મુંબઈ) તેમજ શ્રી ચંદ્રકાંતભાઈ છાભૈયા (મુંબઈ) વગેરે ભાઈઓનું શ્રી સદગુરૂ જનાર્દન સ્વામી સમાધિ સ્થળના પ્રાંગણમાં પરંપરાગત સનઈ-ચૌદાડાના સંગીતમય વાતાવરણમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે ઉપસ્થિત લોકોએ ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન અને સનાતન ધર્મના હર્ષોલ્લાસ સાથે જયઘોષ કર્યો હતો.

દીપ પ્રાગટ્ય અને સત્કાર સન્માન

મંગલમય વાતાવરણમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન તથા કુળદેવી ઉમિયા માતાજીની પ્રતિમા સમક્ષ દીપ પ્રજ્વલિત કર્યા બાદ સનાતન ધર્મ જાગૃતિ સમિતિનું યથોચિત સત્કાર કરતા જીલ્લા સમાજના મંત્રી શ્રી જેઠાભાઈ રતનશી દીવાણીએ કાર્યક્રમના આયોજન બાબત ટૂંકમાં જાણકારી આપેલ અને પાંચાડાની વિવિધ સમાજોમાંથી પધારેલ સર્વે સભ્યોને માનપૂર્વક આવકારેલ. ત્યારે કેન્દ્રીય સમાજના પ્રતિનિધિ શ્રી દાયાલાલ દીવાણીએ મહેમાનોનો આલાપ પરીચય કરાવી આપેલ. સાથે સાથે કેન્દ્રીય સમાજ દ્વારા ચાલતી ગતિવિધિઓની ટૂંકમાં માહિતી આપેલ.

કેન્દ્રીય સમાજના ઝોનલ પ્રતિનિધિ શ્રી હરજીભાઈ દીવાણીએ વિભાગીય સ્તરની ગતિવિધિની જાણકારી આપતાં સંપૂર્ણ અહમદનગર જિલ્લાને આધ્યાત્મિક અને ધાર્મિક વારસો, પૌરાણિક અને ઐતિહાસિક કાળથી ચાલતો આવેલ હોવાની જાણ આપેલ.

કેન્દ્રીય સમાજના અગ્રેસર અને સક્રિય એવા ઝોન સમાજના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ નાકરાણીએ મધ્ય મહારાષ્ટ્ર ઝોનની પ્રવૃતિઓની જાણકારી આપતા જણાવ્યું હતું કે નીશ્વાર્થ ભાવે સેવા આપી સમાજમાં સનાતન ધર્મનો પ્રચાર-પ્રસાર અને સમાજ જાગૃતિ અભિયાન ચલાવવા બદલ સનાતન ધર્મ પ્રચાર સમિતિના સર્વે સભ્યોને તેમના કાર્યમાં સફળતા મળે એવી લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી રમેશભાઈ માવજી વાઘડીયા (બેંગલોર-ખોંભડી)

સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભામાં સૌ પ્રથમશ્રી રમેશભાઈ વાઘડીયાએ પોતાના ભાષણમાં આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ઈતિહાસનું વર્ણન કરતાં, ગુજરાતમાં વસવાટથી લઈ સ્વર્ણિમમહોત્સવ વર્ષ સુધીની વિવિધ ઘટનાઓનું અને હાલ સનાતન ધર્મ બાબતે સમાજમાં ચાલતી પરિસ્થિતિનું અવલોકન કર્યું હતું. આપણા પૂર્વજોએ અનુભવેલ બાવા ઈમામશાહની લલચાઉ પ્રવૃતિઓ, જ્ઞાતિનું આર્થિક શોષણ, સમાજને તોડવાની નીતિ બાબત પ્રકાશ પાડ્યો હતો. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આપણા તે વખતના સમાજ સુધારક વડીલોની સુજ બુજ અને કેન્દ્રીય સમાજની સ્થાપનાની ફળશ્રુતિએ સંપૂર્ણ સમાજ પૂર્ણતઃ મુસ્લિમથતો અટકી ગયાનું જણાવ્યું હતું. આજે પણ સનાતની કેન્દ્રીય સમાજની આડસમાં રહીને સતપંથના પ્રવાહમાં રાચતા સતપંથીઓ પ્રત્યે રોષ વ્યક્ત કર્યો હતો.

રતનશીભાઈ લાલજી દીવાણી (મુબઈ-થાણા)

કચ્છ ગામનાની વિરાણી (ગઢ વાળી) અને હાલે થાણાના વતની રતનશીભાઈ દીવાણીએ હાલના સતપંથીઓના આચાર અને વિચાર રજુ કરી તે વખતના સૈયદોની જુલમી નીતિ, આર્થિક કમજોરીમાં પણ તેમની સેવાઓથી થતી ગુલામગીરી, ગામોગામબંધાતા ખાના અને મુખીઓની નિમણૂક અને મુસલમાની તોર તારીકાઓની છણાવટ કરતાં તે વખતની પાટીદાર સમાજની પરિસ્થિતિ અને હાલાકી બાબતની જાણકારી આપી હતી. જ્ઞાતિએ સનાતન ધર્મ અપનાવ્યા પછી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની કૃપાથી જ આપણો સમાજ પ્રગતિ કરી શકયો છે તેવું ભારપૂર્વક જણાવેલ.

પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી (મુંબઈ-અંગિયા):

અહીની પાવન ભૂમિમાં સમયાનુરૂપ અમારું સ્વાગત કરાયું તેમજ બહુ સંખ્યામાં હાજર રહી અમોને હૂંફની લાગણી આપી તે બદલ ઋણી રહ્યાનું જણાવતાં મુંબઈથી પધારેલ પ્રેમજીભાઈ કેસરાણીએ સૌ સભાજનો ને જ્ઞાતિ અને સમાજના ઇતિહાસનું અભ્યાસ સભર સાચું જ્ઞાન આપી સભાજનોને ૫૦૦ વર્ષ પાછળ લઈ ગયા હતા. ભારતના ઇતિહાસમાં આપણી જ્ઞાતિની ઓળખ મુમના-મુસલમાન તરીકે નોંધાયાનું જણાવેલ. તે વખતના વડીલોને થયેલ અનુભવો અને તેમણે જ્ઞાતિ સુધારા માટે ઉપાડેલ ઝુંબેશ, સંત શ્રી ઓધવરામજી મહારાજની કૃપાથી ગામેગામનિર્માણ થયેલ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા આદી ઘટનાઓ ઉપર વિસ્તારથી પ્રકાશ પાડ્યો હતો. આજે પણ પીરાણામાં ચાલતા અંધઃવિશ્વાસ ભર્યા કૃત્યોની જાણ આપતા નવેસરથી નિર્માણ થઇ રહેલ ઈમામશાહના મંદિરો સમાજ અને જ્ઞાતિ માટે ઘાતક હોવાનું જણાવ્યું હતું.

અમૃતભાઈ મુલજી ગોરાણી (ઉડુપી-વિઘોડી):

ઉડુપી વાળા અમૃતભાઈ ગોરાણીએ જણાવ્યું હતું કે જ્ઞાતિમાં જાગૃતિ આવ્યા પછી પણ તે વખતના સતપંથીઓએ સમાજના ભાઈઓને ગુમરાહ કરી, ભરમાવી સનાતની ભાઈઓ સાથે સગપણો કરાવ્યા હતા. તે હવે પછી ચલાવી લેવામાં નહિ આવે. કેન્દ્રીય સમાજના નવા રીતી-રીવાજો અને ધારા-ધોરણનું સર્વે સભ્યોએ ચુસ્તપણે પાલન કરવાનું અને તે પ્રમાણે જ વર્તવાનો સૌને અનુરોધ કર્યો હતો.

પ્રદીપભાઈ નાથાણી (મુંબઈ-માંગવાણા)

મુંબઈથી આવેલા મંગવાણા વાળા ભાઈ શ્રી પ્રદીપભાઈ નાથાણી એ કહ્યું હતું કે હવેથી સનાતની ભાઈઓએ સજાગ રહી કેન્દ્રીય સમાજના આદેશની અવગણના કરનાર સભ્યોનો સામાજિક રીતે બહિષ્કાર કરવાનું જણાવ્યું હતું. આપણી હિંદુ સંસ્કૃતિનો મોભો જાળવી રાખવાની ભલામણ કરી હતી. આપણે ૧૫૦ થી ૨૦૦ વર્ષના ગાળામાં જે પ્રગતિ ન કરી શક્યા તે

સનાતન ધર્મને પુનઃ અંગીકાર કર્યા પછી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના ઉપાસક બનીને છેલ્લા ૫૦ વર્ષમાં બેજોડ પ્રગતિ સાધી શક્યા છીએ તેથી બાવા ઈમામશાહની અંધઃશ્રધ્ધામાં ન પડવાનું સભાજનોને જણાવ્યું હતું.

હિંમતભાઈ રતનશી ખેતાણી (મુંબઈ-મોટી વિરાણી)

છેલ્લે મુંબઈથી પધારેલ મોટી વિરાણી વાળા હિંમતભાઈ ખેતાણીએ પોતાની આગવી શૈલીમાં જણાવ્યું હતું કે બાવા ઈમામશાહના શાસન પર, આપણી દુર્બળ હલાખીભરી સમાજને ગેરરસ્તે દોરવા બદલ અને હજી પણ એ ગેર-રસ્તે ચાલતા સતપંથીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. પોતાનું ગળું પકડાયેલું હોવા છતાં શૈલીદાર વાણીમાં સતપંથીઓ દ્વારા કરવામાં આવતી પ્રાર્થનામાં સૈયદો અને કાકાઓએ કરેલ હિન્દુત્વ અને હિંદુ શાસ્ત્રોમાં ફેરફારોની જાણકારી આપતા જ્ઞાતિના લોકોને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના સભ્યોને અંધઃશ્રધ્ધામાં રાખી ભરમાવવાના આરોપો લગાડ્યા હતા. તે વખતના ગામે ગામના ખાનાઓના મુખીઓ દ્વારા માણસોને પાવળ છાંટી પવિત્ર કરવાના મંત્રોચ્ચારનો અર્થ સમજાવી તે વખતે થતી જ્ઞાતિની ઇસ્લામીકરણની જાણ કરાવી હતી. જ્ઞાતિના આધ સુધારક વડીલ શ્રી નારાયણ બાપા લીબાણી, ગુરુ શ્રી લાલારામજી મહારાજ, ગુરુ શ્રી ઓધવરામજી મહારાજ અને તે વખતના સુધારક વડીલોના અથાગ પ્રયાશોને વર્ણાવી, તેમના ભગીરથ કાર્યો થકી આપણે મુસલમાન થતા બચી જઈને મુમના પટેલો તરીકેની ઓળખાણમાં થી જ્ઞાતિને બહાર કાઢી હતી એવું જણાવ્યું હતું. આટલી બધી ચોખવટ હોવા છતાં સતપંથના ભાઈઓ હજી પણ આપણી સનાતન સમાજનો સહારો લઈ પોતાને હિંદુ તરીકેની ઓળખ લઈ ફરતા હશે તો હવે પછી ચલાવી લેવામાં નહિ આવે. કેન્દ્રીય સમાજે બહાર પાડેલ શ્વેતપત્ર અને દબદબાભેર ઉજવેલ સ્વર્ણિમમહોત્સવ એ આપણા સમાજના સનાતની ભાઈઓની જીત ગણાવતા ઇસ્લામધર્મનું આચરણ કરવા વાળાઓને ખુલ્લા પાડવાની સનાતની ભાઈઓને અપીલ કરી હતી.

ખુલ્લો મંચ અને પ્રશ્નોતરી

છેલ્લે ખુલ્લો મંચ રાખવામાં આવ્યો હતો તેમાં અનેક ભાઈઓને સતપંથ-સનાતન બાબતે મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. ત્યાર પછી કોઈ, કિંતુ પરંતુને સ્થાન ના રહેતાં ઉપસ્થિત સભાજનોએ હર્ષોલ્લાસ અને ઉમંગથી ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને સનાતન ધર્મની જય બોલાવી હતી

સનાતન ધર્મ જાગૃતિ અભિયાન સભાના સમાપનમાં અહમદનગર જીલ્લા સમાજના અધ્યક્ષ શ્રી નારાયણભાઈ છાભૈયાએ સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સભ્યોનું સમાજ પ્રેરક, સમાજ જાગૃતિ પર ઉધ્બોધન આપવા બદલ આભાર માની તેઓ દ્વારા શુરુ કરેલ અભિયાનની, કાર્યોની, વિચારોની નોંધ આ વિસ્તારમાં આવેલ તમામકચ્છ કડવા પાટીદાર સમાજો જરૂર લેશે એવી બાંહેધરી આપી હતી. અલ્પ સમયના આમંત્રણ છતાં બહોળી સંખ્યામાં સભાજનો પધાર્યા બદલ સૌનો અભાર માની વંદે માતરમના સમૂહગાન સાથે સભા સમાપ્ત કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિરડીના શ્રી મણીલાલ ભાવાણીએ પોતાની આગવી છટામાં વાતાવરણને જીવંત કરતુ બહુજ સારી રીતે કર્યું હતું. અલ્પાવધીમાં કાર્યક્રમનું આયોજન કરવામાં કોપરગાંવ સમાજના યુવક મંડળે જહેમત કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સતત ૬ કલાક ચાલેલ આ સભાને સભાજનોએ ધ્યાન પૂર્વક શ્રવણ કરી હતી તે વાત પુરવાર કરતી હતી કે લોકોને સમાજમાં ચાલતા સતપંથ અને સનાતન વિવાદમાં સનાતન ધર્મ તરફી કેટલી બધી અભિરુચિ હતી. આ અભિયાન સભાની પુર્ણાહુતી બાદ રાત્રી ભોજન લઈને સૌ સભાજનો રાત્રે ૧૦.૩૦ કલાકે છુટા પડયા હતા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિના સૌ સભ્યોએ રાતવાસો શિરડી મુકામે કરી બીજે દિવસે કાર દ્વારા ઔરંગાબાદ જવા પ્રયાણ કર્યું હતું. તેમની સાથે

કોપરગાંવ નિવાસી શ્રી જેઠાભાઈ રતનશી દીવાણી પણ કાર લઈને ઔરંગાબાદ ચાલ્યા હતા.

અસ્તુઃ

તા. ૫.૮.૨૦૧૦ ઔરંગાબાદ સભા

કોપરગાંવની સભા પૂર્ણ થયા પછી બીજા દિવસે અમે લોકો કાર દ્વારા ઔરંગાબાદ જવા રવાના થઇ ને તે જ દિવસે સાંજે અમારી ટીમઔરંગાબાદ પહોચી ગઈ હતી. ઔરંગાબાદમાં અમે રાતવાસો ગોપાલભાઈ વાલજી દીવાણીના ઘરે કર્યો હતો. ઔરંગાબાદની સભા બીજા દિવસે એટલે કે તા. ૫.૦૮.૨૦૧૦ ની સાંજે હતી. ત્યાં પણ માણસોનો ઉત્સાહ બેનમુન હતો. સૌને એ જાણવાની તાલાવેલી હતી કે રમેશભાઈ માવજી વાગડીયાની પોલીસ ધરપકડ વિદ્યાર્થી ભવનમાં કઈ રીતે થઇ અને કેન્દ્રીય સમાજે જે શ્વેત પત્ર બાહર પાડ્યું તે કેવા સંજોગોમાં અને શા શા કારણો ને લઈને તે શ્વેતપત્ર બાહર પડવાની કેન્દ્રીય સમાજને ફરજ પડી હતી એ બધું ત્યાંના લોકોને જાણવું હતું. તા. ૭.૮.૨૦૦૯ ની કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં હિંમતભાઈના ભાષણની કલીપ જે ભારતભરમાં ફરી વળી હતી તે હિંમત ભાઈને જોવાની પણ લોકોને તાલાવેલી હતી. આ સભામાં અમારી ટીમવતી સૌ પ્રથમમારું (રમેશભાઈ વાગડીયાનું) ત્યાર પછી પ્રેમજીભાઈ કેશરાણી નું, ત્યાર બાદ અમૃતભાઈ ગોરાણીનું, રતનશીભાઈ લાલજી દીવાણી અને છેલ્લે હિંમતભાઈ ખેતાણીનું ભાષણ થયેલ. ભાષણોમાં આપણી જ્ઞાતિનો ઈતિહાસ, આપણી કેન્દ્રીય સમાજનો ઈતિહાસ, પીરાણા સતપંથની પોલ, પીરાણા સતપંથમાં ચાલતી તાકિયા પધ્ધતીથી લોકોને કઈ રીતે બેવકૂફ બનાવવાની રીતો વગેરે બાબતોની ત્યાની સમાજના લોકોને જાણ કરવામાં આવી હતી. લોકોમાં જબરદસ્ત ઉત્સાહ હતો અને તેથી સભા પણ લાંબે સુધી ચાલી હતી અને લોકોને બેસવાની જગ્યા પણ હોલમાં ઓછી પડતી હતી. અમારી ટીમમાં ‘‘મા ઉમિયા નો આદેશ સતપંથ છોડો’’ નામના પુસ્તક ના લેખક યુવાન ભાઈ શ્રી CA ચંદ્રકાંત છાભૈયા પણ ઉપસ્થિત હતા. તા.૩૦.૦૭.૨૦૧૦ થી આ દોહરાની બેલગામસભાથી CA ચંદ્રકાંતભાઈ છાભૈયા અમારી સાથે રહ્યા હતા.

તા. ૨૦.૦૫.૨૦૨૦ ના (કોરોના વાઈરસ લોક ડાઉન સમયમાં) મેં ઔરંગાબાદ સમાજના પ્રમુખ શ્રી બાબુભાઈ સાંખલાને તેમજ મહામંત્રી શ્રી ગોપાભાઈ વાલજી દીવાણીને જૂની યાદ તાજી કરવા માટે એક વિનંતીનો મેસેજ મુક્યો હતો કે ‘‘અમે લોકો (સનાતન ધર્મ જાગૃતિ સમિતી વાળા) તા. ૫.૮.૨૦૧૦ ના તમારી પાસે કેન્દ્રીય સમાજમાં અને તમારી સમાજમાં સનાતન ધર્મ પ્રત્યે જાગૃતિ અને લાગણી પેદા થાય થાય તે હેતુથી એક સભા કરી હતી. આ સભાના આયોજન ની તમોને પ્રેરણા ક્યાંથી મળેલ, આયોજન માટે કઈ કઈ સનાતની વ્યક્તિઓ જવાબદાર હતી? તમજ સભા થઇ ગયા પછી તમારી સમાજને તેની ફળશ્રુતિ શું મળી’’ ? તે જણાવવાનો અનુરોધ મેં કર્યો હતો. આના પ્રત્યુત્તરમાં ત્યાંના હાલ ના પ્રમુખ શ્રીમાન બાબુભાઈ સાંખલા (સભા વખતે તેઓ મહામંત્રી હતા) અને હાલના મહામંત્રી શ્રી ગોપાલભાઈ વાલજી દીવાણીએ બહુજ સરસ એક પત્ર અમોને પાઠવ્યો છે. તેને હું અહી અક્ષરસ ટાંકી રહ્યો છું.

શ્રી કડવા પાટીદાર સમાજ ઔરંગાબાદ
રાષ્ટ્રીય સૌર દિનાંકઃ ૪ જેષ્ઠ ૧૯૪૨ વાર સોમવાર

આદરણીય રમેશભાઈ,
આપશ્રી તથા અન્ય સદશ્યોની ટીમદ્વારા વર્ષ ૨૦૦૯ થી સમાજમાં પેસેલા સતપંથના સડાને દુર કરવા સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ચલાવ્યું તેને અનુલક્ષીને વર્ષ ૨૦૧૦માં ધર્મસભાઓના આયોજનો વિષે ઔરંગાબાદ સમાજની પ્રતિક્રિયા.

સૌ પ્રથમઆપશ્રીને જણાવું કે ઔરંગાબાદ શ્રી કડવા પાટીદાર સમાજ ૧૦૦% સનાતની રહી છે. છતાંય ૫ થી ૧૦ ટક્કા પરિવારો પીરાણા સાથે સૌમ્ય લાગણી ધરાવતા. જેનું કારણ વર્ષ ૧૯૮૦ થી સમાજમાં સતપંથ સનાતન વચ્ચેની ભેદરેખા ધૂમિલ થવા લાગેલી જેનું મુખ્ય કારણ શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજની (શ્રી અ.ભા.ક.ક.પા.સમાજની) પણ કુણી લાગણી કહીએ કે સતપંથી ભાઈઓ પ્રત્યે થોડા ઉદારમતવાદી ધોરણો જેથી કરી અનેક વેવીશાળો બંને ધર્મીયો વચ્ચે થવા લાગ્યા. સતપંથ ગુરૂ કરસનકાકા દ્વારા સતપંથમાં અનેક સુધારા કરી હિંદુ ધર્મસભાઓના આયોજનોનો પ્રચાર સનાતાનીઓને અભડાવી ગયો. તેની અસર અમારી સમાજના થોડા પરિવારોમાં રહી.

વર્ષ ૨૦૦૯ માં શ્રી અખિલ ભારતીય ક.ક.પા. સમાજની કારોબારી અને સર્વસાધારણ સભાના સમાચાર મળ્યા. જેમાં હિંમતભાઈના જોશપૂર્ણ ભાષણની કલીપ મોબાઈલમાં ફરતી થઇ અને ત્યાર બાદ સનાતની વિચારધારાના પ્રખર સહયોગીઓના દબાણથી સમાજ દ્વારા શ્વેતપત્રની જાહેરાત અને ત્યાર બાદ સતપંથીઓનો તેના વિરોધના વંટોળ થકી નખત્રાણા મુકામે તમારી ધરપકડના સમાચારે ભારતભરમાં સતપંથ-સનાતન વિષય ચર્ચાને ચકડોળે ચડ્યો. નવા જનરેસનને આ શું થઇ રહ્યું છે તે સમજવાની જીજ્ઞાસા જાગી. સ્વર્ણિમમહોત્સવમાં રજુ થયેલ સ્વર્ણિમના સથવારે ચાલ્યા સમર્થ પાટીદાર દ્વારા અને બીજા દિવસે મીટીગ વખતે થયેલ ખુરસી ઉલાળ ઘટનાએ સમગ્ર જ્ઞાતિમાં વિષયને ચર્ચાના ચકડોળે ચડાવ્યો. સમાજમાં કોણ સનાતની અને કોણ સતપંથી એની ચર્ચા થવા લાગી.

ત્યારે આપશ્રી અને હિંમતભાઈની ટીમદ્વારા ધર્મ જાગૃતિ અભિયાન અંતર્ગત સભાઓના આયોજનના સમાચાર મળ્યા. આપશ્રીનો અમારી સમાજમાં સંપર્ક ઓછો હતો પણ હિંમતભાઈ મહારાષ્ટ્ર ટીંબર ફેડરેસનના સલાહકાર રહી ચુકેલા તેથી અમારા સંપર્કમાં હતાજ તેથી વડીલ શ્રી

વાલજીભાઈ નાનજી દીવાણી, શ્રી પ્રહલાદભાઈ શિવજી નાકરાણી, ગોવિંદભાઈ ભાણજી સાંખલા, રામજીભાઈ દેવસી ચૌહાણ, શ્રી જીવરાજભાઈ કરમશી ચૌહાણ, શ્રી મુળજી ભાઈ માવજી રવાણી, શ્રી મણીલાલ સોમજી નાકરાણી અને શ્રી ગોપાલભાઈ વાલજી દીવાણી અને સમાજના અન્ય ભાઈઓના દ્વારા ઔરંગાબાદ મધે સનાતન ધર્મ જાગૃતિ સભાનું આયોજન ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

તા.૦૫.૦૮.૨૦૧૦ ના રોજે આપશ્રી, હિંમતભાઈ ખેતાણી, અમૃતભાઈ ગોરાણી અને પ્રેમજીભાઈ કેસરાણી દ્વારા ઔરંગાબાદ મુકામે ધર્મ જાગૃતિ સભાનું સુકાન સંભાળી સતપંથ વિષયે પ્રકાશ પાડવામાં આવ્યો. સમાજનો ઈતિહાસ, કેવી રીતે આપણી જ્ઞાતિના પૂર્વજો બાવા ઈમામશાહના સંપર્કમાં આવ્યા અને એના બતાવેલા ચમત્કારો થકી તેમના શિષ્ય થયા. તાકિયાના માધ્યમથી સંપૂર્ણ જ્ઞાતિને જાણતા અજાણતા મુસ્લિમધર્મની ક્રિયાઓ આપણા હિંદુ ધર્મમાં ભેળસેળ કરી મુસ્લિમીકરણ ની રાહે ચડાવી દીધી. અને આપણે પોતાને હિંદુ સમજતા હોવા છતાંય દુનિયાની નજરે મુમના તરીકે ઓળખાવા લાગ્યા. સૈયદોની પાવળ બનાવવાની પ્રક્રિયા જાણી આપનાં પોતાનામાં ગ્લાની ઉભરાઈ આવી. ભગવાન વિષ્ણુનો દસમો અવતાર કલકી ભગવાનને નિષ્કલંકી નારાયણ બનાવી તેનો જન્મઅરબમાં મહમદ અલી તરીકે થયો તેમજ માતા પાર્વતીને (ઉમિયા માતાને) બીબી ફાતિમા તરીકે ઓળખાય એ સાંભળી સર્વેમાં સંતાપની લહેર દોડી ગઈ. આવા કપરા સંજોગોમાં જ્ઞાતિના આધ સુધારક આદરણીય કેશરા પર્મેશ્વરા, શ્રી નારાયણ રામજી લીબાણી દ્વારા જ્ઞાતિને સતપંથના અંધારિયા કુવામાંથી બહાર કાઢી સનાતની રાહે ચડાવ્યા. તેમજ સંત શ્રી લાલરામજી મહારાજ, શ્રી ઓધવરામજી મહારાજ અને વાલદાસજી મહારાજ જેવા સંતોએ પણ આપણી જ્ઞાતિમાં સનાતનની જ્યોત સળગાવવા પ્રયત્નો કર્યા. સતપંથ થી છુટા પડી શ્રી

અ.ભા.ક.ક.પાટીદાર સમાજની વડીલો દ્વારા સ્થાપના અને પાટીદારના દીકરાઓ માટે શિક્ષણ વ્યવસ્થાર્થે પાટીદાર વિદ્યાર્થી ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. અને સનાતનની રાહે મોટા ભાગનો સમાજ ચાલી નીકળ્યો પણ છેલ્લા ૩૦ વર્ષમાં પાછું કોઈ કારણસર સતપંથ સાથે સનાતનીયોના સંબંધો વધવા લાગ્યા, પીરાણા જવાનો પ્રવાહ વધવા લાગ્યો. જેનું મુખ્ય કારણ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં સતપંથીઓની સામેલગીરી અને આવા દૂધ દહી માં પગ રખાવાવાળાની પોલ પ્રખર સનાતની એવી આપની ટીમે ખોલી સમાજને ફરી શુધ્ધ સનાતની બનાવવાનું કાર્ય હાથ ધર્યું.

આપશ્રીના પ્રખર વક્તવ્યો અને વિષયની ગંભીરતા અનુભવતા ઔરંગાબાદની સભા મોડી રાત સુધી ચાલી. સમાજમાં નવી પીઢી આપણો સમાજ કેવા દોજખ માંથી બહાર આવ્યો તે સોચીને આશ્ચર્ય અનુભવતા હતા. તેમજ જે જે પરિવાર સતપંથ પાળતા સગાસંબંધી થી જોડાયેલો હતો તે વિષે ચર્ચા-વિચારણા અંતે સમાજ દ્વારા જાહેર નિયમોને અનુસરવા માનસિક રીતે તૈયાર થયા. તેમજ પીરાણે તેમજ તેનાથી સંબંધિત કોઈ પ્રચાર કર્તાથી સંપર્ક ન રાખવાનો નીર્ણય લેવાયો. સૌથી મહત્વનું કાર્ય ઔરંગાબાદ સમાજ સંપૂર્ણ સનાતની હોવા છતાંય જે થોડી ઘણી સતપંથ પ્રત્યેની કુણી લાગણી હતી તેને સંપૂર્ણ છેદ દેવામાં આવ્યો. સર્વસાધારણ પણે ધર્મ જાગૃતિ સભાનો બહુજ સકારાત્મક પ્રભાવ અમારી સમાજના દરેક વ્યક્તિ ઉપર રહ્યો.

આ ધર્મ સભા આયોજનાર્થે શ્રી જીવરાજભાઈ ચૌહાણ, શ્રી મુળજીભાઈ રવાણી, શ્રી બાબુભાઈ સાંખલા, શ્રી મણીલાલભાઈ નાકરાણી તેમજ શ્રી ગોપાલભાઈ દીવાણી દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યા.

આભાર

લી. શ્રી ગોપાલ વાલજીભાઈ દીવાણી

(મહામંત્રી શ્રી કડવા પાટીદાર સમાજ, ઔરંગાબાદ)



પત્રની નકલ

Trust Regd. No. F-1904/1985
SHRI KADVA PATIDAR SAMAJ AURANGABAD
શ્રી કડવા પાટીદાર સમાજ ઔરંગાબાદ
Patidar Bhavan, Jalna Road, Kushal Nagar, Aurangabad - 431 005. Ph.: 0240-2322216
પાટીદાર ભવન, જાલના રોડ, કુશલ નગર, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૫. ફોન : ૦૨૪૦–૨૩૨૨૨૧૬

રાષ્ટ્રીય સૌર દિનાંક : ૪ જેષ્ઠ ૧૯૪૨ વાર સોમવાર

નંબર ૩૭

આદરણીય રમેશભાઈ,

આપશ્રી તથા અન્ય સદસ્યોની ટીમ દ્વારા વર્ષ ૨૦૦૯ થી સમાજમાં પેસેલા સતપંથના સડા ને દુર કરવા સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ચલાવ્યું તેને અનુલક્ષી વર્ષ ૨૦૧૦ મા ધર્મસભાઓના આયોજનો વિશે ઔરંગાબાદ સમાજની પ્રતિક્રિયા.

સૌ પ્રથમ આપશ્રીને જણાવું કે ઔરંગાબાદ શ્રી કડવા પાટીદાર સમાજ ૧૦૦% સનાતની રહી છે. છતાય ૫ થી ૧૦ ટક્કા પરિવારો પીરાણા સાથે સૌમ્ય લાગણી ધરાવતા. જેનું કારણ વર્ષ ૧૯૮૦ થી સમાજમાં સતપંથ સનાતન વચ્ચેની ભેદરેખા ધૂમિલ થવા લાગેલી જેનું મુખ્ય કારણ અ.ભા.ક.ક.પાટીદાર સમાજની પણ કુણી લાગણી કહીએ કે સતપંથી ભાઈઓ પ્રત્યે થોડા ઉદારમતવાદી ધોરણો જેથી કરી અનેક વેવીશાળો બંને ધર્મીયો વચ્ચે થવા લાગ્યા. સતપંથ ગુરુ કરસનકાકા દ્વારા સતપંથ મા અનેક સુધારા કરી હિંદુ ધર્માસભાઓના આયોજનોનો પ્રચાર સનાતનીઓને અભડાવી ગયો. તેની અસર અમારી સમાજના થોડા પરિવારોમાં રહી.

વર્ષ ૨૦૦૯ મા અખિલ ભારતીય ક.ક.પાટીદાર સમાજની કારોબારી અને સર્વસાધારણ સભાના સમાચાર મળ્યા. જેમાં હિંમતભાઈ ના જોશપૂર્ણ ભાષણની કલીપ મોબાઈલમા ફરતી થઇ અને ત્યાર બાદ સનાતની વિચારધારાના પ્રખર સહયોગી ના દબાણથી સમાજ દ્વારા શ્વેતપત્રની જાહેરાત અને ત્યાર બાદ સત્પન્થીઓનો તેના વિરોધનો વંટોળ થકી નખત્રાણા મુકામે તમારી ધરપકડના સમાચારે ભારતભર સતપંથ-સનાતન વિષય ચર્ચાને ચકડોળે ચડ્યો. નવા જનરેશનને આ શું થઇ રહ્યું છે તે સમજવાની જીજ્ઞાસા જાગી. સ્વર્ણિમ મહોત્સવ મા રજુ થયેલ સ્વર્ણિમ ના સથવારે ચાલ્યા સમર્થ પાટીદાર દ્વારા અને બીજા દિવસે મીટીંગ વખતે થયેલ ખુરસી ઉલાળ ઘટનાએ સમગ્ર જ્ઞાતિમાં વિષયને ચર્ચાના ચકડોળે ચડાવ્યો. સમાજમાં કોણ સનાતની અને કોણ સત્પન્થી એની ચર્ચા થવા લાગી.

ત્યારે આપશ્રી અને હિંમતભાઈ ટીમ દ્વારા ધર્મ જાગૃતિ અભિયાન અંતર્ગત સભાઓના આયોજનના સમાચાર મળ્યા. આપશ્રીનો સમાજમાં સંપર્ક ઓછો હતો પણ હિંમતભાઈ મહારાષ્ટ્ર ટીમ્બર ફેડરેશનના સલાહકાર રહી ચુકેલા તેથી અમારા સંપર્કમાં હતાજ તેથી વડીલશ્રી વાલજીભાઈ નાનજી દીવાણી, પ્રહલાદભાઈ શિવજી નાકરાણી, ગોવિંદભાઈ ભાણજી સાંખલા, રામજીભાઈ દેવસી ચૌહાણ,જીવરાજભાઈ કરમસી ચૌહાણ, મુળજીભાઈ માવજી રવાણી, મણીલાલ સોમજી નાકરાણી અને ગોપાલ વાલજીભાઈ દીવાણી અને સમાજના અન્ય ભાઈઓના દ્વારા ઔરંગાબાદ મધે ધર્મ જાગૃતિની સભાનુ આયોજન ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

- ૨ -

તા. ૦૫.૦૮.૨૦૧૦ રોજે આપશ્રી, હિંમતભાઈ ખેતાણી, અમૃતભાઈ ગોરાણી અને પ્રેમજીભાઈ કેસરાણી દ્વારા ઔરંગાબાદ મુકામે ધર્મ જાગૃતિ સભાનુ સુકાન સંભાળી સતપંથ વિષયે પ્રકાશ પાડવામાં આવ્યો. સમાજનો ઈતિહાસ, કેવી રીતે આપની જ્ઞાતિના પૂર્વજો બાબા ઈમામશા ના સંપર્કમાં આવ્યા અને એના બતાવેલા ચમત્કારો થકી તેમના શિષ્ય થયા. તાકીયાના માધ્યમથી સંપૂર્ણ જ્ઞાતિને જાણતા અજાણતા મુસ્લિમ ધર્મની ક્રિયાઓ આપણા ધર્મમાં ભેળસેળ કરી મુસ્લિમીકરણ ની રાહે ચડાવી દીધી. અને આપણે પોતાને હિંદુ સમજતા હોવા છતાય દુનિયાની નજરે મુમના તરીકે ઓળખાવા લાગ્યા. સૈયદોની પાવળ બનાવવાની પ્રક્રિયા જાણી આપણા પોતામાં ગ્લાની ઉભરાઈ આવી. ભગવાન વિષ્ણુનો દસમો અવતાર કલ્કી ભગવાનને નીશ્કલન્કી નારાયણ બનાવી તેનો જન્મ અરબમાં મોહમદ અલી તરીકે થયો તેમજ માતા પાર્વતી બીબી ફ્રાતિમા તરીકે ઓળખાય એ સાંભળી સર્વેમાં સંતાપ ની લહેર દોડી ગઈ. આવા કપરા સંજોગોમાં જ્ઞાતિના આધ સુધારક આદરણીય કેશરા પર્મેશ્વારા, નારાયણ રામજી લીંબાણી દ્વારા જ્ઞાતિને સતપંથ ના અંધારિયા કુવામાંથી બહાર કાઢી સનાતનની રાહે ચડાવ્યા. તેમજ લાલરામ મહારાજ, વાલદાસ મહારાજ જેવા સંતોએ પણ આપણીજ્ઞાતિમાં સનાતનની જ્યોત સળગાવવા પ્રયત્નો કર્યા. સતપંથ થી છુટા પડી અખિલ ભારતીય કચ્છકડવા પાટીદાર સમાજની વડીલો દ્વારા સ્થાપના અને પાટીદારના દીકરાઓ માટે શિક્ષણ વ્યવસ્થાર્થે પાટીદાર વિદ્યાર્થી ભવનનું નિર્માણ કરવામાં આવ્યું. અને સનાતન ની રાહે મોટા ભાગનો સમાજ ચાલી નીકળ્યો પણ છેલ્લા ૩૦ વર્ષમાં પાછુ કોઈ કારણસર સતપંથ સાથે સનાતનીયો ના સંબંધો વધવા, પીરાણા જવાનો પ્રવાહ વધવા લાગ્યો. જેનું મુખ્ય કારણ અખિલ ભારતીય ક.ક.પા.સમાજમાં સતપન્થીઓ ની સામેલગીરી અને આવા દૂધ દહીંમાં પગ રાખ્વાવાળાની પોલ પ્રખર સનાતની એવી આપની ટીમે ખોલી સમાજને ફરી સુદ્ધ સનાતની બનાવવાનું કાર્ય હાથ ધર્યું.

આપશ્રીના પ્રખર વક્તવ્યો અને વિષયની ગંભીરતા અનુભવતા સભા મોડી રાત સુધી ચાલી. સમાજમાં નવી પીઢી આપણો સમાજ કેવા દોજખ માંથી બહાર આવ્યો સોચી આશ્ચર્ય અનુભવતા હતા તેમજ જે જે પરિવાર સતપંથ પાળતા સગાસંબંધી થી જોડાયેલો હતો તે વિશે ચર્ચા-વિચાર અંતે સમાજ દ્વારા જાહેર નિયમોને અનુસરવા માનસિકરીતે તયાર થયા. તેમજ પીરાણે તેમજ તેનાથી સંબંધિત કોઈ પ્રચારકર્તા થી સંપર્ક ન રાખવાનો નિર્ણય લેવાયો. સોઉથી મહત્વનું કાર્ય ઔરંગાબાદ સમાજ સંપૂર્ણ સનાતની હોવા છતાય જે થોડીઘણી સતપંથ પ્રત્યેની કુણી લાગણી હતી તેને સંપૂર્ણ છેદ દેવામાં આવ્યો. સર્વસાધારણ પણે ધર્મ જાગૃતિ સભાનો બહુજ સકારાત્મક પ્રભાવ સમાજના દરેક વ્યક્તિ ઉપર રહ્યો.

આ ધર્મસભા અયોજનાર્થે શ્રી જીવરાજભાઈ ચૌહાણ, મુળજીભાઈ રવાણી, બાબુભાઈ સાંખલા, મણીલાલભાઈ નાકરાણી તેમજ ગોપાલભાઈ દીવાણી દ્વારા વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યા.

આભાર

લી. ગોપાલ વાલજીભાઈ દીવાણી
(મહામંત્રી: શ્રી કડવા પાટીદાર સમાજ ઔરંગાબાદ)

તા. ૬.૦૮.૨૦૧૦ ચીચવડ-પુના સભા

આ સભા આ દોહરાની છેલ્લી સભા હતી. આ દોહરા ની શુરુઆત અમે તા, ૩૦.૦૭.૨૦૧૦ ના બેલગામસભાથી કરી હતી અને ચીચવડ ની સભા પછી પૂર્ણ કરી હતી. અમે ઔરંગાબાદની સભા તા. ૫.૦૮.૨૦૧૦ ના રાત્રે પૂર્ણ કરી ને રાતો રાત ચીચવડ-પુના જવા નીકળી ને સવારના ચીચવડ પહોંચી ગયા હતા. ચીચવડમાં અમારો ઉતારો મૂળ ભુવનેશ્વરના ભરતભાઈ નાનજી લીંબાણીને ઘરે રાખવામાં આવ્યો હતો. તે સમાજના તે વખતના પ્રમુખ અને ઉપ પ્રમુખ અનુક્રમે હંસરાજ રવજી પોકાર અને રવજી રતનશી સાંખલા હતા. અને મહામંત્રી તરીકે મારા લંગોટી મિત્ર ભાઈ શ્રી પુરષોતમમોહનલાલ વાગડિયા સેવા આપી રહ્યા હતા. ખાસ કરીને આ ત્રણે જણાના પ્રયાસથી આ સભા શક્ય બની હતી. સતપંથ સનાતન વિષે સાંભળવા માટે બહુ મોટી સંખ્યામાં લોકોની હાજરી હતી. લોકોમાં જબર જસ્ત ઉત્સાહ હતો. અમોને જાણવા મળેલ કે ચીચવડ સમાજમાં સતપંથ નો એક પણ પરિવાર નોતો પણ અંદર ખાને થી અમુક પરિવારો સતપંથ તરફ કુણી લાગણી ધરાવતા હતા. કચ્છ કડવા પાટીદારની આ જ એક મોટી કમજોરી હતી કે દૂધ અને દહીંમાં પગ રાખવા વાળા દરેક સમાજોમાં અસ્તિત્વ ધરાવતા હતા. કોણ જાણે કેમઆ લોકોને સનાતાનીઓથી વિખૂટું થવું નોહતું અને સતપંથને છોડવું નહતું. મને હિંમતભાઈ સતત યાદ દેવડાવતા હતા તેઓએ તેમન પિતા શ્રી રતનશી ખીમજી પાસેથી અનેક વાર સાંભળ્યું હતું કે "કચ્છ નો કણબી ખલો, ખાનું અને ખેટો કોઈ દિવસ મુકશે નહી" તે વાતની પ્રતીતિ અમોને અત્યારે થઇ રહી હતી. તે સભા રાત્રે ૨.૦૦ વાગ્યા સુધી ચાલી હતી. મારી બેંગલોર જવા માટેની ટ્રેઈન તે જ દિવસે રાત્રે ૨.૦૦ વાગે હતી એટલે મેં ૧.૩૦ વાગે સભા મૂકી દીધી હતી અને મને રેલ્વે સ્ટેસને ચડાવવા માટે ભાઈ શ્રી લધારામનાગજી રામાણીએ પ્રયાશ કર્યો હતો. જો અમે એક મિનીટ માટે મોડા પડ્યા હોત તો હું તે ટ્રેઈન ચુકી ગયો હોત.

તા. ૨૨.૦૮.૨૦૧૦ દેસલપર સંસ્કારધામસભા

આગામી ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી માટે આ સભા બોલાવવામાં આવી હતી. સનાતની મુહીમને કારણે લોકોમાં જબરજસ્ત ઉત્સાહ હતો અને બહુ સંખ્યામાં માનવમહેરામણ ભેગું થયું હતું.

નાશિકમાં સનાતનીઓની એક સભા તા.૩૦.૧૦.૨૦૧૦

નાશિક શહેરમાં સનાતની ભાઈઓની એક સભા તા. ૩૧.૧૦.૨૦૧૦ ના રોજે બોલાવવામાં આવી હતી. આ સભામાં બહુ મોટી સંખ્યામાં લગભગ ૩૫૦૦ જેટલા સનાતની ભાઈ-બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સભાના અધ્યક્ષ તરીકે શરદભાઈ માવાણી મંચ ઉપર બિરાજમાન થયા હતા. દેસલપર લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનેથી વડીલ શ્રી જેઠાલાલ લાલજી ચોપડા અને મુંબઈ વાળા વડીલ શ્રી રતીલાલભાઈ રામાણીએ હાજરી આપી હતી. તેઓએ આગામી મે મહિનામાં દેસલપર મધે યોજાનાર આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આગોતરું આમંત્રણ આપવા માટે આવ્યા હતા. આ સભામાં પુજય સુ. શ્રી ભરતી દીદી (હરિઓમઆશ્રમ, બડવાહ, મધ્ય પ્રદેશ) પણ હાજર રહ્યાં હતાં. તેમના માર્મિક પ્રવચનમાં ભરતી દીદીએ જણાવ્યું હતું કે જો કચ્છી કડવા પાટીદારોને શાંતિ થી જીવવું હશે તો સમાજમાં ક્રાંતિ કરવી જ પડશે. આ સર્વે સનાતનીઓ માટે તેમનો ગર્ભિત ઈશારો હતો. સમજદાર વ્યક્તિઓને ઈશારો પણ કાફી હોય છે કે ભરતી દીદી શું કહેવા માંગતાં હતાં? ઉપરના એક જ વાક્યથી પુજય સુ. શ્રી ભરતી દીદીએ આપણને ગણું બધું કહી દીધું હતું.

પરમપૂજ્ય ભગવતી શ્રી પાર્વતી દેવીએ ખાસ ભાર મુક્યો હતો કે આપણા કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઉપર વિશ્વાસ મુકો. જગદ જનની મા ઉમિયા માતાજીનો જોટો આ દુનિયામાં ક્યાંય પણ નહિ મળે. માતે મા છે બાકી વન વગડાના વા છે. આ રીતે શ્રી પાર્વતી દેવીએ પણ સર્વે જ્ઞાતિજનોને એમની વાણીથી પ્રભાવિત કર્યા હતા.

અન્ય આમંત્રિત મહેમાનોમાં સનાતન જાગૃતિ સમિતિના અગ્રણી પૈકી શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, શ્રી પ્રેમજીભાઈ કેસરાણી અને શ્રી રમેશભાઈ વાગડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શ્રી રમેશભાઈ ગોરાણી, શ્રી રતનશીભાઈ લાલજી દીવાણી, શ્રી પ્રદીપભાઈ ડી નાથાણી, શ્રી ઉમેશભાઈ ડી નાથાણી, શ્રી મહેશભાઈ વેલાણી અને નાશિકની ત્રણે વિભાગોની સમાજોના પ્રમુખશ્રીઓ પણ આ સભામાં હાજર રહ્યા હતા.

શ્રી રમેશભાઈ વગાડીયાએ તેમના વક્તવ્યની શુરુઆત કરતા કહ્યું હતું કે ‘‘પીરાણા સતપંથ મત આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી અને તેને જ્ઞાતિમાંથી નાબુદ કરવા હું સર્વ પ્રયત્નો કરીશ અને તેમકરતાં તેમના થયું તો હું ફરી પાછો આ જ્ઞાતિમાં પુનર્જન્મલઈને પણ આપણી જ્ઞાતિમાંથી આ સતપંથનું નિકંદન કાઢી નાખીશ.’’
આ શબ્દો મારા (રમેશભાઈ વાગડીયાના નથી). પણ આ શબ્દો આપણા આદ્ય સુધારક પૂજ્ય શ્રી નારાયણજી રામજી લીંબાણીના છે. તે શબ્દોને આજે રમેશભાઈ વગાડીયાએ દોહરાવ્યા હતા. જેથી જ્ઞાતિના લોકોને સમજમાં આવે કે પીરાણા સતપંથ ધર્મને જ્ઞાતિમાંથી સપૂર્ણ પણે જાકારો આપવાનો સમય હવે આવી ગયો છે.

શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીએ તેમની આગવી શૈલીમાં વક્તવ્ય આપતાં જણાવેલ કે દરરોજ માહીતિઓ અને સમાચારો મળે છે કે ફલાણા ફલાણા સતપંથના ભાઈઓ આપણામાં ભળી ગયા. ત્યારે એક વાતની દેહસત થાય છે કે આ સતપંથના ભાઈઓ ઉપર આજે ભીડ પડી છે ત્યારે સાપોલીયું બની ભળી જવા તૈયાર થયા છે. પણ જતે દહાડે આ જ લોકો સાપોલિયાં માં થી મોટા સાપ બનીને આપણી સામે જ ફેણ કાઢશે. આવા બદ ઈરાદાથી ભળતા સતપંથ ના ભાઇઓથી આપણને સાવચેત રહેવું પડશે.

બેંગલોરથી પધારેલ **શ્રી રમેશભાઈ ગોરાણીએ** સનાતન ધર્મ વિષે સભાજનોને ખુબજ સારી રીતે સમજણ આપીને સચોટ અને સત્યથી ભરેલ વક્તવ્યથી લોકોને પ્રભાવિત કર્યા હતા. સમયની મર્યાદા હતી તેમછતાં લોકોને ટૂંકમાં સમાજના અને જ્ઞાતિના ઈતિહાસની જાણ કરી હતી.

નાશિકની ત્રણે સમાજે સાથે મળીને એલાન કર્યું કે તેઓ કેન્દ્રિય સમાજના તમામઆદેશોનું સંપૂર્ણ રીતે પાલન કરશે અને તેમના દરેક સભ્યોને પાલન કરાવશે. અને નાશિકની ત્રણે સમાજોનો જે કોઈ પણ સભ્ય આ આદેશનું પાલન નહિ કરે તે સમાજમાં રહી નહિ શકે એવું જણાવ્યું હતું.

આ રીતે સનાતન જાગૃતિ સમિતિની સનાતની ચળવળ હવે ધીમી પણ મકામતાથી સમગ્ર ભારતમાં ખુબજ સફળતા પૂર્વક આગળ વધી રહી છે તે એક આનંદની વાત છે. અંતમાં સભા અધ્યક્ષે સભાજનોને એવી બાંહેધરી આપી હતી કે જો જરૂરત પડશે તો સમગ્ર કચ્છ કડવા સનાતની પાટીદારોનું એક વિરાટ સંમેલન નાશિક મુકામે યોજવાની અમારી તૈયારી છે. તમારા આદેશની અમે રાહ જોઈશું. આ હતો નાશીકની સભાનો ટૂંકો અહેવાલ.

પ્રસ્તુત કરતા શ્રી રમેશભાઈ વાગડિયાઃ
નોંધઃ પાટીદાર સૌરભના તંત્રી સી.કે. સાહેબને જણાવવાનું કે તમોને આ સભાના ફોટા જોઈતા હોય તો શરદભાઈ માવાણીને ફોન કરજો એ તમોને મોકલાવી દેવાની વ્યવસ્થા કરશે.
શરદભાઈનો ફોન આ પ્રમાણે છે. મો. ૦૯૪૨૨૨૫૧૦૮૨ અને ૦૨૫૩-૨૪૬૯૭૭૮ અને ૦૨૫૩-૨૫૦૮૪૫૬.

તા. ૧૫.૧૧.૨૦૧૦ ના પાટીદાર સંદેશને લખેલ જવાબો

પાટીદાર સંદેશ ના તા. ૧૦.૧૦.૨૦૧૦ ના અંક માં છપાએલ તંત્રી લેખને અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમિતિ નો સચોટ જવાબ

પાટીદાર સંદેશ ના તા. ૧૦.૧૦.૨૦૧૦ ના અંક માં છપાએલ તંત્રી લેખ પૂરે પુરો સત્ય થી વેગળો અને એક તરફી (સતપંથ તરફી) માનસિકતા ધરાવતી વ્યક્તિઓએ લખેલ લેખ છે. આને લીધે સમગ્ર કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની લાગણી દુભાય તેમજ ગેરમાર્ગે દોરાય તેવો પૂરે પુરો સંભવ છે. છેલ્લા ૫૦-૬૦ વરસમાં આપણી સનાતની જ્ઞાતિએ (કેન્દ્રીય સમાજે) સતપંથના પ્રશ્ને ઘણું બધું ભોગવ્યું છે. અરે, સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજે સતપંથના પ્રશ્ને પોતાની મૂળ ઓળખ સ્પષ્ટ કરવી પડી છે. એટલુંજ નહિ સતપંથ મુદ્દાને લઈને કેન્દ્રીય સમાજે પોતાની આર્થિક સદ્ધરતાને નેવે મુકવી પડી છે. જે પાયા ઉપર, જે ઉદ્દેશોને લઈને, જે હેતુઓને માટે અને જે સંદર્ભોને ધ્યાનમાં રાખીને શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ ની (કેન્દ્રીય સમાજની) ઘડતર થઇ હતી તેનો તો છેલ્લા અમુક પ્રમુખોની આગેવાની તળે ધ્વંશ થતો જોવામાં આવ્યો.

આમતો આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના સુધારક વડીલો દ્વારા છેક ૧૯૪૦ ના દાયકામાં કરવામાં આવી હતી ત્યારે તેનું નામહતું "શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ" અને તેના પ્રથમપ્રમુખ હતા શ્રી રતનશી ખીમજી ખેતાણી અને પ્રથમમહામંત્રી હતા શ્રી નથુભાઈ નાનજી કેશરાણી. ત્યાર પછી બંધારણીય ધોરણે વિધિવત રીતે આ સમાજની સ્થાપના ૧૯૬૦ માં જ્યારે કરવામાં આવી ત્યારે સ્વાગત પ્રમુખ તરીકે મથલના સુધારક વડીલ શ્રી પરબત લખુ પોકાર અને પ્રથમપ્રમુખ તરીકે વિરાણી વાળા વડીલ શ્રી શિવદાસ કાનજી નાકરાણીની વરણી કરવામાં આવી હતી અને વડીલ શ્રી ભીમજીભાઈ કેશરા લીબાણી (સલાટ) જેવા વડીલ ખજાનચી રહ્યા હતા. ૧૯૬૦ માં બોડ'ગ ના ઉદ્ઘાટન વખતે સ્વાગત પ્રમુખ શ્રી પરબત લખું પોકારે જણાવ્યું હતું કે;

"આપણી જ્ઞાતિની કરાંચી (હાલ પાકિસ્તાનમાં) અને મુંબઈની પરિષદો મેળવવામાં અને એ પરિષદો દ્વારા જ્ઞાતિમાં સુધારણાની પ્રવૃત્તિ શુરુ કરનાર એ નર શાર્દુલ સ્વર્ગસ્થ શ્રી નારાયણજી રામજી લીમ્બાણી નું મને સહેજે સ્મરણ થઈ જાય છે. એ હકીકતનો ઇનકાર થઇ શકે એમનથી કે 'જો શ્રી નારાયણજીભાઈએ સમાજ સુધારાની પ્રવૃત્તિનો ઝંડો એ દિવસોમાં ના ફરકાવ્યો હોત તો આપણી જ્ઞાતિની આજે કેવી દુર્દશા હોત તેનો વિચાર માત્ર કરતાં પણ કંપારી છૂટે છે."

તે વખત ના પ્રમુખ શ્રી શિવદાસ કાનજી નાકરાણીએ તેમના ભાષણ માં જણાવ્યું હતું કે **"આપણી જ્ઞાતિ ની સર્વ પ્રથમપરિષદો કરાંચી અને મુંબઈ માં મળી હતી તેની પાછળ એક વ્યક્તિની જલવંત તપશ્ચર્યા હતી અને એ વ્યક્તિ તે પ્રાતઃસ્મરણીય શ્રી નારાયણજી રામજી લીંબાણી. આપણી જ્ઞાતિની પ્રગતિનો પાયો નાખનાર શ્રી નારાયણજી ભાઈ હતા. અજ્ઞાન અને અંધારામાં અટવાયેલી આપણી જ્ઞાતિના શ્રી નારાયણજી ભાઈ જ્યોતિર્ધર હતા. જ્ઞાતિ ઉપર બની બેઠેલા મોટેરાઓની (પીરાણા ના દલાલો ની) નાગચૂડમાંથી એમણે જ્ઞાતિને છોડાવી. શ્રી નારાયણજી ભાઈને જ સર્વ પ્રથમલાગ્યું કે આપણી જ્ઞાતિને સુધારવાની ને કેળવવાની જરૂરત પરિષદ જેવી યોજનાઓથીજ મહદઅંશે પાર પડી શકે. એ બધી પરિષદો એમની પ્રેરણા અને દોરવણી નીચે મળી હતી. શ્રી નારાયણજી ભાઈના સ્વર્ગવાસ પછી એ પ્રવૃત્તિ કંઇક મંદ પડતી હોય તેમલાગ્યું પરંતુ મંદ પડેલી પ્રવૃત્તિમાં ફરી એક વખત જોમઅને જોશ પૂર્યા આપણા બીજા અગ્રણી જ્ઞાતિ ભાઈઓએ. આમાંથી હું માત્ર બે નામોનો જ નિર્દેશ કરીશઃ એક શ્રી રતનશીભાઈ ખીમજી વિરાણી વાળા, જેમણે આ પરિષદો વચ્ચેના લાંબા ગાળા દરમ્યાન શ્રી નારાયણજી ભાઈએ અધૂરું મુકેલું કાર્ય આગળ ધપાવ્યું. એટલુંજ માત્ર નહિ પણ કચ્છ, ગુજરાત અને અન્ય પ્રદેશોમાં વારંવાર પ્રવાસ કરીને સુધારાની મશાલ જલતી રાખી. આપણા કમનસીબે શ્રી રતનશી ભાઈ આજે અહીં હાજર નથી. તેઓશ્રીની નાદુરસ્ત તબિયતને લીધે તેઓ અહીં હાજર રહી શક્યા નથી. પરંતુ મારી ચોક્કસ ખાતરી છે કે તેઓ દુર મુંબઈ માં બેઠાં બેઠાંય આપણી પરિષદ ઉપર**

આશીર્વાદ વરસાવી રહ્યા હશે. બીજા એવા ભાઈ જેમણે શ્રી રતનશી ભાઈને એમના કાર્યમાં સાથ આપ્યો તે આપણા શ્રી નથુભાઈ નાનજી, તેઓ અહીં હાજર છે એટલે તેમના વિષે કંઈક કહેતા હું ક્ષોભ્ અનુભવું છું.''

ઉપરોક્ત ભાષણોથી એ પુરવાર થાય છે કે આ સમાજ ની (કેન્દ્રીય સમાજની) રચના/સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓને ચોક્કસ પણે એવું લાગ્યું હતું કે પીરાણા સતપંથ મત આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી અને તે મત માં રહીને આપણી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકે થવા જઈ રહી છે અને થઇ જશે તેથી સત્વરે તેનો ત્યાગ કરવો પડશે અને તેથી તેઓએ તેનો સદંતર પણે ત્યાગ કરી આપણા મૂળ સનાતન હિન્દુ ધર્મનો પુનઃ અંગીકાર કરી જ્ઞાતિને સનાતન ધર્મ તરફ વાળીને માત્ર અને માત્ર તેમના (સનાતાનીઓના) હિતોની રક્ષા કરવા (સતપંથીઓ ના હિતોની રક્ષા કરવા નહી) હેતુ થી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી.

ઉપરોક્ત બાબતો તેમજ તેના જેવી ઘણી બધી બાબતોનો આપણી જ્ઞાતિ અને આપણી સમાજનો ઇતિહાસ ગવાહ છે. પણ હાલમાં જ્યારે પાટીદાર સંદેશ માસિક પત્રિકા માં (જેનો જ્ઞાતિનું મુખપત્ર તરીકે ઉલ્લેખ થતો હતો, પણ છે નહી) સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજને અને તેની નેતાગીરી ને ભાંડવા માં આવી ત્યારે અમારું લોહી ઉકળી ઉઠ્યું અને મનમાં પ્રશ્નો ઉદભવ્યા કે આ પાટીદાર સંદેશ ના કહેવાતા વિદ્વાન તંત્રીઓ ને શું થઇ ગયું છે? આ તંત્રીઓ

૧. શું સનાતાનીઓ છે કે પછી પીરાણા સતપંથ ધર્મ પાળતા સતપંથીઓ છે?
૨. કે પછી સનાતની હિન્દુ હોવાનો ડોળ કરીને સનાતાનીઓના સ્વાંગમાં સતપંથીઓ છે.
૩. કે પછી માત્ર અને માત્ર આર્થિક લાભને ખાતર પોતાની તઠસ્થતાને નેવે મુકીને સતપંથ અને સતપંથીઓ તરફ નું લખાણ લખી રહ્યા છે?

આ કહેવાતા વિદ્વાન તંત્રીશ્રીઓ એ લખેલા તેમના તંત્રી લેખ માં કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને કેન્દ્રીય સમાજ ઉપર આરોપો લગાડ્યા છે તે તદ્દન ખોટા, પાયા વિહોણા અને પીરાણા સતપંથ તરફી માનસિકતા ધરાવતા લેખો છે. તદઉપરાંત પરોક્ષ રૂપે તેઓએ શ્રી અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમિતિના આગેવાનો ઉપર પણ આરોપો લગાડ્યા છે. તેના સચોટ જવાબો અમો અહી જ્ઞાતિને સાચી હકીકતોની જાણ થાય તે માત્ર હેતુ થી આપી રહ્યા છીએ. આ સચોટ જવાબો પાટીદાર સૌરભ, ઉમા દર્પણ તેમજ પાટીદાર સંદેશમાં અક્ક્ષરસ પ્રગટ થાય તેવું અમે ઈચ્છીએ છીએ.

૧. પાટીદાર સંદેશ નો આરોપઃ
''એક સમયની ગૌરવશાળી (કેન્દ્રીય) સમાજમાં શુરુ થયો....... અંધાધૂંધી નો માહોલ''

જાગૃતિ સમિતિ નો જવાબઃ
આપણી કેન્દ્રીય સમાજ ગૌરવશાળી હતી, છે અને ભવિષ્યમાં પણ રહેશે. કદાચ સતપંથીઓ અથવા તો તેના તરફ જોક ધરાવતી વ્યક્તિઓ માટે નહિ હોય. જે સતપંથને લઈને આખી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકે થતી હતી તેને ભૂંસવા માટે થઈને આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના કરવામાં આવી હતી. ના કે ૫૦ વરસ પછી એ જ કલંકિત સતપંથ મત ને જ્ઞાતિમાં અને સમાજમાં પ્રોત્સાહન આપવા માટે થઇ હતી. કેન્દ્રીય સમાજના સ્થાપક વડીલોનો ચોખ્ખો આદેશ (CLEAR MANDATE) હતો કે આ સમાજમાં જ્ઞાતિના ફક્ત અને ફક્ત એવા માણસો જ રહી શકશે જેઓએ સતપંથ મત નો સદાય ને માટે ત્યાગ કર્યો હોય અને આપણા મૂળ સનાતન હિન્દુ ધર્મનો પુનઃ અંગીકાર કર્યો હોય. પણ આ આદેશ ઉપર દૂધ અને દહીં માં

પગ રાખવા વાળા સમાજના ચંદ માણસોને લઈને કુઠારાઘાત થતો જોવામાં આવ્યો. **ત્યારે આજની આપણી કેન્દ્રીય સમાજના નેતાઓને લાગ્યું કે આ બરાબર થતું નથી, કયાંક આપણે ચુક્યા છીએ ત્યારે તેઓએ શ્વેતપત્ર અથવા તો બંધારણ માં સ્પષ્ટતાઓ અથવા તો પંચમઅધિવેશન માં જ્ઞાતિના રીતીરીવાજોમાં સ્પષ્ટતાઓ આણીને તા.૧.૭.૨૦૧૦ ના આદેશ પત્ર જાહેર કરીને કેન્દ્રીય સમાજ એક સનાતની હિન્દુ તરીકેની ઓળખ ધરાવતી સમાજ છે એવું જાહેર કરવું શું ગુનો છે?** અને એ સમાજ માં ફક્ત અને ફક્ત સનાતન હિન્દુ ધર્મને અનુસરતા – પાળતા (સતપંથ ધર્મ પાળતા નહી) કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વંસજો જ રહી શકશે એવું જાહેર કરે તો તેની નેતાગીરીને નબળી અને નિષ્ફળ નેતાગીરી છે તેમજાહેર કરવું સરાસર ખોટું છે અને તે ખોટું કામઆ પાટીદાર સંદેશે કર્યું છે. પાટીદાર સંદેશના કહેવાતા વિદ્વાન તંત્રીઓ સતપંથ તરફી માનસિકતાથી પીડાઈ રહ્યા હોય તેવું દેખાય છે. તેમના આવા વિધાનો થી કેન્દ્રીય સમાજની સનાતની જ્ઞાતિમાં દહેશત ફેલાય તે હેતુ માત્ર થી આવું લખાણ લખ્યું છે એવું ચોક્ખું દેખાઈ આવે છે.

૨. પાટીદાર સંદેશ નો આરોપઃ

"એપ્રિલ ૨૦૧૦ ના અંક માં પ્રસિદ્ધ કરેલ કે શ્વેતપત્ર બહાર પાડવા માટે જવાબદાર મિત્રો એ સમાજ ઉપર પડનારી દુરગામી અસરોની લેશ માત્ર દરકાર કરી નથી."

જાગૃતિ સમિતિનો જવાબઃ

દુરગામી અસરો પડે તે હેતુ થી તો શ્વેતપત્ર કેન્દ્રીય સમાજ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. એટલી તો કહેવાતા પાટીદાર સંદેશના વિદ્વાન તંત્રીઓને ખબર હોવી જોઈએ. ૫૦-૫૦ વરસ થી સતપંથ બાબતે દૂધ અને દહી માં પગ રાખનારા મવાળવાદીઓને લીધે સમાજે ઘણું બધું ભોગવ્યું છે. સાથે સાથે સમજના સનાતની ભાઈઓએ પણ સનાતન ધર્મ બાબતે ગણી બધી તકલીફો સહન કરી છે. ત્યારે સતપંથ સમાજે તેના પીરાણા સતપંથ ધર્મને માથે ખણીને સનાતનીઓના ભોગે તે ધર્મ કેન્દ્રીય સમાજમાં નિષેધ હોવા છતાં વેંઢાર્યો છે. ને એ સતપંથ સમાજ જ્ઞાતિમાં સતપંથ ધર્મ બાબતે ફરી પાછું કાઠું કાઢતી ગયી. કોઈ કહેવા વાળું નોતું એમને. કારણ કે એમની પોતાની સતપંથ સમાજ અલગ હતી જ. સતપંથીઓ ને પીરાણા ધર્મ મુકીને આવરી લેવા માટે કેન્દ્રીય સમાજે ૫૦-૫૦ વરસ સુધી રાહ જોઈ. અરે કેન્દ્રીય સમાજે સનાતાનીઓના ભોગે માંડ આ સતપંથીઓ પીરાણા સતપંથને મુકીને સમાજના સનાતની પ્રવાહમાં ભળી જાય તે માટે તેઓની ખૂબ થાબડ-થુબડ અત્યાર સુધી કરતી રહી. તેમકરવામાં કેન્દ્રીય સમાજે તેના સનાતન ધર્મને વેગળો રાખ્યો. કોઈ પણ સમાજ ધર્મ વિહોણી તો ન જ હોઈ શકે. ધર્મ અને સમાજ એક જ સિક્કા ની બે બાજુઓ છે. તદઉપરાંત જ્યાં એકજ ધર્મ પળાતો હોય તેને જ સમાજ કહેવાય. તે પ્રમાણે સનાતન ધર્મ છે એટલે કેન્દ્રીય સમાજ છે અને કેન્દ્રીય સમાજ છે એટલે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માં સનાતન ધર્મ છે. જ્ઞાતિએ ખાસ નોંધ લેવા જેવી વાત એ છે કે કેન્દ્રીય સમાજે બહાર પાડેલ 'શ્વેતપત્ર' અને ત્યાર બાદ તા. ૭.૫.૨૦૧૦ માં કરેલ બંધારણ માં ફેરફારો, તા. ૧૨.૫.૨૦૧૦ ના પંચમઅધિવેશન માં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ થી સમાજમાં દુરગામી અસરો બહુજ સારી પડનારી છે. છેવટે કેન્દ્રીય સમાજે એની એક સનાતની સમાજ તરીકેની ઓળખ જાહેર કરી દીધી અને તેજ ઓળખ તેની સ્થાપના વખતેની હતી. તેમાં કોઈને કંઈ વાંધો શા માટે હોવો જોઈએ? વાંધો તો ફક્ત પાટીદાર સંદેશ જેવા મવાળવાદીઓ ને જ છે. પાટીદાર સંદેશ બરાડા પાડે છે કે સનાતન અને સતપંથ ના પ્રશ્નો સમાજ માં છે તે સાંપ્રદાયિક વિવાદો છે. ભલા માણસ સંપ્રદાય અને ધર્મ માં કંઈક ફરક છે કે નહિ તેને સમજો. સમાજ માં અત્યારે ચાલી રહેલા વિવાદો સાંપ્રદાયિક નથી, તે વિવાદો છે ધાર્મિક. તે વિવાદો છે સનાતન ધર્મ અને વિધર્મો વચ્ચેના (સનાતન ધર્મ અને સતપંથ ધર્મ વચ્ચેના) જે સતપંથ ધર્મને કેન્દ્રીય સમાજમાં નીષેધ ફરમાવવામાં આવેલો છે તેનો ઇતિહાસ ગવાહ છે. હા સનાતન હિન્દુ ધર્મ હેઠળ વિવિધ સંપ્રદાયો આવકાર્ય છે પણ પીરાણા સતપંથ મત એક શિયા મુસલીમધર્મનો ફાંટો છે અને તે આપણી જ્ઞાતિ માટે લાયક ધર્મ નોતો, અત્યારે પણ નથી

અમે ભવિષ્યમાં પણ નથી રહેવાનો એટલે તે આપણી માટે વિધર્મ છે. હવે આપણી કેન્દ્રીય સમાજ સનાતન ધર્મ બાબતે સ્પષ્ટ થઇ ગઈ છે અને તેની દુરગામી અસરો સારી અને હકારાત્મક જ પડનારી છે તેમાં બે મત નથી.

૩. પાટીદાર સંદેશનો આરોપઃ

''ઉમિયા માતાજી સંસ્થાન (ઊંઝા) ના શ્રી મણીભાઈ 'મમ્મી' જે સમાજ ના વખાણ કરતાં થાકતા નથી તે કચ્છ કડવા પાટીદાર સમાજની પ્રતિષ્ઠા સાવ ભાંગીને ભુક્કો થઇ ગઈ છે તેમાં શંકાને સ્થાન નથી''

જાગૃતિ સમિતિનો જવાબઃ

પાટીદાર સંદેશના વિદ્વાન તંત્રીઓની આ વાત તદ્દન ખોટી છે. છેલ્લા ૧૨-૧૫ મહિના માં મેં (રમેશભાઈ વાગડિયાએ) અને શ્રી હિમ્મતભાઈ ખેતાણી એ ચાર ચાર વખત આ વડીલ શ્રી મણીભાઈ 'મમ્મી' ની રૂબરૂ મુલાકાત લીધી છે. તે વખતે તેઓશ્રીએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે આપણી જ્ઞાતિને કલંક રૂપ પીરાણા સતપંથ મત માં હજુએ કચ્છ કડવા પાટીદારો અટવાયા પડ્યા છે તેનો મને અફસોસ છે. ચાર ચાર કલાકની લાંબી ચર્ચામાં તેઓ શ્રી એ ૧૯૭૮ ની મીનીટ બૂક કાઢીને અમોને બતાવ્યું હતું કે આ ઊંઝા ઉમીયા માતાજી સંસ્થાએ કડવા પાટીદારોને પીરાણા સતપંથ મતમાં થી બહાર કાઢવા એક કમિટીની રચના છેક સન ૧૯૭૮ માં કરી હતી અને તે કમીટીના તેઓ પોતે પણ એક મુખ્ય સભ્ય હતા. આ ઠરાવ અહી અક્ષરસ રજુ કરવાનું મન અમોને સહેજે થઇ જાય છે.

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા કારોબારી સભા ઠરાવ ક્રમાંક નંબર ૧૪/૧૬.૧૧.૧૯૭૮. સંવત ૨૦૩૫, કારતક વદ-૨ (બીજ).

અજેન્ડાઃ પાટીદાર પરિવારમાં કેટલાક લોકો પીરાણા સતપંથમાં ભળી રહ્યા છે તેમણે રોકવા માટે પ્રયાસ કરવા અંગે ઠરાવ.

ઠરાવ :

''કચ્છ કડવા પાટીદારો માંથી તથા ખેડા જીલ્લામાં થી કેટલાક કુટુંબોએ પીરાણા સતપંથ સ્વીકારેલો છે તેમજ બીજા કુટુંબો પણ આ પંથ તરફ ભળી રહ્યા છે તે તેમને સાચી સનાતન ધર્મની સમજ આપી તે તરફ જતા અટકાવવા માટે પ્રયાસ કરવા માટે નીચેના સભ્યોની કમીટી નીમવામાં આવે છે''

૧. મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ ઊંઝા
૨. મનજીભાઈ કરસનભાઈ પટેલ હરીપુરા
૩. બેચરભાઈ વ્રજભાઈ પટેલ
૪. હરિપ્રસાદ પટેલ
૫. પ્રમુખ શ્રી દુર્ગાપ્રસાદ

શ્રી મણીભાઈ 'મમ્મી' એ અફસોસ વ્યક્ત કયો હતો કે મને પણ તેમાં સફળતા ન મળી તે બદલ હું ક્ષોભ અનુભવું છું. અમોને ના છુટકે આ વાત અહી કરવી પડે છે કે આ મહાપુરુષ મણીભાઈ 'મમ્મી'એ અમારી સમક્ષ કેન્દ્રીય સમાજના માજી પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયા તેમજ હાલના પ્રમુખ શ્રી રામજીભાઈ નાકરાણીને અમારી હાજરી માં ફોન કરીને જણાવી દીધું હતું કેઃ ''આપ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ છો અને પ્રમુખ હોવાને નાતે હું તમોને જણાવું છું કે પીરાણા સતપંથ બાબતે

તમારી સમાજે ઘણું બધું ભોગવ્યું છે. તમારા પૂર્વજો નારાયણજી બાપા અને રતનશી બાપાએ જે પીરાણા સતપંથ મત બાબતે સ્પષ્ટતાઓ કરી હતી તેના ૧ ટકા જેટલીએ સ્પષ્ટતા આજે તમે લોકો નથી કરતા. હવે તમે તે બાબતે સ્પષ્ટ થઇ જાઓ. નહિ તો પીરાણા સતપંથ સમાજના ભાઈઓ તમારી કેન્દ્રીય સમાજની ઘોર ખોદી નાખશે. હવે પછીના દિવસોમાં તમારે સ્પષ્ટતા કરીને આ પીરાણા સતપંથીઓ ની સાથે બે વાતો કરવી પડશે તો જ તમે આ પ્રશ્ને સફળ થશો.

૧. એક વાત એ કે આ સતપંથીઓ જોડે તમે સામાજિક સંબંધો જેવા કે દીકરીઓ લેવાનું અને દીકરીઓ દેવાનું બંધ કરો અને

૨. બીજી વાત એ કે આ સતપંથી ભાઈઓ જોડે સહિયારી મિલકતો વસાવવાનું બંધ કરો.''

''આ બે વસ્તુ જયાં સુધી તમે નહિ કરો ત્યાં સુધી સતપંથના પ્રશ્ને તમો સફળ થવાના નથી, નથી અને નથી. અને ત્યાં સુધી તમારી કચ્છ કડવા પાટીદાર સમાજને શુદ્ધ સનાતની હિન્દુ સમાજ બનાવી શકવાના નથી.''

૪. પાટીદાર સંદેશનો આરોપઃ

''અમે (પાટીદાર સંદેશ) આ સ્થાને થી એ વાત સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે કેન્દ્રીય સમાજે શ્વેતપત્ર બહાર પાડીને અધિવેશનમાં સનાતન-સત્પંથ વિવાદ અંગે જે નિર્ણયો લીધા તેની સ્ઈઈૅ કે ઔચિત્ય માં પડવા માંગતા નથી (કારણ કે તે સમાજનો અધિકાર છે અને તે ઈચ્છે તે કરી શકે છે).......કેન્દ્રીય સમાજે મમત ને કારણે જે રીતે, ઝનુની વાતાવરણમાં આ પ્રશ્નો નો ઉકેલ લાવવા માં આવ્યો, તેનાથી સમગ્ર સમાજમાં અજંપા ભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. કેન્દ્રીય નેતૃત્વ તો માત્ર ઠરાવો કરીને તેના અમલીકરણ ની જવાબદારી 'સ્થાનિક સમાજો' ઉપર છોડીને, અલિપ્ત થઈને બેસી ગયું છે.......''

જાગૃતિ સમિતિનો જવાબઃ

આ વાત પણ તદ્દન ખોટી અને સત્ય થી વેગળી છે. સમય સમય ઉપર કેન્દ્રીય નેતાગીરીએ નીડરતા વાપરી છે અને ઝોન સમાજોને અને ઘટક સનાતની સમાજોને યોગ્ય આદેશો આપી ત્યાં ની પરિસ્થિતિનો તાગ પણ મેળવતી રહી છે. તાગ નથી મેળવ્યો તેવો એકાદ દાખલો તો આપો ભાઈ શ્રી તંત્રી શ્રીઓ;. ૫૦-૫૦ વારસો માં જે સતપંથ પ્રશ્ને બેદરકાર રહીને સમાજે ભોગવ્યું છે તેનો ખ્યાલ આ કહેવાતા વિદ્વાન તંત્રીઓને નથી આવતો તે અફસોસ ની વાત છે. પણ જે પીરાણા સતપંથ મતને લઈને આખી જ્ઞાતિ કલંકિત થઇ હતી તેજ સતપંથને બિરદાવવા માટે આ પાટીદાર સંદેશના વિદ્વાન તંત્રીશ્રીઓ કટીબદ્ધ થયા છે તે તો તેમના લાખાણો ઉપરથી દેખાઈ આવે છે. આજે સમગ્ર જ્ઞાતિમાં સર્વત્ર જાગૃતિ આવી છે, પીરાણા સતપંથ (જે આખી જ્ઞાતિ માટે કલંકરૂપ છે) તેના વિરુધ્ધનું જે વાતાવરણ ઉભું થયું છે, તે પાટીદાર સંદેશ અને તેના વિદ્વાન તંત્રીઓ થી જોવાતું નથી તેના ઠોસ અને અકળ કારણો છે તે અમો અત્યારે કહેવા નથી માંગતા.

૫. પાટીદાર સંદેશ નો આરોપઃ

''હાલમાં સમગ્ર સમાજમાં ઠેર ઠેર નેતાઓ જોવા મળે છે''. આવા દરેક નેતાઓ એમ માને છે કે 'સમાજનું હિત માત્ર તેઓજ વિચારી શકે છે'' આવા જાતે બની બેઠેલા નેતાઓનાં આગ ઝરતાં વક્તવ્યો, સમાજની એકતા જોખમાવતા નિવેદનો કે સમાજના સંગઠનને તોડી નાખતા વ્યહવારો પ્રતિ કેન્દ્રીય નેતાગીરી મુક પ્રેક્ષક્ બનીને માત્ર તમાશો નિહાળી રહી છે અથવા આડકતરી રીતે તેમણે સમર્થન આપી રહી છે તેમ કહીએ તો કંઈ ખોટું નથી........''

જાગૃતિ સમિતિનો જવાબઃ

વિદ્વાન તંત્રી સાહેબો તમે જેમ તમારું મંતવ્ય તંત્રી સ્થાને થી આપો છો તે સમાજને હલબલાવી નાખે તેવું હોય છે અને જ્ઞાતિને

ગેરમાર્ગે દોરે તેવું હોય છે તે બધુયે સમાજ અને સમાજના સનાતની ભાઈઓ ચલાવી લે એવું માનો છો? સમાજમાં શું થવું જોઈએ? સમાજ કેમ ચાલવી જોઈએ તે કહેવાનો અબાધિત અધિકાર માત્ર તમોને જ છે એવું માનો છો? તો તમે ખાંડ ખાઓ છો. ગોળ ગોળ જવાબો આપવાને બદલે સ્પષ્ટ લખીને જણાવો કે તમે (પાટીદાર સંદેશ) સતપંથ ધર્મને હિન્દુ ધર્મ તરીકે માને છે. અને જો તે હિન્દુ ધર્મ નથી તો કહો કે તે મુશ્લીમ ધર્મ નું એક ફાંટું છે. પછી સ્પષ્ટ લખો કે પીરણા સતપંથ ધર્મ ને કેન્દ્રીય સમાજ માં સ્થાન છે કે નહિ. તમારા વિચારો શું છે તે સ્પષ્ટ તો કરો. સતપંથના પ્રશ્ને તમારા જેવા મવાળવાદી, દૂધ અને દહી માં પગ રાખવા વાળા લોકોની વાતોમાં આવી જઈને આ સમાજે ઘણું બધું ભોગવ્યું છે અને ગણું બધું ગુમાવ્યું પણ છે. એના લીધે સમાજમાં કોઈ વાતની સ્પષ્ટતા પ્રવર્તતી નથી. એના જવાબદાર તમે અને તમારા જેવા લોકો છો. આ બધી વસ્તુની તમોને ખબર હોવા છતાં અજાણ બનવાની કોશિશ કરો છો. તમારા જેવા લોકોએ સમાજનો દાટ વાળ્યો છે. તેની નોંધ હવે સમાજના બહોળા વર્ગે (સનાતાનીઓએ) લઇ લીધી છે, તમારું મવાળપણું હવે ઉઘાડું પડી ગયું છે. અને લોકો હવે જાગૃત થઇ ગયા છે, કોઈ પણ પ્રકારની અસ્પષ્ટતાઓ હવે ચલાવી લેવાના નથી. તમે ફોડ પાડીને શા માટે નથી કહેતા કે એ બની બેઠેલા નેતાઓ કોણ છે? એ બની બેઠેલા નેતાઓ ને લીધે તો સમાજ માં છેલ્લા ૫૦ વરસ માં નથી આવી તેવી જાગૃતિ આવી છે. તેની સર્વત્ર પ્રશંશા થઇ રહી છે તે તમારાથી જોવાતું નથી? તેઓ સમાજની એકતા નથી તોડતા પણ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં સનાતાનીઓ ની એકતા મજબુત કરી રહ્યા છે, સમાજને એક દિશા આપી રહ્યા છે. તેની નોંધ લેજો. નહિ તો ફેંકાઈ જશો. ગોત્યા નહિ જડો. તમે જે એકતા ની વાત કરો છો તે સનાતન અને સતપંથ ની એકતાની વાત કરો છો તે લાંબા ગાળા માટે ઈચ્છનીય નથી અને સમાજને લાભદાયક પણ નથી. કેન્દ્રીય નેતાગીરી ઉપર તમે શંકા કરો છો ફક્ત એટલા માટે કે આ સમાજના ધુરીણોને મોડે મોડે પણ હવે સમજાયું છે કે સ્થાપના વખતના સ્થાપક વડીલોનો આદેશ શું હ્તો? મેન્ડેટ શું હતો? કેન્દ્રીય સમાજ બની બેઠેલા નેતાઓને આડકતરી રીતે સમર્થન નથી આપતી સાહેબ. અમે તો કહીએ છીએ કે કે કેન્દ્રીય સમાજની નેતાગીરી સમજીને ખુલ્લેઆમ સમર્થન આપી રહી છે. તમારા જેવા, બે બાજુ ચાલવા વાળા લોકોને લીધે પહેલાં સમર્થન આપી નોતી શકતી પણ હવે તેમને સમજાઈ ગયું છે કે શું સાચું અને શું ખોટું છે. તમારી સલાહની જરૂર નથી. અને ખોટી સલાહ હવે આપવાનું બંધ કરો. સતપંથ અને સનાતન સમાજો ને આપના સ્થાપક સુધારક વડીલોને એક રાખવી હોત તો તે સમયે હયાત સતપંથ સમાજને મુકીને સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના પણ કરી ના હોત. તંત્રી સાહેબો, જરા ઈતિહાસનાં પાના તો ખોલીને જુઓ તો ખરા, એનું મનન કરો કે એક મુસલમાન પીર બાવા ઈમામશાહ સ્થાપિત પીરાણા સતપંથ ને લીધે જ્ઞાતિને શું શું ભોગવવું પડ્યું છે અને આજે એજ સતપંથ સમાજે તેના ધર્મ માં ફેરફારો કરીને કેન્દ્રીય સમાજના સનાતાનીઓ સાથે છેતરપીડી કરીને તે સતપંથ ધર્મ એક હિન્દુ ધર્મ છે એમ ઠસાવવા માંગતા હોય તો તે લોકો અને તમારા જેવા લોકો કેન્દ્રીય સમાજની એકતા અને સનાતની હિન્દુ જ્ઞાતિની એકતા તોડો છો તેવું પુરવાર થાય છે.

૬. પાટીદાર સંદેશ નો આરોપ:

"... કમનસીબે સતપંથ નો પ્રશ્ન અવિચારી, ઉતાવળે, અને અણઘડ રીતે હલ થવાથી સમગ્ર ભારતભર માં ઠેર ઠેર વિચિત્ર પરિસ્થિતિ ઉભી થઇ છે. સાચું કહીએ તો સામાજિક ક્ષેત્રે અંધાધૂંધી સર્જાઈ છે."

જાગૃતિ સમીતીનો જવાબ

ખરું પૂછો તો સતપંથ ધર્મ નો પ્રશ્ન સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજનો પ્રશ્ન જ નથી. પાટીદાર સંદેશ જેવા મવાળ વાદીઓ એ ઉભો કરેલો આ પ્રશ્ન છે. એવા લોકોએ કેન્દ્રીય સમાજ ઉપર સતપંથ નો વિવાદ ઠોકી બેસાડ્યો છે. અને લાખો અજાણ લોકો આમાં દોરવાઈ ગયા હતા પણ હવે તેઓને સમજણ પડી ગઈ છે. હા, સુધારક વડીલોએ એક સપનું સેવ્યું હતું કે આખી જ્ઞાતિ એક દિવસ જ્ઞાતિ માટે કલંક રૂપ એવા સતપંથ ધર્મ નો સદાય ને માટે ત્યાગ કરીને કેન્દ્રીય સમાજના

સનાતની પ્રવાહમાં ભળી જશે કચ્છ કડવા પાટીદારોની એક માત્ર સમાજ હશે અને તે કેન્દ્રીય સમાજ માત્ર. પણ તેઓની તે આશા ઠગારી નીવડી.કારણ કે ૫૦૦ વરસ જૂની સતપંથ સમાજ આજે પણ મોજુદ છે. તેમને તે છોડાવી જ નથી. ઈમામશાહને છોડવો જ નથી. એના માટે જો કોઈ જવાબદાર હોય તો તે બે ઘોડે ચડવા વાળા માણસો. દૂધ અને દહી માં પગ રાખવા વાળા માણસો, અને પાટીદાર સંદેશ જેવા મવાળવાદીઓ. ગામેગામ જ્યાં સતપંથીઓ ની પોતાની સમાજ અસ્તિત્વમાં હોય, જ્યાં પોતાની આસ્થાના કેન્દ્રો (ખાના કહો કે જ્યોતિધામો કહો) તે પણ મોઝુદ હોય, સનાતાનીઓની કેન્દ્રીય સમાજ જેવી પોતાની સતપંથ સમાજ મોજુદ હોય, સમગ્ર ખાનાઓ ને જોડતું કેન્દ્ર સમું પીરાણું મોજુદ હોય તેને સનાતની ઓળખ ધરાવતી, ફક્ત અને ફક્ત સનાતાનીઓ માટે બનેલી કેન્દ્રીય સમાજની શું જરૂરત પડે? તંત્રી સહોબો અમોને જરા સમજાવો તો ખરા કે એ સતપંથીઓ ને કેન્દ્રીય સમાજ ની શી જરૂરત પડે? ફક્ત એટલા માટે કે કેન્દ્રીય સમાજની આડસમાં રહી ને બાવા ઈમામશાહ ને પૂજતા રહી ને પીરાણા માં આસ્થા ધરાવીને પોતાને હિન્દુ તરીકે ખપાવવા માટે? આવું કરીને સનાતાનીઓ ની લાગણીઓ ને દરરોજ દુભાવવાનું કામ થઇ રહ્યું છે. કેન્દ્રીય સમાજના સનાતાનીઓ ની લાગણીઓ દુભાવવા નો કોઈને હક્ક નથી. તેઓને ખબર છે કે જો પીરાણા સતપંથ મુકશું નહિ, બાવા ઈમામાંશાહ ને ભજવાનું મુકશું નહી અને તેથી જો કેન્દ્રીય સમાજની આડસ નહિ મળે તો ફરી પાછા મુમના માં ખપી જઈશું. એવી તેઓને દહેશત છે તે ચોક્કસ વાત છે. આ સતપંથીઓ ની સંપૂર્ણ નિષ્ઠા તેમની પોતાની સતપંથ સમાજમાં જ છે. તેઓ કેન્દ્રીય સમાજને અને સનાતન ધર્મને કોઈ દિવસ વફાદાર રહ્યા જ નથી. અત્યારે જ્યારે સમગ્ર ભારતભરમાં ઠેર ઠેર આપણે સનાતની છીએ તેવું ખમીર પેદા થયું છે. અને આપણે સૌ સનાતની તરીકેની સમાજો ધરાવીએ છીએ તેવી સર્વત્ર જાગૃતિ આવી ગઈ છે ત્યારે પાટીદાર સંદેશ ના આ વિદ્વાન તંત્રીઓના પેટમાં ફાળ પડી હોય તેથી જ્ઞાતિને એમ ઠસાવવા માગે છે ભારતભર માં સામાજિક ક્ષેત્રે અંધાધૂંધી સર્જાઈ છે. તે વાત તદ્દન ખોટી અને સત્યથી વેગળી છે. અત્યારે વિચારવાનું માત્ર એવા લોકોને છે કે જેઓને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં રહેવું છે પણ બાવા ઈમામાંશાહને, પીરાણાને અને સતપંથ ધર્મને મુકવો નથી. બે ઘોડે કેમ ચડાય ભાઈ? ભાઈ અમને કોઈ સમજાવશો? ૫૦-૫૦ વરસ વીતી ગયા પછી આપણી કેન્દ્રીય સમાજે એક ઐતિહાસિક નિર્ણય લીધો અને પોતાની ઓળખ જાહેર કરીને પોતે સનાતની સમાજ છે તેવું જણાવવું શું અંધાધૂંધી છે? આને તમે આડેધડ નિર્ણયો લીધા છે એમ કહો છો? કેન્દ્રીય સમાજ વિષે વગર વિચાર્યે જેમ તેમ બોલવું તે એક નરી બાલીશતા જ છે એવું તમારા લખાણ ઉપર થી ચોક્ખું દેખાઈ આવે છે.

૭. પાટીદાર સંદેશ નો આરોપઃ

“સમાધાન સમિતિની રચના અને તેનો અહેવાલ તા. ૧૦ મી જાન્યુવારી ના અંક માં પ્રસિદ્ધ થયો હતો. ત્યાં સુધી કેન્દ્રીય સમાજનું વલણ જુદું હતું જે પાછળથી સતત બદલાતું રહ્યું.”

જાગૃતિ સમિતિ નો જવાબઃ

એટલે શું તમારું કહેવાનો મતલબ એમ છે કે કેન્દ્રીય સમાજનું વલણ હમેશા ઢચુ-પચુ અને દિશા શૂન્ય જ હોવું જોઈએ અને રહેવું જોઈએ? કેન્દ્રીય સમાજનું વલણ પહેલેથી સનાતન તરફી અને સતપંથ વિરુદ્ધ નું હતું જ પણ અત્યારે વધુ ચોખવટ આપતું લખાણ હમણાં જાહેર થવાથી તેને વાચા મળી છે .જ્યારે સાચી હકીકતો સામે આવી છે ત્યારે વલણ માં બદલાવ લઇ આવવો શું ગુનો છે? તેને તમે વખોડો છો, તો તે તમારી ભૂલ છે અને નરી બાલીશતા જ છે. સમાધાન સમિતિ શેની હોય? તે શા માટે હોય? સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજની સમાધાન સમિતિ માં વિધર્મીઓ ના ૫ જણા શા માટે લેવા પડે? આવા વિધર્મીઓ જ્યાં છાસવારે સનાતાનીઓ અને કેન્દ્રીય સમાજના હોદ્દેદારો ઉપર ખોટી પોલીસ ફરિયાદો અને ખોટા અદાલતી કેસો કરતા હોય એની સાથે સમાધાન શેનું? આ કહેવાતી સમાધાન સમિતિની વિશ્વનીયતા ઉપર જ અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમીતીએ શુરૂઆત માં જ પ્રશ્ન ઉપાડ્યો હતો. સમાધાન સમિતિ એ પ્રગટ કરેલ જ્ઞાતિ જોગ નિવેદનના જુઠ્ઠાણાઓ સામે સચોટ

જવાબ અમોએ (જાગૃતિ સમિતિએ) આપ્યો હતો. છતાં પણ અમો અહી સ્પષ્ટતા કરવા માંગીએ છીએ કે જે કોર્ટ કેસો બિનશરતી પાછા ખેંચવા માટે થઈને તા.૨૭.૦૨.૨૦૧૦ નાં મળેલ સમાધાન સમિતિની બેઠક દરમ્યાન જ એક સનાતની ભાઈ ની કેન્દ્રીય સમાજની મુખ્ય કચેરી માં થી પોલીસ દ્વારા ધરપકડ કરવાનું નીચ કૃત્ય સતપંથી ભાઈઓ કરતા હોય તો કેન્દ્રીય સમાજ પ્રત્યે તેમની નિષ્ઠા અને આસ્થા કેટલી છે તે અંકાઈ જાય છે. આ સતપંથીઓએ કેન્દ્રીય સમાજને પોતાની સમાજ ઘણી જ નથી. કારણ કે તેમની પોતાની સતપંથ સમાજ આપણી કેન્દ્રીય સમાજથી પણ વધારે જૂની – લગભગ ૫૦૦ વરસ જૂની સમાજ છે. તે છતાં પણ તેઓ આપણી કેન્દ્રીય સમાજમાં શા માટે રહેવા માંગે છે તેનું એક માત્ર કારણ છે અને તે છે પોતાની ઓળખ હિન્દુ તરીકે દેખાડવાની. પોતે ઈમામશાહ બાવા સ્થાપિત પીરાણા સતપંથ ધર્મમાં આસ્થા ધરાવતા હોવાથી સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજની પરાણે આડસ લેવી પડે એમ છે. જે થી તેઓ પોતાને હિન્દુ તરીકે ઓળખાવી શકે. નહી તો તેઓની ઓળખ ફરી પાછી મુમના થઇ જવાનો પુરેપુરો સંભવ છે.

રહી વાત સમાધાન સમિતિની, તો તે બાબતે પાટીદાર સંદેશના આ કહેવાતા વિદ્વાન તંત્રીઓને ખબર હોવી જોઈએ કે જરૂરત વગરની અને સતપંથ તરફ જોક ધરાવતી, વધારે પડતા મવાળ વાદીઓની બનેલી સમાધાન સમિતિને આખરે કેન્દ્રીય સમાજને તા. ૨૭.૦૨.૨૦૧૦ ની ઘટના પછી શા માટે અભેરાઈએ ચડાવી દેવી પડી? ત્યાર પછી સમાજ માં ઠેર ઠેર જાગૃતિ આવવાને લીધે કેન્દ્રીય સમાજની નેતાગીરીને આખરે ખબર પડી કે ખરી વાસ્તવિકતા શું છે? અરે યુવા સંઘ ના થનગનતા આગેવાનો ભાઈ શ્રી જયંતીભાઈ લાકડાવાળા અને ભાઈ શ્રી ગૌરાંગભાઈ ધનાણી અને તેમના સહયોગીઓને પણ ખબર પડી કે સમાજના સ્થાપક વડીલોનો સમાજની સ્થાપના વખતે શું મેન્ડેટ અને શું આદેશ હતો? તેને લઈને આ સમાજ જાગૃતિ અભિયાન માં આ યુવાનોએ પણ ઝંપલાવ્યું. આ બધી વાતોને લઈને કેન્દ્રીય સમાજના નેતાઓને પણ સમજાણું કે સાચી હકીકત શું છે અને ત્યાર પછી તેમના વલણ માં કડક બદલાવ આવ્યો જે સત્ય અને અપેક્ષિત હતું. આને પાટીદાર સંદેશ જેવા કહેવાતા સેક્યુલરીષ્ટો કઈ રીતે મુલવે છે તેથી કેન્દ્રીય સમાજની સનાતની વિચારધારાને કંઈ જ ફરક નથી પડવાનો.

૮. પાટીદાર સંદેશ નો આરોપઃ

''આ બધી પૂર્વભૂમિકા ના સંદર્ભમાં માત્ર એટલુંજ કહેવું છે કે તેને સાંપ્રદાયિક ગ્રહણ લાગી ગયું..........અને શ્રી રામજી બાપાની 'દિલગીરી' અને 'માફી' માગવા સાથે અધીવેસન પૂરું થયું.''

જાગૃતિ સમિતિનો જવાબઃ

પાટીદાર સંદેશનો આ તદ્દન ખોટો આરોપ છે. કેન્દ્રીય સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ અને જ્ઞાતિનાં પંચમ અધીવેસન માં જે સનાતની ભાઈઓની હાજરી હતી તે બેજોડ હતી. સમગ્ર ભારતભરમાં થી ઉમટેલા સમાજના ભાઈઓને કેન્દ્રીય સમાજના હાલ ના વલણ ને લઈને એમ વિશ્વાસ બેઠો હતો કે આખરે કેન્દ્રીય સમાજે પોતાનો ધર્મ સનાતન ધર્મ છે એમ સ્પષ્ટતા કરી છે. અને સમાજનો સ્વર્ણીમ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તે માત્ર અને માત્ર સનાતાનીઓ નો જ ઉત્સવ છે એમ તેમને લાગ્યું હતું. જે સતપંથી ભાઈઓ હતા તેઓને તો આ સ્વર્ણીમ મહોત્સવ ન ઉજવાય તેમાં રસ હતો કારણ કે તેમની પોતાની સમાજ તો સતપંથ સમાજ છે જે ૫૦૦ વરસ પહેલાં પણ મોજુદ હતી, ૫૦ વરસ પહેલાં પણ મોજુદ હતી અને આજે પણ મોજૂદ છે. માટે તેઓ આપણો સ્વર્ણીમ મહોત્સવ વિના વિઘ્ને સારી રીતે ઉજવાઈ જાય તેવું અંદરખાને થી નોતા ઈચ્છતા. એટલા માટે થઈને જ ફક્ત આ વિઘ્નસંતોષી સતપંથના ભાઈઓએ તેમના આગેવાનો ની દોરવણી થી યજ્ઞો માં હાડકા નાખવાનું કામ શુરુ કર્યું. અને નીચે જણાવેલ દુષ્કૃત્યો ની શુરુઆત કરી.

૧. તા. ૧.૫.૨૦૧૦ ના સતપંથ સમાજના ભાઈઓએ શ્વેતપત્ર વિરુદ્ધ કાઢેલ સરઘસ અને સતપંથ સમાજના પ્રમુખે કરાવેલ શ્વેતપત્રની હોળી.
૨. ખાનાઈ માવજી ડાહ્યા દ્વારા સમાજની તા. ૭.૫.૨૦૧૦ ના બોલાવવામાં આવેલ અસાધારણ સામાન્ય સભા પર રોક લગાવવા માટે નાયબ ચેરીટી કમિશનર રાજકોટમાં કરવામાં આવેલ ફરીઆદ અને સભા ઉપર રોક લગાવતો વચગાળાનો ઓર્ડર.
૩. આપણા સ્વર્ણીમ મહોત્સવમાં મુખ્ય અતિથી તરીકે આમંત્રિત કરેલ ગુજરાત રાજ્ય નાં મહા મહિમ રાજ્યપાલ સાહેબા ને સતપંથ સમાજના ભાઈઓએ અરજી કરીને રોક્યા.
૪. કેન્દ્રીય સમાજના ૫૫ જેટલા ટ્રસ્ટી-હોદ્દેદારો અને કારોબારી સભ્યો ઉપર નાયબ ચેરીટી કમિશ્નર રાજકોટ દ્વારા અરજદાર સતપંથ સમાજના ભાઈઓ મારફત મોકલાવવા માં આવેલ નોટીસો.
૫. આ લખાય છે ત્યારે કેન્દ્રિય સમાજ અંતર્ગત આવતી ભારત ભરની ૨૯ ઝોનના પ્રમુખ – મંત્રી ઉપર સતપંથ સમાજના ભાઈઓ દ્વારા મોકલાવવા માં આવેલ નોટીસો.

૯. પાટીદાર સંદેશ નો આરોપઃ
"આ વિષયે ઘણું બધું કહી / લખી શકાય તેમ છે. પરંતુ અમે તેમ કરીને વ્યર્થ વિવાદના વમળો ઉભાં કરવા માંગતા નથી....."

જાગૃતિ સમિતિનો જવાબઃ
વ્યર્થ વિવાદના વમળો તો આ પાટીદાર સંદેશ ના વિદ્વાન તંત્રીઓ એ આટલું બધું એક તરફું (સતપંથ તરફું) લખીને વિવાદો ઉભા કરવા હેતુ માત્ર થી ઉભા કરીજ નાખ્યાં છે. સમાજનો અને જ્ઞાતિનો સાચો ઇતિહાસ તપાસ્યા વગર, તેનો અભ્યાસ કર્યા વગર આ કહેવાતા વિદ્વાન તંત્રીઓએ એક તરફું લખાણ લખ્યા જ રાખ્યું છે. જ્ઞાતિમાં કેશરા પરમેશ્વરા બાપાના સમય થી આજ દિવસ સુધી સતપંથ અને સનાતન ધર્મ રહ્યા છે. પણ બંને ધર્મ ના લોકોની સમાજો એક નથી રહી, અલગ અલગ રહી છે. સુધારક અને કેન્દ્રીય સમાજના સ્થાપક વડીલોનું સ્વપ્ન હતું કે વખત જતાં આ સતપંથી ભાઈઓ મુસલમાની ઓળખ ધરાવતો પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ આપણી કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં ભળી જશે. પણ સુધારક વડીલોની તે આશા ઠગારી નીવડી. તે માટે કોઈ જવાબદાર હોય તો તે છે આ પાટીદાર સંદેશ ના મવાળવાદી તંત્રીઓ, સમજના દૂધ અને દહી માં પગ રાખવાવાળા, ગાલાવેલા, બે ઘોડે ચડવા વાળા દિશા શૂન્ય માણસો. **અરે જુઓ તો ખરા કે આપણા જ મતિયા પાટીદાર ભાઈઓ જેઓ પણ આ પાખંડી પીરાણા સતપંથ ની જાળ માં ફસાઈ ગયા હતા. પણ જ્યારથી એ લોકોને ખબર પડી કે એ પીરાણા સતપંથ ધર્મ તે લોકોને લાયક ધર્મ નથી ત્યાર પછી એ લોકોએ પીરાણા સતપંથને પાછું વળીને જોયું નથી.**

આપણી કેન્દ્રીય સમાજનો બોહોળો વર્ગ (સનાતની વર્ગ) એજ સમાજના દૂધ અને દહી માં પગ રાખવા વાળા લોકોના પાપ ના ભોગે ૫૦-૫૦ વરસ સુધી કચડાતો રહયો, દબાતો રહયો અને સતપંથી ભાઈઓ તેના સતપંથ ધર્મ બાબતે પાંગરતા રહ્યા – કાઠું કાઢતા રહ્યા. કેન્દ્રીય સમાજ સનાતન ધર્મ બાબતે દિશા શૂન્ય બની ગઈ. **આજે પણ પાટીદાર સંદેશ ના તંત્રીઓ જેવા કહેવાતા વિદ્વાનો અને અન્ય બબ્બર-ફોડા લોકોના અસ્પષ્ટ, ગોળ-ગોળ, મવાળ નીતિઓ અને વિધાનો ના લીધે સમાજમાં અંધાધૂંધી ફેલાઈ રહી છે.** ના કે સનાતન ધર્મ જાગૃતિ વાળા ના સત્ય આધારિત ભાષણો દ્વારા સમાજમાં અંધાધૂંધી ફેલાઈ રહી છે. અત્યારની જે ધાર્મિક બાબતે કેન્દ્રીય સમાજમાં સર્વત્ર જાગૃતિ આવી છે તે અકલ્પનીય અને શાશ્વત છે. ધાર્મિક બાબતે અસ્પષ્ટ લોકોને હવે સમાજમાં રહેવા નહિ મળે તે વાત હવે ચોક્કસ થઇ ચુકી છે.

૧૦. પાટીદાર સંદેશ નો આરોપઃ

"કેન્દ્રીય સમાજના નિર્ણય થી

૧. જ્યાં સનાતન સમાજની વસતી છે તેવા વિસ્તાર/ગામો.

૨. જ્યાં સતપંથ સમાજના ભાઈઓની વસતી છે તેવા ગામો અને

૩. જ્યાં બંને સમ્પ્રદાય (ધર્મ) ના ભાઈઓ સાથે રહે છે ત્યાં અલગ અલગ પરીસ્થીતી ઉદ્ભવી છે. તો બીજી તરફ .... સારસ્વત જેવા બૌધિક પરિવારો સાંપ્રદાયિક બાબતો થી અલગ રહ્યા છે તે સુચક છે. તો કેન્દ્રીય સમાજે તેના આજીવન સભ્યોને ....? આવા પ્રશ્નો નો કોઈ ઉત્તર નથી."

જાગૃતિ સમિતિનો જવાબઃ

કેન્દ્રીય સમાજના નિર્ણય થી અલગ અલગ જગ્યાએ અલગ અલગ પરિસ્થિતિ નિર્માણ થઇ છે તેમાં શી નવાઈ છે ભાઈ? તે તો સ્વાભાવિક અને અપેક્ષિત જ હતું. કેન્દ્રીય સમાજની સ્થાપના શા હેતુથી? શા ઉદ્દેશોને લઈને અને કયા સંદર્ભોને લઈને કરવા માં આવી હતી? **તે સર્વે બાબતોનો નિચોડ લઈને મોડા તો મોડા પણ કેન્દ્રીય સમાજે ધાર્મિક બાબતે જે નિર્ણયો લીધા છે તે સમજી વિચારીને, દુરંદેશીપણું દેખાડી ને લીધા છે. તેથી અમુક માણસો (જે પીરાણા સતપંથ મત ને હજી સુધી વળગી રહ્યા છે) ને પસંદ નહિ પણ હોય તેથી કંઈ કેન્દ્રીય સમાજના સ્થાપના વખતે ના હેતુઓ, ઉદ્દેશો કે પછી સંદર્ભોને બદલાવી તો ના જ શકાય.** આવી પરીસ્થીતી ક્યારેક નિર્માણ થવાની જ હતી. સત્યને દબાવી શકાતું નથી અને બદલી પણ શકાતું નથી. ૫૦-૫૦ વરસ સુધી કેન્દ્રીય સમાજે અને તેના સનાતની સભ્યોએ સતપંથીઓની વાટ જોઈ કે મારો સતપંથી ભાઈ કલંકિત પીરાણા સતપંથ મતને છોડીને મારી સાથે ભળી જશે. પણ તે આશા ઠગારી નીવડી. ઉલટાનું કેન્દ્રીય સમાજ માં રહી તે પોતાના સતપંથ મત ને વળગી રહ્યો, એટલુંજ નહિ ત્યાં તે કાઠું કાઢતો ગયો અને છેલ્લે છેલ્લે તો કેન્દ્રીય સમાજ ના સનાતની ભાઈઓને વિવિધ પ્રકારની લાલચો આપીને, અંધશ્રદ્ધા અને છેતરપીડી કરીને તેના સતપંથ ધર્મ તરફ વટલાવવા લાગ્યો. તે સમયે પણ શું સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ કે તેના સનાતની સભ્યો ચુપ બેસી રહીને તમાશો જોયા કરે? માટે પાટીદાર સંદેશ નો ઉપર જણાવ્યો આરોપ પણ ખોટો જ છે. માટે સાચી હકીકતોનો તાગ તો મેળવો. વળી પાછું પાટીદાર સંદેશ લખે છે કે વિવિધ પરિવારો, મેડીકોઝ, ટેક્નોક્રેટ, સી. એ., સારસ્વત જેવા બૌધિક પરિવારો સાંપ્રદાયિક (ધાર્મિક) બાબતો થી અલગ રહ્યા તે તદ્દન ખોટી અને આધાર વિહોણી વાત છે. પાટીદાર સંદેશના વિદ્વાન તંત્રીઓ શું આધારે એ વાત કરે છે? અરે ઘણા ડોક્ટરોએ તો એ વાત નો પણ સ્વીકાર કર્યો છે કે સતપંથ આપણી જ્ઞાતિ માટે કેન્સર સમાન છે. તેઓ એ દાખલો આપતા એમ પણ કહ્યું "અમારી ડોકટરી ભાષા માં કહીએ તો શરીર માં કંઈક દર્દ થાયતો પહેલાં અમે દવા આપીએ. તેનાથી ના મટે તો ઈન્જેક્સન આપીએ, તેમ કરતાં એ ના મટે તો પછી તે દર્દ કેન્સર છે કે નહિ તેની જાંચ કરીને તે ભાગને ઓપરેસન કરીને શરીર થી કાપીને દુર કરી નાખીએ. તે જ પ્રમાણે સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં સતપંથ રૂપી કેન્સર હોય તો તેને સમાજ માં થી કેન્સર સમજીને દુર કરવા જ રહ્યા". અરે સારસ્વત પરિવારે તો સ્વર્ણીમ મહોત્સવમાં સમાજ અને જ્ઞાતિના ઈતિહાસ આધારિત 'સ્વર્ણીમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર' નામની એક નાટિકા પ્રસ્તુત કરી. તે નાટિકાએ તો સમગ્ર જ્ઞાતિજનો ની આંખો ખોલી નાખી. ત્યારે કચ્છ ની પ્રજા માણી રહેલ તેનું જીવંત ટીવી પ્રસારણ થી વંચિત રાખવા સતપંથીઓએ કરેલ કેબલ કાપી નાખવાનું અપકૃત્ય થી શું પાટીદાર સંદેશના વિદ્વાન તંત્રીઓ અજાણ છે? જો અજાણ હોવ તો તમારી પત્રકારિતા પર મને હવે સંદેહ છે કે તમારી પત્રકારિતા કેવા પ્રકારની છે..

૧૧. પાટીદાર સંદેશ નો આરોપઃ

"નખત્રાણા ખાતેની આપણી કેન્દ્રીય સમાજ આપણા સૌ માટે શ્રદ્ધા અને આસ્થા નું કેન્દ્ર છે..........ઘણી વાર તો આ

સમાજનું કોઈ ધણી ધોરી છે કે કેમ? તેવો સવાલ મનમાં ઉઠે છે. આ માહોલ માં થી વિશેષ સંઘટીત અને ઉજ્વળ થઈને બહાર આવીશું કે નાના ટુકડાઓ માં વહેંચાઈ જઈશું તે કદાચ આવનારો સમય જ કહેશે. અમે તો માત્ર અમારા વિચારો જ વ્યક્ત કર્યા છે.''

જાગૃતિ સમિતિનો જવાબઃ

પાટીદાર સંદેશના કહેવાતા વિદ્વાન તંત્રીઓએ કેવળ તેના વિચારો જ પ્રગટ નથી કર્યા. તેઓએ તો આવા વિચારો જ્ઞાતિ સમક્ષ મુકીને તેઓ સતપંથ ધર્મ અને સતપંથીઓ તરફી છે તેવું પુરવાર કરી આપ્યું છે. અમે પૂછીએ છીએ કે સતપંથ સમાજના ભાઈઓએ આચરેલ દુષ્કૃત્યો થી તેઓ અજાણ છે કે પછી અજાણ થવાનો ડોળ કરે છે. સતપંથીઓ ને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં રહેવું છે પણ પોતાની સંપૂર્ણ શ્રદ્ધા પીરાણા સતપંથ ધર્મમાં અને સતપંથ સમાજમાં રાખવી છે. તેઓને બેય ઘોડે ચડવું છે. વધારેમાં આ વિદ્વાન તંત્રીઓ લખે છે કે આપણી કેન્દ્રીય સમાજ આપણા સૌ માટે શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર છે. ''આપણા સૌ માટે'' એટલે શું? કેન્દ્રીય સમાજ તો ફક્ત અને ફક્ત સનાતની ભાઈઓ માટે કેન્દ્રનું સ્થાન રહી છે, હાલમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. જો સતપંથના ભાઈઓએ કેન્દ્રીય સમાજને પોતાની શ્રધ્ધાનું અને આસ્થાનું કેન્દ્ર માની હોત તો તેઓએ

૧. નખત્રાણા માં જ પોતાની શ્રદ્ધાનું બીજું એક નિષ્કલંકી ધામ કેન્દ્રીય સમાજ થી અલગ ના બનાવત.
૨. તેઓએ કેન્દ્રીય સમાજથી અલગ અને ગામે ગામ ના સનાતની મંદિરો થી અલગ પોતાની સતપંથ સમાજ કે પોતાની શ્રધ્ધા ના કેન્દ્ર એવા ખાનાં કે જ્યોતીધામો ચાલુ રાખ્યાં ના હોત
૩. તેઓ પોતાની કમાણી માં થી દશોન્ધ કે તેના જેવા અન્ય લાગાઓ પીરાણાએ ન મોકલાવત. તેને બદલે તેઓને કેન્દ્રીય સમાજ પ્રત્યે જરા પણ આસ્થા કે શ્રધ્ધા હોત તો તે દશોન્ધ નખત્રાણા આપણી કેન્દ્રીય સમાજને મોકલાવત.
૪. કેન્દ્રીય સમાજે બહાર પાડેલ શ્વેતપત્ર વિરુદ્ધ સરઘસ ના કાઢ્યું હોત અને તે શ્વેતપત્રની હોળી ન કરી હોત.
૫. કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી-હોદેદારો ને સનાતની ભાઈઓ ઉપર છાસ વારે ખોટી પોલીસ ફરીઆદો અને અદાલતી કેસો ન કરત.
૬. કેન્દ્રીય સમાજની તા. ૭.૫.૨૦૧૦ ના બોલાવવામાં આવેલ અસાધારણ સામાન્ય સભા અટકાવવા માટે રાજકોટ નાયબ ચેરીટી કમિશનર પાસે ફરીઆદ ના કરત.
૭. કેન્દ્રીય સમાજના જીવન માં માત્ર એક જ વાર આવતો સ્વર્ણીમ મહોત્સવ માં આમંત્રિત મુખ્ય મહેમાન ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ સાહેબા ને ઉપસ્થિત ન રહેવા માટે અરજી ના કરત.

આવી તો કેટલીએ બાબતો છે તે શું પાટીદાર સંદેશ ના તંત્રીઓને ખબર નથી? શું તેઓ તઠસ્થ રહીને મીડિયા ની જવાબદારી સમજીને પોતાના વિચારો નથી આપી શકતા? ઉલટાના લખે છે કે આપણી કેન્દ્રીય સમાજ ધણી ધોરી વગરની થઇ ગઈ છે. શરમ નથી આવતી તેઓને એમ લખવા માં? હોય તેઓ માં દમ તો લખી બતાવે પીરાણા સતપંથ ધર્મ ના કહેવાતા આગેવાન કાકાઓ ના વિરુદ્ધ માં કે જ્યાં કેન્દ્રીય સમાજ કે સનાતનીઓના વિરુદ્ધ ના તમામ નિર્ણયો લેવાય છે. હોય તમારા માં દમ તો લખી બતાવો કેન્દ્રીય સમાજમાં પડ્યા રહેલા દામોદર ઘોઘારી જેવા

સતપંથ ના દલાલો વિરુદ્ધ. તમે નહિ લખો કારણ કે તમો એમની શેહ માં જીવો છો અને કદાચ તમોને ડર છે કે વળી પાછા આ સતપંથ સમાજના ભાઈઓ અમારા ઉપર કેસો ઠોકી બેસાડશે તો? શું તમે ડરપોક છો? સતપંથ ભાઈઓ થી બીક લાગે છે? અમોને પણ ખબર છે કે કેન્દ્રીય સમાજના સુકાનીઓ પરિપક્વ અને ઠરેલા હોય તે અપેક્ષિત છે. પણ સતપંથીઓ દ્વારા જ્યારે

કેન્દ્રીય સમાજમાં રહીને કેન્દ્રીય સમાજની અને સનાતાનીઓની ઘોર ખોદતા હોય ત્યારે કેન્દ્રીય સમાજના હોદ્દેદારોને ઉચિત પગલાં ભરવા જ પડે છે. અને તેઓએ તે ભર્યાં તે પ્રશંશનીય, કાબેલે તારીફ, આવશ્યક અને ઐતિહાસિક છે તે માટે તંત્રીશ્રીઓ તમારા પેટ માં તેલ શીદને રેડાય છે?

આપણી કેન્દ્રીય સમાજ જ્ઞાતિના એવા સુધારક વડીલો દ્વારા સ્થાપિત થઇ છે કે જેઓએ જ્ઞાતિને કલંક રૂપ એવા પીરાણા સતપંથ મત નો સદંતર ત્યાગ કરી આપણા મૂળ સનાતન હિન્દુ ધર્મ નો સ્વીકાર કરી એજ સનાતન ધર્મ પાળતા ભાઈઓના (માત્ર અને માત્ર સનાતન હિન્દુ ધર્મ પાળતા ભાઈઓના) હિતો ની રક્ષા કરવા હેતુથી કેન્દ્રીય સમાજની સ્થાપના કરવા માં આવી છે. અને આ જ સમાજના ધુરીણોએ છેક સન ૧૯૪૫ માં આપણા કુળદેવી મા ઉમિયા માતાજી ના મંદિર ની પણ વાંઢાય – ઈશ્વરનગર મુકામે માત્ર અને માત્ર સનાતની ભાઈઓના હિતાર્થે સ્થાપના કરી હતી.

છેલ્લે જ્ઞાતિજનોને નમ્ર નિવેદન સાથે વિનંતી છે કે આપણી કેન્દ્રીય સમાજમાં, આપણી જ્ઞાતિમાં એવા લોકો જ રાખો કે જેઓએ પીરાણા સતપંથ મત નો સદાયને માટે ત્યાગ કરીને આપણા મૂળ સનાતન હિન્દુ ધર્મ નો અંગીકાર કર્યો હોય. દૂધ અને દહી માં પગ રાખવા વાળા, બબ્બરફોડા, બે ઘોડે ચડવા વાળા, ગાલાવેલા, સતપંથ તરફી ગાણા ગાતા, સતપંથ ના દલાલો થઈને ફરતા લોકોને કેન્દ્રીય સમાજમાં થી જાકારો આપશું તો જ આપણી કેન્દ્રીય સમાજનો ૫૦ વરસ પછી પણ સોનાનો સુરજ ઉગશે તે સનાતન સત્ય છે.
બોલો સનાતન ધર્મ કી જય – જય સનાતન
અ.ભા.ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વતી
રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર તા. ૧૫.૧૧.૨૦૧૦

તા. ૧૦.૧૨.૨૦૧૦ ના કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સૂચવેલ કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિનો પાંચ સુત્રી કાર્યક્રમ
આ સમયમાં ગામે ગામ સતપંથ ના ભાઈઓને ભેળવવાની, બીજા શબ્દોમાં કહું તો ભેળવવાની એક ફેશન ચાલુ થઇ ગઈ હતી. તેમાં પણ સતપંથ ના ભાઈઓની એક ચાલ જણાઈ આવતી હતી. ચાર ભાઈના પરિવારમાં બે ભળે અને બીજા બે ન ભળે ત્યારે વિચારવું બહુ જરૂરી પડી જતું હતું. કારણકે આપણને એમ લાગે કે જે બે નથી ભળતા તે ગામના ખાનાની (જોતીશ ધામની) મિલકત પર કબજો હક્ક જમાવીને બેસી ગયા હોય અને બીજા બે આપણી સનાતની સમાજમાં પગ પસેરો કરતા હોય. ત્યારે આપણા સનાતની લોકોને એમ કે જે આવે છે તેને લઈ લોને, આપણો લીટો લાંબો કરોને, બાકીના બે નહિ આવે તોય ચાલશે. પણ આમાં ગામ નું ભલું નથી થતું. ગામના સૌ પાટીદાર ભાઈઓ એક તાંતણે નથી બંધાતા. પીરાણા સતપંથ ની લેફ તો રહી જ જાય છે. માટે ખાનાનું વિસર્જન તો જ શક્ય બને જો દરેક ગામ, મેં અહી સુચવેલા પાંચ સુત્રી કાર્યક્રમ નું ચુસ્તપણે પાલન કરે.

પાંચ સુત્રી કાર્યક્રમઃ
- ૧. દરેક ગામના બાકી રહેલા સતપંથ ના ભાઈઓ સામુહિક રીતે (એકલ-દોકલ નહી) પીરાણા નો હંમેશને માટે (સદંતર) ત્યાગ કરે અને અત્યારે જે તેઓ ઈમામશા બાવાની કબર ની પૂજા કરે છે તે કબર અને પીરાણામાં જે કંઈ સ્થાવર મિલકત છે તે ઈમામશા બાવાના વંસજોને (પીરાણા ના સૈયદોને) અર્પણ કરી આવે. કારણ એજ કે જ્યાં સુધી પીરાણું મોજુદ હશે ત્યાં સુધી આ સતપંથી ભાઈઓનું મન ત્યાં જ ભટકયા કરશે (ના રહે બાંસ ના બજે

બાસુરી).

- ૨. અત્યાર સુધી આપણા જ પૂર્વજોએ ૫૦૦ વરસથી પીરાણે આપતા રહેલ દશોન્દ-વિશોન્દ અને અન્ય લાગાઓ થી જે કંઈ ખજાનો બન્યો છે તેનો સાચો રીપોર્ટ અત્યારના પીરાણા ના આગેવાનો કેન્દ્રીય સમાજને આપે અને કેન્દ્રીય સમાજ માં તે ખજાનો બીન-શરતે જમા કરાવે (કારણ કે આ ખજાનો આપણા પૂર્વજોએ આપેલ દશોન્દ, વિશોન્દ અને અન્ય લાગાઓ થી જ બનેલો છે).
- ૩. આપણા જ પૂર્વજોએ ગામે ગામ ઉભી કરેલી ખાના ની મિલકત અત્યારે જે નામથી હોય (જ્યોતીધામ અથવા તો નિષ્કલંકીધામ કે અન્ય જે નામે હોય) તેનું કાયદાકીય રીતે જે તે ગામ ની શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજમાં વિના શરતે વિલીનીકરણ કરી નાખે.
- ૪. નખત્રાણા માં જ્ઞાતિની કેન્દ્રીય સમાજ હોવા છતાં તેની પ્રતિસ્પર્ધા કરવા હેતુ માત્ર થી નખત્રાણા માં જ ઉભું કરેલું નિષ્કલંકી ધામમાં થી બાવા ઈમામશાહ અને નિષ્કલંકી નો ત્યાગ કરી તે મિલકત કેન્દ્રીય સમાજ માં વિના શરતે કાયદાકીય રીતે વિલીનીકરણ કરી નાખે.
- ૫. જે સતપંથી ભાઈઓ (સામુહિક રીતે) સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ માં અથવા તો જે તે ગામોની સનાતન સમાજો માં ભળવા માગતા હોય તેઓ તેમના ઘરે અને વ્યવસાઈક સ્થળોએ પીર ઈમામાંશાહ અને તેના જ ભેજાની પેદાશ એવા નિષ્કલંકી ના ફોટાઓ નો સદંતર ત્યાગ કરે. (આપણા હિન્દુ શાસ્ત્રમાં દશમા અવતાર તરીકે કલકી ભગવાન જન્મ લેશે તેવો ઉલ્લેખ છે, નિષ્કલંકી નો ઉલ્લેખ ક્યાંય નથી. તે ઈમામશાહ બાવા ના ભેજાની પેદાશ માત્ર છે).

ઉપરના પાંચ સુત્રોનું ચુસ્તપણે પાલન કરે તો જ આપણે સતપંથીઓ ને સામુહિક રીતે ભેળવી શકીએ અન્યથા નહિ. એકલ દોકલ ને હવે પછી ભેળવવાનું બંધ કરીએ. તે માટે તારીખ અને દિવસ નક્કી કરીએ. આટલું હવે નહી કરીએ તો સંપૂર્ણ જ્ઞાતિ ને એક તાંતણે બાંધી નહિ શકીએ અને જ્ઞાતિ પહેલાં ની જેમ ધાર્મિક રીતે અસ્પષ્ટ થઇ ને અંધારામાં અથડાયા કરશે – ઠોકર ખાતી રહેશે.

અત્યારે જાણવા મળ્યું છે તે મુજબ પીરાણા ના લાગતા વળગતાઓએ (કર્તાહર્તાઓ એ) સતપંથી ભાઈઓ માટે એક ફતવો બહાર પાડ્યો છે કે "હમણાં ગામે ગામ ની સમાજોમાં સતપંથી ભાઈઓ પર પસ્તાળ (ભજ) પડી છે એટલે સમાજ જેમ કહે તેમ સનાતની બની ને ભળી જાઓ. થોડા દિવસ પછી આ સનાતની જુવાળ ટાઢો પડશે ત્યારે ફરી પાછા આપણે સમાજમાં સતપંથ નો પ્રચાર કરી શકીશું". એટલા માટે આપણે સૌ સનાતાનીઓ એકલ – દોકલ સતપંથી ને ભેળવવાનું બંધ કરીએ અને હવે આપણી સનાતની સમાજોમાં એ લોકોને ભેળવવા હોય તો ઉપર જણાવેલ પાંચ સુત્રી કાર્યક્રમ નો ચુસ્ત પણે અમલ કરાવી સામુહિક રીતે ભેળવીએ તોજ જ્ઞાતિમાં એકવાયતા જળવાશે અન્યથા નહિ જળવાય. સમાજમાં આ રીતે સનાતન ધર્મ બાબતે એકવાયતા જળવાશે અને તેના ફળ ૫-૧૦ વરસે આપણી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજને મળશે તે ચોક્કસ વાત છે. અન્યથા નહિ મળે.

લી. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર-૧૦.૧૨.૨૦૧૦

તા. ૩.૦૨.૨૦૧૧ ના રોજે મુંબઈના ઉમેશભાઈ નાથાણીએ (તેઓ મુંબઈ ઝોનના મહામંત્રી પદે અત્યારે છે) એક ઈમૈલ મેસેજ રીયલ પાટીદારના માધ્યમથી મને મોકલાવ્યો હતો તે નીચે પ્રમાણે છેઃ

From Umesh Nathani udnathani@gmail.com via googlegroups.com
3 Feb 2011, 12:47
to realpatidar, sanatanpatidar.

સર્વે સનાતાનીભાઈઓ ને મારા હરીઓમ ,
આપ સૌ જાણો છો તેમ તા.૩૦-૧-૨૦૧૧ ના ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત સાબરકાંઠા વિસ્તારની સમાજો દ્વારા “સમજે પાટીદાર” નામ થી એક મીટીંગ નું આયોજન કરવામાં આવેલ અને તેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ હતા. અને તે મીટીંગમાં જે ઠરાવો પાસ થયેલ તેની કોપીઓ પણ તમોને મળેલ હશે.

ઉપરોક્ત આયોજન બદલ ત્યાની ત્રણે સમાજોને તેમજ કેન્દ્રિય સમાજના પ્રમુખશ્રી રામજીભાઈ નાકરાણી, હિમતભાઈ ખેતાણી, જયંતીભાઈ લાકડાવાળા, ગૌરાંગ ધનાણી, રમેશભાઈ વાગડિયા, રમેશ ગોરાણી, પ્રેમજી કેસરાણી, સર્વેને અમારા ખુબ ખુબ અભિનંદન અને ધન્યવાદ.

સમગ્ર ભારતમાં જેટલી સમાજો આવેલી છે તે સમાજોમાં જયારે કારોબારી સભ્યોની ચુંટણી થાય ત્યારે એક વાતનું સૌએ ધ્યાન રાખવાનું છે કે તે કારોબારી સભ્યોમાં શુધ્ધ સનાતની ભાઈઓ ને જ ચુંટવાના છે અને આવનારી કેન્દ્રિય સમાજની ચુંટણીના સમયે ભારતભરમાંથી બહોળી સંખ્યામાં હાજર રહી દૂધ અને દહીમાં પગ રાખનારને તેની જગ્યા બતાવવાની છે. અને શુધ્ધ ચોખી સમાજનું નિર્માણ કરવાનું છે. પછી તે કેન્દ્રિય સમાજ હોય કે કેન્દ્રિય સમાજની સલગ્ન સંસ્થા હોય.

અમારે ત્યાં મુંબઈમાં મુંબઈ ઝોનના નેજા હેઠળ ૨૨ સ્થાનિક સમાજ આવેલી છે તેમાં લગભગ ૧૫ જેટલી સમાજોએ કેન્દ્રિય સમાજ દ્વારા આવેલ નીતિ નિયમો પાળવાનું શરુ કરી દીધેલ છે. તેમાં મુખત્વ ૧) શ્રી ઘાટકોપર સમાજ ૨) શ્રી ભીવંડી સમાજ. ૩) શ્રી અંધેરી સમાજ, ૪) શ્રી વસઈ સમાજ, ૫) શ્રી શહાડ સમાજ, ૬) શ્રી મુલુંડ સમાજ, ૭) શ્રી થાણે સમાજ, ૮) શ્રી મલાડ સમાજ, ૯) કલ્યાણ સમાજ વગેરે અને બાકી સમાજો પણ પોતાની સમાજોમાં પરિવર્તન કરવાની પ્રક્રિયા શરુ કરી દીધેલ છે. કેન્દ્રિય સમાજના નીયોમોને ભંગ કરનાર પર કાર્યવાહી કરતા કોઈ વિવાદ અથવા સતપંથ દ્વારા કોર્ટ કાર્યવાહી થાય તો ગભરાયા વગર સામનો કરવાનો છે કેમકે સતપંથીઓને કોર્ટ કચેરી સિવાય બીજો હવે વિકલ્પ જ નથી તેઓને કોર્ટ કચેરીના શોખ હવે આપણે પુરા કરીશું.

આવી જ રીતે સમગ્ર ભારતમાં જાગૃતિ આવેલ છે અને તેને ધીરે ધીરે નક્કર સ્વરૂપ આપી સમાજના વિકાસ કાર્યો પણ કરવાના છે. બીજા કોઈ પણ વિવાદ કર્યા વગર કેન્દ્રિય સમાજની જે નીતિ છે તે પ્રમાણે આપણી સ્થાનિક સમાજોમાં કાર્યો કરવાના છે.
ઉમેશભાઈ નાથાણી , ઘાટકોપર, મુંબઈ

ઉપરોક્ત પત્ર ઈમૈલ દ્વારા મુકીને ઉમેશભાઈએ કેન્દ્રીય સમાજની સનાતની નીતિઓમાં પોતાનો વિશ્વાસ પ્રગટ કરેલ છે. હું અને અમારી આખી સનાતન જાગૃતિ સમિતીના દરેક સભ્યો ઉમેશભાઈને ધન્યવાદ આપતા હર્ષની લાગણી અનુભવિએ છીએ.

તા. ૩.૦૨.૨૦૧૧ ના કોઈ મણીલાલ ભાઈએ મને એક સંદેશ ઈમૈલ દ્વારા રીયલ પાટીદારના માધ્યમથી મોકલાવેલ તેની નોંધ

આ સંદેશ એ દર્શાવે છેકે આપણી જ્ઞાતિની સનાતની ચળવળની ચોથી ક્રાંતિ ને પરિણામે આમ જનતામાં કેટલી મોટી જાગૃતિ આવેલ છે અને લોકોની સનાતન ધર્મ જાગૃતિ પ્રત્યે કેટલો વિશ્વાસ અને આપેક્ષાઓ છે. વાંચો તે સંદેશ.

રમેશ ભાઈ વાગડીયા,
જય લક્ષ્મીનારાયણ,

વિષયઃ કલોલ સમૂહ લગ્ન તા. ૮.૦૨.૨૦૧૧ ના રોજે ચોરી નંબર ૧૭ માં દીકરી સનાતની છે અને દીકરો સતપંથી છે તે લગ્નને રોકવા બાબતઃ

સવિનય જણાવવાનું કે તા. ૮.૦૨.૨૦૧૧ ના કલોલ સમૂહ લગ્નમાં ચોરી નંબર ૧૭ માં દીકરી સનાતની છે જે ગોજરિયાના અને મૂળ નખત્રાણા તાલુકાના ગોજરિયા ગામ ના સનાતની ની છે. તેની સાથે દીકરો જે છે તે અહી નંદાસણ અને કચ્છ ગામ માતાના મઢના સતપંથ પરિવારનો છે. તો આપ કલોલ સમાજ સમૂહ લગન સમિતી પાસે થી તત્કાલ જવાબ માંગશોજી.

તા. ૩૦.૦૧.૨૦૧૧ ના હિંમતનગરમાં એક સનાતન સંમેલન હોઈ અને અત્યારે બાજુના ગામડામાં જ (ગોજરિયા અને નંદાસણ) આપણી દીકરી સતપંથમાં જાય તો આપને માથું નીચું કરવું પડશે. તે દિકરાનું સગપણ હારીજ ના સનાતની પરિવારમાં થયેલ હતું પણ હારીજ વાળા સનાતની હોવાથી સંબંધ કાપી નાખ્યો. ત્યાર બાદ ગોજારીયા વાળા સનાતની પરિવાની દીકરી સાથે તેનો સંબંધ જોડાણો અને તેના લગ્ન કલોલ સમૂહ લગ્નમાં થવાના છે. તો આ લગ્ન ન થાય તેવું તમારે જોવાનું છે.
લી. સનાતની ભાઈ શ્રી મણીલાલ

આ મણીલાલ ભાઈને હું ઓળખતો નથી અને મારાથી તે વખતે એને જવાબ પણ આપી શકાયો નથી. અને તે લગન અટકાવવામાં પણ હું અસક્ષમ હતો. પણ તે સનાતની ભાઈશ્રી મણીલાલ ની હિંમતને હું દાદ આપું છું. આવી કડકાઈ દરેક સનાતની ભાઈ દાખવશે તો મને પૂરે પૂરી ખાતરી છે કે એક દિવસ આપણે આપણી જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવી શકીશું. આ મણીલાલ ભાઈને રીયલ પાટીદાર ભાઈએ એમને યોગ્ય જવાબ આપ્યો હતો તે નીચે પ્રમાણે નો હતો.

તા. ૩.૦૨.૨૦૧૧

આદરણીય મણીલાલભાઈ,
તમારો ઈમૈલ મળ્યો અને વાંચીને દુઃખ થયું. તમારો ઈમૈલ રમેશભાઈ વાગડિયા માટે હોય એવું જણાઈ આવે છે એટલે મેં રમેશભાઈ વાગડિયા ને ઈમૈલ કરી આપ્યો છે.

ભવિષ્યમાં પણ આવા સમાચારો અને અંદરની વાતો પણ મોકલતા રહેશો એવી આશા રાખું છું.
તમારા ઈમૈલ બદ્દલ તમારો આભાર.

રીયલ પાટીદાર (Real Patidar)

તે અરસામાં એક સનાતની ટીમ નામે ''મવાળ સામે જુવાળ'' તૈયાર થઈ હતી તે ટીમમાં કોણ કોણ સભ્યો છે તેની મને જાણ નથી પણ તે ટીમે ઈમૈલ થી તા. ૪.૦૨.૨૦૧૧ ના રીયલ પાટીદારના માધ્યમથી એક પત્ર મોકલાવ્યો હતો. તે નીચે મુજબનો છે તેને રજૂઆત કરતા હું આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

Mavaal Same Juval mavalsamejuval@gmail.com via googlegroups.com
4 Feb 2011, 19:30
to realpatidar

ભાઈઓ,
જય લક્ષ્મીનારાયણ
તા. ૦૨.૦૨.૨૦૧૧

અમદાવાદના હોસ્ટેલ જમીન કૌભાંડ માં સંડોવાયેલા શ્રી દામજીભાઈ ગોગારી અને તેમના સતપંથના સાથીદારો દ્વારા થાણા-મુંબઈ ALL HEAVENS BANQUET HALL, FLOWER VALLEY COMPLEX, EASTERN EXPRESS HIGHWAY, THANE (WEST) ખાતે તા. ૨.૦૨.૨૦૧૧ ના સવારના ૯.૦૦ વાગેથી ૨.૦૦ વાગ્યા સુધી સમસ્ત કચ્છ કડવા પાટીદાર ફાઉન્ડેશન, અમદાવાદ નામની એક નવી સંસ્થા ઉભી કરીને કહેવ્વતો બિનસાંપ્રદાયિક (ત્રીજો મોરચો) ઉભો કરીને પૈસા ભેગા કરવા માટે મીટીંગ બોલાવેલ હતી. આ મીટીંગ માં સતપંથ ના ભાઈઓમાં ઝછ ભાઈલાલભાઇ કે પટેલ જેઓ અમદાવાદ ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે તેઓ આના માસ્ટર માઈન્ડ કહો કે પછી થીંક ટેંક કહો. તેમની સાથે બીજા માસ્ટર માઈન્ડ ગણાતા એવા વકીલ શ્રી સુરેશભાઈ કે ધોળુ સાથે મળીને ભાઈલાલભાઈએ ત્રીજો મોરચો ઉભો કર્યો છે. આ ત્રીજા મોરચા થી સતપંથ ના ભાઈઓના હિતોનું રક્ષણ કરી શકાય. આ સંસ્થાને કેન્દ્રીય સમાજની એક પ્રતિસ્પર્ધી સંસ્થા તરીકે ઉભી કરવામાં આવી છે એવું કહેવાય છે. આ સંસ્થાને સાથ આપવો એટલે કેન્દ્રીય સમાજની સાથે દગો કરવા બરાબર છે. આપણે બધાયને ખબર છે કે આ દામજીભાઈ ગોગારીએ કેન્દ્રીય સમાજની છેલ્લી સામાન્ય સભામાં જે વક્તવ્ય આપ્યું હતું તે કોણ ભૂલી શકે એમ છે? તે સભામાં દામજીભાઈએ લોકોની હાજરીમાં સમાજને ચેલેન્જ આપી હતી કે તમારાથી થાય એ કરી લો.

એ વાતની પુરેપુરી જાણકારી હોવા છતાં, વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી રવિલાલ કેસરા રામજીયાણી અને મુંબઈ સમાજના એક ટ્રસ્ટી શ્રી રવિલાલ શિવગણ પોકાર ઉપરોક્ત મીટીંગમાં સતપંથના ભાઈઓ જોડે હાજર રહ્યા હતા. આવા લોકો દેખાવ તો સનાતની છે એવો કરે છે પણ અંદર ખાનેથી સતપંથના ભાઈઓ જોડે ઘરોબો ધરાવતા હોય છે. આવા રવિલાલ કેસરા જેવા નબળા અને મવાળ નેતા આપણી સનાતની ઓળખ ધરાવતી, સનાતનીઓ દ્વારા ઉભી કરવામાં આવેલી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ તરીકે શું લાયક વ્યક્તિ છે? શું રવિલાલ કેસરા અને રવિલાલ શિવગણના રાજીનામા જે તે સંસ્થાઓએ લઈ લેવા ન જોઈએ? આનો જવાબ વાચક વર્ગ જરૂર આપશે.

લી. મવાળ સામે જુવાળ ટીમ

અમુક ભાઈઓ દ્વારા કેન્દ્રીય સમાજની થતી અવગણના

ઉપરોક્ત વિષય નો ઊંડાણથી અભ્યાસ કરતાં જાણવા મળ્યું હતું કે તે ઈમૈલ મેસેજમાં જે વાત કરવામાં આવી હતી તે વાતમાં પૂરે પૂરી સચ્ચાઈ છે અને સર્વે સનાતની ભાઈઓએ આની ઉપર ઊંડાણથી વિચાર કરીને યોગ્ય પગલાં લેવા જોઈએ. દામજી ગોગારીની વાત કરું તો કેન્દ્રીય સમાજની છેલ્લી સામાન્ય સભામાં એક શરમજનક ઘટના ઘટી હતી. સમાજની જમીન જે સ્કુલ બનાવવા માટે વેચાણથી લેવામાં આવી હતી તે જમીનને દામજીભાઈ ગોગારીએ પરબારી વેચી મારી હતી તે બાબતમાં તે સામાન્ય સભામાં તેની ઉલટ તપાસ થતાં તેણે (દામજીભાઈ ગોગારીએ) તેના વક્તવ્યમાં એમ જણાવ્યું હતું કે ''સમાજથી જે થાય તે કરીલે''. હાજર રહેલ સભ્યોએ તે નજરે નિહાળ્યું હતું. કેન્દ્રીય સમાજ તો આપણી માઈ-બાપ છે. તેને આવો તોછડો જવાબ આપતા તે વ્યક્તિનું પેટમાં પાણી પણ હાલ્યું નહિ. એટલું જ નહિ આપણા સર્વે સનાતાનીઓના પેટનું પાણી પણ હાલ્યું નહિ તે ખરે ખર એક તાજ્જુબની વાત ગણી શકાય. દામજી ગોગારીને કોઈ પુછવા વાળુ નોહતું. જેને જેમ મનફાવે એમ સમાજને ભાજી મૂળાની જેમ વાપરતા હતા. આવું કેન્દ્રીય સમાજમાં શા માટે થઈ રહ્યું હતું? આની પાછળ કયા પરિબળો કામ કરી રહ્યા હતા? આપણે ઊંડાણથી આ બાબતોનો અભ્યાસ કરશું તો જણાઈ આવશે કે આના મૂળમાં સતપંથ અને પીરાણું જ છે, જે દામજી ગોગારી જેવા અનેક લોકોને હાથા બનાવી ને કેન્દ્રીય સમાજને પાંગળી બનાવવાની પેરવી કરી રહ્યા છે. આ દામજી ગોગારી પણ એ જ વ્યક્તિ હતો જે વ્યક્તિને કેન્દ્રીય સમાજે તા. ૭.૮.૨૦૦૯ ની સામાન્ય સભામાં સતપંથ અને સનાતાનીઓ ની બનાવવામાં આવેલી સમાધાન સમિતિનો સદસ્ય ઘોષિત કરવામાં આવ્યો હતો. સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં કોઈ સનાતનીઓના પ્રશ્નનો નીવડો લઈ આવવા માટે તે સમિતિમાં સનાતની ભાઈઓ તો લેવામાં આવતા પણ તેની સાથે સતપંથના ભાઈઓ શું કામ લેવામાં આવતા તે અમારી માટે એક મોટો ન સમજાય એવો પ્રશ્ન હતો. વળી પાછું તે સમાધાન સમિતિમાં સનાતની ભાઈઓ પણ કેવા કે જેઓ સતપંથ મતથી રંગાયેલા હોય અને સતપંથ તરફી જોક ધરાવતા હોય ત્યારે સમાધાન કેવું થાય? જ્યારે જ્યારે સતપંથ—સનાતન બાબતે સમાધાનો થયાં છે સનાતાનીઓના ભોગે અને સતપંથ તરફી થયાં છે તેનો ઈતિહાસ ગવાહ છે. પણ આવું બધું કેન્દ્રીય સમાજમાં તે વખતે ચાલતું હતું. તેથી જ તો કેન્દ્રીય સમાજને પોતાની સનાતની સમાજ તરીકેની ઓળખ પાછી અપાવવા માટે અને તેના સનાતની સભ્યોને તેમના હક્કો કેન્દ્રીય સમાજમાં દેવડાવવા માટે સનાતાનીઓ ની ચોથી ક્રાંતિની ચળવળ ની શુરુઆત અમોને કરવી પડી હતી.

ધનપુરાકંપા સભા તા ૧.૦૩.૨૦૧૧

ધનપુરાકંપા ગામ તા.૨૮.૦૨.૨૦૧૧ થી તા.૨.૦૩.૨૦૧૧ ના ત્રિવિધ મહોત્સવ ઉજવવા જઈ રહ્યો હતો ત્યારે સનાતન ધર્મ જાગૃતિ સમિતિના વકતા તરીકે હિંમતભાઈ રતનશી ખેતાણી (મુંબઈ), રમેશભાઈ માવજીભાઈ વાગડિયા (બેંગલોર) અને પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી (ખારઘર-મુંબઈ)ને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ધનપુરાકંપાનો ત્રિવિધ મહોત્સવ એટલે

૧. વી.સ.૧૯૩૬ માં આ ગામનો વસવાટ થયો ત્યારે પહેલું તોરણ બંધાયું હતું તેનો આજે ૨૦૧૧ માં ૭૫ વરસ પૂરાં થતાં તેનો હીરક મહોત્સવ.
૨. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, અને
૩. શ્રી હનુમાનજી મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

આવા ત્રિવિધ મહોત્સવની ઉજવણી વખતે તે ગામના શ્રી નવનીતભાઈ આર. છાભૈયા, શ્રી નટવરભાઈ ટી. છાભૈયા, હિતેશભાઈ એ. ચૌહાણ, શ્રી પ્રવીણભાઈ વી. ચૌહાણ શ્રી નવનીતભાઈ અને અન્ય મોવડી ભાઈઓને એમ લાગ્યું કે આ મહોત્સવમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિને પણ જો બોલાવવામાં આવે અને કેન્દ્રીય સમાજનો અને જ્ઞાતિનો ઈતિહાસ

સભાજનોને તેઓ બતાવે તો આ મહોત્સવને ચાર ચાંદ લાગી જાય. તદ ઉપરાંત પ્રખર સનાતની ભાઈઓ જેવા કે રાજપુરકંપા વાળા શ્રી અમૃતભાઈ રામાણી, ધનસુરા વાળા અશોકભાઈ ભાવાણી, મોડાસા વાળા વસંતભાઈ રાજા લીંબાણી વગેરેના પ્રયાસથી અમારી આ સભા ગોઠવવામાં આવી હતી. આ સભામાં અમારા ભાષણોમાં આપણી જ્ઞાતિના ઈતિહાસ, કેન્દ્રીય સમાજના ઈતિહાસ તથા પીરાણા સતપંથમાં અત્યારે ચાલતી રહેલી તાકિયા પદ્દતીના બારામાં માહિતીઓ આપવાનું ચાલુ હતું તે સમયે સતપંથના ભાઈઓ દ્વારા પોલીસ ફરિયાદ થવાથી ત્યાંના પોલીસ ઈન્સપેક્ટર જીપ લઈને કાર્યક્રમ અટકાવવા આવ્યા હતા. તે વખતે બાહોશ અને નીડર સનાતની ભાઈ શ્રી રમણભાઈ શામજી વાસાણીના વેળાસર પ્રયાશથી પોલીસને બરાબર રીતે સમજાવવામાં આવ્યા હતા. અને કહેવામાં આવ્યું હતું કે સાહેબ તમે એક કલાક સભામાં બેસો અને જુઓ કે અમે અમારી જ્ઞાતિના ઈતિહાસને વાગોળવા શિવાય કંઈજ નથી કરતા. જ્યારે સુવર્ણ જયંતી મહોત્સવ કે હીરક જયંતી મહોત્સવો ઉજવાતા હોય ત્યારે શું અમારી જ્ઞાતિના ઈતિહાને કે પછી અમારી સમાજના ઈતિહાસની વાતો અમે નહિ કરવાની? અત્યારે અમે એજ કરી રહ્યા છીએ સાહેબ. એકાદ કલાક બેસીને પોલીસ ઈન્સપેક્ટરે ત્યાંથી વિદાય લીધી હતી. પણ મારે અત્યારે એ કહેવાનું છે કે કોણ જાણે કેમ આ સતપંથના ભાઈઓને સનાતાનીઓના કાર્યક્રમોમાં વિક્ષેપ પાડવો એટલે એમણે મજા પડી જતી હોય છે. આ તેમની પ્રણાલિકા (મોડસ ઓપરેન્ડી) જ હોય છે. સનાતાનીઓને હેરાન કરવાનો એક પણ મોકો આ લોકો ચુકતા નથી. પણ દુઃખની વાત એ છે કે આપણા સનાતની પરિવારમાં કોણ ક્યારે મવાળ બનીને સતપંથ તરફી કુણી લાગણી ધરાવતો થઇ જાય છે તે આપણને ખબર પડતી નથી. એટલા માટે થઈને જ સતપંથ વિરુધ્ધની લડાઈ આપણે ગણી વખત હારી જતા હોઈએ છીએ. આ લખાણ હું કરી રહ્યો છું તે તારીખ છે ૧૧.૦૬.૨૦૨૧ (૨૦૦૯-૧૦ ની સનાતની ચળવળની ચોથી ક્રાંતિના ૧૧ વરસ પછી) ત્યારે હું ધનસુરાના અશોકભાઈ ભાવાણી સાથે વાત કરી રહ્યો હતો ત્યારે એમણે જણાવ્યું કે સનાતન સમાજ તરફી અત્યારે માહોલ ગણો બધો ડોહળાઈ ગયો છે. ગણા બધા સનાતની ભાઈઓ કોરોના મહામારીને લીધે ભગવાનને પ્યારા થઈ ગયા છે અને અમુક ભાઈઓ મવાળ બની ગયા છે. અશોકભાઈએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે ચુસ્ત સનાતની ભાઈ શ્રી રમણ શામજી વાસાણીના નાના ભાઈ શ્રી તુલસી ભાઈ રાજા વાસાણી પોતાની રાજકીય મહત્વકાંક્ષાને લઈને સતપંથના ભાઈઓ જોડે ઘરોબો ધરાવતા થઇ ગયા છે. કેટલાએ સનાતાનીઓ પોતાની નાની નાની મહત્વકાંક્ષા પોસવા માટે થઈને સનાતની સમાજના સિધ્ધાંતોને નેવે મૂકી દેતા હોય છે. તેઓ એ વિચાર નથી કરતા કે પોતાના આવા વર્તનથી સનાતની સમાજને કેટલી મોટી કીમત ચૂકવવી પડતી હોય છે. પોતાના સનાતન ધર્મ પ્રત્યે કે પોતાની સનાતની સમાજ પ્રત્યે નિષ્ઠા અને વફાદારી તો દાખવવી એ એનું પરમ કર્તવ્ય હોવું જોઈએ. બીજી બાજુ સતપંથના ભાઈઓ પોતે લઘુમતીમાં હોવાને કારણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે, સતપંથધર્મ માટે અને સતપંથ સમાજ માટે પોતાનું સર્વસ્વ લુંટાવી નાખતા હોય છે. તેની સામે સનાતનીઓ ધાર્મિક રીતે કે પછી સામાજિક રીતે વામણા પુરવાર થયા છે તેથી તો તેઓ આપણી કેન્દ્રીય સમાજમાં ઘર કરી ગયા છે. છે કોઈની મજાલ કે તેઓ આપણી સંસ્થાઓમાં ઘર કરી જાય? આ આપણી સનાતનીઓની મોટા માં મોટી કમજોરી કહી શકાય એમ છે. આવું બધું જોઇને ઘણું જ દુઃખ થાય છે કે આપણે સનાતની ભાઈઓ ધાર્મિક અને સામાજિક રીતે ક્યારે વફાદાર અને નિષ્ઠાવાન બનશું?

અખિલ ભારતીય ક.ક.પા. ધર્મ જાગૃતિ સમિતી નો જલગાંવ-હરદા જબલપુર-નાગપુર સભાનો દોહરો અને અહેવાલઃ

જલગાંવ સભા રવિવાર તા. ૬.૦૩.૨૦૧૧

જલગાંવ વાસીઓને ગણા સમયથી એક સપનું હતું કે જલગાંવ અને તેની આજુબાજુ વસતા કચ્છ કડવા સનાતની પાટીદાર ભાઈઓને કેન્દ્રીય સમાજના ઈતિહાસ તેમજ જ્ઞાતિના ઈતિહાસ જાણવાનો લાભ મળે, તે હેતુથી અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ સમિતી ની સભાનું આયોજન થઈ જાય તો સારું થાય. તે માટે કારણભૂત નખત્રાણાના હાલે જલગાંવ વસતા શંકરભાઈ

લીંબાણી અને મુળ દેવપરના અને અત્યારે જલગાંવ વસતા ભાઈ શ્રી દેવરામભાઈ રૂડાણીએ ધર્મ જાગૃતિ સમિતિના પ્રેમજીભાઈ કેસરાણી અને ઉડુપી વાળા અમૃતભાઈ ગોરાણી સાથે છેલ્લા છએક મહિનાથી સંપર્કમાં હતા. અને છેવટે તા.૬.૦૩.૨૦૧૧ ના આ સભા રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તા. ૫.૦૩.૨૦૧૧ ના સાંજ સુધીમાં બેંગલોરથી રમેશભાઈ વાગડીયા અને રમેશભાઈ ગોરાણી જલગાંવ પહોંચ્યા અને મુંબઈથી સનાતની શ્રી હિંમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેસરાણી અને રતનશીભાઈ લાલજી દીવાણી પણ જલગાંવ પહોંચ્યા હતા. તદુપરાંત ઉડીપીથી અમૃતભાઈ ગોરાણી પણ સમયસર પહોંચી આવ્યા હતા.

તા.૫.૦૩.૨૦૧૧ ના રાત્રે સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓની સાથે જલગાંવ સમાજના અગ્રણીઓ તેમજ યુવા પાંખના હોદ્દેદારો સર્વે મળીને કુલ ૩૫ જણા શંકરભાઈના ઘરે ભેગા થયા હતા. અને ત્યાં કેન્દ્રીય સમાજ અને સનાતન ધર્મ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. હિંમતભાઈના અનુભવોનો સૌ ભાઈઓએ લાભ લીધો હતો.

જાહેર સભાનું આયોજન તા. ૬.૦૩.૨૦૧૧ ના બપોર પછી ૩.૩૦ કલાકે રાખવામાં આવ્યું હતું. જેમાં જલગાંવ તેમજ તેની આજુબાજુના ગામ જેવાકે ધુલિયા, અમલનેર, વરણગાંવ રાવેર, સૈજપુર, સાવદા, ધરણગાંવ, ચોપડા, પાંચોરા, ભાડગાંવ, કોસાડા, ચાળીસગાંવ, અને પાંડુર વગેરે ગામોના ભાઈ બહેનોએ બહુજ ઉત્સાહથી હાજરી આપી હતી. લગભગ ૯૫૦ થી ૧૦૦૦ જેટલી જનમેદની ઉમટી પડી હતી.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓમાંથી ક્રમવાર રમેશભાઈ ગોરાણી, પ્રેમજીભાઈ કેસરાણી, રતનશીભાઈ દીવાણી, હિંમતભાઈ ખેતાણી અને છેલ્લે રમેશભાઈ વાગડીયાએ તેમના ભાષણો આપ્યા હતા. રમેશભાઈ ગોરાણીએ અને અમૃતભાઈ ગોરાણીએ અત્યારે સમાજમાં ચાલતી રહેલી દૂધ અને દહી વાળી નીતિઓથી સભાજનો ને માહિતગાર કર્યા હતા. પ્રેમજીભાઈ કેસરાણીએ સનાતન હિંદુ ધર્મ અને સતપંથ ધર્મ શું છે તે બાબતની લોકોને માહિતીઓ આપી હતી. રતનશીભાઈ દીવાણીએ પીરાણા સતપંથ ધર્મને લઈને આપણી જ્ઞાતિમાં ઇસ્લામિક રીતી રીવાજો કેવા અને કઈ રીતે ઘર કરી ગયા હતા તેની સમજણ સભાજનોને આપી હતી. જ્યારે હિંમતભાઈએ પોતાની આગવી શૈલીમાં આ સતપંથ ધર્મ આપણી જ્ઞાતિમાં આવ્યો કયાંથી અને કઈ રીતે? તેના સ્થાપક કોણ હતા? અને તેના સ્થાપક પીર સદરુદ્દીન સાહેબ ઈરાનથી ગુજરાત પ્રાંતમાં શું મકસદથી આવ્યા હતા? તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ સદરુદ્દીન સાહેબ પીર ઇમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવાના દાદા થતા હતા. પીરાણા સતપંથમાં હમણાં નિષ્કલંકી નારાયણ આવ્યા છે તે તુત શું છે અને પીરાણા વાળા તે નામથી લોકોને કઈ રીતે ગુમરાહ કરે છે તે સભાજનોને જણાવ્યું હતું. હિંમતભાઈ સતત બે કલાક સુધી બોલ્યા હતા. છેલ્લે રમેશભાઈ વાગડીયા બોલવા ઉભા થયા હતા. અને તેમણે શુરુઆત નીચેના શબ્દોમાં કરી હતી. **"હિંમતભાઈ, મને ગઈ કાલે રાતના એક સપનું આવ્યું હતું, તેમાં ઈમામશાહ બાવા મને આવીને કહી રહ્યા હતા કે રમેશ તું અને હિંમતભાઈ અત્યારે જે કંઈ કરો છો તે એક દમ બરાબર કરી રહ્યા છો. આ પીરાણા સતપંથને માનતા તમારા ભાઈઓ અત્યારે જે કંઈ કરી રહ્યા છે તે મારી ઇચ્છાથી તદ્દન વિરુધ્ધનું કામ કરી રહ્યા છે. મેં જે સાહિત્ય તમારા પૂર્વજોને આપ્યું હતું, તેનાથી વિપરીત અત્યારે નવા સાહિત્યો સતપંથના ભાઈઓ બનાવી લોકોને બેવકૂફ બનાવી રહ્યા છે. મારા કાર્યકાળ દરમ્યાન અને ત્યાર પછી મારા વંસજોથી તમે લોકો પુરા વટલાણા નહિ પણ હું મુસલમાન હોવા છતાં આજે મને મર્યાને ૫૦૦ વરસ થઇ ગયા પછી મને મુસલમાનમાંથી હિંદુ કરી નાખ્યો. ઈમામુદ્દીનમાંથી ઈમામશાહ બાવા કરીને હવે ઈમામશાહ મહારાજ કરીને મને હિન્દુમાં વટલાવી નાખ્યો. આજે આ સતપંથના ભાઈઓ મારા નામથી નિષ્કલંકી નારાયણ ના મંદિરો બનાવે છે તેમાં ઉમિયા માતાજીની બરોબર મને પણ ઉભો રાખે છે. તેથી હું આજના સતપંથના ભાઈઓથી બહુજ નારાજ છું અને તેઓને શ્રાપ આપું છું કે તેઓ ક્યાંયના નહિ રહે. ન તો તમારા રહેશે અને ન તો**

મુસલમાનોના રહેશે.'' ધોબીકા કુત્તા ન ઘરકા ન ઘાટ કા જેવો તાલ થશે આ સતપંથના ભાઈઓનો. આવું બાવા ઈમામશાહ કહી રહ્યા હતા રમેશભાઈને સપનામાં. રમેશભાઈ વાગડીયાએ વધુમાં કેન્દ્રીય સમાજનો અને જ્ઞાતિનો સપ્રાંત ઈતિહાસ ખાસ કરીને યુવાન ભાઈ-બહેનોને નજરમાં રાખીને જણાવ્યો હતો. સતત ૫.૩૦ કલાક સુધી આ સભા ચાલી હતી.

છેલ્લે પ્રશ્નોતરી રાખવામાં આવી હતી. તે વખતે એક દીપા નામની યુવાન દીકરી જે આખી સભાની વિડીઓ ઉતારી રહી હતી તે વિષયથી વિપરીત અનેક પ્રશ્નો પૂછી રહી હતી. પાછળથી જાણવા મળ્યું હતું કે તે બહેન પાટીદાર દર્શન વાળા સતપંથના દલાલ એવા જયંતીભાઈ પારસીયાની સહાયક પત્રકાર હતી. આ જયંતીલાલ પારસીયાએ જુન અને જુલાઈ મહિનાના પાટીદાર દર્શનના ડીજીટલ અંકોમાં સતપંથ તરફી સમાચારો આપીને આપણી કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવને એક અસફળ, ફ્લોપ મહોત્સવ છે, એવા સમાચારો ની એક CD પબ્લિકમાં ફરતી મૂકી હતી. તે CD માં આ સતપંથના દલાલ જયંતીભાઈ પારસીયાએ કેન્દ્રીય સમાજના મવાળવાદીઓ અને દૂધ અને દહીં માં પગ રાખવા વાળા વિઘ્નસંતોષી લોકો જેવા કે શિવદાસ ગોવિંદ છાભૈયા, રવિલાલ રામજીયાણી અને દેવજી માવજી લીંબાણીના ઈન્ટરવ્યું રેકોર્ડ કરીને આપણો સ્વર્ણિમ મહોત્સવ એક અસફળ મહોત્સવ થયો છે એમ પુરવાર કરવાની ચેસ્ઠા કરી હતી. પાછળથી અમોને સમાચાર મળ્યા હતા કે તે બહેનને આયોજકોએ માફી મંગાવી હતી અને તે બહેન પાસેથી રેકોર્ડ કરેલી ઝઢ જપ્ત કરવામાં આવી હતી.

સભા પ્રમુખ તરીકે જલગાંવ સનાતન સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ સાંખલા, મુળ ગામ ઉગેડીના વડીલે સ્થાન શોભાવ્યું હતું. અને તેમણે સભાના અંતે સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ત્યાં ઉપસ્થિત સર્વે ભાઈઓનો આભાર પ્રકટ કર્યો હતો અને ત્યાર પછી સાંજનું ભોજન લઈને સર્વે ભાઈઓ છુટા પડ્યા હતા. સનાતન ધર્મ જાગૃતિ વતી અમોએ શંકરભાઈ લીબાણી, દેવરામભાઈ રૂડાણી અને પ્રમુખ શ્રી વેલજીભાઈ સાંખલાનો સભા આયોજન બદલ ખુબ ખુબ આભાર માન્યો હતો.

હરદા સભા તા.૭.૦૩.૨૦૧૧

જલગાંવ સભા પછી તે દિવસે બેંગલોરથી આવેલ ભાઈઓનો રાતવાસો જલગાવમાં દેવરામભાઈના ઘરે રાખવામાં આવ્યો હતો અને મુંબઈથી આવેલ ભાઈઓએ શંકરભાઈ લીબાણીના ઘરે રોકાણ કર્યું હતું. બીજા દિવસે એટલે કે તા. ૭.૦૩.૨૦૧૧ ના વહેલી સવારે નાહિ ધોઈને નાસ્તા પાણી કરીને જલગાંવથી બે કાર દ્વારા હરદા જવા પ્રયાણ કર્યું હતું. અમોને હરદા મુકવા માટે મુરબ્બી ભાઈ શ્રી શંકરલાલ લીબાણી, દેવરામભાઈ રૂડાણી, દામોદરભાઈ નાકરાણી અને નાનાલાલભાઈ સુરાણી (ભગત) બે કારગાડી લઈને હરદા મુકવા આવ્યા હતા. રસ્તામાં જનારધન વાળુ મીની પીરાણું ફેઈજપુર પણ આવ્યું હતું. અમે લોકો હરદા સાંજ પહેલાં ૫.૩૦ વાગે પહોંચ્યા હતા. જલગાંવથી હરદા લગભગ ૨૬૭ કિલોમીટર જેવું અંતર થાય છે. જલગાંવ વાળા જે ભાઈઓ અમોને હરદા મુકવા આવ્યા હતા તે સર્વે ભાઈઓનો અમે આભાર વ્યક્ત કર્યો હતો.

હરદા સમાજના અગ્રણી ભાઈઓએ અને યુવક મંડળના યુવાન ભાઈઓએ હરદા સમાજવાડીમાં અમારું સ્વાગત કર્યું હતું. તે ભાઈઓમાં સમાજના પ્રમુખ શ્રી નારણભાઈ ભગત આણંદસરવાળા અને મહામંત્રી શ્રી ભડલીવાળા દેવજીભાઈ પ્રેમજી ભગત હાજર રહ્યા હતા. યુવા પાંખના પ્રમુખ દેવેન્દ્ર ભાદાણી અને મંત્રી શ્રી ભરતભાઈ રામાણીની સાથે નટુભાઈ સાંખલા તેમજ નવીનભાઈ સાંખલા અને અન્ય ભાઈઓએ પણ હાજરી આપી હતી. ત્યાર પછી જલગાંવથી અમોને મુકવા આવેલ ભાઈઓ જલગાંવ પરત ફર્યા હતા.

હરદા સભાનું આયોજન સાંજે વાળુ કર્યા પછી ૯.૦૦ વાગે રાખવામાં આવ્યું હતું. આ સભાનું અધ્યક્ષ સ્થાન હરદા સમાજના

પ્રમુખ વડીલ શ્રી નારણભાઈ ભગતે શોભાવ્યું હતું. સભાનું સંચાલન નેત્રા વાળા હોનહાર ભાઈ શ્રી નટુભાઈ સાંખાલાએ કર્યું હતું. ધર્મ જાગૃતિ સમિતિની પ્રણાલિકા મુજબ સમિતિના સૌ ભાઈઓએ વારાફરતી પોતાના ભાષણો કર્યા હતાં. સમિતિના ભાઈઓએ કેન્દ્રીય સમાજના ઈતિહાસ અને જ્ઞાતિના ઇતિહાસથી સભાજનોને વાકેફ કર્યા હતા. વધુમાં કેન્દ્રીય સમાજની સ્થાપના ૫૦ વરસ પહેલાં કેવા સંજોગોમાં, કયા ઉદ્દેશોને લઈને, કયા હેતુઓને સામે રાખીને અને કયા કયા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી, તેની વિસ્તૃત માહિતીઓ સમિતિના સભ્યોએ આપી હતી. એ સુધારક વડીલોનો ચોખ્ખો સંદેશ એ જ હતો કે પીરાણા સતપંથ ધર્મને લીધે આપણી જ્ઞાતિની ઓળખ તે વખતે એક મુમના મુસલમાન તરીકેની થતી હતી, જે સુધારક વડીલોને પસંદ નોતું. તેથીજ તે વડીલોએ પીરાણા સતપંથ ધર્મ અને સતપંથ સમાજથી હંમેશને માટે અળગા થઈને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મ અપનાવ્યો હતો. ત્યાર પછી સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી. પણ આજે કેન્દ્રીય સમાજની હાલત શું થઈ ગઈ છે તેનાથી સભા જનોને વાકેફ કર્યા હતા. જે સતપંથ ધર્મને આપણા વડીલોએ તિલાંજલી આપી હતી તે જ સતપંથ ધર્મને આજે કેન્દ્રીય સમાજના આજના ધુરીણો પ્રોત્સાહન આપતા હોય અને આપણે હાથ જોડી બેસી રહેતા હોઈએ તો આપણા જેવા નપાવટ બીજા કોણ હોઈ શકે?

આ સભામાં હરદાની નજીકના ગામો જેવા કે ખિડકીયા, ઈટારસી વગેરે ગામોથી પણ આપણા ભાઈઓ આવ્યા હતા. સભા રાત્રે ૧.૩૦ વાગ્યા સુધી ચાલી હતી અને લગભગ ૩૦૦ જેટલા ભાઈ બહેનો અને યુવાનોએ સતત ૪.૩૦ કલાક સુધી સભાને માણી હતી. સતપંથ અને સનાતન ધર્મ બાબતે જાણવાનો લોકોમાં બહુજ ઉત્સાહ હતો. અંતમાં સભા અધ્યક્ષે ધર્મ જાગૃતિ સમિતી વાળા દરેક જણાનો હૃદય પૂર્વકનો આભાર માન્યો હતો, અને સમિતિના દરેક સભ્યનું સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

બીજા દિવસે જબલપુરની સભા બપોર પછી ઠીક ૩.૩૦ વાગે હોવાથી અમે લોકો રાતના ૨.૩૦ વાગે હરાદાથી જબલપુર જવા રવાના થઈ ગયા હતા. હરદાના બે યુવાન ભાઈઓ શ્રી રમેશભાઈ ધોળુ અને દેવેન્દ્રભાઈ ભાદાણી બે કાર લઈને અમોને જબલપુર મુકવા રાત્રી પ્રયાણ કર્યું હતું. તા. ૮.૦૩.૨૦૧૧ ના વહેલી સવારના ૯.૩૦ વાગે અમો જબલપુર પહોંચી ગયા હતા. હરદા અને જબલપુર વચ્ચેની દુરી લગભગ ૩૯૦ કિલો મીટર જેટલી થતી હતી.

જબલપુર સભા તા. ૮.૦૩.૨૦૧૧

અમે જ્યારે જબલપુર પહોંચ્યા ત્યારે સવારના ૯.૩૦ વાગે મહાકૌશલ ઝોનના પ્રમુખ શ્રી રમણભાઈ વીરજી દડગા અમોને લેવા આવ્યા હતા અને તેઓ અમોને એમના ઘરે લઈ ગયા હતા. અમારી સમિતિના સૌ સભ્યોએ રમણભાઈના ઘરે નાહી, ધોઈને ત્યાંજ તેમના ઘરે શિરામણ પી ને જબલપુરની સમાજવાડી તરફ જવા પ્રયાણ કર્યું હતું. ત્યાંની સમાજવાડી અને તેના પ્રાંગણમાં બાંધવામાં આવેલ ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી માં ઉમિયા માત્તાજીનું મંદિર જોઈ અમોએ અત્યંત ખુશી અનુભવી હતી. તે વખતે ત્યાં ઉપસ્થિત સમાજના અગ્રણી ભાઈઓએ અમારું રામ રામ કરીને સ્વાગત કર્યું હતું. ભારતભરની કચ્છ કડવા પાટીદારોની સમાજોમાં આમે ફર્યા પણ ફક્ત ચાર થી પાંચ સમાજોમાં જ અમોને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરો જોવા મળ્યા હતા. તેની નોંધ અમોએ લીધી હતી. તે પાંચ સમાજો પૈકી આ જબલપુરની સમાજ એક હતી કે જ્યાં અમે મદિર બનેલું જોયું. તેવી જ રીતે પુનાની સમાજવાડીમાં, બેંગલોરમાં મૈસુર રોડની શ્રી પાટીદાર પરિવાર સમાજમાં, બેંગલોરની લાલબાગ સમાજવાડીમાં, બેંગલોર ઈન્દીરાનગર સમાજવાડીમાં અને દિલ્હીની સમાજવાડીમાં આવા મંદિરોનાં દર્શન થયાં.

કચ્છ બહાર આપણા જ્ઞાતિના કડવા પાટીદારો સમૃદ્ધ થઈને સમાજવાડીઓ નાં નિર્માણ કર્યા પણ હિંદુ ધર્મના પ્રતિક રૂપ એવા આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી જગદ જનની મા ઉમિયા માતાજીના મંદિરો નું નિર્માણ કર્યું હોય એવું ઉપર જણાવેલ સમાજો શિવાય ક્યાંય જોવા ન મળ્યાં. આવું શામાટે થયું હશે? શું સમાજવાડીનું નિર્માણ કરનાર વડીલોને ધાર્મિક શ્રધ્ધાના કેન્દ્રો ઉભાં ન કરવા માટે આપણે તેમની શ્રધ્ધા ઉપર પ્રશ્ન કરી શકીએ? આ બાબતનું ચિંતન અને મનન કરતાં મને એક વાત જાણવા મળી કે કચ્છ બહારની સમાજોમાં આપણે સતપંથના ભાઈઓને સાથે રાખ્યા હતા. તેમને સાથે રાખવાથી બન્યું એવું કે મંદિર બનાવવાનું હોય તો કોનું બનાવવું તે મોટો પ્રશ્ન ઉભો થતો હતો. આપણા ઈષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણ નું મંદિર બનાવવું કે બાવા ઈમામશાહનું બનાવવું? તેની અવઢવમાં મંદિરોનાં નિર્માણ જ ન થયાં. લોકો ભલે કહેતા હોય કે મંદિર બનાવીએ તો તેની રખરખાવ કોણ કરશે? અને વળી બ્રામ્હણને પૂજા માટે રાખવા પડે એ બધી લેફ શું કરવા ખપે? આવા બધા બેહુદા જવાબો લોકો આપતા. પણ હું એ વાતથી બિલકુલ સહેમત નથી. આ તો માત્ર એક બાહાનું જ હતું અને છે. પણ ખરું કારણ મને સમજાયું તે એ છે કે કચ્છ બહારની સમાજોમાં આપણે પીરાણા સતપંથમાં શ્રધ્ધા ધરાવતા ભાઈઓને ભેગા રાખ્યા તેથી આપણે મંદિર બનાવી ન શક્યા. આવા તો ઘણી બધી સમાજોના દાખલા આપી શકીએ કે જ્યાં મંદિર બનાવવાની ઈચ્છા તો લોકોને હતી પણ તે સમાજમાં સતપંથના ભાઈઓ હોવાથી તે ઉમદા વિચારોને પરાણે મુલતવી રાખવા પડતા હતા. આવા બે ગામના દાખલા તમોને આપું તો એક હુબલી સમાજ અને બીજી કોલ્હાપુર સમાજ કે જેમાં અમુક સતપંથના ભાઈઓ તે સમાજમાં હોવાથી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર બનાવવાની ઈચ્છા હોવા છતાં તે ઈચ્છા ફળીભૂત ન થઇ શકી. આવી તો અનેક ગામની સમાજો હશે તેમાં આવી મડાગાંઠો ઉભી થઇ હશે. તમે જુઓ ગુજરાતી જૈનોને, મારવાડી જૈનોને. તેઓ સમાજવાડી બનાવે તે પહેલાં તો તેઓ પોતાની ભક્તિ માટે મંદિરો રૂપી શ્રધ્ધાના કેન્દ્રોનું નિર્માણ કરે જેથી તેઓની શ્રધ્ધા કાયમને માટે ટકી રહે, અને ભાવી પેઢી માટે ધાર્મિક વારસો મુકતા જાય. પણ આપણે આવું નથી કરી શક્યા અને હજી પણ નથી કરી શકતા તે સમગ્ર જ્ઞાતિ માટે કહો કે સમાજ માટે કહો એક શરમ જનક વાત છે. સંસ્કૃત ભાષામાં એક કહેવત છે **''ધર્મો રક્ષતિ રક્ષિતઃ''** અર્થાત જો આપણે ધરમની રક્ષા કરશું તો તે ધર્મ આપણી અને આપણી સંસ્કૃતિની રક્ષા કરશે. હવે કચ્છ બહારની લગભગ તમામ સમાજો સનાતની ચળવળની ચોથી ક્રાંતિ પછી સનાતની સમાજો બની ગઈ છે એટલે હવે તેમને મંદિરો બાંધીને આપણી શ્રધ્ધાના કેન્દ્રો ઉભાં કરવામાં વિધર્મીઓથી કોઈ દેહસત થવાની નથી અને વિના રોકટોકે મંદિરો બનાવી શકશે તેવું મારું માનવું છે. તે પ્રમાણે ભારતભરની તમામ સમાજોએ, કુળદેવી મા ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો જરૂર બનાવવાં જોઈએ. નિત્ય પૂજા માટે બ્રાહ્મણો ના મળે તો વારા ફરતી આપણામાંથી જ આપણે સજોડે કોઈ એક જોડી પૂજા કરવા માટે તૈયાર રહેવું જોઈએ. આવું આપણે સ્વામીનારાયણ સંપ્રદાયમાં જોઈ શકીએ છીએ. તેઓ એક એક મહિનાના વારા કરી ભગવાનની સેવા માટે એક જોડી કાયમ હાજર રહે છે. કચ્છ બહારની સમાજોને જોશું તો જૂનામાં જૂની સમાજો કલકતા, મુંબઈ, નાગપુરની સમાજો છે તેમાં પણ મંદિરો હજી સુધી બંધાણા નથી તો તેઓએ વહેલી તકે મંદિરો જો બનાવશે તો જ્ઞાતિ અને સમાજ માટે સોનાનો સુરજ ઉગ્યો ગણાશે. ફરી એક વખત જબલપુર સમાજને તેમને કરેલા મંદિર નિર્માણ બાબતે હું ખરા હ્રદયથી તેમને ધન્યવાદ પાઠવું છું. અને અન્ય સમાજો તેમની પાસેથી પ્રેરણા લઈને તેમની સમાજોમાં પણ કુળદેવી શ્રી ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરોનું નિર્માણ કરશે એવી હું આશા રાખું છું.

જબલપુર સભાના આયોજન માટે કારણભૂત એવા ભાઈ શ્રી રમેશભાઈ સોમજી લીબાણીએ જબલપુર સમાજના મહામંત્રી શ્રી સંતોષભાઈ સામાણી તેમજ પ્રમુખ શ્રી શાંતિલાલ ભાઈ નાકરાણી અને મહાકૌશલ ઝોનના પ્રમુખ શ્રી રમણભાઈ વીરજી દડગાનો સતત સંપર્ક કરીને જબલપુર સમાજને આ સભાનું આયોજન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સભા તા. ૮.૦૩.૨૦૧૧ ના બપોર પછી ૩.૩૦ વાગે રાખવામાં આવી હતી. સભા અધ્યક્ષ તરીકે જબલપુર સમાજના પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ નાકરાણીને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યું હતું. અને ત્યાર પછી સમિતિના ભાઈઓને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સભામાં સાગર, સતના, કટની, મૈયર, બાલાઘાટ, વગેરે ગામોના સનાતની ભાઈઓએ હાજરી આપી હતી. તેમાંના બાલાઘાટથી આપણી જ્ઞાતિના રાષ્ટ્રીય કવિ તરીકે પ્રખ્યાત મુરબ્બી ભાઈ શ્રી ઈશ્વરભાઈ ખીમાણીની પણ હાજરી નોંધનીય હતી અને તેઓ પણ મંચ ઉપર બિરાજમાન થયા હતા. મહાકૌશલ ઝોનના પ્રમુખ શ્રી રમણભાઈ વીરજી દડગાને પણ મંચ ઉપર સ્થાન આપવામાં આવ્યું હતું.

સભાનું સંચાલન જબલપુર સમાજના મહામંત્રી શ્રી સંતોષભાઈ સામાણીએ કર્યું હતું. તેઓએ જાહેર કર્યું હતું કે અમારી જબલપુર સમાજ સંપૂર્ણ પણે સનાતની સમાજ છે અને અમે ખાતરી આપીએ છીએ કે આપણી સનાતની કેન્દ્રીય સમાજ આ બાબતે જે કંઈ આદેશ આપશે તેનું અમારી જબલપુર સમાજ ચુસ્તપણે પાલન કરશે. આ સભામાં નાગપુરથી પધારેલ પાંચ સનાતની ભાઈઓએ પણ હાજરી આપી હતી. તેઓ અમોને (ધર્મ સમિતિના ભાઈઓને) જબલપુરથી નાગપુર લઈ જવા માટે એક મીની બસ ભાડે કરીને જબલપુર આવ્યા હતા. જેમના નામ નીચે મુજબના છે

૧. શ્રી રમેશભાઈ સોમજી લીંબાણી, ઘડાણી
૨. શ્રી જીવરાજભાઈ રામજી રામાણી, નખત્રાણા
૩. શ્રી વાલજીભાઈ અબજી દીવાણી વિરાણી મોટી
૪. શ્રી રતનશીભાઈ સોમજી ભાવાણી
૫. શ્રી કેસરાભાઈ માવજી લીંબાણી

ધર્મ જાગૃતિ સમિતિના દરેક સભ્યોએ ક્રમવાર ભાષણો કર્યાં હતાં અને ત્યાં ઉપસ્થિત ૭૫૦-૮૦૦ સભાજનોને કેન્દ્રીય સમાજના અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઇતિહાસ બાબતે વિસ્તૃત માહિતીઓ આપી હતી. સમાજ એટલે શું? ધાર્મિક બાબતે સમાજનો અભિગમ કેવો હોવો જોઈએ? શું હોવો જોઈએ? અને શામાટે હોવો જોઈએ? તે સવીસ્તારથી લોકોને સમજાવ્યું હતું. સમાજ કોને કહેવાય? તેની સાચી વ્યાખ્યા શું છે? તે વિષે રમેશભાઈ વગાડીયાએ સભાજનો ને જણાવતા કહ્યું હતું કે "સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમુદાય;

૧. એક જ ધર્મ પાળતો હોય,
૨. એક જ આચાર વિચારને વરેલો હોય અને
૩. એક જ રીતી રીવાજ પાળતો હોય."

ઉપરોક્ત ત્રણે બાબતોમાંથી એક પણ બાબતમાં જો ના થાય તો તે જન સમુદાયને સમાજ તરીકે ઓળખ ના આપી શકાય. માટે આપણી કેન્દ્રીય સમાજ અને તેની અંતર્ગત આવતી ભારતભરની તમામ ઘટક સમાજોમાં એક્વાયતા જળવાય તે માટે તે સમાજોમાં એક જ સનાતન હિંદુ ધર્મ પળાતો હોવો જોઈએ. પીરાણા સતપંથ હિંદુ ધર્મ નથી તેથી તે ધર્મનેપાળવાવાળા સતપંથના લોકો આપણી કેન્દ્રીય સમાજ અને તેની અંતર્ગત આવતી તમામ ઘટક સમાજોમાં સભ્યપદ મેળવી શકે નહિ. તે પછી ભલે તેઓ પીરાણા સતપંથ ધર્મને હિંદુ ધર્મ તરીકે ખપાવતા હોય. જે ધર્મના સ્થાપક મુસલમાન હોય, તે સ્થાપકના ચૌદ ચૌદ પેઢી સુધીના વારસદારો પણ મુસલમાન રહ્યા હોય તે ધર્મ હિંદુ ધર્મ કઈ રીતે હોઈ શકે? તે હિંદુ ધર્મ ન જ હોઈ શકે તે તો કોઈને પણ સમજાય એવી આરીસા જેવી વાત છે. માટે આપણે સમાજમાં એક જ ધર્મ, એક જ આચાર વિચાર અને એક જ રીતિ રિવાજ

પાળીને આપણી સમાજને એક સુદ્રઢ સમાજ બનાવી શકીશું અન્યથા નહિ બનાવી શકીએ એવું મારું માનવું છે.

સભાના અંતમાં પ્રશ્નોતરી

સભાના અંતમાં પ્રશ્નોતરી રાખવામાં આવી હતી. કેન્દ્રીય સમાજને, સતપંથ અને સનાતન ધર્મને લાગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તેના યોગ્ય જવાબો હિંમતભાઈ દ્વારા આપવામાં આવ્યા હતા. ત્યાર પછી સભા પ્રમુખે જાહેર કર્યું હતું કે તેમની જબલપુર સમાજ સંપૂર્ણ પણે સનાતની સમાજ છે અને ભવિષ્યમાં પણ સનાતની સમાજ તરીકે રહેશે. તેમનો એક પણ સભ્ય પીરાણા સતપંથ ધર્મને માનતો નથી. સભા પ્રમુખે ધર્મ જાગૃતિ સમિતિના સભ્યો જબલપુર આવ્યા બદલ તેમનો ભાવ પૂર્વક હૃદયથી આભાર માન્યો હતો. સભા ૮.૦૦ વાગે પૂર્ણ જાહેર કરવામાં આવી હતી. સૌ સભાજનો અત્યંત ખુશ હતા. સભા પછી સૌ માટે સાંજના ભોજનની વ્યવસ્થા જબલપુર સમાજ દ્વારા કરવામાં આવી હતી.

ત્યાર પછી નાગપુરની દ્વિતીય સભા બીજા જ દિવસે તા. ૯.૦૩.૨૦૧૧ ના જ રાખવામાં આવેલ હોવાથી અમારી ધર્મ જાગૃતિ સમિતિના સભ્યોએ નાગપુરથી લઈ આવેલ મીની બસમાં નાગપુર જવા રાત્રી પ્રયાણ કર્યું હતું. અને નાગપુર વહેલી સવારના ૫.૦૦ વાગે પહોંચી ગયા હતા. નાગપુર અને જબલપુર વચ્ચેની દુરી લગભગ ૨૭૯ કિલો મીટર જેટલી થતી હતી.

નાગપુર સભા તા. ૯.૦૩.૨૦૧૧

નાગપુરમાં અમારી સમિતિની રહેવાની વ્યવસ્થા ઘડાણી વાળા રમેશભાઈ સોમજી લીબાણીના ઘરે રાખવામાં આવી હતી. નાગપુર પહોંચ્યાના દિવસે બપોરના રમેશભાઈના ઘરે જમી લીધા પછી થોડો સમય વિશ્રામ કરીને નાગપુરની લક્કડગંજ સમાજવાડી જવા પ્રયાણ કર્યું હતું. સભાની શુરુઆત પછાડના ઠીક ૩.૩૦ વાગે કરવામાં આવી હતી. આ જ સ્થળે અમારી ધર્મ જાગૃતિ સમિતિની નાગપુરની પ્રથમ સભા સન ૨૦૧૦ ના અપ્રિલ મહિનામાં તા. ૧૩.૦૪.૨૦૧૦ માં યોજાઈ ગઈ હતી, છતાં પણ રમેશભાઈ સોમજી લીબાણી તેમજ નાગપુર સમાજના પ્રમુખ બાબુભાઈ જબુવાણી અને વિદર્ભ ઝોનના પ્રમુખ શ્રી હરીલાલ કરસન સાંખલાના સહિયારા પ્રયાસથી સમગ્ર વિદર્ભ ઝોનને લાભ મળે તે હેતુથી આ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં નાગપુર સ્થાનિક અને વિદર્ભ ઝોનની લગભગ ૧૫ સમાજો જેવી કે અમરાવતી, અકોલા, ભંડારા, ગોંદિયા, સાવનેર, વરુડ, વર્ધા, નાગપુર ગ્રામીણ, બલારશા, ચંદ્રપુર વગેરે ગામોથી જનમેદની ઉમટી પડી હતી, કુલ સંખ્યા લગભગ એક હજાર ભાઈ બહેનોની હતી.

સભા પ્રમુખ તરીકે નાગપુર લક્કડગંજ સમાજના પ્રમુખ શ્રી બાબુભાઈ જબુવાણીએ મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યા પછી વિદર્ભ ઝોનના પ્રમુખ શ્રી હરીલાલ કરસન સાંખલાએ પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું. ત્યાર પછી ધર્મ જાગૃતિ સમિતિના સૌ સભ્યોને પણ મંચ ઉપર સ્થાન ગ્રહણ કરાવ્યું હતું.

ધર્મ જાગૃતિ સમિતિના સભ્યોમાંથી સૌ પ્રથમ પ્રેમજીભાઈ ભાણજી કેસરાણીએ ભાષણની શુરુઆત કરી હતી. ત્યાર પછી ક્રમવાર રતનશીભાઈ લાલજી દીવાણી, રમેશભાઈ ગોરાણી, અમૃતભાઈ ગોરાણી, રમેશભાઈ વાગડિયા અને છેલ્લે હિંમતભાઈ ખેતાણીએ પોતાનાં ભાષણો કર્યાં હતાં. સૌએ પોત પોતાના વિષયો ઉપર મંતવ્યો આપ્યા હતા. તેમાં હિંમતભાઈએ અત્યારે જ્ઞાતિમાં ચાલી રહેલા ગુરુવાદ ઉપર પોતાના મંતવ્યો આપતાં કહ્યું હતું કે ખાસ કરીને બહેનો જાણ્યા પીછાણ્યા વગર ગુરૂ કરવાની હોડમાં દેખા દેખી પડી જાય છે તેથી જ્ઞાતિનો દાટ વળી જાય છે. માટે બહેનોને ખાસ ભલામણ કરતાં તેમને કહ્યું હતું કે કોઈ ગુરુ તમારો અને તમારા જીવનનો ઉધ્ધાર કરવાનો નથી. ઉધ્ધાર તો તમે જાતે તમારા જીવન નો

કરવાનો છે. જેને સન્યાસ લઈને પોતાના જીવનનો ઉધ્ધાર નથી કરી શક્યો તે તમારા જીવનો અને તમારો ઉધ્ધાર કઈ રીતે કરી શકવાનો છે? માટે ગુરૂ કરવામાં સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે. આંધળો વિશ્વાસ કોઈના ઉપર ન કરજો. કરશો તો સામે વાળી વ્યક્તિ તમારો ગેરફાયદો જરૂર ઉપાડશે માટે સાવચેત રહેવાની જરૂરત છે.

રમેશભાઈ વાગડિયાએ પોતાનું મંતવ્ય આપતાં સૌ પ્રથમ એ જણાવ્યું હતું કે ગત વરસના અપ્રિલ મહિનામાં અમો જયારે અહી અમારી પહેલી સભા કરી હતી ત્યારે એક યુવાને પ્રશ્નોતરી દરમ્યાન શંકા વ્યક્ત કરી હતી કે આ લોકો (ધર્મ જાગૃતિ સમિતી વાળા લોકો) પોતે કેન્દ્રીય સમાજમાં કંઈક હોદ્દો મેળવવા માટે પોતાનો પ્રચાર માત્ર કરવા માટે આવી રીતે સભાઓ ભરતા હોય છે, તો રમેશભાઈ વગાડીયાએ ચોખવટ કરતાં સમસ્ત સભાજનોને કહ્યું હતું કે અમારી આ ધર્મ જાગૃતિ સમિતિના કોઈ પણ સભ્યને સમાજમાં કોઈપણ હોદ્દાની જરા સરખી પણ લાલશા નથી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આપણી જ્ઞાતિ બાવા ઈમામશાહ ઉર્ફે સૈયદ ઇમામુદ્દીનના સિકંજામાં ફસાવાથી ગુજરાત જેવા ફળદ્રુપ પ્રદેશોને છોડીને કચ્છ જેવા સુકા પ્રદેશમાં હિજરત કરવાની ફરજ પાડવામાં આવી હતી. કચ્છમાં આવ્યા પછી પણ પીરાણાના સૈયદો, કાકાઓ, મુખીઓ અને જ્ઞાતિના ગેઢેરાઓના જુલમથી પાંચ પાંચ સદીઓ સુધી યોજના બધ્ધ રીતે સમગ્ર જ્ઞાતિને અશિક્ષિત રાખીને, દારુણ ગરીબીમાં લાચાર થઈને જીવી હતી. તેમાં આપણી મા, વહુઓ અને દીકરીઓની હાલત તો એટલી બદત્તર હતી કે આઠ આઠ દિવસ સુધી તેઓને સ્નાન કરવાનું પણ સુજતુ નહિ, માથામાં ટોલા અને લીખું પડતીયું. એની માટે એક માત્ર જવાબદાર વ્યક્તિ જો હોય તો તે હતો ઈરાન થી આપણને મુસલમાન બનાવવા હેતુથી આવેલો ઈમામશાહ બાવો ઉર્ફે સૈયદ ઇમામુદ્દીન ઉર્ફે આજનો સતપંથીઓનો કહેવાતો ઈમામશાહ મહારાજ. એટલુજ નહિ આ પાખંડી પીરાણા સતપંથને લીધે અન્ય ઉચ્ચ હિંદુ જ્ઞાતિઓમાં હડધૂત થતી આપણી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકેની થતી હતી. તેવી દશામાંથી આપણને બહાર કાઢ્યા હોય તો તે આપણા સુધારક વડીલોએ કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સંપૂર્ણ પણે ત્યાગ કર્યો હતો અને બીજા વાંઢાયના આપણા સંત શ્રી ઓધવરામજી મહારાજે કે જેઓએ આપણને ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ ભગવાન આપીને આપણને લક્ષ્મી પુત્ર બનાવ્યા. આપણા વડીલોના અને સંત શ્રી ઓધવરામજી મહારાજના આપણે અને આપણી સમગ્ર જ્ઞાતિ, પેઢીઓ અને પેઢીઓ સુધી તેમના ઋણી રહીશું એવું મારું માનવું છે.

વિદર્ભ ઝોન ના પ્રમુખ શ્રી હરીલાલ કરસન સાંખાલાએ પોતાનું નીવેદન આપતાં જણાવ્યું હતું કે કેન્દ્રીય સમાજના સનાતન ધર્મ પ્રત્યે આપણે નિષ્ઠા રાખીને આપણી સમાજોને મજબુત બનાવશું તો સમાજનું ભવિષ્ય આપણા હાથમાં રહેશે. આજની સભાના અધ્યક્ષ, નાગપુર લક્કડગંજ સમાજના પ્રમુખે પણ તેમનું મંતવ્ય આપતાં જણાવ્યું હતું કે આપણે સૌ કેન્દ્રીય સમાજના આદેશોનું નિષ્ઠાથી પાલન કરીને કેન્દ્રીય સમાજ એવં સ્થાનિક ઘટક સમજોને સનાતની સમાજ બનાવીને મજબુત કરશું તો આપણે આપણું કર્તવ્ય પાલન કર્યું ગણાશે. પ્રમુખશ્રીએ છેલ્લે ધર્મ જાગૃતિ સમિતિનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

પ્રશ્નોતરીમાં શ્રી ભીમજીભાઈ લાલજી સેંઘાણી વાલકા વાળાએ મને અનુલક્ષીને એક પ્રશ્ન પૂછ્યો હતો કે ભરૂચ વાળા નારણ બાપાએ જયારે બેંગલોરમાં શિબિર યોજી હતી ત્યારે રમેશભાઈ વગાડીયાએ, તેઓ સતપંથી છે એમ જણાવીને પ્રોગ્રામ અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો. તે શામાટે કર્યો હતો? તેના જવાબમાં રમેશભાઈ વાગડીયાએ તે પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું હતું કે **"મેં નારણબાપાને જોયાએ નથી અને તેઓ કોણ છે અને શું કરે છે તેની સાથે મને નિસ્બત જ નથી. બેંગલોરમાં શીબીરનું આયોજન જેને પણ કર્યું હશે તેની સામે મને વાંધો પણ નથી. બાકી તેઓ સનાતની છે કે સતપંથી છે તેની પણ મને ખબર નથી તો હું એને કઈ રીતે અટકાવી શકું? હા, અમારી સમાજમાં તે બાબતની ચડભડ જરૂર થઇ હતી અને મૈસુર રોડ સમાજમાં એમ કહેવામાં આવ્યું હતું કે આપણને તેની શિબિરમાં જવું ન જોઈએ. માટે ભીમજીભાઈ, તે માટે મને જવાબદાર ગણાવતા હોય તો**

તે તેઓની ભૂલ છે.''

પ્રેમજી ભાઈ કેસરાણીએ આ પ્રશ્ન નો જવાબ આપતાં સભા જનોને કહ્યું હતું કે **''ભરૂચ વાળા નારણ બાપા જે હોય તે, પણ નિશુલ્ક શિબિર યોજવામાં આવશે તેવું કહીને બેસવાના આસનો તેમજ પવિત્ર કરેલું પાણી વેચીને જે વેપલો કરે છે, તે સમાજના લોકોને અંધ શ્રધ્ધામાં ધકેલી દે છે. એટલે કદાચ નાગપુર સમાજે પણ તેની શિબિર સમાજમાં ન યોજાવા દઈને આપણી સમાજના ભાઈ બહેનો ઉપર એક મહાન ઉપકાર કર્યો છે.''**

બીજો એક પ્રશ્ન ભાઈ શ્રી જયંતીભાઈ ઠાકરાણીએ કેન્દ્રીય સમાજની અમદાવાદ જમીન પ્રકરણના પ્રણેતા દામોદર ઘોઘારી વિષે પૂછ્યો હતો, તેના જવાબમાં હિંમતભાઈએ જણાવ્યું હતું કે **''જે કંઈ ઘટના બની છે તે નોહતી બનવી જોઈતી. પણ બની ગઈ છે તેનું રીપેર કામ કેન્દ્રીય સમાજના આપણા વડીલો તેના ઉકેલમાં લાગી ગયા છે''.**

સભાના અંતમાં ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સભાનું શ્રવણ કર્યા પછી વિદર્ભ ઝોનના સૌ ભાઈઓ અને બહેનો સનાતન ધર્મ બાબતે બહુજ ઉત્સાહિત થઇ ગયા હતા. સનાતન ધર્મ જાગૃતિની આ નાગપુરની સભા હાલના દોહરાની છેલ્લી સભા હતી. બીજા દિવસે એટલે કે તા.૧૦.૦૩.૨૦૧૧ ના હું અને રમેશભાઈ ગોરાણી બેંગલોર પરત જવા ટ્રેઈન દ્વારા રવાના થયા હતા અને હિંમતભાઈ, પ્રેમજીભાઈ, રતનશીભાઈ અને અમૃતભાઈ મુંબઈ જવા માટે રવાના થયા હતા.

તા. ૯.૦૩.૨૦૧૧ ની નાગપુરની દ્વિતિય સભા લકડગંજ અને ૧૦.૦૩.૨૦૧૧ ના ઘાટરોડ નાગપુરની સભાનો રમેશભાઇ સોમજી લીંબાણીએ આપેલ એક રીપોર્ટ

મેં તા. ૪.૦૫.૨૦૨૦ ના (કોરોના લોક ડાઉન વખતે) આ સભા બોલાવવાની પ્રેરણા, હેતુ અને ફળશ્રુતી બાબતની રમેશભાઈ લીબાણી સાથે મારી ચર્ચા કરતાં તેમણે મને વિસ્તારથી પત્ર લખી મોકલાવેલ તે અહી રજૂ કરું છું.

નાગપુર થી રમેશભાઈ લીંબાણીએ અમારી સભાની ફળશ્રુતિ બાબતે લખેલ ટપાલ

તા. ૭.૦૫.૨૦૨૦

આત્મીય ભાઈ શ્રી રમેશભાઈ વાગડિયા,

જય લક્ષ્મીનારાયણ,

સવિનય સાથે જણાવવાનું કે આપ શ્રી કોરોનાકાળ માં સનાતની ચળવળના સંસ્મરણો નું સંકલન કરી રહ્યા છો એ જાણી ખૂબ આનંદ થયો. આ કાર્યમાં ભગવાન આપને શક્તિ આપી યશસ્વી બનાવે એ અંતઃકરણ ની શુભેચ્છાઓ અને અગ્રીમ અભિનંદન.

રમેશભાઇ આપે આપના સંસ્મરણો ને તાદ્રશ્ય કરતી વેળા મને નાગપુર ની ધાર્મિક સભા ની જાણકારી બાબત કઈંક માહિતી માંગી છે ... જ્યારે ભાવાવેશ માં મારા તે સમયના શક્ય તેટલાં સંસ્મરણો અહી તાદ્રશ્ય કર્યાં છે. એમાં થી આપ આપના સંસ્મરણ માં યથા યોગ્ય જેટલાં ઉપીયોગી હોય તેટલાં વીણી લેસો.

આમાંની લગભગ બધી વાતો થી આપ વાકેફ જ છો. ભાવાવેશ માં વધુ લખાયું હોય તો મિત્ર ગણી ક્ષમા કરસો. આપે મને જે નાગપુર સભા ના સંસ્મરણો ની વિગત જણાવવાનું કહેલ તે મુજબ હું આ કાર્ય માટે મારી પ્રેરણા, અનુભવ, સહકાર્ય અને

યાદદાસ્ત મુજબ ઘટનાક્રમ લખી મોકલાવું છું. તેને યોગ્યતા મુજબ આપના સંસ્મરણો માં વણી લેવામાં ઉપીયોગી થશે તો મેં આ સનાતની ચળવળ નો એક અદના સિપાઈ ની ભૂમિકા ભજવી ગણાશે.

સૌ પ્રથમ મને આ સનાતની ચળવળ ની પ્રેરણા ક્યાં થી મળી તે જણાવું. કે ઘડાણી માં અમારા લીબાણી પરિવાર ના સુરધન પૂજ્ય હરદાસબાપા ના સ્થાનક ઉભું કરવાનું કાર્ય ૧૯૮૮ માં ચાલુ થયું. એ કાર્યમાં હું શરૂઆત થી જ તાત્કાલિન અમારા સનાતની વડીલ સ્વ. ખીમજી લખમશી લીબાણી, સ્વ ખીમજી નાગજી લીબાણી (માસ્તર), અમારા ભાઈ સ્વ કરસન માવજી લીબાણી સાથે જોડાયેલ હતો. સ્થાનક નિર્માણ દરમ્યાન અવારનવાર કચ્છમાં જવાનું થતું હતું. તે દરમ્યાન આ વડીલો સાથે ઘણી રાતોનો સહવાસ થયો, જ્ઞાતિ અને સતપંથ સનાતન ની ઘણી બધી વાતો જાણવામાં આવી. મારી ઉત્સુકતા અને તાલાવેલી જોઈ આ વડીલો થી મને પીરાણા સતપંથ ની પોલ (જૂની આવૃત્તિ), સત્યાર્થ પ્રકાશ, કચ્છ કલાધર જેવાં ઐતિહાસિક પુસ્તકો વાંચવા મળ્યા. તે કાળે ફુરસ્ત ના સમયે કચ્છમાં બીજું કોઈ કાર્ય ન હોતાં મને આ વિષયે વાંચન અને વડીલો થી પૂછપરછ થી આપણી જ્ઞાતિનો સવિસ્તાર ઇતિહાસ જાણવા મળ્યો.

એજ સમય કચ્છથી પાછા ફરતાં ૧૯૮૮ માં પ્રથમ વખત હું અમુક સાથીઓ સાથે ઉત્સુકતા વસ પીરાણા પણ ગયો હતો. ત્યાં ત્રણ કલાક અમો અજાણ બની સ્થાનિક સેવાધારી અને ત્યાં રહેતા મુસ્લિમ મુજાવરો થી ઘણું બધું અવલોકન કર્યું, તત્કાલીન કરસન કાકા ની ઓફિસ માં મળ્યા. તેમને બપોર ના ભોજન કરવાનો આગ્રહ પણ કર્યો. પણ મનમાં સતપંથ પ્રત્યે ની ઘૃણા અને વિધર્મી આચરણ ના કારણે અમે બધાએ ન ભોજન કર્યું ન ઇમામશાહ ની મજાર ના દર્શન કર્યા.
અમોને ત્યાં પાવળ આપવામાં આવ્યું તેને હાથમાં લઈ ઢોળી દીધું પીધું નહી.

એ ત્રણ કલાક દરમ્યાન અમો ૮ જણા ને કરસન કાકા ના કહેવાથી એક સેવાધારી એ બધું ફરાવી ને સવિસ્તાર સમજાવ્યું હતું. ગંગવો કુઓ, કુઆ ની બાજુમાં ઝાડ પર આપણા પૂર્વજો ની ઉતારેલ જનોઈ જે કાંચ ના બોક્સ માં ઝાડ ની શાખાપર સાચવી રાખેલ હતી, નિશાન, બેડીઓ પહેરાવી આરોપિત ને ચલાવી. તેની પરીક્ષા પદ્ધતિ, ભોજન ની ધેગ, કાકાની ઓફિસ, પીર અને તેના પરિવારના સદસ્યો ની મજારો, પીરની દરગાહ ની બાજુમાં મુસ્લિમ ઇદગાહ, ત્યાંના મુજાવર સાથે ચર્ચા વગેરે બધું જોયું બપોર ની સેવા આરતી માં પણ ઉભા રહ્યા પણ જ્યારે અમને જમવાનો આગ્રહ કર્યો ત્યારે અમો બહાનું બતાવી ત્યાંથી નીકળવા લાગ્યા ત્યારે સેવાધારી ના વર્તનમાં ફરક આવી ગયો. આ બધું અમોએ. જોયું જાણ્યું પણ તે સમયે મનમાં હાલ જેવી તડપ કે બળતરા ન હતી કેવળ ઉત્સુકતા હતી.

ત્યાર પછી ૨૦૦૬ માં હું, મારો સાળો અને સાઢુ એમ ત્રણ જણ ફરી એકવાર ઉત્સુકતાવસ પીરાણા ગયા હતા. બપોર બાદ ૪ વાગે ગયા હતા. ત્યાર પહેલાં અને તે વખતે ઘણો બધો ફેરફાર થઇ ગયો હતો. જુના બાંધકામ ના ઠેકાણે બહુમાળી યાત્રીનીવાસ બની ગયાં હતાં. ગામમાં દાખલ થતાં છાત્રાવાસ યુક્ત સ્કૂલ જોઈ. આ સમયે અન્ય દર્શનાર્થીઓ સાથે અમે પણ જોડાઈ ગયા દરગાહ ની અંદર સુધી ગયા ત્યાં ઇમામશાહ. ની મજારના પાછળ ના કમરામાં અન્ય મજારો જોઈ, દર્શનાર્થીઓ ની આપસ ના વાર્તાલાપ થી જાણવા મળ્યું કે તે મજારો તેમના ફરઝનદો અને બીબીઓ ની હતી. બહાર નીકળી જોયું કે પહેલાં જ્યાં ગંગવો કુઓ હતો તે દાટી દેવામાં આવ્યો હતો. ઝાડ કે તેના ઉપર લટકતી જનોઈ પણ ન હતી હવે ત્યાં ઝમીન પર ફૂટ×ફૂટ ની આરસ ની તકતીઓ પર કઇંક લખાણ જોવામાં આવ્યું. અમે જ્યારે આ જોતા હતા ત્યારે અન્ય દર્શનાર્થીઓ બેડી પરીક્ષણ, દર્શન માં વ્યસ્ત હતા. ત્યાં પાછળ ના ભાગમાં ઇદગાહ તરફ એક કાંટાળા તાર ની વાડ (જે ૧૯૮૮ માં ન હતી) ની પાછળ એક મુસ્લિમ દાઢી વાળો લિલી લૂંગી પહેરેલ મુંજાવર ઉભો હતો તે અમને જોઈ વાડ ની પાસે આવ્યો. તે હિંદી માં વાત કરતો હતો આમરી

ગુજરાતી વાર્તાલાપ સમજી હિન્દીમાં બોલ્યો કે ''**आप जो गंगवा कुआ बोल रहे हों वह तो कब का बुझा दिया है । अब यहां आप के अष्बा अमी का परदेश में इंतकाल होता है वहां जलाने के बाद उनकी अस्थियों को यहां पैसे देकर दफनाया जाता है यह तख्तियां उनकी है ।**'' આના શિવાય તે મુજાવરે સતપંથી સંસ્થાના વિરોધમાં અન્ય વાતો કરી ત્યારે સમજાયુ કે હવે આ દરગાહ મુદ્દે મુસ્લિમો.અને સતપંથીઓ માં જે કાનૂની કાર્યવાહી ચાલી રહી છે તે કદાચ સાચી હશે.

સાંજ ની આરતી સેવા બાદ અમે દરગાહની બાજુમાં બનાવેલ નિષ્કલંકી ધામ માં ગયા ત્યાં નિષ્કલંકી નારાયણની આદમ કદ થી વિશાળ મૂર્તિ જોઈ, વિશાલ દલદલ ઘોડો જોયો, દિવારો પર અત્યાર સુધીના કાકાઓના કાર્યકાલ સહિત ના તેલચિત્ર જોયાં. આ જોતાં જોતાં સાંજના ૭.૦૦ વાગી ગયા હતા ભોજન ની બેલ વાગી એટલે અમે ત્યાં થી નીકળી ગયા.

તે સિવાય મારાં માતાજી અને અન્ય વડીલો થી આપણા વડીલોનું જીવન, જગ્યા,જ્યોતિષ ધામ (પાછળથી નિષ્કલંકીધામ), કાકાઓ કચ્છમાં આવતા ત્યારે તેની આગતાસ્વાગતા, અત્યાચાર, વ્યભિચાર ની વાતો જાણી હતી. પુસ્તકો, પીરાણા પ્રત્યક્ષ દર્શન..... આ બધું અમે ઉત્સુકતાવસ જોયું જાણ્યું અનુભવ્યું હતું. તેનાથી અંદર નું પાણી ક્યારેક હલતું હતું પણ ખૌલતું ન હતું. પણ આ અંદરના પાણી ને આગ મળી જ્યારે હિંમતભાઈ અને તમારી આગેવાનીમાં સનાતની ટિમ જ્યારે પ્રથમ વખત તા. ૧૩.૦૪.૨૦૧૦ ના નાગપુર આવી. (કલકત્તા થી પાછા ફરતાં વાયા રાજનંદગાવ). ત્યારે પહેલાં મારા હાથમાં આપશ્રી એ આપના ખોભડી ગામ જોગ સતપંથ વિરોધ માં બંડ પોકારતો લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ મારા હાથ માં આવી હતી. તે સમય હું કે અન્ય નાગપુર વાસી તમને ઓળખતા ન હતા. હિંમતભાઈ ને (લાકુડ ઉદ્યોગ મહાસંઘ) ના માધ્યમથી ઓળખતા હતા. પ્રથમ વખત સનાતની ટિમ નાગપુર કેમ અને કોના સંપર્ક કે આમંત્રણ થી આવી તે મને ખ્યાલ નથી. પણ આ સભામાં વક્તાઓ અને વિશેષતઃ આપના દ્વારા તેજસ્વી અને પ્રભાવી રૂપે સતપંથ વિરુદ્ધ નો પૂજ્ય નારાયણજી બાપા અને કેશરા પરમેશ્વરા નો ઘટનાવાર કર્મયોગ સાંભળ્યો ત્યારે માનો ભારેલા અગ્નિ ને હવા મળી અને એ આગ થી અંદરનું પાણી ખૌલવા લાગ્યું. મિટિંગ બાદ ભોજન કરતી વખતે હું અને મારો નાનોભાઈ ખેતાલાલ આપને મળ્યા હતા. ફોન નમ્બર ની આપ લે થઈ અન્ય કોઈ સનાતની યોદ્ધા થી ત્યારે કોઈ પરિચય ન હતો પણ આ હતો સનાતની ચળવળ પાર્ટ ૨ નો મારો પ્રથમ પ્રેરક પ્રસંગ.
તે સભા મારા સંસ્મરણ મુજબ નાગપુર સમૂહલગ્ન બાદ સંધ્યાકાળે અલ્પ સૂચના થી આયોજિત થયેલ હતી. તેમાં ઉપસ્થિતિ પણ સમાજના કાર્યકર્તાઓ સુધી જ મર્યાદિત હતી. સામન્ય સમાજ જનો અને મહિલાઓની ઉપસ્થિતિ નગણ્ય હતી. અને તે સમયે હજી આ ચળવળને આપણા સામયિકો તરફ થી યોગ્ય પ્રચાર પણ થયો ન હતો. તેમજ નાગપુરમાં સતપંથીઓની નગણ્ય સંખ્યા અને પ્રભાવને કારણે સનાતની જાગરૂકતા પ્રત્યે ઉદાસીનતા ના કારણે મારા મતે નાગપુર ની પ્રથમ સભા કેવળ ટેલર પૂરતી મર્યાદિત રહી ... અને નાગપુર સમાજના સામાન્ય કાર્યકર્તાઓ ને તેની ભૂખ પણ ન જણાઈ.

પણ કેમ જાણે મને અંદર થી લાગતું હતું કે જે ચળવળ આપણા પૂર્વજોએ શરૂ કરી હતી તેને હજુ જોઈતાં પરિણામ મળ્યાં નથી. ફરી એકવાર જ્ઞાતિ આદ્ય સુધારક લીખીત પુસ્તક ''પીરાણા સતપંથની પોલ'' વાંચી ... મનોમન નિશ્ચય કર્યો કે હું તો નારાયણજી બાપાનો કુળવંશજ છું. મારી શક્તિ સામર્થ્ય થી જેટલું થઈ શકે તેટલું આ સનાતની ચળવળમાં જોડાઈ યોગદાન આપીશ. અને આ વિચાર કરી આપનો ફોન દ્વારા અવારનવાર સંપર્ક કર્યો. આ દરમ્યાન આપના થી જાણવા મળ્યું કે ધર્મજાગૃતિ સભાઓનો મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ માં આયોજન થઈ રહ્યું છે. ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે આ શૃંખલા દરમ્યાન જો નાગપુર માં વિદર્ભ કક્ષાની પૂર્વ સૂચના અને સુનિયોજિત એક વ્યવસ્થિત સભા થાય તો તેના ધાર્યા પરિણામ આવી શકે. આ વિચાર મેં મારા સાથી વાલજીભાઈ દિવાણી અને જીવરાજ ભાઈ રામાણી ને કરી. તેમની સહમતીથી અમે નાગપુર સમાજ ના તત્કાલીન પ્રમુખ બાબુભાઈ જબવાણી ને જઈ મળ્યા અને અમારો વિચાર જણાવ્યો. શરૂઆતમાં તો તેમને વાત એમ

કહી ટાળી દીધી કે આપણે ત્યાં એકવાર ધર્મસભા થઈ ચૂકી છે. હવે તેની જરૂરત નથી. પણ અમે સમજાવ્યું કે તે પહેલી સભા તા. ૧૩.૦૪.૨૦૧૦ ના અલ્પ સમયમાં અલ્પસૂચના થી થઈ હતી. હવે જો આપણે વિદર્ભ લેવલે સભા આયોજિત કરીએ તો તેના ધાર્યા પરિણામ આવી શકે. તો તેમણે કહ્યું કે હું કારોબારી ને પૂછી જવાબ આપું. તેમણે કારોબારી સભામાં ચર્ચા કરી પણ ત્યાંય જોઈતી સફળતા ન મળી. ત્યારે અમેં ખૂબ આગ્રહ કર્યો તેથી તેમણે વાત ટાળવા કહ્યું કે સભા પ્રચાર અને ખર્ચો વિદર્ભ ઝોન સમાજ ના નેજા હેઠળ કરતા હો તો નાગપુર સમાજ ભવન કરવા દઉં તે માટે હું કારોબારી મંડળ ને સમજાવી શકું.

વિદર્ભ ઝોન ની પરવાનગી માટે પ્રયાસ

ત્યારે તત્કાલીન વિદર્ભ ઝોનના પ્રમુખ હરિલાલ કરશન સાંખલા અને મંત્રી વાલજીભાઈ દિવાણી હતા. હરિભાઈ નો વિચાર અને અભિગમ તો પહેલેથી જ સતપંથ-સનાતન મુદ્દે સહયોગાત્મક ન હતો પણ પ્રમુખ પદ ની ગરિમા જાળવી તેમને મળ્યા નાગપુર સમાજ નો વિચાર જણાવ્યો, તેમનો વિચાર પણ જાણ્યો, અને સમજાવ્યા કે ભારતભરમાં ધર્મજાગૃતિ સભાને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. નાગપુર અને વિદર્ભ માં જો સભા થાય તો તેનો પ્રભાવ મધ્ય ભારતમાં પડે. ત્યારે તેમને ખર્ચો કરવામાં અસમર્થતા બતાવતાં કહ્યું કે વિદર્ભ ઝોન સમાજ પાસે ભંડોળ નથી જો તમે દાનદાતા ઉભા કરી આયોજન કરતા હો તો કરો. આમ મનેકમને વિદર્ભ ઝોન અને નાગપુર સમાજ ને તૈયાર કર્યા, આપના સાથે પ્રવાસ ના આયોજન મુજબ તા ૯.૦૩.૨૦૧૧ લકડગંજ અને ૧૦.૦૩.૨૦૧૧ ના ઘાટરોડ નાગપુરમાં સભાની તારીખો નિશ્ચિત કરી. અમારા ગણા આગ્રહ છતાંય સભા અંતે સામુહિક ભોજન વ્યવસ્થા અમને મોકુફ રાખવી પડી તેનાથી સભાની ઉપસ્થિતિ માં પણ ફરક પડે તેમ હતું. એટલે સભાનો સમય ૪.૦૦ ને બદલે ૩.૦૦ વાગ્યે કરવો પડયો.

સભામાં ઉપસ્થિતિ અને પ્રચાર પ્રસાર માટે નાગપુર અને વિદર્ભ સમાજ ના નેજા હેઠળના ધર્મ જાગૃતિ સભા ના પરિપત્ર છપાવી અમોએ વિદર્ભ ની દરેક સમાજોને મોકલાવ્યા અને દૂરની સમાજોને ફોન દ્વારા સંપર્ક કરી વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિતિ માટે આગ્રહ કર્યો. તેમજ નાગપુર ના આજુબાજુ ના ગામોમાં ત્રણ દિવસ અમારી ત્રણ જણ ની ટીમ રૂબરૂ જઈ ત્યાં નાની સભાઓ ભરી લોકો ને સનાતની ચળવળ ની ભૂમિકા સમજાવી જાગરૂકતા માટે વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિતિ માટે આમંત્રણ આપી આવ્યા.

આ ધર્મજાગૃતિ ની ટુર માં આપણી ટિમ નો પ્રવાસ જલગાંવ થી હરદા થઈ જબલપુર થી નાગપુર સુધી આયોજિત હતો. આ આયોજન મુજબ અમે નાગપુરથી તા ૮.૦૩.૨૦૧૧ ના બપોરે ટેમ્પો ટ્રાવેલર ભાડે કરી નાગપુર થી મારી મોટી દીકરી મમતા ને ઘરે (લાલજી પ્રેમજી દડગા કચ્છ ટોડીયા) જબલપુર પહોંચ્યા. ત્યાં આપ સૌ હરદા થી કાર દ્વારા જબલપુર ભેગા આવી ગયા હતા અને અમારી મુલકાત તમારી સાથે ત્યાં થઇ. જબલપુર માં તેજ દિવસે ૮.૦૩.૨૦૧૧ ના બપોર બાદ મહાકોશલ ઝોન ના નેજા હેઠળ જબલપુર સમાજ ભવન માં મળેલ હતી. મિટિંગ બાદ રાત્રે ૧૦.૦૦ વાગે સનાતની ટિમ સાથે વહેલી સવારે ૩.૩૦ વાગ્યે નાગપુર અમારાં નિવાસ સ્થાને પહોંચ્યા.

ધર્મ જાગૃતિ ટીમમાં

૧. હિંમતભાઈ ખેતાણી મુંબઇ
૨. રમેશભાઈ વાઘડિયા બેંગલુરુ
૩. પ્રેમજીભાઈ કેશરાણી મુંબઇ
૪. રતનશી ભાઈ દિવાણી મુંબઈ
૫. અમૃતભાઈ ગોરાણી ઉડપી

૬. રમેશભાઈ ગોરાણી બેંગલુરુ

તા.૯.૦૩.૨૦૧૧ બુધવારે બપોર પછી ૩.૦૦ કલાકે નાગપુર મુકામે સભા મળેલ હતી આ ધર્મ જાગૃતિ સભામાં વિદર્ભ અને નાગપુર સમાજના ૮૦૦ જેવી સંખ્યામાં બહેન ભાઇ, યુવાનો ની ઉપસ્થિતિ રહેલ હતી. સભામાં વક્તાઓના જોશીલા ઉદબોધન અને સતપંથ સંપ્રદાયની કાળી બાજુ ઉજાગર કર્યા બાદ સભામાં થી શ્રોતા ના પ્રશ્નોતરી નું સમાધાન કરાયું હતું.

નાગપુર સભાના આયોજનમાં નાગપુર સમાજના પ્રમુખ બાબુભાઇ જબવાણી, વિદર્ભ ઝોનના પ્રમુખ હરિલાલ સાંખલા, વાલજી ભાઈ દિવાણી, રમેશભાઈ લીંબણી, જીવરાજ ભાઈ રામાણી, કેશરાભાઈ લીંબણી નો સાથ સહકાર મળ્યો હતો.

બીજા દિવસે ૧૦.૦૩.૨૦૧૧ ના બપોર બાદ ઘાટરોડ મુકામે પણ ધર્મ જાગૃતિ સભાનું આયોજન કરાયું હતું. તા.૧૧.૦૩.૨૦૧૧ ના સનાતની ટિમ પોતપોતાના ઘરે નાગપુર થી પરત ફરી હતી.

તે નાગપુર સભાની ફળશ્રુતિ

કેન્દ્રીય સમાજની સુવર્ણ જયંતિ ૨૦૧૦ ના મળેલ અધિવેશનમાં થયેલ ઠરાવો અને ડૉક્ટરઈન મુજબ ભારત ભરની દરેક કચ્છ કડવા પાટીદાર ઘટક સમાજો એવં ઝોનો પોતાને સંપૂર્ણ રિતે સનાતની ઘોષિત કરે. અને પોતાના સમાજ જનોને સનાતની તરીકે શપથપત્ર ભરી બાંહેધરી પત્ર ભરવાનો નિર્ણય થયો હતો. પણ તેને ક્રિયાવનીત કરવામાં અમારા નાગપુર જેવી સમાજોમાં જોઈતી તત્પરતા નહોતી દેખાડી. હાલાકી અમારી નાગપુર સમાજમાં અમારાં દબાણ ને કારણે તા ૧૨.૦૧.૨૦૧૧ એક અભૂતપૂર્વ સામાન્ય સંયુક્ત સભા લઈ આ વિષયે નિર્ણયો જરૂર લેવાઈ ગયા હતા પણ તે નિર્ણયો ને કાર્યાન્વિત કરવાની પ્રક્રિયા થઈ નહોતી. પરંતુ આ ધર્મ જાગૃતિ સભાઓથી તે પ્રક્રિયા ને વેગ મળ્યો હતો.

નાગપુર સમાજમાં સાતપંથીઓ ની સંખ્યા નગણ્ય હતી પણ આ પ્રક્રિયા થી એક પરિવાર નો દાખલો સામે આવ્યો :
ધનજીભાઈ રામાણી આ પરિવાર અહીયા ફોટોગ્રાફી નું કાર્ય કરેછે. તેમણે સમાજ સમક્ષ એવી માંગણી કરી કે અમો બાહેનધરી પત્ર ભરવા તૈયાર છીએ પણ અમેં ફોટોગ્રાફી નો વ્યવસાય કરીએ છીએ અને અમે પીરાણા સંસ્થા સાથે ફોટોગ્રાફી કાર્ય સાથે સંકળાયેલા છીએ એટલે અમને તે સંસ્થા સાથે વ્યાપારિક વ્યવહાર કરવાની છૂટ આપવામાં આવે. તેમની આ અરજી ને સમાજ કારોબારીએ માન્ય કરી તેમની અજુગતી માગણી માની પીરાણા સંસ્થામાં ફોટોગ્રાફી કામ કરવાની છૂટ આપેલ હતી. આ વાત જ્યારે અમારા ધ્યાનમાં આવી ત્યારે અમે સમાજ પ્રમુખ સમક્ષ આ વિષયે મૌખિક વિરોધ નોંધાવ્યો પણ અમારી વાત ને સમાજ કારોબારીએ ધ્યાન ન આપ્યું. એટલે અમો ત્રણ જણ રમેશભાઈ લીબાણી, વાલજીભાઈ દિવાણી અને જીવરાજભાઈ રામાણીએ એક લિખિત વિરોધ પત્ર નાગપુર સમાજ ને લખ્યો હતો. તેની કોપી કેન્દ્રીય સમાજ, ધર્મ જાગૃતિ સમિતિ (તમને) ને મોકલાવી હતી. આ દબાણ કામ કરી ગયું. છેવટે કારોબારી સભામાં આ વિષયે ચર્ચા કરી બહુમતે નિર્ણય લઈ તે પરિવાર ને આપેલ શસરત છુટ પાછી ખેંચી લીધી હતી.

તે સિવાય આ ચળવળથી એકાદ બે પરિવારો જે અંદરખાને સતપંથી પૂજાઓ કરાવતાં હતાં તે પરિવારની ઓળખ છતી થઈ ગઈ અને તેઓ પણ ધીરેધીરે મુખ્ય પ્રવાહમાં જોડાઈ ગયાં.
આ થઈ નાગપુર સમાજ ની ફલશ્રુતિ

રમેશભાઈ લીબાણી ની વ્યક્તિગત ફળશ્રુતી

હવે હું મારી (રમેશભાઈ લીબાણી ની) વ્યક્તિગત ફળશ્રુતિ ની વાત કરું તો નાગપુર ની ધર્મ જાગૃતિ સભા દરમ્યાન ચાર દિવસ ના સહવાસ અને આપ સૌ થી પ્રેરાઈ ને મારો પણ આત્મવિશ્વાસ વધી ગયો હતો. સમાજો તો સનાતની ઘોષિત થઈ કેન્દ્રીય સમાજ ના આદેશ પાળવા લાગ્યા પણ આપણી જ્ઞાતિ ના માળખામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ગોત્રીય પરિવારો હજુ ભેળસેળ નેતૃત્વમાં કાર્ય કરતાં હતાં. આ એક ગૂંચવડ ભર્યો અને પેચીદો ચિંતાજનક પ્રશ્ન હતો. સમાજની સુવર્ણ જયંતિ પછી આ વાત મારા મનમાં ચાલતી હતી. આબાબતે મેં અમારા પરિવાર ના મોવડીઓ સાથે ચર્ચા કરી હતી. આપના (રમેશભાઈ વગાડીયાના) અને હિંમતભાઈ ખેતાણી સાથે પણ અવારનવાર ચર્ચાઓ પણ કરી હતી. પણ એ મુદ્દે હજુ કાંઈ ઠોસ કરી શક્યા ન હતા. આ સભા બાદ અમારા લીબાણી પરિવારને સનાતની ઘોષિત કરાવવા મનોમન વિચાર કર્યો પણ સંખ્યા ની દ્રષ્ટિએ પોકાર પરિવાર બાદ બીજા નમ્બર ના લીબાણી પરિવાર ને આ વિષયે તૈયાર કરવું બહુ મોટું અને કપરું કાર્ય હતું. હું લીબાણી પરિવાર ની કાર્યકરિણી માં શરૂઆત થી જ સંલગ્ન હતો પણ આવા નીતિવિષયક નિર્ણય ને પળાવવામાં નેતૃત્વ ક્ષમતા ન હતી. શરૂઆતમાં મેં અમારા લીબાણી પરિવાર ના પ્રમુખ જે આપના મોટાભાઈ મોહનભાઇ ના સાસરા અરવિંદભાઈ કરસન લીબાણી સાથે વાત કરી, તેઓ પ્રખર સનાતની અને રતનશી ખીમજી ખેતાણી ની હરોળના સનાતની જ્ઞાતિ સુધારક વડીલ શ્રી ભીમજી કેશરા લીબાણી (સલાટ) ના પૌત્ર થતા હતા. પણ તેમનો અભિગમ અને કાર્યશૈલી આ વિષયે કેન્દ્રીય સમાજની કાર્યશૈલીથી ભિન્ન હતી. તેઓ એ મારો ઉત્સાહ તોડ્યો નહિ આ વિષયે નેતૃત્વ કરવાનો ભાર મારા ઉપર છોડ્યો કે તમે આ વિષયે જે વિચારતા હો તે કરો પરિવાર તમને જોઈતો સાથ સહકાર આપશે. ત્યાર બાદ અમારા પરિવાર અને કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખ પ્રખર સનાતની વડીલ ખીમજી લખમશી કલકત્તા સાથે ફોન પર ચર્ચા કરી તેમણે પણ મારા ઉત્સાહ ને બિરદાવ્યો હતો પણ ગુલકોમિયા ને કારણે તેમની આંખ ની રોશની ચાલી જવાથી શારીરિક અસમર્થતા ને કારણે આ કાર્યમાટે પોતાની વ્યક્તિગત અસમર્થતા બતાવી હતી. પણ મારો ઉત્સાહ જોઈ મને આ વિષયે માર્ગદર્શન કર્યું કે આ મુદ્દે પહેલાં તમે ભારતભરમાં આપણા પરિવારના મુખ્ય વ્યક્તિઓ સાથે સંપર્ક કરી તેમના મંતવ્યો જાણી આગળ વધો મારી જ્યાં જરૂરત હશે ત્યાં હું મારા અનુભવે અહીં બેસી તમારું માર્ગદર્શન કરતો રહીશ. આમ પરિવારના બે વડીલો ના આશીર્વાદ થી કાર્ય આરંભ કર્યું. સૌ પ્રથમ ભારત ના મોટા શહેરોમાં વસતા લીબાણી પરિવારના પ્રભાવી ભાઈઓનો સંપર્ક સાધી આ મુદ્દે વિચાર વિમર્શ કર્યા. મોટે ભાગે દરેક ઠેકાણે થી સકારાત્મક પરિણામો મળ્યાં. ત્યાર બાદ કચ્છ, ગુજરાતના કંપાઓ અને ભારતના મોટાં દરેક શહેરમાં વસતાં લીબાણી પરિવારોની સયુંકત સભા લેવરાવી આ મુદ્દે ચર્ચા વિચારણા કરી સનાતન લીબાણી પરિવાર ઘોષિત કરવાના તે સભામાં હાજર રહેલાઓ ની સહીઓ સાથે ના સહમતી પત્રો તૈયાર કરાવીને અમે ગામો ના પ્રતિનિધિઓની અને પરિવારની કારોબારીની સયુંકત સભા ૧૬.૦૪.૨૦૧૧ ના સુરત મુકામે મા ઉમિયાધામ ના પ્રાંગણ માં યોજી હતી. આ સભામાં સુરતના ભાઈઓ ની ગણતરીમાં ન લેતાં અન્ય ૭૫ સદસ્યોની ઉપસ્થિતિ રહેલ હતી.

આ સભામાં ભારતભરથી પરિવારના સહમતી પત્ર ના આધારે સર્વાનુમતે આવતી ચૈત્ર વદ ૧૪ તારીખ ૧.૦૫.૨૦૧૧ ના સુરધન હરદાસબાપા ની પુણ્યતિથિ ઉપર અખિલ ભારતીય ભૃગુ ગોત્રીય લીબાણી પરિવારની અસાધારણ સામાન્ય સભા બોલાવવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો અને તે સભામાં પરિવાર ને સંપૂર્ણ સનાતની ઘોષિત કરતો ઠરાવ પસાર કરવાનો નિર્ણય કર્યો.

ઘડાણી મુકામે તા ૩૦.૦૪.૨૦૧૧ ની કારોબારી સભામાં ઉપરોકત મુદ્દે કંપાના અને કચ્છ ના અમુક વડીલો નો સુઝાવ હતો કે જેમ ચાલે છે તેમ ચાલવા દો પણ મોટા ભાગના સદસ્યો પરિવારને સંપૂર્ણ સનાતની ઘોષિત કરી નવા નીતિનિયમો થી પરિવારનું સંચાલન ચલાવવાની તરફેણમાં હતા. એટલે લાંબી ચર્ચા વિચારણા ના અંતે પરિવાર ને સનાતની તરીકે ઘોષિત

કરવાનો અને સ્થાનક પર દર્શન અને યાત્રી નીવાસ ના ઉપીયોગ માટે અસાધારણ સભા ની મંજૂરીને આધીન નીતિનિયમો નો મસુદો તૈયાર કરવામાં આવ્યો.

તા ૧.૦૫.૨૦૧૧ ના પરિવારની અસામાન્ય સભામાં ખુલ્લા મંચ થી લોકતાંત્રિક રીતે આ મુદ્દે બહેન ભાઈઓ ના વિચારો લેવામાં આવ્યા લગભગ ૯૦% મત સકારાત્મક હતા બાકી ના લોકો ગોળ ગોળ જેમ ચાલે છે તેમ ચાલવા દેવામાં શું વાંધો છે??? ... આમ વિચારવિમર્શ માં અંતે સર્વાનુમતે ન કહેવાય પણ ધ્વનિમત (બહુમતે) પરિવાર ને શ્રી અખિલ ભારતીય ભૃગુ ગોત્રીય સનાતન લીબાણી પરિવાર ઘોષિત કરવામાં આવ્યું અને તેના નીતિનિયમો ને બહાલી આપવામાં આવી હતી.

આ પ્રમાણે મનુષ્યયત્ન અને ભગવત કૃપા થી લગભગ દોઢ મહિનાના અલ્પાવધી માં આપણી જ્ઞાતિના પરિવારોમાં સર્વપ્રથમ લીબાણી પરિવાર ને સનાતની ઘોષિત કરી પરિવારના સુરધન પૂજ્ય નારાયણજી બાપા ને સાચી શ્રદ્ધાંજલિ આપી છે. એક વખત અશક્ય લાગતાં આવા કાર્ય ને યશસ્વી બનાવવામાં ભગવદ્ કૃપા તો અવશ્ય છે. પણ પ્રેરણા અને પુરુષાર્થ ને આગવું સ્થાન છે. જે મને તમારી સનાતની ટિમ ના નિસ્વાર્થ કર્મયોગ થી મળી છે.

- આપણી જ્ઞાતિ ની સનાતની લડાઈ હજુ પૂર્ણ થઈ કે અધૂરી છે?
- લડાઈ કોના નેતૃત્વમાં થઈ?
- સમય સમય પર કોનું કોનું અને કેટલું યોગદાન છે?
- કોણ કોણ આ લડાઈમાં લોકિક દ્રષ્ટિ થઈ યશસ્વી બન્યા?

તેનું મૂલ્યાંકન જેને જેને અને જેમ જેમ કરવું હોય તે ભલે કરે. પણ અહીં મને મહાપુરુષો થી સાંભળેલું મંદિર નું દ્રષ્ટાંત યાદ આવે છે. પાયા માં દટાયેલ નિવ પર ગારા-માટી ઇંટ ચુના થી મંદિર બને છે પણ મંદિર નિર્માણ ની પૂર્ણાહુતિ બાદ કેવળ શિખર - ધ્વજ કે બાહ્ય સુશોભન જ પ્રતિષ્ઠા પામે છે. આ પ્રતિષ્ઠા બધાના નસીબમાં ન હોય પણ મંદિર જાણે છે કે મારા નિર્માણમાં કોની કોની મહત્વપૂર્ણ ભૂમિકા છે!!!

એ દ્રષ્ટિએ મને આત્મસંતોષ છે કે સનાતની ટિમ ના નાના મોટા યોદ્ધાઓ થી પ્રેરણા પામી ભગવાને મને ધર્મયુદ્ધ ના અદના સિપાઈ તરીકે નિમિત્ત બનાવી મને જ્ઞાતિસેવા નો.અવસર આપ્યો. રમેશભાઇ, આપે આપના સંસ્મરણો ને તાદ્રશ્ય કરતી વેળા મને નાગપુર ની ધાર્મિક સભા ની જાણકારી બાબત કઈંક માહિતી માંગી છે. જ્યારે ભાવાવેશમાં મારા તે સમયના શક્ય તેટલાં સંસ્મરણો અહીં તાદ્રશ્ય કર્યાં છે. એમાં થી આપ આપના સંસ્મરણમાં યથાયોગ્ય જેટલાં ઉપીયોગી હોય તેટલાં વીણી લેસો.

આમાંની લગભગ બધી વાતો થી આપ વાકેફ જ છો. ભાવાવેશમાં કદાચ વધુ લખાયું હોય તો મિત્ર ગણી ક્ષમા કરસો.
ધન્યવાદ
(રમેશ લીબાણી નાગપુર)

દહેગામ સભા તા. ૫.૦૪.૨૦૧૧ અને તા.૬.૦૪.૨૦૧૧

દહેગામ વિભાગ સનાતન સમાજ દ્વારા ઓધવ ભુવન ઉદ્ઘાટન સમારંભનું આયોજન તા.૫.૦૪.૨૦૧૧ થી તા.૬.૦૪.૨૦૧૧ ના કરવામાં આવ્યું હતું જેમાં દહેગામ વિભાગ સનાતન સમાજની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં

આવ્યું હતું. તેમાં ઓધવરામ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન, શ્રી ઉમિયા માતાજી અને આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીની પ્રતિમાઓની ઉછામણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નીચે જણાવેલ અગ્રણી ભાઈઓની હાજરી નોંધનીય હતી.

સ્થાનિક સમાજના આગેવાનોઃ

૧. શ્રી શિવદાસ રતનામાવાની (સ્થાપક પ્રમુખ)
૨. શ્રી મગનભાઈ હંસરાજ છાભૈયા (વર્તમાન પ્રમુખ)
૩. શ્રી નાનજીભાઈ વાલજી ભીમાણી (પૂર્વ પ્રમુખ)
૪. શ્રી ઈશ્વરભાઈ શિવદાસ માવાણી (ઉપ પ્રમુખ)
૫. શ્રી ગોપાલભાઈ દેવજીભાઈ ભાવાણી (મંત્રી)

સમારંભનો પહેલો દિવસઃ

ઉપસ્થિત સંતોઃ

૧. શ્રી કરસનદાસજી મહારાજ, વાંઢાય
૨. શ્રી કેસવદાસજી મહારાજ, સુંદરપુરા
૩. શ્રી મોહનદાસજી મહારાજ, નખત્રાણા
૪. શ્રી શિવાનંદતીર્થ મહારાજ, વલાદ
૫. આચાર્ય શ્રી જ્ઞાનેશ્વરજી મહારાજ, રોઝડ
૬. શ્રી રામકુમાર ખાકી મહારાજ, સૈજપુર

સંત સભા

ઉપસ્થિત સંતોએ કાર્યક્રમને અનુરૂપ આશીર્વચનો આપ્યા હતાં.

સનાતન સભા વક્તાઓને આમંત્રણ

સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વાળા નીચે જણાવેલ ભાઈઓને આ પ્રસંગે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમના ભાષણો પણ થયાં હતાં.

૧. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, મુંબઈ
૨. શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા, બેંગલોર
૩. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી, મુંબઈ
૪. શ્રી રમણભાઈ શામજી વાસાણી, મુંબઈ

દહેગામ ખાતે વડીલ શ્રી શિવદાસ બાપા માવાણીની પ્રેરણા અને પ્રયત્નથી ઓધવરામ ભુવનનું નિર્માણ થયું. આ સમાજ ભવનના ઉદ્દઘાટન પ્રસંગે કેટલાક વિધાર્મીઓએ હવનમાં હાડકાં નાખવાનું કાર્ય કર્યું હતું.. તેના હાથા આપણા જ સનાતની ભાઈઓ બન્યા. સનાતની સમજણ ધરાવતા આપણાજ સનાતની ભાઈઓ વિધર્મીઓને વહાલા થવા કહો કે તેમના દબાણને વશ થઈને આપણા પ્રખર સનાતની વક્તાઓને ઉદ્દઘાટન સભામાં તેમના ભાષણો અટકાવવાનો તે વખતે વિફળ પ્રયાશ કર્યો હતો. કાનૂની, સરકારી અને પોલીસ તંત્રનો આસરો લઈને સનાતની આયોજકો ઉપર દબાણ ઉભું કરવામાં આવ્યું હતું. ભારત દેશ અને આપણી કેન્દ્રીય સમાજનો હિંદુ ધર્મ જો પરાજીત થયો હોય તો વિદેશીઓ અને વિધર્મીયોના હાથા આપણા જ લોકો બનવાથી થયો છે. એટલા માટે જ કહેવાય છે કે બેઈમાનીમાં ભારત દેશના લોકોનો આખા વિશ્વમાં જોટો જડે એમ નથી એમાં

આપણે પણ આવી ગયા. હિંદુ શાસ્ત્રમાં ૩૩ કોટી (એટલે કે ૩૩ પ્રકારના) દેવતાઓ છે, તે ઓછા પડતા હાય છતાં સતપંથીઓ બાવા ઈમામશાહ અને તેના ભેજાની પેદાશ એવા નીસ્કલંકીને પકડવા પડ્યા છે. આ **હાઈટ ઓફ ઈંટલેક્ચ્યુઅલ ઈન્સોલ્વન્સી** (બૌધિક નાદારીની ઊંચાઈ) નહી તો બીજું શું છે ભાઈ? જ્યારે જ્યારે વિદેશીઓએ ભારત દેશ અને તેના હિંદુ ધર્મ ઉપર આક્રમણો કર્યા છે ત્યારે ત્યારે આપણાજ પોતાના લોકોએ ગદ્દારી કરી છે ત્યારે આપણે પરાસ્ત થયા છીએ, નહી તો દુનિયામાં કોઈની તાકાત નથી કે આપણને કોઈ ધાર્મિક અથવા તો આર્થિક રીતે પરાસ્ત કરી શકે. સિકંદરના વખતથી, મુસલમાની મહમ્મદ ઘોરી, લોદી કે ગુલામ વંસજોના અને મુસલમાની મુગલોના વખતથી આપણે જોતા આવ્યા છીએ કે ભારત દેશ કે ભારતની હિંદુ સંસ્કૃતિ જો પરાસ્ત થઇ હોય તો આપણા પોતાના લોકોની બેઈમાની થી જ થઇ છે. આવું જ અત્યારે પણ આપણી સમાજમાં બની રહ્યું છે. જ્ઞાતિના સતપંથના ભાઈઓને શું કહેવું? ઉચ્ચ કોટી નો આપણો સનાતન ધર્મને મુકીને ઈરાનથી આવેલ નીઝારી મુસલમાની પીર ઇમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવાની પાછળ પડી ગયા છે. તે સૈયદોના હાથની કઠપૂતળી બની ગયા છે. પરિણામ સ્વરૂપે જ્ઞાતિમાં સનાતન સતપંથને મુદ્દે ભાગલા થઈ ગયા હોવા છતાં ઈમામશાહને મુકવો નથી. સમય જતા આપણી જ્ઞાતિને મુસલમાન બનાવવાની કગાર ઉપર મૂકી દેવાની ફરી પાછી પેરવીઓ આ લોકો કરી રહ્યા છે એવું મને લાગી રહ્યું છે. માટે જ આ પીરાણા વાળા ભાઇઓથી છેડો ફાડશું તો જ આપણે આપણી હિંદુ સંસ્કૃતિને બચાવી શકીશું. આ વસ્તુને આપણા જ્ઞાતિ સુધાર વડીલો સમજી ગયા હતા એટલે જ તેઓએ પીરાણા સતપંથ અને સતપંથના ભાઈઓ (ખાનાઈઓ) જોડે છેડે ચોક જઈને છેડો ફાડી નાખ્યો હતો. તેમના જેવી ખુમારી આજે આપણે સૌ સનાતાનીઓ દેખાડી શકતા નથી. ક્યાંકને ક્યાંક આપણે સનાતાનીઓ જ સતપંથ તરફ કુણી લાગણી ધરાવી, સતપંથના દલાલો બનીને સીધી યા આડકતરી રીતે પીરાણા સતપંથને મદદરૂપ થતા રહેલા છે એટલે જ તો આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી સતપંથ નાબુદ નથી થતો. હવે ઘણું થયું. જો આપણે આપણી સનાતન હિંદુ સંસ્કૃતિ બચાવવી હશે તો પીરાણા સતપંથની સાથે આપણને છેડો ફાડવો જ રહ્યો.

હવે દેહગામ સભાની મૂળ વાત ઉપર આવીએ તો સૌથી પહેલાં પ્રેમજીભાઈ કેસરાણી અને હિંમતભાઈ ખેતાણી અને અન્ય સનાતાનીઓ આપણી જ્ઞાતિ અને કેન્દ્રીય સમાજનો સંઘર્ષમય ઈતિહાસ ની ઝાંખી સભાજનોને કરાવતા હતા ત્યારે ઉદઘોષક ભાઈ શ્રી વિસનજીભાઈ શિવદાસ માવાણી ની સાથે કેટલાક બીજા સનાતની મવાળો દ્વારા અમારા ભાષણોને રોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ ત્યાં ઉપસ્થિત જંગી સનાતની જન મેદનીના ભારોભાર આગ્રહને પ્રચંડ સમર્થન મળતાં નિર્ભીક રીતે સનાતન ધર્મ જાગૃતિ વાળાઓનાં ભાષણો ચાલુ રહ્યાં અને સભાને મંત્ર મુગ્ધ કરી દીધી હતી.

સભા પછીની ફળશ્રુતી

આમ જોઈએ તો સન ૨૦૦૮ પછી શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજમાં સનાતન વિચારધારાની ક્રમશઃ સંક્રાંતિ થવા લાગી હતી. જોકે ધનસુરા સમાજ પહેલેથી જ સનાતની વિચારધારાને વરેલી હતી. ધનસુરા સમાજ કેન્દ્રીય સમાજની સ્થાપના વખતેના સમાજ સુધારકો અને વાંઢાય ધવારા ના આપણા સંત શ્રી ઓધવરામજી મહારાજની કંડારેલી કેડી પર ચાલી રહ્યો હતો. પરંતુ કાળક્રમે અન્ય સનાતની સમાજોમાં થયું તેમ ધનસુરા સમાજના કાર્યક્ષેત્રમાં પણ મવાળવાદી વિચાર સરણી બળવત્તર બની રહી હતી. કેન્દ્રીય સમાજની જેમ, કહેવાતા સનાતની આગેવાનો પોતાના સહકારી અને રાજકીય સ્વાર્થ માટે સતપંથના ભાઈઓ સાથે રહીને સમગ્ર સનાતની સમાજને ગુમરાહ કરી રહ્યા હતા. તેવા સમયે પ્રથમ મોડાસા અને ધનસુરા ત્યાર બાદ સમગ્ર ભારતમાં સનાતની ચેતના પુનઃ સંચાર થઈ. તેમાં નોંધનીય ઘટના એ હતી કે સૌ પ્રથમ ધનસુરા ખાતેથી સનાતન ધર્મ ચિંતન શિબિરની શુરુઆત થઇ જે આગળ જતાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં ચેતનાની મશાલ બની જેના ફળ સ્વરૂપે સનાતન ધર્મના પ્રખર હિમાયતીઓ ખુલ્લીને બહાર આવ્યા અને કંપા પ્રદેશમાં ધાર્મિક/સામાજિક મેળાવડાઓ સનાતની રંગે રંગાયા હતા. જ્ઞાતિની સનાતની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત ૨૦૦૯-૧૦ માં થઇ ત્યાર પછી આજે એક

દાયકા પછી તે ચળવળ ઢીલી પડી રહી હતી તે મશાલને પુનઃ સળગતી રાખાવા માટે આપણે સૌ સનાતનીઓએ કમર કસવી પડશે એવું મારું માનવું છે.

સંસ્કૃતિક કાર્યક્રમો

પ્રથમ દિવસની રાત્રે દહેગામ યુવા પાંખ દ્વારા સંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

બીજો દિવસ

બીજા દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના વિવિધ અગ્રણીઓ અને સામાજિક સભામાં નીચે જણાવેલ વક્તાઓએ પોતાના ઉદ્‌બોધનો આપ્યા હતા.

૧. શ્રી રામજી કરમશી નાકરાણી, રાયપુર (કેન્દ્રીય સમાજ પ્રમુખ શ્રી)
૨. શ્રી ધનસુખભાઈ માવજી રંગાણી (ધનસુરા સનાતન સમાજ પ્રમુખ શ્રી)
૩. શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા (દેસલપર સંસ્કાર ધામ પ્રમુખશ્રી)
૪. શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ (સંસ્કારધામ ટ્રસ્ટીશ્રી)
૫. શ્રી ગંગારામ હિરાલાલ સાંખલા, દિલ્હી (ટ્રસ્ટીશ્રી કેન્દ્રીય સમાજ)
૬. શ્રી નરસીભાઈ ધનજી રામાણી (ઉ. સાબરકાંઠા ઝોન પ્રમુખશ્રી)
૭. શ્રી પુનમભાઈ ખીમજી ધોળુ (ડ. સાબરકાંઠા ઝોન પ્રમુખશ્રી)
૮. શ્રી અશોકભાઈ જયંતીભાઈ ભાવાણી (ડ. સાબરકાંઠા ઝોન મહામંત્રી શ્રી)
૯. શ્રી અમૃતભાઈ રતનશી રામાણી (ધનસુરા સમાજ મહામંત્રી શ્રી)
૧૦. શ્રી વિઠ્ઠલ ભાઈ કરસન દીવાણી, બિલેશ્વર
૧૧. શ્રી જશુભાઈ જેઠાભાઈ ધોળુ, પ્રમુખ ઇડર-વડાલી વિભાગ
૧૨. શ્રી ખીમજીભાઈ અરજણ ધોળુ, પ્રમુખ મોડાસા વિભાગ
૧૩ શ્રી ચીમનભાઈ મનજી ધોળુ, પ્રમુખ તલોદ વિભાગ
૧૪. શ્રી પરષોતમ દેવશી ગોરાણી, પ્રમુખ કપડવંજ વિભાગ
૧૫. શ્રી કાંતિભાઈ અરજણ ધોળુ, પ્રમુખ તલોદ વિભાગ
૧૬. શ્રી ગૌરાંગભાઈ ધનાણી, સુરત યુવા સંઘ પ્રમુખશ્રી
૧૭. શ્રી જયંતીભાઈ રામાણી, અમદાવાદ, યુવા સંઘ પૂર્વ પ્રમુખ
૧૮. શ્રી મનસુખભાઈ વિશ્રામ રૂડાણી, અમદાવાદ (કેન્દ્રીય સમાજ ઉ. પ્રમુખ)
૧૯. શ્રી રતિભાઈ લાધાભાઇ છાભૈયા, તલોદ
૨૦. શ્રી વસંતભાઈ રાજાભાઈ લીબાણી, મોડાસા
૨૧. શ્રી રવજીભાઈ હીરજી રામજીયાણી, દહેગામ

,મોજુદ મહિલા શક્તિ

૧. શ્રીમતી નર્મદાબેન સેંઘાણી સુરત
૨. શ્રીમતી નર્મદાબેન નાકરાણી, ધનસુરા મહિલા મંડળ ઉર્વ પ્રમુખ
૩. શ્રીમતી કમલાબેન લીબાણી, ધનસુરા પ્રદેશ મહિલા મંડળ પ્રમુખ

૪. શ્રીમતી વિલાસબેન રામાણી, ધનસુરા પ્રદેશ મહિલા મંડળ ઉપ પ્રમુખ
૫. શ્રીમતી મંગળાબેન ભાવાણી, ધનસુરા પ્રદેશ મહિલા મંડળ મહામંત્રી

તા.૧૮.૦૫.૨૦૧૧ સંત શ્રી અવિચલદાસ, સારસાવાળા સાથે પીરાણા સતપંથ બાબતે થયેલ એક મુલાકાત અને તેનો એક રીપોર્ટઃ

આ સંદર્ભે આપણી કેન્દ્રીય સમાજે રજી.પોસ્ટથી આ સંતશ્રીને એક ટપાલ લખી હતી કે સતપંથી ભાઈઓને અમે કનડગત નથી કરતા બલ્કી સતપંથી ભાઈઓ કેન્દ્રીય સમાજને એવમસમાજના સનાતની ભાઈઓને ખોટી પોલીસ ફરીઆદો, ખોટી ચેરીટી કમીસનરને ફરીઆદો, અને ખોટા કોર્ટ કેસો કરીને કનડગત જરૂર કરી રહ્યા છે. પણ સંતશ્રીએ આ ટપાલનો સ્વીકાર ન કરવાથી તે ટપાલ કેન્દ્રીય સમાજને પાછી ફરી હતી. તેથી તે ટપાલને રૂબરૂ પહોંચતી કરવા માટે કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને સનાતન ધર્મ જાગૃતિ સમિતિના ભાઈઓ તા.૧૮.૦૫.૨૦૧૧ ના રોજે સંતશ્રીને મળવા સારસા ગયા હતા. તે સરવે ભાઈઓના નામો નીચે મુજબના છે.

૧. શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ પ્રમુખ
૨. શ્રી દેવજીભાઈ રામજી ભવાણી શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ ઉપ-પ્રમુખ
૩. શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા શ્રી અ.ભા.ક.ક.પા. સમાજ ટ્રસ્ટી શ્રી
૪. શ્રી હિંમત ભાઈ રતનશી ખેતાણી (શ્રી અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમિતિ)
૫. શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા (શ્રી અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમિતિ)
૬. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી (શ્રી અ.ભા.ક.ક.પા.સનાતન ધર્મ જાગૃતિ સમિતિ)
૭. શ્રી કરસનભાઈ શામજી સેંઘાણી (સુરત સમાજના પ્રમુખશ્રી)
૮. શ્રી પુંજાભાઈ લીબાણી (શ્રી અ.ભા.ક.ક.પા.સમાજના માજી હોદ્દેદાર શ્રી)

આ મુલાકાત દરમ્યાન સંતશ્રી સાથે નીચે પ્રમાણે નો વાર્તાલાપ થયો હતો

- ૧. સૌ પ્રથમસંતશ્રી ને પૂછવામાં આવ્યું હતું કે અમારા ઉપર આક્ષેપ મુકાતો પત્ર લખવાની આપશ્રીને ફરજ કેમપડી? તેનાં જવાબમાં સંતશ્રીએ કહ્યું હતું કે ક્યાંકતો શુરુઆત કરવી જ પડે ને એટલા માટે મેં ટપાલ લખી હતી. પણ સ્વામીજી આપશ્રીએ એક તરફું સાંભળીને હકીકત જાણ્યા વગર આમલખવું ન જોઈએ કારણકે તે ટપાલનો ગેરઉપયોગ થાય છે તેમઆપણે જણાવ્યું હતું.

- ૩. ઈરાનથી આવેલા તે સૈયદો એ પીરાણા સતપંથ ની સ્થાપના કરવાનો મુખ્ય હેતુ અને ઈરાદો એ જ હતો કે હિન્દુઓ ને મુસલમાન ધરમતરફ વટલાવવા. તે વાત ની સ્વામીશ્રીએ પણ પુષ્ટિ આપી હતી અને તે વાત થી સ્વામીશ્રી એક વખત નહિ પણ મુલાકાત દરમ્યાન અનેક વખત સહેમત થયા હતા.

- ૪. કેન્દ્રીય સમાજ અને જ્ઞાતિના ઈતિહાસની વાત આગળ વધારતાં આપણે જણાવ્યું હતું કે અમારી આખી જ્ઞાતિ એક સમયે પીરાણા સતપંથ ધર્મને જ અનુંશરતી હતી અને તેથી અમારી ઓળખ અન્ય હિંદુ જ્ઞાતિઓ માં એક મુમના મુસલમાન તરીકે થતી હતી અને કચ્છમાઁ અમારી જ્ઞાતિથી આભડછેટ રાખતા હતા. આ કલંકને ભુંસવા માટે થઈને જ અમારા સુધારક વડીલોએ તે પીરાણા સતપંથ ધર્મથી અને સતપંથ સમાજથી છેડેચોક જઈને છેડો ફાડયો

હતી અને સનાતની ઓળખ ધરાવતી અમારી કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી. તો તે સમાજ સતપંથીઓ ની સમાજ કેમથઇ સ્વામીજી અમોને સમજાવો કે તે સમાજ સત્પન્થીઓની કેમથઇ? સ્વામીજી પાસે આનો કોઇ જ જવાબ ન હતો. હોય પણ ક્યાંથી?

- ૫. સ્વામીજી અમારા સુધારક વડીલોએ ૧૯૬૦માં અમારી કેન્દ્રીય સમાજની વિધિવત સ્થાપના કરી ત્યારે સ્થાપના ત્રણ મુખ્ય ઉદ્દેશો હતા.
  - ૧. પીરાણા સતપંથને અનુંશરીને જ્ઞાતિ પર લાગેલ મુમનાપણાનું કલંક ભૂંસવાનું. (તેથીજ અમારા વડીલોએ પીરાણા સતપંથ અને સતપંથ સમાજ સાથે સદંતર છેડો ફાડેલો)
  - ૨. સતપંથને ત્યાગીને પુનઃ સનાતન ધર્મ અંગીકાર કરેલા જ્ઞાતિના સનાતાનીઓના હિતોની રક્ષા કરવાનું.
  - ૩. ક્રમશઃ જ્ઞાતિ માટે કલંકિત પીરાણા સતપંથ થી આખી જ્ઞાતિને છેડો ફડાવી સનાતન ધર્મ તરફ વાળવાનું.

- ૬. પણ અફસોસ, કે ૧૯૮૫ સુધી મહદ અંશે જ્ઞાતિની ૮૦-૮૫ ટકા વસતી સનાતની બની ગઈ, પણ બાકીની ૧૦-૧૫ ટકા કોઈ અકળ કારણસર જ્ઞાતિ માટે કલંકરૂપ, સૈયદો એ સ્થાપેલ પીરાણા સતપંથ ધર્મને આજ દિવસ સુધી વળગી રહી. હા, અમારી ઉદાર નીતિઓને લીધે પોતાને હિંદુ ઓળખાવવા માટે થઈને કેન્દ્રીય સમાજની આડસ જરૂર લીધી અને તે પણ સમાજના સનાતાનીઓના ભોગે તે વિચારવા જેવી વાત છે સ્વામીજી.

- ૭. સ્વામીજી, તમે કહો છો કે હવે સતપંથીઓ મુસલમાન જેવા નથી રહ્યા તો પછી તેઓ શામાટે આજે પણ કબરની પૂજા કરેછે? શામાટે તેઓ ઈમામશાહને તેમના ધર્મગુરુ માને છે? તમે કહો છો કે અમે તેમના સાહિત્યોમાં ફેરફારો કરાવી ને તેમને મુસલમાનો થતા બચાવ્યા છે. તો સ્વામીજી અમારા સુધારક વડીલોએ શું કર્યું? એજ કામકર્યું છે આખી જ્ઞાતિને મુસલમાન થતા બચાવી છે. તે કેમકરી શક્યા? તમને ખબર છે? એનું કારણ એજ છે કે પીરાણા સતપંથ ધર્મને સદાયને માટે તિલાંજલિ અને સનાતન ધર્મનો અંગીકાર કરીને કેન્દ્રીય સમાજની સ્થાપના. સ્વામીજી તમે શું આવું કરી શકો? અમારી જ્ઞાતિ ઉપર જો તમોને ઉપકાર કરવો હોય તો, છોડાવી દો પીરાણા સતપંથ ધર્મ એ લોકોને, છોડાવી દો બાવા ઈમામાંશાહને તેમના ધર્મગુરુ તરીકે અને જહેર કરાવો તમોને કે સંતશ્રી અવિચળદાસ તેમના ધર્મગુરુ છે, (અમોને ચાલશે) અને પછી જોજો અમે એ લોકોને દુધ માં સાકર ભળે તેમભેળવી દેશું અમારી કેન્દ્રીય સમાજમાં. આના જવાબમાં સ્વામીજીએ હસીને વાતને ઉડાવી દીધી.

- ૮. સ્વામીશ્રી અવિચલ્દાસજીએ અમોને જણાવ્યું કે અમોએ વિશ્વ હિંદુ પરિષદની સાથે મળીને આ સતપંથી લોકોને પૂર્ણ મુસલમાન ન બની જાય તેના પ્રયત્નો અમે કરાવ્યા છે. અમારા પ્રયત્નો ને લીધે તેઓના આચરણો હવે મુસલમાન જેવા નથી રહ્યા. ઈમામાંશાહ બાવા રોઝા ટ્રસ્ટ છે તેના મુઝાવર (ગાદીપતિ) તરીકે આજે નાનક્દાસ કાકા છે તે ટ્રસ્ટ ની વધારે પડતી આવક હિન્દુઓની થતી હતી તે સૈયદોના હાથમાં ચાલી ન જાય તેમાટે અમોએ આ લોકોને નવા ટ્રસ્ટ બનાવવાની ભલામણ કરી અને હવે તેમાંની મોટી આવક અમોએ તે ટ્રષ્ટમાં વળાવી. પરિણામે સૈયદોને હવે ઓછો ભાગ જાય છે. તેના જવાબમાં અમોએ જણાવેલ કે સ્વામીજી, અમારા સુધારક પૂર્વજોનો અને આજે અમારો પણ અભિગમએજ છે કે પીરાણા ને માનતા અમારી જ્ઞાતિના લોકો પીરાણા સતપંથ ને સદાયને માટે તિલાંજલિ આપે અને અમારા શ્રીલક્ષ્મીનારાયણ સનાતન સંપ્રદાયના પ્રવાહમાં ભળી જાય તો અમોને વાંધો નથી. તે વખતે આપણા વડીલ શ્રી દેવજીભાઈ રામજીએ સ્વામીજીને બહુજ સરસ વાત કરી કે "સ્વામીજી અમારા

વડીલોએ સતપંથ ધરમસાથે છેડો ફાડીને સન ૧૯૮૫ સુધી ૮૫% જ્ઞાતિને સનાતની બનાવી શકી પણ ત્યાર પછી કરસનકાકા પીરાણા ની ગાદીએ આવ્યા પછી તમારા જેવા સંતોએ પીરાણા સતપંથ ધરમહિંદુ ધરમછે તેવો ઢંઢેરો પીટવાનું ચાલુ કરી દીધું. તેનું પરિણામએ આવ્યું કે જે જ્ઞાતિ ૮૫% પીરાણા સતપંથ છોડીને સનાતની બની ગઈ હતી તેના થી વધીને ૮૬% ન થઇ પણ ૮૪% જરૂર થઇ ગઈ. ખરું કહીએ તો અમારી જ્ઞાતિને ૧૦૦% સનાતની બનાવવાનું જે અમારું લક્ષ હતું તેના ઉપર પાણી ફરી વળ્યું તેના જવાબદાર તમે અને તમારા જેવાં અન્ય સંતઘણ છો.''

- ૯. તે વખતે સ્વામીજીને અમોએ એ પણ પૂછ્યું કે તો શું સ્વામીજી પીરાણા સતપંથ ધરમહિંદુ ધરમછે એટલે અમે ફરી પાછા પીરાણા સતપંથમાં જોડાઈ જઈને ફરી પાછા મુમના બની જઈએ? તેના જવાબમાં સ્વામીજીએ કહ્યું કે હું એમક્યાં કહું છું? તે વખતે હિમ્મત ભાઈએ સ્વામીશ્રીને ટકોર પણ કરી કે પીરાણા સતપંથ હિંદુ ધર્મ છે એમજો અમારા વડીલોને કોઈએ કીધું હોત તો તે પવિત્ર ધર્મને અમારા વડીલોએ છોડ્યો ના હોત. તે ધર્મને છોડીને ખરેખર અમારા વડીલોએ મોટી ભુલ કરી છે અને આજે તે ભૂલને લીધે અમોને હેરાન-પરેસાન થવું પડે છે. તેના જવાબમાં સ્વામીજી હસી પડ્યા હતા.

- ૧૦. સ્વામીજી, ખોટી પોલીસ ફરીઆદો, ખોટા ઉપજાવી કાઢેલા કોર્ટ કેસો તો આ સતપંથી ભાઈઓ અમારા પર કરી રહ્યા છે, તો હેરાન—પરેસાન તો તે સતપંથના ભાઈઓ અમોને કરી રહ્યા છે. પણ તમે તમારા પત્રમાં અમોને ભલામણ કરો છો કે સનાતની ભાઈઓએ સતપંથી ભાઈઓને કનડગત ન કરવા. આમશામાટે સ્વામીજી? તો તેના જવાબમાં સ્વામીજીએ કહ્યું કે ખરેખર આ વાતથી હું અજાણ છું. હું સતપંથના ભાઈઓને પૂછી જોઇશ.
- ૧૧. આવી ગણી બધી દલીલો તે વખતે સ્વામીજી સાથે થઇ હતી. પણ અંતે કોઈ નિષ્કર્ષ પર આવી શક્યા ન હતા. દોઢેક કલાકના વાર્તાલાપ પછી સ્વામીશ્રીએ જણાવ્યું કે હવે મને બીજું કામ છે, અત્યારે હું વધારે સમય આપી શકું એમ નથી એમ કહીને તેઓ મીટીગ કક્ષમાંથી ઉઠીને ચાલ્યા ગયા હતા.

તો કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓને અત્યારે એ વિચારવાનું છે કેઃ

૧. સંત અવિચલદાસજીની એ ટપાલનું વજુદ કેટલું?

૨. જે સંત પોતે એ વાતનો ઈકરાર કરતાં હોય કે પીરાણા સતપંથ ધર્મના સ્થાપક મુસલમાન હતા અને તેનો શુરુઆત થી જ મુખ્ય હેતુ હિન્દુઓને વટલાવવા માટે નો હતો તેવા પીર ઈમામાંશાહ બાવા ને જે લોકો આજે પણ આરાધ્ય દેવ અને ધર્મગુરુ તરીકે માનતા હોય તેવા ધર્મને આવા સંતશ્રીઓ શામાટે હિંદુ ધર્મ તરીકે ખપાવે છે?

૩. શું પીરાણા વિધર્મીઓની કોઈ છુપી સાજીસ તો નથીને કે સનાતની બની ચૂકેલી આપણી જ્ઞાતિ ફરી પાછી પીરાણા સતપંથ ને માનતી થઇ જાય અને ત્યાં અંધશ્રદ્ધા થી દશોન્દ વિશોન્દ આપતી થઇ જાય. અને તેવી આવકથી લાગતા-વળગતાઓને ઘી-કેળાંથઇ પડે.

૪. કેન્દ્રીય સમાજની ધાર્મિક બાબતે નાલેશી અને આર્થીક બાબતે પડતી થાય તેવું તો આ સત્પનથી ભાઈઓ નથી ઈચ્છતા ને? એવી શંકા કરવી અસ્થાને તો નથી જ. કારણકે કેન્દ્રીય સમાજને નીચા જોવાપણું થાય તેવું તો આ સતપંથી ભાઈઓ એકેય મોકો ચુકતા નથી. દાખલા તરીકે છાસવારે સનાતની ભાઈઓ પર ખોટા કોર્ટ કેસો, ખોટી પોલીસ ફરીઆદો, સમાજ વિરૃદ્ધ ચેરીટી કમીસનરને ફરીઆદો, સ્વર્ણિમમહોત્સવ સફળ ન થાય તેમાટે રાજ્યપાલશ્રીને ખોટી ફરિયાદ કરતા રહ્યા છે. આમ કરવાનું એ પણ કારણ છે કે આ સત્પન્થીઓએ આપણી કેન્દ્રીય સમાજને પોતાની સમાજ ગણી જ નથી.

- કહેવાતા આપણા સતપંથી ભાઈઓ આપણને હેરાન–પરેશાન કરવા માટે પોતાને જે કરવું હોય તે કર્યે જ જાય છે. કોઈ મોકો ચુકતા નથી. તો તેઓ આપણા શાના?

- ત્યારે પ્રશ્ન એ છે કે તેની સામે આપણે શું કરી શકીએ, શું કરીએ છીએ અને શું કરવું જોઈએ?

૧. શું હાથ બાંધી ને બેસી રહેશું?

૨. મા સમાન આપણી કેન્દ્રીય સમાજનું અસ્તીત્વ જયારે જોખમમાં હોય ત્યારે આપણે હાથ બાંધીને બેસી રહેશું તો આપણા જેવા નપાવટ, નગુણા, પુરુષત્વ વિનાના બીજા કોઈ નહિ હોય તે વાત ચોક્કસ છે. વિચારી જોજો ચિંતન કરી જોજો.

અ.ભા.ક.ક.પા. સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વતી
રમેશભાઈ માવજીભાઈ વાગડિયા.
૨૧.૦૫.૨૦૧૧

સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ – એક સમીક્ષા તા. ૧૨.૧૦.૨૦૧૧

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની સમાજ (આપણી કેન્દ્રિય સમાજ) જેની વિધિવત સ્થાપના ભલે ઈ.સ.૧૯૬૦ માં કરવામાં આવી હોય પણ તેનો પાયો તો છેક ૧૯૪૦ માં નખાઈ ગયો હતો. આપણે ઋણી છીએ તેના સર્વ પ્રથમ પ્રમુખ, મંત્રી અને ખજાનચી અનુક્રમે શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી નથુભાઈ નાનજી કેશરાણી અને શ્રી ભીમજી કેશરા લીંબાણી. તે વખતે આપણી કેન્દ્રીય સમાજનું નામ હતું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ, નખત્રાણા. આ સમાજે તે સમયે જે નીચે જણાવેલ બે મુખ્ય કાર્ય કર્યાં તેનું ઋણ આ જ્ઞાતિ કોઈ દિવસ ઉતારી શકશે નહી.

૧. કચ્છ ના ગામે ગામમાં પ્રાતસ્મરણીય પૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ અપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મદિરો બંધાવ્યા અને સનાતન સમાજોની સ્થાપનાઓ કરી. બીજું

૨. ઈ.સ.૧૯૪૫ માં પૂજ્ય મહારાજ શ્રી ઓધવરામજીની પ્રેરણાથી વાંઢાય ખાતે કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવ્યું જેથી સનાતનીઓને સ્મરણ રહે કે તેમના કુળદેવી જગદ જનની આદ્ય શક્તિ મા ઉમિયા છે નહી કે ઈમામશાહ બાવાએ આપણને ઠસાવેલ બીબી ફાતિમા.

જ્ઞાતિનો અને કેન્દ્રીય સમાજનો ઇતિહાસ

કોઈ પણ સંસ્થાના સુચારુ સંચાલનને ન્યાય આપવો હોય તો તેના કર્ણધારોને તે સંસ્થાની સ્થાપનાના મૂળભૂત ઉદ્દેશોને, હેતુઓને અને સંદર્ભોને ધ્યાનમાં રાખીને સંચાલન કરવું જોઈએ. જ્યારે જ્યારે આ વસ્તુઓ ભૂલાઈ જાય છે ત્યારે ત્યારે તે સંસ્થામાં અનેક પ્રશ્નો ઉભા થાય છે. અને તેથી સંસ્થાને ખાડે જતી બચાવવા માટે તે સંસ્થાના સંચાલનમાં જડમૂળ થી ફેરફારો કરવા તેના સભ્યોને મજબુર થવું પડે છે. આવું જ કંઈક તાજેતરમાં આપણી કેન્દ્રીય સમાજમાં થયું અને કરવું પડ્યું.

આવું શા માટે થયું અને શા માટે કરવું પડ્યું?

છેલ્લા બે-અઢી દાયકા થી કેન્દ્રીય સમાજના કર્ણધારો એટલે કે તેના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યોને સમાજના ઇતિહાસનું કાં તો જ્ઞાન ના રહ્યું અથવા તો કેન્દ્રીય સમાજની સ્થાપના વખતના ઉદ્દેશો અને હેતુઓથી જાણી જોઈને મો ફેરવી લેવામાં આવ્યું. તેના પરિણામ સ્વરૂપે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં આક્રોશ વધતો ગયો. જ્ઞાતિ માટે કલંક એવા પીરાણા સત્પંથ મતથી જ્ઞાતિને મુક્ત કરીને ફરી પાછી જ્ઞાતિને પુનઃ સનાતન ધર્મ અંગીકાર કરાવવાના મુખ્ય ઉદ્દેશને લઈને કેન્દ્રીય સમાજની સ્થાપના કરવામાં આવી હતી તે વાત તો સાવ ભુલાઈજ ગઈ. અરે, સમાજના આમ સભ્યો કદાચ આ વાત ભૂલી જાય પણ તેના કર્ણધારોએ તો આ વાતને સદંતર યાદ રાખીને સમાજને સહી દિશા આપવી જોઈતી હતી. પણ થયું શું? સમાજના અર્ધ-જ્ઞાની નેતાઘણ કહો કે પછી સમાજમાં લાંબા સમયના ઉપભોગ થી પ્રસ્તાપિત થએલા હિત સંબધો કે હક્કો ધરાવતા લોકોએ અને હોદ્દેદારોએ સમાજના સનાતાનીઓની રીતસરની ઉપેક્ષા કરી. અરે આ લોકો, એ પણ ભૂલી ગયા કે કેન્દ્રિય સમાજની સ્થાપના માત્ર ને માત્ર એટલા માટે કરવામાં આવી હતી કે પાખંડી પીરાણા સતપંથ મત ને છોડીને પુનઃ સનાતન હિંદુ ધર્મને અપનાવી ચુકેલા જ્ઞાતિ બંધુઓના હિતોની રક્ષા કરી શકાય. જ્ઞાતિ માટે કલંક એવા પીરાણા સતપંથ મતથી જ્ઞાતિને સંપૂર્ણ પણે મુક્ત કરવાનો કેન્દ્રીય સમાજનો મૂખ્ય ઉદ્દેશ હતો તે વાત તો સાવ ભુલાઈ જ ગઈ. હદ તો ત્યારે થઈ કે જ્યારે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના હોદ્દા પર રહીને અમુક કર્ણધારો તો પીરાણા સતપંથ ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા, તેના વખાણ કરવા લાગ્યા. ઈમામશાહ બાવાના નામે ઉભા થતા કહેવાતા મંદિરોના ઉદઘાટન પ્રસંગોમાં જઈને અમુક હોદ્દેદારો તેની શોભામાં અભિવૃધ્ધિ કરવા લાગ્યા. જ્ઞાતિને પીરણા સતપંથ થી સંપૂર્ણ પણે મુક્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ ઉપર વજ્રઘાત થવા લાગ્યો. કેન્દ્રીય સમાજને પરાણે સનાતન અને સતપંથના મુદ્દે અટવાતી રાખી આ લોકોએ. સમાધાનના નામે સનાતાનીઓ ની ઉપેક્ષા કરવાનું તો એક બાજુએ રહ્યું પણ સમાજમાં તેનું (સનાતાનીઓનું) રીતસરનું શોષણ કરવામાં આવી રહ્યું હતું.

સનાતનીઓ ની "મા" સમાન કેન્દ્રીય સમાજમાં તેના દીકરાઓ પ્રત્યે જ ઓરમાયું વર્તન

જે સનાતાનીઓ માટે 'મા' તરીકે જે કેન્દ્રીય સમાજને જન્મઆપવામાં આવ્યો હતો તેના દીકરાઓ સાથે જ ઓરમાયું વર્તન રાખવામાં આવ્યું. ધાર્મિક મુદ્દે તો સામાજિક મુદ્દે સતપંથ-સનાતન ના પ્રશ્ને સનાતાનીઓને ન્યાય આપવાના બદલે હમેશાં સનાતાનીઓના ભોગે સતપંથ તરફી સમાધાનો કરાવવામાં આવ્યાં. આ સમાધાનો નોતાં, તે તો સનાતાનીઓની શરણાગતિ સ્વીકાર કરવા માટે રીતસરની ફરજ પાડવામાં આવતી હતી. સતપંથી ભાઈઓની પોતાની સતપંથ સમાજ મોજુદ હોવા છતાં એવા પીરાણા-સતપંથમાં માનનારા લોકોને બોલાવી બોલાવીને કેન્દ્રીય સમાજમાં વિના રોકટોકે ફક્ત રૂપિયા ૫૦૦.૦૦ ભરાવીને આજીવન સભ્યો બનાવવામાં આવ્યા. પરિણામસ્વરૂપે "માવજી ડાહ્યાઓ" અને "હરી માધાઓ" પેદા થયા જેઓએ કેન્દ્રીય સમાજને રીતસરની બાનમાં રાખીઅને (હજુ આજના દિવસે પણ રાખી રહ્યા છે) અને સનાતાનીઓ લાચાર થઈ બેઠા છે. સમાજમાં મવાળવાદીઓ અને દૂધ-દહી માં પગ રાખવા વાળાઓ નો એક વર્ગ ઉભો થયો જેઓએ તો સમાજની દાટ વાળી નાખી.

કેન્દ્રીય સમાજના ખરા હક્કદાર સનાતાનીઓની ઉપેક્ષા અને આક્રોશ

આવી તો અનેક વાતોને લઈને સમાજના સનાતની ભાઈઓમાં આક્રોશ પરાકાષ્ટાએ પહોંચ્યો. **પરિણામસ્વરૂપે તા. ૭.૮.૨૦૦૯ ની સામાન્ય સભામાં શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીની કર્ણધારો વિરુદ્ધ સિંહગર્જના અને રમેશભાઈ માવજી વગાડીયાનું આક્રોશ ભર્યું ભાષણ થયું.** ત્યાર પછી શ્રી હિંમતભાઈ અને શ્રી રમેશભાઈ વગાડીયાની આગેવાની હેઠળ સનાતન ધર્મ જાગૃતિ સમિતિની રચના થઇ જેને ભારતભરની કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની સમાજોમાં સભાઓ ભરી જન-જાગૃતિ અંદોલન છેડ્યું. પરિણામ સ્વરૂપે સમાજના સનાતની ભાઈઓમાં અસ્મિતા અને ખુમારી પેદા થઈ શકી. સમાજનું અગત્યનું અંગ યુંવાસંઘમાં પણ એક અકલ્પનીય ખુમારી અને જાગૃતિ આવી. ધાર્મિક અને સામાજિક બાબતે સમાજનો જે વર્ગ કચડાઈને બેઠો હતો તે સફાળો જાગૃત થયો.

શ્વેત-પત્ર દ્વારા સમાજની સનાતની તરીકે ની ઓળખ

હવનમાં હાડકાં નાખવાના સામે વાળાઓના પ્રયાશો અને સનાતાનીઓ ની મજબુતાઈ

હાલા કી સામે વાળાઓએ હવનમાં હાડકા નાખવાના સર્વ પ્રયત્નો કર્યા પણ ફાવ્યા નહી. સમાજનું રાજપત્ર સમાન શ્વેત્પત્રની પણ સામે વાળાઓએ (વિધર્મી પીરાણા સતપંથ વાળાઓએ) હોળી કરી. તા. ૭.૫.૨૦૧૦ની સમાજની અસાધારણ સામાન્ય સભા પર રોક લગાવવા માટે સામે વાળાઓએ આકાશ-પાતાળ એક કર્યું. સમાજ ના સ્વર્ણિમ મહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત મહામહિમગુજરાતના રાજ્યપાલ સાહેબા કમલા મેડમને મહોત્સવમાં સામેલ ન થવા માટે સતપંથ ના ભાઈઓ દ્વારા અરજીઓ થઇ. પ્રખ્યાત ઈતિહાસકાર વિદવાન મહાપુરુષ શ્રી મંગુભાઈ પટેલ પણ જે આપણા સ્વર્ણિમ મહોત્સવમાં હાજર રહેવાના હતા તેમને પણ અટકાવવામાં આવ્યા. એટલુંજ નહિ એ લોકોએ સનાતની જ્ઞાતિના પંચમઅધીવેસનની સભા દરમ્યાન તા. ૧૨.૦૫.૨૦૧૦ ના સભાંગણમાં ખુરશીઓ ઉછાળીને સભાને ખોરંભે ચડાવવાનો પ્રયાશ કર્યો. વધારેમાં, તે જ દિવશે સનાતન ધર્મ જાગૃતિના પ્રણેતા સર્વ શ્રી હિંમતભાઈ ખેતાણી, શ્રી રમેશભાઈ વાગડિયા અને શ્રી પ્રેમજીભાઈ કેશરાણી અને અન્ય પાંચ સનાતની ભાઈઓ ઉપર નખત્રાણા મધ્યે તદ્દન ખોટી ઉપજાવી કાઢેલી ફોજદારી પોલીસ ફરીઆદો નોંધાવી. પરિણામ સ્વરૂપે સનાતાનીઓ વધુને વધુ મજબુત અને સંગઠીત થતા ગયા. કચ્છ ના ગામે-ગામસનાતાનીઓને મજબુત અને સંઘઠિત કરતા ઠરાવો પસાર થયા. કચ્છ બહારની સનાતની સમાજો પણ વધુને વધુ મજબુત અને જાગૃત થતી ગઈ. તા.૧૧,૧૨,૧૩ અને ૧૪ મે, ૨૦૧૧ ના સનાતાનીઓના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની દેશલપર વાંઢાય ખાતે પ્રચંડ જન-મેદની વચ્ચે પ્રાણ-પ્રતિષ્ઠા થઇ.

અત્યાર સુધીની સનાતની ચળવળ ની ચોથી ક્રાંતિની ફળશ્રુતિ

તા.૧૪.૮.૨૦૧૧ ના કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં સંપૂર્ણ સનાતની માહોલ વચ્ચે સનાતન ધર્મ અને સમાજ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને ભરપુર લાગણી ધરાવતા સનાતની ભાઈઓની ટ્રસ્ટી, કારોબારી સભ્યો અને હોદ્દેદારો તરીકે વરણી કરવામાં આવી. **જેમાં મવાળવાદીઓને અને દૂધ-દહીંમાં પગ રાખવાવાળાઓ નો સદંતર સફાયો કરવામાં આવ્યો.** અમુક ટ્રસ્ટીઓ લોક લાગણીને સમજ્યા વગર જાણે ફીવીકોલની જાહેરાત કરતા હોય તેમહોદ્દા પરથી ઉખડાતા જ નોતા. તેમાંના એક હતા વરિષ્ઠ શ્રીમાન શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા. એક જણાએ મને કહ્યું કે શિવદાસ બાપા કેટલાય વરસોથી સમાજમાં રહીને સેવા આપી રહ્યા છે ત્યારે મેં તે સજ્જન ને કહ્યું કે તે બાપા સેવા નથી આપી રહ્યા પણ કેટલાય વરસોથી હોદ્દા ઉપર ચોંટીને સમાજ ઉપર ભાર રૂપ થઈ રહ્યા છે. સમગ્ર જ્ઞાતિને નવા ટ્રસ્ટીઓ, નવા વરાએલા હોદ્દેદારો અને કારોબારી સભ્યો તરફથી ઘણીબધી અપેક્ષાઓ છે. એ અપેક્ષાઓ પૂરી કરવા માટે તેઓને સમાજના અને જ્ઞાતિના ઇતિહાસનું જ્ઞાન તો હોવું જરૂરી છે. તદઉપરાંત નવા કર્ણધારોને નીચે જણાવેલ પ્રશ્નો ના ઉત્તરો તો આવડવા જ જોઈએ.

૧. કેન્દ્રીય સમાજ અને જ્ઞાતિનો ઇતિહાસ ની ઊંડી સમજ. અને ઇતિહાસ શું કહે છે તેની પુર પૂરી માહિતી.

૨. જ્ઞાતિની સતપંથ સમાજ કાર્યરત હોવા છતાં ૧૯૪૦ માં અને ત્યાર પછી વિધિવત ૧૯૬૦ માં કેન્દ્રીય સમાજની સ્થાપના શા માટે કરવામાં આવી હતી? ૧૯૪૦ માં જ્યારે સમાજની સ્થાપના થઇ ત્યારે તેનું નામ શું હતું? તેના પ્રથમ પ્રમુખ કોણ હતા અને તે ક્યાં સુધી પ્રમુખ રહ્યા અને તેના પ્રથમ મહામંત્રી કોણ હતા?

૩. કેન્દ્રીય સમાજની સ્થાપના કેવા સંદર્ભોને લઈને કરવામાં આવી હતી અને તેના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓ શા હતા?

૪. સમાજની સ્થાપના કરતી વખતે એવા કયા સુધારક વડીલો હતા જેઓને લાગ્યું હતું કે જ્ઞાતિની સતપંથ સમાજ મોજુદ હોવા છતાં તેનાથી અલગ આ સનાતની સમાજની સ્થાપના કરવી શા માટે અત્યંત જરૂરી હતી.

૫. આ સમાજે ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૬૦ સુધી શું શું મુખ્ય કાર્યો કર્યાં?

૬. કેન્દ્રીય સમાજની ૧૯૬૦મા વિધિ-વત સ્થાપના કરતી વખતે તેના પ્રેરણાદાયી સંતો અને સુધારક વડીલો કોણ હતા?

૭. પૂજ્ય નારાયણજી રામજી આપણે જ્ઞાતિના આદ્ય સુધારક શા માટે કહીએ છીએ? તેઓ આદ્ય સુધારક શામાટે કહેવાણા?

૮. પુ. નારાયણ રામજી લીંબાણી પહેલાં પીરાણા સતપંથ વિરુધ્ધ જ્ઞાતિમાં કોણે ઝંડો ઉપાડ્યો હતો?

૯. કેન્દ્રીય સમાજના ૧૯૬૦ પછીના ઈતિહામાં કેન્દ્રીય સમાજ તેના મૂળ ભૂત ઉદ્દેશો ને શામાટે અને કઈ રીતે ભૂલી ગઈ? અને તેના માટે કોને જવાબદાર ગણી શકાય?

૧૦. સનાતનીઓએ જ બનાવેલ, સનાતાનીઓ માટે જ બનેલ અને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં સનાતાનીઓની જ ઉપેક્ષા શા માટે થતી હતી અને તે માટે કયા પરિબળો કામકરી રહ્યા હતા?

૧૧. વારે-તહેવારે સતપંથ-સનાતનના મુદ્દે સમાધાન સમિતિઓની રચના અને તેવી સમિતિઓનું સતપંથ તરફી કુણું વલણ શામાટે થતું હતું અને તે માટે જવાબદાર પરિબળો કયાં હતાં?

હવે પછી શું?

તા. ૧૪.૦૮.૨૦૧૧ ની કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં નવા કર્ણધારોની વરણી સભ્યોએ શામાટે કરી છે તેના કારણો નીચે મુજબના હોઈ શકે. અને નવા નિમણુંક પામેલા કર્ણધારો ઉપર બહુજ મોટી જવાબદારી સભ્યોએ મૂકી છે અને સાથે-સાથે તેમના ઉપર એટલો જ મોટો વિશ્વાસ પણ સમાજના સભ્યોએ મુક્યો છે. સૌને આશા છે કે તેઓ તે જવાબદારી બરાબર રીતે નિભાવશે અને લોકોના વિશ્વાસ ને અકબંધ રાખશે.

કર્ણધારોના શિરે જવાબદારીઓ

૧. હવે પછી ધાર્મિક બાબતે સમાજની સનાતન હિંદુ ધર્મ તરફી એક જ નીતિ હશે અને તે સ્પષ્ટ હશે. બે-ધારી નીતિઓ નહી જ હોય.

૨. સમાજ એટલે શું? ભગવદગોમંડળની વ્યખ્યા પ્રમાણે સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમુદાય

અ) એકજ આચાર વિચારને વરેલો હોય,

બ) એક જ રીતી રીવાજ પાળતો હોય અને

ક) એક જ ધર્મ (સનાતન હિંદુ ધર્મ) પાળતો હોય.

તે પ્રમાણે આપણા કર્ણધારોના શિરે એક મોટી જવાબદારી એ છે કે આપણી કેન્દ્રીય સમાજમાં પણ જનસમુદાયને એક જ સનાતન હિંદુ ધર્મ પળાવે, એક જ રીતિરિવાજ પાળતો કરે અને એક જ આચાર-વિચારને વરેલો કરે.

૩. સમાજ અને ધર્મ જુદા ન હોઈ શકે. બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. ભૂતકાળમાં અમુક વડીલોએ ધાર્મિક મુદ્દે સમાજમાં ભાગલા પાડો અને રાજ કરો એવી નીતિ અપનાવી જેના પરિણામે સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ હોવા છતાં સમાજના સનાતાનીઓને વાંઢાય-દેસલપર ખાતે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ જેવી સમાજથી અલગ ધાર્મિક સંસ્થા ઉભી કરવાની ફરજ પાડવામાં આવી. આવી પરીસ્થીતીઓ ફરી પાછી ન સર્જાય તેની જવાબદારી પણ નવા કર્ણધારો ઉપર છે.

૪. કચ્છ કડવા પાટીદારોની સનાતની ઓળખ ધરાવતી જેટલી પણ સંસ્થાઓ છે તેની માતૃ સંસ્થા આપણી કેન્દ્રીય સમાજ છે અને તેથી તેવી સંસ્થાઓને કેન્દ્રીય સમાજની નીતિઓને આધીન કરવા માટે જ્ઞાતિમાં જાગૃતિ લઇ આવવી પડશે. અને તે માટે નવા કર્ણધારોએ કમર કશી ને તમામપ્રયાશો કરવા પડશે.

૫. સમાજમાં ઉભો થએલો અને પાંગરેલો, દૂધ-દહી માં પગ રાખવા વાળો એક વર્ગ જે મવાળવાદી તરીકે પણ ઓળખાય છે તેની સંપૂર્ણપણે નાબુદી કરવી પડશે.

૬. કેન્દ્રીય સમાજ સનાતનીઓ ની સમાજ છે અને તે હમેશાં સનાતન-હિંદુ ધર્મ પાળતા લોકોના હિતો ની રક્ષા કરશે તેવી પ્રતીતિ સનાતાનીઓમાં સતત થતી રહે એવા કાર્યો કરવાની જવાબદારી નવા કર્ણધારો ના શિરે છે.

૭. આ સમાજની સ્થાપના વખતેના સમયમાં જે રીતે તેના તે વખતના કર્ણધારો, જ્યારે—જ્યારે સનાતાનીઓ ઉપર વિધર્મીઓ દ્વારા ખોટા કોર્ટ કેશો તેમજ ખોટી પોલીસ ફરીઆદો થતી ત્યારે તેની મદદે ખડે પગે ઉભા રહેતા. તે જ પ્રમાણે અત્યારે અને ભવિષ્યમાં સમાજના સનાતની ભાઈઓ પર વિધર્મીઓ દ્વારા કોઈ પણ જાત ની આફત ઠોકવામાં અથવા તો ઉભી કરવામાં આવશે ત્યારે નવા કર્ણધારોએ આવા પીડિત સનાતાનીઓ ની વહારે નીડરતાથી ધસી જવું પડશે.

કેન્દ્રીય સમાજના આમ સભ્યોની જવાબદારીઓ

કેન્દ્રીય સમાજના નવા વરાએલા કર્ણધારો તેમની ઉપર જણાવેલ જવાબદારીઓ તોજ પાર પાડી શકશે;

૧. જો સમાજનો દરેક સભ્ય, દરેક કુટુંબ, દરેક પરિવાર અને સમાજની દરેક ઝોન અને તેની અંતર્ગત આવતી તમામઘટક સમાજો કેન્દ્રીય સમાજે લીધેલા દરેક નિર્ણયોનું નિષ્ઠાથી પાલન કરશે અને કરાવશે.

૨. સમાજનો દરેક સભ્ય જ્ઞાતિના સનાતન-હિંદુ ધર્મ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા રાખશે અને કેન્દ્રીય સમાજ પ્રત્યે પણ એટલીજ નિષ્ઠા રાખીને વારે-તેહવારે કેન્દ્રીય સમાજને દાન-ભેટ અને લાગાઓ આપીને આર્થિક રીતે મજબુત બનાવશે.

૩. કેન્દ્રીય સમાજને દરેક રીતે મદદ રૂપ થઈને નવા કર્ણધારોના હોંસલા બુલંદ કરાવીને કહેશે કે તમે આગળ ચાલો અમે તમારી પાછળ છીએ.

તો ચાલો આપણે બધા સનાતાનીઓ એક સાથે એક અવાજે આગળ વધીએ અને આપણી માતા સમાન કેન્દ્રીય સમાજને ધાર્મિક મુદ્દે અને આર્થિક રીતે વધુને વધુ મજબુત બનાવીએ.

જય સનાતન – જય ઉમિયા મા – જય શ્રી લક્ષ્મીનારાયણ
રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર - ૧૨.૧૦.૨૦૧૧

કડોદરા સમુહ લગ્ન સન ૨૦૧૨ વસંત પંચમી ના રમેશભાઈ વાગડિયા નું ભાષણ

આ સમૂહ લગ્ન માં મારે યોગાનુયોગ કડોદર જવાનું થયું હતું. ત્યારે તે પ્રસંગે મારું નામબોલીને મને દક્ષીણ ગુજરાત ઝોને મંચ ઉપર સ્થાન આપીને મને કંઈક બોલવાનું કહ્યું હતું ત્યારે મેં જણાવેલ કે હવે આપણે સૌ સનાતની થઇ ગયા છીએ. કેન્દ્રીય સમાજના શ્વેત પત્ર ધ્યાનમાં લેશું તો આપણને ખ્યાલ આવી જશે કે કેન્દ્રીય સમજે પોતાની ઓળખ એક સનાતની તરીકે ની જાહેર કરી દીધી છે તેથી આપમેળે એ સૂચિત થાય છે કે કેન્દ્રીય સમાજ અંતર્ગત આવતી તમામઝોનો અને દરેક ઝોન અંતર્ગત આવતી તમામઘટક સમાજો ની ઓળખ એક સનાતની સમાજો તરીકે ની થાય છે તેથી આપણા કોઈ પણ સામાજિક પ્રસંગો જેવા કે સમૂહ લગ્નો વગેરે માં માત્ર અને માત્ર સનાતન ધર્મ પાળતા હોય તેવા લોકોના જ દીકરા દીકરીઓના લગ્ન થઇ શકે. મને વિશ્વાસ છે કે દક્ષીણ ગુજરાત ઝોન આયોજિત આ સમૂહ લગ્ન માં સનાતની જોડકાં ના જ લગ્ન અત્યારે થઇ રહ્યા છે.

મને દક્ષીણ ગુજરાત ઝોને મંચ ઉપર બેસાડી મારું સન્માન કર્યું અને મને અહી બે વાતો કરવાનો મોકો આપ્યો તે બદલ હું આપનો આભાર વ્યક્ત કરું છું. જય સનાતન જય લક્ષ્મીનારાયણ.

મથલ સન ૨૦૧૨ ને અખાત્રીજના સમૂહ લગ્નમાં રમેશભાઈ વાગડિયાની હાજરી અને તેમનું ભાષણ

દર વરસે મથલ ગૌસેવા કેન્દ્રમાં કોટડા ગામથી આથમણા પાંચાડાના ૨૩ ગામમળીને સમૂહ લગ્ન નું આયોજન અખાત્રીજ ના દિવસે કરતા હોય છે. તે સમૂહ લગ્ન સમિતિ ના પ્રમુખ તરીકે નેત્રા ગામના ભાઈ શ્રી ધનજીભાઈ મેઘજી સેવા આપી રહ્યા છે. મહા મંત્રી તરીકે ખોંભડીના ભાઈ શ્રી રામજીભાઈ ખેતા ચૌહાણ સેવા આપી રહ્યા છે. આ પ્રસંગે યોગાનું યોગ મેં પણ હાજરી આપી હતી. કેન્દ્રીય સમાજના મહાનુભાવોના આશીર્વચન પછી મને પણ બે શબ્દો બોલવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. મેં મારા મંતવ્ય માં જનમેદની ને જણાવ્યું હતું કે તા. ૭.૦૮.૨૦૦૯ થી શુરુ કરવામાં આવેલ કેન્દ્રીય સમાજની સનાતન ધર્મ ચળવળની ચોથી ક્રાંતિના પરિણામસ્વરૂપે કચ્છના ગામે ગામસનાતની સમાજોમાં પ્રચંડ જાગૃતિ આવી ગઈ હતી. મને એ વાતની ખુશી છે કે હવે આપણી સનાતની જ્ઞાતિમાં થતા સમૂહ લગ્નોમાં સતપંથના ભાઈઓના દીકરા-દીકરીઓનો સમાવેશ કરવામાં આવતો નથી. અને કરવા દેવામાં આવવો પણ ન જોઈએ. કારણ કે પીરાણા સતપંથ આપણી જ્ઞાતિને લાયક ધર્મ નથી અને તે સતપંથ ના લોકોની પોતાની આઉગી સમાજો છે જ. વધુમાં મેં નવ દંપતીઓને તેમનું લગ્ન જીવન લાંબુ અને સુખી રહે એવી પ્રભુ પાસ એપ્રર્થના કરતાં મારા ભાષણ ને વિરામઆપ્યો હતો.

ઉપર જણાવેલ સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ શ્રી ધનજીભાઈ મેઘજી જાદવાણી તો શુધ્ધ સનાતની છે તેમાં બે મત નથી પણ મને તાજ્જુબ એ વાતનો થતો કે સમૂહ લગ્ન સમિતિના મંત્રી તરીકે સેવા આપી રહેલા ભાઈ શ્રી રામજીભાઈ ખેતા ચૌહાણ ખોંભડી ગામની સતપંથ સમાજના આજે પણ ટ્રસ્ટી પદ ઉપર બિરાજમાન છે તો આપણે સૌ સનાતનીઓને શું સમજવું? તેમની પાસે આ બાબતનો લગતી વળગતી સમિતિએ અને સંસ્થાએ તેમની પાસે ખુલાશો લેવો જોઈએ. પણ અહી કોઈ તેમને પૂછવા વાળુ નથી

કે તેમનું ધાર્મિક રીતે આવું બેવડું ધોરણ શા માટે છે? .

મંગવાણા સભા

તે અરસામાં માગવાણા ની સનાતન સમાજે પણ મારી, હિંમતભાઈ અને પ્રેમજીભાઈ ની એક સભા રાખી હતી.

ખોંભડી ગામના પાટીદાર યુવાનો સાથે સભા

પ્રેમજીભાઈ ભાણજી કેસરાણીએ એક દિવસ ખોંભડી ગામના યુવાનો સાથે એક મીટીંગ રાખી હતી. અને યુવાનોમાં સનાતન ધર્મ પ્રત્યે ખુમારી પેદા થાય એવી વાતો કરી હતી.

૨.૦૭.૨૦૧૧ મોટી વિરાણીમાં સભા

વિરાણી (મોટી) ગામમાં અવારનવાર સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સભાઓ થયા કરતી હતી. તેજ પ્રમાણે તા. ૨.૦૭.૨૦૧૧ ના દિવસે પણ સાંજના વાળું કર્યા પછી એક સભા બોલાવવામાં આવી હતી. ધન્યવાદ છે તે ગામના યુવાન ભાઈઓને અને વડીલોને.

તા. ૨૭.૦૭.૨૦૧૨ ના મુંબઈ મધે બોલાવવામાં આવેલ કંઠી વિસ્તાર ની એક સભા

શ્રી કંઠી વીભાગ કચ્છ કડવા પાટદાર લક્ષમીનારાયણ સનાતન સમાજ, મુંબઈ ઝોન દ્વારા બોલાવેલ મુંબઈ વિસ્તારની સમસ્ત સનાતની સમાજો અને અગ્રણીઓની તા.૧૭.૦૭.૨૦૧૨ ની સભાનો અહેવાલ.

પુષ્ઠ ભુમીઃ સમુહ લગ્નના શુભ કાર્ય માટે માડવી હોસ્ટેલ કંઠી વીભાગની લક્ષમીનારાયણ સનાતન સમુહ લગ્ન સમિતિને ફાળવવા માટે કેન્દ્રીય સમાજે આદેશ આપેલ હતો. પણ હોસ્ટેલ સનાતન સમિતિને ન ફાળવવીને નિર્માણ સિમિતએ કેન્દ્રીય સમાજના આદેશનું ખુલ્લે આમઉલંઘન કર્યું હતું. આના કારણે ઘણા ગામોમાથી નિમાર્ણ સમિતી વિરુદ્ધ કડક પગલાં લેવાની માગણી થવા લાગી. આવી માગણીને ધ્યાનમાં રાખીને અને વસ્તુ સ્થિતિ સમજીને કેન્દ્રીય સમાજે નિર્માણ સિમિતની પુનઃરચના કરવાનો આદેશ બહાર પડયો છે. ત્યાર બાદ ઘણી બધી ગેર સમજણો ફેલાવવામાં આવી અને ખોટો પ્રચાર થવા લાગ્યો. જેમકે કંઠી વીભાગના લોકો કેન્દ્રીય સમાજના હાથા બની ગયા છે અને એના કારણે કેન્દ્રીય સમાજ માડવી વિસ્તાર પર અન્યાય કરી રહી છે. આવી બધી વાતોને દુર કરવા અને સાચી હકીકત લોકો સુધી સચોટ રીતે પોહચાડવા શ્રી કંઠી વિભાગ કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજે લોકો સામે એક ખુલ્લો મંચ મુક્યો. જેમાં કોઈ પણ વ્યક્તિ આ બાબતે જાણકારી આપી કે લઈ શકે તેમહતું. ખાસ નોંધવા પાત્ર વાત એ છે કે આ સભામાં નિર્માણ સમિતિના સભ્યોને પણ આમંત્રણ આપવામાં આવેલ હતું.

સભાનો અહેવાલઃ

તા.૧૭-૦૭-૨૦૧૨ ના રોજ, ઘાટકોપર સમાજ વાડીમાં કંઠી વિભાગ કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ ઝોન વતી એક સભા બોલાવેલ હતી. આ સભામાં ભાગ લેવા માટે મુબઈની દરેક નાની મોટી સમજોના હોદેદારોને આમત્રણં આપેલ હતું. તેમજ કેન્દ્રીય સમાજના મુંબઈ ઝોન ના દરેક હોદેદાર્શ્રીઓ, મુંબઈ ટ્રસ્ટ ફંડ ના ટ્રસ્ટીઓ, માંડવી નિર્માણ સમિતિના હોદેદારોને અને મુંબઈ વિસ્તારના સામાન્ય સભ્યોને પણ, સભામાં હાજર રહેવા વિનંતી કરેલ હતી.

સભા બોલાવાનો ઉદ્દેશઃ

આ સભાનો ઉદ્દેશ, માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની પુનઃરચના અંગેના કેન્દ્રીય સમાજના આદેશના અનુસંધાને ઉપસ્થિત થયેલ ગેરસમજણ દુર કરવા અને લોકોને સાચી માહિતી આપવાનો હતો. આ સભામાં ઘણા માનવંતા અગ્રણીઓ મંચ ઉપર બિરાજમાન હતા. અને તેમાંથી ઘણા લોકોએ પોતાના વિચાર લોકો સમક્ષ મુક્યા.

મીટીગનું સંચાલન શ્રી ગૌતમભાઈ કેશરાણી અને પ્રદીપ સેંઘાણીએ કરેલ હતું. સભાના પ્રમુખ તરીકે કેન્દ્રીય સમાજના ઉપ-પ્રમુખ શ્રી મણીલાલ હીરજી ભગત હતા. આવેલ સભ્યોનું સ્વાગત શ્રી હીરાભાઈ હંસરાજ પોકારે કર્યું હતું. સભાનો મુખ્ય હેતુ અને પ્રસ્તાવના બાબતોમાં ટૂંકમાં જાણકારી શ્રી મણીભાઈ કાનજી સેંઘાણીએ આપેલ હતી.

લક્ષ્મીનારાયણ સનાતન સમાજ સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ, શ્રી કેશવલાલ દામજી લીબાણીએ મીટીગ બોલાવવાનો હેતુ સવિસ્તાર જણાવ્યો.

કેશુભાઈએ સભાને જણાવ્યું કે તા.૦૮.૦૭.૨૦૧૨ અને રવિવારના લગભગ ૫૦-૫૫ લોકોની એક અંગત મીટીગ, ઘાટકોપર પાટીદાર વાડીમાં બોલાવવામાં આવેલ હતી.ગઢશીશા વિસ્તારની અને વાંઢાયની મીટીગ છે, એવું કહીને અમુક જ વ્યક્તિઓને મીટીગમાં બોલાવવામાં આવેલ હતા.પણ ગઢશીશા અને વાંઢાયના મુદ્દાને છોડીને ચર્ચા નિર્માણ સમિતિની પુનઃરચના ના મુદ્દા પર કરવામાં આવી. આ મીટીગ નો સાર જ્યારે કંઠી વિસ્તારના ભાઈઓને મળ્યો ત્યારે તે ભાઈઓને એવું લાગ્યું કે લોકોને ગેર માર્ગે દોરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. તેઓનો અંતરાત્મા જાગ્યો અને તેમને લાગ્યું કે સમાજમાં અહિત ન થવું જોઈએ. નિર્માણ સમિતી શામાટે બરખાસ્ત થઈ છે, તેના કારણો લોકોને ખબર હોવી જોઈએ, પણ તેમન હતું. તેઓને એવું પણ જાણવા મળ્યું કે નિર્માણ સમિતી ગામે ગામથી પોતાના સમર્થનમાં, પૂરી માહિતી આપ્યા વગર, પત્ર મંગાવી રહી છે. જેમાં પ્રમુખ અને મંત્રીની સહીઓ લેવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં એવું લાગ્યું કે મુંબઈ ઝોન ની એક મીટીગ બોલાવીને લોકોને સાચી માહિતી થી વાકેફ કરવું જરૂરી છે. કેશુભાઈએ સભાને સવિસ્તાર જણાવ્યું કે કેન્દ્રીય સમાજના શ્વેત પત્રમાં જણાવેલ આદેશનું પાલન કરવાની સાચી ભાવના લઈને કંઠી વિભાગના ભાઈઓએ સનાતની સમૂહ લગન સમિતિ રચી. પણ આ નવી સમિતિની રચનાથી અમુક ભાઈઓ ખુશ નહોતા.તેમજ તેઓ ખોટો પ્રચાર કરવા લાગ્યા કે, તમે (સનાતન સમુહ લગ્ન સમિતી) સમાજ તોડી રહ્યા છો અને કહેવા લાગ્યા કે, જેમચાલતું હતું (સતપંથીઓને સાથે રાખવાનું) તે બરાબર છે. પણ ભૂતકાળમાં વડીલો જે સનાતની રસ્તો બતાવી ગયા છે, તેના પર ચાલવાની પોતાની ફરજ સમજીને અને શ્વેત પત્રના આદેશનું પાલન કરવાની દિશામાં, કંઠી વિસ્તારના સર્વે ભાઈઓ, પોતાના નિર્ણય પર અડગ વળગી રહ્યા.

તા.૧૦.૧૨.૨૦૧૨ના નિર્માણ સમિતિની એક બેઠક હતી. જેમાં માંડવી હોસ્ટેલ ફાળવવા માટે, સનાતન સમૂહ લગ્ન સમિતિની અરજી હતી અને જૂની સમિતિની પણ અરજી હતી. સનાતન સમૂહ લગ્ન સમિતિની અરજી નામંજૂર કરવામાં આવી કારણકે છોકરાઓની પરીક્ષા ચાલુ રહેતી હતી. જૂની સમિતિએ વૈકલ્પિક તારીખ ૨૯.૦૫.૨૦૧૨ માંગી લીધી, જેના કારણે તેમની અરજી મજુર પણ કરી લેવામાં આવી. ત્યાર બાદ સનાતન સમિતિએ સ્કુલની પરીક્ષા વહેલી કરાવી લેવાનું કામકરાવી લીધું. એટલે ફરીથી એક નવી અરજી બનાવીને નિર્માણ સમિતિને આપી.તારીખ ૨૪.૦૫.૨૦૧૨ના હોસ્ટેલ ફાળવવાની માગણી કરી. અમુક છોકરાઓની પરીક્ષાની નજીવી અડચણ હતી જેને દુર કરવા સમિતિના ભાઈઓએ જવાબદારી લીધી હતી. ત્યાર બાદ, નિર્માણ સમિતિના અમુક ભાઈઓ (કુલ ૩૭ સભ્યો માંથી ફક્ત ૧૦-૧૧ ભાઈઓજ પૂરી કોરમની ગેર હાજરીમાં), મુંબઈમાં મળીને એવો અતિ મહત્વનો કઠોર નિર્ણય લઈ લીધો કે હોસ્ટેલ કોઈને પણ ફાળવવામાં નહિ આવે.

એવો નિર્ણય લીધો કે હોસ્ટેલનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય શિવાય અન્ય કોઈ પણ કાર્ય માટે આપવામાં નહિ આવે. લગ્ન કાર્ય માટે વાપરવા દેવાશે નહિ. નોંધ લેવાની વાત એ છે કે આથી અગાઉ હોસ્ટેલ સમૂહ લગ્નના કાર્ય માટે વપરાતી હતીજ. આપણે સહુ જાણીએ છીએ કે કેન્દ્રીય સમાજ, સમાજના હિતમાં, સમૂહ લગ્નને પ્રોત્શાન આપે છે. તો પછી આવો મહત્વનો નિર્ણય કોરમના અભાવે, ફક્ત ૧૦-૧૧ સભ્યો કેવી રીતે લઈ શકે? શું નિર્માણ સમિતિની વ્યવસ્થિત બેઠક બોલાવવી જરૂર ન જણાઈ?

ત્યાર બાદ ૨-૩ દિવસ પછી મુંબઈમાં શ્રી રવજી રામજી ચોપડાના ઘરે કેશુભાઈ અને તેમના સાથીદારો અને નિર્માણ સમિતિના પ્રમુખ મેઘજી જેઠા રામજીયાણીના સાથીદારોની એક મીટીંગ થઇ. ત્યાં કેશુભાઈ દ્વારા મેઘજીભાઈ ને પૂછવામાં આવ્યું કે, અમારી અરજી તો રદ કરી, પણ તમે જૂની સમૂહ લગ્ન સમિતિની ૨૯ તારીખ વાળી અરજી શામાટે રદ કરી? તેમને તો કોઈ પરીક્ષા નોહતી નડતી. પણ મેઘજીભાઈ પાસે કોઈ જવાબ ન મળ્યો. મેઘજીભાઈએ કેશુભાઈને કહ્યું કે તમે તારીખ બદલાવો તો અમે કંઈ વિચારીએ. પણ અખાત્રીજનો દિવસ બદલીને કેવી રીતે બીજી તારીખ સ્વીકારી શકાય? ૭૫ જોડલાંના લગ્ન અને બહાર ગામના લોકોની ટીકીટો લેવાઈ ગઈ હોય, અને હવે તમે કેવી રીતે તાઈખ બદલવાનું કહો છો? કેશુભાઈએ સભા સામે પ્રશ્ન મૂકતાં કહ્યું કે, શું જૂની સમિતિની અરજી રદ કરીને, નિર્માણ સમિતિએ જૂની સમિતી વાળાઓને સનાતન સમિતી વાળાઓ સામે ઉભા રાખવા છે?

૫-૬ દિવસ પછી ફરીથી એક મીટીંગ મુંબઈમાં રાખવામાં આવેલ હતી. ફરીથી એજ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી પણ કોઈ ફાયદો ન થયો. તે દરમ્યાન મેઘજીભાઇએ નારણ રામજીને જણાવીને કેન્દ્રીય સમાજના મહામંત્રી શ્રી માવજીભાઈને ફોન કરીને વિનંતી કરી કે કેન્દ્રીય સમાજ એક એવો પત્ર લખી આપે કે, સનાતની સમિતિને હોસ્ટેલ ફાળવો, તો મને પીડા ઓછી થઈ જાય્જાય અને આ પ્રશ્ન હાલ થઈ જાય. તે પ્રમાણે કેન્દ્રીય સમાજે તા. ૨૪.૦૨.૨૦૧૨નો પત્ર રવાનો કરી દીધો.

ત્યાર બાદ લગભગ ૫.૦૩.૨૦૧૨ના નિર્માણ સમિતિની એક બેઠક ભરવામાં આવી જેમાં ૪-૫ જણાજ હાજર હતા. એ બેઠકમાં નિર્માણ સમિતિએ પોતાનો જુનો નિર્ણય જે કે હોસ્ટેલ ન આપવાનો નિર્ણય કાયમરાખ્યો. આ નિર્ણય લોકશાહીને ઢબે નોહતો. તે નિર્ણય બંને પક્ષોને બોલાવીને નિર્ણય લેવો જોઈતો હતો. એટલેજ ૨૪.૦૩.૨૦૧૨ના કચ્છમાં એક મીટીંગ બોલાવી. કેશુભાઈ કે કહ્યું કે આ મીટીંગમાં આપણેજ આપણા ઘરમાં અનાથ થઇ ગયા હોઈએ એવું લાગ્યું. એ મીટીંગમાં તેમણે નિર્માણ સમિતી સામે અરજ કરી કે, સતપંથ અને સનાતનનો પ્રશ્ન એક બાજુ મુકો, સામજિક ન્યાય આપો. ૭૫ મની સામે ૫ લગ્ન. આપની પાસે વૈકલ્પિક વ્યવસ્થા છે, ૫ જોડલા માટે કન્યા છાત્રાલય અને ૭૫ માટે હોસ્ટેલ વ્યવસ્થા છે, પણ ના, નિર્માણ સમિતી માની નહિ. કેન્દ્રીય સમાજનો પણ અનાદાર કર્યો અને હોસ્ટેલ ન આપી.

બીજી બાજુ મેઘજીભાઈ અને તેમના અન્ય સાથીદારોનું દબાણ હતું કે તમે બંને સમિતી વાળા આપસમાં બેસીને નક્કી કરી લો એટલે અમારી માથાકૂટ ટળે. આમએમણે સતત પુરેપુરી કોશિશ કરી કે કેન્દ્રીય સમાજના આદેશને ન ગણકારતાં, સનાતન અને સતપંથ સાથેજ રહે. તેમના સતત આગ્રહને માં આપીનેજૂની સમિતી અને સનાતન સમિતિના ૫-૫ લોકો અલગ જઈને મળ્યા. ત્યાં જૂની સમિતિએ કહ્યું કે જો તમે અમારા ૫ જોડલાને લઈ લો, તો અમને કોઈ વાંધો નથી. પણ એવું કઈ રીતે થઇ શકે? જે સિદ્ધાંતને લઈને સનાતની સમિતી આગળ વધી હતી, તેને વફાદાર રહેવું જરૂરી હતું. અને જો એ શરત માંની લેત તો શું બધાજ ટેકનીકલ મુદ્દા મટી જતા હતા?

બીજી બાજુ કચ્છથી દુર ધનસુરાથી, કચ્છમાં થતા સામાજિક (નહિ કે ધાર્મિક) કાર્યક્રમના વિરુધ્ધમાં, સનાતન સમિતિના ૨

સભ્યો પર ખોટી પોલીસ ફરિયાદ નોંધવામાં આવેલ હતી. આ ફરિયાદનો હેતુ ફક્ત સનાતની સમિતિને હેરાન કરવાનોજ હતો, એવું ચોખ્ખું દેખાઈ આવે છે. આ ફરિયાદની પાછળ પણ નિર્માણ સમિતિના એક સભ્ય હતા એવું જણાવ્યું.

૩ થી ૪ કલાક સભા ચાલ્યા બાદ પણ, નિર્માણ સમિતિએ કોઈ નિર્ણય ન લીધો. સાંજના ૭.૦૦ વાગી ગયા તો પણ નિર્ણય ન લીધો. સનાતન સમિતિએ નિર્માણ સમિતિને બાંહેધરી પણ આપી કે જો સનાતન સમિતિને હોસ્ટેલ ફાળવ્યા બાદ અગર કોઈ ડખો થાય તો એજ ક્ષણે અમે તમને હોસ્ટેલ પાછી આપી દેશું. આ દરમ્યાન લોકોને સભામાં આવવાથી રોકવા માટે અસામાજિક તત્વો અંદર આવશે એવું કહીને ગેટ બંધ કરવામાં આવ્યો હતો.જ્યારે કોઈ પણ હિસાબે નિર્માણ સમિતી હોસ્ટેલ સનાતન સમિતિને આપવા નથી માગતી એવી પાકી ખાતરી જણાતાં ત્યારે અંતે ન છુટકે, કોઈ પણ પર્યાય ન દેખાતાં, સનાતન સમિતિએ પોતાનો નિર્ણય લીધો કે લગ્ન કાર્ય અન્ય વૈકલ્પિક જગ્યાએ કરીશું.

પોતાના વિચાર રજુ કરતાં કેશુભાઈએ કહ્યું કે જો સનાતની સમિતી લગ્ન કાર્ય કરે તો બધીજ બંધીઓ નડતી હતી. છોકરાઓની પરીક્ષા, શૈક્ષણિક ઉદ્દેશનું ઉલ્લંઘન વગેરે વગેરે. પણ એજ જગ્યાએ જો જૂની સમિતિના ૫ જોડલાને સાથે લઈ લેવાય તો બધાજ પ્રશ્નો હાલ થઇ જાય. આ ઉપરથી એવું ચોક્કસ સાબિત થાય છે કે નિર્માણ સમિતિની અંદર ખાને થી વિચારધારા કઈ દિશા તરફ હતી.

વૈકલ્પિક જગ્યા તરીકે કોડાય પુલ પાસે સ્વામીનારાયણ મંદિરના સ્વામીજીને પૂછ્યું કે શું સ્કુલ લગ્ન કાર્ય માટે મળશે? ત્યારે સ્વામીજીએ એજ ઘડીએ હા પાડી દીધી. કલ્પના કરો કે આપનુજ સ્થાન, આપનાજ ભાઈઓ છતાં પણ આપણે જગ્યા વાપરી ન શક્યા. બીજી બાજુ લેવા પાટીદારના સાધુઓએ ઘડીભરમાંજ બધીજ વ્યવસ્થા કરી આપી. પરંતુ ત્યાર બાદ ૮ દિવસમાજ આના વળતા પ્રત્યાઘાતો સામે આવી ગયા. સ્વામીજી પર પ્રમુખ અને ટ્રસ્ટીઓ નું દબાણ આવી ગયું કે આ લોકો કાંદા અને લસણ ખાઈને સ્થળ ભ્રષ્ટ કરી નાખશે. આ બાબર અંગે સ્વામીજી, તેમના પ્રમુખ અને ટ્રસ્ટીઓ સાથે સનાતન સમિતી વાળા ભેગા બેઠા અને ચર્ચા દરમ્યાન બધીજ વાત સ્પષ્ટ થઇ ગઈ. ટ્રસ્ટીઓ એ માન્યું કે તેમને કોઈકે ભ્રમમાં નાખ્યા છે. તેઓ સમજી ગયા કે, આ લોકો સનાતની છે, પેલા લોકો મોમના છે. અને કહ્યું કે સ્વામીજી તમે જે નિર્ણય લીધો છે એ બરાબર છે અને આમને બધી જ સગવડ કરી આપો.

ભૂલ થતી હોય તો તેને માફ કરાય, પણ કોઈ ટેકનીકલ પોઈન્ટ બતાવીને જાની જોઇને ભૂલ કરતો હોય તો તેને માફ કેમકરાય? એટલે બિદડા ની સભામાં ૫૦૦૦ લોકોની જનમેદની ની હાજરીમાં નિર્માણ સમિતી વિરુધ્ધ અવિશ્વાસનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો. કારણકે તેઓએ સનાતની સમિતિનું મન દુભાવ્યું હતું. જાહેરમાં ભલે તેઓ પોતાને સનાતની કહે છે, પણ તેમના મનમાં કોઈક ખોટ છે.

નિર્માણ સમિતી સવાલ ઉપાડે છે કે કેન્દ્રીય સમાજને નિર્માણ સમિતિની પુનઃરચના કરવાનો શું અધિકાર છે? સમિતિના રચનારને જ જો આ અધિકાર ન હોય તો કોને હોય? એવું કેશુભાઈએ સ્પષ્ટ કર્યું. હકીકત છુપાવવી, વાતાવરણ ને ડોળવું અને લોકોને ગુમરાહ કરવા એ મોટામાં મોટી ભૂલ નિર્માણ સમિતી સતત કરી રહી છે.

શ્રી રવીલાલ કેશરા રામજીયાણી: સમજુતી કરવા અને ગેર સમજુતી દુર કરવા, જે કેશુભાઈએ આવી સભા બોલાવીને પ્રયાસ કર્યો છે, તેને વખાણ્યો. કેશુભાઈએ જે જે રજુઆતો કરી છે તે સત્ય છે. અને તેના થી હું સહમત છું, એવું રવીલાલ ભાઈએ

પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું.

શ્રી કાંતિભાઈ નારણ સેંઘાણીઃ કાંતિભાઈએ ટેકનીકલ મુદ્દાઓ ઉપાડતાં બોલ્યા કે જે તે સંજોગ અને સમય, કેન્દ્રીય સમાજના આદેશને ધ્યાનમાં રાખતાં તદ્દન બિન જરૂરી હતા.

શ્રી લાધા વિશ્રામપોકારઃ એમને કહ્યું કે ટેકનીકલ અને કાયદાની ભાષા એક બાજુ મુકીને સમાજના હિતમાં જે થવું જોઈએ એના પર ચર્ચા કરો. સામાજિક ભાવના થી કામકરવું જોઈએ, એના પર ભાર મુક્યો. જો નિર્માણ સમિતી ચાહત તો હોસ્ટેલ સનાતન ન્સમીતીને આપી શકી હોત.

શ્રી પ્રેમજીભાઈ કેશરાણીઃ પ્રેમજીભાઈએ જણાવ્યું કે નિર્માણ સમિતી માંડવી વિસ્તારના દરેક સમાજો પાસેથી, પૂરી માહિતી આપ્યા વગર, પોતાના સમર્થન-પત્રોમાં સહીઓ લે છે. આવી બાબતની રજૂઆત જે તે સમાજના આગેવાનો પ્રેમ્જીભૈને ફોન ઉપર કરે છે. પ્રેમજીભાઈએ સવાલ ઉપાડ્યો કે શામાટે નિર્માણ સમિતી આવું કરે છે? એક બાજુ

નિર્માણ સમિતી સમાધાન બેઠકની વાતો કરે છે, ત્યારે બીજી બાજુ પોતાના સમર્થન વધારવાની કોશિશ કરે છે. નિર્માણ સમિતિની કથાની અને કરણીમાં ફરક છે. નિર્માણ સમિતી દ્વારા સનાતન સમિતી ઉપર થયેલ અન્યાયને વખોડી કાઢ્યો. કેન્દ્રીય સમાજ માંડવી વિસ્તાર પર અન્યાય કરી રહ્યો છે આવા દુષ્પ્રચારનો તેઓએ જોરદાર વિરોધ કર્યો. સમાજને કોઈ પણ હિસાબે વિભાજીત ન કરવામાં આવે એવી અપીલ કરી.

શ્રી વિસનજી હરજી માવાણીઃ તેઓએ ઉપર જણાવ્યા પ્રમાણે ના નિર્માણ સમિતિના વિષયથી અલગ વિષય ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા.

શ્રી મહેશ ધનજી વેલાણીઃ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, રવીલાલભાઈએ અગાઉ કહ્યા મુજબ કે કેશુભાઈએ જે માહિતી આપી તે સાચી છે.....તો મહેશભાઈએ પ્રશ્ન કર્યો કે હવે ગેરસમજન ક્યાં આવી? ગામે ગામપત્ર મોકલાવાય છે અને પ્રમુખ-મંત્રીની સહી કરાવાય છે, આ બાબતમાં એમણે ટકોર કરી કે આવા પત્રો કારોબારીમાં પાસ થાય પછીજ લખવા જોઈએ. નિર્માણ સમિતિએ કેન્દ્રીય સમાજ પાસેથી વિનંતી કરીને લેખિત આદેશ આપવા કહ્યું અને તે જ આદેશને પોતે માન્યા નહિ. નિર્માણ સમિતિના લોકોએ કેટ કેટલા બધા વાંધા વચકા કાઢ્યા? અને આજ લગ્ન જો નિર્માણ સમિતી આયોજિત કરતી હોત તો શું આ બધા પ્રશ્નો નડ્યા હોત? આવો કટાક્ષ કરતા ઘણું બધું કહી ગાય અને લોકો ઈશારામાં સમજી ગયા.

શ્રી પ્રકાશ હરજી માવાણીઃ પ્રકાશભાઈએ એક એક મુદ્દાને ક્રમાનુસાર લઈને સભાને સમજાવ્યું કે શ્વેત પત્રના આધારે બનેલ સનાતન સમૂહ લગ્ન સમિતી એતો વાસ્તવમાં કેન્દ્રીય સમાજના આદેશનું પાલન કરે છે. નિર્માણ સમિતિએ કેન્દ્રીય સમાજની ઉભી કરેલ સમિતી છે. જે કેન્દ્રીય સમાજના અંતર્ગત છે. માટે કેન્દ્રીય સમાજના આદેશનું પાલન કરવું એ નિર્માણ સમિતિની ફરજમાં આવે છે. કેન્દ્રીય સમાજમાં સારા લોકો બેઠા છે. કોઈ પ્રોબ્લેમહોય તો તેમની પાસે રજૂઆત કરો. અમે યુવકો કરીએ છીએ, અમને કોઈ દિવસ પ્રોબ્લેમઆવ્યો નથી.એ લોકો કંઈ હુકમશાહી વાપરતા નથી. તેમને જોર આપતાં કહ્યું કે સ્પષ્ટ વક્તા બનવાની જરૂર છે.નિર્માણ સમિતિના સભ્યોને ઉદ્દેશીને કટાક્ષમાં કહ્યું કે જે લોકોને સમાજના નિર્ણયને માન્ય નથી રાખવા.....આવા લોકો પોતાને શું સાબિત કરવા માંગે છે?

શ્રી ધનજી શિવગણ રૂડાણી: તેમને કહ્યું કે હું નિર્માણ સમિતિનો સભ્ય છું. પણ મારી જાણ વગર આ (સમર્થન માંગતા) પત્રો મોકલાવ્યા છે. થોડા દિવસ પહેલાં જે અંગત મીટીંગ બોલાવેલ હતી, તેની જાણ વિસનજી હરજી માવાણીએ તેમને ફોન મારફત કરેલ અને એક કહ્યું કે વાંઢાય અને ગઢશીશા ની મીટીંગ છે. પણ વાસ્તવમાં તે નિર્માણ સમિતિની અંગત મીટીંગ હતી. શું મને મુર્ખ બનાવ્યા ? વધુમે તેમણે કહ્યું કે નિર્માણ સમિતી ની ગઈ કારોબારીમાં નારાયણ ખીમજી અને શામજી હરજી બોરીવલી વાળાએ, નિર્માણ સમિતિની ભૂલ સ્વીકારી લીધી છે. તો પછી તેમણેસવાલ કર્યો કે આ બધી ખોટી વાતો (નિર્માણ સમિતી દ્વારા પત્રો મંગાવવા વગેરે) શા માટે કરવી?

શ્રી ગૌતમકેશરાણી: તેમને પોતાના વક્તવ્યમાં લોકોને જાણ કરી કે મૂળ પ્રશ્ન સતપંથ નો છે. સતપંથના ભાઈઓ નિર્માણ સમિતિમાં છે, આ જ મુખ્ય પ્રોબ્લેમછે.કેન્દ્રીય સમાજ ન કહે તો પણ આવા સતપંથી લોકોને સમિતિમાંથી કાઢો. માંડવીના અપમાનનો કોઈ મુદ્દો જ નથી. કોઈએ ગેરમાર્ગે દોરાવવાની જરૂરત નથી.

શ્રી મહેન્દ્ર જીવરાજ સેંઘાણી: નિર્માણ સમિતિના પ્રમુખ મેઘજી જેઠાના પત્રમાં એવો ઉલ્લેખ હતો કે નિર્માણ સમિતી બહુ સરસ કામકરીરહી છે અને કોઈને ફરિયાદ નથી. આ વાતને વખોડી કાઢતાં મહેન્દ્રભાઈએ કહ્યું કે નિર્માણ સમિતી બરાબર કામકરતી નથી. છેલ્લા ૩ વરસ થી ૬ મહિનામાં ૧૦ દિવસ હું ત્યાં જાઉં છું અને ત્યાની બધીજ પરિસ્થિતિ થી હું વાકેફ છું. દાખલાઓ જણાવતાં કહ્યું કે ગુરુજી કંટાળીને નાસ્તો પણ ન કરવાનું કહેલ. તેમજ વિદ્યાર્થીઓ તરફ પુરતું ધ્યાન આપવામાં આવતું નથી તો સંસ્કાર કેવા મળશે? આવા સવાલો કર્યા.

શ્રી રતનશી લાલજી દીવાણી: જોર આપતા તેમને કહ્યું કે આ સમાજમાં સતપંથ ની દલાલી કરવાનું બંધ થવું જોઈએ. બળતા હૃદયની વેદના સાથે તેમણે કહ્યું કે સમાજમાં સતપંથ ના દલાલો ઉચ્ચ હોદ્દા ભોગવી રહ્યા છે અને સનાતન વિરુદ્ધનું કામકરી રહ્યા છે. અમુક ભાઈઓ અંદરો અંદર માંડવી વિસ્તારમાં અલગ સમાજ રચવાનું કાર્ય કરી રહ્યા છે, જે કેન્દ્રીય સમાજના હિતમાં નથી, તેવી ચેતવણી તેઓએ આપી હતી.

શ્રી મણીલાલ હીરજી ભગત: પ્રમુખશ્રીના વક્તવ્યમાં તેમણે કહ્યું કે કંઠી વિભાગ કેન્દ્રીય સમાજના આદેશનું પાલન કરે છે. તેમણે જણાવ્યું કે આપાણજ સમાજના લોકોએ જેટલા હેરાણ કર્યા છે, તેટલા સતપથ ના લોકોએ નથી કર્યા.તેમણે ધ્યાન દોર્યું કે નિર્માણ સમિતિએ જે ટેકનીકલ કારણો બતાવ્યા એ બહાના છે અને ફક્ત પોતાનો બચાવ માટે જ છે. કેન્દ્રીય સમાજને નિર્માણ સમિતિએ ગણકાર્યા નથી. કેન્દ્રીય સમાજે નિર્માણ સમિતિને સત્તા પ્રજાને ત્રાસ આપવા માટે નથી આપી. પાંચ લગ્ન સામે ૭૫ લગ્ન વાળાઓને ત્રાસ આપવા માટે સત્તા નથી આપી. અમે ન્યાય માંગીએ છીએ. અમારી સાથે અન્યાય થયો છે.બંધ બારણે નિર્માણ સમિતી મીટીંગ બોલાવે છે, તેનો ઉદ્દેશ શું છે? શું નિર્માણ સમિતી કેન્દ્રીય સમાજ સામે બાહું ચડાવવા માંગે છે? શું સત્તાનો દુરુપયોગ કરવા માંગે છે? અમે સારા છીએ એટલે પેહલા ૫૫ જણા (નિર્માણ સમિતિની અંગત બેઠકમાં હાજર રહેલ) ને પણ આજે આમંત્રણ આપેલ છે. વાતચીત માટે અમે હમેશ તૈયાર છીએ, અમે વાતચીત કરવાના દરવાજા હમેશ ખુલ્લા રાખેલ છે. સનાતની સંઘઠન મજબુત કરવા માટે અમે હમેશાં તત્પર રહ્યા છીએ અને ભવિષ્યમાં પણ રહેશું. નિર્માણ સમિતિએ અમારા પર અન્યાય કરેલ છે માટે અમને ન્યાય મળવો જોઈએ.

ઉપસંહાર - સારાંશ:

મુબઈ સ્થિત કંઠી વિસ્તારના ભાઈઓએ રજુ કરેલ સચ્ચાઈનું અનુમોદન સભાના સર્વે વક્તાઓએ તેમજ હાજર સભ્યો એ કરેલ

હતું. અને નિર્માણ સમિતિના અમુક ભાઈઓ દ્વારા આપણા સનાતની વિચારધારાને નુકશાન કરતા જે નિર્ણયો લીધા છે, તેને દુખદ ગણાવીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. એટલે કે કેન્દ્રીય સમાજે નિર્માણ સમિતિની પુનઃરચના કરવાનો નિર્ણય લીધો છે, તે નિર્ણયને સભામાં હાજર રહેલ તમામસભ્યોએ યોગ્ય ગણાવ્યો છે.કંઠી વિભાગના ભાઈઓ દ્વારા સમાજને નુકશાન થાય તેવા ગેર માર્ગે જતા અટકાવવા માટે જે એક સભા બોલાવીને ખુલ્લો મંચ લોકો સમક્ષ મુકવાની પ્રથા શુરુ કરી, તે પ્રયાશને સભાના કરેકે દરેક સભ્યે વધાવી લીધો. લોક મુખે એવું પણ સાંભળવા મળ્યું હતું કે આવા પ્રયાસો સમાજમાં વારંવાર થવા જોઈએ.

આ સભામાં કોઈ પણ વ્યક્તિને ઉતારી પાડવા કે તેને અપમાનિત કરવાનો કોઈ પણ હેતુ નહોતો અને તેવો કોઈ પણ પ્રયત્ન કરવામાં આવેલ નહોતો. ફક્ત નિખાલસ ચર્ચા અને અચ હૃદયની હકીકત લોકો સુધી પોહચાડવાનો મુખ્ય હેતુ હતો. સર્વે સનાતની ભાઈઓએ હાજરી આપીને આ સભાને સંપૂર્ણપણે સફળ બનાવવામાં સાથ આપેલ હતો. અને કંઠી વિભાગના ભાઈઓની સચ્ચાઈને સ્વીકારેલ હતી અને સાચી હકીકતોને આખી સભાએ વધાવી લીધેલ હતી.

મારું (રમેશભાઈ વાગડીયાનું) અવલોકનઃ ઉપરોક્ત સભાથી નીચે જણાવેલ બાબતો પુરવાર થાય છે કે ;

- ૧. કેન્દ્રીય સમાજે શ્વેત પત્ર દ્વારા પોતાની સનાતની સમાજ તરીકે ની ઓળખ પ્રસ્થાપિત કર્યા પછી કંઠી વિસ્તારના અમુક ભાઈઓને તે પસંદ નથી એવું તેઓની વર્તણુક ઉપરથી પુરવાર થાય છે. તેઓને સતપંથ સાથે ઘરોબો છે એવું દેખાઈ આવે છે.
- ૨. તેઓ પોતાને સનાતની ઓળખાવે છે પણ તેઓ સતપંથ ની અને સતપંથ ના લોકોની રીતસરની તરબદારી કરી ને કેન્દ્રીય સમાજના સિધ્ધાંતોને પાંગળા બનાવવાની પુરેપુરી કોશિશ કરી રહ્યા છે તેવું પુરવાર થાય છે.
- ૩. આ લોકો પોતાને સનાતની ઓળખાવે છે એટલે તેઓ સનાતની ખરા પણ સનાતનીના સ્વાંગમાં સતપંથી જ છે. એવું ન કહીએ તો સતપંથ ના દલાલો છે એમતો જરૂર કહી જ શકાય.
- ૪. આવા લોકોને જલ્દીથી ઉઘાડા પાડીને તેઓને હોદ્દા ઉપરથી તાત્કાલિક બરતરફ કરવા જોઈએ. મોડું કરે થી કેન્દ્રીય સમાજને, ઝોન ને અને ઝોન અંતર્ગત આવતી તમામઘટક સમાજોને ન ભરપાઈ થાય એવું નુકશાન ચોક્કસ કરે એમ છે.
- ૫. કેન્દ્રીય સમાજે વહેલામાં વહેલી તકે તે કથિત નિર્માણ સમિતિને બરતરફ કરીને નવી સમિતિનું નિર્માણ કરવું જોઈએ અને તેમાં શુધ્ધ સનાતન ધર્મને વરેલા નિષ્ઠાવાન લોકોને લેવા જોઈએ. આમનહિ થાય તો કેન્દ્રીય સમાજની સનાતની તરીકેની ઓળખને ધક્કો લાગવાની પુરેપુરી ગુંજાઈશ દેખાય છે.
- ૬. આવા લોકોની ઓળખાણ તો કરવાની જરૂરત નથી પણ તેમની વર્તણુક ઉપરથી દેખાય છે કે આવા લોકોમાં ના એક તો નિર્માણ સમિતિના પ્રમુખ જ છે અને તેમને સાથ આપનાર અન્ય ભાઈઓમાં થી એક છે શામજીભાઈ નારણ બીજા છે નારણભાઈ ચૌહાણ, ત્રીજા છે કેશુભાઈ પરાસિયા, ચોથા છે રેવાલાલ પાટીદાર. હજી લીસ્ટ ગણું લાંબુ છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (સનાતનીઓ), અને પીરાણા સતપંથ સમાજ (સતપંથીઓ) વચ્ચે ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાનની મધ્યસ્થીમાં ચાલતી સમજુતી પ્રક્રિયા -- સમજાવટનો વધુ એક પ્રયાસ

રામાયણમાં એક સતીનું બિરુદ પામેલાં એક પવિત્ર પૂજનીય નારી સીતા માતાને પોતાની પવિત્રતા પુરવાર કરવા માટે અનેક અગ્નિ પરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું હતું, તેવીજ રીતે આપણી કેન્દ્રીય સમાજને ન જાણે કોનું ગ્રહણ લાગેલ છે કે જયારથી

(સન ૧૯૪૦ થી) અસ્તિત્વમાં આવી છે ત્યારથી પોતાનાજ સભ્યો તેમજ વિધર્મીઓને લઈને અનેકો-અનેક અગ્નિ પરીક્ષાઓમાંથી પસાર થવું પડ્યું છે અને હજી કેટલીયે પરીક્ષાઓમાંથી પસાર થવું પડશે તે ભગવાનને ખબર. પોતાના જ દીકરાઓ દ્વારા વિધર્મીઓના હિતાર્થે જે મા ના ચીર હરણ થતા હોય ત્યારે તે મા કોની પાસે ધા નાખે તે એક નરી વિટંબણા જ છે. સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજને નથી સમજતા એના ધુરીણો કે નથી સમજતા તેના દીકરાઓ (સભ્યો). આવા નમાલા દીકરા ધરાવતી મા ના હાલ શું થાય?

જ્ઞાતિ અને સમાજના ઇતિહાસનું જ્ઞાન હોવું કેટલું અગત્યનું છે

જે લોકોને આપણી જ્ઞાતિનું અને કેન્દ્રીય સમાજના ઈતિહાસનું થોડું પણ જ્ઞાન હશે તેને તો ખબર જ હશે કે આપણી હાલની, સનાતાનીઓની મા રૂપી કેન્દ્રીય સમાજનો જન્મક્યારે, કોના દ્વારા, શામાટે અને કેવા સંજોગોને લઈને થયો હતો. દરેક સનાતાનીઓને અને ખાસ કરીને કેન્દ્રીય સમાજના દીકરાઓને આટલું તો જ્ઞાન હોવું જરૂરી છે.

કેન્દ્રીય સમાજ લગભગ સન ૧૯૩૮ માં અસ્તિત્વમાં આવી અને એની વિધિવત સ્થાપના છેક વીસેક વરસ પછી સન ૧૯૬૦ માં કરવામાં આવી. કોના દ્વારા કરવામાં આવી? તો જવાબ છે કે એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી કે જેઓએ પીરાણા સતપંથ મતનો સદન્તરે ત્યાગ કરીને પોતાના મૂળ સનાતન ધર્મનો પુનઃ અંગીકાર કયો હતો અને પીરાણા સતપંથ માં ભટકાયેલ પોતાની જ્ઞાતિના લોકોને અંગીકાર કરાવ્યો હતો. કારણકે એ વડીલોને તે વખતના પીરાણા સતપંથ ને માનતા સતપંથ સમાજ માંથી કાઢી મુકવામાં આવ્યા હતા. બીજા શબ્દો માં કહીએ તો એ સુધારક વડીલોને નાત બહાર કરવામાં આવ્યા હતા. તે કારણે પોતાને પોતાની અલગ (સતપંથ સમાજથી જુદી), સનાતની ઓળખ ધરાવતી સમાજ સ્થાપવાની ફરજ પડી હતી કે જે સમાજ માત્ર અને માત્ર સતપંથ સમાજથી છુટા પડેલા સનાતાનીઓના હિતોની રક્ષા કરી શકે. તે સમાજ એટલે આપણી આજની કેન્દ્રીય સમાજ. આ સમાજનો જનમકેવા સનાજોગોને લઈને થયો હતો તેનો જવાબ એ છે કે તે સમયે પીરાણા સતપંથ મતને લઈને અન્ય જ્ઞાતિઓમાં આપણી ઓળખ એક મુમના મુસલમાન તરીકે થતી હતી. અને તેથી સુધારક વડીલોને તે સતપંથ સમાજથી સદન્તરે છેડો ફાડવો પડ્યો હતો. એટલુંજ નહિ તે વખતે તે પીરાણા સતપંથ ને વળગી રહેલા, ખાનામાં જતા ખાનાઈઓથી પણ છેડો ફાડવાની ફરજ પડી હતી. અમુક સનાતાનીઓએ તો તેવા લોકોની સાથે ન કેવળ સામાજિક સંબંધો કાપ્યા પણ રોટી-બેટીનો વ્યહવાર પણ કાપી નાખ્યો હતો તેનો ઈતિહાસ ગવાહ છે.

પીરાણા સતપંથ વાળા ભાઈઓને કેન્દ્રીય સમાજની કેટલી જરૂરત?

છાસવારે અને પરાણે કેન્દ્રીય સમાજને ઘોંચમાં મુકનાર સતપંથી ભાઈઓને કેન્દ્રીય સમાજની માત્ર અને માત્ર એટલી જરૂરત છે કે તેઓ તે સમાજની આડસમાં રહીને પોતાને અન્ય જ્ઞાતિઓમાં હિંદુ તરીકે ઓળખાવવું છે અને તાકિયાનો ઉપયોગ કરીને પીરાણા ઈમામશાહ બાવા વાળું તુત ચાલુ રાખવું છે. અને વફાદારી તો તેઓને સતપંથ સમાજ તરફ જ રાખવી છે. કેન્દ્રીય સમાજમાં જો તેઓને રહેવું હોય તો તેઓ સતપંથ સમાજથી છેડો શામાટે નથી ફાડતા અને પીરાણા સતપંથ નો ત્યાગ શામાટે નથી કરતા?

ઉંઝા વાળા કડવા પાટીદારોએ આપણી સાથે છેડો ફાડ્યો

ભૂતકાળમાં લગભગ ૫૦૦ વરસ પહેલાં ઉંઝા અને તેની આજુબાજુ રહેતા આપણા પૂર્વજો જ્યારથી પીરનો ધર્મ સતપંથ મતના ચુંગલમાં ફસાણા ત્યારે ત્યા આપણી સાથે રહેતા ઉંઝા વાળા કડવા પાટીદારોએ આપણ પૂર્વજોની જોડે છેડો ફાડીને આપણા પૂર્વજોને કચ્છ તરફ હિજરત કરવાની ફરજ પાડી હતી. એતો ફરી પાછા આપણે સનાતન ધર્મનો અંગીકાર કરીને ઉમિયા

માતાજી તેમજ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના ઉપાસક બન્યા અને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રિય સમાજની સ્થાપના કરી તેથી ઉંઝા વાળા (આપણાજ કડવા પાટીદારો) આપણને આજે આવકારવા લાગ્યા છે. જો આપણે સમગ્ર કચ્છ કડવા પાટીદારો પીરાણા સતપંથને વળગી રહ્યા હોત તો મજાલ છે ઉંઝા વાળા આપણા કડવા પાટીદારો આપણને નજીક પણ આવવા દે. ધન્ય છે એ સુધારક વડીલોને કે જેઓએ અનેક યાતનાઓ વેઢીને આપણને પુનઃ સનાતન ધર્મનો અંગીકાર કરાવ્યો કે જેથી આપણે આજે માથું ઊંચું રાખીને શાન થી હિંદુ તરીકે જીવી શકીએ છીએ.

કેન્દ્રીય સમાજની નવી અગ્નિ પરીક્ષા

ઉપર જણાવ્યા પ્રમાણે માતા સીતાની માફક અનેક અગ્નિ પરીક્ષાઓ માંથી પસાર થવા પછી પણ અત્યારે ઊંઝાના આપણા જ કડવા પાટીદારો પાસે જઈને આપણી કેન્દ્રીય સમાજ ને અગ્નિ પરીક્ષા માંથી પસાર થવું પડે છે. અને કહેવું પડે છે કે હું સાચી છું અને મારી સનાતની તરીકેની ઓળખમાં હવે ભેળસેળ થવા ના દો. પીરાણા સતપંથની સાથે છેડો ફાડીને હું અસ્તિત્વમાં આવીછું તો હું સનાતની છું અને મને સનાતની તરીકે જ રહેવા દો. મારામાં પીરાણા સતપંથી ભાઈઓને ભેળવીને મને હવે વધુ કલુષિત અને કલંકિત ના કરો. હું હાથ જોડીને લાગતા વળગતાઓને પ્રાર્થના કરું છું કે મારામાં પીરાણા સતપંથી ભાઈઓને ભેળવીને મને હવે વધુ કલંકિત ના કરો.

ઉંઝા ના કડવા પાટીદાર ભાઈઓ ની આપણા તરફની લાગણી

વાત એમછે કે ઉંઝા ના કડવા પાટીદાર ભાઈઓને એવી લાગણી હંમેશાં થતી રહે છે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ આજે સનાતની બન્યા પછી સાધન સંપન બની છે, સુશિક્ષિત બની છે, યુવાન પેઢી વડીલો પ્રત્યે માન ધરાવતી થઇ છે, માદરે વતન તરફ પ્રેમધરાવે છે પણ સદીઓથી સનાતન - સતપંથ બાબતે અટવાયેલી પડી છે. તે માટે જો કાયમી ઉકેલ આવી જાય તો બંને પક્ષો શાંતિ થી જીવી શકે. ઉંઝા સંસ્થાન ના વડીલો જેવાકે સ્વ. શ્રી કેશુભાઈ શેઠ, શ્રી મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમીશ્રી), શ્રી વિક્રમભાઈ પટેલ અને સ્વ શ્રી સીતારામભાઈ પટેલ વગેરે વડીલોએ ભૂતકાળ માં પણ પીરાણા સતપંથને માનતા કચ્છી પાટીદાર ભાઈઓને સમજાવવા ખુબજ પ્રયત્નો કર્યા હતા. સન ૧૯૭૮ માં ઉંઝા સંસ્થાને પીરાણા ને માનતા કચ્છી પાટીદારોને સમજાવવા એક ઠરાવ પણ કરેલ અને તે માટે ત્રણ જણાની એક કમિટી નીમવામાં આવી હતી. તેમાં હાલ મોજુદ ઊંઝાના ભીષ્મપિતા સમાન મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમ્મી) પણ તેમાંના એક હતા. આ જ મણીબાપા અવારનવાર આપણી કેન્દ્રીય સમાજના અગત્યના કાર્યક્રમો માં હાજરી આપીને સતપંથના ભાઈઓને સતપંથનો ત્યાગ કરીને બહોળા સનાતની પ્રવાહ માં ભળી જવા હંમેશાં સમજાવતા રહ્યા છે.

ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાનનો વધુ એક પ્રયત્ન

વધુ એક પ્રયાશના ભાગ રૂપે ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાને કચ્છ કડવા પાટીદારોની સનાતની સંસ્થા એટલે કે કેન્દ્રીય સમાજ અને સતપંથ સમાજના ભાઈઓની બેઠક તા. ૪.૭.૨૦૧૫ ના ઉંઝા ગામે બોલાવી હતી. તેમાં બંને પક્ષોના ધુરીણો હાજર રહ્યા હતા. મધ્યસ્થી માટે ઉંઝા સંસ્થાના વડાઓ ની સાથે સીદસર ઉમિયા માતાજી સંસ્થા, સુરત ઉમિયા માતાજી સંસ્થા તેમજ નાશિક ઉમિયા માતાજી સંસ્થાના વડાઓ પણ હાજર રહ્યા હતા. બંને પક્ષોએ પોત પોતાની વાતો રાખી હતી અને છેલ્લે એવું નક્કી થયું હતું કે બંને પક્ષો તા. ૧૫.૦૯.૨૦૧૫ સુધીમાં ૧૧ – ૧૧ જણાના નામો આપી દે અને કોઈક તારીક અને સમય નક્કી કર્યા પ્રમાણે બીજી મીટીંગમાં હાજર રહેવાની અપીલ કરવામાં આવી હતી. તે સભામાં ઉંઝા સંસ્થાન ના એક વડીલે પોતાની વિટંબણા જાહેર કરી હતી કે આ સમાધાનમાં અમારી પણ કશોટી થવાની છે કારણકે સનાતન-સતપંથ બાબતે સમાધાન કઈ રીતે કરી શકાય. આર્થિક જગડો હોય કે પછી કોઈક કુટુંબીક જગડો હોય ત્યા સમાધાન થી કૈંક રસ્તો કાઢી શકાય પણ ધાર્મિક બાબતે

કઈ રીતે સમાધાન થઇ શકે તે અમને સમજણ પડતી નથી. તે વડીલનું કહેવું એવું હતું કે – હા, એક વાતે સમાધાન થઇ શકે કે જયારે આખી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ એક વખત પીરાણા સતપંથ માં અટવાએલી હતી તેમાંથી ધીરે ધીરે ૯૦% જ્ઞાતિ જયારે સનાતની બની ગઈ છે ત્યારે દસેક ટકા જેટલા સતપંથી ભાઈઓ દુધમાં સાકર ભળે તેમપીરાણા અને ઈમામ્શાહને મુકીને સનાતની પ્રવાહમાં ભળી જાય સોનામાં સુગંધ ભળે તેવું સમાધાન થઇ શકે. બીજું એક સમાધાન એ પણ થઇ શકે કે જો બાકી રહેલા સતપંથી ભાઈઓમાં તાકાત હોય તો ૯૦% સનાતાનીઓને સતપંથ માં ફરી પાછા ભેળવી દે અને બધાય સતપંથ ધર્મનો અંગીકાર કરી નાખે તો તમે સૌ એક થઇ જાવ તેવું સમાધાન પણ થઇ શકે. પણ તેમથવાથી અમને (ઉંઝા સંસ્થાનને) પછી તમારી સાથે કેવો વ્યહવાર રાખવો તે સમયજ બતાવી શકશે.

બંને પક્ષોના ૧૧-૧૧ નામો

સનાતની સમાજના ભાઈઓના ૧૧ નામો

૧. શ્રી ગંગારામભાઈ હીરાલાલ સંખલા, પ્રમુખ શ્રી એ.બી.કે.કે.પી. સમાજ
૨. શ્રી હંસરાજભાઈ દેવજી ધોળું, પ્રમુખ શ્રી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન
૩. શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા, પ્રમુખ શ્રી સંસ્કાર ધામદેશલપર
૪. વડીલશ્રી રામજીભાઈ કરમશી, નાકરાણી રાયપુર
૫. શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી, મુંબઈ
૬. શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા, બેંગલોર
૭. શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી, મુંબઈ
૮. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી, મુંબઈ
૯. શ્રી ચંદ્રકાંતભાઈ ા છાભૈયા, મુંબઈ
૧૦. ડો. વસંતભાઈ ધોળુ, મંત્રી શ્રી યુવાસંઘ
૧૧. ડો શાંતિલાલ સેંઘાણી, નખત્રાણા

સતપંથ સમાજના ભાઈઓના ૧૧ નામોઃ

૧. ગંગારામભાઈ કરસન પટેલ, માધવપુરા
૨. જેઠાભાઈ કાનજી સેંઘાણી, પીરાણા
૩. મોહનભાઈ કરશન, કોટડા (ચ) પીરાણા
૪. અબજીભાઈ કરમશી ધોળુ, દુર્ગાપુર સતપંથ ટ્રસ્ટી
૫. મણીલાલ શામજી વડગામ, સતપંથ ટ્રસ્ટી
૬. હરિભાઈ માધાભાઈ, કરબોઇ ગઢકંપા
૭. રતનશી લાલજી વેલાણી, દુર્ગાપુર
૮. અરજણ શામજી, આણંદસર સતપંથના સલાહકાર
૯. મણીલાલ મેઘજી પોકાર, હરીપુરાકમ્પા
૧૦. દેવજી કરસન ભાવાણી, અખિલ ભારતીય સતપંથ સમાજના ઉપ પ્રમુખ
૧૧. રામજી વીરજી ભાદાણી, દેસલપર-કોલ્હાપુર અખિલ ભારતીય સતપંથ સમાજના પ્રમુખ
૧૨. ગંગારામપ્રેમજી વડાલી, સતપંથના ટ્રસ્ટી

ઉપરોક્ત ૧૧-૧૧ નામો આવી ગયા પછી ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાને પોત-પોતાના પક્ષ ની રજૂઆત કરવા માટે બંને પક્ષોની મીટીંગ રવિવાર તા.૧૩.૦૩.૨૦૧૬ ના ઉંઝા મુકામે રાખી હતી. તેમાં બંને પક્ષોના ઉપર જણાવેલ ભાઈઓ હાજર રહ્યા હતા.

ઉંઝા મીટીંગ નો ટૂંકો અહેવાલ

મીટીંગ ની શુરુઆત સવારના ૧૦.૦૦ વાગે કરવામાં આવી હતી. બંને પક્ષોને સાથે બેસાડીને સૌ પ્રથમઓળખાણ આપવામાં આવી હતી. ત્યારબાદ બંને પક્ષોને અલગ – અલગ સાંભળવા માટે પ્રથમસતપંથ સમાજના ભાઈઓને સાંભળવામાં આવ્યા હતા. તેમની રજૂઆતના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે ના હતા

- પીરાણા હિંદુ ધર્મ મુસ્લિમ ધર્મનો ફાંટો નથી અને તે હિંદુ ધર્મ છે એટલે કે સતપંથ ધર્મ એક હિંદુ ધર્મ છે.
- પીરાણા સતપંથ મત વેદોને માનતો ધર્મ છે.
- પીરાણા સતપંથ ધર્મના પ્રણેતા ઇમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા ઉર્ફે ઇમાંમશાહ મહારાજ અમારા ઇષ્ટદેવ નહીતો પણ અમારા ગુરુદેવ છે અને તેઓ મુસલમાન નોતા. તેઓ મુસલમાન હતા કે હિંદુ હતા તે એક સંશોધનનો વિષય છે.
- અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર સમાજને ધર્મ સાથે કાંઈ લેવા-દેવા હોવી જોઈએ નહિ.
- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ બંને સનાતન અને સતપંથ ધર્મના લોકો માટે ની છે.
- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં બધુ એ સાફ સુથરું ચાલતું હતું પણ જયારથી ગંગારામભાઈ સાંખલા પ્રમુખ થયા ત્યાર પછી તેમાં સતપંથ બાબતે ઝગડા ચાલુ થયા.
- સતપંથ અને સનાતન સમાજે ભેગા મળીને મિલકતો વસાવેલ તેના ઉપર આજે સનાતન વાળા ભાઈઓએ કબજો જમાવી દીધો છે.
- કચ્છ કલેક્ટર મહેન્દ્રભાઈ પટેલની મધ્યસ્થીમાં થએલ સમજુતીને કેન્દ્રીય સમાજ ગણકારતી નથી અને તે સમજૂ૭૪૧તીનું પાલન પણ નથી કરતી. વગેરે વગેરે ....

સનાતન સમાજના (કેન્દ્રીય સમાજના) ભાઈઓની રજુઆતો

સતપંથ સમાજના ભાઈઓને સાંભળી લીધા પછી સનાતન સમાજના ભાઈઓને બોલાવ્યા હતા. યુવાન ચાર્ટર્ડ અકાઉન્ટનટ ભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ છાભૈયા ના અથાગ પરિશ્રમથી બનાવેલ દળદાર પુસ્તકની પ્રતો મધ્યસ્થી સભ્યોને સોંપવામાં આવી હતી. તેમાં સતપંથ શું છે? આપણી જ્ઞાતિ તેમાં ક્યારે અને કેવી રીતે ફસાણી, જ્ઞાતિનો ઈતિહાસ, નારાયણ રામજી લિખિત પીરાણા પોલના અવતરણો, સતપંથ માં તાકિયા નો પ્રયોગ ક્યાં અને કેવીરીતે થાય છે, સતપંથ એક મુસ્લિમધર્મનું ફાંટું છે તેવા સરકારી ગેજેટો વગેરે વગેરે નો સવિસ્તાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટૂંકમાં સનાતની ભાઈઓની રજૂઆત બહુજ મુદ્દાસર હતી અને તે નીચે પ્રમાણે ના મુદ્દાઓ ઉપર કરવામાં આવી હતી.

- અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની (કેન્દ્રીય સમાજની) સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવા માં આવી હતી કે જેઓ એ સતપંથ મત નો વિરોધ કર્યો હતો અને પુનઃ સનાતન ધર્મનો અંગીકાર કરીને માત્ર અને માત્ર સનાતાનીઓના હિતોની રક્ષા કરવા માટે કરી હતી.
- જે સમાજના સ્થાપક વડીલોએ સતપંથ મતનો સદન્તરે ત્યાગ કર્યો હોય તે સમાજ સતપંથ ને માનનારા ભાઈઓના હિતોની રક્ષા કઈ રીતે કરી શકે ?
- કેન્દ્રીય સમાજની સ્થાપના વખતે જ્ઞાતિની ઓળખાણ એક મુમના મુસલમાન તરીકે થતી હતી તેથી જ તો તે વડીલોએ

ત્યારની સતપંથ સમાજનો સદન્તરે ત્યાગ કર્યો હતો અને ગામે ગામ ઉમિયા માતાજી અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બંધાવ્યા હતા તેનો ઈતિહાસ ગવાહ છે.

- અત્યાર સુધી સતપંથ સમાજના ભાઈઓએ કેન્દ્રીય સમાજનો ઉપયોગ ફક્ત અને ફક્ત પોતાને હિંદુ તરીકે ઓળખાવવા માટે જ કર્યો છે. તેમની લાગણી અને આસ્થા તો આજે પણ પીરાણા સતપંથ ધર્મ અને સતપંથ સમાજમાં જ છે. આવા લોકોનેઅમારી કેન્દ્રીય સમાજ માં કઈ રીતે આવરી શકાય તે અમોને સમજાવો.
- જે લોકોને કેન્દ્રીય સમાજ પ્રત્યે જરા પણ લાગણી અને માન ધરાવતો હોય તે કોઈ દિવસ તે સમાજની કાર્યવાહી ખોટા કોર્ટ કેશો કરીને ઘોંચ માં નાખી શકે કે ? આવું તો સતપંથી ભાઈઓ દ્વારા છાસવારે બની રહ્યું છે.
- ખોટા કોર્ટ કેશો કરીને સનાતની ભાઈઓને રંજાડવાનો એક પણ મોકો સતપંથી ભાઈઓ ચુકતા નથી તેની પાછળ હાથ કોનો હોય છે તે પુરવાર કરવાની જરૂરત નથી. કોર્ટ કેશ કરનાર તો માત્ર એક મોહરું હોય છે.
- સતપંથ સમાજના ભાઈઓ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે અબજીભાઈ ધોળુ જે સતપંથમાં આસ્થા ધરાવે છે તેમના દાદાએ માંડવી હોસ્ટેલ માં દાન આપ્યું હતું. તેઓ પણ સતપંથી હતા. પણ આજે કેન્દ્રીય સમાજ કહે છે કે તે મિલકત કેન્દ્રીય સમાજની છે. તેને પ્રત્યુતર આપતાં સનાતની મુરબ્બી શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુએ મધ્યસ્થી વડીલોને જણાવ્યું હતું કે કોઈ પણ સંસ્થાને એક વખત દાન આપી દીધા પછી એ મિલકત માં દાન દેનારનો હક્ક કેટલો અને કઈ રીતે હોઈ શકે? જે વખતે જે તે વડીલોએ દાન આપ્યું હતું તે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર ને આપ્યું હતું તો આજે તે મિલકત કોની માલિકીની થાય. તે દાન દેનારની થાય કે પછી દાન લેનાર સંસ્થાની થાય?
- મધ્યસ્થી વડીલોએ પ્રશ્ન કર્યો હતો કે સતપંથી ભાઈઓ એમ કહી રહ્યા છે કે અમુક મિલકતો સતપંથ અને સનાતન સમાજોએ સવેચમાં બનાવી છે તેના પ્રત્યુતર માં પ્રમુખ શ્રી ગંગારામભાઈ સંખાલાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં એક પણ એવી મિલકત નથી કે જે સનાતન સમાજ (કેન્દ્રીય સમાજ) કે સતપંથ સમાજની સવેચ માં ઉભી કરવામાં આવી હોય.
- સતપંથી ભાઈઓની એક રજૂઆત એવી હતી કે જયારથી ગંગારામભાઈ પ્રમુખ થયા છે ત્યારથી વર્ગ-વિગ્રહ કરીને સમાજને તોડવાના પ્રયત્નો થઇ રહ્યા છે તેના પ્રત્યુતરમાં ગંગારામભાઈ સાંખલાએ જણાવ્યું હતું કે સનાતન સમાજ અસ્તિત્વમાં આવી તે પહેલા સતપંથ સમાજ મોજુદ હતી જેમાં અમારા વડીલો પણ સામેલ હતા. પણ અમારા વડીલોએ જયારથી સનાતન ધર્મનો પુનઃ અંગીકાર કર્યો ત્યારે તેઓને સતપંથ સમાજ વાળાઓએ નાતબહાર કર્યા તે દિવસેજ સમાજ તૂટી પડી હતી. સમાજને તોડવા વાળા તો સતપંથના ભાઈઓ જ છે.
- સતપંથી ભાઈઓ તરફથી કેન્દ્રીય સમાજ ઉપર એ આરોપ લગાવવામાં આવ્યો હતો કે કલેક્ટર સાહેબ મહેન્દ્રભાઈની મધ્યસ્થીમાં માંડવી મિલકત અંગે જે ફોર્મુલા ઘડવામાં આવી હતી તેનો અમલ કેન્દ્રીય સમાજના પ્રમુખ કરતા નથી!!!!!!! તે આરોપના પ્રત્યુતરમાં ગંગારામભાઈએ મધ્યસ્થીઓને જણાવ્યું હતું કે ચાર મુદ્દાઓ ઉપર તે સમજુતી કરવામાં આવી હતી.

ક્રમશઃ

૧. માંડવી હોસ્ટેલ પહેલાં જેમહતી તેમકેન્દ્રીય સમાજના નામે ચડાવી દેવી

૨. તેના મેનેજમેન્ટમાં પાંચ સભ્યો સર્વોદય ટ્રસ્ટ ના લેવા અને પાંચ સભ્યો સનાતન સમાજના(કેન્દ્રીય સમાજના) લેવા

૩. નખત્રાણા અને કોટડા ની વાટમાં આવતા મીની પીરાણામાં ઉમિયા માતાજીની મૂર્તિની પ્રતીસ્થાપના કરવી ત્યાર પછી

૪. કેન્દ્રીય સમાજની કારોબારી માં સર્વોદય ટ્રસ્ટ વાળા જે પાંચ સભ્યોના નામો કહે તેઓને આવરી લેવા.

આમાં એ વાત ક્યાં આવે છે કે ગંગારામભાઈ સાંખલા નક્કી કરેલ ફોર્મુલામાં સાથ નથી આપતા કે તે પ્રમાણે વર્તન નથી કરતા???. ગંગારામભાઈએ અફસોસ કરતાં એ જણાવ્યું હતું કે નુકશાન તો અમારી કેન્દ્રીય સમાજને થયું છે કે જે હોસ્ટેલનું મેનેજમેન્ટ સંપૂર્ણ રીતે સનાતન સમાજના (કેન્દ્રીય સમાજના) હસ્તક હતું તે તેના હાથમાંથીઝુંટવીને સર્વોદય ટ્રસ્ટના હાથમાં જતું રહ્યું છે. અને કેન્દ્રીય સમાજનો બોર્ડ ઉતારીને સર્વોદય ટ્રસ્ટના નામે બોર્ડ ચડાવી દેવામાં આવ્યો છે. આ તો ઉલટો ચોર કોટવાલ ને દાંડે તેવી વાત થઇ. કથિત હોસ્ટેલની મિલકત કેન્દ્રિય સમાજના નામે યથાવત કરાવીને મીની પીરાણામાં ઉમિયા માતાજીની મૂર્તિની પ્રતીસ્થાપના કરવી તે વાત તો અભેરાઈએ ચડી ગઈ છે.

સતપંથ સમાજના ભાઈઓનું નકારાત્મક વલણ

બંને પક્ષોની અલગ થી રજુઆતો સાંભળ્યા પછી છેલ્લે બંને પક્ષોને સાથે બેસાડી આગળની કાર્યવાહી કઈ રીતે કરવી તેનું વિવરણ કરતા ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના મહામંત્રી દિનેશભાઈ પટેલે જણાવ્યું હતું કે અમોએ બંને પક્ષોની રજુઆતો સાંભળી છે. તેનું ચિંતન અને મનન કરશું અને ફાઈનલ નિર્ણય માટે આગામી એક મીટીંગ બોલાવશું તે દિવશે બંને પક્ષોએ કોરા કાગળ ઉપર સહીઓ કરી આપવી પડશે જેથી જે નિર્ણય અમે આપીએ તે બંને પક્ષોને બંધન કરતા રહેશે. તેના જવાબમાં સતપંથના ભાઈઓ એ કોરા કાગળ ઉપર સહી કરી દેવાની તદ્દન ના પડી હતી. જ્યારે સનાતની સમાજ વતી બોલતાં ગંગારામભાઈ એ કહ્યું હતું કે અમોને ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાન ઉપર સંપૂર્ણ ભરોસો અને શ્રદ્ધા છે અને અમો ઉમિયા માતાજી કહેશે તેમ કોરા કાગળ ઉપર સહીઓ કરી આપશું.

આપણી સૌ સનાતાનીઓની માતા રૂપી કેન્દ્રીય સમાજને હજી કેટલીએ અગ્નિ પરીક્ષાઓમાં થી પસાર થવું પડશે તે તો સમય જ બતાવશે. પણ એક વાત નિશ્ચિત છે કે આપણી સમાજમાં જે કાંઈ વિટંબણાઓ ઉભી થતી રહી છે તેના જવાબદાર આપણે પોતેજ છીએ. કદાચ વધારે જવાબદાર એ લોકો હશે કે જેઓ સનાતની હોવા છતાં સતપંથીઓ ના હાથા બની ને તેઓને સાથ આપી રહ્યા છે. આવા લોકોને કદાચ આપણે તો માફ કરી દેશું પણ કુળદેવી મા ઉમિયા માતાજી અને ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન કદાપી માફ નહિ કરે તે નિશ્ચિત છે. આપણી મા રૂપી સમાજની સાથે રમત કરવા વાળા ભૂતકાળમાં કેટલાએ ભૂંસાઈ ગયા છે અને કેટલાએ ભવિષ્યમાં ભૂંસાઈ જવાના છે.

૪.૨.૨૦૧૩ પ્રદીપ નાથાણીને સનાતન ધર્મ જાગૃતિ સમિતિએ લખેલ એક પત્ર

પ્રદીપભાઈ,

જે તમે એકતા વિષે ની વાત કરીકે સતપંથ વાળી ઘો જ્યારથી કચ્છ કડવા પાટીદારમાં ઘરી ત્યારથી એકતા તૂટી. એ વાત સાથે હું પૂર્ણ રીતે સહમત છું. આપણે ગુજરાતથી કચ્છ તરફ હિજરત કરી તેનું મૂળ કારણ એ છે કે જ્યારે આપણા પૂર્વજોએ બાવા ઈમામશાહ (ઇમામુદ્દીન) વાળો પીરનો ધર્મ સ્વીકાર્યો ત્યારથી કડવા પાટીદારો જે માત્ર અને માત્ર ગુજરાતમાં ઉંઝાની આજુબાજુ વસતા હતા તેમાં એકતા તૂટી અને પીરનો ધર્મ સ્વીકારવવા વાળા કડવા પાટીદારોને (આપણા પૂર્વજોને) ફરજીયાત પણે કચ્છ તરફ સ્થાળાંતર કરવું પડ્યું તે એક હકીકત છે.

જે જે ભાઈઓને સમગ્ર કડવા પાટીદારોના અને કચ્છ કડવા પાટીદાર ભાઈઓના ઇતિહાસમાં રુચિ હોય તેઓને હું ભલામણ કરું છું કે આપણા જ કડવા પાટીદાર વિદ્વાન વડીલ શ્રી પુરષોતમભાઈ લલ્લુભાઈ પરીખ દ્વારા લિખિત પુસ્તક નામે **"કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ"** નો અભ્યાસ કરશો તો ખબર પડશે કે આપણા પૂર્વજોએ પીરનો ધર્મ (પીરાણા સતપંથ ધર્મ) સ્વીકારવાથી તેઓને ફરજીયાત પણે કચ્છ તરફ પ્રયાણ કરવું પડ્યું હતું. એક ખોટી વાત પ્રચલિત છે કે કચ્છના રાજાએ ખેતી

કરવા અર્થે આપણા પૂર્વજોને કચ્છ બોલાવ્યા. એ વાત તદ્દન ખોટી છે - ઉપજાવી કાઢેલી વાત છે. એવું જો હોત તો આપણા પૂર્વજોને રાજાએ જમીનો મફતમાં આપી હોત. પણ એવું કંઈ જ બન્યું નહતું. પુરાવા રૂપે આપશ્રી ઉપર જણાવેલ પુસ્તકના પાના નંબર ૧૮૭ થી ૧૯૧ માં વારે ઘડીએ લેખકે ઉલ્લેખ કર્યો છે કે ફલાણા બાપા એ પીરનો ધર્મ સ્વીકારવાથી ત્યાં વસતી કડવા પાટીદાર જ્ઞાતિ તરફથી વિટંબણા પડવા માંડી એટલે તેઓ સઘળા કચ્છ જઈને વસ્યા. વધુમાં પાના નંબર ૧૯૧ માં બીજા પેરેગ્રાફ માં આ વિદ્વાન પુરુષ લખે છે કે "આ પ્રમાણે વિક્રમના પંદરમા તથા સોળમા સૈકામાં આ લોકોએ (કચ્છ જઈ વસેલા પાટીદારોએ) પોતાનો અસલ હિંદુ ધર્મ બદલી મુસલમાનને ગુરુ કર્યા, તેથી તેમને કુટુંબ,જ્ઞાતિ અને ગામસાથે કલહ થાય (આજે પણ થાય છે) તે સ્વાભાવિક હતું. તેથી ધાર્મિક અગવડ ને લીધે સઘળા પીરાણાપંથી કણબીઓ ક્રમે ક્રમે ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાંથી નીકળી વાગડ (કચ્છ)માં શીકરું ગામે આવ્યા; અને ત્યાં પોતાના સહોદર સમાન સ્વધર્મીઓ સાથે મળી જુદી જ્ઞાતિ કરી" એ જુદી જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર સતપંથી જ્ઞાતિ જે હજી આપણને સૌને (સનાતનીઓને) હેરાન કરે છે. મારું માનવું છે કે સમગ્ર વિશ્વમાં અન્ય ધર્મના માણસોને હેરાન કરવામાં મુસલમાન કોમપછી કદાચ કચ્છ કડવા પાટીદાર સતપંથ સમાજના સતપંથીઓનો નંબર લાગતો હશે. લોહાણા જ્ઞાતિ પણ એજ સતપંથ ધર્મપાળીને ખોજા કહેવાણા. પણ આ ખોજાઓ સતપંથી હોવા છતાં તેમના મૂળ લોહાણા હિન્દુઓને કોઈ દિવસ હેરાન કરતા નથી. અને તેઓ લોહાણા હિંદુ જ્ઞાતિની સમાજમાં પ્રવેશ પણ નથી માંગતા. પણ આપણા કચ્છ કડવા પાટીદાર પીરાણા સતપંથ સમાજના સતપંથીઓને કોણ જાણે કેમ સનાતાનીઓને હેરાન કરવામાં મઝા પડે છે. અરે ખાનાઈઓ અમોને સુખેથી જીવવા દો અને તમે પણ સુખે થી જીવો ને ભાઈ. કંઇક તો શીખો તમારા જાતભાઈ સતપંથી ખોજાઓ પાસેથી.

રમેશભાઈ વાગડિયા તા.૪.૦૨.૨૦૧૩

કેન્દ્રીય સમાજ અંતર્ગત આવતી ઝોન સમાજો અને ઝોન સમાજો અંતર્ગત આવતી ઘટક સમાજોએ પાળવાના નીતિનિયમો તા. ૨૧.૦૭.૨૦૧૩

ઝોનોમાં આવતી ઘટક સમાજોએ પાળવાના નિતી નિયમો.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સુવર્ણ જ્યંતી મહોત્સવ પ્રસંગે મળેલ પંચમ જ્ઞાતિ અધિવેશનમાં જ્ઞાતિની સનાતની સ્પષ્ટ નીતીની જાહેરાત થયા બાદ ઝોન તથા ઘટક સમાજોએ બનાવેલ ધારાધોરણ અને રીતરિવાજો ભિન્ન ભિન હોવાથી ઉભી થતી મુશ્કેલીઓને ધ્યાને લઈ સમાજોમાં એકવાયતા રહે તે માટે તા. ૨૧.૦૭.૨૦૧૩ ના અમદાવાદ મુકામે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાના અધ્યક્ષ સ્થાને કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ, ઝોન પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, ઝોનપ્રતિનીધીશ્રીઓ તથા યુવાસંઘના હોદેદારોની સાથે એક સંયુકત મીટીંગ મળેલ. આ મીટીંગમાં દરેક ઝોનના બનાવેલ ધારાધોરણ ઉપર ચર્ચા વિચારણા કર્યા બાદ જુના સંબંધો જાળવી રાખવા અને નવા સંબંધો ફકત સનાતની સમાજમાંજ કરવા બાબતે સર્વની સહમતી થયા બાદ નિચે લખ્યા મુજબના ઠરાવ પાસ કરવામાં આવ્યા. આ ઠરાવોની બે વર્ષ બાદ ફરીથી સમિક્ષા કરવામાં આવશે એવું નકકી કરવામાં આવ્યું.

ઠરાવ નં.૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો.તેથી નિઃશક પણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની વિચાર ધરાવતી સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

ઠરાવ નં.૨) શ્રીસમાજની સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજ મુળભૂત હિન્દુ સનાતનવિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે. શ્રીસમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

ઠરાવ નં.૩) અત્યાર સુધી કેન્દ્રીય સમાજ દ્વારા જ્ઞાતિના પાંચ અધિવેશનો બોલાવવામાં આવ્યા છે. તેમાં જ્ઞાતિના રીતરિવાજોને લગતા ૧૭ ઠરાવો અને બાહય આચરણ અંગેનો ઠરાવ ૧૮ મો અને સામાજીક તેમજ ધાર્મિક પ્રશ્નોના નિવારણ માટે ઠરાવ ૧૯ મો એમ કુલ ૧૯ ઠરાવો પસાર કરેલા છે તે બધા ઠરાવો પાળવા અત્યંત જરૂરી છે. તેમાં ઠરાવ ૧૮ અને ૧૯ વધારે અગત્યના લાગતા તેનું દરેક જ્ઞાતિજનઓએ ચુસ્તપણે પાલન કરવું અને કરાવવું ખુબજ જરૂરી બને છે. સમાજમાં એકજ આચાર અને વિચાર કાયમ રહે એકજ રીતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્તપણે પાલન થાય તે અત્યંત જરૂરી છે.

ઉપરોકત નિયમોનો ભંગ અથવા બહીષ્કાર કરનાર વ્યકિતનું સભ્યપદ દરેક સમાજોએ પોતાના બંધારણને આધીન રહીને રદ કરવાનું રહેશે અને સામાજીક અથવા ધાર્મિક કે વ્યવહારિક પ્રસંગે તેમને આમંત્રિત કરવાના રહેશે નહી. આ અંગેની જવાબદારી ભારતભરના તમામ ઝોન અને તેની ઘટક સમાજોને સોપવામાં આવે છે.

ઠરાવ નં.૪) જ્ઞાતિના અધિવેશનમાં બહુમતે કે સર્વાનુંમતે પસાર કરવામાં આવેલ જ્ઞાતિના નિતીનિયમોનો વિરોધ કરવાવાળાને જ્ઞાતિજન તરીકે કયારે પણ સ્વીકારવામાં આવશે નહી. અત્યાર સુધીના પાંચ અધિવેશનમાં હિન્દુ સનાતન વૈદિક ધર્મમાં ન માનવાવાળા લોકો જ્ઞાતિના નિતીનિયમોને નહી પાળવાની જાહેરાત સાથે દંગાફસાદ કરતા આવ્યા છે તેવા લોકો ને હવે આપણી કેન્દ્રીય સમાજમાં સમાવેશ કરવો કે નહી તેનો નિર્ણય કેન્દ્રીય સમાજને કરવો પડશે.

ઠરાવ નં.૫) સમાજના શૈક્ષણિક શંકુલો તથા હોસ્ટેલોમાં કયારે પણ સંપ્રદાય આધારીત ભેદભાવ રાખવામાં આવતો નથી. પરંતુ શંકુલોમાં કોઈ પણ વિધાર્થીને એડમીશન આપવાનો અધિકાર કેન્દ્રીય સમાજનો રહેશે અને તે મુજબ સમાજના દરેક શંકુલોની સંચાલન સમિતિને કાર્ય કરવાનું રહેશે.

ઠરાવ નં.૬) સભ્ય પદ : જ્ઞાતિ રચીત ઝોન તથા ઝોનોમાં આવતી સમાજોમાં સભ્ય બનવું હોય તેમણે કેન્દ્રીય સમાજ અથવા ઝોન દ્વારા બહાર પાડવામાં આવેલ સભ્ય બનવાનું ફોર્મ ભરવાનું રહેશે. કેન્દ્રીય સમાજના સભ્ય બનવા માટે જે તે કચ્છના ગામના સનાતની સમાજના પ્રમુખ/મંત્રીશ્રીના ભલામણ પત્રકની જરૂરત છે તેજ રીતે ઝોનમાં આવતી ઘટક સમાજના સભ્ય બનવાં જે તે કચ્છના ગામની સનાતની સમાજના પ્રમુખ/મંત્રીશ્રીના ભલામણ પત્રકની જરૂરત રહેશે.

ઠરાવ નં.૭) જ્ઞાતિ રચીત ઝોન તથા ઘટક સમાજના દરેક સભ્યોનું બાહ્ય આચરણ હિન્દુ સનાતન વૈદિક ધર્મને અનુરૂપ હોવું જોઇએ. કેન્દ્રીય સમાજ દ્વારા બહાર પાડવામાં આવેલ જ્ઞાતિના રિતરીવાજોનું દરેક જ્ઞાતિજનોઓ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઠરાવ નં.૮) જ્ઞાતિ રચીત ઝોનો તથા ઝોનમાં આવતી સમાજના દરેક સભ્યોએ પોતાના દિકરા દિકરીના સગપણ કડવા પાટીદાર જ્ઞાતિમાં હિન્દુ સનાતન વૈદિક ધર્મને પાળતા હોય તથા ભારત ભરમાં ઝોનમાં આવતી ઘટક સમાજોના સભ્યો હોય તેવા કુટુંબ પરિવાર સાથે સગપણ કરવા. અન્યથા સગપણ કરવા નહી. જેથી સમાજમાં એકવાયતા જળવાય અને સમાજોમાં મતભેદ ઉભા ન થાય.

ઠરાવ નં.૯) આપણી જ્ઞાતિના પંચમ અધિવેશનમાં સનાતનની સ્પષ્ટ નીતી જાહેર કર્યા પહેલા દિકરા દિકરીના સગપણ હિન્દુ સનાતન વૈદિક ધર્મ પાળતા ન હોય તેવા પરિવારમાં થયેલ હોય તો તેવા સંબધો વિવેક બુધ્ધીથી જાળવી રાખવાના રહેશે. દિકરા કે દિકરીને ત્યાં લગ્ન વૈવારિક પ્રસંગ હોય તો મામેરા વિગેરે પ્રસંગે સીમીત સંખ્યામાં જવું. વધારેમાં વધારે દિકરીના દાદા કુટુંબના લોકોએ જવાનું રહેશે. દિકરીને ત્યાં મરણ પ્રસંગ હોય ત્યારે મરણની વિધિ સનાતન હિન્દુ વૈદિક ધર્મ મુજબ થયેલ હોય તો જ જવાનું રહેશે અન્યથા જવાનું રહેશે નહી.

ઠરાવ નં.૧૦) જ્ઞાતિ રચીત ઝોન તથા ઝોનમાં આવતી સમાજો દ્વારા ધાર્મિક તથા સામાજીક પ્રસંગો જેવા કે નવરાત્રી, જન્માષ્ટમી, સમુહ લગ્ન, સાતમ આઠમ વિગેરે કરવાના થાય તેવા પ્રસંગોમાં હિન્દુ સનાતન વૈદિક ધર્મ પાળતા હોય તેવા સભ્યો જ ભાગ લઇ સકશે. અન્યથા કોઇ પણ સભ્ય ભાગ લઇ શકશે નહી. જે સભ્યો હિન્દુ સનાતન વૈદિક ધર્મ પાળતા ન હોય તેવા સભ્યોને લગ્ન સહીતના કોઇ પણ પ્રસંગે સગા ભાઇને પણ આમંત્રણ આપવું નહી તેમજ સ્વીકારવું પણ નહી.

ઠરાવ નં.૧૧) આપણી જ્ઞાતિના બધા ગોત્રી પરિવારો હિન્દુ વૈદિક સનાતની વિચારધારાને માનતા થાય તે માટે બધા ગોત્રી પરિવારોના પ્રમુખશ્રીઓ તથા જવાબદાર સભ્યો સાથે એક ચિંતન બેઠકનું આયોજન કરી તેમાં ચર્ચા વિચારણા કરીને આખરી નિર્ણય લેવામાં આવશે.

ઉપરોકત લખ્યા મુજબ ૧૧ ઠરાવોનું જ્ઞાતિના દરેક ઝોનો તથા ઝોનોમાં આવતી દરેક સમાજોએ એકસરખા પાળવાના રહેશે જેથી ઝોનો તથા ઘટક સમાજોમાં નિતી નિયમો બાબતે એકવાતા જળવાઇ રહે.

ગંગારામભાઇ હિરાલાલ સાંખલા
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

૩૧.૦૭.૨૦૧૩ એક સમાચાર - જુઓ સતપંથના ભાઈઓ સનાતાનીઓને કેટલા હેરાન કરે છેઃ

વાત છે શ્રી નવાવાસ (રવાપર) લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજની. સૌ પ્રથમઆપણે તે સમાજના પ્રમુખશ્રી ગંગદાસભાઈ ખીમજી વાસાણી અને મહામંત્રી શ્રી બાબુભાઈ એલ વાસાણીએ સ્વયં લખેલ વિગતને જાણી લઈએ.

જય લક્ષ્મીનારાયણ સાથે જણાવવાનું કે અમારા ગામનવાવાસ (રવાપર) ગામની સ્થાપના થઇ ત્યારથી શ્રી પાટીદાર સમાજ નામથી ગામનો એક વહીવટ ચાલતો હતો. શુરુઆતથી જયોતિધામ હતું ત્યાર બાદ પચ્ચીસ વરસ પહેલાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિર બનાવીને ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરી. ત્યાર બાદ છેલ્લા ત્રણ વરસ પહેલાં સાંપ્રદાયિક ચળવળની શુરુઆત થતાં ગામની જનરલ સભા બોલાવી. એ સભામાં એવી સ્પષ્ટતા કરવામાં આવી કે અત્યાર સુધી આપણી એક જ સમાજ નવાવાસ પાટીદાર સમાજ નામે ચાલે છે. હવે આપણે લક્ષ્મીનારાયાણમાં શ્રધ્ધા ધરાવતા હોય તે સનાતની અને જયોતિધામને માનનારા સતપંથ સમાજ એવી બે સમજો બનાવીએ અને સમાજની જે વાડી છે અને સમાજની સ્થાવર તેમજ જંગમમિલકત હાલ પુરતી સહિયારી રાખીએ. આ રીતનું જનરલ સભામાં નક્કી થયું. શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ અને સતપંથ સમાજ બંને વિભાજીત થઇ. અને બંને ના વહીવટ જુદા કરી નાખ્યા. આજે એ બે વરસનો સમય થઇ ગયો.

અત્યારે સનાતન સમાજ વાળા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર રજત જયંતિ મહોત્સવ આવતા મહીને તા. ૧૭,૧૮,૧૯/૮/૨૦૧૩ ના ત્રણ દિવસનો ઉત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ ઉત્સવની બધી તૈયારી થઇ ગઈ છે ત્યારે સાત દિવસ પહેલાં સતપંથ વાળાએ જે સમાજવાડી સહિયારી છે. તે વાડી પોલીસ થાણામાં જાણ કરીને પોતાના તાળા લગાવી દીધેલ છે. અમોએ તે સમાજવાડી નો ઉત્સવમાં ઉપયોગ કરવાના હતા તેમજ એજ વાડી માં ગામનું અપના ઘરનું રસોડું ચાલે છે. તે રસોયાને સવારના પાંચ વાગે તે રસોયાને બહાર કાઢી તાળા મારી દીધેલ છે. અમારા સૌ સનાતની ભાઈઓની સંખ્યા બહાર વસે છે. જે જાણ થતાંઅમો સૌ દોડી ગયા ત્યાં તપાસ કરી પોલીસ સ્ટેસને ગયા. પોલીસ થાણા માં પી.એસ.આઈ. સાથે બેસીને તાળા ખોલવા માટે સમજુતી માટે ઘણી કોશિશ કરવામાં આવી પણ તે લોકો કોઈ હિસાબે તાળા ખોલવા તૈયાર નથી અને એક જ વાતને વળગી રહ્યા છે.વાડી જ્યોતિધામની મિલકત છે. અને તેની માલિકી અમારી છે. આવો દાવો કરે છે. આ રીતના આત્યારે અમારા ગામની પરિસ્થિતિ છે. તે પરિસ્થિતિને ધ્યાને લઈને અમારી આ સનાતન સમાજની મુશ્કેલી ધ્યાને લઈને આપ સર્વે સંસ્થાઓને વિનંતી કરીએ છીએ કે અમારા ઉપર આવી પડેલ મુશ્કેલીમાં આપશ્રીઓનો વધારેમાં વધારે સહકાર મળે એવી અપેક્ષા સહ આ ટપાલ દ્વારા જાણ કરીએ છીએ.

લી. શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ નવાવાસ (રવાપર) કચ્છ

પ્રમુખ શ્રી	મહામંત્રી શ્રી
(ગંગદાસભાઈ ખીમજી વાસાણી)	(બાબુભાઈ એલ. વાસાણી)

રવાપર નવાવાસ સનાતન સમાજે કેન્દ્રીય સમાજને લખેલ ટપાલ

જય લક્ષ્મીનારાયણ સાથે જણાવવાનુ કે અમારા ગામ નવાવાસ (રવાપર) ગામની સ્થાપના થઈ ત્યારથી શ્રી નવાવાસ પાટીદાર સમાજ નામથી ગામનો એક વહિવટ ચાલતો હતો. શરૂઆતથી જ્યોતિષ ધામ હતુ ત્યાર બાદ પચ્ચીસ વરસ પહેલા શ્રી લક્ષ્મી નારાયણ મંદિર બનાવીને ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા. કરી ત્યાર બાદ છેલ્લા ત્રણ વરસ પહેલા સાંપ્રદાયિક ચળવળની શરૂઆત થતા ગામની જનરલ સભા બોલાવી એ સભામાં એવી સ્પષ્ટતા કરવામા આવી કે અત્યાર સુધી આપણો એક જ સમાજ નવાવાસ પાટીદાર સમાજ નામે ચાલે છે. હવે આપણે લક્ષ્મીનારાયણમાં શ્રધ્ધા ધરાવતા હોય તે સનાતની અને જ્યોતિષધામને માનનારા સતપંથ સમાજ એવી બે સમાજો બનાવીએ અને સમાજની જે વાડી છે. અને સમાજની સ્થાવર તેમજ જંગમ મિલ્કત હાલ પુરતી સહીયારી રાખીએ. આ રીતનું જનરલ સભામાં નક્કી થયુ. શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ અને સતપંથ સમાજ બંને વિભાજીત થઈ અને બંનેના વહીવટ જુદો કરી નાખ્યો. આજે એ બે વરસનો સમય થઈ ગયો.

અત્યારે સનાતન સમાજવાળા ભગવાન લક્ષ્મીનારાયણ મંદિર રજત જયંતિ મહોત્સવ આવતા મહિને તા. ૧૭.૧૮.૧૯/૮/૨૦૧૩ ત્રણ દિવસનો ઉત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ. ઉત્સવની બધી તૈયારી થઈ ગઈ છે ત્યારે સાત દિવસ પહેલા સતપંથવાળાએ જે સમાજવાડી સહીયારી છે. તે વાડી પોલીસ થાણામાં જાણ કરીને પોતાના તાળા લગાવી દિધેલ છે. અમોએ જે સમાજ વાડીનો ઉત્સવમાં ઉપયોગ કરવાના હતા તેમજ એજ વાડીમાં ગામનું અપના ઘરનું રસોડું ચાલે છે. તે રસોયાને સવારના પાંચ વાગે રસોયાને બહાર કાઢીને તાળા મારી દીધેલ છે. અમો સૌ સનાતનની ભાઈઓની સંખ્યા બહાર વસે છે. જે જાણ થતાં અમો સૌ દોડી ગયા ત્યાં તપાસ કરી પોલીસ સ્ટેશને ગયા. પોલીસ થાણામાં પી.એસ.આઈ સાથે બેસીને તાળા ખોલવા માટે સમજુતી માટે ઘણી કોશીશ કરવામાં આવી પણ તે લોકો કોઈ હિસાબ તાળા ખોલવા તૈયાર નથી. અને એક જ વાતને વળગી રહયા છે. વાડી જ્યોતીષ ધામની મિલ્કત છે. અને તેની માલીકી અમારી છે. આવો દાવો કરે છે. આ રીતના અત્યારે અમારા ગામની પરિસ્થિતી છે. તે પરિસ્થિતી ધ્યાને લઈને અમારી આ સનાતન સમાજની મુશ્કેલી ધ્યાને લઈને આપ સર્વ સંસ્થાઓને વિનંતી કરીએ છીએ કે કે અમારા ઉપર આવી પડેલ મુશ્કેલીમાં આપશ્રીઓનો વધારેમાં વધારે સહકાર મળે એવી અપેક્ષા સહ આ ટપાલ દ્વારા જાણ કરીએ છીએ.

લી.

શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ
નવાવાસ (રવાપર) કચ્છ,

પ્રમુખશ્રી
[illegible signature]

મહામંત્રી શ્રી
[illegible signature]
[illegible]

નવાવાસ (રવાપર) ગામની સનાતન સમાજે આપણી કેન્દ્રીય સમાજને અને અન્ય બે ધાર્મિક સમાજોને ધાં નાખી છે. આપણી માતૃ સંસ્થાએ અને અન્ય બે ધાર્મિક સંસ્થાઓએ તે ગામને શું મદદ કરી કે કેવી રીતે મદદ કરી એમાં હું અત્યારે નથી જતો પણ મદદ કરવી તે સર્વે સંસ્થાઓની ફરજમાં આવે છે. જ્યારે તે ગામની સતપંથ સમાજને તો પીરાણા ની સંપૂર્ણ મદદ તૈયાર જ હશે.

અહી મને સહેજે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન ના મહામહિમએવા મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમ્મી) ની વાત સહેજે યાદ આવી જાય છે કે તમે સતપંથના ભાઈઓ અને સતપંથ સમાજ સામે જંગ તો જ જીતી શકશો જો તમે તે લોકો સાથે સામાજિક સંબંધો બંધ કરશો, દીકરી લેવા દેવાનું બંધ કરશો અને સહિયારી મિલકતો વસાવવાનું બંધ કરશો તો જ અન્યથા નહિ જીતી શકો..

સતપંથના દલાલો તેમજ અમુક લોકો જેઓને ઈતિહાસ ખબર નથી કે જેઓએ ઈતિહાસમાંથી પુરતી સીખ લીધી નથી તેવા લોકો વારે ઘડીએ કહેતા ફરતા હોય છે કે

૧. સમાજમાં આવા ધર્મ ના ઝગડા ન ખપે.
૨. સમાજ અને ધર્મ અલગ છે. એટલે સમાજમાં ગમે તે ધર્મ પાળતા હોય તે સમાજમાં આવી શકે છે.
૩. સમાજમાં આપણે બધા (સનાતન અને સતપંથ વાળા) ભેગા મળીને રહીએ છીએ તો શું વાંધો છે? પાણીમાં ધોક્કો હણો તો પાણી નોખું ન થાય.
૪. આપણે સતપંથ ના ભાઈઓને ભેગા રાખશું તો જતે દહાડે સુધરી જશે વગેરે વગેરે...

હવે આવી વાત કરવા વાળાને મને પૂછવું છે કે ભાઈ ધોક્કો હણો તો પાણી ભલે નોખું ન થાય પણ સતપંથ રૂપી પાણી સનાતન માં હોય તો પોતે તો ડોહળું હોય પણ સમાજના સનાતની લોકોને પણ ડોહળું કરે તેનું શું? સતપંથના ભાઈઓને કેટલા દિવસ ભેગા રાખવાના? એવું જ જો હોત તો આપણા સુધારક વડીલોએ સતપંથ સમાજનો ત્યાગ કર્યો ન હોત, તે સતપંથ સમાજમાં રહીને જ સતપંથ ના ભાઈઓને સુધાર્યા હોત. આવું તે વડીલોએ ન કર્યું કારણ કે તે વખતે પરિસ્થિતિ એવી હતી કે જો તેઓ સતપંથ સમાજમાં હજુ વધુ વખત રહ્યા હોત તો તેઓની ઓળખ પણ એક મુમના મુસલમાન તરીકેની થઈ ગઈ હોત. તેથી તો તેઓએ સતપંથ ધર્મ, સતપંથ ના લોકો અને સતપંથ સમાજ સાથે છેડો ફાડ્યો હતો. તે વખતે તેઓએ સતપંથ સમાજની મિલકતમાં થી એક પૈસાની પણ આશ નોહતી રાખી. જ્ઞાતિમાં સુધારાના પ્રવાહને આજે ૨૦૦ વરસ થવા આવ્યાં. છેક કેસરા પરમેશ્વરાના સમયથી લઈને લગભગ ૧૦૦ વરસ પછી આધ સુધારક નારાયણ રામજી લીબાણી થી લઈને વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીએ જ્ઞાતિ સુધારા નો પવન ફૂંક્યો તેમછતાં આજ દિવસ સુધી તેઓ સુધર્યા નહિ હવે ક્યારે સુધારવાના છે? ઉલટાનું હવે તેઓ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં હજી વધુ સમય માટે રહેશે તો સનાતનીઓને પણ સતપંથ માં જતા કરી નાખશે તે ચોક્કસ વાત છે.

જુઓ માંડવી હોસ્ટેલનું શું થયું? સતપંથીઓને ભેગા રાખવાથી આજે શું પરિણામઆવ્યું છે? આ સતપંથી ભાઈઓએ આપણાજ સનાતની ભાઈઓને હાથા બનાવીને આજે કેન્દ્રીય સમાજની મિલકત હડપ કરી ગયા છે. આપણે કશું જ કરી શકતા નથી. માંડવી હોસ્ટેલના સતપંથ સમાજના માજી પ્રમુખ રતનશી લાલજી વેલાણીને આપણે કેન્દ્રીય સમાજમાં ભેગા રાખ્યા. શું થયું? આજે તેઓ કેન્દ્રીય સમાજ વિરુધ્ધ સરકારી અફસરોને મળતા કેટલીએ વખત જોવામાં આવેલ છે. તાજેતરમાં ઉપર જણાવેલ નવાવાસ (રવાપર) ની એક નવી ઘટના સામે આવી છે. જેમાં એજ વાત છે કે સતપંથના ભાઈઓને ભેગા રાખવાથી ભવિષ્યમાં કેવાં ભયંકર પરિણામો નો આપણને (સનાતની ભાઈઓને) સામનો કરવો પડે છે.

ઉપર જણાવેલ નવાવાસ (રવાપર) ગામમાં સનાતન સમાજ અને સતપંથ સમાજ જ્યારે અલગ થઈ ત્યારે સનાતન સમાજની ભૂલ થઇ કે તેઓએ સતપંથ સમાજ વાળા લોકો ઉપર વિશ્વાસ રાખીને તે ગામમાં સમાજવાડી ની જે સહિયારી મિલકત હતી તે મિલકતના ભાગલા કર્યા નહિ. કારણ એજ કે અમુક માણસોની સુફિયાણી વાતો સાંભળીને ગામનો સંપ તુટવો ન જોઈએ એટલે તે મિલકત સહિયારી રાખી. પણ આજે શું થયું? તે સતપંથ ના ચાર ગોગડાઓએ આજે બળજબરી થી સહિયારી મિલકત (સમાજવાડી) ઉપર સંપૂર્ણ કબજો જમાવી દીધો છે. અંદર રહેતા અપના ઘરના માણસોને સવારના ૫ વાગે બહાર કાઢીને એ સમાજ વાડી પર પોતાના તાળા લગાડી દીધા અને ઉપરથી સનાતનીઓ દ્વારા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનો રજત જયંતી મહોત્સવનો જે કાર્યક્રમથવાનો હતો તેના વિરુધ્ધ પોલીસ થાણામાં જઈને પોલીસ ફરિયાદ નોંધાવી દીધી. પોલીસ ખાતું તો આવી જ વાતની રાહ જોઇને બેઠું હોય છે. આ સતપંથ ના ભાઈઓ દયા ખાવા જેવા માણસો નથી. વિશ્વાસઘાત કરે એવા માણસો છે.

સનાતનીઓ અને સતપંથીઓની એક જ સમાજ (સહિયારિ સમાજ) હોવી જોઈએ એવી સુફિયાણી વાતો કરવા વાળાઓ કેમ નથી જોતા કે સમાજમાં બે ધર્મના લોકો હોય, તે સમાજમાં ઝગડાઓ થવાના જ અને તે સ્વાભાવિક છે. આ ઘટનાએ સાબિત કરી દીધું કે એક જ સમાજમાં બે ધર્મ ન ચાલે અને બે ધર્મ કોઈ પણ સમાજમાં હોય જ નહિ. હા, કદાચ એક જ ધર્મ હેઠળ આવતા સંપ્રદાયો જુદા હોઈ શકે પણ ધર્મ તો એક જ હોવો જોઈએ. નવાવાસ ગામના આ કાંડે સતપંથ ના ભાઈઓની તરફેણ કરનાર ઉદારમતવાદી લોકોને ઉઘાડા પાડી દીધા છે. અને એ સાબિત કરી દીધું છે કે આપણી સમાજના સુધારક વડીલો તેમજ સ્થાપક વડીલો જેવા કે નારાયણ રામજી લીંબાણી, રતનશી ખીમજી ખેતાણી વગેરે જે હતા તેમના વિચારો કેટલા સાચા હતા. સનાતન સમાજનો સતપંથીઓ સાથે કોઈ પણ સંબંધ હશે તો સતપંથીઓ દ્વારા તાકિયા વપરાશે અને દગો કરવામાં આવશે. આ વાત વારે ઘડીએ પુરવાર થઈ રહી છે. તે માટે આપણે સનાતનીઓએ આજે જ પ્રણ લેવા જેવું છે કે આ સતપંથના ભાઈઓ જોડે સામાજિક સબંધો ન બાંધવા જોઈએ, દીકરીઓની લેતી દેતી બંધ કરવી જોઈએ અને સહિયારી મિલકતો ન વસાવવી જોઈએ. તોજ આ પીરાણા પંથીઓ સામે જંગ જીતી શકીશું અન્યથા નહિ જીતી શકીએ. જ્યારે નવાવાસ જેવા ઝગડાઓ સતપંથના ભાઈઓ સાથે થાય છે ત્યારે ભોગવવાનું સનાતની ભાઈઓને જ આવે છે કારણ કે જતું કરવું આપણા લોહીમાં વણાઈ ગયું છે જ્યારે સતપંથના ભાઈઓનો હાથ હમેશાં ઉપર રહે છે કારણ કે તેઓ મુસલમાન ની જેમકોઈ દિવસ વાતને જતી કરતા નથી, માંડવાળ કરતા નથી. ઉપરના નવાવાસ ગામના દાખલામાં મારી તે ગામની સનાતની સમાજના મહામંત્રી શ્રી બાબુભાઈ લખમશી વાસાણી, જોરાવરનગર વાળા જોડે કોરોના મહામારીના લોક ડાઉનના સમયમાં આ સંસ્મરણો લખી રહ્યો છું ત્યારે વાત થઇ તો તેમણે મને જણાવ્યું કે હજી સુધી તે સહીયારી મિલકતનો કોઈ જ ઉકેલ આવ્યો નથી અને હવે અમે પણ એ માથાકૂટ મૂકી દીધી છે અને અત્યારે તે મિલકત સતપંથના ભાઈઓના તાબામાં છે અને તેઓ જ એનો ભોગવટો કરે છે. આવી રીતે સનાતનીઓ જતું કરશે અને તેઓ જતું કરવામાં માને છે જ્યારે સતપંથના ભાઈઓ કોઈ દિવસ જતું કરશે નહી. આવા તેમન અકડ વલણ ને લીધે જ જ્યારે જ્યારે કેન્દ્રીય સમાજે સતપંથ-સનાતન મુદ્દે સમાધાનો કર્યા છે ત્યારે ત્યારે ભોગવવાનું તો સનાતની ભાઈઓને જ આવ્યું છે. સનાતની ભાઈઓને ભોગે સમાધાનો થયાં છે અને સમાજના સનાતની ભાઈઓને શરણાગતિ સ્વીકારવાની ફરજો પાડવામાં આવી છે તેનો ઈતિહાસ ગવાહ છે.

૨૫.૦૩.૨૦૧૬ શ્રી સમસ્ત બેંગલોર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, બેંગલોર

આપણી કેન્દ્રીય સમાજ અને તેની અંતર્ગત આવતી તમામઝોનો અને ઘટક સમાજો માંયની આપણી શ્રી દક્ષીણ કર્ણાટક લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (દક્ષીણ કર્નાટક ઝોન) અને તેની ૧૮ ઘટક સમાજોમાં ની બેંગલોર ની આઠ સમાજોની સતપંથ-સનાતન ના મુદ્દા ને લઈને ઘટક સમાજોમાં કાયદા-કાનુન પાળવામાં એક્વાયતા જળવાય તે હેતુથી સમસ્ત બેંગલોરની

આઠે સમાજોના ૨૬ ધુરીણોની એક સભા તા.૨૫.૦૩.૨૦૧૬ ના ઉમિયા ભવન મધ્યે સવારના ૯.૩૦ કલાકે રાખવામાં આવી હતી. તે સભામાં આપણી શ્રી દક્ષીણ કર્ણાટક ઝોને આ પહેલાં તા. ૨૨.૩.૨૦૧૦ અને ત્યાર પછી સમય-સમયાંતરે જે ઠરાવો પાસ કર્યા હતા તેમજ કેન્દ્રીય સમાજે તા. ૨૧.૭.૨૦૧૩ ના પાસ કરેલ ૧૧ ઠરાવોને ધ્યાનમાં રાખતા તેનું બેંગલોરની આઠે સમાજોમાં સજ્જડતાથી પાલન થાય તે હેતુથી ખુલ્લા દિલે વિસ્તૃત ચર્ચા કરવામાં આવ્યા પછી, નીચે જણાવેલ અમુક ઠરાવો બહુમતીથી અને અમુક ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા તે બેંગલોરની આઠે સમાજોએ ચુસ્તતા થી પાલન કરવાના રહેશે.

ઠરાવો

૧. આ પહેલાં શ્રી દક્ષીણ કર્ણાટક સમાજ ઝોને અને કેન્દ્રિય સમાજે સતપંથ બાબતે જે ઠરાવો પાસ કર્યા છે તેનું દક્ષીણ કર્ણાટક ઝોન અંતર્ગત આવતી બેંગલોરની આઠે સમાજોએ ચુસ્તતા થી પાલન કરવું અને કરાવવાનું રહેશે.

૨. સમસ્ત બેંગલોરની આઠે ઘટક સમાજો સનાતની ઓળખ ધરાવતી સમાજો છે તેથી આપણી સમાજ વાડીઓમાં તેમજ સમાજો દ્વારા યોજાતા તમામસામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં સતપંથી ભાઈઓ-બહેનોને આવવાનું નિષેધ ફરમાવવામાં આવે છે. તેથી કોઈએ સતપંથીઓ ને આમંત્રણ આપવું નહી અને તેમનું આમંત્રણ સ્વીકારવું પણ નહિ. દાખલા તરીકે સમાજવાડીમાં યોજાતા કોઈ પણ લગ્ન પ્રસંગમાં જાનમાં અથવા તો મામેરામાં સતપંથી ભાઈઓનો પ્રવેશ નિષેધ ફરમાવવામાં આવે છે

૩. કેન્દ્રીય સમાજે તા.૨૧.૦૭.૨૦૧૩ ના પાસ કરેલ ઠરાવો પૈકી ઠરાવ ક્રમાંક ૯ બાબતે અત્રે ખુલાશો એ કરવામાં આવે છે કે જુના સબંધોમાં આપણી દીકરી સતપંથ લોકોમાં અપાઈ ગઈ હોય તો ભાણેજના લગ્નમાં સગા ભાઈ, કાકાઈભાઈ અને ડાડાઈ ભાઈ સહીત પોતાની વિવેક બુધ્ધિથી સીમિત સંખ્યામાં મામેરામાં અથવા તો અન્ય પ્રસંગોમાં જવાનું રહેશે. પણ જ્યારે જુના સબંધોમાં સતપંથીની દીકરી આપણે (સનાતાનીઓએ) લીધી હોય અને સતપથીઓના ભાણેજના એટલે કે આપણા દીકરા-દીકરીના લગ્ન વખતે સતપંથી ભાઈઓ આપણે ત્યાં મામેરું લઈ આવતા હોય ત્યારે તે મામેરું ઘરમેળે પતાવવાનું રહેશે. સમાજવાડીમાં તે મામેરું ભરી શકાશે નહિ.

ખુલાશોઃ

૧. જ્યારે સનાતનીઓની દીકરીના (સત્પંથની ભાણેજીના) લગ્ન વખતે ફક્ત એક મામા અને મામી ફેરો ફરાવવા માટે આપણી સમાજવાડીમાં આવી શકશે અન્યથા તેઓનો પ્રવેશ સમાજવાડીમાં નિષેધ ફરમાવવામાં આવે છે. દીકરાના લગ્નમાં સતપંથી મામેરા વાળાને સમાજવાડીમાં બોલાવવા નહી.

૨. ઉપરોક્ત જણાવેલ મામેરું જ્યારે આપણા સનાતની ભાઈઓ દ્વારા ઘરમેળે (સમાજવાડીમાં નહિ) ભરાતું હશે ત્યારે તે સમાજના કોઈ પણ સનાતની ભાઈઓએ ત્યાં જવાનું રહેશે નહિ. પણ તેના પરિવારના નીકટના સભ્યો ત્યાં જઈ શકશે.

૪. પીરાણા સતપંથ અથવા તો તેમાં આસ્થા ધરાવતા ભાઈઓ દ્વારા યોજાતા કોઈ પણ ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમોમાં સમસ્ત બેંગલોરની આઠે સમાજોના સભ્યો ભાગ લઈ શકશે નહી.

ખુલાશોઃ જુના સંબધોમાં સતપંથીના સનાતની જમાઈ અને દીકરીને આમંત્રણ હશે તો તેઓ જ માત્ર પોતાની વિવેક બુધ્ધિ થી ત્યાં જઈ શકશે. અન્ય કોઈએ ત્યાં જવાનું રહેશે નહિ. આ અત્રેથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૫. સમસ્ત બેંગલોરની આઠે ઘટક સમાજો પૈકી કોઈ પણ સમાજના સભ્યની વર્તણુક સતપંથ બાબતે શંકાશીલ અને દૂધ-દહીં વાળા જેવી હશે તો તેવા સભ્યોને તે સમાજમાં ઉઘાડા પાડવા અત્યંત જરૂરી છે અને તેની જવાબદારી જે તે સમાજની રહેશે.

૬. ઉપરોક્ત ઠરાવો સમસ્ત બેંગલોરની આઠે સમાજોએ ત્વરિત લાગુ પાડવાના રહેશે અને તેની જાણ દરેક સમાજના દરેક સભ્યને કરવાની જવાબદારી દરેક સમાજોના હોદ્દેદારોની રહેશે.

૭. ઉપરોક્ત બેંગલોરની આઠે સમાજોની સભામાં એક કૃષ્ણરાજપુરમસમાજની કોઈ પણ વ્યક્તિ હાજર ન હતી તેનું કારણ શોધવું જરૂરી છે અને અત્યારે પાસ કરેલ ઠરાવો તે ગેરહાજર સમાજને પણ બંધન કર્તા રહેશે.

બાંહેધરી

આથી સમસ્ત બેંગલોરની તમામ ૮ ઘટક સમાજો ના પ્રમુખ – મંત્રીઓ એ અહી નીચે મુજબ સહીઓ કરીને એ બાંહેધરી આપે છે કે ઉપરોક્ત ૭ ઠરાવો અને તા. ૨૧.૦૭.૨૦૧૩ ના કેન્દ્રિય સમાજે પસાર કરેલ ૧૧ ઠરાવોનું ચુસ્તતાથી પાલન કરશું અને આઠે સમાજોમાં પાલન કરાવશું.

૧. શ્રી પાટીદાર પરિવાર સમાજ, મૈસુર રોડ, બેંગલોર
   પ્રમુખ મંત્રી

૨. શ્રી લાલબાગ પાટીદાર સનાતન સમાજ, લાલબાગ બેંગલોર
   પ્રમુખ મંત્રી

૩. શ્રી બેંગલોર પાટીદાર સમાજ, પીન્યા, બેંગલોર
   પ્રમુખ મંત્રી

૪. શ્રી ઉમિયા પાટીદાર સનાતન સમાજ, ઇન્દીરાનગર, બેંગલોર
   પ્રમુખ મંત્રી

૫. શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ, નૈલમાંન્ગલા, બેંગલોર
   પ્રમુખ મંત્રી

૬. શ્રી યેલ્હંકા પાટીદાર સનાતન સમાજ, યેલ્હંકા બેંગલોર
   પ્રમુખ મંત્રી

૭. શ્રી દેવનહલ્લી પાટીદાર સનાતન સમાજ, દેવનહલ્લી, બેંગલોર
   પ્રમુખ મંત્રી

૮. કૃષ્ણરાજપુરમપાટીદાર સનાતન સમાજ, KR પુરમ, બેંગલોર
   પ્રમુખ મંત્રી

નોંધઃ ઉપરોક્ત ઠરાવો પસાર થયા પછી દરેક સમાજોએ બાંહેધરી આપીને આ ઠરાવો ઉપર સહીઓ કરી હતી પણ એક માત્ર સમાજ ''બેંગલોર પાટીદાર સમાજ'' પીન્યાએ આ ઠરાવ ઉપર સહી નોહતી કરી. પણ તેનાથી કોઈ ફરક પડ્યો નોહતો. કારણ કે અન્ય બધીએ સમાજોએ ઉપરોક્ત ઠરાવોને મંજુરી આપી હતી.

તા. ૯.૧૧.૨૦૧૧ કચ્છના માંડવી તાલુકાના સનાતની ભાઇઓએ લીધેલ કડક નિર્ણય

તા. ૯.૧૧.૨૦૧૧ ના માંડવી હોસ્ટેલ ખાતે સનાતની ભાઈઓની એક આમસભા બોલાવવામાં આવી હતી. લોકોનો પ્રચંડ ઉત્સાહ અને લગભગ ૪૦૦૦ બાઈ-બહેનો અને યુવાનોની હાજરી પુરવાર કરતી હતી કે સતપંથના ભાઈઓ જોડે હવે આપણને કોઈ સંબંધો રાખવા નથી. માંડવી હોસ્ટેલમાં લોકોને બેસવાની જગ્યા ઓછી પડી હતી. લોકોની બસ એકજ માગણી કે હવે આપણને સતપંથી લોકો ન જોઈએ. સમૂહ લગ્નમાં પણ નહિ અને અન્ય સામાજિક કે કૌટુંબિક પ્રોગ્રામોમાં પણ નહિ.

લોકોની માગણીઓને માન આપી આમસભામાં સર્વાનુમતે નીચેના ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા.

ઠરાવ નં ૧.

આજ થી આપણે એક નવી સનાતની સમૂહ લગ્ન સમિતીનું ગઠબંધન થયું ગણાશે અને તેનું નામશ્રી કંઠી વિભાગ લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, માંડવી કચ્છ, સમૂહ લગ્ન આયોજન સમિતી રાખવામાં આવ્યું છે.

ઠરાવ નં.૨

આ અગાઉ ચાલતી સમૂહ લગ્ન સમિતીમાં સનાતની અને સતપંથ ના ભાઈઓ ભેગા હતા તેમાંથી સનાતની ભાઈઓ કાયમને માટે નીકળી જવાનું છે, અને નીકળી ગયા છે એવો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો.

ઠરાવ નં.૩

આ નવી ગઠબંધન કરેલી સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ તરીકે સર્વાંનું મતે શ્રી કેશવભાઈ લીબાણી મૂળ દુર્ગાપુર નવા વાસ, હાલે મુલુંડ (મુબઈ) ને બનાવવામાં આવ્યા છે.

ઠરાવ નં. ૪

હવે પછી માંડવી હોસ્ટેલમાં જે સમૂહ લગ્ન યોજાશે તે ફક્ત અને ફક્ત સનાતની લોકોના દીકરા દીકરીઓના જ યોજાશે. અને સૌ સનાતની ભાઈઓને તેમની દીકરા દીકરીઓના લગ્ન આ નવી રચાયેલી સમૂહ લગ્ન સમિતી ના નેજા હેઠળ જ ભાગ લઈ શકશે.

આગામી ત્રણ વર્ષ માટે દાતાઓ, નાનાથી મોટો બધા ખાતા બુક થઈ ગયા. ત્રણ વર્ષ માટે સૌજન્ય દાતાની નવી સ્કીમ બનાવી, જેમાં સૌજન્ય દાતાનું નામ ત્રણ વર્ષ માટે વાપરવામાં આવશે. આ સૌજન્ય દાતાની જગ્યા માટે પણ દાતા મળી ગયા. આ વર્ષના લગ્ન માટે લોકોએ રોકડામાં કન્યાદાન તરીકે લાખોના દાન પણ આપ્યા છે. હજી તો સમિતિ બની તેનો પહેલો દિવસ જ છે. સમૂહ લગ્નને તો હજી ઘણી વાર છે, તો પણ લોકોએ પોતાની ખુશીથી જે દાન આપ્યું છે, તેના દ્વારા તેઓએ સનાતન ધર્મ માટે એક મોટો સંદેશ આપ્યો છે. તેમની લાગણી વ્યક્ત કરી છે.

કચ્છ કડવા પાટીદારોના કંઠી વિસ્તારના ભાઈઓએ ખરે ખર એક ઈતિહાસ રચ્યો છે. જે લોકો માંડવી તાલુકાને સનાતન ધર્મને મુદ્દે કંઈ જ કરતા નથી એમ કહેનાર લોકોને મુંહતોડ જવાબ આપ્યો છે. ત્યાંના દહી-દૂધમાં પગ રાખવા વાળા માણસોને પણ પાઠ શીખવાડ્યો છે. કચ્છના હવે ત્રણેય પાંચાડામાં સનાતની લોકોમાં જાગૃતિ રંગ લાવી છે.

માંડવી તાલુકાના અમુક તત્વો એમકહેતા હતા કે સનાતન ધર્મ જાગૃતિ વાળા માંડવી તાલુકામાં આવીને ધર્મ જાગૃતિનું કામકરી બતાવે તો ખરા? એવા લોકો આજે મુહ છુપાવીને ફરતા થઇ ગયા છે. નવી સનાતની સમૂહ લગ્ન સમિતિના નવા વરાયેલા પ્રમુખ અને તેમની ટીમને સનાતન ધર્મ જાગૃતિ વાળી ટીમસત સત નમન કરીને અભિનંદન અને ધન્યવાદ પાઠવે છે. આ સભામાં સમાજના ગણમાન્ય વ્યક્તિઓ જેવા કે હંસરાજ ભાઈ ધોળુ, જેઠાલાલ ચોપડા, નારાયણ ભાઈ રામજી પોકાર, શામજી નારણ અને નવીનભાઈ લીબાણી વગેરે હાજર રહ્યા હતાં.

તા.૧૮.૧૧.૨૦૧૧ ના દૈનિક કચ્છ મિત્ર માં છપાએલ સમાચાર:

અત્યારે હું જ્યારે તા. ૨૨.૦૫.૨૦૨૦ ના (કોરોના વાયરસના લોકડાઉનના સમયમાં) આ પુસ્તક લખી રહ્યો છું ત્યારે તા. ૧૮.૧૧.૨૦૧૧ ના કચ્છ મિત્ર દૈનિક પેપરમાં છપાયેલ એક સમાચારને અક્ષરશ છાપતાં ગર્વ અનુભવું છું.

માંડવી તા. ૧૮ નવેમ્બર ૨૦૧૧: અહી કંઠી વિસ્તાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ આયોજન સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં આગામી સમૂહ લગ્ન બાબતે વિચારણા કરાઈ હતી અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજને સર્વોચ્ચ શિખરે લઈ જવાની નેમવ્યક્ત કરાઈ હતી.

૨૦ ગામના પ્રતિનિધિઓની કંઠી વિભાગની બેઠક રાયણ (મોટી) સનાતન સમાજવાડી ખાતે સવારમાં મળ્યા બાદ બપોરે લખુભાઈ વીરજી ધોળુ કુમાર છાત્રાલય ખાતે સામાન્ય સભાનું આયોજન નારાયણ ભાઈ રામજી પોકારના અધ્યક્ષ સ્થાને કરાયું હતું. જેમાં સ્વાગત ભવાનજીભાઈ રામાણીએ કર્યું હતું. કેશવલાલ લીંબાણીએ સનાતન વિચાર ધારાને આગળ લઈ જઈ સર્વોચ્ચ શિખર સુધી પહોંચાડવાની નેમવ્યક્ત કરી હતી.

સમૂહ લગ્ન આયોજન સમિતિના અધ્યક્ષ પદે કેશવલાલ લીંબાણી, ઉપ પ્રમુખ મણીલાલ ભગત મોહનભાઈ રામજીયાણી, કાંતિલાલધોળુ, મહામંત્રી હેમચંદ છાભૈયા, સહમંત્રી હેમચંદ વાસાણી, નરશીભાઈ ચોપડા, અરવિંદ ભાઈ ધોળુ, ખજાનચી શાંતિલાલ ચૌધરી, સહખજાનચી ભવાનજી સેંઘાણી, હિરાલાલ ધોળુ તેમજ સલાહકાર સમિતિમાં ૧૨ સભ્યોની નિયુક્તિને આવકાર્યા હતા.

તા. ૨૫.૧૨.૨૦૧૨ જ્ઞાતિજનોના મનમાં માંડવી હોસ્ટેલ તેમજ નિર્માણ સમિતિના સંદર્ભમાં મુંજવતા પ્રશ્નો અને તેના જવાબો

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) માં કેન્દ્રીય સમાજ અને તેના સનાતન ધર્મ બાબતે ઈ.સ. ૨૦૧૦ ના જાગૃતિ અભિયાન થકી સમાજમાં અનેક સુધારા વધારા થઇ રહ્યા હતા. સમાજની અંતર્ગત આવતી ૨૯ ઝોન સમાજો અને ઝોન સમાજોની અંતર્ગત આવતી તમામ ઘટક સમાજોમાં સતપંથ સનાતન બાબતે અનેક ખુલાશાઓ અને સમાજના સનાતન ધર્મ બાબતે અનેક ઠરાવો પસાર થઇ રહ્યા હતા. કહેવાય છે કે આવા સકારાત્મક સુધારાઓ કરવામાં અનેક વિઘ્નો આવતા હોય છે. કેન્દ્રીય સમાજમાં વરસો સુધી ઘર કરી ગયેલાં સતપંથ તરફી પરિબળો યેન કેન પ્રકારેણ આવું થવા દેવા ઈચ્છતા નહોતા. અરે, કેન્દ્રીય સમાજે પોતાની સનાતની સમાજ તરીકેની ઓળખ કાયમકરવા હેતુ એક શ્વેતપત્ર પણ તા.૨૫.૦૩.૨૦૧૦ ના બહાર પાડ્યું હતું. તે શ્વેત્પત્રને પણ ઘોળીને પી જવા માટે સતપંથીઓ અને કેન્દ્રીય સમાજના કહેવાતા સનાતનીઓ (સતપંથના દલાલો અને મવાળ વાદીઓ) અનેક વિઘ્નો ઉભાં કરી રહ્યા હતા. તેમાંનું એક વિઘ્ન એટલે માંડવી હોસ્ટેલની મિલકતોનું ગેરકાયદેસર વિશ્વાસઘાતી હસ્તાંતરણ. આવા વિઘ્નો નાખીને આ મવાળવાદીઓ કે જેઓને હું સતપંથના દલાલો કહું છું તેઓ કેન્દ્રીય સમાજને યેન કેન પ્રકારેણ (ગમે તેમકરીને) હેરાન પરેશાન કરી મુકવાની ઘટિયા પ્રકારની વિવિધ ચાલો રમી રહ્યા હતા. પ્રભુ તેવા લોકોને કોઈ દિવસ માફ નહિ કરે, એ ચોક્કસ વાત છે. કેન્દ્રીય સમાજની મિલકતોને ગેરકાયદેસર ઉપાચત કરી જવી એ એક અક્ષમ્ય સામાજિક અને કાયદાકીય ગુન્હો છે. કદાચ કાયદાકીય ગુન્હામાં તેઓ પાર પડી જશે, પણ જતે દહાડે ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમીયાના દરબારમાં આ ગુન્હાની સજા તેઓને જરૂર ભોગવવી પડશે.

શ્રી સમાજના અનેક લોકોને થતું હશે કે આ ઘટના કેન્દ્રીય સમાજની ઢીલી અને બેદરકારી ભરી નીતિઓ થકી થઈ હશે પણ મારા મત મુજબ આવી ઘટનાઓ લોકોમાં અતિ ઘણો વિશ્વાસ મુકવાથી થઈ રહેલ છે. આપણા વડીલોના વખતમાં લોકો ઉપર વિશ્વાસ રાખવો પાલવતો હતો, સાચા ખોટાની અને સમાજની બીક હતી. પણ આત્યારના સમયમાં અતિ વિશ્વાસ રાખવાથી લોકો ક્યારે વિશ્વાસઘાત કરશે તે કહી શકાતું નથી. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા સમાજની (કેન્દ્રીય સમાજની) માલિકીની માંડવી હોસ્ટેલની મિલકતો કેવી રીતે ઉપાચત થઇ તે બાબતે કેન્દ્રીય સમાજે સુજ્ઞ સમાજ જનો માટે એક પરિપત્ર તૈયાર કરીને

લોકોની ગેરસમજણો દુર કરવા હેતુ તા.૨૫.૧૨.૨૦૧૨ ના સમાજના પ્રમુખ શ્રી ગંગારામહિરાલાલ સાંખલા દ્વારા એક પરીપત્ર બહાર પાડવામાં આવ્યું છે. તે પરીપત્ર નીચે પ્રમાણેનું હતું.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલયઃ પાટીદાર વિદ્યાર્થી ભવન
નખત્રાણા કચ્છ પીન ૩૭૦ ૬૧૫.

તા. ૨૫.૧૨.૨૦૧૨
સુજ્ઞ સમાજ જનો,

હાલમાં એક ખુબજ ગંભીર પ્રશ્ન માંડવી હોસ્ટેલ બારામાં ઉભો થયો છે, અને ચર્ચાના ચકડોળે ચડ્યો છે. આવી ચર્ચાઓ દરમ્યાન અમુક વિઘ્નસંતોષીઓ દ્વારા, પોતાના અંગત સ્વાર્થ ખાતર કેન્દ્રીય સમાજના વિરુધ્ધમાં સમાજના સંઘઠન અને વિચારધારાને તોડવા તેમજ કમજોર બનાવવાના આશયથી, તદ્દન જુઠ્ઠાણાના આધારે લોકોને ભરમાવીને ગુન્હાહિત કૃત્ય કરી રહ્યા છે. અને જેઓ ગુનાહિત કૃત્યમાં સંડોવાયેલા છે, તેઓનો પાયાવિહોણો બચાવ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. આ અંગે સમાજના લોકો તરફથી મને તેમજ મારા સહયોગી હોદ્દેદારોને રૂબરૂ તેમજ ફોન દ્વારા જાણકારી મેળવવાના આશયથી ગણા બધા પ્રશ્નો પૂછવામાં આવે છે. તેથી એમલાગે છે કે આવા મુખ્ય પ્રશ્નો અને તેના જવાબોની ટૂંકમાં પણ સત્ય હકીકતથી લોકોને વાકેફ કરવા જરૂરી જણાય છે અને જે મારી ફરજમાં આવે છે. માટે

માંડવી હોસ્ટેલ તેમજ નિર્માણ સમીતીના સંદર્ભમાં, જ્ઞાતિ જનોના મનમાં મુજવતા પ્રશ્નો અને તેના જવાબો

૧. માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિનું સર્જન કેવી રીતે, ક્યારે અને કોણે કર્યું?
જવાબઃ માંડવી વિસ્તારના અગ્રણીઓ દ્વારા હોસ્ટેલ નિર્માણ કરવા અંગે ચર્ચાઓ કરીને એક કારોબારી સમિતિનું ગઠન કરી અને કેન્દ્રિય સમાજ પાસે મંજૂરી મેળવવા ઓગસ્ટ ૧૯૯૧માં રજૂઆત કરેલ. જેને કેન્દ્રિય સમાજની સામાન્ય સભામાં ચર્ચા વિચારણા કરીને મંજૂરી આપવામાં આવેલ. જેનું નામ**"શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુક્ત શ્રી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ"** (**"નિર્માણ સમિતિ"**) એમઆપવામાં આવેલ (આ બાબત અંગેના પુરાવા તરીકે ઠરાવની પ્રત તેમજ નામોલ્લેખ સાથે રસીદની પ્રત બિડાણ ક્ર. ૧ અને ૨ જોડેલ છે.)

૨. નિર્માણ સમિતિને શું અધિકારા આપવામાં આવ્યા?
જવાબઃ કેન્દ્રિય સમાજે કરેલ ઠરાવ (જે બિડાણ ક્ર. ૧ પ્રમાણે) મુજબ, નિર્માણ સમિતિને હોસ્ટેલનું નિર્માણ કરવા, વહીવટ અને સંચાલન કરવા તેમજ નવી મિલકતો ખરીદી કરવાના અધિકારો આપવામાં આવેલ છે. (ખાસ નોંધઃ નિર્માણ સમિતિને કોઈ પણ મિલકત વહેચવાનો કે કોઈ પણ પ્રકારે તબદીલ [Transfer] કરવાનો અધિકાર આપવામાં આવેલ નથી)

૩. કેન્દ્રિય સમાજની દ્વારા માન્યતા મેળવ્યા બાદ નિર્માણ સમિતિએ પહેલું કામશું કર્યું?
જવાબઃ કેન્દ્રિય સમાજની માંડવી મધ્યે આવે સમાજવાડી વાળી જમીન પર જુના રહેણાંક ઘર પાડીને નવી હોસ્ટેલની ઈમારત ઉભી કરેલ. જેના માટે કેન્દ્રિય સમાજે આપેલ મંજૂરી મુજબ જ્ઞાતિ જનો પાસેથી ફાળો મેળવવીને બાંધકામકાર્ય પૂર્ણ કરેલ. કેન્દ્રિય સમાજે પરવાનગી આપ્યા મુજબ શ્રી નાનજી વીરજી ધોળું વિદ્યાર્થી છાત્રાલય (હાલે કન્યા છાત્રાલય ચાલે છે) તરીકે નામકરણ કારમાં આવ્યું. જેના માટે માતબર રકમનો ફાળો તેમના પરિવાર તરફથી મળેલ. સફળતા પૂર્વક નિર્માણ કાર્ય પૂર્ણ

થયા બાદ, સમિતિ પાસે સારી એવી રકમની બચત પણ થયેલ.

૪. હાલની માંડવીની કુમાર છાત્રાલયવાળી જમીનની ખરીદી કોણે કરી? કેવી રીતે અને ક્યારે થઈ?

જવાબઃ ઉપર મુજબ પ્રથમહોસ્ટેલના નિર્માણ કાર્ય બાદ, બચત થયેલ ફાળાની રકમમાંથી નવી જમીન, ભવિષ્યની જરુરીઆતને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થી હોસ્ટેલ (કુમાર છાત્રાલય) બનાવવા માટે કેન્દ્રિય સમાજના સહકારથી, કેન્દ્રિય સમાજ વતી, કેન્દ્રિય સમાજ દ્વારા કરેલ ઠરાવ અને આપેલ અધિકારની રૂએ, તે વખતના ''નિર્માણ સમિતિના'' પ્રમુખ અને મહા મંત્રીશ્રીએ ૧૯૯૪માં ખરીદી કરેલ.

૫. ઉપરોક્ત નવી જમીનની ખરીદી કર્યા બાદ, આજની કુમાર છાત્રાલયનું નિર્માણ કાર્ય ક્યારે શરુ કરવામાં આવ્યું અને ક્યારે પૂર્ણ થયું?

જવાબઃ ૧૯૯૪ની સાલમાં જમીન ખરીદી કર્યા બાદ, નવી હોસ્ટેલના બાંધકામઅંગે, નિર્માણ સમિતિમાં વિચારભેદ હોતા, સમય પસાર થતો ગયો અને અંતે તા.૨૪-૦૮-૨૦૦૫ના નવી વિદ્યાર્થી હોસ્ટેલની શિલાન્યાસ વિધિ, સમિતિના પ્રમુખશ્રી લધાભાઈ વી. પોકારના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયેલ. ત્યારબાદ નીર્માણ કાર્યને ગતિશીલ કરવા, સમિતિના સભ્યો અને અન્ય આગેવાન વ્યક્તિઓએ, સાથે બેસી વિચાર વિનિમય કરી, ઉદભવેલ મતભેદો દૂર કરી, સમિતિનું પ્રમુખપદ સર્વાનુમતે શ્રી લખમશી લધાભાઈ વાસાણીને સોંપવામાં આવ્યું. અને લગભગ બે વરસમાં નવી હોસ્ટેલનું બાંધકામપૂર્ણ કરી તા. ૦૧-૦૫-૨૦૦૭ ના ઉદઘાટન કરવામાં આવેલ, જેનું નામકરણ ''શ્રી લખુ વીરજી ધોળુ વિદ્યાર્થી છાત્રાલય'' રાખવામાં આવ્યું.

૬. કેન્દ્રિય સમાજની નિર્માણ સમિતિ ઉપર કેવી લગામહતી અને કેવો સાથ સહકાર હતો?

જવાબઃ કેન્દ્રિય સમાજે નિર્માણ સમિતિને સંપૂર્ણ છૂટ આપેલ હતી અને કેન્દ્રિય સમાજે આપેલ અધિકાર મુજબ નિર્માણ સમિતિ સ્વતંત્ર રીતે પોતાનું કામકરતી હતી. આજ દિવસ સુધી કેન્દ્રિય સમાજે કોઈ દખલગીરી કરેલ નથી.

૭. તો પછી, માંડવી હોસ્ટેલના વિષય પર ચર્ચાતા સળગતા પ્રશ્નોના મૂળમાં શું છે?

જવાબઃ કેન્દ્રિય સમાજને હોસ્ટેલના લાગતા વળગતા અમુક કાર્ય માટે તા.૨૮-૦૮-૨૦૧૨ના કેન્દ્રીય સમાજને સરકારી કાર્યાલયમાં જવું પડ્યું. ત્યાં સમાજને જાણમાં આવ્યું કે કુમાર છાત્રાલયવાળી મિલકત (નવી હોસ્ટેલ) એક અન્ય ટ્રસ્ટના નામે તબદીલ થયેલ છે. ત્યારબાદ તે તબદીલી દર્શાવતા દસ્તાવેજોની પ્રમાણિત નકલ મેળવી અને ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવાથી જાણવા મળ્યું કે આ મિલકત ''શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'' ના નામે તબદીલ કરવામાં આવેલ છે. આ તબદીલી પાછળ સહી કરનાર આપણી જ સમાજના લોકો છે, જે નિર્માણ સમિતિના પણ સભ્યો છે. તેથી સ્પષ્ટપણે સમજાય છે કે, માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના અમુક જવાબદાર હોદ્દેદાર સભ્યોએ, કેન્દ્રિય સમાજ, માંડવી વિસ્તારના જ્ઞાતિ જનો, દાતાઓ એમસર્વેને અંધારામાં રાખીને, ચોરી છુપે, વિશ્વાસઘાત કરીને બદ-ઈરાદાપૂર્વક સંપૂર્ણ રીતે છેતરપીડી કરેલ છે. આના કારણેજ આવા કૃત્યને ''સમાજ દ્રોહ'' કહેવામાં આવે છે.

૮. સમાજ સાથે દ્રોહ કરવા પાછળ કોણ છે?

જવાબઃ જે ટ્રસ્ટમાં મિલકત તબદીલ કરવામાં આવેલ છે, તે ''શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'' (લાભાર્થી ટ્રસ્ટ) ના ટ્રસ્ટીઓ નિર્માણ સમિતિનાજ અમુક આગેવાન સભ્યો છે. આ લાભાર્થી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકે જે ૯ વ્યક્તિઓ છે, તે પૈકી શ્રી લધાભાઈ વિશ્રામપોકાર અને શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા તો કેન્દ્રિય સમાજના પણ ટ્રસ્ટી છે. અને બાકીના ટ્રસ્ટીઓમાં, નિર્માણ

સમિતિના પ્રમુખ શ્રી મેઘજી જેઠા રામજીઆણી અને અન્ય ૬ ટ્રસ્ટીઓ, નિર્માણ સમિતિના હોદેદારો તેમજ કારોબારી સભ્યો પૈકી છે.

વધુમાં આવા દુષ્કૃત્યને સંપૂર્ણ પણે સમજ્યા બાદ, જે લોકો પોતાના અંતરાત્માને આ દુષ્કૃત્યને હેમખેમરીતે વ્યાજબી ઠરાવવા માટે સતત અવ્યહવારિક પ્રયત્નો કરે છે, તેવા લોકો આ દુષ્કૃત્ય કરનાર ૯ લોકો સાથે બરાબર સંડોવાયેલા છે, તે સહજ રીતે સમજી શકાય તેવી સરળ વાત છે.

૯. સમાજની મિલકતોનું રક્ષણ કરવાની જવાબદારી કોની છે? અને તેની જવાબદારીથી જો તેઓ ચુકે તો તેના વિરુધ્ધ કાયદાકીય અને સામાજિક કાર્યવાહી કરવાની ફરજ કોની છે?

જવાબઃ

a) સમાજની મિલકતોનું રક્ષણ કરવાની જવાબદારી ટ્રસ્ટીઓની હોય છે. ટ્રસ્ટીની જવાબદારીમાં આવે છે કે જે હેતુથી સમાજના લોકોએ સમાજને દાન આપેલું છે, તે હેતુ માટે તે દાન વપરાવું જોઈએ.

b) અગર ટ્રસ્ટીઓ પોતાની જવાબદારીથી ચુકે તો તેના વિરુધ્ધ સમાજની કોઈ પણ વ્યક્તિ કાયદાકીય કાર્યવાહી કરી શકે છે. (સારું છે કે જેમઅમુક ખાસ સમાજો માં જોવા મળે છે તેમ, આપણી સમાજોમાં વ્યક્તિગત રીતે હજી કોઈએ કાયદાના દરવાજા ખટખટાવ્યા નથી). સમાજના હોદેદારો અને કારોબારીની પહેલી નૈતિક ફરજ છે કે આવા સમાજ દ્રોહી ટ્રસ્ટીઓ પર કાયદાકીય કાર્યવાહી કરે.

c) આ વિષય પર સમાજના બંધારણમાં એવી જોગવાઈ છે, કે કારોબારી સમિતિ આવા ટ્રસ્ટીઓ પર સામાજિક કાયદાકીય કાર્યવાહી કરે. પહેલા કારોબારી સમિતિ આવા ટ્રસ્ટીઓને "અપ્રમાણિક" જાહેર કરે અને ત્યાર બાદ તેવા અપ્રમાણિક ટ્રસ્ટીને સામાન્ય સભામાં તેના પદથી ઉતારે.

૧૦. શા માટે કેન્દ્રિય સમાજના ટ્રસ્ટીઓ શ્રી લધાભાઈ વિશ્રામપોકાર અને શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયાને અપ્રમાણિક ઠરાવવામાં આવ્યા?

જવાબઃ ઉપરોક્ત બંને ટ્રસ્ટીઓની કાયદાકીય અને સામાજિક ફરજમાં આવે છે, કે તેઓ સમાજની મિલકતનું રક્ષણ કરે. પણ જો રક્ષકજ ભક્ષક બને તો શું થાય? આ બન્ને ટ્રસ્ટીઓ, તેમની વ્યકતિગત સંપૂર્ણ જાણકારીમાં હોવા છતાં, તેઓએ સમાજની મિલકત એક અન્ય ટ્રસ્ટમાં ફેરવી નાખી, જેમાં તેઓ બન્ને તે લાભાર્થી ટ્રસ્ટમાં ટ્રસ્ટી છે. આમકરવાથી સમજાઈ આવે છે કે આ બંને ટ્રસ્ટીઓ દુસ્કૃત્યમાં પ્રત્યક્ષ રીતે/સીધી રીતે સંડોવાયેલા છે. આનો અર્થ એમથાય કે આ બન્ને ટ્રસ્ટીઓએ સમાજ સાથે વિશ્વાસ ઘાત કર્યો. અને બંધારણની જોગવાઈ પ્રમાણે, તા. ૭.૦૯.૨૦૧૨ ના હોદેદાર અને ટ્રસ્ટીઓની મીટીંગમાં પુરતા ખુલાશા કરવા, આ બંને ટ્રસ્ટીઓને તક આપી. આ બંને આરોપી ટ્રસ્ટીઓ પર સમસ્યાનો ઉકેલ લાવવાની જવાબદારી સોંપવામાં આવી. છતાંય તેમણે સમાજને સહયોગ ન આપ્યો. માટે આવા ટ્રસ્ટીઓને અપ્રમાણિક જાહેર કરવાની ફરજ કેન્દ્રિય સમાજની કારોબારી સમિતિની છે. અને તેથી તથ્યોના આધારે, તેમને તા.૨૫.૯.૨૦૧૨ની કારોબારી સભામાં સર્વાનુમતે અપ્રમાણિક ઠરાવવામાં આવેલ છે.

૧૧. આવા સમાજ દ્રોહી કૃત્યો એક દિવસમાં પાર પાડવાં તો શક્યજ નથી, તેથી શું આ ઘણા સમયથી ચાલતું ષડયંત્ર છે કે શું? આ અંગે તપાસની વિગતવાર માહિતી આપવા વિનંતી.

જવાબઃ

a) હાલમાં પ્રાપ્ત થતી જાણકારી પ્રમાણે, છેલ્લા ૩-૪ વરસથી, નિર્માણ સમિતિના કારોબારીના અમુક સભ્યો વચ્ચે,

પોતાનું એક અલગ ટ્રસ્ટ બનાવી, તેમાં કુમાર છાત્રાલયની તમામ મિલકત તબદીલ કરવી અને તેનું સંચાલન અને વહીવટ, નિર્માણ સમિતિના બદલે તે ટ્રસ્ટ કરે, એવા વિચારો ચર્ચામાં હતા. પરંતુ નિર્માણ સમિતિના અમુક સભ્યો દ્વારા આ બાબત સહયોગ ન મળતાં વિષય દબાઈ ગયો.

b) સમયાંતરે આ વિષયમાં સહયોગ ન કરતા ભાઈઓ / વડીલો સાથે સુરક્ષિત અંતર જાળવી, વિષયને ગુપ્ત રાખી, એક નવું ટ્રસ્ટ રચવાની ગતિવિધિને મે-૨૦૧૧માં શરુ કરી દેવામાં આવી. ટ્રસ્ટ નોંધણી માટે જાન્યુવારી ૨૦૧૨ના અરજી કરેલ અને ''શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'' (લાભાર્થી ટ્રસ્ટ) રજી. નં. એ-૧૮૬૮/કચ્છ, એમ નવું ટ્રસ્ટ રજિસ્ટર થયેલ. આ ટ્રસ્ટમાં સતપંથી લોકોને પણ સભ્ય બનાવવામાં આવેલ છે.

(ખાસ નોંધઃ મે-૨૦૧૧ના શ્રી લખમશી લધા વાસાણીનું ટ્રસ્ટી તરીકેનું સોગંદનામું કરેલ છે, પરંતુ તેઓશ્રી જુલાઈ ૨૦૧૧ ના અવસાન પામેલ છે. એટલે કે જાનુઆરી ૨૦૧૨ના ટ્રસ્ટની નોંધણી અંગેની અરજી દખલ કરતી વખતે તેઓ હયાત નહોતા, પણ તેમછતાં તેમનું નામઅરજદાર ટ્રસ્ટી તરીકે બોલે છે. જે એક ભયંકર ગેર રીતિ સૂચવે છે).

c) લાભાર્થી ટ્રસ્ટની નોંધણી થઇ ગયા બાદ, ૨૨.૦૩.૨૦૧૨ના શ્રી લ.વી.ધોળુ કુમાર છાત્રાલયની મિલકત, સર્વે અકસ્યામતો સાથે, નવા ટ્રસ્ટમાં તબદીલ કરવા માટે, મામલતદાર કચેરી માંડવી કચ્છ મધ્યે, અરજી કરવામાં આવેલ. એપ્રિલ ૨૦૧૨ના મામલતદાર કચેરી દ્વારા અરજીને મંજુર કરી, ૭/૧૨ ઉતારામાં નામફેરબદલ કરી દીધું

નોંધ ૧: આ મિલકત તબદીલ કરવા માટે કોઈ યોગ્ય દસ્તાવેજ દાખલ કરવામાં આવેલ નથી. ફક્ત નિર્માણ સમિતિના ખોટા ઠરાવની નકલ ના આધારે મિલકત તબદીલ કરેલ છે. તે મિલકતની સાથે રોકડ બેંક બેલેન્સ અને એફ ડી ની બહુ મોટી રકમપણ સામેલ છે. જે ગેર કાયદેસર છે. કારણ કે નિર્માણ સમિતિને મિલકત તબદીલ કરવાનો કોઈ અધિકાર કેન્દ્રિય સમાજે આપેલ નથી. તેમજ સ્વમાજની કોઈ પણ પેટા સમિતિને સામાન્ય સભા બોલાવવાનો અધિકાર હોતોજ નથી.

d) ઉપરોકત ઘટના ક્રમની જાણ નિર્માણ સમિતિના કારોબારી સભ્યો કે જેમની કૂલ સંખ્યા ૩૭ થી ૪૦ સભ્યોની છે, તેમાંથી ફક્ત ૧૫-૨૦ સભ્યોનેજ આ કૃત્યની જાણ હતી. બાકીના સભ્યોને પણ અંધારામાં રાખવામાં આવેલ હતા. એટલે નિર્માણ સમિતિ દ્વારા ટ્રસ્ટ નોંધણી માટે અને મિલકત તબદીલ કરવા માટે કરેલ કહેવાતા સર્વાનુંમત વાળા ઠરાવો અહીં ખોટા સાબિત થાય છે. આનો અર્થ એમથાય કે સર્વોદય ટ્રસ્ટની રચના અમુક લોકોએ પોતાના અંગત સત્તા લોભ માટે જ કરેલ છે.

૧૨. લાંબા સમય સુધી કેન્દ્રિય સમાજના બબ્બે વરિષ્ઠ ટ્રસ્ટીઓ આ દુસ્કૃત્યમાં સંડોવાયલા હોવા છતાં, કેન્દ્રિય સમાજ કેમઅજાણ રહી?

જવાબઃ કેન્દ્રિય સમાજના બન્ને વરિષ્ઠ ટ્રસ્ટીઓ, કે જે આ કૃત્યોમાં સંડોવાયલા છે, જેમાંના એક શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર, કેન્દ્રિય કારોબારી સાથે અતિશય વિશ્વાસ કેળવીને કાર્ય કરતા હતા. અને વધુમાં ૩૦-૦૭-૨૦૧૨ના વાંઢાય મધ્યે સામાન્ય સભામાં જાહેરમાં વક્તવ્ય આપેલ કે માંડવી હોસ્ટેલની મિલકત આજે પણ મારા અને મહા મંત્રી શ્રી ભવાનજીના નામેજ છે. અને તે શિવાય વખતો વખત સભાઓમાં (જેમકે મુંબઈમાં) તેમજ વ્યક્તિગત ચર્ચાઓમાં ભારપૂર્વક વિશ્વાસ આપતા હતા કે માંડવી હોસ્ટેલવાળી મિલકત મારા નામે જ છે. આથી કોઈને પણ તેમના પ્રત્યે તેમજ આવા ઘડાયેલ કાવત્રા અંગે શંકા સુધ્ધા આવી ન શકે.

શિવદાસ ગોવિંદ કે જેઓ માંડવી હોસ્ટેલના વર્ષો વર્ષના, કેન્દ્ર સમાજને પ્રાપ્ત થતા, ઓડીટ કરેલા હિસાબો વાળા દસ્તાવેજો, જેમાં માંડવી હોસ્ટેલ વાળી મિલકત કેન્દ્રિય સમાજની છે, તેવું પ્રમાણિત થતું હોય, તેવા દસ્તાવેજો ઉપર પોતાની સહીઓ કરીને ચેરીટી કમિશ્નરની ઓફીસમાં રજુ કરતા હતા. એટલે સ્વભાવિક છે, કે તમના પ્રત્યે પણ કોઈ શંકા ન કરે.

૧૩. કેન્દ્રિય સમાજને જાણ થયા બાદ, પરિસ્થિતિને સુધારવા માટે, કેન્દ્રિય સમાજે શું સામાજિક અને કાયદાકીય પગલાં લીધા?
જવાબ:

અ) સામાજિક કાર્યવાહી:

i) ભૂલ સુધારવાની શાંતિ પૂર્વક વિનંતી: કેન્દ્રિય સમાજને ઉપરોક્ત ઘટનાની જાણ થઇ ત્યારે, શાંતિ પૂર્વક નિવારણ થાય તે હેતુથી, તરતજ કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાએ, કેન્દ્રિય હોદેદારોની અને ટ્રસ્ટીઓની તત્કાળ મિટિંગ, નખત્રાણા મધ્યે તા. ૦૭-૦૯-૨૦૧૨ના બોલાવેલ, જેમાં ખાસ શ્રી લધાભાઈ અને શ્રી શિવદાસભાઈને અચૂક હાજર રહેવા જણાવેલ. આ મિટિંગની ચર્ચામાં બન્ને ઉપરોક્ત ટ્રસ્ટીઓ સાથે આ વિષય ઉપર ચર્ચા કરતાં તથ્ય સામે આવેલ. ત્યાર બાદ પ્રમુખશ્રીએ બન્ને ટ્રસ્ટીઓને જણાવેલ કે જે કૃત્ય થયેલ છે તે ખોટું થયું છે. પરંતુ મિલકત પાછી સમાજના નામે હતી તેમ તરતજ વિના-વિલંબે કરી નાખો, જેથી આ વિષય અહી શાંતિ પૂર્વક પૂર્ણ કરી શકાય. જેમાં સમાજની અને આપ ટ્રસ્ટીઓની પણ ઈજ્જત સચવાઈ જાય. બાકી જો આમ કરવામાં નહિ આવે, તો સમાજના બંધારણની રૂએ સામાજિક અને કાયદાકીય રીતે, તેમની ફરજમાં આવતા પગલાઓ લેવા માટે તેવો મજબુર હશે.

ii) આરોપી ટ્રસ્ટીઓનો જવાબ: શ્રી લધાભાઈએ મિટિંગમાં પોતાની રજૂઆતમાં એમજણાવ્યું કે "મને ફોન પર કોઈકે ધમકી આપી અને મિલકત તબદીલના દસ્તાવેજો પર સહી કરવા મજબુર કરેલ. તેથી મને સહી કરવી પડી." શ્રી શિવદાસભાઈ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહિ અને ગોળ ગોળ વાતો કરી. ઉપરોક્ત બન્ને ટ્રસ્ટી શિવાય, નિર્માણ સમિતિના મહામંત્રી શ્રી ભવાનજી ભાણજી રામાણીને ત્યાર બાદ એજ મિટિંગમાં બોલાવેલ અને પ્રમુખશ્રીના પ્રશ્નના ઉત્તરમાં જણાવેલ કે **"મને કેન્દ્રિય સમાજના આ બન્ને વડીલ ટ્રસ્ટીઓએ મિલકત ટ્રાન્સફરના પેપર ઉપર સહી કરવા જણાવેલ, પરંતુ મેં વિરોધ કરતાં તેઓએ મને આગ્રહ ભર્યો આદેશ કર્યો જેથી મેં સહી કરેલ છે."**

નોંધ: મિલકત પાછી, જેમહતી તેમ, સમાજના નામે કરી નાખવાના સમર્થનમાં, બન્ને ટ્રસ્ટીઓ તરફથી કોઈ સ્પષ્ટ વાત ન કરતાં, પોતાની અસમર્થતા બતાવેલ. આ અપ-કૃત્ય તો લગભગ ૬ મહિના પહેલાં ઘડાઈ ગયેલ હતું. એટલે હવે વધારાનો સમય આપવો એ બિન જરૂરી હતું અને આરોપી ટ્રસ્ટીઓની નિયત ઉપર વિશ્વાસ રાખી વધુ સમય આપવો એ સમાજ માટે હાની કારક અને જોખમથી ભરેલ હોવાના કારણે તાત્કાલિક કાર્યવાહી કરવી જરૂરી હતી. બન્ને ટ્રસ્ટી પાસેથી કોઈ સકારાત્મક પગલાં ન લેવાના કારણે નાછુટકે સમાજ પાસે હવે દંડાત્મક કાર્યવાહી કરવા શિવાય કોઈ રસ્તો ન રહ્યો. કારણકે કાયદાના દ્રષ્ટીએ હોદ્દેદારોની વ્યક્તિગત ફરજમાં દંડાત્મક કાર્યવાહી કરવાની આવે છે. તે વ્યક્તિગત ફરજથી ચુકી જવું અને કાયદાના ગુનેહગાર બનવું એ પણ યોગ્ય છે. અને કોઈ પણ સમાજના કરતા-હરતા આવું ન જ કરે.

છતાં એક તક આપવી એ જરૂરી છે, એમસમજીને વકીલ મારફત તા. ૧૧.૦૯.૨૦૧૨ના જે નોટીસ નિર્માણ સમિતિના સભ્યોને આપવામાં આવી તેમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે જો આ મિલકત ફરી પાછી સમાજના નામે કરી આપવામાં આવશે તો, આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે નહિ. આમકરીને સમાજના મુખ્ય કરતા હરતા લોકોએ, સમાજમાં એકતા, સંપ, સંઘઠન અને શાંતિ જળવાઈ રહે તે માટે, આખરી સમય સુધી બધાજ પ્રયાતાનો કરી, તેમની પોતાની ગંભીરતા, સુજ-બુજ અને પ્રતિબધ્ધતાનો અને સમાજ પ્રત્યે પોતાની સંપૂર્ણ જવાબદારીનો એક ઉચ્ચ દાખલો આપેલ છે.

iii) વકીલની નોટીસ નિર્માણ સમિતિના સર્વે સભ્યોને ગયા બાદ, સમાજના કાર્યકરતા વર્ગને આ કૃત્યની જાણ થઇ. નિર્માણ

સમિતિના સભ્યોએ મોકલેલ નોટીસના જવાબો પરથી જાણવા મળ્યું કે નિર્માણ સમિતિના બધા સભ્યો આ કૃત્યમાં સંડોવાયલા નથી. અંદાજે ૧૫-૨૦ સભ્યો શિવાયના બાકીના સભ્યો આ બાબતથી અજાણ હતા અને એમણે સમાજના હિતમાં, સમાજની તરફેણમાં પોતાના લેખિત જવાબો સમાજના વકીલને મોકલી આપ્યા.

iv) યોગ્ય નિર્ણય માટે કેન્દ્રીય સમાજના પ્રયત્નો:
આ વિષય પર વિસ્તૃત ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા માટે કેન્દ્રિય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈએ તા.૨૫.૦૯.૨૦૧૨ના નખત્રાણા મધ્યે "તાકીદની" કારોબારી સભા બોલાવેલ. જેમાં ઉપરોક્ત બન્ને ટ્રસ્ટી શ્રીઓને પણ બોલાવવામાં આવેલ, છતાં ખોટા બહાના બતાવીને આટલી મહત્વની મીટીંગમાં તેઓ હાજર રહેલ નોહોતા. વિચારવાની વાત છે કે જો તેઓ સાચા હોત, તો જે સભામાં, તેમના વિરુધ્ધ દંડાત્મક કાર્યવાહી થવાની શક્યતા હતી, તેમાં તેઓ પોતાની સાચી વાત રજુ કરત અને પોતાનો બચાવ કરી શકત.
v) બંને ટ્રસ્ટીઓ અપ્રમાણિક છે એવી જાહેરાતઃ
આ સભામાં વિસ્તૃત ચર્ચા થઇ. માંડવી હોસ્ટેલની મિલકત જે બીજા ટ્રસ્ટમાં ગેર કાયદેસર તબદીલ કરવા માટે જવાબદાર જ કેન્દ્રિય સમાજના બન્ને ટ્રસ્ટીઓ છે, તેને બંધારણની રૂએ અપ્રમાણિક જાહેર કરવા, એવું દરેક સભ્યોનું ભારપૂર્વક સુચન આવેલ અને લાભાર્થી ટ્રસ્ટના બાકી ટ્રસ્ટીઓ, કે જેઓ કેન્દ્રિય સમાજના સભ્ય છે, તેમનું કેન્દ્રિય સમાજનું સભ્ય પદ રદ કરવાના પણ સુચનો આવેલ, જેને સભાએ સર્વાનુંમતે સ્વીકારીને અમલમાં લીધેલ.
vi) આ સામાજિક કાર્યવાહી ઉપરાંત દરેક સભ્યોએ જણાવેલ કે આ કૃત્યોમાં સંડોવાયેલ ઉપરોક્ત દરેક વ્યક્તિઓ વિરુધ કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી પણ કરવામાં આવે.
b) કાયદાકીય પગલાંઃ
i) સમાજના વકીલશ્રીની નોટીસના અનુસંધાને, પ્રથમલાભાર્થી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિરુધ માંડવી પોલીસ સ્ટેશનમાં સમાજની મિલકત, ગેર કાયદેસર રીતે તબદીલ કરવા બદ્દલ કેન્દ્રિય સમાજ સામે થયેલ બાદ-ઈરાદા પૂર્વક છેતરપીડી અંગે લેખિત ફરિયાદ તા. ૦૫.૧૦.૨૦૧૨ ના કરવામાં આવી.
ii) આ કાંડમાં સંડોવાયલા સરકારી અને બિન-સરકારી મુલાજીમો સામે પણ કાયદાકીય પગલાં લેવાઈ રહ્યા છે.

૧૪. જો શ્રી લધાભાઈએ મજબુરીમાં સહી કરી હોય, તો શું તેવા સંજોગોમાં તેમના વિરુધ દંડાત્મક કાર્યવાહી કરવી એ યોગ્ય છે?
જવાબઃ આ કાંડ/પ્રકરણ ખુલ્લું પડ્યા બાદ, શરૂઆતમાં, શ્રી લધાભાઈએ, તેમને મળેલ ધાક ધમકીના દબાણમાં આવીને પોતે સહી કરેલ છે, તેવી વાત કરતા હતા. જે હવે નથી કરી શકતા. કારણ કે સમાજને એક વસ્તુની પૂરે પૂરી જાણ થઇ ગઈ કે આ પ્રકરણમાં લધાભાઈ શરૂઆતથીજ અગ્રેસર ભૂમિકામાં રહ્યા છે. આ મુદ્દાના પુરાવા રૂપે, એક હકીકત એમછે કે, શ્રી લધાભાઈએ, પોતાના લેટર-હેડ ઉપર પોતાના સ્વહસ્તે એક પત્ર નિર્માણ સમિતિને ઉદ્દેશીને તા.૦૧.૦૨.૨૦૧૨ નો (મિલકત તબદીલ થયાથી ગણો સમય પહેલાં) લખેલ છે. જેની વિગત સ્પષ્ટ દર્શાવે છે કે તેમના દ્વારા રચવામાં આવેલ પાટીદાર સર્વોદય ટ્રસ્ટમાં નિર્માણ સમિતિનું એકત્રિકરણ કરવાનો ઠરાવ પાસ કરવાનો આગ્રહ તે સ્વયં કરે છે. આથી એ બાબત નિશંક પણે પુરવાર થાય છે કે તેમની પહેલી કહેવાતી મળેલ ધાક ધમકી વાળી વાત ઉપજાવી કાઢેલ છે અને તદ્દન જુઠ્ઠી છે. તેમના આ જુઠ્ઠાણા પાછળ સમાજને નુકશાન પોચાડવાનો તેમનો બદ-ઈરાદો છુપાવવાના પ્રયત્ન શિવાય, કોઈ બીજો મકસદ હોઈ ન શકે. એ પત્ર પુરવાર કરી આપે છે કે શ્રી લધાભાઈ ભલે ગમે તેમબોલે પણ તેમનું વર્તન સમાજ પ્રત્યે અપ્રમાણિક છે. હવે આવા માણસો પર સમાજ કેવી રીતે ભરોસો કરી શકે?

૧૫. કરતા હરતાઓથી ભૂલ થાય, તેને સુધારવાની તક મળવી જોઈએ, એ વણલખ્યો નિયમછે, અને સમાજ તક આપી રહી છે, તો પછી વાંધો ક્યાં પડ્યો?

જવાબઃ દુઃખની વાત છે કે સમાજના આવા વરિષ્ઠ ટ્રસ્ટીઓ કે જેઓએ સમાજમાં ઘણા વરસો સેવા આપી અને ઘણા મોટા દાનો આપ્યા, તેવા લોકો આ કૌભાંડ માં સીધી રીતે સંડોવાયેલા છે. સમાજે તેમને પ્રેમથી બોલાવી અને બંધ બારણે વિનંતી કરી કે તમે આ ભૂલને સુધારી નાખો. મિલકત જેમહતી તેમપાછી ફેરવી નાખો. પણ કોણ જાણે શા માટે શ્રી લધાભાઈ જેવા વ્યક્તિ જાહેરમાં હા પાડીને, પછી પાછળથી ફરી જાય છે. તેમને સમાજની મિલકત જેમહતી તેમપાછી સમાજના નામે કરવા માટે કોણ રોકી રહ્યું છે? તેનો જવાબ તો તેઓ સ્વયંજ આપી શકે. પણ જ્યાં સુધી મિલ્કત સમાજના નામે ન થાય, ત્યાં સુધી તેઓ સમાજના ગુનેહગાર તો ખરા ને? હવે ભૂલ સુધારવાની તક આપ્યા બાદ જો આરોપીઓ ભૂલ ન સુધારે, તો પછી છેલ્લે સમાજે શું કરવું જોઈએ? જવાબ તમે પોતે વિચારજો.

૧૬. આત્યાર સુધી જે પ્રશ્નોના જવાબો મળ્યા તેનાથી ચોખ્ખે ચોખ્ખું સમજાઈ આવે છે કે કેન્દ્રીય સમાજ આ મુદ્દે સાચી છે. તો પછી તા. ૧.૧૨.૨૦૧૨ ની, ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે, મુંબઈ ઝોને બોલાવેલ સામાન્ય સભામાં કોઈએ જનતા સામે આ વાતનો ખુલાશો કેમન કર્યો?

જવાબઃ કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ અને એમના સાથી હોદ્દેદારો, તેમની પ્રણાલિકા પ્રમાણે અગાઉ ૧૧ ઝોનની મુલાકાત લઈ ચુક્યા હતા. અને તે જ પ્રણાલિકા પ્રમાણે મુંબઈ ઝોનની મુલાકાતે આવ્યા હતા. કેન્દ્રીય સમાજના હોદ્દેદારો મુંબઈ આવશે તો, સમાજ દ્રોહનું દુષ્કૃત્ય કરવાવાળા લોકોની પોલ ખુલ્લી પડી જશે. તે માટે વિઘ્નસંતોષી લોકો સંગઠિત થઈને પૂર્વ તૈયારી કરી. સમાજના લોકો કે જેઓ આ મુદ્દે અજાણ હતા, તેમને ભરમાવ્યા અને તેમની સામે કેન્દ્રીય સમાજ અને આપણા મુંબઈ ઝોન વિરુધ્ધમાં તદ્દન ખોટી રજુઆતો કરી. કેન્દ્રીય સમાજના લોકો મુંબઈના સંઘઠન ને તોડવા આવ્યા છે..... માટે, ગમે તેમકરી ને તેમને અટકાવવાની આપણી ફરજ છે.... આવી વાતો કરીને લોકોના મનમાં ઉશ્કેરાટ ભરી દીધો. જે સભામાં હાજર રહેલ દરેક વ્યક્તિને જણાઈ આવેલ હતું. જેનાથી આપ સૌ પણ વાકેફ હશો. કેન્દ્રીય સમાજ તેમજ મુંબઈ ઝોનના અગ્રણીઓ સાથે ચર્ચા કરવા વિઘ્નસંતોષી લોકો વતી થી શ્રી રવિલાલ કેશરા રામજીયાણી, શ્રી કાંતિભાઈ નારણ સેંઘાણી, વગેરે લોકોએ આ સભા શરુ થાય તે પહેલાં, સભા હોલની પાછળના એક રૂમમાં એક મીટીંગ કરી, જેમાં તેઓએ એવી બાંહેધરી આપતાં રજૂઆત કરી કે આપણે આ માંડવી હોસ્ટેલ વાળો પ્રશ્ન શાંતિથી સામ-સામે બેસીને ઉકેલ લાવશું. આજની સભા શાંતિથી પતવા દો, આપણે ૧૫ દિવસની અંદર ફરી પાછા મળશું અને પ્રેમથી આ ભૂલ જે થઈ છે, એનો સંતોષકારક નિવેડો લાવશું. સમાજ અને વિઘ્નસંતોષી પક્ષો તરફથી લોકોને ભેગા કરવાની, જે તે લોકોને, જવાબદારીઓ દેવામાં પણ આવી. સભાને શાંતિપૂર્વક ચલાવવાની બાંહેધરી પણ બંને પક્ષો તરફથી આપવામાં આવેલ હતી. સમાજના અગ્રણીઓને ખુબજ ગંભીરતા પૂર્વક વિચાર કર્યા બાદ તેમને લાગ્યું કે જો શાંતિ પૂર્વક ઉકેલ આવતો હોય, તો આવા ઉકેલ માટે મોકો આપવો જોઈએ. સમાજમાં પ્રેમ, એકતા, સંપ, સંઘઠન અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી, સમાજે બાંહેધરી આપેલ હતી

સમાજે ઉપર આપેલ બાંહેધરી મુજબ સભાની શરૂઆત શાંતિથી કરેલ. ત્યારે બીજી બાજુના ભાઈઓ, એટલે કે વિઘ્નસંતોષી ભાઈઓ, સમાજના અગ્રણીઓની આ શાંતિની વિચારધારાને તેમની કમજોરી સમજ્યા અને તેઓ દબાણમાં છે, તેવું સમજી લઈને, વિઘ્નસંતોષી લોકોના આગેવાનોએ લોકો સામે ઉશ્કેરાટ ભરી તદ્દન ખોટી વાતો કરીને, સભાને ચલાવવા ન દીધી. શાંતિથી સભા ચલાવવા દેવાની જે બાંહેધરી સમાજના અગ્રણીઓને વિઘ્નસંતોષી લોકોએ આપેલ હતી, તેનો ફાયદો લઈને, તેમજ અગ્રણીઓને અંધારામાં રાખી તેમની સાથે એટલે કે સમાજ સાથે, ધોખો કરવામાં આવ્યો.

મુંબઈ ઝોનમાં અને કેન્દ્રીય સમાજના અગ્રણીઓએ સાથે મળીને જે કાર્ય કરવા ધારેલ, તે કાર્યમાં આ વિઘ્નસંતોષીઓએ જબરી ખલેલ પહોંચાડી, સભાની કાર્યવાહી એજેન્ડા પ્રમાણે, જબરદસ્તી કરી ચલાવવા જ ન આપી. સાથે-સાથે બેહુદુ વર્તન કરીને તણાવ પૂર્ણ વાતાવરણ ઉભું કરેલ. ચાલુ મીટીંગે માઈક પોતાના કબજામાં લઈને, નિમ્ન કક્ષાની હેકડતા વાપરીને, એમના જ વલણના ૩-૪ વિઘ્નસંતોષી ભાઈઓને વક્તવ્ય રજુ કરવા આપેલ. જેઓએ માંડવી હોસ્ટેલ બાબત ધમકી ભરી રજૂઆત કરેલ અને જણાવેલ કે આ વિષય માંડવીનો છે તો ત્યાંજ એની ચર્ચા કરાય અને મુંબઈમાં આ વાત કરશો તો આના પરિણામ સારા નહીં આવે. તેની કેન્દ્રીય સમાજ નોંધ લે. તદુપરાંત, કેન્દ્રીય સમાજના મંત્રી શ્રી વાલજીભાઈ ચૌહાણને આ વિષય પર, શાંતિ પૂર્વક સમાધાન માટેની જે સમાજ દ્વારા આજ સુધી જે કોશિષો કરવામાં આવેલ હતી, તેની રજૂઆત ટૂંકમાં પણ કરવા આપેલ ન હતી. જેથી આમપ્રજાને સાચી હકીકતથી વાકેફ કરી શક્યા નોહતા. મંચ ઉપર બેઠેલા વિઘ્નસંતોષી લોકો અને તેમના સાથીદારો વારે ઘડીએ પોતાની જગ્યાએથી ઉભા થઈ, લોકોમાં ઉશ્કેરાટ ભરવા જેવું વર્તન કરી પોતાની ઉદ્દ્ધતાઈનો પરિચય આપતા હતા.

સાથે સાથે, આ સભામાં સંખ્યા બળના હેતુથી, દુર-દુરથી, બહોળી સંખ્યામાં સતપંથના ભાઈઓ કે જેઓ સમાજના સભ્યો પણ નથી અને તેમને આ સમાજથી કોઈ લ્હાવા દેવા નથી, તેઓ પણ આ સભામાં હાજર રહેલ હતા/હાજર રાખવામાં આવેલ હતા. અને વિઘ્નસંતોષી લોકોની સાથે મળીને સભામાં ખલેલ પહોંચાડી રહ્યા હતા. કેન્દ્રીય સમાજના પ્રમુખને પણ બહુજ ટૂંકમાંજ વક્તવ્ય પૂરું કરવાની ફરજ પાડી હતી. એટલા માટે પ્રમુખશ્રીએ બહુ દુઃખ સાથે જણાવ્યું કે અત્યારે આપ લોકોની સત્ય હકીકત સાંભળવાની ક્ષમતા દેખાતી નથી. તેથી હું મારું વક્તવ્ય લેખિત રૂપે ઝોનના પ્રમુખને મોકલાવીશ.

આ કારણો સર મુંબઈ ઝોનના લોકોને સત્ય હકીકતથી વાકેફ કરાવી શકાયા નહિ. ખરે ખર આ એક સારો મોકો હતો કે જે સભામાં બંને પક્ષના જવાબદાર ભાઈઓ હાજર હતા, જેથી જાહેરમાં સામસામે પ્રશ્નોતરી કરી, લોકો સમક્ષ બધા મુદ્દાઓ પર ખુલાસા થઇ શકત અને સત્ય વાત લોકો સારી પેઠે સમજી શકત. પણ દુર્ભાગ્યે એક પક્ષ આ માટે તૈયાર હતો, ત્યારે બીજા પક્ષે આનાથી બચવા માટે દાદાગીરી વાપરીને સભાને ચાલવા ન દીધી.

નોંધઃ દાદાગીરી અને જોહુકુમી એટલી હદે હતી, કે સભા પૂરી થયા બાદ, સતપંથના ભાઈઓને સાથે રાખીને, અમુક સનાતની વ્યક્તિઓ પર શારીરિક હુમલો કર્યો.જેની પોલોસ ફરિયાદ પણ કરવામાં આવેલ છે.

૧૭. શું આ પ્રશ્ન ખરે ખર માંડવી વિસ્તાર પુરતો માર્યાદિત છે કે કેન્દ્રીય સમાજનો છે?

જવાબઃ આ પ્રશ્ન ખરે ખર દુઃખદ આશ્ચર્ય ઉપજાવે એવો છે. માંડવી હોસ્ટેલ વાળી મિલકત નિર્વિવાદ રીતે કેન્દ્રીય સમાજની છે અને કેન્દ્રીય સમાજનો વ્યાપ આખાય ભારતભરમાં ફેલાયેલો છે. અને મુંબઈ ઝોનમાં સમાવિષ્ટ છે. એક બાબત બહુજ સ્પષ્ટ છે કે જ્યારે કેન્દ્રીય સમાજ પ્રેરિત કોઈ પણ યોજનાઓ હાથ ધરવામાં આવતી હોય છે, ત્યારે મદદ માટે સમસ્ત સમાજ-જનો પાસે ટહેલ નાખવામાં આવે છે. જેમાં કોઈ પ્રાદેશિક (પ્રાંતવાદ/પાંચાડાવાદ) ભેદભાવ રાખવામાં આવતા નથી. હવે આ હોસ્ટેલના નિર્માણ કાર્યમાં મુંબઈ ઝોનનો બધીજ રીતે સર્વાન્ગિક સહયોગ હોવાથી અને અચાનક આ અંગે અડચણો ઉભી થવાથી એની ચર્ચા અને સત્ય માહિતીઓ મુંબઈ ઝોનના સભ્યો સમક્ષ શું મુકવી જરૂરી નથી? કે અસ્થાને છે?

હવે વાત કરીએ આ વિષય અંગેની રજુઆતો થતી અટકાવવા પાછળના ઈરાદાની. આ દુષ્કૃત્યમાં સીધી અથવા આડકતરી રીતે સંડોવાયલી વ્યક્તિઓનો સ્પષ્ટ પ્રયાશ હતો કે જો સત્ય હકીકતો બહાર આવશે તો તેમની રહી સહી આબરૂ પણ ધૂળ ધાણી થઇ

જશે.

૧૮. માંડવી હોસ્ટેલ કૌભાંડની સાચી હકીકતોથી , સમાજના આમજનોને વાકેફ કરવા, શું કોઈ સમાજ કે સંસ્થા દ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ?

જવાબ:

a) આ બાબતમાં પ્રથમ, મુંબઈ ઝોનના પ્રમુખશ્રીએ કારોબારી સભ્યો, મુંબઈ ઝોનમાં આવતી દરેક ઝોનના આગેવાનો તેમજ આમંત્રીતોની એક સભા મુંબઈ ઘાટકોપર પાટીદાર વાડી મધ્યે તા.૧૮.૦૯.૨૦૧૨ ના બોલાવેલ. આ સભામાં ખાસ કરીને મુંબઈ ઝોનમાં વસતા નિર્માણ સમિતિના તેમજ તે ટ્રસ્ટમાં હોસ્ટેલની મિલકત તબદીલ કરી દેવામાં આવેલ, તે શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ખાસ હાજર રહેવા આગ્રહ ભરી વિનંતી કરવામાં આવી. તેથી આ સભામાં એવા સભ્યોની હાજરી ખુબ સૂચક હતી.

b) આ સભામાં માંડવી હોસ્ટેલની મિલકત બીજા ટ્રસ્ટમાં તબદીલ થઇ ગયેલ, તેની વિગતવાર જાણ લોકોને કરવામાં આવેલ. ત્યાર બાદ, આ સંદર્ભમાં, સભામાં હાજર નિર્માણ સમિતિના સભ્યો અને શ્રી પાટીદાર સર્વોદય તરતના ટ્રસ્ટીશ્રીઓએ, તેમના દ્વારા બની ગયેલ ઘટના અંગે ખેદ વ્યક્ત કરેલ અને ભૂલ થયાની લેખિત કબુલાત પણ કરેલ. અને સમાજ સાથે રહી, સંપૂર્ણ સહકાર આપી, આ ભૂલને સંપૂર્ણ સંતોષકારક રીતે સુધારી આપવાની બાંહેધરી આપેલ. નિર્માણ સમિતિના અમુક હાજર રહેલ સભ્યોએ થયેલ ઘટના અંગે દુખદની લાગણી વ્યક્ત કરેલ અને પોતે આ બાબત અંગે સંપૂર્ણ પણે અજાણ અને નિર્દોષ હોવાનો લેખિત ખુલાશો કરેલ છે. અને વધુમાં ખાતરી આપેલ કે અમો કેન્દ્રીય સમાજની સાથે જ છીએ અને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપીએ છીએ.

c) આ સભામાંજ હોસ્ટેલના દુષ્કૃત્યમાં આડકતરી રીતે સંડોવાયલા નિર્માણ સમિતિના જવાબદાર ભાઈઓએ એમ રજૂઆત કરેલ કે આ માંડવી વિસ્તારનો પ્રશ્ન છે. તો તેની ચર્ચા કચ્છમાં જ થવી જોઈએ. આ જ વિષયમાં તા. ૨૩.૦૯.૨૦૧૨ ના શ્રી કંઠી વિભાગ કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ દ્વારા સમસ્ત કચ્છ જીલ્લાના આપણા સનાતની ભાઈઓને આમંત્રણ આપીને એક જાહેર સભા, મોટી રાયણ ગામમાં, આયોજિત કરેલ. જેની ''કચ્છ મિત્ર'' દૈનિક પેપરમાં આમંત્રણની જાહેરાત કરવામાં આવેલ હતી અને માંડવી વિસ્તારના દરેક ગામના પ્રમુખ મંત્રીને અલગથી જાણ પણ કરવામાં આવેલ હતી.

d) રાયણમાં આયોજિત આ સભામાં લગભગ ૧૮૦૦-૨૦૦૦ જેટલા સનાતની જ્ઞાતિજનો હાજર રહેલ. આ સભામાં પ્રથમ, માંડવી હોસ્ટેલ કૌભાંડ અંગે લોકોને વિગતવાર માહિતી રજુ કરવામાં આવેલ હતી. હકીકત જાણીને લોકો સ્તબ્ધ થઇ ગયા. આ સભામાં નિર્માણ સમિતિના મહામંત્રી અને શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ભવાનજી ભાણજી રામાણીએ આ બાબતમાં પ્રકાશ પાડ્યો. જે ઘટના બની, એની વિગતવાર છણાવટ કરેલ. તેમના ખુલાસાના કારણે મુંબઈની સભામાં શ્રી લધાભાઈનું રજુ થયેલ વક્તવ્ય અને ભવાનજી ભાઈએ રજુ કરેલ હકીકતમાં બહુ મોટો વિરોધાભાસ દેખાઈ આવતો હતો. ભવાનજીભાઈએ સામાજિક દલીલ અને પ્રશ્નોતરીના અંતે, તેમની ભૂલ કબુલ કરેલ હતી. અંતે ભવાનજીભાઈએ સમાજ સાથે રહી સંપૂર્ણ સાથ સહકાર આપવાની લેખિત બાંહેધરી આપેલ હતી. ત્યારબાદ સભામાં હાજર, સમાજના અગ્રેસર વડીલોએ આ ઘટના બદલ દુ:ખદ આશ્ચર્ય વ્યક્ત કરેલ હતું. અને જવાબદાર ભાઈઓને જાહેર મંચ દ્વારા વિનંતી કરેલ કે ભૂલ સુધારી નાખો, જેથી સમાજની ઈજ્જત સચવાઈ રહે અને સંપ, સંઘઠન મજબુત બની રહે.

નોંધઃ નિર્માણ સમિતિના, મુંબઈ વસતા, જે ભાઈઓ, આ વિષયની ચર્ચા કચ્છમાં જ કરવાનો આગ્રહ રાખતા હતા, તેઓ સર્વે જવાબદાર ભાઈઓ, રાયણની સભા દરમ્યાન, કચ્છમાં જ હાજર હોવા છતાં આ સભામાં ઈરાદા પૂર્વક ગેર હાજર રહેલ. કારણ કે જાહેરમાં સત્ય હકીકતોનો સામનો કરવાની નૈતિક હિંમત તેમનામાં નથી, તે વાત અહી સ્પષ્ટ થાય છે.

૧૯. માંડવી હોસ્ટેલ કૌભાંડનું દુષ્કૃત્ય પાછળના લોકો પોતાના બચાવ માટે શાનો મુખ્ય સહારો લઈ રહ્યા છે? અને તેની પાછળના તથ્યો શું છે?

જવાબઃ

a) માંડવી હોસ્ટેલના જવાબદાર ભાઈઓ, પોતાના દુષ્કૃત્યને સાચું ઠરાવવા માંડવી અને મુંબઈ વિસ્તારમાં એવો ખોટો અને પાયા વિહોણો પ્રચાર કરી રહ્યા છે કે અમોએ જે કર્યું છે, તે કાયદાને અનુરૂપ કરેલ છે, કોઈ ખોટું કામકરેલ નથી. અને માંડવી હોસ્ટેલવાળી મિલકત નિર્માણ સમીતીનીજ માલિકીની છે. જેમાં કેન્દ્રીય સમાજને કોઈ લેવા દેવા નથી. ઉપરાંત અમો આપણા વિસ્તારમાં હાઈ સ્કુલ બનાવવા માંગતા હોઈ, તેના માટે જરૂરી નવું સાર્વજનિક ટ્રસ્ટ બનાવેલ છે. તેમાં નિર્માણ સમિતિની મિલકત એટલે કે માંડવી હોસ્ટેલની મિલકત તબદીલ કરેલ છે. પહેલાં નિર્માણ સમિતિ સંચાલન કરતી હતી, હવે નવું ટ્રસ્ટ કરશે.

(નોંધઃ ઉપરોક્ત બચાવ વાળી રજૂઆત તદ્દન સચ્ચાઈથી વેગળી છે. સાચી વાત જાણવા માટે જુઓ બીડાણ ક્ર. ૩ અને ૪, જેમાં નિર્માણ સમિતિના પ્રમુખ અને મહા મંત્રી દ્વારા આમજનતાને મોકલવામાં આવેલ નિમંત્રણ પત્રિકાઓ ચ૨૦૦૫ (બીડાણ ક્ર.૩) અને ૨૦૦૭ (બીડાણ ક્ર. ૪) માં સ્પષ્ટ નિર્દેશ કરેલ છે કે માંડવી હોસ્ટેલની મિલકત કેન્દ્રીય સમાજ દ્વારા ખરીદાયેલ છે.)

b) ભવિષ્યમાં જ્યારે માંડવી હોસ્ટેલ કૌભાંડની જનતા સમક્ષ ખુલ્લી પડે, ત્યારે તે કૌભાંડને વાજબી ઠરાવવાના હેતુથી, કૌભાંડ પાછળના જવાબદાર ભાઈઓ દ્વારા અગાઉથી જ, પૂર્વ તૈયારીના રૂપે, લોકોની સહાનુભુતિ (તેઓ લોકોના સાચા હિત ચિંતક છે, અને આ કાંડ લોકો માટે તેઓએ કર્યું છે, તેવી તેમની જુઠ્ઠી વાતો લોકો સહેલાઈથી પચાવી શકે તે માટે) પોતાની તરફ પહેલેથી મેળવી લેવાના હેતુથી, કેન્દ્ર સમાજ વિરુધ્ધ ખોટા પ્રચાર કરી રહ્યા છે. જેમકે નખત્રાણા વાળા ભાઈઓ આપણા માંડવી વિસ્તારને વર્ષોથી અન્યાય કરી રહ્યા છે. હવે સહન નથી થતું. આપણે પ્રગતિ કરી રહ્યા છીએ, તેનાથી તેઓ ખુશ થતા નથી, એટલા માટે નખત્રાણા વાળા આપણને આપસમાં ઝાગડાવે છે અને આપણી આવી સારી પ્રગતિને અટકાવી રહ્યા છે. અમે હાઈ-સ્કુલ બનાવવા માંગીએ છીએ પણ તે કરવા નથી આપતા. અને નખત્રાણા મધ્યે સમાજમાં આપણને પુરતું પ્રતિનિધિત્વ પણ નથી આપતા. આવો ખોટો પ્રચાર કરીને લોકોને ગેર માર્ગે દોરી રહ્યા છે. વધુમાં આવા જુઠ્ઠાણા ભર્યા મુદ્દાઓને લઈને અગાઉ તા.૨૩.૦૭.૨૦૧૨ ના વાંઢાય મધ્યે ''પૂર્વ કચ્છ પાટીદાર સનાતન એકતા મંચ'' ના નામે સભા બોલાવીને કેન્દ્રીય સમાજથી છેડો ફાડીને પોતાની અલગ સમાજ રચવાની પેરવી કરવાના હીન-પ્રયત્નો કરવામાં આવ્યા હતા, જે લોક જાગૃતિના કારણે નિષ્ફળ પુરવાર થઈ. હવે આ જ પ્રમાણેની યોજના મુંબઈ ખાતે અજમાવવા ''કચ્છ કડવા પાટીદાર એકતા મંચ મુંબઈ'' ના નામે એક સમાજ વિરોધી સંઘઠન ઉભું થઇ રહ્યું છે, જેમાં **''સનાતન'' શબ્દનો છેદ ઉડાડી અને સતપંથના ભાઈઓને સાથે રાખી સંઘઠન બનાવી રહ્યા છે.**

નોંધઃ સમાજ વિરુધ્ધ દુષ્કૃત્યો આચરનાર સમાજના ઘણા આગેવાનોનું સામાજિક પદ, તેમની પ્રતિષ્ઠા માન મર્યાદા અને આબરૂ લોકોની નજરમાં સાવ જ ઉતરી જતાં, તેઓ જે મૂળ રીતે, સામાજિક સત્તા અને વિવિધ પદો ભોગવવાના આદી બની ચુક્યા છે, તેઓને પોતાની ખુરશી બચાવવાનો, હવે કોઈ રસ્તો સુજતો ન હોવાથી, યેન કેન પ્રકારેણ (ગમે તેમકરીને), પોતાનું સામાજિક

અસ્તિત્વ ટકાવી રાખવા માટે, છોડી દીધેલા સતપંથીઓને પાછા ગળે લગાવી, માંડવી વિસ્તારની સનાતની સમાજને તોડવાના ભયંકર પાપના ભોગે, એક નવો મંચ ઉભો કરી રહ્યા છે. જેથી એમની મેલી મુરાદને ઓળખવી અત્યંત જરૂરી છે.

૨૦. એક વાક્યમાં સમજાવો કે આ મુદ્દે કોણ સાચું અને કોણ ખોટું?

જવાબઃ એક પક્ષ કહે છે કે મિલકત સમાજની છે અને સમાજને સોંપી દો. બીજો પક્ષ જાણે એમકહે છે કે મિલકત અમારી છે, પાછી લઈને તો બતાવો. આના પરથી તમે પોતે જ સમજી લો કે કયો પક્ષ સાચો છે અને કયા પક્ષનો અંગત સ્વાર્થ છે.

૨૧. આ વિષય પર દસ્તાવેજી પુરાવાઓ અને વધુ જાણકારી ક્યાં મળશે?

જવાબઃ અમુક મુખ્ય દસ્તાવેજો અહી જોડેલ છે. આ વિષય પર બધાજ દસ્તાવેજો સમાજ પાસે ઉપલબ્ધ છે. સભાઓની વિડીઓ રેકોર્ડીંગ પણ ઉપલબ્ધ છે. ઘણા સમાજના આગેવાનો પાસે આ દસ્તાવેજોની પ્રત પણ મળશે. ઈન્ટરનેટ પર સભાની વિડીઓ રેકોર્ડીંગ પણ જોવા મળે છે.

૨૨. સંદેશોઃ

વાત ફક્ત માંડવી હોસ્ટેલ કૌભાંડની નથી. વાત છે સમાજમાં વિઘ્નસંતોષી લોકોની કે જેઓ પોતાના અંગત સ્વાર્થ અને અહમપોસવા માટે, આપણી સનાતની સમાજને તોડવાની પેરવી કરી રહ્યા છે. તે માટે તેઓ એકતા મંચ, માંડવી હોસ્ટેલ કૌભાંડ, યક્ષની નદીથી પૂર્વની એક અલગ સમાજ ઉભી કરવાના પ્રયાશો, વગેરે વગેરે, અન્ય રીતે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

આવા લોકો સમાજમાં ક્યારે ફાવે? એ ત્યારે ફાવી શકે કે જ્યારે આપણે નિષ્ક્રિય રહીએ. ભલે બીજું આપણાથી થાય કે ન થાય, પણ સમાજની સભાઓમાં માત્ર હાજરી તો આપી શકીએને! કમસે કમસમાજનું હિત અને નીતિમત્તા ટકાવવા માટે જે લોકો ભોગ આપતા હોય, તેમને પ્રોત્સાહિત તો કરી શકીએ ને! ખરે ખર સમાજમાં જો સાચા માણસો સક્રિય રહે તો, આવા કૌભાંડ કરનાર લેભાગુ, વિઘ્નસંતોષી, સત્તાના લાલચુ વગેરે લોકો ફાવી ન જ શકે. આ માંડવી હોસ્ટેલ કૌભાંડના ષડયંત્રનું મૂળ કારણ જ આપણી નિષ્ક્રિયતા છે. આપણી હાજરી, આવા વિઘ્નસંતોષી લોકો, કે જે સનાતની સમાજને તોડવા પાછળ પડ્યા છે, તેવા લોકોને અટકાવવા માટે બહુ મુલ્યવાન છે. સભામાં હાજરી હશે તો તેવા લોકો તેમના જુઠ્ઠાણાઓ ચલાવી નહિ શકે. માટે જ આપણી સમાજના હિતમઅ કામકરનાર લોકોનું મનોબળ જળવાઈ રહે તે માટે હાજરી આપવાની પવિત્ર અને નૈતિક ફરજ આપણી બધાની છે.

અસ્તુ,

ગંગારામહિરાલાલ સાંખલા

(પ્રમુખશ્રી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ)

વાંઢાય ઉમિયા માતાજીનું મંદિર ક્યારે અને કોના દ્વારા અસ્તિત્વ માં આવ્યું? તેનો એક રીપોર્ટ

જ્યારે ભારતભરમાં અમારી (સનાતન ધર્મ જાગૃતિની) સભાઓ ચાલતી હતી ત્યારે અમારે જુના પુસ્તકો મેળવીને તેનો અભ્યાસ કરવાનું અતિ મહત્વનું હતું. તે સમયમાં જ્યાં જ્યાંથી જેમમળે તેમજુના દસ્તાવેજો અથવાતો જુના પુસ્તકો મેળવવાનું અમારી માટે અનિર્વાય હતું. કારણ કે અમારા ભાષણોમાં જૂની બની ગયેલી ઘટનાઓથી લોકોને માહિતગાર કરવા હતા તેમજ અમે જે કંઈ બોલીએ તેના દસ્તાવેજી પુરાવાઓ પણ હાથ વગે કરવા પડતા હતાં. નવા પુસ્તકો ફંગોળતાં મને કોટડા વાળા વડીલ

શ્રી અરવિંદ ભાઈ કરસન લીબાણી (વેલુભાઈ સલાટ) પાસે થી એક નાની પુસ્તિકા મળી જે સન ૧૯૪૫ માં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, નખત્રાણા દ્વારા છપાવીને પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આપણું વાંઢાય ઉમિયા માતાજીનું મંદિર કઈ રીતે, ક્યારે, કોના દ્વારા અને કેવા સંજોગોમાં અસ્તિત્વમાં આવ્યું તેની સવિસ્તાર માહિતી આ પુસ્તિકામાં ઉપલબ્ધ છે. આ પુસ્તિકાની મૂળ પ્રત મારી પાસે આજે પણ ઉપલબ્ધ છે.

આ એક અતિ મહત્વનો અને એક ઐતિહાસિક દસ્તાવેજ છે જેનાથી એ પુરવાર થાય છે કે વાંઢાય ઉમિયા માતાજીનું મંદિર પરમપૂજ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી તેમના શિષ્ય પ.પુ. દયાળદાસજી મહારાજના ના માર્ગદર્શન હેઠળ આપણી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજે સને ૧૯૪૪ ના રામનવમીના દિવસે અસ્તિત્વ માં આવ્યું છે. આપણી અત્યારની પેઢીને અને ભાવી પેઢીને આનું જ્ઞાન હોવું જરૂરી છે અન્યથા ભવિષ્યમાં સતપંથ ના ભાઈઓ એવો દાવો કરશે કે આ મદિર પણ અમારું છે. જેવી રીતે આજે તેઓ દાવો કરે છે કે સનાતનીઓની કેન્દ્રીય સમાજ આપણી સૌની (સતપંથ અને સનાતાનીઓની) હૈયારી છે. અને કચ્છ કડવા પાટીદાર સતપંથ સમાજ, જે લગભગ ૫૦૦ વરસ જૂની છે તે અમારી આઉગી સમાજ છે.

ઉપરોક્ત પ્રસિધ્ધ થયેલ પુસ્તિકા રૂપી દસ્તાવેજમાં જાણવા લાયક અમુક વાતો....

૧) આ મંદિર "શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ" હેડ ઓફીસ - નખત્રાણા, દ્વારા ઉભું કરવામાં આવેલ છે. (તે સનાતન સમાજ એટલે આપણી આજની કેન્દ્રીય સમાજ). વાચક વર્ગ ને જણાવવાનું કે આપણી કેન્દ્રીય સમાજની વિધિવત સ્થાપના ૧૯૬૦ માં થયા પહેલાં તે સમાજનું નામશ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ હતું અને તેના પ્રથમપ્રમુખ જ્ઞાતિ સુધારક વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી હતા જેઓ સન ૧૯૫૭ સુધી આ સમાજના પ્રમુખ રહ્યા. અને મહામંત્રી હતા શ્રી નથુભાઈ નાનજી કેશરાણી.

૨) સનાતની ભાઈઓ કે જેમણે સુધારક ભાઈઓ પણ કહેવાય છે, (સતપંથ ધર્મ સામે લડત લેવાવાળા સનાતની ભાઈઓને સુધારક ભાઈઓ કહેવાતા). આ સુધારક વડીલો દ્વારા દ્વારા આ મંદિર ઉભું કરવામાં આવેલ છે.

૩) સનાતનીઓના તે વખતના ધાર્મિક માર્ગ દર્શક અને ધર્મગુરૂ શ્રી ઓધવરામ મહારાજે જાતે આ મંદિરના બાંધ કામની દેખ રેખ રાખી હતી. અને આપણી જ્ઞાતિ ઉપર એટલો પ્રેમહતો કે આ જ્ઞાતિના લોકોને પોતાની કુળદેવી શ્રી ઉમિયા માતાજીના દર્શને જવું હોય તો છેક ઉત્તર ગુજરાતમાં ઊંઝા ગામે જવું પડતું તેથી તે સંતશ્રીને વિચાર આવ્યો કે કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિજનો માટે જો કચ્છમાં જ કુળદેવી શ્રી ઉમિયા માતાજી નું મંદિર બને તો તેમની આસ્થા, મા ઉમિયા પ્રત્યે દ્દઢ બની રહે. બાકી સતપંથના પીરાણાના સૈયદો તો આપણને (આપણા પૂર્વજોને) એમજ ઠસાવતા હતા કે તમારી કુળદેવી તો આધશક્તિ બીબી ફાતમા છે જે ઈમાંમશાહ બાવાની ઘરવાળી હતી. જુઓ તો ખરા કેટલું બધું જુઠ્ઠાણું આ સૈયદોએ આપણી જ્ઞાતિ ઉપર ચલાવેલું

૪) જગદ જનની કુળદેવી શ્રી ઉમિયા માતાજી ની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તા, ૨.૦૪.૧૯૪૪ માં રામનવમીના પવિત્ર દિવસે કરવામાં આવેલ હતી. જેની પાટોત્સવ તરીકે વાંઢાય માં આપણે દર વરસે રામનવમી ના દિવસે કરી રહ્યા છીએ.

૫) મંદિર બનાવવા પાછળનો હેતું પીરાણા સતપંથમાંથી આપણી જ્ઞાતિને છોડાવવાનો અને સનાતન ધર્મ તરફ વાળવાનો અને

સનાતની ભાઈઓની શ્રધ્ધા કુળદેવી ઉમિયા માતાજી પ્રત્યે વધારે દઢ થાય તે માટે કરવામાં આવ્યો હતો.

આ દસ્તાવેજમાં ઓધવ રામમહારાજ, દયાળદાસ મહારાજ, રતનશી ખીમજી, પરબત લખુ, નથુ નાનજી જેવાં મહાન સનાતની ભાઈઓના પ્રવચન વાંચવા મળશે કે જેમાં પીરાણા સતપંથને ત્યાગવાનો ચોખો સંદેશ અને આદેશ આપવામાં આવ્યો છે.

નોંધ: આગળ વધતાં મને ખુબ ખેદ થાય છે કે આપણા આવા પવિત્ર ધર્મ સ્થાનને અમુક મવાળવાદી લોકોની ખરાબ નજર લાગી ગઈ છે. એવા અમુક મવાળવાદીઓ આ સંસ્થામાં અમુક ઉચ્ચ હોદ્દાઓ ભોગવી રહ્યા છે. આપણી આ પવિત્ર સંસ્થાને આવા આસુરી શક્તિ વાળા મવાળોથી બચાવવા આપણે સૌ સનાતની ભાઈઓએ સુસજ્જ થવું પડશે. અને કાયમ ચોક્કના રહેવું પડશે. જેથી સતપંથના ભાઈઓ ભવિષ્યમાં એવો દાવો ન કરે કે આ સંસ્થામાં તેઓનો પણ ભાગ (હિસ્સો) છે. આની માટે જેમમાંડવી તાલુકાના ભાઈઓ, કંઠી વિસ્તારના ભાઈઓ દૈનિક ધોરણે વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનમાં સક્રિય થઈને સેવા આપે છે તેવીજ રીતે નખત્રાણા તાલુકાના આથમણા પાંચાડાના અને ધંગપટ વિસ્તારના ભાઈઓ પણ સક્રિય થશે તો સતપંથના ભાઈઓ અને મવાળવાદીઓ આ સંસ્થા ઉપર હાવી નહિ થઇ શકે. જગદ જનની મા ઉમિયા માતાજી આપણે સૌને સદભાવના આપે એવી એમની પાસે પ્રાર્થના કરું છું.

તા. ૯.૧૦.૨૦૧૭ ના ઉમિયા માતાજી ઊંઝા સંસ્થાને સનાતન-સતપંથ બાબતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ચાલતા વિવાદ બાબતે આપેલ ચુકાદોઃ

ઉપરોક્ત ચુકાદાની મૂળ નકલ

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના

સનાતન અને સતપંથના વિવાદ અંગે

નિમાયેલ લવાદનો નિર્ણય

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ વિશ્વના કડવા પાટીદારોની સર્વોચ્ચ અને અંગત માલિકીની એકમાત્ર ધાર્મિક સંસ્થા છે તેથી પાટીદાર સમાજના હિતોનું રક્ષણ કરવાનું, સમાજમાં સંપ-સહકાર-સંગઠન-ભાવાત્મક એકતા-ભાઈચારો અને મા ઉમિયા પ્રત્યેનો ભક્તિભાવ વધે તે માટેના પ્રયાસો કરે છે. આ સંસ્થા દ્વારા સમાજમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ થાય તે માટેના પ્રયત્ન કરવામાં આવે છે. આ સંસ્થાનો પારદર્શક અને વિકાસલક્ષી અભિગમ હોવાથી આ સંસ્થાનું સમાજમાં આગવું સ્થાન છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત)

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

॥ શ્રી ઉમામ્બા શરણમસ્તુ જન્માન્તરેઽપિ ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૨

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં વર્ષોથી ચાલતા સનાતન અને સતપંથ ના જે વિવાદ ચાલે છે તે માટે આ બન્ને સંસ્થાઓએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાને લવાદગીરી સોંપી છે જે બન્ને પક્ષોએ લવાદગીરી સ્વીકારી છે. બન્ને સંસ્થાઓ સનાતન સમાજે **તા. ૧૫-૦૯-૨૦૧૫** અને સતપંથ સમાજે **તા. ૨૮-૦૯-૨૦૧૫** ના રોજ પોતાની સંસ્થાના લેટર પેડ ઉપર લખી સંસ્થાઓના જવાબદાર **૧૧-૧૧** પ્રતિનિધિઓના નામ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં રજુ કર્યા હતા. તે અંતર્ગત શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની વાર્ષિક જનરલ સભા તેમજ કારોબારી સભામાં અવાર-નવાર તેમના વિવાદો અંગે રજુઆતો કરવામાં આવેલ તેમજ બન્ને પક્ષના આગેવાનોએ રૂબરૂ અને ટેલીફોન દ્વારા આ વિવાદના ઉકેલ માટે રજુઆતો કરેલ તે અનુસંધાને આ બન્ને સંસ્થાના પ્રતિનિધિઓને અનેકવાર માતાજી સંસ્થાનમાં શાંતિથી સાંભળ્યા. બન્ને પક્ષ તરફથી ખુલાસા-પ્રતિ ખુલાસાઓ કરવામાં આવ્યા બન્ને પક્ષ સાથે અવાર-નવાર મિટીંગો કરીને સાંભળવામાં આવ્યા. આમ ખૂબ જ ઊંડાણ પૂર્વક બન્ને પક્ષોને સમજવાનો પ્રયત્ન કર્યો છે. મા ઉમિયાએ અમને જે સુઝાડયુ તેવી સુઝબુઝથી નીચેના નિર્ણય આપીએ છીએ. જે બન્ને પક્ષોએ અમલ કરવાનો રહેશે.

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com ● Email : umiyamatajiunjha@gmail.com ● / www.facebook.com/umiyamatajiunjh

॥ શ્રી ઉમામ્બા શરણમસ્તુ જન્માન્તરેષ્વપિ ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૩

(૧) સતપંથ અને સનાતન પંથ શબ્દોને કારણે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ વિભાજીત સ્થિતિમાં છે જેને કારણે સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થયેલ છે. જેથી સનાતન અને સતપંથ ને સમરસ કરવાની અત્યંત જરૂરીયાત છે. કચ્છ સમાજના સનાતન અને સતપંથના ભાઈ-બહેનો મા ઉમિયાના સંતાનો હોવાથી હવે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તરીકે ઓળખવાનો છે. હવેથી સતપંથ અને સનાતન પંથ શબ્દોનો પ્રયોગ કરવાનો રહેશે નહિ અને તે પ્રમાણે સમગ્ર સમાજે સામાજિક વ્યવહાર કરવાનો છે.

(૨) ઈમામશાહ શબ્દ મુસ્લીમ (ઈસ્લામધર્મ) સાથે જોડાયેલો છે જેથી મુસ્લીમ (ઈસ્લામધર્મ) ના કોઈપણ ક્રિયાકર્મો-વિધિ વિધાન સતપંથ સમાજે કરવી યોગ્ય નથી. કચ્છ કડવા પાટીદાર સમાજના સતપંથમાં માનવાવાળાઓએ સંપૂર્ણ પણે હિન્દુ ધર્મના ઈશ્વર તથા ઈશ્વરના અવતારો તથા દેવી-દેવતાઓ વગેરેનું પૂજન કરવું તથા હિન્દુ ધર્મના શાસ્ત્રોનું વાંચન તેમજ તેના પ્રવચનોમાં ભાગ લેવો જોઈએ. જેથી સતપંથ અને સનાતન સંપ્રદાયે સમરસ થઈ સાથે મળીને હિન્દુ ધર્મની ઓળખ ઊભી કરવાની છે. તેથી સમગ્ર સમાજ હિન્દુ કડવા પાટીદાર તરીકે ઓળખતી કરવાનો છે.

(૩) પીરાણાપંથની જે સંસ્થા છે તે સંસ્થામાં કચ્છ કડવા પાટીદાર સમાજના સતપંથમાં માનનારા વર્ષોથી પોતાની આવકના ૧૦ % ફાળો આપે છે જેથી આ સંસ્થાનો સંપૂર્ણ વહીવટ હિન્દુ સનાતન ધર્મ મુજબ આપણા સમાજ પાસે એટલે કે કચ્છ કડવા પાટીદાર સમાજ પાસે રહે તે ખાસ જરૂરી છે. જેથી આ ફંડ આપણા સમાજના વિકાસ માટે વાપરી શકાય.

(કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત))

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunj

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

Trust Regd. No.: A-943, Mehsana PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૪

(૪) ધણા સમયથી બન્ને પક્ષે વ્યક્તિગત સામાજિક કે અન્ય સંસ્થાઓમાં એકબીજા સામે કોર્ટ કચેરીમાં જે કેસો કરવામાં આવ્યા છે તે આજ તારીખથી ૬૦ દિવસ સુધીમાં કેસો સંપૂર્ણપણે પાછા ખેંચી લેવા જેથી બન્ને પક્ષે સદભાવ અને પ્રેમ જળવાઈ રહેશે.

(૫) કચ્છ કડવા પાટીદાર સમાજમાં બહેન દિકરીઓ અને સગા વ્હાલાઓ એકબીજાના ઘરે જાય નહિ તેવા જુદા-જુદા ઠરાવો થયેલ છે તે રદ કરવા અને બહેન દિકરીઓ, ભાઈઓ અને સગા વ્હાલાઓમાં બહિષ્કારનું વાતાવરણ ઉભુ થયેલ છે તે નાબુદ કરી સમાજમાં ભાઈચારા અને પ્રેમનું વાતાવરણ ઊભુ કરવું. જેથી કરીને સામાજિક સંગઠનોને સમરસ કરી શકાય.

(૬) અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં આપણા પૂર્વજોએ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓની સ્થાપના કરેલી તે વખતે બન્ને સંપ્રદાયોની સંયુક્ત મિલકતો અને સામાજિક સંબંધો હતા. તેમાં એમની સમજ એવી હતી કે સાથે રહેવાથી ધીરે ધીરે સતપંથમાં માનનારા સનાતન હિન્દુ ધર્મના પ્રવાહમાં ભળી જશે અને તેના પરિણામો પણ આવ્યા છે. હજુ પણ કેટલાક પ્રસંગો સાથે ઉજવવામાં આવે છે. તેથી સતપંથમાં માનનારા ભાઈ-બહેનો સમજપૂર્વક મોટા પ્રવાહમાં ભળી જાય તેવી મા ઉમિયાની ઈચ્છા છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત)

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com ● Email : umiyamatajiunjha@gmail.com ● / www.facebook.com/umiyamatajiunjh

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥
Trust Regd. No.: A-943, Mehsana
PAN : AAATK2933L
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

૫

(૭) પિરાણા પંથ વિષ્ણુ ભગવાનના દસ અવતારોમાં દસમા અવતાર તરીકે નિષ્કલંકી નારાયણમાં માને છે. જે હિન્દુ ધર્મની માન્યતા વિરૂધ્ધ છે તેના બદલે આપણા હિન્દુ ધર્મના શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ વિષ્ણુ ભગવાનના દસમા અવતારમાં કલકી નારાયણ તરીકે અવતરવાના છે તે મુજબ તેની આરતી/પૂજા કરવી

આપણા હિન્દુ ધર્મનો મહાન ગ્રંથ ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને અધ્યાય ૩માં ૩૫મા શ્લોકમાં નીચે પ્રમાણે કહ્યું છે.

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधन श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

સારી રીતે આચરવામાં આવેલા અન્યના ધર્મ કરતાં ગુણ વિનાનો હોવા છતાં પણ પોતાનો ધર્મ ઘણો ચઢિયાતો છે. પોતાના ધર્મમાં મરવું પણ કલ્યાણકારી છે અને અન્યનો ધર્મ તો ભયપ્રદ છે. ॥ ૩૫ ॥

ઉપર મુજબના લવાદીના નિર્ણયની અમલવારી બન્ને પક્ષે સાથે મળી ભાઈચારાની ભાવનાથી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજે કરવી, જયારે મિટીંગો, સંમેલનો કરવાની જરૂર પડે ત્યારે સમાજમાં પ્રેમ અને ભાઈચારાનું વાતાવરણ ઊભુ કરવા ઝુંબેશ ચલાવવાની છે જેમાં શ્રી ઉમિયા માતાજી સસ્થાન-ઊંઝા હંમેશા કચ્છ કડવા પાટીદાર સમાજની સાથે છે અને રહેશે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા-૩૮૪૧૭૦. (ઉ.ગુજરાત)

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com ● Email : umiyamatajiunjha@gmail.com ● / www.facebook.com/umiyamatajiunjha

॥ શ્રી ઉમામ્બા શરણમસ્તુ જન્માન્તરેષ્વપિ ॥

Trust Regd. No.: A-943, Mehsana

PAN : AAATK2933L

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

Kadva Patidar Kuldevi Shri Umiya Mataji Sansthan, Unjha

<u>૬</u>

આ ચુકાદાના અમલીકરણ માટે સમાજમાં વધુમાં વધુ પ્રચાર થાય તે માટે સમાજની મિટીંગોમાં અને સમાજની માસિક પત્રિકાઓમાં છાપી પ્રચાર કરવો.

ઉપરોક્ત નિર્ણય નીચે જણાવેલ લવાદ કમિટીએ સર્વાનુમતે કરેલ છે.

<u>શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની લવાદ કમિટી</u>

૧. શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ - ઊંઝા	પ્રમુખશ્રી
૨. શ્રી મણીભાઈ ઈશ્વરલાલ પટેલ - ઊંઝા	કન્વીનરશ્રી
૩. શ્રી દિલીપભાઈ મણીલાલ પટેલ - ઊંઝા	માનદમંત્રીશ્રી
૪. શ્રી વિક્રમભાઈ ધનજીદાસ પટેલ - ઊંઝા	સભ્યશ્રી
૫. શ્રી પ્રહલાદભાઈ જોઈતારામ પટેલ - મહેસાણા	સભ્યશ્રી
૬. શ્રી વસંતભાઈ નારાયણદાસ પટેલ - ઊંઝા	સભ્યશ્રી
૭. શ્રી બાબુભાઈ એચ. ધોડાસરા - રાજકોટ	સભ્યશ્રી
૮. શ્રી જયરામભાઈ ગોવિંદભાઈ વાંસજાળીયા - જામનગર	સભ્યશ્રી
૯. શ્રી જયંતિભાઈ કાલરીયા - રાજકોટ	સભ્યશ્રી
૧૦. શ્રી ગણેશભાઈ દ્વારકાદાસ પટેલ - સુરત	સભ્યશ્રી

(નારાયણભાઈ એલ. પટેલ)
પ્રમુખ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા

સ્થળ :- ઊંઝા

તારીખ :- ૦૮-૧૦-૨૦૧૭

Unjha : 384170 (North-Guj.) India. Phone : Office : 02767 - 245472, 245972, Fax : 245772,
Guest House : 246474, Bhojanalay : 245474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com • / www.facebook.com/umiyamatajiunjha

ઊંઝા ઉમિયા માતાજીએ આપેલ ચુકાદાના અમલીકરણ માટે એક સમિતિનું ગઠબંધન

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની શ્રી કચ્છ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-કેન્દ્રીય સમાજ (માતૃ સંસ્થા) તેમજ તેના દ્વારા નિર્મિત શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય અને શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ (સંસ્કાર ધામ) માં ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા આપેલ ચુકાદાના અમલીકરણ માટે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાને એક પેટા સમિતી બનાવી હતી તેમાં કેન્દ્રીય સમાજ તરફથી પાંચ નામો, સતપંથ તરફ થી પાચ નામો અને ઉમિયા માતાજી ઊંઝાના ૭ નામો મળીને ૧૭ જણાની એક અમલીકરણ સમિતિ બનાવવામાં આવી હતી. તેમાં કેન્દ્રીય સમાજ તરફથી નીચે જણાવેલ પાંચ ભાઈઓના નામો આપવામાં આવ્યા હતા. તે ભાઈઓની જ્યાં સુધી આપણી ત્રણે સંસ્થાઓનો સવાલ છે ત્યાં સુધી આપણી (એટલે કે તે પાંચ ભાઈઓની) નૈતિક જવાબદારીઓ એ હતી કે ઉપરોક્ત ત્રણે સંસ્થાઓમાં કોઈ પણ વ્યક્તિ જે પીરાણા સતપંથ ધર્મને માનતી હોય અથવા તો તેમાં આસ્થા ધરાવતી હોય તો તે ઉપરોક્ત ત્રણે સંસ્થા નો સભ્ય બની શકે નહિ, સભ્ય તરીકે ચાલુ રહી શકે નહિ અને તે સંસ્થાઓની કારોબારીમાં અથવા તો કોઈ પણ હોદ્દામાં લેવામાં આવી શકે નહિ અથવા તો ચાલુ રહી શકે નહિ.

તે અમલીકરણ સમિતિના આપણા તરફથી જે નામો આપવા માં આવ્યા હતા તે નીચે જણાવેલ ભાઈઓનો ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાને સમાવેશ કર્યો હતો.

- શ્રી હંસરાજ ભાઈ દેવજી ધોળુ (તે વખતના વાંઢાય ઉમિયા માતાજીના પ્રમુખ)
- શ્રી ડો. શાંતિલાલ મેઘજી સેંઘાણી (તે વખતના કેન્દ્રીય સમાજના ઉપ પ્રમુખ)
- શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી (સનાતન ધર્મ જાગૃતિ સમિતિના એક સભ્ય)
- શ્રી ચંદ્રકાંત કાંતિભાઈ છાભૈયા
- શ્રી ડો. વસંતભાઈ અરજણ ધોળુ (કેન્દ્રીય યુવા સંઘના તે વખતના પ્રમુખ)

ઉપરોક્ત અમલીકરણ સમિતિના આપણા તરફી પાંચ સભ્ય ભાઈઓમાંથી શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુનો અમલીકરણ બાબતે સતપંથી ભાઈઓ અથવા તો સતપંથ તરફી દાગી નેતાઓ સાથે કુણી લાગણી ધરાવતા હોય એવું એમની કાર્ય શૈલી ઉપરથી પ્રસ્થાપિત થતું હોય એમશ્રી ચંદ્રકાંત કાંતિભાઈ છાભૈયાને મહેસુશ થતાં તેઓએ પોતાની નૈતિક ફરજ સમજીને સમિતિમાંથી પોતાનું રાજીનામું કેન્દ્રીય સમાજને સોંપ્યું હતું. પણ જો કે કેન્દ્રીય સમાજે તે રાજીનામાં નો અસ્વીકાર કર્યો હતો.

ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયાનું ઊંઝા ચુકાદા અમલીકરણ સમિતિમાંથી રાજીનામું તા. ૮.૦૨.૨૦૧૮:

ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
સતપંથ વિષે ઊંઝાના નિર્ણયને અમલ કરાવવા
બનેલ - અમલીકરણ સમિતિનો એક સભ્ય,
હાલ મુંબઈ.
મો.: ૯૮૩૩૬૧૮૦૯૯
તાઃ ૦૮-ફેબ્રુઆરી-૨૦૧૮

પ્રતિ,

પ્રમુખશ્રી,

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,

નખત્રાણા

વિષયઃ સતપંથ વિવાદ અંગે ઉમિયા માતાજી ઊંઝા દ્વારા આપેલ તા.૦૮-ઓક્ટોબર-૨૦૧૭ના ચુકાદા અંગે, આપણી સમાજ વતીથી નિમાયેલ અમલીકરણ સમિતિના સભ્ય તરીકે મારું રાજીનામું

સંદર્ભઃ ઉમિયા માતાજી વાંઢાય સંસ્થાના વહીવટ માટે નવી બોડી નીમતી વખતે થયેલ ગેરરીતિઓથી સનાતની સમાજમાં ખોટો સંદેશો ગયો જેથી સનાતનીઓની લાગણી દુભાઈ છે અને અપમાનની પીડા ભોગવે છે.

ઉમિયા માતાજીનો ઉપરોક્ત જણાવેલ તા. ૦૮-ઓક્ટોબર, ૨૦૧૭ના ચુકાદાના અમલીકરણ માટે કેન્દ્રિય સમાજ વતીથી પાંચ (૫) સભ્યો નક્કી કરવામાં આવેલ છે, જેમાં મને સ્થાન આપી સમાજની સેવા કરવાનો જે મોકો મને મળ્યો છે અને મારું માન વધ્યું છે, તે બદલ હું કેન્દ્રિય સમાજ, કારોબારી સમિતિ અને આપ પ્રમુખશ્રીનો દિલથી આભાર વ્યક્ત કરું છું.

૧. પૂર્વભૂમિકાઃ ઉમિયા માતાજી ઊંઝા ખાતે સનાતન સમાજનો પક્ષ મુકવા કેન્દ્રિય સમાજે મૂળમાં ૧૧ જણની સમિતિ બનાવેલ. તેમાં સનાતનીઓની ત્રણે માતૃ સંસ્થાઓના પ્રમુખો લેવામાં આવેલ. આમશ્રી ઉમિયા માતાજી વાંઢાય સંસ્થાના પ્રમુખ તરીકે હંસરાજભાઈ ધોળુ સભ્ય તરીકે સામેલ હતા. બાકીના ૮ આગેવાનોને તેમની ક્ષમતાને ધ્યાનમાં રાખીને જનતામાંથી લીધેલ હતા. તે સમિતિમાં હું હતો અને આપ સર્વે જાણો છો કે ઊંઝાનો ચુકાદા લાવવા પાછળ દિવસ રાત એક કરી, સતપંથ અંગે પુરાવાઓ ભેગા કરી, તેનું અધ્યયન કરી, સનાતન સમાજની મજબુત અને અસરકારક રજુઆત કરવામાં મેં મહત્વનો ફાળો આપેલ છે. કહેવાનો મતલબ અહીં એ છે કે સતપંથ અંગે તેની સ્થાપનાથી લઈ, આપણી જ્ઞાતિ સાથે થયેલ છેતરપીડી જેના કારણે આપણે તેમાં ફસાયા, ત્યારબાદ કેસરા પરમેશ્વરા, નારાયણ રામજી, રતનશી ખીમજી, સંત ઓધવરામબાપા વગેરેના કામોનો જીણવટથી અભ્યાસ કરી, આ અંગે પુરાવાઓ ભેગા કરી કેન્દ્રિય સમાજનો પક્ષ મુકેલ. તેની સાથે કેન્દ્રીય સમાજની સ્થાપના બાદ સતપંથીઓ દ્વારા આપણી સમાજના વડીલોને ખોટો વિશ્વાસ આપીને પાછલા બારણે પ્રવેશ મેળવી સમાજના વિકાસમાં અવરોધો નાખી, સમાજને બાનમાં લઈ, સતપંથ અને પીરાણા છોડ્યા વગર પોતાનું અસ્તિત્વ કેન્દ્રિય સમાજમાં જૂઠ અને છેતરામણીના દમપર ટકાવી રાખવાના કાવત્રા ઉજાગર કરેલ છે. આવી રીતે પરિસ્થિતિના દરેક નાનામોટા પાસાંનો અભ્યાસ કરવાના કારણે ઊંઝા દ્વારા સકારાત્મક ચુકાદો આપવામાં આવ્યો. આ આપણા માટે ખુબજ ગૌરવની વાત છે.

૨. વાંઢાય ચુંટણીથી પહેલાંની ચર્ચાઓઃ ઊંઝાના આ ચુકાદાનો સુમેળ રીતે અમલ માટે ઊંઝા દ્વારા એક બીજી પેટા સમિતિ એટલે કે અમલીકરણ સમિતિ બનાવવામાં આવેલ છે. જેમાં સનાતન સમાજના પાંચ સભ્યો, સતપંથ સમાજના પાંચ સભ્યો અને મધ્યસ્થી તરીકે ઉમિયા માતાજી ઊંઝા વતીથી સાત સભ્યો છે. જેમાં સનાતન સમાજ વતીથી શ્રી હંસરાજભાઈ ધોળુ પણ એક સભ્ય છે. આ અમલીકરણ સમિતિની તા.૦૭-જાન્યુઆરી-૨૦૧૮ના રોજ અમદાવાદ સોલા કેમ્પસમાં પ્રથમ બેઠક નક્કી થયેલ, તેની જાણ આપશ્રીને પણ હતી. આ બેઠકના બરાબર બે દિવસ પહેલાં ઉમિયા માતાજી મંદિર, ગાંધીનગરમાં સમાજની અમલીકરણ સમિતિ અને શ્રીસમાજ તેમજ યુવાસંઘના આગેવાનો સાથે અનોપચારિક બેઠક કરવામાં આવેલ. જેમાં ખાસ

ચર્ચામાં ઊંઝાના ચુકાદામાં પહેલું પગલું કે ૬૦ દિવસમાં કોર્ટ કેસો પાછાં ખેચવા અને આપણી અગામી રણનીતિ તૈયાર કરવામાં આવેલ હતી. જેમાં સંપૂર્ણ પરિસ્થિતિ અને સમાજનો સતપંથ વિષેનો ભૂતકાળ, સતપંથી દ્વારા ઘણી વખત વાયદાઓ કરી પાછળથી પોતાનો મતલબ નીકળી ગયા બાદ ફરી જવું, તેમજ હિંદુ દેખાવ અપનાવી સતપંથનું અસ્તિત્વ ટકાવી રાખવાની સતપંથની ચાલ વગેરે મુદ્દાઓ સામેલ હતા. અંતે સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવેલ, જેમાં શ્રી હંસરાજભાઈ ધોળુની પણ સંમતિ હતી, કે જ્યાં સુધી સતપંથીઓ સતપંથને સંપૂર્ણ રીતે છોડશે નહિ, ત્યાં સુધી તેઓને કોઈ પણ સનાતનીઓની સંસ્થામાં લેવા નહી. તેમજ એવું પણ નક્કી કરવામાં આવેલ કે જ્યાં સુધી સતપંથીઓ દ્વારા સમાજ અને સમાજના આગેવાનો ઉપર કરેલ બધાજ કેસો, કોઈ પણ શરત વિના, પાછા નહીં ખેંચે, ત્યાં સુધી અમલીકરણ સમિતિએ આગળ વધવું નહી.

આ રીતે કેન્દ્રિય સમાજ વતી નક્કી થયેલ તે રણનીતિ પ્રમાણે તા.૦૭-જાન્યુઆરી-૨૦૧૮ના ઊંઝાની આગેવાની હેઠળ મળેલ આ પ્રથમબેઠકમાં તેની સ્પષ્ટ રજુઆત કરવામાં આવેલ. જેને ઊંઝા અમલીકરણ સમિતિના એક સદસ્ય દ્વારા આપણો આવાજ દબાવવા ભરપુર પ્રયાસો કરવામાં આવ્યા, ખુબ ઉગ્ર પણ થયા. તેમણે ખુદ જણાવ્યું કે સતપંથના પ્રમુખ દેવજીભાઈ કરસન ભાવાણી, તેમજ મોરબી સ્થિત અન્ય સતપંથ તરફી લોકો તેમને વારંવાર મળતા રહ્યા છે. તેમના કહેવા પ્રમાણે સતપંથના આગેવાનોને ૧૫-૧૫ વખત સાંભળ્યા છે. પણ જ્યારે સનાતનીઓની વાત સંભાળવાની વારી આવી, ત્યારે સનાતનીઓનો આવાજ દબાવી દેવા તેમણે પ્રયત્નો કરેલ. આ વાત અહીં જણાવવા પાછળનું કારણ એટલું છે કે મૂળ અમલીકરણ સમિતિએ લીધેલ નિર્ણયથી ઉપરવટ જઈને, વ્યક્તિગત ધોરણે આ એક સદસ્ય દ્વારા ફોન કરીને સતપંથીઓને લેવા ભલામણ કરેલ અને હંસરાજભાઈ તેમની વાતમાં આવી ગયેલ, જેના કારણે સમાજને ખુબ મોટું નુકસાન ભોગવવું પડેલ છે.

આમકહેવાનો મતલબ એ છે કે આવા નિર્ણયોથી અમુક લોકો ખોટી અફવા ફેલાવે છે કે ઉમિયા માતાજી વાંઢાય એ અલગ સંસ્થા છે અને ઊંઝાના આવેલ ચુકાદા સાથે લેવા-દેવા નથી. તેવી ગેરસમજણ ફેલાવામાં આવે છે કે વાંઢાયમાં સતપંથીને લેવામાં કોઈ વાંધો નથી. જ્યારે ઉમિયા માતાજી વાંઢાયને પણ ઊંઝાનો ચુકાદો કેન્દ્રિય સમાજના સંકલનમાં રહીને લાગુ પડે છે. આવી સ્પષ્ટતા આપણે સર્વે રાખીએ એ જરૂરી છે. આમતેવી ગેરસમજો દૂર થાય તે માટે આપને વિગતે જણાવેલ છે. બીજી બાજુ, જો ચુકાદો લાગુ ના પડે તો પછી ઉમિયા માતાજી વાંઢાયે આ ચુકાદાનો અમલ કરવા સતપંથીઓને લેવાનો કોઈ પ્રશ્નજ ઉભો થતો નથી. એટલે બન્ને પરિસ્થતિમાં ઉમિયા માતાજી વાંઢાયે સ્વયંભુ રીતે કંઈ કરવાનું રહેતું નથી, એ વાત આપણે ધ્યાનમાં રાખીએ.

અમલીકરણ સમિતિના એક જવાબદાર સભ્ય તરીકે વાંઢાયની ચૂંટણી અંગે હું સતત ચિંતીત રહેતો હતો. કારણકે સમાજે બહુ મોટી જવાબદારી મારા શીરે મુકેલ છે. વાંઢાયમાં સતપંથીઓ ગેરરીતીથી પેસે નહિ તે અંગે સમાજના આગેવાનો સાથે મુંબઈ અને કચ્છ ખાતે ચર્ચાઓ કરેલ છે. તેના અનુસંધાને સમાજના આગેવાનો સાથે વાંઢાય ચુંટણીથી બે (૨) દિવસ પહેલા હંસરાજભાઈને તેમની ભુજ ઓફીસમાં મળવાનું થયેલ હતું. ઊંઝાના આદેશના અમલીકરણ વિષે વાત નીકળી ત્યારે હંસરાજભાઈએ કહ્યું કે મને મૂળ અમલીકરણ સમિતિના સદસ્ય તરફથી ફોન પર વિનંતી (મૂળ અમલીકરણ સમિતિ દ્વારા લીધેલ નિર્ણયથી ઉપરવટ જઈ) કરવામાં આવેલ કે સતપંથીઓને વાંઢાયના વહીવટમાં લેવામાં આવે. હંસરાજભાઈ એ કહેલ કે મેં તેમને સ્પષ્ટ રીતે કહી દીધું કે જ્યાં સુધી એ લોકો સતપંથને સંપૂર્ણ રીતે છોડશે નહિ, ત્યાં સુધી અમારી કોઈપણ સંસ્થામાં સતપંથીઓને લેવામાં નહી આવે. આવી રીતે મને હંસરાજભાઈએ ખાસ ભરોસો આપેલ હતો.

તે ઉપરાંત, એ બેઠકમાં એવી વાત નીકળી કે અમુક લોકો દ્વારા એવી ખોટી દલીલ થાય છે કે કેન્દ્રિય સમાજ સનાતનીઓની છે. પણ માતાજીને તો બધાજ માને છે તો પછી સતપંથીઓને વાંઢાયથી દૂર કેવી રીતે રખાય? ત્યારે ખુદ હંસરાજભાઈ ધોળુએ

વાંઢાયની સ્થાપનાનો અહેવાલ કાઢ્યો અને તેનું વાંચન બધાને સંભળાય તે રીતે કર્યું. તેમાં સંત ઓધવરામમહારાજ, સંત દયાળદાસ મહારાજ, કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખ શ્રી રતનશી ખીમજી ખેતાણી વગેરેના વક્તવ્યોનું વાંચન કર્યું. હાજર સર્વેને ખાતરી થઈ કે વાંઢાય સંસ્થાને સનાતનીઓ દ્વારા સતપંથમાંથી જ્ઞાતિને છોડવવા માટે ઉભી કરવામાં આવેલ સંસ્થા છે. માટે વાંઢાયની ઉમિયા માતાજી સંસ્થાના વહીવટમાં સતપંથીઓને ક્યારેય લેવા જોઈએ નહિ. આ હંસરાજભાઈ સહીત હાજર બધા જ લોકોએ માન્યું હતું. ચોખવટ કરવામાં આવી કે માતાજીને માનવું અને સંસ્થામાં સભ્ય બનવું એ બન્ને જુદી બાબતો છે. જે લોકોના એટલે કે સતપંથીઓના વિરુદ્ધમાં જે સંસ્થા સ્થપાઈ હોય તો તેવા સતપંથીઓને આ સંસ્થામાં ન લઇ શકાય, એવી સ્પષ્ટતા થઇ. એટલે મને ફરી વિશ્વાસ બેઠો કે હંસરાજભાઈના હાથમાં દોરી સંચાર હશે તો તેઓ સતપંથીઓને વાંઢાયના વહીવટમાં લેશે નહીં.

બીજી બાજુ વાંઢાય ચુંટણીની આગલી રાત્રે નખત્રાણા ખાતે કેન્દ્રિય સમાજના આગેવાનો, લખપત તાલુકાના આગેવાનો, અને માંડવી તેમજ કંઠી વિસ્તારના આગેવાનોની અનોપચારિક મીટીંગ થયેલ. તેમાં આપ પ્રમુખશ્રી, ઉપ-પ્રમુખ ડો શાંતિલાલ સેંઘાણી, બીજા ઉપ-પ્રમુખ દામજીભાઈ વાસાણી, મહામંત્રી શ્રી, સહ-મંત્રીશ્રીઓ, ખજાનચીશ્રી, યુવાસંઘના પ્રમુખ રવિભાઈ ધોળુ, યુવાસંઘ પૂર્વ પ્રમુખ જયંતીભાઈ લાકડાવાળા અને અન્ય ઘણા લોકો હતા. તેમાં જ્યારે હંસરાજભાઈનું શું વલણ હશે તે મુદ્દો સામે આવયો ત્યારે કંઠી વિભાગના શ્રી મણીલાલભાઈ ભગત અને શ્રી કેશવભાઈ લીંબાણીએ એક અવાજે ભરોસો આપેલ હતો કે હંસરાજભાઈ ઊંઝાના ચુકાદાની વિરુધ્ધ નહિ જાય. એમપણ કહેવામાં આવ્યું હતું કે અહીંથી જે લાઈન દોરી નક્કી થશે તેનાથી એક પણ શબ્દ હંસરાજભાઈ બહાર નહિ જાય. માટે મને ફરીથી એવો વિશ્વાસ આવ્યો કે જો હંસરાજભાઈ પ્રમુખ બનશે તો વાંઢાય ખાતે સતપંથીઓને લેવામાં નહીં આવે.

૩. ચુંટણીમાં થયેલ ગેરરીતિઓ: હવે વાત લાવું છું ઉમિયા માતાજી વાંઢાયમાં હાલ તા.૨૮-જાન્યુઆરી-૨૦૧૮ના વરાયેલ નવી વહીવટી ટીમની થયેલ વરણીમાં ગેરરીતીઓ વિષે.

વાંઢાય ખાતે મીટીંગનો દોર જેમજેમઆગળ વધતો ગયો, તેમતેમએવું દેખાવા લાગ્યું કે વહીવટ માટેની નવી ટીમપસંદ કરવાનો સંપૂર્ણ અધિકાર શ્રી હંસરાજભાઈને મળશે અને તેવું થયું. સામાન્ય સભાએ સર્વાનુમતે હંસરાજભાઈને સંસ્થાના પ્રમુખ તરીકે પસંદ કર્યા તેમને **"એકલાને"** સંપૂર્ણ અધિકાર આપ્યો કે બાકીના સભ્યોને તેઓ પસંદ કરી લે. હંસરાજભાઈએ પોતાના કામનો ભાર હળવો કરવા અન્ય ચાર વડીલોને પંચમાં સાથે લીધા. જેમાં આપશ્રી અને અન્ય ત્રણ મહાનુભાવો હતા. પરંતુ લોકમુખે ચિંતા વ્યક્ત કરતી વાતોમાં સાંભળવા મળ્યું કે કદાચ સતપંથીઓને લેવામાં આવશે. તેનું કારણ હતું કે હંસરાજભાઈએ પોતાનાં ભાષણમાં સતપંથીને ઉદ્દેશી ઘણી વાતો કરી અને તેઓ ચુંટણીથી પહેલા સતપંથીઓ સાથે મીટીંગ પણ કરેલ છે, તેવું તેમના સ્વ-મુખે કહેલ હતું. વધુમાં સનાતનીઓની આ પવિત્ર સંસ્થામાં સતપંથીઓને મંચ પરથી બોલવા દઈને હંસરાજભાઈએ સનાતનીઓની લાગણીઓને દુભાવેલ પણ હતી. એટલે મને થયું ક્યાંક કાચું ન કપાઈ જાય એટલે હંસરાજભાઈને સાવચેત કરવા જરૂરી છે. ત્યારે હિંમતભાઈ ખેતાણી અને કેશુભાઈ લીંબાણી વગેરે અમે સાથે હતા. અમોએ હિંમતભાઈને કહ્યું કે તમે હંસરાજભાઈને ભલામણ કરો કે સતપંથીને સંસ્થામાં ન લેવા જોઈએ. ત્યારે હંસરાજભાઈ ચોખવટ ન કરી અને અન્ય પંચો પર ભાર નાખી દીધો. એટલે અમોને એમલાગ્યું કે બીજા પંચો તો સનાતની છે એટલે વાંધો નહીં આવે. આ વિષયે કેશુભાઈ લીંબાણી અને મારી વિસ્તૃત ચર્ચા થઇ ત્યાર બાદ આ અંગે અમો આસ્વસ્થ થયા.

પણ છેલ્લે જયારે વહીવટી ટીમનાં નામો જાહેર થયાં, ત્યારે આટ-આટલું કહેવા છતાંપણ સતપંથીઓને લેવામાં આવ્યા. છેલ્લા

ઘણા સમયથી જે વિષય પર હું હંસરાજભાઈ સાથે ચર્ચામાં હતો અને હંસરાજભાઈ મને વિશ્વાસ આપતા હતા કે સતપંથીઓને નહી લેવામાં આવે, આમતેજ વિષયમાં મારી સાથે વિશ્વાસઘાત થયો અને સતપંથીઓને લેવામાં આવ્યા. તપાસ કરતાં જાણવા મળ્યું કે ખુદ હંસરાજભાઈનો આગ્રહ અને હઠ હતો કે સતપંથીઓને વહીવટમાં લેવા છે. એ તો આપશ્રીનું દબાણ હતું એટલે સતપંથીઓને કારોબારીમાં સીધી રીતે નથી લીધા, પણ આમંત્રિત તરીકે લીધા છે. આ ફરક એવો છે કે કહેવા માટે કહી શકાય કે તેમને કારોબારીમાં નથી લીધા, પણ તેમને આમંત્રિત તરીકે લઇને સામાન્ય લોકોમાં એવો સંદેશો આપ્યો છે કે સતપંથીઓને વાંઢાયમાં લીધા છે. સામાન્ય લોકોને આ ફરકની કોઈ અસર દેખાય નહી. તેમને તો માત્ર એટલું જ દેખાયું કે સતપંથીઓને વાંઢાયની સનાતનીઓની પવિત્ર સંસ્થામાં લીધા. પરિણામએવું આવ્યું છે કે સ્થાનિક સમાજોમાં ખરાબ વિપરીત અસર પડી. દાખલા તરીકે નેત્રા ગામમાં વાત ફરતી થઇ ગઈ કે વાંઢાયમાં જો સતપંથીઓને લીધા હોય, કારણ કે તેઓ ત્યાં સભ્ય છે, તો પછી આપણા ગામએટલે કે નેત્રા ગામમાં આપણે પણ સતપંથીઓને સભ્ય તરીકે લઇ લઈએ. આ વાતની જાણ વ્યક્તિગત રીતે આપશ્રીને પણ સારી રીતે છે જ, જરૂર પડે તો તપાસી લેશો.

૪. પરિણામઃ વાંઢાયમાં સતપંથીઓને લેવાથી પરિણામકેટલું ગંભીર આવી શકે તેની કલ્પના ખુદ હંસરાજભાઈને નહિ હોય, એવું મને લાગે છે. પણ મારો મુદ્દો એ છે કે હંસરાજભાઈને અગર કોઈ કારણ સર મને અને અન્ય સનાતની આગેવાનોને આપેલ ખાતરી અને વિશ્વાસથી, કોઈ મજબૂરી વશ પણ કેમન હોય, જો જુદા પગલાં લેવા પડતા હોય, તો તેની જાણ કરતાં તેમને કેટલી વાર લાગે? કમસે કમએક ફોન તો કરી શકે ને? અમલીકરણ સમિતિના સભ્ય તરીકે હું આ વિષે પહેલાંથી સતત ચિંતિત હતો અને હંસરાજભાઈના સતત સંપર્કમાં હતો. ત્યારે મને વિશ્વાસમાં લેવાની તેમની પહેલી ફરજ હતીને.! છતાં તેમન કરીને મારી સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. આજ સુધી મને વિશ્વાસમાં નથી લેવામાં આવ્યો. સામાન્ય સભા પૂરી થાય બાદ જ્યારે અમો હજી મંડપમાં જ હતા, ત્યારે પણ હંસરાજભાઈને મેં કહ્યું કે મને તમારી સાથે વાત કરવી છે, તો તેમણે કહ્યું કે હું તને આવતી કાલે ફોન કરીશ. પણ હજી સુધી ફોન આવેલ નથી.

હાલમાં લગભગ બે-ત્રણ દિવસ પહેલાંનો લોનાવાલા ખાતેનો એક તાજા દાખલો છે. જેમાં વાંઢાયમાં સતપંથીઓને લેવાના નિર્ણયનો દુરુપયોગ થયાનો દાખલો સામે આવેલ છે. તે વાંઢાયની ગેરરીતિના કારણે ખોટું પરિણામજોવા મળ્યું છે. લોનાવાલામાં સતપંથી પ્રેમદાસબાપુની એક શિબિર યોજાઈ હતી. આધારભૂત સુત્રોથી એવા સમાચારો મળ્યા છે, કે એ શિબિરમાં ઊંઝા દ્વારા આપેલ ચુકાદાનો અમલ કરવા ઈચ્છુક અમુક સતપંથના ભાઈઓ દ્વારા પ્રશ્ન કરવામાં આવ્યો કે ચુકાદાનું પાલન કેવી રીતે કરવું? ત્યારે મંચ ઉપરથી તદ્દન જૂઠ કહેવામાં આવ્યું કે હજી તો ચુકાદામાં ઘણા બધા ફેરફારો કરવાના બાકી છે, જે થશે. આપણે પીરાણા છોડવાનું નથી. આપણે સતપંથ છોડવાનું નથી. આપણે સાચા રસ્તા પર છીએ, એટલેજ તો વાંઢાયમાં આપણા અમુક ભાઈઓને કારોબારીમાં સ્થાન આપ્યું છે. જો આપણે ખોટા રસ્તા પર હોત, તો શું વાંઢાયની કારોબારીમાં આપણને સ્થાન મળત? આમખોટી વાત કહીને સતપંથ છોડવા ઈચ્છુક ભાઈઓના મનમાં મુંઝવણ ઉભી કરીને સતપંથ સાથે તેમણે જોડી રાખ્યા, સનાતની બનવાની વાતને દબાવી દીધી.

આવો જ એક બીજો દાખલો છે, કોલ્હાપુરનો. સતપંથના માજી પ્રમુખ શ્રી રામજીભાઈનો આખો પરિવાર એટલે શ્રી વીરજી લાધા ભાદાણી પરિવાર, જે સતપંથને છોડીને સનાતનમાં આવવા સ્થાનિક સનાતની સમાજ સાથે છેલ્લા ૩-૪ મહિનાઓથી સતત વાતચીતનો દોર ચલાવતા હતા. સ્થાનિક સમાજ સાથે મૌખિક સમજુતી પણ થઇ ચુકી હતી. તે સમજુતી મુજબ કોર્ટમાં બન્ને પક્ષો ઊંઝાના ચુકાદાને ધ્યાનમાં રાખીને એક થવા જઈ રહ્યા હતા. કોર્ટની આખરી તારીક હતી, ત્યારે વાંઢાયની આ ઘટનાથી તેઓ મૂંઝાઇ ગયા અને સતપંથને છોડવાની ના પાડી દીધી. કેન્દ્રીય સમાજના ઉપ-પ્રમુખશ્રી ગોપાલભાઈ લાલજી

ભાવાણી આ વિષે વાતચીત કરવા શ્રી વીરજી લધા પરિવારના સંપર્કમાં છે અને સંપૂર્ણ બાબતને જાણે છે. શ્રી વીરજી લધા પરિવારને સનાતનમાં આવવાથી અટકાવનારમાં મુખ્ય ભૂમિકા ભજવનાર શ્રી દેવજી કરસન ભાવાણી છે, જેમણે વાંઢાયમાં લેવામાં આવેલ છે. તો આવા માણસોને વાંઢાયમાં લેવાથી સતપંથીઓ ક્યારેય સનાતની નહી બને, તે ચોખ્ખી વાત છે. આ દાખલાથી બીજી વાત એ પણ જણાય છે કે સતપંથીઓ કેવી રીતે આપણા દ્વારા લીધેલ ઉદારવાદી પહેલનો દુરુપયોગ કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે અને બીજી બાજુ આપણને જૂઠ્ઠો ભરોસો દીધા કરે છે કે અમો અમારા લોકોને સમજાવીએ છીએ અને ધીરે-ધીરે સનાતનમાં ફેરવવીએ છીએ.

શું હંસરાજભાઈ ધોળુ આવું ઈચ્છતા હતા? મને ખબર છે ના. પણ ઉતાવળમાં અને કદાચ એમની હાર્દિક ઈચ્છા હોય કે મારા નેજા હેંઠળ માતાજીની સ્થાપનાના ૭૫ વર્ષનો કાર્યક્રમરંગે ચંગે ઉજવાઈ જાય, એ લાલચમાં કે મમતમાં હંસરાજભાઈથી ભૂલ થઇ ગઈ છે. એવું સંપૂર્ણ ઘટના ક્રમને ધ્યાનમાં લેતા, ચોખ્ખે ચોખ્ખું જણાઈ આવે છે. કદાચ આવી લાલચ તેમના મનમાં કોઈક બીજાએ નાખી દીધી હોય, તેવું પણ બનવા જોગ છે.

૫. રાજીનામાના નિર્ણય પાછળનાં કારણોઃ હવે મને સંપૂર્ણ ગળાડૂબ ખાતરી થઇ ગઈ છે કે મારી સાથે વિશ્વાસઘાત થયેલ છે અને સનાતની સમાજે જે મારા ઉપર વિશ્વાસ રાખીને સતપંથ અંગે જે જવાબદારી મુકેલ છે, તેમાં કદાચ ભવિષ્યમાં હું સફળ નહિ થાઉં. તેનું કારણ છે કે અમલીકરણ સમિતિમાં ઊંડા પૂર્વક, બધાજ પાંસાઓનું અધ્યયન કરીને, ખુબજ મહા મહેનતે નિર્ણય જયારે લેતા હોઈએ, ત્યારે બીજી બાજુ વિશ્વાસઘાત થાય અને એ નિર્ણયથી બરાબર વિરુધ્ધમાં કામ થાય, તો મારે આગળ શું કરવું એ મને સમજાતું નથી. આજે સમાજના લોકો મને પૂછતા થઇ ગયા છે કે જે વાંઢાયમાં સતપંથીને વહીવટમાં લેવાના નિર્ણય લેવાયો તેમાં શું અમલીકરણ સમિતિનું અનુમોદન છે? શું તમે હંસરાજભાઈ સાથે છો? અગર નહિ, તો તમારું વલણ સ્પષ્ટ કરો અને જરૂર જણાય તો રાજીનામું પણ આપી દો. વાંઢાયમાં આવું થવાથી, અમલીકરણ સમિતિનો કોઈ જ અર્થ ન રહેતો હોય, તો રાજીનામું આપવું જોઈએ એવું મને પણ લાગે છે. મારા હિસાબે અમલીકરણ સમિતિને હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં મૂકી દીધી છે, જે મારાથી સહન થતું નથી.

હવે ઊંઝાની મુખ્ય અમલીકરણ સમિતિના વિષે વિચારીએ. મુખ્ય અમલીકરણ સમિતિમાં નિર્ણય લેવાયેલ કે સતપંથીઓ દ્વારા પહેલા તમામ કોર્ટ કેસ પાછા ખેંચી લેવામાં આવ્યા બાદજ આગળ વધવું. હવે મુખ્ય અમલીકરણ સમિતિની ઉપરવટ જઈને આવો ઉતાવળિયો નિર્ણય લીધા પછી, અગર ભવિષ્યમાં ખબર પડે કે આ નિર્ણય ખોટો પડ્યો તો, કાલે ઊઠીને ઊંઝા વાળા કહી દઈ શકે છે કે તમે અમારા ઉપરવટ જઈને કામકર્યું છે, તો પરિણામભોગવો. તમે તમારા મન મરજી પ્રમાણે કામકરશો તો હવે અમો આ વિષે શા માટે ધ્યાન આપીએ? આમકહી તેઓ છોડી દેશે તો તેના જવાબદાર કોણ? આપણી પાસે કોઈ જ જવાબ નહી રહે. આમઆપણે બહુ મોટી ભૂલ કરેલ છે.

મારો આ રાજીનામા પત્ર જાહેર થાય બાદ, ઊંઝાવાળાને યેન કેન પ્રકારે સમજાવી લેવા પ્રયત્નો કદાચ કરવામાં આવે. કદાચ તેમને કહેવામાં આવે કે સતપંથીઓ પાસેથી લેખિતમાં લઇ લેશું કે તેઓ ઊંઝાનો ચુકાદોનું અમલીકરણ કરશે વગેરે વગેરે, તો તે માત્ર લીપાપોતી જ રહેશે નુકસાન થઇ ચૂક્યું છે. કોઈપણ સૈદ્ધાંતિક લડતમાં પગલાં ભરવાનો એક નિયત યોગ્ય સમય હોય છે. સમયથી પહેલાં પગલાં ભરાય તો બહુ મોટું નુકસાન થતું હોય છે. આવું ભૂતકાળમાં થયું છે. છતાં પણ આપણે સમયથી પહેલાં સતપંથીઓને સંસ્થામાં ભેળવવાનું પગલું ભરેલ છે. આવા સંભવિત પગલાં વિષે અમલીકરણ સમિતિમાં ખુબ ચર્ચા-વિચાર થયેલ હતી જ. સર્વાનુમતે નક્કી પણ થયેલ કે અત્યારે માત્ર કોર્ટ કેસ પાછા ખેંચવાનું પગલું પહેલાં લેશું. સતપંથી લોકો

કેટલો કેવો પ્રતિસાદ આપે છે તેના બાદ બીજા પગલાં પછી લેવા આમપણ ઊંઝાના ચુકાદાનું મોટેભાગે પાલન કરવાનું સતપંથીઓને જ છે.

હજી સુધી સતપંથીઓએ કોઈ સકારાત્મક પગલાં લીધા નથી. જેવાં કે, તેમની સમાજમાં ઊંઝાના ચુકાદોને પોતાની માસિક પત્રિકામાં છાપ્યો નથી. ઊંઝાના ચુકાદાનું અમલ કરવાનું રહેશે તેવું સતપંથના પ્રમુખ અને અન્ય સતપંથી લોકોએ કોઈ લેખિત સ્ટેટમેન્ટ છાપ્યું નથી. કોર્ટ કેસ પાછા ખેંચવા કોઈ પગલાં નથી ભર્યા. ઊલટું ઊંઝાનો ચુકાદા આવ્યા બાદ આપણા સનાતની આગેવાનો હિંમતભાઈ, રમેશભાઈ, પ્રેમજીભાઈ અને અન્ય વડીલો સામે ધરપકડનું વોરંટ કાઢ્યું છે. ગામવિરાણી-નાની (ગઢવાલી)ના કિસ્સામાં, આજ દિવસ સુધી, સનાતન અને સતપંથના વાસણો સહિયારા છે. તેવીજ રીતે કડવા પાટીદાર સમાજની વાડી પણ સહિયારી છે. પણ ઊંઝાનો ચુકાદો આવ્યા બાદ, આ ગામમાં, સતપંથવાળાઓએ સહિયારા વાસણઓ અને સહિયારી સમાજવાડીને સનાતનીઓને આપવાની ચોખ્ખી ના પાડી દીધી છે. આવી પરિસ્થિતિમાં જ્યારે સતપંથીઓ જરાપણ ચુકાદો સ્વીકારે નહિ અને સહિયારી સંસ્થામાં સનાતનીઓ સાથે વેર રાખીને સનાતનીઓ સાથે અન્યાય કરી સહિયારી મિલકતમાંથી બેદખલ કરતા જાય, ત્યારે પોતાના સનાતની ભાઈઓને અંધારામાં રાખીને સનાતની સમાજના ભોગે સતપંથીઓને ફાયદો થાય તેવા પગલાં લેવાની ક્યાં જરૂર હંસરાજભાઈને પડી એ મને સમજાતું નથી.

આવા ઉતાવળિયા નિર્ણય પાછળ તેમની રમત શું છે, એ મને ખબર નથી. સતપંથીઓને સનાતની સંસ્થામાં ભેળવવાના ઉતાવળિયા પગલાંઓના કારણે કાયદાકીય દૃષ્ટિથી સતપંથીઓને કોર્ટમાં, સનાતની સંસ્થાના સભ્ય હોવાનો દાવો મજબુત થાય તે રીતે, આપણે સામે ચાલીને પુરાવા તેમને આપેલ છે. વાંઢાયમાંથી હવે સતપંથીઓને કાઢવાની વાત આવશે ત્યારે તેઓ તે પુરાવાનો સહારો લઈ આપણી સામે કોર્ટમાં ઉભા રહી શકે તેમછે. ત્યારે આપણા પાસે બચાવનો કોઈ ઉપાય નહી રહે. કમસે કમજે સતપંથીઓને લેવામાં આવ્યા, તેમની પાસેથી આપણને સંપૂર્ણ સંતોષ થાય તેવીરીતે લેખિતમાં આધીન શરતોના અને બાહેંધરીઓ તો લેવી જોઈતી હતી ને? કોર્ટમાં આપના બચાવ માટે તેવું પણ કર્યું નહી. આ એક ભયંકર પરિસ્થિતિ છે.

વાંઢાયમાં મંચ ઉપરથી સતપંથી શ્રી રતનશી લાલજી વેલાણીએ આશ્વાસન આપેલ હતું કે અમે લોકો બધા સુધારા કરવા તૈયાર છીએ. અમે લોકો વાળની ચોટી રાખશું, જનોઈ પહેરશું વગેરે વગેરે. પણ વિરામવખતે લોકોની વચ્ચે બેઠા હતા ત્યારે ખુલ્લે આમકહેતા હતા કે અમે બધા સુધારા કરશું, લગ્નમાં ચોરી અને મરણ પછી ચે, એટલે અગ્નિદાહ પણ કરશું, પીરાણામાં લક્ષ્મીનારાયણ મંદિર અને ઉમિયામાંનું મંદિર પણ બનાવશું, પણ જોજો ભલા, પીરાણું કદીએ નહી મુકીએ. બાવાને નહી મુકીએ. આ છે ઇસ્લામી તાકિયાનો એક ઉમદા નમૂનો. જાહેરમાં મંચ ઉપર એક સંદેશો આપવો અને છુપી રીતે પોતાનો છૂપો એજન્ડા ચલાવવો. સતપંથી રતનશી લાલજી વેલાણીની વાતથી તેમની એટલે કે સતપંથ માટે અપનાવેલ ખુબ સારી રણનીતિના દર્શન થાય છે. તેઓએ જે રસ્તો બતાવ્યો, તેમાં તેઓ પીરાણા અને સતપંથ સાથે પોતાનું જોડાણ ટકાવી રાખી, સનાતનીઓ સાથે ભળવાની રણનીતિ ઉજાગર કરી છે. જેથી તેઓ હિંદુ છે તેવો દેખાવ કરી પોતાનું એટલે કે સતપંથનું અસ્તિત્વતો ટકાવી શકે, પણ સાથે સાથે ભવિષ્યમાં અન્ય હિંદુ લોકોને મુસલમાન સતપંથ ધર્મ તરફ વાળી શકવા માટે દરવાજો પણ ખુલ્લો કરી રાખ્યો છે. હંસરાજભાઈ ઇસ્લામી તાકિયાથી ખુબ સારી રીતે વાકેફ છે, પણ કોણ જાણે કેમ તેમના મગજમાંથી એ વાત, એ સમયે, કેમનીકળી ગઈ અને પોતે તાકિયાના શિકાર કેમ બની ગયા એ સમજવા જેવું છે.

કદાચ એવી વાત આવે કે, સનાતની સમાજ "અડીયલ" નથી, તેવી છબી ઉભી કરવા માટે, સતપંથીઓને સમાજમાં ભેળવવાની પહેલ કરવા પગલું ભર્યું છે. તો ધ્યાન રહે કે આ વાત પણ ઉપજાવી કાઢેલ છે. કારણ કે આ મુદ્દા ઉપર ખુબ

ઊંડાણપૂર્વક વિસ્તૃત ચર્ચા અમલીકરણ સમિતિમાં થઇ ચુકી છે. સતપંથીઓને સનાતન સમાજમાં ભેળવવાની પહેલ વર્ષો પહેલાં થઇ છુકી છે જ. પરિણામશું આવ્યું તે આપણે બધાને ખબર છે. જ્યારે સમાજ સનાતની છે તેવી ચોખવટ કરતો ફેરફાર કેન્દ્રિય સમાજના બંધારણમાં કરવામાં આવ્યો ત્યારે તે બંધારણને ચેરિટીમાં કેસ કરીને સતપંથીઓએ અટકાવ્યું. સબુત તરીકે પોતે સતપંથી હોવા છતાં કેન્દ્રિય એટલે સનાતન સમાજના સભ્ય છે તેવું પુરવાર કરવા આપણે જ તેમને સભ્ય તરીકે લેવાની જે પહેલ કરેલ તે પહેલનો દુરુપયોગ કરી કોર્ટમાં પુરાવો રજુ કર્યો કે, તેઓ સતપંથી હોવા છતાં, કેન્દ્રિય સમાજના સભ્ય છે, માટે કેન્દ્રીય સમાજ સનાતની નથી. બીજો કિસ્સો છે, સતપંથી રતનશી લાલજી વેલાણીનો કે તેઓએ કેન્દ્રીય સમાજના પ્રમુખ હોવાનો ખોટો દાવો કર્યો છે અને ચેરિટીમાં સમાજ સામે કેસ કરેલ છે. બીજી ઘણી બધી વાતો છે, તે હમણાં જવા દો. આપણે તો સતપંથીઓને સંસ્થામાં સભ્ય બનાવીને પહેલ કરેલ છે. માટે હવે બીજું પગલું ભરવાની ફરજ સતપંથીઓની છે, આપણી નથી. આજ દિવસ સુંધી સતપંથીઓએ કોઈ સકારાત્મક પહેલ કરી? ના આવા બધાજ પાંસાઓને ધ્યાનમાં રાખીનેજ એવો નિર્ણય લીધેલ હતો કે સતપંથીઓ પહેલાં કોર્ટ કેસો પાછા ખેંચે, પછી આગળની વાત આગળ. પણ અમલીકરણ સમિતિના સભ્યો સાથે વિશ્વાસઘાત કરી નિર્ણય પ્રક્રિયાને નેવે મૂકીને જે હંસરાજભાઈએ આ કૃત્ય કર્યું છે, તેથી અમીલકરણ સમિતિને મજાકમાં ખપી ગઈ છે.

આપણા એટલે સનાતનીઓ પાસેથી પોતાને ગમતી પહેલ કરાવવા માટે અમુક લોકો પાસેથી એવી દલીલ કરાવવામાં આવે છે કે, વર્ષો પહેલાં ભારતના ઈતિહાસમાં જોશો તો દેખાશે કે અમુક હિંદુ લોકો ભૂલ કે મજબુરીથી મુસલમાન બન્યા બાદ, જ્યારે તેઓ પાછા હિંદુ બનવા માંગતા હતા, ત્યારે તેમણે હિંદુ ધર્મ ગુરુઓએ સ્વીકાર્યા નહીં. એટલે આજે મુસલમાનોની સંખ્યા ભારતમાં બહુજ વધી ગઈ છે. આ દલીલના આધારે સનાતનીઓને ભલામણ કરવામાં આવે છે, કે તમે પણ સતપંથીઓને પોતાના સમાજમાં સ્વીકારવાની પહેલ કરવી જરૂરી છે. આવી બૌધિક દલીલથી કોઈ પણ પ્રભાવિત થઈને અંજાઈ જાય. પણ ઊંડાણ પૂર્વક વિચારીએ તો જણાશે કે આ દલીલ ખોટી છે અને આપણને લાગુ નથી પડતી. દાખલામાં જણાવેલ લોકો મુસલમાનમાંથી હિંદુ બનવા માંગતા હતા પણ હિંદુઓ સ્વીકારવા તૈયાર ન હતા. પણ આપણા સમાજમાં આવું નથી. આપણે હિંદુ બનવા માંગતા દરેક સતપંથીને ખુલ્લા મનથી સ્વીકારવા માંગીએ છીએ, પણ સતપંથીઓને હિંદુ બનવું નથી. પ્રશ્ન છે કે શું સતપંથીઓને સતપંથ છોડવો છે? સતપંથને સંપૂર્ણ રીતે છોડીને સનાતનમાં આવવું છે? અગર ના, તો પછી સતપંથીઓને સનાતન સમાજમાં ભેળવવા માટે પહેલ કરવાની વાત કયાંથી આવે? ઊલટું અહીં સનાતની સમાજ કહે છે કે તમે હિંદુ બનો, પણ સતપંથીઓને હિંદુ બનવું જ નથી. આથી તમને સતપંથની રમત સમજાશે કે આપણા પાસે પહેલ કરાવી, પોતાનું સતપંથ સાથેનું જોડાણ ટકાવી રાખી, સનાતન સમાજની ઓળખ મેળવી, પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાની આ એક સુનિયોજિત ચાલ છે.

ઈતિહાસમાં આપણને મૂંઝવતા ઘણા પ્રશ્નોનો જવાબ છુપાયેલ છે. જ્યારે આવી પહેલ કરવાની વાત આવે છે, ત્યારે ભારતના ઈતિહાસમાં જોશું તો આપણને જવાબ મળી જાય છે. જ્યારે ભારત ઉપર મુસલમાન રાજાઓએ આક્રમણ કર્યું, ત્યારે તેઓ ભારતના રાજાઓને હરાવી શકતા નહિ. આ પરિસ્થતિમાં તેઓએ યુક્તિ કરી. તે યુક્તિ હતી દોસ્તીની પહેલ. લડાઈ કરવાથી કોઈ ફાયદો નથી, દોસ્તી રાખશું તો પ્રગતિ થશે, સંપ, સંગઠન, એકતા, પ્રેમ, ભાઈચારો વધશે, તો બધાંનું કલ્યાણ થશે, એવી મીઠી મીઠી લોભામણી અને સુફિયાણી વાતોમાં ભારતના રાજાઓ ને અંજાવી નાખતા. અને દોસ્તીની પહેલ કરવા પ્રેરાતા. લડાઈના મેદાનમાં દોસ્તીના નામે પહેલ કરવા ભેગા થતા અને મૌકો મળે એટલે ભારતના હિંદુ રાજાની પીઠ પાછળ વાર કરી વિદેશથી આવેલ મુસલમાન રાજાઓ ભારત પર કબજો કરવામાં સફળ થયા. આપણી સમાજમાં પણ આ રણનીતિ હાલની પરિસ્થિતિમાં પહેલું કામતો એ કરવું જોઈતું હતું કે પહેલાં આપણે ખાતરી કરવી જોઈતી હતી કે શું સનાતન સમાજમાં ભળવા

માટે સતપંથીઓ સાચે ગંભીર છે કે નહિ. મોઢાંની શાબ્દિક વાતો નહી, પણ વાસ્તવિક જમીન ઉપર શું શું પગલાં લીધા છે, તેની તપાસ કરવી જરૂરી હતી. આપણે સતપંથીઓને આપણી સંસ્થામાં લીધા, તો શું સતપંથીઓની ફરજ નથી કે તેઓ આપણા અમુક સનાતની ભાઈઓને તેમની સતપંથ સમાજમાં ટ્રસ્ટી કે સલાહકાર તરીકે લે? અને આ સનાતની ભાઈઓ દ્વારા સતપંથીઓને સનાતન સમાજમાં ભળવા માટે પ્રેરાય તેવા પ્રવચનો કરાવડાવે. કોઈ સનાતની સાધુને સતપંથ સમાજમાં બોલાવી સનાતન ધર્મની પ્રચાર કરાવડાવ્યો?. તેમને મોટીવેટ કરે, તેમના મુજવતા પ્રશ્નો દૂર કરીને સનાતન સમાજમાં ભળવા લોકોને આહવાન કરે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈતી હતી. સતપંથીઓએ આવી કોઈ વ્યવસ્થા નથી કરી આજ દિવસ સુધી. આવાં પગલાં અગર સતપંથીઓ નથી લેતા, તો તેનો મતલબ એમછે કે તેઓ પોતાની સતપંથ સમાજને ટકાવી રાખીને, પોતે સનાતન સમાજમાં ઘુસી, સનાતન સમાજમાં તોડફોડ કરવાની તેમની નીતિ છે. અથવા તો આવા લોકોનું પોતાના સમાજમાં કોઈ વજન પડતું નથી. તો પછી આવા લોકોને સનાતન સમાજમાં આમંત્રિત તરીકે લેવાનો કોઈ ફાયદો પણ નથી. તેમણે કહી દેવું જોઈએ કે, બીજાની વાત મુકો, પહેલાં તમે સનાતનમાં આવવા માંગતા હો તો આવી જાઓ. જે લોકો સતપંથમાં રહી જશે, તેના વિષે તમે ચિંતા મૂકી દો. સમાજ સક્ષમછે અને આ અંગે સમાજ પહોંચી વળશે. માટે સતપંથને છોડીને કાયમ માટે સનાતન સમાજમાં ભળી જાઓ. આવા અમુક પ્રશ્ન તેમની સામે મુકવાથી ખબર પડશે કે વાસ્તવમાં સનાતન સમાજમાં ભળવા તેઓ કેટલા ગંભીર છે. આવી નાની મોટી ઘણી બધી વાતો છે જેનો ઉપયોગ કરવાની હાલના સમયમાં સખત જરૂર છે.

હંસરાજભાઈએ સતપંથ વિષે લીધેલ અન્ય પગલાંઓ વિષે આપની સમક્ષ એક બીજી વાત પણ રજુ કરવા માંગું છું. જ્યારે કેન્દ્રીય સમાજ મોડાસા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા માટેનું આમંત્રણને ના સ્વીકારીને પત્રિકામાં નામ છાપવાથી દુર રહેલ હતી, ત્યારે વાંઢાય ઉમિયાધામનું નામ છાપવાની અનુમતિ અને તેમનું આમંત્રણ સ્વીકારવા અંગે અમલીકરણ સમિતિ સાથે હંસરાજભાઈએ એક સભ્ય તરીકે ચર્ચા કે સહમતિ સાધવી જોઈએ ને? કેમ કોઈને વિશ્વાસમાં લીધા વગર વાંઢાયનું નામ વિવાદિત મોડાસા મંદિરમાં વાપરવા અનુમતિ આપી દીધી? તેમજ કેન્દ્રીય સમાજ જેવું વલણ લેવું કે શું કરવું તે હકીકતને પણ હંસરાજભાઈએ ધ્યાને લીધેલ નથી, તેનો પણ હું એક સમિતિના સભ્ય તરીકે મારી નારાજગી વ્યક્ત કરું છું.

બીજી બાજુ હંસરાજભાઈના આ કૃત્યના કારણે મુખ્ય ઊંઝાની સમિતિના સભ્યોને એવો સંદેશો ગયો કે કેન્દ્રિય સમાજના પ્રતિનિધિઓને કદાચ વિશ્વાસમાં નહી લઈએ તો ચાલશે, પણ હંસરાજભાઈને વિશ્વાસમાં લેશું તો કામથઇ જશે. આના કારણે કેન્દ્રિય સમાજની છબી ઝાંખી પડી છે. નિર્ણય લેવાની સંપૂર્ણ પ્રક્રિયામાં કેન્દ્રિય સમાજના વલણ વિરુદ્ધ કામથવાથી કેન્દ્રિય સમાજની ગરિમાને નુકસાન થયું છે. પરિસ્થિતિ સુધારવા માટે ઊંઝાના આગેવાનોને એવો સંદેશો મળવો જરૂરી છે કે કેન્દ્રિય સમાજ જ સર્વોપરી છે. કેન્દ્રિય સમાજના વલણને અગર ધ્યાનમાં નહીં લઈએ તો આપણે પાર નહીં પડીએ. તેમને લાગવું જોઈએ હંસરાજભાઈ દ્વારા લીધેલ નિર્ણય ઉતાવળિયો અથવા તો કાચા વિચારનું પરિણામછે. જનતા કેન્દ્રિય સમાજ સાથે છે. માટે ચુકાદાનો અમલીકરણ કરવો હશે તો સંપૂરણ અમલીકરણ સમિતિને વિશ્વાસમાં લીધા વગર નહી થાય.

વાંઢાયમાં માતાજીની સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં જે કાર્યક્રમ ટૂંક સમયમાં ચાલુ થવાનો છે, તેમાં સતપંથીઓ આપણી સાથે ઉભા રહીને ફોટાઓ પડાવશે. છાપાઓમાં સમાચારો છાપાવશે. પોતાની પરિસ્થિતિ મજબુત કરવા બધાજ હથકંડાઓ અપનાવશે. જેનાથી અન્ય સમાજો અને સંસ્થાઓમાં એવો સંદેશ જશે કે સતપંથીઓને હવે સનાતની સમાજ સ્વીકાર્ય કરે છે. આમથવાથી ભવિષ્યમાં આપણે સતપંથીઓને સનાતની સંસ્થામાંથી દૂર ન કરી શકીએ. કોર્ટમાં આવા ફોટાઓ અને અહેવાલોને પુરાવા તરીકે આપણા સામે રજુ કરશે. જે બહુજ ભયાનક સ્થિતિ હશે. બીજી બાજુ સતપંથ સમાજમાં એવો સંદેશ જશે કે આપણે કોઈ સુધાર કરવાની જરૂર નથી. આપણે જેમાં છીએ તે બરાબર છે. અગર આપણામાં એટલે કે સતપંથ

કંઈક ખોટું હોત, તો સનાતન સમાજ વાળા આપણને પોતાની સાથે ભેળવત નહી. સતપંથમાં રહેશું તોય આપણું કંઇક અટકતું પણ નથી. તો પછી આપણે સતપંથમાંજ રહેવું જોઈએ. આમથવાથી સતપંથીઓને સનાતન સમાજમાં ભેળવવાનો ઉદ્દેશ પૂરો તો થશે નહી, પણ તેની ઉંધી અસર પડશે અને સતપંથીઓ સતપંથ ન છોડવા માટે પ્રેરાશે. જે લોકો સતપંથ છોડ્યા વગર સનાતન સમાજમાં ભળશે, તે લોકોની નિષ્ઠા સતપંથમાં હશે અને સનાતન સમાજનો દુરુપયોગ પોતાને હિંદુ તરીકે બતાવી પોતાના મુસલમાની સતપંથ ધર્મને સુરક્ષિત રીતે ટકાવી રાખવામાં કરશે.

જો આમથશે તો ભારત ભરમાં ચાલતી આપણી સનાતન સમાજની વ્યવસ્થા ખોરવાઈ જશે. સંત ઓધવરામ, સંત દયાળદસજી, સંત વાલદસજી, વડીલ નારાયણ રામજી, રતનશી ખીમજી વગેરે દ્વારા નાખેલ સનાતન સમાજના પાયાને ખુબ મોટું નુકસાન થશે. જે જે સમાજોમાં સતપંથ સાથે વિવાદ ચાલે છે, તેની સામે લડનાર આપણા સનાતની ભાઈઓનું મનોબળ તૂટશે. મહામહેનતે હાલમાં ભારતભારમાં જ્યાં જ્યાં સનાતની સમાજો ચોખ્ખી થઇ છે, ત્યાં ત્યાં વિવાદો ફરીથી ઉભા થશે અથવા તો કરવામાં આવશે. માટે ગંભીરતા સમજવાની જરૂર છે અને જે ભૂલ થઇ છે, તેને સુધારવાની ખુબજ તાતી જરૂર છે. જેના પર હમણાંથી તત્કાલીક ધોરણે કામે લાગી જવા હું સર્વેને આહવાન કરું છું.

ખુબ સોચ વિચાર કર્યા પછી અને પરિસ્થિતિનો ગંભીર અભ્યાસ કર્યા બાદ, મારા રાજીનામાની સંભવિત અસરોને ધ્યાનમાં લીધા પછી, મને લાગે છે કે જો અમલીકરણ સમિતિમાં અવિશ્વાસનો માહોલ હશે, તો સમિતિ ક્યારેય સફળ નહિ થાય. સમિતિના દરેક સભ્યો અને ખાસ કરીને સક્રિય સભ્યને વિશ્વાસમાં ન લેવાય તો સમિતિમાં એક અવાજ નહીં થાય. જો અમલીકરણ સમિતિના દરેક સભ્યોને વિશ્વાસમાં લઈને સતપંથ વિષે નિર્ણય ના લેવાય, તેમજ પગલાં ભરવામાં ના આવે, તો પછી મારું આ અમલીકરણ સમિતિમાં રહેવું યોગ્ય નથી. સનાતની સમાજે જે વિશ્વાસ અને લાગણીથી મારા ઉપર જે જવાબદારી મુકેલ છે, તેને હું પાર નહી પાડી શકું. અમલીકરણ સમિતિમાં અંદર રહું અને ખોટા નિર્ણયો થતા રહે, તો તે ખોટા નિર્ણયનો ભાગીદાર હું પણ ગણાઉ. મારે કોઈ પાપમાં પડવું નથી. સનાતની સમાજના વિશ્વાસ સાથે થતી રમત કે ગેરરીતીમાં હું ભાગ નહિ લઉં. એટલે વાંઢાયમાં થયેલ પ્રક્રિયાના વિરોધમાં હું મારું રાજીનામું આપું છું. સનાતની સમાજના સ્થાપક વડીલોના સિદ્ધાંતો અને મુલ્યોથી ભટકાઈને થનાર કોઈ કામમાં હું સહભાગી નહિ થાઉં. વાંઢાયમાં જે સતપંથીઓને લેવામાં આવેલ છે, તેમને સંસ્થામાંથી દૂર કરવાની મારી માંગણી છે. સાથે સાથે વિનંતી છે કે, વાંઢાયમાં માતાજીની સ્થાપનાના ૭૫ વર્ષના કાર્યક્રમમાં, અગર સતપંથીઓ સાથે હશે, તો તે કાર્યક્રમમાં કેન્દ્રિય સમાજ, યુવાસંઘ અને મહિલાસંઘે ભાગ લેવાથી પહેલા ગંભીરતાથી વિચારી લેવું જોઈએ.

મારે કોઈના સાથે અંગત વેરઝેર નથી. હંસરાજભાઈ માટે મને ખુબ માન સન્માન છે અને તેમને આદરણીય ગણું છું. પણ જ્યાં સિદ્ધાંતની વાત આવે છે ત્યાં હું સનાતની સિદ્ધાંત સાથે છું. સનાતની સિદ્ધાંતમાં કોઈ પણ રીતે બાંધછોડ કરવાના પક્ષમાં હું નથી. પછી ભલે સામે વળી વ્યક્તિ મારા ખુબજ નિકટ કે મારી માટે આદરણીય કેમન હોય.

અમુક લોકોએ હંસરાજભાઈના બચાવમાં એવી દલીલ કરી કે હાલમાં આપણે હંસરાજભાઈના વિરુદ્ધમાં કોઈ કડક નિર્ણય લેશું, તો હંસરાજભાઈ માંડવી હોસ્ટેલ કાંડમાં, સમાજ વિરુદ્ધ નિર્ણય આપી દેશે. મારી સામે આવી મુંઝવણ ઉભી કરી, મને ચુપ કરવાના પ્રયત્નો થયા છે. માંડવી હોસ્ટેલ કાંડમાં હંસરાજભાઈ તેમજ વિરોધી ટીમના દરેક સભ્યોએ અનેક વખત સ્વીકારેલ છે કે મિલકત સમાજની છે અને સમાજને પાછી મળવી જોઈએ. ખુદ શ્રી શિવદાસ ગોવિંદએ વાંઢાયમાં મંચ ઉપરથી હાલની મીટીંગમાં પણ આ વાત કહી છે. સમાજે એક નહી પણ અનેક દસ્તાવેજી પુરાવાઓ આ અંગે હંસરાજભાઈને પંચના રૂએ

આપેલ છે. જ્યાં સુધી હંસરાજભાઈને હું ઓળખું છું, ત્યાં સુધી મને ખાતરી છે કે હંસરાજભાઈની વિચાર શ્રેણી એટલી નીચલા સ્તરની નથી કે વેર-ઝેરની ભાવનાથી પ્રેરાઈ સમાજ વિરુદ્ધ ખોટો નિર્ણય આપશે. માંડવી હોસ્ટેલની મિલકત કેન્દ્રિય સમાજની છે અને તેના સંચાલનના, ફરીથી કહું છું, કે તેના સંચાલન સહીતના તમામહક્કો માત્ર કેન્દ્રિય સમાજનાજ છે, એવો નિર્ણય હંસરાજભાઈ મારફતે આવશે, એવી મને પૂરે પૂરી ખાતરી અને શ્રદ્ધા હંસરાજભાઈ ઉપર છે. આવી રીતે હંસરાજભાઈ ઉપર માંડવી હોસ્ટેલ કાંડમાં વિશ્વાસ મુકીને, હું મારા મનની મુંઝવણને દૂર કરી શક્યો છું.

હંસરાજભાઈ પાક્કા સનાતની છે, તેમાં મને કોઈ શંકા નથી. તેઓએ સનાતન સમાજના રક્ષણ માટે આગાઉ લીધેલ કડક નિર્ણયોને આપણે કોઈ ભૂલી શકીએ તેમનથી. ઘણી વખત તેઓએ પોતાની સુજબુજથી લેવાતા સંભવિત ખોટા નિર્ણયોથી સમાજને બચાવી છે. તેના માટે આપણે તેમના ઋણી છીએ. પણ મને લાગે છે કે છેલ્લા લગભગ એક વર્ષ પહેલાં, જ્યારથી તેમની સંગત બદલાઈ છે, ત્યારથી તેમના વ્યવહારમાં થયેલ બદલાવને લોકોએ નોંધ્યો છે. હંસરાજભાઈ ખુબ ચતુર છે. પણ તેમના સંગતમાં આવેલ નવા ભાઈઓ પણ ઓછા નથી. તે આપ સર્વે જાણો છો. બન્ને વચ્ચે સતત હોડ લાગી છે કે કોણ, કોને અને કેવી રીતે પ્રભાવમાં લે છે. બન્ને પાંગતિયાઓના હાવભાવ અને વર્તન ઉપરથી એવું લાગે છે કે બન્ને સમજે છે કે તેને સામેવાળાને પ્રભાવમાં લઈ લીધા છે. પણ બન્ને ભ્રમણામાં છે. બન્ને એટલા ચતુર છેને કે કોઈના પ્રભાવમાં લાંબા સમયે નહી રહે. હમણાં ભલે પોતે મનમાં રાજી થતા હોય કે હું સફળ થયો. પણ સમાજ બધુજ મુક મને જોઈ રહી છે. છેલ્લે જે સમાજ સાથે રહેશે, તેજ સફળ થશે. સામેવાળાને થકાવી દેનારું સમાજનું સંયમ અને ધીરે ધીરે કસાતી પકડ સામે કોઈ લાંબા સમય સુધી ટકી નહી શકે. મૂળ વાત પર આવું તો, મને લાગે છે કે હંસરાજભાઈનું માથું તેમના પાંગતિયાઓ કે નવા સંગતીયાઓએ ફેરવી નાખ્યું છે. રોજ રોજ દલીલો, વાતો કરી કરીને તેમના સનાતની તરીકે સ્પષ્ટ વિચારો પર કોઈ મુઝવણ અથવા તો કોઈક રમતનું ગ્રહણ લગાડી દીધું છે. નહી તો હંસરાજભાઈ સનાતન મુદ્દે આવા ઉતાવળિયા કે કાચા નિર્ણય લઈજ ના શકે. આવા ખોટી સંગતના કારણે હંસરાજભાઈ જેવા વ્યક્તિ કે જે એકલા પ્રવાહ વિરુદ્ધ ઉભા રહીને સમાજને સાચો રસ્તો દેખાડનાર, આ હિંમતવાન માણસથી આવી ભૂલ કેમથાય? ન થાય. પણ ભૂલ થઇ છે. આ ભૂલને સુધારવાની અત્યંત જરૂર છે. ખોટા પાંગતિયાઓને બદલાવવાની જરૂર છે.

હું ખાત્રી પૂર્વક કહું છું, કે માત્ર હું નહી પણ સંપૂર્ણ સનાતની સમાજ હંસરાજભાઈને આજે પણ ચાહે છે. આજના હંસરાજભાઈને નહી, પણ એક વર્ષ પહેલાના હંસરાજભાઈને. માટે હંસરાજભાઈને મારી બે હાથ જોડી, સર્વે વતી ખાસ હઠ પૂર્વક વિનંતી છે કે તેઓ એક વર્ષ પહેલા જેવા હતા, ખૂંખાર અને બધાને ગર્વ થાય તેવા, સનાતની તરીકે સાચા રૂપમાં સમાજ સાથે વ્યવહાર કરે. મારાથી ક્યાંક કડક કહેવાઈ ગયું હોય તો તે બદ્દલ દિલગીર છું. હંસરાજભાઈ પ્રત્યે મને લાગણી છે અને તેમના પાસેથી મને બહુ મોટી આશા છે એટલે કદાચ કડક શબ્દો ક્યાંય કહેવાઈ ગયા હશે, તો મને માફ કરી દેશે એવો મને વિશ્વાસ છે. મારા આ આક્રોશને તેઓ એક સાચા સનાતની તરીકે ખુબ સારી રીતે સમજશે, તેમાં બે મત નથી. મેં જે કંઈ કહ્યું છે તે સમાજને અધર્મમાં જતી અટકાવવા માટે કહ્યું છે, તેના શિવાય કઈજ નથી, તે પણ તેઓ સમજશે.

સમાજનો હું એક જવાબદાર નાગરિક તો છું, પણ તેની સાથે એક જવાબદાર કાર્યકર્તા પણ છું. મારી જવાબદારી માત્ર અમલીકરણ સમિતિના સદસ્ય પુરતી સીમિત નથી. તેની સાથે સાથે હું સમાજની પ્રચાર પ્રસાર સમિતિનો કન્વીનર છું અને વિઝન ડેવેલોપમેન્ટ સમિતિના પાયાના બે સભ્યોમાંનો એક સભ્ય પણ છું. સમાજમાં કોઈ ખોટો સંદેશો ન જાય અને ગયો હોય તો તેને સુધારવા પ્રયત્નો કરવા એ મારી ફરજમાં છે. મારા ઉપર આખા સમાજની નજર હોય છે, જેનું મને ખુબજ ધ્યાન છે. સમાજના સ્થાપક વડીલોની જે સમાજ માટે દૃષ્ટિ હતી, તે દૃષ્ટિથી સમાજ ભટકાઈ ના જાય એનું પણ ધ્યાન રાખવાની વિઝન

ડેવલોપમેન્ટ સમિતિના જવાબદાર સભ્ય તરીકે મારી ફરજ છે. વાંઢાય ખાતે જે ગેરરીતિ થઇ છે તેના વિરુદ્ધમાં મારી ફરજ પ્રમાણે મારો આવાજ ઉઠાવવીને હું સમાજને એક ઉચ્ચ દાખલો પણ આપવા માંગું છું, જેની નોંધ આપ સૌ ખાસ લેશો. હું સમાજનો જીવ છું, સમાજ સાથે મને પ્રેમછે. માટે સમાજને નુકસાન થાય તેવું હું ક્યારેય નહી કરું એવી ખાતરી પણ રાખજો.

આપશ્રીને વિનમ્ર અરજ છે કે આ પત્રને કારોબારી તેમજ સામાન્ય સભામાં વાંચનમાં લેશો. જેથી સમાજના લોકોને વસ્તુસ્થિતિની બરાબર જાણ થાય. પત્રને ટૂંકો રાખવાની ખુબજ કોશિશ કરી, પણ પત્ર ટૂંકો રાખવામાં સાચી વાત રજુ ન થાય તો તે પણ બરાબર ન કહેવાય એટલે બનતી કોશિશે જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં ટૂંકમાં વાત રજુ કરેલ છે. આ પત્ર દ્વારા સમાજની આત્માને ઝંજોડવાનો મારો પ્રયાસ છે. સમાજની સતપંથ અંગે નિર્ણય લેવાની અને વિચાર કરવાની પધ્ધતિને સાચા રસ્તા પર લાવવાનો મારો પ્રયત્ન છે. માટે સંપૂર્ણ પત્ર કારોબારી સમિતિમાં બધાની સમક્ષ વંચાય એ સમાજના હિતમાં હોઈ, આ પત્ર જાહેરમાં વંચાય તેવો મારો આગ્રહ છે.

જય માતાજી, જય લક્ષ્મીનારાયણ સહ,
લી.
ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
નકલ રવાના :
૧) શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ, ભુજ
૨) ડો. શ્રી શાંતિલાલ મેઘજી સેંઘાણી, નખત્રાણા
૩) શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી, ખારઘર – નવી મુંબઈ
૪) શ્રી વસંતભાઈ અરજણ ધોળુ, તલોદ

ઉપરોક્ત ચંદ્રકાંત ભાઈના રાજીનામા ની મૂળ નકલ

ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા – અમલીકરણ સમિતિમાંથી રાજીનામું – તા. ૦૮-ફેબ્રુઆરી-૨૦૧૮

હું ખાત્રી પૂર્વક કહું છું, કે માત્ર હું નહીં પણ સંપૂર્ણ સનાતની સમાજ હંસરાજભાઈને આજે પણ ચાહે છે. આજના હંસરાજભાઈને નહીં, પણ એક વર્ષ પહેલાના હંસરાજભાઈને. માટે **હંસરાજભાઈને મારી બે હાથ જોડી, સર્વે વતી ખાસ હઠ પૂર્વક વિનંતી છે કે તેઓ એક વર્ષ પહેલા જેવા હતા, ખૂંખાર અને બધાને ગર્વ થાય તેવા, સનાતની તરીકે સાચા રૂપમાં સમાજ સાથે વ્યવહાર કરે**. મારાથી ક્યાંક કડક કહેવાઈ ગયું હોય તો તે બદ્દલ દિલગીર છું. હંસરાજભાઈ પ્રત્યે મને લાગણી છે અને તેમના પાસેથી મને બહુ મોટી આશા છે એટલે કદાચ કડક શબ્દો ક્યાંય કહેવાઈ ગયા હશે, તો મને માફ કરી દેશે એવો મને વિશ્વાસ છે. **મારા આ આક્રોશને તેઓ એક સાચા સનાતની તરીકે ખુબ સારી રીતે સમજશે, તેમાં બે મત નથી.** મેં જે કંઈ કહ્યું છે તે સમાજને અધર્મમાં જતી અટકાવવા માટે કહ્યું છે, તેના શિવાય કઈજ નથી, તે પણ તેઓ સમજશે.

સમાજનો હું એક જવાબદાર નાગરિક તો છું, પણ તેની સાથે એક જવાબદાર કાર્યકર્તા પણ છું. મારી જવાબદારી માત્ર અમલીકરણ સમિતિના સદસ્ય પુરતી સીમિત નથી. તેની સાથે સાથે હું સમાજની પ્રચાર પ્રસાર સમિતિનો કન્વીનર છું અને વિઝાન ડેવેલોપમેન્ટ સમિતિના પાયાના બે સભ્યોમાંનો એક સભ્ય પણ છું. **સમાજમાં કોઈ ખોટો સંદેશો ન જાય અને ગયો હોય તો તેને સુધારવા પ્રયત્નો કરવા એ મારી ફરજમાં છે.** મારા ઉપર આખા સમાજની નજર હોય છે, જેનું મને ખુબજ ધ્યાન છે. **સમાજના સ્થાપક વડીલોની જે સમાજ માટે દૃષ્ટિ હતી, તે દૃષ્ટિથી સમાજ ભટકાઈ ના જાય એનું પણ ધ્યાન રાખવાની વિઝાન ડેવેલોપમેન્ટ સમિતિના જવાબદાર સભ્ય તરીકે મારી ફરજ છે. વાંઢાય ખાતે જે ગેરરીતિ થઇ છે તેના વિરુદ્ધમાં મારી ફરજ પ્રમાણે મારો આવાજ ઉઠાવવીને હું સમાજને એક ઉચ્ચ દાખલો પણ આપવા માંગું છું, જેની નોંધ આપ સૌ ખાસ લેશો.** હું સમાજનો જીવ છું, સમાજ સાથે મને પ્રેમ છે. માટે સમાજને નુકસાન થાય તેવું હું ક્યારેય નહીં કરું એવી ખાતરી પણ રાખજો.

આપશ્રીને વિનમ્ર અરજ છે કે આ પત્રને કારોબારી તેમજ સામાન્ય સભામાં વાંચનમાં લેશો. જેથી સમાજના લોકોને વસ્તુસ્થિતિની બરાબર જાણ થાય. પત્રને ટૂંકો રાખવાની ખુબજ કોશિશ કરી, પણ પત્ર ટૂંકો રાખવામાં સાચી વાત રજુ ન થાય તો તે પણ બરાબર ન કહેવાય એટલે બનતી કોશિશે જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં ટૂંકમાં વાત રજુ કરેલ છે. આ પત્ર દ્વારા સમાજની આત્માને ઝંજોડવાનો મારો પ્રયાસ છે. સમાજની સતપંથ અંગે નિર્ણય લેવાની અને વિચાર કરવાની પધ્ધતિને સાચા રસ્તા પર લાવવાનો મારો પ્રયત્ન છે. માટે સંપૂર્ણ પત્ર કારોબારી સમિતિમાં બધાની સમક્ષ વંચાય એ સમાજના હિતમાં હોઈ, આ પત્ર જાહેરમાં વંચાય તેવો મારો આગ્રહ છે.

જય માતાજી, જય લક્ષ્મીનારાયણ સહ, લી.

ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

<u>નકલ રવાના :</u>

૧) શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ, ભુજ
૨) ડો. શ્રી શાંતિલાલ મેઘજી સેંઘાણી, નખત્રાણા
૩) શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી, ખારઘર – નવી નુંમ્બાઈ
૪) શ્રી વસંતભાઈ અરજણ ધોળુ, તલોદ

16/02 2018

શ્રી અખિલ [illegible] પાટીદાર સમાજ
[illegible] 370 0615

Page 9 of 9

ચંદ્રકાંતભાઈ છાભૈયાએ અમલીકરણ સમિતી માંથી રાજીનામું આપ્યા પછી તે અમલીકરણ સમિતી માંયના અન્ય ત્રણ સદસ્યો શ્રીમાન શ્રી ડો. શાંતિલાલ મેઘજી સેંઘાણી, શ્રી પ્રેમજીભાઈ કેસરાણી અને ડો.વસંત ભાઈ ધોળુએ પણ કેન્દ્રીય સમાજને તા. ૧૫.૦૨.૨૦૧૮ ના પોતાનાં રાજીનામાં આપ્યા હતાં. જો કે કેન્દ્રીય સમાજે તે રાજીનામાં સ્વીકાર્યા નોહતાં.

તે ત્રણે જણાએ રાજીનામું નીચે પ્રમાણે આપ્યું હતું

તા.૧૫.૦૨.૨૦૧૮
પ્રતિશ્રી,
માનનીય પ્રમુખશ્રી એવં સમસ્ત કારોબારી,
શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ,
મુ. નખત્રાણા, જી. કચ્છ ભુજ.

બિષયઃ ઊંઝાની અમલીકરણ સમિતી સંલગ્ન શ્રી સમાજની સમિતિના સભ્યપદેથી રાજીનામાં અંગેઃ
જયભારત સહ જણાવવાનું કે તા. ૮.૧૦.૨૦૧૭ ના ઊંઝા સંસ્થાનો ચુકાદો આવેલ. તેના અમલની પ્રથમબેઠક તા. ૭.૦૧.૨૦૧૮ ના સોલામાં મળેલ. જેમાં નક્કી થયેલ કે સતપંથીઓએ જે કેસ કરેલા છે તે પાછા ખેંચાય પછી ચુકાદાના અન્ય મુદ્દે કાર્ય કરવું. તેમછતાં ઉપરવટ જઈ શ્રી હંસરાજભાઈએ અમલીકરણ સમિતિને વિશ્વાસમાં લીધા વીના વાંઢાય કમિટીમાં સતપંથીને લેવાતાં અમારા પર અનેક ફોન તથા રૂબરૂમાં સમાજના લોકો સવાલો કરે છે. આમબહુ મોટી ગેરસમજો ઉભી થઈ છે. અમને જણાયું કે અમારી ફરજ યોગ્ય રીતે અમે બજાવી શક્યા નથી. તે અમારી જવાબદારી સમજી આપ પ્રમુખશ્રીને અમારું રાજીનામું મોકલી આપીએ છીએ.

શ્રી વિશ્રામબાપાની ગોકળિયું નહિ છોડવાની ચળવળથી લઈ શ્રી કેસરા પર્મેશ્વરાની પીરાણાના ફતવા સામે સૌ પ્રથમજ્ઞાતિને તોડી સ્વામીનારાયણ ધર્મ સ્વીકારવાની ચળવળ, પછી શ્રી નારાયણ બાપાએ સતપંથમાં કોઈ સુધારા થઈ શકે તેમનથી તે ખાત્રીથી દેહશુધ્ધી બાદ જ સનાતની ચળવળ, શ્રી રતનશીબાપાની સતપંથને છોડીને જ લક્ષ્મીનારાયણમાં ભળી જવા ચળવળ, સંત શ્રી લાલરામજીની શીખથી તેના શિષ્ય સંત શ્રી ઓધવરામની લક્ષ્મીનારાયણ મંદિરો બંધાવવાની ચળવળ, તેમઅનેક ભાઈઓએ, આટલું જ નહિ મહિલાઓએ પણ સતપંથ છોડી દેવા ચળવળો ચલાવી છે. તે ચળવળકારોને આપણે પૂજીએ છીએ છતાં તેમના સિદ્ધાંતોની વિરુધ્ધ હાલ વાંઢાયમાં સતપંથીઓ ને સમાવા જેવી અનેક ભૂલોથી જ્ઞાતિમાં મોટી ગેરસમજો ઉભી કરીએ છીએ. હિંદુ સનાતન ધર્મના મુખ્ય ચારે ચાર શંકારાચાર્યો, સંત શ્રી લાલરામજી, સ્વામીનારાયણ ના સ્વામી શ્રી મુક્તાનંદજી જેવા ઘણા સંતોએ કહ્યું કે સતપંથ દ્વારા હિન્દુને નામે હિંદુઓને ભોળવી લોકોને ગુમરાહ કરી મુસ્લિમબનાવવાનું મોટું ષડયંત્ર છે. સતપંથમાં સુધારો શક્ય જ નથી એ આપણા પૂર્વજોએ સ્પષ્ટ કહેલ છે. ખુદ ઓધવરામમહારાજે તે કાવતરાનો ભોગ આપણી જ્ઞાતિ ન બને માટે માત્ર સનાતાનીઓ ને જ વાંઢાયનું મા ઉમિયાનું મંદિર સોંપેલ. તેના ઐતિહાસિક પુરાવાઓ મોજુદ છે. આમવાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન સનાતની લોકોનું જ છે. સઘળી તે બાબતોની શ્રી હંસરાજ ભાઈને જાણકારી છે. એટલું જ નહિ આ વિગતો એક બેઠકમાં તેમણે વાંચી સંભળાવેલ. તેવી હકીકતોની અન્ય હોદ્દેદારોને જાણ નથી હોતી અથવા જાણ હોવા છતાં સતપંથીને સમાવે છે, આથી ખોટા મેસેજ જાય છે કે વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન બધાનું (સનાતનીઓનું અને સતપંથીઓનું સહિયારું) છે. આમસતપંથ છોડી દેશે તે ભાવથી કેન્દ્રીય સમાજમાં સમાવાની શરતો હતી. તે સતપંથીઓ જ હવે ખોટો દાવો કરે છે કે કેન્દ્રીય સમાજ એ સતપંથીઓની પણ છે.

બધી હકીકતો શ્રી હંસરાજભાઈ સારી રીતે વાકેફ હોઈ સતપંથીઓ અંગે સિધ્ધાંતોમાં બાંધછોડ કરતા નથી, તેથી તેમને સહન કરવાનું આવે છે. છતાં નવા નવા અખતરા કોઈના કહેવાથી કરે તે શંકા ઉપજાવે છે. કેમકે જ્યારે જ્યારે ઊંઝા સંસ્થાનના વડાઓ આપણા સમાજમાં આવે છે ત્યારે ખાસ ભાર મુકીને કહેતા હોય છે કે નવી મિલકતોમાં સતપંથીઓને ભેળા રાખશો નહી. તેવો ચુકાદો પણ છે તે મુજબ કેસો પરત ખેંચાય પછી જ સતપંથીઓને ભેળવવા અંગે વિચારાશે. પ્રથમ સોલા કેમ્પસની બેઠકમાં શ્રી હંસરાજભાઈની હાજરીમાં જ નક્કી થયું છે.

જે સતપંથીઓ ચોરી ને ચેહ કરે તો સમાવા તે ૧૯૪૫ ના સમયની જરૂર હતી. પછી ૧૮ ને ૧૯ મી કલમ પાળે તો સમાવા તે ૧૯૬૦ ના સમયે જરૂરી હતું. પછી સતપંથ છોડશે તેવી ભાવનાએ તેને સમાવા તે કેન્દ્રીય સમાજે છૂટ આપેલ. તે પછી સતપંથને છોડી ને જ આવે નહીતર સતપંથીને સમાવા નહી, તે ૨૦૧૦ ના સમયે શ્વેતપત્રની જરૂર પડી. તેનું કારણ એ છે કે કેન્દ્રીય સમાજના સ્વર્ણિમમહોત્સવ પહેલાં અને પછી સતપંથ વિવાદ ચરમસીમાએ પહોંચ્યો. ત્યારે સમાજના ધુરીણોએ સમાધાનના ખુબ પ્રયત્નો કર્યા, પણ સફળતા મળી નહીં, ઉપરથી સમાધાન બેઠકમાં જ સતપંથીઓના કેસમાં પોલીસે શ્રી રમેશભાઈ વગાડીયાની ધરપકડ કરતાં પરિસ્થિતિ વિકટ બની. એવી તેવી અનેક સમશ્યાઓ, પોલીસ ફરિયાદો અને કોર્ટ કેસો વડે સતપંથના લોકો આપણામાં હાડમારી ઉભી કરે છે.

તેમાં અમુક બૌધિકો સમાજમાં ધર્મ ન લાવો એવી ભ્રમણા ફેલાવે છે. જરા વિચારો શું ધર્મ વિના સમાજ ચાલી શકે?? તો એવા ભ્રમઉભા કરવાનો અર્થ શું? સમાજમાં ધર્મના ઝઘડા ન હોય, સમાજમાં સંપ જોઈએ તે ફક્ત ડાહી ડાહી રૂપાળી વાતો જ છે. તેવી ડાહી વાતો, વિચારો કે આદર્શો અથવા સંપ કોને કહેવો તે અમે બધા જ સમજીએ છીએ. તે ભ્રમિત સતપંથીઓની તરફદારી ખોટા નિર્ણયો કરાવે છે, તેથી મોટે પાયે વિવાદો વકરે છે. આમ આખરે શ્રી સમાજને ઊંઝા ખાતે મા ઉમાના દરબારમાં રજૂઆતની નોબત આવી, ઊંઝા સંસ્થાને લવાદ સમિતિનું ગઠન કર્યું. આમસતત બે વર્ષના મંથન બાદ તા.૮.૧૦.૨૦૧૭ ના મા ઉમાના ગર્ભ ગ્રહમાં બંને પક્ષોને સાથે બેસાડીને તે ઐતિહાસિક ચુકાદો આપેલ છે. ત્યાંજ બંને પક્ષોએ મા ઉમાના ચુકાદાનો સહર્ષ સ્વીકાર કરેલ.

આ ચુકાદાને આવકારતાં કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીના જાહેર માધ્યમોમાં સમાચારો આવેલ છે. પરંતુ હજુ સતપંથના પ્રમુખ કે તેના અગ્રણીઓનો ઊંઝા ઉમિયા માતાજી દ્વારા આવેલ ચુકાદાને સ્વીકારતો કોઈ જાહેર ખુલાશો જાણવા મળેલ નથી. જો નક્કી કરેલા સિધ્ધાંતો અને ઉદ્દેશ્યોને આપણે જ તોડીએ તો તેની જ્ઞાતિ પર બહુ મોટી ગેરસમજણો ઉભી થાય છે. તે ગંભીર સ્થિતિને શ્રી ચંદ્રકાંત ભાઈએ તેના રાજીનામાં માં સારી પેઠે વણી છે. તે જો બૌધિકો કે સતપંથીઓને સમજાશે તો!!! માટે સતપંથીઓની વકીલાત કરવાનું જો અમુક લોકો બંધ કરે તો બધા સતપંથીઓ સનાતની થઇ જાય તેમછે. જેને નથી થવું તે અલગ જ્ઞાતિ તરીકે રહે અને જ્યારે સમજાય ત્યારે સતપંથ છોડીને આવે તેને માટે દરવાજા કાયમ ખુલ્લા જ છે આ સિધ્ધાંત સમજણ બૌધિકોને સમજાઈ જાય તો સમાજમાં સંપ કાયમ રહેશે.

અમારો આપ સૌ કારોબારી સભ્યો અને હોદ્દેદારોને ખાસ આગ્રહ છે કે શ્રી ચંદ્રકાંત ભાઈના તા. ૮.૦૨.૨૦૧૮ નું સંપૂર્ણ પણે વાંચન કરવામાં આવે તેમજ આપણી જ્ઞાતિના માસિક પત્રોમાં જાહેર કરવામાં આવે. શ્રી હંસરાજભાઈ સનાતનના પ્રખર સમર્થક છે અને સતપંથના ભાઈઓની ચાલને સારી પેઠે જાણે છે. છતાં આવું કરવા પાછળ તેમનો ઈરાદો શુધ્ધ હશે જ પરંતુ સતપંથીઓને ભૂતકાળમાં આવી તકો અનેક વાર આપવા છતાં શ્રી સમાજ સાથે અને જ્ઞાતિ સાથે અસામાજિક વૃત્તિ થી જ વર્ત્યા છે તેવું દેખાઈ આવે છે. જેનો પણ શ્રી ચંદ્રકાંત ભાઈએ તેના રાજીનામાં માં અમુક ઉલ્લેખ કરેલ છે. આથી આ રાજીનામાં નું

જાહેરમાં વાંચનથી અમુક અંશે ગેરસમજણો થતી અટકશે.

એજ લી.

ડો, શાંતિલાલ સેંઘાણીની સહી

પ્રેમજી કેસરાણીની સહી

ડો. વસંતભાઈ ધોળુની સહી

નકલ રવાના: ૧) શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ

૨) શ્રી કાંતિલાલ છાભૈયા

ઉપરોક્ત ત્રણ જણ ના રાજીનામા ની મૂળ નકલ

તા.- ૧૫/૦૨/૨૦૧૮

Recd 12 MAR 2018

પ્રતિશ્રી,
માનનીય પ્રમુખશ્રી એવમ્ સમસ્ત કારોબારી,
અ. ભા. ક. ક. પાટીદાર સમાજ.
મું. નખત્રાણા, જી. કચ્છ, ભુજ.

વિષય - ઊંઝાની અમલીકરણ સમિતિ સંલગ્ન શ્રીસમાજની સમિતિને સભ્યપદેથી રાજીનામાં અંગે,

જયભારત સહ જણાવવાનું, તા.૮/૧૦/૨૦૧૭ના ઊંઝા સંસ્થાને ચુકાદો આવેલ. તેના અમલની પ્રથમ બેઠક તા.૭/૧/૨૦૧૮ના ઉમા કેમ્પસ સોલામાં મળેલ. જેમાં નક્કી થયેલ કે સતપંથીઓએ જે કેસ કરેલા છે તે પાછા ખેંચાય પછી ચુકાદાના અન્ય મુદ્દે કાર્ય કરવું. તેમ છતાં ઉપરવટ જઈ શ્રી હંસરાજભાઈએ અમલીકરણ સમિતિને વિશ્વાસમાં લીધા વિના વાંઢાય કમીટીમાં સતપંથીને લેવાતાં અમારા પર અનેક ફોન તથા રૂબરૂમાં સમાજના લોકો સવાલો કરે છે. આમ બહુ મોટી ગેરસમજો ઊભી થઈ છે મને જણાયું કે મારી ફરજ યોગ્ય રીતે બજાવી શક્યો નથી. તે મારી જવાબદારી સમજી આપ પ્રમુખશ્રીને અમારું રાજીનામું મોકલી આપીએ છીએ.

શ્રી વિશ્રામબાપાની ગોકુળીયું નહિ છોડવાની ચળવળ થી લઈ શ્રી કેસરા પરમેશ્વરાની પિરાણાના ફતવા સામે સૌ પ્રથમ જ્ઞાતિને તોડી સ્વામીનારાયણ ધર્મ અંગીકારની ચળવળ, પછી શ્રી નારાયણ બાપાએ સતપંથમાં કોઇ સુધારા થઈ શકે તેમ નથી તે ખાત્રીથી દેહશુદ્ધી બાદ જ સનાતની થવાની ચળવળ, શ્રી રતનશીબાપાની સતપંથને છોડીને જ લક્ષ્મીનારાયણમાં ભળી જવા ચળવળ, સંતશ્રી લાલરામજીની શીખથી તેમના શિષ્ય સંત શ્રી ઓધવરામની લક્ષ્મીનારાયણ મંદિરો બંધાવાની ચળવળ, તેમ અનેક ભાઈઓ એટલું નહિ મહિલાઓએ પણ સતપંથ છોડી દેવા ચળવળો ચલાવી છે. તે ચળવળકારોને આપણે પૂજીએ છીએ છતાં તેમના સિદ્ધાંતોની વિરુદ્ધ હાલ વાંઢાયમાં સતપંથીને સમાવા જેવી અનેક ભૂલોથી જ્ઞાતિમાં મોટી ગેરસમજો ઊભી કરીએ છીએ.

હિંદુ સનાતન ધર્મના મુખ્ય ચારે-ચાર શંકરાચાર્યો, સંત લાલરામજી, સ્વામીનારાયણના સ્વામી મુકતાનંદજી જેવા ઘણા સંતોએ કહ્યું કે સતપંથ દ્વારા હિન્દુને નામે હિન્દુને ભોળવી લોકોને ગુમરાહ કરી મુસ્લીમ બનાવાનું મોટું ષડયંત્ર છે. સતપંથમાં સુધારો શક્ય જ નથી એ આપણા પૂજ્ય પૂર્વજોએ સ્પષ્ટ કહેલ છે. ખુદ ઓધવરામ મહારાજે તે કાવતરાંનો ભોગ આપણી જ્ઞાતિ ન બને માટે માત્ર સનાતનીને જ માં ઉમાનું મંદિર સોંપેલ. આમ વાંઢાય સંસ્થાન સનાતની લોકોનું જ છે. સઘળી તે બાબતોની શ્રી હંસરાજભાઇને જાણકારી છે. એટલું નહિ આ વિગતો એક બેઠકમાં તેમણે વાંચી સંભળાવેલ. તેવી હકીકતોની અન્ય હોદ્દેદારો જાણ નથી હોતી અથવા જાણ હોવા છતાં સતપંથીને સમાવે છે, આથી લોકોમાં ખોટા મેસેજ જાય છે કે વાંઢાય સંસ્થાન બધાનું છે. આમ સતપંથને છોડી દેશે તે ભાવથી કેન્દ્રીય સમાજમાં સમાવાની શરતો હતી. પરંતુ તે સત્પંથી જ હવે ખોટો દાવો કરે છે કે કેન્દ્રીય સમાજ એ સત્પંથીની પણ છે.

બધી હકીકતોથી શ્રી હંસરાજભાઈ સારી રીતે વાકેફ હોઇ સતપંથીઓ અંગે સિદ્ધાંતોમાં બાંધછોડ કરતા નથી, તેથી તેમને સહન કરવાનું આવે છે. છતાં નવા નવા અખતરા કોઇના કહેવાથી કરે તે શંકા ઉપજાવે છે. કેમકે જ્યારે જ્યારે ઊંઝા સંસ્થાનના વડાઓ આપણા સમાજમાં આવે છે ત્યારે ખાસ ભાર મૂકીને કહેતા હોય છે કે નવી મિલ્કતોમાં સતપંથીને રાખશો નહિ. તેવો ચુકાદો પણ છે તે મુજબ કેસો પરત ખેંચાય પછીજ સતપંથીને ભેળવવા અંગે વિચારાશે તેવું પ્રથમ સોલા કેમ્પસની બેઠકમાં શ્રી હંસરાજભાઇની હાજરીમાંજ નક્કી થયું છે.

જે સતપંથીઓ ચોરી ને ચેહ કરે તો સમાવા તે ૧૯૪૫ના સમયની જરૂર હતી. પછી ૧૮ ને ૧૯ કલમ

Page 1 of 2

પાળે તો સમાવા તે ૧૯૬૦ના સમયે જરૂરી હતું. પછી સતપંથ છોડશે તે ભાવે તેને સમાવા તે કેન્દ્રીય સમાજે છૂટ આપેલ. તે પછી સતપંથને છોડીને જ આવે નહિતર સતપંથીને સમાવા નહિ તે ૨૦૧૦ના સમયે શ્વેતપત્રની જરૂર પડી. તેનું કારણ એ છે કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવ પહેલાં અને પછી સતપંથ વિવાદ ચરમસીમાએ પહોંચ્યો. ત્યારે સમાજના ધૂરીણોએ સમાધાનના ખૂબ પ્રયત્નો કર્યા, પણ સફળતા મળી નહિ. ઉપરથી સમાધાન બેઠકમાંજ સતપંથીઓના કેસમાં પોલિસે શ્રી રમેશભાઈ વાગડીયાની ધરપકડ કરતાં પરિસ્થિતિ વિકટ બની. એવી-તેવી અનેક સમસ્યાઓ, પોલીસ ફરીયાદો અને કોર્ટ કેસો વડે સતપંથના લોકો આપણામાં હાડમારી ઊભી કરે છે.

તેમાં અમુક બૌદ્ધિકો સમાજમાં ધર્મ ન લાવો એવી ભ્રમણા ફેલાવે છે. જરા વિચારો શું ધર્મ વિના સમાજ ચાલી શકે?? તો એવા ભ્રમ ઊભા કરવાનો અર્થ શું?? સમાજમાં ધર્મના ઝઘડા ન હોય, સમાજમાં સંપ જોઇએ તે ડાહી રૂપાળી વાતો જ છે. તેવી ડાહી વાતો, વિચારો કે આદર્શો અથવા સંપ કોને કહેવો તે અમે બધા જ સમજીએ છીએ. તે ભ્રમિત સતપંથીની તરફદારી ખોટા નિર્ણયો કરાવે છે, તેથી મોટે પાયે વિવાદો વકરે છે. આમ આખરે શ્રીસમાજને ઊંઝા ખાતે મા ઉમાના દરબારમાં રજૂઆતની નોબત આવી, ઊંઝા સંસ્થાને લવાદ સમિતિનું ગઠન કર્યું. આમ સતત બે વર્ષનું મંથન બાદ તા.૮/૧૦/૨૦૧૭ના માં ઉમાનાં ગર્ભગૃહમાં બન્ને પક્ષોને સાથે બેસાડીને તે ઐતિહાસિક ચુકાદો આપેલ છે. ત્યાં જ બન્ને પક્ષોએ મા ઉમાના ચુકાદાનો સહર્ષ સ્વીકાર કરેલ.

આ ચુકાદાને આવકારતા કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીના જાહેર માધ્યમોમાં સમાચારો આવેલ છે. પરંતુ હજુ સતપંથના પ્રમુખ કે તેના અગ્રણીઓનો ઊંઝા માતાજી દ્વારા આવેલ ચુકાદાને સ્વીકારતો કોઇ જાહેર ખુલાસો જાણવા મળેલ નથી. જો નક્કી કરેલા સિદ્ધાંતો અને ઉદ્દેશ્યોને આપણે જ તોડીએ તો તેની જ્ઞાતિ પર બહુ મોટી ગેરસમજો બને છે. તે ગંભીર સ્થિતિને શ્રી ચંદ્રકાંતભાઇએ તેનાં રાજીનામામાં સારી પેઠે વણી છે. તે જો બૌદ્ધિકો કે સતપંથીને સમજાશે તો.!!! માટે સતપંથની વકીલાત કરવાનું જો અમુક લોકો બંધ કરે તો બધા સતપંથીઓ સનાતની થઈ જાય તેમ છે. જેને નથી થવું તે અલગ જ્ઞાતિ તરીકે રહે જ્યારે સમજાય ત્યારે સતપંથ છોડીને આવે તેને માટે દરવાજા કાયમ ખુલ્લા જ છે. આ સિદ્ધાંત બૌદ્ધિકોને સમજાઈ જાય તો સમાજમાં સંપ હશે.

અમારો આપ સૌ કારોબારી સભ્યો અને હોદ્દેદારોને ખાસ આગ્રહ છે કે શ્રી ચંદ્રકાંતભાઈના તા. ૦૮-૦૨-૨૦૧૮નું રાજીનામાનું સંપુર્ણ વાંચન કરવામાં આવે તેમજ આપણી જ્ઞાતિનાં માસિકપત્રોમાં જાહેર કરવામાં આવે. શ્રી હંસરાજભાઇ સનાતનના પ્રખર સમર્થક છે અને સતપંથીઓની ચાલને સારી પેઠે જાણે છે. છતાં આવું કરવા પાછળ તેમનો ઈરાદો શુદ્ધ હશેજ પરંતુ સતપંથીઓને ભૂતકાળમાં આવી તકો આપવા છતાં શ્રીસમાજ સાથે અને જ્ઞાતિ સાથે અસામાજિક વૃત્તિથીજ વર્ત્યા છે. જેનો પણ શ્રી ચંદ્રકાંતભાઈએ તેનાં રાજીનામામાં અમુક ઉલ્લેખ કરેલ છે. આથી આ રાજીનામાનું જહેર સભામાં વાંચનથી અમુક અંશે ગેરસમજો થતી અટકશે.

એજ લી.

ડૉ. શાંતીલાલ સેંઘાણી | પ્રેમજીભાઈ કેસરાણી | ડૉ. વસંતભાઈ ધોળુ

નકલ રવાના: ૧) શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ

૨) શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયા

Page 2 of 2

ચંદ્રકાંતભાઈ છાભૈયાની અમલીકરણ સમિતિમાંથી રાજીનામા બાબતે હંસરાજ ભાઈ દેવજી ધોળુ સાથે થયેલ ગેરસમજણ બાબતે ખુલાસો થતાં ચંદ્રકાંત ભાઈએ હંસરાજભાઈને લખેલ પત્ર.

ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
સતપંથ વિષે ઊંઝાના નિર્ણયને અમલ કરાવવા
બનેલ - અમલીકરણ સમિતિનો એક સભ્ય,
હાલ મુંબઈ.
મો.: ૯૮૩૩૬૧૮૦૯૯
તાઃ ૨૩-માર્ચ-૨૦૧૮

પ્રતિ,
શ્રી હંસરાજ દેવજી ધોળુ
અમલીકરણ સમિતિના સદસ્ય,
હાલ ભુજ.
મો:૯૮૨૪૦૩૫૯૩૭

જય માતાજી, જય લક્ષ્મીનારાયણ,
વિષયઃ અમલીકરણ સમિતિમાંથી સભ્યો દ્વારા આપેલ રાજીનામાઓ અંગે તા. ૧૭-માર્ચ-૨૦૧૮ના અમદાવાદ સ્થિત સોલા કેમ્પસમાં કેન્દ્રિય સમાજ, યુવાસંઘ, ઉમિયા માતાજી વાંઢાય તેમજ સમાજના અન્ય આગેવાનો સાથે થયેલ સંયુક્ત બેઠક વિષે

સૌ પ્રથમ, મારા દ્વારા તા. ૦૮-ફેબ્રુઆરી-૨૦૧૮ ના આપવામાં આવેલ રાજીનામા પત્રની નકલ આપને મળ્યા બાદ આપે જે તા. ૨૧-ફેબ્રુઆરી-૨૦૧૮ના સામેથી મને ફોન કરીને મારી પીઠ થાબડી હતી અને મારું મનોબળ વધાર્યું હતું, તે બદલ હું તમને ધન્યવાદ આપું છું. આપના એ શબ્દો મારા મનમાં ખૂંચી ગયા છે, જેમાં આપે કહ્યું કે આ પત્ર લખવા પાછળ ખુબ મોટી હિંમતની જરૂર હોય છે, સમાજના દરેક વ્યક્તિ જો આવી હિંમત કરે અને આવા પત્રો વધુમાં વધુ લખે તો સમાજની બધીજ સમસ્યા બહુ જલદી દૂર થઇ જશે. વધુમાં આપે મારા પત્રથી ખુશ થઇને જણાવ્યું હતું કે આ પત્રનો હું સકારાત્મક એટલે કે પોસિટીવ રીતે ઉપયોગ કરીશ અને આ પત્રને જ્ઞાતિમાં સાચી જાગૃતિ લાવવામાં ઉપયોગ કરીશ. ઉમિયા માતાજી ઊંઝા પર ચુકાદાનું અમલીકરણ કરાવવા, વધુ દબાણ લાવવા માટે પણ મારા પત્રનો ખુબ સારો ઉપયોગ લેશો એવી વાતોથી મારા મનમાં કોઈક ખૂણે ઊંડાણમાં પડેલી ભીતિ કે ક્યાંક હંસરાજભાઈ મારા પત્રનો ગલત અર્થ તો નહી કાઢેને, એ ભીતિ, તમારા આવા શબ્દો થી દૂર થઇ છે.

મારા રાજીનામા પછી, અમલીકરણ સમિતિના અન્ય ત્રણ સભ્યો એટલે કે ડો. શ્રી શાંતિલાલ સેંઘાણી, શ્રી પ્રેમજીભાઈ કેશરાણી, ડો. શ્રી વસંત ધોળુએ પણ સમિતિમાંથી તા. ૧૫-ફેબ્રુઆરી-૨૦૧૮ના રાજીનામાઓ આપી દીધેલ હતા. પાંચ જણની આ સમિતિમાંથી જ્યારે ચાર જણ એક સાથે રાજીનામા આપી દે, તો સ્વાભાવિક છે કે તેના પ્રત્યાઘાતો બહુ મોટા પડી શકે. આ ચિંતાને લઈને તા. ૧૭-માર્ચ-૨૦૧૮ના અમદાવાદ સોલા કેમ્પસમાં કેન્દ્રિય સમાજ, કેન્દ્રિય યુવાસંઘ, ઉમિયા માતાજી વાંઢાય તેમજ સમાજના અન્ય જવાબદાર આગેવાનોની જે બેઠક થયેલ હતી, તેમાં આપે જે સકારાત્મક ભૂમિકા ભજવી

હતી, તેના માટે આપને હૃદયથી ધન્યવાદ આપવા આ પત્ર લખું છું.

ઉમિયા માતાજી વાંઢાયની કારોબારીમાં સતપંથીઓને આમંત્રિત તરીકે લેવાથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને હવે પછી કેવી રીતે સનાતની સમાજ હિતમાં સકારાત્મક રીતે ફેરવી શકાય એ ઉપાયને રજુ કરી આપે એક ઉમદા કુનેહનો પરિચય આપ્યો છે, તે ખરેખર ખુબજ સારી વાત છે. ઉમિયા માતાજી ઊંઝા પર દબાણ લાવવા તેવીજ રીતે સતપંથ વાળાઓ પર પણ દબાણ લાવવાની વાતથી હાજર સર્વે લોકો સંતુષ્ટ થયા. સતપંથ વાળા કોઈ સકારાત્મક પગલાં, જેવાં કે પહેલાં કોર્ટ કેસ પાછા ખેંચવા અને ત્યાર બાદ ઊંઝાના ચુકાદા પ્રમાણે પગલાં જો નહી ભરે તો ઉમિયા માતાજી વાંઢાયમાંથી પણ સતપંથવાળાઓને આમંત્રિતમાંથી કાઢી નાખશું, તેવી રજૂઆત કરેલ, જેનાથી બેઠકનું વાતાવરણ સુધરી ગયું, એ પણ ખૂબ સારી વાત કહેવાય.

ભારતભરમાં ફેલાયેલો આપણો સમાજ અને તેની ઘટક સમાજોમાં, જે ખોટો સંદેશો ગયો હતો, કે સતપંથ વાળાઓને વાંઢાયમાં લીધા છે, તો હવે પછી ઘટક સમાજોમાં પણ સતપંથ વાળાઓને લેવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ, તો આવા ખોટા સંદેશાઓથી સનાતનીઓ અને સનાતની સમાજને બચાવવા, તેમજ સાચો સંદેશો મોકલવા આપે જે જવાબદારી લીધી કે આગામી તા. ૨૪-માર્ચ-૨૦૧૮ની વાંઢાયની કારોબારીમાં સવિસ્તાર ખુલાસો કરી તેમજ આ ખુલાસાનો દરેક મીડિયા મારફતે ભારતભરમાં પ્રચાર પ્રસાર કરવાની જવાબદારી આપે સ્વીકારી તે બદલ પણ આપને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે.

અંતમાં, અમલીકરણ સમિતિના સભ્યો વચ્ચે ફરીથી ભવિષ્યમાં કોઈ પણ કમ્યુનીકેશન ગેપ ઉભો ન થાય, તેમજ બધાજ અમલીકરણ સમિતિના સભ્યોને સંપૂર્ણ વિશ્વાસમાં લઇને આગળના પગલાંઓ ભરવા, તેવો નિર્ણય સર્વાનુમતે કરવામાં આવ્યો. જેથી કરીને લીધેલ નિર્ણયો પાછળ વધુ સારી રીતે વિચાર મંથન થઇ શકે અને આવેલ નીચોડથી સમાજમાં ક્યાંય ખોટો સંદેશો ન જાય. આવા ઉમદા નિર્ણય વ્યવસ્થામાં પણ જે સર્વે એક અવાજે સહમતી દાખવી તે બદલ હાજર બધાજ આગેવાનો નો પણ આ પત્ર દ્વારા આભાર વ્યક્ત કરું છું.

અંતે, આપના દ્વારા લીધેલ જવાબદારીઓ, આપેલ બાહેંધરીઓ, વિશ્વાસ અને આશ્વાસનો તેમજ કરેલ ખુલાસાઓના અંતે હાજર સર્વે મહાનુભાવોએ અમલીકરણ સમિતિના સભ્યોને જણાવેલ કે આપ સર્વેના રાજીનામાઓને સ્વીકારવાની ભલામણ કારોબારીમાં નહિ કરવામાં આવે અને બધાને સંયુક્ત રીતે અમલીકરણ સમિતિના કાર્યો સંભાળી લેવાની જવાબદારી આપવામાં આવી, જે બધાયે સહર્ષ સ્વીકારી.

આ બેઠકમાં આપે સર્વે લોકો વચ્ચે મને આગાઉ ફોન ઉપર જે વાત કરીને મારું મનોબળ વધાર્યું હતું, તેજ બધી વાતોનું પુનરાવર્તન કરી, બધા લોકો વચ્ચે ફરીથી મારું માન સન્માન વધાર્યુ અને મને સપોર્ટ કર્યો, તે માટે હું આપનો ખરેખર હૃદયથી આભાર વ્યક્ત કરું છું. અને આપને વિશ્વાસ અપાવું છું કે આપે જે ઉપર જણાવ્યા પ્રમાણેની જવાબદારીઓ સ્વીકારી છે તેમાં, તેમજ અમલીકરણ સમિતિના સભ્ય તરીકે જે આપણી સર્વેની સંયુક્ત જવાબદારી નિભાવવા માટે, આપને સંપૂર્ણ સહયોગ અને સહકાર આપતો રહીશ, તેવી ખાતરી રાખશો.

સનાતન ધર્મની જય સાથે,
લી. ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

નકલ: ૧) પ્રમુખશ્રી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ – નખત્રાણા
૨) ડો. શ્રી શાંતિલાલ સેંઘાણી – નખત્રાણા
૩) શ્રી પ્રેમજી ભાણજી કેશરાણી – ખારઘર, નવી મુંબઈ
૪) ડો. શ્રી વસંત ધોળુ – તલોદ

ચંદ્રકાંત કાંતીલાલ છાભૈયાની વેદનાને જે પાટીદાર સૌરભે માર્ચ ૨૦૧૮ ના અંકમાં સુર આપ્યો તેનો જવાબ વાટ્સઅપ મારફતે કહેવાતા સનાતની ભાઈ દેવજીભાઈ માવજી લીંબાણી દ્વારા અપાએલ તે નીચે પ્રમાણે હતો.

ચંદ્રકાંત ભાઈની વેદનાને દેવજીભાઈ માવજી લીંબાણીએ આપેલ જવાબઃ
સતપંથ અને સનાતન સમાજના અસંતોષમાં શાંતિ થાય તે માટે તા. ૮.૧૦.૨૦૧૭ ના આપેલ ચુકાદા ના અમલીકરણ સમિતિના સભ્યની વેદનાથી કેન્દ્રીય સમાજને આપેલ રાજીનામું અને સામાજિક મેગેજીનમાં આપેલ સંદેશો.

આ સંદેશામાં ચંદ્રકાંત ભાઈ તમે ઘણું બધું લખ્યું. તમારી તમામવેદના તમારા સિધ્ધાંતની નહી પણ સમાજમાં ક્યાંય સુચારુ સમાધાન થઇ જાય તે તમોને ગમતું નહી હોય એવું લાગે છે.

આ તમારી ટપાલથી શું ફરક પડશે તે તો પાછળ હતી ખબર પડશે. પણ હાલ તો ઊંઝા વાળો ફેંસલો અને માંડવી, નખત્રાણાના સમાધાનની જે વાતો ચાલે છે તેને જરૂર અડચણો ઉભી થાય એવું જણાય છે.

ચંદ્રકાંતભાઈ, હું તમોને તમારા કાર્યથી ઓળખતો નથી. આપણી સમાજમાં કેટલા લોકો તમોને ઓળખતા હશે એનો પ્રશ્ન છે. પણ આ બાબતે મારે તમારાથી કોઈ વાંધો નથી અને કાંઈ કહેવું પણ નથી. પણ તમારા જીવનમાં સામાજિક વાંધા વૃષ્ટિ અથવા અસંતોષ હોય, તેમને શાંતિમય કેટલા સમાધાન કરાવ્યા છે? કુટુંબ હોય, સગાં હોય કે સંબંધીઓ હોય અથવા સમાજમાં ક્યાંય તમોએ સમાધાન કરેલ હોય તેવા કેટલા કેસ કર્યા છે તે લેખિતમાં પ્રજા આગળ મુકશો તો તમારી હોશિયારી નહી પણ ગણેલા કેટલા છો તેની ખાત્રી થાય.

આ વાત આખી વાંઢાય ચૂંટણી ની નિમણુક વિષે કરો છો, તો આ વાત તમોને ત્યારે ત્યાં જ કરવી હતી અથવા વિરોધ દર્શાવવો હતો. પાછળથી આવી વાત સમાજની પ્રજા આગળ કરવી તેમાં વળી ક્યારેક હંસરાજભાઈનો વિરોધ કરેલ છે. ક્યારેક એનાં વખાણ કરવામાં આવ્યો છે. અને બીજી વ્યક્તિને વગોવ્યા છે. આ બધી વાતો સમજુ, સજ્જન પ્રજા સમજે જ છે. બાકી તો લખાણથી તમારી બુદ્ધિનું પ્રદર્શન છતું થાય છે. આમાં ક્યાંય સમાધાનની વાત આવતી જ નથી.

આ વેદના જે તમોએ પ્રજા આઘળ ઠાલવી છે એમાં કોઈ બુધ્ધીજીવીની હોય એવું લાગતું નથી. હોશિયાર માણસનાં લખાણ વિવેકપૂર્ણ મુદ્દાસર હોય. તમે ભણેલા છો પણ ઘડેલા લાગતા નથી. તમારા લખાણ ઉપરથી સાબિત થાય છે કે માત્ર અને માત્ર સમાજના હિતનું નથી પણ કોઈ માણસને વગોવ્યા શિવાય કાંઈ નથી. આ લખાણ તમારા વિચારોનું ભાથું નથી, કોઈ બીજાના કહેવાથી લખેલ હોય તેવું લાગે છે. આ અમુક ટોળકી નું કૃત્ય છે. પ્રશ્નોને ગુંચવાવાનું કામછે.

વાંઢાયની ગત ચૂંટણી બાબતે વાત કરો છો તો તેમાં હંસરાજભાઈ, અબજીભાઈ, રામજીભાઈ, ગંગારામભાઈ અને

રતિલાલભાઈ હતા. આ પંચો ત્રણે સંસ્થાના જવાબદાર, સમજદાર, વફાદાર અને ઈમાનદાર હતા એવું માંની લેવું પડે છે.

આ ઉપરોક્ત તમામલોકો કે પંચો સમજી વિચારીને જ્યારે નિમણુક વાંચન થયું ત્યારે દરેક પ્રજાની હાજરીમાં થાય. હાજર તમામે આનંદથી તેઓના નિર્ણયને વધાવી લીધેલ હતો. હવે તમો ચંદ્રકાંતભાઈ, નિયમની વાત કરતાં હોઈએ તો તમોને જો નિર્ણય નોહતો ગમતો, તો સમાજને પોતાનું રાજીનામું આપી દેવાય, પ્રજાને ઉશ્કેરાય નહી. આણે નિયમકે સિધ્ધાંત કહેવાય નહી.સમજવાની વાત છે. તમો સમાજની પ્રજાને ક્યાં સુધી આ સ્થિતિમાં રાકાહ્શો એની કોઈ ખબર પડતી નથી.

આમાં ઉંઝાનો ફેંસલો આપ્યો ત્યારે ૧૧ X ૧૧ જણા સમાજના જવાબદારી લઈને ગયા હતા અને તે ફેંસલો બધાની વચ્ચે અને માતાજીની સાક્ષીએ સ્વીકારીને આવ્યા છો તેમાં ૯૦ દિવસમાં અમલ કરી કરી લેવાનું સ્પષ્ટ લખેલ છે તો આ ફેંસલાને પાળવાની કે અમલવારી કરાવવાની કોની જવાબદારી છે? કોની ફરજમાં આવે છે? આજ દિવસ સુધી કેમ પળાયો નથી? આત્યાર સુધી તમોએ કર્યું છે શું? આમાં કડક થવું પડે અને અને આપણી ફરજમાં જે આવતું હોય તે પહેલાં કરવું જુવે. ઠરાવ નં.૧ માં શું લખેલ છે તેનું પહેલાં પાલન કરો, તમો કરાવો. બીજા ઉપર નાખીને ભાગી જવાય નહીં, આતો કાયરનું કામ છે અથવા પ્રજાને ઉશ્કેરવાનું કામ કરેલ છે.

આ ફેંસલો કોણ પહેલાં પાલન કરે એની ભાંગજડ માં પડ્યા છીએ. આપસ આપસનો વિશ્વાસ ગુમાવી દીધો છે. પ્રથમએક નંબર નું પાલન કરો, નહી તો આ ઉમીયાના હાથ લાંબા છે. બીક રાખો નહી તો બધાનું પૂરું કરી દેશે. આ કેસનો અમલ કરો – કરાવો ચંદ્રકાંતભાઈ. વાતું કે કોઈ પર આરોપ કે પ્રતિઆરોપ નાખવાથી કે વાતો કરવાથી કાંઈ નહી થાય.

જીવનની અંદર દુખી એ જ થાય છે અહં ઈગો નથી છોડતા
જીવનની અંદર સુખી એ જ થાય છે જતું કરે સમાધાન કરે તે

આ આખો લેખ જે સમયે લખાયો છે, અથવા જે બાબતે લખાયો છે તેના ઉપરથી નક્કી થાય છે કે આપણા સામાજિક વિવાદનું સમાધાન અમુક લોકોને કરવા દેવામાં રસ જ નથી. પોતાનાં અહં ને ઈગો જીવતા રાખવા છે. સંપ્રદાયના નામથી પ્રજાને ચડાવી ઉશ્કેરી પોતાનો રોટલો શેકવો છે.

(દેવજી માવજી લીબાણી)

ઉપરોક્ત દેવજી માવજી લીબાણીની ટપાલની નકલ

ચંદ્રકાન્ત કાન્તીલાલ છાભૈયાની વેદના નો જવાબ માર્ચ ૨૦૧૮ ના પાટીદાર સૌરભ નો લેખ બાબતે

સતપંથ અને સનાતન સમાજનાં અસંતોષ માં શાન્તી થાય તે તા.૮/૧૦/૨૦૧૭ આપેલ આપેલ ચુકાદાના અમલી કરણ સમિતિના સભ્યની વેદના થી કેન્દ્રીય સમાજને આપેલ રાજીનામું અને સામાજીક મેગેઝીન માં આપેલ સંદેશો

આ સંદેશા માં ચંન્દ્રકાન્તભાઇ તમોએ ઘણુબધુ લખ્યું તમારી તમામ વેદના તમારા સિધ્ધાંત ની નહી પણ સમાજમાં કયાંય સુચારૂ સમાધાન થઇ જાય તે તમોને ગમતુ નથી એવું લાગે છે.

આ તમારી ટપાલ થી શું ફરક પડસે એતો પાછળ થી ખબર પડશે. પણ હાલમાં તો ઉઝા વાળો ફેસલો અને માંડવી નખત્રાણા ના સમાધાન ની જે વાતો ચાલે છે એને જરૂર અડચણો ઉભી થાય એવું જણાય છે. ચંદ્રકાન્તભાઇ જે ઝગડો છે તે કેન્દ્રીય સમાજ અને સતપંથ સમાજનો છે. તેમાં ઉમિયા માતાજી સંસ્થાને કંઇ લેવાદેવા નથી આ સંસ્થા કેન્દ્રીય સમાજ થી અલગ સ્વતંત્ર સંસ્થા છે. આ સંસ્થામાં કેન્દ્રીય સમાજને કંઇ લેવાદેવા નથી એનો ઝગડો આ સંસ્થામાં શું કામ લઇ આવો છો.

ચંન્દ્રકાન્તભાઇ હું તમોને તમારા કાર્ય થી ઓળખતો નથી આપણી સમાજમાં કેટલા તમોને ઓળખતા હશે એતો એક પ્રશ્ન છે. પણ આ બાબતે મારે તમારાથી કંઇ વાધો નથી અને કંઇ કહેવું પણ નથી. પણ તમારા જીવનમાં સામાજીક વાધા વૃષ્ટી અથવા અસંતોષ હોય એવા શાન્તી મય તમોએ કેટલા સમાધાન કર્યા છે. કુટૂબ હોય, સગા હોય, કે સબંધીઓ હોય અથવા કયાય ભારતની સમાજમાં જો તમોએ સમાધાન કરેલા હોય તેવા કેટલા કેસ તમોએ સમાધાન કર્યા છે તે લેખીત માં પ્રજા ની આગળ મુકસો તો તમારી હોશિયારી નહી પણ ગણેલા કેટલા છો એની ખાત્રી થાય.

આ વાત આખી વાંઢાય ચુટણીની નિમણુક વિષે વાત કરો છો તો આ વાત તમોને ત્યારેજ કરવી હતી અથવા વિરોધ દર્શાવવો હતો. પણ પાછળ થી આવી વાત સમાજની પ્રજા આગળ કરવી તેમાં વળી કયારેક હંશરાજભાઇ નો વિરોધ કરોછો તો કયારેક એના વખાણ કરવામાં આવ્યા છે. અને બીજાને વાગોવ્યા છે. આ બધી વાતો સમજુ સજ્જન પ્રજા સમજી જાય છે. બાકી તો આ લખાણ થી તમારી બુધ્ધિ નું પ્રદર્શન છતુ થાય છે. આમા કયાંય સમાધાન ની વાત આવતીજ નથી

આ વેદના તમોએ પ્રજા આગળ ઠલાવી છે. એમા કોઇ બુધ્ધિ જીવીની હોય એવું લાગતું નથી હોશીયાર માણસ નું તો લખાણ વિવેક પુર્ણ મુદાસર હોય તમો ભણેલાછો પણ ગણેલા લાગતા નથી તમારા લખાણ ઉપર થી સાબીત થાય છે. આ લખાણ તમારા વિચારો નું ભાથુ નથી. બીજાના કહેવાથી લખેલ હોય તેવું લાગે છે. માત્રને માત્ર સમાજના હિતનું નથી પણ કોઇ માણસને વગોવ્યા શિવાય કાંઇ નથી. આ અમુક ટોળકી નું કામ છે.

તમારા જીવન માં સમાજ કોને કહેવાય અને સનાતન કોને કહેવાય તે સમાધાન ને અમલી કરણ સમિતિના સભ્યને પહેલેથી સમજી લેવાની જરૂર હતી. દુઃખની વાત એ છે કે આ બાબતે તમોએ અભ્યાસ કર્યો નથી અથવા સમજ્યા નથી. જો સમજ્યા છોતો તમો કોઇક ના દબાણ માં છો. અથવા કોઇ હોદા ભુખ્યા છો એના માટે હવાતિયા મારો છો એવું દરેક ને સમજાય છે.

(પાના નંબર ૨ ઉપર)

IMG-20180321-WA0029.jpg (પાના નંબર ૨) Page 1 of 1

સમાજ વાંઢાય ની ગત ચુટણી બાબતે વાત કરોછો તો તેમાં કેન્દ્રીય સમાજના વર્તમાન પ્રમુખ શ્રી અબજીભાઇ કાનાણી, કેન્દ્રીય સમાજના પુર્વપ્રમુખ શ્રી રામજીભાઇ નાકરાણી, ગંગારામભાઇ ભુજ, અને તંત્રીશ્રી રતિલાલભાઇ, આ પંચો ત્રણે સંસ્થાના જવાબદાર,સમજદાર, ઇમાનદાર,અને વફાદાર હતા એવું માની લેવું પડે

આ ઉપરોક્ત તમામ લોકો કે પંચો સમજી વિચારી ને જયારે નિમણુક નું વાંચન થયું ત્યારે દરેક પ્રજા ની હાજરી માં થયું અને તમામે આનંદ થી તેઓના નિર્ણયને વધાવી લીધો હતો. હવે તમો ચંદ્રકાન્તભાઇ નિયમની વાત કરતા હોઇતો તમોને જો આ નિર્ણય નહોતો ગમતો તો સમાજને પોતાનું રાજીનામું આપી દેવાય, પ્રજાને ઉશ્કેરાય નહી આને નિયમ કે સિદ્ધિત કહેવાય નહી સમજવાની વાત છે. તમો આમ કયા સુધી સમાજ ની પ્રજાને આ સ્થિતિમાં રાખશો એની કોઇ ખબર પડતી નથી

આમા ઉઝાનો ફુસલો આવ્યો ત્યારે ૧૧×૧૧ જણા સમાજની જવાબદારી લઇને ગયા હતા અને તે ફેસલો બધાની વચ્ચે અને માતાજીની સાક્ષીએ સ્વીકારી ને આવ્યા છો. તેમા ૬૦ દિવસમાં અમલવારી લેવાનું સ્પષ્ટ લખેલ છે. તો આ ફેસલા ને પાળવાની કે અમલવારી કરાવવાની કોની જવાબદારી છે. કોની ફરજમાં આવે છે. આજ દિવસ સુધી તે નો અમલ કેમ થયો નથી, અત્યાર સુધી તમોએ કર્યુ છે શું આમા કડક થવું પડે અને આપણી ફરજ માં જે આવતું હોય તે પહેલા કરવું જોઇએ. ઠરાવ નંબર ૧ માં શું લખેલ છે. તેનું પહેલા પાલન કરો અને તમો કરાવો બીજા ઉપર નાખીને ભાગી જવાય નહી. આતો કાયર નું કામ છે અથવા ઉશ્કેરવા નું કામ કરેલ છે.

આ ફેસલામાં કોણ પહેલા પાલન કરે એની ભાંગજડ માં પડયા છીએ આપસ આપસ નો વિશ્વાસ ગુમાવી દિધો છે. પ્રથમ એક નંબર નું પાલન કરો, નહિતો માં ઉમિયા ના હાથ લાંબા છે. બીક રાખો નહિતો બધાનું પુરૂ કરી દેશે આ કેસ નો અમલ કરો અને કરાવો. ચંદ્રકાન્તભાઇ વાતું કે કોઇ ઉપર આરોપ કે પ્રતિ આરોપ નાખવાથી કે વાતો કરવા થી કાંઇ નહિ થાય.

'જીવનની અંદર દુઃખી એજ થાય છે અહમ-ઇગો નથી છોડતા'
'જીવનની અંદર સખી એજ થાય છે જતુ કરે-સમાધાન કરે'

આ આખો લેખ જે સમય લખાયો છે. અથવા જે બાબતે લખાયો છે તેના ઉપર થી નકકી થાય છે કે આપણા સામાજીક વિવાદનું સમાધાન અમુક લોકોને કરવા દેવામાં રસજ નથી પોતાનો અહમ અને ઇગો જીવતા રાખવા છે. સંપ્રદાયના નામથી પ્રજાને ચડાવી-ઉશ્કેરી પોતાનો રોટલો શેકવો છે.

ચંદ્રકાન્તભાઇ કોઇને દોષ દઇ બદનામ કરવાની તમારી મુરાદ હવે બંધ કરો હવેતો હદ થાય છે. સમાજને તો સંપ્રદાયના નામે ઝગડાવી અને હવે શું વાંઢાય સંસ્થાને પણ ઝગડાવીને કોર્ટમાં લઇ જવી છે એવું લાગે છે. સમાજમાં સજ્જન માણસો ની ધીરજ ખુટે એ પહેલા સમજી જાવતો સારૂ છે... નહિતો પછી.... લી. દેવજીભાઇ લીબાણી - ભુજ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક(યુવાસંઘ) મંડળ પુર્વ પ્રમુખ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા પુર્વ ટ્રસ્ટી
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા ન્યાય સમિતિ પુર્વ પ્રમુખ
શ્રી નખત્રાણા તાલુકા પંચાયત પુર્વપ્રમુખ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - વાંઢાય વર્તમાન ટ્રસ્ટીશ્રી

ચંદ્રકાંત કાન્તિલાલ છાભૈયાની વેદનાને જે પાટીદાર સૌરભે માર્ચ ૨૦૧૮ ના અંકમાં સુર આપ્યો તેનો જવાબ વાટ્સઅપ મારફતે કહેવાતા સનાતની ભાઈ દેવજીભાઈ માવજી લીંબાણી દ્વારા અપાએલ તે સંદર્ભે દેવજીભાઈ માવજી લીંબાણીને રમેશભાઈ માવજીભાઈ વાગડિયાનો જવાબઃ

બેંગલોર તા. ૨૩.૦૩.૨૦૧૮

ભાઈ શ્રી દેવજીભાઈ,

સૌ પ્રથમતો લોકોને એ ખબર પડતી નથી કે તમે સનાતની છો કે સતપંથી? કે પછી સનાતનીના સ્વાંગમાં સતપંથના દલાલ છો? તમારા જેવા મવાળવાદીઓના હિસાબે જ સનાતની ઓળખ ધરાવતી અને સનાતાનીઓ માટે જ બનેલી આપણી કેન્દ્રીય સમાજને અને તેના સનાતની સભ્યોને હમેશાં ભોગવવાનો વારો આવતો રહે છે.

ચંદ્રકાંત ભાઈનું રાજીનામું અને વેદના વ્યાજબી છેઃ

ચંદ્રકાન્તભાઈએ તેમની વેદના એમના રાજીનામા પત્રમાં જણાવી છે તે બીલકુલ વ્યાજબી અને સત્ય છે. તેમાં કોઈને કંઈજ વાંધો હોવો જોઈએ નહિ અને તમોને પણ વાંધો હોવો ના જોઈએ. ચંદ્રકાન્તભાઈ પોતે ઊંઝા ઉમિયા માતાજીએ આપેલ ચુકાદાના અમલીકરણ માટે બનાવેલ અમલીકરણ સમીતીના સભ્ય હોવાને નાતે અને મુરબ્બી ભાઈ શ્રી હંસરાજભાઈ ધોળુ પણ તે જ સમિતિના સભ્ય હોવા છતાં તે સમિતિના અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વગર વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન (જે કેન્દ્રીય સમાજ દ્વારા નિર્મિત થએલ છે) તેની કારોબારી કમિટીમાં સતપંથના ભાઈઓને અથવા તો સતપંથની દલાલી કરતા ભાઈઓને શા માટે આવરી લીધા? આના ખોટા અને વિપરીત પ્રત્યાઘાતો કેન્દ્રીય સમાજની ઘટક સમાજોમાં પડવાનો પૂરે પૂરો સંભવ રહેલો છે.

સમાજમાં સનાતાનીઓને ભોગે સમાધાનોઃ

ભાઈ શ્રી દેવજીભાઈ, તમે લખો છો કે સમાજમાં સુચારુ સમાધાન થઈ જાય તે ચંદ્રકાંત ભાઈને ગમતું નથી. કયું સમાધાન? કોનું સમાધાન અને કોની સાથે સમાધાન ભાઈ....? સતપંથના ભાઈઓને કેન્દ્રીય સમાજ વગર ના ચાલતું હોય તો પીરાણા સતપંથનો અને ઈમામશાહ બાવાનો સદાયને માટે ત્યાગ કરીને ભળી જાય કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં. દરવાજા આજે પણ ખુલ્લા છે કેન્દ્રીય સમાજના. પણ હા, સતપંથી ભાઈઓને જો હવે કેન્દ્રીય સમાજમાં આવવું હશે તો સૌ પ્રથમતેઓને પીરાણા સતપંથનો અને બાવા ઈમામશાહનો ત્યાગ કરવો પડશે અને કેન્દ્રીય સમાજના સનાતની પ્રવાહમાં ભળવું પડશે. આનાથી મોટું સમાધાન સતપંથના ભાઈઓ માટે બીજું શું હોઈ શકે? એવી જ ઈચ્છા છે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન ની. પણ જ્યાં સુધી સતપંથના ભાઈઓ પીરાણા સતપંથનો સદાયને માટે ત્યાગ ના કરે ત્યાં સુધી કોઈ જ સુચારુ સમાધાન હવે થઈ શકે એમ નથી.

વાંઢાય ઉમિયા માતાજીને કંઈજ લેવા-દેવા નથી તે તદ્દન ખોટી વાત છે

દેવજીભાઈ, તમે લખો છો કે જે જગડો છે તે કેન્દ્રીય સમાજ અને સતપંથ સમાજનો છે તેમાં વાંઢાય ઉમિયા માતાજીને કંઈજ લેવા-દેવા નથી. તો દેવજીભાઈ, મને તમારા જ્ઞાન પૃષ્ટ પર દયા આવે છે. તમે ભૂતકાળમાં કેન્દ્રીય સમાજના અગત્યના હોદ્દા ઉપર રહી ચુકેલા માણસ છો. તમોને તો સમાજના ઇતિહાસનું અક્ષરે અક્ષર ભાન હોવું જોઈએ કે વાંઢાય ઉમિયા માતાજીની સ્થાપક સંસ્થા એટલે આપણી કેન્દ્રીય સમાજ. આજની આપણી કેન્દ્રીય સમાજની વિધિવત સ્થાપના ૧૯૬૦ માં થવા પહેલાં તે સમાજનું નામહતું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અને તેના પ્રથમપ્રમુખ હતા સુધારક વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી કે જેમના વડપણ હેઠળ અને પૂજ્ય મહારાજ શ્રી ઓધવરામજીના માર્ગદર્શન હેઠળ જ આ સંસ્થાનું નિર્માણ

કરવામાં આવ્યું હતું. તેના લેખીત પુરાવાઓ આજે પણ મોજુદ છે.

ચંદ્રકાંત ભાઈ અને તેમની ઓળખાણઃ

ભાઈ શ્રી દેવજીભાઈ, તમે લખો છો કે ચન્દ્રકાન્ત ભાઈને તમે ઓળખતા નથી. તો આ બાબતે મારે તમોને કહેવું છે કે આપણા આજના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ ભારતમાં કેટલાએ લોકો નહિ ઓળખતા હોય તેથી મોદીને કશોય ફરક પડતો નથી. તેવીજ રીતે તમે કદાચ ચંદ્રકાંત ભાઈને નહિ ઓળખતા હો તેથી ચન્દ્રકાન્ત ભાઈને શું ફરક પડવાનો છે ભાઈ? બાકી એટલું તો કહી દઉં કે ઊંઝા ચુકાદાના અમલીકરણ સમિતિના તેઓ સભ્ય આમઅમસ્તાજ બનાવી દેવામાં નથી આવ્યા? શામાટે મને અને તમોને તે સમિતિના સભ્ય બનાવવામાં નથી આવ્યા? ચંદ્રકાન્તભાઈમાં કંઈક વિશેષતા હશે તેથી જ ને...! સમાજમાં કેટલા લોકો ચંદ્રકાંત ભાઈને ઓળખતા હશે તેની ચિંતા તમારે કરવાની જરૂરત રહેતી નથી અને કરજો પણ નહી.

હંસરાજભાઈ દેવજી ધોળુની ભુલ કે શરતચૂક?

વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીની ચુંટણીમાં વગર વિચારે હંસરાજભાઈ ધોળુએ સતપંથના ભાઈઓને અથવા તો સતપંથના દલાલોને આવરી લીધા તે હંસરાજ ભાઈ માને કે ન માને એ તેમની ભૂલ જ છે. કારણ કે ઊંઝા ઉમિયા માતાજીના ચુકાદાના અમલીકરણ માટે બનેલ અમલીકરણ સમિતિના સભ્ય હોવાને નાતે અને વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ હોવાને નાતે હંસરાજ ભાઈની નૈતિક ફરજ એ છે કે કોઈપણ સતપંથી ભાઈને અથવા તો કોઈ પણ સતપંથના દલાલોને અથવા તો દૂધ દહી માં પગ રાખવા વાળા મવાળવાદીઓને વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનમાં કારોબારી સભ્ય ન બનાવવા જોઈએ. હંસરાજ ભાઈને આવી ભૂલ ન કરવી જોઈએ. કારણ કે ભારત ભરની આપણી સનાતની ઘટક સમાજોમાં વિપરીત અસર પડતી હોય છે.

આપણી સનાતની સંસ્થાઓમાં સતપંથના ભાઈઓનું શું કામ?

સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ અને તેના દ્વારા નિર્મિત તમામસંસ્થાઓ અને તેમાં ખાસ કરીને વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન અને દેસલપર શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામમાં શુદ્ધ સનાતની સભ્યો જ કારોબારીમાં હોવા જોઈએ. એટલી તકેદારી તો આપણે સૌ સનાતની હોવાને નાતે રાખવી જ પડશે. એ આપણા સૌનું દાઈત્વ બને છે અને આપણી ફરજમાં પણ આવે છે. સતપંથના ભાઈઓને આપણી સંસ્થાઓમાં શું કામહોય ભાઈ? તેમની વફાદારી તો હમેશાં સતપંથ સમાજમાં અને પીરણામાં હોય છે. ત્યાં તેઓ કાયમને માટે રહી શકે છે. આપણી સંસ્થાઓમાં તેઓને ડખલગીરી કરવાની હવે કાંઈ જ જરૂરત નથી અને જો કરશે તો તે હવે સાંખી લેવામાં આવશે નહિ.

સમાજ શબ્દ ની સાચી વ્યાખ્યા

દેવજીભાઈ, તમે લખો છો કે સમાજ કોને કહેવાય? સનાતન કોને કહેવાય? તેની ચંદ્રકાંત ભાઈને ખબર જ નથી. તો અમોને સમજાવો તો ખરા કે સમાજ કોને કહેવાય? તમારા મત મુજબ તો હિંદુ સનાતન ધર્મ પાળતા હોય, તેવા લોકોની સાથે સતપંથ (મુસલમાન) ધર્મ પાળતા હોય તેવા લોકો સાથે રહે તેને સમાજ કહેવાય...?? અહી મારે તમોને જણાવવું પડશે કે ભગવદ્ગોમંડલ ગુજરાતી લેક્ષિકોન ડોટ કોમપ્રમાણે સમાજ એને જ કહેવાય કે જ્યાં વ્યવસ્થિત લોકોનો જનસમૂહ

૧. એકજ ધર્મ પાળતો હોય

૨. એકજ રીતિરિવાજ પાળતો હોય અને

૩. એક જ આચાર વિચારને વરેલો હોય.

તો શા માટે તમે આપણી સમાજમાં વિધર્મીઓને ભેગા કરવાનું સતત વિચારતા રહો છો.??? તે મારા સમજની બહાર છે.

સનાતની સમાજમાં ધાર્મિક મુદ્દે કોઈજ સમાધાન ન હોઈ શકે

ભાઈ શ્રી દેવજીભાઈ, તમે પદે પદે સમાધાનની વાતો કરો છો. શેનું સમાધાન?? સમાજમાં ધાર્મિક મુદ્દે કોઈ સમાધાન હોઈજ ના શકે. સતપંથના ભાઈઓને સમાધાન જોઈતું હોય તો છોડી દે સતપંથને. સમાજમાં સતપંથના ભાઈઓને આપણી સાથે ભેગા રાખવાની જવાબદારી ફક્ત સનાતાનીઓની જ શામાટે? સતપંથના ભાઈઓને કેમશુફીયાણી સલાહો નથી આપતા? તેમને કહો ને કે તેઓ સતપંથ છોડી દે. કહો કે સતપંથ છોડવા માટે તેમની સમાજના આગેવાનો કાર્યક્રમકરે.... હોય તેમનામાં દમતો કરી બતાવે. સતપંથ ધર્મ જુદો છે, સનાતન ધર્મ જુદો છે. સનાતની ભાઈઓની સમાજો જુદી છે, સતપંથ ભાઈઓની સમાજો જુદી છે. તો બંને માં શેનું સમાધાન થઇ શકે ??? અત્યાર દિવસ સૂધી સતપંથ અને સનાતન બાબતે સમાજમાં જે જે સમાધાનો થયા છે તેવા સમાધાનોમાં સનાતની ભાઈઓને જ ભોગવવાનું આવ્યું છે. સનાતની ભાઈઓએ જ ધોબી પછાડ કાઢી છે. હમેશાં સનાતાની ભાઈઓના ભોગે જ સતપંથી ભાઈઓ તરફી સમાધાનો થયાં છે. તે સમાધાનો નહિ પણ સનાતાનીઓને પરાણે શરણાગતિઓ જ કરાવવામાં આવી છે. હવે સનાતની ભાઈઓ જાગૃત બન્યા છે અને આવા સમાધાનો હવે એમને નથી જોઈતા. પહેલાં સમાજની મિલકતો પચાવી પાડો અને પાછળથી સમાજને સમાધાન કરવા માટે ફરજ પાડો આવી નીતિ તમારી રહેલી છે. હવે સમાજના સનાતની ભાઈઓ અત્યારની ચોથી અને છેલ્લી સનાતની ચળવળ ને કારણે જાગૃત થયા છે. તે સમજી લેજો.

સમાજ અને રાજકારણ

ભાઈ શ્રી દેવજી ભાઈ, તમે એક રાજકારણી છો પણ સમાજમાં રાજકારણ ન ચાલે તેનું તમોને ભાન હોવું જોઈએ. તમારા ઉપર વિશ્વાસ રાખવાનું સનાતની ભાઈઓને હવે પોષાય એમનથી. ચંદ્રકાંત ભાઈ હોદ્દાના ભુખ્યા છે એવું તમે કહો છો. તેઓ છે કે નહિ એની મને ખબર નથી પરંતુ તમે જરૂર છો તેવું તમારા અત્યારના વક્તવ્યો ઉપરથી દેખાય છે. કેન્દ્રીય સમાજમાં તમે ઉચ્ચ હોદ્દાઓ ભોગવી ચુકેલા માણસ છો પણ તમારા કર્તુત્વને હિસાબે ત્યાંથી તમોને હોદ્દા વિહોણા કરવામાં આવ્યા છે અને અત્યારે તે હોદ્દા પાછા મેળવવા તમે હવાતિયાં જરૂર મારો છો.

ઊંઝા ઉમિયા માતાજીએ સતપંથ બાબતે આપેલ ચુકાદાની સમજણ

ભાઈ શ્રી દેવજીભાઈ, તમે ઊંઝા ઉમિયા માતાજીએ સતપંથ બાબતે આપેલ ચુકાદાનો પૂર્ણતઃ અભ્યાસ કર્યો હોય તેમલાગતું નથી અને કદાચ કર્યો હશે તો તમે તેને સમજ્યા નથી. અને જો સમજ્યા હોત તો તમે ચંદ્રકાંત ભાઈ વિષે આવું લખાણ કર્યું ન હોત. ચુકાદા પ્રમાણે સૌ પ્રથમતો સતપંથના ભાઈઓએ તમામકોર્ટ કેશો, (સમાજો ઉપરના કે વ્યક્તિગત) ૬૦ દિવસની અંદર પાછા ખેંચવાની જરૂરત રહે છે અને ત્યાર પછી જ અન્ય બાબતોનો વિચાર કરી શકાય. હોય તમારામાં હિંમત અને આવડત તો પાછા ખેંચાવો સતપંથના ભાઈઓ પાસેથી તમામકોર્ટ કેશો. ત્યાર પછી તેમની સાથે વાતો કરી શકાય.

સમાજના સુધારક અને સ્થાપક વડીલો ની સાચી ભાવના

આપણી કેન્દ્રીય સમાજના સુધારક અને સ્થાપક વડીલોની એક ખેવના હતી કે જ્ઞાતિમાંથી સમસ્ત જ્ઞાતિને કલંકરૂપ એવા પીરાણા સતપંથ ધર્મનો જડમૂળથી નાશ થાય. અને તમામજ્ઞાતિ જનો પીરાણા સતપંથ ધર્મનો, ઈમામશાહ બાવાનો સદાયને માટે ત્યાગ કરીને સમાજના મૂળ સનાતની વિચાર ધારામાં ભળી જાય. અને એવીજ ઈચ્છા ઊંઝા ઉમિયા માતાજી પણ રહી છે. છેક ૧૯૭૭ માં પણ ઊંઝા ઉમિયા માતાજીએ ઠરાવ પાસ કરેલ કે કચ્છ કડવા પાટીદાર ભાઈઓને પીરાણા સતપંથ મતમાંથી

છોડાવવા તમામપ્રયત્નો કરવા. પણ કહેવું પડે છે કે તમારા જેવા મવાળવાદીઓ (બંને બાજુ ઢોલ વગાડવા વાળા) ને લીધે જ્ઞાતિને સંપૂર્ણતઃ પીરાણા સતપંથમાં થી છોડાવી શક્યા નહિ. તેનો સમાજના ચુસ્ત સનાતની ભાઈઓને અત્યંત ખેદ છે. ફરી કહું છું કે હોય તમારામાં આવડત અને હિંમત તો કરાવો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીમાં થી પીરાણા સતપંથને સદાયને માટે નાબુદ. કેન્દ્રીય સમાજના દરવાજા આજે પણ ખુલ્લા છે એવા લોકો માટે કે જેઓ પીરાણાને, ઈમામશાહ બાવાને, અને સતપંથને સદાયને માટે તિલાંજલિ આપી આવે. બે ઘોડે ચડવા હવે નહિ મળે. બાકી દેવજીભાઈ, અમસનાતાનીઓને અમારી સનાતની સમાજમાં સુખે થી રહેવા દોને ભાઈ. સનાતની સમાજ એટલે કે પછી તે કેન્દ્રીય સમાજ હોય કે પછી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન કોય કે પછી શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કારધામહોય તે સર્વે સનાતની સમાજો છે અને ફક્ત અને ફક્ત સનાતાનીઓ માટે જ છે.

જય સનાતન - જય ઉમિયા માતાજી

(રમેશભાઈ માવજીભાઈ વાગડિયા, બેંગલોર)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે ઊંઝા ઉમિયા માતાજીએ તા. ૮.૧૦.૨૦૧૭ ના આપેલ ચુકાદા અને આદેશની સમીક્ષા માટે એક વિશેષ સભા તા. ૨૬.૦૮.૨૦૧૮ ના બોલાવવામાં આવી હતી તે સભામાં પસાર કરેલ ઠરાવો

ઠરાવોની મૂળ નકલ

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org, abkkpsamajoffice49@gmail.com
Website : www.abkkpsamaj.org

આપણી સર્વોચ્ચ સંસ્થા, કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો તા.૦૮/૧૦/૨૦૧૭ ના આદેશ અને ચુકાદાની સમીક્ષા તેમજ ચિંતન માટે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની માતૃ સંસ્થા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તા.૨૬/૦૮/૨૦૧૮ના મળેલ વિશેષ સભામાં આપણી ત્રણેય મુખ્ય સંસ્થાઓ, (૧) શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા, (૨) શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાય, (૩) શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, દેશલપર (વાંઢાય)ના, તેમજ દેશભરના દરેક ઝોનો અને ઘટક સમાજોના પ્રતિનિધિઓની ઉપસ્થિતીમાં નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

ઠરાવો

(૧) ઊંઝા ચુકાદાનું પાલન:

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની દરેક ઝોન તથા ઘટક સમાજો, યુવાસંઘ, મહિલાસંઘ, પરિવાર સંસ્થાઓ અને સંસ્થાનો તેમજ અન્ય સંલગ્ન સંસ્થાઓ તથા સંસ્થાનોએ કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ચુકાદાનું અને આદેશનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે.

(૨) સતપંથીઓ જોડે કાર્યક્રમોમાં ભાગ લેવા બાબતે:

જ્ઞાતિમાં આવેલા ઉપાસનાનાં કોઇ પણ શ્રધ્ધા કેન્દ્રો, દેવ-દેવી કે પિતૃઓના મંદિરો, તેમજ તમામ ધાર્મિક સંસ્થાઓ અને સંસ્થાઓના ઉત્સવો, જિર્ણોધ્ધારો, પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવો, સામાજીક અને ધાર્મિક મેળાવડાઓ, પારાયણો, પરિવાર મિલનો તથા જ્ઞાનસત્રો વગેરેના આયોજનો અને કાર્યક્રમો સતપંથ એટલે કે ઈમામશાહ, પીરાણાપંથ કે નિષ્કલંકી નારાયણને માનતા લોકોની સાથે કરવાના રહેશે નહી. તેમાં સમાજના જ્ઞાતિજનોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઇને સહકાર આપવાનો કે ભાગ લેવાનો રહેશે નહીં. તેવુ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

અ.ભા.ક.ક. પાટીદાર સમાજ નખત્રાણા

:: 1 ::

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org, abkkpsamajoffice49@gmail.com
Website : www.abkkpsamaj.org

(૩) <u>પારિવારિક મિલનો તેમજ નીયાણીઓના કાર્યક્રમો બાબતે:</u>
નિયાણીઓના પ્રસંગોના નામે કે પરિવારોના જુદા જુદા સ્નેહ મિલનો કે કાર્યક્રમના આયોજનોના નામે તેમજ માનવતાના નામે થતા સેવાકીય કાર્યો, તેમજ રાજકીય મુદ્દાની ઓથમાં કહેવાતી એકતા અને ધર્મ નિરપેક્ષતાના નામે જે આયોજનો થાય છે તેમાં સમાજની સનાતની વિચારધારાને નબળી પાડવાની સતપંથીઓની મુરાદ હોય છે, આથી આવા કોઇ પણ કાર્યક્રમમાં વ્યક્તિગત કે સામુહિક રીતે સહકાર આપવો નહી અને તેમાં ભાગ લેવો નહીં.

(૪) <u>સતપંથીઓ જોડે વાટાઘાટો કે સમાધાનો બાબતે:</u>
વિશ્વના સમસ્ત કડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ લગભગ ત્રણ વર્ષના તલ સ્પર્શી અભ્યાસ અને આધારભુત પુરાવાઓ અને બન્ને પક્ષો સાથે વિસ્તૃત ચર્ચાઓના અંતે સત્યનું સંશોધન કરી ચુકાદો આપેલ છે. તેથી હવે પછી આપણી ત્રણેય સંસ્થાઓએ અને તમામ સંલગ્ન સંસ્થાઓએ સતપંથ સાથે કોઇ પણ પ્રકારની વાટાઘાટો અને સમાધાનો કરવાના રહેશે નહીં. જે લોકો સંપુર્ણપણે ઇમામશાહ, સતપંથ, નિષ્કલંકી નારાયણ અને પીરાણા ધર્મને છોડીને આવે તેની સંપૂર્ણ ખાતરી થયા બાદ તેવા વ્યક્તિને અથવા કુટુંબને સ્વીકારવામાં આવશે.

(૫) <u>કેન્દ્રિય સમાજની મંજૂરી બાબતે:</u>
આપણા સ્પષ્ટ ઠરાવ પછી પણ સતપંથી દ્વારા ગામના, પરિવારના, સમાજના, મંદિરોના, નિયાણીઓના કે પરિવારોના સ્નેહમિલનો, જ્ઞાનયજ્ઞો જેવાં સામાજીક અથવા ધાર્મિક કાર્યક્રમો સંયુક્ત રીતે યોજવા માટે લોભામણી વાતો કરી સાથે રહેવાનો દંભ કરશે, તો તેમાં છેતરાવું નહી. હવે પછી સ્થાનિક કે ઘટક સમાજોને આ બાબતે કે સતપંથ સંદર્ભે કોઇપણ મુદ્દો કે પ્રશ્ન હોય તો આપણી કેન્દ્રીય સમાજને વિશ્વાસમાં લીધા વગર આગળ વધવું નહીં.

:: 2 ::

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org, abkkpsamajoffice49@gmail.com
Website : www.abkkpsamaj.org

(૬) <u>પીરાણા સતપંથના કાર્યક્રમોમાં હાજરી આપતા સાધુ, સંતો, બ્રાહ્મણો વિગેરે બાબતે:</u>
જે સાધુ, સંતો, બ્રાહ્મણો વિગેરે સતપંથના કાર્યક્રમમાં હાજર રહેતા હોય કે સતપંથીઓનું સામાજીક, ધાર્મિક મનોબળ (મોરલ સપોર્ટ) વધારતા હોય, તેવા સાધુ, સંતો, બ્રાહ્મણો વિગેરેને સમાજના તેમજ વ્યક્તિગત કોઇ પણ કાર્યક્રમમાં બોલાવવા નહીં, એવી ભલામણ કરવામાં આવે છે.

(૭) <u>સતપંથીઓ જોડે ધંધાકીય, વ્યવસાયિક ભાગીદારી બાબતે:</u>
આ સમાજના જે જ્ઞાતિજનો અત્યાર સુધી સતપંથીઓ જોડે ધંધાકીય અથવા તો વ્યવસાયિક ભાગીદારીમાં જોડાયેલા છે, તેવા ભાઇઓએ પોતાની વિવેક બુધ્ધીથી આવા સંબંધો પૂર્ણ કરવાના તેમજ આવા નવા સંબંધો જોડવા નહીં, એવી ભલામણ કરવામાં આવે છે.

(૮) <u>સંયુક્ત મિલકતો બાબતે:</u>
સતપંથીઓ સાથે સંયુક્ત મિલ્કતો હોય, તો અનુકૂળતાએ સ્વતંત્ર કરી લેવા ભલામણ કરવામાં આવે છે.

ઉપરોક્ત તમામ ઠરાવોને આજ તા.૨૭/૦૮/૨૦૧૮ની શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સામાન્ય સભા સર્વાનુમતે મંજુર કરે છે અને આ ઠરાવો આજ તા.૨૭/૦૮/૨૦૧૮ થી લાગુ કરી દેવામાં આવે છે.

પ્રમુખ શ્રી
અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી

મહામંત્રીશ્રી
પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

:: 3 ::


SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
જનરલ સભા

પ્રકરણ ૪ પાટીદાર સૌરભ મેગેઝીન માટે તૈયાર કરેલા અમુક લેખો

પાટીદાર સૌરભ મેગેઝીન માટે તૈયાર કરેલા અમુક લેખો

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તા. ૭.૮.૨૦૦૯ થી ચાલુ કરવામાં આવેલ સનાતની ચળવળને સફળતા અપાવવામાં સમાજના માસિકો માંયના ફક્ત અને ફક્ત પાટીદાર સૌરભનો ગણો મોટો હાથ હતો. એક સમય એવો હતો કોઈ સામાયિક કે માસિક અમારા વિચારો છાપવામાં તેઓ ક્ષોભ અનુભવતા હતા. તેવા સમયમાં સી કે પટેલ તેમના પાટીદાર સૌરભ મારફતે અમારી પડખે ઉભા રહ્યા હતા. શુધ્ધ સનાતની વિચારધારાને વરેલા આ સનદી સરકારી અધિકારી અમારી જે ગતિવિધિઓ થતી તેનું અક્ષરે અક્ષર પાટીદાર સૌરભમાં છાપીને અમારા ઉપર ગણો મોટો ઉપકાર કર્યો હતો અને જ્ઞાતિમાં સનાતની ચળવળની ચોથી ક્રાંતિને પાટીદાર સૌરભે ગણો મોટો ભાગ ભજવ્યો હતો. મારું અને સનાતની વીર હિંમત ભાઈનું લોકો સમક્ષ કહેવાનું થતું કે અમે લોકો સી કે સાહેબના ઉપકાર તળે દબાયેલા છીએ અને તેમનું અમારી ઉપર ચડેલ ઋણ કોઈ કાળે ઉતારી શકવાના નથી. સી. કે. સાહેબની ધારદાર કલમકોઈની સાડીબારી રાખતા નોહતા તેથી તો તેઓ કેન્દ્રીય સમાજના હાલના તેમજ ભૂતકાળના હોદ્દેદારોમાં એક અળખામણા પત્રકાર તરીકે છાપ પામ્યા હતા. મને હિંમતભાઈ ખેતાણી સતત કહેતા કે તું પણ તારા બોલવામાં અને વર્તનમાં ખ્યાલ રાખજે, નહી તો તને પણ સી કે સાહેબ છોડવાના નથી. તેમનું ધારદાર લખાણ અને સનાતની વિચારધારાને વરેલા સી કે સાહેબને દિલ થી અમે (હું અને હિંમતભાઈ ખેતાણી) નમસ્કાર કરીએ છીએ.

પાટીદાર સૌરભ માસિક પત્રિકા માટે મેં (રમેશભાઈ વગાડીયાએ) તૈયાર કરેલા અમુક લેખો જેનું પાટીદાર સૌરભે જે તે સમયે અક્ષરે અક્ષર છાપ્યું હતું.

તા. ૧૦.૧૨.૨૦૧૦ ના કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સૂચવેલ કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિનો પાંચ સુત્રી કાર્યક્રમ

આ સમયમાં ગામે ગામસતપંથ ના ભાઈઓને ભેળવવાની, બીજા શબ્દોમાં કહું તો ભેળવવાની એક ફેશન ચાલુ થઈ ગઈ હતી. તેમાં પણ સતપંથ ના ભાઈઓની એક ચાલ જણાઈ આવતી હતી. ચાર ભાઈના પરિવાર માં બે ભળે અને બીજા બે ન ભળે ત્યારે વિચારવું બહુ જરૂરી પડી જતું હતું. કારણકે આપણને એમલાગે કે જે બે નથી ભળતા તે ગામના ખાનાની (જોતીશ ધામની) મિલકત પર કબજો હક્ક જમાવીને બેસી ગયા હોય અને બીજા બે આપણી સનાતની સમાજમાં પગ પસેરો કરતા હોય. ત્યારે આપણા સનાતની લોકોને એમકે જે આવે છે તેને લઈ લોને, આપણો લીટો લાંબો કરોને, બાકીના બે નહિ આવે તોય ચાલશે. પણ આમાં ગામનું ભલું નથી થતું. ગામના સૌ પાટીદાર ભાઈઓ એક તાંતણે નથી બંધાતા. પીરાણા સતપંથ ની લેફ તો રહી જ જાય છે. માટે ખાનાનું વિસર્જન તો જ શક્ય બને જો દરેક ગામમેં અહી સુચવેલા પાંચ સુત્રી કાર્યક્રમનું ચુસ્તપણે પાલન કરે.

પાંચ સુત્રી કાર્યક્રમઃ

૧. દરેક ગામના બાકી રહેલા સતપંથ ના ભાઈઓ સામુહિક રીતે (એકલ-દોકલ નહી) પીરાણા નો હંમેશને માટે (સદંતર) ત્યાગ કરે અને અત્યારે જે તેઓ ઈમામશા બાવાની કબર ની પૂજા કરે છે તે કબર અને પીરાણામાં જે કંઈ સ્થાવર મિલકત છે તે ઈમામશા બાવાના વંસજોને (પીરાણા ના સૈયદોને) અર્પણ કરી આવે. કારણ એજ કે જ્યાં સુધી પીરાણું મોજુદ હશે ત્યાં સુધી આ

સતપંથી ભાઈઓનું મન ત્યાં જ ભટકયા કરશે (ના રહે બાંસ ના બજે બાંસુરી).

૨. અત્યાર સુધી આપણા જ પૂર્વજોએ ૫૦૦ વરસથી પીરાણે આપતા રહેલ દશોન્દ-વિશોન્દ અને અન્ય લાગાઓ થી જે કંઈ ખજાનો બન્યો છે તેનો સાચો રીપોર્ટ અત્યારના પીરાણા ના આગેવાનો કેન્દ્રીય સમાજને આપે અને કેન્દ્રીય સમાજ માં તે ખજાનો બીન-શરતે જમા કરાવે (કારણ કે આ ખજાનો આપણા પૂર્વજોએ આપેલ દશોન્દ, વિશોન્દ અને અન્ય લાગાઓ થી જ બનેલો છે).

૩. આપણા જ પૂર્વજોએ ગામે ગામઉભી કરેલી ખાના ની મિલકત અત્યારે જે નામથી હોય (જયોતીધામઅથવા તો નિષ્કલંકીધામકે અન્ય જે નામે હોય) તેનું કાયદાકીય રીતે જે તે ગામની શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજમાં વિના શરતે વિલીનીકરણ કરી નાખે.

૪. નખત્રાણા માં જ્ઞાતિની કેન્દ્રીય સમાજ હોવા છતાં તેની પ્રતિસ્પર્ધા કરવા હેતુ માત્ર થી નખત્રાણા માં જ ઉભું કરેલું નિષ્કલંકી ધામમાં થી બાવા ઈમામશાહ અને નિષ્કલંકી નો ત્યાગ કરી તે મિલકત કેન્દ્રીય સમાજ માં વિના શરતે કાયદાકીય રીતે વિલીનીકરણ કરી નાખે.

૫. જે સતપંથી ભાઈઓ (સામુહિક રીતે) સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ માં અથવા તો જે તે ગામોની સનાતન સમાજો માં ભળવા માગતા હોય તેઓ તેમના ઘરે અને વ્યવસાઈક સ્થળોએ પીર ઈમામાંશાહ અને તેના જ ભેજાની પેદાશ એવા નિષ્કલંકી ના ફોટાઓ નો સદંતર ત્યાગ કરે. (આપણા હિન્દુ શાસ્ત્રમાં દશમા અવતાર તરીકે કલ્કી ભગવાન જન્મ લેશે તેવો ઉલ્લેખ છે, નિષ્કલંકી નો ઉલ્લેખ ક્યાંય નથી. તે ઈમામશાહ બાવાના ભેજાની પેદાશ માત્ર છે).

ઉપરના પાંચ સુત્રોનું ચુસ્તપણે પાલન કરે તો જ આપણે સતપંથીઓ ને સામુહિક રીતે ભેળવી શકીએ અન્યથા નહિ. એકલ દોકલ ને હવે પછી ભેળવવાનું બંધ કરીએ. તે માટે તારીખ અને દિવસ નક્કી કરીએ. આટલું હવે નહી કરીએ તો સંપૂર્ણ જ્ઞાતિ ને એક તાંતણે બાંધી નહિ શકીએ અને જ્ઞાતિ પહેલાં ની જેમધાર્મિક રીતે અસ્પષ્ટ થઇ ને અંધારામાં અથડાયા કરશે – ઠોકર ખાતી રહેશે.

અત્યારે જાણવા મળ્યું છે તે મુજબ પીરાણા ના લાગતા વળગતાઓએ (કર્તાહર્તાઓ એ) સતપંથી ભાઈઓ માટે એક ફતવો બહાર પાડ્યો છે કે “હમણાં ગામે ગામની સમાજોમાં સતપંથી ભાઈઓ પર પસ્તાળ (ભજ) પડી છે એટલે સમાજ જેમકહે તેમસનાતની બની ને ભળી જાઓ. થોડા દિવસ પછી આ સનાતની જુવાળ ટાઢો પડશે ત્યારે ફરી પાછા આપણે સમાજમાં સતપંથ નો પ્રચાર કરી શકીશું”. એટલા માટે આપણે સૌ સનાતાનીઓ એકલ – દોકલ સતપંથી ને ભેળવવાનું બંધ કરીએ અને હવે આપણી સનાતની સમાજોમાં એ લોકોને ભેળવવા હોય તો ઉપર જણાવેલ પાંચ સુત્રી કાર્યક્રમનો ચુસ્ત પણે અમલ કરાવી સામુહિક રીતે ભેળવીએ તોજ જ્ઞાતિમાં એકવાયતા જળવાશે અન્યથા નહિ જળવાય. સમાજમાં આ રીતે સનાતન ધર્મ બાબતે એકવાયતા જળવાશે અને તેના ફળ ૫-૧૦ વરસે આપણી સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજને મળશે તે ચોક્કસ વાત છે. અન્યથા નહિ મળે.

લી. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા

બેંગલોર-૧૦.૧૨.૨૦૧૦

અ.ભા.ક.ક.પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ)ના હોદેદારોની તા. ૧૪.૦૮.૨૦૧૧ ની ચૂંટણી

એક સમીક્ષા

હું આ લેખ લખી રહ્યો છું ત્યારે આપણી કેન્દ્રીય સમાજના નવા કારોબારી સભ્યો, નવા હોદ્દેદારો અને નવા ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી ને એક અઠવાડિયું થવા આવ્યું છે. આપણે નવા કારોબારી સભ્યો નવા હોદ્દેદારો અને નવા ટ્રસ્ટીશ્રીઓની વરણી રવીવાર તા.૧૪.૦૮.૨૦૧૧ ના દિવસે સમાજના સંપૂર્ણ સનાતની માહોલમાં પૂર્ણ કરી. ગણા બધા સતપંથી તરફી અથવા તો વિઘ્નસંતોષીઓને પસંદ નહિ આવ્યું હોય તેની આપણ ને ચિંતા કરવાની જરૂરત અત્યારે રહેતી નથી. એક વાત નિશ્ચિત થઇ ગઈ કે જે ઉદ્દેશો અને હેતુઓને લઈને કેન્દ્રીય સમાજની સ્થાપના કરવામાં આવી હતી તેને બર કરવા માટે હવે પછીના સમાજના કાર્યકર્તાઓ અથવા તો કર્ણધારો સંપૂર્ણતઃ સનાતની હશે અને હોવા પણ અત્યંત જરૂરી છે.

૧. ટ્રસ્ટીશ્રીઓની નૈતિક અને સિદ્ધાંતિક જવાબદારીઓ

તા.૭.૦૫.૨૦૧૧ ના પ્રચંડ જનમેદની વચ્ચે જે નવું બંધારણ સર્વાનુમતે આપણે પસાર કર્યું તેના પર ભલે એક માણસની અવળચંડાઈને લીધે ચેરિટી કમીશનર સાહેબે રોક લગાવી હોય પણ નૈતિક અને સિદ્ધાંતિક રીતે આપણે બધાયને તે બંધારણ સ્વીકાર્ય અને બંધનકર્તા બની જાય છે. તે અન્વયે ખાસ કરીને ટ્રસ્ટીશ્રીઓને અને હોદ્દેદારોને તો નવું બંધારણ સ્વીકાર્ય હોવું જ જોઈએ. પણ તા.૧૪.૦૮.૨૦૧૧ ની સામાન્ય સભામાં આપણે શું જોયું? ચેરિટી કમિશનર અને હાઈ કોર્ટના ઓર્ડરની આડસ લઈને અમુક ટ્રસ્ટીશ્રીઓ જાણે ફેવિકોલની જાહેરાત માટે પૈસા લીધા હોય તેમ મંચ પર થી ઉખડાતાજ નોતા. તે તેમની બાલીશતા કે મૂર્ખતાનું પ્રદર્શન માત્ર નોતું પણ સભાસદોની નામરજી હોવા છતાં પણ પરાણે હોદ્દા ઉપર ચીટકી રહેવાની બદદાનત માત્ર હતી. એક વખત રાજીનામાં આપીને તેઓ ફરી પાછા (તેમની લાયકાત હોય તો) તે પદ માટે પોતે ચૂંટાઈ શકતા હતા. પણ અમુક ટ્રસ્ટીઓને ફરી પાછા ચૂંટાઈ આવશું કે નહિ ચૂંટાઈ આવીએ તેવો ભરોસો પોતાના ઉપર પણ ન હતો. તેથી તેઓએ બુદ્ધિનું પ્રદર્શન કર્યું. એક માત્ર ટ્રસ્ટી (નવા ચૂંટાએલા પ્રમુખ) શ્રી ગંગારામભાઈ સાંખલાએ હિંમત દાખવીને જાહેરમાં કહ્યું કે આપણા નવા બંધારણ ઉપર ગમે તેની રોક હોય પણ આપણે જ પસાર કરેલા બંધારણને આપણે તો નૈતિકતા દાખવીને સ્વીકારવું જ જોઈએ અને આમલોકોને તેવો દાખલો પુરો પાડવો જોઈએ કે બીજા માને કે ન માને અમો ટ્રસ્ટી – હોદ્દેદારો તો નવા બંધારણને માનીએ જ છીએ.

૨.સનાતની માહોલ અને લોક જાગૃતતા

તા. ૧૪.૦૮.૨૦૧૧ નો દિવસ એટલે સંપૂર્ણ સનાતની માહોલ. એવો માહોલ કે દરેક સનાતનીની એક જ માંગ હતી કે આ વખતે પ્રમુખ આવે તો એવો આવે કે જે સંપૂર્ણ સનાતની હોય ને સાથે સાથે કેન્દ્રીય સમાજ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા ધરાવતો હોય. પ્રચંડ જનમેદની વચ્ચે સવારના સત્રમાં જે બન્યું તેને સભાજનોએ નજરઅંદાજ કરીને સવારના સત્રથી પણ વધારે ઉત્સાહથી બપોર પછીના સત્રમાં ભાગ લીધો જે પુરવાર કરે છે કે લોકોમાં ધાર્મિક અને સામાજિક બાબતે પ્રચંડ જાગૃતતા આવી ગઈ છે.

૩. સભાનો માહોલ બગડે અને કેન્દ્રીય સમાજની બે-ઈજ્જતી થાય તેમાં અમુક પરિબળોને રસઃ

એક વાત તો લગભગ પુરવાર થઇ જ ગઈ કે સમાજના અમુક પરિબળો જેવાં કે

અ) સતપંથી ભાઈઓ જેવા કે માવજી ડાહ્યા તરફી જુકાવ ધરાવતા ભાઈઓ,

બ) જેઓ સતપંથી નથી પણ સતપંથીઓ તરફી વલણ રાખતા ભાઈઓ, તેમાંના ખાસ કરીને રાજકારણીઓ અને

ક) સમાજમાં પહેલાં ધાર્મિક બાબતે જેમઅસ્પષ્ટતા ચાલ્યા કરે છે તેમજ ભવિષ્યમાં પણ ચાલ્યા કરે તેવી વિચારસરણી ધરાવતા

ભાઈઓ વગેરે.....લોકોને એમજ હતું કે કેમે કરીને સભા માં ખલેલ પડે અને સભાનો ચૂંટણી કાર્યક્રમ ખોરવાય. આવું જો થાય તો સમાજની ચેરિટી કમિશનરની કચેરીમાં તેમજ ગુજરાત હાઈ કોર્ટમાં બદનામી થાય અને નીચા-જોવાપણું થાય. એટલા માટે તો સવારના સત્રમાં આવા પરિબળોએ ઉભા થઈને સભાને ખોરંભે ચડાવવાની કોશિશ તો કરી પણ આપણા સદનસીબે તેઓ તેમના બદ-ઈરાદામાં કામયાબ ન થયા.

૪. સભા મોકૂફ રાખવા પછીની તુરંત પરિસ્થિતિ અને માહોલઃ

ઓચિંતી સભા મોકૂફ રાખવાનો પ્રમુખ દ્વારા લેવાએલા નિર્ણયથી સભાજનોએ અચંબા સાથે આંચકો અનુભવ્યો હતો. સભાજનોમાંના અમુક લોકોએ તો ત્યાં સુધી વાતો કરીકે ચૂંટણીનો માહોલ હવે બગડી ગયો છે અને ચૂંટણી હવે ત્રણ મહિના સુધી ધકેલી દેવામાં આવશે. આવું જો ખરેખર થાય તો વિરોધી પરિબળો તેમના બદ-ઈરાદામાં કામયાબ થયા ગણાય. અને બીજી બાજુ ત્રણ મહિના પછી લોકોનો આવો માહોલ બને કે ના પણ બને તેની દહેશત હતી. પહેલા સત્ર પછી તુરંત બોલાવવામાં આવેલ ટ્રસ્ટી-હોદ્દેદારોની મીટીંગમાં કોણ કેમબોલ્યું તેની સત્તાવાર માહીતી તો મારી પાસે નથી પણ સભાજનોમાં એવી વાતો જરૂર વહેતી થઇ ગઈ હતી કે ટ્રસ્ટી-હોદ્દેદારોએ એવો નિર્ણય લઇ લીધો છે કે સમાજની ચૂંટણી વાળો એજન્ડા ત્રણ મહિના સુધી મોકૂફ રાખવામાં આવે. પણ એવું થયું નહિ તે માટે જે તે ટ્રસ્ટી હોદ્દેદારોએ નિર્ણય લીધો હશે તેઓને ધન્યવાદ આપવા ઘટે. બપોર પછીનું સત્ર રાબેતા મુજબ ૨.૩૦ વાગે શુરુ થયું.

૫. સમાજના પ્રમુખને ચૂંટવા માટે અપનાવવામાં આવતી પંચ-પ્રથા

આપણી કમનસીબી ગણો કે પછી આપણી બે-દરકારી ગણો. આપણા બંધારણમાં પ્રમુખ શ્રીને ચૂંટાવાની સ્પષ્ટ જોગવાઈઓ નથી. એટલે છેલ્લી ઘડીએ પંચ–પ્રથા ઉપર બધોય મદાર રાખવો પડતો હોય છે. પણ આ પંચો કોણ હોય? કેવા હોય? કે તેઓ ટ્રસ્ટી માંથી હોવા જોઈએ કે પછી આમસભા-સદો માંથી હોવા જોઈએ તેવી સ્પષ્ટતાઓ પણ આપણા બંધારણમાં નથી. પણ પંચ-પ્રથાની મોટામાં મોટી ખામી જો હોય તો તે છે કે આખી આમસભા તેને મળેલા બંધારણીય હક્કો પોતાના કાંડા કાપીને તે પંચોને સોંપી દેતી હોય છે. પછી પંચો જે કરે તેના પરિણામો ઉપર રોવાનો વારો આવતો હોય છે. આ એક નરી પલાયનવાદ વૃત્તિ જ ગણાય જેનાથી આપણે વર્ષોથી ટેવાએલા છીએ જેમાંથી બહાર આવવું અત્યંત જરીરી છે.

૬. પંચમાં કઈ વ્યક્તિઓ હોવી જોઈએ તેની સત્તા પૂર્વ પ્રમુખ રામજીભાઈ કરમશીને સોંપાણીઃ

બીજા સત્રમાં ચૂંટણી પંચમાં કોને લેવા તે બાબતના વિવિધ વ્યક્તિગત મંતવ્યો લેવામાં આવ્યા તેમાંના વડીલ શ્રી કરસન લધાએ પોતાનો મંતવ્ય આપતાં જણાવ્યું કે આપણા પ્રમુખ કે જેઓએ હાલમાં જ પ્રમુખપદ ના હોદ્દાથી નીચે ઉતર્યા છે તેઓ ફરી પાછા પ્રમુખપદના ઉમેદવાર નથી તો પછી આપણે એમને જે વ્યક્તિઓ પંચ તરીકે જોઈએ તે આમસભામાં થી લઈ લે. પણ જેને લે તે શુદ્ધ સનાતની હોવો જોઈએ એવો આગ્રહ આ વડીલશ્રીએ રાખ્યો હતો. અને તે મુજબ શ્રી રામજીભાઈ કરમશી સહીત શ્રી અબજીભાઈ વિશ્રામકાનાણી, શ્રી ધનજીભાઈ મનજી છાભૈયા, શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ, શ્રી મોહનલાલ શિવજી ધોળુ અને શ્રી રતિભાઈ મણીભાઈ રામાણીને પંચ તરીકે નક્કી કરવામાં આવ્યા હતા.

૭. પંચમાં માંડવી તરફના ભાઈઓના નામન હોવાને લીધે નારાજગી અને વેસ્ટેડ ઇન્ટરેસ્ટ ધરાવતા ભાઈઓનો સભાત્યાગ

આ એક નરી બાલીશતા જ ગણી શકાય. પહેલાં આમસભા પ્રમુખશ્રીને સત્તા આપે અને ત્યાર પછી ફલાણા પંચ માં નથી તેનો વિરોધ કરવો તે નરી મુર્ખતાજ કહેવાય. એટલુંજ નહિ પણ એ કારણ ને લઈને સભાનો અનાદાર કરી ત્યાગ કરવો એ તો

સમાજનો અનાદર કર્યો જ ગણાય. એમાં પણ શ્રી ઉમિયા માતાજી વાંઢાય સંસ્થાનના વડા શ્રી રવિલાલ કેશરા તેમજ મહામંત્રી શ્રી જયેશભાઈ છાભૈયા જેવી ગણમાન્ય વ્યક્તિઓ કે જેઓ હોદ્દાની રુએ કેન્દ્રીય સમાજની કારોબારીમાં કાયમી સભ્યો છે તેઓએ તો સભાનો અનાદર ન જ કરવો જોઈએ. અન્ય જ્ઞાતિઓની સમાજમાં જો આમથાય તો એવા લોકોને વગર પૂછે કારણ દર્શક નોટીસ તો ફટકારવામાં આવે જ.

૮. સનાતની શ્રી ગંગારામભાઈ હીરાલાલભાઇ સાંખાલાની પ્રમુખ તરીકે વરણીઃ

આમસભાનો સનાતની માહોલ જોઈને દિલ્હી વાળા ગંગારામબાપા ની પ્રમુખ તરીકે વરણી થશે એવો સભામાં ઉપસ્થિત દરેક જણ નો મત હતો જ. એવો માહોલ જોઈને તો અમુક પ્રમુખ પદ માટેના ઉમેદવારોએ તો પોતાની ઉમેદવારી પણ ન ભરી. ગંગારામબાપાની ૨૭ ઉમેદવારી દરખાસ્તોની સામે એક માત્ર ઉમેદવારી દરખાસ્ત એક વ્યક્તિનું આવ્યું હતું. બિન સત્તાવાર માહિતી પ્રમાણે તે ઉમેદવારી સમાજના અત્યાર સુધીના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયાનું હતું એમકહેવામાં આવે છે.

૯. પ્રમુખ દ્વારા અન્ય હોદ્દેદારોની વરણી

ઉપ પ્રમુખો તરીકે શ્રી દેવજીભાઈ રામજી ભાવાણી અને શ્રી મનસુખભાઈ રૂડાણી અને મંત્રીઓ તરીકે શ્રી વાલજીભાઈ ચવ્હાણ, અને નરસિંહભાઈ સાંખલાની વરણી કરીને પ્રમુખ શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાએ જુના જોગીઓ ઉપર પોતાનો વિશ્વાસ મુક્યો છે એવું દેખાઈ આવે છે. વળી પાછા મહામંત્રી તરીકે માવજીભાઈ ભગત (જીણા) ઉપર પણ પ્રમુખશ્રીએ વિશ્વાસ મુક્યો છે તેમાં પ્રમુખશ્રીનો આત્મવિશ્વાસ અને પોતાની ચાણક્યનીતિ કામે લગાડી હશે એવું દેખાઈ આવે છે. ઉપ-પ્રમુખ તરીકે અનુભવી વડીલ શ્રી દેવજીભાઈ રામજી ભાવાણી અને શ્રી મનસુખભાઈ રૂડાણીની પસંદગી ઉપર આમસભાજનોએ આશ્ચર્ય વ્યક્ત કરવાની સાથે સાથે નારાજગી પણ દર્શાવી હતી. પણ મારા મત પ્રમાણે અત્યારે ચાલી રહેલા ચેરિટી કમિશનર અને હાઈ કોર્ટના કેસો પાછળ આ વડીલોનું યોગદાન છે અને ભવિષ્યમાં પણ રહેશે અને તેમાં તેમનો અનુભવ કામે લાગશે તેથી તેમની વરણી પણ યથાર્થ છે. અને તેમાં પ્રમુખશ્રીએ ડહાપણ વાપર્યું છે એવું અત્યારે દેખાઈ આવે છે.

૧૦. સમાજ અને રાજકારણીઓ

ભારત દેશના અથવા તો ગુજરાત રાજ્યના રાજકારણમાં રસ ધરાવતી સમાજની વ્યક્તિઓએ પોતાની નૈતિક ફરજ સમજીને સમાજમં થી સ્વૈચ્છીક રીતે હોદ્દાનો ત્યાગ કરવો જોઈએ. પોતાના નીજી સ્વાર્થ માટે થઈને રાજકીય લાભ ખાટવા માટે સમાજના કોઈ પણ રાજકારણીએ સમાજ ના મંચનો ઉપયોગ સદન્તરે કરવો જોઈએ નહિ એવું મારું માનવું છે. જો આ પ્રથા ચાલુ રહેશે તો સમાજે ભુતકાળ માં ગણું બધું ભોગવ્યું છે અને ભવિષ્યમાં પણ ભોગવવું પડશે તે વાતમાં અતિશયોક્તિ નથી. સમાજ અને રાજકારણ કોઈ દિવસ ભેગા ચાલી શકે જ નહિ. કારણ કે સમાજ સંગઠન વગર ચાલી શકે નહિ અને રાજકારણ ફાટફૂટ વગર ચાલી શકે નહિ. સમાજના પાયામાં સિદ્ધાંતો હોય છે જેમાં બાંધછોડ બિલકુલ ન ચાલે જ્યારે રાજકારણ માં છાશવારે સિદ્ધાંતોમાં બાંધ-છોડ કરવી પડતી હોય છે.

૧૧. નિષ્કર્ષ

સમાજના ચુનાવના પરિણામો આપેક્ષિત આવ્યા હોય કે ના હોય પણ એક વાત તો નિશ્ચિત થઇ જ ગઈ છે કે જે પણ ટીમઆવી છે તે સંપૂર્ણ સનાતની ટીમછે અને રહેશે. આ નવી ટીમપાસે આપણે સૌ નીચે જણાવેલ આપેક્ષાઓ તો રાખીએ એટલો હક્ક તો

આપણને છે જ. વડીલ શ્રી ગંગારામબાપાના વડપણ હેઠળની નવી ટીમ

૧) સમાજને અને ધર્મને સાથે રાખીને જ ચાલશે કારણકે ધર્મ અને સમાજ એક બીજાના પર્યાય છે.
૨) સમાજના સનાતની ભાઈઓને સંપૂર્ણ વફાદાર રહેશે.
૩) સમાજના જ્ઞાતિ બંધુઓ ના હિતોની સદાયને માટે રક્ષા કરશે. (જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદારના તે વંસજો કે જેઓ ફક્ત અને ફક્ત સનાતન વૈદિક હિંદુ ધર્મ પાળતા હોય)
૪) સમાજની સ્થાપના વખતેના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓનું જતન અને પાલન કરવા કાજે મૂળભૂત સિદ્ધાંતોમાં કોઈ પણ જાત ની બાંધ-છોડ નહિ કરે.
૫) સમાજ વિરોધી તત્વો અને પરિબળો સામે કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર સખતાઈથી કામલેશે.

૧૨. જ્ઞાતિ બંધુઓ ની જવાબદારીઓ

નવા કર્ણધારો ઉપરની જણાવેલ આપણી આપેક્ષઓ પરિપૂર્ણ કરી શકે તેમાટે આપણે સૌએ તેમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને જરૂર પડ્યે તેમને સંપૂર્ણ સાથ સહકાર આપવો પડશે. તો ચાલો તે માટે આપણે સૌ કટ્ટીબદ્ધ થઈએ અને કેન્દ્રીય સમાજને મજબુત બનાવીને તે આપણી માતૃ સંસ્થા છે અને બની રહે તેમાટે આપણી ફરજ અદા કરીએ.

રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર (૨૪.૦૮.૨૦૧૧)

સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ – એક સમીક્ષા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની સમાજ (આપણી કેન્દ્રિય સમાજ) જેની વિધિવત સ્થાપના ભલે ઈ.સ.૧૯૬૦ માં કરવામાં આવી હોય પણ તેનો પાયો તો છેક ૧૯૪૦ માં નખાઈ ગયો હતો. આપણે ઋણી છીએ તેના સર્વ પ્રથમપ્રમુખ, મંત્રી અને ખજાનચી અનુક્રમે શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી નથુભાઈ નાનજી કેશરાણી અને શ્રી ભીમજી કેશરા લીંબાણી. તે વખતે આપણી કેન્દ્રીય સમાજનું નામહતું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ, નખત્રાણા. આ સમાજે જે બે મુખ્ય કાર્ય કર્યાં તેનું ઋણ આ જ્ઞાતિ કોઈ દિવસ ઉતારી શકશે નહી.

૧. કચ્છ ના ગામે ગામમાં પૂજ્ય. સંત શ્રી ઓધવરામજી મારાજના માર્ગદર્શન હેઠળ અપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મદિરો બંધાવ્યા અને બીજું
૨. ઈ.સ.૧૯૪૫ માં પૂજ્ય મહારાજ શ્રી ઓધવરામજી ની પ્રેરણા થી વાંઢાય ખાતે કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર બનાવ્યું

જ્ઞાતિનો અને કેન્દ્રીય સમાજનો ઇતિહાસ

કોઈ પણ સંસ્થાના સુચારુ સંચાલનને ન્યાય આપવો હોય તો તેના કર્ણધારોને તે સંસ્થાની સ્થાપનાના મૂળભૂત ઉદ્દેશોને, હેતુઓને અને સંદર્ભોને ધ્યાનમાં રાખીને સંચાલન કરવું જોઈએ. જ્યારે જ્યારે આ વસ્તુઓ ભૂલાઈ જાય છે ત્યારે ત્યારે તે સંસ્થામાં અનેક પ્રશ્નો ઉભા થાય છે અને સંસ્થાને ખાડે જતી બચાવવા માટે તે સંસ્થાના સંચાલનમાં જડમૂળ થી ફેરફારો કરવા તેના સભ્યોને મજબુર થવું પડે છે. આવુંજ કંઈક તાજેતર માં આપણી કેન્દ્રીય સમાજમાં થયું અને કરવું પડ્યું.

આવું શા માટે થયું અને કરવું પડ્યું?

છેલ્લા બે-અઢી દાયકા થી કેન્દ્રીય સમાજના કર્ણધારો એટલે કે તેના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યોને સમાજના ઈતિહાસ નું કાં તો જ્ઞાન ના રહ્યું અથવા તો કેન્દ્રીય સમાજની સ્થાપના વખતના ઉદ્દેશો અને હેતુઓથી જાણી જોઈને મો ફેરવી લીધું. તેના પરિણામસ્વરૂપે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓમાં આક્રોશ વધતો ગયો. **જ્ઞાતિ માટે કલંક એવા પીરાણા સત્પંથ મતથી જ્ઞાતિને મુક્ત કરીને ફરી પાછી જ્ઞાતિને પુનઃ સનાતન ધર્મ અંગીકાર કરાવવાના મુખ્ય ઉદ્દેશને લઈને કેન્દ્રીય સમાજની સ્થાપના કરવામાં આવી હતી તે વાત તો સાવ ભુલાઈજ ગઈ.** અરે સમાજના આમ સભ્યો કદાચ આ વાત ભૂલી જાય પણ તેના કર્ણધારોએ તો આ વાતને સદંતર યાદ રાખીને સમાજને સહી દિશા આપવી જોઈતી હતી. પણ થયું શું? **સમાજના અર્ધ-જ્ઞાની નેતા ગણ કહો કે પછી લાંબા સમયના ઉપભોગથી પ્રસ્તાપિત થએલા હિત સંબધો કે હક્કો ધરાવતા લોકોએ અને હોદ્દેદારોએ સમાજના સનાતાનીઓની રીતસરની ઉપેક્ષા કરી.** અરે, આ લોકો એ પણ ભૂલી ગયા કે કેન્દ્રિય સમાજની સ્થાપના માત્ર ને માત્ર એટલા માટે કરવામાં આવી હતી કે પાખંડી પીરાણા સત્પંથ મત ને છોડીને પુનઃ સનાતન હિંદુ ધર્મને અપનાવી ચુકેલા જ્ઞાતિ બંધુઓના હિતોની રક્ષા કરી શકાય. **જ્ઞાતિ માટે કલંક એવા પીરાણા સત્પંથ મતથી જ્ઞાતિને સંપૂર્ણ મુક્ત કરવાની તો વાત બાજુએ રહી પણ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજના હોદ્દા પર રહીને અમુક કર્ણધારો તો પીરાણા સત્પંથ ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા, તેના વખાણ કરવા લાગ્યા, ત્યારે તો હદ થઈ ગઈ. જ્ઞાતિને પીરણા સતપંથ થી સંપૂર્ણ પણે મુક્ત કરવાનો મુખ્ય ઉદ્દેશ ઉપર વજ્રઘાત થવા લાગ્યો.** કેન્દ્રીય સમાજને પરાણે સનાતન અને સતપંથના મુદ્દે અટવાતી રાખી આ લોકોએ. સમાધાન ના નામે સનાતાનીઓ ની ઉપેક્ષા તો બાજુએ રહી પણ તેનું રીતસરનું શોષણ કરવામાં આવ્યું.

સનાતાનીઓ ની "માં" સમાન કેન્દ્રીય સમાજમાં તેના દીકરાઓ પ્રત્યે જ ઓરમાયું વર્તન

જે સનાતાનીઓ માટે 'મા' તરીકે જે કેન્દ્રીય સમાજને જન્મઆપવા માં આવ્યો હતો તેના દીકરાઓ સાથેજ ઓરમાયું વર્તન રાખવામાં આવ્યું. ધાર્મિક મુદ્દે અથવા તો સામાજિક મુદ્દે સતપંથ-સનાતન ના પ્રશ્ને સનાતાનીઓને ન્યાય આપવાના બદલે હમેશાં સનાતાનીઓના ભોગે સતપંથ તરફી સમાધાનો કરાવવામાં આવ્યાં. આ સમાધાનો નોતાં, આ સનાતાનીઓની શરણાગતિ માટે ફરજ પાડવામાં આવતી હતી. **સતપંથી ભાઈઓની પોતાની સતપંથ સમાજ મોજુદ હોવા છતાં એવા પીરાણા-સતપંથમાં માનનારા લોકોને બોલાવી બોલાવીને સભ્યો બનાવવામાં આવ્યા.** પરિણામ સ્વરૂપે ''માવજીડાહ્યાઓ'' અને ''હરીમાધાઓ'' પેદા થયા જેઓએ કેન્દ્રીય સમાજને રીતસરની બાનમાં રાખીઅને હજુ પણ રાખી રહ્યા છે અને સનાતાનીઓ લાચાર થઇ બેઠા છે. સમાજમાં મવાળવાદીઓ અને દૂધ-દહી માં પગ રાખવા વાળાઓ નો એક વર્ગ ઉભો થયો જેઓએ તો સમાજની દાટ વાળી નાખી.

કેન્દ્રીય સમાજના ખરા હક્કદાર સનાતાનીઓની ઉપેક્ષા અને આક્રોશ

આવી તો અનેક વાતોને લઈને સમાજના સનાતની ભાઈઓમાં આક્રોશ પરાકાષ્ટાએ પહોંચ્યો. **પરિણામસ્વરૂપે તા. ૭.૮.૨૦૦૯ ની સામાન્ય સભામાં શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીની કર્ણધારો વિરુદ્ધ સિંહગર્જના અને રમેશભાઈ માવજી વગાડીયાનું આક્રોશ ભર્યું ભાષણ થયું.** ત્યાર પછી શ્રી હિંમતભાઈ અને શ્રી રમેશભાઈ વગાડીયાની આગેવાની હેઠળ સનાતન ધર્મ જાગૃતિ સમિતિની રચના થઇ જેને ભારતભરની કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિની સમાજોમાં સભાઓ ભરી જન-જાગૃતિ અંદોલન છેડ્યું અને જેને લઈને સમાજના સનાતની ભાઈઓ માં અસ્મિતા અને ખુમારી પેદા થઈ. સમાજનું અગત્યનું અંગ યુંવાસંઘમાં પણ એક અકલ્પનીય ખુમારી અને જાગૃતિ આવી. ધાર્મિક અને સામાજિક બાબતે સમાજનો જે વર્ગ કચડાઈને બેઠો હતો તે સફાળો જાગૃત થયો.

શ્વેત-પત્ર દ્વારા સમાજની સનાતની તરીકે ની ઓળખ

જ્ઞાતિના લોકોમાં પ્રચંડ જાગૃતિ અને આક્રોશને લીધે કેન્દ્રીય સમાજના કર્ણધારોને તા. ૨૫.૦૩.૨૦૧૦ ના દિવસે એક શ્વેત-પત્ર બહાર પાડીને સમાજની સનાતની તરીકેની ઓળખ બહાર પાડવાની ફરજ પડી. જેને પરિણામે સમાજના સ્વર્ણિમ મહોત્સવમાં પ્રચંડ સનાતની લોક-જુવાળ હાજર રહ્યો અને બતાવી દીધું કે આ સમાજ સનાતાનીઓ ની સમાજ છે અને સ્વર્ણિમ મહોત્સવ પણ સનાતાનીઓનો મહોત્સવ છે.

હવનમાં હાડકાં નાખવાના સામે વાળાઓના પ્રયાશો અને સનાતાનીઓ ની મજબુતાઈ

હાલા કી સામે વાળાઓએ હવનમાં હાડકા નાખવાના સર્વ પ્રયત્નો કર્યા પણ ફાવ્યા નહી. સમાજનું રાજપત્ર સમાન શ્વેત્પત્રની પણ સામે વાળાઓએ હોળી કરી. તા. ૭.૫.૨૦૧૦ ની સમાજની અસાધારણ સામાન્ય સભા પર રોક લગાવવા માટે સામે વાળાઓએ આકાશ-પાતાળ એક કર્યું. સમાજ ના સ્વર્ણિમમહોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત મહામહિમગુજરાતના રાજ્યપાલ સાહેબા કમલા મેડમને મહોત્સવમાં સામેલ ન થવા માટે અરજીઓ થઇ. એટલુંજ નહિ એ લોકોએ સનાતની જ્ઞાતિ ના પંચમ અધિવેશન માં ખુડશીઓ ઉછાળી. વધારેમાં, સનાતન ધર્મ જાગૃતિ ના પ્રણેતા સર્વ શ્રી હિંમતભાઈ ખેતાણી, શ્રી રમેશભાઈ વાગડિયા અને પ્રેમજીભાઈ કેશરાણી ઉપર ખોટી ઉપજાવી કાઢેલી ફોજદારી પોલીસ ફરીયાદો નોંધાવી. પરિણામ સ્વરૂપે સનાતાનીઓ વધુને વધુ મજબુત અને સંગઠીત થતા ગયા. કચ્છ ના ગામે-ગામ સનાતાનીઓને મજબુત અને સંગઠિત કરતા ઠરાવો પસાર થયા. કચ્છ બહારની સનાતની સમાજો વધુને વધુ મજબુત અને જાગૃત થતી ગઈ. તા. ૧૧,૧૨,૧૩અને ૧૪ મે, ૨૦૧૧ ના સનાતાનીઓના ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની દેશલપર વાંઢાય ખાતે પ્રચંડ જન-મેદની વચ્ચે પ્રાણ-પ્રતિષ્ઠા થઇ.

અત્યાર સુધીની ફળશ્રુતિ

તા. ૧૪.૮.૨૦૧૧ ના કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં સંપૂર્ણ સનાતની માહોલ વચ્ચે સનાતન ધર્મ અને સમાજ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને ભરપુર લાગણી ધરાવતા સનાતની ભાઈઓની ટ્રસ્ટી, કારોબારી સભ્યો અને હોદ્દેદારો તરીકે વરણી કરવામાં આવી. જેમાં મવાળવાદીઓને અને દૂધ-દહીં માં પગ રાખવાવાળાઓ નો સદંતર સફાયો કરવામાં આવ્યો. અમુક ટ્રસ્ટીઓ લોક લાગણીને સમજયા વગર જાણે ફેવીકોલની જાહેરાત કરતા હોય તેમહોદ્દા પરથી ઉખડતા જ નોતા. સમગ્ર જ્ઞાતિને નવા ટ્રસ્ટીઓ, નવા વરાએલા હોદ્દેદારો અને કારોબારી સભ્યો તરફથી ઘણીબધી અપેક્ષાઓ છે. એ અપેક્ષાઓ પૂરી કરવા માટે તેઓને સમાજના અને જ્ઞાતિના ઇતિહાસનું જ્ઞાન તો હોવું જરૂરી છે તદ્ઉપરાંત નવા કર્ણધારોને નીચે જણાવેલ પ્રશ્નોના ઉત્તરો તો આવડવા જ જોઈએ.

૧. કેન્દ્રીય સમાજ અને જ્ઞાતિનો ઇતિહાસ ની ઊંડી સમજ. અને ઇતિહાસ શું કહે છે તેની નોંધ.
૨. જ્ઞાતિની સતપંથ સમાજ કાર્યરત હોવા છતાં ૧૯૪૦ માં અને ત્યાર પછી વિધિવત ૧૯૬૦ માં કેન્દ્રીય સમાજની સ્થાપના શા માટે કરવામાં આવી હતી?
૩. કેન્દ્રીય સમાજની સ્થાપના કેવા સંદર્ભોને લઈને કરવામાં આવી હતી અને તેના મૂળભૂત ઉદ્દેશો અને હેતુઓ શા હતા?
૪. સમાજની સ્થાપના કરતી વખતે એવા કયા સુધારક વડીલો હતા જેઓને લાગ્યું હતું કે જ્ઞાતિની સતપંથ સમાજ મોજુદ હોવા છતાં તેનાથી અલગ આ સનાતની સમાજની સ્થાપના કરવી શા માટે અત્યંત જરૂરી હતી.
૫. આ સમાજે ઈ.સ. ૧૯૪૦થી ૧૯૬૦સુધી કયાં મુખ્ય કાર્યો કર્યાં?
૬. કેન્દ્રીય સમાજની ૧૯૬૦મા વિધિ-વત સ્થાપના કરતી વખતે તેના પ્રેરણાદાયી સંતો અને સુધારક વડીલો કોણ હતા?

૭. પૂજ્ય નારાયણજી રામજી લીમ્બાણી ને આપણે જ્ઞાતિના આદ્ય સુધારક શા માટે કહીએ છીએ.

૮. પુ. નારાયણ રામજી લીબાણી પહેલાં પીરાણા સતપંથ વિરુદ્ધ જ્ઞાતિમાં કોણે ઝંડો ઉપાડ્યો હતો?

૯. કેન્દ્રીય સમાજના ૧૯૬૦ પછીના ઈતિહામાં કેન્દ્રીય સમાજ તેના મૂળ ભૂત ઉદ્દેશો ને શામાટે અને કઈ રીતે ભૂલી ગઈ? અને તેના માટે કોને જવાબદાર ગણી શકાય?

૧૦. સનાતનીઓએ જ બનાવેલ, સનાતાનીઓ માટે જ બનેલ અને સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં સનાતનીઓની જ ઉપેક્ષા શા માટે થતી હતી અને તે માટે કયા પરિબળો કામકરી રહ્યા હતા?

૧૧. વારે-તહેવારે સતપંથ-સનાતનના મુદ્દે સમાધાન સમિતિઓની રચના અને તેવી સમિતિઓનું સતપંથ તરફી કુણું વલણ શામાટે થતું હતું અને તે માટે જવાબદાર પરિબળો કયાં હતાં?

હવે પછી શું?

તા. ૧૪.૦૮.૨૦૧૧ ની કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં નવા કર્ણધારોની વરણી સભ્યોએ શામાટે કરી છે તેના કારણો નીચે મુજબના હોઈ શકે. અને નવા નિમણૂંક પામેલા કર્ણધારો ઉપર બહુજ મોટી જવાબદારી સભ્યોએ મૂકી છે અને સાથે-સાથે તેમના ઉપર એટલો જ મોટો વિશ્વાસ પણ સમાજના સભ્યોએ મુક્યો છે. સૌને આશા છે કે તેઓ તે જવાબદારી બરાબર રીતે નિભાવશે અને લોકોના વિશ્વાસ ને અકબંધ રાખશે.

કર્ણધારોના શિરે જવાબદારીઓઃ

૧. હવે પછી ધાર્મિક બાબતે સમાજની સનાતન હિંદુ ધર્મ તરફી એક જ નીતિ હશે અને તે સ્પષ્ટ હશે. બે-ધારી નીતિઓ નહી જ હોય.

૨. સમાજ એટલે શું? ભગવદ્દ ગોમંડળની વ્યખ્યા પ્રમાણે સમાજ એને જ કહેવાય જયાં વ્યવસ્થિત લોકોનો જન સમુદાય

અ) એકજ આચાર વિચારને વરેલો હોય,

બ) એક જ રીતી રીવાજ પાળતો હોય અને

ક) એક જ ધર્મ (સનાતન હિંદુ ધર્મ) પાળતો હોય.

તે પ્રમાણે આપણા કર્ણધારો ના શિરે એક મોટી જવાબદારી છે કે આપણી કેન્દ્રીય સમાજમાં પણ જનસમુદાયને એક જ સનાતન હિંદુ ધર્મ પળાવે, એક જ રીતિરિવાજ પાળતો કરે અને એક જ આચાર-વિચારને વરેલો કરે.

૩. સમાજ અને ધર્મ જુદા ન હોઈ શકે. બંને એક જ શીક્કાની બે બાજુઓ છે. ભૂતકાળ માં અમુક વડીલોએ ધાર્મિક મુદ્દે સમાજમાં ભાગલા પાડો અને રાજ કરો એવી નીતિ અપનાવી જેના પરિણામે સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ હોવા છતાં સમાજના સનાતાનીઓને વાંઢાય-દેસલપર ખાતે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન સમાજ જેવી સંસ્થા ઉભી કરવાની ફરજ પાડવામાં આવી. આવી પરિસ્થિતિઓ ફરી પાછી ન સર્જાય તેની જવાબદારી પણ નવા કર્ણધારો ઉપર છે.

૪. કચ્છ કડવા પાટીદારોની સનાતની ઓળખ ધરાવતી જેટલી પણ સંસ્થાઓ છે તેની માતૃ સંસ્થા આપણી કેન્દ્રીય સમાજ છે અને તેથી તેવી સંસ્થાઓને કેન્દ્રીય સમાજની નીતિઓને આધીન કરવા માટે જ્ઞાતિમાં જાગૃતિ લઇ આવવી પડશે . અને તે માટે નવા કર્ણધારોએ કમર કશી ને તમામપ્રયાશો કરવા પડશે.

૫. સમાજમાં ઉભો થએલો અને પાંગરેલો, દૂધ-દહી માં પગ રાખવા વાળો એક વર્ગ જે મવાળવાદી તરીકે પણ ઓળખાય છે તેની સંપૂર્ણપણે નાબુદી કરવી પડશે.

૬. કેન્દ્રીય સમાજ સનાતનીઓ ની સમાજ છે અને તે હમેશાં સનાતન-હિંદુ ધર્મ પાળતા લોકોના હિતો ની રક્ષા કરશે તેવી

પ્રતીતિ સનાતાનીઓમાં સતત થતી રહે એવા કાર્યો કરવાની જવાબદારી નવા કર્ણધારો ના શિરે છે.

૭. આ સમાજની સ્થાપના વખતે ના સમય માં જે રીતે તેના તે વખતના કર્ણધારો, જ્યારે–જ્યારે સનાતનીઓ ઉપર વિધર્મીઓ દ્વારા ખોટા કોર્ટ કેશો તેમજ ખોટી પોલીસ ફરીઆદો થતી ત્યારે તેની મદદે ખડે પગે ઉભા રહેતા. તે જ પ્રમાણે અત્યારે અને ભવિષ્યમાં સમાજના સનાતની ભાઈઓ પર વિધર્મીઓ દ્વારા કોઈ પણ જાત ની આફત ઠોકવા માં આવશે ત્યારે નવા કર્ણધારોએ આવા પીડિત સનાતનીઓ ની વહારે નીડરતાથી ધસી જવું પડશે.

કેન્દ્રીય સમાજના આમસભ્યોની જવાબદારીઓઃ

કેન્દ્રીય સમાજના નવા વરાએલા કર્ણધારો તેમની ઉપર જણાવેલ જવાબદારીઓ તોજ પાર પાડી શકશે

૧. જો સમાજનો દરેક સભ્ય, દરેક કુટુંબ, દરેક પરિવાર અને સમાજની દરેક ઝોન અને તેની અંતર્ગત આવતી તમામઘટક સમાજો કેન્દ્રીય સમાજે લીધેલા દરેક નિર્ણયો નું નિષ્ઠાથી પાલન કરશે અને કરાવશે.

૨. સમાજનો દરેક સભ્ય જ્ઞાતિના સનાતન-હિંદુ ધર્મ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા રાખશે અને કેન્દ્રીય સમાજ પ્રત્યે પણ એટલીજ નિષ્ઠા રાખીને વારે-તેહવારે કેન્દ્રીય સમાજને દાન-ભેટ અને લાગાઓ આપીને આર્થિક રીતે મજબુત બનાવશે.

૩. કેન્દ્રીય સમાજને દરેક રીતે મદદ રૂપ થઈને નવા કર્ણધારોના હોંસલા બુલંદ કરાવીને કહેશે કે તમે આગળ ચાલો અમે તમારી પાછળ છીએ.

તો ચાલો આપણે બધા સનાતનીઓ એક સાથે એક અવાજે આગળ વધીએ અને આપણી માતા સમાન કેન્દ્રીય સમાજને ધાર્મિક મુદ્દે અને આર્થિક રીતે વધુને વધુ મજબુત બનાવીએ.

જય સનાતન – જય ઉમિયા માં – જય શ્રી લક્ષ્મીનારાયણ
રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર
૧૨.૧૦.૨૦૧૧

તા. ૨૭.૧૦.૨૦૧૨ ના પાટીદાર સૌરભના આગામી દિવાળી અંક માટે તૈયાર કરેલ એક લેખઃ

લડાઈ સતપંથના દલાલો સામેની

આખા વિશ્વની તમામસમાજો ઉપર નજર કરશું તો આપણને એક વાત જરૂર ધ્યાનમાં આવશે કે આપણા સમાજ જેવી કફોડી સ્થિતિમાં કોઈ પણ સમાજ મુકાએલો નહિ હોય. એક મુસ્લિમધર્મનો ભાગ ગણાતા સતપંથ ધર્મને તિલાંજલિ આપીને સનાતાનીઓએ ઉભી કરેલી સમાજ તે આપણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ). આ સમાજ અત્યારે જે દોરમાં થી ગુજરી રહી છે, જે વિટંબણાઓમાંથી પસાર થઇ રહી છે તેનું કારણ બીજા કોઈ નહિ પણ વરસોથી સમાજના ટ્રસ્ટી તરીકેના ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજતા ટ્રસ્ટીઓ જ છે. આ એવા લોકો છે કે સમાજમાં પોતાને સિફતથી સનાતની તરીકે ઓળખાવે છે અને કામકરે છે સતપંથીઓના. આ એવા લોકો છે કે જેઓ કેન્દ્રીય સમાજમાં અથવા તો તેની સહયોગી સંસ્થાઓમાંવિવિધ હોદ્દા પર બિરાજમાન છે છતાં પણ ખુલ્લે આમસતપંથીઓની તરફેણ કરે છે.

આપણે નીચે જણાવેલ અમુક મુખ્ય ઘટનાઓનો વિગતવાર અભ્યાસ કરશું તો ખ્યાલ આવશે કે આપણી માતા સમાન કેન્દ્રીય સમાજને બચાવવી હશે તો હવે પછીની લડાઈ આપણને સતપંથીઓથી નહિ કરવી પડે પણ આપણા માંયના જ પોતાને

સનાતની તરીકે ઓળખાવતા સતપંથના દલાલોની સાથે કરવી પડશે.

ઘટના ક્રમ ૧.

કેન્દ્રીય સમાજની તા. ૧૪/૦૮/૨૦૧૧ ના બોલાવવા માં આવેલ સામાન્ય સભામાં હોદ્દેદારોની ચૂંટણી વખતે કરેલ સભા ત્યાગઃ

તે સભા ત્યાગ કરવા વાળા સતપંથ ના દલાલો જ હતા. સભા છોડી જવાનું કારણ ભલે એ લોકો તેમને અન્યાય થયો છે એમકહેતા હોય પણ હકીકત અને મૂળ વાત એ છે કે આ લોકોને યેન કેન પ્રકારેણ સતપંથની તરફેણ કરવાની છે. એના અનેક પુરાવાઓ મોજુદ છે. કેન્દ્રીય સમાજ સંલગ્ન અન્ય સંસ્થાઓ જેવીકે ઉમિયા માતાજી સંસ્થાન, સંસ્કાર ધામકે પછી અન્ય એવી કોઈ પણ સંસ્થાના હોદ્દેદારોની રુએ કેન્દ્રીય સમાજના કોઈ પણ કાર્યક્રમમાં તેઓ મંચસ્થ થયા હોય અને જો તેઓ સભા ત્યાગ કરતા હોય તો તે માટે તેવા ભાગેડુઓને સમાજે કારણ દર્શક નોટીસ તો જરૂર આપવી જોઈએ. નથી આપી શકાતી તે આપણી લાચારી જ છે.

ઘટના ક્રમ ૨.

માંડવી હોસ્ટેલ સનાતની સમૂહ લગ્ન સમિતિને ન આપવાનું કારસ્તાનઃ

માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની કંઠી વિસ્તાર કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ સમૂહ લગ્ન સમિતિની સાથે તા. ૨૩/૦૩/૨૦૧૨ ના બોલાવેલ સભામાં હોસ્ટેલ તે સમિતિને ન આપવા માટેના તમામપ્રયાસો સતપંથના દલાલોએ કરેલ હતા. અરે વાત એટલી બધી ખુલ્લે આમપહોંચી કે જો તે સમિતિ પાંચેક સતપંથી ભાઈઓના લગ્ન કરાવી આપે તો જ હોસ્ટેલ સમૂહ લગ્ન માટે સનાતનીઓ ને આપી શકે. અન્યથા નહી. તે વખતે અડગ સનાતની ભાઈઓ જેવા કે કેશવભાઈ લીબાણી, મણીભાઈ ભગત, શાંતિભાઈ દીવાણી જેવાની સમયસુચકતા થી અન્ય સ્થળે ૭૫ સમૂહ લગ્નનું સફળ આયોજન તેઓ કરી શક્યા. આપણી કેન્દ્રીય સમાજની માલિકીની આ હોસ્ટેલ હોવાથી કેન્દ્રીય સમાજનો પણ લેખિત આદેશ હતો કે માંડવી હોસ્ટેલ ૭૫ મા સમુહ લગ્નનું આયોજન કરતી સનાતની સમિતિને આપવામાં આવે. પણ અફસોસ સાથે કહેવું પડે છે કે આ સમિતિના અમુક સતપંથના દલાલોએ એ હોસ્ટેલ તે સમિતિને આપી નહી.

ઘટના ક્રમ ૩.

સતપંથના દલાલો દ્વારા મુંબઈ માં એકતા મંચ સ્થાપવાનું તરકટઃ

તા.૧૯/૦૭/૨૦૧૨ના મુંબઈ ખાતે સતપંથના દલાલોએ એક સભા બોલાવી. નામઆપ્યું એકતા મંચ. જાણે એકતા કરવાની તેમની જ ઈજારાશાહી ન હોય. આ સભામાં આ કહેવાતા સનાતાનીઓએ માંડવી તાલુકા (યક્ષની નદીની દક્ષિણ તરફ) ના વિસ્તારના ભાઈઓને ઉશ્કેરીને કેન્દ્રીય સમાજ વિરુધ્ધ એકતા મંચ સ્થાપવાનો એક નિષ્ફળ પ્રયાસ કરીને પોતે કોણ છે તે છતું કર્યું હતું. કચ્છ કડવા સનાતની પાટીદારોની માતા સમાન કેન્દ્રીય સમાજને વિભાજીત કરવા માટે નો એ એક મિથ્યા પ્રયાસ જ કર્યો હતો. આ લોકો સમાજ તોડુઓ નથી તો શું છે? આ સતપંથ ના દલાલો નું દુખે છે પેટ પણ કૂટે છે માથું. અરે પોતાનાં માથાં કુટતા હોય ત્યાં સુધી તો ઠીક છે પણ અન્ય સનાતાનીઓ નાં માથાં કૂટે છે તેનું શું?

ઘટના ક્રમ ૪.

વાંઢાય ઉમિયા માતાજીના સંકુલમાં તા.૨૩.૦૭.૨૦૧૨ ના એકતા મંચના નામે એક સભાઃ

આ સભા બોલાવનારા એ લોકો જ હતા જેઓએ મુંબઈમાં સભા બોલાવી હતી. તે સભામાં યક્ષ નદીની દક્ષિણે વસતા સનાતની

ભાઈઓને બોલાવીને કેન્દ્રીય સમાજ તેમજ સનાતન ધર્મ જાગૃતિ સમિતિ વિરુદ્ધ લોકોને ભડકાવવાનો બદઈરાદા પૂર્વકનો પ્રયાસ આ કહેવાતા સનાતની મવાળવાદીઓ એ કર્યો હતો. આ સભા કેન્દ્રીય સમાજના એક ચાલુ (વર્તમાન) ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયાના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવી હતી. મેં સ્વયમઆ સભાની વિડિઓ રેકોર્ડીંગ નિહાળી છે જેમાં વાંઢાય ઉમિયા માતાજીના ઉચ્ચ હોદ્દેદારો જેવાકે પ્રમુખ રવિલાલ કેશરા રામજીયાણી અને મહામંત્રી જયેશભાઈ છાભૈયા એ ભૂંડી ભૂમિકા ભજવી હતી. જયેશ છાભૈયા એ સભાનું સંચાલન કરતા વારંવાર કહ્યું હતું કે અહી માત્ર અને માત્ર સનાતનીઓએ જ આ સભામાં બેસવાનું છે કોઈ પણ સતપંથી ભાઈઓ હોય તેને આ સભામાંથી ઉઠી જવાનું છે (આ માણસ જાણે એમકહેતો હોય કે સતપંથી ભાઈ આ સભામાં નહિ ચાલે પણ સતપંથના દલાલો હશે તો ચાલશે) કારણ કે આ સભા જ એવા લોકોએ બોલાવી હતી કે જેઓ સતપંથ ના દલાલો છે. જે ભાઈઓએ આની વિડિઓ રેકોર્ડીંગ જોઈ હશે તેઓને ખ્યાલ જ હશે કે આ સભામાં આ સતપંથના દલાલોનો આમજનતાએ જે હુરીઓ બોલાવ્યો હતો તે એક સનાતાનીઓ ની જાગૃતતાનું પ્રતિક છે. માટે જે ભાઈઓએ તેની વિડિઓ રેકોર્ડીંગ ન જોઈ હોય તે ઈન્ટરનેટ ઉપર રીયલ પાટીદારની સાઈટ ઉપર જઈને જોઈ શકે છે. આવા સમાજ વિરોધી તત્વોને આવી સભા કરવા વાંઢાય ઉમિયા માતાજીનું સંકુલ પૂરું પાડવા માટે ઉમિયા માતાજીના વર્તમાન પ્રમુખ અને મહા-મંત્રીએ અક્ષમ્ય ભૂલ કરી છે. આમજનતાએ એનો જવાબ માંગવો જોઈએ. વર્તમાન હોદ્દેદારોને એ વાત નું ભાન પણ નથી કે વાંઢાય ઉમિયા માતાજીની સંસ્થા ૧૯૪૫-૪૬ માં આપણી કેન્દ્રીય સમાજ જે કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ તરીકે તે વખતે ઓળખાતી હતી તેના પ્રથમઅધ્યક્ષ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી ના હાથે ઉભી થઇ છે. પણ અફસોસ છે કે આવા બની બેઠેલા હોદ્દેદારોને સાચા ઇતિહાસ નું ભાન જ નથી. રીયલ પાટીદારના મત પ્રમાણે આ એકતા મંચનું તરકટ ઉભું કરવા વાળા સમાજના ખલનાયકો હતા શ્રીમાન શ્રી શ્રી શ્રી

૧. શિવદાસ ગોવિંદ છાભૈયા, ભુજ – દરશડી
૨. રવિલાલ કેશરા રામજીયાણી, મુંબઈ - દેશલપર
૩. જયેશભાઈ શામજી છાભૈયા, ભુજ - રાજપર
૪. કેશુભાઈ ધનજી પારસિયા, ભુજ – ભેરૈયા
૫. વિસનજીભાઈ હીરજી માવાણી, મુંબઈ – દેશલપર
૬. મેઘજી જેઠા રામજિયાણી, મુંબઈ - ભેરૈયા
૭. રેવાલાલ કરમશી પાટીદાર, મુન્દ્રા – ખેડોઇ
૮. નારણભાઈ ખીમજી ચવ્હાણ, ભુજ – દુજાપર
૯. શામજી નારણ નાકરાણી, મુંબઈ – રતનપર મઉ
૧૦. કાંતિલાલ નારણ સેંઘાણી, મુંબઈ – રાજપર
૧૧. શિવજી નાનજી કાનાણી, ભુજ - કલ્યાણપર

ઘટના ક્રમ ૫.

ઉમિયા માતાજી સંસ્થાન ની સામાન્ય સભામાં સતપંથના દલાલોનું ઉભી પૂંછડીએ ભાગી જવુંઃ

તા.૩૦.૦૭.૨૦૧૨ વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન માં તેની સામાન્ય સભામાં સતપંથ ના દલાલોને જાગૃત સનાતનીઓએ જે જાકારો આપ્યો તેને લઈને આ દલાલોને તેમનું મોઢું બતાવવું ભારે થઇ પડ્યું હતું. આ દલાલો ઉભી પુછડીએ તે સભામાં થી ભાગી છૂટ્યા હતા. કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ સંખલાએ અને મહામંત્રી શ્રી માવજીભાઈ કેશરા ભગતે મંચ ઉપર બેસવાનો ઇનકાર કરીને લોકો સમક્ષ ખરી હકીકતની રજૂઆત કરીને એક નીડરતાનો દાખલો બેસાડ્યો હતો. વાંઢાય ઉમિયા માતાજીના પ્રમુખ શ્રી તેમજ મંત્રી શ્રી ને આ ઘટના ઉપરથી કંઈક શીખ લઈને પોતાને બદલવું પડશે. નહિ તો જનતા

તેમને બદલી નાખશે તેમાં જરાય શંકાને સ્થાન નથી.

ઘટના ક્રમ ૬.

કેન્દ્રીય સમાજ ની કારોબારી અને સામાન્ય સભા ઉપર ચેરિટી કમિશ્નરની રોક નું કાવતરુંઃ

કેન્દ્રીય સમાજની તા. ૦૨/૦૮/૨૦૧૨ ની કારોબારી સભા તેમજ તા. ૦૩/૦૮/૨૦૧૨ ની સામાન્ય સભા ની કાર્યવાહી ઉપર ચરિટી કમિશનર ની રોક લગાવવાના તમામ પ્રયાસો સતપંથીઓ ના નામે સતપંથ ના એ દલાલોએ જ કર્યા હતા. આપણી અંદરનાજ ફૂટેલા હોય ત્યારે જ આવું બધું બની શકે છે અન્યથા સતપંથીઓ ની શું મજાલ છે કે આપણી કેન્દ્રીય સમાજ સામે આંગળી ચીંધી શકે? કેન્દ્રીય સમાજના વર્તમાન હોદ્દેદારો ની સમય સુચકતાથી તાત્કાલિક ગુજરાત હાઈકોર્ટમાં થી તે રોક ને ઉઠાવી લઈને સામાન્ય સભા રાબેતા મુજબ આપણે બોલાવી શક્યા. પણ તેનાથી આપણને કંઈ હરખાવવાનું નથી. કારણકે તે હાઈ કોર્ટે ચેરિટી કમિશનર નો સ્ટે શરતી-પ્રતિબંધિત રીતે ઉઠાવ્યો હતો. તેમાં શરત એ હતી કે માંડવી હોસ્ટેલની ના-લાયક નિર્માણ સમિતિને બરખાસ્ત કરવાનો નિર્ણય કે એવા અન્ય કોઈ પણ નિર્ણય ન લેવા. તો પછી સમાજ નું દૈનિક પ્રબંધન (Day-to –day Management) કરવું કઈ રીતે. આના ઉપર હોદ્દેદાર વડીલો વિચારતા જ નથી. આવા ફક્ત શરતી સ્ટે વેકેટ થાય તેનાથી તેઓ હરખાઈ પડે છે.

ઘટના ક્રમ ૭.

કેન્દ્રીય સમાજની માલિકીની મિલકત કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીઓ દ્વારાજ ઉપાચતઃ

કેન્દ્રીય સમાજના બે વરિષ્ઠ ટ્રસ્ટીઓ નામે લધા વિશ્રામપોકાર અને શિવદાસ ગોવિંદ છાભૈયા અને માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના અન્ય સભ્યોની મિલી–ભગત થી કેન્દ્રીય સમાજની માલિકીની માંડવી હોસ્ટેલની મિલકત ની બારોબાર ઉપાચત થઈ ગઈ. આ ઉપાચત તો ગણી વહેલી થઇ ગઈ હતી પણ કેન્દ્રીય સમાજને તેની જાણ મોડે મોડે પણ થઇ. જાણ થયા પછી તો મુંબઈ ઝોને તા.૧૮.૦૯.૨૦૧૨ ના દિવસે મુંબઈ ખાતે એક જાહેર સભા બોલાવીને મુખ્ય અપરાધીઓને આડે હાથ લીધા હતા અને તે સભાનો સંક્ષિપ્ત રીપોર્ટ કેન્દ્રીય સમાજને પણ મોકલાવ્યો હતો. સજાગ મુંબઈ ઝોનને આ બદલ અભિનંદન આપવા જોઈએ. બાકીની ૨૮ ઝોનો પણ આવી જાગૃતતા દાખવી શકી હોત. પણ તેમનથી થતું તે આપણી કમજોરી ગણો કે આપણો પલાયનવાદ ગણો તે આપણને વિચારવાનું છે. સમાજની મિલકત તબદીલી કરવાનું ગુનાહિત કૃત્ય કરનાર સમાજના બે વરિષ્ઠ ટ્રસ્ટીઓ શિવદાસ ગોવિંદ છાભૈયા અને લધા વિશ્રામપોકાર અને અન્ય ગુનેગારોના નામનીચે પ્રમાણેના છે.

૧. ભવાનજી ભાણજી રામાણી
૨. મેઘજી જેઠા રામજીયાણી
૩. ધનજી ગોવિંદ સેંઘાણી
૪. શામજી હરજી સેંઘાણી
૫. શાંતિલાલ પેથા ચૌધરી
૬. ભવાનજી નારણ સેંઘાણી વગેરે

ઘટના ક્રમ ૮.

કેન્દ્રીય સમાજની તાકીદની કારોબારી સભા તા. ૨૫.૦૯.૨૦૧૨:

આ તાકીદની સભામાં સર્વાનુમતે એવો નિર્ણય લેવાણો કે ગુનાહિત કૃત્ય કરનાર સમાજના હોદ્દેદારો હોય કે પછી સામાન્ય સભાસદ હોય તેની સામે ફોજદારી પોલીસ ફરીઆદ નોંધાવીને તેઓની સામે કાનૂની કાર્યવાહી કરવી. તે અન્વયે કેન્દ્રીય

સમાજ તરફથી પહેલી ફરજ ટ્રસ્ટીઓની થાય છે કે આવી પોલીસ ફરીઆદ કોઈ પણ એક ટ્રસ્ટી દ્વારા કરવામાં આવે. પણ અફ્સોસોની સાથે કહેવું પડે છે કે અપણા ટ્રસ્ટીઓમાં ના એક ટ્રસ્ટીએ પોલીસ ફરીયાદ અરજી ઉપર સહી કરવાની પણ ના પાડી દીધી. સમાજના ટ્રસ્ટી થવું એટલે શું ફક્ત મંચ ઉપર બેસવું અને હારા-તોરા પહેરવા? ના... કોઈ પણ સમાજના ટ્રસ્ટી પદે બેસવું એટલે પોતાની ટ્રસ્ટી તરીકેની જવાબદારીઓનું ભાન હોવું જોઈએ. હવે પછી આવા ટ્રસ્ટીઓને ચૂંટતાં પહેલાં આમજનતાએ સતર્કતા દાખવવી પડશે. હવે બાપાશાહી નથી ચાલવાની. આખરે, સમાજના નીડર મહામંત્રી શ્રી માવજીભાઈ કેશરા ભગતે પોતાની નીડરતા દર્શાવીને તે પોલીસ ફરીયાદની અરજી પોતાને નામે કરી. તે મહામંત્રી શ્રી આપણા સૌના ધન્યવાદ ને પાત્ર છે.

છેલ્લા સમાચાર મળ્યા તે પ્રમાણે કોઈ અકળ કારણો ને લઈને માંડવી પોલીસ સ્ટેસને હજી સુધી એફ આઈ આર (F I R) ફાડી નથી. F I R નથી ફાટતી તેમાં કેન્દ્રીય સમાજની સાથે સાથે તેના સનાતની સભ્યોની કમજોરી છતી થાય છે, આપણી કમજોરી છતી થાય છે.

નાટકો એના એજ છે – પાત્રો એના એજ છે ફક્ત પ્રકરણો બદલાય છે

ઉપરોક્ત ઘટનાઓને આપણે જીણી નજરે બારીકાઈથી જોશું તો આપણને જણાઈ આવશે કે આ સતપંથના દલાલો એના એજ છે, પાત્રો એના એ જ છે, નાટકો એના એ જ ભજવાય છે, એના-એજ પાત્રો પહેરે છે, બદલાય છે તો ફક્ત નાટકના પ્રકરણો. આવી પરિસ્થિતિમાં આપણે શું કરી શકીએ ? સનાતની તરીકેની કેન્દ્રીય સમાજ પ્રત્યે આપણી શું ફરજ બને છે?

- ૧. દરેક ઝોનમાં થી કે દરેક સમાજમાં થી આવા સમાજ વિરોધી કૃત્ય કરનારાઓને ઓળખીએ અને તેની જાણ તે સમાજના હોદ્દેદારોને, તેની ઝોન ના હોદ્દેદારોને અને કેન્દ્રીય સમાજના હોદ્દેદારોને લેખિતમાં જણાવીએ.
- ૨. જે સતપંથ ના દલાલો હોય તેઓને તાકીદ કરીએ કે આવા સમાજ વિરોધી ગતિવિધિઓ પર પોતે જ રોક લગાવે. તેમન કરે તો તેઓને હોદ્દા ઉપરથી નીચે ઉતારીએ અને સામાજિક અસહકાર કરીએ.
- ૩. આવા સતપંથ ના દલાલો અગર કેન્દ્રીય સમાજમાં અથવા તો તેની અન્ય સહયોગી સંસ્થાઓ (જે આપણી જ છે, કેન્દ્રીય સમાજના સનાતનીઓ ની જ છે) જેવી કે સંસ્કાર ધામ, અથવા તો વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન, અથવા તો અન્ય કોઈ ધાર્મિક અથવા તો શૈક્ષણિક સંસ્થામાં ઉચ્ચ હોદ્દા ધરાવતા હોય તો તે સંસ્થાને જાણ કરીને તેવા લોકોને ત્યાં થી હકાલપટ્ટી કરીએ અને કરાવીએ. તો જ આપણી સંસ્થાઓ નો ઉદ્ધાર થશે.
- ૪. માંડવી પોલીસ સ્ટેશન આપણી લેખિત ફરીઆદ આપ્યા પછી પણ કોઈ પણ કારણોને લઈને (કારણો આપણને કયાં ખબર નથી?) આગળ પગલાં ન ભરતી હોય તો ૫૦૦ – ૧૦૦૦ જેટલા સનાતાનીઓએ પોલીસ ઉપરી પાસે જઈને ધરણા કરવા જોઈએ.

આવું જો આપણે નહિ કરીએ તો કેન્દ્રીય સમાજને આપણે આપણી રીતે ચલાવી નહિ શકીએ અને તેના જવાબદાર આપણે જ હોઈશું. આપણી કેન્દ્રીય સમાજ આ જ રીતે અનેક વિટમ્બણાઓમાં થી પસાર થતી રહેશે. ભાવી પેઢીને આપણે જવાબ નહિ આપી શકીએ. ભાવી પેઢીના આપણે ગુનેગાર ઠરશું.

એક વાત ચોક્કસ છે કે હવે પછીની લડાઈ સનાતાનીઓ અને સતપંથીઓ વચ્ચેની નથી. હવે પછીની લડાઈ છે સનાતાનીઓ અને સનાતની સ્વાંગમાં ફરતા સથપંથના દલાલો વચ્ચેની. એની માટે આપણને (સૌ સનાતની ભાઈઓએ) તૈયાર રહેવું પડશે.

રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર તા.૨૭.૧૦.૨૦૧૨

પાટીદાર સૌરભ માટે તૈયાર કરેલ એક લેખ

સનાતની ચળવળ – દિશા અને દશા

રવિવાર તારીખ ૨.૦૮.૨૦૦૯ ના સંસ્કાર ધામ(દેસલપર –વાંઢાય) મધે સાંજના વાળુ પછી એવા સમદુઃખીયા સનાતની ભાઈઓ ભેગા થયા હતા કે જેના ઉપર સતપંથી ભાઈઓ દ્વારા તદન ખોટા કોર્ટ કેશો દર્જ થયા હતા. કેશ કરવાવાળાઓનો એક માત્ર એજન્ડા એ હતો અને સદાય એ જ હોય છે કે યેન કેન પ્રકારેણ (ગમે તેમ કરીને) સનાતની ભાઈઓને હેરાન-પરેશાન કરવા. ખોટા કોર્ટ કેશો દર્જ કરીને સનાતાનીઓ ને સમય અને આર્થીક રીતે નાશીપાસ કરી નાખવા.

જેના ઉપર કેશો થયેલા એ ભાઈઓ એવા સનાતની ભાઈઓ હતા કે જેઓએ પોતે અથવા તો તેમના બાપ-દાદાઓએ પીરાણા સતપંથ નો સદંતરે ત્યાગ કરીને તેમનો મૂળ સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કર્યો હતો. કોના માર્ગદર્શન કે કોના કહેવાથી પીરાણા સત્પંથ મતનો ત્યાગ કર્યો હતો?? તો તેનો એક માત્ર જવાબ એ છે કે સનાતની ઓળખ ધરાવતી આપણી આજની કેન્દ્રિય સમાજના સ્થાપક વડીલોના કહેવાથી ત્યાગ કર્યો હતો. એ સ્થાપક વડીલોના માર્ગદર્શક હતા આદ્ય જ્ઞાતિ સુધારક શ્રી કેશરા પરમેશ્વરા, શ્રી નારાયણજી રામજી લીંબાણી, શ્રી રતનશી ખીમજી ખેતાણી અને ગુરુશ્રી ઓધવરામજી મહારાજ.
એ સનાતની સમદુઃખીયા ભાઈઓની પરેશાની ની હદ તો ત્યારે આવી જતી કે જ્યારે આ ભાઈઓની ફરીઆદો સનાતની ઓળખ ધરાવતી આપણી માઈ-બાપ કેન્દ્રિય સમાજ નજર અંદાજ કરી નાખતી.

કેન્દ્રીય સમાજના અત્યારની ટર્મ પહેલાંના (વચગાળાના) ટ્રસ્ટીઓ અને હોદેદારો એ વાત ને હમેશને માટે ભૂલી ગયા હતા કે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની (કેન્દ્રિય સમાજની) સ્થાપના

૧. કોના દ્વારા ?
૨. કેવા સંદર્ભોમાં ?
૩. કોના માટે અને શા માટે ?
૪. કોના હિતોની રક્ષા કરવા માટે ?
૫. સમાજની સ્થાપના ના મૂળભૂત હેતુઓ શું હતા ?
૬. સમાજની ૧૯૬૦ ની વિધિ-વત સ્થાપના પહેલાં ક્યારે સ્થાપના થઇ હતી અને ત્યારે તેનું મૂળ નામ શું રાખવામાં આવ્યું હતું. અને તેના પ્રથમ પ્રમુખ કોણ હતા?
૭. સુધારક વડીલોને શા માટે કાયમને માટે પીરાણા સતપંથ થી છેડો ફાડવો પડ્યો હતો.?

આનો જવાબ ટૂંકમાં પણ સવાલોના ક્રમમાં જ આપવો હોય તો આપણે એ આપી શકીએ કે;

૧. કેન્દ્રિય સમાજની સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સત્પંથ મતનો હંમેશાંને માટે ત્યાગ કરીને શુધ્ધ સનાતન હિંદુ ધર્મ નો પુનઃ અંગીકાર કર્યો હતો.
૨. સમાજની સ્થાપના એવા સંદર્ભો ને લઈને કરવામાં આવી હતી કે જે વખતે સતપંથ સમાજના ગેઢેરાઓ સનાતાનીઓ ઉપર જુલમગુજારતા હતા અને નાત બહાર કરવાનું છેલ્લું શસ્ત્ર વાપરતા પણ અચકાતા ન હતા.

૩. આવા પીડિત લોકોની વહારે થવા માટે કેન્દ્રિય સમાજની સ્થાપના કરવામાં આવી હતી.

૪. આવા લોકોના હિતોની રક્ષા કરવા માટે કેન્દ્રીય સમાજની સ્થાપના કરવામાં આવી હતી.

૫. સનાતની સમાજની સ્થાપના ના મૂળભૂત હેતુઓ એ હતા કે જ્ઞાતિજનોને હિન્દુપણા નો નાશ કરાવનાર પીરાણા સતપંથ મત નો સદંતર ત્યાગ કરાવીને પોતાના મૂળતઃ સનાતન ધર્મનો પુનઃ અંગીકાર કરાવવો અને એવા લોકોને સનાતની સમાજના સભ્ય બનાવવા.

૬. ઈ.સ.૧૯૬૦ ની સનાતની સમાજની વિધિવત સ્થાપના પહેલાં છેક ૧૯૩૮ માં તેની સ્થાપના કરવામાં આવી હતી ત્યારે તેનું નામ હતું શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અને તેના પ્રથમપ્રમુખ હતા શ્રીમાન વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી વિરાણીવાલા.અને મહામંત્રી હતા નખત્રાણા ના વડીલ શ્રી નથુભાઈ નાનજી કેસરાણી.

૭. સમાજના સ્થાપક વડીલો અને સુધારક વડીલોને પીરાણા સતપંથ મત થી કાયમને માટે એટલા માટે છેડો ફાડવો પડ્યો હતો કે એ પીરાણા સતપંથને લીધે અન્ય જ્ઞાતિઓમાં આપણી ઓળખ એક મુમના મુસલમાન તરીકે થતી હતી તે ઓળખને ભૂંસવા માટે તેનાથી કાયમને માટે છેડો ફાડવો પડ્યો હતો.

સમાજના વચગાળાના મોવડીઓની સનાતન ધર્મ પ્રત્યે દુર્લક્ષતા

આપણા કમનસીબે સમાજના વચગાળાના હોદ્દેદારો ઉપરોક્ત જણાવેલ અગત્યની વાતોને તદ્દન ભૂલી ગયા હતા. તેઓ સાચે ભુલી ગયા હતા કે પછી તેઓ બીજા કોઈકના અજેંડા ઉપર ચાલતા હતા તે એક વિવાદાસ્પદ વિષય છે અને આ લખનાર તે વિષયને વાચક વર્ગ ઉપર છોડી દે છે. આના કારણે સનાતની સમાજની સ્થાપના ના મૂળ ઉદ્દેશો ને ભૂલી જઈને સતપંથી ભાઈઓનો પગ-પસેરો કેન્દ્રીય સમાજમાં ચાલુ થઇ ગયો અને છેક સમાજના ૨૦૧૦ ના સુવર્ણ જયંતી મહોત્સવ સુધી ફૂલ્યો ફાલ્યો. તેનો અતિરેક તો ત્યારે થયો કે ફક્ત ૫૦૦ રૂપિયા ભરીને કોઈ પણ માણસ, સનાતન ધર્મી કે વિધર્મી, કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે બેઠે-બેઠે કેન્દ્રીય સમાજનો સભ્ય બનવા લાગ્યો. ન કોઈ ફોર્મ ભરવાની માથાકૂટ કે ન કોઈ બીજી લમણાજીન્ક, ફક્ત રૂપિયા ૫૦૦/- ભરો અને બની જાવ સભ્ય અને ભોગવો સમાજના બધાજ હક્કો. આ એક સમાજની બૌધીકતાનું દેવાળું માત્ર હતું.

કેન્દ્રીય સમાજનું બે-જવાબદારી ભર્યું વલણ

અનેક સનાતાની ભાઈઓ ઉપર સતપંથી ભાઈઓએ ખોટા કોર્ટ કેશો દર્જ કર્યા હતા તેમાંના અમુક ભાઈઓએ કેન્દ્રિય સમાજમાં ફરીઆદો નોંધાવી તો તેમને સમાજ તરફ થી પત્રો લખાણા અને કહેવા માં આવ્યું કે આ સમાજને (કેન્દ્રીય સમાજને) ધર્મ સાથે કંઈજ લેવા-દેવા નથી. અરે અમુક હોદ્દેદારોએ તો પીડિત સનાતની ભાઈઓને રોકડું પરખાવી દીધું કે તમોને સતપંથી ભાઈઓ વિરૂદ્ધ લડવું હોય તો કેન્દ્રીય સમાજના ખંભા ઉપર બંદુક રાખીને તમને લડવા નહિ દઈએ, તમારી બાહુમાં દમહોય તો તમે પોતે સતપંથ સામે લડી લો. સનાતની સમાજમાં ખુલ્લે આમસતપંથ ની દલાલી થવા લાગી ગયી હતી. એક સનાતની ભાઈને તો તેની ફરીઆદના પ્રત્યુત્તરમાં કેન્દ્રીય સમાજનો લિખિત પત્ર આવ્યો કે ''આ સમાજમાં કોઈ પણ માણસ કોઈ પણ ધર્મ પાળતો હશે તેમાં સમાજને અને કોઈને કંઈજ વાંધો હોવો જોઈએ નહિ. (અહો.... આશ્ચર્યમકે આપણી સનાતની સમાજ ધર્મ-નિરપેક્ષ સમાજ SECULAR સમાજ બની ગઈ હતી). આવી ઢીલી નીતિને લઈને જ્ઞાતિમાં ફરી પાછા આંતરજ્ઞાતિય લગ્ન સંબંધોનો રાફડો ફાટ્યો. (અહી આંતરજ્ઞાતિય એટલે એમ સમજવું કે સનાતની ભાઈઓ અને સતપંથી ભાઈઓ વચ્ચેના સગપણો અને સંબંધો). જેને લઈને કેન્દ્રીય સમાજ અને તેના સનાતની સભ્યો આજે અનેક વિટંબણાઓ અને યાતનાઓ ભોગવી રહ્યા છે. કેન્દ્રીય સમાજની જ્ઞાતિ ઉપર કોઈજ પકડ રહી નહિ. કેન્દ્રીય સમાજની સતપંથ-સનાતન બાબતે અતિ પોચટ, પલાયનવાદી

અને અસ્પષ્ટ નીતિને કારણે સતપંથ-સનાતન મુદ્દે વાદ-વિવાદો ઉભરાતા રહ્યા. આવા વિવાદોના ઉકેલ માટે કેન્દ્રીય સમાજની કોઈ અકળ કારણોને લઈને હમેશાં બેવડી નીતિ રહી. વિવાદોના ઉકેલ માટે પંચ નિમાતા, સમાધાન સમિતિઓ નીમાતી અને એવી પંચ કે સમિતિમાં પીરાણા વાળા સતપંથી ભાઈઓ ને પણ પંચ બનાવવામાં આવતા. અરે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ તેના સભ્યોને લગતા કોઈ પણ પ્રશ્નના નિરાકરણ માટે પંચ નીમે કે સમિતિ બનાવે એમાં વિધર્મીઓને શા કારણે તે સમિતીના સભ્ય બનાવવા પડતા? શું મજબુરી હતી સમાજના એ મોવડીઓને? કોનું દબાણ હતું આ સનાતની સમાજના હોદ્દેદારોને કે તેઓને પીરાણા વાળાને હાથમાં રાખવા પડતા?? આ બધા કારણો ને લઈને જે કંઈ સમાધાનો થતા તે સનાતની ભાઈઓના ભોગે થતા. સનાતની ભાઈઓને વગર વાંકે શરણાગતિ સ્વીકારવાની ફરજ પાડવામાં આવતી. એવા અનેક સમાધાનો પૈકી જો એક જ દાખલો આપવો હોય તો કોટડા(જ) નો દાખલો આપી શકાય જ્યાં સનાતની ભાઈઓને વગર વાંકે શરણાગત સ્વીકારવી પડી અને પીરાણાથી ડ્રાફ્ટ થએલ ફેંસલા ઉપર સનાતની ભાઈઓને સહીઓ કરવાની ફરજ પાડવામાં આવી. આ બધા કારણો ને લઈને સનાતની ભાઈઓને અનેક યાતનાઓ અને હાડમારી ભોગવવી પડી.

સનાતની ભાઈઓનો રોષ અને આક્રોશઃ

હવે મૂળ વાત ઉપર આવીએ કે સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવા માટે ઉભી થએલી આ સમાજ પોતાનાજ સભ્યોના હિત માં પગલા ભરતા પહેલાં પીરાણા સતપંથીઓ ના હિતોનો વિચાર વધારે કરવા લાગી. જાહેરમાં અને કોઈ પણ નાની-મોટી સભાઓમાં ''સનાતન ધર્મ ની જય'' અથવા તો ''લક્ષ્મીનારાયણ ભગવાન ની જય'' બોલાવવામાં પણ નાનપ અનુભવવા લાગી. સમાજના મોવડીઓને બીક હતી કે ક્યાં વળી સતપંથી ભાઈઓને ખરાબ લાગી જશે. છેલ્લે છેલ્લે પ્રમુખશ્રી વાલજીભાઈ વાડિયા અને પ્રમુખશ્રી રામજીભાઈ કરમશી નાકરાણીના કાર્ય-કાળ દરમ્યાન તો પીરાણા પ્રેરિત પ્રસંગો માં તે પ્રસંગોની શોભામાં અભિવૃદ્ધિ કરવા-અર્થે તેમની મહેમાનગતિ પણ સ્વીકારવા લાગી ગઈ કેન્દ્રીય સમાજ. આ બધું સમાજ ની સ્થાપના ના મૂળ ઉદ્દેશો અને હેતુઓ ઉપર કુઠારાઘાત સમાન હતું. કોઈ નું પેટ માં પાણી પણ હાલતું નોતું, કોઈ કોઈને કહી શકતું નોતું, ફક્ત વગર સમજે તાળીઓ પડતી. સાચા સનાતાનીઓના હૃદય માં ફાળ પડતી અને વિચારતા કે અરે અરે મારી આ સનાતની સમાજની (કેન્દ્રીય સમાજની) શું દશા થઇ રહી છે?? સમાજના હોદ્દેદારો સનાતની ભાઈઓને સતપંથ મુદ્દાને લઈને થયેલા અત્યાચાર બાબતની ફરિયાદોમાં સરે આમહાથ ઊંચા કરી દેવામાં આવતા. સમાજના સનાતની ભાઈઓમાં આક્રોશ વધવા લાગ્યો. એવા કપરા સંજોગોમાં સતપંથી ભાઈઓથી પરેશાન સનાતની ભાઈઓ ની વહારે કોણ ચડે? જ્યારે કોઈ પણ ચીજ નો અતિરેક થતો હોય છે ત્યારે ભગવાન તેનો રસ્તો કાઢે જ છે. હિમાલય ને સર કરવો હોય તો જાતે તકલીફ ભોગવ્યા વગર હિમાલય ચડી શકાતું નથી. તેજ પ્રમાણે સનાતની ભાઈઓ ને પોતાને જ કંઈક કરવું પડે એમહતું. બીજાના ભરોસે કંઈજ કરી શકાતું નથી.

શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામની સ્થાપના ના ઉદ્દેશો અને હેતુઓ – એક ભ્રાંત કલ્પના માત્ર??

આમતો સંસ્કારધામની પણ સ્થાપના એ એક માત્ર હેતુને લઈને જ થઇ હશે કે કેન્દ્રીય સમાજ સનાતની ભાઈઓના હિતોની રક્ષા ન કરતી હોય તો લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામએક એવી સંસ્થા બને કે જે ફક્ત અને ફક્ત સનાતનીઓએ જ બનાવી હોય, સનાતનીઓ માટે જ બની હોય અને સનાતની ભાઈઓના હિતો ની રક્ષા માટે જ બનાવી હોય. અને એવી ભ્રાંત કલ્પના ને સહારે સનાતની સમદુઃખીયા ભાઈઓ એ તે અન-ઔપચારિક મીટીંગ માં પ્રસતાવ મુક્યો કે સતપંથ મુદ્દાને લઈને એક ફરીઆદ કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી નાકરાણી ને કરવામાં આવે અને ત્યાર બાદ તા. ૭.૮.૨૦૦૯ ની આગામી સામાન્ય સભામાં તે વિષયની ઠોસ રજૂઆત કરવામાં આવે તેવું નક્કી થયું. તે જ દિવસે ચાલુ સભાએ કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રીનો ફોન દ્વારા તે બાબતે સંપર્ક સાધવામાં આવ્યો. અને જવાબ મળ્યો કે પ્રમુખશ્રી અને તેમની ટીમ આવતી

કાલે એટલે કે તા. ૩.૦૮.૨૦૦૯ ના વાંઢાય સંસ્કારધામમાં આવવાની છે ત્યારે તમારા જે કંઈ પ્રશ્નો હોય તેની મૌખિક રજુઆતો કરજો. તેજ પ્રમાણે બીજે દિવસે તેઓ આવ્યા અને સનાતની ભાઈઓ તરફ થી ઠોસ રજુઆતો થઇ. પ્રમુખશ્રી રામજીભાઈ કરમશી ની એક સારી આદતની સરાહના કરવી પડશે કે તેઓ સાંભળતાં-સાંભળતાં પેપર ઉપર તેની નોંધ કરી લેતા હોય છે. મોટા માણસોને આવી આદતો હોય જ છે. વધારે માં પ્રમુખશ્રીએ એ પણ કહ્યું કે તમે જે રજુઆતો અત્યારે અમારા સમક્ષ કરી છે તેની વિગતવાર માહિતી લિખિત માં સહીઓ કરીને નખત્રાણા વિદ્યાર્થી ભવનમાં સમાજની ઓફિસે પહોંચાડો. જે ભાવતું હતું તે વૈદ્યે બતાવ્યું. સનાતની ભાઈઓને મજા પડી ગઈ. એક પત્ર બનાવવામાં આવ્યો. તેના ઉપર સહીઓ લેવામાં આવી. ડરપોક માણસોએ સહીઓ ના કરી પણ ૩૬ નીડર માણસોએ સહીઓ કરી. સંસ્કારધામના વડા જેઠાબાપાએ તેમજ ઉમિયા માતાજી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન ના તત્કાલીન પ્રમુખશ્રી રવિભાઈ રામજિયાણી એ કોઈ અકળ કારણો ને લઈને સહી કરવાનું ટાળ્યું. તેમને ખબર નોતી કે તે પત્ર એક ઐતિહાસિક પત્ર બની જવાનો છે. આ પત્ર કેન્દ્રીય સમાજને પહોંચાડવામાં આવ્યો. એ દિવસ હતો તા. ૪.૦૮.૨૦૦૯.

કેન્દ્રીય સમાજની કારોબારી સભા તા. ૫.૦૮.૨૦૦૯

કેન્દ્રીય સમાજની તા. ૫.૦૮.૨૦૦૯ ની કારોબારી સભામાં સનાતની ભાઈઓના પ્રતિનિધિ તરીકે શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી અને રમેશભાઈ માવજી વાગડીયાને બોલાવવામાં આવ્યા. પત્રને વાંચવા માં આવ્યો પણ મૌખિક રજુઆતો કરવા દેવામાં આવી નહી. પ્રતિનિધિ ભાઈઓએ પત્રનું આગામી સામાન્ય સભામાં પણ વાંચન કરવામાં આવે અને મૌખિક રજુઆતો પણ કરવા દેવામાં આવે એવી બાંહેધરી લેવામાં આવી.

કેન્દ્રીય સમાજની સામાન્ય સભા તા. ૭.૮.૨૦૦૯

સામાન્ય સભા માં પત્રનું વાંચન થયું. સનાતની ભાઈઓ તરફથી વિષય ઉપર રજુઆતો પણ થઇ. હિંમતભાઈ રતનશી ખેતાણી અને રમેશભાઈ માવજી વાગડિયાના ઐતિહાસિક ભાષણો પણ થયા. ત્યાંથી શુરુઆત થઇ જ્ઞાતિની ચોથી સનાતની ક્રાંતિ અર્થાત સનાતની ચળવળ.

સનાતની ચળવળ ની દિશા

સર્વ શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી ની આગેવાની હેઠળ સનાતની ચળવળની તા.૭.૮.૨૦૦૯ થી શુરુઆત થઇ તેની મુખ્ય દિશા હતી;

૧. કેન્દ્રીય સમાજને સનાતની સમાજ તરીકેની સાચી અને મૂળ ઓળખ અપાવવાની.
૨. ના-હિંમત થયેલા પોતાનાજ (સમાજના) સનાતની સભ્યોમાં નૈતિક હિંમત અને પ્રાણ પુરવા.
૩. હોદેદારો તેમજ ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોને સમાજની સ્થાપના સમયના ઉદ્દેશો અને હેતુઓ થી વાકેફ કરવા.
૪. કોઈ પણ સમાજ ધર્મ નિર્પેક્ષ સમાજ નથી હોતી. સમાજ અને ધર્મ એક જ સિક્કાની બે બાજુઓ હોય છે. આ બાબતો થી સમાજના હોદેદારો, ટ્રસ્ટી ગણ અને કારોબારી સભ્યોને વાકેફ કરવા.
૫. સમાજ પ્રેરિત કોઈ પણ સંસ્થા અથવા તો ટ્રસ્ટ ઉપર (પછી ભલે તે શ્રધ્ધાના કેન્દ્રો હોય કે શૈક્ષણિક સંકુલો હોય અથવા તો આરોગ્ય કેન્દ્રો હોય) કેન્દ્રીય સમાજનો સંપૂર્ણ માલિકી હક્ક અને સંપૂર્ણ નિયંત્રણ હોવું જરૂરી છે તે માટે લોકોને વાકેફ કરવા.
૬. કેન્દ્રીય સમાજના પોતાના પ્રાંગણમાં જ શ્રદ્ધાના કેન્દ્રો હોવા માટે લોકોને પ્રેરિત કરવા.

૭. સમાજના વહીવટમાં આડખીલીરૂપ બનતા સતપંથ તરફી વલણ ધરાવતા કહેવાતા સનાતાનીઓને ઉઘાડા પાડવા અને સમાજના વહીવટમાં એવં સંચાલનમાં જે કોઈ આવા માણસો હોય તેને દુર કરવા.

૮. સમાજના સનાતની મુદ્દાને અને એજન્ડાને ધ્યાનમાં રાખીને સમાજના યુવા વર્ગને ભવિષ્ય માટે શિક્ષિત કરવા.

ઉપરોક્ત મુદ્દાઓને લક્ષ માં રાખીને સનાતની ચળવળ ની શુરુઆત થઇ હતી તા. ૭.૦૮.૨૦૦૯ ના દિવસ થી. આ સનાતની ચળવળ કઈ રીતે આગળ ધપી? તેમાં કોણ કોણ જોડાયા? તેમાં કેટલા વિઘ્નો આવ્યા? તેનો સામનો કેવી રીતે થયો ? ચળવળ ની દિશાના મુદ્દાઓને ધ્યાન માં રાખી અત્યારે શું દશા છે તેની વિગત વાર માહિતી માટે થોડો ઇન્તજાર આવતા અંક સુધી......

લી. રમેશભાઈ માવજીભાઈ વાગડિયા

બેંગલોર

સનાતની ચળવળ – દિશા અને દશા પાટીદાર સૌરભ માટે લખેલ એક લેખ

ગતાંક થી ચાલુ

આપણે ગતાંકમાં જોયું કે સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના ક્યારે થઇ ? કોને કરી? શામાટે કરી? સ્થાપના વખતે ના તેના મૂળ હેતુઓ, ઉદ્દેશો શા હતા ? વગેરે વગેરે... અને શા કારણોને લઈને જ્ઞાતિમાં સનાતની ચળવળ યાને સનાતન ની ચોથી ક્રાંતિની શુરુઆત કરવી પડી ? આ બધું આપણે સવિસ્તારથી ગતાંકમાં વાંચ્યું. આ અંક માં આપણે જોશું કે સનાતની ચળવળ તા. ૭.૮.૨૦૦૯ થી શુરુઆત થઇ જે દિવસ કેન્દ્રીય સમાજ ની સામાન્ય સભાનો દિવસ હતો. ત્યાર પછી ચળવળ કેવી રીતે આગળ વધી? તેમાં કોણ કોણ ક્યારે ક્યારે જોડાયા? શી શી અડચણો આવી? તેનો સામનો કઈ કઈ રીતે થયો ? કોણ કોણ તેમાં મદદરૂપ બન્યા? શુરુઆત માં તેની જ્ઞાતિ ઉપર અસર કેવી રહી ? અત્યારે શું પરિસ્થિતિ છે તેની સવિસ્તાર માહિતીનો આપણે આ અંકમાં અભ્યાસ કરશું.

કેન્દ્રીય સમાજની ૭.૮.૨૦૦૯ ની સામાન્ય સભામાં ઐતિહાસિક રજુઆતો

આ સભામાં સનાતાની ભાઈઓ એ સતપંથીઓ દ્વારા સનાતાનીઓ ઉપર દર્જ થઇ રહેલા ખોટા કોર્ટ કેશો બાબતે જોરદાર રજુઆતો કરી. તે સમય સુધી કેન્દ્રીય સમાજનું કાયમસતપંથ તરફનું વલણ રહ્યું અને પોતાનાજ સનાતની સભ્યો બાબતે ઓરમાયું વર્તન રહ્યું તેવી પણ રજુઆતો થઇ. મોડાસા વાળા ભાઈઓ જે કુળદેવી ઉમિયા માતાજી નું મંદિર ઉભું કરી રહ્યા હતા તેમાં સતપંથ ના ભાઈઓ કેવી રીતે આડ ખીલી રૂપ બની રહ્યા હતા તેની રજૂઆત મુરબ્બી શ્રી વસંતભાઈ રાજા લીબાણી તરફ થી થઇ. એક ભીવંડી વાળા મૂળ ટોડિયા ના બહેન વિમળાબેન જીવરાજ દીવાણી એ તો કેન્દ્રીય સમાજ ઉપર સીધો પ્રહાર કરીને કહી દીધું કે સતપંથ-સનાતન બાબતે કેન્દ્રીય સમાજની નીતિ ભારતની કોંગ્રેસની કેન્દ્ર સરકારની હિંદુ-મુસલમાન બાબતે જેવી હોય તેવી રહી છે. તેણીએ કેન્દ્રીય સમાજને સીધો પ્રશ્ન જ કર્યો કે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ માં આમશામાટે થઇ રહ્યું છે ? તે સભામાં રમેશભાઈ માવજી વાગડિયા એ રજૂઆત કરી કે કેન્દ્રીય સમાજ, જે સનાતનીઓ માટે બનેલ સમાજ છે તે સમાજ શામાટે સનાતન ધર્મને ભેગો નથી રાખતી ? શા માટે તે પોતાના પ્રાંગણમાં જ કુળદેવી શ્રી ઉમિયા માતાજી ના અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના શ્રદ્ધા ના કેન્દ્રો ઉભી કરતી? જેથી જે કંઈ શ્રદ્ધા થી આવક ઉભી થાય તે સનાતનીઓના અને સમાજના ઉત્કર્ષ માટે વાપરી શકાય.? કેન્દ્રીય સમાજ ના પ્રાંગણમાં આજે પણ ખુલ્લી જગ્યા પડી રહી છે ત્યાં સનાતની શ્રદ્ધાના કેન્દ્ર એટલે કે ઉમિયા માતાજીનું મંદિર, ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નું મંદિર ઉભું કરીને સનાતન ધર્મને ભેગો

રાખી શકી હોત. પણ તેવું થયું નહિ તેનો અફસોસ છે. મુરબ્બી શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણીએ પોતાની રજૂઆત કરતા જણાવેલ કે સનાતાનીઓએ બનાવેલ કેન્દ્રીય સમાજના પ્રમુખ, ટ્રસ્ટી કે હોદ્દેદારોએ શામાટે પીરાણા સતપંથ પ્રેરિત કાર્યક્રમોમાં જવું જોઈએ? તેમના ભાષણ ની ઓડિયો કલીપ ભારતભરના સનાતની ભાઈઓમાં ફરી વળી અને તે ઐતિહાસિક બની ગઈ. હિંમતભાઈ એ ત્યારે શબ્દો વાપર્યા હતા કે અમુક ભવાઈયાઓએ ભવાઈ કરી અને પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશી જે સવાયા સનાતની છે તેને પીરાણા પ્રેરિત કાર્યક્રમમાં તેડી ગયા. અત્યારે આપ સૌને વાકેફ કરી દેવું જરૂરી છે કે આથી પહેલાં કોઈ પણ કેન્દ્રીય સમાજના પ્રમુખોએ નયાચાર (PROTOCOL) ને તોડ્યો નોતો. હોદ્દા પર આવતાંજ કોણ જાણે કેમહોદ્દેદારો (PHSUEDO SECULARIST) કૃત્રિમરીતે બિનસાંપ્રદાયિક બની જતા હોય છે. રાજકારણ માં કદાચ "PHSUEDO SECULARISM" ચાલે પણ સમાજ માં તો એક જ ધર્મ (સનાતન ધર્મ), એક જ રીતી-રીવાજ અને એક જ આચાર-વિચાર વગર ના ચાલે.

સનાતન સતપંથ વચ્ચે સમાધાન સમિતિનું ગઠબંધન

જયારે જયારે સતપંથ-સનાતન બાબતે કંઈ પણ પ્રશ્ન આવે ત્યારે ત્યારે કેન્દ્રીય સમાજનું એક વલણ રહેતું કે સમાધાન સમિતિનું ગઠબંધન કરી નાખવું. જે રીતે ભારત ની કોંગ્રેસ સરકાર જયારે કોઈ પેચીદો પ્રશ્ન આવે ત્યારે તે પ્રશ્ન ને ટલ્લે ચડાવવા આયોગ ને નીમી નાખે અને વરસો સુધી તેનો નીવડો આવે નહિ. તેવીજ રીતે આપણી કેન્દ્રીય સમાજે પણ તે સામાન્ય સભામાં એક સમાધાન સમિતિ નીમી નાખી. શું કરવા માટે ? સનાતની ભાઈઓ ને સતપંથી ભાઈઓ તરફથી થતી કનડગત દુર કરવા માટે ? સનાતાનીઓ ના હિતો ની રક્ષા કરવા માટે?? કે પછી મડાગાંઠને ટલ્લે ચડાવવા માટે ?? તેનો ઉત્તર હું વાચક વર્ગ ઉપર મૂકી દઉંછું.

સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ સમાધાન સમિતી બનાવે ત્યાં સુધી તો ઠીક છે પણ તે સમિતિમાં પાંચ સભ્યો સતપંથના હોવા જોઈએ તેવું કેન્દ્રીય સમાજના મોવડીઓનું કાયમી વલણ રહેતું. પણ સતપંથી ભાઈઓની કેન્દ્રીય સમાજના સનાતની ભાઈઓના કોઈ પણ ગઠબંધનમાં શું જરૂરત હોય ભાઈ? જો કેન્દ્રીય સમાજ સનાતાનીઓએ બનાવી હોય અને સનાતાનીઓના હિતોની રક્ષા કરવા માટે બનેલ હોય તો શા માટે કેન્દ્રીય સમાજ ની સમાધાન સમિતીમાં સતપંથી ભાઈઓને સ્થાન આપવામાં આવતું?? શું સતપંથના ભાઈઓના હિતોની અને પીરાણા સતપંથ મતની (આધ સુધારક શ્રી નારાયણ રામજી લીબાણી સતપંથ ને ધર્મ નોતા કહેતા તેઓ તેને સતપંથ મત કહેતા હતા) રક્ષા કરવા માટે ? આ એક કેન્દ્રીય સમાજની પલાયનવાદ વૃતિ હતી તેવું કહી શકાય.

સમાધાન સમિતિની શ્રેણીબધ બેઠકો

કેન્દ્રીય સમાજ દ્વારા સમાધાન સમિતિનું તા. ૭.૮.૨૦૦૯ ના ગઠબંધન થયા પછી તેની શ્રેણીબધ બેઠકો થઇ. આ સમિતિના નિમાયેલ સભ્યો માં કેન્દ્રીય સમાજ તરફથી કહેવાતા સનાતની સભ્યો હતા જેઓ સનાતની તરીકે પોતાની ઓળખ આપતા હતા પણ તેમનો જુકાવ સતપંથ તરફ઼નો જ હતો. પાંચ સતપંથ ના સભ્યો નો જુકાવ સત્પંથ તરફ જ હોય તે તો સમજી શકાય. કેન્દ્રીય સમાજે નિમેલ સભ્યોની મથરાવટી તો શંકાસ્પદ હતી જ તેમાં બે મત નથી. તેમાં તેઓનો વાંક નોતો કારણકે તેઓ કેન્દ્રીય સમાજની સ્થાપના ના મૂળભૂત હેતુઓ થી સાવ અજાણ હતા. આ બેઠકો પૈકી એક બેઠક તા.૨૭.૦૨.૨૦૧૦ ના સમાજના કેબીનેટ હોલમાં રાખવામાં આવી હતી. સમય હતો પછાડ ના ૪.૦૦ વાગ્યાનો. સનાતની ભાઈઓમાં થી તે બેઠકમાં હિંમતભાઈ નોતા આવ્યા. પણ રમેશભાઈ વાગડિયા, પ્રેમજીભાઈ કેશરાણી અને મોડાસા વાળા વસંત ભાઈ લીબાણી અને પૂનમભાઈ ધોળુ હાજર રહ્યા હતા. સતપંથના ભાઈઓ પણ પાંચ જણા હતા. પણ કેબીનેટ હોલની બહાર ૧૫૦-૨૦૦ જણાનું

સતપંથી ભાઈઓનું ટોળું ઉપસ્થિત હતું. શા કારણે આટલા બધા સતપંથી ભાઈઓની હાજરી એક જ સમયે કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં હતી તે કલ્પના બહારની વસ્તુ હતી. સમાધાન સમિતિ ની ચાલુ મીટીંગ માં સમાજના પ્રમુખ શ્રી રામજીભાઈ કરમશીની પણ હાજરી હતી તે વખતે રમેશભાઈ વગાડીયાએ પ્રમુખશ્રીને પ્રશ્ન કર્યો હતો કે ''પ્રમુખશ્રી તમે પાંચ સનાતનીઓને હાજર રહેવાનું કહ્યું હતું તેમાંથી અમો ચાર જણા આવ્યા છીએ પણ સતપંથ તરફથી બેઠક માં બેઠેલા પાંચ જણ સિવાય ૧૫૦-૨૦૦ જણા બહાર શા માટે ઉભા છે? શું તેઓ તેમનું શક્તિ પ્રદર્શન કરવા આવ્યા છે? જો એવું જ હોય તો અમે પણ અન્ય સનાતની ભાઈઓને બોલાવી ને બહાર ઉભા રાખી દઈએ.'' પ્રમુખ શ્રી તેનો જવાબ આપી શક્યા નોતા. તેઓ શામાટે આવ્યા હતા તેની કલ્પના ન તો પ્રમુખશ્રીને હતી અને ન તો સનાતની ભાઈઓને હતી. પણ એક ચીજ જોવામાં આવતી હતી કે આ સતપંથ ના ભાઈઓ નવી સભ્યપદમેળવવા માટે તેની પૂર્વયોજિત યોજના પ્રમાણે રૂ.૫૦૦/- ભરીને સભ્ય બની જતા જોવામાં આવ્યા હતા. જાણે કેન્દ્રીય સમાજનું સભ્યપદ મેળવવું એક બોડી બ્રાહ્મણીનું ખેતર સમાન હતું. પછી થી ખબર પડી કે આ સતપંથ ના ભાઈઓ સનાતની ભાઈ શ્રી રમેશભાઈ વગાડીયાની કોઈ જુના સતપંથી ભાઈ દ્વારા જુઠા દર્જ કરાયેલા કોર્ટ કેશ બાબતે પૂર્વ નિયોજિત કાવત્ર થી ધરપકડ કરવાની ઘટનાને નિહાળવા માટે એકત્રિત થયા હતા.

કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં સતપંથી ભાઈઓ દ્વારા કરાએલ રમેશભાઈ વાગડીયાની પોલીસ ધરપકડ

પૂર્વ યોજિત કાવતરા પ્રમાણે તા. ૨૭.૦૨.૨૦૧૦ શનિવારના દિવસે રમેશભાઈ વાગડિયા ની ધરપકડ અમદાવાદ કોર્ટ થી વોરંટ કઢાવીને કરવામાં આવી જેથી બીજે દિવસે રવિવારના કોર્ટ બંધ રહે અને સોમવારના ત્રીજે દિવસે પણ ધૂળેટી હોવાથી કોર્ટ બંધ રહે જેથી રમેશભાઈને ત્રણ-ચાર દિવસ જામીન મળે નહિ અને પોલીસની હિરાસતમાં અમદાવાદ ખાતે કસ્ટડીમાં રહેવું પડે તેવી મેલી મુરાદ સતપંથના ભાઈઓની હતી. વાયુ વેગે વાત સમગ્ર કચ્છ ખાતે પ્રસરી ગઈ. નખત્રાણા, કોટડા વિરાણી અને અન્ય ગામો થી લગભગ ૧૩૦૦-૧૫૦૦ યુવાન ભાઈઓ કેન્દ્રીય સમાજના પ્રાંગણમાં વાયુ વેગે ધસી આવ્યા. લાગ જોઇને બધા સતપંથના ભાઈઓ ત્યાં થી પલાયન થઇ ગયા. કેન્દ્રીય સમાજ તરફથી સમાધાન સમિતિમાં નિમાયેલ સભ્યો જેવા કે દામુભાઈ ગોગારી, દેવજીભાઈ લીબાણી, શીવદાસભાઈ ગોવિંદ વગેરે ભાઈઓએ પણ સમાજના પ્રમુખશ્રીને નોંધારા મૂકી ક્યારે ત્યાંથી પલાયન થઇ ગયા તેની ખબર ન પડી. ત્યાં એકઠા થયેલા સનાતની યુવાનોએ પ્રમુખશ્રીને બાનમાં લીધા કે સમાજના પ્રાંગણમાં પોલીસ આવતી હોય તો તેની ખબર પ્રમુખશ્રીને અગાઉથી જ હોવી જરૂરી છે ત્યારે મેં (રમેશભાઈ વગાડીયાએ જ) પ્રમુખશ્રીના બચાવમાં યુવાનો ને રોક્યા અને કહ્યું કે જે લોકો ને બાન માં લેવા હતા અને જેઓ ગુનેગાર હતા તેઓ તો અહી થી ભાગી છુટ્યા છે. હવે આપણા પ્રમુખશ્રી ને બાન માં લેવા થી આપણી જ કમજોરી દેખાશે. આ જાગૃત યુવાનો પૈકી જેઓ એ આગેવાની લીધી હતી તેઓ હતા ડો. શાંતિલાલ સેંધાણી, ડાહ્યાભાઈ સરપંચ, અમૃતભાઈ ધોળુ, અરજણભાઈ વિરાણી વાળા, જયંતભાઈ સલાટ, વગેરે વગેરે.

સનાતન ધર્મ જાગૃતિ અભિયાનઃ તેની શુરુઆત અને આગે કુચઃ

કેન્દ્રીય સમાજની તા.૭.૮.૨૦૦૯ ની સામાન્ય સભા અનેક જણાએ હિંમતભાઈ ખેતાણીને અને રમેશભાઈ વાગડીયાને અભિનંદન આપ્યા હતા અને પ્રોત્સાહન આપ્યું હતું તેમના અમુક નામજે મને અત્યારે યાદ છે તે હતા ચંદુભાઈ સાયરા વાળા, રતિભાઈ રામાણી (નખત્રાણા-મુંબઈ), માવજીભાઈ કેશરા રામાણી જે ''પછેડી'' ના હુલામણા નામે થી ઓળખાતા હતા, આંબાળા વાળા બે પુરષોત્તમભાઈઓ એક પુરષોત્તમરવજી રામાણી અને બીજા પુરષોત્તમગંગદાસ રામાણી, ત્યારના યુવા સંઘના પ્રમુખ જયંતીભાઈ રામાણી વગેરે વગેરે.

સનાતની ભાઈઓની ધનસુરા મુકામે સભા તા. ૪.૧૦.૨૦૦૯

તા.૭.૮.૨૦૦૯ ની સમાજની સામાન્ય સભા પછી અમોને (હિંમતભાઈ ને અને રમેશભાઈ વાગડીયાને) લાગ્યું હતું કે એક સનાતન ધર્મ જાગૃતિ સમિતિનું ગઢબંધન થાય અને તે મારફત સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ભારતભર ની સમાજોમાં ચલાવવામાં આવે. સામે સમાજનો સ્વર્ણિમમહોત્સવ આવતો હોવાથી ભારતભરની સમાજોના ભાઈઓને સમાજનો સાચો ઈતિહાસ બતાવવો અત્યંત જરૂરી છે એવી પ્રતીતિ સતત થયા કરતી હતી. કહેવાય છે કે નિશ્વાર્થ ભાવના થી કરેલા તીવ્ર વિચારોમાં અજબ શક્તિ હોય છે તે પ્રમાણે ધનસુરા સનાતન સમાજ તરફથી અમોને આમંત્રણ મળ્યું કે તા. ૪.૧૦.૨૦૧૦ ના સનાતની ભાઈઓની એક સભા રાખવામાં આવી છે અને તેમાં હિંમતભાઈ નું અને રમેશભાઈ વગાડીયાનું ભાષણ નિયોજિત કરવામાં આવ્યું છે. તે અન્વયે ત્યાં સનાતાનીઓની સભા યોજવામાં આવી. હિંમત ભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેશરાણી, રમેશભાઈ વાગડિયા, પ્રિન્સીપાલ રતિભાઈ, રમણભાઈ શામજી અને અન્ય દિગ્ગજોના ભાષણો થયા. અંતમાં એ સભામાં ઐતિહાસિક ઠરાવો પસાર કરવામાં આવ્યા. તે ઠરાવો આ લખાણ પછી જોડાણ તરીકે પ્રગટ કરવામાં આવ્યા છે. ધનસુરા સનાતન સમાજના કાર્યકર્તાઓ ધન્યવાદને પાત્ર છે તેમાં બે મત નથી. આ હતી સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ની પહેલી સભા. ઉપરોક્ત ઠરાવોના બીડાણ ની સાથે સાથે એક પત્ર તા. ૪.૮.૨૦૦૯ ના કેન્દ્રીય સમાજને ઉદ્દેશી ને લખવામાં આવ્યો હતો તે પણ આ લેખના અંત માં અથવા તો વચ્ચે ક્યાંક પ્રગટ કરવામાં આવ્યો છે તેની નોંધ વાચક વર્ગ જરૂર લેશે એવું મારું માનવું છે..તે પત્રના બે મુખ્ય વિષયાર્થો હતા. એક તો સતપંથ ભાઈઓ દ્વારા સનાતાનીઓને હેરાન કરવા હેતુ માત્ર થી કરાતા તદ્દન ખોટા કોર્ટ કેશો અને પોલીસ ફરીઆદો થી કેન્દ્રીય સમાજને વાકેફ કરવા અને બીજું એ કે સૌથી જૂની ધનસુરા ની કચ્છ કડવા સનાતન સમાજ ની તે વખતના સમાજના પ્રમુખ તરીકે વાલજીભાઈ વાડિયા ની મુલાકાત દરમ્યાન એક સતપંથી ભાઈ દ્વારા શ્રી વાલજીભાઈ વાડિયાને કહેવામાં આવ્યું હતું કે આ ધનસુરા ની કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજમાં માં થી સનાતન ના નામનો છેદ ઉડાડવામાં આવે અને તે વખતે પ્રમુખ શ્રી વાલજીભાઈ વાડિયાએ એ સતપંથી ભાઈ ને ભરોસો દેવામાં આવ્યોં હતો કે સનાતન નું નામઆપણે કાઢવી નાખશું. આવો ભરોસો પ્રમુખશ્રી દ્વારા શા માટે આપવામાં આવ્યો હતો તે એક પ્રશ્ન છે તે વાત થી કેન્દ્રીય સમાજને જાણ થાય..

પુનાની સમાજ વાડીમાં સનાતન ધર્મ જાગૃતિ સમિતિ ની સભા તા. ૫.૧૦.૨૦૦૯

પુનામાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ની બીજી સભા તા.૫.૧૦.૨૦૦૯ ના સાંજે ૬.૦૦ કલાકે પુના ની સમાજવાડીમાં રાખવામાં આવી હતી. આ સભાનુ આયોજન કરવામાં ત્યાં ના સનાતની નીડર ભાઈઓ નો મુખ્ય ફાળો હતો. આમાંના મુખ્ય નામો છે ત્યાંના તત્કાલીન પ્રમુખશ્રી રામજીભાઈ હરજી વાગડીયા, મંત્રી શ્રી પ્રવીણ ભાઈ નાનજી રામાણી, પુરશોતમમોહનલાલ વાગડિયા, લધારામનાગજી રામાણી, વગેરે વગરે..... સતપંથ નું જોર તે સમયે કેટલું ??? જે પુનાની સમાજવાડી નું નિર્માણ એવા સનાતની વડીલો દ્વારા કરવા માં આવ્યું હતું કે જેઓએ પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજીની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ વડીલોએ પીરાણા સતપંથ નો સદન્તરે ત્યાગ કરીને પાકા સનાતની બની ગયા હતા. તેથી તો તે સમાજ વાડી માં પહેલે માળે મંદિર ઉભું કરી શક્યા હતા. વિધિની વક્રતા તો જુઓ વખત જતા પુનામાં સતપંથ પ્રેરિત પ્રેમદાસ બાપુઓની શિબિરો યોજાતી હતી. સમાજવાડી ની આજુબાજુ વસતા સભ્ય ભાઈઓને ઘરે મધરાત ની પૂજાઓ થવા લાગી ગઈ હતી. આ માત્ર અને માત્ર એક અંધશ્રદ્ધા જ હતી. પીરાણા સતપંથ ભાઈઓ દુ:ખતી નસ ને બરાબર પકડી લેતા હોય છે અને ત્યાર પછી સતપંથ ની જાળ ફેલાવતા હોય છે તેનો પુના ના સનાતની ભાઈઓ ખાસ કરીને બૈરાઓ સરળ રીતે શિકાર થઈ જતા હોય છે. તે બૈરાઓની કમજોરી માત્ર કહી શકાય. સનાતની ઓ માંયના હિંમતભાઈ, રમેશભાઈ વાગડીયા અને પ્રેમજીભાઈ કેશરાણી ના ભાષણો સાંભળવા માટે છે છેક સાંગલી, કોલ્હાપુર, ઈશ્લામપુર થી સનાતની ભાઈઓ આવ્યા હતા. કાર્યક્રમમાં સૌ પ્રથમ પ્રેમજી ભાઈ કેશરાણી નું ભાષણ

થયું. પહેલી પાંચ મીનીટમાં જ પ્રેમજીભાઈ દ્વારા ઈમામશાહ બાવાનો ઉલ્લેખ થયો અને તે સભામા હાજર રહેલ કહેવાતા સનાતની પણ સતપંથને વફાદાર એવા અમુક ભાઈઓ અને બહેનો દ્વારા ગોકીરો મચાવતા સભાને બંધ કરાવવા સુધી પરિસ્થિતિ નિર્માણ થઇ ગઈ. તે વખતે રમેશભાઈ ની બાજુમાં બેઠેલા હિંમત ભાઈએ રમેશભાઈને કહ્યું કે ''રમેશ આપણી બજાર અહી થી જ બંધ કરવી પડશે. તું સભાને સંભાળ'' તે વખતે ત્વરિત રમેશભાઈ વગાડીયાએ દોર હાથ માં લઈને સભાને થાળે પાડી. અમુક સનાતની ભાઈઓએ તો ગોકીરો મચાવનાર ભાઈઓને બાન માં લઈને કહી દીધું કે ''આ જ સમાજમાં જ્યારે તમારા સતપંથ ના પ્રેમદાસ બાપુઓ ની શિબિરો બંધબારણે યોજાય છે ત્યારે શું અમે ખલેલ ઓંચાડવા આવીએ છીએ કે...? આજે અમારા સનાતાનીઓના પ્રેમદાસ બાપુ આવેલા છે જેને તેઓને સાંભળવા હોય તો શાંતિથી સાંભળો અથવા તો આ સભાનો ત્યાગ કરો.''

સનાતન ધર્મ જાગૃતિ વાળાને ત્રણ મોરચે લડવું પડતું હતું એક તો સતપંથ ભાઈઓ વિરુદ્ધ, બીજું કહેવાતા સનાતનીઓ પણ પીરાણા સતપંથ તરફ જોક ધરાવતા ભાઈઓ વિરુદ્ધ અને ત્રીજું કેન્દ્રીય સમાજ ને પોતાની સનાતની ઓળખ કાયમકરાવવા માટે સમજાવવાના પ્રયત્નો.

અત્યારનો લેખ પણ ખાસો લાંબો થઇ ગયો છે માટે અત્યારે હું વિરામ લઉં છું. વધુ આવતા અંકમાં.....
લી. રમે ભાઈ વાગડિયા
બેંગલોર

૪.૧૦.૨૦૧૩ પાટીદાર સૌરભ માટે તૈયાર કરેલો એક લેખઃ

મારા સપનાનો સમાજ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય) સમાજની વિધિવત સ્થાપના ભલે ઈ.સ.૧૯૬૦ માં થઇ હોય પણ તેનો પાયો તો સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીના નેજા હેઠળ ૧૯૪૦ ના દાયકામાં જ નખાઈ ચુક્યો હતો. તે સુધારક વડીલોએ પણ જરૂર એક સપનું સેવ્યું હશે કે તેઓએ સથાપના કરેલ સમાજ કેવો હોવો જોઈએ? તો આપણા સૌના સપનાનો સમાજ કેવો હોવો જોઈએ?

મારા સપનાનો સમાજ એટલે શું? સામાન્ય રીતે સપનાના સમાજની પરિકલ્પના કરીએ તો જવાબ મળશે કે સપનાનો સમાજ એટલે એક આદર્શ સમાજ. હવે આપણે વિચાર કરીએ કે આદર્શ સમાજ કોને કહેવાય? આપણે બધા કડવા પાટીદારો ખરા પણ ગુજરાત થી કચ્છ તરફ પ્રયાણ કરીને કચ્છને આપણું રહેણાક બનાવ્યા પછી આપણી જ્ઞાતિને એક ઉપસર્ગ લાગ્યું. તે ઉપસર્ગ એટલે 'કચ્છ'. મૂળ આપણે કડવા પાટીદારો ખરા અને ગુજરાતમાં રહેતા કડવા પાટીદારો માંયના જ પાટીદારો. ઉંઝા અને તેની આજુબાજુ રહેતા પાટીદારો અત્યારે પણ ફક્ત ''કડવા પાટીદારો'' તરીકે જ ઓળખાય છે. તેઓને કંઈજ ઉપસર્ગ લાગ્યું નથી. પણ આપણને અને આપણી જ્ઞાતિને 'કચ્છ' તરીકેનું ઉપસર્ગ લાગ્યું અને આપણે 'કચ્છ કડવા પાટીદારો' તરીકે મૂળ કડવા પાટીદારો થી કંઈક જુદી રીતે ઓળખાવા લાગ્યા.

ખેતીવાડી માટે લાયક એવો ગુજરાત જેવો ફળદ્રુપ પ્રદેશ મુકીને આપણે સુકા-ઠઠ એવા કચ્છ તરફ પ્રયાણ શામાટે કર્યું? તે બાબત ઉપર આપણે અત્યારે ઊંડાણમાં ચર્ચા નહિ કરીએ પણ ટૂંક માં એટલું તો કહી શકીએ કે આપણા પુર્વોજોએ જયારથી પીર નો ધર્મ સ્વીકાર્યો (ઈરાનથી ઇસ્લામધર્મના પ્રચારાર્થે આવેલા પીર ઇમામુદ્દીન દ્વારા પ્રેરિત સતપંથ મત વાળો ધર્મ) તેથી જ્ઞાતિના સાથી ભાઈઓ તરફથી વિટંબણા થવા લાગી એટલે પરાણે આપણને કચ્છ તરફ પ્રયાણ કરવું પડ્યું અને ૪૦૦-૪૫૦ વરસ દારુણ

ગરીબી ભોગવી, અશિક્ષિત પણ રહ્યા. સાથે સાથે હિંદુ તરીકેની આપણી ઓળખ સામે પણ પ્રશ્નો થવા લાગ્યા. અરે અન્ય જ્ઞાતિઓ તો આપણને મુમના મુસલમાન તરીકે પણ ઓળખવા લાગી ગઈ હતી તેનો ઈતિહાસ ગવાહ છે. બહુજ દયાજનક સ્થિતિમાં આપણા પૂર્વજો જીવ્યા હતા.

મૂળ વિષય પર આવીએ કે આપણા દરેક નો સપનાનો સમાજ કેવો હોવો જોઈએ? અહી સમાજ એટલે કે આપણો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) તથા તેની અંતર્ગત આવતી તમામઝોનલ સમાજો અને દરેક ઝોનલ સમાજોની અંતર્ગત આવતી તમામઘટક સમાજો. તો આ દરેક સમાજો કેવી હોવી જોઈએ કે જેથી તેને આપણા સપનાની સમાજ કહી શકીએ. તો જવાબ મળશે કે જે સમાજ એક આદર્શ સમાજ હશે તે જ મારા સપનાનો સમાજ હશે અન્યથા તે સમાજ મારા સપનાનો સમાજ નહિ જ હોય.

હવે આપણે આપણી જાતને એક પ્રશ્ન પૂછવો જોઈએ કે આદર્શ સમાજ કોને કહી શકાય? અત્યારનો મારો સમાજ આદર્શ સમાજ છે કે? મારા સમાજને એક આદર્શ સમાજ કહી શકાય કે કેમ? નીચે જણાવેલ મુદ્દાઓ નું વિક્ષેષણ કરવાથી આપણે ઉપરના પ્રશ્નોના ના ઉત્તરની નજીક પહોંચવાનો પ્રયત્ન કરશું.

૧. જે સમાજની સ્થાપના વખતે ધર્મ (સનાતન હિંદુ ધર્મ) ને સાથે રાખીને ફક્ત અને ફક્ત સનાતાનીઓ ના હિતોની રક્ષા કરવા માટે જ કરવામાં આવી હોય તે જ સમાજ તેનો મુખ્ય ધ્યેય એવમ ઉદ્દેશ ભૂલી જઈને ધર્મની બાબતે હમણાં-હમણાં સુધી અસ્પષ્ટ રહી હોય તેને શું આપણે આદર્શ સમાજ કહી શકીશું?

૨. જે સમાજના લોકો એ ન જાણતા હોય કે મારી સમાજ ની (કેન્દ્રીય સમાજની) સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ જ્ઞાતિ માટે કલંક એવા પીરાણા સતપંથ મત નો સદાયને માટે ત્યાગ કરીને પુનઃ સનાતન હિંદુ ધર્મનો અંગીકાર કરીને કેન્દ્રીય સમાજની સ્થાપના કરી હતી. એનો મુખ્ય હેતુ એ હતો કે તે કલંકિત ધર્મ જ્ઞાતિમાંથી સત્વરે સદાયને માટે નાબુદ થાય પણ તે વાત જ સાવ ભૂલી ગઈ હોય. એને શું આપણે આદર્શ સમાજ કહીશું?

૩. જે સમાજ માં અત્યાર સુધી એમકહેવાતું હતું કે આપણી કેન્દ્રીય સમાજને ધર્મની સાથે કંઈ જ લેવા દેવા નથી; એને શું આપણે આદર્શ સમાજ કહી શકીશું ? અરે સમાજ અને ધર્મ એક જ સિક્કાની બે બાજુઓ છે.

૪. જે સમાજ ના અત્યાર સુધીના ધુરીણો સમાજના ઈતિહાસ અને જ્ઞાતિના ઈતિહાસ ઊંડાણ થી જ્ઞાન ધરાવતા ના હોય. શું તેવી સમાજને આપણે આદર્શ સમાજ કહી શકીશું?

૫. જે સમાજના વચ-ગાળાના ધુરીણો (શ્વેતપત્ર બહાર પડ્યું તે પહેલાંના ધુરીણો) ને એ ખબર ના હોય કે સમાજના સ્થાપક વડીલોના સમાજની સ્થાપના ના હેતુઓ, મૂળભૂત ઉદ્દેશો અને સંદર્ભો શું હતા? શું તે સમાજને આપણે આદર્શ સમાજ કહી શકીએ?

૬. જે સમાજના ધુરીણો આજ દિવસ સુધી એ કહી નથી શકતા કે આપણી કેન્દ્રીય સમાજના તમામસભ્યો એકજ ધર્મ (સનાતન હિંદુ ધર્મ) પાળે છે, એકજ રીતિ-રિવાજ પાળે છે અને એકજ આચાર વિચારને વરેલા છે? તેવી સમાજને શું આપણે આદર્શ સમાજ કહી શકીશું?

૭. જે સમાજની જ્ઞાતિના અમુક લોકો પોતાને સનાતની ખપાવીને હજુ પણ અન્ય સનાતની લોકોને અંધારામાં રાખીને ચોરી-છુપી થી જ્ઞાતિ માટે કલંક એવા સતપંથ સ્થાનકે, પીરના સ્થાનકે એટલે કે પીરાણે જતા-આવતા હોય? એ સમાજને શું આપણે એક આદર્શ સમાજ કહીશું? પીરાણા ની આપણે સંધી વિચ્છેદ કરશું તો જણાઈ આવશે કે પીર+આણા=પીરાણા. જે પીર ને આણે તે પીરાણા. એટલે જ તે ગામનું નામપીરાણા પડ્યું હશે.

૮. જે સમાજ સ્વર્ણિમજયંતી મહોત્સવ સુધી ધર્મ બાબતે મુખ્ય ઉદ્દેશો અને હેતુઓને ભૂલી જઈને પોતાની ખોટી નીતિઓ ને લઈને તેના સનાતની સભ્યોને શ્રદ્ધાના કેન્દ્રો સમાજ થી જુદા સ્થાપવાની ફરજ પડી હોય અને તેવા કેન્દ્રો સમાજથી અલગ પોતાની સ્વાયતા ભોગવતા હોય. શું એ સમાજને આપણે આદર્શ સમાજ કહીશું?

૯. જે સમાજમાં અમુક સત્તા લોલુપ વ્યક્તિઓને કારણે માંડવી વિદ્યાર્થી હોસ્ટેલો જેવા પ્રકરણો રચાતાં હોય જેને લીધે ન કેવળ સમાજના ટ્રસ્ટી-હોદ્દેદારોની પણ સમાજના સનાતની સભ્યોની ઉંઘ પણ હરામ થઇ જતી હોય. તેને શું આપણે આદર્શ સમાજ કહીશું?

૧૦. સમાજના અમુક વર્ગે સમાજના વડીલો ના વિશ્વાસનો વિશ્વાસ ઘાત કરીને સમાજની મિલકતો ને લે-ભાગુ ટ્રસ્ટના નામે ચડાવી દીધી હોય. શું તે સમાજને આપણે એક આદર્શ સમાજ કહીશું?

૧૧. જે સમાજમાં સનાતાનીઓ એ માગેલ ન્યાયની સામે સમાધાનના નામે સનાતની ભાઈઓને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડાઈ હોય તેને દેખીતો અન્યાય થયો હોય. જે સમાજમાં સનાતાનીઓ ના ભોગે સતપંથ તરફી સમાધાનો થતાંહોય. શું તે સમાજને આપણે એક આદર્શ સમાજ કહી શકીશું?

૧૨. જે સમાજમાં દેખીતી રીતે સનાતાનીઓના ભોગે સતપંથી ભાઈઓની થાબડ-થોબડ થતી રહી હોય. તેને શું આપણે આદર્શ સમાજ તરીકે ગણના કરીશું?

૧૩. જે સમાજ ના તત્કાલીન ધુરીણોએ વગર વિચારે જ્ઞાતિને માટે કલંક એવા પીર ઈમામુદ્દીન ના કહેવાતા મંદિરોના ઉદ્‌ઘાટન પ્રસંગોમાં હાજરી આપી હોય તેને લઈને ઉંઝાના ભીષ્મપીતામહ સમાન વડીલ શ્રી મણીભાઈ મમ્મીને ગીતાના ત્રીજા અધ્યાય નો ૨૧ મોશ્લોક (ગીતા ૩-૨૧) ટાંકીને ધુરીણો ને ઠપકો આપવો પડ્યો હોય તે સમાજને શું આપણે એક આદર્શ સમાજ કહી શકીશું?

૧૪. જે સમાજ ની જ્ઞાતિના દરેક આધીવેશન વખતે જ્ઞાતિ રીતી-રિવાજોની ૧૮ મી કલમબાબતે વિના કારણે સતપંથી ભાઈઓએ તેના વિરોધમાં મારા-મારી કરીને ખુરશીઓ ઉછાળી હોય અને દરેક વખતે સમાજના મોવડીઓએ સતપંથીઓ ની શેહ માં રહીને પલાયનવાદ વૃત્તિ અપનાવી હોય. શું તે સમાજ ને એક આદર્શ સમાજ કહી શકાય?

આવી તો અનેક ઘટનાઓ અને કારણો ને લઈને સમાજને એક આદર્શ સમાજ તરીકે ગણવામાં વિચાર કરવો પડે.
તો પછી મારા સપના નો સમાજ કેવો હોવો જોઈએ? ટૂંક માં કહીએ તો ઉપરોક્ત દર્શાવેલ ઘટનાઓની અને સંદર્ભોની જો બાદબાકી કરીએ તો તેવી સમાજને આપણે જરૂર એક આદર્શ સમાજ કહી શકીએ. તદુપરાંત

૧. જે સમાજ ધાર્મિક બાબતે ચુસ્ત અને સ્પષ્ટ હોય અને તે સમાજમાં ૧) એક જ (સનાતન હિંદુ ધર્મ) પળાતો હોય ૨) એક જ રીતિ-રીવાજો પળાતા હોય અને ૩) તેના દરેક સભ્યો એક જ આચાર-વિચારને વરેલા હોય તે સમાજ જરૂર મારા સપનાની સમાજ હશે.

૨. જે સમાજ સદંતર ખાસ કરીને અત્યારના સંજોગોમાં મવાળવાદ ને ન પોસતો હોય તે નિસંદેહ મારા સપનાનો સમાજ હશે.

૩. જે સમાજ મવાળવાદીઓ અને શંકાસ્પદ લોકોને સમાજના ઉચ્ચ હોદ્દાઓ થી દુર રાખતો હોય તે સમાજ જરૂરથી મારા સપનાનો સમાજ હોઈ શકે.

૪. જે સમાજ ધર્મ ને હમેશાં સાથે રાખીને પોતાના મૂળ સનાતન હિંદુ ધર્મનો તેની જ્ઞાતિમાં યોગ્ય પ્રચાર પ્રસાર કરતો હોય અને પ્રાંતવાદને ન પોષતો હોય તે સમાજ પણ જરૂરથી મારા સપનાનો સમાજ હશે. વિધ્ન સંતોષીઓ (હારેલા જુગારીઓ) ભવિષ્યમાં પ્રાંતવાદ નું પત્તું નહિ ઉતરે તો તે મારી દ્રષ્ટીએ મોટું આશ્ચર્ય જ હશે.

૫. જે સમાજ ધર્મની સાથે–સાથે જ્ઞાતિમાં શૈક્ષણિક અને આરોગ્યની બાબતે પણ યોગ્ય અને પરિણામલક્ષી કાર્યક્રમો હાથ ધરતી હશે તે પણ મારી દ્રષ્ટીએ એક આદર્શ સમાજ હશે.

૬. જે સમાજ દ્વારા (અથવા તો સમાજના સનાતની સભ્યો દ્વારા) વખતો–વખત ઉભા કરાએલા ધાર્મિક એવમ્ શૈક્ષણિક સંકુલો જેવા કે વાંઢાય ઉમિયા માતાજી સંકુલ, દેસલપર શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન તેમજ સુરત ઉમા એજ્યુકેસનલ સંસ્થાન વગેરે, જ્ઞાતિના બહોળા હિતને ધ્યાનમાં રાખીને એક નેજા હેઠળ આપણે જ્યારે લઇ આવશું ત્યારે આપણી સમાજને મારી દ્રષ્ટીએ મારા સપનાની સમાજ બની રહેશે એવું મારું માનવું છે. અન્યથા આપણે અને આપણી દરેક સંસ્થાઓ દિશા શૂન્ય બનીને પરિણામલક્ષી કાર્યક્રમોથી વંચિત રહી જઈને ભાવી પેઢીના ગુનેગાર બની જઈશું તે આજની વાસ્તવિકતા જણાય છે. વાત ભલે અત્યારે કડવી લાગતી હોય પણ ભવિષ્યમાં હકીકત બની ને રહેશે તેવું મારું માનવું છે.

તો ચાલો આપણે સૌ સાથે મળીને ઉપરોક્ત જણાવેલ વિચારો નું મનન અને ચિંતન કરીને આપણી કેન્દ્રીય સમાજને અને તેની અંતર્ગત આવતી તમામઝોનલ અને ઘટક સનાતની સમાજોને આપણા સપનાની સમાજ બનાવીએ – એક આદર્શ સમાજ બનાવીએ.

લેખકઃ રમેશભાઈ વાગડિયા

બેંગલોર ૪.૧૦.૨૦૧૩

૯.૧૦.૨૦૧૮ ના પાટીદાર સૌરભ માટે લખેલ એક લેખઃ

ઊંઝા ચુકાદો, આપણે અને પીરાણા સતપંથને માનતી સતપંથ સમાજ – કેટલો બધો વિરોધાભાસ? આપણે બધા (સનાતનીઓ અને સતપંથીઓ) એક કેમથઈ શકીએ?

આજે ગણા બધા સનાતની ભાઈઓને ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાએ સતપંથ અને સનાતન મુદ્દે લવાદ તરીકે આપેલ ચુકાદા બાબતે મનમાં મુંજવણ થતી હશે કે;

૧. સતપંથ અને સનાતન મુદ્દે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન ને શું લેવા દેવા?

૨. ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાને આપેલા ચુકાદા નું કચ્છી કડવા પાટીદારોને માટે કેટલું વજૂદ? અને એવું તે વળી શું છે તે ચુકાદામાં કે તે સમસ્ત કચ્છી કડવા પાટીદારોને તે સ્પર્શે છે?

૩. સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ શામાટે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાએ આપેલ ચુકાદા નું પાલન કરવા તત્પર છે ?

૪. અને બીજી બાજુ પીરાણા સતપંથ સમાજ તે ચુકાદા નું પાલન શામાટે નથી કરવા માગતી?

૫. સતપંથ સમાજ એવા કયા અકળ કારણો ને લઈને તે ઊંઝા ચુકાદા નું પાલન કરતાં અચકાય છે?

ઉપર જણાવેલ બધા પ્રશ્નો ના ઉત્તર માટે આપણે આ લેખ ના હવે પછી ના લખાણનું બારીકાઈ થી અધ્યયન કરવું પડશે.

૧. કડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા એટલે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થા ને સતપંથ- સનાતન બાબતે શું લેવા-દેવા?

વિશ્વના તમામકડવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા એટલે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન. આપણે સુવિદિત છીએ કે સમસ્ત કડવા પાટીદારોની કુળદેવી એટલે ઊંઝા નાં શ્રી ઉમિયા માતાજી. તેનો વહીવટ સંભાળતી સંસ્થા એટલે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન. ઇતિહાસ સાક્ષી છે કે કચ્છ કડવા પાટીદારો ના પૂર્વજો પીર ઇમામશાહ સથાપિત પીરાણા સતપંથ ધર્મ ને માનવા લાગ્યા તે પહેલાં ઉત્તર ગુજરાતના ઊંઝા અને ઊંઝા ની આજુબાજુ ના વિસ્તાર માં જ વસવાટ કરતા હતા. પણ મુસ્લિમપીર

ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવા ને માનવા લાગ્યા એટલે ત્યાંના અન્ય પાટીદારો તરફથી વિટંબણા થવાથી કચ્છ તરફ હિજરત કરવાની ફરજ પડી હતી. આ વાતો ને કડવા પાટીદાર જ્ઞાતિ ના એક વિદ્વાન, વિચારક અને લેખક શ્રી પુરસોત્તમભાઈ લલ્લુભાઈ પરીખ દ્વારા લખાયેલ પુસ્તક નામે ''કણબી ક્ષત્રીય ઉત્પતિ અને ઈતિહાસ'' માં સમર્થન મળ્યું છે. રસ ધરાવતા વાંચકોએ આ પુસ્તકના બીજા નંબર ના પ્રકરણ ''કચ્છમાં કાણબીઓનો વિસ્તાર'' ના પાનાં નં. ૧૯૫ થી ૨૧૦ અવશ્ય વાંચવા જોઈએ.

વિશ્વના કોઈ પણ કડવા પાટીદાર અથવા તો કડવા પાટીદારોની કોઈ પણ સંસ્થા ને કોઈ પણ સામાજિક કે ધાર્મિક અડચણો હોય તો તેના નિવારણ અર્થે સર્વોચ્ચ સંસ્થા ને ધાં નાખે એ સમજાય એવી વાત છે. તે અન્વયે અનેક વર્ષો થી સતપંથ મુદ્દે હાડમારી ભોગવી રહેલી આપણી કેન્દ્રીય સમાજે ઊંઝા ઉમિયા માતાજી ને ધા નાખી કે કબ્રસ્તાની પીરાણા સતપંથ ધર્મ ને માનતા અમુક કચ્છી કડવા પાટીદાર ભાઈઓ કેન્દ્રીય સમાજને નાના પ્રકારના ત્રાસ આપી રહ્યા છે તો તમે એમને સમજાવી અમને યોગ્ય ન્યાય અપાવો. કેન્દ્રીય સમાજે સ્વ. વડીલ શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા જ્યારે પ્રમુખ પદે હતા ત્યારે ઉમિયા માતાજી સંસ્થા ને તે બાબત ની અરજ કરી હતી. તેને લઈને ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાએ સતપંથ સમાજને તેડાવી બંને સમાજ ને પોત પોતાનો પક્ષ રાખવા અગિયાર - અગિયાર જણના નામો આપવા જણાવ્યું હતું. નામો આપ્યા પછી લવાદે બંને પક્ષો ને વિસ્તારથી સાંભળ્યા અને સતત ત્રણ વરસ સુધી ઊંડાણ થી સતપંથ નો અભ્યાસ કરી ને છેવટે તા.૮.૧૦.૨૦૧૮ ના એક ઐતિહાસિક ચુકાદો આપ્યો જેને આપણે હવે પછી "ઊંઝા ચુકાદા" તરીકે ઉલ્લેખ કરશું.

બીજી પણ એક વાત અત્યારે જણાવવી અગત્યની એ છે કે, છેક ૧૯૭૭ માં ઊંઝા સંસ્થાએ ઠરાવ પસાર કરેલ કે પીરાણા સતપંથ એક મુસ્લિમદ્વારા સ્થાપિત નિઝારી શિયા મુસ્લિમધર્મ નું એક ફાંટુ છે અને તેથી તેને માનતા અમુક કચ્છી કડવા પાટીદારોને તેમાં થી છોડાવવાના તમામપ્રયત્નો ઊંઝા સંસ્થા એ કરવા. તે માટે વડીલ શ્રી મણીભાઈ મમ્મી ના અધ્યક્ષ પદ હેઠળ એક કમિટી ની રચના કરવા માં આવી હતી. પણ આ કમિટીએ અનેક પ્રયત્નો કરવા છતાં પણ ત્યારે તેઓને તેમાં સફળતા મળી ન હતી.

ઉપરોક્ત માહિતીને આધારે આપણે કહી શકીએ કે ઊંઝા ઉમિયા માતાજી ને પણ અમુક કડવા પાટીદારો સતપંથ માં ફસાયા બદલ ચિંતા તો છે જ તેથી જ તો તેઓએ સતપંથ બાબતે તા.૮.૧૦.૨૦૧૭ ના એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

૨. ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાએ આપેલા ચુકાદા નું કચ્છી કડવા પાટીદારોને માટે કેટલું વજૂદ? અને તે ચુકાદો છે શું?

આપણી માટે એટલે કે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજ અને સમગ્ર સનાતની કચ્છી કડવા પાટીદાર ભાઈઓ માટે ઊંઝા ચુકાદાનું મહત્વ ગણું બધું છે. આ ચુકાદાનું આપણે ઊંડાણથી અવલોકન કરશું તો આપણને જાણવા મળશે કે વરસો થી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સતપંથ અને સનાતન મુદ્દે વિભાજિત હતી. તે વિભાજન ક્યારે થયું?

તે વિભાજન ત્યારે થયું કે જ્યારે આપણા સુધારક વડીલોને એમલાગ્યું કે પીરાણા સતપંથના ચુંગાલમાં ફસાઈ ને આપણી મૂળ હિન્દુ તરીકેની ઓળખ ભૂંસાવા લાગી હતી. અન્ય હિંદુ જાતિઓ અને કોમો આપણને મુમના મુસલમાન તરીકે ઓળખતા થઈ ગયા હતા. આપણી છાપ એક મુમના મુસલમાન તરીકેની થઈ ગઈ હતી. તેથી તે વખત ના સુધારક વડીલોએ સતપંથને સંપૂર્ણપણે ત્યજી દઈને આપણો મૂળ સનાતન ધર્મ નો અંગીકાર કર્યો હતો. પણ આપણી કમનસબીએ સમગ્ર કચ્છી કડવા પાટીદારો સનાતન ધર્મ ના નેજા હેઠળ એકત્ર થઈ શક્યા નહી તે આપણી કમનસીબી કહો કે કમજોરી કહો. સતપંથ સમાજના પાટીદારોએ સનાતન સમાજ ના ઓથમાં રહીને પણ પીરાણા સતપંથ ધર્મ માં પોતાની આસ્થા કાયમરાખી અને તેઓ પોતાને

મુમના મુસલમાન ને બદલે હિંદુ કહેવડાવવા લાગ્યા. તેનો સંપૂર્ણ શ્રેય જો કોઈને આપવો હોય તો તે સુધારક વડીલોને અને તેઓએ સનાતની ભાઈઓ માટે સથાપેલ કેન્દ્રીય સમાજ ને. પણ સતપંથ ના ભાઈઓને કેન્દ્રીય સમાજ પ્રત્યે કોઈજ ભાવના નોતી. તેઓ પોતાને ફક્ત અને ફક્ત હિંદુ ઓળખાવવા માટે જ કેન્દ્રીય સમાજ માં જોડાયા હતા અને તેની આડસ લીધી હતી. પણ તેમની શ્રધ્ધા અને મન પૂરે પૂરું પીરાણા સતપંથ માં જ હતું. તેઓ તેમની સતપંથ સમાજને જ વફાદાર રહ્યા હતા અને આજ દિવસ સુધી રહ્યા છે. તેથી આ વિભાજીત કોમને જો એક નેજા હેઠળ એટલે કે સનાતન હિન્દુ ધર્મના નેજા હેઠળ લઈ આવવી હશે તો જે સતપંથી કચ્છી કડવા પાટીદાર ભાઈઓ છે તેમને ઈમામશાહ પ્રેરિત પીરાણા સતપંથ મત માં થી છોડાવવા પડશે, પીરાણા અને ઈમામશાહને સંપૂર્ણ પણે ત્યજાવીને સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ ના નેજા હેઠળ લઈ આવવા પડશે. બસ આ જ બાબત ઊંઝા ચુકાદા માં દર્શાવી છે અને એજ આ ચુકાદાનું હાર્દ છે. તેથી જ આ ચુકાદો કચ્છી કડવા પાટીદાર અને સમગ્ર કડવા પાટીદારો માટે ઘણો જ મહત્વ નો ચુકાદો છે.

૩. સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજ શામાટે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાએ આપેલ ચુકાદા નું પાલન કરવા કટીબધ્ધ છે ?

જ્યારથી આપણા સુધારક વડીલોએ પીરાણા સતપંથ નો અને સતપંથ સમાજ નો ત્યાગ કરીને કેન્દ્રીય સમાજની છેક ૧૯૪૦ માં સ્થાપના કરી ત્યારથી એ સુધારક વડીલોનો આંતરિક ભાવ એજ હતો કે સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ને જતે દહાડે પીરાણા સતપંથ નો સંપૂર્ણ પણે ત્યાગ કરવો પડશે. તેવા લોકોને સતપંથ છોડાવીને, સમગ્ર જ્ઞાતિને સનાતન ધર્મ અંગીકાર કરાવી ને કેન્દ્રીય સમાજના નેજા હેઠળ લઈ આવવી એવું એમનું સપનું હતું, પણ

સતપંથ સમાજના અમુક નકારાત્મક પરિબળોને લઈને આજ દિવસ સુધી કેન્દ્રીય સમાજ તેમસંપૂર્ણ પણે કરી શકી નહી. તેના કારણો નો અભ્યાસ આપણે અત્યારે નથી કરી રહ્યા પણ એટલું તો ચોક્કસ છે કે તેમન થવા દેવામાં સૌથી મોટું કારણ કેન્દ્રીય સમાજમાં ઘર કરી ગયેલા મવાળવાદીઓ અને દૂધ-દહી માં પગ રાખવા વાળા. આખરે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાએ આ બાબતે એક ઐતિહાસિક ચુકાદો આપીને આપણા સુધારક વડીલોની વાત ને બળ પૂરું પાડ્યું છે. એટલા માટે જ કેન્દ્રીય સમાજ ઊંઝા ચુકાદા નું પાલન કરવા તત્પર છે જેથી સમગ્ર જ્ઞાતિને પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવી શકાય. કેન્દ્રીય સમાજે પણ સમય ની માંગ અને સમય ને પારખીને ઊંઝા ચુકાદા નું જ્ઞાતિ માં ચુસ્ત પણે પાલન કરવા હેતુ તા. ૨૭.૦૮.૨૦૧૮ ના સમાજની સામાન્ય સભા માં સર્વાનુમતે આઠ ઠરાવો પસાર કર્યા છે.

૪. સતપંથ સમાજ તે ચુકાદા નું પાલન શામાટે નથી કરવા માગતી?

તે ચુકાદાનું પાલન જો સતપંથ સમાજ કરે તો તેનો પીરાણાવાળો ગરાસ લુંટાઈ જાય એમછે. જો તે ચુકાદા નું પાલન સતપંથ સમાજ કરે તો પીરાણાનું અને ઈમામશાહ બાવાનું અસ્તિત્વ જ આપણી જ્ઞાતિમાંથી નિર્મૂળ થઇ જાય એમ છે. સમસ્ત જ્ઞાતિ એક તાંતણે બંધાઈ જાય અને જ્ઞાતિમાં સતપંથ-સનાતન મુદ્દે જગડા જ મટી જાય એમછે. આપણા સુધારક વડીલોએ જે સ્વપન જોયું હશે તે સ્વપનું સાકાર થતું જોવા મળે. પણ આવું સતપંથ ના ભાઈઓને કોઈ હિશાબે થવા દેવું નથી તેથી જ તો તેઓ ઊંઝા ચુકાદા નું પાલન કરવા નથી માંગતા. હમણાં હમણાં જ તા. ૨૦.૦૯.૨૦૧૮ ના ગુજરાત અને કચ્છ ના દૈનિક અખબારો માં એક જાહેર ખબર પીરાણા સતપંથ ના કાકા નાનાક્દાસ દ્વારા ધી ઈમામશાહ બાવા રોજા કમિટી ના નામે આપવામાં આવી હતી. તેમાં ચોખ્ખું લખેલું હતું કે આ કમિટી ઊંઝા ચુકાદાને સખ્ત શબ્દો માં વખોડી કાઢે છે અને સતપંથ ના અનુયાયીઓ ઊંઝા ના આ લવાદ નિર્ણય ને સ્વીકારતા નથી. તેનો સીધે સીધો અર્થ એ થાય છે કે સમસ્ત કડવા પાટીદારો ની જગજનની કુળદેવી શ્રી ઉમિયા માતાજી કરતાં પણ સતપંથ ના ભાઈઓને મુસલીમપીર ઈમામશાહ બાવામાં વધારે શ્રદ્ધા છે અને તેમને માટે પીર ઈમામશાહ

બાવા શ્રી ઉમિયા માતાજી કરતાં પણ વધારે અગત્યના છે. આ ચુકાદો ઊંઝા ઉમિયા માતાજીના મંદિર માં સાક્ષાત માતાજી સમક્ષ જ્યારે જાહેર કરવામાં આવ્યો ત્યારે સતપંથ અને સનાતન સમાજના અગ્રણીઓએ પોત પોતાની સમાજ વતી શ્રી ઉમિયા માતાજી સમક્ષ સોગંધ લીધા હતા કે તેઓ તેમની સમાજોમાં અને જ્ઞાતિમાં આ ચુકાદાનું ચુસ્ત પણે પાલન કરશે અને કરાવશે. પણ સતપંથ સમાજ 'અભી બોલ્યા અભી ફોક'' ની નીતિ માં માનનારા છે તેનો અનુભવ આપણી કેન્દ્રીય સમાજને હતો જ પણ હવે ઊંઝા વાળા કડવા પાટીદારોને પણ થઇ ગયો છે. હવે ઊંઝા સંસ્થા આગળ શું પગલા લે છે તે જોવું રહ્યું,

૫. સતપંથ સમાજ એવા કયા અકળ કારણો ને લઈને તે ઊંઝા ચુકાદા નું પાલન કરતાં અચકાય છે?

પીરાણા સતપંથની ધી ઈમામશાહ બાવા રોઝા ટ્રસ્ટ માં સ્થાપિત હિતો ધરાવતા લોકોનો રાફડો છે. તે કમિટી માં ત્રણ જણા તો મુસલમાન સૈયદો છે જેઓ પોતાની જાતને બાવા ઈમામશાહના સીધા વંશજો ગણે છે, સ્થાપિત હિતો ધરાવતા આ લોકોને એવી બીક છે કે જો કચ્છી કડવા પાટીદારો ઊંઝા ચુકાદા નું પાલન કરશે તો તેઓને પીરાણા સતપંથમાં થી નીકળી જવું પડશે. તેના સીધા પ્રત્યાઘાતો અંધશ્રદ્ધા થી દશોન્દ - વિશોંદ ની આવક ઉપર પડશે. તેવી આવક તેમની બંધ થઇ જશે અને એક દિવસ પીરાણું બંધ કરવાની નોબત આવશે તે નક્કી છે. તેમને બીક છે કે જો ઊંઝા ચુકાદાનું પાલન કચ્છ કડવા પાટીદાર સતપંથ સમાજમાં કરવામાં આવશે તો તેમનું અને પીરાણા નું વજૂદ જ ખલાશ થઇ જશે.

૬. હવે પછી શું ?

હવે આપણે સૌ સનાતની ભાઈઓએ શ્રી ઉમિયા માતાજીને પ્રાર્થના અને ઉમિયા માતાજી સંસ્થાન ને હૃદય પૂર્વક ની અરજ કરીએ કે જો સતપંથ સમાજ પીરાણા સતપંથ ને છોડશે નહિ, તેમના કહેવાતા ગુરુ પીર ઈમાંમશાહ બાવા ઉર્ફે પીર ઈમામુદ્દીન ને છોડશે નહિ તો તેઓ કડવા પાટીદાર જ્ઞાતિના સભ્ય મટી જશે અને તેમને ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન તરફથી કોઈ ધાર્મિક કે સામાજિક સહયોગ આપવામાં આવશે નહિ. એમકરવું ઊંઝા માટે નવું નહિ હોય. કારણ કે લગભગ ૫૦૦ વરસ પહેલાં આ જ ઊંઝા કડવા પાટીદાર ભાઈઓ એ આપણા પૂર્વજોને પીર ઈમામશાહ સ્થાપિત સતપંથ ધર્મ નો સ્વીકાર કર્યો હતો તેથી તેઓને નાત બહાર કર્યા હતા અને તેથી જ આપનાં પૂર્વજોને ગુજરાત છોડીને કચ્છ તરફ પ્રયાણ કરવાની ફરજ પડી હતી. ઈતિહાસ પોતે પુનરાવર્તન કરે છે (HISTORY REPEATS ITSELF).

રમેશભાઈ માવજીભાઈ વાગડિયા

બેંગલોર

૯.૧૦.૨૦૧૮

કચ્છ કડવા પાટીદાર સમાજમાં સનાતની ચળવળની વર્તમાન સ્થિતિ લખાણ તા. ૨.૧૦.૨૦૨૧:

સનાતની ચળવળ એટલે શું? આવી ચળવળ કોઈ અન્ય હિંદુ ઓળખ ધરાવતી સમાજોને હાથ ધરવાની જરૂરત પડી છે? નથી પડી તો શા માટે નથી પડી? આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં અથવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં સનાતની ચળવળ એટલે જ્ઞાતિમાં હિંદુપણું જળવાઈ રહે અને જ્ઞાતિમાં સનાતન હિંદુ ધર્મ ટકી રહે તેવા ખાસ મકસદને લઈને હાથ ધરવામાં આવતી એક વિશેષ પ્રકારની પ્રવૃત્તિ. આવી વિશેષ પ્રવૃત્તિ હાથ ધરવાની આપણી જ્ઞાતિને એટલા માટે જરૂરત પડી કે આપણી જ્ઞાતી મુસલમાની પીર બાવા ઈમામશાહ દ્વારા ખાસ ઈરાદાથી ઉભો કરવામાં આવેલ સતપંથ ધર્મમાં ફસાઈને મુસલમાન થઈ જવાને આરે હતી. તે સમયે જ્ઞાતિને સફાળે જાગી જવું પડ્યું અને જ્ઞાતિને સનાતન હિંદુ ધર્મ ક્રાંતિઓ કરવી પડી. અન્ય હિંદુ જ્ઞાતિઓ આવા સતપંથ ધર્મથી મુક્ત રહી એટલે એ હિંદુ જ્ઞાતિઓને આવી ક્રાંતિઓ કરવાની ફરજ નથી પડી.

જ્ઞાતિમાં સનાતની ચળવળની ત્રણ ત્રણ ક્રાંતિઓ

કહેવાય છે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં અત્યાર સુધી ત્રણ સનાતની ક્રાંતિઓ થઈ અને ત્રણે સનાતની ક્રાંતિઓ જુદા જુદા સમયે જ્ઞાતિમાં ખાસ મકસદથી હાથ ધરવામાં આવી હતી. પણ આવી ચળવળો આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને અને તેની સનાતની ઓળખ ધરાવતી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને (કેન્દ્રીય સમાજને) જ માત્ર કરવાની શામાટે જરૂરત પડી? આવો પ્રશ્ન આપણને સહેજે થવો જોઈએ. બીજી વાત એ કે આવી સનાતન હિંદુ ધર્મ બાબતે ક્રાંતિઓની અન્ય જ્ઞાતિમાં અથવા તો તે જ્ઞાતિઓની હિંદુ સમાજોને જરૂરત પડી છે કે નહી? જો આનો જવાબ 'ના' માં હોય તો સહેજે બીજો પ્રશ્ન પણ આપણને જરૂર થવો જોઈએ કે અન્ય સમાજોને શા માટે આવી ક્રાંતિઓની જરૂરત નથી પડી? આપણે મુળતઃ હિંદુ હોવા છતાં પોતાને હિંદુ પુરવાર કરવાની ફરજ પડતી હોય અથવા તો ભૂતકાળમાં પડી હોય તેનાથી મોટું દુઃખ શું હોય? આજે સતપંથ પાળનારા લોકોને પોતે હિંદુ છે એવું પુરવાર કરવા માટે સાધુ સંતોની સર્ટીફીકેટો (પ્રમાણ પત્રો) લેવાં પડતાં હોય તે શા માટે લેવાંપડતાં હોય છે. આપણા સંત શ્રી વાલદાસજી મહારાજે સતપંથ બાબતે કેવું પ્રમાણ પત્ર આપ્યું હતું, તે જે ભાઈઓએ ન જોયું હોય તે ક્યાંકથી મેળવીને જોઈ લેજો. ઊંડાણથી આનો જો આપણે વિચાર કરશું તો જણાઈ આવશે કે આના મૂળમાં છે માત્ર અને માત્ર સતપંથ. એક મુસલમાની પીર દ્વારા જ્ઞાતિને વટલાવવાના બદઈરાદાથી ઉભું કરેલું એક ષડ્યંત્ર. બીજી અન્ય હિંદુ જ્ઞાતિઓને આ સતપંથ વાળુ તુત આડું આવ્યું નથી. એટલે એ લોકોને આવી સનાતની ક્રાંતિઓ કરવાની જરૂરત પડી નથી. હા, કચ્છના લોહાણા જ્ઞાતિને જરૂર સતપંથ વાળુ તુત નડ્યું હતું અને તેના લીધે લોહાણા જ્ઞાતિના તેવા લોકો સંપૂર્ણ પણે વટલાઈને મુસલમાન બની ગયા અને આજે તેઓ ઈસ્માઈલી ખોજા તરીકે ઓળખાય છે. આપણી જ્ઞાતિમાં પણ જો સનાતની ક્રાંતિઓ ન થઇ હોત તો એ વાત નક્કી છે કે આપણે પણ હિંદુ ધર્મમાંથી વટલાઈ જઈને મુમના મુસલમાન થઈ ગયા હોત. ધન્ય છે જ્ઞાતિના તે વીર પુરુષોને કે તેઓએ સમાજમાં/જ્ઞાતિમાં સમય સમયાંતરે જાગૃતિ લાવીને આપણને મુમના મુસલમાન થતાં બચાવ્યા.

હવે વિચાર કરીએ જ્ઞાતિમાં સમય સમયાંતરે થયેલ સનાતની ચળવળની ત્રણે ક્રાંતિઓ કયારે થઈ? કોને કરી? અને તેની ફળશ્રુતિએ જ્ઞાતિ પોતાનામાં રહેલા હિન્દુપણાનો બચાવ કરી શકી.

પહેલી ક્રાંતિ

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતની ચળવળની પહેલી ક્રાંતિ ૧૮મી સદીમાં જયારે મુસલમાની સૈયદો દ્વારા જ્ઞાતિમાં મુસલમાની તત્વો ગુસેડવાની જે પેરવી કરવામાં આવી હતી તેની સામે જ્ઞાતિના વીર પુરુષ કેસરા પરમેશ્વરા દ્વારા સનાતની ચળવળ ચલાવવામાં આવી હતી. ત્યારે મકસદ હતો જ્ઞાતિને સંપૂર્ણ પણે મુસલમાન થતાં બચાવવાનો. તે વખતે જ્ઞાતિ ભલે મુસલમાની પીર બાવા ઈમામશાહ દ્વારા સ્થાપિત સતપંથ મતમાં પૂર્ણ પણે ગરકાવ થઈ ચુકી હતી, પણ તે મૂળ હિંદુ હોવાથી હિંદુ રીતિરીવાજો અને હિંદુ ઉત્સવોને ભૂલી નોહતી. જ્ઞાતિમાં હિંદુ ધર્મના સનાતની તત્વો હજી જળવાઈ રહ્યાં હતાં, હજી હિન્દુપણું તેમના માં જળવાઈ રહ્યું હતું. શામાટે અને શા કારણો ને લીધે જળવાઈ રહ્યું હતું તે બાબતમાં આપણે આત્યારે નથી જતા. પણ તે સમયના બાવા ઈમામશાહના વંશજ એવા સૈયદ વલીમિયાં અને પ્રાગજી કાકાના ષડયંત્રથી જ્ઞાતિને હિન્દુમાંથી સંપૂર્ણ પણે રીતી રીવાજથી, અને આચાર વિચારથી મુસલમાન બનાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેની સામે વીર પુરુષ કેસરા પર્મેશ્વરાએ બાથ ભીડી, અને જ્ઞાતિને સંપૂર્ણ પણે મુસલમાન થતાં અટકાવી. જોકે તે વખતે આખી નાતને સતપંથની માયાવી જાળમાંથી મુક્ત કરાવી ન શક્યા. પણ એક વાત અહી નોંધ કરવાની એ છે કે જ્ઞાતિના તેમના અનુયાયીઓએ સતપંથનો સંપૂર્ણ પણે ત્યાગ કરીને હિન્દુ ધર્મના સ્વામીનારાયણ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. અને આજ દિવસ સુધી જ્ઞાતિના તેમના અનુયાયીઓના તે પરિવારોએ સતપંથની સામે પાછું વાળીને જોયું નથી અને જ્ઞાતિના સતપંથ ધર્મને પાળનારા સાથે રોટી-

બેટીનો વ્યવહાર પણ નથી કર્યો. તે માટે જ્ઞાતિના તે સત્સંગી સ્વામીનારાયણ પરિવારોને ધન્યવાદ આપવા ઘટે.

બીજી ક્રાંતિ, ત્રીજી ક્રાંતિ અને ચોથી ક્રાંતિ

સનાતની ચળવળની બીજી ક્રાંતિ ૨૦મી સદીમાં જ્ઞાતિના આદ્ય સુધારક વીર પુરુષ શ્રી નારાયણજી રામજી લીબાણી અને ત્રીજી ક્રાંતિ શ્રી રતનશી ખીમજી ખેતાણી જેવા અનેક જ્ઞાતિ સુધારક વડીલો દ્વારા કરવામાં આવી. આ બીજી અને ત્રીજી ક્રાંતિ પહેલી ક્રાંતિ બાદ લગભગ સોએક વર્ષ પછી ઈ.સ. ૧૯૨૦ના અરસામાં કરવામાં આવી હતી. આ ક્રાંતિની શુરુઆત સૌ પ્રથમમુંબઈ અને ત્યાર પછી કરાચી અને કચ્છમાં કેટલીયે જ્ઞાતિ પરિષદો ભરીને કરવામાં આવી હતી. તે વખતે જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીબાણીના વડપણ હેઠળ જ્ઞાતિ સુધારક મંડળની સ્થાપના કરવામાં આવી હતી. આ ક્રાંતિનો મુખ્ય મકસદ હતો, જ્ઞાતિને સંપૂર્ણ પણે પીરાણા સતપંથ થી મુક્ત કરીને આપણા મૂળ સનાતન હિંદુ ધર્મમાં પાછી લઈ આવવા માટે નો. બીજો મકસદ હતો, સમગ્ર નાતને પીરાણાના મુસલમાની સૈયદો, તેમના દ્વારા નીમવામાં આવેલા કાકાઓ, મુખીઓ અને ગેઢેરાઓની નાગચૂડમાંથી છોડાવવાનો. તે સમયે વાંઢાય ધ્વારાના સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ ઈ.સ. ૧૯૩૮માં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (આજની આપણી કેન્દ્રીય સમાજ) ની સ્થાપના કરવામાં આવી હતી. તે સમાજ એટલે આજની આપણી કેન્દ્રીય સમાજ અને તે સમાજના પ્રથમપ્રમુખ હતા મોટી વિરાણીના મુરબ્બી વડીલ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી. આ સમાજની સ્થાપના એવા લોકો માટે કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથનો અને ગામે ગામની સતપંથ સમાજનો સંપૂર્ણ પણે ત્યાગ કરીને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મનો પુનઃ અંગીકાર કર્યો હતો. આ સમાજની સ્થાપના નો મુખ્ય હેતુ એ હતો કે જ્ઞાતિમાં થી પીરાણા સતપંથ ને સંપૂર્ણ પણે નાબુદ કરવો અને જ્ઞાતિ ઉપર લાગેલું મુમના મુસલમાન તરીકેનું કલંક દુર કરવાનો. તે માટે ત્યારની કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજે (આજની કેન્દ્રીય સમાજે) સંતશ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી બે મોટાં ક્રાંતિકારી કામો હાથ ધર્યાં હતાં.

કેન્દ્રીય સમાજ દ્વારા બે મોટાં ક્રાંતિકારી ઐતિહાસિક કામો

૧. એક કામએ હતું કે સન ૧૯૪૪માં આપણા કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મંદિરની વાંઢાય મુકામે સ્થાપના અને
૨. બીજું કામએ કે કચ્છના ગામે ગામમાં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની સ્થાપનાઓ કરાવીને જ્ઞાતિના લોકોને આપણી જ્ઞાતિ સનાતની હિંદુ જ્ઞાતિ છે તેની પ્રતીતિ કરાવી.

આ હતી જ્ઞાતિમાં સનાતની ચળવળની બીજી ક્રાંતિ. પણ અફસોસ એ વાતનો રહ્યો કે આ બીજી અને ત્રીજી ક્રાંતિ પછી પણ જ્ઞાતિ સુધારક વડીલો સમગ્ર જ્ઞાતિને પીરાણા સતપંથ થી મુક્ત કરાવી શક્યા નહિ. જ્ઞાતિના અમુક લોકો પીરાણા સતપંથને આજ દિવસ સુધી વળગી રહ્યા છે. તેઓ કેન્દ્રીય સમાજના સભ્ય બન્યા પણ વફાદાર તો તેની સતપંથ સમાજ અને પીરાણા સતપંથ ધર્મને જ રહ્યા. ખરું જોઈએ તો કેન્દ્રીય સમાજે આવા બંને બાજુ પગ રાખવા વાળા બબ્બરફોડાઓ ને પ્રવેશ આપવો જ જોઈતો નોહતો. અતઃ સતપંથ ધર્મની જ્ઞાતિમાંથી સંપૂર્ણ પણે નાબુદી આપણે કરી શક્યા નહિ.

સમાજમાં સનાતની ચળવળની ચોથી ક્રાંતિઃ

સનાતની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત તા.૭.૮.૨૦૦૯ ના શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સામાન્ય સભાથી કરવામાં આવી. સમાજના સનાતની ભાઈઓ દ્વારા સમાજને એક ઐતિહાસિક પત્ર લખવામાં આવ્યો. તે પત્રમાં સનાતની ભાઈઓ દ્વારા સમાજને કહેવામાં આવ્યું કે જે સમાજની સ્થાપના એવા લોકો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથનો કાયમને માટે ત્યાગ કરીને પોતાનો મૂળ સનાતન હિંદુ ધર્મનો પુનઃ અંગીકાર કર્યો હતો. એવા

સનાતની લોકોની જ સનાતની ભાઈઓ દ્વારા, ફક્ત અને ફક્ત સનાતની ભાઈઓના હિતોની રક્ષા કરવા હેતુથી બનેલી સમાજમાં તેમની જ (સનાતાનીઓની જ) ઉપેક્ષા થઇ રહી હતી. ફક્ત ઉપેક્ષા થાય ત્યાં સુધી તો સનાતનીઓ ચલાવી લે પણ પીરાણા સતપંથને માનનારા લોકો તરફી સનાતની ભાઈઓના ભોગે જો સનાતની ઓળખ ધરાવતી સમાજમાં સનાતની ભાઈઓની જ ઉપેક્ષા થતી હોય તો કેમચલાવી લેવાય? જ્ઞાતિમાં જે પીરાણા સતપંથને લઈને જ્ઞાતિની ઓળખ એક સમયે મુમના મુસલમાન તરીકે થતી હતી એટલા માટે જ્ઞાતિને પીરાણા સતપંથ થી મુક્ત કરવા માટે ઉભી કરવામાં આવેલી કેન્દ્રીય સમાજની ત્યારની (૨૦૦૯-૧૦ ના અરસાની) પરિસ્થિતિ જોતાં એમલાગી રહ્યું હતું કે કેન્દ્રીય સમાજ એની સ્થાપના વખતેના મૂળભૂત હેતુઓથી વંચિત થઇ રહી હતી. પોતાની સનાતની સમાજ તરીકેની ઓળખ મટતી જઈ રહી હતી. પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવા માટે ઉભી કરવામાં આવેલી કેન્દ્રીય સમાજના તે વખતના પ્રમુખો, પૂર્વ પ્રમુખો અને અન્ય ટ્રસ્ટી ગણ પીરાણા સતપંથને નાબુદ કરવાના પ્રયત્નો કરવાનું બાજુએ મુકીને પીરાણા સતપંથના લોકો દ્વારા ઉભા થતા નિષ્કલંકી નારાયણ ના મંદિરોના ઉદ્ઘાટન સમારોહ/કાર્યક્રમોમાં સતપંથને પ્રોત્સાહન આપવા અને ત્યાં તેની શોભામાં અભિવૃદ્ધિ કરવા જતા હોય તો તે કેન્દ્રીય સમાજ ઉભી કરવાનો મુખ્ય હેતુ જ માર્યો જતો હતો. તેથી જ સમાજમાં અને જ્ઞાતિમાં ઈ.સ. ૨૦૦૯-૧૦ માં પ્રખર સનાતની શ્રી હિંમતભાઈ રતનશી ખેતાણી અને રમેશભાઈ માવજી વાગડિયા દ્વારા સનાતની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત કરવામાં આવી. તે ક્રાંતિમાં સૌ પ્રથમ સ્વ. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી જોડાયા. ત્યાર પછી શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી, વસંતભાઈ રાજા લીબાણી, પુનમભાઈ ધોળુ જેવા અનેક લોકોનો સાથ મળ્યો. સમાજમાં એવા સનાતની ભાઈઓ દ્વારા સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સ્થાપના કરવામાં આવી. તે સમિતિએ ભારતભરની કચ્છ કડવા પાટીદાર સમાજોમાં જઈને સભાઓ ભરીને લોકોમાં સનાતની જાગૃતિ અભિયાન ચલાવ્યું.

કેન્દ્રીય સમાજ દ્વારા શ્વેતપત્ર (DOCTRINE) બહાર પાડવામાં આવ્યું

સનાતની ચળવળની ચોથી ક્રાંતિને લઈને સનાતની ચળવળની ચોથી ક્રાંતિનો લોક જુવાળ એટલો પ્રચંડ હતો કે કેન્દ્રીય સમાજની ૨૦૧૦ ની સુવર્ણ જયંતી મહોત્સવ પહેલાં સમાજને તા.૨૫.૦૩.૨૦૧૦ ના તેની સનાતની સમાજ તરીકેની ઓળખ જાહેર કરતુ એક શ્વેતપત્ર બહાર પાડવું પડ્યું. ટૂંકમાં કહીએ તો તે સનાતની ચળવળની ચોથી ક્રાંતિના નીચે જણાવેલ મક્સદોને લઈને તેની શરુઆત કરવામાં આવી હતી.

સનાતની ચળવળની ચોથી ક્રાંતિના મુખ્ય મકસદો

- સમાજના ટ્રસ્ટી હોદેદારોને સમાજની સ્થાપના વખતેના મૂળભૂત હેતુઓ અને સિધ્ધાંતોથી વાકેફ કરાવવા,
- સમાજના સનાતની સભ્યોના હિતોની રક્ષા કરવા અને તેમની થતી ઉપેક્ષાઓ બંધ કરાવવા,
- સમાજમાં સનાતનીઓના ભોગે સતપંથ તરફી થતા કહેવાતા સમાધાનો બંધ કરાવવા.
- કેન્દ્રીય સમાજની પોતાની સનાતની સમાજ તરીકેની ઓળખ કાયમકરાવવા,
- કેન્દ્રીય સમાજ દ્વારા વખતો વખત ઉભી કરવામાં આવેલી સંસ્થાઓ જેવી કે વાંઢાય સ્થિત શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, દેસલપર સ્થિત શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન, વલથાણ સ્થિત શ્રી ઉમા એજ્યુકેસન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, નખત્રાણા સ્થિત દેવાશિષ હોસ્પિટલ, માંડવી બોયીઝ હોસ્ટેલ, માંડવી કન્યા હોસ્ટેલ જેવી અનેક સંસ્થાઓમાં સનાતન વિચારધારા બાબતે એકવિધતા (monotony) જળવાય તેમજ જ્ઞાતિની માતૃસંસ્થા એવી કેન્દ્રીય સમાજની સર્વોપરિતા સ્વીકાર્ય કરાવવા અને
- સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને પીરાણા સતપંથ થી મુક્ત બનાવીને સનાતની તરીકે એક વીચારધારા હેઠળ લાવવા, વગેરે વગેરે....

હવે પ્રશ્ન એ થાય છે કે ઉપરોક્ત મકસદોમાંથી કેટલા મકસદો આપણે હાંસલ કરી શક્યા છીએ અને કેટલા મકસદો આપણને હજી હાંસલ કરવાના બાકી છે? ઉપરોક્ત મક્સદોનો જો આપણે ઝીણવટ થી અભ્યાસ કરશું તો આપણે મહદ અંશે ૧ થી ૪ નંબરના મકસદો હાંસલ કરી શક્યા છીએ એવી પ્રતીતિ થશે. મકસદ નંબર ૫ અને ૬ બાબતે આપણને ઘણું બધું કામકરવાનું બાકી છે. સનાતની ચળવળની ચોથી ક્રાંતિની હિંમતભાઈ ખેતાણીના વડપણ હેઠળની જે ટીમહતી તે પુરા જોમઅને જુસ્સાથી ભારતભરની આપણી સનાતની સમાજોમાં સભાઓ કરીને એક લોક જુવાળ ઉભો કરી શક્યા હતા. તે લોક જુવાળથી ઉપરોક્ત મકસદોમાં થી આપણે અમુક મકસદો હાંસલ કરી શક્યા છીએ. અત્યારે એવું લાગી રહ્યું છે કે બાકીના મક્સદો હાંસલ કરવા માટે ફરી પાછો એવો લોક જુવાળ આપણને ઉભો કરવો પડશે. પહેલાંની સનાતની ટીમમાં થી શ્રી પ્રેમજીભાઈ કેસરાણી જેવા સનાતની લડવૈયાની આપણને આજે ખોટ સાલી રહી છે. છતાં પણ જ્ઞાતિમાં અને સમાજમાં યુવાન સનાતની લડવૈયાઓની ખોટ નથી. આજે માત્ર જરૂરત છે સમાજના યુવાન મિત્રોને આ વાત થી વાકેફ કરવાની. જરૂરત છે સમાજને આજે એવા યુવાનો ની કે જેઓ

૧. સમાજ માટે કાંઇક કરી છુટવાની તમન્ના રાખતા હોય,
૨. જ્ઞાતિ માટે કંઈક કરી છુટવાની તમન્ના રાખતા હોય,
૩. જ્ઞાતિ માટે કલંક રૂપ એવા પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવવાની ખેવના રાખતા હોય.
૪. જ્ઞાતિની માતૃ સંસ્થા (કેન્દ્રીય સમાજ) દ્વારા વખતો વખત ઉભી કરવામાં આવેલી દરેક સંસ્થાઓ એક વિચારધારા હેઠળ, સમન્વયતાથી કામકરતી કરાવવાની ખેવના રાખતા હોય, અને માતૃ સંસ્થાની સર્વોપરિતા સ્વીકાર્ય બનાવવાની ખેવના રાખતા હોય.

આજે આપણું જમા પાસું એ છે કે કેન્દ્રીય સમાજમાં આ વખતે જે હોદ્દેદારોની ટીમની નિમણૂંક થઈ છે તેઓ ચુસ્ત સનાતની હોવા ઉપરાંત યુવાન અને તરવરીયા છે. તેમના ઉપર સમાજના આમનાગરીકોએ ઉપરોક્ત મકસદો હાંસલ કરવાની ઘણી મોટી જવાબદારી નાખી છે. આપણને વિશ્વાસ છે કે આ નવી ટીમતેમાં ઉણી નહી ઉતરે.

કચ્છ કડવા પાટીદાર સમાજમાં સનાતની ચળવળની વર્તમાન સ્થિતિ

વિશ્વમાં અત્યારે ચાલી રહેલો કોરોના મહામારીનો કાળ અને તે પહેલાના અમુક વર્ષો જેવા સમયમાં સમાજમાં સન ૨૦૦૯-૧૦ માં ચાલુ થયેલ સનાતની ચળવળ કાંઈક અંશે ઢીલી પડતી જતી હોય એવું લોકોને લાગી રહ્યું છે. તેવા સમયમાં જ્ઞાતિના-સમાજના આજના યુવાનોએ પુરા જોમ, જુસ્સા અને ઉત્સાહથી આગળ આવવું પડશે. નવા જોમઅને જુસ્સા થી જે મકસદો આપણે હાંસલ નથી કરી શક્યા તેને હાંસલ કરવા પડશે જેથી

- ૧. સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સતપંથ મુક્ત જ્ઞાતિ બની શકે,
- ૨. કેન્દ્રીય સમાજ દ્વારા ઉભી થયેલી તમામસંસ્થાઓ વિચારોથી અને કાર્યથી એકવિધતા (MONOTONY) જાળવી શકે,
- ૩. સર્વે સંસ્થાઓ એક (કેન્દ્રીય) સંચાલન હેઠળ કામકરતી થાય (જોકે એ આજનો મોટામાં મોટો પડકાર છે છતાં પણ તેને હાંસલ કરવો જ્ઞાતિના હિત માટે અનિવાર્ય છે).

આવું જો આપણે નહિ કરી શકીએ તો આમપ્રજા સામે આપણે કયા મોઢે જઈ શકીશું? આમપ્રજાનો આ બાબતે વિશ્વાસ હાંસલ કરવો બહુ જ અગત્યનો છે. તે માટે કેન્દ્રીય સમાજ અને તેના હેઠળ આવતી તમામસંસ્થાઓના આજના કર્ણધારોનું

ઉત્તરદાયિત્વ બને છે કે પોતાની અંદરો અંદર (સંસ્થાઓની અંદરો અંદર) રહેલા નાના-મોટા તમામમતભેદો ભૂલી જઈને સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે જ્ઞાતિને વિશ્વમાં એક આદર્શ જ્ઞાતિ તરીકેનું બિરુદ અપાવે. આ કામહવે પછી આપણને કરવાનું છે. અત્યારે આ વાત કઠીન અને અશક્ય ભલે લાગતી હોય પણ એક ધ્યેય અને એક લક્ષ્ય રાખીને જો કામહાથમાં લેશું તો આ વાત જરૂર શક્ય બનશે. આમકરવામાં ગણા લોકોનો અહં ગવાશે અને તેઓ તેનો પ્રચંડ વિરોધ પણ કરશે. તેનાથી આપણને પીછે હઠ કરવાની પણ જરૂરત નથી. આપણને એક ધ્યેય અને એક લક્ષ્ય રાખીને તે મકસદને હાંસલ કરવાનો છે.

દરેક સંસ્થાઓના ઉચ્ચ હોદ્દેદારોની વિશેષ જવાબદારીઓ

આપણી દરેક સંસ્થાઓના સર્વે હોદ્દેદારો આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી મા ઉમિયા માતાજીના વિશેષ લાડલા સંતાનો છે. ભગવાને એમના ઉપર વિશેષ જવાબદારીઓ નાખીછે. શામાટે નાખી છે? કારણ કે ભગવાનને ખબર છે કે તેઓ આ જવાબદારીઓ ઉપાડી લેવામાં સક્ષમછે. કારણકે ભગવાનને ખાતરી છે કે તેઓ સમાજ માટે જરૂરી વિશેષ કામો કરી શકશે. જો આમાં આપણે પાછી પાની કરશું તો અથવા તો જે હોદ્દેદારો પાછી પાની કરશે, તો એક વાત નક્કી છે કે ભગવાન એવા હોદ્દેદારોને એવી લપડાક મારશે કે આપણે ગોત્યા નહિ જડીએ. તેને ભગવાન જરૂર પૂછશે કે મેં તને સમાજ અને જ્ઞાતિના હિત માટે વિશેષ હોદ્દો અને વિશેષ જવાબદારીઓ આપી હતી, તો તે જવાબદારીઓ પૂરી શામાટે નથી કરી? તારું દાયિત્વ તેં શા માટે નથી નિભાવ્યું?

જ્ઞાતિમાં હવે પછીની ચળવળનો મુખ્ય હેતુ ધર્મ જાગૃતિનો નહિ પણ સમાજ જાગૃતિનો રહશે. તેના માટે આપણે સૌએ કટીબધ્ધ થવું પડશે. તો ચાલો તે સમાજ જાગૃતિની ચળવળ આપણે સમાજના અને જ્ઞાતિના ઉમદા ભવિષ્ય માટે આજથી જ શુરૂ કરી દઈએ.

અસ્તુ
રમેશભાઈ માવજીભાઈ વાગડિયા
બેંગલોર તા.૨.૧૦.૨૦૨૧

તા.૧૨.૦૬.૨૦૨૨ ના પાટીદાર સૌરભ માટે તૈયાર કરેલો એક લેખ
કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી પીરાણા સતપંથનો ખાત્મો શામાટે નથી થતો?

આ એક પેચીદો સવાલ છે અને તેના જવાબો પણ એવાજ પેચીદા હોઈ શકે છે જેને પચાવવા આપણા સૌને માટે અઘરા છે પણ જરૂરી છે. વરસોથી ઘર કરી ગયેલા રોગને મટાડવા માટે નાછુટકે કડવી દવાઓનું સેવન કરવું અનિવાર્ય હોય છે. તો ચાલો આપણે ઉપરના પ્રશ્નને ધ્યાનમાં રાખીને તેના જવાબો શોધવાનો પ્રયત્ન કરીએ અને જવાબોની સમીક્ષા કરીએ.

આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીની ભીષ્મપ્રતિજ્ઞા

જે વ્યક્તિની આપણે પૂજા કરીએ છીએ, જે પૂજનીય વ્યક્તિનો આપણે આદ્ય સુધારક તરીકે કેન્દ્રીય સમાજ, ઝોન સમાજથી લઈને દરેક ઘટક સમાજોમાં ફોટો ટીંગાડીને તેને માન ભરી નજરે નિહાળીએ છીએ તે વ્યક્તિએ સતપંથ બાબતમાં શું કહ્યું હતું તેનો વિચાર તો આપણે કરતા જ નથી. તો પછી તે વ્યક્તિને આદ્ય સુધારક તરીકે નિહાળવાની શું જરૂરત છે? શું તેમને જ માત્ર પીરાણા સતપંથ ધર્મ સાથે વ્યક્તિગત દુશ્મનાવટ હતી? ના, તેમને ચિંતા હતી સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની કે પીરાણા સતપંથને લઈને આખી જ્ઞાતિ અધોગતિ તરફ જઈ રહી હતી. તેમને ચિંતા હતી જ્ઞાતિની ઓળખ હિંદુ તરીકેની મટી ને એક

મુમના મુસલમાન તરીકેની થઈ જવા જઈ રહી હતી. જ્ઞાતિને પીરાણા સતપંથમાંથી છોડાવીને સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને જ્ઞાતિના મૂળ હિંદુ ધર્મમાં પાછી લઈ આવવાની પ્રતિજ્ઞા એમણે લીધી હતી. આજથી લગભગ સો એક વરસ પહેલાં કરાચી ખાતે પહેલી સનાતની પરિષદમાં સન ૧૯૨૦ માં આદ્ય સુધારક નારાયણજી રામજી લીબાણીએ સતપંથ બાબતમાં બોલતાં કહ્યું હતું કે

''કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને હિન્દુપણાથી દુર કરનાર એ પાપી પાખંડી પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી દુર કરવાના સર્વે પ્રયત્નો હું કરીશ અને તેમકરતાં તેમમારા આ જન્મારામાં ન થયું તો ફરી પાછો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં જન્મલઈને તે પાપી પીરાણા સતપંથનું જ્ઞાતિમાંથી નિકંદન કાઢી નાખીશ''

આવી ભીષ્મપ્રતિજ્ઞા નારાયણજી બાપાએ તે સમયે લીધી હોવા છતાં આપણે તેમ(જ્ઞાતિમાંથી સતપંથનો સફાયો) કરી નથી શકતા તેના કારણો શું હોઈ શકે છે? તેની વિસ્તૃત ચર્ચા આપણે આજે કરવાની છે. તેનું ચિંતન અને મનન જ્ઞાતિના પ્રત્યેક સનાતની ભાઈ બહેને આજે કરવાનું છે. જ્ઞાતિમાંથી સતપંથને ઉખેડી ફેંકવા માટે ચાર ચાર વખત જ્ઞાતિમાં સનાતની મુહિમો થવા છતાં હજી સુધી આપણને સંપૂર્ણ સફળતા મળતી નથી. શા માટે નથી મળતી? તેની વિગત વાર ચર્ચા આપણને આજે કરવાની છે. આ ચર્ચા અગત્યની છે એટલી જ જરૂરી પણ છે કારણકે હવે પછી આપણી સનાતની જ્ઞાતિમાં અને સનાતની સમાજમાં આવનાર પેઢીને પીરાણા સતપંથ વાળો પ્રશ્ન મુકીને નથી જવું.

આરપારની લડાઈ અને આખરી પ્રસ્તાવ (ULTIMATUM)

હવે આરપારની લડાઈ લડવાનો સમય આવી ગયો છે. યા તો જ્ઞાતિમાંથી પીરાણા સતપંથને કાયમને માટે નાબુદ કરવાનો છે અથવા તો પીરાણા સતપંથ મુક્ત સમાજ બનાવીને સતપંથીઓને આખરી પ્રસ્તાવ (ultimatum) આપવાનો છે. નાતની સર્વોચ્ચ સંસ્થાએ (કેન્દ્રીય સમાજે) એવો ફતવો બહાર પાડવો જોઈએ કે ફલાણી તારીખ સુધી જે સતપંથના ભાઈઓને પીરાણા સતપંથનો અને સતપંથ સમાજનો સંપૂર્ણ પણે ત્યાગ કરીને સમાજના સનાતની પ્રવાહમાં ભળી જવું હોય તો ભળી જઈ શકે છે, ત્યાર પછી એવા લોકો માટે સનાતની નાતમાં જોડાવાના દરવાજા કાયમને માટે બંધ કરી દેવામાં આવશે. મુકરર કરેલી તારીખ પછી તે સતપંથના પરિવારોને આકાશ-પાતાળ એક કરવા છતાં કચ્છ કડવા પાટીદારની સનાતની નાતમાં ભેળવવામાં આવશે નહિ. જેને ભળવું હોય તે અત્યારે ભળી જાય, પાછળથી કોઈ કાળે ભેળવવામાં આવશે નહિ. આવો આખરી પ્રસ્તાવ કેન્દ્રીય સમાજને પારિત કરવાનો સમય હવે આવી ગયો છે.

હવે મૂળ વાત ઉપર આવીએ કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી સતપંથનો સંપૂર્ણ પણે સફાયો શા માટે નથી થતો. તેના મુખ્ય કારણો નીચે પ્રમાણેના છે

૧. ધાર્મિક કટ્ટરતાની ખામી

જેવી રીતે ભારતમાં હિન્દુઓની પરિસ્થિતિ છે તેવી જ પરિસ્થિતિ આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતની ભાઈઓની છે. ભારતને હિન્દુ રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરવું હશે તો ભારતમાં રહેતા તમામહિન્દુઓએ હિન્દુ ધર્મ પ્રત્યે ધાર્મિક કટ્ટરતા દાખવી જેટલી જરૂરી છે તેટલી અથવા તો તેનાથી પણ વધારે ધાર્મિક કટ્ટરતા આપણી સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને એક સાચા સનાતની હિંદુ તરીકે સતપંથ વિરૂદ્ધ ધાર્મિક કટ્ટરતા દાખવવી જરૂરી છે.

આવી ધાર્મિક કટ્ટરતા આવે ક્યાંથી? બજારમાંથી વેચાતી તો તે મળતી નથી. તો પછી કટ્ટરતા લાવવી ક્યાંથી? તે માટે દરેક સનાતની ભાઈએ પોતાની ફરજ સમજીને જાતે જ કટ્ટરતા અપનાવવી પડશે. દરેક સનાતનીને પોતે સ્વયમ્ ધાર્મિક રીતે કટ્ટર

રહેવું પડશે. આપણી સમાજે સતપંથ સનાતન બાબતે બનાવેલા નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. સનાતની સિદ્ધાંતોને દરેક સનાતનીએ દ્રઢતાપૂર્વક વળગી રહેવું અત્યંત જરૂરી છે. પણ તેમઆપણે અત્યારે કરી શકતા નથી તે આપણી કમજોરી છે. સનાતની સિદ્ધાંતોને વળગી રહેવાની જવાબદારી ફક્ત આમસનાતની ભાઈઓની જ નથી પણ સમાજના ઉપરી હરોળમાં બેઠેલા તમામમોવડીઓની પણ એટલી જ જવાબદારી બને છે.

હાલ નો તાજેતરનો જ દાખલો આપણે લેશું તો સતપંથના કાકાઓ આપણા ધાર્મિક સંકુલોમાં આવ્યા જે મંજુરી વગર તો આવી ન શક્યા હોત. આપણે જ ઠરાવો પારિત કરેલા જ છે કે પીરાણા સતપંથના કોઈ પણ પ્રોગ્રામમાં જવું અથવા તો પીરાણા સતપંથના લોકોને આપણા ઘરે (આપણા ધાર્મિક, શૈક્ષણિક, સામજિક સંકુલોમાં) બોલાવવા નિષેધ ફરમાવવામાં આવેલ છે. છતાં આપણે સતપંથના કાકાઓને આપણા ધાર્મિક સંકુલોમાં આવવા આડકતરી રીતે મંજૂરી આપી તે આપણી ધાર્મિક કટ્ટરતામાં ખામી જણાઈ આવે છે. આ ભૂલ આમજોઈશું તો કાંઈજ નથી થયું એવું કહીને ભૂલ કરનાર લોકો ભલે પોતાનો બચાવ કરી રહ્યા હોય પણ આવી ભૂલો થકી સમાજના સામાન્ય નાગરિકોમાં એટલી મોટી ગેરસમજણ ફેલાય છે અને પરિણામસ્વરૂપે આપણી સતપંથ સામેની લડાઈમાં મોટી ઢીલાશ આવી જાય છે. અને તેથી આપણી સનાતની લડાઈ ઉપર અવળી અસર પડે છે. સતપંથીઓ આવાં ગતકડાં કરવામાં તો માહિર છે. આપણને સાવચેતી રાખવાની જરૂરત છે.

૨. મવાળવાદીઓ દ્વારા સતપંથીઓને છાવરવાની પ્રવૃત્તિઓ

ક્યારેક તો સતપંથી ભાઈઓ આપણને હેરાન નથી કરતા તેનાથી વધારે હેરાનગતિ આપણને આ મવાળવાદીઓ કરતા હોય છે. આમતો આ મવાળવાદીઓ પોતાને સનાતની તરીકે ઓળખાવે છે પણ કોણ જાણે કેમઆ લોકોને સનાતની સિદ્ધાંતોમાં બાંધ છોડ કરવાની પેરવીઓ તેઓ હંમેશાં કરતા રહીને સનાતની લડાઈને ઢીલી કરવામાં તેઓ પાશવી આનંદ લેતા રહે છે. આવા લોકોને આપણે ઓળખી શકતા નથી અને ઓળખી લેવા છતાં તેની સામે કોઈ શિક્ષાત્મક/દંડાત્મક પગલાં લઈ નથી શકતા તે આપણી નબળાઈ દર્શાવે છે.

૩. સગાંવાદ સામે સનાતની ભાઈઓના ગુડા ટેકણાં

સામાન્ય પણે આવા લોકો પોતાને સનાતની તરીકે ઓળખાવે છે અને તેઓ સનાતની જ છે પણ ખરા પણ જ્યાં સગાંવાદનો પ્રશ્ન આવે છે ત્યારે તેઓ લાચાર બની જાય છે અને કાયદામાં છીડાં ગોતવાનો સતત પ્રયત્ન કરીને સનાતની લડાઈને નબળી પાડવામાં પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે મદદ રૂપ થતા હોય છે. જાણે સગાં તરીકે સતપંથના ભાઈઓ જોડે સંબંધો જાળવવાનો ઠેકો સનાતની ભાઈઓએ જ લીધો હોય. શું સતપંથી સગાંઓને બાંધ છોડ કરવાની
જવાબદારી નથી? આ સનાતની સગાંઓની નબળી કડી છે તેમાં સતપંથી સગાં હમેશાં ફાયદો ઉઠાવતા હોય છે. જુના સંબંધો બંધાઈ ગયા હોય તે તો ઠીક છે પણ નવેસરથી સતપંથી જોડે સામાજિક સબંધો બાંધવા તે નરી મૂર્ખાઈ જ છે. આ એક ધાર્મિક કટ્ટરતાની ખામી છે તેને જો દૂર કરવામાં આવે તો સતપંથ સામેની લડાઈ આપણે જીતવામાં સફળ જલ્દીથી થઈ શકીએ એમછે. અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી સતપંથને સંપૂર્ણ પણે નાબૂદ કરવાનું નારાયણજી બાપાના સપનાને સાકાર કરી શકીએ. આડકતરી રીતે સતપંથી સાથે નો સગાંવાદ પીરાણા સતપંથ ને જીવંત રાખવામાં પ્રાણવાયુ પૂરો પાડે છે અને પરિણામસ્વરૂપે જ્ઞાતિમાંથી સતપંથ કાયમને માટે નાબૂદ થતો નથી. સગાંવાદ થી સતપંથને સતત જીવતદાન મળતું રહે છે.

૪. લડાઈ તમે લડો એ અમારું કામનથી

સતપંથ સામેની લડાઈ તમે લડો એવી નબળી માનસિકતા બહોળા સનાતની ભાઈઓમાં ઘર કરી ગઈ છે. ધાર્મિક લાડાઈ કોઈ

એકલ દોકલને લડવાનું કામનથી. તે તો સામૂહિક રીતે સમસ્ત સનાતનીઓ ને લડવી પડે, તો જ આપણે તે લડાઈ જીતી શકીએ. દરેક સનાતની, તે પોતાની જવાબદારી સમજીને જો આ લડાઇ લડે તો કોઈ સતપંથીની મજાલ નથી કે તેઓ આપણી સામે ટકી શકે. આખરે, સતપંથીને મજબૂર થઈને આપણી સાથે સનાતની પ્રવાહમાં જોડાઈ જવું જ પડે અને આપણે જ્ઞાતિમાંથી સતપંથને કાયમને માટે નાબૂદ કરી શકીએ તેમાં બે મત નથી.

૫. પલાયનવાદ વૃત્તિ અને આક્રમકતા નો અભાવ

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીનો આ એક મહા ભયંકર રોગ કહી શકાય જે આપણું એક નકારાત્મક (negative) પાસું છે. જ્યારે સતપંથ સામે ઝઝુમવાની વાત આવે છે ત્યારે આ જ્ઞાતિનો માણસ લડાઈ લડવા માટે જરૂરી ત્વરિત નિર્ણય નથી લેતો. પછી કરશું, શું જલ્દી છે હમણાં, આપણી લીટી લાંબી કરો, પહેલાં સમાજ વિકાસની વાતો કરો. સતપંથ સામે પછી પણ લડી લેવાશે આવી ડાહી, ડાહી સૂફિયાણી વાતો કરવા લાગી જાય છે. પણ તેને ખબર નથી કે આ લડાઈ છેલ્લા ૨૦૦ વરસથી ચાલુ છે, છતાં પણ આપણે સંપૂર્ણ રીતે જીતી શક્યા નથી તેમાં આપણી પલાયનવાદ વૃત્તિ પણ એટલી જ જવાબદાર છે જેટલાં અન્ય કારણો જવાબદાર છે. કોઈ પણ લડાઈ હોય ભલે પછી તે લડાઈ સતપંથ સામેની હોય કે અન્ય લડાઈઓ હાય, તે લડાઈઓ તો જ જીતી શકાય જો આપણે આક્રમક વૃતિ (મારક વૃત્તિ) અપનાવીએ. મુસલમાન ની જેમ ''મારો સાલે કો'' જેવી મારક વૃત્તિ (KILLERS INSTINCT) આપણને પણ અપનાવવી જોઈએ તો જ આપણે સતપંથને આપણી જ્ઞાતિમાંથી નાબુદ કરીને નારાયણજી બાપાના સપનાને સાકાર કરી શકીશું અન્યથા તે શક્ય નથી.

૬. આપણી ત્રણે મુખ્ય સંસ્થાઓનો સતપંથ સામે સમન્વયતાથી એક અવાજે કામકરવાનો અભાવ

આપણી કેન્દ્રીય સમાજ (શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ) અને તેના દ્વારા સમય સમયાંતરે ઊભી કરવામાં આવેલ બે ધાર્મિક સંસ્થાઓ શ્રી વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાન અને શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન દેસલપર, જો સતપંથ સનાતન મુદ્દે એકજૂટ થઈને એક આવાજે કામનહી કરે તો સતપંથને આપણે આપણી જ્ઞાતિમાંથી નાબૂદ કરી શકવાના નથી તે દેખીતી વાત છે. જ્યારે સતપંથ—સનાતન ની વાત હોય ત્યારે આપણે જ બનાવેલા સનાતની સિદ્ધાંતોમાં બાંધ—છોડ જો થતી રહેશે તો સતપંથ સામેની લડાઈ જીતવામાં આપણને સમય લાગવાનો છે તે હકીકત છે. આ લડાઈ લડીએ છીએ તેને ૨૦૦ વરસ થઇ ગયાં છે અને જો આમજ ચાલતું રહ્યું તો બીજ બીજા ૨૦૦ વરસ લાગશે જે આપણી નબળાઈ ગણાશે. જેમસમય વધારે જશે તેમજ્ઞાતિમાંથી સતપંથને સંપૂર્ણ રીતે નાબૂદ કરવાનું કામઅઘરું થતું જશે. આપણો રવૈયો જો આવો જ રહ્યો તો જેમઅનેક પેઢીઓ નીકળી ગઈ અને અનેક પેઢીઓ ભવિષ્યમાં હજી નીકળી જવાની છે તે હકીકત છે. હવે આપણને જ્ઞાતિમાંથી આ પ્રશ્ન ભવિષ્યની પેઢીને નથી દઈ જવો. તે માટે અત્યારની વર્તમાન પેઢીને આરપારની લડાઇ લડી લેવી પડશે એવું મારું માનવું છે.

૭. આપણી ત્રણે સંસ્થાઓ ના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓને જ્ઞાતિના અને સમાજના સાચા ઇતિહાસનું જ્ઞાન હોવાનો અભાવ

કોઈ પણ સંસ્થાના હોદ્દેદારોને હોદ્દો ધારણ કરતા પહેલાં તે સંસ્થાના અને જ્ઞાતિના સાચા ઈતિહાસનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી છે. જ્ઞાન હોવું એટલા માટે જરૂરી છે કે સતપંથ બાબતે આપણી સનાતની સંસ્થાઓની શું જવાબદારીઓ બને છે તેનાથી તેઓ સતત વાકેફ રહે અને સમય સમયાંતરે જ્ઞાતી અને સંસ્થાઓના હિતમાં સનાતન ધર્મ બાબતે યોગ્ય નિર્ણયો લઈને જ્ઞાતિમાંથી સતપંથને નાબૂદ કરવા માટે સદાય તત્પર અને કટિબદ્ધ રહે. જ્ઞાતિ અને સમાજના સાચા ઇતિહાસનું પૂરું જ્ઞાન સંસ્થાઓના ધુરીણોમાં ન હોવાને લીધે સતપંથ બાબતે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય તેઓ સનાતની ભાઈઓના હિતમાં લઈ નથી શકતા. તે આપણી એક નબળાઈ છે. અનેક કારણોમાં નું આ પણ એક કારણ છે કે આપણે જ્ઞાતિમાંથી સતપંથને નાબુદ નથી કરી શકતા.

૮. સનાતની લડવૈયાઓ ને રક્ષણ પૂરું પાડવાનો અભાવઃ

સતપંથ ને જ્ઞાતિમાં થી નાબૂદ જો આપણને કરવું હશે તો સતપંથ સામે લડી રહેલા સમાજના સનાતની વીરોને દરેક જાતનું (કાનૂની, આર્થિક અથવા તો અન્ય રીતે) રક્ષણ પૂરું પાડવાની જવાબદારી કેન્દ્રીય સમાજ અને તેની અંતર્ગત આવતી તમામસંસ્થાઓએ લેવી અત્યંત જરૂરી છે. તેમાં પણ ખાસ કરીને આપણી બે ધાર્મિક સંસ્થાઓએ પીરાણા સતપંથ સામેની લડાઈમાં મોખરે રહીને તે જવાબદારી સુપેરે પાર પડાવી જરૂરી છે. આપણી બંને ધાર્મિક સસ્થાઓની જવાબદારી બને છે કે તેઓ સનાતની લડવૈયાઓ ને સતપંથ સામે લડવા માટે દરેક જાતનું રક્ષણ (કવચ) પૂરું પાડે જેથી સતપંથ સામેની લડાઈ આપણે જીતી શકીએ અને જ્ઞાતિમાંથી સતપંથને આપણે નાબૂદ કરી શકીએ.

૯. પરિવારવાદ જ્ઞાતિમાંથી સતપંથને નાબુદ કરવા એક મોટો અવરોધઃ

ગામે ગામની પોતાની સમાજો હોવા છતાં, પરદેશમાં રહેતા હોય ત્યાં સથાનિક સમાજો હોવા છતાં આપણને પરિવારનો મોહ એટલો બધો છે કે ત્યાં આપણે સતપંથ સનાતનનો મુદ્દો જ ભૂલી જઈએ છીએ. પરિવારોમાં જ્યારે ભેગા થઈએ છીએ ત્યારે સતપંથ સનાતનને મુદ્દે કેન્દ્રીય સમાજે બનાવેલા કાયદાઓને નેવે મૂકી દેતા હોઈએ છીએ. પરિવારના નામે સતપંથના ભાઈઓ જોડે ગુડે બેસીને જમીએ છીએ. આવું બધું થતું હોય ત્યાં જ્ઞાતિમાંથી સતપંથનો સફાયો કઈ રીતે શક્ય બને? આ સવાલ દરેક સનાતનીએ પોતાની જાતને પૂછવો જોઈએ. પરિવારવાદને બળ પૂરું પાડીને આપણે કેન્દ્રીય સમાજની નીતિઓની અવગણના કરી તેને ઢીલી પાડી રહ્યા છીએ તે દરેક સનાતની ભાઈએ વિચારવું જોઈએ. હજી કેટલાયે પરિવારોએ પોતાની સનાતની તરીકેની ઓળખ કાયમકરી નથી. આવા પરિવારોમાં લોલમલોલ કુટાય છે. આ બંધ થવું જોઈએ તો જ આપણે જ્ઞાતિમાંથી સતપંથનો સફાયો કરી શકીશું.

૧૦ . VHP, RSS અને ભાજપ તરફથી સતપંથને સતત મળતું રહેલું જીવતદાનઃ

જ્ઞાતિમાંથી સતપંથનો સફાયો શા માટે થતો નથી તેનું હજી એક કારણ આપણે આપી શકીએ. અને તે કારણ છે પીરાણા સતપંથના લોકો પોતાનું ઈમામશાહ વાળું તુત ચાલુ રાખવા માટે પૈસાના જોરે ઈજીજી, ફઉઁ અને ભાજપનો સહારો લઈને પીરાણા સતપંથને જીવંત રાખે છે. આપણી સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જો આરએસએસ, વીએચપી અને ભાજપ સતપંથને સહારો ન આપ્યો હોત તો સતપંથ વહેલો જ વીંટાઈ ગયો હોત અને આપણી જ્ઞાતિ સતપંથ મુક્ત જ્ઞાતિ વહેલી બની ગઈ હોત. પણ અફસોસ છે કે તેઓ આ વાતને સમજતા નથી. આખરે તેઓ પણ પૈસાને જ ઓળખે છે. બીજું ઈજીજી જેવી સંસ્થાઓ પોતાના વિચારોમાં એમરાચે છે કે પીરાણા સતપંથ વાળા ભાઈઓને અમે મુસલમાન થતાં બચાવીએ છીએ. તેમની ઘર વાપસી અમે કરાવી રહ્યા છીએ. આ ફઉઁ ની, આરએસએસ ની અને ભાજપ ની ભ્રાંત કલ્પના છે. સતપંથના ભાઈઓને મુસલમાન થતાં તો બચાવ્યા છે આપણા સુધારક વડીલોએ. જો તેઓ ન હોત તો ક્યારના આપણે સૌ સતપંથ માં રહી ગયા હોત અને મુમના મુસલમાન બની ગયા હોત.

તેવી જ રીતે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાન પણ તેમને સતપંથ બાબતે તેમનો ચુકાદો આપ્યા પછી થોડી ઘણી પણ સતપંથ સામે કડકાઈ બતાવી હોત તો પણ આપણી જ્ઞાતિના સતપંથી ભાઈઓને સતપંથ છોડીને આપણી સાથે ભળી જવા મજબૂર થવું પડત અને તેઓ પીરાણા સતપંથને મુકીને સનાતની થઈ ગયા હોત. અને આપણી જ્ઞાતિમાંથી સતપંથને નાબૂદ કરીને આપણી જ્ઞાતિ સતપંથ મુક્ત જ્ઞાતિ બની ગઈ હોત.

૧૨. સતપંથ અને સતપંથના ભાઈઓની તરફેણમાં વાતો કવા નું બંધ કરીએઃ

અમુક કહેવાતા સનાતની ભાઈઓની ખોટી ટેવ હોય છે કે સતપંથમાં આ સારું છે, પીરાણામાં તે સારું છે તેમકહીને સનાતની સમાજને અને સનાતનીઓને ઉતારી પડવાની કોશિશ કરતા રહે છે. તેમને એ ખબર નથી કે સનાતન ધર્મ અને સનાતન સમાજ આપણી મા છે. પોતાની મા ગમે તેવી હોય પણ બીજાની મા સાથે તેની સરખામણી કોઈ દિવસ ન કરાય. આવું બોલીને આપણા અમુક સનાતની ભાઈઓ આડકતરી રીતે પીરાણા સતપંથને જીવાડવામાં પ્રાણવાયુ પૂરો પાડતા હોય છે. કહેવાય છે કે મતિયા પાટીદારો પણ એક સમયે સતપંથમાં હતા. પણ જ્યારે તેઓને જ્ઞાન થયું કે સતપંથ એક મુસ્લીમધર્મનું ફાંટું છે અને તે મતિયા પાટીદાર જ્ઞાતિને લાયક ધર્મ નથી એટલે તેઓએ સામુહિક રીતે સતપંથનો ત્યાગ કર્યો અને ત્યાર પછી સતપંથ તરફ પાછું વાળીને જોયું નથી. આને કહેવાય સાચો ત્યાગ અને સમજણ. પણ કોણ જાણે કેમઆપણે કઈ માટીના ઘડાયેલા છીએ કે ઈમામશાહ બાવો પણ ૫૦૦ વરસમાં આપણનેસંપૂર્ણ રીતે મુસલમાન બનાવી ન શક્યો અને આપણે પોતે પણ સતપંથમાંથી વટલાઈને સંપૂર્ણ જ્ઞાતિ સનાતની હિંદુ બની ન શકી. સતપંથ રૂપી થોડી ગણી એઠ તો આપણામાં રહી જ ગઈ. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી માં ઉમિયા આપણી જ્ઞાતિને સદબુદ્ધિ આપે અને આપણી આખી જ્ઞાતિ પીરાણા સતપંથનો, ઈમામશાહ બાવાનો, સતપંથના શાસ્ત્રોનો અને સતપંથ સમાજનો સદન્તરે ત્યાગ કરીને સમાજના સનાતની પ્રવાહમાં ભળી જાય એવી અભ્યર્થના સાથે મારા આ લખાણને વિરામઆપું છું.

(ભગવાન સૌનું ભલું કરે અને તેની શુરુઆત મારી જ્ઞાતિ થી કરે)

રમેશભાઈ માવજીભાઈ વાગડિયા. બેંગલોર (૧૨.૦૬.૨૦૨૨)

કંપા વિસ્તારમાં ABKKP ધર્મ જાગરણ સમિતિ ની સભાઓ માટે કંપા વિસ્તારનો પ્રવાસ

સને ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૧ માં જ્યારે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદારોની સનાતની જ્ઞાતિમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ચાલ્યું હતું તે સમયે કંપા વિસ્તારમાં જવાયું ન હતું. તે વિસ્તાર તે સમયે વણ ખેડાયેલો રહ્યો હતો. 'સારો પાક લણવા માટે ધરતી ખેડવી અત્યંત જરૂરી હોય છે'. આ સૂત્રને ધ્યાનમાં રાખીને કંપા વિસ્તારમાં સનાતન ધર્મ જાગૃતિ માટે જવું અત્યંત જરૂરી જણાયું. અને ત્યાંના સનાતની ભાઈઓનું મનોબળ વધારવા માટે પણ ત્યાં જવું વધુ જરૂરી હતું. વધુમાં ત્યાંના સનાતની ભાઈઓ જેવા કે રસિકભાઈ દેવજીભાઈ છાભૈયા હિંમતનગર, ભોગીલાલ નાનજીભાઈ ધોળું ઇડર વિસ્તાર, યશવંતભાઈ વસતાભાઈ ભગત ઇડર અને ડો. વસંતભાઈ ધોળુ તલોદ, શ્રી ગણપતભાઈ પ્રેમજીભાઈ લીબાણી ઇડર વગેરે ભાઈઓ પણ કંપા વિસ્તારની મુલાકાત માટે અવારનવાર અનુરોધ કરી રહ્યા હતા. તેથી આ પ્રવાસનું આયોજન થયું.

સન ૨૦૦૯-૧૦ વખતે જાગૃતિનું જે અભિયાન ચાલ્યું હતું તેનો મુખ્ય હેતુ હતો, આપણી કેન્દ્રીય સમાજને, તે સમાજ સનાતની સમાજ છે તે પ્રસ્થાપિત કરવાનો. જેને શ્વેતપત્ર દ્વારા કેન્દ્રીય સમાજે જાહેર કર્યું કે કેન્દ્રીય સમાજની સ્થાપના એવા સુધારક વડીલો દ્વારા કરવામાં આવી છે કે જેઓએ પીરાણા સતપંથનો સદાયને માટે ત્યાગ કરીને સનાતન હિન્દુ ધર્મનો પુનઃ અંગીકાર કર્યો હતો. અને એવા સનાતન ધર્મને અંગીકાર કરેલા સનાતનીઓના હિતો ની રક્ષા કરવા માટે એ સમાજની સ્થાપના કરવામાં આવી હતી. પીરાણા સતપંથને માનતા લોકોની ઘણી જૂની સમાજ 'સતપંથ સમાજ' તો અસ્તિત્વમાં હતી જ અને આજે પણ મોજૂદ છે. જો તેઓ ને આપણી સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રીય સમાજમાં ભળવું હોય તો તેઓ શામાટે સતપંથ સમાજને તાળું મારતા નથી? આ તેમની કઈ નીતિ છે કે તેઓને આપણી સમાજમાં આપણી સાથે રહેવું છે અને પોતાની આઉગી સતપંથ સમાજ પણ ચાલુ રાખવી છે?

માટે સુધારક વડીલોને લાગ્યું કે તે સતપંથ સમાજ થી જુદી સનાતની ભાઈઓ માટે એક નોખી સમાજ હોય તોજ તે સનાતની

ભાઈઓ ના હિતોની રક્ષા કરી શકે અને સનાતન સંસ્કૃતિનો વારસો આવતી પેઢીને આપી શકે. જતે દહાડે તે સમાજ તેની સ્થાપના વખતેના મૂળ હેતુઓ ને ભૂલી ગઈ હતી. તે શામાટે ભૂલી ગઈ હતી તેના કારણોની ચર્ચા માં આપણને અત્યારે પડવું નથી. અત્યારે આપણે ફક્ત એ વાત કરવી છે કે કંપા વિસ્તારમાં અત્યારનો મારો પ્રવાસ ફક્ત એ મકસદ ને લઈને હતો કે કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિમાં

- સનાતન ધર્મ બાબતે જાગૃતિ આવે,
- ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ માં શ્રધ્ધા દ્રઢ થાય,
- ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષમીનારાયણ પ્રત્યે લોકોમાં વિશ્વાસ જાગૃત થાય અને
- તે જાગૃતિ, શ્રધ્ધા અને વિશ્વાસનો વારસો આપણે આપણી ભાવિ પેઢીને આપતા જઈએ જેથી જ્ઞાતિમાં સનાતની સંસ્કૃતિ પેઢી દર પેઢી ટકી રહે.

આપણી કેન્દ્રીય સમાજની સથાપના સુધારક વડીલો દ્વારા સંત શ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ સન ૧૯૩૮-૩૯ માં કરવામાં આવી હતી જેના પ્રથમપ્રમુખ તરીકે શ્રી રતનશી ખીમજી ખેતાણી અને મહામંત્રી તરીકે શ્રી નથુભાઈ નાનજી કેશરાણીએ સેવા આપી હતી. તે વખતે અનેક સુધારક વડીલો આ અભિયાન માં જોડાયા હતા તેમાંના મુખ્ય વડીલો હતા શ્રી પરબતભાઈ લખુ પોકાર મથલ વાળા, શ્રી ભીમજીભાઈ કેસરા લીબાણી કોટડા (જ) વાળા, શ્રી ડો. ગંગદાસ ઉકાણી ખોંભડી વાળા.

કેન્દ્રીય સમાજે કરેલા અગત્યના કાર્યોઃ

આપણી કેન્દ્રીય સમાજે જ્ઞાતિ માટે અનેક અગત્યના કામો કર્યા તેમાંના ચાર કામમુખ્ય હતા જેનો ઉલ્લેખ અત્યારે કરવો જરૂરી છે.

- સૌથી પહેલું કામઆ સમાજે એ કર્યું કે જ્ઞાતિને કુળદેવી ઉમિયા માતાના દર્શન કરવા છેક ઊંઝા જવું પડતું હતું તેથી સંત ઓધવરામજી મહારાજના કહેવાથી વાંઢાય મુકામે ઉમિયા માતાજીના મંદિર ની સન ૧૯૪૪ માં સ્થાપના કરવામાં આવી.
- બીજું કામએ કર્યું કે કચ્છ ના અને કંપા ના ગામે ગામઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરો ની અને સનાતન સમાજોની સ્થાપના કરાવી.
- ત્રીજું અગત્યનું કામએ કર્યું કે કેન્દ્રીય સમાજની વિધિવત સ્થાપના અને તે મુખ્ય કાર્યાલય માટે નખત્રાણા ખાતે વિદ્યાર્થી ભવન ઉભું કર્યું.
- અને ચોથું મુખ્ય કામએ કર્યું કે વાંઢાય દેસલપર મધ્યે ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નું કેન્દ્ર સ્થાન ઊભું કર્યું જેની પ્રાણ પ્રતિષ્ઠા સન ૨૦૧૧ માં કરવા માં આવી હતી.

કેન્દ્રીય સમાજની વિધિવત્ સ્થાપનાઃ

સન ૧૯૬૦ માં જયારે કેન્દ્રીય સમાજની વિધિવત્ સ્થાપના કરવામાં આવી ત્યારે તે નખત્રાણા ખાતે વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં કરવામાં આવી હતી. અને તે પણ પરમપૂજ્ય જ્ઞાતિ ઉધ્ધારક ગુરૂ શ્રી ઓધવરામજી મહારાજના આદેશ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. તેનો તે વખતે ઉદ્દેશ એ હતો કે જ્ઞાતિ વધુમાં વધુ શિક્ષિત થાય અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ માં અપાર શ્રધ્ધા ધરાવતી થાય અને જીવનના દરેક પાસામાં આગળ વધે. અને સૌથી અગત્યનો ઉદ્દેશ એ હતો કે આખી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બને એટલા માટે જ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય

સમાજમાં સતપંથ ના ભાઈઓને ભેગા રાખ્યા પણ એ ન પૂછ્યું કે તમે પીરાણા સતપંથને સદાયને માટે તિલાંજલી આપી છે કે નથી આપી. તેઓ વધારે પડતા ઉદારમતવાદી બન્યા.

કેન્દ્રીય સમાજની સન ૧૯૬૦ પછીની પરિસ્થિતિ

સન ૧૯૬૦ પછી ના લગભગ ૫ દસકાઓ માં આ સમાજ સનાતન ધર્મ અને ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને સાવ જ ભૂલી ગઈ. એટલુજ નહિ આ કેન્દ્રીય સમાજનું નિર્માણ જે વ્યક્તિએ કરાવ્યું હતું, જે વ્યકિતએ સનાતન ધર્મનો રાહ આપણને બતાવ્યો હતો અને જેને આપણને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ઉપાસક બનાવ્યા હતા તે વ્યક્તિને તો આપણે સાવ જ ભૂલી ગયા. આની પાછળનું કારણ એ હતું કે આ સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજે પીરાણા સતપંથીઓને આપણી સાથે સમાજમાં ભેળા રાખ્યા. ભેળા રાખ્યા તે રાખ્યા પણ પોતાના સનાતન ધર્મને પણ સતપંથના ભાઈઓને કારણે છેટો રાખ્યો. તે સમયે સતપંથીઓ એ કેન્દ્રીય સમાજનો ભરપૂર ઉપયોગ કર્યો અને અન્ય લોકોની નજરમાં પોતે પણ હિન્દુ છે એવું પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ રહ્યા. કેન્દ્રીય સમાજની આડસમાં રહીને મુમના મુસલમાન તરીકે થતી તેમની ઓળખને તેઓ ભુંસાવી શક્યા. પણ આ સતપંથી ભાઈઓએ કેન્દ્રીય સમાજમાં રહીને તેની વફાદારી અને આસ્થા પીરાણા સતપંથમાં અને સતપંથ સમાજમાં રાખી. પરિણામ સ્વરૂપે તેઓએ પીરાણા સતપંથનો ધાર્મિક રીતે વિકાસ ચાલુ રાખી શક્યા. કારણ કે સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં તેઓએ પ્રવેશ મેળવ્યો પણ બાવા ઇમામશાહ અને પીરાણા સતપંથને તેઓ ભૂલ્યા નહી, પરિણામસ્વરૂપે તેઓ ધાર્મિક રીતે વધુ ને વધુ મજબૂત થતા ગયા. કેન્દ્રીય સમાજના પાછળના મોવડીઓની સતપંથ બાબતે ઢીલી નીતિને કારણે જ્ઞાતિમાંથી સતપંથનો સફાયો ન થયો અને જ્ઞાતિ સતપંથ અને સનાતન મુદ્દે બટાઈ ગઈ. પોતાની બેવડી, દિશાશૂન્ય નીતિ ને લીધે જ્ઞાતિમાં પીરાણા સતપંથને પાંગરવા દીધો. સન ૨૦૧૦ સુધીના પાંચ દસકાઓ માં કેન્દ્રીય સમાજના તે વખતના અગ્રણીઓએ આ ખાનાઈઓની બીક અને દેહસતમાં રહીને સમાજમાં પોતાના સનાતન ધર્મની અને પોતાના ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની જયઘોષ બોલાવવાનું પણ ભૂલી ગઈ. તેમણે બીક લાગી કે ક્યાં વળી સતપંથીઓને ખોટું લાગશે. પોતાની સનાતની તરીકેની ઓળખ ઉપર જ પોતાના હાથે કુઠારાઘાત કર્યા. સન ૨૦૧૦ ના દાયકા ની આખરમાં તો કેન્દ્રીય સમાજના અગ્રણીઓ એવું કહેવા લાગ્યા કે કેન્દ્રીય સમાજ એક ધર્મનિરપેક્ષતા વાળી સમાજ છે અને તેને સનાતન ધર્મ ની સાથે કંઈ જ લેવા દેવા નથી. સનાતની ઓળખ ધરાવતી કેન્દ્રીય સમાજમાં સનાતની ભાઈઓની ઘોર ઉપેક્ષા થવા લાગી અને પીરાણા સતપંથના ભાઈઓ જાણે આગલા ઘરના હોય એમ તેની થાબડભાણા થવા લાગ્યા.

કેન્દ્રીય સમાજ જ્ઞાતિ ઉધ્ધારક ગુરુ સંત શ્રી ઓધવરામજી મહારાજને ભૂલી ગઈ

કેંદ્રીય સમાજ ગુરુ શ્રી ઓધવરામજી મહારાજના વાંઢાય ધ્વારાને (ગુરુ ગાદીને) તો સાવ જ ભૂલી ગઈ. સન ૧૯૬૦ પછી તે વાંઢાય ધ્વારાના પાછળના ગાદીપતિઓની કેન્દ્રીય સમાજમાં એક પણ સનાતન ધર્મસભા ન કરવા દીધી. તેઓ એવી ભ્રાંત કલ્પનામાં અને એવી ભીતિમાં જીવ્યા કે જો એમકરશું તો પીરાણાના કાકાઓની (સતપંથ ના કહેવાતા સાધુઓની) ધર્મ સભાઓના પણ કેન્દ્રીય સમાજના પ્રાંગણ માં આયોજનો કરવા પડશે. કેટલો બધો ઘોર અન્યાય. ખાનાઈઓ ને સાથે રાખી ને કેન્દ્રીય સમાજે ઘણું બધું ખોયું. એટલુજ નહી પોતાના સનાતની ભાઈઓને ધાર્મિક રીતે કોઈ જ દિશા સૂચન આપી શક્યા નહી. સનાતન ધર્મ નો પ્રચાર પ્રસાર કરવામાં સાવ જ નિષ્ફળ નીવડયા. સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કરવાનું તો સાવ ભૂલી જ ગયા. સુધારક વડીલોનું એક સ્વપનું હતું કે જ્ઞાતિ પીરાણા સતપંથ મુક્ત જ્ઞાતિ બને, તે વડીલોના સ્વપ્ન ઉપર પાણી ફરી વળ્યુ. આડકતરી રીતે જ્ઞાતિમાં કબ્રસ્તાની સતપંથને પાંગરવા દીધો. છેલ્લે છેલ્લે કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવ પહેલાં પહેલાં સન ૨૦૧૦ માં પોતાની ભૂલ સુધારી અને શ્વેતપત્ર બહાર પાડી ને પોતાની સનાતની સમાજ તરીકે ની ઓળખ જાહેર કરી.

શ્વેત પત્ર કાઢ્યા પછી પણ ધાર્મિક બાબતે આપણે કશું કરી શક્યા નહિ

શ્વેતપત્ર કાઢ્યા ની વાતને આજે તેર વરસ વીતી ગયા છે. આ તેર વરસ દરમ્યાન આપણે એવી કોઈ ઠોસ વ્યૂહ રચના ઘડી શક્યા નહિ કે આપણે ધાર્મિક રીતે મજબૂત બની શકીએ. ન તો આપણે જ્ઞાતિમાંથી પીરાણા સતપંથને નાબૂદ કરી શકયા, ન તો જ્ઞાતિમાંથી બાવા ઇમામશાહ વાળા સતપંથીઓને સંપૂર્ણ પણે જ્ઞાતિ બહાર કાઢી શક્યા.

પણ છેલ્લે છેલ્લે અંતતઃ આપણને જાહેર કરવું પડ્યું કે આગામી સનાતની શતાબ્દી મહોત્સવ પહેલાં, પીરાણા સતપંથમાં માનતા પરિવારો પીરાણા સતપંથ ને સંપૂર્ણ પણે છોડીને જ્ઞાતિના સનાતન ધર્મના મુખ્ય પ્રવાહ માં ભળી જશે તેને આપણી સનાતની જ્ઞાતિમાં ભેળવવામાં આવશે અન્યથા ત્યાર પછી કોઈ પણ હિસાબે આપણી સનાતની જ્ઞાતિમાં ભેળવવામાં નહિ આવે. ત્યાર પછી જે લોકો પીરાણા સતપંથને માનતા હશે તે આપણાથી જુદી જ્ઞાતિના ગણાશે. બાવા ઇમામશાહ વાળા સતપંથ ને માનવા વાળા લોકોની સાથે કોઈ સામાજિક સંબંધો બાંધવામાં નહી આવે, દીકરીની લેતી દેતી કરવામાં નહિ આવે અને તેમની સાથે સહિયારી મિલકતો વસાવવામાં પણ નહિ આવે.

અમદાવાદમાં પદધર્મ બાબતે સંમેલન

અમદાવાદ ખાતે પદ ધર્મ વિષે જ્ઞાતિનું (કેન્દ્રીય સમાજનું) સંમેલન થયું તેમાં સનાતન ધર્મ જાગરણ સમિતિનું ગઠબંધન કરવામાં આવ્યું. તે સમિતિ દ્વારા એ નક્કી કરવામાં આવ્યું કે

- ધાર્મિક રીતે આપણે સૌ મજબૂત બનીએ,
- ઘર ઘર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ ઉપર શ્રદ્ધા કાયમરહે, શ્રધ્ધા દ્રઢ થાય, અને
- ઘર ઘર ગીતાના વિચારો ગુંજે અને
- સનાતન સંસ્કૃતિનો વારસો આવતી પેઢીમાં પ્રસ્થાપિત થાય

તેવા પ્રયત્નો આ ધર્મ જાગરણ સમિતિએ કરવાના રહેશે એવું નક્કી કરવામાં આવ્યું. આ વિચારોને લઈને સનાતન ધર્મ જાગરણ સમિતિના એક વડા ની રૂએ (એક મુખીયાની રુએ) મેં કંપા નો પ્રવાસ ખેડ્યો.

કંપા વિસ્તારના પ્રવાસની શુરુઆતઃ

આ પ્રવાસની શુરુઆત મેં તા. ૧૧.૧૦.૨૦૨૨ થી કરી. વડોદરાથી હું સવારના ૧૦.૦૦ કલાકે કેન્દ્રીય સમાજના ઉપ પ્રમુખ શ્રી જયંતીભાઈ લાકડાવાલા ને ઘરે નરોડા પહોંચ્યો. તેમની સાથે થોડી ગણી સામાજિક ચર્ચા કર્યા પછી અગાઉ થી નક્કી કર્યા પ્રમાણે ગાંધીનગર થી શ્રી જયંતીભાઈ નાકરાણી (ગંગોત્રી વાળા) મને લેવા જયંતીભાઈ લાકડાવાલા ને ઘરે આવ્યા.

ત્યાંથી તેમના ઘરે જવા ઉપડ્યા પણ રસ્તામાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના સંકુલમાં અમે ત્રણે જણા પહોંચ્યા, RP પટેલ સાહેબની મુલાકાત લીધી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન શું છે? તેની કાર્ય પદ્ધતી શું છે? તેની આછેરી જાણકારી RP પટેલ સાહેબ અને ગોલ સાહેબે અમોને આપી. તેઓ દક્ષિણ ભારતની મુલાકાતે આવવાના છે અને બેંગલોરમાં તેમનું સંઘઠન કઈ રીતે વધે તે બાબતની ચર્ચાઓ કરી. RP પટેલ સાહેબના આગ્રહથી બપોરનો પ્રસાદ પણ અમે ત્યાં જ લીધો. ત્યાર પછી હું અને જયંતિભાઈ નાકરાણી ત્યાંથી ગાંધીનગર તેમના નિવાસ સ્થાને જવા રવાના થયા.

ગાંધીનગર આ પ્રવાસ ની પહેલી સભાઃ તા. ૧૧.૧૧.૨૦૨૨ ના ૫.૦૦વાગે

અગાઉથી નક્કી કર્યા મુજબ ગાંધીનગર સમાજના અગ્રણીઓ સાથે મારી મીટીંગ નક્કી કરવામાં આવી હતી. તેમાં તે સનાતન સમાજના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ રૂડાણી અને મહામંત્રી શ્રી દિલીપ ભાઈ સેંગાણી સાથે શ્રી જયંતીભાઈ નાકરાણી મોજૂદ રહ્યા હતા. તેમની સાથે સામજિક વાતો કરતાં તેઓએ જણાવ્યું કે અત્યાર સુધી ગાંધીનગર કચ્છ કડવા પાટીદાર સમાજ ભેળસેળમાં

(મિક્ષમાં) ચાલતી હતી તે હવે અમે ચોખ્ખી કરી નાખી છે. જ્ઞાતિમાં સનાતની સંગઠન વધે તે માટે સર્વ પ્રયત્નો કરવા જોઈએ એવી વાતો કરી. તેઓએ મને ખાત્રી આપી કે સમાજમાં સનાતની સંગઠન વધે એવા સર્વ પ્રયત્નો અમે કરી રહ્યા છીએ અને ભવિષ્યમાં તેવા પ્રયત્નો સતત ચાલુ રાખશું. ત્યાર પછી લગભગ ૫.૩૦ વાગે સભા પૂર્ણ જાહેર કરી.

ગાંધીનગરથી હિંમતનગર તરફ પ્રયાણ

ત્યાર પછી હું અને જયંતીભાઈ નાકરાણી તેમની કારમાં હિંમતનગર જવા નીકળ્યા. ગાંધીનગર થી હિંમતનગર ની સફર લગભગ બે કલાક જેવી થઈ. અમે હિંમતનગરમાં શ્રી રસીકભાઈ દેવજીભાઈ છાભૈયા ને ઘરે સાંજના ૭.૩૦ વાગે પહોંચ્યા હશું. રસિકભાઈના ઘરે સાંજનું ભોજન કર્યા પછી ત્યાંના આજુબાજુના કંપાઓના ભાઈઓની મીટીંગ રાખી હતી. વાળું કર્યા પછી ગાંધીનગર વાળા જયંતીભાઈ નાકરાણી મને હિંમતનગર મુકીને ગાંધીનગર પાછા ફર્યા હતા.

હિંમતનગર-આ પ્રવાસની બીજી સભા તા. ૧૧.૧૦.૨૦૨૨ રાત્રે ૯.૩૦ વાગે

શ્રી રસીકભાઈ દેવજીભાઈ છાભૈયા સાબરકાંઠા ઝોન ના પ્રમુખ હોવાને કારણે અને એમણે અગાઉથી નક્કી કર્યા પ્રમાણે હિંમતનગર અને તેની આજુબાજુના કંપાઓના સનાતની ભાઈઓની મીટીંગ રાત્રે ૯.૩૦ વાગે તેમના નિવાસ સ્થાને નક્કી કરી નાખી હતી. આ સભામાં નીચે જણાવેલ ગણમાન્ય ભાઈઓએ હાજરી આપી હતી.

૧. શ્રી રસિકભાઈ દેવજી છાંભૈયા
૨. ડો. અમૃતભાઈ ધોળું સનાતન મેડિકોઝ કમિશનર
૩. શ્રી ગિરિશભાઈ મનજીભાઈ ધોળું
૪. શ્રી દામજીભાઈ કેશુભાઈ પારેખ
૫. શ્રી લખમશી ભાઈ ગોપાલ નાકરાણી
૬. શ્રી જયેશકુમાર ઈશ્વરભાઈ પોકાર
૭. શ્રી ચીમનલાલ દેવજી છાભૈયા
૮. શ્રી મુકેશકુમાર છગનભાઈ લીબાણી
૯. શ્રી દિનેશભાઈ ખીમજી વાડિયા
૧૦. શ્રી પ્રવીણભાઈ નાથાલાલ ચોપડા
૧૧. નવીન કુમાર મોહનલાલ લીબાણી
૧૨. શ્રી બ્રિજેશ કુમાર કાંતિભાઈ પોકાર
૧૩. શ્રી જયંતીભાઈ માવજી ગોરાણી

આ ભાઈઓએ સિદ્ધાંતિક રીતે મને વચન આપ્યું હતું કે તેઓ સનાતની સંસ્કૃતિનો વારસો આગળ ધપાવવા માટે તેમનાથી થતાં તમામપ્રયત્નો કરશે.

મારું તા.૧૧.૧૦.૨૦૨૨ નું રાત્રિ રોકાણ રસિકભાઈના નાના ભાઈ ડો. ચીમનભાઈ દેવજી છાભૈયા ના ઘરે રાખ્યું હતું. તેમનાં પુત્રવધુ ખુશાલી બેન ધીરજભાઈ રામજી ડાયાણી ની દીકરી અને રામજીબાપા ડાયાણી ની પૌત્રી થાય. તેમણે મારી સૂવાની સગવડ બહુજ સારી કરી હતી.

ત્રીજી સભા તા.૧૨.૧૦.૨૦૨૨ હિંમતનગર સમાજવાડીમાં ૨૫ કંપાઓ નો સમૂહ: સમય સવારના ૯.૩૦ કલાકે

બીજા દિવસે સવારના પરવારી, નાસ્તો પાણી કર્યા પછી ઝોન પ્રમુખ શ્રી રસિકભાઈ ને ઘરે અમે પહોંચ્યા. ત્યાંથી અમે કચ્છ

કડવા પાટીદાર સમાજ સંચાલિત સ્કૂલની મુલાકાત લીધી હતી. ત્યાંથી હિંમતનગરની શ્રી કચ્છ કડવા સનાતન સમાજની સમાજવાડીએ ગયા હતા. આ સમાજની સ્થાપના સન૧૯૫૯ માં નીચે જણાવેલ સ્થાપક વડીલો દ્વારા કરવામાં આવી હતી.

૧) શ્રી મુળજીભાઈ જીવરાજભાઈ
૨) શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ
૩) શ્રી હંસરાજભાઈ હીરજીભાઈ
૪) શ્રી કરસનભાઈ લધાભાઈ
૫) શ્રી સવગણભાઈ હીરજીભાઈ
૬) શ્રી રાજાભાઈ જીવરાજ ભાઈ

આજે આ સમાજનું કાર્ય ક્ષેત્ર ૨૫ કંપાઓ જેવા કે નવાનગર, છાપરિયા કંપા, કાંકણોલ કંપા, પીપળી કંપા, હરીપુરા કંપા, કાશીપુરા કંપા, બાવસર કંપા, ટિંબા કંપા, ચંદ્રપુરા કંપા, નિકોડા કંપા, ક્રિષ્ણાપૂરા કંપા, કૃપા કંપા, હરીપુરા (બાવસર), રૂપાલ કંપા, વેજરપ કંપા, બિલપણ કંપા, ગાંધીપૂરા કંપા, ખેરોજ કંપા, શંકરપુરા કંપા, ખેડ કંપા, કેસરપૂરા કંપા, કાંણી પોલ (લીખી), લક્ષ્મી ફાર્મ, નારસોલી કંપા અને બળવંતપૂરા કંપાથી બનેલું છે.

આ સભામાં વિવિધ કંપા થી પધારેલા ભાઈઓની યાદી નીચે પ્રમાણેની છે.

૧) જેઠાભાઈ રામજી હળપાણી, નવાનગર
૨) ગિરિશભાઈ મનજી ધોળું, હરીપુરા કંપા
૩) દેવશીભાઈ પ્રેમજી ચૌહાણ, ગાંધીપૂરા કંપા
૪) લાલજીભાઈ વશરામ સુરાણી, હિંમતનગર
૫) રમેશભાઈ ડાહ્યા રામાણી, કાશીપુરા
૬) જીતુભાઈ ધનજી પોકાર, ચંદ્રપુર
૭) અંબલાલ ગોવિંદ માકાણી, નવાનગર
૮) રસિકભાઈ કાનજી લીંબાણી, બીલપણ
૯) વિનોદ ખીમજી વાડિયા, ટીબા કંપા
૧૦) નારાયણ કરમશી ભોજાણી, નીકોડા કંપા
૧૧) પ્રકાશભાઈ મોહનભાઈ લીબાણી, ખેડ કંપા
૧૨) ગોવિંદભાઈ હીરજી સૂરાણી, ખેડકંપા
૧૩) કીર્તિ જેઠા ભાઈ પોકાર, બાવસર
૧૪) હીરાલાલ લાલજી લીબાણી, કૃષણપુરા
૧૫) મુકેશ કુમાર છગન લીબાણી, હિંમતનગર
૧૬) અરવિંદભાઈ ગોવિંદ લીબાણી
૧૮) ડાહ્યા ભાઈ હંસરાજ રામાણી, ખેડ
૧૯) શાંતિભાઈ કરસન નાકરાણી, બદામ
૨૦) છગનભાઈ નારણ ભાવાણી, રામપુરા કંપા
૨૧) નીતિન કુમાર નગીન રામાણી, રામપુરા

તેમની સાથે મીટીગ થયા પછી બપોરના ભોજનની વ્યવસ્થા તે સમાજમાં જ રાખવામાં આવી હતી. ભોજન લઈને અમે ત્યાંથી છૂટા પડ્યા હતા.

આ સમાજમાં પણ અમુક ભાઈઓનો ગણગણાટ હતો કે તેઓને પણ અહી મવાળવાદીઓનો ત્રાસ તો છે જ. સગાંવાદને લઈને લોકોને સતપંથના ભાઈઓ તરફી મવાળવાદી વલણ અપનાવવું પડે છે તે તેમની મજબુરી છે.

આ સભા પૂરી કરીને અમે રસીકભાઈ દેવજીભાઈ છાભૈયાની સાથે નવાનગર કંપા જવા નીકળ્યા. અમારી સાથે તે સમાજના મહામંત્રી એવા શ્રી જેઠાભાઈ હળપાણી જેઓ પણ નવાનગર કંપના જ વાતની છે તેઓ પણ અમારી સાથે જોડાયા હતા.

ચોથી સભાઃ નવાનગર કંપા ખાતે તા. ૧૨.૧૦.૨૦૨૨ ના પછાડના ૩.૩૦ કલાકે.

આ સંભામાં ઉપસ્થિત મહાનુભાવો ના નામો નીચે પ્રમાણે છે.

૧) કનુભાઈ પ્રેમજીભાઈ છાભૈયા
૨) લલિતભાઈ વસરામભાઈ છાભૈયા
૩) જયંતીભાઈ રામજી હળપાણી
૪) છગનભાઈ રામજીભાઈ હળપાણી
૫) દીપકભાઈ મગનભાઈ માકાણી
૬) વસંતભાઈ કરમશીભાઈ માકાણી
૭) બાબુભાઈ ઓધવજી નાકરાણી
૮) શાંતિભાઈ છાભૈયા

સભા બહુજ સારી રહી. સૌ ભાઈઓએ મને વચન આપ્યું કે તેઓ અઠવાડિયા માં એક કલાક ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના નામે ભેગા અવશ્ય થશે.

આ ગામના ખેડૂત ભાઈઓ ની વિશેષતા એ હતી કે તેઓ એક જ કૂવામાંથી ૪૦ જેટલા પંપ લગાવીને સામૂહિક રીતે પાણી યોજના બનાવી છે જે એક નવતર પ્રયોગ જ ગણી શકાય. તે નવતર પ્રયોગનું નામ તેઓએ સોમસરોવર નવાનગર એમ નાખ્યું હતું અને તેનો વહીવટ તેઓએ એક મંડળી ની સ્થાપના કરી હતી જેનું નામ ''ધી નવાનગર ખેતી માટે પાણી પૂરું પાડનારી મંડળી લિ.'' એમ નાખ્યું હતું.

નવાનગર સભા પૂરી કર્યા પછી નવાનગર કંપા થી હું, રસીકભાઈ છાભૈયા અને જેઠાભાઈ હળપાણી મોતીસેરી કંપા જવા રવાના થયા હતા.

પાંચમી સભાઃ મોતેસરી કંપા તા.૧૨.૧૦.૨૦૨૨ સાંજ ના ૬.૩૦ કલાકે.

આ સભાની વિશેષતા એ હતી કે ત્યાં ૮૦ વરસ થી ઉપરના ભાઈઓ ની પણ મોજુદગી હતી. તેમાંના શ્રી બહેચરભાઈ મુળજીભાઈ ભાવાણી અને શ્રી છગનભાઈ એન ભાવાણી મુખ્ય હતા. આ બંને વડીલોએ આપણા સંત શ્રી ઓધવરામજી મહારાજ ના પ્રત્યક્ષ દર્શન કર્યા હતા. વાંઢાય ખાતે આપણા ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરવામાં તેમના વડીલ શ્રી હરિ બાપાનું વિશેષ યોગદાન હતું. તેઓએ તે સમયે ઓધવરામબાપુના કહેવાથી રૂપિયા ૧૨૦૦ ની માતબર રકમ આ ગામમાંથી એકત્ર કરીને વાંઢાય મોકલાવી હતી. આ સભામાં તલોદ વાળા યુવાન ભાઈ ડો. શ્રી વસંતભાઈ ધોળું અને ભુજથી આપણી સમાજના મંત્રી શ્રી વિનોદ માવજી ભગત પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપર જણાવેલ ચાર જણાની સાથે નીચે જણાવેલ અન્ય મહાનુભાવો પણ આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

૧) નાનજીભાઈ મેઘજી ભાવાણી
૨) અમૃતભાઈ ભાઈલાલ ભાવાણી
૩) કેશવલાલ બહેચરભાઈ ભાવાણી

૪) માવજીભાઈ ધનજી ભાવાણી
૫) છગનભાઈ સવજી ભાવાણી
૬) કાંતિભાઈ ખીમજી ભાવાણી
૭) જગદીશભાઈ મેઘજી ભાવાણી
૮) જગદીશભાઈ ગંગારામભાવાણી
૯) વિનોદભાઈ નાનજીભાઈ ભાવાણી
૧૦) નવીનભાઈ નારણભાઈ ભાવાણી
૧૧) અલ્પેશકુમર ઈશ્વરભાઈ ભાવાણી
૧૨) હિતેશકુમાર ઈન્દુભાઈ ભાવાણી
૧૩) ચંદ્રેશકુમાર અમૃતભાઈ ભાવાણી
૧૪) દિનેશભાઈ ડાહ્યાભાઈ પારસિયા
૧૫) હરિભાઈ સોમજી ધોળું
૧૬) શાંતિભાઈ કરસન નાકરાણી
૧૭) વસંતભાઈ ડાહ્યાભાઈ પારસિયા
૧૮) નિલેશ ગંગારંભાઈ સુરાણી
૧૯) રસીકભાઈ દેવજીભાઈ છાભૈયા
૨૦) દામોદરભાઈ વિઠ્ઠલભાઈ દીવાણી
૨૧) જેઠાભાઈ રામજીભાઈ હળપાણી
૨૨) ધર્મેન્દ્રભાઈ ભાઈલાલ ભાવાણી

આ સભા પૂર્ણ કર્યા પછી મોતેસરી કંપા થી હું, રસીકભાઈ છાભૈયા અને જેઠાભાઈ હળપાણી તખતગઢ કંપા જવા રવાના થયા હતા અને અમારી સાથે બીજી કારમાં વસંત ભાઈ ધોળું પણ તખતગઢ કંપા આવ્યા હતા.

છઠ્ઠી સભાઃ તખતગઢ કંપા તા.૧૨.૧૦.૨૦૨૨ સાંજના ૯.૦૦ વાગે

આ સભા વાળું કર્યા પછી રાખવામાં આવી હતી. અમારું રાત્રે જમવાનું તખતગઢ કંપામાં મહેશભાઈને ઘરે હતું. ત્યાંથી અમે સૌ તખતગઢ કંપાના શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરે ગયા જ્યાં અમારી સભા રાખવામાં આવી હતી. આ ગામની વિશેષતા એ હતી કે આ ગામનો પ્રત્યેક પરિવાર સનાતની છે. બીજી વિશેષતા એ છે કે ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ની મૂર્તિઓ ની સ્થાપના પૂર્વજોએ બનાવેલ સતપંથના ખાનામાં (જોતીશ ધામમાં) જ કરી હતી. આ ગામના સનાતની વડીલોની ખુમારી તો જુઓ કે ખાનામાં પોતાનો ભાગ થાય એમ માનીને એક બાજુ ખાનું અને બીજી બાજુ મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. આવું બહુ ઓછી જગ્યાએ જોવા મળશે. ખાનામાં પોતાનો (સનાતની ભાઈઓનો) પણ ભાગ થાય એવું ખુમારીથી કહેવાવાળા આ ગામના વડીલો હતા. સમય જતાં ખાનાના પાટનું વિસર્જન કરવા માટે બહાદુર વડીલ શ્રી વેલજીભાઈ મુખીએ ગ્રામજનો ને કહ્યું હતું કે જયારે આપણે સનાતની ભાઈઓ બહુમતીમાં છીએ ત્યારે હવે ખાના નું વિસર્જન થવુંજ જોઈએ. તે વખતે લોકોમાં એવી માન્યતા હતી કે બાવાના પાટનું જે વિસર્જન કરશે તેને બાવો શ્રાપ આપશે અને તેને પાપ લાગશે. ત્યારે નીડર વડીલ શ્રી વેલજી મુખીએ ગ્રામજનોને જણાવ્યું હતું કે પાટ હું ઉપાડીશ અને બહાર ચોકમાં હું તેને બાળીશ, બાવો ભલે મને શ્રાપ આપે તેને હું પહોંચી વળીશ પણ પાટને બાળતી વખતે કદાચ ખાનાઈઓ મને મારવા આવે તેનાથી મારા શરીરને અને મને બચાવશો. આવા નીડર હતા શ્રી વેલજી મુખી. કહેવાય છે કે આ ગામના બીજા વડીલ શામજી મતાદાર

રાજાશાહી વખતે રાજા માટે સાલિયાણું ઉઘરાવતા. એમને રાજ દરબારમાં પોતાનો મત આપવાનો પણ અધિકાર હતો. એટલેજ તેઓ મતાદાર કહેવાણા હશે એવું હું અનુમાન કરુ છું.

સન ૧૯૩૯ માં તખતગઢ માં ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષમીનારાયણ ના મંદિર ની સ્થાપના કરવામાં આવી હતી. આ ગામઉપર વિદ્વાન સંત પૂજ્ય શ્રી માધવતીર્થ સ્વામીજીના પૂર્ણ આશીર્વાદ હતા તેથી જ કદાચ આ ગામસંપૂર્ણ પણે સનાતની ગામબની ગયું છે. પૂજ્ય માધવતિર્થ સ્વામીજી નો આબેહુબ ફોટો તે મંદિરમાં આજે પણ મોજૂદ છે.

સભા રાત્રીના સમયમાં રાખવામાં આવી હતી છતાં પણ બહેનો ની હાજરી વિશેષ હતી તે દર્શાવે છે કે આ ગામજિજ્ઞાસુ લોકોનું ગામછે. સભાની શુરુઆતમાં ડો. વસંતભાઈ ધોળુએ સભાની પૂર્વભૂમિકા બહુ જ સરસ રીતે બાંધી હતી. સભા પૂર્ણ થયા પછી ઉપસ્થિત શ્રોતાજનો તરફથી પ્રશ્નો પણ થયા. તેમાં આપણી પાસે કોઈ ગુરુ ગાદી નથી તેથી આપણે જ્યાં અને ત્યાં ધાર્મિક રીતે ભટકાઈએ છીએ એવા અભિપ્રાયો આપવામાં આવ્યા હતા. સભા પૂર્ણ થતાં રાત્રે ૧૧.૩૦ વાગી ગયા છતાં પણ લોકો ઉઠવાનું નામનોહતા લેતા.

ઉપસ્થિત શ્રોતાજનો માં નીચે જણાવેલ ભાઈઓ અને બહેનો ની હાજરી મુખ્ય હતી.

૧) વસંતભાઈ ધોળુ, તલોદ વિથોણ
૨) નિશાંત રમણભાઈ પટેલ, ચકાર
૩) ગણપત હરિભાઈ, થરાવડા
૪) ડો. ચંદુલાલ એમપોકાર, ખેડોઈ
૫) ગણપતભાઇ વી છાભૈયા, થરાવડા
૬) વિઠ્ઠલભાઈ દેવશી છાભૈયા, ખેડોઇ
૭) અંબાલાલ અબજી રામાણી, થરાવડા
૮) ચંદુલાલ કાનજી ધોળું મતાદાર, ચકાર
૯) દીનુભાઈ ખીમજી, થરાવડા
૧૦) પ્રહલાદ કરસનભાઈ, કોટડા
૧૧) વિઠ્ઠલભાઈ ખીમજી પોકાર, ખેડોઈ
૧૨) રમણભાઈ શામજી છાભૈયા, થરાવડા
૧૩) ચંદુભાઈ છાભૈયા, થરાવડા
૧૪) ઈશ્વરભાઈ સોમજી ધોળુ, ખેડોઈ
૧૫) ભરતકુમાર મગનભાઈ
૧૬) કિરીટ મણીલાલ
૧૭) ચંદ્રકાંત મોહનભાઈ
૧૮) જીતેન્દ્ર મોહનભાઈ
૧૯) જયંતીલાલ દેવજીભાઈ
૨૦) વિઠ્ઠલભાઈ ખીમજી
૨૧) અલ્પેશકુમાર મોહન છાભૈયા
૨૨) મનીષ ચંદુભાઈ
૨૩) જતીન દિલીપ ભાઈ
૨૪) મોહનભાઈ શામજી ધોળુ
૨૫) અનંતકુમાર દિનુભાઈ
૨૬) હસમુખભાઈ વિઠ્ઠલ માકાણી
૨૭) ચંદુભાઈ કરમશી પોકાર
૨૮) ભદ્રેશભાઈ શામજી છાભૈયા
૨૯) દિનુભાઈ મગન ભાઈ માકાણી
૩૦) હરેશભાઈ રતિલાલ ધોળુ
૩૧) કિરીટભાઈ પ્રેમજી પોકાર
૩૨) મનીષભાઈ જયંતીભાઈ છાભૈયા
૩૩) ભરત મોહન છાભૈયા
૩૪) સારંગ મહેન્દ્રભાઈ ધોળુ
૩૫) રસીલા બેન ભરત ભાઈ છાભૈયા
૩૬) ભાવના બેન પરેશ ધોળુ
૩૭) મધુબેન ઈશ્વરભાઈ ધોળુ
૩૮) છાયાબેન હસમુખ માકાણી
૩૯) વિજયાબેન છગનભાઈ પોકાર
૪૦) તારાબેન જયંતીભાઈ પોકાર
૪૧) રસીલાબેન નવીનભાઈ પોકાર
૪૨) નયનાબેન અવિનાશભાઈ પોકાર
૪૩) લીલાબેન સી છાભૈયા
૪૪) ભગવતીબેન એમછાભૈયા
૪૫) ભાવના ચંદુભાઈ માકાણી
૪૬) વંદનાબેન પ્રવીણ ભોજાણી
૪૭) સુમિત્રાબેન વી ભોજાણી
૪૮) કપિલાબેન એમભોજાણી
૪૯) લતાબેન કીર્તન છાભૈયા
૫૦) તારાબેન દિનેશભાઈ છાભૈયા

૫૧) રંજનબેન મિતેશભાઈ છાભૈયા
૫૨) હંસાબેન ઈશ્વરભાઈ પોકાર
૫૩) રમીલાબેન નરેન્દ્ર ભોજાણી
૫૪) ભારતી બેન જયેશ ધોળુ
૫૫) નીરૂબેન પ્રવીણ ભોજાણી
૫૬) ગીતાબેન નટુભાઈ ભોજાણી
૫૭) સંગીતાબેન કિરીટભાઈ ભોજાણી
૫૮) ઉર્મિલાબેન ધીરુભાઈ ભોજાણી
૫૯) સવિતાબેન બાબુભાઈ છાભૈયા
૬૦) સવિતાબેન ચંદુભાઈ ધોળુ
૬૧) અમૃતાબેન ગણપત છાભૈયા
૬૨) રૂક્ષ્મણીબેન દિનેશ ભોજાણી
૬૩) કસ્તુર બેન ભાઈલાલ છાભૈયા
૬૪) નવીનભાઈ મણીલાલ ભોજાણી
૬૫) પુનીતભાઈ ચંદુભાઈ ધોળુ
૬૬) વિમલેશભાઈ મણીભાઈ ધોળુ
૬૭) પ્રવીણભાઈ મણીભાઈ ભોજાણી
૬૮) યોગેશ રણછોડ પોકાર
૬૯) જયેશકુમર ચંદુભાઈ પોકાર
૭૦) મહેન્દ્રભાઈ ધનજીભાઈ છાભૈયા
૭૧) ધીરજ ચંદુલાલ ભોજાણી

ઉપરોક્ત તખતગઢ કંપાની સભા પૂરી થયા પછી વસંતભાઇ ધોળુ તલોદ પાછા ગયા અને હું, નવાનગર કંપા વાળા જેઠાભાઈ હળપાણી અને રસીકભાઈ છાભૈયા તેમની કારમાં હિંમતનગર પાછા ફર્યા હતા. તે વખતે સમય હતો લગભગ રાત્રીના ૧૨.૩૦. તે સમયે પણ ડો.ચીમનભાઈ દેવજીભાઈ છાભૈયા ને ઘરે ડો. અમૃતભાઈ ધોળુંના અધ્યક્ષ સ્થાને સનાતની મેડીકોઝ ની એક મીટીગ ચાલુ હતી ત્યાં પણ ડો. અમૃતભાઈ ના કહેવાથી તે સભાને પણ મે સંબોધી હતી.

તે રાત્રે મારા ઉતારા ડો.ચિમનભાઈ દેવજી છાભૈયા ને ઘરે હતા. ત્યાં આરામ કરીને સવારના ૯.૦૦ કલાકે હું તૈયાર થઈ ગયો હતો. ત્યાં ઇડર વાળા ભાઈ શ્રી યશવંતભાઈ ભગત મને તેડવા આવ્યા હતા. અને ત્યાંથી અમે (હું અને યશવંતભાઈ ભગત) ઇડર જવા રવાના થયા. ઇડરમાં તેમની સો મિલ ઉપર સનાતની ભાઈ શ્રી ભોગીલાલ નાનજી ધોળુ પહેલેથી જ મારી રાહ જોઈ રહ્યા હતા.

ત્યાંથી અમે લોકો હું, યશવંતભાઈ ભગત અને ભોગીલાલ ભાઈ નાનજી ધોળુ અને ગણપત ભાઈ પ્રેમજી લીબાણી (તલાટી) યશવંત ભાઈ ની કારમાં આગળ તે વિસ્તારના કંપાઓનો પ્રવાસ ચાલુ રાખ્યો હતો.

સાતમી સભાઃ જામરેલા કંપા સભા વડાલી તાલુકો તા. ૧૩.૧૦.૨૦૨૨

આ કંપામાં સતપંથી લોકો બહુમતી માં છે. સનાતની ભાઈઓ ના માત્ર બે જ ઘર છે. સતપંથના ભાઈઓ બહુમતીમાં હોવા છતાં તેમના વચ્ચે પણ સનાતની ભાઈઓ ખુમારીથી ત્યાં રહે છે. જામરેલા કંપામાં જીવરાજભાઈ ખીમજીભાઈ સાંખલા ને ઘરે જ એક નાની સભા ગોઠવી હતી. ખેતી વાડી નું કામહોવા છતાં ત્યાંની બહેનોએ પણ હાજરી આપી હતી.
આ સભામાં નીચે જણાવેલ ગણમાન્ય ભાઈઓ હાજર રહ્યા હતા.

૧) જીવરામભાઈ ખીમજી સાંખલા
૨) ભગવાનદાસ મગનભાઈ સાંખલા
૩) કાંતિભાઈ ખીમજીભાઈ સાંખલા
૪) કસ્તુરભાઈ ખીમજીભાઈ સાંખલા
૫) પ્રવીણભાઈ લક્ષ્મણ સાંખલા

૬) ભાવેશભાઈ ઈશ્વરભાઈ માકાણી
૭) મગનભાઈ વેલજી ભાઈ સાંખલા
૮) લક્ષ્મણભાઈ વેલજીભાઈ સાંખલા
૯) હિતેન્દ્રભાઈ કાંતિભાઈ સાંખલા
૧૦) અશોક જીવરામભાઈ સાંખલા
૧૧) પ્રદીપભાઈ જીવરામભાઈ સાંખલા
૧૨) હરેશભાઈ ભગવાનદાસ સાંખલા
૧૩) તુષારભાઈ ભગવાનદાસ સાંખલા
૧૪) મિતુલકુમાર પ્રવીણ સાંખલા
૧૫) અજયકુમાર પ્રવીણ સાંખલા
૧૬) પ્રફુલભાઈ કસ્તુરભાઈ સાંખલા

સામજિક બાબતો ની ચર્ચાઓ થઈ. તેમના કહેવા પ્રમાણે તેઓ ગામના હિસાબે સતપંથીઓ જોડે તેઓ સંબંધો રાખે છે પણ તેમની સાથે તેઓ સગપણ સાંતરા કરતા નથી. પીરાણા થી તેમના કાકાઓ આવે છે ત્યારે તેમના ધાર્મિક પ્રસંગોમાં તેઓ જતા નથી. ત્યાં ઉપસ્થિત સર્વે ભાઈ બહેનોએ મને વચન આપ્યું હતું કે અઠવાડિયામાં એક દિવસ, એક કલાક ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મનારાયણ ના નામે ભેગા થશું અને સનાતની સંસ્કૃતિનો વારસો આવતી પેઢીમાં કાયમરહે તેવા પ્રયત્નો કરશું.

ત્યાંથી અમે ચોટાસણ કંપા જવા રવાના થયા હતા. અમારું બપોરનું જમવાનું ચોટાસણ કંપા ના ભાઈ શ્રી અંબાલાલ જેઠાભાઈ નાકરાણી ના ઘરે રાખવામાં આવ્યું હતું. જમ્યા પછી તરત જ અંબાલાલ ભાઈના ઘરે જ સભા રાખવામાં આવી હતી

આઠમી સભાઃ ચોટાસણ કંપા તા. ૧૩.૧૦.૨૦૨૨

આ સભામાં નીચે જણાવેલ ભાઈઓની ઉપસ્થીતી હતી.

૧) અંબાલાલ જેઠાભાઈ નાકરાણી
૨) શંકરલાલ મગનભાઈ રામાણી
૩) નવનીતભાઈ રતનશીભાઈ ચોપડા
૪) જશુભાઈ જેઠાભાઈ રામાણી
૫) બાબુલાલ જેઠાભાઈ નાકરાણી
૬) તુલસીદાસ રવજીભાઈ રામાણી
૭) જગદીશભાઈ જેઠાભાઈ નાકરાણી
૮) ઘનશ્યામભાઈ જેઠાભાઈ રામાણી
૯) અમૃતભાઈ સવગણભાઈ વેલાણી
૧૦) પ્રભુદાસ રતનશીભાઈ ચોપડા
૧૧) પીયુશકુમાર શામળદાસ રામાણી
૧૨) રશ્મીકાંત રામજીભાઈ રામાણી
૧૩) મહેન્દ્ર નરસીભાઈ રામાણી

ચોટાસણ કંપામાં રહેતા રામાણી નુખ ધરાવતા બધા ભાઈઓ કચ્છ ના કોટડા જડોદર ગામે થી આવ્યા છે જ્યારે નાકરાણી બધા

કચ્છમાં સાયરા ના છે અને ચોપડા નુખ ધરાવતા બધા ભાઈઓ કચ્છમાં જીયાપર ગામના છે.

નવમી સભાઃ ચામું કંપા તા. ૧૩.૧૦.૨૦૨૨ રાત્રે ૯.૦૦ વાગે

ચોટાસણ કંપાથી અમે ભોગીલાલ નાનજીભાઈ ધોળુના ગામે સવાસલા કંપા તેમના ઘરે ગયા હતા. ત્યાંથી ચામું કંપા પહોંચ્યા હતા. રસ્તામાં ઇડર-અંબાજી રોડ ઉપર પાંચ વિભાગ મળીને સમાજ માટે એક જમીન લીધેલ છે જે સાડા ત્રણ એકર છે અને બહુજ મોકા ઉપર છે. પાંચ વિભાગ એટલે વડાલી, વિજયનગર, ખેડબ્રહ્મા, તારંગા અને ઇડર વિભાગના સનાતની ભાઈઓ. આ જમીન તેઓએ કોઈનાએ ફંડ ફાળા વગર સ્વપાર્જન ફંડ માંથી લીધેલ છે. આ પાંચે વિભાગ માં કુલ્લ ૪૨૫ ચુલ્લા છે. ખેડબ્રહ્મા ખાતે આ સનાતની ભાઈઓએ એક ૨૦૦ ફીટ X ૨૫૦ ફિટ ની જગ્યા ઉપર એક હોલ બનાવ્યો છે. ત્યાંથી ફરતા ફરતા અમે ચામું કંપે પહોંચ્યા. ચામું કંપામાં ભોગીલાલ ભાઈના બનેવી બાબુ ભાઈના ઘરે અમારું જમવાનું રાખ્યું હતું અને જમ્યા પછી તે ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના આંગણામાં સભા રાખવામાં આવી હતી. આ સભા ડો. મોહનભાઈ નાનજીભાઈ સુરાણી ના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવી હતી. ત્યાં વિવિધ કંપાઓ થી પધારેલ લગભગ ૭૫ ભાઈ-બહેનો ની હાજરી હતી.

તે સભામાં ધોળીવાવ કંપાથી આવેલ ભાઈઓની નોંધઃ

૧) ગોપાલભાઈ દેવજીભાઈ સામાણી, મૂળ વિથોણ
૨) હરિભાઈ દેવજીભાઈ સામાણી, વિથોણ
૩) પ્રેમજીભાઈ દેવજીભાઈ સામાણી, વિથોણ
૪) રામજીભાઈ દેવશીભાઈ કેસરાણી, નખત્રાણા

ડુંગરી કંપા થી સભામાં ઉપસ્થિત રહેલ ભાઈઓની નોંધઃ

૧) પ્રભુદાસ નાનજીભાઈ પોકાર, મૂળ ગામ ધાવડા
૨) કૌશીકભાઈ પ્રભુદાસ પોકાર, ધાવડા
૩) છગનભાઈ મનજીભાઈ પોકાર, ધાવડા
૪) પ્રેમજીભાઈ પેથાભાઈ વેલાણી, નાના અંગિયા
૫) જયંતીભાઈ નારાણભાઈ વેલાણી, નાના અંગિયા
૬) વિરજીભાઈ ભાણજીભાઈ મેઘાણી, નાના અંગિયા
૭) મણીલાલ ભાણજીભાઈ મેઘાણી, નાના અંગિયા
૮) કાંતિભાઈ પેથાભાઈ વેલાણી, નાના અંગિયા
૯) હંસરાજ ભાઈ નાનજીભાઈ પોકાર, ધાવડા
૧૦) ભોગીલાલ નારણભાઈ પોકાર, ધાવડા
૧૧) હરિભાઈ દેવશીભાઈ પોકાર, ધાવડા
૧૨) મિતેશભાઈ ગોપાલભાઈ મેઘાણી, નાના અંગિયા
૧૩) અશોકભાઈ રતનશીભાઈ લીબાણી, નાના અંગિયા
૧૪) વિઠ્ઠલ ભાઈ રતનશીભાઈ લીબાણી, નાના અંગિયા
૧૫) સુરેશભાઈ અમરત ભાઈ લીબાણી, નાના અંગિયા

ચામું કંપા અને અન્ય કંપા થી આવેલ ભાઈઓની નોંધઃ

૧) ડો. શ્રી મોહનભાઈ નાનજીભાઈ સુરાણી શાહુપુરા કંપા મૂળ કલ્યાણપર
૨) ગણપત ભાઈ પ્રેમજીભાઈ લીબાણી ઈડર ચકાર કોટડા
૩) અરવિંદ કુમાર પ્રેમજીભાઈ લીબાણી ઈડર ચકાર કોટડા
૪) અંબાલાલ ગોવિંદ ભાઈ પટેલ ઈડર
૫) બાબુલાલ નારણભાઈ ચામું કંપા
૬) પ્રેમજીભાઈ બચુભાઈ, કુબા ધરોલ કંપા
૭) કાંતિભાઈ ડાહ્યાભાઈ, કુબા ધરોલ કંપા
૮) પ્રેમજીભાઈ દેવજીભાઈ , ધોળી વાવ કંપા
૯) નરસીભાઈ કરસનભાઈ ઠાકારાણી, ચામું કંપા
૧૦) જીજ્ઞેશ બાબુલાલ ઠાકરાણી,ચામું કંપા
૧૧) હસમુખભાઈ વિઠ્ઠલભાઈ રામાણી
૧૨) ખેતા ભાઈ મુળજીભાઈ, ચામું કંપા
૧૩) તુલશીભાઈ પ્રેમજીભાઈ, દેરોલ કંપા
૧૪) ચીમનભાઈ વાલજીભાઈ, દેરોલ કંપા
૧૫) નરેશભાઈ મગનભાઈ, દેરોલ કંપા
૧૬) પ્રવિણકુમાર વશરામભાઈ, દેરોલ કંપા
૧૭) દિનેશ ભાઈ માધવભાઈ, દેરોલ કંપા
૧૮) રમેશભાઈ માવજીભાઈ પટેલ, દેરોલ કંપા
૧૯) ગોરધનભાઈ ધનજીભાઈ, દેરોલ કંપા

ચામું કંપા ની સભા પૂર્ણ કરીને અમે લોકો ઈડર પાછા ફર્યા હતા. મારું રાત્રી રોકાણ ઈડર વાળા યશવંત ભાઈ ભગત ને ઘરે હતું. ઈડરથી કુબા ધરોલ કંપા તરફ પ્રયાણ

તા. ૧૪.૧૦.૨૦૨૨ ના સવારના પરવારીને નાસ્તો પાણી કરી અમે લોકો ઈડરથી કુબા ધરોલ કંપા જવા રવાના થયા હતા. અમારી સાથે કારમાં ભોગીલાલભાઈ, ગણપતભાઈ અને યશવંતભાઈ હતા. આ વિસ્તાર નયન રમ્ય વિસ્તાર જાણે કેરાલા માં ફરતા હોઈએ એવું લાગ્યું. થોડો પહાડી વિસ્તાર અને લીલોછમપ્રદેશ લાગ્યો. અરવલ્લી ના ડુંગરો એની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા.

દસમી સભાઃ કુબા ધરોલ કંપા તા, ૧૪.૧૦.૨૦૨૨ સવારના ૯.૩૦ વાગે.

આ વિસ્તારના ભાઈઓ પહેલેથી અમારી રાહ જોઈને બેઠા હતા. આ કંપામાં જે સનાતની ભાઈઓ છે તે કચ્છના લોડવા અને ભડલી ગામે થી આવેલા છે. ખેતી પેદાસ બહુ જ સારી થાય છે. આ સભામાં નીચે જણાવેલ ભાઈઓ ની ઉપસ્થિતિ નોંધનીય હતી. આ કંપામાં પણ સતપંથ ના ભાઈઓ ના ઘરો લગભગ અડધો અડધ છે. અહી નું મંદિર પણ ખાના માં જ બનાવેલું છે. હાલ ખાના વાળા ભાઈઓએ પોતાનું નોખું નિસ્કલંકી નું મંદિર બનાવેલું છે. સનાતની ભાઈઓનું મનોબળ ઊંચું અને મજબુત રહે તેવા વિચારોની આપ લે થઈ હતી. આ સભામાં નીચે જણાવેલ ભાઈઓએ હાજરી આપી હતી.

૧) અનીલ કુમાર મણીલાલ પોકાર, લોડવા

૨) મનોજકુમાર ઈશ્વરભાઈ પોકાર, લોડવા
૩) કિરીટકુમાર કાંતિભાઈ પોકાર, લોડવા
૪) મિતેશકુમાર આર પોકાર, લોડવા
૫) દિનેશકુમાર શવજીભાઈ ઠાકરાણી, ભડલી
૬) રસિકકુમાર જયંતીલાલ ઠાકરાણી, ભડલી
૭) રમણભાઈ ડાહ્યાભાઈ પોકાર, લોડવા
૮) કેશવલાલ લાધાભાઈ પોકાર, લોડવા
૯) પરસોતમ ડાહ્યાભાઈ પોકાર, લોડવા
૧૦) મણીલાલ રવજીભાઈ પટેલ, લોડવા
૧૧) પ્રેમજીભાઈ લખુભાઈ પોકાર, લોડવા
૧૨) કાંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ, લોડવા
૧૩) નરસીભાઈ વિશ્રામભાઈ પટેલ
૧૪) ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ

આ સભા પૂરી થયા પછી અમે ભગવાન પુરા કંપા જવા નીકળ્યા હતા. ભગવાન પુરા કંપા ની નજીકમાં જ અરવલ્લી અભારણ્ય જે પ્રવાસીઓ માટે નું એક જાણીતું સ્થળ છે જ્યાં શિવજીનું એક પ્રાચીન મંદિર પણ આવેલું છે જેના ઉપર પુરાતન વિભાગનો કંટ્રોલ છે.

આગિયારમી સભાઃ ભગવાન પુરા કંપા તા. ઈડરઃ તા.૧૪.૧૦.૨૦૨૨

નીચે જણાવેલ મુખ્ય ભાઈઓની હાજરી આ સભામાં હતી.

૧) નીરવકુમાર અરવિંદભાઈ રામાણી
૨) રાઘવકુમાર અરવિંદભાઈ રામાણી
૩) વિનોદભાઈ પરસોત્તમભાઈ રામાણી
૪) અરવિંદભાઈ અરજણભાઈ રામાણી
૫) નટવરભાઈ કાંતિભાઈ રામાણી
૬) નરસીભાઈ પોકાર, ધરોલ કંપા
૭) મોહનભાઈ પોકાર, ધરોલકંપા

બારમી સભાઃ ઈડર શહેર તા. ૧૪.૧૦.૨૦૨૨

ઈડર શહેરના નીચે જણાવેલ ભાઈઓ હાજર રહ્યા હતા.

૧) દિનેશભાઈ વસંતભાઈ પટેલ ભગત, વિથોણ
૨) યશવંતભાઈ વસતાભાઈ ભગત, વિથોણ
૩) ગણપતભાઈ પ્રેમજીભાઈ લીબાણી, ચકાર કોટડા
૪) અરવિંદભાઈ પ્રેમજીભાઈ લીબાણી, ચકાર કોટડા
૫) કાંતિભાઈ ખીમજીભાઈ પટેલ, દેવપર
૬) શામજીભાઈ રામજીભાઈ પટેલ, નખત્રાણા

૭) વિશાલ બીપીનભાઈ રામાણી, જડોદર કોટડા
૮) બાબુભાઈ જયંતીભાઈ ભગત, વિથોણ
૯) ગોરધનભાઈ મણીભાઈ સેંઘાણી
૧૦) રસિકભાઈ કેશવલાલ માવાણી
૧૧) હસમુખભાઈ વાલજીભાઈ રામાણી, નખત્રાણા

તેરમી સભાઃ દેરોલ કંપા તાલુકા ખેડબ્રહ્મા તા. ૧૪.૧૦.૨૦૨૨ સમય બપોરના ૧.૦૦ વાગે

આ ગામ સંપૂર્ણ સનાતની ગામ છે અને પૂજ્ય પાંડુરંગ દાદાના વિચારોથી પ્રભાવિત થયેલું ગામ છે અમારું બપોરનું જમવાનું સનાતની ભાઈ શ્રી પ્રવિણભાઈ વિશ્રામભાઈ પોકારના ઘરે હતું. આ ગામની સભા બપોરના જમી લીધા પછી ૧.૦૦ વાગે રાખવામાં આવી હોવા છતાં ભાઈઓ અને બહેનો ની પૂરે પૂરી હાજરી હતી. આ ગામમાં પૂજ્ય પાંડુરંગ દાદા પ્રેરિત અમૃતાલયમ પણ મોજુદ છે. આગામી તા. ૧૮.૧૦.૨૦૨૨ ના પૂજ્ય દાદા નો જન્મદિવસ હોવાથી મનુષ્ય ગૌરવ દિવસની ઉજવણી નિમિત્તે કેટલાયે દંપતીઓ ભક્તિ ફેરીમાં ગયા હતા. આ ગામની સભા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરમાં રાખવામાં આવી હતી. હાલમાં જ આ ગામે નવું મંદિર બનાવ્યું છે. સ્વાધ્યાયી ભાઈ શ્રી પ્રવિણભાઈના કહેવા પ્રમાણે જો આપણને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ને સારી રીતે સમજવા હશે તો સ્વાધ્યાયના વિચારો અપનાવવા પડશે. સ્વાધ્યાય ના વિચારો એટલે ગીતાના વિચારો અને સ્વ નું અધ્યયન કરવા માટેના વિચારો. આપણે સનાતની ભાઈઓએ પૂજ્ય પાંડુરંગ દાદાના સ્વાધ્યાયના વિચારોથી સુગ રાખવાની બિલકુલ જરૂર નથી એવું પૂજ્ય દાદાના વિચારોને પચાવેલા ભાઈ શ્રી પ્રવિણભાઈ પોકારે મને કહ્યું હતું. વિશ્વ હિંદુ પરિષદ ના રાષ્ટ્રીય લેવલના કાર્યકર ભાઈ શ્રી ધર્મેશભાઈ ભાવાણી પણ આ કંપાના છે એવું મને કહેવામાં આવ્યું હતું. ખેતીવાડી ના કામની સીઝન હોવા છતાં આ ગામના ભાઈ બહેનો બપોરના સમયમાં સભામાં ઉપસ્થિત હતાં તે નોંધનીય હતું.

દેરોલ કંપાની સભામાં નીચે જણાવેલ ભાઈઓ અને બહેનો ની હાજરી હતી.

૧) ચીમનભાઈ વાલજીભાઈ છાભૈયા
૨) તુલસીભાઈ પ્રેમજીભાઈ છાભૈયા
૩) પ્રવિણ ભાઈ વિશ્રામભાઈ પોકાર
૪) નરેશભાઈ મગનભાઈ ભાવાણી
૫) રમેશભાઈ માવજીભાઈ ભાવાણી
૬) રમેશભાઈ દેવશીભાઈ ભાવાણી
૭) ભોગીલાલ પ્રેમજીભાઈ લીબાણી
૮) અરવિંદભાઈ મણીલાલ છાભૈયા
૯) ભવાનભાઈ પી લીબાણી
૧૦) પ્રેમજીભાઈ રવજીભાઈ લીબાણી
૧૧) ફાલ્ગુનીબેન પ્રવિણભાઈ પોકાર
૧૨) તુપ્તીબેન દીપકભાઈ લીબાણી
૧૩) મીનાબેન રાજેન્દ્રભાઈ ભાવાણી
૧૪) સરસ્વતી બેન પ્રકાશભાઈ ભોજાણી
૧૫) ચંદ્રિકાબેન ચંદુભાઈ ભાવાણી
૧૬) સવિતાબેન અબાલાલ ભોજાણી
૧૭) જયાબેન ગોરધનભાઈ છાભૈયા
૧૮) શાંતાબેન ધનજીભાઈ છાભૈયા
૧૯) પાયલબેન એમ. લીબાણી
૨૦) વિકીતાબેન એસ. લીબાણી
૨૧) ઉર્વશીબેન એન. ભાવાણી
૨૨) ભક્તિબેન એમ. છાભૈયા
૨૩) દિપીકાબેન ડી. ભાવાણી
૨૪) જયાબેન આર. ભાવાણી
૨૫) જ્યોતીબેન એસ. ભાવાણી
૨૬) ભગવતીબેન એન. ભાવાણી
૨૭) વર્ષાબેન એમ. ભાવાણી
૨૮) હર્ષાબેન એન. ભાવાણી
૨૯) સંગીતાબેન એસ. ભોજાણી
૩૦) નેહાબેન કે. ભોજાણી
૩૧) પ્રેમીલાબેન એમ. ભાવાણી
૩૨) કૈલાશબેન ડી. ભોજાણી

૩૩) સરસ્વતીબેન વી. લીબાણી
૩૪) કોકીલાબેન વી. પોકાર
૩૫) અરુણાબેન બી. લીબાણી
૩૬) ભાવનાબેન સી. છાભૈયા
૩૭) કમળાબેન બી. લીબાણી
૩૮) જયશ્રીબેન આર. છાભૈયા
૩૯) ઉર્મિલાબેન એ. છાભૈયા
૪૦) વૈશાલીબેન એચ. છાભૈયા
૪૧) મજુલાબેન ટી. લીબાણી
૪૨) વર્ષાબેન એચ. છાભૈયા
૪૩) પાર્વતીબેન કે. ભાવાણી
૪૪) કોમલબેન એચ. લીબાણી
૪૫) વિનોદભાઈ બાબુભાઈ લીબાણી
૪૬) મુકેશભાઈ ડાહ્યાભાઈ ભાવાણી
૪૭) અરુણાબેન ભીમજીભાઈ પોકાર

દેરોલ કંપાની સભા પૂર્ણ થયા પછી અમે લોકો તરત જ નજીકમાં આવેલ સિગ્નલ કંપાના નીચે જણાવેલ ભાઈઓ ને મળવા ગયા હતા.

૧) મણીભાઈ મેઘજીભાઈ સેંઘાણી
૨) ખુશાલભાઈ મેઘજીભાઈ સેંઘાણી
૩) નીરજકુમાર ખુશાલભાઈ સેંઘાણી
૪) ઈશ્વરભાઈ હરિભાઈ સેંઘાણી

આ ગામમાં પણ વધારે પડતા સતપંથ ને માનતા ભાઈઓ છે. આ ગામની મુલાકાત લીધા પછી અમે ખેડબ્રહ્મા ગયા ત્યાં સનાતની વડીલ શ્રી વાલજીભાઈ ગોવિંદ સેઠિયા ને મળવા ગયા હતા જેઓ આપણા લોક લાડીલા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ની સાથે ગરોબો ધરાવતા ભાજપ પક્ષના માજી જીલ્લા પ્રમુખ રહી ચુકેલા રાજકારણી છે. તેમની પાસેથી પીરાણા સતપંથની અને આપણા આધ સુધારક શ્રી નારાયણજી રામજી લીબાણીની વાતો સાંભળી. જ્ઞાતિ સુધારક સંત શ્રી ઓધવરામજી મહારાજ વિષે પણ તેમણે જૂની વાતો કરી. વાલદાસજી મહારાજ આ વડીલ શ્રી ના ગુરુ હતા એવું જણાવ્યું. આ વડીલનો જન્મ કરાચીમાં થયો હતો. તે વખતે કરાચીમાં તેમની જાહોજલાલી હતી. ભારત પાકિસ્તાનના ભાગલા વખતે બધું ત્યાં છોડીને અહી આવી ગયા. તેઓ એ કહ્યું કે મારા નાના બાપા નો સાથ હતો. મારા નાના બાપા પણ સતપંથી ખાનાઈ હતા. અમે સનાતની થયા તે વખતે અમારા ગામમાં લગભગ બધાય સનાતની થઈ ગયા હતા. તેમના કહેવા પ્રમાણે તેમના ગામચકાર કોટડામાં વી.સં. ૨૦૦૨ માં મંદિર થઇ ગયું હતું . એટલે અમોને વધારે તકલીફ પડી નહિ. અમારું ગામ ચકાર કોટડા પૂરું સનાતની બની ગયું હતું. ખેડબ્રહ્મામાં હજી પણ સતપંથનું જોર ગણું છે. શુરુઆતમાં આ સતપંથના ભાઈઓનું ખેડબ્રહ્મામાં જોર એટલે અમે સનાતનીઓ હોવા છતાં અમારી પાસેથી દસોંદ વીસોંદ આપવા માટે બળજબરી કરતા ત્યારે અમારા બાપુજી સનાતની વિચારો થી મક્કમ હતા એટલે એમણે કહ્યું કે દસોંદ વીસોંદ આપશું પણ તે ખેડબ્રહ્મામાં જ વાપરો તો આપીએ, પીરાણે મોકલશો તો નહી આપીએ.

આ વડીલ શ્રીનો મોટો દીકરો હાલ તાજેતરમાંજ અવશાન પામ્યા હતા તેનું દુઃખ તેમને હતું. આ વડીલ ૮૫ વરસના થયા છે અને પ્રભુ પાસે પ્રાર્થના કરે છે કે જયારે મને તું લેવા આવજે ત્યારે હેમખેમ લઈ જજે ખાટલે અસહાય થઈને પડ્યો રહું તેમ મને ન લઈ જતો. આ વડીલ એક અનુભવી રાજકારણી ભાજપ પક્ષના કાર્યકર રહી ચુકેલા માણસ છે. શુદ્ધ સનાતની વડીલને આપણે પ્રભુ પાસે પ્રાર્થના કરીએ કે તેમને દીર્ઘાયુ અને નીરોગી જીવન આપે.

હું કંપા ના સર્વે ભાઈઓનો આભારી છું કે જેઓએ મને આ કંપા વિસ્તારનો પ્રવાસ કરાવ્યો. આ વિસ્તારના દરેક સનાતની ભાઈઓ મળ્યા તે ઘણા બધા ભાવ થી અને ઉત્સાહથી મને મળ્યા. તે લોકોને સનાતની વિચારોની ભૂખ છે. માટે અવાર નવાર

સંપર્ક યાત્રાઓ કરી સનાતની સંસ્કૃતિ માટે આપણને સમય કાઢવો પડશે તો જ આપણે આપણી સનાતની સંસ્કૃતિ જ્ઞાતિમાં ટકાવી શકીશું.

આ હતો મારો ગુજરાત કંપા વિસ્તારનો સનાતન ધર્મ જાગરણ નો પ્રવાસ. ત્યાર પછી ત્યાંથી અમે ઇડર પાછા ફર્યા હતા અને ઇડરથી મને યશવંત ભાઈના મોટા ભાઈ દિનેશભાઈ અમદાવાદ મારી બહેન પાસે મને મુકવા આવ્યા હતા. તેઓ મને સોલા સ્થિત મારા બનેવી શ્રી રવજીભાઈ પ્રેમજી રવાણીની દુકાને મુકીને ઇડર પાછા ફર્યા હતા. બીજા દિવસે તા. ૧૫.૧૦.૨૦૨૨ ના બપોરે અમદાવાદથી કચ્છ જવા રવાનો થઈને રાત્રે માનકુવા પહોંચી ગયો હતો. બીજા દિવસે તા. ૧૬.૧૦.૨૦૨૨ ના કેન્દ્રીય સમાજની સનાતની શતાબ્દી મહોત્સવના આયોજન માટે નખત્રાણા ખાતે સભા હતી તેમાં હાજરી આપી હતી.

ગુજરાતના કંપા વિસ્તારમાં થએલ સભાઓમાં મારા પ્રવચનોનો ટુંકમાં ભાવાર્થઃ

૧) જે સમાજ અને જ્ઞાતિ તેનો ઈતિહાસ વાગોળતી નથી તે ઈતિહાસ રચી શકતી નથી. માટે જ્ઞાતિના દરેક ભાઈ બહેને જ્ઞાતિનો અને આપણી કેન્દ્રીય સમાજના ઇતિહાસનું અવલોકન કરવું અત્યંત જરૂરી છે. તેમાં ખાસ કરીને સમાજના અગ્રણીઓએ અને ટ્રસ્ટી હોદ્દેદારોએ તો ઇતિહાસનું અવલોકન ફરજીયાત પણે કરવું અત્યંત જરૂરી છે.

૨) આપણે સૌ ઊંઝા અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા હતા, તો પછી ૫૦૦ વરસ પહેલાં તે વિસ્તાર મૂકીને કચ્છ જેવા સૂકા પ્રદેશમાં હિજરત કરવાની ફરજ આપણને શામાટે પાડવામાં આવી? તો તેનો એક માત્ર જવાબ મળશે કે બાવા ઈમામશાહનો સતપંથ ધર્મ પાળીને સ્થાનિક ભાઈઓ તરફથી વિટંબણા પડવા લાગી એટલે આપણા પૂર્વજોને કચ્છ તરફ પરાણે હિજરત કરવી પડી હતી.

૩) તેવી જ રીતે આપણા પૂર્વજો ને કચ્છમાં થી કંપા તરફ હિજરત કરવાની જરૂરત કેમપડી તો તેનું કારણ છે આર્થિક પ્રગતિ માટે. બાવા ઇમામશાહની ચુંગલ માં સપડાઈને આપણા પૂર્વજો ન કેવળ દારુણ ગરીબીમાં ફસાયા હતા પણ તેઓ એટલા જ અશિક્ષિત પણ રહ્યા હતા. સાચું કહું તો આપણા પૂર્વજોને પરાણે અશિક્ષિત રાખવામાં આવ્યા હતા. કચ્છમાં તેમની હાલત બહુજ ગંભીર અને દયાજનક હતી.

૪) પીર સૈયદ ઇમામશાહ વાળા સતપંથને માની ને આપણી જ્ઞાતિની ઓળખ એક મુમના મુસલમાન તરીકે ની થતી હતી તેનાથી આપ સૌ વાકેફ છો. આવી મુમના મુસલમાન તરીકે થતી ઓળખને કારણે જ તો આપણા સુધારક વડીલોએ સતપંથ અને સતપંથ સમાજ સાથે છેડો ફાડ્યો હતો.

૫) જ્ઞાતિ ઉધ્ધારક ગુરૂ શ્રી ઓધવરામજી મહારાજના જ્ઞાતિ ઉપર અનંત ઉપકારો હોવા છતાં જતે દહાડે આપણી કેન્દ્રીય સમાજ વાંઢાય ના હરિહર સંપ્રદાયને (ગુરૂગાદીને) ભૂલી ગઈ તેથી આપણી બે-ત્રણ પેઢીને સનાતની સંસ્કૃતિનો વારસો ન મળી શક્યો. પોતે સનાતની હોવા છતાં સતપંથીઓને ભેગા રાખીને તે વખતના આપણી સમાજના મોવડીઓ સતત ભિતિમાં જીવ્યા. પોતાના સનાતન હિન્દુ ધર્મ નો પ્રચાર પ્રસાર ન કરી શક્યા. જ્યારે બીજી બાજુ સતપંથના ભાઈઓ રહ્યા આપણી સાથે આપણી સમાજમાં પણ તેને પ્રચાર પ્રસાર કર્યો પીરાણા સતપંથનો.

૬) આપણે અને આપણા પૂર્વજો હમેશાં ડરીને જીવ્યા. કારણ કે બાવા ઇમામશાહ નું સૂત્ર હતું ''ડરે તે તરે'' તે એમના લોહીમાં

વણાઈ ગયું હતું. તેઓ પોલીસ થી ગભરાતા હતા કારણકે તેઓ અશિક્ષિત હતા, નિર્ધન હતા.

૭) આપણી મા, બહેન દીકરીઓની હાલાત તો એટલી બદતર હતી, કે તેઓને ખેતીવાડીમાં કાળી મજૂરી કરવા અને બાળ ઉછેર કરવા શિવાય કોઈ જ સમય જ ન મળતો. આઠ પંદર દિવસ સુધી સ્નાન પણ કરવા ન મળતું. માથામાં લીખું અને ટોલા પડતા. ફુરસદના સમયમાં તેમનામાં ટોલા વીણવાનું કાર્ય થતું. વાઘરી અને હરિજન ની મહિલાઓ જ્યારે જગડતી ત્યારે એક બીજાને શ્રાપ આપતી કે જા તારો આવતો જન્મારો કણબીની મહિલા તરીકે થાય. જુઓ તો ખરા વાઘરી અને હરિજનની મહિલાઓની સ્થિતિ આપણી બહેન દીકરીઓ કરતાં અનેક ગણી સારી હશે એવું એમના કથન ઉપરથી પ્રસ્થાપિત થાય છે. આવી પરિસ્થિતિમાં આપણા પૂર્વજો જીવતા હતા.

૮) કેન્દ્રીય સમાજના સ્થાપક વડીલોએ સંત શ્રી ઓધવરામજી મહારાજના માર્ગદર્શન હેઠળ પીરાણા સતપંથ થી નોખા થઈને કેન્દ્રીય સમાજની સ્થાપના કરી અને ગામે ગામકચ્છ અને કંપા ના ગામડાઓમાં સનાતન સમાજની સ્થાપના કરી. અને ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો (શ્રધ્ધાના કેન્દ્રો) બનાવ્યા. પણ કચ્છ કંપા બહાર કમાવા અર્થે આપણા સનાતની ભાઈઓ ભારતભર માં ગયા ત્યાં સમાજોની સ્થાપના કરી, ભવનો નું નિર્માણ કર્યું પણ શ્રધ્ધા ના કેન્દ્રો ઉભા ન કરી શક્યા. તેનું મુખ્ય કારણ એ હતું સતપંથના ભાઈઓ કે જેઓને સમાજમાં તેમણે ભેગા રાખ્યા. તેમને એ દહેશત થઇ કે જો આપણે ત્યાં મંદિરનું નિર્માણ કરશું તો સતપંથના ભાઈઓને ખરાબ લાગશે. બીજા શબ્દો માં કહીએ તો કચ્છ કંપા બહારની સમાજોમાં સતપંથી ભાઈઓને સાથે રાખીને સામજિક અને ધાર્મિક ક્ષેત્રે ગણું મોટું નુકશાન વેઠી લીધું આપણા સનાતની વડીલોએ. સ્વામિનારાયણ અથવા તો જૈન સમાજોનું જો આપણે અવલોકન કરશું તો જાણવા મળશે કે તેઓ સમાજ વાડી અથવા તો મહાજન વાડી ના નિર્માણ પહેલાં શ્રધ્ધા ના કેન્દ્રોનું (મંદિરોનું) નિર્માણ કરે છે. જેથી પેઢી દર પેઢી તેઓ ધાર્મિક વિચારોને ભાવિ પેઢીમાં સ્થાનાંતરિત કરી શકે. આવું આપણી વચ્ચે ની બે-ત્રણ પેઢીઓએ ન કર્યું તેનો રંજ છે.

૯) તો હવે પછી આપણને ધાર્મિક બાબતે શું કરવાનું છે? કેન્દ્રીય સમાજ નિર્મિત સનાતન ધર્મ જાગરણ સમિતિ આનો ગંભીરતા થી વિચાર કરી રહી છે. સનાતની સંસ્કૃતિ નો વારસો કાયમ જળવાઈ રહે તે માટે આપણને કંઈક વિચારવું તો પડશે જ.

૧૦) આપણી કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઉપર શ્રધ્ધા દ્રઢ થાય, ઘેર ઘેર ગીતાના વિચારો ગુંજતા થાય તે માટે આપણે શું કરવું જોઈએ? એ પ્રશ્નના ઉત્તરમાં મોતિસેરી કંપાના એક વૃદ્ધ વડીલ શ્રી બેહચર બાપાએ બહુજ સરસ સૂચન કર્યું કે તે માટે આપણને ઘસારો કરવો જોઈએ. પહેલાંના વખત માં પાણી ભરવા બહેનો કૂવા ઉપર જતી ત્યાં પથ્થર અને રાંઢવા નો સંઘર્ષ થતો. પથ્થર મજબૂત હોવા છતાં રાંઢવાના ઘસારાથી ઘસાઈ જતો જોવા મળે છે. તેવી જ રીતે સતત ઘસારાથી આપણે આપણો સનાતન સંસ્કૃતિનો વારસો આવતી પેઢી ને દઈ જવા માટે આપણને ઘસાવું પડશે.

૧૧) મુસલમાન દર અઠવાડિયે શુક્રવારના દિવસે સો કામ મૂકીને નમાજ પઢવા અચૂક જાય છે. તે તેની ધર્મ પ્રત્યે ની નિષ્ઠા છે. તેવી જ રીતે દર રવિવારના ખ્રિસ્તી લોકો દસ કામ મૂકીને ચર્ચ પર અવશ્ય જાય છે અને બાવા ઇમામશાહ વાળા ખાનાઈઓ દર ગુરુવારના મધરાત પૂજા માં અચૂક જાય છે તે તેની તેના ધર્મ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. તો આપણને પણ આઠવાડિયા માં એક કલાક મુકરર કરેલા દિવસે, મુકરર કરેલા સમયે બાળકો ને સાથે રાખીને આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના નામે ભેગા થઈએ તો તે આપણી આપણા ધર્મ પ્રત્યે ની નિષ્ઠામાં વધારો અવશ્ય કરશે. અઠવાડિયાના ૧૬૮ કલાકમાંથી (૨૭ x ૨૪)

શું આપણે આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ઉપર શ્રદ્ધા વધુ દ્રઢ થાય તે માટે એક કલાક (ફક્ત એક કલાક) ન કાઢી શકીએ?

૧૨) તે માટે આપણને કોઈ મોટું કાર્ય કરવાનું નથી. ભારત ભરની આપણી સમાજોમાં જ્યાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ના મંદિરો છે ત્યાં દ્રઢતા થી એક કલાક માટે આપણે આપણા બાળકો સાથે શ્રી લક્ષ્મીનારાયણ દિવસ તરીકે ઉજવવાની જરૂરત છે. જે સમાજોમાં મંદિરો નિર્માણ નથી થયા ત્યાં નાના પાયે પણ મંદિર નિર્માણ થાય અને ત્યાં પણ અઠવાડિયામાં એક કલાક માટે ભેગા થવું અનિવાર્ય (ફરજિયાત) કરીએ. જ્યાં મંદિરો નથી ત્યાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ની અને માતાજી ઉમિયા ની છબી રાખીને એક કલાક માટે ભેગા થઈએ જેથી આપણે સનાતની સંસ્કૃતિનો વારસો આવતી પેઢીને આપી જઈ શકીએ. આ કાર્ય અશક્ય નથી. માત્ર જરૂરત છે નિષ્ઠા અને શ્રધ્ધા થી સાતત્યતા લાવવાની

૧૩) આ તો ફક્ત આપણી જ્ઞાતિની વાત થઈ પણ આ કામ ભારતભર ના હિન્દુ લોકોએ પણ કરવાની જરૂરત છે. જેથી સનાતની સંસ્કૃતિને આપણે જાળવી શકીશું.

૧૪) આ વાતને લઈને હું કંપા વિસ્તારમાં સનાતન ધર્મ જાગરણ સમિતિના વડા તરીકે એક જવાબદારી લઈને આવ્યો છું. મને ખુશી છે કે અહીના (કંપા વિસ્તારના) સનાતની ભાઈઓએ મને વચન આપ્યું છે કે તેઓ અઠવાડિયા માં એક કલાક માટે મુકરર કરેલા દિવસે અને મુકરર કરેલા સમયે બાળકો સાથે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દેવનો દિવસ અચૂક ઉજવશે.

૧૫) આપણને આવતી પેઢીમાં ખમીર, તેજસ્વીતા અને નીડરતા પેદા કરવાની છે તે માટે કોઈ પણ ધર્મસભા થશે ત્યારે જે કોઈ સંત વક્તા હશે તેને નીડરતાથી કહેવાનું છે કે તમે એવી વાતો કરો જેથી અમારા બાળકોમાં વીરતાના ગુણો આવે. અનેક પેઢીઓ નબળાઈથી અને ડરપોક થઇને જીવ્યા, હવે અમારે નીડરતાથી જીવવું છે ખુમારીથી જીવવું છે. મહાત્મા ગાંધીની ડરપોક સંસ્કૃતિ અમારે નથી જોઇતી. અમારે હવે શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપના નકશે કદમ ચાલવું છે. વીરતાના ગુણો અમારામાં લઈ આવવાના છે. ખુમારીથી અમોને જીવવું છે.

दया धरम का मूल नहीं है। वीरता धरम का मूल है। स्वामी
सच्चिदानंदजीने सहि में कहा है की वीरता विरश्य भूषणम्।

આ વાત અને વિચારોથી હું હવે મારી કલમને વિરામઆપવા માંગુ છું. છેલ્લે આપ સર્વે સનાતની ભાઈ બહેન ને વિનંતી સાથે અરજ કરવા માંગુ છું કે સનાતની સંસ્કૃતિનો વારસો પેઢી દર પેઢી ટકી રહે તે માટે એકલ દોકલનું કામ નથી. આ કાર્ય માટે દરેક સનાતની ભાઈ બહેન ને ઝઝુમવું પડશે, ઘસાવું પડશે અને આપણને આપણામાં ભ્રમણ કરવું પડશે તે પણ નિરંતર ભ્રમણ કરવું પડશે. દરેક ઝોન માંથી ૧૧ સનાતની યોદ્ધાઓ એ પોતાની કમર કસવી પડશે. દરેક ઘટક સમાજમાં થી ઓછા માં ઓછા ૫ સનાતની યોદ્ધઓને અવિરત પ્રયત્નો કરવા પડશે તો જ આપણે આપણી જ્ઞાતિમાં સનાતની સંસ્કૃતિનું જતન કરી શકીશું અન્યથા વિધર્મીઓ આપણા ઉપર વૈચારિક હુમલાઓ કરવા તૈયાર બેઠા છે તેનાથી ચોકન્ના રહેવું અત્યંત આવશ્યક છે.

અસ્તુ

જય સનાતન જય શ્રી લક્ષ્મીનારાયણ જય શ્રી ઉમિયા માતાજી

લી. ABKKP સનાતન ધર્મ જાગરણ સમિતી વતી

રમેશભાઈ માવજીભાઈ વાગડિયા, બેંગલોર

પ્રકરણ ૫

સનાતની ચળવળની ચોથી ક્રાંતિની સફળતામાં આભારી થયેલા પરિવારો અને ભાઈઓ

સનાતની ચળવળની ચોથી ક્રાંતિની સફળતામાં આભારી થયેલા પરિવારો અને ભાઈઓ જેનો ઉપકાર સદાય અમારા ઉપર રહેશે

સનાતની ચળવળની ચોથી ક્રાંતિ અને વિરાણી વાળા પુરષોત્તમભાઈ ખીમજી ધનાણી પરિવાર

સનાતની ચળવળની ચોથી ક્રાંતિની જે કાંઈ સફળતા મળી છે તેમાં આ પરિવારનો ગણો મોટો સહયોગ રહ્યો છે. જો કે વડીલ શ્રી પુરષોત્તમભાઈ ની ઉપસ્થિતિ તો નોહતીજ પણ તેમનો સમગ્ર પરિવાર શુધ્ધ સનાતની હોવા ઉપરાંત સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સદાય મોખરે રહ્યો છે. ગણા બધા ભાઈઓને પ્રશ્ન થશે કે કચ્છ કડવા પાટીદારની સનાતની ચળવળની ચોથી ક્રાંતિને વળી આ પરિવારનો શું સંબંધ રહ્યો છે તો મારું કહેવાનું એ છે કે હું, હિંમતભાઈ ખેતાણી કાયમને માટે અને કોઈક વાર પ્રેમજીભાઈ કેસરાણી પણ વિરાણી ખાતે આ પરિવારના ઘરે રાતવાસો કરતા. આ પરિવારમાં માતાજી મણીબેન પુરષોત્તમ ધનાણી તેમના પુત્ર શ્રી સૂર્યકાંતભાઈ, પુત્રવધુ પ્રેમીલાબેન, પૌત્ર ભાવેશભાઈ, પૌત્રવધુ સાધનાબેન, બીજા પૌત્ર હિમાંશુ ભાઈ અને ત્રીજા પૌત્ર ડો. શ્રીકાંત સાથે રહેતા હતા. સમાજની સનાતની ચળવળ દરમ્યાન સન ૨૦૦૯ પછી કાયમને માટે મારું અને હિંમતભાઈ ખેતાણીનું કચ્છ જવાનું થતું ત્યારે અમારા ઉતારા આ પરીવારને ઘરે જ રહેતા. રાત વેરાત મોડું થતું તો પણ ઘરનો એકેય પણ સદસ્ય અમારી સેવામાં કચાસ રાખતો નહી. તેમાંય ખાસ કરીને પ્રેમીલાબેનનું તો પુછવુજ શું? સદાય સેવા માટે તત્પર રહેતાં. અમારી જમવાથી થઈને અમારા કપડાં ધોવા સુધીની દરેક જરૂરીયાત આ પરિવાર પૂરી પાડતા હતા. કોઈક વાર અન્ય માણસો રાત્રે મળવા આવતા ત્યારે મોડી રાત સુધી તેમનાં ઘરે મીટીંગો ચાલતી તો તેમની માટે પણ ચાય નાસ્તાની સગવડો આ પરિવાર પૂરી પાડતા. હું અને હિંમતભાઈ આ પરિવારના ઉપકારોનો બદલો આપી શકીએ એમ નથી. સૂર્યકાંતભાઈ અને પ્રેમીલાબેન ના ત્રણે પુત્રો ભણેલા ગણેલા અને હોશિયાર હતા. મોટો પુત્ર IAS ની પરીક્ષા માટે તૈયારી કરીને છેવટે GPSC ની પરીક્ષા આપીને મામલતદાર તરીકે સેવા આપી રહ્યા છે, બીજો પુત્ર હિમાંશુ સિવિલ એન્જીનીઅર થઈને નખત્રાણા માં પ્રાઈવેટ પ્રેક્ટીસ કરી રહ્યા છે અને તેમાં તેને સારી નામના મેળવી છે. જ્યારે નાના પુત્ર શ્રીકાંત ઓર્થોપેડિક સર્જન થઈને અત્યારે ભુજમાં પ્રેક્ટીસ કરી રહ્યા છે. ડો. શ્રીકાંત MS Ortho માં ગોલ્ડ મેડાલીસ્ટ છે. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આ પરિવારની સદાયને માટે ચડતી રાખે. સૂર્યકાંતભાઈ ધનાણીના દાદી મારાં માતાજી યશોદાબેન ના સગાં ફઈ થતાં અને સૂર્યકાંત ભાઈના ધર્મપત્ની પ્રેમિલા બેન મારા ફઈ ગંગાબેન હરિભાઈ સોમજીયાણીના દીકરી થતાં. એટલે કે પ્રેમીલાબેન મારાં ફુઆઈ બહેન થાય.

સનાતની ચળવળ અને નખત્રાણા મધ્યે સ્થિત ગુજરાત એગ્રો કંપની (સલાટ પરિવાર)

ગુજરાત એગ્રો કંપની કોટડા વાળા સલાટ પરિવારના શ્રી અરવિંદભાઈ (વેલુભાઈ) કરસન લીબાણીના પુત્રો જયંતભાઈ અને જશવંતભાઈ ચલાવી રહ્યા હતા. સનાતની ચળવળની ચોથી ક્રાંતિના દિવસોમાં સનાતની ભાઈઓની બેઠક અથવા તો ઓફીસ ગુજરાત એગ્રો ખાતે રહેતી. બંને ભાઈઓ (જશવંતભાઈ અને જયંતભાઈ) અને તેમના પિતા વેલુભાઈ સલાટનો સનાતની ચળવળમાં હંમેશાં સાથ રહ્યો હતો. મોરના ઈંડા ને ચિતરવાની જરૂરત હોતી નથી તેમ આ પરિવારને કેન્દ્રીય સમાજની સનાતની ચળવળ માટે ટકોરની જરૂરત રહેતી નથી કારણકે વેલુભાઈ સલાટના દાદા શ્રી ભીમજી કેસરા લીબાણી જ્ઞાતિની સનાતની ચળવળની બીજી ક્રાંતિના આગલી હરોળના અગ્રણી હતા જેમણે સંત શ્રી ઓધવરામજી મહારાજ, સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી, શ્રી પરબતભાઈ લખુ પોકાર અને નથ્થુભાઈ નાનજી કેસરાણી સાથે રહીને કચ્છ કડવા પાટીદાર

જ્ઞાતિમાં ક્રાંતિનો ઉદય કર્યો હતો. હું, હિંમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેસરાણી આ સલાટ પરિવારનો ઉપકાર સાત જન્મારા સુધી પણ ભૂલી શકીએ તેમ નથી. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આ પરિવારને પેઢી દર પેઢી ચડતી રાખે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

સનાતની ચળવળ ની ચોથી ક્રાંતિ અને ડો. શાંતિલાલ સેંઘાણીની ટીમ

હું (રમેશભાઈ વાગડિયા), હિંમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેસરાણી ડો. શાંતિલાલ સેંઘાણી અને તેમની ટીમના ઉપકારોને પણ ભૂલી શકીએ તેમ નથી. ડો. શાંતિલાલ સેંઘાણીની ટીમ એટલે જુનું ક્રાંતિદળ. આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ઉપર અન્ય જ્ઞાતિ દ્વારા થતા અત્યાચારોના દમન માટે ડો.શાંતિલાલ સેંઘાણીના વડપણ હેઠળ ક્રાંતિદળની રચના કરવામાં આવી હતી. સમાજના વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં સતપંથના ભાઈઓ દ્વારા આચરવામાં આવેલ રમેશભાઈ વાગડીયાની પોલીસ ધરપકડ વાળું હીન કૃત્ય વખતે જે દક્ષતાથી કાર્ય કર્યું હતું તે લાજવાબ હતું. તેમની ટીમમાં તે વખતે યુવાન ભાઈઓ હતા તેમનાં નામો નીચે પ્રમાણેના છે તે સર્વે ભાઈઓને યાદ કરવા અમ ત્રિપુટીની ફરજમાં આવે છે. સરપંચ ડાહ્યાભાઈ સેંઘાણી, નાગલપરના ધોળુ બંધુઓ શ્રી અમૃતભાઈ અને પ્રવિણ ભાઈ, શૈલેશભાઈ પોકાર, સુરેશભાઈ કાનજીયાણી, જયંતભાઈ જવાહર લીબાણી, રસિકભાઈ નાયાણી, છગનભાઈ ધનાણી જેવા અનેક ભાઈઓની બનેલી આ ટીમે જે અગ્રેસરની ભૂમિકા ભજવી હતી તેનો કોઈ જવાબ નથી. હિંમતભાઈ ખેતાણીના ડો. સેંઘાણી ને એક ફોન થકી પલભરમાં વિદ્યાર્થી ભવન ખાતે રમેશભાઈ વાગડીયાની ધરપકડ વેળાએ સતપંથના ભાઈઓના મનસુબા ઉપર પાણી ફરી વળ્યું હતું. નમસ્કાર છે ડો. શાંતિલાલ સેંઘાણી અને તેમની ટીમને. આ ઘટના પછી ડો. સેંઘાણી આપણી કેન્દ્રીય સમાજમાં સક્રિય થયા હતા અને ઉપ પ્રમુખના પદ સુધી પણ પહોંચ્યા હતા. પાછળથી તેમણે સ્વચ્છાએ તે પદ માટે ઉમેદવારી નોંધાવી નહોતી.

સનાતની ચળવળની ચોથી ક્રાંતિ અને રીયલ પાટીદાર

જયારે નિયતિને કોઈકના હાથે કાંઈક સારું કામ કરાવવાનું હોય છે ત્યારે ગમે ત્યાંથી કુદરત આપણને મદદરૂપ થતી હોય છે. આપણી સમાજમાં પણ સનાતની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત થયા પછી કોણ જાણે કેમભગવાન લક્ષ્મીનારાયાણે સનાતની ચળવળકારોને મદદરૂપ થવા માટે રીયલ પાટીદાર રૂપી મદદ મૂકી. આ રીયલ પાટીદાર કોણ છે? સ્ત્રી છે કે પુરુષ છે? વ્યક્તિ વિશેષ છે કે કોઈ સંસ્થા છે? તેની અમોને ખબર નથી પણ તેની પાસે સમાજનો અને જ્ઞાતિનો જે ઈતિહાસ છે તે અમ સનાતની ચળવળકારોને દરેક રીતે મદદ રૂપ થયો તેમાં બે મત નથી. આ રીયલ પાટીદારને અમો દિલથી નમસ્કાર કરીએ છીએ અને ધન્યવાદ આપીએ છીએ. સનાતની ભાઈઓ વિરુધ્ધ સતપંથના ભાઈઓએ જે ઈમૈલ યુધ્ધ છેડ્યું હતું જે આજે પણ થોડેક અંશે ચાલુ છે તેનું સંકલ કરીને રીયલ પાટીદારે જે જ્ઞાતિની અને સનાતની સમાજની સેવા કરી છે તે કાબિલે તારીફ છે. થેંક યુ રીયલ પાટીદાર થેંક યુ.

સનાતની ચળવળ ની ચોથી ક્રાંતિ અને તત્કાલીન યુવા સંઘના પ્રખુશ્રી જયંતીભાઈ કરમશી રામાણી અને તેમના અનુગામી પ્રમુખો

આ સનાતની ચળવળમાં યુવા સંઘની અને તેના પ્રમુખોની ભૂમિકાઓ અગત્યની રહી. ખાસ કરીને જયંતીભાઈ રામાણીને જયારે હિંમતભાઈએ અને રમેશભાઈ વાગડિયાએ જીજ્ઞાસુ જયંતીભાઈ રામાણીને મુંબઈમાં હિંમતભાઈને ઘરે મીટીગ કરીને વાકેફ કર્યા કે યુવા સંઘની સ્થાપના વખતેના પાંચ ઉદ્દેશો પૈકી પાંચમો ઉદ્દેશ એ હતો કે સમાજમાં અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કરવો. તેની પ્રતીતિ જયંતીભાઈને કરાવ્યા પછી જયંતીભાઈ રામાણીએ સનાતની ચળવળની ચોથી ક્રાંતિમાં અમોને બહુજ સહયોગ કર્યો. જે વખતે રમેશભાઈ વાગડીયાની સતપંથના ભાઈઓ દ્વારા પોલીસ

ધરપકડ થઈ તે સમયે જયંતીભાઈ રામાણીએ અને ગૌરાંગ ભાઈ ધનાણીએ યુવા સંઘના પ્રમુખ અને મહામંત્રી તરીકે કેન્દ્રીય સમાજને એક તાકીદભર્યો પત્ર લખ્યો હતો જેનો ઉલ્લેખ મેં આ પહેલાં કરેલો છે. તેમના પછી યુવા સંઘના અનુગામી પ્રમુખો જેવાકે ગૌરાંગભાઈ ધનાણી, માવજીભાઈ દીવાણી, નીતિનભાઈ લીબાણી, રવિભાઈ ધોળુ અને વસંતભાઈ ધોળુએ પણ સનાતની ચીલો ચાલુ રાખ્યો છે. યુવા સંઘના વર્તમાન પ્રમુખ શ્રી હિતેશભાઈ રામજીયાણીએ પણ મને ભરોસો અને ખાત્રી આપી છે કે સનાતની મુદ્દે તેઓ પણ કાંઈ જ ઓછું આવવા નહીં આપે. તે સર્વે યુવા ભાઈઓને અમે ધન્યવાદ આપીએ છીએ.
સનાતની ચળવળની ચોથી ક્રાંતિ અને દક્ષીણ કર્ણાટક ઝોન સમાજ અને તેની અંતર્ગત આવતી બેંગલોરની નવ સમાજો

સનાતની જ્ઞાતિની સનાતન ધર્મ જાગૃતિ સમિતિ ના સનાતની ચળવળકારો પૈકી હું (રમેશભાઈ માવજીભાઈ વાગડિયા, શ્રી હિંમતભાઈ ખેતાણી અને સ્વ. શ્રી પ્રેમજીભાઈ ભાણજી કેસરાણી દક્ષીણ કર્ણાટક ઝોન સમાજ તેમજ તેની અંતર્ગત આવતી બેંગલોરની નવે સમાજોનો સનાતનીઓ ઉપર કરેલા ઉપકારો અમે નહી ભૂલી શકીએ. કેન્દ્રીય સમાજની સન ૨૦૧૦ પહેલાંની અમારા દ્વારા સનાતન ધર્મ બાબતે નિર્દેશ કરેલી ત્રુટીઓને જો કોઈ સમજી શક્યું હોય અને તેને વાચા આપી હોય તો તે દક્ષીણ કર્ણાટક ઝોન સમાજ હતી. આ ઝોન સમાજે સમયસર ઠરાવો પસાર કરીને સમાજના સુવર્ણ જયંતી કેન્દ્રીય સમાજને મોકલાવી આપ્યા હતા અને આમારા વિચારોને આ ઝોન સમાજે વાચા આપી હતી. તે સમયે દક્ષીણ કર્ણાટક ઝોન સમાજના પ્રમુખ હતા મૂળ મથલ ગામના વડીલ શ્રી નાનજી વાલજી લીબાણી અને મહામંત્રી હતા ગામ ઉગેડી ના ભાઈ શ્રી અર્જુનભાઈ હીરજી સાંખલા અને બેંગલોરની નવે સમાજના ભીષ્મપિતા સમાન અગ્રણી હતા ખોંભડી ગામના શ્રી કેશવલાલ કાનજી ભગત જેઓની દુરન્દેશી સમયસુચકતાથી બેંગલોરમાં અનેક સભાઓ થઈ, ઠરાવો પસાર થયા જે સનાતની મુહિમમાં આગળ જતાં સિમાચિન્હ પુરવાર થયાં. સનાતની ચળવળકારો તેમના સદાય ઋણી રહેશે. સનાતની ચળવળની ચોથી ક્રાંતિની સફળતામાં દક્ષીણ કર્ણાટક ઝોન સમાજ અને બેંગલોરની નવે ઘટક સમાજો નો સિંહ ફાળો રહ્યો એમ સનાતની ભાઈ શ્રી હિંમતભાઈ ખેતાણીનું કેશવલાલ કાનજી ભગતને કહેવાનું થયું હતું.

હમતો ચલે થે અકેલે, લોગ જુડતે ગયે ઔર કારવાં બન ગયા

તા.૭.૮.૨૦૦૯ ના દિવસે સનાતની ચળવળની ચોથી ક્રાંતિની શુરુઆત કરતી વખતે અમે ફક્ત બે જણા (રમેશભાઈ વાગડિયા અને હિંમતભાઈ ખેતાણી) ચાલી નીકળ્યા હતા તેમાં એક પછી એક લોકો જોડાતા ગયા અને પ્રચંડ લોક જુવાળ ઉભો થયો જેને પાછળ જતાં ક્રાંતિ નું સ્વરૂપ ધારણ કર્યું. આ ક્રાંતિમાં કેટલાયે લોકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાણા, તે સૌને આજે યાદ કરવા આસ્થાને ગણાશે. અને યાદ ન કરીએ તો અમારા જેવા નગુણા કોઈ ન ગણાય. કેટલાયે લોકો અમારી સાથે ભારતભરની સનાતની સભાઓમાં વક્તા તરીકે જોડાયા, કેટલાયે લોકોએ સભાઓનું આયોજન કર્યું, કેટલાયે લોકોએ અમારી સનાતની વાતોને સમર્થન આપ્યું, કેટલાયે લોકોએ કેન્દ્રીય સમાજ વિરુધ્દ લડતમાં સાથ આપ્યો. તે સર્વે લોકોને હું, હિંમતભાઈ ખેતાણી અને પ્રેમજીભાઈ કેસરાણી (ત્રિપુટી બંધુ) દિલથી ધન્યવાદ આપીએ છીએ. આ નામો લેવામાં અને યાદ કરવામાં અમારી ક્યાંક ભૂલ પણ થઈ હશે તેને વાચક વર્ગ જરૂર નજર અંદાજ કરશે એવી મને ખાત્રી છે.

આવા નામોનું લીસ્ટ લાંબુ છે છતાં પણ લખવું જરૂરી છે.

૧. વસંતભાઈ લીબાણી મોડાસા વાળા શુરુઆતી દોરમાં
૨. પુનમભાઈ ધોળુ મોડાસા વાળા શુરુઆતી દોરમાં
૩. વિઘોડીના મોડાસામાં રહેતા ડાહ્યાભાઈ ગોરાણી શુરુઆતી દોરમાં
૪. ઐયરના ઈસ્લામ્પુરમાં રહેતા બે રામાણી ના પુરષોત્તમભાઈઓ જેમણે હોંસલો બુલંદ કર્યો.

૫. સાયરાના મોરબી સ્થિત ચંદુભાઈ નાકરાણી જેને અમારી વાચાને બિરદાવી

૬. નખત્રાણા ના માવજી કેસરા રામાણી (પછેડી) જેને કેન્દ્રીય સમાજના સતપંથ તરફી હોદ્દેદારોને ઉઘાડા પાડ્યા અને અમોને સાથ આપ્યો.

૭. પ્રેમજી ભાણજી કેસરાણી, જેણે અમારા હનુમાન થઈને તેમના મરણ સુધી અમારો સાથ આપ્યો.

૮. નાની વિરાણી વાળા થાણા સ્થિત રતનશી લાલજી દીવાણી વક્તા તરીકે અને સનાતની ચળવળકારોમાંના એક

૯. કોટડા (જ) ના ચંદ્રકાંત ભાઈ છાભૈયા (બાલક) અમારી ટીમના એક અંગ જેણે પ્રખ્યાત પુસ્તક લખ્યું ''માં ઉમાનો આદેશ સતપંથ છોડો''

૧૦. વિઘોડી ના ગોરાણી બંધુઓ અમૃત ભાઈ અને રમેશભાઈ વક્તા તરીકે

૧૧. ઐયરના નેલ મંગલા-બેંગલોર સ્થિત ખીમજીભાઈ પોકાર વક્તા તરીકે

૧૨. વિરાણીના મુંબઈ સ્થિત આજના આપણા પ્રમુખ શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી વક્તા તરીકે

૧૩. પ્રિન્સીપાલ રતિભાઈ છાભૈયા તલોદ વાળા મુહીમના એક માર્ગદર્શક તરીકે

૧૪. ખોંભડી ગામના બેંગલોર સ્થિત કેશવલાલ કાનજી ભગત કે જેણે બેંગલોરની ઐતિહાસિક સભા ના આયોજન માટે જવાબદાર બન્યા

૧૫. મૂળ ઉગેડી ના મંડયા વાળા અર્જુનભાઈ હીરજી કે જેઓ તત્કાલીન દક્ષીણ કર્ણાટક ઝોન સમાજના મહામંત્રી હોવાને નાતે કેટલાયે ઐતિહાસિક ઠરાવો પારિત કરવા માટે કારણભૂત બન્યા.

૧૬. મૂળ મથલ ગામના બેંગલોર સ્થિત શ્રી નાનજીભાઈ વાલજી લીબાણી તત્કાલીન દક્ષીણ કર્ણાટક ઝોન સમાજના પ્રમુખ તરીકે ઐતિહાસિક ઠરાવો પ્રીત કર્યા

૧૭. મદુરાઈના વાગડિયા બંધુઓ મણીભાઈ તેમજ શિવજીભાઇ તેમજ ડીડીગલના રવજીભાઈ છાભૈયા કે જેઓએ મદુરાઈ સભાનું આયોજન કર્યું.

૧૮. ઈન્દોરના હરિભાઈ બાથાણી અને ભીમજીભાઈ જાદવાણી કે જેઓએ ઈન્દોર સભાનું આયોજન કર્યું.

૧૯. ઈન્દોરના દયાપર વાળા વડીલ શ્રી ખીમજીબાપા પોકાર કે જેઓએ અમોને જુનું સાહિત્ય અને વાતો ઉપલબ્ધ કરાવી

૨૦. કોલકત્તા ના નારણ ભાઈ ખેતા રૂડાણી, રમણીકભાઈ રૂડાણી તથા જયંતીભાઈ પારસીયા કે જેઓ કોલકાતા સભાના આયોજન માટે કારણભૂત બન્યા.

૨૧. સાંગલીના શ્રી રતિલાલ પોકાર દયાપર વાળા જેણે સાંગલીની સભાનું આયોજન કર્યું

૨૨. ગોવા સમાજના વિનુભાઈ જાદવાણી ગોવા ની સભાનું આયોજન માટે

૨૩. હૈદ્રાબાદના મૂળ કોટડાના ગૌરીભાઈ લીબાણી હૈદરાબાદની સભાના આયોજન માટે

૨૪. જલગાંવ ના શંકરભાઈ લીબાણી અને દેવરામભાઈ રૂડાણી

૨૫. રાંચીના તુલસીભાઈ પટેલ સાંયરા વાળા

૨૬. ઉગેડી ગામના પુરષોતમભાઈ રાવજી ભગત કે જેને શુરુઆતિ દોરમાં અમોને મનોબળ પૂરું પાડ્યું હતું.

૨૭. દામોદરભાઈ ભીમજી ભાવાણી (રસલીયા-સુરત) કે જેમણે કેન્દ્રીય સમાજને મેં લખેલા પત્ર ઉપર વિના સંકોચે સહી કરી હતી અને સનાતની લડાઈમાં સદાય અમારી પડખે ઉભા રહ્યા હતા.

પ્રકરણ ૬ સનાતની ચળવળની ચોથી ક્રાંતિના પરિણામો

સનાતની ચળવળની ચોથી ક્રાંતિના પરિણામો

પરિણામો તો ગણા બધા સકારાત્મક આવ્યા છે તેની નોંધ લેશું તો જણાશે કે અસંખ્ય પરિણામો આપણને મળ્યા છે. તેનું લીસ્ટ બનાવશું તો તે લાંબુ બનશે. તે મુખ્ય પરિણામો નીચે પ્રમાણેના કહી સકાય

૧. સૌથી મોટું પરિણામતો એ છે કે ધાર્મિક રીતે આપણે અને આપણી કેન્દ્રીય સમાજ વધારે જાગૃત બની, મજબુત બની.
૨. એટલુંજ નહી તમામ ઝોન સમાજો અને તેની અંતર્ગત આવતી તમામ ઘટક સમાજો સનાતની સમાજો બની ગઈ.
૩. લગભગ એક સો વરસ પહેલાં આપણા સુધારક વડીલો દ્વારા શુરુ કરવામાં આવેલી સનાતની ચળવળની બીજી અને ત્રીજી ક્રાંતિના ભુલાઈ ગયેલા મકસદો અને હેતુઓને આપણે ઉજાગર કરી શક્યા.
૪. શ્વેતપત્ર દ્વારા કેન્દ્રીય સમાજે પોતે સનાતની સમાજ છે એવી ઓળખ જાહેર કરી.
૫. જેને લઈને આજે આપણે આપણો સનાતની શતાબ્દી મહોત્સવ આગામી સન ૨૦૨૩ ના મે મહિનામાં તારીખ ૧૧,૧૨,૧૩ અને ૧૪ ના ઉજવવા જઈ રહ્યા છીએ.
૬. કચ્છના ગામે ગામ અને કચ્છ બહારની સમાજોમાં પણ સતપંથના વિરુદ્ધમાં ઠરાવો થયા પરિણામ સ્વરૂપે તે સર્વે સમાજો શુધ્ધ સનાતની સમાજો થઇ.

પણ અફસોસ એ વાતનો પણ છે કે આપણે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ નથી બનાવી શક્યા. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવવાનું સપનું આપણા આધ સુધારક નારાયણજી રામજી લીંબાણીએ જોયું હતું તેને આજે એક સો વરસ થવા આવ્યા. તેના વધુ એક પ્રયાસ રૂપે પીરાણા સતપંથ સમાજના અગ્રણીઓ અબજીભાઈ ધોળુ અને દેવજીભાઈ કરસન ભાવાણીની ટીમસાથે તા.૮.૦૨.૨૦૨૩ ના વાંઢાય ઉમિયા માતાજી સંસ્થાનમાં આપણી ત્રણે સંસ્થાઓ (માતૃ સંસ્થા કેન્દ્રીય સમાજના વડા શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી, ઉમિયા માતાજી સંસ્થાન ના વડા શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ અને શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનના વડા શ્રી ગંગારામભાઈ રામાણી) ની ઉપસ્થિતિમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં મારી પણ ઉપસ્થિતિ હતી. હું સમજુ છું એમઆ સભા એટલા માટે બોલાવવામાં આવી હતી કે આ સતપંથના ભાઈઓ જો

- **પીરાણાની કબર ને પુજવાનું છોડી દે,**
- **બાવા ઈમામશાહ ને પુજવાનું છોડી દે,**
- **સતપંથના શાસ્ત્રોનું અધ્યન કરવાનું છોડી દે અને**
- **સતપંથ સમાજનું વિસર્જન કરીને આપણી સાથે આપણા સનાતની પ્રવાહમાં દુધમાં સાકર ભળે તેમભળી જાય,**

તો તેઓ આપણા થઈ શકે છે. અન્યથા તેઓ આપણાથી જુદી જ્ઞાતિના ગણાશે.

એ સભામાં સતપંથના ભાઈઓને મારી વ્યક્તિગત વિનંતી

મેં પણ એ સભામાં સતપંથના ભાઈઓને વિનંતી કરી કે એક સો વરસ પહેલાં આપણા આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીંબાણીએ કરાંચીની પહેલી સનાતની પરિષદમાં ઘોષણા કરી હતી કે "મારું સૌ પ્રથમકર્તવ્ય એ છે કે આપણી જ્ઞાતિ માટે લાયક નહિ એવા પાખંડી પીરાણા સતપંથ મતને જ્ઞાતિમાંથી નાબુદ કરવાનો હું આજે પ્રણ લઉં છું, એમકરતાં એમમારા

આ જન્મારામાં તે ન થયું તો હું ફરી પાછો આ જ્ઞાતિમાં જન્મલઈને આ પાખંડી કબ્રસ્તાની પીરાણા સતપંથનું જ્ઞાતિમાંથી નિકંદન કાઢી નાખીશ.'' આજે એક સો વરસ પછી આપણને એક થવાનો મોકો મળ્યો છે. મેં બંને અબજીભાઈઓ ને (સનાતન સમાજના શ્રી અબજીભાઈ કાનાણીને અને સતપંથ સમાજના શ્રી અબજીભાઈ ધોળુને) આજીજી સાથે વિનંતી કરી કે તમે સમજી જાઓ તો આપણે સતપંથ મુક્ત જ્ઞાતિ બની જઈએ. પણ સતપંથના ભાઈઓ એક ના બે ન થયા. તેમનું અકડ વલણ રહ્યું અને આપણને કહી દીધુ કે અમે પીરાણાને નહી મુકીએ, ઈમામશાહની કબરને પૂજવાનું નહી મુકીએ અને સતપંથ પણ નહિ મુકીએ. એટલે વાત પૂરી થઈ ગઈ. અને છેલ્લે કોઈ નિર્ણય વગર સભા પૂર્ણ કરવી પડી.

અફસોસ

છેલ્લે અફસોસ સાથે મારે કહેવું પડે છે કે એક સો વરસ પછી પણ આપણે તે પૂજનીય પ્રાતઃ સ્મરણીય આધ સુધારક વડીલ શ્રી નારાયણજી રામજી લીંબાણીની વાતને ઉજાગર કરી નથી શકતા કે જેથી આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતી સતપંથ મુક્ત જ્ઞાતિ બની જાય. જોકે આપણી કેન્દ્રીય સમાજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે આખરીનામું (ULTIMATUM) આપી દીધું છે કે આપણા સનાતની શતાબ્દી મહોત્સવ સુધી જે પીરાણા સતપંથને અનુસરતા ભાઈઓ પીરાણા સતપંથને સંપૂર્ણ પણે છોડીને આપણા સનાતની પ્રવાહમાં ભળી જશે તેને આપણી સાથે ભેળવી દેવામાં આવશે ત્યાર પછી તેવા લોકોને આપણી સાથે ભેળવવામાં નહી આવે. મને વ્યક્તિગત રીતે અફસોસ એ રહ્યો છે કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સતપંથ મુક્ત જ્ઞાતિ બનાવવાના આપણા પ્રયાસોમાં આપણે સફળ નથી થઇ શક્યા. જ્ઞાતિમાં સતપંથ વાળી એઠ કોઈ કાળે મટવાની નથી એવું અત્યારે તો મને લાગી રહ્યું છે. ભવિષ્યમાં શું થશે તેથી હું અજાણ છું. અને હવે હું મારી કલમને અહી વિરામ આપું છું.
અસ્તુ
ધન્યવાદ.

ઐતિહાસિક સનાતની નાટિકા

સ્વર્ણિમ ને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર....

આપણી જ્ઞાતિને પુનઃ જાગૃત કરવા માટે રમેશભાઈ વાગડીયા, હિમંતભાઈ ખેતાણી અને સ્વ. પ્રેમજીભાઈ કેશરાણી દ્વારા ભારતભરમાં યોજાયેલ સનાતન ધર્મ જાગૃતિ સભાઓ અને કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી રામજી કરમશી નાકરાણીના પ્રમુખ પદે નખત્રાણા ખાતે મળેલ અભૂતપૂર્વ અસાધારણ સભામાં સમાજે ''શ્વેતપત્ર'' જાહેર કરી જ્ઞાતિની સનાતની ઓળખ પુનઃ પ્રસ્થાપિત કરવાનું ભગીરથ કાર્ય કર્યું. ૧૯૬૦માં બંધારણીય રીતે થયેલ સમાજ રચાનાના ૫૦ વર્ષની ઉજવણી ''સુવર્ણ જયંતી મહોત્સવ'' તરીકે અને સાથે જ્ઞાતિનું પંચમ અધિવેશન'' નખત્રાણા ખાતે તા. ૧૦ થી ૧૩ મે -૨૦૧૦ના યોજવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રી ગંગારામભાઈ સાંખલાને સુવર્ણ જયંતિ મહોત્સવના કન્વીનરની જવાબદારી આપવામાં આવી.

તે સમયે સમાજના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ ભાઈઓ-બહેનોનું સંગઠન - શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સારસ્વત પરિવારની સુરેન્દ્રનગર ખાતે અલ્ટ્રાવિઝન સ્કૂલમાં આયોજિત કારોબારી સભામાં તે વખતના યુવાસંઘના પૂર્વ પ્રમુખ એવા ભરતભાઈ પોકાર દ્વારા એક સામાજિક નાટિકા સુવર્ણ જયંતી મહોત્સવમાં રજુ કરવાનું સુચન કરવામાં આવ્યું જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવેલ અને આ કાર્યક્રમની જવાબદારી સારસ્વત પરિવારના મહામંત્રી ડો. વસંત ધોળુને સોપવામાં આવી. માર્ગદર્શક તરીકે શિક્ષણવિદ અને કેન્દ્રીય સમાજ સાથે વર્ષોથી સંકળાયેલ કારોબારી સભ્ય અને કેન્દ્રીય યુવાસંઘના પ્રથમ ઉપપ્રમુખ એવા તલોદ સાયંસ કોલેજના પ્રિન્સીપાલ રતિભાઈ છાભૈયાને જવાબદારી આપવામાં આવી.

સમાજ ઇતિહાસના જુના સંદર્ભ પુસ્તકો મેળવીને એક નાટીકા તૈયાર કરવા માટેનું કામ નાટ્ય લેખક શ્રી આશિષ ઠાકર, પાલનપુરને અને દિગ્દર્શનનું કામ સાયન્સ કોલેજના પ્રાધ્યાપક ડો. દીપુભાઈ પત્રેજાને સોપવામાં આવેલ. તલોદ સાયન્સ કોલેજમાં ફરજ નિભાવતા આપણા સમાજના પ્રોફેસર ડો. વસંત ધોળુના નેતૃત્વમાં સાયન્સ – આર્ટસ અને કોમર્સ કોલેજ, તલોદમાં અભ્યાસ

કરતા અને સમાજના અન્ય મળીને કુલ ૫૫ યુવાઓએ **"સ્વર્ણિમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર"** નાટીકામાં અભિનયના ઓજસ પાથર્યા. બે માસ સુધી ઉનાળાની ધોમ ધખતી ૪૮ ડીગ્રી ગરમીમાં આ કલાકારો અને સહાયકોએ ટ્રીનીટી સ્કૂલ, તલોદ ખાતે સખત પ્રેકટીસ કરેલ અને સ્વયં નાટકની પ્રોપર્ટી તૈયાર કરેલ. આ નાટીકામાં કેશરા પરમેશ્વરાના પાત્રમાં ડો. વસંત ધોળુ, નારાયણ રામજી લીબાણીના પાત્રમાં પ્રતિક લીબાણી(બાણી કંપા), તેઓના માતા રાજબાઈની ભૂમિકા ડો. વસંત ધોળુના પત્ની શિલ્પા ધોળુએ, બાળ કલાકાર તરીકે ધૈર્ય ધોળુ, અન્ય મુખ્ય પાત્રમાં નિરલ ભાદાણી(અલવા કંપા), સુત્રધારની છટાદાર ભૂમિકામાં ભાવિકા નાકરાણી (રખિયાલ) અને નમ્રતા ભાવાણી (મોતેસરી), દિવ્યા, પાર્થ અને નિલમ ભગત (તલોદ), નિકેશ ભોજાણી (ગણેશપુરા), પાયલ પોકાર (જગતપુરા કંપા), અરવિંદ, રિધ્ધિ, પથિક અને ઓમ ભાવાણી (હીરાપુર કંપા), મયુર (ધનપુરા કંપા), ડ્રેસ અને પ્રોપર્ટી માટે મયંક પ્રજાપતિ (તલોદ), વડીલ પ્રિ. વિઠ્ઠલભાઈ છાભૈયા (તખતગઢ), લખમસી ભાઈ ધોળુ (તલોદ)એ આ નાટીકામાં આપણા સમાજના વડીલોને ઊંજા પ્રદેશ છોડી, પોતાના જ ભાઈઓથી હડધૂત થઈ કેવા સંજોગોમાં કચ્છ પ્રદેશમાં વસવાટ કરવો પડ્યો, પીરાણા પંથી સ્વીકાર કર્યા બાદ કરવામાં આવતી મુસ્લિમ છાંટ વાળી ધાર્મિક વિધિઓ, જ્ઞાતિને અંધકારમાં ધકેલતો ગેધેરાઓએ ૧૮૩૨માં કરેલ કાળો ઠરાવ, પુનઃ સનાતન ધર્મ અંગીકાર કરવા માટે નેત્રાવાસી નરવીર પૂ. કેશરા પરમેશ્વરાના સંઘર્ષ બાદ જ્ઞાતિમાં આવેલ પરિવર્તન અને ત્યાર બાદ પૂ. નારાયણ રામજી લીબાણી દ્વારા સનાતન ધર્મ અંગીકાર માટે યુવાઓ દ્વારા કરવામાં આવેલ દેહશુદ્ધિ માટેના ક્રાંતિકારી નિર્ણયો અને ગેઢેરાઓ સાથેનો સંઘર્ષ, સનાતની કાર્ય માટેના મુંબઈના પ્રસંગો, ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના સાથે વહીવંચાઓ અને હાલરડા ગાવાની પધ્ધતિ જેવા અનેક બાબતોનો સમાવિષ્ટ કરતી આ નાટીકાએ ૧૦,૦૦૦ ઉપરાંત દર્શકોને પિનડ્રોપ સાયલન્સ અને ઉત્કંઠા સાથે ઝકડી રાખ્યા હતા. નાટક નિહાળી રહેલ બૌધિક સતપંથી મિત્રો હકીકત સહન ના થતાં અધવચ્ચેથી ઉભા થઈ ચાલ્યા ગયા. આ નાટીકાનું લાઇવ પ્રસારણ પણ થઈ રહ્યું હતું. નાટીકામાં રજુ થઈ રહેલ ઈતિહાસની સચ્ચાઈ સાંખી ના શકનાર પીરાણાપંથીઓએ લાઈવ પ્રસારણના કેબલો કાપીને તેને રોકવાનો નિરર્થક પ્રયાસ કરેલ.

આમ, આ **"સ્વર્ણિમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર"** નાટીકાએ સનાતની ચળવળને જબ્બર ટેકો આપેલ. આ નાટીકાની ૧૦,૦૦૦ કરતાં વધુ CD નું વેચાણ થયેલ. તેનું કર્ણપ્રિય સંગીત આજે પણ સમાજના દરેક કાર્યક્રમોમાં વાગી રહ્યું છે. લેખન, દિગ્દર્શન, ડ્રેસિંગ, અભિનય, સંગીત, ડાયલોગ્સ, અદ્દલ જુના સમયની જ લાગતી પ્રોપર્ટી વાળા સેટ વગેરે ઈશ્વરીય ચમત્કારથી ઓછું નહોતું. આ નાટીકા પછી સમાજના બૌધિક વર્ગનો સનાતની જુસ્સો બળવત્તર બનતાં સમયાંતરે મિક્સમાં ચાલતા સંગઠનોએ શુધ્ધિકરણ અપનાવી કેન્દ્રીય સમાજને મોટું બળ આપ્યું. ત્યારબાદ સનાતન એજ્યુકોઝ, સનાતન મેડીકોઝ, સનાતન એડ્વોકેટ્સ, સનાતન CA & CS જેવાં સંગઠનોએ કેન્દ્રીય સમાજની સનાતની વિચારધારાને વધુ વેગવંતી બનાવવાનું કાર્ય કર્યું. વિશેષમાં આ નાટીકાની જવાબદારી લેનાર અને પૂ. કેશરા પરમેશ્વરાની ભૂમિકા અદા કરનાર અને યુવાસંઘમાં વિવિધ જવાબદારી સ્વીકારી અનોખા કાર્યો થકી ભારતભરના યુવાઓ, મહિલાઓ અને વડીલોમાં નવી ચેતના જગાવનાર પ્રો. ડો. વસંત ધોળુ અને નાટકમાં ભૂમિકા ભજવનાર કલાકારો પૈકી કેટલાક સનાતની લડવૈયા સમાજને પ્રાપ્ત થયા.

શ્રી નારાયણ કથા – જ્ઞાતિમાં સનાતની ચેતનાનું પ્રહરી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘનું સાબર રીજીયન એટલે આપણી સમાજની કચ્છ પછી સૌથી વધુ વસ્તી ધરાવતો પદેશ. જેને બીજા કચ્છ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સાબર રીજીયનમાં સંપૂર્ણ સાબરકાંઠા, અરવલ્લી જીલ્લો અને બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, મહીસાગર જીલ્લાના મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલ પ્રદેશો એમ સાત જીલ્લાના ૩૫૦ ઉપરાંત કંપા/ગામો કે ફાર્મ અને ૮ વિભાગીય સમાજોનો સમાવેશ થાય છે. ટૂંકમાં કહીએ તો કપડવંજથી અમીરગઢ અને વિજયનગર થી ગાંધીનગર સુધીના વિસ્તારમાં સનાતની સંગઠનની મિશાલ કાયમ કરતુ રીજીયન એટલે સાબર. અતિતની અટારીએથી જોઈએ તો સનાતન ધર્મ માટે આ વિસ્તારના વડીલો અને યુવાઓનું અનેરું પદાર્પણ રહેલ છે.

શ્રી નારાયણ કથા

કેન્દ્રીય સમાજના સુવર્ણ જયંતિ પ્રસંગે નખત્રાણા ખાતે તા. ૧૦, મે-૨૦૧૦ ના રોજ સનાતનીઓમાં નવી ચેતના જગાવતી "સ્વર્ણિમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર.... સમર્થ પાટીદાર" નાટીકા ભજવ્યા બાદ પ્રો. ડો. વસંત ધોળુ (તલોદ)એ સાબર રીજીયનના સુકાનીની ભૂમિકા સ્વીકાર્યા બાદ ટીમ સાબર દ્વારા સનાતન ધર્મ જાગૃતિના કાર્યનું નવી પેઢીમાં સનાતની સંસ્કરણ કરવા માટેના અવનવા કાર્યક્રમોનો દોર ચાલુ થયો.

પૂ. નારાયણ રામજી લીબાણીની ૧૩૦મી જન્મ જયંતીને આપણી કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઈ સાંખલા અને ટીમે નખત્રાણા ખાતે મોટાપાયે ઉજવવાનું નક્કી કર્યું. આના સંદર્ભમાં એક દિવસ પ્રમુખશ્રીની સુચનાથી હિંમતભાઇ ખેતાણીએ પ્રો. ડો. વસંત ધોળુ પર ફોન કરેલ અને કંઈક નવીન સ્વરૂપે પૂ. નારાયણ બાપાની ૧૩૦મી જન્મ જયંતી માટે પ્રોગ્રામ કરવાની જવાબદારી તેઓને સોપી.

ડો. વસંત ધોળુ કોલેજમાં વનસ્પતિ શાસ્ત્રના પ્રોફેસર ઉપરાંત તલોદમાં ટ્રીનીટી સ્કૂલના સંચાલનમાં પણ સંકળાયેલ. જયાં વિદ્યાર્થીઓને ઈતિહાસ જેવો વિષય વિડીઓ અને ઓડીઓ દ્વારા શીખવવામાં આવતો અને આ અગરા વિષયમાં તેઓને રૂચી પડતી, જે તેઓના ધ્યાનમાં આવી. તેના પરથી એક નવો વિચાર આવ્યો કે સમાજના સનાતની ઈતિહાસના નાના-નાના પ્રસંગો નાટ્ય સ્વરૂપે ભજવવા, બીજી કેટલીક બાબતોને ચલચિત્રના માધ્યમથી રજુ કરવી અને બાકી કથાકારની જેમ વ્યાસપીઠ પર બિરાજમાન થઇ સંગીત સાથે સનાતની ગાથા એક જ સેશનમાં રજુ કરવામાં આવે તો સૌ યુવાઓ અને વડીલો તેને પસંદ કરશે અને ખબર ના પડતાં પોતાના ઇતિહાસથી વાકેફ થશે. આ માટે ગીત –સંગીત, વિડીઓ – ઓડીઓ, નાટ્ય અને કથા સ્વરૂપે "શ્રી નારાયણ કથા" કરવાનું નક્કી કરી વડીલોને જાણ કરવામાં આવી. તેઓએ આ પ્રયોગ માટેની મંજુરી આપી.

આ માટેનું લેખન અને કથાકારનું કાર્ય પ્રો. આશિષ ઠાકર (વિસનગર)ને સોપવામાં આવ્યું. તેઓએ ૭ થી ૮ જેટલા સનાતની પસંગોને નાટ્ય રૂપાંતરમાં ભજવવા સ્ક્રીપ્ટ તૈયાર કરી આપી. જેમાં કલાકાર તરીકે ભૂમિકા માટે રૂશાત કંપાના રૂશાત પરિવારના યુવાઓ રોનક, જીગર, મધુસુદન, ભાર્ગવ, જયદીપ અને રોઝડના સંજય રવાણીએ ભજવી. રેકોડ'ગ અને સંગીત સાથેના નાટ્ય ભાગોની તૈયારી માટેની પ્રેક્ટીસ ટ્રીનીટી સ્કૂલમાં શરુ થઇ ગઈ. સમય નજીક આવતાં આશિષ ભાઈ સાથે કથાકારની તૈયારી માટે મીટીગ યોજી તો ખબર પડી કે કાર્યક્રમના દિવસે જ આશિષભાઈ ઠાકરને પરીક્ષા કાર્ય માટે વિદ્યાનગર જવાનું થાય અને તેઓ નખત્રાણા આવી શકે તેમ નથી. તો હવે શું કરવું તેની મુંજવણમાં બધા હતા ત્યાં, આશિષ ભાઈએ ડો. વસંત ધોળુને મોટે સ્ક્રીપ્ટ વાંચવાનું કહ્યું. એક વાર, બે વાર, ત્રણ વાર આમ વારંવાર વંચાવ્યા બાદ આશિષ ભાઈએ જણાવ્યું કે ડો. વસંતભાઈ ની વાણી સાથે જો વાયોલીનનું સંગીત મળી જાય તો ડો. વસંત ભાઈ કથા કરી શકે તેમ છે. આ ચેલેન્જ સ્વીકાર્યા સિવાય છૂટકો પણ ના હતો. કારણ કે સમગ્ર કચ્છમાં આ કાર્યક્રમની પત્રિકાઓ યુવાસંઘ-કચ્છ રીજીયનના ચેરમેન પ્રવીણભાઈ ધોળુ અને ટીમે ગામેગામ પહોચાડી દીધેલ. તખતગઢના સામજી મતાદાર તરીકે ઓળખાતા પ્રખર સનાતનીના પૌત્ર એવા મહેન્દ્રભાઈ ધોળુનો સંપર્ક કરતાં તેઓએ વાયોલીન વાદકની સેવા આપવાનું સ્વીકાર્યું. શ્રી નારાયણ કથાને સૌ પ્રથમ પ્રાયોગિક રીતે રૂશાતકંપામાં રજુ કરી.

શ્રીસમાજના દ્વારે નખત્રાણા ખાતે તા. ૨૫.૦૫.૨૦૧૩ ના રોજ "શ્રી નારાયણ કથા" સાંભળવા અને નિહાળવા મોટી સંખ્યામાં જ્ઞાતિજનો બોર્ડીંગના પટાંગણમાં ગોઠવાઈ ગયેલ. શરૂઆતની પ્રાસંગિક ફોર્માલીટી પૂર્ણ કર્યા બાદ આદરણીય સનાતની પ્રમુખ એવા ગંગારામભાઈ સાંખલાના વરદહસ્તે સાલથી સન્માનિત થઇ કથાનો પ્રારંભ કરવામાં આવ્યો. કથાની શરૂઆત કરી, પરંતુ, જગત નિયંતાને હજુ વધુ પરીક્ષા લેવાની હશે તેમ લેપટોપમાં ખરાબી થતાં તેમાં રાખેલ પ્રાર્થના અને ગીત-સંગીતને વગાડવા માટે ઈશારો કર્યો પણ તે ચાલુ ના થયું. એક બાજુ પ્રેક્ષકો બેઠા છે, લેપટોપ ચાલુ ના થાય, તે સમયે મહેન્દ્રભાઈ અને સંગીતકારોએ સમય પારખીને લક્ષ્મીનારાયણની ધૂન ચાલુ કરી, તે પણ પૂરી થઇ ગઈ, છતાંય લેપટોપ ચાલુ ના થતાં મનોમન પ્રભુને પ્રાર્થના કરીકે આજે મારી નહિ તારી પરીક્ષા છે, હું કથા શરુ કરું છું, લાજ રાખજે એમ કહીને આપણા ઇતિહાસ અને પરંમ્પરાઓ વિષે વાત શરુ કરી. ટીમ નવા લેપટોપ માટે અંગિયા સ્ટેશને આવેલ પ્રવીણભાઈના પેટ્રોલપંપ પર ગઈ અને પરત આવી. ત્યાં સુધી કાઠીયાવાડી લેકામાં રજુ થયેલ તમામ

પ્રસંગોએ પ્રભુનો સાક્ષાત્કાર અને વ્યાસપીઠની દૈવી શક્તિના દર્શન કરાવ્યા.

નારાયણ બાપાના જીવન પ્રસંગો નાટ્ય અને કથા સ્વરૂપે એક પછી એક ભજવાતા ગયા અને જ્ઞાતિજનોની આંખોમાં ક્યારેક સનાતની જુસ્સો, તો કેટલાક દર્દનાક પ્રસંગોએ અશ્રુધારા વહેતી જોવા મળી. સતત તાળીઓ અને તેઓના હાકોટા સાથેના જુસ્સાએ અમારી ટીમનું મનોબળ વધાર્યું. બે કલાક બાદ ''શ્રી નારાયણ કથા''નો પ્રથમ પ્રયાસ પૂર્ણ થયો. આમ, કથા સ્વરૂપે એક નવીન સનાતની પ્રયોગના બીજ રોપાયા અને ડો. વસંત ધોળુ યુવાસંઘના હોદ્દેદાર ઉપરાંત કથાકારના નવા સ્વરૂપે કાર્ય કરતાં જોવા મળ્યા. આ સભામાં સમાજના પૂર્વ પ્રમુખ રામજીભાઈ નાકરાણી, યુવાસંઘ પૂર્વ પ્રમુખ જયંતીભાઈ રામાણી, હિંમતભાઈ ખેતાણી, અબજીભાઈ કાનાણી, ડો. શાંતિલાલ સેંઘાણી, યુવાસંઘ-મહિલાસંઘના કાર્યકર્તાઓ અને સૌ સમાજપ્રેમી યુવાઓ, બહેનો, વડીલો ૪૦૦૦ કરતાં વધુ સંખ્યામાં હાજર હતા. આમ, આ નાટ્ય-ગીત-વિડીઓ-કથાના પ્રથમ પ્રયોગથી જ સર્વે જ્ઞાતિજનોના દિલમાં સનાતની ઈતિહાસની કંડારાતો જોવા મળ્યો.

ત્યારબાદ કથામાં પૂ. નારાયણ રામજી લીંબાણી સાથે નરવીર પૂ. કેશરા પરમેશ્વરા, સંતશ્રી પૂ. લાલરામ મહારાજ, સંત શ્રી પૂ. ઓધવરામ મહારાજ, પૂ. રતનશી ખેતાણી, પૂ. નારણ રૈયાએ કરેલ સનાતની કાર્યોને વણી લઈને ''શ્રી નારાયણ કથા'' ને ''સનાતન ગાથા'' તરીકે રજુ કરવાનાં ભારતભરમાંથી આમંત્રણ મળવા લાગ્યા. બીજી કથા મુંબઈ (કાલિદાસ નાટ્ય ગૃહ, મુલુંડ), ત્રીજી અંકલેશ્વર યોજાઈ. હિંમતનગર (નલીનકાંત ગાંધી હોલ)ખાતે ''સનાતન ગાથા''ના આયોજન પીરાણાપંથીઓ સ્વીકારી શક્યા નહિ અને તેઓએ કલેકટરમાં તેને રોકવા અરજી કરી. મોડી રાત્રી સુધી આપણી સનાતની ટીમે પોલીસ સ્ટેશનના ચક્કર કાપ્યા. છેલ્લે પોલીસ વડાએ આ કથા બાબતમાં ત્રણ મીનીટમાં જણાવવા કહેતાં ડો. વસંત ધોળુએ તેઓને જણાવ્યું કે ''જેમ ભારતમાં સૌ બાળકોને સરદાર પટેલ, ગાંધીજી, સુભાષચંદ્ર એમ અનેક સ્વાતંત્ર્ય સેનાનીના કાર્ય ભણાવવામાં આવે છે તેમ મારી સનાતની જ્ઞાતિને બચાવવા માટે અમારા વડીલોએ કરેલ સંઘર્ષની વાત આજે સૌને કહેવાનું આયોજન છે. આપના ડીપાર્ટમેન્ટના કોઈપણ ઓફિસરને ત્યાં હાજર રાખશો અને જો પીરાણાપંથીઓએ આપ સમક્ષ રજુ કરેલ જુઠ્ઠી વાતો મુજબ આપને યોગ્ય ના લાગે તો જેલમાં પૂરી દેશો.'' ત્યારબાદ સૌ સનાતાનીઓના સહિયારા પ્રયાસથી મંજુરી મળતાં ખુબ મોટી સંખ્યામાં પોલીસની હાજરીમાં ૧૦૨ ડીગ્રી તાવમાં પણ ૭૫૦ની કેપીસીટી વાળા નલીનકાંત ગાંધી હોલમાં ૧૨૦૦ જ્ઞાતિજનોની હાજરીમાં ''નારાયણ કથા'' કરી અને હાજર પોલીસ તંત્રે કીહ્યું કે આપના સમાજના આ ઈતિહાસની અને તમારા વડીલોએ કરેલ સંઘર્ષની અમોને જાણ નહોતી. સતપંથીઓએ અમારી સમક્ષ ખોટું ચિત્ર ઉભું કરેલ. પરંતુ, આજે આ કથા માણ્યા પછી આપને આ બાબતે કોઈ કનડગત નહિ થાય તેવી જાહેરમાં ખાતરી આપી.

આ ''સનાતની નારાયણ કથા''એ સમાજના યુવાઓ અને જ્ઞાતિજનોમાં નવીન ઉર્જાનો સંચાર કર્યો અને સમાજની સનાતની ચળવળને ખુબ મોટો સહયોગ મળ્યો. કેટલાય ઢીલું વલણ ધરાવતા જ્ઞાતિજનોના દિલમાં આ કથાના માધ્યમથી સનાતની મજબૂતાઈ કાયમ કરવામાં સફળતા મળી. એ વખતના વડીલોના સમર્પણનું ચિત્ર આબેહુબ રજુ કરી હાલની સામાજિક યોજનાઓમાં પણ તેઓને મોટી સંખ્યામાં આસાનીથી જોડી શક્યા. આમ, ''શ્રી નારાયણ કથા'' એ સનાતની ચળવળમાં શ્રીસમાજ માટે મોરપીછ સાબિત થઈ.

ડો. વસંત ધોળુ યુવાસંઘ સાબર રીજીયનના ચેરમેન ત્યારબાદ કેન્દ્રીય યુવાસંઘના મહામંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ બન્યા બાદ પણ તેઓએ આ કાર્ય ''જય સનાતન... છે ટનાટન... દે ધનાધન...'' નારા સાથે અવિરત રાખ્યું. ક્રમશઃ અંકલેશ્વર, હિંમતનગર, ખીરસરા (રોહા-કચ્છ), દિલ્હી, નેત્રા, ઔરંગાબાદ, દયાપર, નરોડા-અમદાવાદ, નાગપુર, હૈદરાબાદ, સુરત(મ્ઈઝ ભવન), વિરાણી મોટી, પોંડીચેરી એમ કુલ ૧૮ જેટલા સ્થળોએ ''શ્રી નારાયણ કથા'' કે ''સનાતન ગાથા'' ને રજુ કરવાનું ડો. વસંત ધોળુ અને યુવાસંઘ ટીમ સાબરને સનાતની સૌભાગ્ય મળ્યું.








CREATE PERFECT SPACES
FOR PRECIOUS MEMORIES